ॐ

भारतनी देवीओ

ग्रंथ त्रीजो

(પ્રાચીન અને અર્વાચીન ૧૬૬ ચરિત્ર)

[illegible] શાસ્ત્રી [illegible]

[illegible]

प्रयोजक : स्वर्गस्थ शिवप्रसाद दलपतराम पंडित
मु का म–अ म दा वा द

सस्तु साहित्य वर्धक कार्यालय माटे
संपादक अने प्रकाशक : भिक्षु अखंडानंद
અમદાવાદ અને મુંબઈ–૨

આવૃત્તિ ત્રીજી, પૃષ્ઠ ૮૦૪, પ્રત ૫૫૦૦, સં. ૧૯૯૫
ત્રણે ગ્રંથના અમદાવાદમાં રૂ. ૬, અન્યત્ર ૬ાા
છૂટક દરેક ગ્રંથના રૂપિયા ૨ાા

ॐ

भारतनी देवीओ

ग्रंथ त्रीजो

(પ્રાચીન અને અર્વાચીન ૧૬૬ ચરિત્ર)

આની છાપ્યાથી અરધી કિંમત લીધી છે
સસ્તુ સાહિત્ય વ૦ કા૦ અમદાવાદ.

प्रयोजक : स्वर्गस्थ शिवप्रसाद दलपतराम पंडित
मुकाम–अमदावाद

सस्तु साहित्य वर्धक कार्यालय तरफथी
संपादक अने प्रकाशक : भिक्षु अखंडानंद
અમદાવાદ અને મુંબઈ–૨

આવૃત્તિ ત્રીજી, પૃષ્ઠ ૮૦૪, પ્રત ૫૫૦૦, કુલ ૧૧૧૦૦
ત્રણે ગ્રંથના અમદાવાદમાં રૂા. ૬, અન્યત્ર ૬॥
છૂટક દરેક ગ્રંથના રૂપિયા ૨॥

અમદાવાદ-"સસ્તુ સાહિત્ય મુદ્રણાલય" માં
ભિક્ષુ અખંડાનંદના પ્રબંધથી મુદ્રિત.

प्रकाशकनुं निवेदन

"ભારતનાં સ્ત્રીરત્નો"ના ત્રીજા ગ્રંથની આ આવૃત્તિ શ્રીભગવદ્દિચ્છાથી જનસમાજના પુણ્યયોગે વાંચક વર્ગના કરકમળમાં મૂકતાં આનંદ થાય છે. આ ગ્રંથની અગાઉની બે આવૃત્તિઓ 'ભારતનાં સ્ત્રીરત્નો'ના નામથી પ્રસિદ્ધ થયેલી અને આ ત્રીજી આવૃત્તિ 'ભારતની દેવીઓ'ના નામથી પ્રસિદ્ધ થાય છે.

અગાઉની આવૃત્તિમાં "જૈન સ્ત્રીરત્નો" પાછળના ભાગમાં હતાં, તે આમાં સૌથી પ્રથમ મૂકવામાં આવ્યાં છે અને "કૃતરાજ દુહિતા, વિષ્ણુમતી, કલ્યાણી, ચંગાવતી અને અંબરીષની રાણી" એ પાંચ રત્નો ત્રીજા ગ્રંથમાં હતાં તે બીજા ગ્રંથમાં અપાયાં છે; આથી બીજી આવૃત્તિમાં કુલ ૧૭૧ રત્ન અપાયલાં તેને બદલે આ આવૃત્તિમાં ૧૬૬ રત્નો અપાયાં છે.

આ ગ્રંથનું શુદ્ધિપત્ર પાન ૧૫ ઉપર આપેલું છે; તે મુજબ પ્રથમ સુધારી લીધા પછીજ ગ્રંથ વાંચવો ઘટે. આ પછી લેખકનાં પહેલી તથા બીજી આવૃત્તિનાં નિવેદનો અપાયાં છે, તે તરફ વાચક બંધુઓનું ધ્યાન ખેંચી हरिः ॐ तत् सत्

ભાદરવા સુદિ ૧
સંવત ૧૯૯૫

—ભિક્ષુ અખંડાનંદ

બીજી આવૃત્તિની પ્રસ્તાવના

પરમાત્માની કૃપાથી આજના શુભ દિને "ભારતનાં સ્ત્રીરત્નો"નો ત્રીજો ગ્રંથ (બીજી આવૃત્તિરૂપે) સહૃદય વાચકોની સેવામાં સમર્પિત કરવાનું સૌભાગ્ય મને પ્રાપ્ત થાય છે.

પહેલો ગ્રંથ વધારે દળદાર થઇ પડ્યાથી, એમાંથી જુદાં કાઢી લીધેલાં જૈન ચરિત્રોનો આ ગ્રંથમાં સમાવેશ કરવામાં આવ્યો છે. તે ઉપરાંત મરાઠા યુગનાં કેટલાંક ચરિત્રો તથા વર્તમાન સમયનાં અનેક ચરિત્રો આ ગ્રંથમાં આપવામાં આવ્યાં છે. અગિયાર વર્ષ પૂર્વે આ ગ્રંથની પ્રથમાવૃત્તિ લખાઈ, ત્યાર પછીના સમયમાં ભારતની સ્ત્રીઓની દશામાં સદ્‌ભાગ્યે ઘણું પરિવર્તન થયું છે. અગાઉ સ્થપાઇ ચૂકેલાં સેવાસદન, વનિતાવિશ્રામ આદિ સંસ્થાઓ વધારે દૃઢ પાયા ઉપર આવતી જાય છે અને ગુજરાતનાં ભિન્ન ભિન્ન સ્થળોએ મહિલામંડળો આદિ સ્ત્રીઉપયોગી સંસ્થાઓ સ્થપાતી જાય છે. દેશહિતનાં કાર્યોમાં સ્ત્રીઓ જાહેર રીતે આગળ પડતો ભાગ લેવા લાગી છે. શ્રીમતી એની બિસેંટ જેવાં એક વિદુષી નારીના હાથમાં રાષ્ટ્રીય મહાસભાનું સુકાન પણ એક વખત મુકાઇ ચુકાયું છે. રાજનીતિ ઉપરાંત ધર્મ, સમાજસેવા અને સાહિત્યના ક્ષેત્રમાં પણ સન્નારીઓ કાર્ય કરી રહી છે. ઉચ્ચ કેળવણીમાં પણ અનેક કન્યાઓ પોતાની પ્રખર બુદ્ધિનો પરિચય આપી રહી છે. એવા સંયોગોમાં એ સન્નારીઓમાંથી અમુકનાં ચરિત્રો અપાય અને બીજાનાં મૂકી દેવામાં આવે, તો અન્યાય થાય; એ ભયથી આ આવૃત્તિમાં વિદ્યમાન સન્નારીઓનાં ચરિત્રો આપવામાં નથી આવ્યાં. ઈશ્વરેચ્છા હશે, તો દેશની ભિન્ન ભિન્ન પ્રકારે સેવા કરનારી વર્તમાનકાળની ઉન્નતચરિત્રા ભારતભગિનીઓનાં ચરિત્ર તથા વિચારોનો પરિચય ભવિષ્યમાં જુદાજ ગ્રંથદ્વારા આપવા લેખકનો અભિલાષ છે.

આ ગ્રંથમાં થોડાંક ચરિત્રો અન્ય વિદ્વાનોના લખેલા લેખમાંથી ઉતારવામાં આવ્યા છે. તેમના લેખકો તથા પ્રકાશકોનો હું ખરા અંતઃકરણપૂર્વક આભાર માનું છું.

પ્રથમાવૃત્તિ કરતાં આ બીજી આવૃત્તિ કદ તથા ચરિત્રોની સંખ્યામાં ઘણી મોટી થઇ છે. એને વિશેષ આકર્ષક તથા ઉપયોગી બનાવવા માટે, મેં મારાથી બનતો શ્રમ કર્યો છે; છતાં પણ તેમાં અનેક અપૂર્ણતાઓ રહી ગઇ છે, એ મારી જાણ બહાર નથી. ગુજરાતની બહાર પુસ્તકાલયનો છેક્જ અભાવ, એવા સ્થાનમાં રહી આવું પુસ્તક લખવા બેસતાં સાધનોની ખોટ મને ઘણી વાર સાલી છે; છતાં ઇતિહાસ, પુરાણ, જીવનચરિત્રો, લોકકથાઓ, માસિકોનાં જૂનાં દફતરો વગેરે જે જે સામગ્રી પ્રાપ્ત થઇ, તેનો યથાશક્તિ અને યથામતિ ઉપયોગ કરી આ ચરિત્રો લખવાનો પ્રયાસ કર્યો છે. ઉદાર

ચિત્તના વાચકો મારી ન્યૂનતાઓ અને દોષો માટે ક્ષમા આપી ભવિષ્ય-ને માટે સૂચનાઓ કરશે, તો હું તેમનો આભારી થઇશ.

આ ત્રણે ગ્રંથના અવલોકનથી ખાતરી થશે કે, ભારતવાસીઓનું માતૃકુલ ગૌરવભર્યું છે. દરેક સદ્ગુણમાં બીજા કોઇ પણ દેશની સ્ત્રીઓ કરતાં શ્રેષ્ઠતા ભોગવે એવી અનેક સન્નારીઓએ ભારતમાં જન્મ લીધો છે. એ સન્નારીઓની સંખ્યા એટલી બધી વિશાળ છે કે, એમાંના શતાંશનો પણ પરિચય હું આ ગ્રંથમાં આપી નથી શક્યો. ભારતવર્ષનાં ગામડાંઓમાં સતીના પાળિયા અને દેવીઓનાં મંદિરો આદિની પાછળ આદર્શ સતીઓના ગૌરવમય ઇતિહાસનો અખૂટ ભંડાર રહેલો છે. એ ઇતિહાસની તપાસ આપણા યુવકોએ ગામડા-ઓમાં જઇને કરવી ઘટે છે. દંતકથાઓ, લોકગીતો આદિમાં સચવાઇ રહેલી સતીગાથાઓ ઉતારીને વાચકો મારા ઉપર મોકલાવી આપશે, તો હું તેમનો ઋણી થઇશ અને એ સામગ્રીનો ઉપયોગ ત્રીજી આવૃત્તિમાં ઉપકાર સહિત કરીશ. × × × ×

આ ત્રણે ગ્રંથ ધીરજથી વાંચવા જેટલો અવકાશ કાઢીને જે સુસંસ્કારી બહેનોએ મારા ઉપર ઉપકાર કર્યો છે, તેમની વિદાય લેતાં આચાર્ય કેશવચંદ્ર સેનના શબ્દોમાં પ્રાર્થના કરું છું કે, " જ્ઞાન પામવાની સાથે સાથે ચરિત્ર વિશુદ્ધ કરવાનો પ્રયત્ન કરશો. જેનું **ચરિત્ર સારૂં નથી, તેને માટે અતિ સૂક્ષ્મ અને તીવ્ર બુદ્ધિ પણ વૃથાજ છે. ધર્મની સાથે રહેવાથીજ, વિદ્યાની શોભા અને સૌંદર્ય છે. ધર્મના દાસ થવામાંજ જ્ઞાનનું ગૌરવ છે.** મનની સર્વ પ્રવૃત્તિને સંયમમાં રાખી પાપવિચાર, પાપવચન અને પાપકર્મોથી દૂર રહેશો. જુદી જુદી જાતના સદુપાય ગ્રહણ કરી સાધુગુણસંપન્ના અને સદાચારી થજો. મન, વચન અને કર્મથી સર્વને વિશુદ્ધ કરવાનો પ્રયત્ન કરશો. સમાહિત અને શાંત ચિત્ત તેમજ સંયતેંદ્રિય થજો. સંસારનાં દુઃખ કે વિપદમાં મનને ચલાયમાન કે દિલગીર થવા દેશો નહિ × × સત્ય વાત કહેજો તેમજ મૃદુભાષિણી બનજો. × × કડવી વાત, પરનિંદા વગેરેથી તમારી કોમળ જીભને કલંક લગાડશો નહિ. પ્રિયવચનથી શત્રુની પણ પ્રીતિ ખેંચી શકાય છે. ક્રોધ અને હિંસા એ ભયાનક રિપુ છે. એમને સર્વદા દૂર રાખશો. × × બીજાનો દોષ જણાતાં શાંતભાવથી અને ઉદાર હૃદયથી ક્ષમા કરશો. ક્ષમા એ આત્માનું પરમ ભૂષણ છે. પરહિંસા એ અતિ નીચ પ્રકૃતિનું લક્ષણ છે. એ કુટીલ ભાવથી તમારા હૃદયને દૂષિત થવા દેશો નહિ. બીજાનાં સુંદર વસ્ત્ર કે અલંકાર જોઇ કદી પણ દ્વેષ કરશો નહિ. પોતાનું જે હોય, તેમાંજ સંતોષ રાખજો. પરમેશ્વરે જેમ અનેક સ્ત્રીઓને તમારા કરતાં વધારે સુખી અને સૌભાગ્યવાળી કરી છે, તેમ વળી હજારો સ્ત્રીઓને તમારા કરતાં ઘણું અસહ્ય દુઃખ પણ સહન કરવું પડે છે. સુંદર વસ્ત્રો કે સુવર્ણનાં ઘરેણાંથી સુશોભિત

થઇ સર્વ કરતાં શ્રેષ્ઠ થવું તેમાં શી મોટાઇ છે ? જ્ઞાનચારિત્ર્યમાં શ્રેષ્ઠ થવું એમાંજ ખરૂં ગૌરવ છે અને એજ વખાણ કરવા લાયક છે. મનના સૌંદર્યની સાથે શું બહારના રૂપની તુલના કદી પણ થાય ? કેવી રીતે સર્વ કરતાં અધિક પુણ્યવતી અને જ્ઞાનવતી થવાય, એજ તમારૂં લક્ષ્ય થાઓ ! દ્વેષ, હિંસા વગેરે સર્વ નીચ લક્ષ્યોનો ત્યાગ કરજો. પરસુખે સુખી અને પરદુઃખે દુઃખી થઇ સર્વપ્રત્યે સદ્ભાવ પ્રકાશ કરજો. ધનને સારા માર્ગમાં વાપરજો. ખોટો ખર્ચ કરશો નહિ. × × સુશીલા અને લજ્જાવતી થજો. પરમેશ્વરે સ્ત્રીજાતિને કોમળ સ્વભાવવાળી બનાવી છે, તેથી તમારા એવા સ્વભાવને કદી બગાડશો નહિ. તેમાંજ તમારૂં સૌંદર્ય છે. વિનય અને સુશીલતા એજ નારીનું ભૂષણ છે. × × જ્ઞાનચારિત્રમાં તમારી જે કાંઇ ઉન્નતિ થાય, તેની સાથે સાથે તેજ પ્રમાણે વિનય અને લજ્જા પણ વધવાં જોઇએ અને એમ થવાથીજ તમારી ઉન્નતિ સ્વાભાવિક અને તમારી પ્રકૃતિ અનુસાર થઇને તમારા અને તમારા પરિવારના મંગળનું કારણ થશે.”

ગુજરાતી બહેનો ! તમારા સદ્ગુણોને સારી રીતે પિછાણનાર, ગુજરાતનો મહિમા વધે અને ગુજરાત તથા ગુજરાતદ્વારા મનુષ્યજાતિની સાચી સેવા થાય, એવો અભિલાષ રાખનાર મારા સ્નેહી સ્વર્ગસ્થ રા. રા. રણજીતરામ તમને સંવત ૧૯૭૨ માં નીચે આપેલો જે ઉપદેશ આપી ગયા છે, તેનું કદી વિસ્મરણ ન કરશો.

“જે માબાપ જન્મ આપે તેમની, તેમના કુળની અને તેમની નાતની આબરૂ તમારાથી વધે, તો તમારૂં જીવતર લેખે ગણાતું; પણ હવે સાથે સાથે જે દેશમાં તમારો જન્મ થયો હોય તેની આબરૂ વધારવાનો ધર્મ પણ ઉત્પન્ન થયો છે. તમારા જન્મ પૂર્વે તમારા દેશની–તમારા ગુજરાતની જેવી સ્થિતિ હતી તેવી ને તેવીજ સ્થિતિ તમારા દેહ પડ્યા પછી પણ રહે, તો તમારો ભવ એળે ગયો છે. આ ભવમાં સારાં કર્મો કરવાથી આવતો ભવ સારો મળતો હોય, તો દેશની આંતરડી ઠારવાનાં, દેશની હાલત સુધારવાનાં, દેશને વધારે સુખી, ઉદાર, સબળ અને તવંગર કરવાનાં સુકૃત્યો તમારો આવતો જન્મ જરૂર સુધાર્યા વિના રહેશે નહિ. આથી વિપરીત તમારાં કર્મ હશે, તો દેહ પડ્યા પછી પણ તમારે દુઃખ સહેવું પડશે. આપણા દેશની બૂરી હાલત કરવાના પાપનું પ્રાયશ્ચિત્ત કોઈ પણ દાનથી, વ્રતથી કે ભક્તિથી થઇ શકતું નથી. એજ દેશમાં જન્મ મેળવી, તેની સેવા કરવાથીજ એ પાપમાંથી મુક્તિ મળે છે.

“દેશસેવા એ કળજુગનો મોટામાં મોટો ધર્મ છે. એ ધર્મ પાળતાં થયેલી ચૂકની સજા ભયંકર છે; એટલે એ ધર્મ યથાર્થ સમજવાનો અને પાળવાનો સંકલ્પ આજના મંગળ દિવસે કરો અને એ સંકલ્પ પાર પાડવા પાછળ તમારી સર્વ શક્તિઓ વાપરો.”

કોટા–રજપૂતાના, મકરસંક્રાંતિ
સંવત ૧૯૮૧, તા. ૧૩–૧–૨૫ } શિવપ્રસાદ દલપતરામ પંડિત

પહેલી આવૃત્તિની પ્રસ્તાવના

'ભારતનાં સ્ત્રીરત્નો'ના પ્રથમ બે ભાગમાં સમાવેશ કરવા યોગ્ય, પરંતુ સ્થળસંકોચને લીધે રહી ગયેલાં ચરિત્રો તથા છેક આધુનિક સમયની ભારતવાસી સન્નારીઓનાં જીવનનો યત્કિંચિત પરિચય આપવાનો આ ત્રીજા ગ્રંથમાં પ્રયાસ કરવામાં આવ્યો છે. જે જે ગ્રંથો અને લેખોની સહાયથી, અનુવાદ, સાર કે અક્ષરશઃ ઉતારારૂપે આ પુસ્તકમાંનાં ચરિત્રો લખવામાં આવ્યાં છે, તે સર્વના લેખકો અને પ્રકાશકોનો ખરા અંતઃકરણપૂર્વક ઉપકૃત છું. પત્રદ્વારા તથા રૂબરૂમાં કેટલીક અગત્યની સૂચનાઓ તથા પ્રોત્સાહન આપવા માટે મારા વિદ્વાન સ્નેહીઓ રા. રા. રણજીતરામ વાવાભાઇ મહેતા તથા રા. રા. રામમોહનરાય જસવંતરાય દેસાઇનો પણ આભાર માનું છું.

હિંદુ, બ્રાહ્મ, શીખ, પારસી, મુસલમાન, ખ્રિસ્તી આદિ વિવિધ કોમની જે જે ભારતલલનાઓના ચરિત્રમાં કાંઇક વિશેષતા દીઠામાં આવી તેમનો પરિચય જાતિ, ધર્મ કે સંપ્રદાયનો ભેદભાવ રાખ્યા વગર અત્રે કરાવવામાં આવ્યો છે. આપણા દેશમાં જીવનચરિત્રના સાહિત્યની ન્યૂનતાને લીધે, આ ગ્રંથમાંના ઘણાંખરાં ચરિત્રો અપૂર્ણ જેવાં છે. એ ન્યૂનતા મને પણ સાલે છે. આ પુસ્તકોને માર્ગદર્શક ગણી એ સન્નારીઓનાં ચરિત્રને લગતી અધિક માહિતી મેળવીને જનસમાજને તેનો લાભ આપવાને અન્ય વિદ્વાન લેખકો બહાર આવશે, તો મારો પ્રયત્ન કેટલેક અંશે સફળ થયો, એમ હું માનીશ.

આશા છે કે, આ પુસ્તકના વાચન અને અધ્યયનથી વિવિધ પ્રાંતવાસી અને વિવિધ ધર્માવલંબી ભારતદુહિતાઓમાં પરસ્પર ભગિનિભાવ વૃદ્ધિ પામશે અને અન્યોન્યના અધિક સમાગમમાં આવીને એકબીજામાં રહેલા સદ્દગુણો ગ્રહણ કરીને તથા દોષોનો ત્યાગ કરીને તેઓ ભારતમૈયાનું મુખ ઉજ્જવલ કરે એવાં અનેક સત્કાર્યો કરવા ભાગ્યશાળી નીવડશે.

માતૃભૂમિ ગુજરાતની બહાર અને તે પણ ગ્રંથો, માસિકો, સાક્ષરસમાગમ આદિ જ્ઞાનવૃદ્ધિનાં સાધનો સહેલાઇથી પ્રાપ્ત ન થઇ શકે એવા સ્થાનમાં વસીને માતૃભાષાની સેવા કરવાનું કાર્ય સુગમ નહિ હોવાથી મારા ગ્રંથોમાં અશુદ્ધિ અને અપૂર્ણતારૂપી દોષો અનિચ્છાએ પણ સ્થળે સ્થળે આવી ગયા હશે. સહૃદય વાચકો અને વિદ્વાન સમાલોચકો મિત્રભાવથી, ખાનગી પત્રોદ્વારા કે જાહેર સમાલોચનાદ્વારા એ દોષો જણાવવા તસ્દી લેશે, તો હું તેમનો ચિરકૃતજ્ઞ થઇશ.

બારાં—કોટા રાજ્ય (રજપૂતાના). } શિવપ્રસાદ દલપતરામ
તા. ૨-૧૨-૧૩. માગશર સુ. ૫, સં. ૧૯૭૦ } પંડિત

आभार स्वीकार

આ ગ્રંથ રચવામાં નીચે લખેલા ગ્રંથો તથા માસિકોની મદદ લેવામાં આવી છે; જેને માટે તેમના લેખકો અને પ્રકાશકોનો ખરા અંતઃકરણપૂર્વક ઉપકાર માનવામાં આવે છે.

૧ મહિલા મૃદુવાણી. (હિં.) લેખક મુનશી દેવીપ્રસાદજી.
૨ મશાહિર ઇ. નિસ્વાન. (ઉ.) લેખક મોલવી મહમદ અબ્બાસ.
૩ હિરોઇન્સ ઓફ ઇન્ડિયા. (અં.) લેખક સ્વ. શ્રીયુત મન્મથનાથ દત્ત એમ. એ.
૪ આર્યનારી બીજો ભાગ. (બં.) લેખક શ્રી કાલિપ્રસન્ન ગુપ્ત અને શ્રી દક્ષિણારંજન મજુમદાર.
૫ આર્યકીર્તિ (બં.) લેખક શ્રીયુત રજનીકાંત ગુપ્ત.
૬ ભગવતી દેવી (બં.) લેખક શ્રી પ્રિયદર્શન હાલદાર.
૭ સતીચરિત્ર સંગ્રહ ભા. ૧ લો. } (હિં.) લે૦ શ્રીયુત રામજીવનજી.
૮ ,, ,, ,, ભા. ૨ જો. }
૯ ઐતિહાસિક રાણિયાં. (હિં.) લેખક બાબુ કાશીનાથ ખત્રી.
૧૦ મહારાણી સ્વર્ણમયી (બં.) લેખક બિહારીલાલ સરકાર.
૧૧ આદર્શ રમણી (ઉ.) લેખક મોલવી શેખ અબ્દુલ જબ્બર.
૧૨ સાક્ષરમાળા (ગુજરાતી) લેખક રા. રા. જયસુખરાય પુરુષોત્તમરાય જોશીપુરા એમ. એ.
૧૩ થેરીગાથા (બં.) લેખક શ્રી વિજયચંદ્ર મજુમદાર.
૧૪ સામ્સ ઓફ ધી સિસ્ટર્સ (અં) લેખક મિસિસ રીસડેવિડસ.

સરસ્વતી, પ્રવાસી, ભારતમહિલા, ઇંડિયન લેડીઝ મેગેઝીન, ઇંડિયન સોશિયલ રિફોર્મર, મેન એન્ડ વિમેન ઓફ ઇંડિયા, સુંદરી સુબોધ અને સ્ત્રીબોધ આદિ માસિકો.

अनुक्रमणिका

ककावार अनुक्रमणिका

स्त्रीनो महिमा

उत त्वा स्त्री शशीयसी पुंसो भवति वस्यसी।
अदेवत्रादराधसः। **(ऋग्वेद ५-६१-६)**

ભાવાર્થ:—જે મધુરભાષિણી અને બાળકોને અમૃતપૂર્ણ મનોહર વાણી શીખવી શકે છે અને પોતાના પ્રેમમય આકર્ષણને લીધે ઘરના તથા પડોસીના માણસોને એક સ્નેહસૂત્રમાં બાંધી શકે છે, તે નારીજ સ્ત્રીપદને લાયક છે. પોતે સુશિક્ષિત હોઇ મુશ્કેલી-ભરેલા ગૃહકાર્ય અથવા કૌટુંબિક કાર્યને સહેલાઇથી અને જલદી ઉકેલી શકતી હોય, જે પતિના સુખનું પરમ નિધાન હોય અને જે બાળકોને ઉત્તમ શિક્ષણ આપી સારા સભ્ય બનાવી શકે છે, તેજ કુટુંબમાં સુખ વરસાવી શકે છે. જ્યાં એવી સ્ત્રીઓ છે, ત્યાં લક્ષ્મી પરાણે ખેંચાઇ આવી સ્થિર થાય છે. જે પુરુષોને ઇશ્વરનો ખ્યાલ નથી અને દેવપૂજા, સંધ્યા તથા સુકર્મથી રહિત છે, તેવા પુરુષને પોતાના પ્રભાવથી પોતાને અનુકૂળ બનાવી શકે છે. તેવી પવિત્ર સ્ત્રીઓ જ્યાં હોય છે, ત્યાં ધર્મ, અર્થ, કામ અને મોક્ષ સરખી રીતે સેવાય છે અને ત્યાંજ સ્વર્ગ છે.

('આર્યપ્રકાશ' તા. ૧૦-૯-૩૯ ના અંકમાંથી)

શુદ્ધિપત્ર

પૃષ્ઠ	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૧૩	૪	બાલ્યાથસ્થાનું	બાલ્યાવસ્થાનું
૫૨	૭	પુષ્પામાળાથી	પુષ્પમાળાથી
૬૯	૩૨	પ્રશ્ના	પ્રશ્નો
૮૦	૬	બેહેનો	બહેનો
૧૨૫	૩	સમાચર	સમાચાર
૧૫૮	૧૧	ટંકા	ટૂંકા
૧૬૩	૧૯	સાથ	સાથે
૧૭૩	૧૭	લોકાને	લોકો
૧૮૧	૪	સાદર્ય	સૌંદર્ય
૧૯૩	૧૬	અસંવર્ણું	અસવર્ણું
૨૦૨	૨૦	મહાસ્વસ્ત્યનનો	મહાસ્વસ્ત્યયનનો
૨૦૬	૧૬	ક્ષણુંગુર	ક્ષણુભંગુર
૨૧૨	૩૩	અપેક્ષા	ઉપેક્ષા
૨૧૪	૨૮	વિષ્ણુપ્રિયાએ	વિષ્ણુપ્રિયા એ
૨૨૭	૧૦	ઈ. સ. ૧૭૨૩	ઈ. સ. ૧૭૩૫–૩૬
૨૫૬	૨૮	ઈ. સ. ૧૭૮૬ માં... ૭૦ વર્ષની વયે	ઈ. સ. ૧૭૯૫ માં... આશરે ૬૦ વર્ષની વયે
૨૭૦	૪	માને	મને
૨૭૧	૨	ગોહિલડવાડના	ગોહિલવાડના
૨૭૯	૮	તને ગોઠ્યું	તને ન ગોઠ્યું
૨૯૮	૫	અક	એક
૩૧૪	૬	કવિતામાં	કવિતા
૩૨૨	૨૪	ન્યાયધીશ	ન્યાયાધીશ
૩૨૪	૪	સમપર્ણું	સમર્પણુ
૩૩૫	૨૪	ફરી. ગઈ	ફરી ગઈ.
૩૪૦	૨૮	કુમકુમ	કુંકુમ
૩૪૩	૫	દત્તાત્રય	દત્તાત્રેય
૩૮૨	૨૨	અગ્રેજોની	અંગ્રેજોની
૩૮૯	૨૯	અટળક	અટકળ
૪૦૦	૪	ખ્રિસ્તિી	ખ્રિસ્તી

પૃષ્ઠ	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૪૨૦	૧૪	પુત્ર દત્તક	દત્તકપુત્ર
૪૩૧	૮	સૌનકો	સૈનિકો
૪૩૧	૨૫	પંરતુ	પરંતુ
૪૩૩	૨	પુન	પુનઃ
૪૫૩	૨૮	જવાા	જવા
૪૬૭	૧૯	સાભળીને	સાંભળીને
૪૬૭	૩૧	જતી	જતાં
૪૬૭	૩૨	રહેતી	રહેતાં
૫૧૨	૬	પ્રસંગોપાત	પ્રસંગોપાત્ત
૫૧૪	૨૬	નિંદ્રા	નિદ્રા
૫૨૯	૧૮	વૈષ્ણુચરણુ	વૈષ્ણુવચરણુ
૫૩૨	૧૬	વૈષ્ણુવમંત્રથી	વૈષ્ણુવમંત્રની
૫૪૫	૭	મસરૂર	મગરૂર
૫૫૧	૨૯	ચેક	એક
૫૮૩	૫	સ્ત્રી–વિદ્યાર્થીંનીઓને	સ્ત્રી–વિદ્યાર્થિંનીઓને
૫૮૬	૧૪	અભિરુાચ	અભિરુચિ
૬૮૩	૨૧	પ્રતિવ્રતા	પતિવ્રતા
૬૯૭	૫	અઘોકામિની	અઘોરકામિની
૭૦૦	૨૫	જગજ્જનીના	જગજ્જનનીના
૭૦૩	૩	આત્મસર્પણુ	આત્મસમર્પણુ
૭૧૩	૪	વગ્યા	વાગ્યા
૭૨૦	૨૩	મસિસ	મિસિસ
૭૩૫	૧૨	સ્વાસ્તયયન	સ્વસ્તયયન
૭૩૮	૧૩	પુસ્તુક	પુસ્તક
૭૫૮	૩	કેળવાણીનો	કેળવણીનો
૭૬૫	૨૭	નવરોજજીની	નવરોજીની

संसारमां स्त्रीनो दरज्जो

સ્ત્રીજાતિ વિષે પુરુષવર્ગમાં તેમજ ખુદ સ્ત્રીવર્ગમાં પણ પેસી ગયેલા અજ્ઞાનમૂલક હલકા વિચારો દૂર થઇ સુયોગ્ય સ્ત્રીનો દરજ્જો ધ્યાન પર આવે, તેટલા માટે અનેક પ્રમાણભૂત ગ્રંથો અને સમર્થ વિદ્વાનોના ઉતારા સુપ્રસિદ્ધ હિંદી "**સરસ્વતી**" ના જાન્યુઆરી ૧૯૨૫ ના અંકમાં તેમજ અમદાવાદથી પ્રસિદ્ધ થતા "**સ્ત્રીબોધ**" ના અંકમાં પ્રસિદ્ધ થયા હતા. સ્ત્રીરત્નોના વાચકવર્ગ માટે ઉપયોગી લાગવાથી મોટે ભાગે એમાંના તેમજ થોડે ભાગે બીજા ઉતારા આ નીચે આપવામાં આવ્યા છે; જેને માટે તેના લેખક તેમજ પ્રકાશક મહાશયોનો આભાર માનીએ છીએ.

ઋગ્વેદ—"હે સ્ત્રી! તું ઘરની માલિક થઇને જા અને ત્યાં જેટલા પુરુષો હોય, તેમની સાથે રાણીઓની પેઠે વાતચીત કર."

રામાયણ—"સ્ત્રી વનને પણ રાજમહેલો કરતાં સુંદર બનાવી દે છે."

મનુસ્મૃતિ—"જે પિતા, ભાઇ, પતિ અને દિયર પોતાનું કલ્યાણ ઇચ્છે, તેમણે પોતાની પુત્રી, બહેન, સ્ત્રી અને ભાભીનું કદી પણ અપમાન કરવું જોઇએ નહિ. × × જ્યાં સ્ત્રીઓનું પૂજન થાય છે, ત્યાં દેવતાઓ નિવાસ કરે છે અને જ્યાં તેમનું પૂજન નથી થતું, ત્યાં બધી જાતનાં ઉત્તમ કર્મ પણ નિષ્ફળ થઇ જાય છે. × × જે ગૃહમાં સ્ત્રી પુરુષથી અને પુરુષ સ્ત્રીથી સંતુષ્ટ રહે છે, ત્યાં નિશ્ચય નિત્ય કલ્યાણ થાય છે."

મહાભારત—"સ્ત્રી એ પુરુષની અર્ધાંગના છે; તેનો સૌથી મહાન મિત્ર છે; ધર્મ, અર્થ અને કામનું મૂળ છે. જે તેનું અપમાન કરે છે, તેનો કાળ નાશ કરે છે. સ્ત્રી એ ઘરનું ધન અને ઘરની શોભા છે, માટે સદા તેની રક્ષા કરવી જોઇએ. મહાભાગ્યવતી અને પુણ્યવાળી સ્ત્રી પૂજનીય છે."

હજરત મહંમદ સાહેબ—"તારૂં સ્વર્ગ તારી માતાનાં ચરણો નીચે છે."

સ્વામી દયાનંદ—"ભારતવર્ષનો ધર્મ ભારતવર્ષના પુત્રોથી નહિ પણ પુત્રીઓના પ્રતાપે સ્થિર છે. ભારતીય સ્ત્રીઓએ પોતાનો ધર્મ છોડ્યો હોત, તો ભારતવર્ષ ક્યારનોયે નષ્ટપ્રાય થયો હોત."

સ્વામી વિવેકાનંદ—"મૈત્રેયી અને ગાર્ગી જેવી પ્રાતઃસ્મ-

રણીય સ્ત્રીઓએ બ્રહ્મચર્યામાં સારા સારા ઋષિઓના અધિકારને પણ શોભાવ્યો હતો. હજારો વેદજ્ઞ બ્રાહ્મણોની સભામાં ગાર્ગીએ ગર્વ-પૂર્વક યાજ્ઞવલ્કયને બ્રહ્મચર્યાનું આહ્વાન (ચેલેંજ) આપ્યું હતું, × × × જો એ સર્વ આદર્શરૂપ સ્ત્રીઓને અધ્યાત્મજ્ઞાનનો અધિકાર હતો, તો પછી અત્યારે તેમને એવો અધિકાર નથી એમ કેમ કહી શકાય?

"અત્યારે પણ આ દેશની કન્યાઓમાં અને સ્ત્રીઓમાં જેવું સદ્વર્તન, સેવાભાવ, સ્નેહ, દયા, સંતોષ તથા પતિભક્તિ જોવામાં આવે છે, તેવું પૃથ્વીના બીજા કોઈ ભાગમાં મેં જોયું નથી.

"એક માત્ર ભારતવર્ષની કન્યાઓને જોવાથીજ આંખો ઠરે છે. તેમનામાં લજ્જા-વિનય આદિ સદ્દગુણો હજી પણ જેવા ને તેવા રહી શકયા છે. આવાં સરસ સાધનો હોવા છતાં, તમે સ્ત્રીજાતિની ઉન્નતિ કરી શકતા નથી!!

"જે દેશમાં-જે પ્રજામાં નારીપૂજા નથી, તે દેશ-તે પ્રજા કોઈ કાળે મહાન કે ઉન્નત થઇ શકે નહિ. નારીરૂપી શક્તિ-મૂર્તિની અવગણના કરવાથીજ આજે તમારૂં અધઃપતન થયું છે. × × × × જે ઠેકાણે સ્ત્રીઓનો આદર ન હોય અને સ્ત્રીઓ જ્યાં ગમગીની-માંજ સમય પસાર કરતી હોય, તે સંસારની કે તે દેશની ઉન્નતિની આશા રાખવી નિષ્ફળ છે. એટલાજ માટે પ્રથમ સ્ત્રીઓને જાગૃત કરવી જોઇએ અને તે ઉદ્દેશ સિદ્ધ કરવા એક આદર્શ મઠની સ્થાપના કરવી જોઇએ. × × × × મહામાયાની સાક્ષાત્ પ્રતિમા જેવી સ્ત્રીજાતિનો તમે ઉદ્ધાર નહિ કરો ત્યાંસુધી તમારા દેશનો ઉદ્ધાર થનાર નથી."

સ્વામી રામતીર્થ—"હિંદમાં સ્ત્રીશિક્ષણ બંધ કરી દેવામાં આવ્યું, તેની સજા હિંદ સારી પેઠે ભોગવી રહ્યું છે. × × × સ્ત્રી-શિક્ષણનો પ્રચાર કરો. તમારા પૂર્વજો સ્ત્રીશિક્ષણના પક્ષપાતી હતા. તમે કેમ વિરોધી બનીને તમારે હાથેજ તમારા પગ ઉપર કુહાડો મારો છો? જે બીજાની સ્ત્રી તરફ પાપદૃષ્ટિથી જુએ છે, તે પરમા-ત્માના ક્રોધને જાગૃત કરે છે અને પોતાને માટે નરકનો રસ્તો સાફ કરે છે."

શ્રી. દાદાભાઈ નવરોજી—"મારી માતાએ મારી ઉપર નજર રાખીને મને મારા સહચરોના બૂરા પ્રભાવથી બચાવ્યો."

મહાત્મા ગાંધી—"કોઇ પણ સ્ત્રીનું સ્ત્રીત્વ ભંગ કરતાં પહેલાં, મરી જવું એજ ઉત્તમ કર્મ છે. કોઈ પણ સ્ત્રીને પાપકર્મમાંથી બચાવી લેવી એ સૌથી મહાન તીર્થ છે."

બંકિમચંદ્ર—"સ્ત્રીઓ એ સાક્ષાત્ ક્ષમા, દયા અને સ્નેહની દૈવી મૂર્તિઓ છે."

પોપ—"કેટલાક મંદબુદ્ધિ કવિઓએ સ્ત્રીને ઉતારી પાડી છે. તેઓ કહે છે કે, સ્ત્રી એ એક મોંઘી વિપત્તિ છે, જાતેજ ખરીદેલો રોગ છે, સાપની પેઠે ઝેરની ભરેલી છે અને ઘરને દુઃખમય બનાવી દેનાર કાળી રાત્રિ છે; પરંતુ આ બધા નાશવંત કવિતાના ખોટા કટાક્ષ છે. આ અસાર સંસારમાં બીજા બધા પદાર્થો તો મહેનત કરવાથી મળે છે; પરંતુ સુલક્ષણા સ્ત્રી તો માત્ર પ્રભુની કૃપાથીજ મળી આવે છે. જેની પાસે એવી સ્ત્રી હોય, તે કદી દુઃખને દુઃખ નહિ માને. મને તો વિશ્વાસ છે કે, જો સંસાર સ્ત્રીઓના કહ્યા પ્રમાણે ચાલે, તો દુનિયા સ્વર્ગપુરી બની જાય."

યંગ—"સુપાત્ર સ્ત્રી પાળેલા કૂતરાથીયે વધુ નિમકહલાલ, હોડીના સુકાનથીયે વધુ પક્કી અને મહેલના સ્થંભોથી પણ વધુ મજબૂત છે. વમળમાં મૃત્યુનાં ડુબકાં ખાનાર માણસને કિનારો જેટલો વહાલો લાગે છે, તેનાથી પણ સુયોગ્ય સ્ત્રી વધુ વહાલી છે. વૃદ્ધ પિતાની આંખે નાનો પુત્ર જેટલો સુંદર દેખાય છે, તેનાથી પણ સ્ત્રી સુંદર છે. કાળી રાત્રિ પછીના મંગળમય પ્રભાત કરતાંયે સ્ત્રી વધુ તેજસ્વી છે અને રણમાં તરસથી વ્યાકુળ થયેલા મનુષ્યને પાણી જેટલું મીઠું લાગે છે, તેનાથીયે સ્ત્રી ઘણી વધારે મીઠી છે."

લૌવિલ—"વિધાતાએ સ્ત્રીને સુંદર બનાવી છે; એટલા માટે તેને હું મહત્ત્વવાળી નથી ગણતો, તેમજ તેને પ્રેમને ખાતર બનાવવામાં આવી છે; એટલા માટે હું તેના ઉપર પ્રેમ નથી રાખતો; પરંતુ તેને હું એટલાજ માટે પૂજનીય માનું છું કે, મનુષ્યનું મનુષ્યત્વ માત્ર તેનેજ આભારી છે."

શેકસપિયર—"સૌંદર્યથી સ્ત્રી અભિમાની બને છે, ઉત્તમ ગુણોથી તેની પ્રશંસા થાય છે અને લજ્જાવતી થઇ દેવી બને છે."

હંટ—"સુશીલા અને પુણ્યાત્મા સ્ત્રી જેવું દુનિયામાં કાંઇ પણ સુંદર નથી."

હારગ્રેવ—"તારાઓ આકાશની કવિતા છે, તો સ્ત્રીઓ પૃથ્વીની કવિતા છે. દુનિયાના ભાગ્યની રક્ષા તેમનાજ હાથમાં છે."

સૌદે—"કવિઓએ સ્ત્રીના ક્રોધની ઇશ્વરના ક્રોધ સાથે તુલના કરી છે; પરંતુ મને મારી સ્ત્રીના ક્રોધમાં એવું ઝેર કદી દેખાયું નથી. તે ક્રોધમાં હોય છે, ત્યારે તે મારા તરફ જોતી નથી; કેમકે તેને વિશ્વાસ છે કે, મારા તરફ દેખતાંજ તેનો ક્રોધાગ્નિ પ્રેમજળ થઇને વહી જશે."

રૂસો—"સ્ત્રીનું પુસ્તક તો સંસાર છે. તે સંસારમાંથી જેટલું શીખે છે, તેટલું પુસ્તકોમાંથી નથી શીખતી."

આસ્કર વાઇલ્ડ—"સ્ત્રી, એ પરમાત્માનું સૌથી મહાન જાદુ છે."

શિલ્લર—"સ્ત્રીને પુરુષની સાથી થવાને સરજવામાં આવી છે. પ્રકૃતિ એમ ઇચ્છે છે અને પ્રકૃતિના નિયમો પાળતી સ્ત્રી ઈશ્વરી આજ્ઞાનું પાલન કરે છે."

એલન કનિંગહામ—"આવ મારી વહાલિ! આવ. મારી પાસે બેસ. રાત વીતી ગઇ છે અને ચારે બાજુ અજવાળું થઇ રહ્યું છે; પરંતુ તારા વિના મારાથી પ્રાર્થનાના શબ્દો બોલાતા નથી. આવ, મારી પાસે બેસ. તું પ્રભુને મારે માટે પ્રાર્થના કરજે, હું તારે માટે કરીશ."

આલ્વે—"હે સુકુમારિ! વિધાતાએ તને પુરુષોને ઠેકાણે લાવવા માટે બનાવી છે. તું ન હોત તો અમે પશુ જેવા હોત. સ્વર્ગમાં પણ એવું શું છે કે જે તારામાં નથી? અદ્‌ભુત તેજ, પવિત્રતા, સત્ય, અનંત આનંદ અને અમર પ્રેમ સર્વ કંઇ તારામાં છે"

એડિસન—"વિશ્વાસ રાખો કે, જે પવિત્ર પ્રેમથી પિતા પોતાની પુત્રી પ્રત્યે જુએ છે, તે રીતે બીજો કોઇ તેના પ્રત્યે જોઇ શકતો નથી. પત્ની પ્રત્યેના પ્રેમમાં કામના છુપાઇ રહેલી હોય છે અને પુત્ર પ્રત્યેના પ્રેમમાં લોભ હેતુરૂપ હોય છે; પણ જે પવિત્ર વહાલ મને મારી પુત્રી ઉપર આવે છે, તેવું બીજા કોઇની ઉપર નથી આવતું."

જોન્સન—"મારા સૂક્ષ્મ વિચારોનું મૂળ, મારી જનનીનાં પ્રેમભર્યાં હાલરડાંમાં છે."

શોપનહેર—"મનુષ્યને દૂરદર્શિતા માતાથી અને વીરતા પિતાથી વારસામાં મળે છે."

અબ્રાહમ લિંકન—"હું જે કાંઇ કરું છું અને થઇ શકું છું, તે દૈવી પ્રકૃતિવાળી મારી માતાની પ્રસાદી છે."

સર એડમંડ વરઠી—"દરેક દેશમાં, દરેક જાતિમાં અને દરેક ધર્મમાં મનુષ્યને તેની માતા જેવો બનાવે છે, તેવોજ તે થાય છે."

જ્યોર્જ હર્બર્ટ—"એક આદર્શ જનની સો ઉસ્તાદો કરતાં પણ શ્રેષ્ઠ છે."

નેપોલિયન—"ફ્રાન્સનો વૈભવ તેની માતાઓ પર રહેલો છે. × × કોઇ પણ બાળકની ભાવી ઉન્નતિ અથવા અવનતિનો આધાર તેની માતા ઉપરજ છે. × × હું મારી કર્તવ્યનિષ્ઠા અને ધૈર્ય મારી માતાની ગોદમાંથી શીખ્યો છું."

લા. ડ. વર્લે—"પુરુષની ઉન્નતિ કે અવનતિ સ્ત્રી ઉપર

આધાર રાખે છે. જો એ સુશિક્ષિત હોય તો પતિની ઉન્નતિનું કારણ બને છે અને જો મૂર્ખ હોય, તો પુરુષની અવનતિનું કારણ બને છે."

મિશલેટ—"જો કે આજે મારી માતાને પરલોકગમન કર્યાને લગભગ ત્રીસ વર્ષ થઇ ગયાં છે, પરંતુ તે હજુ સુધી મારા વિચારમાં તથા શબ્દોમાં જીવતી છે. × × × × × હું મારી તમામ ઉન્નતિઓ અને વિજયોમાં મારી માતાનો દેવાદાર છું."

ગેરીબાલ્ડી—"મને મારા દેશ પ્રત્યે જે શુદ્ધ પ્રેમ છે અને જેણે મને મારા અભાગી સ્વદેશબંધુઓના આત્મારૂપ બનાવ્યો છે, તેનો પ્રારંભ જ્યારે હું મારી માતાને દીનો પ્રત્યે સહાનુભૂતિ કરતી અને દુઃખિયાં લોકો પર દયા કરતી જોતો ત્યારથી થયો છે."

ગોલ્ડસ્મિથ—"જે સ્ત્રી પોતાના પતિ તથા બાળકોને નિરંતર આનંદમાં રાખે છે, તેની પાસે આખા જગતની સમ્રાજ્ઞીનો વૈભવ તુચ્છ છે."

બુલ્વર—"હે સ્ત્રી! તું અમો પુરુષોને સાક્ષાત્ માનવજાતિની થઇને મુશ્કેલીના પ્રસંગોમાં માર્ગદર્શક થવાવાળી સિદ્ધિકર દેવી છે. તારામાં ઇશ્વરી અંશ છે."

ફ્રેડરિક હેસ્ટન—"જ્યાં માતાપિતા અને વિશેષે કરીને માતા બુદ્ધિમતી હોય છે, એ ગૃહ મનુષ્યત્વ અને **સભ્યતાનું મહાવિદ્યાલય** છે. ઘરમાંજ મહત્ત્વપૂર્ણ અને અત્યંત અગત્યના પાઠોનું શિક્ષણ મળે છે; માટે મહાન પુરુષો ઉત્પન્ન કરવા માટે અમારે એવી માતાઓની અગત્ય છે કે, જે પોતાનો સમય પૂર્ણ કઠિન કાર્યો કરવામાં ગાળવાની યોગ્યતા રાખતી હોય અને સાથે અમને એવી જનનીઓની અગત્ય છે કે જેનું હૃદય અને મસ્તિષ્ક સંપૂર્ણ રીતે વિશુદ્ધ હોય."

જુવાનોને આમંત્રણ

એક ગામડું છે. કાઠી, રજપૂત કે કોઇ પણ કોમનો એક ગામડિયો જુવાન માથે લાંબા ઓળેલા વાળ રાખે; ઉપર ફરકતાં છોગાં ખોસી સાફાઓ પહેરે; આડાઅવળા શીવણુવાળા કળાવાળા કબજાઓ પહેરે; નાડીએ પાંચ પાંચ ફૂમતાઓ રાખે; આંખમાં આંજણનાં જાદૂ ભરે અને પનઘટને કિનારે બેસી વાંસળી બજાવે; એમાં એ જુવાનીની સફળતા માને છે. જુવાની માણવાની એની એ રીત છે.

એક શહેર છે. એક શહેરી જુવાન મજાની બાબરી ઓળે છે; કપાળે નાનો ચાંલ્લો કરે છે, માથે આડી ટોપી મૂકે છે; હાથમાં નાનકડી લાકડી રાખે છે; આંખે ચશ્માં પહેરી ઝીણી આંખે ઉદ્યાનના બાંકડાઓ ઉપરથી અનેક ઇષ્ટાનિષ્ટ દૃશ્યો જુએ છે; એની જુવાનીની સાર્થકતા એ એમાં માને છે.

એક સેવાભાવી જુવાન છે. હાથે ધોયેલી જાડી ખાદીનું પહેરણ, ધોતિયું અને ટોપી પહેરે છે. એની આંખે ચશ્માં નથી અને નથી આંજણ. એના હાથમાં નથી વાંસળી કે નથી લાકડી. એ રસ્તે જતા અજાણ્યાને રસ્તો બતાવે છે; ડોશીઓ કે ડોસાઓને સહાય આપે છે; ગામમાં પાણીનાં પૂર આવે છે ત્યારે પૂરમાં તણાતાં પ્રજાજનો કે તેમની માલમતાનું રક્ષણ કરવા પાણીમાં ઝંપલાવે છે; ગામમાં આગ લાગે છે, ત્યારે અંદર રોકકળ કરી રહેલાં મનુષ્યોને બચાવવા એ ઝપાટાબંધ ઉપર ચઢી પોતાની ખાંધ ઉપર તેમને ઉતારી લાવે છે; ઇન્ફ્લ્યુએંઝા કે પ્લેગનાં પીડિતોને ઘરે ઘરે જઇ દવા આપે છે–તેમની શુશ્રૂષા કરે છે; મેળાઓ વખતે ભૂલેલાને ઘર બતાવે છે; માંદાઓને દવા આપે છે; યાત્રીઓની સગવડ અર્થે–તેમની માલમતાની રક્ષા અર્થે રાત્રી દિવસના ઉજાગરા વેઠે છે.

ખાદી પહેરનાર ઓ જાડી ધાબળીવાળા જુવાન ! તેં તારી જુવાની સાચી માણી છે. તારી જુવાની સફળ ઉતારી છે. તેં તારૂં જીવન જીવી જાણ્યું છે ! વૌઠાના મેળામાં એવી જુવાની ઝળકતી હતી.

અમારા ઓ જુવાનો ! તમારે જુવાની સાચી માણવી હોય તો આવજો, આ માર્ગે અમારાં તમને આમંત્રણ છે !

(તા ૧૫–૧૧–૨૪ના "સૌરાષ્ટ્ર"માંથી)

નવું જગત

ગરીબી એ કેવો ગુનો ! નિર્ધનતા એ કેવું કલંક ! કોઇ ગરીબ ચોરી કરે અને તેને માટે જેલ તૈયાર છે; કોઇ નિર્ધન ધનને અર્થે ખૂન કરે અને એ ખૂનીને માટે ફાંસીનો માંચડો ઊભો છે; અને કોઈ શ્રીમંત ચોરી કરે, લૂંટો ચલાવે અને દુનિયા તેની ચાતુરીની સ્તુતિઓ ગાવા માંડે; તે લક્ષ્મીને અર્થે તેના સ્વદેશમાં અને વિદેશમાં માનવીના હત્યાકાંડો રચે અને એ હત્યારો સ્વદેશસેવકનું સુનામ પામે; એ ચોરીઓ અને એ લૂંટો અને એ હત્યાઓથી તે દોલતમંદ બને, એટલે તેને ઉમરાવપદે ચડાવવામાં આવે; અને જગત તેને ઝૂકી ઝૂકીને સલામો ભરે ! ઓ જગત! તારો કેટલો અધ:પાત થયો છે ?

....પણ હા, આ જૂની દુનિયાના ખંડિયેર ઉપરજ નવું જગત રચાશે–અને જરૂર રચાશે. કોઇ જાદૂગર એક રાતમાંજ મહેલાતો ઊભી કરી દે, તેમ આજની પવિત્ર ગરીબીનાં ઉદરમાંથીજ નવી દુનિયા અવતરશે–અને થોડા કાળમાંજ અવતરશે. તે નવા જગતમાં સત્યનાં અજવાળાં ચોમેર રેલાઈ રહ્યાં હશે: પ્રેમની મધુરતા સર્વત્ર મઘમઘી રહી હશે : તે દુનિયામાં સેવા સર્વની પૂજા પામશે, સર્વ સમાન મનાશે અને સન્માનના અધિકારી ગણાશે.

આજે પૃથ્વી તેની પ્રથાઓ અને તેના શિષ્ટાચારોના કાદવમાં ખદબદી રહી છે; આજે ધરતી ઉપર સત્તાલોભ અને ધનતૃષ્ણાની જ્વાળાઓ સળગી રહી છે; આજે શ્રીમંતોની લાલસાતૃપ્તિને અર્થે ગરીબોની જિંદગીની હરરાજીઓ બોલાઈ રહી છે; આજે જગત કોઇ કદરૂપા દાનવ જેવું બની ગયું છે! પણ નવો પ્રકાશ અને નવી દૃષ્ટિ, નવો આદર્શ અને નવી આશા એ બધી બદબોને ધોઇ નાખશે; એ બધી કદ્રૂપતાને હરી લેશે અને આ જૂની કાયામાં નવા પ્રાણ પૂરશે. શુદ્ધિ પામેલા આ જગતમાં પ્રકાશમય, પ્રેમમય અને સુંદર, પ્રભુની પુષ્પવાટિકાસમું એક નવું સ્વર્ગ સર્જાશે. સ્વર્ગના ઓ સુખકર વાયરાઓ ! તમે દેવોના ઉપભોગની એ તમારી વાયુલહરીઓ આ અવનિ ઉપર વરસાવો; અમારા પ્રાણમાં સ્વર્ગનાં એ અમૃત ભરો અને આ ખૂનીઓ અને હત્યારાઓની એડી તળે ચગદાતા જગતને સેવાની અમીરીથી ઝળહળતું, પ્રેમની ખુશબોથી મહેકતું, માનવીની સ્વાધીનતાનું મહારાજ્ય બનાવો! (તા. ૧૫–૧૧–૨૪ ના "સૌરાષ્ટ્ર" માંથી)

બાળલગ્ન ને મારે લગ્નખર્ચ

(લેખકઃ- સૌ. સમજુબા દેસાઇ)

બાળકો જાણે માબાપને લગ્નનો લહાવો લેવા માટેજ ન હોય તેમ આપણે માત્ર એટલોજ વિચાર કરીએ છીએ કે,ક્યારે તેમને પરણાવી દેવાય; પરંતુ તેમને કેળવણી આપી પોતાની આજીવિકા પેદા કરવાને લાયક કરવાને કંઇ વિચાર કરતાં નથી. આનું પરિણામ એ આવે છે કે તેઓ અજ્ઞાન અને અભણ રહે છે અને મોટપણુમાં દુઃખી થાય છે. વળી ઘણી વખત બિચારી બાળકીને કુમળી વયથી વિધવાપણું ભોગવવું પડે છે અને તેથી તેને તથા તેનાં ભાઈભાંડુને આખી જિંદગી દુઃખી થવું પડે છે; માટે બાળલગ્ન ન કરતાં કન્યા ઓછામાં ઓછી ચૌદ વર્ષની અને છોકરો ઓછામાં ઓછો વીશ વર્ષનો થાય ત્યાંસુધી તેને કેળવણી આપવા સિવાય બીજો વિચાર કરવો ન જોઇએ. આજકાલ કન્યા–કેળવણી તરફ કંઈક લક્ષ અપાય છે ખરૂં, પણ બાળલગ્ન થતાં હોવાથી કેળવણી અધૂરી અગર નહિ જેવીજ અપાય છે. પરણ્યા પછી છોકરાઓ તો ભણતર જારી રાખે છે, પણ કન્યાકેળવણી તો લગ્નની સાથેજ બંધ થાય છે. લાયક ઉંમરનાં થયા પછીજ પુત્રી અથવા પુત્રનો વિવાહ કરવાનો વિચાર કરવો જોઇએ. નાનપણથી વિવાહ કરી રાખવો એ સારૂં નથી; કારણકે એમ કરવાથી બાળકોના મનમાં ભણવા કરતાં પરણવાની વાત વધારે રમ્યા કરે છે. વળી તેઓ મોટાં થયે લાયક ન નીવડે તો માબાપને પસ્તાવું પડે છે. પુત્રને માટે ગુણવાન ને લાયક કન્યા લેવાને બદલે કયી કન્યા લેવાથી વધારે રૂપિયા મળશે એટલુંજ જોવાય છે. કન્યા માટે ગુણવાન વર જોવાને બદલે માત્ર કહેવાતું કુળ જોવાય છે અને વરની લાયકી કેવી છે તે જોવાતું નથી. આનું પરિણામ માઠું આવે છે અને દુઃખી થવાય છે, માટે આપણા કઢંગા રિવાજમાં સુધારો થવાની જરૂર છે. તે નહિ થાય ત્યાંસુધી આપણી ઉન્નતિ થવાની નથી એમ સમજી આ બાબતમાં ખાસ ધ્યાન આપવા જેવું છે. લગ્ન પ્રસંગે ગજા ઉપરાંત ખર્ચ કરવામાં આવે છે તેથી આપણી પાયમાલી થાય છે. લગ્ન જેવે પ્રસંગે શક્તિ પ્રમાણે ખર્ચ કરવા કોઇ ના કહેતું નથી; પરંતુ શક્તિ ન હોય છતાં ઘરબાર ગીરો મૂકી, દેવું કરી, ગજા ઉપરાંત ખર્ચ કરવું એ મૂર્ખાઇ છે.

भारतनी देवीओ×

ग्रंथ ३ जो

जैनयुगनां स्त्रीरत्नो*

ઉપોદ્ઘાત

પ્રિય વાચક બહેનો! આર્યાવર્તની અનેક હિંદુ સન્નારીઓના પુણ્યચરિત્રની કથા તમે વાંચી. હવે તમને કેટલાંક જૈન સ્ત્રીરત્નોનો પરિચય કરાવીશું. જૈન ધર્મ ઘણાઓ ધારે છે તેમ કાંઇ આપણાથી ભિન્ન, તદ્દન નવોજ ધર્મ નથી. હિંદુ, જૈન અને બૌદ્ધ એ ત્રણે ધર્મ એકબીજાને તદ્દન મળતા છે. ખરૂં જોતાં "વૈદિક, જૈન અને બૌદ્ધ એમ એકજ હિંદુધર્મની ત્રણ શાખાઓ છે. ત્રણે મળીને હિંદુસ્તાનના પ્રાચીન ધર્મનું પૂર્ણ સ્વરૂપ બંધાય છે." આચાર્ય શ્રીઆનંદશંકરભાઇના "ધર્મવર્ણન"

× આ ગ્રંથની આ અગાઉની બે આવૃત્તિઓ "ભારતનાં સ્ત્રીરત્નો" ના નામથી પ્રસિદ્ધ થયેલી છે. આ તેની ત્રીજી આવૃત્તિ "ભારતની દેવીઓ" ના નામથી પ્રસિદ્ધ થાય છે. —પ્રકાશક

* સતી અંજનાથી સતી શ્રીમતી સુધીનાં પાંત્રીસ રત્નો જૈનયુગનાં છે.

ગ્રંથને આધારે એ ધર્મનું કાંઇક સ્વરૂપ તમને બતાવીશું.

પ્રાચીન ભારતમાં જે અદ્ભુત મહાત્માઓએ મન, વચન અને કાયાને તદ્દન જીતી લીધાં હતાં તેમને માનની દૃષ્ટિથી "જિન" (જિ એટલે જીતવું) નામ આપવામાં આવે છે અને એમના ધર્મને અનુસરનારાં "જૈન" કહેવાય છે. એ મહાત્માઓએ અસંખ્ય જીવોને આ સંસારમાંથી તરાવી દીધા છે, માટે તેઓ "તીર્થંકર" નામે પણ ઓળખાય છે. જૈનધર્મમાં ચોવીસ તીર્થંકર માન્યા છે; તેમાં સૌથી પહેલા ઋષભદેવ અને છેલ્લા મહાવીરસ્વામી છે. ઋષભદેવજીને બ્રાહ્મણો ચોવીશ અવતારમાંના એક ગણે છે અને તેમના અદ્ભુત વૈરાગ્યની અને;પરમહંસવૃત્તિની બહુ પ્રશંસા કરે છે.

મહાવીર સ્વામીનો જન્મ ઇ. સ. પૂ. ૫૩૯ અથવા ૫૯૯ માં કુંડગ્રામમાં થયો હતો.

જૈનધર્મનું મહામંડળ તે "સંઘ" કહેવાય છે. સંઘના ચાર વિભાગ છે. (૧) સાધુ-મુનિ-યતિ-શ્રમણ, (૨) સાધ્વી-આર્યા અથવા આરજા (૩) શ્રાવક અને (૪) શ્રાવિકા. પહેલા,બે વર્ગ સંસાર ત્યજીને વૈરાગ્ય અને તપના તીવ્ર નિયમ પાળે છે. છેલ્લા બે, સંસારમાં રહી મુનિઓનો ઉપદેશ સાંભળે છે.

જૈનધર્મના મુખ્ય પંથ બે છે. શ્વેતામ્બર અને દિગમ્બર. સફેદ કપડાં પહેરનાર શ્વેતામ્બર અને દિશાઓ એજ જેમનું વસ્ત્ર છે, એટલે કે વસ્ત્ર સરખું પણ શરીર ઉપર ન રાખનારા દિગમ્બર. ત્યાર પછી શ્વેતામ્બર સાધુઓને માનનારા શ્વેતામ્બરી કહેવાયા અને દિગમ્બર સાધુઓને માનનારા દિગમ્બરી કહેવાયા. આ ઉપરાંત એક ત્રીજી શાખા "સ્થાનકવાસી" નામની છે, જેઓ મૂર્તિને માનતા નથી.

જૈનધર્મમાં 'દર્શન' 'જ્ઞાન' અને 'ચરિત્ર' એ ત્રણને 'રત્ન' નામ આપવામાં આવે છે.

જૈનોમાં પાંચ વ્રત મુખ્ય છે. (૧) અહિંસા વ્રત, (૨) સુનૃત (સત્ય) વ્રત, (૩) અસ્તેય વ્રત (ચોરી કરવી નહિ), (૪) બ્રહ્મચર્ય વ્રત, (૫) અપરિગ્રહ વ્રત અર્થાત્ વસ્તુઓ રાખવી નહિ, રખાવવી નહિ અને રાખવામાં અનુમોદન કરવું નહિ. પોતાની સ્ત્રી ઉપરજ પ્રેમ રાખવો એને ગૃહસ્થાશ્રમનું બ્રહ્મચર્ય વ્રત ગણ્યું છે. ગૃહસ્થોના વ્રતને "અણુવ્રત" અને યતિઓના વ્રતને "મહાવ્રત" કહે છે.

પાંચ સમિતિ એટલે સદાચાર જૈન ધર્મમાં માન્યા છે.

(૧) ઇર્યાસમિતિઃ—રાત્રે જીવજંતુ પગ તળે ચગદાઇ જાય માટે રાત્રે ન ચાલવું. ધોરી રસ્તે, જ્યાં માણસો જતાંઆવતાં હોય અને જ્યાં જીવજંતુ થોડાં વસતાં હોય ત્યાં દિવસે પણ એવી સંભાળથી ચાલવું કે જીવજંતુ પગ તળે ચગદાય નહિ.

(૨) ભાષા-સમિતિઃ—કોમળ, હિતકારી, મીઠું અને સત્ય તથા ન્યાયને અનુસરતું બોલવું. અસત્ય કે ક્રોધ, અભિમાન, કપટ વગેરે દોષોથી ભરેલું ન બોલવું.

(૩) એષણા-સમિતિઃ—યતિએ એવી રીતે ભિક્ષા માગવી કે જેમાં કોઇ પ્રકારનો દોષ ન થાય.

(૪) આદાનનિક્ષેપણા-સમિતિઃ—વસ્ત્રાદિક ચીજો એવી રીતે રાખવી, એની લેમૂક એવી રીતે કરવી કે, જેથી કોઇ જાતનો દોષ ન લાગે.

(૫) પરિષ્ઠાપના સમિતિઃ—કફમૂત્રાદિક શરીરનો મેલ એવે ઠેકાણે અને એવી રીતે નાખવો કે જેમાં કોઇ જાતનું પાપ ન થાય.

જૈનધર્મ કહે છે કે, મન, વાણી અને કાયાને શુદ્ધ રાખવાં તથા તેમને એવી રીતે સાચવવાં કે જેથી એમના દ્વારા કોઇ પણ પ્રકારનો દોષ થવા ન પામે. એને ત્રણ ગુપ્તિ કહે છે.

પ્રત્યેક મનુષ્યે રાતદિવસ નીચેના ચાર પ્રકારના ભાવ હંમેશાં પોતાના મનમાં લાવવા એવો જૈનશાસ્ત્રોનો ઉપદેશ છે.

(૧) મૈત્રીઃ—પ્રાણીમાત્રમાં મિત્રભાવ રાખવો; સર્વના અપરાધ ક્ષમા કરવા અને કોઇ ઉપર વેર રાખવું નહિ.

(૨) પ્રમોદઃ—પોતાના કરતાં જે ચડિયાતો હોય તેના પ્રત્યે વિનયથી વર્તી, અર્થાત્ એની સ્તુતિવંદના અને સેવા કરી આનંદ આપવો.

(૩) કારુણ્યઃ—કરુણા, દયા, દીન અને દુઃખી જીવોને ઉપદેશ વગેરેથી સુખ થાય એમ કરવું.

(૪) માધ્યસ્થઃ—ઉપેક્ષા કરવી. જેઓ તદ્દન જડ હોઇ ઉપદેશ ગ્રહણ કરી શકે એવા ન હોય તેમના પ્રત્યે ક્રોધ ન આણતાં ઉપેક્ષા કરવી.

જૈનધર્મમાં વૈરાગ્યને મોટું સ્થાન છે અને યતિઓને પાળ-

વાના નિયમો બહુ સખ્ત છે. ગૃહસ્થોના ધર્મ સંબંધી પણ જૈન-ગ્રંથોમાં બહુ લખાયું છે. બાર ધર્મ ગૃહસ્થોના ગણાવ્યા છે. યાત્રા અને વ્રત ઉપર પણ પૂરતો ભાર મૂકવામાં આવ્યો છે. શત્રુંજય પર્વત, ચંપાપુરી, પાવાપુરી, ગિરનાર અને સમેતશિખર એ પાંચ તીર્થ એમનામાં બહુ પવિત્ર મનાય છે, કેમકે એ તીર્થંકરોની નિર્વાણભૂમિ છે. મહાપુરુષોની જન્મ અને નિર્વાણભૂમિ સર્વ દેશોમાં પવિત્ર મનાય છે. એવાં તીર્થો કેવળ જૈનોને માટેજ નહિ પણ અન્ય હિંદુઓને માટે પણ તીર્થરૂપ છે.

પોસહ યાને "પૌષધ વ્રત" મહિનામાં પાંચ વખત અજવાળી પાંચમ અને બે ચૌદસે કરવાનું હોય છે. એમાં ગૃહસ્થે આહાર, શરીરનો ઠાઠમાઠ, સ્ત્રીસંગ અને વેપાર એ ચાર વાનાં તજવાનાં છે.

જૈનોનું મોટું વ્રત પર્યુષણ છે. એમાં ઉપવાસ અને શાસ્ત્ર-શ્રવણ કરવામાં આવે છે.

ઉપરના વૃત્તાંત ઉપરથી જણાશે કે જૈનશાસ્ત્રો બ્રાહ્મણશાસ્ત્રને ઘણી ખરી રીતે મળતાં છે. અહિંસા, તપ અને વૈરાગ્ય ઉપર એ ધર્મમાં બહુ ભાર દેવામાં આવ્યો છે. સંસારમાં રહેવા છતાં સંયમ અને ઇંદ્રિયનિગ્રહ કરી માનવાત્માએ ઉચ્ચપદે ચડવું એ તેમનો ઉદ્દેશ જણાય છે.

તેઓ જગતને અનાદિ માને છે અને કર્મના મહાનિયમથી બધું ચાલ્યા કરે છે એમ કહે છે. મનુષ્યને કર્યાં કર્મ ભોગવ્યા વિના છૂટકો નથી અને કરીશું એવું પામીશું, એ સિદ્ધાંત બહુ જોરથી અને વિગતવાર તેઓ સમજાવે છે.

આથી તેઓ જગતનો કર્તા એક ઈશ્વર માનતા નથી, પણ ઋષભદેવ વગેરે રાગાદિ દોષરહિત અને લોકોના ઉદ્ધારક એવા જે તીર્થંકરો થઇ ગયા છે, તેમને ભગવાન તરીકે પૂજે છે.*

---

*પ્રોફેસર આનંદશંકર ધ્રુવના "ધર્મવર્ણન" ગ્રંથમાંથી આ આ આખો વૃત્તાંત લીધો છે; એને માટે એમનો ઉપકાર માનવામાં આવે છે. —પ્રયોજક



१–सती अंजना

પ્રાચીન કાળમાં મહેંદ્રપુર નામના નગરમાં મહેંદ્ર નામનો એક રાજા રાજ્ય કરતો હતો. તેની રાણી હૃદયસુંદરીના ગર્ભમાં અંજનાનો જન્મ થયો હતો. ઘણા પુત્રો પછી એ કન્યાનો જન્મ થયેલો હોવાથી તે માતપિતાની બહુ લાડકી હતી. એમણે એ કન્યાને ઊંચા પ્રકારનું શિક્ષણ આપ્યું હતું. એ શિક્ષણના પ્રતાપે અંજનાસુંદરીમાં દેહના સૌંદર્યની સાથે સદાચારનું તેજ પણ આવ્યું હતું.

ધીમે ધીમે બાળાએ યૌવનના આંગણામાં પ્રવેશ કર્યો.

"ભર જોબનમાં તે થઇ, કુંવરી ચતુર સુજાણ;
જૈન માર્ગમાં દીપતી; બોલે મધુરી વાણ."

માતપિતાને ચિંતા થવા લાગી કે આવી રૂપ, ગુણ અને યૌવનસંપન્ન કન્યાને હવે પરણાવવી જોઇએ.

"એ બેટી મુજ વલ્લરી, કેને પરણાવું જોય?
ઘર વર સરખું જો મળે, તો જગમાં યશ હોય."

રાજાએ પોતાના મિત્રો અને પ્રધાનોની સલાહ પૂછી અને આદિત્ય નગરના વિદ્યાધર રાજા પ્રહ્લાદના પુત્ર પવનંજય સાથે કન્યાનું લગ્ન કર્યું.

લગ્ન તો થયાં, પવનંજય અંજનાના ગુણોની કદર કરી શક્યો નહિ. તેના પ્રેમને પારખી ન શક્યો અને લગ્ન કર્યાં પછી તરતજ તેનો અનાદર કરવા લાગ્યો. પરણ્યા છતાં પતિસુખથી વંચિત બનેલી અંજના ચિંતા અને દુઃખમાં દિવસ નિર્ગમન કરવા લાગી. કવિ કહે છે કેઃ–

"પ્રીતમ મન મેલ્યા પખે, આદર ન કરે ઉર;
દ્વેષ ગાઢ કરી દાખવે, સાસુ સસરા જોર.
આદર વિણુ દિન અંજના, કાઢે ઘણો કલેશ;
માતપિતા મન મૂંઝવે, વિણુ અપરાધ વિશેષ.
દિન પલટ્યો પલટ્યા સજ્જન, ભાંગી હૈયાની હામ;
જેના કરતી ઉભરા, તે નંવ લે મુજ નામ.
પ્રીતમ વિણુ વિલખી ફરે, જલ વિણુ નાગર વેલ;
વણઝારાની પોઠ જ્યું, ગયો ધુખંતી મેલ."

આ પ્રમાણે પતિપ્રેમથી રહિત બનીને અંજના વલખાં મારતી હતી. પોતાને અન્યાય કરનાર પતિ પ્રત્યે એને રોષ નહોતો. પતિને જતાં આવતાં એ મહેલની બારીએથીજ જોઇને સંતોષ માનતી.

એના માતપિતાને પણ એ વાતની ખબર પડી અને તેમણે પુત્રીને પિયેર તેડાવી; પણ કુલવધૂનો ધર્મ સુખેદુઃખે સાસરામાંજ પતિની છાયામાંજ જીવન વ્યતીત કરવાનો છે એમ ધારીને એણે પિયેર જવાનું પસંદ ન કર્યું અને કહેવરાવ્યું કે:—

"સ્વામી રે મન માન્યાં નહિ, હું તો પિયેર આવીને શું કરૂં વાત તો."

આ પ્રમાણે વિરહિણીનાં બાર વર્ષ વહી ગયાં. એ સમયમાં, રાવણને વરુણની સાથે યુદ્ધ જામ્યું અને રાવણનો દૂત રાજા પ્રહ્‌લાદની મદદ માગવા સારૂ આવ્યો. કુમાર પવનંજય પોતાની વીરતા દેખાડવાનો આ શુભ પ્રસંગ ધારીને યુદ્ધમાં જવા તૈયાર થયો.

માતપિતાને પગે લાગીને એ આયુધશાળામાં ગયો. ત્યાં આગળ એને નીરખવા પતિવ્રતા અંજના ઊભી હતી; પરંતુ કઠોર હૈયાના પવનંજયે એ સુંદરીના સામુંયે ન જોયું એટલુંજ નહિ:—

"દૂર ઠેલી તે અલગી પડી, મારગ મેલીને ચાલ્યો છે સાથ તો."

સતી અંજનાને આથી ઘણો ખેદ થયો. એને લાગ્યું કે, "આજે તો સ્વામીએ મને પાણીથી પણ પાતળી કરી નાખી. સાસુસસરાના દેખતાં મારૂં અપમાન કર્યું. લાંબા પ્રવાસે જાય છે, યુદ્ધમાં જાય છે, છતાં મારી સામે અમીની દૃષ્ટિથી જોયું સરખું પણ નહિ. હાય ! હવે મારે શું કરવું ? પ્રભુજ મારો એક માત્ર આધાર છે. હું સદાચારપૂર્વક મારૂં જીવન વ્યતીત કરીશ. સંયમનું વ્રત લઇશ અને ભગવાનના નામનો જપ કરીશ." અને એજ પ્રમાણે ઉચ્ચ માર્ગે તેણે પોતાના દુઃખી જીવનને વાળ્યું.

પવનંજય મંત્રી તથા સૈન્ય લઇ રાવણુની મદદે ગયો. રસ્તામાં એક સરોવરને તીરે મુકામ કર્યો હતો, ત્યાં એક ચક્રવાકીને પતિના વિયોગથી વિલાપ કરતી સાંભળી. એને પણુ પત્નીનું સ્મરણુ થઇ આવ્યું. પ્રસંગ જોઇને મંત્રીએ તેના મનમાંનો વહેમ દૂર કર્યો અને કુમારને અંજનાના સદાચારની ખાતરી કરાવીને કહ્યું:

"મહા સતી માંહે રે મૂલગી, અહોનિશ સેવતી જિન તણો ધર્મ તો.
પુરુષ પરાયો વાંછે નહિ, વચન વરાંસે કાંઇ કરો રીસ તો.
શિયળ સરોવરે ઝીલતી એણે મોક્ષગામી જાણી નામ્યું શીશ તો."

મંત્રીનાં વચનથી કુમારનું ચિત્ત પીગળ્યું. હૃદયમાં પશ્ચાત્તાપ ઉદ્ભવ્યો અને પત્નીપ્રેમનો પણુ સંચાર થયો. હવે આગળ વધવું તેને માટે દોહ્યલું થઇ પડ્યું. પોતાના ખાતરજ જીવન સર્વસ્વ ગાળનાર સ્નેહાળ પત્નીનાં દર્શન ગમે તે પ્રકારે પણુ કરી આવવાં એવો એણે સંકલ્પ કર્યો. લાવલશ્કર સહિત પાછો જાય તો લોકો મશ્કરી કરે માટે ગુપ્ત વેશેજ એ મહેલમાં ગયો અને અંતઃપુરનાં કમાડ ખખડાવ્યાં. અંજનાની સખી વસંતમાળાએ જવાબ આપ્યો કે, "કુમાર તો યુદ્ધક્ષેત્રમાં ગયા છે અને આવી રાતે મહેલમાં આવી બારણાં ઠોકનાર લંપટ પુરુષ કોણુ છે? સવારે રાજાજીને કહીને ખબર લેવરાવીશ." કુમારે પોતાનો પરિચય આપ્યો, એટલે વસંતમાલાએ તેને અંદર બોલાવ્યો. અંજનાદેવી એ સમયે પૂજામાં બેઠી હતી. ધર્મકાર્યથી પરવારીને એ પતિને પગે લાગી. પવનંજયે તેની ક્ષમા માગીને જણાવ્યું કે, "તું ખરેખર અમૂલ્ય સતી છે. મેં તને કડવાં અને અણુઘટતાં વેણુ કહીને દૂભવી છે. તારો મેં ઘણો અનાદર કર્યો છે. મને હવે ઘણોજ પશ્ચાત્તાપ થાય છે. દેવિ! મને ક્ષમા કરો!" પતિ હાથ જોડીને નીચે નમવા જતો હતો, તેને રોકીને અંજનાએ કહ્યું:—

"એવાં હલકાં કાં બોલો ઉચ્ચારતો,
જેવીરે પગ તણી મોજડી તેહવી હોવે રે પુરુષ તણી નાર તો."

હાથ જોડીને એ આગળ ઊભી અને મીઠાં પ્રેમવચનોથી પતિનો સત્કાર કર્યો. ભાતભાતનાં ભોજન પોતાને હાથે ખવરાવીને તથા સુંદર ગીત ગાઇને પતિને ઘણોજ રીઝવ્યો. કુમારે પણુ કામવિહ્વળ પત્નીને સંતોષી અને પ્રેમપૂર્વક યુદ્ધમાં જવાની રજા માગી. એ વખતે અંજનાએ કહ્યું: "આપ અહીં પધારી ગયા છો ને જો

મને ગર્ભ રહી જશે તો હું શો ઉત્તર આપીશ." કુમારે તેને પોતાની વીંટી કાઢી આપીને કહ્યું: "તું જરા પણ બીક રાખીશ નહિ. હું શત્રુઓને જીતીને હમણાં પાછો આવું છું. ત્યાંસુધી મારા સ્મારક તરીકે આ વીંટી સાચવજે." વિદાય થતી વખતે અંજનાએ વીરાંગનાને છાજે એવા શબ્દોમાં પતિને પ્રોત્સાહન આપ્યું કે, "વહાલા! રણભૂમિમાં તમારા શૌર્ય અને પરાક્રમથી બધાને ચકિત કરી દેજો. વહાલા! અનેક વર્ષોના વિરહ પછી આપ મને પ્રેમરસનું પાન કરાવી ગયા છો, એજ સંયોગની રાતે તરતજ વિયોગનો વસમો પ્રસંગ આવે છે, તેથી મારૂં હૃદય ચિરાઇ જાય છે, પણ કર્તવ્યપથમાં જતાં તમને રોકવામાં હું અધર્મ ગણું છું. તમે સંસારને તમારી વીરતાનો પરિચય આપી, યશસ્વી બની, ઝળહળતી કીર્તિ સહિત પાછા ફરશો એટલે મારા બધા દુઃખનો બદલો વળી રહેશે. વહાલા સુખે સિધાવો અને વિજય પ્રાપ્ત કરો."

પતિને વિદાય કરી અંજનાએ ધર્મકાર્યમાં ચિત્તને પરોવ્યું.

"શુદ્ધ સામાયિક ઉચરે, કરે ધ્યાન ધર્મનું ઘડી દોઇ ચાર તો;
પાંચપર્વી તપ ઉચરે, બારે વ્રત પઢ્યાં તિણે નિરધાર તો.
સાંજે બેસીને સઝાય કરે ભાવના વાર ચિંતવે મનમાંય તો;
પાછલી રાતે તો પઢે ગુણે, એણી પેરે અંજનાના દિન જાય તો."

અંજનાસુંદરીને એક રાતના સમાગમમાંજ ગર્ભ રહી ગયો. ગર્ભનાં ચિહ્ન ધીમે ધીમે પ્રગટ થવા લાગ્યાં, એ જોઇને સાસુને શંકા થઇ કે પુત્ર તો યુદ્ધ કરવા ગયો છે અને વહુને ગર્ભ કેવી રીતે રહ્યો? તેને અંજનાના ચારિત્ર્ય વિષે સંદેહ ઉત્પન્ન થયો. અંજનાએ વિનયપૂર્વક ખરૂં કારણ જણાવી દીધું, પણ સાસુને વિશ્વાસ ન આવ્યો. તેણે તો પુત્રવધૂનો તિરસ્કાર કરીને કહ્યું:—

"જૂઠ મા બોલ તું પાપિણી, મોહટે કુળે કુનાર;
એહ અનર્થજ તેં કર્યો, તેણે તુજને ધિક્કાર.
આ કાર્ય ખોટું તેં કર્યું, લોપી કુલની લાજ;
તું કુલ ખંપણ ઉપની, પ્રત્યક્ષ દીઠી આજ.
તારૂં મુખ દીઠાં થકાં, લાગે અમને પાપ;
ઉલટાં કર્મ સમાચર્યાં, ઉપજાવ્યો સંતાપ."

સાસુનાં વચન સાંભળીને અંજનાને મૂર્ચ્છા આવી ગઇ. જેણે પરપુરુષનો સ્વપ્ને પણ વિચાર ન કર્યો હોય, એવી સ્ત્રીને માટે

આથી વધારે કલંક બીજું કયું હોય? સાસુએ જઇને પતિને એ વાત જણાવી. તેણે એક રથમાં બેસાડીને અંજનાને પિયેર ભણી વિદાય કરી અને એક પત્રદ્વારા એને કાઢી મૂકવાનું કારણ પણ વેવાઇને જણાવ્યું.

દુરાચારનો આરોપ મુકાયલી પુત્રીને ભારતવર્ષમાં કયો પિતા સંઘરે? મહેંદ્રરાજે પુત્રીનો તિરસ્કાર કરીને ઘર બહારજ કાઢી મૂકી. માતા હૃદયસુંદરીને કાંઇ દયા આવી એટલે એણે પુત્રીને બોલાવી, દિલાસો આપીને ખરી હકીકત પૂછી. એને પુત્રીની નિર્દોષતાની ખાતરી થઇ, પણ લોકલાજ તથા પતિના ક્રોધનો વિચાર કરીને તેણે પણ પુત્રીને અરણ્યમાંજ મોકલી આપી અને તેની સંભાળ સારૂ દાસી વસંતતિલકાને સાથે મોકલવાની વ્યવસ્થા કરી.

અંજનાના એ સમયના દુઃખનો પાર રહ્યો નહિ. માતપિતાએ ઘરમાં ઊભી રાખી નહિ. સગાંવહાલાં, પડોશી સૌ એની નિંદા કરવા લાગ્યાં. ભૂખે ને તરસે એનો કંઠ સુકાઈ જવા લાગ્યો. એને ટળવળતી જોઇને ગામના એક બ્રાહ્મણને દયા આવી અને તે પીવાનું પાણી લઇ આવ્યો, પણ ટેકીલી અંજનાએ કહ્યું:

"પાણી હો બાંધવ શું કરૂં, નગરમાંહે હું તો નહિ પીઉં નીર તો;
પોળ બાહેર પાણી વાવરૂં, પોળ માંહે મારા બાપની આણ તો."

વસંતતિલકાને અંજનાનાં માતપિતા તથા ભાઇભાંડુની આ વર્તણુંક ઘણીજ અસહ્ય અને અપમાનજનક લાગી. તેણે તેમનો ઘણો તિરસ્કાર કર્યો, પણ અંજનાના હૃદયમાં કોઇના દોષ વસ્યા નહિ. બધાંનો બચાવ કરીને તેણે સખીને કહ્યું:

"બાપ માહરો નિર્મળો, એણે કોઇને નથી દીધું આળ તો;
માતા છે મહારી મહાસતી, પતિવ્રતા ધર્મતણી પ્રતિપાલ જો.
બંધવ ભક્ત છે બાપના, એમને કોઇને નવ દીજીએ દોષ તો.
પૂર્વે પુણ્ય કીધાં નહિ, એ સહુ આપણાં કર્મનો દોષ તો."

આ પ્રમાણે કર્મને દોષ દઇને તેણે સંતોષપૂર્વક અરણ્યવાસ સ્વીકાર્યો. ત્યાં આગળ એને એક સાધુના દર્શન થયાં. તેણે એને પૂર્વજન્મનો વૃત્તાંત જણાવ્યો અને કયા દોષના પ્રાયશ્ચિત્તરૂપે આ કલંક લાગ્યું તે જણાવ્યું. અંજનાની ધર્મવૃત્તિ એથી વધારે સતેજ થઇ અને એ વિશેષ ઉત્સાહથી ધર્માનુષ્ઠાનમાં પ્રવૃત્ત થઇ.

એ અરણ્યની ગુફામાં અંજનાએ એક પુત્રને જન્મ આપ્યો.

એ પુત્ર બાલ્યાવસ્થાથીજ ઘણો તેજસ્વી અને બળવાન હતો. જન્મ પછી તરતજ તેને હનુરૂહ નગરમાં એક વિદ્યાધર લઇ ગયો હતો, માટે એનું નામ હનુમાન પાડવામાં આવ્યું. એ હનુમાન તે બળ, પરાક્રમ અને સ્વામીભક્તિ માટે હિંદુ માત્રના આરાધ્ય મહાવીર હનુમાન.

પવનંજય યુદ્ધમાં વિજય મેળવીને પાછો આવ્યો, ત્યારે એને ખબર પડી કે, પિતાએ અંજનાદેવીને મિથ્યા આળ ચડાવીને કાઢી મૂકી છે. એથી એને ઘણો શોક થયો અને અંજનાના નામનું રટણ કરતો એની શોધમાં વનેવન ભટક્યો. આખરે કહીં પત્તો ન લાગ્યો ત્યારે એવી સતી પત્નીના વિરહ કરતાં મૃત્યુ હજાર દરજ્જે સારૂં છે, એમ ગણીને આત્મઘાત કરવાનો સંકલ્પ કર્યો. એવામાંજ એનો પિતા ત્યાં પહોંચી ગયો અને આત્મઘાત એ મહાપાપ તથા કાયરતાનું લક્ષણ છે, એમ સમજાવીને એને ચિતામાં પડતાં રોક્યો.

એવામાં અંજનાસુંદરીનો આશ્રયદાતા પ્રતિસૂર્ય વિદ્યાધર પણ એ સતીને લઇને ત્યાં આવી પહોંચ્યો અને એણે કેવી પવિત્રતાથી ધર્માચરણપૂર્વક જીવન ગાળ્યું છે તે જણાવ્યું તથા હનુમાનના જન્મ અને બાળપરાક્રમનો વૃત્તાંત સંભળાવ્યો. પવનંજયના હર્ષનો પાર રહ્યો નહિ. અંજનાદેવીના દુઃખનો હવે અંત આવ્યો.

વિદ્યાધર પ્રતિસૂર્યના આગ્રહને માન આપીને પવનંજય પત્ની તથા કુમાર હનુમાનસહિત કેટલાક સમય સુધી ત્યાં રહીને પછી પોતાની રાજધાનીમાં ગયો.

હનુમાનને માતપિતા તરફથી સારૂં શિક્ષણ મળ્યું હતું. એમણે રામચંદ્રજીની કેવી ઉત્તમ સેવા કરી તે જાણીતું છે.

હનુમાન મોટો થતાં પવનંજયે તેને રાજ્ય સોંપીને દીક્ષા ગ્રહણ કરી. અંજનાસુંદરીએ પણ એક વિદ્વાન મુનિ પાસે દીક્ષા લીધી અને કર્મનો ક્ષય કરીને મોક્ષને પામી.×

× હનુમાન-જનની અંજનાનું આ ચરિત્ર જૈનગ્રંથો ઉપરથી લેવામાં આવ્યું છે. હિંદુઓ પણ હનુમાનની માતાનું નામ અંજના અને પિતાનું નામ પવન માને છે. જૈનદષ્ટિએ લખાયલું સતીનું આ ચરિત્ર અમને બોધક જણાયાથી એનેજ સ્થાન આપ્યું છે.—પ્રયોજક



૨–ધારિણી (પદ્માવતી)

આ સન્નારી ચંપાપુરીના રાજા દધિવાહનની સ્ત્રી અને ચેટક રાજાની પુત્રી હતી. તેનું બીજું નામ પદ્માવતી હતું. એ ચિત્રવિદ્યા, શિલ્પકાર્ય અને ધર્મશાસ્ત્રનું સારૂં જ્ઞાન ધરાવતી હતી. તેનામાં હિંમતનો ગુણ પણ અધિક હતો. તે દુઃખથી કાયર થાય એવી નહોતી. સ્થિતિને અનુકૂળ થઇને સદા પ્રસન્ન રહેતી. તે ઠરેલ, પાકી અને સાવધ હતી. સંકટ સમયે નહિ ગભરાતાં, બને તેટલો ઉપકાર કરે તેવી ને વ્યવહાર-માં કુશળ હતી. તેનામાં પુરુષના જેવું શૌર્ય હતું. તેના પિતા ચેટક રાજાએ તેને ઘણા સારા પ્રકારની કેળવણી આપી હતી. સતી ધારિણીનું ચારિત્ર્ય પણ ઘણું શુદ્ધ હતું.

સતી ધારિણી પોતાના પતિ દધિવાહન ઉપર પવિત્ર અને શુદ્ધ પ્રેમ રાખતી હતી અને પતિનો પણ તેના ઉપર એવોજ પ્રેમ હતો. દંપતી પરમ સુખમાં ગૃહસ્થાશ્રમ ચલાવતાં હતાં.

સતી ધારિણીને વસુમતી નામની એક પુત્રી થઇ હતી. કેળ-વાયલી માતાએ પુત્રીને પણ સારૂં શિક્ષણ આપીને ઉચ્ચ સંસ્કાર-વાળી બનાવી હતી.

પરંતુ સતી ધારિણીના સુખના દિવસ ઝાઝો વખત ટક્યા નહિ. તેના પતિ રાજા દધિવાહનને કૌશાંબી નગરના રાજા શતા-નિક સાથે વૈર બંધાયું. રાજા શતાનિક દધિવાહનના ઉપર ચડી આવ્યો. બન્ને રાજાઓ વચ્ચે ભયાનક યુદ્ધ થયું. આ યુદ્ધમાં રાજા દધિવાહન પરાજિત થઇને નાસી ગયો. રાજા શતાનિકે નગરને લૂંટ્યું અને તેના એક સુભટે રાજાના મહેલમાં જઇને રાણી ધારિણી તથા રાજકન્યા વસુમતીને પકડ્યાં. સતી ધારિણીનું અનુ-પમ સૌંદર્ય જોઇને તે સુભટ મોહિત થઇ ગયો અને તેમને શરણ આપવાનું બહાનું બતાવીને એક જંગલમાં લઇ ગયો. ત્યાં જઇને તેણે સતી ધારિણીને કહ્યું: "સુંદરિ! આ વખતે તારૂં આ સ્થળે

કોઇ પણ નથી. જો તું કોઈ પણ જાતની આનાકાની કરીશ તો ઘણી દુઃખી થઈશ. માટે તું મારી સ્ત્રી થા.” સુભટનાં આવાં વચન સાંભળીને ધારિણી કંપી ઊઠી; તથાપિ તેનામાં હિંમતનો ભારે ગુણ હોવાથી તે ગુસ્સો કરીને સુભટ પ્રત્યે બોલીઃ “ દુષ્ટ દુરાચારિ ! આવાં કુવચન બોલનારી તારી જીભને છેદી નાખ. હું કોણ છું, તે તું જાણતો નથી ? હું શુદ્ધ ક્ષત્રિયાણી છું. મારાં ઉભય કુળ શુદ્ધ અને નિષ્કલંક છે. હું હમેશાં પ્રભુની ભક્તિ કરનારી છું. હે દુષ્ટ ! તું અજ્ઞાની જણાય છે. તને હિંદુ સ્ત્રીઓના પાતિવ્રત્યધર્મના મહિમાનું જ્ઞાન નથી, નહિ તો તું આવાં દુર્વચન બોલત નહિ.” આ ઉપરાંત બીજી પણ અનેક રીતે ધર્મની વાતો કહીને સતી ધારિણીએ સુભટને ઉપદેશ આપ્યો; પણ એ તો એટલો બધો કામાંધ થઇ ગયો હતો કે સતીના સદુપદેશે તે પાષાણ હૃદયના સુભટ ઉપર જરા પણ અસર કરી નહિ. એ દુરાચારી સુભટ સતી ધારિણી ઉપર બળાત્કાર કરવા ગયો, એટલે ધારિણીએ પોતાનું શિયળ સાચવવા સારૂ પોતાની જીભને કરડીને પ્રાણનો ત્યાગ કર્યો. સતીત્વની ખાતર પ્રિય પ્રાણનો ત્યાગ કરનાર પતિવ્રતા સન્નારી ધારિણીને ધન્ય છે !



૩–ચંદનબાળા (વસુમતી)

આગલા ચરિત્રમાં જે ધારિણીદેવીનો પરિચય અમે આપી ગયા છીએ, તેજ સતીના ગર્ભમાં તેનો જન્મ થયો હતો. એનું બાલ્યાવસ્થાનું નામ વસુમતી હતું.

શતાનિક રાજાની સાથેના યુદ્ધમાં વસુમતીનો પિતા નાસી ગયો. તેનું કુટુંબ શત્રુના એક સુભટના હાથમાં આવ્યું અને ધારિણીએ પોતાનું શિયળ સાચવવા ખાતર પ્રાણ તજ્યો એ આપણે આગલા ચરિત્રમાં જોઇ ગયા છીએ.

માતાના મૃત્યુથી વસુમતીને ઘણોજ શોક થયો અને તે હૃદય-વિદારક વિલાપ કરવા લાગી. એના વિલાપથી પેલા સુભટને પણ દયા આવી. તેના મનમાંથી કામવિકાર જતો રહ્યો અને તેણે વસુમતીને પોતાની બ્હેન સમાન ગણીને ઘેર રાખવાનું વચન આપ્યું.

સુભટ તો તેને શુદ્ધ દાનતથી પોતાને ઘેર લઇ ગયો હતો, પણ એની પત્નીને શંકા થઇ કે આ સ્વરૂપવતી સ્ત્રીને મારો પતિ ઉપપત્ની તરીકેજ લાવ્યો છે. પોતાના ઉપર શોકયનું સાલ આવ્યું એ એનાથી સહન થઇ શકયું નહિ. એણે પતિને ઘણો ધમકાવ્યો અને નહિ માને તો રાજાને ખબર આપવાની બીક બતાવી. પોતાના ઉપર લંપટપણાનો નાહકમાં આરોપ આવશે, એ શંકાથી સુભટ વસુમતીને બજારમાં દાસી તરીકે વેચવા ગયો.

વસુમતી પરમ સ્વરૂપવતી હતી. એવી સૌંદર્યવતી યુવતીને ખરીદવા માટે ઘણા લોકો એકઠા થયા. એમાં અનેક વેશ્યાંઓ પણ હતી. તેઓ વસુમતીને માટે ગમે તેટલું મૂલ્ય આપવા તૈયાર હતી. આખરે એક વેશ્યાએ સુભટને મોંમાગ્યું મૂલ્ય આપીને વસુમતીને ખરીદી લીધી. વેશ્યાએ તેને પોતાની સાથે જવા કહ્યું ત્યારે રાજકન્યા વસુમતીએ પૂછ્યું: “બ્હેન! તમે કોણ છો? તમારૂં કુળ કેવું છે? ન્યાતે કોણ છો?” વેશ્યા વચમાંજ બોલી ઊઠી: “તારે મારા કુળને જાણીને શું કરવું છે? મેં તને ખરીદી લીધી

છે. હવે હું તારી માલિક છું. અમારા કુળમાં ઉત્તમોત્તમ પટકુળ પહેરવાનાં મળશે, પાન ખાવાને મળશે, ભાત ભાતનાં સ્વાદિષ્ટ ભોજન આરોગવાને મળશે. અમારા જેવાં ભોજન તો રાજાના મહેલમાં પણ મળતાં નથી." વસુમતીને હવે ખાતરી થઈ કે, આ તો પોતાના અને બીજી નારીઓના રૂપનોજ વેપાર કરનારી વેશ્યા છે. ગમે તે થાય તો પણ વેશ્યાની સાથે નહિ જવાનો એણે નિશ્ચય કર્યો. વેશ્યાએ તેના ઉપર જોરજુલમ કરવા માંડ્યો, ત્યારે વસુમતીએ એકાગ્રચિત્તે પ્રભુની પ્રાર્થના કરી અને તેની સહાયતા માગી. સત્ય હોય, શુદ્ધ એકાગ્રચિત્તે પ્રાર્થના થઇ હોય તો પ્રભુ જરૂર વહારે ધાય છે; જોતજોતામાં એક બાણ આવ્યું અને તેનાથી વેશ્યાનું નાક ઊડી ગયું. એની એ સ્થિતિ જોઇને બીજી વેશ્યાઓ પણ ડરી અને એ વેશ્યાને લઇ ત્યાંથી ચાલી ગઇ. સુભટ તેને બીજા બજારમાં લઇ ગયો. ત્યાં ધનાવહ શેઠે તેને દાસી તરીકે ખરીદવાની ઇચ્છા જણાવી. ધનાવહ શેઠને ત્યાં જે કામ કરવાનાં હતાં તે શુદ્ધ અને જૈનધર્મને અનુસરતાં હોવાથી વસુમતીએ તેને ઘેર જવાનું પસંદ કર્યું.

વસુમતી શેઠની સાથે ઘેર ગઈ. શેઠે તેને પોતાની પત્નીને સોંપીને કહ્યું કે, "આનું કાળજીપૂર્વક પાલન કરજે." શેઠની પત્ની મૂળા વહેમી સ્વભાવની હતી. એને શંકા થઇ કે હું વૃદ્ધ થવા આવી છું અને આ સુંદરી પરમ યુવતી છે. જતે દહાડે શેઠની દાનત બગડશે અને એ એની સાથે વરશે તો મારી બહુ દુર્દશા થશે.

એક દિવસ મૂળા બહાર ગઇ હતી. ચંદનબાળા શેઠને પિતારૂપ ગણીને તેમના પગ ધોઇ રહી હતી. ધોતાં ધોતાં એની વેણી ભોંય પર પડી, તે શેઠે પોતાના હાથમાં લીધી. એવામાં મૂળા શેઠાણી ત્યાં આવી પહોચ્યાં. એની શંકા દૃઢ થઇ. આ વસુમતીરૂપ સાલને ઊગતાંજ છેદવું એવો એણે નિશ્ચય કર્યો.

બીજે દિવસે શેઠની ગેરહાજરીમાં મૂળાએ હજામને બોલાવી વસુમતીનું મસ્તક બોડાવી નાખ્યું અને પગમાં બેડી નાખીને તેને ભોંયરામાં પૂરી દીધી. શેઠે બહારથી આવીને પૂછ્યું કે, "ચંદનબાળા ક્યાં ગઇ ?" તો જણાવ્યું કે, "એ રમતિયાળ છોકરી છે. ગમે ત્યાં ચાલી ગઈ છે. હશે, ચાલો, એ ગઇ તો બલા ગઈ; નહિ તો એવી સ્વરૂપવતી છોકરીને આપણે ઘેર રાખ્યાથી કોઇ દિવસ કલંક લાગત."

શેઠને ચંદનબાળા ઉપર ઘણી પ્રીતિ હતી એટલે એણે કહ્યું કે, "ચંદનબાળા નહિ મળે ત્યાંસુધી હું ભોજન નહિ કરૂં."

પેલી તરફ ભોંયરામાં પડી પડી વસુમતી પોતાના ભાગ્યનેજ દોષ દેતી હતીઃ "મારાં પૂર્વજન્મનાં કર્મ ખરાબ હશે, નહિ તો આમ એક પછી એક દુઃખ કેમ પડે! ખેર! પ્રભુ જે કરે છે તે સારા માટે કરે છે. મને આવું એકાંત સ્થાન મળ્યું છે તો હું નિર્વિઘ્ને ધર્મસાધના કરીશ. મારા દૂષિત આત્માને પ્રભુના ચરણમાં સમર્પી શુદ્ધ બનીશ. એમ કરતાં કરતાં આ દેહનો અંત પણ આવશે તો આવતે જન્મે મારો ઉદ્ધાર થશે."

આ પ્રમાણે વિચારીને તેણે 'પંચપરમેષ્ઠી નમસ્કાર' રૂપ નવકાર મંત્રનો જપ કરવાનો આરંભ કર્યો. એ ભોંયરામાં એને ત્રણ ઉપવાસ થયા. મહામંત્રના જપ તથા ઉપવાસથી એના પૂર્વજન્મનાં પાપકર્મનો ક્ષય થયો.

હવે પુણ્યનો ઉદય થતાંવાર બધા અનુકૂળ સંયોગો ઉપસ્થિત થયા. શ્રીમહાવીર પ્રભુ ગુપ્તવેશે વિચરતા, વદિ પડવાને દિવસે કૌશામ્બી નગરીની બહાર પધાર્યા. ત્યાં એમણે એવો અભિગ્રહ કર્યો કે, "જે કોઇ સ્ત્રી ઉંબરા ઉપર બેઠી હોય, એક પગ ઘરની અંદર અને એક બહાર હોય, રાજપુત્રી હોવા છતાં પણ દાસીપણું પામી હોય, પગમાં બેડી હોય, મસ્તક મુંડાવેલું હોય અને રુદન કરતી હોય, એવી સ્ત્રી મને આઠમને દિવસે સૂપડાના ખૂણામાંથી અડદના બાકળા વહોરાવે તોજ મારે પારણું કરવું."

પેલી તરફ ચંદનબાળાને નહિ દીઠાથી શેઠે ત્રણ દિવસ ઉપવાસ કર્યા, એટલે એક દાસીએ દયા આણીને તેને બધો વૃત્તાંત જણાવી દીધો. શેઠે ભોંયરૂં ઉઘડાવ્યું તો દેવી ચંદનબાળા એકાગ્રચિત્તે પ્રભુનું ધ્યાન ધરી રહી હતી. એનાં નેત્રમાંથી પ્રેમાશ્રુની ધારા વહી રહી હતી.

શેઠ તેને બહાર લાવ્યા અને શેઠાણી બારણે તાળાં વાસીને ગયેલાં હોવાથી તેને ઉંબરા ઉપર બેસાડી. દાસીને કાંઇ ભોજન આણવા આજ્ઞા કરી. દાસીની પાસે બીજો કાંઇ ખોરાક નહિ હોવાથી એ રાંધેલા અડદના બાકળા લઇ આવી. શેઠે સૂપડામાં નાખીને તેજ રાજકન્યાની આગળ ધર્યા.

પવિત્ર ચંદનબાળાએ વિચાર્યું કે, "આજ પર્વદિન છે. આટલા

ઉપવાસ પછી મારે પારણું કરવાનો પ્રસંગ આવ્યો છે તો કોઇ શુદ્ધ ચિત્તના અતિથિને આ ભોજન આરોગાવીને પછી હું પારણું કરૂં તો ઠીક." એના મનમાં એ સંકલ્પનો ઉદય થયો એવામાંજ શ્રીવીર પ્રભુ ત્યાં પહોંચ્યા. એમનાં દર્શનથી ચંદનબાળાનો હર્ષ માયો નહિ. તેણે તેમનો ઘણો આદરસત્કાર કર્યો અને ભોજન વહોરવાને પ્રાર્થના કરી; પણ પોતે ધારી રાખેલા અભિગ્રહમાં એક રુદન બાકી રહેલું હોવાથી વીરપ્રભુ પાછા ફર્યા એટલે ભક્ત-હૃદયા ચંદનબાળાનાં નેત્રમાં આંસુ આવી ગયાં કે, "હાય, આવા યોગ્ય અતિથિ મારી પ્રાર્થનાનો અસ્વીકાર કરીને પાછા જાય છે!" વીરપ્રભુએ જોયું કે, પોતે ધારી રાખેલા બધા યોગ આ યુવતીમાં મળી ગયા છે, એટલે પ્રસન્ન થઇને તેમણે તેની પ્રાર્થના સ્વીકારીને પારણું કર્યું. તેમણે ચંદનબાળાની દૃઢતા અને ધર્મશ્રદ્ધાની ઘણી પ્રશંસા કરી. એમના આશીર્વાદથી એના પગની બેડી સોનાની થઇ ગઇ અને શિરમાં નવા કેશ આવી ગયા.

મહાવીર સ્વામીને પ્રથમ પારણું કરાવનાર આ સતીના જીવનને બધાં ધન્ય ગણવા લાગ્યાં. ચંદનબાળા પણ આ પ્રસંગથી પોતાના જીવનને સફળ થયેલું સમજવા લાગી. એ ઘણી ઉદાર હૃદયની સ્ત્રી હતી. પોતાને દુઃખ દેનારી શેઠાણી મૂળાને તેણે શાપ ન દીધો, પણ પોતાને આવી સેવા કરવાનો શુભ પ્રસંગ મળ્યો તેનું મૂળ કારણ મૂળાને ગણીને તેનો ઘણો ઉપકાર માન્યો.

ધનાવહ શેઠ તથા મૂળાદેવીની પ્રેમમયી છાયામાં કેટલોક સમય વ્યતીત કરીને ચંદનબાળાએ શ્રીમહાવીરસ્વામી પાસે ચારિત્ર્ય લીધું. એનું ઉદાહરણ જોઇને શતાનિક રાજાની રાણી મૃગાવતીએ પણ દીક્ષા લીધી.

ચંદનબાળાને પાછળથી કૈવલ્યજ્ઞાન પ્રાપ્ત થયું હતું અને એ મુક્તિને પામી હતી.

એ પવિત્ર સતીના પુણ્યનામનું આજ પણ જૈન લોકો શ્રદ્ધાપૂર્વક દરરોજ ધાર્મિક પ્રસંગે સ્મરણ કરે છે.



૪–મદનરેખા

એ સુદર્શનપુરના રાજા મણિરથના નાનાભાઈ યુગબાહુની પત્ની હતી. રૂપમાં એ અતિ આકર્ષક અને ઘણી સુશીલ હતી. તેનો પતિ ધાર્મિક વૃત્તિનો હતો. દંપતિનો સંસાર સુખમાં વ્યતીત થતો હતો. રૂપ પણ ઘણી વખત સ્ત્રીઓને માટે દુઃખનુંજ કારણ થઇ પડયું છે, પણ સતી સ્ત્રીઓને પોતાના શીલરૂપી સદ્‌ગુણનો પરિચય આપવાનો પ્રસંગ પણ એવી આપત્તિઓમાં-જ ઘણી વખત આવે છે.

મદનરેખાના સૌંદર્યથી મુગ્ધ થઇને એના જેઠ મણિરથની દાનત બગડી. એ દુષ્ટના મનમાં નાનાભાઇની વહુ માટે અધમ વિકાર ઉત્પન્ન થયો અને તેણે મદનરેખાને લલચાવવા સારૂ દાસીની સાથે કિંમતી વસ્ત્રાલંકાર વગેરે ભેટ મોકલી. મદનરેખાએ રાજાનો પ્રસાદ ગણીને નિર્દોષપણે તેનો સ્વીકાર કર્યો. ત્યાર પછી રાજાની દૂતી બીજી વાર તેની પાસે ગઈ અને રાજાની તેના પ્રત્યેની આસક્તિ કહી સંભળાવી. સતી મદનરેખાને એ વચન બાણ જેવાં લાગ્યાં. એના ક્રોધ અને શોકનો પાર રહ્યો નહિ. એણે દાસીને કહ્યું: “ મહારાજા સાહેબને મારા જેઠ થઈ આવો અધમ સંદેશો મોકલતાં શરમ નથી આવતી ? વેશ્યાઓના બંધુઓ પણ તેની પાસે જવાની ઇચ્છા રાખતા નથી. સગપણુની એટલી શરમ તો એમને પણ હોય છે. જે સ્ત્રીમાં શિયળ સાચવવાનો ગુણ નથી તે સ્ત્રી નરકગામી થાય છે. તારા રાજાને અંતઃપુરમાં સુંદર સ્ત્રીઓ હોવા છતાં, પરસ્ત્રીને ભોગવવાની ઇચ્છા કેમ થઈ ? મારા સ્વામીનાથ હજુ હયાત છે. એમના છતાં જે કોઇ મારા ઉપર કુદૃષ્ટિ કરશે તે જરૂર મરણ પામશે. કોઇ મારા ઉપર બળાત્કાર કરશે તો હું પ્રાણ ત્યજીશ, પણ આ દેહને તો પરપુરુષનો સ્પર્શ નહિ થવા દઉં. ઉત્તમ પુરુષો તો આ લોક કે પરલોકમાં વિરુદ્ધ આચરણ

કરતાજ નથી; કેમકે જીવહત્યા, અસત્ય વચન, પરદ્રવ્યહરણ અને પરસ્ત્રીગમન એ ચારે વાનાં નરકમાં લઈ જનારાં છે. વળી રાજાએ તો કદી પણ પારકી સ્ત્રીની ઇચ્છા ન કરવી જોઇએ, કેમકે એના દાખલાનું બધા પ્રજાજના અનુકરણ કરે છે.”

દાસીએ જઇને રાજાને બધી હકીકત કહી સંભળાવી. કામવશ રાજાની મતિ બગડતીજ ગઈ. એણે વિચાર્યું કે ભાઇ જીવે છે ત્યાંસુધી મદનરેખા વશ થવાની નથી, માટે એનુંજ કાસળ કાઢવું જોઇએ. કામાંધ રાજા સગાભાઇના વધ કરવા તૈયાર થયો!

એક દિવસ મદનરેખાએ સ્વપ્નમાં પૂર્ણ ચંદ્રને જોયો. એ સ્વપ્નની વાત એણે પોતાના પતિને કહી. પતિએ તેનું ફળ દર્શાવ્યું કે તને ચંદ્રમા જેવો સૌમ્ય ગુણવાળો પુત્ર પ્રાપ્ત થશે.

સગર્ભાવસ્થામાં મદનરેખા જિનેંદ્રની પૂજા, ગુરુઓની વંદના તથા ધર્મકથાનું શ્રવણ કરતી હતી. સગર્ભાવસ્થાના માતાના વિચારોની અસર ગર્ભમાંના બાળક ઉપર બહુ થાય છે. અસ્તુ!

એ અવસ્થામાં મદનરેખા પતિની સાથે એક દિવસ બગીચામાં વિનોદ કરી રહી હતી, ત્યાં આગળ દુષ્ટમતિ મણિરથ રાજા ગયો. ભાઈ યુગબાહુ તેને મળવા સામો ગયો, એટલે મણિરથે તેને વાતચીતમાં નાખીને અચાનક તેના ઉપર ખડ્ગનો ઘા કર્યો અને પછી જાણે ભૂલમાંજ એ બનાવ બની ગયો હોય એમ ઢોંગ કરીને રોવા લાગ્યો. મદનરેખાએ પતિની આ દશા જોઇને કલ્પાંત કરવા માંડ્યું. તેને જોઇને તેના નોકરો રાજાને મારવા તૈયાર થયા, પણ ઉદાર હૃદયના યુગબાહુએ તેમને વાર્યા.

યુગબાહુના પુત્ર ચંદ્રયશાને ખબર પડતાંવાર એણે આવીને પિતાના ઘાને મલમપટા માર્યા. મદનરેખાએ પણ પતિની ઘણીજ સેવા કરી, એટલુંજ નહિ પણ જ્ઞાનમૃત વડે તેનું દુઃખ ઓછું કર્યું. તેણે પતિને દિલાસો આપ્યો કે, “આપે જરા પણ શોક ન કરવો. જીવ કરેલાં કર્મથી છૂટતો નથી. મનુષ્ય આ જીવનમાં જે સુખ ભોગવે છે તે આગલા જન્મોના કર્મનુંજ પરિણામ છે; માટે આપે મન, વચન, કર્મથી જાણે અજાણે જે કાંઇ પાપ કર્યાં હોય તેની ક્ષમા માગો. કોઇની પ્રત્યે રાગ દ્વેષ રાખો નહિ! કોઇએ આપને દુઃખ દીધું હોય, દૂભવ્યા હોય તેને ઉદાર ચિત્તથી ક્ષમા આપો. દુનિયામાં બધા પદાર્થ અને બધાં સુખ ચળ છે, ધર્મ-

જ અચળ છે; માટે ધર્મનું શરણુ લઈ આપે ધૈર્ય ધારણુ કરવું." આવી રીતે ધર્મનો અનેક બોધ આપીને પતિને અંતકાળમાં શાંતિ પહોંચાડી. ઘાથી થયેલી ઇજામાંથી યુગબાહુ સાજો ન થયો, પણ પત્નીનાં મીઠાં વચનોથી એના આત્માને ઘણી શાંતિ વળી અને પ્રભુનું ધ્યાન કરતો કરતો મૃત્યુ પામ્યો.

પતિવિયોગથી મદનરેખાને ઘણોજ ખેદ થયો. તેણે ઘણોજ વિલાપ કર્યો, પણ હવે વખત ખોવા જેવું નહોતું. કામાંધ જેઠનો વિશ્વાસ એ કરી શકે એમ નહોતું, માટે એ ત્યાંથી નીકળી પડી અને અજાણ્યા જંગલમાં પોતાના શીલના રક્ષણુ સારૂ રહી. ત્યાં તેને એક પુત્ર થયો. એ પુત્રને પતિના નામની વીંટી પહેરાવી એક ઝાડની છાયામાં સુવાડીને પોતે નદીમાં સ્નાન કરવા ગઇ. ત્યાં આગળ એક વિદ્યાધર એના રૂપ ઉપર મોહી પડ્યો. તેણે મદનરેખાને ઘણી લાલચ બતાવીને પોતાની પત્ની બનવા કહ્યું. મદનરેખાએ તેની સાથે યુક્તિથી કામ લીધું. પ્રથમ પોતાને નંદીશ્વર બેટમાં લઇ જવા કહ્યું અને જણાવ્યું કે, "ત્યાં જઇને દેવતાઓને નમસ્કાર કર્યા પછી હું તારા કહેવા પ્રમાણે કરીશ." વિદ્યાધર પોતાના વિમાનમાં બેસાડીને એને ત્યાં લઇ ગયો. મદનરેખાએ ત્યાં આગળ ભક્તિભાવથી દેવતાઓનું પૂજન કર્યું. વિદ્યાધરનો પિતા મણિચૂડ મુનિ ત્યાં હતો. એને પોતાની દિવ્ય શક્તિથી પુત્રના પાપી વિચારની ખબર પડી ગઇ. તેણે પરસ્ત્રીગમનનો વિચાર સરખો કરવો એ કેવું પાપ છે, એ માર્મિક શબ્દમાં બોધ આપીને સમજાવ્યું. મણિપ્રભ વિદ્યાધરના ઉપર તેની સચોટ અસર થઇ.તેણે મદનરેખાની ક્ષમા માગી કે, "બહેન! હું તારી શી સેવા કરૂં, તે બતાવ." મદનરેખાએ કહ્યું: "તમે મને તીર્થનાં દર્શન કરાવીને સગાભાઇની ગરજ સારી છે, માટે હું આપનો ઉપકાર માનું છું."

આ તીર્થસ્થાનમાં મુનિ પાસેથી મદનરેખાએ પોતાના પુત્રનો પણ પત્તો મેળવી લીધો. મદનરેખાના મનમાં જન્મમરણુ, જરા, રોગ અને શોકથી વર્જિત, નિરુપાધિ અને અચળ મોક્ષનું સુખ પ્રાપ્ત કરવાની ઇચ્છા ઉત્પન્ન થઈ હતી; પરંતુ પુત્ર પ્રત્યેના સ્નેહને લીધે એક વાર તેને મળવાની ઉત્કંઠા હતી, એટલા સારૂ એ મિથિલા નગરીમાં ગઇ. ત્યાં આગળ એક વિદુષી સાધ્વી વસતાં હતાં. મદનરેખાએ તેમનાં દર્શન કર્યાં. તેમણે એને ધર્મોપદેશ કર્યો. એ બોધની એવી અસર થઇ કે પુત્ર માટેની આસક્તિ પણ

જતી રહી અને તેણે કહ્યું કે, "પુત્ર ઉપરનો સ્નેહ પણ વારંઘડીએ જન્મવા અને મરવાનું કારણ થઇ પડે છે, એમ આપે જણાવ્યું છે; અને સંસાર અસાર છે એ મેં પહેલેથી જાણ્યું છે. આ ભવ-ચક્રમાં ફરતાં ફરતાં પ્રાણીઓને પતિ, પુત્ર આદિ સંબંધો અનેક વાર થયા છે, થાય છે અને થશે. આ પુત્રને મેં અનેક વાર જન્મ આપ્યો છે અને તેણે પણ મને અનંતવાર જન્મ આપ્યો હશે. વળી હું કોણ, ક્યાંથી આવ્યો, મારી માતા કોણ, મારા પિતા કોણ એમ વિચાર કરતાં આ સંસાર સ્વપ્નસમાન જણાય છે. સ્ત્રી પરભવની બેડી છે, સગાંસંબંધીઓ બંધન છે, વિષયો વિષસમાન છે; છતાં અજ્ઞાની મનુષ્ય સંસારમાં મોહ રાખીને ફસાઇ પડે છે." આવો વિચાર કરીને મદનરેખાએ પુત્રને મળવા જવાનો વિચાર પણ માંડી વાળ્યો અને એ સાધ્વી પાસેજ ચારિત્ર ગ્રહણ કર્યું. ત્યાર પછી એનું નામ સુવ્રતા પાડવામાં આવ્યું.

મદનરેખાનો નાનો પુત્ર, જેને તે અરણ્યમાં મૂકી આવી હતી, તે પદ્મરથ રાજાના હાથમાં આવ્યો હતો. તેણે તેનું નામ નમિ પાડ્યું હતું અને સર્વ વિદ્યામાં પારંગત બનાવ્યો હતો. વળી ઉત્તરાવસ્થામાં પોતે વાનપ્રસ્થ થઇને એનેજ રાજ્ય સોંપ્યું હતું.

મદનરેખાનો મોટો પુત્ર ચંદ્રયશા કાકા મણિરથનું અકાળ મૃત્યુ થતાં તેની ગાદીનો વારસ થયો હતો. એક પ્રસંગે એક હાથીની બાબતમાં એની અને નમિની વચ્ચે યુદ્ધ જામ્યું. મદન-રેખાને તેની ખબર પડી. એણે વિચાર્યું કે આ બન્ને સગા ભાઇઓ નાહક એક બીજાના ઉપર શસ્ત્ર ઉગામશે, વળી આ યુદ્ધમાં હજારો નિર્દોષ જીવની હિંસા થશે. સાધ્વીની રજા લઇને પોતે યુદ્ધક્ષેત્રમાં પહોંચી અને ચંદ્રયશા તથા નમિ બન્નેને બોધ આપ્યો તથા તેઓ સગા ભાઈ છે એની પણ ખાતરી કરી આપી. યુદ્ધ શમી ગયું. ચંદ્રયશાએ પોતાના નાના ભાઇને રાજપાટ સોંપીને ધર્મની દીક્ષા લીધી. કેટલાક સમય પછી નમિરાજને પણ સંસાર ઉપર વૈરાગ્ય ઊપજ્યો અને તેણે પણ મોટાભાઇ તથા માતાનુંજ અનુ-સરણ કર્યું. પુત્રને રાજ્ય સોંપીને ધર્મનું સેવન કરવામાંજ એણે જીવન ગાળ્યું. એ ઘણો સંયમી અને જ્ઞાની નીવડ્યો.

પોતાના બન્ને પુત્રોને ધાર્મિક, નિર્લોભી અને કર્તવ્યપરાયણ જોઇને મદનરેખાને ઘણોજ આનંદ થયો. એ પોતે પણ સર્વ કર્મનો ક્ષય કરી કેવળજ્ઞાન પામી મોક્ષની અધિકારી બની.

૫–મૃગાવતી

સતી મૃગાવતી કૌશામ્બી નગરના રાજા શતાનિકની પત્ની અને ચેટકરાજની પુત્રી હતી મહાવીર સ્વામીના સમયમાં એનો જન્મ થયો હતો. એ સન્નારી અનુપમ સૌંદર્યવાળી અને મહાબુદ્ધિવતી હતી. સદ્‌ગુણોને પ્રતાપે એણે પતિનો પરમ પ્રેમ સંપાદન કર્યો હતો.

એક દિવસ શતાનિક રાજાના દરબારમાં એક કુશળ ચિત્રકાર આવ્યો. એ ચિત્રકારને કોઇ યક્ષના વરદાનથી એવી સિદ્ધિ પ્રાપ્ત થઇ હતી કે, કોઇ પણ મનુષ્યના શરીરનો એક પણ ભાગ એની દૃષ્ટિએ પડતાં એ એનું આખું શરીર ચીતરી શકતો. રાજા શતાનિકે એ ચિત્રકારને કેટલુંક કામ સોંપ્યું. એક દિવસ ચિત્રશાળામાં બેસીને એ ચિત્ર આલેખી રહ્યો હતો, એવામાં અંતઃપુરમાં બેઠેલી રાણી મૃગાવતીના પગનો અંગૂઠો તેના દીઠામાં આવ્યો અને તે ઉપરથી તેણે પોતાની અદ્‌ભુત શક્તિ વડે રાણીનું આખું ચિત્ર દોરી કાઢયું. રાણીના સાથળ ઉપર તલનો ડાઘ હતો તે પણ ચિત્રમાં આવ્યો. ચિતારાએ તેને ઘણી વાર કાઢી નાખ્યો પણ ફરી ફરીને એ આવવાજ લાગ્યો, એટલે ચિત્રકારને એ તલ રાખવોજ પડ્યો. એ ચિત્ર જોતાંવાર રાજાને પોતાની પતિવ્રતા રાણીને માટે શંકા ઉત્પન્ન થઇ કે, આ ચિત્રકારને મારી રાણીનો ગાઢો પરિચય ન હોય તો આ ગુપ્ત ચિહ્‌ન તેના જાણ્યામાં કેવી રીતે આવે? રાજાએ તે ચિત્રકારને મારી નાખવાની સજા કરી, પણ અનેક લોકોએ સાક્ષી પૂરી કે એને યક્ષનું વરદાન છે. વળી રાજાએ એની એ સિદ્ધિની ખાતરી બીજે પ્રકારે પણ કરી જોઇ; છતાં પણ તેની એક આંગળી કપાવી નાખીને કાઢી મૂકયો. ચિત્રકારને આથી ઘણું ખોટું લાગ્યું અને તેણે વેર લેવાનો નિશ્ચય કર્યો. અવંતીનગરીના રાજા ચંડપ્રદ્યોતની સમક્ષ જઇ તેણે રાણી

મૃગાવતીનું ચિત્ર બતાવ્યું. રાણીના અનુપમ રૂપલાવણ્યથી મુગ્ધ થઇ તેને પ્રાપ્ત કરવા રાજા ચંડપ્રદ્યોતે શતાનિક ઉપર ચઢાઇ કરી. શત્રુનું મોટું સૈન્ય જોઇને યુદ્ધ કરતાં પહેલાંજ અતિસારના રોગથી રાજા શતાનિકનું મૃત્યુ થયું.

રાણી મૃગાવતીને આથી ઘણો શોક થયો. એનો પુત્ર એ સમયે બાલ્યાવસ્થામાં હતો. પોતાના શિયળનું અને નાના બાળકનું રક્ષણ કોઇ પણ પ્રકારે કરવાનો એણે સંકલ્પ કર્યો. એણે એક યુક્તિ શોધી કાઢી. પોતાની દાસી સાથે અવંતીરાજને કહેવરાવ્યું કે, “ મારા પતિદેવ સ્વર્ગવાસી થયા છે અને પુત્ર ઉદયન હજુ બાળક છે. એ મોટો થશે અને રાજ્ય કરવા યોગ્ય થશે એટલે હું આપની સાથે આવીશ. હમણાં તો શોક છે. જો તમે બળાત્કાર કરશો તો હું આત્મહત્યા કરીશ, માટે હમણાં તો તમે પાછા ફરો. વળી આસપાસનાં શત્રુરાજ્યોથી મારા રાજ્યને ઘણો ભય છે, માટે આપ અવંતીથી મોટી ઇંટો મોકલીને એક મજબૂત કિલ્લો બંધાવી આપો, એટલે હું સુરક્ષિત રહી શકું. ”

કામી રાજાએ તેની પ્રાર્થના સ્વીકારી અને અવંતીથી ઇંટો મંગાવીને એક મજબૂત કિલ્લો કૌશામ્બીની આસપાસ બંધાવી દીધો; તથા અનાજ, ઘાસ, પાણી વગેરેનો પણ નગરમાં પૂરતો બંદોબસ્ત કરી આપ્યો. કિલ્લો બંધાઇ ગયા પછી થોડા વખત પછી રાજા ચંડપ્રદ્યોતે મૃગાવતીને તેડવા સારૂ દૂત મોકલ્યો અને કહેવરાવ્યું કે, “ મેં મારૂં વચન પાળ્યું છે, હવે તમે તમારૂં વચન પાળીને મારી સાથે રહેવા સારૂ આવો. ”

વિધવા રાણી મૃગાવતીને આથી ઘણો ક્રોધ ઉત્પન્ન થયો અને તેણે ઉત્તરમાં કહેવરાવ્યું કે, “ હે મૂર્ખ ! તું એવો દુષ્ટ અભિલાષ કદી રાખતો નહિ. મેં સ્વપ્ને પણ તારા પ્રત્યે પ્રેમ કર્યો નથી. હું આર્યરમણી છું. પતિ એજ મારા સદાના આરાધ્ય દેવ રહ્યા છે અને જીવનપર્યંત રહેશે. હું નિરાધાર અને અરક્ષિત હતી, માટે મારા રક્ષણને સારૂં મેં કેવળ એ એક યુક્તિ કરી હતી. ”

ચંડપ્રદ્યોતને ખાતરી થઈ કે આ વિદુષી સ્ત્રીએ મને ઠગ્યો છે. એણે મૃગાવતીને ધમકી આપી કે, “ તું તારૂં અને તારા પુત્રનું હિત ચાહતી હોય તો જલદી અહીં આવી જા, નહિ તો હું તારા રાજ્યને ખેદાનમેદાન કરી નાખીશ. ” એની એ ધમકીની સતી મૃગા-

વતી ઉપર કાંઇજ અસર થઈ નહિ. કિલ્લાને બંધ કરીને એ આત્મ-રક્ષણ કરવા સારૂ સજ્જ થઇ.

એ સમયમાં શ્રીમહાવીરસ્વામી પર્યટન કરતાં કરતાં ત્યાં પધાર્યા. મૃગાવતીના આનંદનો પાર રહ્યો નહિ. એને ખાતરી થઇ કે, તેની વહારે ધાવા સારૂજ પ્રભુ મહાવીર સ્વામી પધાર્યા છે. ઘણા હર્ષપૂર્વક તેણે એ પરમ વિદ્વાન તીર્થંકરની પધરામણી કરી.

રાજા ચંડપ્રદ્યોતને પણ મહાવીરસ્વામીના પધાર્યાની ખબર પડી એટલે એ પણ એમનો મધુરો ઉપદેશ સાંભળવા સારૂ મૃગા-વતીના નગરમાં ગયો.

મહાવીર સ્વામીએ ઉપદેશમાં એક ભીલના પૂર્વજન્મની વાર્તા કહી સંભળાવી અને તે દૃષ્ટાંતદ્વારા કામવાસનાને લીધે થતાં અનિષ્ટ પરિણામ અસરકારક રીતે જણાવ્યાં. એથી રાજા ચંડપ્રદ્યોતનું મન પણ નિર્મળ થયું. પતિવ્રતા રાણી મૃગાવતીના હૃદયમાં પણ વૈરાગ્યનો સંચાર થયો. પોતાનું શિયળ ભંગ કરવા તત્પર થનાર રાજા ચંડપ્રદ્યોત પ્રત્યેનું તેનું વેર પણ શમી ગયું અને તેણે મહા-વીરસ્વામીને હાથ જોડીને કહ્યું: "રાજા ચંડપ્રદ્યોતની હું શરણા-ગત છું, એટલે એમની આજ્ઞા હોય તો હું ભગવાન પાસે ચારિત્ર લેવાની ઇચ્છા રાખું છું." રાજા ચંડપ્રદ્યોતે એને દીક્ષા લેવાની રજા આપી અને એના પુત્ર ઉદયનને કૌશામ્બીનો રાજા બનાવ્યો.

પુત્રના રાજ્યાભિષેક પછી સતી મૃગાવતીએ રાજા ચંડપ્રદ્યોત-ની આઠ રાણીઓ સહિત દીક્ષા લીધી. શ્રીમહાવીર સ્વામીએ એ નવે સન્નારીઓને સાધ્વી ચંદનબાળા પાસે શિક્ષણ લેવા સારૂ રાખી. ત્યાં આગળ મૃગાવતીએ ધર્મનું ઊંચા પ્રકારનું શિક્ષણ મેળવ્યું. જૈનધર્મનાં વ્રત, અનુષ્ઠાન આદિનું તેણે યથાર્થ રીતે પાલન કર્યું હતું. વળી અપૂર્વ સાધનાથી સાધકોને માટે અતિ દુઃસાધ્ય મનાતી કેવલજ્ઞાનની સિદ્ધિ તેણે પ્રાપ્ત કરી હતી. એ જ્ઞાન વડે એક વાર એની ગુરુ ચંદનબાળા સૂઇ રહી હતી, ત્યાં આગળ ઘોર અંધકારમાં એક સર્પને આવતો તે જોઇ શકી હતી અને સર્પદંશથી પોતાની ઉપદેશિકાને બચાવી શકી હતી.

મૃગાવતીનું જીવન એ એક આદર્શ જીવન હતું.

૬-પ્રભાવતી

એ રાજા ઉદયનની પત્ની અને ચેડા રાજાની કન્યા હતી. પિતાને ઘેર તેને સારૂં શિક્ષણ મળ્યું હતું. સંગીત વિદ્યાનો પણ તેને શોખ હતો. એ સમયમાં સંગીત હાલની અધોગતિએ પહોંચ્યું નહોતું. ઉચ્ચ કુળની કન્યાઓ અને વહુઓ સંગીતનો અભ્યાસ કરતી અને પોતાના મધુર કંઠ વડે મીઠાં ગીતો ગાઇ કુટુંબીઓને અને પ્રભુને પ્રસન્ન કરતી. મહાવીરસ્વામીના વખતમાં એ વિદ્યમાન હતી. એનો પતિ રાજા ઉદયન ધર્માત્મા હતો.

એક દિવસ મહાવીર પ્રભુએ ઉદયનને ઉપદેશ આપતાં, સંસારની અસારતા જણાવીને કહ્યું કે, "કુળ, રૂપ, બળ, બુદ્ધિ, વૈભવ વગેરે પામવા છતાં જે મનુષ્ય ધર્મકાર્ય કરતો નથી, તે નાવને ત્યજી દઇ સમુદ્રમાં પડતું મૂક્યા જેવું કરે છે." ભગવાન મહાવીરના આ ઉપદેશથી ઉદયનને વૈરાગ્ય ઉત્પન્ન થયો અને ભાણેજને રાજ્યાસન સોંપી દીક્ષા લઇને સાધુ બન્યો.

સતી પ્રભાવતી પણ દીક્ષા ગ્રહણ કરી છેવટે મોક્ષની અધિકારી બની હતી. તેના ચરિત્રમાં અનેક ચમત્કારી બનાવો બન્યા હતા. દેવાધિદેવની પ્રતિમાનો પ્રભાવ તેણેજ પ્રગટ કર્યો હતો. એ પ્રભાવવાળી પ્રતિમાના યોગથી એની વિખ્યાતી ભારતવર્ષમાં સર્વત્ર થઇ ગઇ હતી. એ મહાસતીમાં પતિભક્તિ અને લોકોપકાર એ બે મોટા ગુણો રહેલા હતા. શુદ્ધ મન, વચન અને કર્મથી તે ધર્માચરણ કરતી, કોઇ પણ દુઃખી જન આવે તેને સહાય કરવામાં આગળ પડતી અને પોતાનાથી થાય એટલું સુખ પહોંચાડીનેજ જીવનની સાર્થકતા માનતી. વિદ્યા પ્રત્યે એને ઘણી રુચિ હતી. એ વિદુષી પત્નીની પ્રેરણાથી રાજા ઉદયને પોતાના રાજ્યમાં જ્ઞાન ફેલાવવાની ઘણી સંસ્થાઓ સ્થાપન કરી હતી.*

* 'ભરતેશ્વર બાહુબલીવૃત્તિ' તથા 'જૈન સતીમંડળ' ઉપરથી.



૭–સતી સુભદ્રા

એ વસંતપુર નામના નગરના રાજા જિતશત્રુના પ્રધાન જિનદાસની કન્યા હતી. તેની માતાનું નામ તત્ત્વમાલિની હતું. તેનાં માતાપિતાએ તેને ધર્મ તથા નીતિશાસ્ત્રનું ઊંચું શિક્ષણ આપ્યું હતું. તેઓ જૈનધર્મી હતાં અને તેઓએ સુભદ્રાને બચપણથીજ જૈનધર્મના તત્ત્વજ્ઞાનનું શિક્ષણ આપ્યું હતું. પૂજા–અર્ચના કરવામાં તથા અતિથિ સત્કાર કરવામાં એ ઘણી પ્રવીણ હતી. એનાં માતાપિતાની ઇચ્છા એવી હતી કે આ કન્યાનું કોઇ સુપાત્ર જૈનને દાન કરવું.

એવામાં ચંપાનગરીનો બુદ્ધદાસ નામનો એક વણિક એ નગરમાં આવ્યો. એ બૌદ્ધધર્મી હતો, પરંતુ એ સુભદ્રાનું સૌંદર્ય જોઇને ઘણોજ મુગ્ધ થઇ ગયો. એ કન્યાને પરણવાની ઇચ્છાથી તેણે તેનાં માતાપિતા તથા કુળની ખબર કાઢી. તેને ખબર પડી કે સુભદ્રાનાં માતાપિતાની ઇચ્છા, તેને કોઇ સદ્ગુણી ધર્મનિષ્ઠ જૈનની સાથે પરણાવવાની છે. આ ઉપરથી બુદ્ધદાસે બૌદ્ધધર્મનો ત્યાગ કરીને, જૈનમાર્ગ ગ્રહણ કર્યો તથા પોતાના આચારવિચાર અને ધર્મશાસ્ત્રના જ્ઞાનથી સુભદ્રાના પિતાને પ્રસન્ન કરીને તેની સાથે લગ્ન કર્યાં. સુભદ્રા જેવી પરમ રૂપવતી, સદ્ગુણી અને સુશિક્ષિત પત્ની મળ્યાથી બુદ્ધદાસના હર્ષનો પાર રહ્યો નહિ. વસંતપુરમાં કેટલાંક વર્ષ રહ્યા પછી પુષ્કળ ધન સંપાદન કરીને એ પોતાને ગામ ગયો. સુભદ્રા પણ માતાપિતાની રજા લઇને પતિની સાથે સાસરે ગઇ. સાસરે જઇને તેણે સાસુસરાને વિનયપૂર્વક પ્રણામ કર્યા. બીજે દિવસે એણે જ્યારે જૈન–દેવાશ્રયમાં પૂજા કરવા જવાની સાસુ પાસે રજા માગી ત્યારે એને ખબર પડી કે એનાં શ્વશુરપક્ષનાં બધાં મનુષ્યો બૌદ્ધધર્મી છે. સાસુએ જૈનધર્મ છોડી દઇને બૌદ્ધધર્મ સ્વીકારવાને તેને ઘણોએ આગ્રહ કર્યો, પણ તેણે પોતાનો બાપીકો ધર્મ છોડી દેવાનું કદી પણ સ્વીકાર્યું નહિ. આથી

કરીને સાસુ તેના ઉપર ઘણી અપ્રસન્ન થઈ અને રાતદિવસ તેની ખોડખાંપણ કાઢવા તથા તેની વિરુદ્ધ પુત્રના કાન ભંભેરવા લાગી; પરંતુ બુદ્ધદાસ સમજુ હતો. તેણે માતાના કહેવા ઉપર વિશ્વાસ કરીને સ્ત્રી સુભદ્રાને દુઃખ દીધું નહિ. એ તો સદા એમજ કહ્યા કરતો કે, "સુભદ્રાના સતીત્વ માટે મને પૂર્ણ વિશ્વાસ છે."

એક દિવસ એવું બન્યું કે એક જૈન સાધુ સુભદ્રાને ત્યાં ભિક્ષા માગવા આવ્યા. એ વખતે એ સાધુની આંખમાં તણખલું પડ્યું હતું. દેહના સુખની વધારે ચીવટ ન રાખવી જોઇએ, એમ ધારીને સાધુએ તણખલું આંખમાંથી કાઢવાની તસ્દી લીધી ન હતી, પણ કોમળહૃદયા સુભદ્રાથી સાધુનું આ દુઃખ જોઇ શકાયું નહિ. તેણે પોતાની સુકોમળ જીભ વડે જૈન મુનિની આંખમાંથી એ તણખલું કાઢી નાખ્યું. એ વખતે સુભદ્રાના લલાટ સાથે મુનિના લલાટનો સ્પર્શ થયો અને દૈવવશાત્ સુભદ્રાના લલાટમાં-ના ચાંલ્લાનું કેસર મુનિના કપાળમાં ચોટી ગયું. સાધુના કપાળ-માંનું આ તિલક સુભદ્રાની સાસુની દૃષ્ટિએ પડ્યું. તેણે આ વાત પૂરાવા સહિત પોતાના પુત્ર બુદ્ધદાસને જણાવી અને એ દિવસ-થી બુદ્ધદાસ પત્ની સુભદ્રા ઉપર ઘણો અપ્રસન્ન રહેવા લાગ્યો. પતિના પ્રેમથી વિમુખ રહેવાથી સતી સુભદ્રાના હૃદયને ઘણો ઊંડો ઘા લાગ્યો. તેણે ઈશ્વરના ધ્યાનમાં તથા વ્રતનાં અનુષ્ઠાનમાં ચિત્ત લગાડ્યું અને પોતાને આ અધમ કલંકમાંથી મુક્ત કરવાને દેવદેવીઓની આકુળ હૃદયે પ્રાર્થના કરી. આખરે દેવીએ પ્રસન્ન થઇને કહ્યું: "હે સતિ! તું કાલે કલંકથી મુક્ત થઇશ."


બીજે દિવસે સવારે રાજ્યમાં આશ્ચર્ય ફેલાયું; કારણકે દરવાનો દરવાજા ઉઘાડવા ગયા ત્યારે એકે દરવાજો ઊઘડ્યો નહિ. આથી તેઓ રાજા પાસે ગયા અને તેને સઘળી હકીકત નિવેદન કરી. રાજાએ પોતે દરવાજા આગળ ઊભા રહીને કમાડ ઉઘડાવવા ઘણોએ પ્રયત્ન કર્યો, પણ કાંઇ વળ્યું નહિ. આ કોઇ દેવકોપ હશે એમ ધારીને રાજા મનમાં ને મનમાં ઈશ્વરની આરાધના કરવા લાગ્યો. એટલામાં આકાશવાણી થઇ કે, "જે કોઇ સતી સ્ત્રી સૂતરના કાચા દોરાથી ચાળણી વડે કૂવામાંથી પાણી કાઢીને દરવાજાને છાંટશે, તેનાથી આ દરવાજા ઊઘડશે."

આકાશવાણીને અનુસરીને રાજાએ ઢંઢેરો પિટાવ્યો કે, "જે સ્ત્રી એ પ્રમાણે કરીને દરવાજા ઉઘાડશે, તેને રાજા તરફથી ઘણું

માન આપવામાં આવશે.” રાજાના ઢંઢેરાને માન આપીને નગરની અનેક સ્ત્રીઓએ ચાળણીથી પાણી કાઢવાનો પ્રયત્ન કર્યો પણ કોઇને સફળતા મળી નહિ. છેવટે સુભદ્રાએ એ પ્રયોગ અજમાવી જોવાની સાસુને વિનતિ કરી; પણ સાસુએ એની વાતને મશ્કરીમાંજ ઉડાવી દીધી. આખરે એણે વિનયપૂર્વક સાસુને સમજાવ્યું કે, “આપ અત્યાર સુધી મને કુલટા ગણો છો, માટે મારામાં પતિભક્તિ કેટલી છે, મેં શિયળ કેટલું અખંડિત રાખ્યું છે, તેની પરીક્ષા કરવાનો આ ઉત્તમ પ્રસંગ છે. જો આ પ્રયોગમાં હું સફળ થાઉં તો મારી નિર્દોષતાનો સ્વીકાર કરજો અને નિષ્ફળ નીવડું તો કુળકલંકિની કુલટા તરીકે મારો ત્યાગ કરજો. આ પ્રમાણે કહીને સાસુની વિનયપૂર્વક રજા લઇને સુભદ્રા કૂવા આગળ ગઇ અને કાચા તાંતણાથી ચાળણી વડે પાણી કાઢીને, તે પાણી હજારો સ્ત્રીપુરુષના દેખતાં નગરના ત્રણ દરવાજા ઉપર છાંટયું. તરતજ ત્રણે દરવાજા ઊઘડી ગયા. પછી એણે નગરવાસી સ્ત્રીઓની તરફ ફરીને કહ્યું: “હવે તમારામાંની બીજી કોઇ સતી હોય તો તેણે આ ચોથો દરવાજો ઉઘાડવો.” પરંતુ કોઇ પણ સ્ત્રીએ ચોથો દરવાજો ઉઘાડવાનું સાહસ કર્યું નહિ. આથી આ ચોથું દ્વાર હમેશને માટે બંધજ રહ્યું. રાજાએ સતી સુભદ્રાનો ઘણો આદરસત્કાર કર્યો.

આવી શિયળવતી વધૂને દુઃખ દેવા માટે સુભદ્રાની સાસુને ઘણોજ પશ્ચાત્તાપ થયો. તેણે સુભદ્રાની ક્ષમા માગી. સતી સુભદ્રાએ સાસુને ઉદાર હૃદયે ક્ષમા આપી, જૈનધર્મનો બોધ આપ્યો.

કેટલાંક વર્ષ સુધી પતિસુખ ભોગવ્યા પછી સુભદ્રાએ જૈન મુનિ પાસે સંન્યસ્ત વ્રતની દીક્ષા લીધી અને પોતાની દુઃખી અને અજ્ઞાન ભગિનીઓના હૃદયમાં સુખ અને જ્ઞાનનો સંચાર કરવામાં પોતાનું આયુષ્ય વ્યતીત કર્યું.



૮—બ્રાહ્મી

આ સન્નારી જૈન મહાત્મા આદિનાથ પ્રભુ શ્રીઋષભદેવની પુત્રી થતી હતી. તેનો જન્મ અયોધ્યાનગરીમાં થયો હતો. તેની માતાનું નામ સુમંગલા હતું. બ્રાહ્મીને તેના માતાપિતા તરફથી ઘણું સારૂં શિક્ષણ મળ્યું હતું. તેની બુદ્ધિ ઘણી તીવ્ર હતી. તે અઢાર પ્રકારની લિપિઓ જાણતી હતી અને તેના હસ્તાક્ષર ઘણાજ સુંદર હતા. ચિત્રવિદ્યામાં પણ તે ઘણી પ્રવીણ હતી. આગલા જમાનામાં હાલની પેઠે દરેક કન્યાને માટે લગ્ન કરવાની ફરજ નહિ હોવાથી, પિતા ઋષભદેવની આજ્ઞાથી સતી બ્રાહ્મી આખી જિંદગી સુધી બ્રહ્મચારિણી રહી હતી.

ઋષભદેવે પાછલી અવસ્થામાં ઘરસંસારનો કારભાર પુત્રોને સોંપીને દીક્ષા લીધી હતી. પિતાના સદુપદેશથી તથા સારાં પુસ્તકોના અધ્યયનથી બ્રાહ્મીનું ચિત્ત પણ સંસાર ઉપરથી ઊઠી ગયું હતું. તે હમેશાં ધ્યાન અને શાસ્ત્રોના અધ્યયનમાંજ સમય ગાળતી. આખરે પિતા ઋષભદેવનો હૃદયગ્રાહી ઉપદેશ સાંભળીને તેણે પણ એક દિવસ દીક્ષા લઇ લીધી હતી.

દીક્ષા લીધા પછી તેણે સંન્યાસિનીઓના ધર્મનું યથાર્થ પાલન કર્યું હતું. તેણે અન્ય સ્ત્રીઓને સદ્બોધ આપવામાં તથા વ્યાવહારિક જ્ઞાન ઉપરાંત ગૃહધર્મ અને પાતિવ્રત્યધર્મનું જ્ઞાન આપવામાં આખું જીવન ગાળ્યું હતું. ઘણાં વર્ષો સુધી તપ કરીને તે મોક્ષ પામી હતી.

૧–રાજીમતી

આ સન્નારી મથુરાના રાજા ઉગ્રસેનની કન્યા હતી. તેની માતાનું નામ ધારિણી હતું. તેનો વિવાહ દ્વારકાના રાજા સમુદ્રવિજયના કુમાર નેમિનાથ સાથે થયો હતો.

રાજા સમુદ્રવિજય નેમિનાથને પરણાવવા સારૂ મોટી જાન લઇને મથુરા ગયો હતો. મથુરાના રાજાએ વેવાઇનો આદરસત્કાર કરવામાં કોઇ પણ પ્રકારની ન્યૂનતા રાખી નહોતી. તેણે જાનને જમાડવા સારૂ, જાતજાતનાં પશુઓને એકઠાં કરીને એક વાડામાં પૂરી રાખ્યાં હતાં. દૈવસંયોગે વરરાજા નેમિનાથનું એ તરફજ ગમન થયું અને વાડામાં પૂરી રાખેલાં નિર્દોષ પશુઓનો આર્ત્તનાદ તેમના સાંભળવામાં આવ્યો. તેમણે પોતાના સારથિને પૂછ્યુંઃ "સારથિ ! આ દારુણ સ્વર કોનો છે ?" સારથિએ જવાબ આપ્યોઃ "કુમાર ! આપના લગ્નપ્રસંગે ઉગ્રસેન રાજા મોટી જયાફત આપવાના છે અને તેમાં આપણી સાથે આવેલા જાનૈયાઓને વિધવિધ પ્રકારના માંસની વાનીઓ જમાડવા સારૂ જે જુદાં જુદાં પશુઓને એકઠાં કરેલાં છે તેમની આ ચીસો છે." આ સમાચાર સાંભળીને કોમળ હૃદયના કુમાર નેમિનાથ ઘણા આશ્ચર્યચકિત થઇ ગયા અને પોતાના લગ્નનિમિત્તે આટલા બધા નિર્દોષ જીવોનો વધ થાય, તે વિચારે તેમના હૃદયમાં વૈરાગ્ય ઉપજાવ્યો. તેમણે લગ્ન કરવાનો વિચાર માંડી વાળીને તપસ્યા કરવાનો તથા ધર્મસાધવાનો દૃઢ નિશ્ચય કર્યો.

તેમની માતાએ તથા અન્ય સંબંધીઓએ તેમને ઘણીએ શિખામણ આપી અને સંસારમાં રહેવાનો આગ્રહ કર્યો; પણ દૃઢ પ્રતિજ્ઞાવાળા કુમારે પોતાનો સંકલ્પ બદલ્યો નહિ અને વનભણી પ્રયાણ કર્યું.

રાજીમતી ઘણી સુશીલ અને વિદુષી સ્ત્રી હતી. માતાપિતા તરફથી તેને ઊંચા પ્રકારની કેળવણી અને સારા સંસ્કાર પ્રાપ્ત

થયા હતા. નેમિનાથ ઉપર તે ખરા અંતઃકરણથી મુગ્ધ થઇ ગઇ હતી. એ નેમિનાથનેજ પોતાના હૃદયના ઈશ્વર માની ચૂકી હતી એટલે છેલ્લી ઘડીએ આવો અણધાર્યો બનાવ બન્યાથી તેના કોમળ હૃદયને કેટલો આઘાત પહોંચ્યો હશે ? તેની કલ્પના વાચક બહેનો કરી શકશે. નેમિનાથ સાથે તેનો ફક્ત વિવાહજ થયો હતો. લગ્નનો તો એકે સંસ્કાર થયો નહોતો. કુમાર નેમિનાથના સાધુ થઇ ગયા પછી બીજો યોગ્ય વર પસંદ કરીને તેની સાથે વિવાહ-સૂત્રથી બંધાવાની તેને પૂરતી છૂટ હતી, પણ પ્રેમસૂત્રથી જોડાયલાં હૃદયને માટે સંસ્કાર તો એક બાહ્ય આડંબરમાત્ર છે. એ બાહ્ય સ્વરૂપના સંસ્કારોની મહોર તેમના સંબંધ ઉપર નહિ લાગેલી હોવા છતાં પણ રાજીમતીના મનથી તો એ પવિત્ર સંબંધ અવિચ્છેદ્યજ હતો. એણે બીજા કોઇ પુરુષ સાથે લગ્ન કરવાની સાફ ના કહી અને જે માર્ગનું સ્વામી નેમિનાથે અવલંબન કર્યું હતું, તેજ માર્ગનું અનુસરણ કરવાનો પોતે દૃઢ નિશ્ચય કર્યો.

યોગિનીનો વેશ ધારણ કરીને સતી રાજીમતી વનમાં નીકળી પડી અને પતિની શોધ કરવા લાગી.

એ વખતે નેમિકુમાર ગિરનાર પર્વત ઉપર વાસ કરતા હતા. રાજીમતીએ ગિરનાર પર્વત ઉપર જઇને પતિદેવનાં દર્શન કર્યાં તથા નેમિનાથજી પાસે ધર્મની દીક્ષા લીધી. તેનું સંસ્કારી મન નેમિનાથજીના ઉપદેશથી વધારે વિમળ થયું. ભક્તિરસનો ઝરો તેના હૃદયમાં વહેવા લાગ્યો. આજથી એ રાજકન્યા મટીને પરમ ત્યાગી સંન્યાસિની થઈ. ત્યાર પછી એ પોતાનું સમસ્ત જીવન ધર્મચર્ચા અને લોકસેવામાં ગાળવા લાગી.

એક દિવસ રાજીમતી પતિદેવ નેમિનાથજીનાં દર્શન કરવા સારૂ ગિરનાર પર્વત ઉપર જઇ રહી હતી. તેવામાં માર્ગમાં વરસાદ વરસવા લાગ્યો અને તેથી તેનાં વસ્ત્ર ભીંજાઇ ગયાં. એ ભીંજાઇ ગયેલાં વસ્ત્રોને સુકવવા માટે એ એક ગુફામાં ગઇ અને નગ્ન થઇને સર્વ વસ્ત્ર સુકાવા મૂકયાં. દૈવસંયોગે એજ વખતે તેનો દિયર રથનેમિ સાધુ પણ એજ ગુફામાં એક ખૂણામાં બેઠો બેઠો ધ્યાન ધરી રહ્યો હતો. રાજીમતીને એ વાતની ખબર નહોતી, પણ રથનેમિ પોતાની ભાભી સતી રાજીમતીને નગ્નાવસ્થામાં જોઇને તેના અપ્રતિમ સૌંદર્યથી ઘણોજ મુગ્ધ થઇ ગયો. પોતે સાધુ છે,

સંસારનો ત્યાગ કર્યો છે, કોઈ પણ સ્ત્રીના ઉપર કુદૃષ્ટિ કરવી એ નરકમાં જવાનો સીધો માર્ગ છે, એ બધું જ્ઞાન આ વખતે રથનેમિ ભૂલી ગયો અને તેના મનમાં રાજીમતીને માટે કામવિકાર ઉત્પન્ન થયો. સતી રાજીમતીની દૃષ્ટિ તેના ઉપર પડતાંવારજ સતીએ એકદમ પોતાનાં ભીનાં વસ્ત્ર પહેરી લીધાં; પરંતુ કામી રથનેમિ એકાંત જોઇને તેનું શિયળભંગ કરવા માટે ઘણી મીઠી મીઠી વાતો કરવા લાગ્યો. તેનાં કામી વચનોથી સતી રાજીમતીના હૃદયમાં ઘણોજ ઊંડો ઘા લાગ્યો. તેણે પોતાના મનને દૃઢ રાખીને એ વખતે દિયર રથનેમિને ઘણો ઉત્તમ ઉપદેશ કર્યો. તેણે જણાવ્યું કે, "રથનેમિજી! જુઓ, આપણે બંને સંસારનો ત્યાગ કરીને, સાધુવેશ ધારણ કરીને, યોગાભ્યાસદ્વારા નિર્વાણ મેળવવા સારૂ અહીં આવ્યાં છીએ. એ પવિત્ર ઉદ્દેશને માટેજ આપણે સેંકડો તરેહનાં દૈહિક કષ્ટ પણ ભોગવી રહ્યાં છીએ, માટે હવે તમારે તમારૂં મન ચલાયમાન ન થવા દેવું જોઇએ. જે પવિત્ર આશ્રમ આપે ધારણ કર્યો છે તેના ધર્મને વળગી રહીને કોઇ પણ સ્ત્રી સામી વિકારયુક્ત દૃષ્ટિ કરવી એ તમારે માટે ઘોર પાપ છે. જે દેહના સૌંદર્યથી તમે કામાંધ થઇ ગયા છો, તે દેહ હાડકાં, માંસ, લોહી વગેરે ગંદી વસ્તુઓના પૂતળા સિવાય બીજું શું છે? તેનો વિચાર કરો. વળી હું પૂર્વાશ્રમમાં પણ તમારા મોટાભાઇની પત્ની હોવાથી તમારે માટે માતા તરીકે પૂજ્ય છું; માટે તમે તમારા મનમાંથી કામવિકારને એકદમ કાઢી નાખીને ચિત્તને પવિત્ર કરો. મારા તરફ તો શું પણ કોઇ પણ સ્ત્રી ઉપર કુદૃષ્ટિ કર્યાથી નરકમાં વાસ કરવો પડે છે એ નિશ્ચય જાણજો."

સતી રાજીમતીનાં બોધજનક વચનો સાંભળવાથી રથનેમિને પોતાના સંન્યસ્તધર્મનું ભાન થયું અને ક્ષણિક કામવિકારને વશ થઇ પોતે કેવું મોટું પાતક કરવા તૈયાર થયો હતો એ બાબતનો વિચાર આવતાં તેના મનમાં ઘણોજ પશ્ચાત્તાપ થવા લાગ્યો. એણે સતી રાજીમતીને નમન કરી પોતાનાં પાપકર્મની ક્ષમા માગી.

ધન્ય છે સતી રાજીમતીને કે, જેણે પોતાનું શિયળ સાચવ્યું એટલુંજ નહિ, પણ બીજાને પણ સદુપદેશ આપીને કુપથગામી થતાં અટકાવ્યો!

૧૦–શ્રી દેવી

આ સતી શ્રીપુર નગરના રાજા શ્રીધરની રાણી હતી. તે ઘણી સ્વરૂપવાન હતી. તેણે ધાર્મિક અને સાંસારિક બાબતોનો સારો અભ્યાસ કર્યો હતો. તેથી તે વિનય, આચારવિચાર, નીતિ અને સ્ત્રીધર્મ વગેરેમાં પ્રવીણ હતી. તેના ગુણથી શ્રીધર રાજા તેના ઉપર ઘણોજ રાગી હતો. શ્રીધર એ સદ્ગુણી રાણીના સહવાસમાં રહી પોતાના જીવનને સાર્થક કરતો હતો.

એક વખતે શ્રીધર રાજા શ્રીદેવીને લઇ ઉદ્યાનમાં ક્રીડા કરવા ગયો. ત્યાં કમલકેતુ નામનો એક વિદ્યાધર ફરવા નીકળ્યો હતો, તે શ્રીદેવીનું સૌંદર્ય જોઈ મોહિત થઇ ગયો. પછી તે માયાથી અદૃશ્ય થઇ શ્રીદેવીનું હરણ કરીને તેને પોતાને સ્થાને લઇ ગયો અને તેણે ભોગને માટે શ્રીદેવીની પ્રાર્થના કરી. એ દુરાચારીની નઠારી પ્રાર્થના સાંભળી, સતી શ્રીદેવીએ પોતાના કાન બંધ કરીને કહ્યું: "ભાઈ વિદ્યાધર! આવું દુર્વાક્ય બોલ નહિ. હૃદયમાં વિચાર કર. જે પુરુષ પોતાને આધીન એવી વિવાહિત સ્ત્રી છતાં પરદારાનું સેવન કરે છે, તે જળના ભરેલા પૂર્ણ સરોવરને મૂકી ઘડામાંથી જળ પીનારા કાગડાના જેવો છે. વળી પરસ્ત્રીના સમાગમથી નરકમાં જવું પડે છે. અરે કામિ! આવી દુરાશા કરી તારા માનવ આત્માને અધોગતિમાં શા માટે લઈ જાય છે?

"વળી હે વિદ્યાધર! શું તેં શીલનો પ્રભાવ નથી સાંભળ્યો? શીલ એ સ્વર્ગના સુખનું દ્વાર છે. શીલધારી બ્રહ્મચારી પુરુષને વિમાનવાસી દેવતાઓ, જ્યોતિષી દેવતાઓ, ભુવનપતિ દેવતાઓ, વૃક્ષવાસી યક્ષો, રાક્ષસો અને વ્યંતરજાતિના દેવતાઓ–એ સર્વે નમસ્કાર કરે છે." શ્રીદેવીના આવા ઉદ્બોધકારી વચનોથી વિદ્યાધર કમલકેતુ પ્રતિબોધ પામી ગયો. તે પોતાના કુકર્મનો પશ્ચાત્તાપ કરતો બોલ્યો: "બ્હેન! મારો અપરાધ ક્ષમા કરજે. તું ખરે-

ખરી સતી છે. તેં મારા આત્માને અધોગતિમાં પડતો બચાવ્યો છે." આ પ્રમાણે કહી તે કમલકેતુ શ્રીદેવીને લઇને શ્રીપુર નગરમાં મૂકી આવ્યો. પોતાની સતી રાણીને અકસ્માત્ પાછી આવેલી જોઇ રાજા શ્રીધર સાનંદાશ્ચર્ય મુગ્ધ થઇ ગયો. પોતાની સતી સ્ત્રીના હરણથી ગ્લાનિ પામેલા રાજાના હૃદયમાં અતિશય આનંદ થઇ આવ્યો. પછી શ્રીદેવીએ કમલકેતુ વિદ્યાધરનો વૃત્તાંત કહી સંભળાવ્યો, જે સાંભળી સર્વને પરમ સંતોષ પ્રાપ્ત થયો.

એક વખતે શ્રીદેવી પોતાના વાસસ્થાનમાં એકલી રહીને ધર્મ તથા નીતિનાં પુસ્તકો વાંચતી હતી અને તેમાંથી શિક્ષણ લઇ હૃદયમાં અતિ આનંદ પામતી હતી. આ વખતે કોઇ દેવતા અદૃશ્ય થઇ તેના વાસગૃહમાં આવ્યો.સતી તે દેવતાને જોઇને આશ્ચર્ય પામી.

તે વખતે તે દેવતાએ શ્રીદેવીને કહ્યું: "સુંદરિ! હું તારા સંગમનો અર્થી છું. જો તું દિવ્ય સુખની ઇચ્છા રાખતી હોય તો મારી સાથે પ્રીતિ કર." શ્રીદેવી વિનયથી બોલી: "દેવ! તારા જેવા દેવતાએ માનુષી સ્ત્રી સાથે સમાગમની ઇચ્છા કરવી તે જાતિવિરુદ્ધ અને અઘટિત છે. વળી હું સતી સ્ત્રી છું. કદી પ્રાણનો નાશ થાય તોપણ હું પતિ વિના અન્ય પુરુષની ઇચ્છા કરતી નથી."

શ્રીદેવીનું આવું દૃઢ વચન સાંભળી દેવ પ્રસન્ન થઈ ગયો. તેણે ક્ષમા માગીને કહ્યું કે, "શ્રાવિકારત્ન! તને ધન્ય છે. તું મહા સતી છે." આ પ્રમાણે કહી તે દેવ પોતાને સ્થાને ચાલ્યો ગયો.

સતી શ્રીદેવી સારા ભારતવર્ષમાં તથા જૈન સતીમંડળમાં શ્રેષ્ઠ સતી ગણાઇ છે. તે મહાસતીનું યશોગાન અદ્યાપિ જૈનપ્રજા પોતાની આવશ્યક ક્રિયા કરતી વખતે કરે છે. સતી શ્રીદેવી યાવજ્જીવન સતીધર્મને જાળવી મૃત્યુ પામી સ્વર્ગે ગઈ હતી.

મહાસતી શ્રીદેવીનું જીવન સતીધર્મને માટે પ્રખ્યાત છે. તેણે પોતાના અલ્પ જીવનમાં સ્ત્રીકેળવણીની સુગંધ સારી રીતે પ્રસરાવી હતી. તેના જીવનમાંથી સર્વ વાચક બહેનોએ એટલોજ સાર લેવાનો છે કે, સ્ત્રીકેળવણીનાં ફળ કેવાં ઉત્તમ છે? કે જેથી કેળવણી પામેલી કાન્તાઓ પ્રાણ સાટે પણ પોતાના સતીધર્મને જાળવવાને સમર્થ થઈ શકે છે.*

---

*"જૈન સતીમંડળ"–ભાગ ૧ માંથી ઉપકારસહિત ઉદ્ધૃત–પ્રયોજક

૧૧-જ્યેષ્ઠા

આ સતી ચેટક રાજાની પુત્રી અને જૈનધર્મીઓના ચોવીશમા તીર્થંકર મહાત્મા શ્રીમહાવીર સ્વામીના વડા ભાઇ નંદિવર્ધનની પત્ની થાય.

જયેષ્ઠા ઘણી સુંદર સ્ત્રી હતી. બાલ્યાવસ્થાથીજ તેના માતપિતાએ તેને ઊંચા પ્રકારનું શિક્ષણ આપીને સદાચારી અને વિવેકી બનાવી હતી. રાજા ચેટકે તેનું લગ્ન એ વખતના રાજકુમારોમાં ઘણા હોશિયાર ગણાતા કુમાર નંદિવર્ધન સાથે કર્યું હતું. નંદિવર્ધન જેવો યોગ્ય પતિ મળવાથી જયેષ્ઠાનો સંસાર ઘણો સુખી નીવડ્યો હતો. એ રાતદિવસ સાસુ સસરાની સેવા કરવામાં તથા જૈનધર્મ અનુસાર ધર્માનુષ્ઠાન કરવામાં પોતાનો સમય ગાળતી હતી. પોતાના સદ્‌ગુણ તથા અનન્ય પ્રેમથી તેણે પતિના ઉપર સંપૂર્ણ અધિકાર જમાવ્યો હતો. નંદિવર્ધન તેને પોતાના કુંટુબની લક્ષ્મી તરીકે ગણતા હતા.

સતી જયેષ્ઠાના અપ્રતિમ સૌંદર્ય અને તેના અનન્ય પતિપ્રેમની પ્રશંસા દુનિયામાંજ નહિ પણ સ્વર્ગલોકમાંય થતી હતી. એક વખતે દેવતાઓની સભામાં ઇંદ્રદેવે સતી જયેષ્ઠાના સતીત્વની ઘણીજ પ્રશંસા કરીને જણાવ્યું કે, "એ એવી દૃઢ પતિવ્રતા છે કે દેવતાઓની ચળાવી ચળે એમ નથી."

ઈંદ્રનાં એવાં વચન સાંભળીને એક દેવતાના મનમાં ગમત ભરાયો કે, હું એ સતીનું શિયળભંગ કરૂં તોજ ખરો. એવા દુષ્ટ સંકલ્પથી એ મર્ત્યલોકમાં આવ્યો અને એકાએક જયેષ્ઠા સતીનું હરણ કરી ગયો. તેને એક ઘોર ભયાનક અરણ્યમાં લઇ જઇને ઊભી કરી તથા પોતાની દૈવી શક્તિથી અસંખ્ય હાથી, ઘોડા, રત્ન, પાયદલ વગેરે હાજર કર્યાં અને કહ્યું: "હે સુંદરિ! હું આ સેનાનો રાજા છું. તું અહીં એકલી છું. હવે અહીંયાં

તારૂં રક્ષણ કરે એવું કોઇ નથી. તું મારી સાથે ચાલ. મારો વૈભવ પાર વિનાનો છે. તું એ અપૂર્વ વૈભવની સ્વામિની થઇશ. તું મારા હૃદય અને ગૃહરાજ્યની રાણી થઇશ. તને સુખ આપવામાં હું કોઈ પણ પ્રકારની મણા નહિ રાખું."

પરંતુ એ કપટી દેવતાનાં વચનો તરફ સતી જ્યેષ્ઠાએ કાન પણ ન માંડ્યા. તેણે પોતાનાં કાનમાં આંગળીઓ ખોસી દઇને કહ્યું: "હે અધમ મતિના પુરુષ! તું તો શું, પણ સ્વર્ગમાંથી ઇંદ્ર પોતે આવે તોપણ હું મારા પતિ સિવાય બીજા કોઇની સાથે ગમન કરવાની નથી. મારે મનથી મારા પતિજ ત્રણે લોકમાં સર્વથી શ્રેષ્ઠ પુરુષ છે. હું જીવને જોખમે પણ મારા પાતિવ્રત્ય ધર્મનું રક્ષણ કરીશ. પતિપ્રેમ આગળ હું ત્રણે લોકના વૈભવને ધૂળ સમાન ગણું છું." તેનાં વચનો ઉપર કશું પણ લક્ષ ન આપતાં એ કામાતુર દેવતા તેની ઉપર બળાત્કાર કરવાના ઇરાદાથી આગળ ધસવા ગયો; એટલે સતીએ અત્યંત ગુસ્સે થઇને કહ્યું: "ખબરદાર! દુષ્ટ! એક ડગલું પણ આગળ આવીશ નહિ, તેમજ એવા ખરાબ ભાવનો એક પણ અક્ષર તારા મલિન મુખમાંથી કાઢીશ નહિ. જો તું બળાત્કાર કરવા પ્રયત્ન કરીશ, તો હું આત્મહત્યા કરીશ. તેનું પાપ તારે માથે ચોંટશે."

સતી જ્યેષ્ઠાની આટલી બધી દૃઢતા જોઇને એ દેવ આશ્ચર્યચકિત થઇ ગયો. તે પોતાના મનમાં પ્રસન્ન થઇને સ્વર્ગલોકમાં પાછો ગયો.

કુમાર નંદિવર્ધનને જ્યારે પત્નીના સતીત્વની આ વાતની ખબર પડી ત્યારે તેના હૃદયમાં પત્ની માટેનો સદ્‌ભાવ સહસ્રગણો વધી ગયો. આ પતિપત્નીએ પ્રેમપૂર્વક ગૃહસ્થાશ્રમમાં રહીને ધર્મ, અર્થ, કામ અને મોક્ષ ચારે પુરુષાર્થનું સાધન કર્યું. પાછલી વયમાં સતી જ્યેષ્ઠાએ પતિની આજ્ઞાથી પોતાના દિયર પાસે જૈનધર્મની દીક્ષા લીધી. સંન્યાસિની થયા પછી તેણે સ્ત્રીઓને બોધ આપવામાં પોતાનું આયુષ્ય ગાળ્યું હતું. તેના ઉપદેશથી ઘણી સ્ત્રીઓ સન્માર્ગે ચડી હતી.

૧૨-શિવા

આ મહાસતી વિશાલાનગરીના રાજા ચેટકની પુત્રી હતી. બાલ્યાવસ્થાથીજ તેણે ઊંચા પ્રકારનું શિક્ષણ મેળવ્યું હતું. એ જેવી વિદુષી હતી તેવીજ નમ્ર અને વિનયી હતી. સર્વની સાથે માયાળુપણે વર્તતી તથા હંમેશાં વડીલોનું માન સાચવતી.

સતી શિવાનું લગ્ન ઉજ્જયિની શહેરના રાજા ચંડપ્રદ્યોત સાથે કરવામાં આવ્યું હતું. સતી શિવાએ પિતાને ઘેર મેળવેલા શિક્ષણનો સદુપયોગ સાસરે કર્યો હતો. ઉજ્જન શહેરની બાલિકાઓને જ્ઞાન આપવા સારૂ તેણે ઘણો યત્ન કર્યો હતો. તેણે એ નગરમાં ઘણી નિશાળો, ધર્મશાળાઓ તથા પુસ્તકાલયોની સ્થાપના કરી હતી.

એક દિવસ કોઇ દેવતાએ તેને પોતાના વ્રતમાંથી ચલિત કરવાને ભારે પ્રયત્ન કર્યો હતો, પણ તે દૃઢ રહી હતી અને દેવતાને આખરે તેની ક્ષમા માગવી પડી હતી,

એક વખત ઉજ્જયિની નગરીમાં આગ લાગી. લોકો એ આગના ત્રાસથી ઘણા દુઃખી થયા હતા. રાજા અને પ્રજાએ ઘણાએ ઉપાયો કર્યા પણ એ ભયંકર આગ હોલવાઇજ નહિ. આથી રાજાએ અભયકુમાર મંત્રીની સલાહ લીધી. તેણે જણાવ્યું કે, “ કોઇ સતી સ્ત્રી અહીં આવીને અગ્નિ ઉપર પાણી છાંટે તો આગ ઝટ હોલવાઇ જાય.” તે ઉપરથી ઘણી સ્ત્રીઓએ આવીને અગ્નિ ઉપર જળ છાંટયું પણ કોઇનાથી આગ શમી નહિ. આખરે શિવા સતીએ ત્યાં જઇને પાણી છાંટયું એટલે તરતજ આગ હોલવાઇ ગઇ. તે વખતથી લોકો શિવાને મહાસતી ગણવા લાગ્યા.

પછી સતી શિવાએ શ્રીવીરપ્રભુ પાસે દીક્ષા લીધી હતી અને પોતાના ચારિત્ર્યધર્મથી ભારતની જૈન પ્રજા પર ભારે ઉપકાર કર્યો હતો. સાધ્વી શિવાએ નગરેનગર અને ગામેગામ વિહાર કરી

વિદ્યાદેવીનાં મંદિરો સ્થાપ્યાં હતાં અને જૈનબાળાઓને બોધ મળે તેવી અનેક યોજનાઓ ઊભી કરી હતી. તેણે શ્રાવિકાઓના હૃદયમાં શીલધર્મની મહત્તા સ્થાપી હતી અને શીલના મહત્ત્વને માટે અસરકારક ઉપદેશ આપ્યો હતો. તે મહાસતી ઊંચા હાથ કરી કહેતી કે, “શ્રાવિકાઓ! શીલ એ કલ્પવૃક્ષ છે. તેના રક્ષણથી કુળની ઉન્નતિ, કુળની શોભા, પવિત્રતા, સદાચાર, સદ્દગતિ વગેરે ગુણ પ્રાપ્ત થાય છે; માટે તમારે સર્વદા તન, મન, ધનથી તેનું રક્ષણ કરવું.” મહાનુભાવા શિવા સતીનાં આ વચનો આર્ય શ્રાવિકાઓ ગ્રહણ કરતી અને તે પ્રમાણે વર્તન કરવાને તત્પર થતી હતી.*

૧૩-સુંદરી

આ સન્નારી પણ જૈન મહાત્મા આદિનાથ શ્રીઋષભદેવની પુત્રી હતી. આગળ વર્ણવેલી સતી બ્રાહ્મીની તે ઓરમાન બ્હેન થાય. તેની માતાનું નામ સુનંદા હતું. એ બાળા પણ ઘણી તીવ્ર બુદ્ધિની હતી. તેના પિતાએ તેને ગણિતવિદ્યાનું સારૂં જ્ઞાન આપ્યું હતું. ગણિત વિદ્યામાં તેની પારદર્શિતા જોઈને એ સમયના મોટા મોટા વિદ્વાનો પણ આશ્ચર્યચકિત થઈ જતા હતા.

એ જેવી બુદ્ધિશાળી હતી તેવીજ સુશીલ અને પરોપકારી હતી. તેનું સૌંદર્ય પણ અનુપમ હતું. એ પોતાનો સમય વિદ્યાભ્યાસમાં અને પોતાથી ઓછું ભણેલી બહેનોને સદ્દવિદ્યાનો બોધ આપવામાં ગાળતી.

સુંદરીએ પણ પાછળથી પોતાના પિતા પાસેથી જૈનધર્મની દીક્ષા લીધી હતી. તેણે તપસ્યા કરીને પોતાના શુદ્ધ ચારિત્ર્યને વધારે ઉજ્જ્વલ બનાવ્યું હતું. તેણે પોતાના જીવનમાં ઘણાં સત્કર્મો કર્યાં હતાં. શહેરેશહેર અને ગામેગામ પ્રવાસ કરીને તેણે દેશની ભગિનીઓને સારો બોધ આપ્યો હતો. તેનું ચરિત્ર આજદિન સુધી જૈન લોકોમાં આદર અને ભક્તિપૂર્વક ગવાય છે.

* “જૈન સતીમંડળ”માંથી સાભાર ઉદ્ધૃત —પ્રયોજક

૧૪–રતિસુંદરી

આ સતીનો જન્મ સાકેતપુર નગરમાં કેસરી રાજાને ત્યાં રાણી કમળસુંદરીને પેટે થયો હતો. કમળસુંદરી પોતે સદ્‌ગુણી, પતિવ્રતા અને ભણેલીગણેલી સ્ત્રી હતી. તેણે પોતાની કન્યાને પણ સારૂં શિક્ષણ આપીને એ બધા સદ્‌ગુણોથી વિભૂષિત કરી હતી. રાજકુમારી રતિસુંદરી સદા ધર્મકાર્યમાં તથા ધર્મગ્રંથોના અભ્યાસમાં તલ્લીન રહેતી હતી.

જૈનમાર્ગી સાધ્વીઓ પાસેથી તેણે જૈનધર્મના સિદ્ધાંતોનું જ્ઞાન મેળવ્યું હતું અને તેમના ઉપદેશથી પાતિવ્રત્ય ધર્મનો મહિમા તેના કોમળ હૃદયમાં સારી પેઠે ઠસી ગયો હતો.

રાજકુમારી રતિસુંદરી જ્યારે પુખ્ત ઉંમરની થઇ ત્યારે તેનાં માતપિતાએ તેની સંમતિથી તેનો વિવાહ નંદનનગરના ચંદ્ર રાજા સાથે કરી દીધો. રતિસુંદરીનું અદ્‌ભુત સૌંદર્ય, લાવણ્ય અને વિદ્વત્તા જોઇને રાજા ચંદ્ર ઘણોજ મુગ્ધ થઇ ગયો અને એવી સતી તથા વિદુષી સ્ત્રીના સમાગમથી પોતાના હૃદયને પણ ધાર્મિક બનાવીને સંપૂર્ણ સુખવૈભવમાં દિવસ નિર્ગમન કરવા લાગ્યો.

એ દિવસોમાં કુરુ દેશનો રાજા મહેંદ્રસિંહ ઘણો બળવાન અને પરાક્રમી ગણાતો હતો. તેના દરબારમાં જઇને કોઇએ રતિસુંદરીના સૌંદર્યની ઘણી પ્રશંસા કરી કે, એવી ખૂબસૂરત સ્ત્રી આજકાલ ભારતવર્ષના કોઇ રાજાના અંતઃપુરમાં નથી.

રતિસુંદરીના રૂપની એટલી બધી પ્રશંસા સાંભળીને રાજા મહેંદ્રસિંહ કામવિહ્વળ થઇ ગયો અને રતિસુંદરીને પોતાની પત્ની બનાવવાના સંકલ્પથી પોતાના એક દૂતને રાજા ચંદ્ર પાસે મોકલ્યો. રાજા મહેંદ્રસિંહના દૂતે નંદનનગરમાં જઇને રાજા ચંદ્રને પોતાના સ્વામીનો સંદેશો કહ્યો અને રાણી રતિસુંદરી

સોંપી દેવાને ઘણી રીતે સમજાવીને આગ્રહ કર્યો; પણ રાજા ચંદ્રે એ દૂતનો ઘણો તિરસ્કાર કરીને ત્યાંથી કાઢી મૂક્યો તથા પારકી સ્ત્રી માગવાનો અવિવેક દેખાડવા માટે તેના રાજા માટે પણ ઘણાં કડવાં વેણ કહ્યાં.

દૂતે જઇને રાજા મહેંદ્રસિંહને બધા સમાચાર કહ્યા. રાજા મહેંદ્રસિંહ ક્રોધાવેશમાં આવી જઇને ચંદ્ર રાજાના નગર ઉપર મોટું સૈન્ય લઇને ચડી આવ્યો. ચંદ્ર રાજા પણ લડવા માટે સામો ગયો. બન્ને પક્ષ વચ્ચે દારુણ સંગ્રામ મચી રહ્યો, પણ રાજા મહેંદ્રસિંહનું લશ્કર વધારે હોવાથી રાજા ચંદ્રનો આ યુદ્ધમાં પરાજય થયો અને મહેંદ્રસિંહે તેને જીવતો પકડીને કેદ કર્યો. રાજા કેદ પકડાયાથી તેનું સૈન્ય પણ અસ્તવ્યસ્ત થઇ ગયું, એટલે મહેંદ્રસિંહે રાજા ચંદ્રના મહેલમાં પ્રવેશ કરીને રાણી રતિસુંદરીનું હરણ કર્યું અને રાજા ચંદ્રને પોતાની સાથે પોતાના રાજ્યમાં પકડી જઇ છોડી મૂક્યો.

રાણી રતિસુંદરી આ પ્રમાણે પતિથી એકાએક વિખૂટી પડવાને લીધે ઘણી શોકાતુર થઇ. તેનું ચિત્ત રાતદિવસ પતિમાંજ હતું. ગમે તે થાય તો પણ પોતાનું શિયળ સાચવી રાખવાનો તેણે સંકલ્પ કર્યો હતો.

રાજા મહેંદ્રસિંહે રતિસુંદરીને એક ભવ્ય રાજમહેલમાં ઉતારો આપ્યો હતો. એક વખત કામાતુર રાજા મહેંદ્રસિંહ રતિસુંદરીના મહેલમાં પહોંચ્યો અને તેને પ્રેમપૂર્વક કહેવા લાગ્યો: "હે નાજુક સુંદરિ! તું જાણે છે કે મેં આ યુદ્ધનો પરિશ્રમ કોને માટે કર્યો હતો? આજે મારી ઇચ્છા પૂર્ણ થઇ છે. તું મને પ્રાપ્ત થઇ છે. હવે તું મારી રાણી બન અને મારી ઇચ્છા પૂર્ણ કરીને, તારા અને મારા જીવનને સફળ કર." રાજાનાં આ વચન સાંભળીને રતિસુંદરીને તેને માટે મનમાં ને મનમાં ઘણોજ તિરસ્કાર ઊપજ્યો. જે સૌંદર્યને લીધે પોતાની આ દશા થઇ તે સૌંદર્યને એ મનમાં ને મનમાં હજારો શાપ દેવા લાગી. તેણે આત્મહત્યા કરવા વિચાર કર્યો, પણ પછીથી સાંભરી આવ્યું કે એમ કર્યાથી આ જન્મમાં પતિદેવની સાથે ફરીથી મેળાપ થવાની તો કોઇ પણ આશા નહિ રહે; માટે કોઇ એવી યુક્તિ રચવી જોઇએ કે જેથી મારું સતીત્વ પણ અખંડિત રહે અને ભવિષ્યમાં કોઇ દિવસ

પ્રાણથી પણ અધિક પ્યારા સ્વામીનાથનાં દર્શન થાય. આવા વિચારથી દૂરઅંદેશ રાણીએ એક યુક્તિ શોધી કાઢી. પોતાના અંતઃકરણનો શોક અને તિરસ્કાર અંદરજ સમાવીને તેણે સ્મિતપૂર્વક રાજા મહેંદ્રસિંહને કહ્યું કે, "તમે મારા ઉપર આટલા બધા પ્રસન્ન થયા છો તો મારે તમારી પાસે કાંઇક માગી લેવાની ઇચ્છા છે, તે આપશો?" રતિસુંદરીના મુખમાંથી આટલા શબ્દો નીકળવાથી તો રાજાના હર્ષનો પારજ રહ્યો નહિ. તેણે હર્ષપૂર્વક કહ્યું: "સુંદરિ! તારે શું માગવું છે તે ખુશીથી જણાવ. આ સંસારમાં એવી કઇ વસ્તુ છે કે જે હું તને સમર્પણ ન કરી શકું? હું મારૂં આખું રાજ્ય તારા ઉપર ન્યોછાવર કરવા તૈયાર છું, માટે તારે જે કાંઇ ઇચ્છા હોય તે માગી લે." રતિસુંદરીએ કહ્યું કે, "હે મહારાજ! મારી એવી ઇચ્છા છે કે આપણે હમણાં કેવળ શબ્દોથીજ વ્યવહાર રાખવો. મારી ઇચ્છા ચાર મહિના સુધી બ્રહ્મચર્યવ્રત પાળવાની છે, માટે એ ચાર મહિના સુધી આપે મારા બ્રહ્મચર્યનો ભંગ કરવો નહિ."

કામાંધ રાજાને ચાર મહિનાનો વિલંબ ઘણો અસહ્ય તો લાગ્યો, પણ જરાસરખી વાત માટે રતિસુંદરીને અપ્રસન્ન નહિ કરવાના વિચારથી તેણે એ બાબત વચન આપ્યું.

સતી રતિસુંદરીએ તે દિવસથી જૈનશાસ્ત્રોમાં લખેલા "આંબેલ" તપનો આરંભ કર્યો. સુંદર વસ્ત્રાભૂષણોનો ત્યાગ કરીને, કઠોર તપશ્ચર્યામાં તે લીન થઇ ગઈ. તપશ્ચર્યાને લીધે એ દિવસે દિવસે વધારે દુર્બળ થવા લાગી.

એક દિવસ રાજા મહેંદ્રસિંહ તેની પાસે ગયો અને તેને એવી દૂબળીપાતળી થઇ ગયેલી જોઇને ઘણુંજ આશ્ચર્ય પામ્યો. તેણે પ્રેમપૂર્વક તેની ખબરઅંતર પૂછી, ત્યારે રતિસુંદરીએ જણાવ્યું કે, "મને હવે સંસાર ઉપર વૈરાગ્ય ઊપજ્યો છે. મારે ચાર માસ સુધી આંબેલવ્રતનું તપ કરવું છે. તમે મારા બ્રહ્મચર્યનો ભંગ કરવા યત્ન કરશો, તો આપણે બન્નેને નરકમાં પડવું પડશે." પરંતુ રતિસુંદરીને આ પ્રમાણે વૈરાગ્ય ઊપજેલો જોઇને રાજાએ ઘણું આશ્ચર્ય બતાવ્યું, ત્યારે સતી રતિસુંદરીએ તેને જ્ઞાનમાર્ગનો ઘણો ઉપદેશ આપ્યો અને સમજાવ્યું કે, "જે દેહના સૌંદર્ય ઉપર તમે મુગ્ધ થઇ ગયા છો તે દેહ તો મળમૂત્ર વગેરે ગંદી દુર્ગંધીવાળી વસ્તુઓથી ભરપૂર છે. તેના ઉપર મોહ

રાખવો એ મૂર્ખતા છે." પરંતુ કામાંધ થયેલા મતિભ્રષ્ટ રાજા મહેંદ્રસિંહના હૃદય ઉપર આવા ઉત્તમ ઉપદેશની કાંઇ પણ અસર થઇ નહિ. તેમણે તો રતિસુંદરીની ચાર મહિનાની અવધિ પૂરી થયા પછી, તેની સાથે રતિવિલાસ કરવાનો દૃઢ નિશ્ચય કર્યો હતો.

ધીમે ધીમે ચાર માસની અવધિ પૂરી થવા આવી અને રતિસુંદરીએ જોયું કે, રાજાની મતિ જરા પણ સુધરી નથી અને હવે એ અવશ્ય મારાં પાતિવ્રત્યનો ભંગ કરશે. એ વખતે એણે પૂર્ણ એકાગ્રચિત્તે શાસનદેવીનું સ્મરણ કર્યું અને આવી મોટી આપત્તિમાંથી પોતાના સતીધર્મનું રક્ષણ કરવાને પ્રાર્થના કરી. દેવીએ તેની પતિભક્તિ ધ્યાનમાં લઇને, તેના શિયળના રક્ષણ સારૂ, તેનું બધું સૌંદર્ય હરી લીધું. એ દિવસથી સુંદરી રતિસુંદરી ઘણીજ કદ્રૂપી થઇ ગઈ અને તેને કોઢ અને રક્તપિત્ત વગેરે ગંદા રોગ લાગુ પડ્યા. બીજે દિવસે રાજા જ્યારે સતીની પાસે ગયો, ત્યારે તેને આવા ગંદા રોગોથી ભરેલી અને કદ્રૂપી જોઇને ઘણો આશ્ચર્ય પામ્યો. એવી કદ્રૂપી સ્ત્રીનું હરણ કરવા માટે તેને પશ્ચાત્તાપ થવા લાગ્યો. તેના મનમાં ધીમે ધીમે વૈરાગ્યનો સંચાર થયો અને તેણે રતિસુંદરીને તેના પતિ રાજા ચંદ્રને ઘેર સહીસલામત મોકલી આપી. પતિને ઘેર પહોંચતાં વારજ રતિસુંદરી દેવીના આશીર્વાદથી ફરીથી પહેલાંનાજ જેવી સુંદર બની ગઇ. રાજા ચંદ્ર તેની દૃઢતા અને પતિભક્તિ જોઇને ઘણો પ્રસન્ન થયો. બન્ને જણાંએ ઘણાં વર્ષો સુધી પૂર્ણ સુખમાં દાંપત્યજીવન ગાળ્યું. સતી રતિસુંદરીની કીર્તિ ચારે દિશામાં ફેલાઇ ગઈ.

१५–नंदयंती

આ સતીનો જન્મ સોપારપુર નગરમાં થયો હતો. તે નાગદત્તની કન્યા અને પોતનપુર નગરના સાગરપોત વણિકના પુત્ર સમુદ્રદત્તની પત્ની હતી. બચપણથીજ તેને માતપિતા તરફથી સારૂં શિક્ષણ મળ્યું હતું, એટલે પતિ સાથેનો તેનો સંસાર ઘણો સુખી હતો. સમુદ્રદત્ત પણ વિદ્વાન અને વેપારરોજગારમાં એક કુશળ યુવક હતો. એક દિવસ એના મનમાં તરંગ આવ્યો કે, "મારે પિતાજીની કમાઇમાંથી ક્યાંસુધી તાગડધિન્ના કરવા? હવે હું મોટો થયો, મારે જાતે કમાઇ કરવી જોઇએ." આવા વિચારથી તેણે પોતાના પિતા પાસે દેશાવરમાં વેપાર કરવા જવાની રજા માગી; પરંતુ એ એકનો એક પુત્ર હોવાથી સ્નેહાળ પિતાએ જણાવ્યું કે, "બેટા! આપણે ધનની ક્યાં ખોટ છે કે, તું દેશાવર ખેડવા જાય છે? તારા વૈભવને માટે તો ઘેર બેઠેજ પુષ્કળ ધન-સામગ્રી છે." પરંતુ સમુદ્રદત્તના મનમાં એ વાત ઊતરી નહિ. તેણે પિતાને ઘણીએ રીતે સમજાવ્યું કે, "પુત્રે તો આપકમાઇ કરવી જોઇએ. દેશાવરમાં ગયાથી અનુભવ અને હોશિયારી વધે છે. ઘેર બેઠે બેઠે મન સાંકડું થઇ જાય છે" વગેરે ઘણી દલીલો કરી; પરંતુ પુત્રવત્સલ પિતાએ કોઇ પણ ઉપાયે પુત્રને જવાની રજા ન આપી. આખરે સમુદ્રદત્તે છાનામાના નાસી જવાનો નિશ્ચય કર્યો. એક દિવસ મધરાત્રે સૌ કોઇ ભરનિદ્રામાં હતાં, ત્યારે એ ઘરની બહાર નીકળ્યો. થોડે દૂર ગયા પછી તેને વિચાર આવ્યો કે હું માતપિતાને મળ્યા વગર આવ્યો એ તો ઠીક કર્યું, પણ સ્નેહાળ પત્નીની પાસે છેવટની વિદાય માગવા ન ગયો એ ઠીક ન કર્યું." એ વિચારથી એ પાછો પોતાને ઘેર ગયો અને બહાર ઊભો રહીને કમાડના છિદ્રમાંથી નંદયંતીને જોવા લાગ્યો. એ વખતે નંદયંતી જાગી ઊઠી હતી અને પતિને પોતાની પાસે

સૂતેલો નહિ જોવાથી, ચોધાર આંસુએ રુદન કરી રહી હતી અને પતિનો વિયોગ અસહ્ય હોવાથી તેણે ગળે ફાંસો ખાઇને મરી જવાનો નિશ્ચય કર્યો હતો. એવામાં સમુદ્રદત્ત બારણાં ઉઘાડીને અંદર આવ્યો અને પ્રેમપૂર્વક પત્નીને આલિંગન દઇને, પોતાના પરદેશગમનનું કારણ જણાવ્યું. નંદયંતી સમજુ સ્ત્રી હતી, એટલે એણે પતિના શ્રેયમાંજ પોતાનું શ્રેય માનીને, વિરહવેદનાને મનમાં સમાવીને પ્રસન્ન વદને પતિને દેશાવર જવાની રજા આપી.

સમુદ્રદત્તના ગયા પછી ત્રણ મહિને નંદયંતીને ગર્ભનાં ચિહ્ન જણાવા માંડ્યાં. આ ઉપરથી તેના સાસુસસરાને શંકા આવી કે, છોકરો તો દેશાવર ગયો છે અને વહુ સગર્ભા છે, માટે આમાં કાંઇક ગોટાળો છે. તેમને નિર્દોષ નંદયંતીના શુદ્ધ ચરિત્ર માટે શંકા ઉત્પન્ન થઇ અને તેથી તેમણે નિષ્કરુણ નામના એક સેવક મારફતે નંદયંતીને જંગલમાં મોકલાવી દીધી. ત્યાં ગયા પછી નંદયંતીને જ્યારે પોતાને કાઢી મૂકવાનું કારણ જણાયું, ત્યારે તે ઘણું કલ્પાંત કરવા લાગી અને ઉચ્ચ સ્વરે કહેવા લાગી કે, “ હું નિર્દોષ છું. મારે તો મારા સ્વામી વગર બધા પુરુષો ભાઇ અને બાપ સમાન છે. ” પરંતુ દુષ્ટ નોકર તેને જંગલમાં મૂકીને ચાલ્યો ગયો. એટલામાં મૃગપુરનો રાજા પદ્મરાજ ત્યાં એકાએક આવી ચડ્યો. નંદયંતીનો વિલાપ સાંભળીને તે તેની પાસે ગયો અને મૃદુ વચનોમાં તેને બધી હકીકત પૂછી. તેનો ઇતિહાસ સાંભળીને રાજાને ઘણી દયા ઉપજી, તેથી એ નંદયંતીને દિલાસો આપીને પોતાની બહેન તરીકે ગણીને પોતાની સાથે મૃગપુરમાં લઇ ગયો. ત્યાં આગળ તે રાજાની ઇચ્છા મુજબ પુષ્કળ પુણ્યદાન કરતી, વ્રતનિયમ પાળતી અને રાતદિવસ પતિનું સ્મરણ કર્યા કરતી. યથાસમયે તેને એક પુત્ર અવતર્યો અને રાજા તેનું પુત્ર પ્રમાણે પાલન કરવા લાગ્યો.

થોડાંક વર્ષ પછી નંદયંતીનો પતિ સમુદ્રદત્ત વેપારમાં પુષ્કળ ધન ઉપાર્જન કરીને ઘેર પાછો આવ્યો. ઘેર આવ્યા પછી તેણે પત્નીની આવી દુર્દશાના સમાચાર સાંભળ્યા, ત્યારે તેને ઘણો ખેદ થયો. તેણે માતપિતાને જણાવ્યું કે, “ તમે ઘણીજ ગંભીર ભૂલ કરી છે. નંદયંતી બિલકુલ નિર્દોષ છે. તેને જે ગર્ભ હતો, તે મારોજ હતો. ” આથી બધાંને ઘણો પશ્ચાત્તાપ થયો. પત્નીના વિયોગથી વ્યાકુળ થઇને સમુદ્રદત્ત તેની શોધમાં નીકળ્યો. તે

ફરતો ફરતો જે નગરમાં નંદયંતી હતી, ત્યાં આવી પહોંચ્યો. ત્યાં આગળ નંદયંતી રાજાની આજ્ઞાથી સર્વદા પુણ્યદાન કર્યા કરતી હતી. તેણે એક મોટું સદાવ્રત ખોલ્યું હતું. પોતે પણ પાસેના એક મકાનમાં રહીને ગરીબ અને દુઃખીઓનું દુઃખ નિવારણ કરતી હતી.

દૈવસંયોગે સમુદ્રદત્ત પણ એ નગરમાં પેઠો. તે વખતે ઘણો ભૂખ્યો તરસ્યો થયો હતો. તેણે પણ એ અન્નક્ષેત્રમાં જઇને પોતાની ક્ષુધા નિવારણ કરી. તેણે દૂરથી નંદયંતીને ઓળખી તો લીધી, પણ આટલાં બધાં વર્ષ એકલી રહેવાથી તેનામાં કાંઇ ફરક પડ્યો છે કે કેમ, તે જાણવા સારૂ તેણે તેના શિયળની પરીક્ષા લેવાનો નિશ્ચય કર્યો. તેણે ગામમાંથી એક દૂતીને નંદયંતીની પાસે એ કામ સારૂ મોકલી. તેણે નંદયંતીની પાસે જઇને કહ્યું કે, "હે સુંદરિ! તારૂં જીવન આમ એળે શા સારૂ કાઢે છે? અહીંયાં એક દેવકુમાર જેવો વણિકપુત્ર આવ્યો છે અને તે તારા ઉપર ઘણો મોહિત થઇ ગયો છે. તે પુષ્કળ ધનવાન છે. તારી ઇચ્છા હોય, તો હું એની સાથે તારૂં ચોકઠું બેસાડી આપું."

દૂતીનાં આ વચન સાંભળીને નંદયંતીએ કહ્યું કે, "હે મૂર્ખ સ્ત્રી! આજે તો તું આવું બોલી છે, પણ ફરીથી કોઇ દિવસ મારી આગળ આવાં વેણ ઉચ્ચારીશ નહિ. સતીનું તેજ કેટલું હોય છે, તેની તને હજુ ખબર નથી. તું વધારે આગ્રહ કરીશ, તો હું આત્મહત્યા કરીશ અને તેનું પાપ તારે શિર ચોંટશે." તે દૂતીએ આવીને સમુદ્રદત્તને બધી વાત જણાવી. સમુદ્રદત્ત પત્નીનું પાતિવ્રત્ય જોઇને ઘણોજ પ્રસન્ન થયો અને એ પોતાનો ખરો વેશ ધારણ કરીને નંદયંતીને જઇને મળ્યો. આ અણધાર્યા મિલનને લીધે તેમની આંખમાંથી ચોધાર આનંદાશ્રુ નીકળવા લાગ્યાં. બન્નેએ લાંબા વખત સુધી સુખદુઃખની વાતો કરીને પોતાના જીવને શાંત કર્યા. મૃગપુરના રાજાને આ શુભ સમાચાર મળ્યા, એટલે એ પણ ઘણો પ્રસન્ન થયો અને તેણે ધામધૂમ સાથે નંદયંતી અને તેના પતિને વિદાય કર્યાં. સતી નંદયંતી અને સમુદ્રદત્તે ઘણાં વર્ષો સુધી સુખપૂર્વક ગૃહસંસાર ચલાવ્યો. જૈન શાસ્ત્રકારો કહે છે કે, પૂર્વજન્મમાં ભિક્ષા માગવા આવેલા કોઈ સાધુની ઉપેક્ષા કરવાના પાપને લીધે, સતી નંદયંતીને પતિવિયોગનું આવું દારુણ દુઃખ આટલાં વર્ષ સુધી ભોગવવું પડ્યું હતું.

૧૬-રોહિણી

સતી રોહિણીનું લગ્ન પાટલીપુત્ર નગરના એક ધનાવહ નામના શેઠની સાથે થયું હતું. એ ઘણી સદાચારી અને પતિભક્ત હતી.

તેનો ધણી એક સાહસિક વેપારી હતો. એક વખત એ વેપારઅર્થે દૂર દેશાવરમાં પ્રવાસે નીકળ્યો હતો. સતી રોહિણી પતિની ગેરહાજરીમાં રાતદિવસ તેનું ધ્યાન ધરીને, પાતિવ્રત્ય ધર્મનું પાલન કરતી હતી અને સરળતાથી પોતાનું જીવન નિર્ગમન કરતી હતી.

એક વખતે ગ્રીષ્મ ઋતુમાં સતી રોહિણી પોતાના ઘરના છજામાં બેઠી હતી, તે વખતે પાટલીપુત્ર નગરનો રાજા નંદ ક્રીડાને અર્થે બગીચામાં જઇ રહ્યો હતો. રસ્તામાં તેની નજર છજામાં બેઠેલી સતી રોહિણી ઉપર પડી. રાજા નંદ બીજી રીતે ઘણો સદ્‌ગુણી હોવા છતાં, ઘણો કામાંધ હતો. રોહિણીનું અપૂર્વ સૌંદર્ય જોઇને તે અત્યંત કામવિહ્‌વળ થયો અને રોહિણીની સાથે ક્રીડા કરવાને તેનું મન તલપાપડ થઇ ગયું.

આથી રાજાએ ઘેર જઇને પોતાની એક દૂતીને સતી રોહિણી પાસે મોકલી. દૂતીએ પોતાના સ્વભાવ પ્રમાણે સતી રોહિણીને ઘણા મીઠા શબ્દોમાં લલચાવી, પરંતુ તે કાંઇ ભોળવાઇ જાય એવી સ્ત્રી નહોતી. એ સમજી ગઇ કે, રાજાનું મન મારૂં શિયળ ભંગ કરવાનું છે. હમણાં હું ના કહીશ, તો એ જબરજસ્તી કરીને મારૂં હરણ કરશે, માટે કોઇ બીજી યુક્તિ શોધવી જોઇએ. વિચાર કરીને તેણે દૂતીને જણાવ્યું કે, “ રાજાએ મને મળવુંજ હોય, તો કોઈ ન જાણે એ રીતે રાત્રીને સમયે મારે ઘેર આવવું.” એમ કહીને સતી રોહિણીએ રાજાએ દૂતીની સાથે મોકલેલી ભેટ સ્વીકારી લીધી.

દૂતીએ જઇને રોહિણીનો સંદેશો રાજાને કહ્યો. રાજા એના ઉત્તરથી ઘણો પ્રસન્ન થઇ ગયો અને રાતને વખતે એ સુંદર વસ્ત્રાભૂષણ સજીને રોહિણીના ઘરમાં ગયો. રોહિણીએ રાજાને માનપૂર્વક બેઠક આપી. સતી રોહિણી ભોંય સામી નજર રાખીને રાજાની સામે બેઠી. પછીથી તેણે પોતાની સખીઓને સ્વાદિષ્ટ રસોઈ બનાવવા કહ્યું તથા બીજી દાસી પાસે એક કિંમતી થાળમાં ફળફળાદિ મંગાવ્યાં. રાજા એ ફળ ખાઇને ઘણો પ્રસન્ન થયો. પછી રોહિણી તેને મહેલ ઉપરની ચંદ્રશાળામાં લઇ ગઇ. ત્યાં આગળ ચંદ્રની શીતળ જ્યોત્સ્નામાં રાજાની આંખ મળી ગઇ. થોડી વાર પછી તેની ઊંઘ ઊડી અને તેણે પીવાને પાણી માંગ્યું. રોહિણીએ પાણી લાવી આપ્યું અને જાતજાતની વાનીઓનું ભોજન કરાવ્યું.

ભોજન કરી રહ્યા પછી રાજાએ પૂછ્યુંઃ “ રોહિણિ ! આ રસોઇમાં કેટલીક વાનીઓ સ્વાદિષ્ટ છે અને કેટલીક ફિક્કી છે, તેનું શું કારણ ?”

રોહિણીએ જવાબ આપ્યો કે, “ મહારાજ એનો વિવેક તમારે સમજવાં જેવો છે.જેમ આ વસ્તુઓને વિષે સ્વાદિષ્ટપણું અને બેસ્વાદપણું છે, તેમ સ્ત્રીઓને વિષે પણ સરસપણું અને વિરસપણું છે. સુંદર સ્ત્રીને જોઇને પુરુષ ભ્રમમાં પડી જાય છે, પણ અંતે એ પણ નીરસ છે. કામાતુર પુરુષો મૂર્ખતાને લીધે સુંદર સ્ત્રીઓને જોઇને વિકારી થાય છે. હે મહારાજ ! આપ તો સર્વ પ્રજાના પિતા છો અને અનીતિને માર્ગે પ્રવર્તવું એ રાજાને માટે મોટું કલંક છે. તેથી આપે એ માર્ગનું ઉલ્લંઘન કરવું ન જોઇએ. ”

સતી રોહિણીનાં વચનો સાંભળીને રાજાનું હૃદય પીગળી ગયું. પોતાની ખરાબ દાનત માટે તેના હૃદયમાં ઘણો પશ્ચાત્તાપ થવા લાગ્યો. તેણે ઊભા થઇને ઘણાજ વિનયપૂર્વક રોહિણીની ક્ષમા માગી અને તેની પ્રશંસા કરતો કરતો પોતાને મહેલે ગયો.


થોડા દિવસ પછી રોહિણીનો પતિ ધનાવહ શેઠ દેશાવરમાંથી ઘણું ધન કમાઇને દેશમાં પાછો આવ્યો, ત્યારે રોહિણીએ તેને આ સર્વ વૃત્તાંત કહી સંભળાવ્યો. એથી ધનાવહ શેઠના મનમાં રોહિણીને માટે શંકા ઊપજી. તેણે આ વૃત્તાંત ઉપરથી ધારી લીધું કે, પોતાની ગેરહાજરીમાં એણે જરૂર રાજા સાથે વિષયભોગ

કર્યો હશે. આવી ખોટી શંકા આણીને તે પત્નીનો ત્યાગ કરવાનો મનમાં ને મનમાં વિચાર કરવા લાગ્યો.

એટલામાંજ આકાશમાં વાદળાં ચઢી આવ્યાં અને તોફાન સાથે મુશળધાર વરસાદ પડ્યો. એ વરસાદથી નદીનાળાં ઊભરાઇ આવ્યાં. તે વખતે પાટલીપુત્ર નગરની પાસેની નદીમાં પણ જોસભેર પૂર આવ્યું અને પાણી શહેર તરફ આવવા માંડ્યું. આખું શહેર જળમાં ડૂબી જવાનો સમય આવી પહોંચ્યો. આવે વખતે રાજાને સતી રોહિણીનું સ્મરણ થઇ આવ્યું. આથી તેણે તેને બોલાવીને કહ્યું કે, " બહેન ! આ પૂરને પાછું વાળ. "

રાજાની આજ્ઞા મળતાંવાર રોહિણીએ હાથમાં જળ લઇને કહ્યું: " જો મેં આ જન્મમાં સાચું પાતિવ્રત્ય પાળ્યું હોય તો જળનો વેગ શમી જજો. " સતીના શબ્દો નીકળતાં વારજ નદીનું પાણી આગળ વધતું બંધ થયું. આથી આખા નગરના લોકો તેના સતીત્વનાં વખાણ કરવા લાગ્યા અને ધનાવહ શેઠના મનમાં પણ પત્નીના શિયળ માટેની શંકા દૂર થઇ ગઇ.

ત્યારપછી સતી રોહિણીએ પતિસેવા, વ્રત, ઉપવાસ, ધર્માનુષ્ઠાન, સત્સંગ અને પરોપકારમાં બાકીનું જીવન ગાળ્યું. ધન્ય છે એવી સતીને ! *



* આ ચરિત્ર " જૈન સતીમંડળ " નામના ઉત્તમ પુસ્તક ઉપરથી લેવામાં આવ્યું છે. —પ્રયોજક

૧૭–નાગિલા

મગધ પ્રાંતમાં સુગ્રામ નામના એક ગામમાં એક દંપતી વાસ કરતું હતું. સ્વામીનું નામ આર્યવાન્ રાષ્ટ્રકૂટ હતું અને તેની પત્નીનું નામ રેવતી હતું. તેમને ભવદત્ત અને ભવદેવ નામના બે પુત્ર હતા. ભવદત્તે યૌવનાવસ્થામાંજ જૈનાચાર્ય સુસ્થિતની પાસે દીક્ષા લઇને સંન્યસ્તવ્રત લીધું હતું અને એ વ્રતને તેણે એવી સરસ રીતે પાળ્યું હતું કે, થોડા સમયમાંજ તે આચાર્યનો અત્યંત પ્રિય શિષ્ય થઇ પડ્યો હતો.

એક દિવસ ભવદત્તવાળા "ગચ્છ" માંના એક સાધુએ આચાર્યને નિવેદન કર્યું કે, "આચાર્ય ! હું એક વાર મારાં સગાંઓની પાસે જવાની ઇચ્છા કરૂં છું. ત્યાં આગળ મારો એક નાનો ભાઇ છે, એનો મારા ઉપર ઘણોજ સ્નેહ છે. હું જો તેની પાસે જઇશ, તો મને જોઇને એ પણ અવશ્ય સંન્યસ્તવ્રત લેશે, માટે આપ કૃપા કરીને મને જવાની રજા આપો." જગતનો ઉદ્ધાર કરવાની ઇચ્છા ધરાવનાર આચાર્યે બીજા પણ કેટલાક શિષ્યોને સાથે મોકલીને તેને પોતાના ભાઇને મળવા જવાની રજા આપી.

શિષ્ય પોતાના પિતાને ઘેર ગયો. ત્યાં તેણે ભાઇના વિવાહની મહાસમારોહપૂર્વક તૈયારીઓ થતી જોઇ. વિવાહના પ્રસંગે ત્યાં જઈ પહોંચવા છતાં વિવાહના આનંદમાં નિમગ્ન થયેલા તેના નાના ભાઇએ તેની કાંઇ ખબરઅંતર પૂછી નહિ.

શિષ્ય ત્યાંથી પાછો પોતાના ગુરુ પાસે ગયો અને ગુરુને નાનાભાઇની વર્તણુંકના સમાચાર કહ્યા. શિષ્યને મોંએ એ વૃત્તાંત સાંભળીને ભવદત્તે ઘણા દિલગીર થઇને કહ્યું: "અહો ! તારો નાનો ભાઈ કેવો કઠોર છે ! એ પોતે ઘેર હોવા છતાં, તારા જેવા ઋષિવ્રતધારી મોટાભાઇનો તેણે ભાવ પણ ન પૂછ્યો. વિવાહનો આનંદ શું ગુરુભક્તિ કરતાં પણ શ્રેષ્ઠ છે કે, તે વિવાહની ખુશાલી-

માં તારો સત્કાર પણ ન કરી શકચો ?"

આચાર્યદેવનાં એ વચનો સાંભળીને શિષ્યમંડળીમાંથી એક જણ બોલી ઊઠ્યો: "ભવદત્ત! તમે ઘણા વિદ્વાન પંડિત ગણાઓ છો, પણ તમે તમારા નાનાભાઇને સંન્યાસી બનાવી શકો તોજ અમે તમને ખરા પંડિત ગણીએ." ભવદત્તે કહ્યું: "ગુરુદેવ જો મગધમાં પધારે તો હું તમને એ કૌતુક પણ બતાવીશ."

હિંદુ સંન્યાસીઓની પેઠે જૈન શ્રમણો પણ એક સ્થળે ઘણો સમય રહી શકતા નહિ. તેમને ધર્મોપદેશ કરવા સારૂ ઠેકાણે ઠેકાણે પર્યટન કરવું પડતું. એક દિવસ પર્યટન કરતાં કરતાં આચાર્ય સુસ્થિત પોતાના શિષ્યો સાથે મગધ દેશમાં જઇ પહોંચ્યા. આચાર્યના ચરણમાં દંડવત્ પ્રણામ કરીને ભવદત્તે કહ્યું: "ગુરુદેવ ! મારાં સગાંવહાલાંઓ અહીંથી ઘણાં પાસે રહે છે, માટે ગુરુદેવ રજા આપે તો હું તેમને એક વખત મળી આવું." ભવદત્ત સંયતેંદ્રિય હતો એટલે આચાર્યે તેને એકલાજ ઘેર જવાની રજા આપી. તેની સાથે બીજા શિષ્યોને મોકલવાની જરૂર પડી નહિ. ગુરુની રજા લઇને ભવદત્ત નાનાભાઇને સંન્યાસી બનાવવાના સંકલ્પથી ઘર તરફ ગયો.

ત્યાં પણ ભવદત્તના પહોંચતા પહેલાં થોડીકજ વાર અગાઉ તેનો નાનોભાઇ ભવદેવ, નાગદત્તની કન્યા નાગિલા સાથે પરણ્યો હતો. વિવાહના ઉત્સવમાં આવેલા લોકોથી ઘર ભરચક હતું. પૂર્ણ ધામધૂમથી લગ્નનો ઉત્સવ થઇ રહ્યો હતો. ભવદત્તને ત્યાં અણધાર્યો આવી ચડેલો જોઇને બધાં સગાંસંબંધીઓ પ્રફુલ્લિત થઇ ગયાં; તેના આવ્યાથી એ લોકો ઘણાજ આનંદથી ઉત્સવ કરવા લાગ્યા. ભવદત્તનાં ચરણ પ્રક્ષાલન કરીને સર્વેએ તીર્થોદકની પેઠે તેનું પાન કર્યું; ચારે દિશામાંથી લોકો આવીને તેને પગે લાગવા લાગ્યા. મુનિ ભવદત્તે કહ્યું: "તમે લોકો અત્યારે વિવાહના ઉત્સવમાં નિમગ્ન છો, માટે હું હમણાં બીજી જગ્યાએ જઇશ. આપનું કલ્યાણ થાઓ." પરંતુ સગાંવહાલાંઓએ તેને નાના પ્રકારનું ભોજન જમાડ્યા વગર છોડ્યો નહિ.

તેનો ભાઇ ભવદેવ એ વખતે કુળાચાર મુજબ નવોઢા પત્નીને ચંદનનો લેપ કરી રહ્યો હતો. અંબોડામાં સુગંધીદાર પુષ્પો ગૂંથીને તથા કપાળ ઉપર કસ્તૂરીની પત્રપલ્લવીની રચના કરીને,

તે બીજા અંગને લેપ કરવાની તૈયારીમાં હતો, એટલામાંજ તેના મોટાભાઇ મુનિ ભવદત્તના આગમનના સમાચાર તેની પાસે પહોંચ્યા. ભાઇને મળવાના હર્ષમાં એ અર્ધાલંકૃત નવોઢા પત્નીને છોડી દઇને એકદમ ઊભો થયો. નાગિલાની સખીઓએ આ કુળાચારને અધૂરો મૂકીને અધવચમાં જતા રહેવાનો ઘણોએ નિષેધ કર્યો, પણ ભવદેવે તેમની વાત ઉપર જરા પણ ધ્યાન આપ્યું નહિ. તેણે કહ્યું: “ મોટા ભાઇનાં દર્શન કરીને હું હમણાં પાછો આવીશ.”

ભવદેવ ભવદત્તની પાસે ગયો અને તેને દંડવત્ પ્રણામ કરીને તેની સન્મુખ ઊભો રહ્યો. ભવદત્ત તેના હાથમાં ઘીનું પાત્ર આપીને ઘરમાંથી બહાર ચાલ્યો ગયો. ભવદેવ પણ એ પાત્રનો સ્વીકાર કરીને મોટાભાઇની પાછળ જવા તૈયાર થયો. બીજા પણ અનેક સ્ત્રીપુરુષો ભવદત્તની સાથે ચાલ્યાં. ભવદત્તે કોઇને પણ એમ કરવાનો નિષેધ કર્યો નહિ; કારણકે એમ કરવું એ તેના કર્તવ્યથી વિરુદ્ધ હતું. ઘણે દૂર ગયા પછી બીજા બધા તો ભવદત્ત મુનિને વળાવીને પાછા ફર્યા, પણ તેના નાના ભાઇ ભવદેવે તેવું કર્યું નહિ. તેણે મનમાં વિચાર કર્યો: “ આ લોકો તો પાછા જઇ શકે. એ લોકો કાંઇ એના સહોદર થોડાંજ છે ? હું મુનિ ભવદત્તનો સહોદર થઇને પાછો કેવી રીતે જઇ શકું ? વળી એમની સાથે રસ્તાના ભાથાનો બોજ ઘણો હોવાથી એ થાકી ગયા છે, એટલા માટેજ આ ઘીનું વાસણ મારા હાથમાં પકડાવ્યું છે, એટલે એમને ઠેઠ સુધી વળાવી આવ્યા વગર મારે પાછા જવું ન જોઇએ.” આ પ્રમાણે વિચાર કરીને નાના ભાઇએ મોટા ભાઇનું અનુગમન કર્યું.

રખે ભવદેવ તેની સાથે આવવાની ઇચ્છા ન કરે એમ ધારીને ભવદત્તે તેના સાથે ગૃહસ્થાશ્રમની વાત આરંભી. પહેલાં બચપણની બધી વાત સંભારીને બન્ને ભાઇઓએ ઘણો આનંદ મેળવ્યો. આ પ્રમાણે વાર્તાલાપ કરતાં કરતાં તેઓ એક ગામ આગળ આવી પહોંચ્યા. આચાર્ય સુસ્થિતનો મુકામ એ વખતે પોતાના શિષ્યો સાથે એજ ગામમાં હતો.

ક્ષુદ્ર વિચારના શિષ્યો વરરાજાના વેશમાં ભવદેવને તેના ભાઇની સાથે આવતો જોઇને પરસ્પર હસવા લાગ્યા અને કહેવા લાગ્યા કે, “ પોતાનું વચન પાળવા ખાતર ભવદત્ત પોતાના ભાઇને સંન્યસ્ત ધર્મમાં દીક્ષિત કરવા તેડી લાવ્યો છે.” સુસ્થિતસૂરિ

બોલી ઊઠ્યાઃ "ભવદત્ત ! આ યુવક કોણ છે?" તેણે કહ્યું: "મહારાજ! એ મારો નાનોભાઇ ભવદેવ છે. તે દીક્ષા લેવા આવ્યો છે."

આચાર્યે ભવદેવને પૂછ્યું: "કેમ ભવદેવ! તું સંન્યસ્તવ્રત ગ્રહણ કરવાની ઇચ્છા રાખે છે?"

ભવદેવે ઉત્તર આપ્યોઃ "મારા ભાઇ મિથ્યાવાદી નથી."

ત્યાર પછી જૈન આચાર્ય સુસ્થિતસૂરિએ તેજ દિવસે ભવદેવને સંન્યસ્તવ્રતની દીક્ષા આપી અને ભવદેવને એ દિવસે બે સાધુઓની સાથે ભિક્ષા માગવા જવાની આજ્ઞા થઇ.

એટલામાં ભવદેવનાં સગાંવહાલાંઓ ત્યાં આવીને ભવદત્તને પૂછવા લાગ્યાં કે, "નવી પરણેલી સ્ત્રીને અર્ધઅલંકૃત દશામાં મૂકી ચાલ્યો આવેલ ભવદેવ ક્યાં ગયો? તેના ઓચિંતા ચાલ્યા આવ્યાથી ઘેર તો મોટી ગડબડ મચી રહી છે. એ કોઇને પણ પૂછ્યા વગર આમ ઓચિંતો ચાલ્યો આવશે એવી તો અમને સ્વપ્ને પણ આશા નહોતી. બોલો, એ ક્યાં ગયો છે?"

ભવદત્તે નાના ભાઇના ભાવિ કલ્યાણને લક્ષમાં રાખીને જૂઠું કહ્યું કે, "એ અહીંયાં આવ્યો હતો ખરો, પણ પછી ક્યાં ચાલ્યો ગયો તે મને ખબર નથી." તેમણે તેની ચારે તરફ શોધ કરી, પણ પત્તો નહિ લાગવાથી તેઓ નિરાશવદને પાછા ફર્યા.

હવે ભવદેવની સ્થિતિ શી થઇ હશે તેનો વાચકો વિચાર કરો. નવોઢા પ્રિય પત્ની નાગિલાનો વિચાર તેના હૃદયમાં આવ્યા કરતો હતો. કેવળ પ્રબળ ભ્રાતૃભક્તિને લીધે એણે સંન્યસ્તવ્રત લીધું હતું. એ વ્રત એને ઘણુંએ સાલતું હતું, પણ હવે તો એને કોઈ પણ પ્રકારે નિભાવ્યા વગર છૂટકોજ નહોતો.

કાળક્રમે તેનો મોટો ભાઇ ભવદત્ત અનશનવ્રત ગ્રહણ કરીને દેહત્યાગપૂર્વક સદ્ગતિને પામ્યો, એટલે ભવદેવ વિચારવા લાગ્યોઃ "મેં તો મોટા ભાઇના આગ્રહથી આ સંન્યસ્તવ્રત આટલા વરસ પાળ્યું છે. એ તો હવે સ્વર્ગવાસી થયા છે, તો હવે મારે આ પરિશ્રમવાળા વ્રતની શી જરૂર છે? નાગિલાને મારા વિરહથી જે વેદના થતી હશે તેની સરખામણીમાં મારું આ સંન્યસ્તનું દુઃખ કાંઇ પણ લેખામાં નથી. એ બિચારી અત્યંત દુઃખી અવસ્થામાં હશે. એ પ્રિયતમાને જીવતી જોઇ શકું તો આજેજ ગૃહસ્થાશ્રમનો સ્વીકાર કરીને તેની સાથે આનંદમાં દિવસ નિર્ગમન કરું."

આ ચિંતામાં ભવદેવનું ચિત્ત ઘણું વ્યાકુળ થઇ ગયું. એક દિવસ એ આચાર્યની આજ્ઞા લીધા વગરજ આશ્રમમાંથી ચાલ્યો ગયો અને પોતાના જન્મસ્થાન સુગ્રામમાં પહોંચ્યો. ત્યાં આગળ એક ઘરના બંધ કરેલા કમાડ આગળ તે બેઠો. થોડી વાર પછી એક સ્ત્રીએ એક બ્રાહ્મણીની સાથે આવીને મુનિવેશમાં બેઠેલા ભવદેવનાં દર્શન કરીને પુષ્પામાળાથી તેની પૂજા કરી. ભવદેવે એ સ્ત્રીઓને પોતાનાં માતપિતા, રાષ્ટ્રકૂટ અને રેવતી જીવે છે કે નહિ તે પૂછ્યું. તેમણે કહ્યું: "તે તો ક્યારનાંએ ગુજરી ગયાં." તેમના મૃત્યુ સમાચાર સાંભળીને ભવદેવે પૂછ્યું: "એમનો પુત્ર ભવદેવ નવી પરણેલી સ્ત્રીનો ત્યાગ કરીને ચાલ્યો ગયો હતો, તે સ્ત્રી તો જીવે છેને?" એ સ્ત્રી મનમાં ને મનમાં ભવદેવને ઓળખી ગઇ, પણ ખાતરી કરવા સારૂ પૂછવા લાગી: "કેમ મહારાજ! આપજ ભવદેવ છો કે શું? આપ અહીં શા સારૂ પધાર્યા છો?"

ભવદેવે કહ્યું: "હા, હુંજ એ હતભાગી ભવદેવ છું. મારી પોતાની ઇચ્છા નહિ હોવા છતાં પણ મોટા ભાઇના આગ્રહથી મેં સંન્યસ્તવ્રત ગ્રહણ કર્યું હતું. હવે એ મોટા ભાઇ પરલોકવાસી થયા છે. હું હવે નિરંકુશ છું. મારી પ્રિયતમા નાગિલાની શી દશા થઇ છે, તે જોવાને આજે હું અહીં આવ્યો છું."

વાચક બહેનો સમજી ગઇ હશે કે ભવદેવની સાથે વાર્તાલાપ કરનાર સ્ત્રી નાગિલાજ હતી. આટલાં વર્ષોમાં પતિવિયોગથી તેની મુખાકૃતિ એટલી બધી મંદ થઇ ગઇ હતી કે, ભવદેવ તેને ઓળખી શક્યો નહોતો. પતિને પોતાનો પરિચય આપવા સારૂ એ ધીમે સ્વરે બોલી: "હુંજ એ નાગિલા છું, જેને નવવિવાહિત અવસ્થામાં તજીને આપ જતા રહ્યા છો. હે પુણ્યાત્મા! જરા વિચાર કરીને જુઓ કે મારામાં હવે શું લાવણ્ય રહ્યું છે? સ્વર્ગના સુખનો પરિત્યાગ કરીને હે સ્વામિ! હવે તમે મને ગ્રહણ કરશો નહિ. અત્યંત ઘોર નરકમાં નાખનાર વિષયભોગ અને કામવાસનાઓને વશ થશો નહિ. આપના ભાઇએ પ્રપંચ રમીને આપને આ વ્રત ધારણ કરાવ્યું છે, એ વાત ખરી; પણ એમનો ઉદ્દેશ આપનો પરલોક સુધારવાનો હતો. પાપના ભંડારરૂપ મારા આ શરીર ઉપર અનુરક્ત થઇને તમે મૃત ભ્રાતા ઉપરનો પ્રેમ તજી દેતા નહિ. આપ ફરીથી સંસારમાં પડવાનો વિચાર માંડી વાળીને આજેજ પાછા ફરો અને ગુરુદેવના ચરણમાં જઇને તેમની

પાસે આ અનુરાગજનિત પાપબુદ્ધિની ક્ષમા માગો.”

નાગિલા પોતાના પતિ ભવદેવને આ પ્રમાણે બોધ આપી રહી હતી એવામાં તેની પાસે ઊભેલી બ્રાહ્મણીનો છોકરો કોઈ યજમાનને ત્યાંથી પુષ્કળ દૂધપાક જમીને ત્યાં આવ્યો અને માને કહેવા લાગ્યોઃ “મા! આજે મેં અમૃતના જેવો મીઠો દૂધપાક ખાધો છે. તમે નીચે એક વાસણ ધરો. હું એમાં ઊલટી કરૂં; કારણકે બીજી જગ્યાએ મારે જમવાનું નિમંત્રણ છે અને વમન કર્યા વગર ફરીથી ભોજન કરી શકાશે નહિ અને ભોજન કર્યા વગર યજમાન દક્ષિણા પણ નહિ આપે. દક્ષિણા લઈને પાછો આવીને આ દૂધપાક ખાઈ જઈશ. મેં પોતે વમન કર્યું છે અને હું પોતેજ તેને ફરીથી ખાઈશ. પોતાનું વમન પોતે ખાવામાં શરમ શાની?”

માતાએ પુત્રને મોંએથી આવી નિંદિત વાત સાંભળીને કહ્યુંઃ “બેટા! ઊલટી કરીને ખાધાથી લોકો ઘણી નિંદા કરશે. એવું કામ તે કદી થાય?”

ભવદત્તે એ બ્રાહ્મણીના મતને પુષ્ટિ આપીને કહ્યુંઃ “હે બાળક! તું જો વમન કરેલું અન્ન ખાઈશ તો તું કૂતરા કરતાં પણ નીચ ગણાઈશ.”

નાગિલાએ આવો સરસ લાગ મળેલો જોઈને કહ્યુંઃ “હે તપોધન! તમે આટલું બધું જ્ઞાન ધરાવો છો તો મને વમન કર્યા પછી, ફરીથી ગ્રહણ કરવાનો વિચાર શા માટે કરો છો? હું ઘણીજ અધમ છું. માંસ, લોહી, હાડકાં વગેરે ઘણા નિકૃષ્ટ પદાર્થોની બનેલી છું અને વમન કરતાં પણ વધારે ગંદી છું, તો પછી મારી સાથે ફરીથી સંબંધ બાંધતાં આપને લજ્જા નહિ આવે? પર્વત ઉપર આગ સળગે છે તે તો તમે જોઈ શકો છો, પણ તમારા પગની નીચે આગ સળગી રહી છે તે તો તમે જોતાજ નથી. આપ બીજાને ઉપદેશ આપો છો પણ પોતે ઉપદેશ પ્રમાણે ચાલતા નથી. જે આદમી બીજાને ઉપદેશ દેવામાંજ શૂરો છે તેની ગણના પુરુષોમાંજ નથી. જે કોઈ પોતાની જાતને સલાહ અને ઉપદેશ આપવામાં પ્રવીણ છે, તેજ ખરેખરા પુરુષ છે.”

સતી નાગિલાનો ઉપદેશ સાંભળીને ભવદેવે કહ્યુંઃ “દેવિ! આજે તેં મને અમૂલ્ય ઉપદેશ આપ્યો છે. મોહાંધ થઈને હું આજ દિવસ સુધી ઊલટે માર્ગે જતો હતો. આજ તારા ઉપદેશ-

થી ખરે રસ્તે ચડ્યો છું, માટે આજે હું સ્વજનવર્ગને એક વાર મળી લઇને ગુરુદેવની પાસે જઇશ અને તેમની પાસે મનોવિકારને માટે પશ્ચાત્તાપપૂર્વક ક્ષમા માગીશ તથા તેમના ઉપદેશથી કઠિન તપસ્યાનો આરંભ કરીશ.”

ભવદેવે આચાર્ય સુસ્થિતની પાસે જઇને પુનઃ ધર્મસાધનાનો આરંભ કર્યો. સતી નાગિલા પણ યતિની પાસે દીક્ષા લઇને સંન્યાસિની થઇ ધર્મચર્યામાં નિમગ્ન થઇ.

સતી નાગિલાનું દૃષ્ટાંત પણ આર્યશાસ્ત્રમાં એક અનુપમ દૃષ્ટાંત છે.તેનેજ મળતું એક આખ્યાન ‘બોધિસત્ત્વાવદાન કલ્પલતિકા’માં (૧૦ મા પલ્લવ)માં મળી આવે છે. એ આખ્યાનમાં નંદ પણ સુંદરીને માટે એટલો બધો અનુરક્ત થયો હતો. ભાઇના આગ્રહથી ભવદેવે સંન્યસ્તવ્રત લીધું હતું, તેવી રીતે ભગવાન બુદ્ધદેવના આગ્રહથી નંદે પણ સંન્યસ્તવ્રત લીધું હતું. નંદ પણ આખરે સુંદરીના વિરહથી વ્યાકુળ થયો હતો. ભગવાન બુદ્ધે છેવટે નંદનો ઉદ્ધાર કર્યો હતો.

૧૮-શ્રીમતી

આ સન્નારી પેઢાળપુર નામના નગરના રાજા વિજયની પટરાણી હતી. એ સન્નારી અનેક સદ્‌ગુણોથી વિભૂષિત હતી. ધર્મમાં તેને પ્રીતિ હતી. પ્રજાની સેવા, દાનપુણ્ય, ભગવદ્‌પૂજન વગેરેમાં દંપતિનો સમય વ્યતીત થતો હતો. શ્રીમતીને એક પુત્ર થયો. તેનું નામ અતિમુક્ત પાડ્યું.

માતાપિતાના સદ્‌ગુણો બાળકમાં હંમેશાં ઊતરી આવે છે. એક સમયે ગૌતમ સ્વામી એમને ઘેર ગોચરી કરવા પધાર્યા. તેને જોઇને બાળક કહેવા લાગ્યોઃ “ હું આપના જેવો થઇશ. ” ગૌતમ સ્વામીએ સાધુનાં કર્તવ્યો ગણાવ્યાં અને જણાવ્યું કે, “ એ તો ખાંડાની ધાર ઉપર ઊભા રહેવા સમાન છે, એ કાંઇ નાના બાળકની રમત નથી.” એમ છતાં બાળકે તો કહ્યુંઃ “ હું તો આપના જેવોજ થઇશ. ”

ગૌતમ સ્વામી ભિક્ષા લઇને પાછા ફરવા લાગ્યા એટલે બાળકે

માતાપિતાને જણાવ્યું કે, "મને દીક્ષા અપાવો. હું પણ સ્વામી બનીશ." પિતાએ તેને ઘણું સમજાવ્યો કે, "અમારી ભવિષ્યની બધી આશાઓ તારા ઉપર છે. તારે તો મોટા થઈને રાજ ચલાવવાનું છે. અત્યારથી તારે સાધુ બનવાની વાત કેવી હોય?" માતા શ્રીમતીએ પણ પ્રેમપૂર્વક એને ઘણી શિખામણ દીધી. તેના ઉત્તરમાં પુત્રે જણાવ્યું કે, "માતા, તમેજ મારામાં ઊંચા પ્રકારના સંસ્કાર પાડ્યા છે. એ વિચારોને અમલમાં મૂકવાનો આજે પ્રસંગ આવ્યો છે, ત્યારે સંસારનો અને રાજવૈભવનો મોહ બતાવીને તમે મને લલચાવો છો. તમે તથા પિતાજીએ વૃદ્ધાવસ્થાની વાત કહી એ પણ મને રુચતી નથી; કેમકે વૃદ્ધ કોણ અને જુવાન કોણ? સંસારમાં બધી વસ્તુઓ અનિત્ય છે. કોણ કોનો પુત્ર? સંસારચક્રમાં ભ્રમણ કરતાં એવા અનેક સંબંધ બંધાય છે અને તૂટે છે. સંસારની વસ્તુઓનું શરણ લીધાથી મનુષ્યને કદી સુખ મળતું નથી. ભગવાનનાં વચન એજ મનુષ્યને માટે સાચું શરણ છે." પુત્રને મુખેથી જ્ઞાનની વાત સાંભળીને માતપિતા સમજી ગયાં કે એના ચિત્તમાં ખરો વૈરાગ્ય ઉત્પન્ન થયો છે. તેમણે પ્રસન્નતાપૂર્વક પુત્રને દીક્ષા લેવાની રજા આપી.

મદાલસાની પેઠે બાળક પુત્રના ઉપર ધર્મના સંસ્કાર પાડે અને નાની વયમાં સંસારના પ્રલોભનમાંથી બચાવી મુક્તિના માર્ગમાં જવા દે એવી શ્રીમતી જેવી માતાઓને ધન્ય છે!

એકના એક પુત્રના સંન્યસ્ત લીધા પછી શ્રીમતીએ પોતાનું જીવન ધાર્મિક કાર્યોમાંજ ગાળ્યું હતું. પોતાના રાજ્યમાં દીન-દુઃખી અને નિરાધાર લોકોને માટે તેણે સંસ્થાઓ સ્થાપી હતી. જૈનશાસ્ત્રોમાં અતિમુક્ત મુનિની માતા તરીકે એની ઘણી વિખ્યાતી છે.





૧૯-કળાવતી

એ દેવશાળ નગરના રાજા વિજયસેનની પુત્રી હતી. એની માતાનું નામ શ્રીમતી હતું. તે વિદુષી નારી હતી. કળાવતી એની એકની એક કન્યા હોવાથી એના ઉપર એનો વિશેષ પ્રેમ હતો અને એ પ્રેમનો ઉપયોગ જૂઠાં લાડ લડાવવામાં ન કરતાં કન્યાને અનેક શાસ્ત્ર તથા કળાઓ અને નીતિનું ઉચ્ચ શિક્ષણ આપવામાં તેણે કર્યો હતો.

કળાવતી જ્યારે વિવાહયોગ્ય વયની થઇ ત્યારે સમજુ માતપિતાએ એ બાબતમાં તેનો અભિપ્રાય પૂછ્યો. તેણે જણાવ્યું કે, “ જે પુરુષ મારા ચાર પ્રશ્નનો ઉત્તર આપશે તેને હું વરીશ. ” પુત્રીનો એવો અભિલાષ જાણીને માતાપિતા પ્રસન્ન થયાં.

એ સમયમાં જંબુદ્વીપના મંગળા દેશમાં શ્રીશંખરાજ નામનો એક પ્રજાવત્સલ રાજા રાજ્ય કરતો હતો. એક દિવસ તેના રાજ્યમાં એક દત્ત નામનો શાહુકાર જઇ પહોંચ્યો અને તેણે પોતાના પ્રવાસનું વર્ણન કરતાં, કળાવતીના રૂપ, ગુણ, તથા બુદ્ધિની પ્રશંસા કરી અને પોતાની પાસેથી તેનું એક ચિત્ર પણ બતાવ્યું. દેવાંગના સમ સૌન્દર્યમયી કળાવતીનું ચિત્ર જોતાંજ રાજા મોહ પામી ગયો અને તેના ગુણોનું વર્ણન સાંભળતાં તો એને વરવાની ઉત્કંઠા વધી પડી. કળાવતીએ પોતાના ચાર પ્રશ્નનો ઉત્તર આપનારને વરવાની પ્રતિજ્ઞા લીધી છે તે પણ એણે જાણી લીધું. એના પ્રશ્નોનો ઉત્તર આપવાની યોગ્યતા મેળવવા એણે ઘણો સમય વિદ્વાનો અને સારા ગ્રંથોની સંગતમાં ગાળ્યો.

કળાવતીના પિતાએ તેના લગ્ન સારૂ સ્વયંવર રચ્યો હતો. અનેક રાજાઓ પરમ સુંદરી કળાવતીને વરવાની અભિલાષામાં ત્યાં આવ્યા હતા. એક પ્રતિહારીએ ઊંચે સ્વરે જણાવ્યું કે, “ જે કોઇ રાજકન્યાના ચાર પ્રશ્નનો ઉત્તર આપશે તેને એ વરમાળ

પહેરાવશે. એ ચાર પ્રશ્ન આ છે. ૧–દેવ કોણુ? ૨–ગુરુ કોણુ? ૩–તત્ત્વ શું અને ૪–સત્ત્વ કોને કહેવું?"

અનેક રાજાઓએ ચારે પ્રશ્નોના ભિન્ન ભિન્નરૂપે ઉત્તર આપ્યા, પણુ જૈનધર્મ ઉપર પ્રીતિ રાખનારી રાજબાળાને એ રુચ્યા નહિ. શંખરાજાએ ઉત્તર આપ્યો કે, "(૧) વીતરાગ એ પરમ દેવ છે, (૨) પંચમહાવ્રત ધારણુ કરનાર પરમ ગુરુ છે, (૩) જીવમાત્ર ઉપર દયા રાખવી એજ તત્ત્વ છે અને (૪) ઇંદ્રિયો ઉપર નિગ્રહ રાખવો એનું નામ સત્ત્વ છે." કળાવતી એ ઉત્તરથી પ્રસન્ન થઇ અને શંખરાજાના કંઠમાંજ તેણે વરમાળ આરોપી. ત્યાર પછી વિધિપૂર્વક લગ્નસંસ્કાર થયો. રાજાએ મોટી પહેરામણી આપીને શંખરાજાને કળાવતી સહિત વિદાય કર્યા.

રાજા શંખ અને કળાવતીનો એકબીજા ઉપર પુષ્કળ પ્રેમ હતો. તેમનો સંસાર સુખપૂર્વક વ્યતીત થવા લાગ્યો. થોડા સમય પછી કળાવતી ગર્ભવતી થઇ. આઠ માસ વીત્યા પછી એના પિયેરથી માણુસો તેડવા આવ્યાં. એ માણુસોની સાથે એના ભાઇ જયસેને બહેનને ભેટ તરીકે કેટલાંક વસ્ત્ર તથા બે બેરખા મોકલ્યા હતા. રાજા શંખે કળાવતીને પિયેર મોકલવાની ના કહી એટલે જયસેનના સેવકો પેલી ભેટ બારોબાર કળાવતીને આપીને પાછા ગયા. કળાવતીએ ભાઇની એ ભેટને પ્રસન્નતાપૂર્વક ધારણુ કરી અને એક દિવસ ઝરૂખામાં બેઠી બેઠી પોતાની એક સખીને કહેવા લાગી: "જોને, એનો મારા ઉપર કેવો પ્રેમ છે? મારે સારૂ કેવા સારા બેરખા મોકલ્યા છે. એનાથી મારા હાથ કેવા શોભી રહ્યા છે?"

ઝરૂખાની નીચે થઇને જતા રાજાએ બે સખીઓની વાત સાંભળી અને એના મનમાં એવી શંકા ગઇ કે, રાણી કોઇના ઉપર ગુપ્તપણે પ્રેમ રાખે છે. શંકા ઉત્પન્ન થતાંવારજ એના રોમેરોમમાં ક્રોધ વ્યાપી ગયો. એણે બે ચંડાળોને આજ્ઞા આપી કે, "રાણીને વનમાં મૂકી આવો અને બેરખા સહિત એનાં બે કાંડા કાપીને મારી પાસે લાવો."

ચંડાળોએ કલાવતીને વનમાં લઈજઇ રાજાની આજ્ઞા જણાવી. આવું દુઃખ કર્મના દોષ વડેજ પોતાના ઉપર આવી પડ્યું છે એમ ધારી એણે શાંતિથી ચંડાળોને પોતાના હાથ કાપવા દીધા.

એ અરણ્યમાંજ કળાવતીને પુત્રપ્રસવ થયો. તેને ઘણું ઓછું

આવ્યું અને કહેવા લાગીઃ "ભાઈ, તારો જન્મ પિતાને ઘેર થયો હોત તો આજે વાજાં વાગી રહ્યાં હોત અને ઘણા ઠાઠથી મહોત્સવ મનાવાતો હોત; પણ હાય! આજ મારી એવી દશા છે કે શિયાળ આદિ જંગલી જાનવરોના શબ્દથીજ તારા જન્મનો ઉત્સવ થઇ રહ્યો છે."

એવામાં નદીમાં પુષ્કળ પૂર આવ્યું. અનેક ઘર, વૃક્ષ તથા માણસો એમાં તણાવા લાગ્યાં. કળાવતી તો પરમેશ્વરનું સ્મરણ કરીને કહેવા લાગીઃ " જો મેં મારો પાતિવ્રત્ય ધર્મ મન, વચન અને કાયાથી પાળ્યો હોય અને શીલવ્રતનું પૂરેપૂરૂં પાલન કર્યું હોય તો મારા બન્ને હાથ સાજા થઇ જજો અને નદીનો પ્રવાહ અનુકૂળ થજો." સતીત્વના પ્રભાવથી એના બન્ને હાથ નવા થઇ ગયા અને નદીનો પ્રવાહ પણ અનુકૂળ થયો. એવામાં એક તપસ્વી ત્યાં આવ્યો અને કળાવતીને તેના નવા જન્મેલા પુત્રસહિત પોતાના આશ્રમમાં લઇ ગયો. ત્યાં આગળ તપસ્વિનીઓ સાથે કળાવતી સુખપૂર્વક ધાર્મિક જીવન ગાળવા લાગી.

પેલી તરફ ચંડાળો કળાવતીના બે હાથ રાજા પાસે લઇ ગયા. રાજાએ બેરખા હાથમાં લઇને જોયા તો એના ઉપર પોતાના સાળા 'જયસેન' નું નામ કોતરેલું હતું. તપાસ કરતાં ખબર પડી કે ભાઇએજ બહેનને એ ભેટ મોકલી હતી અને પતિવ્રતા રાણી પોતાના ભાઇના શુદ્ધ પ્રેમનીજ વાત કરી રહી હતી. રાજાને બહુજ તીવ્ર પશ્ચાત્તાપ થયો અને ચિતા ખડકીને બળી મરવા તૈયાર થયો,પણ પ્રધાને બોધ આપીને એવું સાહસ કરતાં રોક્યો.

રાજાએ ભજન, પૂજન અને ધર્મચર્ચામાંજ સમય ગાળવા માંડ્યો. તેણે પોતાના વિશ્વાસુ મિત્ર દત્તને રાણીની શોધમાં મોકલ્યો હતો. દત્તને તપસ્વીઓના આશ્રમમાં કળાવતીનો પત્તો લાગ્યો. દત્તને કળાવતી ઓળખતી હતી. એને જોતાંવારજ એનો શોક તાજો થયો અને એ રુદન કરવા લાગી. દત્તે એને આશ્વાસન આપ્યું તથા પશ્ચાત્તાપથી રાજા અગ્નિપ્રવેશ કરવા તૈયાર થયો હતો, પણ બંધુઓએ તેને રોકી રાખ્યો વગેરે વૃત્તાંત કહી સંભળાવ્યો. કળાવતીને એથી પતિ ઉપર દયા ઊપજી અને એણે મુનિવરને નમસ્કાર કરી,તેમની રજા લઇ પતિની રાજનગરી તરફ પ્રયાણ કર્યું. રાજાએ વાજતેગાજતે એને નગરમાં પધરાવી અને કહ્યું કે, "હે દેવિ! તું નિર્દોષ હોવા છતાં મેં તારી સાથે

આવી ઘાતકી વર્તણુંક ચલાવી છે, માટે મારા અપરાધની ક્ષમા આપજે." કળાવતીએ તો ક્યારનીએ પતિને ક્ષમા આપી દીધી હતી. કુલીન સ્ત્રીઓ સ્નેહાળ પતિના દોષને કદી હૃદયમાં સ્થાન આપતીજ નથી. ફરીથી એમનો સંસાર સુખમય થયો. પુત્રનું નામ એમણે પુષ્પકળશ પાડ્યું.

પુત્ર મોટો થયા પછી તેને રાજ્ય સોંપીને રાજારાણીએ દીક્ષા લીધી. લાંબા સમય સુધી ચારિત્ર્ય પાળીને તથા તત્ત્વચિંતન કરીને કળાવતી પતિસહિત સ્વર્ગે ગઇ.

૨૦–શ્રીમતી (બીજી)

એનો જન્મ રાજપુરી નગરીમાં થયો હતો. એના પિતાનું નામ ધનદત્ત અને માતાનું નામ ધનશ્રી હતું. સાત પુત્ર પછી એક પુત્રીનો જન્મ થયાથી શ્રીમતી માતાપિતાના બહુ સ્નેહને પાત્ર બની હતી.

એક વખત એ રાજ્ય ઉપર શત્રુએ આક્રમણ કર્યું અને જીવ બચાવવા સારૂ ગામના લોકોને નાસવું પડ્યું. શ્રીમતીની ધાવ એને લઇને નાસી ગઇ અને એક વનમાં વડવાઇની સાથે ઝોળી બાંધીને બાળકને સુવાડી પોતે પાણી પીવા ગઇ.

એવામાં રત્નપુરનો એક મોટો શેઠ જિનદત્ત ત્યાં આવી ચડ્યો અને લાવણ્યમયી બાળાના રૂપ તથા સૌમ્ય મુખથી પ્રસન્ન થઇ, પોતાને ઘેર લઇ ગયો અને તેને પોતાની કન્યા પેઠેજ ઉછેરવા લાગ્યો.

જિનદત્ત શેઠે તેને સારૂં શિક્ષણ આપ્યું. સંગીતવિદ્યા ઉપર તેની વિશેષ રુચિ હતી. મૂળે તો તેનો કંઠ મધુર હતો અને પછી શાસ્ત્રવિધિથી સંગીતનું શિક્ષણ મેળવ્યું, એટલે તેના ગીતમાંથી એક અપૂર્વ મધુરતા આવતી.

એક વખત શ્રીમતી પોતાની સખીઓ સહિત રમી રહી હતી અને સંગીતનો વિનોદ ચાલી રહ્યો હતો, એવામાં રત્નપુરનો રાજા ત્યાં જઇ ચડ્યો અને તેના નૂપુરના ધ્વનિથી એટલો બધો પ્રસન્ન થયો કે, એને એ પોતાની પુત્રી સમાન ગણવા લાગ્યો.

વિવાહયોગ્ય વયની થતાં જિનદત્તે મદન નામના એક સુયોગ્ય યુવક સાથે તેનું લગ્ન કરી દીધું. એ લગ્નમાં રાજાએ પણ ઘણો સારો ભાગ લીધો અને પુષ્કળ વસ્ત્રાલંકાર ભેટ આપ્યાં. એ દિવસથી તે "આભૂષણવતી"ના નામથી પ્રસિદ્ધ થઈ.

શ્રીમતીનો ગૃહસંસાર બહુ પ્રશંસનીય હતો. વડીલોની સેવા અને પતિપ્રેમમાં તેનો સમય વ્યતીત થતો હતો. ગૃહસ્થાશ્રમમાં રહીને ધર્મસાધના કરવામાં પણ તે સદા તત્પર રહેતી.

એક દિવસ એક પરમ વિદ્વાન મુનિ રત્નપુરમાં પધાર્યા. શ્રીમતીના સસરા પણ ત્યાં જઈ ચડ્યા અને સાધુનો ઉપદેશ સાંભળ્યા પછી પોતાની પુત્રવધૂના સદ્ગુણોની ઘણી પ્રશંસા કરી અને પૂછ્યું કે, "આ શ્રીમતીએ પૂર્વજન્મમાં કયું સત્કાર્ય કર્યું હશે જેના પ્રભાવે એ આવી વિદુષી, શીલવતી અને પરોપકારી નીવડી?" સાધુએ તેના પૂર્વજન્મનો વૃત્તાંત કહી સંભળાવ્યો કે, "પૂર્વજન્મમાં એ અનામિકા નામની તપસ્વિની હતી."

એ વૃત્તાંત સાંભળ્યા પછી શ્રીમતીની મતિ ધર્મ ઉપર વધારે દૃઢ થઈ. તેણે તપશ્ચર્યા કરવા માંડી, વ્રતનાં ઉદ્યાપન કર્યાં અને સંયમપૂર્વક જીવન ગાળવા લાગી. મૃત્યુ પછી તે મુક્તિને પામી.



૨૧–જયંતી

એ રાજા સહસ્રાનિકની પુત્રી અને કૌશામ્બીના રાજા ઉદયનની ફોઇ હતી. રાજા તેનું ઘણું સન્માન કરતો હતો.

શ્રીમહાવીરસ્વામી એ સમયમાં ભારતવર્ષમાં જૈનધર્મનો પ્રચાર કરી રહ્યા હતા. ફરતા ફરતા એ કૌશામ્બી નગરીમાં જઇ પહોંચ્યાં. ઉદયન રાજાએ એમના આગમનથી આખી નગરીને ઉત્તમ રીતે સજાવી અને ઘણીજ શ્રદ્ધાપૂર્વક મહાવીરસ્વામીની પધરામણી કરી, યથાવિધિ પૂજન કર્યું.

રાજકુટુંબની મહિલાઓ પણ મહાવીરસ્વામીનાં દર્શને આવી. બીજી બધી સ્ત્રીઓ તો પાછી ગઇ, પણ જયંતી જે પરમ વિદુષી અને જ્ઞાનપિપાસુ હતી તે ત્યાંજ બેસી રહી અને સ્વામીનો ઉપદેશ સાંભળવા લાગી. ઉપદેશ પછી તત્ત્વજ્ઞાનના કેટલાક ગૂઢ પ્રશ્નોની શંકાઓનું સમાધાન કરવાના હેતુથી તે પૂછવા લાગી: “ હે ભગવન્ ! જીવ ભારકર્મી કેવી રીતે થાય છે ? ”

મહાવીરસ્વામીએ ઉત્તર આપ્યો: “ જયંતિ ! અઢાર પાપકર્મ કર્યાથી જીવ ભારકર્મી થાય છે. ” અને પછી તેમણે જીવહિંસા, અસત્ય ભાષણ, ચોરી, વ્યભિચાર, હદ ઉપરાંત ધન વગેરે એકઠાં કરવાનો લોભ, ક્રોધ, અહંકાર, માયા, છળકપટ, લોભ, અતિશય દ્વેષ, કલહ–કલેશ, ખોટું આળ ચડાવવું, ચાડી ખાવી, કોઇના ઉપર આસક્તિ, પરનિંદા, મૃષાવાદ અને મિથ્યાપણું એ અઢાર દોષ ગણાવી તે સંબંધી વિસ્તારથી વિવેચન કર્યું. ત્યાર પછી જયંતીએ પૂછ્યું: “ભવસિદ્ધિપણું જીવોને સ્વભાવથીજ છે કે પરિણામથી ? ભવસિદ્ધિવાળા બધા જીવો સિદ્ધિને પામશે કે કેમ ? ” તેના મહાવીરસ્વામીએ ખુલાસા કર્યા. એટલે ફરી એણે પૂછ્યું: “ ભગવન્ ! મનુષ્યો સ્વભાવસ્થા કરતાં જાગ્રતાવસ્થામાં ઘણાં કર્મો-

નો બોજ બાંધે છે, માટે જીવો સૂતા હોય તો સારા કે જાગતા હોય તો સારા ?"

આ પ્રશ્નથી પ્રસન્ન થઇને મહાવીર પ્રભુ બોલ્યાઃ "જે જીવો ચારિત્ર્યધર્મને અનુસરીને ચાલતા ન હોય, જેઓ વડીલની આજ્ઞા ન માનતા હોય, જેઓ ધર્મનો ઉપદેશ બીજાને ન કરતા હોય, ધર્મના ઉપર જેની ભક્તિ ન હોય, કુળાચારનું જેઓ પાલન ન કરતા હોય, અનીતિ અને દુરાચારનું સેવન કરતા હોય, એવા મનુષ્યો પથારીમાં પડ્યા પડ્યા ઘોર્યા કરે એજ સારૂં; કેમકે તેઓ જાગતા રહે તો બીજાં પ્રાણીઓને દુઃખનું કારણ થઇ પડે. એથી ઊલટું જેઓ સદાચારી, ધાર્મિક, પરોપકારી, સાધુસંત અને વડીલની સેવા કરનાર, નીતિ અને ધર્મને અનુસરીને ગુજરાન ચલાવનારા છે, તેઓ જાગતાજ સારા; કેમકે તેઓ જનસમાજનું તથા બીજાં પ્રાણીઓનું અનેક પ્રકારે કલ્યાણ કરી શકે છે."

ત્યાર પછી જયંતીએ પૂછ્યુંઃ "જીવ બળવાન સારા કે નિર્બળ ?" તેનો ઉત્તર પણ ઉપર મુજબજ વિસ્તારથી સ્વામીજીએ આપીને જણાવ્યું કે, "પૂર્વે જણાવેલા પાપી જીવો દુર્બળ હોય તેજ સારૂં; કેમકે તેમના દુર્બળ હોવાથી બીજાં પ્રાણીઓ દુઃખથી બચે છે. વળી ઉપર જણાવી ગયો છું તેવા ધર્માત્મા જીવો બળવાન હોય તેજ સારૂં, કેમકે તેઓ પોતાના બળથી બધા પ્રકારના જીવનું રક્ષણ તથા કલ્યાણ કરે છે."

જયંતીએ ફરીથી પ્રશ્ન કર્યોઃ "જીવો ઉદ્યમી સારા કે આળસુ ?" તેના ઉત્તરમાં સ્વામીજીએ જણાવ્યું કે, "ઉપર જણાવેલા ધાર્મિક જીવો ઉદ્યમી સારા; કેમકે તેઓ આચાર્ય, ઉપાધ્યાય, સ્થવિર, તપસ્વી, વિદ્યાર્થી, સંઘ તથા જનસમાજની સેવા કરે છે. વળી ઉપર જણાવેલા પાપી જીવો આળસુ રહે એજ સારૂં છે, કેમકે એટલો વખત તેઓ દુષ્કર્મથી નિવૃત્ત રહે છે."

જયંતીએ જ્ઞાનને લગતા બીજા પણ પ્રશ્નોનાં સમાધાન કરાવ્યાં હતાં, તે ઉપરથી એની અસાધારણ વિદ્વત્તા અને શાસ્ત્રમાં પારંગતતાનો પરિચય મળી આવે છે.

હિંદુઓની મૈત્રેયી અને ગાર્ગીની બ્રહ્મજિજ્ઞાસાનો વારસો જૈન આર્યાઓમાં પણ પૂરેપૂરો ઊતરી આવ્યો હતો, એ જાણીને આપણને સગર્વ આનંદ થાય છે.

૨૨–સુનંદા (અભયકુમારની માતા)

એ જૈન સંસારમાં ખ્યાતિ પામેલા રાજા શ્રેણિકની પત્ની અને અભયરાજની માતા હતી. બેન્નાતટ નગરમાં ધનપતિ નામના વાણિયાને ઘેર એનો જન્મ થયો હતો. સુનંદાને માતપિતાએ સારૂં શિક્ષણ આપ્યું હતું અને યોગ્ય વરની શોધમાં મોટી વય સુધી તેને કુમારી રહેવા દીધી હતી.

એ અરસામાં રાજગૃહ નગરીના રાજાનો પુત્ર શ્રેણિક ધનપતિની દુકાને જઈ ચડ્યો અને બન્ને વચ્ચે મિત્રતા થઇ. ધનપતિને ઘેર હવે શ્રેણિક આવજા કરવા લાગ્યો. એ પ્રસંગોમાં સુનંદાને શ્રેણિકના રૂપ અને ગુણનો પરિચય થયો અને તે તેના ઉપર મોહિત થઇ ગઇ. પોતાના મનનો અભિલાષ તેણે માતાની આગળ જણાવ્યો. આમ અજાણ્યા પુરુષ સાથે પોતાની પુત્રી પરણવા અભિલાષી થાય એ વાત માતાને રુચી નહિ. તેણે પુત્રીને ઠપકો આપ્યો. સુનંદાએ વિનયપૂર્વક કહ્યું: “માતા! મેં આપની આગળ હૃદયનો સાચો ભાવ પ્રકટ કરી દીધો તેનો અર્થ આપ એવો ન કરશો કે મેં કોઇ રીતે મારા જીવનને કલંકિત કર્યું છે. મારા ચિત્તમાં કોઈ જાતનો વિકાર નથી. એક આર્ય બાળાને છાજે એવો વિશુદ્ધ પ્રેમ મારો શ્રેણિકકુમાર પ્રત્યે છે. શ્રેણિક મારા હૃદયના નાથ છે. વરીશ તો એમનેજ વરીશ; નહિ તો જન્મપર્યન્ત કુમારી રહી, બ્રહ્મચર્ય વ્રતનું પાલન કરીશ.”

સુનંદાના પિતાના જાણ્યામાં એ વાત આવી ત્યારે એ પ્રસન્ન થયા. શ્રેણિકના ગુણોનો પરિચય તેમને થયોજ હતો. ભિન્ન ભિન્ન વર્ણમાં એ સમયમાં લગ્ન થતાં હતાં, એટલે એમણે એ વિવાહ સંબંધમાં સંમતિ આપી.

શ્રેણિકને સુનંદાનો અભિલાષ જણાવવામાં આવ્યો. શ્રેણિકે સુનંદાને મળીને પોતાની ખરી સ્થિતિ જણાવી. પોતાના જેવા

રમતારામ, અજાણ્યા પુરુષ સાથે લગ્ન કરવામાં જોખમ સમાયું છે એ સમજાવ્યું. સુનંદાએ કોઇ પણ જાતના જોખમની પરવા કરી નહિ; ભાવિ પતિ ઉપર જરાયે અણુવિશ્વાસ આણ્યો નહિ. એક આર્ય બાળાને માટે ભૂષણરૂપ ગણાય એવા શબ્દોમાં તેણે ઉત્તર આપ્યો: "ભદ્ર ! આપ મને ખોટો ભય બતાવીને મારો વિચાર ફેરવવાની આશા ન રાખશો. મેં નિશ્ચય કર્યો છે કે, પરણીશ તો તમનેજ પરણીશ, નહિ તો સંયમપૂર્વક કૌમાર્યવ્રત ધારણ કરીશ. આપ પરદેશી છો અને લગ્ન કરીને મને છોડીને ચાલ્યા જશો તો હું પાતિવ્રત્ય ધર્મનું પાલન કરતી પિયેરમાં બેસી રહીશ અને રાત-દિવસ આપના પ્રિય નામનોજ જપ કરીશ."

પરીક્ષામાં સુનંદા પાર ઊતરી. શ્રેણિકે તેને પોતાનાં હૃદયનું દાન કર્યું. શુભ દિવસે બન્નેનાં લગ્ન થઇ ગયાં.

થોડા સમય પછી સુનંદાને ગર્ભ રહ્યો. એની માતા તેના બધા દોહદ પ્રેમપૂર્વક પૂરા કરવા લાગી, એમ છતાં સુનંદા દુર્બળ થતી જતી હતી. તપાસ કરતાં જણાયું કે એના મનમાં એક દોહદ ઉત્પન્ન થયો છે અને તે દોહદ પૂર્ણ થવાની આશા નહિ હોવાથી સુનંદા દિનપ્રતિદિન શોષાઇ જતી હતી.

ગર્ભાવસ્થામાં દરેક સ્ત્રીને દોહદ થાય છે, પણ સુનંદાનો દોહદ ઘણા ઊંચા પ્રકારનો હતો. એનો દોહદ હાથી ઉપર બેસીને રાજમાર્ગમાં દાન આપતાં જવાનો હતો. એ વખતે રાજા સાથે સાથે ચાલે. પછી એ દેવસ્થાનોમાં પૂજા કરે. પોતાના એ દોહદનું વિસ્તારથી વર્ણન કરતાં કહ્યું: "માતા! મારી એવીજ ઇચ્છા છે કે, હાથી ઉપર બેસીને વાજતેગાજતે હું જાઉં; પંચ પરમેષ્ઠીનો મંત્ર ભણું, મનોવાંછિત દાન આપું, સ્વધર્મીઓને સંતોષું, દેશમાં અહિંસાવ્રત પળાવું અને સાધુઓને સાત્ત્વિક ભોજન કરાવું."

માતા પુત્રીનો આવો દોહદ જાણી પ્રસન્ન તો થઇ, પણ પોતાના ગજા ઉપરાંતની વાત હોવાથી ઉદાસ થઇ. તેણે જમાઇને એ વાત જણાવી. શ્રેણિક પત્નીના ઉચ્ચ અભિલાષથી પ્રસન્ન થયો. શ્રેણિકે એ દોહદ પૂરો થવાનો ઉપાય સૂચવ્યો. એ નગરના રાજાને સુલોચના નામની એક પુત્રી હતી. એનાં નયન સુંદર અને વિશાળ હોવા છતાં પણ તે તેજહીન હતાં. છતી આંખે તે આંધળી હતી. શ્રેણિકની પાસે એક રત્ન હતું, તે ઘસીને આંખે ચોપડ્યા-

થી આંખનું તેજ પાછું આવતું હતું. શ્રેણિકની સૂચનાથી એ રત્ન લઈ ધનપતિ શેઠ રાજાની પાસે ગયો અને સુલોચનાની આંખનો ઇલાજ કરીને રાજાને પ્રસન્ન કર્યો. રાજાએ મોંમાગ્યું ઇનામ આપવા જણાવ્યું, ત્યારે ધનપતિએ પુત્રીના દોહદનો વૃત્તાંત કહ્યો અને એ દોહદ પૂર્ણ કરવા પ્રાર્થના કરી.

રાજાએ તેની માગણી સ્વીકારી. સુનંદાનો દોહદ પૂર્ણ થયો.

શ્રેણિક પોતાના પિતાના રાજ્યમાં ગયો. સુનંદાએ પિયેરમાં પુત્રને જન્મ આપ્યો, તેનું નામ અભયકુમાર પાડવામાં આવ્યું. માતાએ તેને ઘણું સારૂ શિક્ષણ આપ્યું હતું. થોડા સમય પછી એ પણ પુત્રસહિત પતિને ઘેર ગઇ. રાજા શ્રેણિકે ધામધૂમસહિત તેનો નગરપ્રવેશ કરાવ્યો.

દીન–દરિદ્રીની સેવા, ધર્મોપદેશ, ભગવાનનું પૂજન આદિ સત્કાર્યમાંજ સુનંદાનું જીવન વ્યતીત થતું હતું. અભયકુમારે મહાવીરસ્વામીના સમયમાં ઘણી પ્રસિદ્ધિ મેળવી હતી. ઉત્તરાવસ્થામાં એ દીક્ષા લઇ મોક્ષનો અધિકારી બન્યો હતો.

૨૩–अग्निका

એ ઉત્તર મથુરાના નિવાસી જયસિંહ નામના વણિકની બહેન હતી. એક દિવસ દેવદત્ત નામનો વણિક પરદેશથી ત્યાં આવ્યો. તેને અને જયસિંહને મિત્રતા બંધાઇ. મિત્રને ઘેર જમવા જવાને પ્રસંગે અગ્નિકાના રૂપથી મુગ્ધ થઇ દેવદત્તે તેનું માગું કર્યું. જયસિંહે કહ્યુંઃ "એ બહેન મને ઘણીજ પ્રિય છે. એને મારાથી દૂર ખસેડી શકાય એમ નથી. જે કોઇ એને વરીને મારા ઘરમાંજ રહેવાને બંધાય તેની સાથે હું એને પરણાવીશ." દેવદત્તે એ વાતનો સ્વીકાર કર્યો અને બન્નેનાં લગ્ન થયાં.

એક દિવસ દેવદત્તને એનાં માતપિતા તરફથી તેડાવવાનો પત્ર મળ્યો. એ પત્ર વાંચતાં દેવદત્તના નેત્રમાં આંસુ ભરાઇ આવ્યાં. અગ્નિકાએ એ પત્ર વાંચ્યો અને પતિને કહ્યુંઃ "આપનાં માતપિતા વૃદ્ધ થયાં છે. આપણી ફરજ તેમની પાસે જઇને તેમની સેવા કરવાની છે." દેવદત્તે કહ્યુંઃ "એ બધુ ખરૂં પણ મેં

તારા ભાઇને વચન આપ્યું છે, કે હું તારી સાથે અહીંજ રહીશ. હું મારી પ્રતિજ્ઞાનો ભંગ કદાપિ નહિ કરૂં. દ્રવ્યનો નાશ થાય, ભાઇબંધુઓ ગુસ્સે થાય, રાજ્યનો નાશ થાય, પ્રાણ જાય તોપણ ડાહ્યા મનુષ્યો પ્રતિજ્ઞાનો ભંગ કરતા નથી. માણસે જેટલું નભી શકે તેટલુંજ વચન આપવું જોઇએ. માટે વચનથી બંધાયલો હું અહીંથી ખસનાર નથી."

અગ્નિકા સમજુ સ્ત્રી હતી. પતિનું ધર્મસંકટ તે સમજી શકી. પોતાની ખાતર પતિ માતપિતા પ્રત્યેનો ધર્મ બજાવતાં ચૂકે છે એ તેને યોગ્ય ન લાગ્યું. તેણે પતિને બોધ આપ્યો: "માતપિતા સમાન તીર્થ નથી તો પછી એમની ખાતર પ્રતિજ્ઞાભંગ થાય એમાં પણ દોષ ન કહેવાય." તેણે પોતાના ભાઇને પણ સમજાવ્યો અને પતિની સાથે સાસરે જવાની રજા માગી.

અગ્નિકા સગર્ભા હતી. તેને લઇને દેવદત્ત માતપિતાની પાસે જવા નીકળ્યો. માર્ગમાંજ અગ્નિકાએ પુત્રને જન્મ આપ્યો. માર્ગમાં સુવાવડના સમય જેટલું રોકાઈ, અગ્નિકા પતિ સાથે સાસરે પહોંચી અને સાસુસસરાને વિનયપૂર્વક પગે લાગી. એમણે અગ્નિકાના પુત્રનું નામ સંધિરણ પાડ્યું, પણ અગ્નિકાના સદ્‌ગુણ તેનામાં ઊતરી આવેલા હોવાથી સંસારમાં એ "અગ્નિકા-પુત્ર"ના નામથી પ્રસિદ્ધ થયો.

અગ્નિકાએ તેનામાં ધાર્મિક ભાવ દાખલ કર્યો હતો, તેને લીધે મોટી વયે સંસારના ભોગવિલાસ પ્રત્યે તેને વૈરાગ્ય ઉત્પન્ન થયો અને દીક્ષા ગ્રહણ કરી શાસ્ત્રાધ્યયનમાં જીવન ગાળ્યું.





૨૪-શીલવતી

આ સન્નારીનો જન્મ મંગળપુરી નગરીના નિવાસી જિનદત્ત શેઠને ઘેર થયો હતો. શીલવતીમાં નામ પ્રમાણેજ ગુણ હતા. પિતાએ ઊંચા પ્રકારનું શિક્ષણ આપી તેની બુદ્ધિને કેળવી હતી. તેની સાથે સાથે તેના હૃદયમાં ધર્મ અને નીતિના ઉચ્ચ સંસ્કાર પણ પાડ્યા હતા. રસોઈ, અતિથિસત્કાર, ગૃહ-રચના આદિમાં પણ એણે વિશેષ પ્રવીણતા મેળવી હતી.

પુખ્ત વયની થયા પછી તેનું લગ્ન જંબુદ્વીપના રત્નાકર શેઠના પુત્ર અજિતસેન સાથે થયું હતું. અજિતસેન પણ સુંદર અને સુશિક્ષિત હતો; એટલે આ સંબંધ સર્વ પ્રકારે યોગ્યજ હતો.

શીલવતીએ સાસરે જઈને પોતાના મીઠા સ્વભાવ, આજ્ઞાપાલન તથા કાર્યકુશળતાથી બધાંને પ્રસન્ન કરી નાખ્યાં. રત્નાકર શેઠ તથા તેમનાં પત્ની પણ વિનયવાળી વહુ ઘેર આવ્યાથી પોતાના જીવનને સફળ ગણવા લાગ્યાં તથા કહેવા લાગ્યાં કે, “ કુળના તેમજ ઘરના દીવા જેવી ઉત્તમ વહુ પ્રાપ્ત કરીને મનુષ્ય ગૃહસ્થાશ્રમને ત્રણે વર્ગના સારરૂપ માને છે તે વાજબીજ છે.”

એક દિવસ મધ્ય રાત્રીને સમયે એક શિયાળનો અવાજ સાંભળીને શીલવતી માથા ઉપર ઘડો લઈને બહાર ગઈ. એનો સસરો એ વખતે જાગતો હતો. એને તરતજ વહુની નીતિ માટે શંકા ગઈ. સ્ત્રીઓની નીતિની બાબતમાં લાંબો વિચાર કર્યા વગર એકદમ અભિપ્રાય બાંધી દેવાની પુરુષોને ટેવજ હોય છે. એ પ્રમાણે રત્નાકર શેઠે પુત્રવધૂની સુશીલતાનો આટલો બધો અનુભવ હોવા છતાં એકદમ તેને માટે ખરાબ અભિપ્રાય બાંધ્યો. શીલવતી તો નિંદવા યોગ્ય કાંઈ પણ કામ કર્યા વગર થોડી વારમાં તે ઘડાને મૂકીને પાછી આવી અને સૂઈ ગઈ, પણ રત્નાકર શેઠનો સંશય તો દૃઢ થયો. એમણે સવારે પોતાની પત્નીને વહુને માટે

અભિપ્રાય પૂછ્યો. સાસુએ પણ વહુની બધી વર્તણુંક મર્યાદાપૂર્વક છે એવી ખાતરી આપી, પણ શેઠે તો પોતે એને રાતે બહાર જતાં જોયેલી એટલે એને અનીતિના પ્રત્યક્ષ પૂરાવા તરીકે રજૂ કરીને એને વ્યભિચારિણી ઠરાવી. પુત્રના મનમાં પણ તેણે એ વાત ઠસાવી અને એવી વહુને ત્યજી દેવાનો નિશ્ચય કરાવ્યો. પુત્ર પણ સંમત થયો એટલે શેઠ વહુને પિયેરમાં મૂકી આવવાનું બહાનું કાઢીને શીલવતીને રથમાં બેસાડીને બહાર ગામ નીકળી પડ્યા.

માર્ગમાં નદી આવી એટલે શેઠે વહુને જોડા કાઢીને નદી ઊતરવાની સલાહ આપી. પણ વહુ તો જોડા સહિત ઊતરી. થોડું આગળ ચાલતાં મગનું એક ખેતર આવ્યું. શેઠે કહ્યું: “આ ખેતરના ધણીને માલની બહુ સારી ઊપજ થશે.” વહુએ કહ્યું: “જો એને કોઇ ખાઇ નહિ જાય તો આપનું વચન સાચું ઠરશે.” શેઠને લાગ્યું કે, આ વહુ નાદાન અને બહુબોલી છે. વળી આગળ જતાં એક સુંદર સમૃદ્ધિશાળી શહેર આવ્યું. સસરાએ તેનાં ઘણાં વખાણ કર્યાં, પણ વહુએ કહ્યું: “જો એ ઉજ્જડ હોત તો વધારે સારૂં.” આગળ જતાં એક યોદ્ધો મળ્યો. તે મારથી લોહીલોહાણ થયો હતો. સસરાએ તેની વીરતાની પ્રશંસા કરી, પણ વહુએ તો કહ્યું કે, “એ તો માર ખાઇને આવ્યો છે. એ બીકણ અને પામર પુરુષ છે.” શેઠને વહુના સ્વભાવથી કંટાળો આવતોજ જતો હતો. આગળ જતાં માર્ગમાં એક વડનું વૃક્ષ આવ્યું. શેઠ એની છાયામાં બેઠા, પણ વહુ તો શેઠે બોલાવ્યા છતાં દૂર જઇ બેઠી. ત્યાંથી આગળ પ્રયાણ કરતાં એક સુંદર શહેર આવ્યું. એમાં સાત પોળ હતી. શેઠે એની પ્રશંસા કરી, પણ વહુએ તો તેને ઉજ્જડ ગામડું ગણી કાઢ્યું. આગળ ઉપર ત્રણચાર ઘરવાળું એક ગામડું આવ્યું તેને જોઇ વહુએ કહ્યું: “આ વસ્તીવાળું ગામ છે.” શેઠને શીલવતીના ઊલટા ઉત્તરોથી ક્રોધ વ્યાપતો જતો હતો, એટલામાં શીલવતીના મામા ત્યાં આગળ આવ્યા અને પોતાને ત્યાં લઇ જઇ ઘણો આદરસત્કાર કર્યો. એણે માર્ગમાં ખાવા સારૂ ભાથું પણ બાંધી આપ્યું. ત્યાંથી આગળ વધતા બપોર થયા એટલે રસ્તામાં એક વૃક્ષની નીચે શેઠ સૂઇ ગયા અને વહુ ભાથું ખાવા લાગી. એટલામાં એક કાગડો બોલવા લાગ્યો. ચતુર શીલવતી પક્ષીઓની ભાષા સમજતી હતી. પ્રાચીન કાળમાં ભારતવર્ષમાં પશુપક્ષીઓની ભાષા જાણનારા ઘણા લોકો હતા. એ પણ

એક શાસ્ત્ર ગણાતું. હવે તો એ વિદ્યાને પુરાણોની દંતકથાજ માનવામાં આવે છે, પણ યૂરોપમાં કેટલાક આગ્રહી વિદ્વાનો પશુઓની ભાષા જાણવાના પ્રયાસમાં જીવન ગાળી રહ્યા છે. અસ્તુ ! કાગડાનો શબ્દ સાંભળીને શીલવતી બોલી ઊઠીઃ "ભાઇ, શું કામ વિલાપ કરી રહ્યો છે ? તારા મનની વાત હું જાણું છું." શેઠ સૂતા સૂતા જાગતા હતા. તેને ખાતરી થઇ કે શીલવતી પક્ષીઓની ભાષા જાણે છે. કાગડો ફરીથી બોલવા લાગ્યો, એટલે શીલવતીએ કહ્યુંઃ "પૂર્વે એકનાં વચનને લીધે તો મારે પતિવિયોગનું દુઃખ સહન કરવા વારો આવ્યો, હવે ફરીથી તારો વિલાપ સાંભળીને કાંઇ કરવા જાઉં તો પિતાને મળવા જઇ રહી છું તેમાં પણ વિઘ્ન આવે." એ સાંભળીને સસરાએ એને એવું બોલવાનું કારણ પૂછ્યું. ત્યારે શીલવતીએ જણાવ્યું કે, "કેટલીક વખત સાચું કહેવા જતાં ગુણ એજ દોષરૂપ થઇ પડે છે. આ સૃષ્ટિમાં જીવોને ઘણી વાર એમના સદ્‌ગુણની ખાતરજ સજા ખમવી પડે છે. બાલ્યાવસ્થામાં હું પશુપક્ષીઓની ભાષા શીખી હતી, તેને લીધે મને એમના સુખદુઃખનું જ્ઞાન થાય છે અને દયા ઊપજતાં હું ઘણી વાર એમને સહાયતા કરવા તૈયાર થાઉં છું." આ ખુલાસો સાંભળતાંવાર શેઠને પોતાની ભૂલ માટે પસ્તાવો થયો અને તેણે વહુની ક્ષમા માગી. શીલવતીએ વિનયપૂર્વક કહ્યુંઃ "આપ વડીલ અને પિતાતુલ્ય છો. ક્ષમા માગીને મને શરમાવો નહિ. આપ સૂતા હતા અને હું ઘડો લઇને બહાર ગઇ હતી, તે વખતે મેં એક શિયાળનો સ્વર સાંભળ્યો હતો. તે એમ કહેતી હતી કે, 'એક મડદું તણાતું આવે છે. એના ઉપર લાખ રૂપિયાનાં ઘરેણાં છે.' હું ત્યાં ગઈ અને મડદાની ઉપરથી લાખ રૂપિયાનાં ઘરેણાં ઉતારી દાટી આવી. વળી આ કાગડો આપણું ભાથું માગે છે અને કહે છે કે, આ વડના વૃક્ષ નીચે દશ લાખ સોનામહોર છે.'" શેઠને હવે લોભ થયો. કાગડાની તૃષ્ણા તૃપ્ત કરીને શેઠે પોતાની તૃષ્ણા મટાડવા સારૂ જમીન ખોદવા માંડી. એમાંથી સુવર્ણના કુંભ નીકળ્યા. તેને શીલવતીની બુદ્ધિને માટે ઘણો સારો અભિપ્રાય બંધાયો અને ઘર તરફ રથ પાછો વાળ્યો. માર્ગમાં શીલવતીએ પોતાના પ્રશ્નોના ઊલટા ઉત્તર આપ્યા હતા તેનો ખુલાસો પૂછ્યો. શીલવતીએ જણાવ્યુંઃ "સાત સાત પોળવાળા ગામને મેં ઉજ્જડ એટલા સારૂ કહ્યું હતું કે, જે ગામમાં ઘણી વસ્તી

હોય, છતાં આપણું તનનું માણસ ત્યાં કોઇ ન હોય તો તે ઉજ્જડ સમજવું. એથી ઊલટું ઉજ્જડ અને ઘણીજ આછી વસ્તીવાળા ગામડામાં આપણા સગાનું ઘર હોય તો એને વસ્તીવાળું ગણવું. પેલા ઝૂંપડીવાળા ગામમાંથી પણ મારા મામાએ આવીને આપણો કેટલો બધો સત્કાર કર્યો હતો ? વડના વૃક્ષની છાયામાં હું એટલા માટે નહોતી બેઠી કે વૃક્ષના મૂળ આગળ સાપ આદિ જીવો આવવાનો સંભવ રહે છે. પેલા સુભટને મેં કાયર અને બાયલો એટલા માટે કહ્યો હતો કે એની પીઠ ઉપરજ બધા ઘા હતા. ખરો વીર હોત તો એની છાતી ઉપર ઘા હોત. મગના ખેતરની બાબતમાં મેં આપના અભિપ્રાયમાં સુધારો કરીને એમ કહ્યું હતું કે, જો તે અત્યાર આગમચ ખવાયું ન હોત તો બેશક ઘણા સારા પાકવાળું છે. એનું કારણ એ કે, ખેડૂત લોકો એટલા બધા ગરીબ છે કે વાવેતર સારૂ બી અને પોતાના ખોરાક સારૂ અનાજ શાહુકાર પાસે દેવું કરીને લાવે છે, એટલે પાક ઊતરીને તેમના ઘરમાં આવે તે પહેલાં તો પાકની કિંમત જેટલું દેવું એમના ઉપર ચડી ગયું હોય છે." એવી રીતે શીલવતીએ પોતાની બધી વર્તણુંકના સંતોષકારક ઉત્તર આપીને સસરાને પ્રસન્ન કર્યા.

થોડાક સમય પછી એનાં સાસુસસરા મરી ગયાં, એટલે અજિતસેન અને શીલવતી કુટુંબનાં વડીલ બન્યાં. એ દેશના રાજાએ પૂછેલા એક વિકટ પ્રશ્નનો ઉત્તર શીલવતીની બુદ્ધિથી તેના પતિએ રાજાને સંતોષ પમાડે એવી રીતે આપ્યો, એથી પ્રસન્ન થઇને રાજાએ તેને પોતાનો મંત્રી બનાવ્યો હતો.

કેટલાક સમય પછી શીલવતીના સૌંદર્ય અને બુદ્ધિની પ્રશંસા સાંભળીને રાજાના મનમાં વિકાર ઉત્પન્ન થયો. રાજાએ તેના પતિને કામ પ્રસંગે બહાર મોકલ્યો અને પોતે પોતાના અધમ મિત્રોને શીલવતીને લલચાવવા સારૂ મોકલ્યા. શીલવતી ઘણીજ પતિવ્રતા હતી. શીલવતીએ પોતાની બુદ્ધિથી એના ચારે મિત્રોને કેદ કરીને પેટીમાં પૂર્યા અને રાજા અરિમર્દનને તેમની દુર્દશા બતાવી. રાજાને ખાતરી થઇ કે શીલવતી ખરેખર શીલમાં પ્રથમ પંક્તિની છે. એણે સતીનો ઘણો સત્કાર કર્યો.

શીલવતી તેના સમયમાં આદર્શ સતી મનાતી હતી.

ઉત્તરાવસ્થામાં તેણે ધર્મની દીક્ષા લીધી હતી. જૈનો માને છે કે, સતી શીલવતી પતિસહિત પાંચમે દેવલોકે વસે છે.

૨૫-ભદ્રા

ભદ્રા રાજનગરના સુપ્રસિદ્ધ શેઠ ગોભદ્રની પત્ની થતી હતી. ગોભદ્ર શેઠનું રાજ્યમાં ઘણું સારૂં માન હતું. ભદ્રા સુશિક્ષિત સન્નારી હતી. દંતકથા એવી છે કે એના જન્મ પૂર્વેજ એક જ્યોતિષીએ એની માતાના જન્માક્ષર જોઇને કહ્યું હતું કે, " આ સન્નારીના ગર્ભમાંથી અવતરનાર પુત્રી જેના ઘરમાં પરણીને જશે, તેના ઘરમાં ભદ્ર અર્થાત્ કલ્યાણજ થશે. " આ ઉપરથી એ બાલિકાનું નામ ભદ્રા પાડવામાં આવ્યું હતું.

ભદ્રા પરણીને સાસરે ગઈ. માતપિતાને ત્યાં મળેલી ઉચ્ચ કેળવણીને પ્રતાપે સાસરામાં તેણે સારી છાપ પાડી. એનું જીવન ધાર્મિક હતું, જૈન ધર્મનું આહ્નિક તે નિયમપૂર્વક કરતી.

યથાસમયે તેને ગર્ભ રહ્યો. ગર્ભાવસ્થામાં તેણે સ્વપ્નમાં શાળ અર્થાત્ ડાંગરનું ખેતર જોયું. ત્યાર પછી થોડા દિવસમાં એને પુત્ર અવતર્યો. ગોભદ્ર શેઠે તેનું નામ શાળિભદ્ર પાડ્યું. આઠ વર્ષની વયે તેને નિશાળે મૂક્યો. ત્યાં તે સકળ વિદ્યામાં પારંગત થયો. મોટો થતાં એનાં લગ્ન કરવામાં આવ્યાં. અનેક સ્ત્રીઓ પરણવાનો મોહ તો પ્રાચીનકાલમાં હિંદુ અને જૈનોમાં એકસરખોજ હોય એમ લાગે છે. નગરશેઠના પુત્રને એક સ્ત્રીએ ચાલે? બત્રીસ સુંદર સ્ત્રીઓ સાથે તેનાં લગ્ન કરવામાં આવ્યાં. ધનવૈભવની ખોટ તો હતીજ નહિ. તેમાં આ વનિતાવિલાસ ઉમેરાયો, એટલે શાળિભદ્ર શેઠ ભોગવૈભવમાં જીવન ગાળવા લાગ્યા.

પુત્ર મોટો થયો અને એણે ઘરનો તથા દુકાનનો વ્યવહાર સંભાળી લીધો, એટલે ગોભદ્ર શેઠે સંસારનો ત્યાગ કરીને દીક્ષા લીધી. સતી ભદ્રાએ પણ પતિની સાથેજ જવાનો અભિલાષ

જણાવ્યો, પણ ગોભદ્ર શેઠે તેને પુત્રની સાથે રહેવા આગ્રહ કર્યો એટલે એ ઘરમાંજ રહી.

એક દિવસ કોઇ વેપારી રાજા શ્રેણિકના મહેલમાં રત્નકંબળ વેચવા ગયો અને સવા લાખ સોના મહોર એના મૂલ્યરૂપે માગી. રાજાનો જીવ ન ચાલ્યો એટલે વેપારી પાછો ફર્યો અને નગરમાં જઇને ભદ્રાદેવીને લાખ મહોરમાં વેચી આવ્યો. રાણી ચિલ્લણાને ખબર પડી કે રાજાએ વેપારીને પાછો કાઢ્યો છે. એને એવી રત્નકંબળનો અભિલાષ હતો, તેથી વેપારીને તેડાવી મંગાવ્યો. વેપારીએ કહ્યું કે, "મેં ભદ્રા શેઠાણીને એ વેચી દીધી છે." રાણીએ પૂરેપૂરી કિંમત આપીને ભદ્રા પાસેથી એ રત્નકંબળ ખરીદી લાવવા નોકરને મોકલ્યો. તો ભદ્રાએ જણાવ્યું કે, "મેં એ સોળ કંબળના ૩૨ કકડા કરીને મારી ૩૨ વહુઓને આપી દીધા હતા અને વહુઓએ હાથપગ લૂછીને એ કકડા ફેંકી દીધા છે. જરૂર હોય તો એ કકડા કંઇ પડ્યા હશે, ત્યાંથી ઉપાડી જાઓ." નોકરે એ વાત જઇને રાજા તથા રાણીને જણાવી. શેઠશાહુકારો આટલો બધો વૈભવ ભોગવે છે, પૈસો એમને માટે પાણીથી પણ તુચ્છ છે એ જાણીને રાજાને આશ્ચર્ય થયું અને શાળિભદ્રને જોવાની તેને ઇચ્છા થઇ. રાજાએ શાળિભદ્રને બોલાવવા માણસ મોકલ્યો; પણ ભદ્રાએ કહેવરાવ્યું કે, "મારો પુત્ર કોઇને ઘેર જતો નથી. મહારાજા સાહેબ જાતેજ મારા ઘેર પધરામણી કરીને મારૂં ઘર પવિત્ર કરે એવી મારી પ્રાર્થના છે."

રાજાએ આમંત્રણ સ્વીકાર્યું અને ભદ્રાએ પ્રસંગને છાજે એવી રીતે રાજમાર્ગ તથા પોતાના મહેલને શણગાર્યો. ઘણી ધામધૂમપૂર્વક રાજાનો સત્કાર કરી ચોથે માળે એક મૂલ્યવાન સિંહાસન ઉપર રાજાને પધરાવ્યા.

શાળિભદ્ર એ સમયે પણ સાતમે માળ બેઠો હતો. માતાએ જઇને તેને બોલાવ્યો અને રાજાના આવ્યાની ખબર કહી. તેણે કહ્યું: "તેની પાસે જે કાંઈ વેચવાનું હોય તે ખરીદી લો." ભદ્રાએ કહ્યું: "ભાઇ એ વેપારી ન હોય. એ તો મગધ દેશના રાજા આપણા માલિક શ્રેણિકરાજ છે અને તને મળવા આવ્યા છે." શાળિભદ્રને આજે ભાન થયું કે એને માથે પણ કોઇ ધણી છે. એ સ્વતંત્ર નથી. ઈંદ્રપુરી સમાન વૈભવનો સ્વામી હોવા છતાં પણ એ પરાધીન છે. એ ક્ષણેજ એના ચિત્તમાં વૈરાગ્ય ઉત્પન્ન

થયો અને દીક્ષા લેવાનો નિશ્ચય કર્યો.

માતાની સલાહ માની રાજાને મળીને એ થોડી વારમાં ઉપર ગયો. ભદ્રાએ રાજાનો આદરસત્કાર બહુ સારી રીતે કર્યો. ભાત-ભાતનાં ભોજન જમાડ્યાં. ઊંચી જાતનાં વસ્ત્રાલંકાર નજરાણામાં ધર્યાં. રાજા પ્રસન્ન થતો અને પોતાના રાજ્યમાં આવા શેઠ તથા આવી વિદુષી અને કુશળ ગૃહિણીઓ વસે છે તે માટે અભિમાન ધરાવતો રાજમહેલમાં પાછો ગયો.

શાળિભદ્રે ઘરબાર ત્યજી દીક્ષા લીધી. પુત્રના હૃદયનો ઉચ્ચ ભાવ સમજી જઇ ભદ્રાએ પુત્રને એ માર્ગે જવા રજા આપી. ભદ્રાના જમાઇએ પણ એજ સમયમાં દીક્ષા ગ્રહણ કરી.

પુત્ર તથા જમાઇના ગૃહત્યાગ પછી ભદ્રાએ ધર્મસાધના અને ચિંત્વન તથા ધ્યાનમાંજ આયુષ્ય ગાળ્યું. પાછળથી એણે પણ વૈરાગ્ય આણીને મહાવીરસ્વામી પાસે દીક્ષા લીધી. સાધ્વી-રૂપે અનેક નગરો તથા ગામમાં વિચરીને તેણે સ્ત્રીઓને ધાર્મિક જીવન ગાળવાનો બોધ આપ્યો હતો અને તપશ્ચર્યાપૂર્વક સંયમી જીવન ગાળી તે સ્વર્ગે સિધાવી હતી.

૨૯–સરસ્વતી

એ મગધ દેશના ધારાવાસ નગરના રાજા વજ્રસિંહની પુત્રી અને પ્રસિદ્ધ જૈન આચાર્ય ત્રીજા કાલિકાચાર્ય-ની બહેન હતી. બન્ને ભાઇબહેનને માતપિતા તરફ-થી સારૂં શિક્ષણ મળ્યું હતું. એ શિક્ષણને પ્રતાપે બન્નેની રુચિ ધર્મ તરફ હતી.

એક દિવસ કાલિકકુમારને ગુણધરસૂરિ નામના વિદ્વાન સાધુ-ની મુલાકાત થઇ. સાધુએ તેને ઉપદેશ આપ્યો કે, “ નરભવ, મનુષ્યક્ષેત્ર, ઉત્તમ જાતિ, શ્રેષ્ઠ કુળ, ઉત્તમ રૂપ, આરોગ્ય, લાંબું આયુષ્ય, ઉત્તમ બુદ્ધિ, ધર્મશ્રવણ, ધર્મનું ગ્રહણ, ધર્મ ઉપર શ્રદ્ધા અને સત્તર પ્રકારનો સંયમ એટલાં વાનાં મળવાં દુર્લભ છે.” મુનિના એ શબ્દોએ કુમારના ચિત્ત ઉપર ઊંડી અસર કરી. એ ઘેર આવ્યો અને બહેન સરસ્વતીને એ ઉપદેશ સંભળાવ્યો. એ ઉપદેશ સાંભળતાં સરસ્વતીના હૃદયમાં પણ વૈરાગ્ય ઉત્પન્ન થયો.

એને ખાતરી થઇ કે આ સંસાર મોહરૂપ છે. એમાં ફસાયાથી જીવની અવનતીજ થાય છે, માટે એ મોહજાળને તોડીને ધર્મનું ચિંત્વન કરવામાંજ આયુષ્ય ગાળવું જોઇએ.

આવા વિચારો ઉત્પન્ન થવાથી કાલિકકુમાર અને સરસ્વતી-એ માતાપિતાની આજ્ઞાથી દીક્ષા લઈ જ્ઞાનમાં ઘણી ઉન્નતિ કરી અને ધર્મોપદેશ કરીને 'પ્રવર્તિની'પદ પ્રાપ્ત કર્યું.

એક દિવસ ધર્મોપદેશ કરતાં કાલિકાચાર્ય ઉજ્જન જઇ પહોંચ્યા. દૈવસંયોગે પ્રવર્તિની સરસ્વતી પણ વિચરતી વિચરતી ત્યાંજ જઇ ચડી. એ વખતે નગર બહાર રાજા ગર્દભિલ્લની દૃષ્ટિ એના ઉપર પડી. સરસ્વતીનું રૂપલાવણ્ય જોઇ તે મુગ્ધ થઇ ગયો અને બળાત્કારથી તેને ઉપાડીને પોતાના મહેલમાં લઇ ગયો. એ અત્યાચારના ખબર ગામમાં પહોંચતાં ત્રાસ વર્તાઇ રહ્યો. નગરના સંઘે જઇ રાજાને પ્રાર્થના કરી, પણ કામાંધ રાજાએ તેમની પ્રાર્થનાને ગણકારી નહિ અને સરસ્વતીને અંતઃપુરમાં પૂરી રાખી.

રાજાએ મહેલમાં જઇને સરસ્વતીને ઘણીજ લાલચ બતાવી. લાલચથી વશ ન થઇ ત્યારે ભય બતાવ્યો, પણ કોઇ પણ પ્રકારે સતી સરસ્વતી એની દુષ્ટ ઇચ્છાને વશ ન થઇ. એણે ધર્મનુંજ શરણ લીધું અને શીલવ્રતમાં દૃઢ રહી. એણે નિશ્ચય કર્યો હતો કે, "ભલે રાજા મને રિબાવી રિબાવીને મારી નાખે, પણ આ દેહ-ને તો હું ભ્રષ્ટ નહિજ થવા દઉં."

પેલી તરફ કાલિકાચાર્યથી બહેનનું અપમાન સહન થયું નહિ. અહિંસા વ્રતધારી સાધુનો પિત્તો પણ એવે પ્રસંગે વાજબી રીતે ઊકળ્યો. મ્લેચ્છ રાજા શકકૂલ અને બીજા ૯૬ રાજાઓની મદદથી તેમણે ઉજ્જયિની નગરી ઉપર ચડાઇ કરી અને ત્યાંના રાજાનો પરાજય કર્યો. સતી સરસ્વતી અંતઃપુરના બંધનમાંથી મુક્ત થઇ. ધર્મ અને નીતિ ઉપર જે સ્ત્રી આરૂઢ છે તેને હાનિ પહોંચાડવાની શક્તિ ક્રૂરમાં ક્રૂર મનુષ્યમાં પણ નથી.

સરસ્વતીએ પાછું લોકોમાં ધર્મોપદેશ કરવાનું કાર્ય હાથમાં લીધું અને તેમાં ઘણો યશ મેળવ્યો. એ સમયના એક વિદ્વાન જૈન એની પ્રશંસામાં કહી ગયા છે કેઃ—

"સાધ્વીકુળમાં દીવા જેવી, સદ્બુદ્ધિવાળી શ્રીકાલિકાચાર્યની બહેન સાધ્વી સરસ્વતી, સાક્ષાત્ સરસ્વતીની પેઠે જય પામે છે."

૨૭–નાગવસુ

એ કાશી નગરીના પ્રિયમિત્ર નામના ગૃહસ્થની કન્યા હતી. તેનું સૌંદર્ય અનુપમ હતું. તેણે સર્વ કલાનો અભ્યાસ કર્યો હતો. યુવાવસ્થાને પ્રાપ્ત થઈ ત્યાં લગી એનું લગ્ન થયું નહોતું. એનાં માતપિતાએ એની એક સખીદ્વારા લગ્ન સંબંધી એના વિચાર જાણવાનો યત્ન કર્યો. એના ઉત્તરમાં નાગવસુએ જણાવ્યું કે, "અદત્તાદાનનું મહાવ્રત જેણે લીધું હોય તેને હું પરણીશ." પારકી વસ્તુને એના ધણીની આજ્ઞા સિવાય ન લેવી એ નાગવસુના મનથી બહુ મોટો ગુણ હતો. એ એક ગુણ પૂર્ણરૂપે સાધવા જતાં મનુષ્યમાં ધર્મ, નીતિ અને દયાના અનેક સદ્‌ગુણો આપોઆપ આવશ્યક થઇ પડે છે. એજ કારણને લીધે ઉપનિષદોમાં ઉપદેશ અપાયો છે કે, પારકું ધન ઓળવવાનો, પરાયા ધનને અધિકાર વગર પ્રાપ્ત કરવાનો અભિલાષ કદાપિ ન કરવો.

વારાણસીના કોટવાળે નાગવસુને વરવાની ઇચ્છા પ્રગટ કરી હતી, પણ એનામાં તો અદત્તાદાનના વ્રતથી ઊલટા ગુણો હતા. પારકું ધન કેમ ઓહિયાં કરવું એજ એ પોલીસ કર્મચારીનો મૂળમંત્ર હતો; એટલે નાગવસુએ એની સાથે લગ્ન કરવાની સ્પષ્ટ શબ્દોમાં ના કહી.

સદ્‌ભાગ્યે એને મનોવાંચ્છિત ગુણવાળો એક યુવક મળી આવ્યો. તેનું નામ નાગદત્ત હતું. નાગવસુના પિતાએ એની સાથે વિદુષી પુત્રીનું લગ્ન કરી દીધું.

નાગવસુ અને નાગદત્તના વિચાર એકસરખા હતા, એટલે એમનો સંસાર ઘણા સુખમાં ચાલવા લાગ્યો. એમનું એ દાંપત્યસુખ વસુદેવ કોટવાળ જે નાગવસુનો પ્રેમ પ્રાપ્ત કરવામાં નિષ્ફળ

નીવડ્યો હતો, તેનાથી ખમાયું નહિ. એણે કોઇ રીતે પવિત્ર નાગદત્તને ફસાવવાનો નિશ્ચય કર્યો. એક દિવસ રાજાનું કુંડળ રસ્તામાં પડી ગયું. એ કુંડળ કોટવાળના દીઠામાં આવ્યું. તેણે ગુપ્ત રીતે એ કુંડળને નાગદત્ત કાંઇ કામ કરી રહ્યો હતો તે સ્થાનમાં એક વસ્ત્રમાં વીંટાળીને મૂક્યું અને પછી તેના પર ચોરીનો આરોપ મૂક્યો. નાગદત્ત ઉપર મુકદ્દમો ચાલ્યો. કોટવાળના પૂરાવા ઉપરથી એ નિર્દોષ યુવકને શૂળીએ ચઢાવવાની સજા થઇ. એ હુકમ સાંભળતાંજ નાગદત્ત તો આશ્ચર્ય પામ્યો, પણ એની સાધ્વી સ્ત્રીએ ધીરજ આપી કે, “ પ્રાણનાથ ! રાજાનો હુકમ પુખ્ત વિચાર કર્યા વગરનો અને ન્યાયથી વિપરીત છે પણ એને તાબે થવું એજ આપણું કર્તવ્ય છે. હું જાણું છું કે તમે અદત્તાદાનનું વ્રત લીધેલું છે. પારકું ધન તમારે માટે માટી સમાન છે. સત્યવ્રતનો મહિમા શાસ્ત્રમાં ઘણો કહ્યો છે, માટે ધર્મ ઉપર દૃઢ શ્રદ્ધા રાખી આપ રાજાની આજ્ઞાને તાબે થાઓ. ધર્મજ આપનું રક્ષણ કરશે. ”

નાગદત્ત રાજાની સમીપ ગયો. રાજદૂતો જે સમયે એને વધસ્તંભ ઉપર લઈ ગયા તે સમયે એવો ચમત્કાર બન્યો કે એ વધસ્તંભ એક દિવ્ય સિંહાસનમાં બદલાઇ ગયો. વળી આકાશવાણી થઇ કે, “નાગદત્ત નિર્દોષ છે. એ પરમ ધાર્મિક પુરુષ છે. એણે અદત્તાદાનનું મહાવ્રત લીધું છે. પારકી વસ્તુ કદી પણ ન લેવાનો એણે દૃઢ સંકલ્પ કરેલો છે. એના ઉપરનો આરોપ મિથ્યા છે અને દ્વેષને લીધે ઊભો કરવામાં આવેલો છે.”

સતી નાગવસુને પતિની નિર્દોષતા આ પ્રમાણે દૈવી સહાયતાથી સાબિત થયેલી જોઇને ઘણો આનંદ થયો. રાજાએ પતિપત્નીનો ઘણો સત્કાર કર્યો.

સતી નાગવસુને પતિના વ્રતની શ્રેષ્ઠતા સિદ્ધ થવાથી ઘણોજ સંતોષ થયો. એ પ્રસંગે એકઠા થયેલા લોકોને એણે ઉપદેશ આપ્યો કે,“ધર્મ સર્વ મંગળ કાર્યનું મૂળ છે, સર્વ દુઃખ ટાળવાનું ઔષધ છે અને અતુલ બળરૂપ છે. ધર્મજ મનુષ્યમાત્રનું શરણ છે. જીવદયા, સંયમ, તપ એ ધર્મનાં ઉત્તમ અંગ છે. જેનું મન નિરંતર ધર્મને વિષે રહે છે, તેને સ્વયં દેવતાઓ પણ નમસ્કાર કરે છે.”

નાગદત્તે ઘણાં વર્ષ સુધી સંસારસુખ ભોગવીને ઉત્તરવયમાં દીક્ષા ગ્રહણ કરી હતી અને અંતે મુક્તિનો અધિકારી બન્યો હતો.

નાગવસુએ વારાણસી નગરીમાં અનેક સત્કાર્ય કર્યાં હતાં. દાન પણ તેણે પુષ્કળ કર્યું હતું.

પતિએ ગૃહસ્થાશ્રમનો ત્યાગ કર્યા પછી સતી નાગવસુએ પોતાનું જીવન જનસેવા, ધર્મચર્ચા અને ઉપદેશ જેવાં પુણ્ય કર્મોમાં ગાળ્યું હતું.

૨૮–લક્ષ્મીવતી

એ પાટલીપુત્ર નગરના નવમા નંદ રાજાના મંત્રી શકટાળની પત્ની હતી. એના ગર્ભમાં પ્રસિદ્ધ જૈન સાધુ સ્થૂલિભદ્ર તથા યક્ષા, યક્ષદત્તા, ભૂતા, ભૂતદત્તા, સેવા, વેણા અને રેણા નામની સાત કન્યાઓનો જન્મ થયો હતો. એ સાતે કન્યાઓ પોતાની વિદ્વત્તા તથા શુદ્ધ આચારને લીધે જૈન ધર્મમાં સતી તરીકે પૂજાય છે.

લક્ષ્મીવતી ઘણી સદાચારી અને સુશિક્ષિત સન્નારી હતી. શકટાળ રાજ્યકાર્યમાં કુશળ અને પાકો મુત્સદ્દી હતો. પતિ-પત્નીનો એકબીજા ઉપર ઘણો પ્રેમ હતો અને એમનો સંસાર પરમ સુખમાં ચાલતો હતો. લક્ષ્મીવતીને સ્થૂલિભદ્ર ઉપરાંત શ્રીયક નામનો પણ એક પુત્ર હતો. પુત્રો ઘણુંખરૂં પિતાના સહવાસમાં તથા એના રાજખટપટી વાતાવરણમાં ઊછરતા. તેઓ આરંભમાં માતાના ગૃહશિક્ષણથી વંચિત રહ્યા હતા, પરંતુ સાતે કન્યાઓના શિક્ષણનો ભાર વિદુષી લક્ષ્મીવતીએ લીધો હતો. ધર્મ તથા નીતિના સિદ્ધાંત માતાએ શિક્ષણથી તથા પોતાના જીવનના ઉદાહરણથી સચોટપણે પુત્રીઓના હૃદયમાં ઠસાવ્યા હતા. એની સાતે કન્યાઓ વિચિત્ર સ્મરણશક્તિ ધરાવતી હતી. સૌથી મોટીને એકજ વાર સાંભળ્યેથી સ્મરણમાં રહી જતું, તો બીજીને બે વાર સાંભળ્યેથી; એમ અનુક્રમે સાતમીને સાત વાર શ્રવણ કર્યાથી પાઠ યાદ થઇ જતો.

કન્યાઓ ઉપર જેવી રીતે માતાની અસર થઈ તેવી અસર

પુત્રો ઉપર થઈ નહિ. એનો મોટો પુત્ર રાજખટપટી બન્યો અને નાનો વેશ્યાસક્ત બન્યો. કોશા નામની એક વારાંગનાના સહવાસમાં રહી એ પોતાના જીવનને ભ્રષ્ટ કરવા લાગ્યો.

મોટા પુત્ર શ્રીયકે શકટાળના શત્રુ વરરુચિની પ્રચંડ જાળમાં ફસાઇને રાજસત્તાના લોભથી પિતાની હત્યા કરી હતી.

બન્ને પુત્ર કુપથગામી નીવડવાથી સતી લક્ષ્મીવતીને ઘણો શોક થયો અને રાતદિવસ પુત્રોને સન્મતિ આપવા સારૂ ભગવાનને પ્રાર્થના કરવા લાગી. પતિના સ્મારકરૂપે તથા તેના આત્માના કલ્યાણ અર્થે લક્ષ્મીવતીએ ઘણું પુણ્યદાન કર્યું હતું.

શકટાળના મૃત્યુ પછી રાજાએ શ્રીયકને મંત્રીપદ આપવા માંડયું, પણ પિતૃવધના પાપનો પશ્ચાત્તાપ થવાથી એણે ના પાડી અને પોતાના મોટા ભાઇ સ્થૂલિભદ્રનું નામ સૂચવ્યું. સ્થૂલિભદ્ર એ સમયે કોશા વેશ્યાને ઘેર હતો. વેશ્યાની રજા લઇ એ માતાને મળ્યો. માતાએ તેને ધર્મોપદેશ આપ્યો. આ વખતના ઉપદેશની એના મન ઉપર અસર થઇ અને સદ્વિચારના અંકુર ફૂટવા લાગ્યા. એ સદ્વિચારના પ્રતાપે સ્થૂલિભદ્રે મંત્રીપદનો અસ્વીકાર કર્યો, વેશ્યાનો સંગ પણ છોડ્યો અને શુદ્ધ જીવન ગાળવા માંડયું. શ્રીયકને રાજાએ આગ્રહપૂર્વક મંત્રી બનાવ્યો.

સતી લક્ષ્મીવતીએ હવે બન્ને પુત્રોને સુબોધ આપવા માંડ્યો. એ બોધની એવી અસર થઇ કે સ્થૂલિભદ્રે સંસારત્યાગ કરીને દીક્ષા લીધી અને શ્રીયકે મંત્રીપદ ઉપર બિરાજી પરોપકારનાં અનેક કાર્ય કર્યાં. એણે પણ પાછલી વયમાં દીક્ષા લીધી હતી.

લક્ષ્મીવતીની સાત કન્યાઓએ પણ સાધ્વી વ્રત સ્વીકાર્યું હતું. એ સાતે સતીઓ તથા સાધુ સ્થૂલિભદ્ર અને શ્રીયકનાં નામ જૈન ધર્મમાં પ્રસિદ્ધ છે. એમનાં જીવનના સત્કાર્યનો યશ મોટે ભાગે તેમની માતા લક્ષ્મીવતીને છે.





२९-ज्वालादेवी

એ ગજપુર નગરના રાજા પદ્મોત્તરની રાણી હતી. જૈન-મુનિ સુવ્રતાચાર્યના સમયમાં એનો જન્મ થયો હતો. એના ગર્ભથી વિષ્ણુકુમાર અને મહાપદ્મ નામનાં બે પુત્ર સંતાન ઉત્પન્ન થયાં હતાં, બન્ને ભાઈઓ ઘણા વિદ્વાન અને પરાક્રમી હતા. માતા જ્વાલાદેવી તરફથી બન્નેને સારૂં શિક્ષણ મળ્યું હતું.

જ્વાલાદેવી ઘણી પતિવ્રતા તથા ધર્મપરાયણા હતી. એ ત્રિકાલ ધર્મારાધન કરતી અને સાત ક્ષેત્રોમાં દાન કરતી. ગરીબોનાં દુઃખદારિદ્રય દૂર કરવામાં એને વિશેષ આનંદ આવતો. રાજા એની એવી વૃત્તિથી ઘણો પ્રસન્ન રહેતો અને રાણીની શુભ પ્રવૃત્તિઓને તન, મન, ધનથી ઉત્તેજન આપતો.

સતી જ્વાલાદેવીના મોટા પુત્ર વિષ્ણુકુમારે સુવ્રત સ્વામી પાસે દીક્ષા લઈ ઘરસંસારનો ત્યાગ કર્યો હતો અને ધર્મોપદેશકનું કાર્ય કરી મહામુનિ તરીકે પ્રસિદ્ધિ મેળવી હતી. પુત્રની કીર્તિ સાંભળીને જ્વાલાદેવીને ઘણો આનંદ થતો હતો. એ પોતાનો ઘણોખરો સમય ધર્મસાધનમાંજ ગાળતી હતી. દાન કરવામાં એણે પાછું વળીને જોયું નહોતું. તે સ્વધર્મી કે પરધર્મી બધાંને એકસરખું દાન કરતી હતી. દાનધર્મનો મહિમા એણે પોતાંના ઉદાહરણ તથા ઉપદેશથી વધાર્યો હતો.

જૈન ઇતિહાસમાં વિષ્ણુકુમાર અને પદ્મોત્તર ચક્રવર્તીની માતા તરીકે તથા એક પરમ દાનશીલ રાણી તરીકે સતી જ્વાલાવતીનું નામ પ્રસિદ્ધ છે અને સદાકાળ રહેશે.

૩૦–ચિલ્લણા

એ વિશાલા નગરીના મહારાજા ચેટકની કન્યા હતી. ચેટક રાજાને સાત પુત્રીઓ હતી. પાંચનાં લગ્ન થઇ ગયાં હતાં. ચિલ્લણા અને સુજયેષ્ઠા કુમારી હતી. એ બહેનો રાજભવનમાં દેવકુમારી સમ દીપતી. બન્ને સુશિક્ષિત અને ધર્મકાર્યમાં પ્રીતિવાળી હતી અને સર્વ કળાઓમાં નિપુણ હતી. બન્ને બેહેનોનો સ્નેહ અપૂર્વજ હતો.

રાજા શ્રેણિક સાથે ચિલ્લણાનું લગ્ન થયું હતું. ચિલ્લણા જેવી પત્ની પામ્યાથી રાજા શ્રેણિક પોતાને ભાગ્યશાળી ગણતો હતો. બન્નેનો સંસાર સુખી હતો. બન્ને હંમેશાં વિદ્યા, કળા અને ધર્મની ચર્ચા કરતાં. ચિલ્લણા સાહિત્યની પણ અનુરાગી હતી અને સુંદર સમસ્યા–પૂર્તિથી પતિને ઘણી વાર પ્રસન્ન કરતી.

રાજા શ્રેણિકે એને સારૂ એક સ્તંભવાળું ઘર બંધાવ્યું હતું. ત્યાં એક સુંદર બગીચો પણ હતો. સતી ચિલ્લણા ત્યાં બેસી ધર્મનું આરાધન કરતી. ગરીબોને દાન તથા અભણ મનુષ્યોને જ્ઞાન આપવામાં એનો ઘણો સમય જતો. એવી સદાચારી પત્નીના સમાગમથી રાજા શ્રેણિક પણ ધાર્મિક બન્યો હતો.

મહાવીર પ્રભુ ચિલ્લણાના સમાગમમાં આવ્યા હતા અને તેના સદ્‌ગુણોને લીધે તેને માટે ઘણું માન ધરાવતા હતા.

એક સમયે રાતને વખતે નિદ્રામાં રાણી ચિલ્લણા બોલી ઊઠી: “એને કેમ હશે ?” રાજા શ્રેણિક એ વખતે જાગતો હતો. એણે એ વાક્ય સાંભળ્યું અને પત્નીના ચારિત્ર્ય માટે એને શંકા ગઈ. પુરુષને સ્ત્રી માટે એક વખત શંકા ઊપજે પછી એની સારાસારનો વિચાર કરવાની વિવેકબુદ્ધિનો નાશ થઈ જાય છે. બુદ્ધિમાન પુરુષ પણ એ સમયે સાહસ કરવા તૈયાર થઇ જાય છે. રાજા શ્રેણિકને પણ ઘણો ક્રોધ ઊપજ્યો અને તેણે રાણીને સખ્ત

સજા કરવાનો વિચાર કર્યો. એવામાં સતીના સદ્ભાગ્યે શ્રીમહાવીરસ્વામી એ નગરમાં પધાર્યા. રાજાએ તેમનો ઘણો સત્કાર કર્યો અને પોતાના હૃદયની શંકા એમની આગળ જણાવીને પૂછ્યું: " મારી સ્ત્રી સતી છે કે વ્યભિચારિણી ? " મહાવીરસ્વામીએ કહ્યું: " તારી સર્વે સ્ત્રીઓની પેઠે ચિલ્લણા પણ સતી છે. એવી પત્ની પામવી એ પૂર્વજન્મના સત્કર્મનું ફળ છે. એનાથી પ્રસન્ન રહેવાને બદલે તેં એને માટે શંકા આણી એ તારો મહાન અપરાધ છે. ગઇ કાલે એણે સાધુને નિમંત્રણ આપ્યું હતું. એમની પાસે ઓઢવાને કાંઈ વસ્ત્ર ન હતું. શિયાળાનો દિવસ હોવાથી ચિલ્લણાને ઘણી દયા ઊપજી હતી, એથીજ સ્વપ્નમાં પણ એનો એ વિચાર આવતાં એ લવી ઊઠી હતી કે, 'એને કેમ હશે ?' અર્થાત્ આવી ટાઢમાં એ બિચારા સાધુની શી દશા થતી હશે ? "

મહાવીરસ્વામીએ કરેલા આ ખુલાસાથી રાજાને સંતાપ થયો અને આવી દયાળુ પત્ની માટે સંદેહ આણવા સારૂ પશ્ચાત્તાપ કરવા લાગ્યો.

ત્યાર પછી ચિલ્લણા ઉપર સ્વામીનો પ્રેમ પહેલાં કરતાં પણ અધિક બન્યો હતો. પતિની માનીતી સ્ત્રી હોવા છતાં સપત્નીઓ સાથે તેનો વ્યવહાર બહુ પ્રેમભર્યો હતો.

શ્રીમહાવીરસ્વામી પાસે ચિલ્લણાએ દીક્ષા લીધી હતી અને ધર્મસાધનામાં શેષ જીવન ગાળી મુક્તિની અધિકારી બની હતી.



૩૧–સુજ્યેષ્ઠા

આ સન્નારી રાજા ચેટકની પુત્રી અને આગલા ચરિત્રમાં વર્ણવેલી ચિલ્લણાની ભગિની હતી. બન્ને બહેનોમાં ઘણો સંપ અને સ્નેહ હતાં. એથી કરીને જ્યારે શ્રેણિક રાજા પ્રપંચ કરીને એની બહેન ચિલ્લણાને પરણી ગયો, ત્યારે સુજ્યેષ્ઠાને બહેનના વિયોગ અને સંસારના પ્રપંચોને લીધે વૈરાગ્ય ઉત્પન્ન થયો અને સંસારનો ત્યાગ કરી દીક્ષા લઇ ધર્મમય જીવન ગાળવાનો તેણે સંકલ્પ કર્યો.

એ ઉદ્દેશથી સુજ્યેષ્ઠા ચંદનબાળા નામની સાધ્વી પાસે ગઇ અને તેની પાસે દીક્ષા લીધી. ચંદનબાળા ઘણી વિદુષી હતી, એટલે સુજ્યેષ્ઠાને એની પાસેથી ધર્મનું સારૂં શિક્ષણ મળ્યું. ધર્મજ્ઞાન ઉપરાંત દેહદમન કરીને એણે તીવ્ર તપસ્યા પણ કરી હતી. જૈન સાધ્વીઓમાં સુજ્યેષ્ઠાની કીર્તિ તપસ્વિની તરીકે ફેલાઇ હતી.

એક સમયે સાધ્વી સુજ્યેષ્ઠા ઉપાશ્રયની અગાસીમાં એકલી બેસીને તડકામાં ભક્તિ કરી રહી હતી. એવામાં પેઢાલ નામનો એક સિદ્ધ વિદ્યાધર ત્યાં થઇને જઇ રહ્યો હતો. એ નિષ્કામ, બ્રહ્મજ્ઞાની અને અનેક વિદ્યાઓનો જાણનારો હતો. સાધ્વી સુજ્યેષ્ઠાને તપશ્ચર્યા કરતી જોઇને એ મોહિત થઇ ગયો. એને વિચાર આવ્યો કે, “આવી તપસ્વિનીને હું ગર્ભ રાખી શકું, તો એનાથી ઉત્પન્ન થનાર પુત્ર મારી વિદ્યાઓને ગ્રહણ કરી શકશે.” એ દુષ્ટ વિચારથી એણે ભ્રમરનું રૂપ લઇને તપમાં લીન થયેલી સાધ્વીના ઉદરમાં ગર્ભનો પ્રવેશ કરાવ્યો. એ નિર્દોષ બાળાને તો કશી વાતની ખબરજ નહોતી; પરંતુ ગર્ભ પોતાના નિયમ પ્રમાણે દિનપ્રતિદિન વધવા લાગ્યો. અને સાધુ તથા સાધ્વી–સમાજમાં સુજ્યેષ્ઠાની નિંદા થવા લાગી. એમણે અનુમાન કર્યું કે સુજ્યેષ્ઠાએ આશ્રમના નિયમોનો ભંગ કરીને બ્રહ્મચર્યને ખંડિત કર્યું છે. સુજ્યેષ્ઠાએ

પોતાનો ઘણોએ બચાવ કર્યો પણ એમના માન્યામાં આવ્યું નહિ. આખરે બધી સાધ્વીઓ મહાવીરસ્વામી પાસે ગઇ. એ પોતાના યોગબળ વડે ભૂતકાળનો વૃત્તાંત પણ સ્પષ્ટ રીતે જાણી શકતા હતા. ભગવાને એમને કહ્યું: "સાધ્વીઓ! તમે બિચારી સુજ્યેષ્ઠાના ચારિત્ર્ય માટે શંકા ન આણુશો. એ પરમશીલવતી સાધ્વીના શુદ્ધ જીવનને કલંકિત કરીને પાપમાં ન પડશો. એ ગર્ભવતી છે એ વાત ખરી, પણ એણે સ્વપ્નમાં પણ પુરુષ સાથે સંયોગ કર્યો નથી. એ તો એક વિદ્યાધર પોતાની વિદ્યાના બળ વડે ગુપ્ત રીતે તેનામાં ગર્ભ સંચાર કરી ગયો છે. એ બિચારીને એ વિષયની કાંઈ ખબર નથી. એ પોતે તદ્દન નિર્દોષ છે."

આથી બધી સાધ્વીઓને સંતોષ થયો અને તેમણે શુદ્ધ હૃદયથી સુજ્યેષ્ઠાને ક્ષમા આપી.

યથાસમયે સુજ્યેષ્ઠાએ એક પુત્રને જન્મ આપ્યો. એનું નામ સાત્યકિ પાડવામાં આવ્યું. જન્મ્યા પછી તરતજ એને કોઈ શ્રાવકને ઘેર મૂકવામાં આવ્યો. સુજ્યેષ્ઠા જેવી માતાના ગર્ભમાં જન્મ લીધાથી એ ઘણો બુદ્ધિમાન નીવડ્યો હતો અને અનેક પ્રકારની વિદ્યાઓ બહુ સહેલાઇથી શીખ્યો હતો. સાત્યકિના જીવનનો વૃત્તાંત લખી અમે વાચકોનો સમય લેવા નથી માગતા. સુજ્યેષ્ઠા કદી એને મળી નહોતી. ગર્ભધારણના બનાવમાં એનો જરા પણ દોષ નહોતો, છતાં પણ એ પ્રસંગને લીધે સમાજમાં એની ચર્ચા થઇ. થોડો સમય પણ એના શુદ્ધ ચારિત્ર્યને કલંક લાગ્યું, એ વિચારથી એ કુલીન સન્નારીને ઘણુંજ દુઃખ થતું હતું. હવે એણે પોતાનો ઘણોખરો સમય તપશ્ચર્યામાંજ ગાળવા માંડ્યો હતો. તપશ્ચર્યાની સાથે એ પરોપકાર કરતી અને પોતાનાથી ઓછા જ્ઞાનવાળાઓને જ્ઞાન આપતી.

ઉજ્જયિનીના રાજાની રાણી શિવા સુજ્યેષ્ઠાના સમાગમમાં આવી હતી અને સુજ્યેષ્ઠાએ રાણીને પોતાના સ્વધર્મીઓ તથા પ્રજા પ્રત્યેના કર્તવ્યોનો બોધ આપ્યો હતો.

આ પ્રમાણે સાધ્વી સુજ્યેષ્ઠાએ અનેક સન્નારીઓને પરોપકારનાં કાર્યમાં પરોવી હતી. આખરે શ્રીમહાવીરસ્વામીના ઉપદેશથી અનેક પ્રકારનાં તપદ્વારા કર્મનો ક્ષય કરીને કેવળજ્ઞાન પ્રાપ્ત કરીને સુજ્યેષ્ઠા મુક્તિપદને પામી હતી.

૩૨—યશોમતી

એ પૃષ્ઠચંપા નગરીના રાજા શાલની ભગિની હતી અને કાંપિલપુરના રાજકુમાર પીઠ સાથે તેનું લગ્ન થયું હતું.

માતાપિતાએ એને તથા એના ભાઇ શાલ અને મહાશાલને ઘણું સારૂ શિક્ષણ આપ્યું.

લગ્ન થયા પછી થોડા સમયમાં યશોમતીના પિતા અને સસરા બન્નેનું મૃત્યુ થયું હતું. પીઠ મહારાજા બન્યો અને યશોમતી કાંપિલપુરના મહારાણી પદને શોભાવવા લાગી. એ પદ તેણે સત્કાર્યવડે દિપાવ્યું હતું. ધર્મનો પ્રચાર તથા દીનદરિદ્રોને સહાયતા કરવામાં તેનું જીવન વ્યતીત થતું. દંપતીનો સંસાર સુખમાં ચાલતો હતો. પ્રભુએ પ્રેમગ્રંથિ દ્દઢ કરવા યશોમતીને એક પુત્ર ઉત્પન્ન કર્યો. એનું નામ ગાંગિલકુમાર પાડવામાં આવ્યું. માતાએ કુમારને સારૂં શિક્ષણ આપવામાં અને ધાર્મિક સંસ્કાર પાડવામાં કચાશ રાખી નહોતી. એ શિક્ષણના પ્રભાવે બાલ્યાવસ્થામાંજ કુમારમાં પ્રૌઢતા આવી હતી.

એ સમયમાં શ્રીમહાવીરસ્વામી ધર્મોપદેશ કરવા સારૂ વિચરી રહ્યા હતા. વિચરતા વિચરતા પોતે યશોમતીના બંધુ શાલની રાજધાનીમાં જઇ પહોંચ્યા અને પોતાની અમૃતમય વાણીથી ધર્મોપદેશ કરવા લાગ્યા. રાજા શાલ ઉપર તેમના ઉપદેશની ઊંડી અસર થઇ અને તેમણે દીક્ષા લીધી. તેના નાના ભાઇએ પણ રાજગાદીના વારસ થવા કરતાં સંસારત્યાગી સાધુ થવાનું વધારે પસંદ કર્યું. સતી યશોમતીની એ સમયે બંધુઓએ સલાહ લીધી હતી અને એણે ભાઇઓના વૈરાગ્યની પૂરી ખાતરી થતાં એ શુભ કાર્યમાં પોતાની અનુમતિ આપી હતી. યશોમતીનો પુત્ર ગાંગિલ મામાની ગાદીએ બેઠો હતો.

કેટલાક સમય પછી શ્રીમહાવીરસ્વામીએ ગૌતમ સ્વામીને

રાજગૃહ નગરથી ખાસ પૃષ્ટચંપા નગરમાં યશોમતી અને તેના પુત્રને બોધ આપવા મોકલ્યા. ગૌતમ સ્વામીએ ઉપદેશ આપતાં કહ્યુઃ " સંધ્યા સમયના રંગ, પાણીના પરપોટા અને દર્ભના અગ્રભાગ ઉપર રહેલા પાણીના બિંદુ જેવું આ મનુષ્યજીવન છે અને આ યૌવન તો નદીના વેગ સમાન છે; છતાં હે પાપી જીવ! તમે બોધ નથી પામતાં એ કેવું આશ્ચર્ય છે! સંપત્તિ પાણીના પૂર જેવી ચંચળ છે, યૌવન ચાર દિવસનું ચાંદરણું છે અને આયુષ્ય પણ શરદ્ ઋતુના મેઘ જેવું અસ્થિર છે. તો પછી ધન શા કામમાં આવશે? હે ભવ્યજીવો! હવે તો ધર્મનું આરાધન કરો."

આ અસરકારક વચનો કયા સંસ્કારી જીવને સ્પર્શ કર્યા વગર રહે? યશોમતી, તેના પતિ તથા ગાંગિલનો સંસાર ઉપરથી મોહ ઊઠી ગયો અને તેમણે ગૌતમ સ્વામી પાસે દીક્ષા લીધી.

સદાચારી અને ધાર્મિક સન્નારી પોતાની આસપાસ શુદ્ધ વાતાવરણજ ઉત્પન્ન કરે છે. સતી યશોમતીના સત્સંગની અસર એના બન્ને ભાઇ, પતિ તથા પુત્ર ગાંગિલ ઉપર સારી રીતે થઇ હતી.



૩૩–નર્મદાસુંદરી

એ વર્ધમાન નગરના સહદેવ નામના વણિકની પુત્રી હતી. એ બાલિકા જે સમયે માતાના ગર્ભમાં હતી, તે સમયે તેની માતાને નર્મદા નદીમાં જળક્રીડા કરવાનો દોહદ થયો હતો અને પતિપત્નીએ કેટલોક સમય સુધી નર્મદા નામે એક નગર વસાવી ત્યાં વાસ કર્યો હતો. ત્યાં આગળજ બાલિકાનો જન્મ થવાથી એનું નામ નર્મદાસુંદરી પાડવામાં આવ્યું. શુક્લપક્ષના ચંદ્રમાની પેઠે નર્મદા દિનપ્રતિદિન રૂપ અને ગુણમાં વધવા લાગી અને યથાસમયે યૌવનાવસ્થાને પ્રાપ્ત થઇ.

નર્મદાની ફોઈ ઋષિદત્તાનાં લગ્ન રુદ્રદત્ત નામના એક વેષધારી વણિક સાથે થયાં હતાં. એમને મહેશ્વરદત્ત નામનો એક પુત્ર હતો. એ યુવક નર્મદાના સૌંદર્યથી મુગ્ધ થયો અને પરણવાનો અભિલાષ કરવા લાગ્યો. મામાની પુત્રી પરણવાનો એ સમયમાં જૈનોમાં રિવાજ હતો.

માતાની આજ્ઞા લઇ એ મોસાળ ગયો. મામાને ઘેર બધાં ધાર્મિક વૃત્તિનાં હોવાથી મહેશ્વરદત્ત ત્યાં જઇને પોતે સાચો શ્રાવક હોય અને જૈનધર્મ ઉપર બહુજ આસ્થા હોય એવો ઢોંગ કરવા લાગ્યો. પોતાના આચરણથી એણે મોસાળમાં બધાંને પ્રસન્ન કરી દીધાં. એક સમયે એના માતામહે બહુ પ્રસન્ન થઇને જે કાંઇ ઇચ્છા હોય તે માગવાનું કહ્યું, તે ઉપરથી મહેશ્વરે નર્મદાસુંદરીનું માગું કર્યું. માતામહે કહ્યુંઃ “ તારૂં કહેવું વાજબી છે, પણ તારૂં કુળ ઢોંગીનું છે, માટે એવા ઢોંગીના પુત્રને હું કન્યા આપવા નથી માગતો.” માતામહનો એ ઉત્તર સાંભળી મહેશ્વરે થોડા દિવસ જૈન ગુરુ પાસે જઇ યોગ્ય ધર્મજ્ઞાન પ્રાપ્ત કર્યું અને પછી કહ્યું: “ મારૂં કુળ ભલે ગમે તેવું હોય, પણ તમે મારી પ્રાર્થના સ્વીકારો. લોકો કમળની ઉત્પત્તિ નથી જોતા, પણ ગુણ

અને સૌંદર્યનેજ જુએ છે. તમારે મારા કુળની સાથે શું લાગે-વળગે છે ? કન્યા તો મને આપવી છે ને ? હું પોતે જૈનધર્મી છું."

એ વચનોથી પ્રસન્ન થઈ ઋષભસેને પોતાના પુત્ર સહદેવની સંમતિ લઇ નર્મદાસુંદરીનું લગ્ન મહેશ્વર સાથે કર્યું. નર્મદા જૈન શાસ્ત્રોમાં તથા જૈનધર્મક્રિયાઓ અને સંસ્કારોમાં બહુજ પ્રવીણ હતી. એણે પતિને પોતાના ધર્મનું રહસ્ય સમજાવ્યું. મહેશ્વરદત્ત પહેલાં તો સુંદરીને પ્રાપ્ત કરવા ખાતરજ જૈન ધર્માવલંબી બન્યો હતો, તે હવે સાચો શ્રાવક બન્યો.

સાસરે ગયા પછી નર્મદાસુંદરીનું વર્તન આદર્શરૂપ હતું. વિનય તથા સેવાથી તેણે સાસરામાં બધાંને પ્રસન્ન કર્યાં, એટલુંજ નહિ પણ પોતાના જ્ઞાન વડે તેમના ધાર્મિક વિચારો બદલીને પોતાના વિચારને મળતા બનાવ્યા. નર્મદાના આવ્યા પછી એનું ઘર સુખનું ધામ બની ગયું.

એક સમયે સતી નર્મદાસુંદરી ઘરના ઝરૂખામાં બેસીને પાન ચાવતી હતી અને પોતાનું મુખ દર્પણમાં જોતી હતી. દૈવયોગે એના મુખમાંથી પાન પડી ગયું અને નીચે એક જૈન યતિ જતા હતા તેના ઉપર પડયું. એને ક્રોધ ઉત્પન્ન થયો અને શાપ દીધો કે, " તું પતિના વિયોગનું દુઃખ પામીશ. " નર્મદાને એ શાપ સાંભળી ઘણો પશ્ચાત્તાપ થયો. એણે યતિની ક્ષમા માગી અને શાપ પાછો ખેંચી લેવા પ્રાર્થના કરી. તેના ઉત્તરમાં યતિએ શાંત થઇને કહ્યું: " હે પુત્રિ ! તું ખેદ ન કર. સાધુઓ કદી શાપ દેતા નથી; કેમકે શાસ્ત્રમાં કહ્યું છે કે, રાગદ્વેષનો ઘાત કરનારા મુનિઓ વંદન કરવાથી પ્રસન્ન થતા નથી અને અપમાન કર્યાથી ખેદ પામતા નથી. તેઓ તો ચિત્તને દમીનેજ વિચરે છે. આ તો મેં અકસ્માત્ તારૂં ભવિષ્ય કહ્યું છે. દુઃખ કોઇના કહ્યાથી ઊપજતું નથી. એ તો દુષ્ટ કર્મોના ફળરૂપેજ વિયોગ આદિ દુઃખ મનુષ્યોને પ્રાપ્ત થાય છે. પૂર્વજન્મનાં કર્મ ભોગવ્યેજ છૂટકો છે, તો પછી એમાં ડાહ્યા માણસે ખેદ ન કરવો જોઇએ."

આ ઉપદેશથી નર્મદાને કાંઇક શાંતિ વળી. પતિએ પણ પ્રેમપૂર્વક આશ્વાસન-વચનો કહ્યાં, એટલે નર્મદા એ બનાવને વીસરી જઇ પહેલાંની માફક ધર્મકાર્યમાં જીવન વ્યતીત કરવા લાગી.

કેટલોક સમય વીતી ગયો. એ સમયમાં ભારતવર્ષના

વેપારીઓ બહુ સાહસિક હતા. સમુદ્રયાત્રાનો નિષેધ એ કાળમાં નહોતો. મહેશ્વરદત્ત યવનદ્વીપમાં વેપાર કરવા સારૂ જવા નીકળ્યો. પતિપ્રાણા નર્મદાસુંદરી પણ તેની સાથે જવા નીકળી. મહાસાગરમાં કોઇ બેટમાં દૂર કોઇ પુરુષનું સંગીત સાંભળવામાં આવ્યું. નર્મદાસુંદરી એવી ગુપ્ત વિદ્યા ભણી હતી કે, મનુષ્યનો સ્વર સાંભળીને એના સ્વરૂપ તથા ગુણનું યથાર્થ વર્ણન કરી શકતી. એ વિદ્યાનો ચમત્કાર પતિને બતાવવાનો આજ એને શોખ થયો. એણે કહ્યું: “ જે પુરુષ આ ગીત ગાય છે, તેનું શરીર શ્યામ છે; હાથ, પગ અને કેશ જાડા છે, એ મહા સત્યવાદી છે. વળી તેને ગુપ્ત સ્થાન ઉપર મસ છે અને છાતી ઉપર લાખું છે. એનું વય આશરે બત્રીશ વર્ષનું છે.” આ સાંભળીને મહેશ્વરદત્તને પત્નીના ચારિત્ર્ય વિષે શંકા ઉપજી કે, “ આ સ્ત્રી જરૂર એ પુરુષ ઉપર મોહી ગઈ છે અને એની સાથે એને પ્રથમ સમાગમ થયેલો લાગે છે; નહિ તો જેનું શરીર દેખાતું નથી તેના રૂપગુણને એ કેવી રીતે પારખી શકે ? આ સ્ત્રીએ મને દગો દીધો. હું એને પતિવ્રતા ગણીને ચાહતો હતો, પણ એણે મારા વિશ્વાસનો ભંગ કર્યો છે. એવી સ્ત્રીનો નાશ કરૂં ત્યારેજ હું ખરો. ” એટલામાં રાક્ષસદ્વીપ આવતાં વહાણે ત્યાં લંગર નાખ્યું અને મહેશ્વર ક્રીડા કરવાને બહાને પત્નીને કિનારા ઉપરના વનમાં લઇ ગયો. ત્યાં નર્મદાને નિદ્રા આવી ગઈ અને એજ અવસ્થામાં પતિ એને છોડીને ત્યાંથી ચાલી નીકળ્યો અને વહાણ ઉપર આવીને કહેવા લાગ્યો કે, “ વાઘ જંગલમાં મારી પત્નીને ખાઇ ગયો.” આ પ્રમાણે થોડો વખત મિથ્યા શોક કરી, વહાણ હંકારીને એ ચાલતો થયો; અને દેશાવરમાં ધન સંપાદન કરી પોતાને નગર ગયો તથા બીજી વાર લગ્ન કરી સુખે રહેવા લાગ્યો.

પેલી તરફ નિદ્રામાંથી જાગતાં નર્મદાએ પતિને ન જોયા તેથી એ ઘણા આશ્ચર્યમાં પડી. પહેલાં તો એ સમજી કે પતિ મારી મશ્કરી કરતા હશે. એણે પતિને ઘાંટા પાડીને ઘણી વાર બોલાવ્યા, જંગલમાં શોધી વળી, સમુદ્રકિનારે જઇ આવી પણ ક્યાંયે પત્તો લાગ્યો નહિ. હવે એની નિરાશાનો પાર રહ્યો નહિ. એ હૃદયવિદારક વિલાપ કરવા લાગી અને આખરે થાકી ત્યારે પ્રભુનુંજ શરણ લઇ, પોતેજ પોતાના આત્માને સમજાવવા લાગી: “ હે આત્મા ! તેં પૂર્વજન્મમાં જે કર્મ કર્યું છે, તે ભોગવ્યેજ

છૂટકો છે. શોક કરવો મિથ્યા છે.” પછી તે સરોવરમાં સ્નાન કરી જિનેશ્વરનું ધ્યાન ધરીને કેવળ ફળાહાર ઉપર રહેવા લાગી. શોકનો ત્યાગ કરીને તે વ્રતપરાયણ થઇ.

એવામાં તેનો એક પિતરાઇ કાકો વીરદાસ ત્યાં જઇ ચડ્યો અને તે નર્મદાસુંદરીને પોતાની સાથે પ્રવાસમાં લઇ ગયો. તે બર્બર દેશના રાજાની રાજનગરીમાં પહોંચ્યો અને નર્મદાને એક તંબૂમાં ઉતારી. એક દિવસ કામ પ્રસંગે તે બહાર ગયો હતો, તેવામાં એ નગરની એક પ્રસિદ્ધ વેશ્યાએ વીરદાસ તમને બોલાવે છે, એવું મિથ્યા કહેવરાવીને નર્મદાસુંદરીને પોતાને ઘેર પ્રપંચથી બોલાવી. એનું ઘર જોતાંજ નર્મદા પ્રપંચ સમજી ગઇ અને તેને ઘણો ક્ષોભ થયો. વેશ્યાએ તેને પાપના માર્ગે જવાને ઘણુંયે સમજાવ્યું, પુષ્કળ લાલચ બતાવી, પણ નર્મદા ચળી નહિ અને ઉત્તર આપ્યોઃ “જ્યાંસુધી આ દેહમાં પ્રાણ છે ત્યાંસુધી મારૂં આ શિયળરૂપી માણિક્ય હરવાને કોણ સમર્થ છે? તમારા અધમ જીવનમાં સુખ માણે અને પરલોકને ભૂલી જાય એવા તે મૂર્ખ લોક કોણ હશે? બાળક હોય તેજ માણિક્યને ચણા સમજીને તેનાથી રમે.” આ વચનોથી વેશ્યાને ક્રોધ ઊપજ્યો અને તેણે નર્મદાને મારવા માંડી. નર્મદાએ એવે સમયે એકાગ્ર ચિત્તે પંચ પરમેષ્ઠી નમસ્કારનું સ્મરણ કરવા માડ્યું, એથી વેશ્યાનું અકસ્માત્ મોત નીપજ્યું.

રાજાને એ વાતની ખબર પડતાં તેણે નર્મદાને બળાત્કારથી પોતાના મહેલમાં બોલાવી મંગાવી. ગમે તે જોખમે સતીત્વનું રક્ષણ કરવાનો દૃઢ સંકલ્પ કરીને નર્મદા એના સુખાસનમાં બેઠી અને રસ્તામાં એક મોટો ખાળ આવતાં એકદમ એમાં પડી અને ગંદા પદાર્થથી પોતાનું સુંદર શરીર ખરડી દીધું. બહાર આવીને તે પોતાનાં વસ્ત્ર ફાડવા લાગી અને જાણે ગાંડી થઇ હોય કે ભૂત ભરાયું હોય એવો ઢોંગ કરવા માંડ્યો. એને જોઇને રસ્તામાં લોકો બીને નાસવા લાગ્યા. રાજાએ તેને જંગલમાંજ છોડી દીધી. ત્યાં એ જિનેશ્વરનાં ગીત ગાતી ફરતી હતી. ત્યાં જિનદાસ નામના એક પરોપકારી જૈનની એને મુલાકાત થઇ. જિનદાસે બતાવેલી યુક્તિથી નર્મદાસુંદરી એ રાજાની હદમાંથી છૂટવા પામી. એ પરોપકારી નર એને પોતાની સાથે નર્મદાપુર લઇ આવ્યો અને એ સતીના દુઃખની કહાણી બધાને કહી સંભળાવી.

પુત્રીને જીવતી આવેલી જોઇને એનાં માતપિતાને ઘણો આનંદ થયો. તેમણે એ દિવસે પુષ્કળ પુણ્યદાન કર્યું.

એ નગરીમાં એક દિવસ આર્ય સુહસ્તી નામના આચાર્યની કથા સાંભળતાં તથા પોતાના પૂર્વજન્મનો વૃત્તાંત જાણવામાં આવતાં નર્મદાને વૈરાગ્ય ઉત્પન્ન થયો. એજ સાધુ પાસે તેણે દીક્ષા લીધી અને તપશ્ચર્યા કરીને અવધિજ્ઞાન પ્રાપ્ત કર્યું તેમજ પ્રવર્તિની પદ મેળવ્યું.

ધર્મોપદેશ નિમિત્તે પ્રવાસ કરતાં તે ચંદ્રપુર નગરમાં પહોંચી. ત્યાં એના વ્યાખ્યાનમાં મહેશ્વરદત્ત પણ ગયો હતો. એણે નર્મદાને ઓળખી નહોતી. ઉપદેશ સાંભળ્યા પછી તે પૂછવા લાગ્યોઃ “દેવિ! મેં મારી સ્ત્રીને કલંકિની જાણીને છોડી દીધી છે, તો તે કલંકિત હતી કે શુદ્ધ તે કૃપા કરીને કહો.” સાધ્વીએ કહ્યું કે, “એ તો પવિત્ર અને નિષ્કલંક હતી.” એથી મહેશ્વરદત્તને ઘણોજ પશ્ચાત્તાપ થવા લાગ્યો. એને દુઃખી થતો જોઇને સતીને દયા આવી અને તેણે કહ્યુંઃ “તમારી એ જૂઠા કલંકથી કલંકિત થયેલી પ્રિયતમા હુંજ છું.” પતિએ એની ઘણી ક્ષમા માગવા માંડી. નર્મદાએ તેને એમ કરતાં રોકીને કહ્યુંઃ “તમે એવું કહીને મને શરમાવશો નહિ. આપે આપની વર્તણુંક માટે જરા પણ પશ્ચાત્તાપ કરવો ઘટતો નથી. કર્મને અનુસરીનેજ જીવો સુખ-દુઃખ ભોગવે છે.” મહેશ્વરદત્તને પણ હવે સંસાર ઉપર વૈરાગ્ય ઊપજ્યો. તેણે પણ પત્નીના ગુરુ પાસે દીક્ષા લીધી અને નર્મદાના તટ ઉપર ધર્મની સાધનામાં બન્ને શેષ જીવન ગાળવા લાગ્યાં.

૩૪–સુલસા

જૈન ગ્રંથોમાં દશ મહાસતીઓનાં જે પવિત્ર નામ ગણાવવામાં આવ્યાં છે, તેમાં સુલસાનું નામ પ્રથમ આવે છે.

બુદ્ધદેવ અને શ્રીમહાવીરસ્વામીની ચરણ-રજથી અનેક વાર પવિત્ર થયેલા રાજગૃહ નગરમાં સુલસાનો જન્મ થયો હતો. રાજા શ્રેણિક એ નગરનો રાજા હતો.

નાગસારથિ નામના એક ગુણવાન અને સમૃદ્ધિશાળી નર સાથે તેનું લગ્ન થયું હતું. પતિનો સુલસા ઉપર ઘણો પ્રેમ હતો. સુલસા પણ મહાપતિવ્રતા હતી અને પતિને પ્રસન્ન કરવાજ સદા તત્પર રહેતી. એ સમયમાં ભારતવર્ષમાં મોટા દરજ્જાના પુરુષો-માં એક સ્ત્રીની હયાતીમાં અનેક સ્ત્રી વરવાનો રિવાજ ફેશન-રૂપ થઇ પડ્યો હતો; છતાં આ દંપતીનો પ્રેમ એવો દૃઢ હતો કે નાગસારથિએ ફરીથી કદી નહિ પરણવાનો નિશ્ચય કર્યો હતો.

એક દિવસ નાગસારથિ બહાર જઇ રહ્યો હતો, ત્યાં દેવ-કુમાર જેવા બે સુંદર બાળક એના દીઠામાં આવ્યાં. પોતે નિઃ-સંતાન હતો, તેથી એને લાગી આવ્યું હતું. નિર્દોષ હાસ્યથી કિલકિલાટ કરી ઘરને ગજાવી મૂકનારાં બાળકો વિનાનું ઘર તે ઘર નહિ પણ વેરાન છે એમ એને લાગ્યું. એ વિચાર આવતાંજ ચિંતાએ એના મનમાં ઘર કર્યું અને એ દિનપ્રતિદિન સુકાવા લાગ્યો. સતી સુલસાથી પતિનું ગ્લાનિયુક્ત મુખ દેખી શકાયું નહિ. એ સ્નેહાળ પત્ની સમજી શકી કે, પતિના હૃદયમાં ચિંતારૂપી શલ્ય છે. તેણે પ્રેમયુક્ત વાણીમાં પૂછયું: "સ્વામીનાથ ! વિંધ્યા-ચલમાં એકલા પડી ગયેલા હાથીની પેઠે આપ શો ઊંડો વિચાર કર્યા કરો છો ? રાજ્યથી ભ્રષ્ટ થયેલા રાજપુત્રની પેઠે આપનું મુખ-કમળ શ્યામતા કેમ ધારણ કરતું જાય છે ? શું શ્રેણિક રાજાએ આપનું અપમાન કર્યું છે ? લોકોએ આપની વિરુદ્ધ કાંઇ કાવત્રું

કર્યું છે? આપની ચિંતાનું જે કાંઇ કારણ હોય તે મને સત્વર કહો.” પત્નીથી કાંઇ પણ ગુપ્ત નહિ રાખવાના વિચારવાળા નાગસારથિએ ખુલ્લે હૃદયે પોતાની ચિંતાનું કારણ કહ્યું. સતી સુલસા જ્ઞાની હતી. એણે પતિનો શોક નિવારણ કરવા કહ્યું: “આપે એવી મિથ્યા ચિંતા કરવી ઘટતી નથી. પુત્ર વગરનો માણસ નરકમાંજ જાય એવું આપણાં શાસ્ત્ર કહેતાં નથી. મનુષ્યને સ્વર્ગ કે નરક પોતાના કર્મના ફળરૂપેજ મળે છે. ગમે તેવો ગુણવાન પુત્ર પણ માતપિતાને સ્વર્ગ અપાવી શકતો નથી. એ કાર્ય તો કેવળ ધર્મજ કરી શકે છે. બહુ પુત્રોમાંજ ધૃતરાષ્ટ્રનું ગોત્ર ક્ષીણ થઇ ગયું. સાઠ હજાર પુત્રો હોવા છતાં સગર રાજા દુઃખમાંજ મરણ પામ્યો. હા, એટલું ખરૂં કે, સદ્‌ગુણી પુત્ર વડે ડાહ્યા મનુષ્યો સંસારને આગળ વધારે છે.” પત્નીનાં વચનોથી નાગસારથિને કાંઇક શાંતિ વળી, પણ એની પુત્રલાલસાનો લોપ નજ થયો. તેણે કહ્યું: “વહાલિ! તું કહે છે તે બધું ખરૂં, પણ સંસારી જનોને ત્રણ સ્થાન વિશ્રામરૂપ છે. પ્રિય સ્ત્રી, વિનયી પુત્ર અને સર્વ ગુણોમાં ઉત્તમ એવો સત્સંગ. પુત્રદ્વારા માતપિતા પોતાના સદાચાર અને સદ્‌ગુણોનો વેલો લંબાવે છે અને પછીથી જો તેને યોગ્ય શિક્ષણદ્વારા પોષણ આપવામાં આવે તો એ પુત્રદ્વારા એમની કીર્તિ કાયમ રહે છે.”

એ સાંભળી સુલસાએ કહ્યું: “સ્વામીનાથ! મારી ઉંમર મોટી થઇ છે. મારા ઉદરમાં હવે સંતાનોત્પત્તિ થાય એવું લાગતું નથી, માટે આપ બીજી વાર લગ્ન કરો. ભગવાન આપની અભિલાષા પૂર્ણ કરશે.”

પરંતુ નાગસારથિ એક પત્નીવ્રતધારી પુરુષ હતો. સંતાનની ખાતર એ પત્નીને શોકય લાવીને દુઃખી કરવા માગતો નહોતો. એણે નિશ્ચયપૂર્વક જણાવ્યું કે, “ભગવાનની ઇચ્છા મને પુત્ર આપવાની હશે તો તારા ગર્ભથીજ આપશે, નહિ તો હું સંતાનહીન જીવન ગાળવા પ્રસન્ન છું.”

સ્વામીના આવા વિચારોથી દેવી સુલસાને આનંદ થયો, પણ પતિની અભિલાષા કોઇ પણ રીતે પાર પડે તો સારૂં એવો વિચાર તેને આવ્યો. ધર્મ ઉપર તેને અડગ શ્રદ્ધા હતી. ધર્મના સેવનથી કઠિન કે અસંભવિત જેવાં દેખાતાં કામો પણ જલદી સાધ્ય થઇ જાય છે એવો એને વિશ્વાસ હતો. એણે દૃઢ ચિત્તથી ધર્મની આરાધના અને પુણ્યદાનમાં ચિત્તને પરોવ્યું. બ્રહ્મચર્ય,

ભૂમિ પર શયન અને આંબેલ તપ આદિ દ્વારા તેણે આત્મસંયમ પણ સાધવા માંડ્યો.

એક સમયે ઇંદ્રે તેની ધર્મશ્રદ્ધાની પ્રશંસા કરી. એ પ્રશંસા સાંભળીને તેની પરીક્ષા લેવા સારૂ હરિણગમેષી દેવ સુલસાને ઘેર ગયો. સુલસાએ સાધુવેશધારી એ દેવનો સારી રીતે આદર કર્યો. સાધુએ કહ્યું: "મેં સાંભળ્યું છે કે તારા ઘરમાં લક્ષપાક તેલના ઘડા છે. અમારામાંના કેટલાક સાધુઓની દવા સારૂ એની જરૂર છે માટે એ તેલ મને આપ." સુલસા એક ઘડો બહાર લાવી, પણ દેવના પ્રભાવથી તે તેના હાથમાંથી પડી ગયો ને ફૂટી ગયો. સુલસા જરા પણ ગભરાયા વગર બીજો ઘડો લઇ આવી. તે પણ હાથમાંથી છટકી ગયો ને ફૂટી ગયો. તેલ જમીન પર ઢાળાઇ ગયું, પણ સંકોચ કે મૂંઝવણુ વગર તે ત્રીજો ઘડો લઇ આવી. તેની પણ પહેલા બે ઘડા જેવીજ દશા થઇ. આંગણું તેલ તેલ થઈ રહ્યું. આમ થવા છતાં સુલસાનું ધૈર્ય ચળ્યું નહિ. તેણે ક્રોધ પણ કર્યો નહિ, આથી દેવતા તેના ઉપર પ્રસન્ન થયો અને તેને બત્રીસ ગોળીઓ આપીને કહ્યું કે, "આ ગોળીના સેવનથી તને બત્રીસ પુત્ર થશે."

સુલસાએ વિચાર કર્યો: "મારે ૩૨ પુત્રની શી જરૂર છે! એકજ પુત્ર સપુત હોય તો ૩૨ ની બરાબર છે. એક ચંદ્રમા અંધકારનો નાશ કરે છે. તારાઓ ઘણા હોવા છતાં એમનાથી અંધકાર જતો નથી." એમ વિચારીને એણે બત્રીસ ગોળીઓ એક સાથે ખાઇ લીધી. બ્રહ્મચર્ય તથા શુદ્ધ સાત્ત્વિક આહારનું સેવન તો એણે ઘણા દિવસથી કર્યું જ હતું. વંધ્યાપણું નિવારણ કરવાને માટે એ બન્ને બહુ આવશ્યક છે. નિયમિત આહાર તથા બ્રહ્મચર્ય અને સંયમી જીવન વડે શરીરના ઘણા વિકાર દૂર થઇ જાય છે. તેમાં વળી સાધુની અજમાવેલી સારી દવા પણ મળી ગઈ. ભગવાનનો આશીર્વાદ પણ હતો. સુલસા ગર્ભવતી થઇ અને બત્રીસ ગોળી એકજ સાથે ખાધેલી હોવાથી એને પુષ્કળ વેદના થવા લાગી. હરિણગમેષી સાધુને એણે બોલાવીને પૂછ્યું તો એણે કહ્યું કે "તેં ઘણી ગંભીર ભૂલ કરી છે. એકે એકે ગોળીઓ ખાવાની હતી, તેને બદલે તેં સામટી ખાધી. હવે તો તને સામટા બત્રીસ પુત્ર થશે. હશે, જે થવાનું હતું તે થઇ ગયું. હું એવો ઉપાય કરૂં છું કે જેથી તને બહુ દુ:ખ નહિ થાય."

યથાસમયે સુલસાએ બત્રીસ પુત્રને જન્મ આપ્યો. નાગસારથિએ એ પ્રસંગે ઉત્સવ કર્યો, પુષ્કળ પુણ્યદાન કર્યાં અને બારમે દિવસે પુત્રોનો નામકરણસંસ્કાર વિધિ કર્યો.

નાગસારથિ તથા દેવી સુલસાએ પુત્રને સંસારની તથા પરલોકની વિદ્યાનું સારી રીતે જ્ઞાન આપ્યું. યુવાવસ્થાને પ્રાપ્ત થઇ એ બત્રીસે પુત્રો પિતાની પેઠે શ્રેણિક રાજાના સેવક બન્યા. નાગસારથિએ તેમનાં લગ્ન પણ શેઠશાહુકારોની પુત્રીઓ સાથે કર્યાં.

રાજા શ્રેણિકને રાજા ચેટક સાથે યુદ્ધ કરવાનો પ્રસંગ આવ્યો. એ યુદ્ધમાં રાણી સુલસાના બત્રીસ પુત્રોને તે પોતાના અંગરક્ષક તરીકે લઇ ગયો હતો. દુર્ભાગ્યે એ યુદ્ધમાં સુલસાના એ બધા પુત્રો હણાયા. રાજાએ પોતાના મંત્રી અભયકુમારની સાથે એ શોકસમાચાર એમનાં માતપિતાને મોકલ્યા. નાગસારથિ અને સુલસાને એ વૃત્તાંત સાંભળતાંજ વજ્ર પડ્યું હોય એવો ઘા થયો. તેઓ મૂર્ચ્છિત થઇ ગયાં અને ભાન આવતાં હૃદયને ફાડી નાખે એવું કલ્પાંત કરવા લાગ્યાં.

મંત્રી અભયકુમાર જ્ઞાની હતો. એણે ધર્મનો ઘણો ઉપદેશ કરીને એ દંપતીને કાંઇક શાંત કર્યાં તથા પુત્રોની સદ્ગતિ અર્થે તેમની ઉત્તરક્રિયામાં ચિત્તને પરોવવાની સલાહ આપી.

એ સમયમાં શ્રીમહાવીરસ્વામી ચંપાનગરીમાં ઉપદેશ આપી રહ્યા હતા. ત્યાં આગળ અંબડ નામનો એક સાધુ આવી પહોંચ્યો. એ રાજગૃહ જઇ રહ્યો હતો. મહાવીરસ્વામીએ તેને કહ્યું: “અંબડ! રાજગૃહ જાય છે, ત્યાં સતી સુલસા વાસ કરે છે; તેને મળજે અને મારા ધર્મલાભ કહેજે.” આ પ્રસંગ ઉપરથી ખબર પડે છે કે સુલસા માટે શ્રીમહાવીરસ્વામીને કેટલું બધું માન હશે.

અંબડ પણ મહાવીરસ્વામીની પ્રશંસાથી આશ્ચર્ય પામ્યો અને એની શ્રદ્ધાની પરીક્ષા કરવા સારૂ પોતે વેશ બદલીને સુલસાને ઘેર ગયો. સુલસાએ તેને દાસીદ્વારા ભિક્ષા અપાવી, એ જોઇ સાધુ અંબડે વાંધો લીધો અને એને હાથે પોતાના પગ ધોવરાવવાનો આગ્રહ કર્યો. સતી સુલસાએ એ વાતનો સ્વીકાર ન કર્યો. ત્યાર પછી અંબડે બ્રહ્માનું રૂપ ધારણ કરીને ગામ બહાર ઉપદેશ આપવા માંડ્યો. નગરનાં અનેક સ્ત્રીપુરુષ એની પાસે જવા લાગ્યાં, પણ શ્રીમહાવીરસ્વામી ઉપર અનન્ય ભક્તિ હોવાને લીધે

સુલસા કદી પણ ત્યાં ગઇ નહિ. અનેક રીતે પરીક્ષા કર્યા છતાં સુલસાની શ્રદ્ધા ડગી નહિ ત્યારે અંબડ પ્રસન્ન થયો અને પોતાના મૂળ સ્વરૂપમાં તેની સેવામાં હાજર થયો. આ વખતે સુલસાએ વિધિપૂર્વક તેનો સત્કાર કર્યો. અંબડે તેની ઘણીજ પ્રશંસા કરી અને મહાવીર સ્વામીના ધર્મલાભ જણાવ્યા. મહાવીર સ્વામીનું નામ સાંભળતાં સુલસાના હર્ષનો પાર રહ્યો નહિ. એકદમ એ ઊભી થઇને હાથ જોડીને પ્રભુની સ્તુતિ કરવા લાગી.

સુલસાએ અંબડને ભોજન કરાવીને વિદાય કર્યો અને પોતે પાછી ધર્મકાર્યમાં જોડાઇ.

સુલસા હવે ત્રણ વખત પૂજા કરતી, બે વખત પ્રતિક્રમણ કરતી, સત્પાત્રને દાન દેતી, છઠ આઠમ આદિ તિથિઓએ અપવાસ કરી દેહનું દમન કરતી. તેનો સ્વામી પણ તેને અનુસરીને ધર્મપાલનમાં સમય વ્યતીત કરતો હતો.

પોતાનો અંતકાળ પાસે આવતો જોઇને તેણે શ્રીમહાવીરસ્વામી પાસે 'આરાધના' લીધી હતી. શ્રીવીરપ્રભુની ભક્તિને હૃદયમાં ધારણ કરીને એ સ્વર્ગે સિધાવી હતી.

જૈનો માને છે કે સુલસાનો જીવાત્મા ભવિષ્યમાં તીર્થંકરરૂપે જન્મ લેશે અને મુક્તિને પામશે.



૩૫–શ્રીમતી (આર્દ્રકુમારની પત્ની)

આ સન્નારી વસંતપુર નગર નિવાસી ધનદત્ત શ્રેષ્ઠીની પુત્રી હતી. ઉચ્ચ શિક્ષણ અને દેખરેખના પ્રભાવે એ સર્વ વિદ્યામાં કુશળ નીવડી હતી. એક દિવસ તે પોતાની સાહેલીઓ સહિત દેવમંદિરમાં રમવાને ગઇ. ત્યાં આગળ આર્દ્રકુમાર નામનો યુવાન યતિ ધ્યાન ધરી રહ્યો હતો. એનું સૌંદર્ય જોઇને બાલિકા શ્રીમતી મુગ્ધ થઇ ગઇ.

રમતાં રમતાં એક કન્યા કહેવા લાગીઃ "આ મંદિરમાં જેટલા થાંભલા છે તેમાંથી એક એકને આપણે પસંદ કરીને વર બનાવીએ." તે ઉપરથી બધી કન્યાઓએ એક એક થાંભલાને વર ગણીને પકડી લીધો. શ્રીમતીને માટે એકે સ્તંભ રહ્યો નહિ, એટલે એ આર્દ્રકુમાર યતિને વળગી પડી અને બોલીઃ "મારો વર આ ભટ્ટારક!" એ વચન નીકળતાંની સાથે આકાશવાણી થઇ કે, "સારૂં થયું!"

શ્રીમતી યતિને પગે પડીને કહેવા લાગીઃ "આ ભવમાં તમેજ મારા પતિ થજો." યતિ સમજી ગયો કે આજ જે બનાવ બન્યો છે તેને લીધે મારા યતિપણામાં અવશ્ય ભંગ પડવાનો પ્રસંગ આવશે, માટે અહીંયાં વધારે રહેવું સારૂં નથી. એમ વિચારી એ બીજે સ્થળે વિહાર કરી ગયા.

શ્રીમતી મોટી થઇ. એના રૂપ ગુણ, તથા એના પિતાના વૈભવથી આકર્ષાઇ અનેક કુળવાન યુવકોએ તેને સારૂ માગાં મોકલ્યાં; પણ શ્રીમતી તો આર્દ્રકુમારને પોતાનું હૃદય અર્પણ કરી ચૂકી હતી. એણે તો બધાનાં માગાં પાછાં ઠેલ્યાં અને જણાવ્યું કે, "મેં તો એ દેવમંદિરમાં જે યુવકને સ્વામી તરીકે સ્વીકાર્યો છે તેજ મારો પતિ થશે."

તેના પિતાએ કહ્યું: "અજાણ્યા યતિ ઉપર તું મોહી પડી છે. એનું ઠામઠેકાણું તને ખબર નથી. એ ક્યાં છે, કેવો છે, કેવા

કુળનો છે તેની આપણને લેશમાત્ર ખબર નથી, તો પછી એવા અજાણ્યા પુરુષ સાથે લગ્ન કરવાની હઠ લેવી, એ તારા જેવી શાણી છોકરીને ન શોભે. તું તારો દુરાગ્રહ છોડીને, મનપસંદ બીજા કોઇ વરને વર.”

શ્રીમતી એકની બે ન થઇ. એ પોતાના નિશ્ચયમાં દૃઢ રહી અને કહ્યું: “હું જ્યારે એમને પગે લાગી, ત્યારે મેં એમના પગ ઉપર વીજળીના સરખા ચળકાટવાળી ગજરેખા જોઇ હતી. એવું ચિહ્ન બીજા કોઈ યતિને નહિ હોય. એની નિશાની ઉપરથી તમે એને ઓળખી શકશો.” પિતાને હવે પુત્રીની ઇચ્છાને આધીન થવું પડ્યું. શ્રીમતીએ હવે સાધુઓને જમાડ્યા વગર કદી પણ ન જમવાનો નિયમ લીધો. એ દિવસથી દરરોજ અનેક સાધુ એને ઘેર ભિક્ષા અર્થે આવતા. શ્રીમતી એમનાં ચરણને વંદના કરી શુદ્ધ ભોજન જમાડતી.

બાર વર્ષ વીતી ગયાં. એક દિવસ આર્દ્રકુમાર મુનિ ભ્રમણ કરતા ત્યાંજ આવી ચઢ્યા. તેનું પૂજન કરતાં શ્રીમતીએ તેને ઓળખી કાઢ્યા અને એકદમ બોલી ઊઠી: “હું પેલા મંદિરમાં આપને વરી ચૂકી છું. તમે તો મારા સ્વામી છો. મને છેતરીને આટલા દિવસ ક્યાં ચાલ્યા ગયા હતા? હવે તમે ચાલ્યા જશો, તો હું આત્મહત્યા કરીશ. તમને સ્ત્રીહત્યાનું પાપ લાગશે અને નરકગામી થશો.” રાજાને કાને પણ એ વાત ગઇ અને તેણે પણ આર્દ્રકુમારને શ્રીમતીનું પાણિગ્રહણ કરવાનીજ સલાહ આપી. આર્દ્રકુમાર સમજ્યો કે, “આ તો ઘણી વિષમ અવસ્થા છે. દેવતાઓનું વચન ખરૂં પડ્યું છે. કર્મનાં ફળ ભોગવ્યેજ છૂટકો છે. મોક્ષને આપનારો સંન્યસ્તાશ્રમ છોડીને ગૃહસ્થાશ્રમની જંજાળમાં ફસાવાનુંજ મારા કર્મમાં નિર્માણ થયું હોય એમ લાગે છે. ખેર! વિધાતાની ઇચ્છાજ પૂર્ણ થાઓ.”

એણે શ્રીમતીની સાથે લગ્ન કરવાનું સ્વીકાર્યું. શ્રીમતીની અભિલાષા આજે પૂર્ણ થઇ. શુભ મુહૂર્તે બન્નેનો પાણિગ્રહણ-સંસ્કાર થયો. એ નગરના રાજાએ તથા બીજા પ્રતિષ્ઠિત પુરુષોએ આ યોગ્ય દંપતીને આશીર્વાદ આપ્યા.

શ્રીમતી અને આર્દ્રકુમાર સુખ અને વિલાસમાં જીવન ગાળવા લાગ્યાં. યથાસમયે શ્રીમતીએ એક સુંદર પુત્રને જન્મ આપ્યો. એ પુત્રે સ્તનપાન છોડ્યું અને જરાક મોટો થયો, એટલે આર્દ્ર-

કુમારનું ચિત્ત સંસારથી વિરક્ત થઈને પાછું સંન્યાસ તરફ વળ્યું. એણે પત્નીની રજા લઇને ફરીથી દીક્ષા લેવાની ઇચ્છા કરી. શ્રીમતી કાંઇ ન બોલતાં રૂની પૂણીઓ લઇને રેંટિયો ચલાવવા બેઠી, એટલામાં એનો પુત્ર નિશાળેથી આવ્યો અને કોઈ દિવસ નહિ કરેલું એવું કામ કરતાં માતાને જોઇ આશ્ચર્યપૂર્વક તેનું કારણ પૂછવા લાગ્યો. શ્રીમતીએ જણાવ્યું: "તારા પિતાજી મને છોડીને દીક્ષા લેવા ધારે છે, એટલે ચિત્તને કાર્યમાં પરોવવા સારૂ મેં આ કામ આદર્યું છે." નિર્દોષ બાળક બોલ્યો: "મા, તું દિલગીર ન થા. હું એવું કરીશ કે પિતાજી દીક્ષા લઇજ નહિ શકે." એમ કહીને એણે રેંટિયા ઉપરથી સૂતરનો તાંતણો લઇને સૂતેલા પિતાને બાંધી દીધા અને પછી મલકાતો મલકાતો કહેવા લાગ્યો: "હવે ક્યાં જનાર છે ?" આદ્રકુમાર સૂતા સૂતા આ બધું સાંભળી રહ્યા હતા. એમને ખાતરી થઇ કે પોતે દીક્ષા લેશે તો પુત્ર અને પત્નીનો જીવ દુઃખાશે. એ ઉપરથી એણે શ્રીમતીને જણાવ્યું: "પ્રિયે ! મેં દીક્ષા લેવાનો નિશ્ચય કર્યો હતો, પણ આ બાળકે મારે પગે સૂતરના બાર તાંતણા વીંટ્યા છે, માટે હું બાર વર્ષ લગી ગૃહસ્થાશ્રમમાં રહીશ અને ત્યાર પછી દીક્ષા લઇશ."

બાર વર્ષને પણ વીતી જતાં વાર લાગી નહિ. કુટુંબમાં સુખ, શાંતિ અને પ્રેમ વસી રહ્યાં હોય તો સમય પાણીના પ્રવાહ પેઠે ચાલ્યો જાય છે. વર્ષો મહિના સમાન લાગે છે. એ સમય પૂરો થતાં આદ્રકુમારને પાછું આત્મચિંતવન થવા લાગ્યું; સંસારના ક્ષણભંગુર મોહને છોડી, દીક્ષા લઇ શાશ્વત સુખ પ્રાપ્ત કરવાની ઇચ્છા પ્રબળ થઇ. પત્નીને તેમણે પોતાનો વિચાર જણાવ્યો અને સંસારનાં બંધનો કેવા દુઃખદાયી છે તે સમજાવી, હૃદયના પ્રેમને વિવેકથી શમાવી પોતાને રજા આપવાને કહ્યું.

શ્રીમતીને પતિથી વિખૂટાં પડતાં સ્વાભાવિક રીતેજ લાગી આવ્યું, છતાં શ્રેય અને પ્રેયનો ભેદ સારી રીતે સમજતી હોવાથી, એણે હૃદય કઠણ કરીને સ્વામીને ગૃહત્યાગ કરવાની રજા આપી. આદ્રકુમારે ધર્મસાધના તથા તપશ્ચર્યા વડે એ સમયમાં જૈનસાધુઓમાં અગ્રસ્થાન પ્રાપ્ત કર્યું.

શ્રીમતી પોતાના પુત્રની સાથે કેટલોક સમય રહી અને પછી સાધ્વીવ્રત સ્વીકારી મોક્ષની અધિકારી બની.



૩૬–રાજમાતા જીજાબાઈ

મોગલ સામ્રાજ્ય જ્યારે ઉન્નતિની ટોચે પહોંચ્યું હતું, ઔરંગઝેબના કઠોર રાજ્યને લીધે જ્યારે ભારતવર્ષમાં ચારે દિશાના લોકોના હૃદયમાં ભય અને ત્રાસ વ્યાપી ગયો હતો, સ્વાધીનતાના પ્રધાન ઉપાસક, તેજસ્વિતાના અદ્વિતીય અવલંબન અને સાહસના એક માત્ર આશ્રયરૂપ રજપૂતો જ્યારે મોગલ બાદશાહને શરણે ગયા હતા, ત્યારે ભારતના દક્ષિણ ભાગમાં પશ્ચિમી પર્વતોથી ઘેરાયલા પ્રદેશમાં એક મહાશક્તિ ધીમે ધીમે બધાનાં હૃદયમાં આશ્ચર્ય ઉત્પન્ન કરી રહી હતી. ધીમે ધીમે એ મહાપ્રતાપી પુરુષના પરાક્રમથી મોગલ બાદશાહ કંપી ઊઠ્યા અને તેના એકલાનાજ ઉત્સાહ અને તેજસ્વિતાનો સ્રોત આખા આર્યાવર્તમાં વ્યાપી ગયો. એ મહાશક્તિ કોણ તે ઓળખાવવાની જરૂર છે કે? વીરત્વની પ્રદીપ્ત મૂર્તિ, સ્વતંત્રતાના અદ્વિતીય આશ્રયસ્તંભ, છત્રપતિ મહારાજા શિવાજીના નામથી આપણા દેશમાં કોઇ બાળક પણ અજાણ્યો છે કે?

એ વીર પુરુષ, એ સ્વદેશ ઉદ્ધારક મહાત્માને જન્મ આપનાર રાજમાતા જીજાબાઇ હતાં.

સંતાનને મા જેવું સારૂં શિક્ષણ આપી શકે છે, મા જેવી રીતે તેને સારે રસ્તે ચડાવી શકે છે, તેવું બીજા કોઇથી થઇ શકતું નથી. જે મનુષ્યમાં મહાન થવાની શક્તિ અને ઇચ્છા છે, તે મનુષ્યને માતાના શિક્ષણ અને માતાના ઉત્સાહથી જેટલી હિંમત મળે છે, તેટલી બીજા કશાથી મળતી નથી. માતા હસતે મોંએ ઉત્સાહ અને આશીર્વાદ આપતી સામે ઊભી હોય તેવે સમયે* મનુષ્ય જેવો સાહસ કરીને વિપત્તિની સામે ઝંપલાવે

* શ્રી. કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરીના 'ગુજરાતી સાહિત્યના માર્ગસૂચક સ્તંભો'માંથી સાભાર ઉદ્ધૃત. —પ્રયોજક

છે, તેવો બીજી કોઇ વખતે ઝંપલાવતો નથી. પરાધીનતા, કાયરપણું વગેરે દોષો માટે માતા પાસેથી જેને ઠપકો મળે તેના જેવો ઠપકાનો ભય બીજા કોઇને રહેતો નથી.

ધર્મનિષ્ઠા, મહત્ત્વ અને તેજસ્વિતામાં જીજાબાઇ એક આદર્શ રમણી હતી. પોતાનો પુત્ર વીરત્વ, મહત્ત્વ અને ધર્મનિષ્ઠામાં આદર્શ પુરુષ નીવડે અને હિંદુઓની ખોવાયલી પ્રતિષ્ઠા પાછી આણે એટલા માટે પુત્રને શિક્ષણ અને ઉત્સાહ આપવામાં તેમણે બાકી રાખી નહોતી અને તેને લીધેજ શિવાજી 'શિવાજી' બનવા પામ્યા હતા.

દક્ષિણ ભારત કદી એકી વખતે દિલ્હીના શહેનશાહના તાબામાં રહ્યું નથી. જ્યારે પઠાણ રાજાઓ દિલ્હીમાં રાજ્ય કરતા હતા, ત્યારે દક્ષિણમાં બે મુખ્ય રાજ્ય હતાં. એક હિંદુનું અને બીજું મુસલમાનોનું.

હિંદુ રાજ્યનું નામ વિજયનગર અને મુસલમાની રાજ્યનું નામ બ્રાહ્મણી રાજ્ય.

ધીમે ધીમે બ્રાહ્મણી રાજ્યના પાંચ ભાગ ગઇ ગયા. એ પાંચ રાજ્યના મુસલમાન રાજાઓએ મળીને વિજયનગરના હિંદુ રાજ્યનો નાશ કર્યો. ત્યાર પછી એ પાંચ રાજ્યમાંથી બેનો લોપ થઇને ત્રણ બાકી રહ્યાં. એ ત્રણનાં નામ અહમદનગર, બિજાપુર અને ગોવલકોંડા.

હિંદુ રાજ્યનો નાશ થયા છતાં હિંદુની શક્તિ એકદમ નાશ પામી નહિ. મુસલમાન રાજાઓના તાબામાં સેંકડો નાના નાના જમીનદારો, જાગીરદારો અને કિલ્લેદારો પોતપોતાની હદમાં રાજ્ય કરતા હતા. એ હિંદુ જાગીરદારો વગેરે યુદ્ધ અને રાજ્યશાસનમાં અહમદનગર, વિજાપુર અને ગોવલકોંડાના મુસલમાન રાજાઓના મુખ્ય મદદગાર હતા.

આટલી શક્તિ હોવા છતાં પણ એ હિંદુઓ મુસલમાનોને તાબે હતા તેનું કારણ એ છે કે, એ બધા હિંદુ જાગીરદારો સાથે મળીને કદી સંપ કરી શકતા નહિ; અથવા તેમાંનો કોઈ એવો મોટો નીકળતો નહિ કે જે બધાને પોતાના તાબામાં રાખીને એક વિશાળ હિંદુ રાજ્યની સ્થાપના કરે.

દાક્ષિણાત્યના પશ્ચિમ ભાગમાં મરાઠા દેશ છે. એ દેશમાં

પણ અનેક મરાઠા જાગીરદાર અને કિલ્લેદારોમાંથી પણ કોઇ અહમદનગર તો કોઈ બિજાપુર અને કોઇ ગોવલકોંડાના સુલતાનના તાબામાં કામ કરતા. શિવાજીએ સૌથી પહેલાં પોતાની શક્તિના બળે આખી મરાઠા જાતિને પોતાના વાવટા તળે આણીને એક નૂતન શક્તિ વડે, હિંદુ પ્રજાના જીવનમાં એક નૂતન ભાવનો સંચાર કર્યો. આ પ્રચંડ શક્તિના આઘાતથી ફક્ત દક્ષિણનીજ નહિ પણ આખા ભારતવર્ષની મુસલમાન શક્તિ તૂટી ગઇ.

એ મહાશક્તિની જનની, એ નવગંગા પ્રવાહની પુણ્ય પવિત્ર ગોમુખી જીજાબાઇ સિંદખેડના દેશમુખ, લુકજી જાધવરાવ નામના કોઇ મરાઠા જાગીરદારની કન્યા હતી. "લુકજી જાધવરાવ દેવગિરિના યાદવોનો વંશજ અને સિંદખેડનો દેશમુખ હતો. અહમદનગરની નિઝામશાહીમાં તેને બાર હજાર ઘોડેસવારની મનસબદારી મળી હતી. એ લશ્કરના ખર્ચ સારૂ તેને નિઝામ સરકાર તરફથી મોટી જાગીર મળી હતી. સરકારમાં તેમનું ઘણું માન હતું, એટલુંજ નહિ પણ તેમના જેવા બળવાન અને શૂરા સરદાર નિઝામશાહીમાં ઘણાજ થોડા હતા."* એ શૂરા સરદારના હાથ નીચે માલોજી ભોંસલે નામનો એક નાનો પણ ખાનદાન મરાઠા જમીનદાર કામ કરતો હતો. એમ કહેવાય છે કે, અલાઉદ્દીને જ્યારે ચિતોડ જીતી લીધું ત્યારે ઉદયપુરના રાણાવંશનો એક રજપૂત મરાઠાઓના દેશમાં નાસી આવ્યો હતો. એજ રજપૂતના વંશમાં માલોજીનો જન્મ થયો હતો. માલોજીની પત્ની દિપાબાઇને ઘણાં વર્ષો સુધી સંતતિ નહિ થવાથી તેમણે અનેક બાધાઆખડી રાખી હતી. છેવટે તેમણે પોતાના નગરના પીર શાહ શરીફની બાધા રાખી અને દર ગુરૂવારે ફકીરોને દાનધર્મ કરવા માંડયું. સદ્ભાગ્યે છ માસમાં દિપાબાઇ ગર્ભવતી થઇ અને ઇ૦ સ૦ ૧૫૯૪ માં તેના ગર્ભથી પુત્રરત્નનો પ્રસવ થયો. પીરની કૃપાથી પુત્ર પ્રાપ્ત થયો હતો એમ માનીને માલોજીએ તેનું નામ શાહજી પાડયું. ત્યારપછીના બીજા પુત્રનું નામ શરીફજી પાડયું હતું. જે શિવાજીએ પાછળથી મુસલમાની સત્તા સામે પ્રબળ વિરોધ મચાવ્યો, તેજ શિવાજીના પિતાના જન્મ સમયે હિંદુઓના હૃદયરાજ્ય ઉપર

* જુઓ સસ્તું સાહિત્યનું "શિવાજી છત્રપતિ" ચરિત્ર.

પણ મુસલમાન સાધુસંતોએ કેટલી અસર જમાવી હતી તે દર્શાવવા સારૂજ અમે એ બીનાનો અત્રે ઉલ્લેખ કર્યો છે.

શાહજી બુદ્ધિમાન અને કાર્યકુશળ હતો. તેની વાણી મધુર અને વર્તણુંક મોહક હતી. જાધવરાવ તેના ઉપર ઘણા પ્રસન્ન રહેતા. જાધવરાવને જીજાઉ અથવા જીજાબાઇ નામની એક પુત્રી હતી. એની તથા શાહજી વચ્ચે મૈત્રી બંધાઇ. શાહજી એ સમયે પાંચ વર્ષનો હતો અને જીજા ત્રણ વર્ષની હતી. બંને ઘણી વાર સાથે રમતાં અને નિર્દોષ વિનોદ કરતાં. એક સમયે રંગપંચમીને દિવસે જાધવરાવને ઘેર મોટો સમારંભ હતો. અનેક સદ્‌ગૃહસ્થોને આમંત્રણ હતું. માલોજી પણ શાહજીની સાથે ત્યાં ગયો હતો. જાધવરાવે શાહજીને પ્રેમપૂર્વક પોતાના ખોળામાં બેસાડ્યો, એટલામાં જીજા પણ દોડતી આવીને પિતાના ખોળામાં શાહજીની પાસે બેસી ગઈ. બંને સમાન વયનાં બાળકોને જોઇને જાધવરાવે લાડમાં તથા મશ્કરીમાં પૂછ્યું: "કેમ જીજા, આ છોકરા જોડે પરણીશ ? આ વર તને ગમે છે ?" જીજાએ કહ્યું: "હા, પરણીશ. એ મારા વર." એમ કહેતામાં બંને બાળકો એકબીજા ઉપર પાસેની રકાબીમાંથી રંગ અને ગુલાલ છાંટવા લાગ્યાં. હાજર રહેલા પરોણાઓ એ સુંદર દૃશ્ય જોઈને હસવા લાગ્યા અને કહેવા લાગ્યા: "કેવું સરસ જોડું છે !"

માલોજીનું કુળ ગમે તેટલું ઊંચું હશે પણ માનમરતબો અને ધનવૈભવમાં એ લુકજી કરતાં ઘણો ઊતરતો હતો. લુકજી જાધવરાવની કન્યા સાથે પોતાના પુત્રનું સગપણ થાય એવી આશા રાખવી તેને માટે મિથ્યા હતી, પરંતુ આવો સરસ લાગ મળ્યાથી એણે ત્યાં બેઠેલા બધાને કહ્યું: "આપ સર્વે સાક્ષી છો. જીજા આજથી મારી પુત્રવધૂ થઇ. લુકજી મારા વેવાઇ થયા."

બીજે દિવસે ભોજનનું નિમંત્રણ આવ્યું ત્યારે માલોજીએ લુકજીને કહેવરાવી મોકલ્યું કે, "શાહજીની સાથે જીજાનો વિવાહ કરવાનું કબૂલ કરશો તો હું લુકજીને ઘેર જમવા આવીશ; નહિ તો નહિ આવું."

માલોજી મૂળે તો ગરીબ હતો, તેમાં વળી હાલ તો લુકજીના હાથ નીચે નોકર હતો. તેના તરફથી આવી બરોબરિયાના જેવી માગણી આવ્યાથી, લુકજીની સ્રીનો પિત્તો ઊકળી

આવ્યો અને તેણે માલોજીને ખૂબ ગાળો ભાંડી. આ અપમાન અસહ્ય થયાથી, માલોજી તેમની નોકરી છોડી દઇને ખેતીનું કામ કરવા લાગ્યો.

થોડા સમય પછી માલોજીનું નસીબ ફર્યું અને તેને જમીનમાં દાટેલા સોનામહોરોના સાત ચરૂ મળી આવ્યા. એ સંબંધમાં દંતકથા એવી છે કે:-

એક દિવસ માલોજીએ સ્વપ્ન જોયું કે સાક્ષાત્ દેવી ભગવતી તેની સન્મુખ આવી ઊભાં છે અને કહે છે કે, "માલોજી! હું તારા ઉપર પ્રસન્ન થઇ છું. તારા વંશજો રાજા થઇને ધર્મનું ગૌરવ સાચવશે. અહીંયાં સોનામહોરના સાત કળશ દાટેલા છે, તે તુ ખોદી લે અને એ ધનથી ભવિષ્યના રાજ્યની તૈયારી કર."

આ પ્રમાણે કહીને દેવી અદૃશ્ય થઈ ગયાં. માલોજીએ બીજે દિવસે સવારે દેવીએ બતાવેલે સ્થાને ખોદ્યું અને સોનાના સાત ચરૂ કાઢ્યા. આ પ્રમાણે અઢળક ધન મળ્યાથી માલોજીએ ઘણા સવારોનું સૈન્ય એકઠું કર્યું.

તેના સાહસ અને બળની વાત હવે ચારે તરફ ફેલાઇ. ધીમે ધીમે અહમદનગરના રાજ્યમાં તેને મોટો અધિકાર મળ્યો.

લુકજીએ હવે ઇ. સ. ૧૬૦૪ ના માર્ચમાં પોતાની કન્યા જીજાબાઇનો શાહજી સાથે વિવાહ કરી દીધો.

કેટલાંક વર્ષ વીતી ગયાં. શાહજી હવે બાળક નથી. હવે તો એ પણ સાહસિક, પરાક્રમી અને બળવાન યુવક થયો છે. અહમદનગરનું રાજ્ય દિવસે દિવસે નબળું પડતું જતું હોવાથી શાહજી દિલ્હીના શહેનશાહ પાસે નોકરી માગવા ગયો. તેના ગુણોનાં વખાણ શાહજહાન બાદશાહ અગાઉથી સાંભળી ચૂકયો હતો, એટલે એણે આ ગુણવાન વીર યુવકને છ હજાર ઘોડેસવારનો નાયક નીમીને બે લાખ રૂપિયાનું ઇનામ આપ્યું.

થોડા સમય પછી અહમદનગરના રાજા બહાદુરશાહનું મૃત્યુ થયું. રાજ્યમાં ઘણી ગડબડ મચી. શાહજી બચપણથીજ અહમદનગર રાજ્યમાં ઊછર્યો હતો. આગલી વયમાં એ રાજ્યનીજ તેણે નોકરી કરી હતી. એ રાજ્ય ઉપર આજે રાજાના મૃત્યુથી આફત આવી છે, એ જોઇને તેનાથી બેસી રહેવાયું નહિ. એ દિલ્હીમાંથી પોતાની નોકરીનું રાજીનામું આપીને તરત અહ-

મદનગર પહોંચ્યો. બહાદુરશાહની બેગમ શાહજીના આવ્યાની ખબર સાંભળીને ચિંતામાંથી મુક્ત થઇ. થોડા વખત પછી તેણે શાહજીને પોતાના રાજ્યનો કારભારી નીમ્યો અને બાળક પુત્રોના રક્ષણનો ભાર પણ તેને સોંપ્યો.

વૃદ્ધ લુકજી હજુ પણ અહમદનગરના રાજ્યમાં પોતાની આગલી નોકરી ઉપર હતો. જે માલોજી એક દિવસ પોતાનાજ હાથ નીચે સાધારણ કારકુન હતો, તેનોજ છોકરો આજે રાજ્યમાં કરતોકારવતો થઈ પડ્યો. જમાઇ હોવા છતાં પણ તેની આટલી બધી ઉન્નતિ લુકજીથી સહન થઇ શકી નહિ. એણે દિલ્હીના બાદશાહ શાહજહાન સાથે મસલત ચલાવી અને પોતે સહાય કરવાનું વચન આપીને તેને અહમદનગર ઉપર ચડાઈ કરવાને આગ્રહ કર્યો.

દિલ્હીના બાદશાહો ઘણા સમયથી અહમદનગર જીતવાને યત્ન કરતા હતા. હવે એ રાજ્યનાજ એક માણસે ઘરભેદુ થઇને મદદ કરવાનું વચન આપ્યું, એટલે શાહજહાને સેનાપતિ મીરજુમલાને અહમદનગર ઉપર ચડાઇ કરવા મોકલ્યો.

શાહજી પરાજિત થયો. અહમદનગરની પડતી આવી. શાહજીએ જોયું કે, "હું રાજ્યનો મુખ્ય અમલદાર છું એટલા માટે અદેખાઇને લીધે સસરાએ આ આપત્તિ આણી છે. હું પોતે રાજકામ છોડી દઇશ તો રાજ્યનું રક્ષણ થશે." એવું વિચારીને એણે બિજાપુર રાજ્યમાં નોકરી સ્વીકારીને સપરિવાર અહમદનગરનો ત્યાગ કર્યો.

જીજાબાઇ આ સમયે તેમની સાથે હતાં. તેમનો મોટો પુત્ર સંભાજી આ સમયે ત્રણચાર વર્ષનો હતો અને તે પણ માતાપિતાની સાથેજ હતો. અધૂરામાં પૂરૂં જીજાબાઇ આ આપત્તિને સમયે સગર્ભા હતાં. શત્રુઓ પાછળ આવતા હોવાથી તેમને વેગપૂર્વક ઘોડો દોડાવતાં નાસવું પડયું હતું. કેટલાક ગાઉ જતાં તેમના પેટમાં એકદમ એવો દુઃખાવો થયો કે એક ડગલું પણ આગળ ચાલવું અસહ્ય થઇ પડયું. આવી સ્થિતિમાં પત્નીને કોઇ સુરક્ષિત સ્થાનમાં મૂકવાનો શાહજીએ વિચાર કર્યો. જુન્નરનો થાણદાર શ્રીનિવાસરાવ એમનો મિત્ર હતો. જીજાબાઇને કેટલાક નોકરો સહિત તેના આશ્રયમાં શિવનેરીના કિલ્લામાં મૂકીને શાહજી નિરુપાયે આગળ ચાલ્યા. એમણે ધાર્યું હતું કે

લુકજી પાછળ આવે છે, એના હાથમાં જીજાબાઇ આવશે તો લાખ તોયે એની છોકરી હોવાથી એ એને દુઃખ નહિ દે. થયું પણ એમજ. શાહજી રાજા શિવનેરીના કિલ્લાથી થોડા ગાઉ આગળ પહોંચ્યા હશે એટલામાં જાધવરાવ કિલ્લામાં પહોંચ્યા. લોકોએ તેમને સમજાવ્યા કે, "શાહજી રાજા સાથે તમારે શત્રુતા છે, પુત્રી જીજાએ તમારો કાંઇ અપરાધ કર્યો નથી. એના રક્ષણનો પૂરતો બંદોબસ્ત કરવો એ તમારી ફરજ છે. મોગલો પાછળ આવી રહ્યા છે. ન કરે નારાયણ અને જીજાબાઇ એમના હાથમાં સપડાશે તો એથી તમારી આબરૂ પણ ધૂળમાં મળી જશે, માટે જમાઇની શત્રુતાનો વિચાર આ સમયે ન આણતાં છોકરીના રક્ષણનો વિચાર કરો." હિતસ્વીઓની આ વાજબી સલાહ જાધવરાવને ગળે ઊતરી, તેમનું હૃદય પીગળ્યું અને તે પુત્રી જીજાબાઇને મળવા ગયો. જીજાબાઈએ પિતાને ઘણો ઠપકો આપ્યો અને કહ્યું કે, "મારા પતિને બદલે હું તમારા હાથમાં આવી છું, જે કાંઇ સજા કરવી હોય તે મને કરો."

જાધવરાવે સ્નેહપૂર્વક પુત્રીને માથે હાથ ફેરવ્યો અને કહ્યું: "જેવી બુદ્ધિ સૂઝવાની હતી તે સૂઝી અને વૈરભાવ બંધાયો. હવે તેનો કાંઇ ઉપાય નથી. તારે ક્યાં જવું છે તે મને કહે. તારે સિંદખેડા જવું હોય તો હું તને સુરક્ષિતપણે ત્યાં પહોંચાડવાની વ્યવસ્થા કરૂં." જીજાબાઈએ ઉત્તર આપ્યો: "મારા સ્વામી મને જયાં મૂકી ગયા છે ત્યાંજ હું રહેવા માગું છું. મારે પિયેર નથી આવવું." પુત્રીનો એવો નિશ્ચય જોઇને જાધવરાવે તેના રક્ષણ માટે ત્યાં વધારાનાં કેટલાંક માણસ રાખ્યાં. એ પ્રમાણે પતિવ્રતા જીજાબાઇ પતિની ઇચ્છાને માન આપીને એમણે નક્કી કરેલે સ્થાનેજ રહી. પોતાના પતિ સાથે જીજાબાઇના પિતાએ વેર બાંધ્યું હતું એ એને જરા પણ પસંદ નહોતું. પતિનું અપમાન કરનાર પિતાની છાયામાં એ સુરક્ષિત રહેવા કરતાં જોખમ વેઠીને પતિના મિત્રના શરણમાં રહેવુંજ તેણે યોગ્ય વિચાર્યું. એમ પણ કહેવાય છે કે ત્યાર પછી એ કદી પિયેર ગયાં નહોતાં. દેવસેવા અને ધર્મમાં મૂળથીજ જીજાની ગાઢી ભક્તિ હતી. સ્વામી એકલી છોડીને ગયા હતા, પિતાએ પણ શત્રુની સ્ત્રી ગણીને તેને નજરકેદ કરી રાખી હતી, સંસારમાં હવે જીજાને માટે બીજું કંઇ કામ નહોતું એટલે જીજાએ એકાગ્રચિત્તે દુર્ગની

અધિષ્ઠાત્રી શિવાઇ માતાની આરાધના કરવા માંડી.

પરંતુ સંસારનું સઘળું સુખ જતું રહે તો પણ સંતાન પ્રત્યેની મમતા સ્ત્રીના હૃદયમાંથી ઓછી થતી નથી. કેદીની દશામાં જીજાને સંસારનું બીજું કાંઈ બંધન નહોતું, પણ ગર્ભમાંના બાળક પ્રત્યેનો પ્રેમ સદા તેનું ધ્યાન એ તરફ ખેંચી રાખતો.

સાંસારિક સુખની કોઇ સાંકડી અને સ્વાર્થી લાલસા તેને નહોતી. ઘર માંડીને સાંસારિક વૈભવથી સુખી થવાની ઇચ્છા તેણે કોઇ દિવસ મનમાં આણી નથી. એના મનમાં કેવળ એજ વિચાર આવતો કે, "હિંદુ ધર્મ અને હિંદુ જાતિનો દિવસે દિવસે ભારતવર્ષમાંથી નાશ થતો જાય છે, માટે હું એક એવા વીર અને ધાર્મિક પુત્રને જન્મ આપું કે, એ પુત્ર ફરીથી ભારતની પ્રતિષ્ઠા અને ગૌરવ વધારે." એ ઉચ્ચ કામના સુખ અને વૈભવની ઇચ્છાઓને દૂર કરીને, ઉદારચરિત જીજાના હૃદયમાં ઊભરાવા લાગી. એજ કામનાથી જીજાબાઇ હમેશાં એકાગ્રચિત્તે શિવાઈદેવીની પૂજા અને પ્રાર્થના કરતી હતી.

દેવીના મંદિરમાં બેસીને બે હાથ જોડીને જીજા કહેતી કે, "મા, સંસારમાં મારે કાંઇ સુખ નથી. કોઈ સુખની હું આકાંક્ષા પણ રાખતી નથી. ગર્ભમાં જે બાળક છે તે બાળક તમારો થાઓ. તમારી દયા અને તમારે પ્રતાપે એ તમારી શક્તિ લઇને દુનિયામાં અવતરજો. એ પુત્ર પાસેથી હું મારા અંગત ફાયદાની આશા રાખતી નથી કે પુત્રના પોતાના સુખવૈભવની કે વિલાસની પણ હું વાસના કરતી નથી. ઇચ્છા માત્ર એટલીજ છે કે એ પુત્ર સદા તારોજ દાસ થઇને રહે અને તારી સેવા કરીને માનવજીવનનું સાર્થક કરે. મા! હું તમારી રોજ જે ભક્તિ અને પૂજા કરૂં છું, તે ભક્તિ તમારી કૃપાથી મારા ગર્ભમાં રહેલા બાળકના હૃદયમાં સંચાર પામો! એ ભક્તિના આશીર્વાદરૂપે તમારી વિશ્વપાલક શક્તિથી તેનું હૃદય પૂર્ણ થાઓ અને એ શક્તિથી ભારતમાં ધર્મરાજ્યની સ્થાપના થાઓ. મારી બીજી કોઈ કામના નથી. બીજી કોઇ પ્રાર્થના નથી. તમારી દાસી નિત્ય એકજ વાસના અને એકજ પ્રાર્થના માટે તમારે બારણે આવીને પોકારે છે. માજી! દાસીની એ પ્રાર્થના સાંભળો અને દાસીની એ ઇચ્છા પૂર્ણ કરો.

"મા! વીરપુત્ર, ધાર્મિક પુત્ર, જે પુત્રને હાથે દેવતાના તથા ધર્મના ગૌરવનું રક્ષણ થાય, એવા પુત્રને જન્મ આપવામાં જ નારીજીવનની સાર્થકતા છે. મેં ઘણું દુઃખ વેઠયું છે. ઘણું દુઃખ પડ્યા છતાં પણ એ દુઃખના નિવારણ માટે તમારી પાસે પ્રાર્થના કરી નથી. તમારી શક્તિ, તમારો મહિમા જગતમાં સ્થાપી શકે, એવો ધાર્મિક પુત્ર આપીને માતાજી, મારૂં નારીજીવન સાર્થક કરો."

આપણા દેશના તેમજ પશ્ચિમના વિદ્વાનોનું માનવું છે કે, ગર્ભાવસ્થામાં માતાની જેવી ભાવનાઓ, જેવા વિચારો અને જેવી ઇચ્છાઓ હોય છે, તેવાજ સંસ્કાર પુત્ર ઉપર પડે છે. ગર્ભની સૂચના થઇ ત્યારથી યુદ્ધનો ભારે ગડબડાટ મચી રહ્યો હતો; પરંતુ એ વીરાંગના જીજાનું વીર હૃદય એ યુદ્ધકોલાહલમાં પણ ભયથી જરાએ ચમકયું નહોતું. તેના હૃદયમાં ઉત્સાહ સિવાય બીજો કોઇ ભાવ ઉત્પન્ન થયો નહોતો. યુદ્ધ થઇ રહ્યા પછી બાકીના મહિના જીજાએ એકાગ્રચિત્તે શક્તિસ્વરૂપ જગન્માતાની અર્ચના કરવામાં અને દેવીની પાસે વીર અને ધાર્મિક પુત્ર માગવામાં ગાળ્યા હતા, એટલે પુત્રના મનમાં સ્વાભાવિક રીતેજ વીરત્વ અને ધર્મનો ભાવ પ્રબળ થાય તો એમાં આશ્ચર્ય પામવા જેવું કાંઈજ નથી. આવી પુણ્યમય સાધનાના ફળરૂપે ઇ. સ. ૧૬૨૭ની ૧૦મી એપ્રિલે જીજાબાઇએ એજ શિવનેરી દુર્ગમાં, ઇચ્છાનુસાર દુર્લભ પુત્રરત્નને જન્મ આપ્યો. શિવાઇદેવીના વરદાનથી શિવાઇદેવીના સેવકરૂપ પુત્ર જન્મ્યો એમ ધારીને જીજાએ પુત્રનું નામ 'શિવાજી' પાડયું.

શિવનેરીના કિલ્લામાં જીજાબાઇ ત્રણ વર્ષ રહ્યાં. ત્યાર પછી શાહજી રાજા તેમને બાયજાપુર લઈ ગયા. એ બાયજાપુરમાં વસતા હતા તે સમયે મોગલ સરદારે નિઝામશાહી રાજ્ય ઉપર હુમલો કર્યો હતો અને બાયજાપુરના કિલ્લેદારને કહ્યું હતું કે, "શાહજીની પત્ની બાયજાપુરમાં છે તેને પકડીને મારે સ્વાધીન કર. તેમ કર્યાથી બાદશાહ તને મોટું ઇનામ આપશે." ઇનામની લાલચે એ વિશ્વાસઘાતી કિલ્લેદાર પ્રપંચથી જીજાબાઇને પકડીને મોગલોની છાવણીમાં લઇ ગયો. એ સમયે જાધવરાવનો ભાઇ મોગલોની સેનામાં નોકર હતો. તેને એથી ઘણું ખોટું લાગ્યું; પણ એ વખતે બળથી કામ ચાલે એમ નહોતું.

તેથી તેણે મહોબતખાનની પાસે જઇને યુક્તિપૂર્વક કહ્યું કે, "શાહજી અને અમારા કુટુંબ વચ્ચે કુસંપ છે એ આપ જાણો-જ છો. એ કજિયાને લીધે તેણે જીજાબાઇ અને તેના પુત્રોને ત્યજી દીધાં છે અને તુકાબાઈ નામની બીજી સ્ત્રી સાથે વિવાહ કર્યો છે. બીજી વાર લગ્ન કર્યાથી જીજાબાઇ અને તેની વચ્ચે અણ-બનાવ છે. જીજાબાઇને આપ કેદ કરશો તેથી શાહજીને તો જરા પણ ખોટું નથી લાગવાનું, પણ અમારા કુટુંબની આબરૂ તો અવશ્ય જશે. અમે આપના નિમકહલાલ નોકર છીએ, માટે અમારી કીર્તિને કલંક લાગે એવું કૃત્ય આપને હાથે ન થવું જોઇએ." એ વાત મહોબતખાનને ગળે ઊતરી અને તેણે જીજા-બાઇને જાધવરાવને સોંપી દીધી. જાધવરાવે જીજાબાઇને શાહજી રાજાના તાબાના કોંડાણાના કિલ્લામાં સુરક્ષિતપણે પહોંચાડી-દીધાં. આ પ્રમાણે એમની એક મહાઆપત્તિ ટળી ગઇ.

શિવાજીના જન્મ પછીનાં દશ વર્ષ જીજાબાઈએ ઘણી ચિંતામાં ગાળ્યાં. "શત્રુઓના ભયથી તેમને એક કિલ્લામાંથી બીજા કિલ્લામાં નાસભાગ કરવી પડતી. શત્રુઓ ક્યારે આવીને પોતાના પ્રિય પુત્રનો તથા પોતાનો સંહાર કરશે એ ચિંતા એમને રાતદિવસ રહેતી હતી. વળી શાહજી રાજાએ મોગલો જેવા પ્રબળ શત્રુ સાથે ઘોર સંગ્રામ મચાવ્યો છે તેનું પરિણામ અંતે શું આવે છે, એ ચિંતામાં તેમને ચિંતાજ્વર લાગુ પડ્યો હતો; પરંતુ જીજાબાઇ અત્યંત સ્વાભિમાની અને પતિવ્રતા હોવાથી ધૈર્યપૂર્વક અને દૃઢ નિશ્ચયપૂર્વક દસ વર્ષ વિતાડ્યાં."*

મહારાજા શિવાજીના બાળશિક્ષણનો આરંભ માતા જીજા-બાઇને હાથેજ થયો. આપત્તિના સમયમાં એમનું બધું ધ્યાન એજ તરફ લાગ્યું હતું. સાધનાબળે ગર્ભાવસ્થામાં પુત્રના હૃદય-માં તેમણે જે મહત્ત્વનું બીજારોપણ કર્યું હતું, તે મહત્ત્વ યોગ્ય શિક્ષણ અને પોતાની વર્તણુંકના દાખલાથી અંકુરિત થઇને ખીલી નીકળે એ માટે જીજાબાઇ ઘણીજ મહેનત અને કાળજી-થી પુત્રને ઉછેરવા લાગ્યાં. જે કામનાથી 'શિવાઇ' દેવી પાસે પુત્ર માગ્યો હતો, તે કામના પુત્રને મહાન ગુણોથી વિભૂષિત કરીને પૂર્ણ કરવી, એ જીજાના જીવનનું એક માત્ર વ્રત બન્યું. ભવાનીના વરદાનથી પુત્ર મળ્યો. હવે એ પુત્ર ભવાનીના ચરણ-

* જુઓ કેળુસ્કરકૃત 'શિવાજી ચરિત્ર.'

કમળમાં આત્મદાન કરીને ભવાનીના આશીર્વાદથી, ભવાનીનીજ શક્તિથી પ્રેરિત થઈને, ભારતવર્ષમાં હિંદુનું ધર્મરાજ્ય સ્થાપી શકે, એજ જીજાબાઇની સર્વોચ્ચ આકાંક્ષા હતી. એજ વિચારથી એણે પુત્રને દીક્ષિત કર્યો અને તેને ઉપયોગી શિક્ષણ આપવાનો પણ આરંભ કર્યો.

શિવાજીમાં જ્ઞાનનો ઉદય થતાંવારજ તેણે પુત્રને કહ્યું કે, "શિવા ! ભવાની દેવીના આશીર્વાદથીજ તું જન્મ્યો છે. તું મારા સુખને માટે અવતર્યો નથી. તારા પિતાજીના કે અન્ય કોઇના સુખને માટે પણ નહિ. માતા ભવાનીએ તેમના પોતાના કાર્યને માટે આ દાસીના ગર્ભમાં તને જન્મ આપ્યો છે. તું મારો નથી, ભવાનીનો છે. તું તેમનું ધન છે. તેમનું કાર્ય તને સોંપી દેવા સારૂ તેમણે તને મારા હાથમાં સોંપ્યો છે. એજ તારી માતા છે, એજ તારી ઇષ્ટદેવી છે. તેના ચરણકમળમાં મન અને પ્રાણને મૂકી દઇને, એ જે માર્ગે ચલાવે ત્યાં નિર્ભયપણે જજે, એ તને શક્તિ આપશે, તારો ભય દૂર કરશે અને બધી વિપત્તિઓમાંથી તારૂં રક્ષણ કરશે. નિર્ભયપણે તનમનધન લગાડીને પાપમાં ડૂબતા ભારતમાં પાછું ભવાની માતાનું ધર્મરાજ્ય સ્થાપ. પ્રાચીન સમયમાં જે મહાપુરુષો, જે મહાવીરો ભારતવર્ષમાં જન્મ ગ્રહણ કરીને દેવતા અને ધર્મનો મહિમા વધારી ગયા છે; તેમના ગુણ, મહત્ત્વ અને કીર્તિનું સદા સ્મરણ કરજે. તેમના જેવો થઇને આ હતભાગ્ય દેશ પાછો ગૌરવમય થઈ શકે એવો પ્રયત્ન ખરા મનથી કરજે. લક્ષ્મણ અને અર્જુનની પેઠે વીરત્વમાં, ધર્મમાં અને પ્રતિજ્ઞામાં અટળ રહેજે. રામ અને યુધિષ્ઠિરની પેઠે ધર્મરાજ્યનો રાજેશ્વર બનજે અને પ્રજાના કલ્યાણને માટેજ રાજધર્મનું પાલન કરજે. મારી એજ ઇચ્છા છે, એજ આશીર્વાદ છે. મારો આ ઉપદેશ સદા મનમાં યાદ રાખજે. આ ધર્મ, આ વ્રત ગ્રહણ કરીને તારા જીવનને ધન્ય કરજે અને મારૂં 'મા' નામ સાર્થક કરજે."

પ્રારંભનાં એ દસ વર્ષમાં જીજાબાઇએ શિવાજીને કયી કયી વિદ્યાઓ શીખવી તેનો સત્તાવાર ઉલ્લેખ મળતો નથી; પણ એટલું તો જણાયું છે કે, એ લઘુ વયમાં માતાની દેખરેખ નીચે એ ઘોડેસવાર થતાં, તીર ચલાવતાં, બંદૂક તાકતાં, પટા ખેલતાં અને થોડુંક લખતાંવાંચતાં શીખ્યા હતા તથા અનેક ઉચ્ચ

ભાવોથી પ્રેરાયા હતા.

પ્રારંભનાં એ દશ વર્ષમાં જીજાબાઈની અસર શિવાજી મહારાજના ચરિત્ર ઉપર કેવી થઈ, એ સંબંધી છત્રપતિનું ચરિત્ર લખનાર નીચેના શબ્દોમાં લખે છે કે, "તેમનાં પ્રથમનાં દશ વર્ષ માતા જીજાબાઇની સાથેજ વીત્યાં હતાં. મનુષ્યના મન ઉપર ઇષ્ટ-અનિષ્ટ સંસ્કાર પાડવાને માટે એ વય અતિશય મહત્ત્વની હોય છે. એ વયમાં સદ્દઅસદ્દવૃત્તિનાં જે બીજારોપણુ થાય છે તે આગળ જતાં અનુકૂળ સંસ્કારોથી વિકસિત થવાનો દૃઢ સંભવ હોય છે. વૃત્તિવિકાસનું કાર્ય અત્યંત કોમળ હોય છે અને તે મુખ્ય કરીને માતપિતાના આચરણુ ઉપર અવલંબન કરે છે. તેમાંય વળી માતૃશિક્ષણુનો પ્રભાવ વિશેષ હોય છે. માતાનો સ્વભાવ અને આચરણુ જેવાં હોય છે, તેવાં તેની સંતતિમાં ઊતરવાનો ઘણો સંભવ હોય છે. ગર્ભધારણુના સમયથીજ એ શિક્ષણુનો પ્રારંભ થાય છે એમ કેટલાક શાસ્ત્રજ્ઞનું કહેવું છે. તે સત્ય માનીએ તો જીજાબાઇ સગર્ભાવસ્થામાં હતી ત્યારથી કેવી સંકટાવસ્થામાં હતી અને તે અવસ્થામાં તેમના મનની વૃત્તિ કેવી હોવી જોઇએ, તે કોઇને પણુ કહેવું પડશે નહિ. શિવાજી મહારાજના હૃદયમાં અતિ બાળવયથીજ યવનદ્વેષ એટલો બધો વિકાસ પામ્યો હતો, તેનું કારણુ તપાસવા જતાં તેમની માતાનીજ મનોવૃત્તિ દ્વેષપૂર્ણ થઈ હતી એમ જણાય છે. બાળરાજાનાં પ્રથમનાં દશ વર્ષ તો કેવળ ઘોર સંકટમાંજ વીત્યાં. જે યવનો તરફથી તેમને એવી સંકટમય સ્થિતિ પ્રાપ્ત થઇ, તે યવનો સંબંધી તેમના હૃદયમાં દ્વેષ અને તિરસ્કારવૃત્તિ સંપૂર્ણ રીતે વિકાસ પામે તેમાં આશ્ચર્ય પણુ શું? તેમાં વળી જીજાબાઈ જેવી અત્યંત સ્વાભિમાની, મહત્ત્વાકાંક્ષી, બુદ્ધિમતી અને અહર્નિશ પુત્રને એ સંબંધીજ બોધ કરનાર માતા સર્વદા સાંનિધ્યમાં રહ્યા પછી, તેમનો વૃત્તિવિકાસ જોઇએ તેવો થાય તેમાં પણુ આશ્ચર્ય પામવા જેવું શું છે?

જીજાબાઇનો જન્મ જે કુળમાં થયો હતો તે કુળ એક સમય દેવગિરિનો રાજવૈભવ ભોગવતું હતું. તેમનો રાજવૈભવ યવનોએ હરણુ કરી લીધો ત્યારથી તે કુળને દરિદ્રતા અને પરવશતા પ્રાપ્ત થઇ હતી. તે કુળનાં મનુષ્યો પોતાને વીતેલી દુઃખદ વાતો સહસા ભૂલે નહિ અને જીજાબાઇ જેવી સ્વાભિમાની સ્ત્રીને તો

કદી પણ વિસ્મૃતિ થાયજ નહિ એ સ્વાભાવિક છે. નિઝામશાહે વિશ્વાસઘાત કરી તેના પિતા અને બંધુનો વધ કર્યો હતો, તેથી યવનો પર તેને ક્રોધ થયો હતો. તેજ પ્રમાણે ભોંસલેના કુળનો રાજવૈભવ યવનોના પગ તળે નષ્ટ થઈ, તે કુળના પુરુષોને નાસી જવું પડયું અને કેવળ કંગાળ સ્થિતિમાં સમય વ્યતીત કરવો પડ્યો, તે પણ જીજાબાઈ કદી ભૂલી નહોતી. આગળ જતાં શાહજી રાજાએ સ્વબાહુબળવડે યવનો સાથે કેટલોક સમય યુદ્ધ કરી પોતાના શરીરનું અપ્રતિમ ક્ષાત્રતેજ અને વિલક્ષણ શૌર્ય બતાવી તેમને ચકિત કરી દીધા હતા; પરંતુ યવનોનું સૈન્યબળ પ્રચંડ હોવાથી શાહજી રાજાએ પરાજય પામી કેવળ નિરુપાયે પુનરપિ યવનોની તાબેદારી સ્વીકારી હતી. સ્વપતિનું એવું અલૌકિક પરાક્રમ જોઇને અને થોડો વખત સમરવિજયી થઇને એક યવનની પાદશાહી રાજાના તાબામાં આવ્યા છતાં, અંતે તેમનો પરાજય થયો; એ સંબંધી વિચાર કરતાં જીજાબાઈના હૃદયમાં કેવી તીક્ષ્ણ વૃત્તિ ઉદ્ભવી હશે વારૂ ? 'ભોંસલેના કુળમાં શકપ્રવર્તક પુરુષ ઉત્પન્ન થઇ યવનોના ત્રાસમાંથી સર્વ હિંદુઓને મુક્ત કરશે' એવું ભવાનીદેવીએ તેને જે વરદાન આપ્યું હતું, તે વરદાન હવે સત્વર ખરૂં પડશે એ આશાનું જીજાબાઇના હૃદયમાં કેટલીક વખત સ્ફુરણ થવા જેવી કૃતિ શાહજી રાજાને હાથે બનતી હતી; પરંતુ તેની ગતિ બીજેજ રસ્તે વળતાં પુનરપિ તેમને યવનોની તાબેદારી સ્વીકારવી પડી, એ જોતાં તેને કેટલી નિરાશા થઇ હશે અને કેટલું કષ્ટ થયું હશે તે કહેવાની આવશ્યકતા નથી.

"એ શ્રદ્ધાળુ સ્ત્રીને સર્વદા એવો ભાસ થતો કે, પૂર્વજોનો ગત વૈભવ પોતાને પુનઃ પ્રાપ્ત થશે અને પોતાના કુળમાં શક પ્રવર્તક પુરુષ અવશ્ય ઉત્પન્ન થશે. શાહજી રાજાએ કરેલાં પરાક્રમો પર-થી તે તેમ બનવું અસંભવિત સમજતી નહોતી. યવનોએ ઉભય કુળનો રાજવૈભવ હરણ કર્યાથી પોતાને કેવી હીન સ્થિતિ પ્રાપ્ત થઈ છે, તે જીજાબાઇ પોતાના પુત્રને વખતોવખત કહેતાં હતાં અને શાહજી રાજાએ તે સમયે જે પરાક્રમ બતાવ્યું હતું તેનું પુનઃ પુનઃ વર્ણન કરીને જીજાબાઈ શિવાજીના હૃદયમાં તેવુંજ પરાક્રમ કરવાની ઇચ્છા જાગૃત કરવાનો પ્રયત્ન કરતાં હતાં. હિંદુધર્મ પર દ્વેષ રાખી, તે ધર્મને માનનાર, પ્રજાને ત્રાસ આપ-

નાર, ક્રૂર અને વિશ્વાસઘાતી યવનોની સેવા કરી સંપત્તિવૈભવ ભોગવીને આનંદ કરવો એ નિંદ્ય અને વિપત્તિજનક છે, એવું જીજાબાઇ પુત્ર શિવાજીને અહર્નિશ કહેતાં હતાં. જીજાબાઈ દૃઢ ધર્મશીલ હોવાથી ઘરમાં હમેશાં ધર્મશાસ્ત્રનાં પુસ્તકો વાંચતાં હતાં. શિવાજી મહારાજને પણ બાલ્યાવસ્થાથીજ કથા સાંભળવાનો શોખ લાગ્યો હતો. રામ, રાવણ, પાંડવ, કૌરવ, વગેરેના યુદ્ધનાં વર્ણનો સાંભળતાંજ તેમનું શરીર કંપાયમાન થતું હતું અને સ્વમાતાના મુખથી પોતાના પૂર્વજોનું પરાક્રમ પુનઃ પુનઃ સાંભળવાથી તેજ પ્રમાણે વર્તન કરી, સ્વજીવનનું સાર્થક કરવું, એવી મહેચ્છા શિવાજી મહારાજ સમજણા થયા ત્યારથી તેમના હૃદયમાં ઉત્પન્ન થઇ ને દિવસે દિવસે વૃદ્ધિ પામવા લાગી હતી.

"શિવાજી મહારાજ નાનપણથીજ બુદ્ધિમાન અને ચપળ હોવાથી તેમને જે કહેવામાં આવતું તે તેઓ સારી પેઠે સમજીને યાદ રાખતા. જીજાબાઇનો સ્વભાવ ઘણો ધીર, ગંભીર અને અભિમાની હતો. શિવાજી મહારાજમાં માતાના સહવાસથી અને બોધથી માતાના ગુણ સંપૂર્ણ રીતે આવ્યા હતા. મહારાજ ઉત્તમ આચરણવાળા થાય, કુસંગતિમાં પડે નહિ, તેમ કોઇ દુર્વ્યસન કે એશઆરામ તેમને ઘેરે નહિ એ સંબંધી જીજાબાઈ ઘણીજ કાળજી રાખતાં. જીજાબાઈએ મહારાજને બાલ્યાવસ્થાથીજ યુદ્ધોપયોગી કળા શીખવવાની વ્યવસ્થા કરી રાખી હતી. જીજાબાઇના એવા સુશિક્ષણથી મહારાજના શરીરમાં સાહસ, શૌર્ય, વીર્ય, ધૈર્ય, સદાચારપ્રીતિ, સ્વધર્મનિષ્ઠા વગેરે સદ્‌ગુણોનો વિકાસ ઉત્તમ રીતે થયો હતો; પરંતુ મહારાજના હૃદયમાં એ સર્વ વૃત્તિ કરતાં એક વિશેષ મહત્ત્વની વૃત્તિ પ્રેમાળ માતાના બોધ વડે ઉત્પન્ન થઇ ઉત્તરોત્તર વિકસિત થતી ગઇ અને તેના પ્રભાવ વડે મહારાજનું નામ જગતના ઇતિહાસમાં અજરામર થઇ ગયું છે. એ વૃત્તિનું નામ 'સ્વાતંત્ર્યપ્રીતિ' છે. મુસલમાનોના તાબેદાર થઈ પરતંત્રતામાં આયુષ્ય વ્યતીત કરી, તેમના પર વિશ્વાસ રાખી એકનિષ્ઠા વડે અને પ્રમાણિકપણે ગમે તેટલી તેમની સેવા કરવામાં આવશે તોપણ તેની કાંઇ પણ કદર થવાની નથી અને ખરૂં સુખ મળવાનું નથી, એવા વિચારની ગળથૂથી માતા જીજાબાઇએ શિવાજી મહારાજને સુવાવડમાંથીજ પાઇ હતી, તેથી પરતંત્રતાથી કેટલું નુકસાન થાય છે, કેટલો

ત્રાસ અને વિપત્તિઓ ભોગવવી પડે છે અને જીવનરક્ષણ કરવામાં કેટલી અડચણો વેઠવી પડે છે, તેનો પ્રત્યક્ષ અનુભવ શિવાજી મહારાજને બાળપણથીજ સારી પેઠે સમજાયો હતો. × × શિવાજી મહારાજ જેવા પરમ માતૃભક્ત અને અત્યંત બુદ્ધિમાન પુરુષને પણ સદ્ભાગ્યે જીજાબાઇ જેવાં પરમ સાત્વિક, ભાવિક, સ્વાભિમાની અને સ્વોત્કર્ષપ્રિય માતા પ્રાપ્ત થવાથીજ તેમના બોધની અસર પુત્ર શિવાજીના મન ઉપર ઉત્કૃષ્ટ રીતે થઇ અને તેમને હાથે જગતને ચકિત કરી નાખે એવાં અને હિંદુ પ્રજાને મુસલમાનોના ત્રાસમાંથી મુક્ત કરાવે એવાં પરાક્રમો થયાં.”*

એ અરસામાં એટલે ઇ. સ. ૧૬૩૭માં આદિલશાહી રાજ્યમાં આશ્રય મળવાથી શાહજીએ જીજાબાઇને પુત્રસહિત પોતાની પાસે બોલાવી મંગાવ્યાં, પરંતુ પતિપત્ની ઝાઝો વખત સાથે રહેવા પામ્યાં નહિ. શાહજીને પણ રુસ્તમખાન સાથે કર્ણાટક જવું પડયું એટલે તેમણે બિજાપુર સરકાર પાસેથી મળેલી જાગીરની વ્યવસ્થા દાદાજી કોંડદેવ નામના એક વિશ્વાસુ નોકરને સોંપી. જીજાબાઇ અને પુત્ર શિવાજીને પણ તેનાજ રક્ષણમાં સોંપ્યાં. દાદાજી કોંડદેવે બન્નેને પૂનામાં લાવી રાખ્યાં.

જીજાબાઇએ શિવાજી મહારાજને જે પ્રકારનું શિક્ષણ આપવાનું શરૂ કર્યું હતું તે દાદાજીએ લક્ષપૂર્વક આગળ ચાલુ રાખ્યું, બલકે એમાં પોતાના અનુભવ પ્રમાણે વધારો કર્યો. અક્ષરજ્ઞાન તો માતા પાસેથીજ એમને મળ્યું હતું. પૂને ગયા પછી ઉર્દૂ તથા ફારસી ભાષા પણ એમને ભણાવવામાં આવી. થોડુંક સંસ્કૃત પણ શીખ્યા. શિવાજી મહારાજે કેટલાંક પદ અને આરતી રચ્યાં છે, તેમાં ઉર્દૂ ભાષાના શબ્દો આવે છે. વાચક બહેનો! તમારા કૉલેજમાં ભણેલા પતિ કે પુત્ર તમને કહે કે શિવાજી તો એક નિરક્ષર લૂંટારો હતો, તો તમે એમના કથનને કદી સત્ય ન માનશો. ગ્રાન્ટ ડફ્ આદિ ઇતિહાસકારોના મતને અનુસરી અંગ્રેજ લેખકો અને શિક્ષકો એજ મત દર્શાવતા રહ્યા છે. અંગ્રેજ લોકોના એ મતનું પુષ્કળ ખંડન થઇ ચૂક્યું છે. શિવાજીની સાક્ષરતા વિદ્વાનોએ સારી પેઠે સાબિત કરી આપી છે. શિવાજી મહારાજ લૂંટારા પણ નહોતા, પરંતુ ભારતમાં સ્વતંત્ર હિંદુ રાજ્ય સ્થાપવાનો ભગીરથ પ્રયત્ન કરનાર

* જુઓ શ્રી “શિવાજી છત્રપતિ” ચરિત્ર.

વીર રાજા હતા, એ વાત તમારે સ્મરણમાં રાખવી ઘટે છે.

માતા અને દાદાજીના શિક્ષણથી શિવાજીના હૃદયમાં ધર્મ ઉપર દૃઢ પ્રેમ ઉત્પન્ન થયો અને ધર્મના રક્ષણ સારૂ તથા તેની પુનઃ સ્થાપના સારૂ વીરતા અને દૃઢ પ્રતિજ્ઞાના ગુણોનો પણ વિકાસ થવા લાગ્યો. માતા જીજાબાઇની સાધના સફળ થવાનાં ચિહ્ન જણાવા લાગ્યાં.

શિવાજી જેમ જેમ મોટા થયા, તેમ તેમ તેમને ખાતરી થતી ગઇ કે, ભારતમાં સ્વતંત્ર હિંદુ રાજ્ય સ્થાપ્યા વગર હિંદુ ધર્મ અને હિંદુ પ્રજાનું ગૌરવ સાચવી રાખવાનો બીજો કોઈ ઉપાય નથી. ધીમે ધીમે પોતાના તાબાના જાગીરદારો પાસેથી ધન અને માણસો લઇને એ કામને માટે ઉપયોગી સામગ્રી એકઠી કરવા લાગ્યા. શાહજી બિજાપુર રાજ્યની નોકરી અર્થે દૂર કર્ણાટક પ્રાંતમાં રહેતા હતા. દાદાજી અને શિવાજીના હાથમાં બાપદાદાની જાગીરનો સંપૂર્ણ કારભાર હતો, એટલે જીવનનું વ્રત સાધવાને શિવાજીને કોઇ જાતની અડચણ નડી નહિ.

સાંસારિક સુખભોગમાં જીજાની આસક્તિ નહોતી. જે મહાન વ્રતમાં એણે પુત્રને દીક્ષિત કર્યો હતો, તે મહાવ્રતનું પાલન કરવામાં પુત્રને મદદ આપવી એ તેને મનથી જીવનનો મુખ્ય ધર્મ હતો, એટલે એ ઘણો વખત પુત્રની પાસેજ રહેતી. સંસારમાં પતિની સેવા કરવી એ સ્ત્રીનો ધર્મ છે, પણ તેના કરતાં પણ માતૃધર્મને મહત્-વ્રત-પરાયણ જીજા વધારે અગત્યનો ગણતી. એ જાણતી હતી કે એના વગર સ્વામીને કોઈ પણ જાતની અડચણ પડવાની નથી; કારણકે એની સપત્ની તુકાબાઈ સ્વામીની સાથેજ હતી. તુકાબાઇના હાથમાં સ્વામીસેવા અને સ્વામીના ઘરસંસારનો ભાર સંતુષ્ટચિત્તે સોંપી દઇને મહાપ્રાણ જીજાબાઇ પુત્રના ઘરના વહીવટ ઉપર દેખરેખ રાખવા લાગી.

શિવાજી જ્યારે વીસ વર્ષનો થયો, ત્યારે દાદાજી ઘણો માંદો પડ્યો. દાદાજીને લીધે શિવાજીને ઘણીજ મદદ મળી હતી. દાદાજી નહિ હોય તો તેની ખોટ કોઇનાથી પણ પુરાય એમ નથી, એ બધું જીજાબાઈ જાણતી હતી, એટલા માટે પુત્ર અને પુત્રવધૂને લઇને જીજાબાઈ તેની સેવામાવજત કરવા લાગી.

પરંતુ વૃદ્ધ અને જીર્ણ શરીર રોગના સખ્ત હુમલા આગળ

ટકી શકયું નહિ. દાદાજી સમજ્યો કે મૃત્યુ પાસે આવ્યું છે. તેણે રાજ્યસ્થાપન, રાજ્યપાલન, રાજધર્મ અને પ્રજાધર્મ સંબંધી શિવાજીને ઘણો ઉપદેશ આપ્યો અને કહ્યું: "શિવાજી! હું જાઉં છું, માટે દુઃખી અને નિરાશ થઇશ નહિ. બચપણથી મેં તને જે ઉપદેશ આપ્યો છે તથા અત્યારે જે કાંઈ કહું છું, તે બધું યાદ રાખીશ અને તે પ્રમાણે મન, વચન અને કર્મથી ચાલીશ, તો હું મરી ગયા છતાં પણ તારી નિકટજ છું. વળી તારાં માતુશ્રી જીવે છે, એ કાંઈ મારા કરતાં ઓછી મદદ નહિ આપે. ઘરકામમાં, ધર્મકાર્યમાં અને રાજકાર્યમાં એમને ઇશ્વર જેવાં ગણજે. એમના આશીર્વાદ અને દેવી ભવાનીની કૃપાથી તારૂં કદી અશુભ થશે નહિ."

થોડા દિવસ પછી દાદાજીનું મૃત્યુ થયું. મરતે મરતે પણ એ શિવાજીને ઘણો ઉપદેશ આપતો ગયો. કહેવાય છે કે, સ્વામીનું મૃત્યુ થયાથી દાદાજીની સ્ત્રી એકદમ મૂર્છિત થઇ ગઇ અને એ મૂર્છામાંજ એના પ્રાણ ગયા.

દાદાજીના મૃત્યુ પછી જમીનદારી અને જાગીરનો કારભાર શિવાજીના હાથમાં આવ્યો. ઉંમરે પહોંચેલા પુત્રના હાથમાં પૈતૃક સંપત્તિનો વહીવટ સોંપીને શાહજી બિજાપુર રાજ્યની નોકરીમાં કર્ણાટક નગરમાંજ રહ્યો.

દાદાજી હવે રહ્યા નહોતા; એટલે શિવાજીને કર્તવ્યપક્ષમાં ચલાવનાર જીજાબાઇજ હતી. માતાના ઉપદેશ અને સલાહ મુજબ શિવાજીએ હવે સ્વતંત્ર હિંદુ રાજ્ય સ્થાપવાની તૈયારીઓ કરવાનો આરંભ કર્યો. માતાના ઉપર શિવાજીને એટલી બધી ભક્તિ હતી તથા એની સૂક્ષ્મ બુદ્ધિ, પ્રવીણતા અને રાજદ્વારી બાબતોની માહિતી ઉપર તેમને એટલી બધી આસ્થા હતી કે, એ દિવસોમાં રાજ્યની સ્થાપનાની તૈયારીઓ કરવા માંડી ત્યારથી લઇને તે પોતાનું રાજ્ય સ્થપાઈ ગયું અને પોતે રાજા બની ચૂકયો ત્યાંસુધી, જેટલા દિવસ જીજાબાઇ જીવતી રહી, તેટલા દિવસ માતાનો ઉપદેશ અને આશીર્વાદ લીધા વગર શિવાજી કોઇ કામમાં માથું મારતા નહિ. લડાઇ અથવા બીજા કોઇ કામ પ્રસંગે શિવાજી બહારગામ જતા, તો જીજાબાઇ તેમના પ્રતિનિધિ તરીકે નવા રાજ્યનો વહીવટ ચલાવતી.

દક્ષિણમાં માવળા નામના એક હલકી જાતના લોક હોય

છે. એ માવળા લોકો ઘણુાજ દૃઢ, બળવાન અને સહનશીલ હોય છે. એ લોકોની સાથે માયાળુપણે વર્તીને શિવાજીએ પહેલેથી એમનું એક સાહસિક અને વિશ્વાસુ લશ્કર એકઠું કર્યું હતું. સ્વતંત્ર હિંદુરાજ્યની સ્થાપનામાં એ લોકો સહાયતા કરશે, એમ પોતાના સરદારોને ખાતરી આપીને, માવળાઓને તેમના હાથમાં સોંપીને, પોતે ચારે તરફ રાજ્યનો વિસ્તાર કરવા અને કિલ્લાઓ સર કરવા નીકળી ગયા.

આથી બિજાપુરના સુલતાનના તાબાના કેટલાક જાગીરદારો અને કિલ્લેદારો સાથે તેમને પહેલાં લડવું પડ્યું. ધીમે ધીમે એ વાત બાદશાહને કાને પણ પહોંચી. જોતજોતામાં શિવાજીએ કલ્યાણ અને કોંકણ પ્રાંત પોતાના કબજામાં લીધા.

સુલતાને જોયું કે પોતાના રાજ્યમાંથી શિવાજીએ એટલા બધા મુલક ઉપર કાબૂ મેળવ્યો છે કે, થોડા વખતમાં એનું સૈન્ય દક્ષિણ હિંદુસ્તાનમાંથી મુસલમાનોનો એકદમ સંહાર કરી નાખશે. ક્રોધ અને ભયને લીધે એનો કાંઇક ઉપાય કરવાનો બાદશાહે શાહજીને હુકમ આપ્યો.

શાહજી પોતે પણ પુત્રની શક્તિનો આટલો બધો વિકાસ જોઇને વિસ્મય પામી ગયો હતો. એણે વિચાર્યું કે, પુત્ર પોતાની પ્રતિભાના બળ વડે જે કાંઇ કરી રહ્યો છે, તેમાંથી તેને રોકવાની શક્તિ પોતાનામાં નથી, તેમજ તેની એવી ઇચ્છા પણ નહોતી; પરંતુ એ બાદશાહનો નોકર હતો. બાદશાહ ગુસ્સે થાય, તો એને પાયમાલ કરી શકે, એ વિચારથી એને જરા બીક લાગી. સુલતાનને એણે જણાવ્યું કે, "જહાંપનાહ ! શિવાજી હવે સ્વતંત્ર થયો છે. મારી વડીલોપાર્જિત મિલકત બધી એના હાથમાં છે અને હવે એ મારૂં કહ્યું માનતો નથી." વાત પણ ખરી હતી. શિવાજીએ આ બધી યોજનાઓમાં પિતાનો મત કોઇ દિવસ પૂછ્યો નહોતો.

પણ શાહજીની વાત ઉપર બાદશાહને વિશ્વાસ બેઠો નહિ. તેણે યુક્તિપૂર્વક શાહજીને કેદ કર્યો અને પછી ઢંઢેરો પિટાવ્યો કે, "શિવાજી જો સત્વર પોતે જીતેલું રાજ્ય બિજાપુરને પાછું આપી દેશે નહિ, તો બાદશાહ શાહજીને કેદખાનાની અંધારી ઓરડીમાં પૂરી રાખીને, આહાર અને હવા બંધ કરીને, ગૂંગળાવી ગૂંગળાવીને મારી નાખશે."

આ દારુણ સમાચાર સાંભળીને શિવાજી સંકડામણમાં આવી પડ્યા. એક તરફ શત્રુને હાથે પિતાજીને આ પ્રમાણે રિબાઇ રિબાઇને મરવાનો ભય હતો, બીજી તરફ હિંદુરાજ્ય સ્થાપન કરવાના જીવનવ્રતનો ત્યાગ કરવાનો શોક હતો. કોઇ પણ ઉપાય એ નક્કી કરી શક્યા નહિ. આ સમાચાર સાંભળીને માતા ગભરાઇ જશે, એમ ધારીને શિવાજીએ એ બાબતમાં માતાની સલાહ ન લેતાં, પોતાની સ્ત્રીની સલાહ લીધી. શિવાજીની સુજ્ઞ પત્ની સર્વ પ્રકારે એ મહાપુરુષની સહધર્મિણી થવાને યોગ્યજ હતી. એણે કહ્યું: "તમારે ગમે તે ઉપાય કરીને પિતાજીનું રક્ષણ કરવું જોઇએ; પણ બીજી તરફ એ વાત પણ ધ્યાનમાં રાખવી જોઇએ કે, હિંદુધર્મ અને હિંદુરાજ્યની પુનઃસ્થાપના કરવાનું જે પવિત્ર વ્રત આપે લીધું છે, તેમાં કોઇ પણ પ્રકારે વિઘ્ન ન આવે. જો વિષયભોગને માટેજ તમે રાજ્ય જીત્યું હોત, તો તો હમણાં ને હમણાં એ રાજ્ય પાછું આપી દઇને સસરાજીને છોડાવી લાવવાની હું સલાહ આપત; પણ આ રાજ્ય આપણા પોતાના સુખવૈભવને માટે તમે મેળવ્યું નથી. એ તો દેવતા, ગો-બ્રાહ્મણ અને ધર્મના રક્ષણ સારૂ છે. સગાંવહાલાંના રક્ષણનું કર્તવ્ય ગમે તેટલું મોટું ગણાતું હશે, પણ ધર્મ કરતાં એ વધારે નથી. વડીલના રક્ષણ સારૂ આ રાજ્યનો ત્યાગ કરવાનો તમને અધિકાર નથી. હું વધારે શું કહું? વિચાર કરો, કોઈ યુક્તિથી બાદશાહને છેતરીને કે સપડાવીને પિતાજીનો ઉદ્ધાર કરો. એમાં ભય રાખવાનું કામ નથી. માતા ભવાની તમારી મદદે છે. તમારા હાથમાં એમણે પોતાનું ધર્મરાજ્ય સોંપ્યું છે. આ વિપત્તિને સમયે એજ તમને રસ્તો સુઝાડશે."

ધીમે ધીમે જીજાને કાને પણ આ સમાચાર પહોંચ્યા. જીજાએ પણ વહુની સલાહને ટેકો આપ્યો.

ચતુર શિવાજીએ ઘણો વિચાર કરીને એક યુક્તિ શોધી કાઢી અને એ યુક્તિથી શાહજીનો ઘણી સહેલાઇથી છુટકારો થયો.

ભારતના નાનામોટા રાજાઓ અને બાદશાહો દિલ્હીના શહેનશાહને ભારતવર્ષમાં સૌથી મોટા રાજા ગણીને તેમનાથી બીતા રહેતા તથા હમેશાં તેમનું માન રાખતા. બીજી તરફ દિલ્હીના બાદશાહ પણ એજ ચાહતા હતા કે, દક્ષિણ ભારતનાં સ્વતંત્ર રાજ્યો પોતાનું ઉપરીપણું સ્વીકારે; એટલે એક તરફ

બિજાપુરનો સુલતાન પણ દિલ્હીના શહેનશાહને સહેજ વાતમાં નારાજ કરવા ચાહતો નહોતો અને બીજી તરફ દિલ્હીનો શહેનશાહ ગમે તે વાતમાં બિજાપુરનો પક્ષ લે એ પણ સંભવિત નહોતું; કારણકે એ તો એને દબાવી રાખવા માગતો હતો. ચતુર રાજનીતિજ્ઞ શિવાજી આ સ્થિતિ સારી પેઠે સમજી ગયા હતા. એમણે શાહજહાનને વિનયપૂર્વક એક પત્ર લખ્યો. શાહજી એક સમયે શહેનશાહને ત્યાં સેનાપતિ હતો અને શહેનશાહ પણ તેના ઉપર સ્નેહ રાખતા હતા, એ બધી વાતનું વર્ણન કરીને તથા પોતે પણ શહેનશાહનો સેવકજ છે, એવું જણાવીને પિતાજીને છોડાવવા માટે શિવાજીએ દિલ્હીશ્વરને વિનતિ કરી. ઉદાર હૃદયના શહેનશાહે શિવાજી ઉપર અત્યંત પ્રસન્ન થઇને શાહજીને છોડી દેવા બિજાપુરના રાજાને હુકમ મોકલ્યો.

એ હુકમનું ઉલ્લંઘન કરવાનું સાહસ બિજાપુરનો સુલતાન કરી શક્યો નહિ. શાહજી બંદીખાનામાંથી મુક્ત થઇને પાછો નોકરીએ ચઢ્યો. બાકીના જીવનમાં શાહજી બિજાપુરના સુલતાનના તાબામાં કર્ણાટક પ્રાંતના સેનાપતિ અને શાસનકર્તાના કામ ઉપર નિમાયો હતો. પોતાના સ્વાર્થને માટે એણે પુત્રના રાજ્યવિસ્તારમાં કોઇ દિવસ વિક્ષેપ કર્યો નહિ. સુલતાને પણ એ દિવસથી શાહજીને પીડવાને કોઇ પ્રયત્ન કર્યો નહિ; કારણકે ઘણા દાખલાઓથી તેને ખાતરી થઇ હતી કે, શિવાજી સાથે પોતાનો આટલો વિરોધ હોવા છતાં પણ શાહજી ઘણીજ વફાદારીથી બિજાપુર રાજ્યની નોકરી કરે છે.

શાહજીની વર્તણુંક ખરેખર ઘણીજ વિસ્મયજનક હતી. પુત્ર ઉપર તેનો ઘણોજ પ્રેમ હતો. પુત્ર પણ તેમના ઉપર પૂજ્યભાવ રાખતો હતો. આખી જિંદગી સુધી એણે પોતાના પુત્રના શત્રુના રાજ્યમાં સેનાપતિપણું કર્યું, પણ પુત્રની સાથે કદી શત્રુતા બાંધી નહિ, તેમજ ગુપ્ત રીતે પુત્રની સાથે મળી જઇને પોતાના માલિકને પણ કદી નુકસાન પહોંચાડ્યું નહિ. પુત્રના રાજ્ય તરફ તથા તેના રાજ્યના દિનપ્રતિદિન વધતા જતા વિસ્તાર તરફ એણે બિલકુલ બેપરવાઇ બતાવી. જેવી રીતે પાછલા જીવનમાં પણ આરામ ભોગવવા માટે એ પુત્રને આધારે રહ્યો નહિ, તેવીજ રીતે પુત્રના રાજ્યમાં હકુમત કરવાની પણ એણે કોઇ દિવસ ઇચ્છા જણાવી નહિ. આવાં ત્યાગ, સ્વામી-

ભક્તિ અને ઉદાસીનતા કાંઇ ઓછાં મહત્ત્વનાં લક્ષણ નથી.

બિજાપુરની સાથે શિવાજીનો વિરોધ વધવા લાગ્યો. શિવાજીની શક્તિ વધી પડવાથી તથા તેનું રાજ્ય વધતું જતું હોવાથી, બિજાપુરના રાજ્યને ઘણું નુકસાન થયું અને શિવાજી સદાને માટે તેમને મોટા ભયનું કારણ થઇ પડયો. એવામાં સુલતાનનું મૃત્યુ થયું અને તેનો બાળકપુત્ર ગાદીએ બેઠો. બાળકની માતાએ મુખ્ય સેનાપતિ અને કારભારી તરીકે અફ્‌જલખાં નામના કોઇ સારા કુટુંબના મુસલમાનની નિમણૂંક કરી અને તેના હાથમાં રાજ્યનો કારભાર સોંપ્યો. શિવાજીએ પોતાના રાજ્યની જે જમીન દબાવી હતી, તેનો બદલો લેવા માટે મોટું સૈન્ય લઇને અફ્‌જલખાંએ શિવાજીના રાજ્ય ઉપર ચડાઇ કરી. રસ્તામાં એણે તુળજાપુર નામના એક તીર્થસ્થાનમાં ભવાનીના મંદિરમાં પેસી જઇને મૂર્તિ તોડી નાખી તથા ઘણા યાત્રાળુઓને મારી નાખ્યા. ત્યાંથી પંઢરપુર તીર્થમાં જઇને ઘણાં દેવમંદિરો તોડી નાખ્યાં.

શિવાજીને કાને આ ખબર પહોંચી. ભગવતી ભવાની એમની ઇષ્ટદેવી હતી. હિંદુઓનાં દેવદેવીઓ તથા ધર્મના રક્ષણને સારૂ સ્વતંત્ર હિંદુ રાજ્ય સ્થાપવાનું એમણે વ્રત લીધું હતું. આજ વિધર્મી શત્રુને હાથે ઇષ્ટદેવીના મંદિરનો નાશ થયો, હિંદુના દેવતા અને ધર્મનું આ પ્રમાણે અપમાન થયું, એ વિચાર હજાર વીંછીઓના ડંખની પેઠે તેમના મર્મને વીંધી નાખવા લાગ્યો. દેશમાં હિંદુઓ જીવતા છતાં હિંદુઓના આગેવાન તરીકે ભવાનીનો વરપુત્ર—ભવાનીના ચરણમાં વેચાયલો દાસ પોતે જીવતાં છતાં આજ ભવાનીદેવીનું આટલું બધું અપમાન! ધિક્કાર છે એ જીવનને! ધિક્કાર છે હિંદુઓના ધર્માભિમાનને!! આ અપમાનનો બદલો લેવા માટે હજારો હિંદુઓએ પ્રાણ આપવા ન જોઇએ? હિંદુઓના હૃદયના ઊકળતા લોહીથી તર્પણ કર્યા વગર અપમાન પામેલા દેવતાઓનો ગુસ્સો બીજા કશાથી શમી શકે? આવા આવા વિચારના તરંગોથી શિવાજીના હૃદયમાં મહાપ્રલયનો કાલાગ્નિ સળગી ઊઠ્યો. એ અગ્નિની ઝાળ તેના સાથીઓ અને સૈનિકોના હૃદયને પણ અડકી અને વેરનો એક પ્રચંડ અગ્નિ સળગવા લાગ્યો.

આ વેરાગ્નિને છાતીમાં રાખીને બધા યુદ્ધ કરવા તૈયાર થયા.

જતી વખતે શિવાજીએ જનની જીજાબાઇની પાસે જઇને તેમને પગે લાગીને આશીર્વાદ માગ્યો.

જીજાએ કહ્યું: "જાઓ બેટા ! તું ભવાનીનો પુત્ર છે. ભવાનીની ચરણસેવાની તેં દીક્ષા લીધી છે. ભવાનીની ઇચ્છાથી અને ભવાનીના આશીર્વાદથી હિંદુ દેવતા અને હિંદુ ધર્મની રક્ષા કરવાનું તેં વ્રત લીધું છે. તારી સમક્ષ તારા શત્રુઓએ ભવાની-દેવીનું અને હિંદુ ધર્મનું એટલું બધું અપમાન કર્યું છે કે, તું તેનો બદલો નહિ લઇ શકે અને દેવતા તથા ધર્મની પુનઃ પ્રતિષ્ઠા નહિ કરી શકે; તો મારી સાધના વૃથા, તારૂં જીવનવ્રત વૃથા, તારી શિક્ષા અને દીક્ષા વૃથા અને તારો રાજધર્મ વૃથા છે. જાઓ ! શિવા ! તું ભવાનીનો સેવક હો, તો જા અને ખરા દિલથી લડ. પોતાનું લોહી આપીને, સર્વસ્વનો ત્યાગ કરીને ભવાનીનું માન સાચવવા ખરેખર તૈયાર થઇશ તો ભવાનીના આશીર્વાદથી આ ધર્મયુદ્ધમાં જરૂર તારો વિજય થશે. જા બેટા ! ભવાનીને પગે લાગીને વીરરંગમાં નાચતો નાચતો રણક્ષેત્રમાં જા; દાનવોનું દમન કરનારી, ત્રૈલોકયને ત્રાસ આપનારી ભવાનીની શક્તિ તારા અને તારા સાથીઓના શાસ્ત્રોમાં સંચારિત થશે."

શિવાજી યુદ્ધમાં ગયા.

શિવાજીની યુક્તિથી અફ્જલખાં માર્યો ગયો અને તેના સૈન્યનો પણ નાશ થયો.

વિજયના ગૌરવ સાથે વીર શિવાજી માતાના ચરણમાં પડ્યા. હર્ષનાં આંસુ સાથે જીજાબાઇએ વિજયી પુત્રને તથા તેના સાથીઓને પોતે વિજય માળા પહેરાવીને સાબાશી આપી.

શિવાજીનો વિજય તથા તેના રાજ્યના વિસ્તારની બધી વાત શાહજીએ સાંભળી હતી. એને ઘણી ઇચ્છા હતી કે, કુળના ગૌરવરૂપ—આખા દેશના ગૌરવસ્વરૂપ પુત્રને એક વાર નજરે જોઉં અને ભેટું; પણ ઘણા વિચાર પછી એ ઇરાદો એને ઘણા વખત સુધી માંડી વાળવો પડ્યો હતો. બિજાપુરની નોકરી છોડી દઇને એ પુત્રની પાસે જવા માગતો નહોતો, કારણકે એ જાણતો હતો કે એના ગયાથી શિવાજીની સ્વતંત્રતામાં ફેર પડશે, તેમજ બિજાપુરની નોકરીમાં રહીને બિજાપુર રાજ્યના શત્રુરૂપ પુત્રને મળવા જવું, મળવાનું તો કોરાણે રહ્યું, તેની સાથે કોઇ પણ

જાતનો સંબંધ રાખવો, એ રાજાના મનમાં સંદેહ ઉત્પન્ન કરવા બરોબર હતું. એટલે શાહજી એ બાબતમાં ઘણું ચેતીને ચાલતો. ઉદારચરિત શાહજી એવી વિશ્વાસુ રીતે રાજકાર્ય ચલાવતો કે, બિજાપુરના રાજાએ એના ઉપર કોઈ પણ જાતનો સંદેહ ન આણતાં, પાછલા વખતમાં ઘણાં વર્ષો સુધી કર્ણાટકનો શાસનકર્તા અને સેનાપતિ નીમ્યો હતો.

હવે શાહજીની મનોવાસના સિદ્ધ થવાનો પ્રસંગ આવી પહોંચ્યો. બિજાપુરના સુલતાન શિવાજી સાથે યુદ્ધ કરીને થાકી ગયા હતા. તેમની ઇચ્છાથી સંધિ કરવાનો પ્રસ્તાવ લઈને શાહજી શિવાજી પાસે ગયો. પિતાના આગ્રહથી શિવાજીએ બિજાપુર સાથે સંધિ કરી.

આ પ્રમાણે શાહજીના પ્રયત્નથી દુર્બળ બિજાપુરની સાથેનો શિવાજીનો વિવાદ મટી ગયો, પણ પ્રબળ મોગલ બાદશાહ સાથે હવે એનો ભીષણ અને લાંબો વિગ્રહ શરૂ થયો.

એ વખતે દિલ્હીના તખ્ત ઉપર ઔરંગઝેબ બિરાજતો હતો. શિવાજીને દબાવી દેવા એણે શાયસ્તખાં નામના સરદારને દક્ષિણમાં મોકલ્યો; પણ શિવાજીની યુક્તિ અને બહાદુરીથી શાયસ્તખાં પરાજય પામીને મહામુશ્કેલીએ પાછો નાસી ગયો.

આ ઘટના પછી થોડા સમયમાં શાહજીનું મૃત્યુ થયું.સ્વામીના મૃત્યુસમાચાર સાંભળીને જીજાબાઈ સતી થવા તૈયાર થઇ; પણ સ્વામીની હયાતીમાંજ પુત્રની ખાતર જે સ્વામીથી વિખૂટી રહી હતી, જેણે મહાન કર્તવ્યને માટે, સ્ત્રીઓને માટે અસાધ્ય એવો કઠોર ત્યાગ બતાવ્યો હતો, તેજ સ્ત્રી આજે પતિના મૃત્યુ સમાચાર સાંભળી શોકવિહ્વલ થઇ પોતાનાં કર્તવ્યોનું બલિદાન આપવા તૈયાર થઇ. પણ તેના જેવી ધર્મશીલ અને ત્યાગી સ્ત્રીએ આ સંસારમાં સાધવાનું ઉપયોગી કાર્ય સાધ્યા વગર પતિની સાથે બળી મરવું વાજબી હતું ? પુત્રને હાથે ધર્મરાજ્ય સ્થપાવવું અને એ ધર્મરાજ્યના રક્ષણમાં તેને મદદ કરવી, એ તેના જીવનની એકમાત્ર સાધના હતી, એકમાત્ર વ્રત હતું. આજ સ્વામીના શોકથી બેબાકળી થઇને જો એ પવિત્ર વ્રત અને સાધનાનો ત્યાગ કરે તો પછી આટલા વર્ષની એની કઠોર તપસ્યાનું સાર્થક શું ? જે શક્તિને પ્રતાપે શિવાજીએ એટલું બધું મહત્ત્વ પ્રાપ્ત કર્યું હતુ તે શક્તિના મૂળરૂપ જીજાબાઇ હતી. એ શક્તિ

ચાલી જાય તો શિવાજી કોને આધારે મોગલોના પ્રબળ સામર્થ્ય આગળ ટકી શકે ? શિવાજીએ તેમજ બીજા બધાઓએ જીજાબાઇને એ પ્રમાણે સમજાવી. ઘણો વિચાર કર્યા પછી જીજાને ગળે પણ એ વાત ઊતરી. એણે સતી થવાનો સંકલ્પ છોડી દીધો અને જિંદગીપર્યંત બ્રહ્મચારિણી વિધવા તરીકે રહીને પુત્રના વીરધર્મ અને રાજધર્મમાં સહાયતા આપવાનો નિશ્ચય કર્યો.

શિવાજીએ રાજ્યો જીતીને એક સ્વતંત્ર રાજ્યની સ્થાપના કરી હતી. એ રાજાની માફક પ્રજાના ઉપર શાસન ચલાવતા હતા, પણ હજુ સુધી એમણે ' રાજા ' નામ ધારણ કર્યું નહોતું; કારણકે પિતા શાહજી જીવતા હતા અને એ રાજ્ય સ્વીકારીને રાજા થવાને નાખુશ હતા; એટલે પિતાની હયાતીમાં પુત્ર રાજાની ઉપાધિ કેવી રીતે ધારણ કરી શકે ? શિવાજી જેવા મહાપુરુષ પિતાનું એવું અપમાન કરી શકયા નહિ. હવે પિતા સ્વર્ગવાસી થયા હતા. રાજ્યના લોકો પણ શિવાજીને રાજા કહેવા સારૂ ઘણા આતુર થઇ રહ્યા હતા, એટલે રાયગઢના કિલ્લામાં ઈ. સ. ૧૬૭૪ ના જૂનની ૧૬ મી તારીખે શિવાજી મહારાજ મોટા સમારંભ સાથે રાજ્ય–સિંહાસન ઉપર બિરાજ્યા. એજ દિવસથી એ મહારાજા છત્રપતિ શિવાજી કહેવાવા લાગ્યા. તેમના નામના સિક્કા પણ ટંકશાળમાં પડવા લાગ્યા.

મોગલોની સાથે યુદ્ધ ચાલી રહ્યું હતું. શિવાજીએ વારંવાર એના રાજ્ય ઉપર ચડાઇ કરીને સૂરત વગેરે શહેરો લૂંટ્યાં. ઔરંગઝેબે અંબરાધીશ જયસિંહ અને દિલેરખાં નામના બે મુખ્ય સેનાપતિઓને શિવાજીની વિરુદ્ધ લડવા માટે મોકલ્યા.

ગમે તેમ તોયે જયસિંહ રજપૂત હતો. શિવાજીની વીરતા જોઇને એ મુગ્ધ થઇ ગયો અને એક હિંદુ રાજાનું ગૌરવ જોઇને એ પોતાને ગૌરવાન્વિત સમજવા લાગ્યો. થોડો વખત યુદ્ધ થયા પછી તેના યત્નથી શિવાજીએ જીતેલો મુલક મોગલોને પાછો આપી દીધો અને ઔરંગઝેબ સાથે સંધિ કરવા તે તૈયાર થયા. એ પણ નક્કી થયું કે, થોડા વખત પછી શિવાજીએ દિલ્હી જઇને ઔરંગઝેબની મુલાકાત લેવી.

પુત્ર સંભાજીને સાથે લઇને શિવાજી મહારાજ દિલ્હી પધાર્યા. તેમની ગેરહાજરીના સમયમાં રાજ્યનું કામ રાજમાતા જીજાબાઇના હાથમાં સોંપવામાં આવ્યું. કેટલાક વિશ્વાસુ અને

પ્રવીણ અમલદારો તેના હાથ નીચે નીમવામાં આવ્યા.

દિલ્હી પહોંચીને શિવાજીએ મોગલ દરબારમાં ઔરંગઝેબની મુલાકાત લીધી. ઔરંગઝેબે તેમનો બરોબર આદરસત્કાર કર્યો નહિ. ત્રીજા વર્ગના ઉમરાવોમાં શિવાજીને બેસવાનું આસન આપ્યું. એ અપમાનથી દરબારમાંથી ઊઠીને શિવાજી ઘેર આવ્યા. બાદશાહના હુકમથી એ ઘરની ચારે તરફ મોગલ સિપાઇઓનો પહેરો બેસી ગયો. મોગલોની વિશ્વાસઘાતકતાથી શિવાજી કેદ પકડાયા.

આ દારુણ સમાચાર સાંભળીને મરાઠાઓ સ્તંભિત થઈ ગયા. જીજાબાઇએ ઇષ્ટદેવી ભવાનીની આરાધના કરીને કહ્યું: “મા! તમારી ઇચ્છા. તમે જાણો. શિવાજી મારો નથી, તમારો છે. એ ગમે તેવી વિપત્તિમાં આવી પડે, પણ તમારે જો તમારા દાસની સેવાની જરૂર હશે, તો તમે ગમે ત્યાંથી એને છોડાવશો; પણ મા! હું દુર્બળ સ્ત્રી છું; શિવાજી મારા જીવનનું સર્વસ્વ છે. આ ઘોર સંકટ સહન કરવાનું તમે આ દાસીને બળ આપો. શિવાજી મારા હાથમાં એના ધર્મરાજ્યનો કારભાર સોંપી ગયો છે. મને શક્તિ આપો કે, જેથી હું એની રાજ્યશક્તિ સાચવી રાખું. તમારી કૃપાથી શિવાજી જ્યારે પાછો આવે, ત્યારે એ જોઇ શકે કે એના ઉપર આફત આવી પડવાથી, એના રાજ્યને કાંઇ અનિષ્ટ થયું નથી.”

દેવીના ધ્યાન અને આરાધનાથી જીજાબાઇના હૃદયમાં એક અપૂર્વ શક્તિનો સંચાર થયો. ધીરજ અને શાંતિથી એણે રાજ્યના અમલદારોને બોલાવ્યા અને તેમને ઉત્સાહ તથા ઉત્તેજન આપીને તેમના મનમાંથી ભય અને ખેદ કાઢી નાખ્યો અને રાજ્ય ઉપર આવી પડેલી આ આફતના સમયમાં, મહારાજા શિવાજીની ગેરહાજરીને લીધે, રાજ્યને કોઇ રીતે નુકસાન ન થાય તેનો ઘણો સારો બંદોબસ્ત કરી દીધો.

પણે શિવાજી દિલ્હીમાં કેદી હતા. એમણે જોયું કે કાંઈ છળકપટ કર્યા વગર મોગલોના હાથમાંથી છુટાય એમ નથી. થોડા દિવસ એ એવી શાંતિથી રહ્યા કે, જાણે કેદખાનામાં એમને ઘણું સુખ છે અને એ દશામાં એમને એટલો સંતોષ છે કે છૂટવાનો કાંઇ વિશેષ આગ્રહ નથી. ત્યાર પછી થોડે દિવસે સખત

મંદવાડનો ઢોંગ કર્યો અને એ પીડા મટવા માટે બ્રાહ્મણોને ઘેર અને મંદિરોમાં મોટી છાબડીઓ ભરી ભરીને મીઠાઈ મોકલવી શરૂ કરી. દરરોજ એવી કેટલીએ છાબડીઓ બહાર જતી. પહેરેગીરો ધીમે ધીમે બેદરકાર થઈ ગયા અને મીઠાઇની ટોપલીઓ તપાસવી મૂકી દીધી. આખરે એક દિવસે શિવાજીએ પુત્ર સંભાજીને એક ટોપલીમાં બેસાડ્યો અને બીજી ટોપલીમાં પોતે બેઠા. પછી બે ટોપલીઓને ઉપર ઉપર મીઠાઇથી ઢાંકી દીધી. નોકરો એ ટોપલીઓને લઇને દિલ્હીની બહાર નીકળી ગયા. સંન્યાસીને વેશે શિવાજી અને સંભાજી બન્ને નોકરો સાથે મથુરા આદિ સ્થળોએ તીર્થયાત્રા કરતા કરતા પાછા રાયગઢ પહોંચ્યા.

રાજ્યના નોકરો સંન્યાસી વેશધારી શિવાજી અને સંભાજી તથા તેમના અનુચરોને ઓળખી શક્યા નહિ. “સંન્યાસીઓ અહીં શા માટે આવ્યા છે?” એમ પૂછવામાં આવ્યું તેના જવાબમાં શિવાજીએ કહ્યું કે, “અમે શિવાજીનાં જનની, આ કિલ્લાનાં શાસનકર્તા જીજાબાઇને મળવા માગીએ છીએ. અમારી ઇચ્છા અમે એમની આગળજ જાહેર કરીશું.”

જીજાબાઇએ સંન્યાસીઓને અંતઃપુરમાં લાવવાનો હુકમ આપ્યો. સંન્યાસીને આવતા જોઇ જીજાબાઇ તેમને પ્રણામ કરવા ઊઠી. એટલામાં સંન્યાસીરૂપધારી શિવાજીએ તેમના ચરણમાં પડીને પ્રણામ કર્યા. જીજાબાઈ આશ્ચર્ય પામીને બોલી ઊઠયાં: “મહારાજ! આ શું? આપ સંન્યાસી છો, મને શા માટે દોષમાં નાખો છો? મારા જીવનનું સર્વસ્વ શિવાજી હાલ બંદીવાન છે, તેમાં વળી આપ મારૂં વધારે અમંગળ શા માટે કરો છો?”

સંન્યાસીએ હસીને કહ્યું: “મા! મને ઓળખ્યો નહિ? હું જ તારો શિવા, પાછો તારા ખોળામાં આવી પહોંચ્યો.”

વિસ્મયચકિત નેત્રે જીજા સંન્યાસી તરફ જોઇ રહી. ખરેખાત આ સંન્યાસી તો એનો શિવાજ છે! આટલા બધા દિવસથી આતુરચિત્તે એ જે પ્રાર્થના કરી રહી હતી તે આમ એકદમ સફળ થઇ ગઇ, તેથી જીજાની આંખમાં હર્ષનાં આંસુ આવ્યાં.એણે પુત્રને છાતી સરસો ચાંપ્યો. માતા અને પુત્ર બન્નેનાં આનંદાશ્રુ મળી ગયાં. બંને થોડી વાર સુધી નિર્વાક્ અને નિઃશબ્દ અવસ્થામાં પરસ્પર દૃઢ આલિંગનમાં બંધાઇ રહ્યાં. પછી શિવાજીએ ફરીથી માતાના ચરણને પ્રણામ કરીને પોતાના નાસી

આવવાની વાત સવિસ્તર કહી સંભળાવી.

આખા રાજ્યમાં શિવાજીના નાસી આવ્યાના સમાચાર પવનવેગે ફેલાઇ ગયા. ઘેર ઘેર આનંદઉત્સવ શરૂ થયો.

શિવાજીના નાસી આવ્યા પછી ઔરંગઝેબે તેનું દમન કરવા સારૂ પોતાના અનેક પ્રસિદ્ધ સેનાપતિઓને દક્ષિણમાં મોકલ્યા, પણ કોઇનાથી શિવાજીના રાજ્યને જીતી શકાયું નહિ; ઊલટા શિવાજી મહારાજ નવા નવા કિલ્લાઓ સર કરીને પોતાનું રાજ્ય વધારવા લાગ્યા. કેટલાક સમય પછી ગર્ગભટ નામના એક પ્રસિદ્ધ કાશીનિવાસી સુયોગ્ય બ્રાહ્મણ પંડિત શિવાજીને મળવા આવ્યા. શિવાજીએ રાજાની ઉપાધિ ધારણ કરીને રાજ્ય કરવું શરૂ કરી દીધું હતું એ વાત ખરી, પણ હજી સુધી શાસ્ત્રની વિધિ પ્રમાણે તેમનો અભિષેક થયો નહોતો. ગર્ગભટે અભિષેક કરવાનો ઉપદેશ આપ્યો. એ ઉપદેશ અનુસાર શિવાજીએ માતાની સલાહ લઇને, મોટા સમારંભ સાથે અભિષેકની ક્રિયા કરાવી. ધર્મ અને શાસ્ત્રની વિધિ અનુસાર શિવાજી રાજા બનવાથી જીજાબાઇના જીવનની સાધના આજ પૂર્ણ થઇ. તેના જીવનનું લક્ષ્ય આજ સધાઇ ચૂક્યું. આ પ્રમાણે આ જિંદગીની સઘળી વાંછનાઓ પૂર્ણ કરીને, થોડા દિવસ પછી વૃદ્ધ વયે પુત્રપૌત્રાદિકની સમક્ષ પુણ્યમયી, પ્રાતઃસ્મરણીય, રત્નપ્રસવિની જીજાબાઇએ સ્વર્ગારોહણ કર્યું. શિવાજીના શોકનો પાર રહ્યો નહિ. લાખો રૂપિયા ખર્ચીને તેમણે માતાની ઉત્તરક્રિયા કરી તથા ચાર મહિના રાયગઢમાં રહીને શોક પાળ્યો અને એટલા દિવસ સિંહાસન ઉપર બેઠા નહિ.

જનનીની સાધનાથી ઘડાયલા શિવાજી મહારાજના હૃદયમાં જીજાબાઇને લીધે કેટલું મહત્ત્વ આવ્યું હતું તથા જીજાબાઇ કેટલી ધીરજ અને કર્તવ્યબુદ્ધિશાળી સ્ત્રી હતી, તે બતાવવા બેએક ઉદાહરણ આપીને અમે આ આખ્યાન સમાપ્ત કરીશું.

શિવાજી મહારાજની આગેવાની નીચે જ્યારે મરાઠા જાતિનો અભ્યુદય થયો, ત્યારે દેશમાં અનેક સંસારત્યાગી સાધુ પુરુષોનો આવિર્ભાવ થયો હતો. હિંદુઓમાં જાતીય શક્તિનો સંચાર થાય, એજ ઉદ્દેશથી હિંદુઓને જાગૃત કરવાનું મહાવ્રત કેટલાક સંન્યાસીઓએ લીધું હતું. મહાત્મા રામદાસ સ્વામી એ સમયના સંન્યાસીઓમાં અગ્રગણ્ય હતા. શિવાજીએ એમની

પાસેજ મંત્રદીક્ષા લીધી હતી.

સંન્યાસીના જીવનનિર્વાહનું સાધન ભિક્ષા હોય છે એ તો સૌ કોઇ જાણે છે. શિષ્ય રાજા હોય તોપણ ખરા સંન્યાસીઓ તેની પાસેથી કોઇ કિંમતી ભેટ કે દક્ષિણા લેતા નથી. ભિક્ષા માગતા માગતા એક સમયે રામદાસ સ્વામી શિવાજીની રાજધાનીમાં આવી પહોંચ્યા. દીક્ષાગુરુ ભિક્ષાર્થીરૂપે ઊભા છે એ જોઈ ઉદાર શિવાજી મહારાજે આખું રાજ્ય સ્વામીજીને ભિક્ષા તરીકે અર્પણ કરી દીધું. સ્વામીએ કહ્યું: "શિવા!! આ શું કરે છે? રાજ્યને લઈને હું શું કરૂં? તારૂં રાજ્ય તું પાછું લે, હું તો સંન્યાસી છું. રોજનું અન્ન રોજ ભિક્ષા માગીને ખાઉં છું. આજનું કાલ સંઘરી રાખવાનો અમારો ધર્મ નહિ; માટે તું તો મને માત્ર આજનુંજ ભોજન આપ."

શિવાજીએ સમર્પણ થઈ ચૂકેલું રાજ્ય પાછું લેવાનું મંજૂર કર્યું નહિ, બલકે સંસારનો ત્યાગ કરીને સ્વામીના શિષ્ય થવાની ઇચ્છા જણાવી. હિંદુઓમાં સ્વતંત્ર રાજ્ય સ્થપાય એ રામદાસના સંન્યાસી જીવનનું મુખ્ય વ્રત હતું. એ જાતીય ભાવ જાગૃત થયો હતો. શિવાજી એના અધિષ્ઠાતા હતા, પણ શિવાજી પોતેજ જો સંસારનો ત્યાગ કરીને સંન્યાસી થઈ જાય, તો એ નવી શક્તિ બિલકુલ છિન્નભિન્ન થઇ જાય.

આ તરફ શિવાજી મહારાજને સંકલ્પમાંથી ડગાવવા એ પણ સહેલું કામ નહોતું. ઘણો વિચાર કરીને રામદાસ સ્વામીએ કહ્યું: "ઘણું સારૂં, શિવા! તારૂં રાજ્ય મેં સ્વીકાર્યું. તું મારો શિષ્ય છે, હું તને આજ્ઞા આપું છું કે, મારા કારભારી તરીકે તું આ રાજ્ય ચલાવ."

હવે શિવાજીથી કાંઇ વાંધો લેવાયો નહિ. ભોગલાલસાનો બિલકુલ ત્યાગ કરીને, એ નિષ્કામ ગૃહસ્થ અને રાજાની પેઠે ઘરસંસાર અને રાજ્ય ચલાવવા લાગ્યા.

વળી તુકારામ નામના એક બીજા પ્રખ્યાત ધર્માત્મા, ભક્ત અને સાધુ પુરુષનો એ સમયમાં મહારાષ્ટ્રમાં આવિર્ભાવ થયો. એમનામાં કવિત્વ શક્તિ પણ ઘણી પ્રબળ હતી. પોતાનાં રચેલાં અનેક ભજનકીર્તનો એ ગદ્ગદ સ્વરે ગાતા. એ સાંભળીને ઘણા લોકો મુગ્ધ થઇ જઇને તેમના શિષ્ય બનતા.

તુકારામની ઘણી પ્રશંસા સાંભળીને શિવાજીએ તેમને રાજધાનીમાં બોલાવ્યા; પણ સાધુ પુરુષે પોતાનો એકાંત આશ્રમ છોડીને ત્યાં જવાની ના કહી. શિવાજી જાતે એમની કુટીરમાં પહોંચ્યા. તુકારામનાં ભજનકીર્તન તથા ધર્મોપદેશથી શિવાજી-ને સંસાર ઉપર એટલો બધો વૈરાગ્ય ઊપજ્યો કે, પોતે ઘેર પાછા ન ફરતાં વનમાંજ ધર્મનું ચિંતવન કરવામાં લીન થઇ ગયા. આ ખબર મળતાંવાર જીજાબાઇ તુકારામની કુટીરમાં પહોંચી અને કહ્યું: "મહારાજ! તમે આ શું કર્યું? સંન્યસ્ત એજ કાંઇ મનુષ્યના જીવનનું એકમાત્ર વ્રત નથી. ભગવાનની ઇચ્છા પણ એવી નથી. સંસારનો રચનાર એજ છે. દુનિયાના રક્ષણ સારૂ રાજાના રાજધર્મનું વિધાન પણ એણેજ કર્યું છે. તેની આજ્ઞાથી હિંદુઓના દેવતા અને ધર્મના રક્ષણ સારૂ શિવાજીએ રાજધર્મ સ્વીકાર્યો છે. એ રાજ્ય ચલાવવા માટે ભગવાનેજ એને શક્તિ, પ્રવૃત્તિ તથા દીક્ષા આપી છે. આજ એ રાજ્યધર્મથી ભ્રષ્ટ કરીને એને સંન્યાસમાં પ્રવૃત્ત કરાવવામાં તમે ભગવાનના નિયમનું ઉલ્લંઘન નથી કરતા? તમારા આ કાર્યને પરિણામે હિંદુજાતિ અને હિંદુધર્મનું અનિષ્ટ થશે, તો તમે ઇશ્વર આગળ જવાબદાર નહિ ગણાઓ? મહારાજ! હું તમને હાથ જોડીને વિનતિ કરૂં છું કે, એને સંન્યાસી થતાં રોકો. હિંદુ રાજાને તેના રાજ્યનું પાલન કરવા પાછો મોકલો. કર્મયોગી શિવાજીને તેના કર્મમાં પ્રવૃત્ત કરો. જે ઇશ્વરની ભક્તિ તમે સાધો છો, તેજ ઇશ્વરનું કર્મ શિવાજી સાધે છે. તમે ભક્ત થઇને એના કર્મમાં અડચણ ન નાખો; સાધુ થઇને પાપના ભાગી ન થાઓ."

તુકારામે જીજાબાઈની વાત માની અને શિવાજીને બોલાવીને સંન્યાસનો ત્યાગ કરી રાજધર્મમાં મન લગાડવાનો હુકમ આપ્યો. રાજમાતા જીજાબાઈ કર્મયોગી પુત્ર શિવાજીને લઇને રાજધાનીમાં પાછી આવી.

આ સંક્ષિપ્ત જીવનચરિત્ર ઉપરથી વાચક ભગિનીઓને ખાતરી થઈ ગઇ હશે કે જીજાબાઇ એક ઉત્તમ રાજમાતા હતી. તેના ચરિત્રમાં જોવામાં આવતા નિશ્ચય, સ્વાભિમાન, કર્તવ્ય-નિષ્ઠા આદિ ગુણો ઘણી થોડી સ્ત્રીઓમાં જોવામાં આવે છે.

૩૭—मराठा वीरांगना ताराबाई

શિવાજીનું મૃત્યુ થયા પછી ઔરંગઝેબે પોતાના વિસ્તીર્ણ મોગલ સામ્રાજ્યના જુદા જુદા પ્રાંતોમાંથી બની શકે એટલું લશ્કર એકઠું કરીને તથા મુખ્ય મુખ્ય સેનાપતિઓને સાથે લઇને, જાતે દક્ષિણ હિંદુસ્તાન ઉપર હુમલો કરવાની તૈયારી કરી.

દક્ષિણ ભારતમાં ફક્ત અહમદનગર શાહજહાન બાદશાહના સમયમાં દિલ્હીના તાબામાં આવ્યું હતું. બિજાપુર અને ગોવલકોંડાનાં રાજ્ય હજુ સુધી સ્વતંત્ર હતાં. એ ઉપરાંત શિવાજીએ સ્થાપેલું મરાઠા રાજ્ય પણ ધીમે ધીમે પ્રબળ થતું જતું હતું.

એ ત્રણે રાજ્યને જીતી લઇને આખો દક્ષિણ દેશ પોતાના રાજ્યમાં મેળવી દેવાની ઔરંગઝેબની ઇચ્છા હતી.

શિવાજી જાણતા હતા કે, ઔરંગઝેબ પોતાની બધી શક્તિ વાપરીને દક્ષિણની સ્વતંત્રતાનો લોપ કરવા યત્ન કરશે, એટલા માટે પોતાની પાછલી જિંદગીમાં એમણે પોતાની સ્વતંત્રતા કાયમ રાખવા માટે ચારે તરફથી પોતાની શક્તિ મજબૂત કરવાનો યત્ન કર્યો હતો. ઘણી સૂક્ષ્મ રાજનૈતિક વિચક્ષણતાને લીધે શિવાજી મહારાજ એ પણ સમજી ગયા હતા કે, જાતિગત કે ધર્મગત દ્વેષ અને વિરોધ ભૂલી જઇને બિજાપુર અને ગોવલકોંડાનાં રાજ્યો સાથે ગાઢી દોસ્તી બાંધવાની જરૂર છે. એ બંને રાજ્યો મુસલમાન હોવા છતાં પણ ઔરંગઝેબને તેમની સાથે દોસ્તી નહોતી. હિંદુ શિવાજીની પેઠે એમનું રાજ્ય પણ પડાવી લેવાની એની ઇચ્છા હતી, એટલે ઔરંગઝેબનો ડર શિવાજી મહારાજ જેટલોજ આ રાજ્યોને પણ હતો. દુશ્મનનો દુશ્મન પણ દોસ્ત ગણાય છે. એ ન્યાયે ગોવલકોંડા અને બિજાપુરના રાજાઓ આ સામાન્ય આફતમાં સંપ અને પરસ્પર મદદ

કરવાથી શું લાભ થશે, તે સમજી શકયા. આગલી દુશ્મનાવટ ભૂલી જઇને તેમણે શિવાજી સાથે સંપ કર્યો. બધી જાતનાં યુદ્ધ અને વિગ્રહમાં એ ત્રણે રાજ્યોએ એકબીજાને મદદ કરવી, એ શરતે શિવાજી સાથે ગોવલકોંડા અને બિજાપુરના રાજાઓએ સંધિ કરી.

પણ એવામાં એકાએક શિવાજીનું મૃત્યુ થયું. રાજ્યના રક્ષણની બધી વ્યવસ્થા અધૂરી રહી; એટલુંજ નહિ, પણ આવા અણીના વખતે મરાઠા જાતિના નાયકના પદ ઉપર કોણ બિરાજશે, તેનો પણ કોઇ પાકો બંદોબસ્ત તેઓ કરી શકયા નહિ.

શિવાજીના વડા દીકરા સંભાજીમાં સાહસ અને રણકૌશલ્ય સિવાય પિતાનો એક પણ સદ્ગુણ આવ્યો નહોતો. પિતાના રાજ્યમાં પિતાએ એક વખત ઘણો ધમકાવ્યાથી એ મોગલ સેનાપતિ દિલેરખાંની સાથે મળી ગયો હતો. પાછળથી એ ત્યાંથી નાસી આવીને પિતાને પગે પડયો હતો. પિતાએ એક વાર માફી આપ્યા છતાં પણ સંભાજીની ચાલચલગત સુધરી નહિ. આખરે શિવાજીએ લાચાર થઇને કેટલાક સમય સુધી પુત્રને કેદમાં રાખ્યો. શિવાજીના મૃત્યુ સમયે પણ સંભાજી બંદીવાન હતો.

અસ્તુ! મૃત્યુકાળે શિવાજી કહેતા ગયા કે, "રાજ્યના બે ભાગ કરીને દક્ષિણ ભાગ સંભાજીને અને ઉત્તર ભાગ પોતાના બીજા છોકરા રાજારામને આપવો." પરંતુ સંભાજી પોતાની આ વ્યવસ્થા માન્ય નહિ રાખે અને તેના દુરાચરણને લીધે રાજ્યના ઉપર કોઇ દિવસ મોટી આફત આવી પડશે એ પણ શિવાજી મહારાજ સારી પેઠે જાણતા હતા. તેમણે એ પણ કહ્યું હતું કે, "સંભાજી અને ઓરંગઝેબ એ બન્ને મરાઠા રાજ્યને માટે એકસરખા શત્રુ છે; માટે મંત્રીઓ અને સેનાપતિ એકસંપ કરીને જીવસાટે પણ રાજ્યનું રક્ષણ કરવાની ચેષ્ટા કરશે, તોજ રાજ્ય બધી વિપત્તિઓમાંથી બચી શકશે."

શિવાજીના મૃત્યુ પછી મંત્રીઓએ વિચાર કરી જોયો કે, સંભાજી તો પોતાની ખરાબ ચાલચલગતને લીધે રાજ્યનું રક્ષણ કરવા સંપૂર્ણ રીતે અયોગ્ય છે. રાજ્યના ભાગ કરી આપીશું, તો પણ વિરોધ ઊભો થશે. વિરોધનું અવશ્ય એ ફળ મળવાનું કે રાજ્ય છિન્નભિન્ન થઇ જઇને આખરે નાશ પામશે. બીજી તરફ રાજારામ હજુ બાળક હતો, એટલે મંત્રીઓએ કેટલાક વખત સુધી રાજ્યની લગામ પોતાનાજ હાથમાં રાખવાનું વાજબી

વિચાર્યું. તેમણે એ પણ વિચાર્યું હતું કે, રાજારામને પોતાની દેખરેખ નીચે ઉછેરીને, તેને ઊંચા પ્રકારની રાજનીતિ શીખવીને પુખ્ત ઉંમરે રાયગઢના સિંહાસન ઉપર બેસાડીશું.

પણ તેમણે એક ભૂલ કરી. સેનાપતિને એમણે પોતાની સંતલસમાં સામેલ કર્યો નહોતો, એટલે સંભાજી કોઇ પણ પ્રપંચથી કારાગારમાંથી મુક્ત થઇને સૌથી પહેલો સેનાપતિને મળ્યો. સેનાપતિની સહાયતાથી રાયગઢનો કિલ્લો સત્વર તેના તાબામાં આવ્યો અને તેની વિરુદ્ધપક્ષના મંત્રીઓમાંથી કોઇને મારી નાખવામાં આવ્યા, તો કોઇને કેદ કરવામાં આવ્યા.

સંભાજીની ઓરમાન માતા-રાજારામની જનની મંત્રીઓની સાથે ખટપટમાં સામેલ હતી. લખતાં ઘણી શરમ આવે છે કે, મહાપુરુષ ભુવનવિખ્યાત શિવાજી મહારાજના કુલાંગાર પુત્ર નિષ્ઠુર સંભાજીએ શિવાજી મહારાજની એ રાણીને, પોતાની વીરમાતાને કારાગારમાં પૂરી દઇને, અન્નપાણી વગર રિબાવીને મારી નાખી. બાળક રાજારામને પણ કેદ કરવામાં આવ્યો.

ભવિષ્યમાં જે સ્ત્રી રાજારામની સહધર્મિણી થઈ, તે આપણા આ ચરિત્રની નાયિકા તારાબાઇ.

સાહસ, વીરતા, રાજનીતિ અને પવિત્ર ચરિત્ર તથા માનસિક શક્તિમાં તારાબાઇના જેવી સ્ત્રીઓ એ સમયમાં મહારાષ્ટ્રમાં ઘણી થોડી હતી. યુદ્ધમાં તેમજ જીવનની બીજી અનેક આપત્તિમાં, પોતાના બળની રક્ષા કરીને રાજ્ય ચલાવવામાં ભારતવર્ષની સ્ત્રીઓ કેટલી પ્રવીણ હતી, તેનું તારાબાઈ એક ઉત્તમ ઉદાહરણ છે.

ઔરંગઝેબ તેનું વિશાળ સૈન્ય લઇને દક્ષિણ ભારતમાં આવ્યો હતો. એ વખતે સંભાજીના જુલમને લીધે મહારાષ્ટ્રની રાજ્યશૃંખલા ઢીલી પડી ગઇ હતી. રાજા સંભાજી પોતે ખરાબ ચાલનો હતો અને ખરાબ સોબતીઓને લઇને એ રાતદિવસ ભોગવિલાસમાં પડ્યો રહેતો હતો. ઔરંગઝેબની ચડાઇ વખતે પણ એ પોતાની મોજમજામાં એટલો બધો મશગૂલ હતો કે, પ્રધાનોની સલાહ અને ઉપદેશને તેણે જરા પણ ગણકાર્યાં નહિ.

એ વખતે સંભાજી કરતાં બિજાપુર અને ગોવલકોંડાના રાજાઓ ઔરંગઝેબના વધારે પ્રબળ શત્રુઓ હતા. ઔરંગઝેબે

પહેલાં મહારાષ્ટ્ર ઉપર ચડાઇ ન કરતાં, એમનીજ સાથે યુદ્ધ શરૂ કર્યું. ત્રણ વર્ષની અંદર એ બન્ને રાજ્યનો નાશ થયો. શિવાજીની સંધિ મુજબ સંભાજીએ એમને કાંઈ પણ મદદ આપી નહિ. દક્ષિણ ભારતના મોટા ભાગ ઉપર મોગલોનું રાજ્ય સ્થપાયું.

હવે ઔરંગઝેબે મહારાષ્ટ્ર ઉપર આક્રમણ કર્યું. અવ્યવસ્થિત દુર્બળ મરાઠા રાજ્યના કિલ્લાઓ ઉપર કિલ્લાઓ ઔરંગઝેબના હાથમાં આવતા ગયા અને આખરે દુર્ભાગી સંભાજી પણ સહકુટુંબ ઔરંગઝેબના હાથમાં કેદ પકડાયો.

ઔરંગઝેબે સંભાજીને મુસલમાન ધર્મ સ્વીકારવાનો આગ્રહ કર્યો. સંભવ છે કે, એ વખતે સંભાજી મુસલમાન થઇ જાત તો ઔરંગઝેબ તેને પોતાના રાજ્યમાં કોઇ મોટી જાગીર કે ઊંચી નોકરી આપત અને સંભાજી પહેલાંની પેઠેજ મોજમજામાં પોતાનું જીવન ગાળત; પણ હજાર તોયે શિવાજીના બીજથીજ તે જન્મ્યો હતો. રાજપુત્ર અને રાજા સંભાજી તરીકેની સ્વતંત્ર અવસ્થામાં જે મહત્ત્વ તે દેખાડી શક્યો નહોતો, તે મહત્ત્વ આજ રાજપાટ ખોઈને કેદી બનેલા સંભાજીએ બતાવ્યું. ઘણીજ નિર્દયતાપૂર્વક પોતાને મારી નાખવામાં આવશે એ જાણવા છતાં પણ સંભાજીએ ઘણીજ ઘૃણા અને તિરસ્કાર સાથે ઔરંગઝેબને કહી દીધું કે, "તમારાથી થાય તે કરી નાખો, પણ હું કદી મુસલમાન થવાનો નથી."

તરતજ ઔરંગઝેબે સંભાજીનો વધ કરવાની આજ્ઞા આપી.

જલ્લાદોએ તપાવેલા લોઢાના સળિયાથી તેની આંખો વીંધી નાખી, તેની જીભ કાપી નાખી અને એ પ્રમાણે અત્યંત રાક્ષસી રીતે એ વીર પુત્રનો જીવ લીધો. વીર સંભાજીએ ચુપચાપ આ બધી નિર્દયતા સહન કરી; આખી જિંદગીના પાપનું આવું સખ્ત પ્રાયશ્ચિત્ત કરીને સંભાજી પરલોકમાં પિતાજીની પાસે ચાલ્યો ગયો.

સંભાજીના પુત્રને ઔરંગઝેબ પોતાની પાસે રાખીને ઘણા લાડથી ઉછેરવા લાગ્યો. એ બાળકનું નામ એણેજ 'શાહુ' પાડ્યું.

મરાઠા રાજ્ય પડું પડું થઇ રહ્યું હતું. નૂતન જીવન અને નૂતન બળથી જાગૃત થયેલી મરાઠા જાતિનું હમેશને માટે અધઃપતન થવાનાં ચિહ્ન જણાવા લાગ્યાં હતાં. જીજાબાઇ અને

શિવાજીની બધી સાધના શું નિષ્ફળ જશે ? પણ એ સાધના જો નિષ્ફળ જાય, તો પછી આ જગતમાં સાધનાની સાર્થકતાજ શી રહે ? શિવાજી મહારાજે મરાઠાઓમાં જે જીવન આણ્યું હતું, તે મહાન શક્તિપૂર્ણ જીવન, હજારો વંટોળિયાથી સહજમાં ઊખડી જાય એવું નહોતું. સંભાજીના પાપને લીધે બેશક મરાઠાજાતિને ઘણું ખમવું પડયું, પરંતુ સંભાજીના પ્રાયશ્ચિત્તની સાથે જાણે એનાં પાપ ધોવાઇ ગયાં અને તેમના મૃત્યુ પછી મરાઠાઓમાં હજારગણું બળ આવી ગયું.

શિવાજીએ ઉશ્કેરેલા હજારો બહાદુર યોદ્ધાઓ હજુ જીવતા હતા. શિવાજીએ પોતાને હાથે કેળવેલા મરાઠા સૈનિકોના હૃદય-માં શિવાજીએ સંચારિત કરેલાં સાહસ, વીરતા અને રણકોશ-લ્યના ગુણો હજુ જાગૃત હતા. મહારાષ્ટ્ર દેશમાં હવે આગ સળગી ઊઠી. એ આગ ધીમે ધીમે આખા ભારતવર્ષમાં ફેલાઈ અને તેમાં વિશાળ મોગલ સામ્રાજ્ય ભસ્મીભૂત થઇ ગયું.

રાજારામ આ વખતે ત્રીસ વર્ષનો યુવક હતો. તે ઘણો સદ્ગુણી હતો અને શિવાજી જેવા પિતાનો યોગ્ય પુત્ર હતો. તેજસ્વી તારાબાઇ તેની સ્ત્રી હતી. મરાઠા વીરો એ વીરયુવક અને વીરાંગનાની આસપાસ આવીને ઊભા.

મહારાષ્ટ્રના ઉત્તર ભાગમાં મોગલોએ પડાવ નાખ્યો હતો. રાજધાની રાયગઢમાં મોગલોનો વાવટો ઊડતો હતો. મરાઠા વીરો રાજારામને લઇને દક્ષિણમાં શાહજીની જાગીરના તાંજોર પ્રાંતમાં જીંજીના કિલ્લામાં ગયા. ધર્મ અને ન્યાય પ્રમાણે ઔરંગઝેબની પાસે નજરકેદમાં પડેલો સંભાજીનો બાળક પુત્ર શાહુ મહારાષ્ટ્રની ગાદીનો વારસ હતો, એટલે ધર્માત્મા રાજારામે પોતે રાજ્યાસન ગ્રહણ કર્યું નહિ. શાહુના પ્રતિનિધિ તરીકે પોતે આફતમાં આવી પડેલી મરાઠાજાતિનો આગેવાન બન્યો.

રાજારામ અને બીજા મરાઠા આગેવાનોએ જીંજીના દુર્ગમાં આશ્રય તો લીધો, પણ ત્યાં રહીને પોતાની જાતનું રક્ષણ કરવા ઉપરાંત બીજું કાંઇ તેમનાથી બની શકે એમ નહોતું.

પોતાનું રાજ્ય શત્રુએ જીતી લીધેલું હોવાથી, તેઓ રાજધાની છોડીને ઘણે દૂર જીંજીના કિલ્લામાં આવી વસ્યા હતા. તેમની પાસે પૈસો નહોતો, કેળવાયેલું લશ્કર નહોતું, વેરો ઉઘ-

રાવવાનો કોઈ ઉપાય પણ નહોતો; પરંતુ મરાઠાઓના આગેવાનોમાં અદમ્ય ઉત્સાહ અને શક્તિ હતાં; મરાઠા જાતિમાં હજુ પ્રાણ હતો; એટલે એમના બધા અભાવ ધીમે ધીમે પૂર્ણ થયા.

મહારાષ્ટ્રનો નાશ કરીને, વિશાળ મોગલ સામ્રાજ્યનું સૈન્ય અને સેનાપતિને લઇને ઔરંગઝેબ પોતે મહારાષ્ટ્રમાં પડ્યો હતો; પરંતુ એવા સમયે પણ મરાઠા આગેવાનો આખા દેશમાંથી થોડું થોડું લશ્કર એકઠું કરી શક્યા. એ મરાઠા સૈનિકો ઘણાજ ઠીંગણા પણ મજબૂત, કસાયલા બાંધાના, સાહસિક, કહ્યાગરા અને કષ્ટ સહન કરી શકે એવા હતા. તેમને માટે તંબૂઓ ઊભા કરવાની જરૂર નહોતી પડતી. તેમને રસદની કે પલંગોની કે વાસણકૂસણોની જરૂર પડતી નહિ. ઘોડેસવાર થતી વખતે તેમને જીન સુધ્ધાંતની પણ જરૂર પડતી નહિ. એ લોકો પોતાનાજ જેવા મજબૂત ઠીંગણા ઘોડાઓ ઉપર વગર જીનેજ સવાર થતા અને રાતના ઝાડની નીચે ઘોડો બાંધીને પોતે પણ ત્યાંજ સૂઇ રહેતા. બીજી તરફ મોગલ સેના જ્યાં છાવણી નાખતી, ત્યાં એક નવી રાજધાની વસી જતી. રાજધાનીમાં શાંતિના સમયમાં સૈનિકો અને સેનાપતિઓ જેટલા ભોગવિલાસ કરતા, તેટલાજ ભોગવિલાસની ગોઠવણ છાવણીમાં પણ કરવામાં આવતી હતી. તંબૂઓમાંજ ખૂબ સ્વાદિષ્ટ ભોજનો બનતાં. છાવણીની સાથે સાથે ગાડીઓ ભરીને રસદ ચાલતું. વિલાસની સામગ્રીઓ વેચનારા વણિકોની અસંખ્ય દુકાનો મંડાતી. તે ઉપરાંત ગાનારા, વાજિંત્ર વગાડનારા અને નાચનારી વારાંગનાઓનાં દળ પણ સાથે રહેતાં. ઇતિહાસવેત્તાઓ કહે છે કે, મોગલોની છાવણીમાં લશ્કર કરતાં લશ્કરના સેવકોની સંખ્યા ચારગણી હતી. આ ઉપરથી સમજી શકાશે કે, એ લોકોને માટે એક જગ્યાએથી છાવણી ઉપાડીને બીજે મુકામે પડાવ નાખવામાં કેટલો વિલંબ થતો હશે તથા કેટલો ખટરાગ કરવો પડતો હશે ? પરંતુ એમ છતાં પણ આવા જંગી સૈન્યની સામસામા આવી જઇને લડવા જેટલી શક્તિ મરાઠા લશ્કરની નહોતી. મરાઠાઓ પોતાની સ્થિતિ સારી પેઠે સમજતા હતા. તેઓ સામા આવીને કદી યુદ્ધ કરતા નહિ. આખા દેશમાં તેઓ ફેલાઇ જતા અને લાગ મળતાંવારજ મોગલસેના ઉપર છાપો મારીને તેને હેરાન કરતા. કોઇ વખત તેમની ખોરાકી લૂંટી લેતા, તો કોઇ વખત તેમને મારીને ઠાર

પણ કરી નાખતા અને પછી એવા પોબારા ગણી જતા કે, એમનો પત્તો પણ મોગલોને લાગતો નહિ. મોગલોનો પ્રયત્ન એ હતો કે, કોઇ પણ પ્રકારે એમને એક જગ્યાએ ઘેરી લેવા અને પછીથી એમનો સામટો કચ્ચરઘાણ વાળવો. જો એ લોકો પકડાઇ જાય તો જરૂર એમનો કચ્ચરઘાણ નીકળી પણ જાય, એમાં કાંઇ સંદેહ નહોતો. ઓરંગઝેબ પોતાના વિશાળ લશ્કર સાથે એમને પકડવા માટે ઠેકાણે ઠેકાણે ભટકતો અને મરાઠાઓ છૂટાછવાયા તેના લશ્કર ઉપર છાપો મારીને તેને ખૂબ હેરાન કરતા. આ પ્રમાણે યુદ્ધ ચાલવા લાગ્યું. ઓરંગઝેબ કંટાળી ગયો. જે મરાઠાઓને અત્યાર સુધી તેઓ સહેજમાં મારતા આવ્યા હતા, તેજ મરાઠા લશ્કરનું રણકૌશલ્ય તથા છાપા મારવાની એ નોખી રીત જોઇને મોગલ સૈન્ય ભયભીત થઇ ગયું.

બીજી તરફ સેનાપતિ જુલફિકારખાંએ જીંજીને ઘેરો ઘાલ્યો હતો, પણ રાજારામ અને તેના વીર સાથીઓએ સાત વર્ષ સુધી અતુલ પરાક્રમપૂર્વક એનો બચાવ કર્યો. ઓરંગઝેબ પોતે મરાઠાઓને જીતવાને માટે એવો રોકાયલો હતો કે, જુલફિકારખાંની મદદમાં તે વધારે સૈન્ય મોકલી શક્યો નહિ. સાત વર્ષ પછી જીંજીનો કિલ્લો મુસલમાનોના હાથમાં આવ્યો, પણ તે પહેલાંજ રાજારામ અને તેના વીર સાથીઓ કિલ્લામાંથી પલાયન કરી ગયા હતા. ખાલી કિલ્લા ઉપર મોગલોએ અધિકાર જમાવ્યો.

રાજારામ તેના સાથીઓ સાથે મહારાષ્ટ્રમાં પાછો આવ્યો અને જે નાનાં નાનાં મરાઠી સૈન્યો મોગલોને હંફાવી રહ્યાં હતાં. તેનો પોતે નાયક બન્યો. ખુદ રાજારામની સહાયતા મળવાથી, એ બધા સૈનિકોમાં બમણો ઉત્સાહ આવી ગયો અને તેઓ અદ્ભુત પરાક્રમથી યુદ્ધ કરીને મોગલોને ત્રાસ આપવા લાગ્યા.

દસબાર વર્ષ સુધી આ પ્રમાણે યુદ્ધ ચાલ્યા પછી એકાએક રાજારામનું અકાળ મૃત્યુ થયું. મંત્રીઓએ રાજારામના બાળક પુત્ર બીજા શિવાજીને ગાદીએ બેસાડીને રાજ્યનો કારભાર તેની માતા તારાબાઇના હાથમાં સોંપ્યો.

આજ મહારાષ્ટ્રની ગાદીએ એક બાળક બેઠો હતો. પ્રબળ શત્રુઓ આજે મહારાષ્ટ્રને પોતાના અધિકારમાં લાવવાને સતત યત્ન કરી રહ્યા હતા. એ શત્રુઓને દેશમાંથી કાઢી મૂકીને મરાઠા જાતિની સ્વતંત્રતાનું રક્ષણ કરવાની અઘરી અને ગંભીર ફરજ

તારાબાઇના ઉપર આવી પડી હતી, તોપણ તારાબાઈ તેથી ગભરાઇનહિ. તેણે મોગલોનું શરણ લીધું નહિ, પણ દઢતાપૂર્વક તેમની સામે તે ટકી રહી.

અબળા હોવા છતાં પણ અને ભરજોબનમાં રાજારામ જેવો સ્વામી ખોયા છતાં પણ, તારાબાઇ પોતાના ગંભીર કર્તવ્યમાંથી ચલિત થઇ નહિ. પોતાનું બધું દુઃખ હૃદયમાંજ શમાવી દઇને આ મહાઆપત્તિને સમયે તેણે મહારાષ્ટ્રવીરોની આગેવાની લીધી. મંત્રીઓ અને સેનાપતિઓ આ તીક્ષ્ણ બુદ્ધિ અને પુરુષાતનવાળી તેજસ્વી વીરાંગનાની સરદારી તળે પહેલાંની પેઠેજ યુદ્ધ ચલાવવા લાગ્યા. તારાબાઈની અપૂર્વ શક્તિને લીધે રાજારામનો અભાવ કોઇને જણાયો નહિ.

લગભગ બીજાં દસ વર્ષ પણ લાગલાગટ યુદ્ધ કરવામાં વીતી ગયાં. લગભગ વીસ વર્ષ સુધી ઔરંગઝેબ પોતે વિશાળ સૈન્ય લઇને મહારાષ્ટ્રમાં પડ્યો રહ્યો, તોપણ તે મરાઠાઓનું દમન કરી શક્યો નહિ. આખરે મરાઠાઓનાં સાહસ, ચતુરાઈ અને છાપો નાખવાની અસાધારણ કળાથી ત્રાસ પામી જઇને, એ પોતાના સૈન્ય સાથે અહમદનગર પાછો આવ્યો અને આખરે નિરાશ અને નાહિંમત થઇને મરણ પામ્યો.

ઔરંગઝેબના મૃત્યુ પછી તેની ગાદી માટે તેના પુત્રોમાં કજિયો ઊભો થયો. બીજા ભાઇઓને હરાવીને તથા તેમને સહકુટુંબ મારી નંખાવીને, તેનો મોટો દીકરો મૌજીમ, બહાદુરશાહના નામથી દિલ્હીનો બાદશાહ થયો.

મરાઠા યુદ્ધ બિલકુલ બંધ થયું નહિ; પરંતુ મોગલોની શક્તિ હવે ઢીલી પડી જવાથી, મરાઠાઓ પાછા ધીમે ધીમે પોતાની સત્તા દઢ કરતા ગયા.

શાહુ આટલા દિવસ સુધી મોગલોના તંબૂમાંજ ઊછર્યો હતો. તે હવે પુખ્ત ઉંમરનો યુવક થયો હતો. સારા કુટુંબની બે મરાઠા કન્યાઓ સાથે ઔરંગઝેબે તેનાં લગ્ન કરી દીધાં હતાં.

બચપણથીજ શાહુ મોગલ તંબૂમાં ભોગવિલાસમાં ઊછર્યો હતો, એટલે રણસંગ્રામના આવશ્યક ગુણો તેનામાં ખીલી શક્યા નહોતા. એ ઘણો વિલાસી યુવક થયો હતો. તે ઉપરાંત ઔરંગઝેબે સ્નેહ અને યત્નપૂર્વક તેનું પાલનપોષણ કર્યું હતું,

એટલે મોગલો પ્રતિ તેને શ્રદ્ધા તથા પ્રેમ હતો. એ લોકો પોતાની જાતિના અને દેશના શત્રુ છે, એમ ધારીને મોગલો ઉપર કોઇ પણ પ્રકારનો દ્વેષભાવ રાખતાં એ શીખ્યો નહોતો.

બહાદુરશાહે જોયું કે, યુદ્ધમાં મરાઠાઓને હરાવવા અસંભવિત છે, માટે શાહુજીને બંદીખાનામાંથી છોડી દઇને મરાઠાઓનો રાજા બનાવવામાં આવે, તો તે સહજમાં મોગલોને તાબે થશે અને કોઇ પણ જાતની શત્રુતા રાખશે નહિ. બધા મરાઠાઓ મોગલોના તાબામાં રહેવાનું પસંદ નથી કરતા, તોપણ ઘણા લોકો શાહુના પક્ષમાં રહેશે અને આખરે એ લોકોમાં માંહોમાંહી કલહ ઉત્પન્ન થશે તથા આંતરવિગ્રહને પરિણામે તેઓ દુર્બળ થઇ જઇને આખરે મોગલોને વશ થશે.

બહાદુરશાહે શાહુને મુક્તિ આપી. તેનો ઉદ્દેશ પણ સફળ થયો. શાહુ શિવાજીના જ્યેષ્ઠ પુત્ર સંભાજીનો પુત્ર હોવાથી, ન્યાય અને ધર્મ અનુસાર મરાઠા રાજ્યનો ખરો અધિકારી હતો. તેનો એ અધિકાર સ્વીકારીનેજ રાજારામે પોતે કોઇ દિવસ રાજાની ઉપાધિ સ્વીકારી નહોતી. હવે મરાઠા આગેવાનોમાંથી કેટલાક તારાબાઇનો પક્ષ છોડી દઇને શાહુના પક્ષમાં ગયા; એમાં બાલાજી વિશ્વનાથ નામનો એક બ્રાહ્મણ મુખ્ય હતો.

શાહુ મોગલોના તંબૂમાં કેદ હતો, તે અરસામાં રાજારામે પોતાની શક્તિથી મહારાષ્ટ્રનું રક્ષણ કર્યું હતું. રાજારામના અનેક ઉપકારોનું સ્મરણ કરીને, મરાઠા આગેવાનોએ તેના પુત્રને રાજા બનાવ્યો હતો. પુત્રની તરફથી આટલા દિવસ સુધી ઘણાં વિઘ્નોમાંથી જે મરાઠા રાજ્યનું સંરક્ષણ કર્યું હતું, જે રાજ્યની હજુ પણ તે આગેવાન હતી તે રાજ્ય, મોગલોને હાથે ઉછરેલા, મોગલો ઉપર સ્નેહ રાખનારા તથા જાતીય-ગૌરવના વિચાર વગરના, નાજુક, ભોગવિલાસમાં મશગૂલ થયેલ શાહુના હાથમાં સોંપી દેવું તારાબાઇને વાજબી લાગ્યું નહિ. શાહુના હાથમાં રાજ્ય સોંપવું અને મોગલોના હાથમાં સોંપવું, એ તારાબાઇને એકસરખું લાગ્યું. એ વિચારથી તારાબાઇ પોતાના સ્વદેશાભિમાનમાં દૃઢ થઇને બેસી રહી.

તારાબાઈ જાણતી હતી કે, બાલાજી વિશ્વનાથ ઘણો વગવસીલાવાળો પુરુષ છે. શાહુને જો બાલાજી વિશ્વનાથ પોતાના

કાબૂમાં રાખી શકે, તો મરાઠાઓનું રાજ્ય મોગલોના હાથમાં ન પણ જાય. બાલાજી વિશ્વનાથના પોતાના હાથમાં જાય તો ભલે જાય. શાહુના રાજા થવાથી દેશ કાં તો મોગલોના કે કાં તો પેશ્વાના હાથમાં જશે અને શિવાજીએ સ્થાપેલા અને શિવાજીના પુત્ર–પોતાના સ્વામીએ રક્ષણ કરેલા રાજ્ય ઉપર શિવાજીના વંશજોનો કોઇ અધિકાર રહેશે નહિ. શિવાજી મહારાજની પુત્રવધૂ, રાજારામની સહધર્મિણી અને મહારાષ્ટ્રના વર્તમાન રાજાની વાલી તારાબાઇ અશક્ત શાહુના હાથમાં પોતાના સસરાનું રાજ્ય કેવી રીતે સોંપે ? તારાબાઈ પોતાનો પક્ષ મજબૂત કરી દૃઢતાથી શાહુ અને બાલાજી વિશ્વનાથની સામે ઊભી.

શાહુએ સતારામાંજ રાજધાની રાખી અને બીજા શિવાજીને લઈને તારાબાઇએ કોલ્હાપુરમાં રાજધાની સ્થાપી.

બાલાજી વિશ્વનાથના પ્રપંચને લીધે મરાઠા આગેવાનો એકે એકે તારાબાઈના પક્ષમાંથી ખસી જઇને શાહુના પક્ષમાં જવા લાગ્યા. આ પ્રમાણે પોતાનું બળ ઘણું ઓછું થઇ જવા છતાં પણ, અર્ધા મહારાષ્ટ્ર ઉપર તો તારાબાઇએ પોતાની સત્તા સાચવી રાખી; પરંતુ એવામાં તેના પુત્ર બીજા શિવાજીનું મૃત્યુ થયું. મંત્રીઓએ રાજારામની બીજી રાણીના પુત્રને કોલ્હાપુરની ગાદીએ બેસાડ્યો.

રાજમાતા તરીકે તારાબાઇને જે સત્તા હતી, મરાઠા રાજ્ય ઉપર જે અધિકાર હતો, તે ચાલ્યો ગયો. શાહુના પેશ્વા બાલાજી વિશ્વનાથની વિરુદ્ધમાં પોતાનું બળ ટકાવી રાખવું, એ હવે તેને માટે અસાધ્ય હતું. કોલ્હાપુરની શક્તિ ક્ષીણ થઇ ગઇ. મહારાષ્ટ્રમાં સતારાનું રાજ્ય મુખ્ય ગણાવા લાગ્યું.

બધી શક્તિ ગુમાવીને તારાબાઈ પોતાની દુઃખી જિંદગી પૂરી કરવા લાગી.

પેશ્વાના હાથમાં બધો રાજકારભાર સોંપી દઇને શાહુ નિશ્ચિંત મને આમોદપ્રમોદમાં પોતાનો વખત ગાળતો હતો. તારાબાઇની શંકા ખરી પડી. ધીમે ધીમે પેશ્વાજ મરાઠા રાજ્યના કરતાકારવતા થઇ પડ્યા.

બાલાજી વિશ્વનાથના મૃત્યુ પછી તેનો પુત્ર બાજીરાવ પેશ્વા થયો. શિવાજી મહારાજના પછી બાજીરાવ જેવો પ્રતાપી અને

પ્રતિભાશાળી પુરુષ મહારાષ્ટ્રમાં બીજો કોઇ થયો નથી. શિવાજીએ મરાઠાઓની શક્તિનો સંચય કરીને મરાઠા રાજ્યની સ્થાપના કરી, રાજારામે મોગલોની સાથે લડીને મરાઠા રાજ્યનું રક્ષણ કર્યું; પરંતુ આખા ભારતવર્ષમાં મરાઠા રાજ્યનો અધિકાર જમાવવાનો પ્રયત્ન બાજીરાવ પેશ્વાએજ કર્યો.

મોગલોની એ વખતે પડતી દશા આવતી જતી હતી. બાજીરાવ સમજ્યો હતો કે, હિંદુ રાજ્ય સ્થાપવાનો સારો લાગ હમણાંજ છે. ગુજરાત અને માળવાથી લઇને પૂર્વમાં લગભગ ઓડિસ્સા સુધી મરાઠા રાજ્ય વિસ્તાર પામ્યું. દક્ષિણ ભારતમાં નિઝામનું રાજ્ય અને ઉત્તર હિંદુસ્તાનના ઘણા રાજાઓ મરાઠાઓને ખંડણી આપવા તૈયાર થયા. બાજીરાવ કેવળ ૪૨ વર્ષ સુધી જીવ્યો, પણ એટલા અલ્પ સમયમાં પ્રતિભાના બળે તેણે ભારતમાં ઘણી જગ્યાએ મરાઠાઓની સત્તા જમાવી.

બાજીરાવના મૃત્યુ પછી તેનો પુત્ર બાલાજી બાજીરાવ પેશ્વા થયો. શાહુ હવે વૃદ્ધ થયો હતો અને એને છોકરૂંછૈયું નહિ હોવાથી દત્તક પુત્ર લેવાની તેને જરૂર પડી હતી; પરંતુ રાજાનો દત્તક પુત્ર એના વંશનો હોવો જોઈએ. કોલ્હાપુરનો એ વખતનો રાજા શાહુનો ઘણો નજીકનો સગો હતો, એટલે શાહુની સ્ત્રી સાવિત્રીબાઈની ઇચ્છા એનેજ દત્તક પુત્ર બનાવવાની થઈ.

પરંતુ પેશ્વાની ઇચ્છા એથી વિરુદ્ધ હતી. રાજ્યમાં પેશ્વાનું આટલું બધું ચલણ થયું હતું, એ સાવિત્રીબાઇને પસંદ નહોતું. રાજા પેશ્વાને વશ ન થતાં, પેશ્વાને ઊલટા પોતાના કાબૂમાં રાખે તેને માટે એણે આખી જિંદગી સુધી પ્રયત્ન કર્યો હતો; પરંતુ શાહુની દુર્બળતાને લીધે એ બધી ચેષ્ટા નિષ્ફળ નીવડી હતી. પેશ્વાને પણ સાવિત્રીબાઇની વિરુદ્ધતાની ખબર હતી. એણે મનમાં વિચાર્યું કે જો સાવિત્રીબાઈની ઇચ્છા પ્રમાણે કોલ્હાપુરનો રાજા શાહુનો દત્તક પુત્ર અને ગાદીવારસ થશે, તો એ સાવિત્રીની મરજી મુજબ ચાલશે ને પોતાની મોટાઈ ચાલી જશે.

વૃદ્ધ તારાબાઇ આ વખતે જીવતી હતી. વૃદ્ધાવસ્થામાં પણ તેનામાં તેજસ્વિતા અને દૃઢતા પહેલાંની પેઠેજ પ્રબળ હતાં. સાવિત્રીબાઇની વિરુદ્ધતાની સામે થઇને પોતાનો અધિકાર સાચવી રાખવા માટે, આ વખતે ચાલાક બાલાજી બાજીરાવે તારાબાઈનું રક્ષણ લીધું.

રાજારામ નામનો તારાબાઇનો એક પૌત્ર હજુ જીવતો હતો. પેશ્વાએ ગુપ્ત રીતે એવી સૂચના કરી કે, શાહુએ એને પોતાના ગાદીવારસ તરીકે દત્તક લેવો અને લખી આપવું કે, શાહુના મૃત્યુ પછી એ રાજા કહેવાશે અને રાજા તરીકેનું બધું માન એને મળશે; પણ રાજ્યનો કારભાર પેશ્વાના હાથમાં રહેશે.

પેશ્વાના હાથમાં પૂતળારૂપ બનેલા શાહુએ તરતજ આ સૂચના મંજૂર કરી. તારાબાઇએ જોયું કે પેશ્વાનું દમન કરીને શિવાજીના વંશજના હાથમાં રાજ્યનો કારભાર આવવાનો આ સારો લાગ છે. એક વાર પોતાનાજ હાથમાં ઉછરેલો અને પોતાનીજ આજ્ઞામાં રહેલો પૌત્ર રાજારામ જો રાજ્યનો રાજા થાય, તો પછી પેશ્વાની મગદૂર નથી કે આખું મરાઠા રાજ્ય કાબૂમાં રાખી શકે. પેશ્વાને એમની પોતાનીજ રચેલી જાળમાં ફસાવવાના ઇરાદાથી તારાબાઇએ એ સૂચના માન્ય રાખી.

શાહુનું મૃત્યુ થયું. શાહુના વસિયતનામાની રૂએ તારાબાઇ-ની દેખરેખ નીચે રાજારામ સતારાનો રાજા થયો. પેશ્વાએ સતારા છોડી દઇને પૂનામાં પોતાની શક્તિનું કેન્દ્ર સ્થાપ્યું. તે સમજી ગયો હતો કે, રાજ્યનું કેન્દ્ર સતારામાં હશે, તો તેજસ્વી તારાબાઇની ઊંડી રાજનીતિ અને કુશળતા આગળ પોતાનું કાંઈ ચાલશે નહિ.

થોડા સમય પછી પેશ્વા કોઇ યુદ્ધમાં ગયો. આવો લાગ ફરીથી નહિ મળે, એમ વિચારીને તારાબાઇએ તરતજ વડોદરા-ના દામાજી ગાયકવાડને પોતાના પક્ષમાં લીધા.

આ પ્રમાણે એક બહાદુર સેનાપતિની મદદ મળી ચૂક્યા પછી એણે રાજારામને કહ્યું: "રાજારામ! મહાપુરુષ શિવાજીના રાજ્ય ઉપર શિવાજીના વંશજનો કોઇ અધિકાર નથી. શાહુની દુર્બળતાને લીધે પેશ્વાજ આખા રાજ્યના કરતાકારવતા છે. શિવાજીના વંશજોનો અધિકાર લોપ કરીને પેશ્વા એ રાજ્યને પચાવી ન પડે, તેટલા માટે મેં આખી જિંદગી સુધી પ્રયત્ન કર્યો છે; પરંતુ તેમાં હું સફળ થઇ નથી. આજ ભવાનીદેવીની કૃપાથી આટલે વર્ષે લાગ આવ્યો છે! પેશ્વા પોતાનું સૈન્ય લઇને બીજે કંઈ લડવા ગયો છે. મહાવીર દામાજી ગાયકવાડ તારી મદદે છે. આવો લાગ ખોતો નહિ. શિવાજીના પ્રપૌત્ર, રાજારામ-ના પૌત્રને છાજે એ પ્રમાણે રાજસત્તા તું તારા હાથમાં લે.

આજ ઢંઢેરો પિટાવ કે, પેશ્વા કોઇ ગણતરીમાં નથી. એ તો તારી ઇચ્છા પ્રમાણે ચાલનારા તારા નોકરો જેવો છે. રાજા તું જ છે."

પરંતુ બીકણ અને કોમળ સ્વભાવના રાજારામની હિંમત દાદીની સલાહ પ્રમાણે કરવાની ચાલી નહિ. ક્રોધને લીધે લાલચોળ થઇ જઇને તારાબાઇએ કહ્યું: "બાયલા! કુલાંગાર! શિવાજી અને રાજારામનાં સાહસ, પરાક્રમ અને તેજસ્વિતાનો તારામાં જરા પણ અંશ નથી. તેં તો નાહક શિવાજીના વંશજ તરીકે નામ ધરાવ્યું છે. હું તને આજથી મારા પૌત્ર તરીકે ગણીશ નહિ. આજથી હું તને રાજા તરીકે રાજ્યાસન ઉપર બેસવા દઈશ નહિ. શિવાજીની પુત્રવધૂ હું હજુ જીવું છું. રાજારામની સહધર્મિણી તરીકે આજ હું આ રાજ્યની રાણી છું. આજથી આ રાજ્યનો વહીવટ હું પોતાના હાથમાં લઇશ. કુલાંગાર! બાયલા! આ વીર વંશમાં તું કલંકરૂપ નીકળ્યો છું. આજથી મારા હુકમ પ્રમાણે તને કેદખાનામાં રાખવામાં આવશે."

રાજારામને કેદખાનામાં કેદ કરીને તેજસ્વી તારાબાઇએ બધો કારભાર પોતાના હાથમાં લીધો.

આ ખબર પડતાંવારજ પેશ્વા પાછો આવ્યો. તારાબાઈની સહાયમાં એકલા દામાજી ગાયકવાડ હતા, પણ ચતુર પેશ્વાની યુક્તિથી દામાજી કેદ પકડાયા. તેમના સૈન્યનો નાશ થયો. પેશ્વાની વિરુદ્ધમાં પોતાની શક્તિનો બચાવ કરવાની હવે કોઇ સગવડ તારાબાઇ પાસે રહી નહિ. પેશ્વાના હાથમાં રાજ્યસત્તા સોંપવાની તેને ફરજ પડી.

પેશ્વાએ રાજારામને કેદખાનામાંથી છોડાવીને તેને સતારાનો નામનો રાજા બનાવ્યો અને પૂનામાં રાજધાની સ્થાપીને પોતે સ્વતંત્રપણે મહારાષ્ટ્ર ઉપર રાજ્ય ચલાવવા લાગ્યો.

તારાબાઈની આ પ્રમાણે પડતી આવવાથી, પેશ્વાની વિરુદ્ધ હવે કોઇ રહ્યું નહિ. તારાબાઈના જીવનચરિત્રમાં શીખવાનું માત્ર એજ છે કે, પોતાના કુળને માટે એને કેટલું બધું અભિમાન હતું? સ્વતંત્રતાનો તેને કેટલો બધો શોખ હતો? અને એ સ્વતંત્રતા નિભાવવા માટે પોતાથી બની શક્યું ત્યાંસુધી એણે કેટલો પરિશ્રમ કર્યો હતો? જય પરાજય ઇશ્વરના હાથમાં છે; કર્તવ્ય કરવું એજ મનુષ્યનું કામ છે.

૩૮–મલબાઈ દેસાણ

મહારાજા શિવાજીનું લક્ષ્ય એ હતું કે, આખો મરાઠા-દેશ એક હિંદુ રાજાના હાથમાં રહીને, એકજ શાસન-પદ્ધતિ પ્રમાણે ચાલે; કારણકે એમ ન થાય ત્યાં-સુધી આખા મહારાષ્ટ્રમાં વસનારાઓ એક પ્રજાત્વના દૃઢ બંધન-થી બંધાઇ શકે નહિ. વિચક્ષણ અને દૂરઅંદેશ શિવાજી મહા-રાજ આ લક્ષ્ય સ્થિર કરીને મરાઠાજાતિનું બંધારણ ઘડી રહ્યા હતા. આ ઉદ્દેશ પૂરો પાડવા માટે એમને મહારાષ્ટ્રમાં ઘણા નાના નાના હિંદુ કિલ્લેદારો અને રાજાઓને જીતીને તેમને પોતાને આધીન કરી લેવા પડતા; પરંતુ એ કાર્યને માટે કોઈ પણ પ્રકારનો અન્યાય કરતા નહિ. એ કિલ્લેદાર કે રાજા એમનું ઉપરીપણું સ્વીકારી લે, તો એને યોગ્ય સન્માન આપીને પોતાના રાજ્યમાં સારો હોદ્દો આપતા.

એ વખતના કિલ્લાઓમાં બલ્લારીગઢ ઘણો પ્રખ્યાત હતો. એ ગઢમાં બેસીને બલ્લારીરાજ સુખેથી પોતાના નાના સરખા રાજ્ય ઉપર અમલ ચલાવતો. રાજાનું મૃત્યુ થયું અને તેની વિધવા રાણી મલબાઈ દેસાણ એ કિલ્લાની અને એ રાજ્યની રાણી થઈ.

બીજા ઘણા દુર્ગોને સર કરીને શિવાજી મોટી સેના સાથે બલ્લારી દુર્ગ ઉપર ચડી આવ્યા. મલબાઇ ક્ષત્રિય વીરાંગના હતી. શિવાજીનો રાજનૈતિક હેતુ ગમે તેટલો ઊંચો હશે; જે ઉદ્દેશ સાધવા માટે તેમણે બલ્લારી દુર્ગ ઉપર આક્રમણ કર્યું હતું, તે ઉદ્દેશ ગમે તેટલો મહાન હશે, પણ ક્ષત્રિય વીરાંગના પોતાની હયાતીમાં વગર યુદ્ધે શત્રુના હાથમાં પોતાની સ્વતંત્ર-તા સોંપી દે, પોતાના તાબાનું રાજ્ય આપી દે, એ કદી સંભ-વિત નહોતું. વળી મલબાઇ શિવાજી મહારાજને મહારાષ્ટ્રના ઉદ્ધારક તરીકે કે એક પ્રજાત્વની ભાવનાસ્થાપક તરીકે જોતી

નહોતી. એની આગળ તો શિવાજી તેના રાજ્ય ઉપર હુમલો કરનાર, તેની સ્વતંત્રતા છીનવી લેવાનો પ્રયત્ન કરનાર પ્રબળ શત્રુ હતા. શત્રુ પ્રબળ હતા, વિજયની આશા ઘણીજ થોડી હતી પણ સ્વતંત્રતા એ પણ એક અમૂલ્ય વસ્તુ છે. એ સ્વતંત્રતા માટે મરાઠા વીરાંગના પોતાનું સર્વસ્વ અર્પણ કરીને યુદ્ધ કરવા તૈયાર થઈ. ભયભીત થઇ ગયેલા પોતાના સૈન્યને ઉત્સાહિત કરીને તેણે કહ્યું: "સિપાઇઓ! તમે મારા પુત્ર સમાન છો; પણ તમારી અને મારી સ્વતંત્રતા માટે આ ભીષણ સંગ્રામમાં તમારૂં બલિદાન આપવા હું તૈયાર થઇ છું. મનુષ્ય જન્મતી વખતે રડે છે. સંસારમાં અનેક પ્રકારનાં દુઃખો તેને રોવડાવે છે અને મૃત્યુ સમયે પણ તે રડતો રડતો મરે છે. આ જીવન એવું દુઃખદાયી છે. એમાં કોઇ પણ સુખકારકવસ્તુ હોય, તો તે સ્વાધીનતાજ છે. તો તેને માટે તમારા તુચ્છ દેહનો ત્યાગ કરવા તમે તૈયાર નહિ થાઓ? આજ તમારી સ્વતંત્રતા છીનવી લેવા માટે પ્રબળ શત્રુ તમારે બારણે આવી ઊભો છે. તમે મનુષ્ય છો, મનુષ્યોમાં પણ વીર ક્ષત્રિયો છો, અસાર જીવનના મોહમાં ફસાઇને તમે સ્વતંત્રતા ખોઈ બેસશો? બીજાઓને શરણે જશો? દુઃખી જિંદગીને વધારે દુઃખી બનાવશો? ભય પામતા નહિ અને લાંબો વિચાર કરશો નહિ. મૃત્યુ વહેલું મોડું જરૂર આવવાનું છે. સ્વતંત્રતાને માટે શત્રુઓને મારતાં મારતાં, જે કોઇ શત્રુને હાથે હણાય છે, તેનું મરણ સાર્થક થાય છે. એવી રીતે મરનાર આ દુનિયામાં અનંત કીર્તિ મેળવીને પરલોકમાં અક્ષય સ્વર્ગમાં વસે છે. હું તમારી માતાસ્વરૂપ છું, તમારી રાણી છું. તલવાર લઇને હું જાતે શત્રુઓની સાથે લડવા તમારી સાથે આવીશ. જો તમે માતૃભક્ત હો, રાજભક્ત હો, તો મારૂં માન રાખવા, દેશનું માન રાખવા, વીરતાથી મારી સાથે યુદ્ધ કરવા ચાલો અને નાના સરખા બલ્લારીના વીરત્વથી શિવાજીને સ્તંભિત કરો."

રાણીનાં વીરતાભર્યાં વચનોથી સૈનિકોમાં અત્યંત ઉત્સાહ વ્યાપી ગયો. રણમદથી ઉશ્કેરાઇને તેઓ રાણીની સરદારી હેઠળ મરણિયા થઇને યુદ્ધ કરવા તૈયાર થયા. રાણીએ પોતે લશ્કરની સરદારી લીધી અને શિવાજી સાથે લાગલાગટ સત્તાવીસ દિવસ સુધી યુદ્ધ કરી, શિવાજીના સૈન્યને હરાવી, પોતાના

કિલ્લાની રક્ષા કરી; પણ હવે તેની શક્તિ ખૂટી ગઇ હતી. જે શિવાજીના બળ આગળ મોગલ બાદશાહની ફોજના હાંજા ગગડી જતા હતા, તે ફોજ સાથે લડવાનું બલ્લારીની નાની સરખી ફોજનું શું ગજું? આટલા દિવસ એ યુદ્ધને ટકાવી શકી, એજ તેને માટે તો ઘણું બહાદુરીનું કામ હતું. છેલ્લે દિવસે મરાઠા સૈનિકોના પ્રબળ હુમલાથી બલ્લારી દુર્ગના કોટની એક ભીંત જરાક તૂટી પડી. તેમાં થઈ શિવાજીના સૈનિકો બલ્લારી દુર્ગમાં ઘૂસી ગયા. મલબાઇએ નિરુપાય થઇને શિવાજીનું શરણ લીધું, કારણકે એ જાણતી હતી કે, શિવાજી જેવા ધર્માત્મા હિંદુ આગળ તેના સ્ત્રીધર્મનું અપમાન થવાનો જરા પણ સંભવ નથી,

મલબાઈની આટલી બધી વીરતાથી શિવાજી મહારાજ મુગ્ધ થઇ ગયા હતા. એ વીરાંગના તરફની ભક્તિ અને શ્રદ્ધાથી તેમનું હૃદય તેના તરફ સન્માનથી ખેંચાયું હતું. મલબાઇને જ્યારે તેમની સન્મુખ આણવામાં આવી, ત્યારે તેમણે ઊભા થઇને તેનો ઘણો સત્કાર કર્યો. મલબાઈએ કહ્યું: “મહારાજ! આપ રાજા છો, હું પણ રાણી છું. આપ સ્વતંત્રપણે આપનું રાજ્ય ચલાવો છો; હું પણ આટલા દિવસ સ્વતંત્રપણે મારા રાજ્યમાં શાસન કરતી હતી. આપની શક્તિ પ્રબળ છે. એ પ્રબળ શક્તિને લીધે મારા જેવી દુર્બળ અબળાનો ગ્રાસ કરવા આપ પધાર્યા છો. એ ગ્રાસ થતાં બચવાને માટે, મેં મારી સ્વલ્પ શક્તિ પ્રમાણે બન્યો તેટલો પ્રયત્ન કર્યો છે. હવે વધારે લડી નહિ શકાયાથી આપને શરણે આવવાની ફરજ પડી છે. આપ રાજા છો, રાજધર્મ સારી પેઠે જાણો છો. આપની સાથે યુદ્ધ કરવામાં મેં રાજધર્મનુંજ પાલન કર્યું છે. હવે મારે વિશેષ કાંઈ કહેવાનું નથી. હું આપની પાસે કોઇ પણ જાતની પ્રાર્થના કરવા નથી આવી. મને આપે જે સજા કરવી હોય, તે સુખેથી કરો.”

શિવાજી બોલ્યા: “મા! તમે રાણી છો. રાણી થવાને યોગ્ય છો અને રાણીપદ ઉપરજ બિરાજ્યાં રહેશો. મારાં માતુશ્રી જીજાબાઇ સિવાય બીજી કોઇ તમારા જેવી તેજસ્વી અને વીર સ્ત્રી મેં દીઠી નથી. જીજાબાઇના ગર્ભમાં હું જન્મ્યો છું. આપના જેવાં વીરાંગના બાઇનું સન્માન કેવી રીતે સાચવવું એ મને આવડે છે. આજથી તમે મારાં માતુશ્રી સમાન છો. બલ્લારી દુર્ગ અને બલ્લારી રાજ્ય પહેલાંની માફક હાલ પણ સ્વતંત્ર-

પણ આપનાજ તાબામાં રહેશે. જીવતાં સુધી હું આપના રાજ્યની સ્વતંત્રતામાં હસ્તક્ષેપ કરીશ નહિ. હું આપના સંતાનસ્વરૂપ છું. મારા બધા અપરાધની ક્ષમા કરીને મને આશીર્વાદ આપો."

મલબાઈએ કહ્યું: "મરાઠારાજ! હિંદુઓમાં ખરા રાજા આપજ છો. હું આપને આશીર્વાદ દઉં છું કે, આપનો સર્વત્ર જય થાઓ અને આપ ભારતમાં હિંદુ રાજ્યની સ્થાપના કરો. આપે મારી સ્વતંત્રતા છીનવી લીધી નથી, તેથી આપનો મારા ઉપર એટલો બધો ઉપકાર થયો છે કે, એનો બદલો કોઇ પણ રીતે મારાથી વાળી શકાય એમ નથી. આપને હું ખાતરી આપું છું કે, બલ્લારી રાજ્યની ક્ષુદ્ર શક્તિ હમેશાં આપની મદદમાં તૈયાર રહેશે.

શિવાજીની વિજયપતાકા બલ્લારી દુર્ગ ઉપર ઊડી નહિ. મલબાઇ દેસાણ પહેલાંની પેઠેજ બલ્લારી દુર્ગની રાણી રહી, પણ હવે એ શિવાજીની શત્રુ નહોતી, પણ મિત્ર હતી. વસ્તુતઃ બલ્લારીમાં શિવાજીનો પોતાનો દુર્ગજ હોય, તે પ્રમાણેજ બન્યું. એ નાના સરખા રાજ્ય તરફથી પોતાને ઉપદ્રવ થવાનો શિવાજીને જરા પણ સંભવ રહ્યો નહિ. આમ મલબાઇના અપૂર્વ પરાક્રમને લીધે બલ્લારી રાજ્યની પ્રજા પોતાનીજ રાણીના તાબામાં રહેવાને ભાગ્યશાળી નીવડી.

૩૯—જમાલખાતૂન

એ હજરત મિયાં મીર લાહોરી નામના એક સાધુની બહેન હતી. પોતે પણ સાધ્વી અને ઇશ્વરપરાયણ રમણી હતી. તેણે પોતાની સાધનાદ્વારા ભક્તસમાજને ઘણા ચમત્કાર કરી બતાવ્યા હતા, એમ કહેવાય છે. "સફીનત્-ઉલ્-ઔલિયા" નામના પુસ્તકમાં લખ્યું છે કે, એણે એક વખત એક વાસણમાં બે મણ ઘઉં ભરી રાખ્યા હતા અને તેમાંથી તે ગરીબોને ઘઉં આપ્યા કરતી હતી. ઇશ્વરકૃપાથી એ પાત્ર અક્ષયપાત્ર થઈ ગયું અને સાધ્વી જમાલખાતૂન લાગલગાટ બે વર્ષ સુધી અનાથો અને સાધુઓને એમાંથી અન્નદાન કરતી ગઈ, તોપણ ઘઉં ખૂટયા નહિ. એવા બીજા પણ અનેક ચમત્કારો તેણે કરેલા કહેવાય છે. હિજરી સન ૧૦૪૯ માં એ મરણ પામી.

૪૦–સરયૂબાળા

શિવાજી મહારાજે જ્યારે તોરણાનો કિલ્લો સર કર્યો, ત્યારે ત્યાં એમણે દુર્ગાદેવીનું એક મંદિર બંધાવ્યું અને જનાર્દનદેવ નામના એક બ્રાહ્મણને એ મંદિરનો પૂજારી બનાવ્યો. કેટલાક લેખકોના કહેવા પ્રમાણે સરયૂબાળાની જન્મભૂમિ રજપૂતાનામાં હતી; પરંતુ બાલ્યાવસ્થામાંજ તેનાં માતપિતા ગુજરી જવાથી જનાર્દન દેવે પોતાનીજ કન્યા પેઠે તેનું પાલનપોષણ કર્યું હતું. જનાર્દનને કાંઈ સંતાન નહોતું, એટલે એનો તથા એની સ્ત્રીનો સઘળો પ્રેમ એ બાલિકા ઉપર હતો. થોડા વખત પછી જનાર્દન દેવની પત્ની પણ મરી ગઇ અને સરયૂ એ વૃદ્ધ બ્રાહ્મણના એકમાત્ર આધારરૂપ બની. સરયૂ પણ પોતાના પાલક પિતાની સેવાચાકરી કરવામાં કાંઈ મણા રાખતી નહિ. દુર્ગાદેવીના મંદિરની આસપાસ એક નાનો સરખો સુંદર બગીચો હતો. સરયૂ એ બગીચામાં રમતી અને પિતાજી માટે પુષ્પો વીણી લાવતી.

સરયૂ ઘણી સુંદર હતી. કહે છે કે એ સમયમાં આખા રાજસ્થાનમાં એના જેવી સુંદર કન્યા કોઈ નહોતી. એનો ચહેરો સદા પ્રસન્ન રહેતો હતો. એ ઘણી સમજુ, જ્ઞાની, વીર અને ચતુર હતી. એને જોનારાઓ બધા એના સૌંદર્યથી આશ્ચર્ય પામી જતા.

સરયૂની ઉંમર દશબાર વર્ષની થઇ. ઉંમરની સાથે તેનું સૌંદર્ય પણ વધતું ગયું.

એક દિવસ સરયૂ મંદિરના બગીચામાંથી ફૂલ વીણતી હતી, એટલામાં એ બગીચામાં એક પથ્થર ઉપર સુંદર લશ્કરી પોશાકમાં સજ્જ થઇને બેઠેલા એક સુંદર યુવક તરફ તેની દૃષ્ટિ ગઇ. એ યુવક શિવાજીની સેનાનો રજપૂત હવાલદાર રઘુનાથ હતો.

શિવાજી મહારાજ મુસલમાનો સાથે યુદ્ધમાં ઊતરવા માગતા હતા; એ યુદ્ધ કરવાની દેવીની ઇચ્છા છે કે નહિ, તે જાણવા સારૂ તેમણે રઘુનાથ હવાલદારને જનાર્દનદેવ પાસે મોકલ્યો હતો. રઘુનાથનો લશ્કરી પોશાક, એનું સૌંદર્ય, એના ચહેરા ઉપર જણાઈ આવતી બહાદુરી, એ બધા ગુણો સરયૂની આંખમાં ખૂંપી ગયા. તેના હૃદયમાં રઘુનાથ માટે પ્રેમ ઉત્પન્ન થયો. વીર અને સાહસિક યોદ્ધા તરફ રજપૂત કન્યાનો પ્રેમ થવો સ્વાભાવિક છે.

રઘુનાથ મંદિરમાં જઈને જનાર્દન પંડિતને મળ્યો. તેને શિવાજી મહારાજનો સંદેશો કહ્યો. રાત ઘણી વીતી ગઇ હતી, એટલે લાચારીએ રઘુનાથ જનાર્દન પંડિતને ઘેરજ રહી ગયો. જનાર્દનની આજ્ઞાથી સરયૂએ રસોઇ કરી અને રઘુનાથને ઘણાજ સત્કારપૂર્વક ભોજન કરાવ્યું. ભોજન સમયે સરયૂબાળાના અલૌકિક સૌંદર્યથી રઘુનાથ મુગ્ધ થઇ ગયો.

ભોજન કરીને રઘુનાથ સૂઇ ગયો, પણ તેને નિદ્રા આવી નહિ. ચિત્તની વ્યગ્રતા દૂર કરવા સારૂ એ બગીચામાં જઇ ફરવા લાગ્યો. સંયોગવશાત્ ત્યાં એક મોતીની માળા ઉપર તેની દૃષ્ટિ પડી. રઘુનાથે એ માળા ઉપાડી લીધી અને બીજે દિવસે રૂબરૂ મળીને એ માળા સરયૂને હાથોહાથ આપવાનો તેણે વિચાર કર્યો. બીજે દિવસે સરયૂ બગીચામાં પુષ્પ વીણવા ગઇ, તે સમયે રઘુનાથ પણ ત્યાં ગયો અને વિવેકપુરઃસર મોતીની માળા સરયૂના હાથમાં આપી. સરયૂ શરમાઇ ગઇ. તેના મોં ઉપર પરસેવો છૂટ્યો. નીચી નજરે તેણે મધુર સ્વરે રઘુનાથને કહ્યું: "આપે મારા ઉપર મોટો ઉપકાર કર્યો છે. આપ પાછા આ કિલ્લામાં ક્યારે પધારશો ? તમે આ કિલ્લામાં પધારો ત્યારે મંદિરમાં આવવાનું ભૂલશો નહિ."

રઘુનાથે જવાબ દીધો: "હું પારકો નોકર છું. હું મારૂં માથું હથેળીમાં લઈને ફરૂં છું. લડાઇ એ મારો ધંધો છે. જ્યાં શિવાજી મહારાજની આજ્ઞા થાય છે, ત્યાં હું જાઉં છું; એટલા માટે તારૂં દર્શન કરવાને હું ફરીથી ક્યારે ભાગ્યશાળી થઇશ તે મારાથી કહી શકાતું નથી; પણ એ તો નક્કી સમજજે કે તારા અતિથિસત્કારનું સ્મરણ મને હમેશાં થયા કરશે અને હું તને કોઇ દિવસ નહિ વીસરી જાઉં. તું પણ મારા ઉપર કૃપા રાખજે."

સરયૂ પ્રત્યુત્તર વાળી શકી નહિ. એના નેત્રમાંથી મોતી

જેવાં બે અશ્રુબિંદુ ટપકયાં. રઘુનાથ વિદાય માગીને ચાલ્યો ગયો. જ્યાંસુધી તેનો ઘોડો દેખાતો રહ્યો, ત્યાંસુધી સરયૂ આતુર નયનોથી તેના તરફ જોતી રહી. મનમાં ને મનમાં એ એનાં ઘણુંએ વખાણ કરવા લાગી: "અહા! કેવો સુંદર યુવાન છે! એના પ્રત્યેક અંગમાં વીરતા ઝળકી રહી છે. એની વાતો કેવી મીઠી લાગે છે! કોણ જાણે ક્યારે પાછો એનો મેળાપ થશે?" આવા વિચારોના તરંગથી એનું હૈયું ભરાઈ આવ્યું. ઉદાસ ચિત્તે એ મંદિરમાં ગઇ અને ત્યાં દેવી આગળ પોતાનું હૈયું ખાલી કર્યા પછી સ્વસ્થ થઇને ઘેર ગઇ.

સરયૂ ઘણીજ ગંભીર સ્વભાવની કન્યા હતી. જો કે એ શોક અને ચિંતામાં ગ્રસ્ત હતી, તોપણ એણે પોતાના મનની વેદના કોઇને જણાવા દીધી નહિ. વિરહ અને પ્રેમની આગ અંદર ને અંદરજ સળગે છે. એ આગને ધુમાડોયે નથી હોતો, તેમજ એને ઝાળ પણ નથી હોતી; છતાં પણ એ શરીરના લોહી અને પાંસળાં બધાંને બાળીને ભસ્મ કરી નાખે છે.

ઘણા દિવસો સુધી પુત્રીની શોકમગ્ન અવસ્થા જોઇને જનાર્દનને પણ સંદેહ થયો. તેણે કહ્યું: "સરયૂ! તારી આ દશા જોઇને મારી છાતી ફાટી જાય છે." સરયૂ બિચારી શો ઉત્તર આપે? તેનાં નેત્રોમાં આંસુ ભરાઈ આવ્યાં. એક હિંદી કવિ વાજબી કહે છે કે—

"પ્રેમ છિપાયા ના છિપે, જા ઘટ પરગટ હોય;
જો પૈ સુખ બોલે નહિ, નયન દેત હે રોય."

બન્ને જણાં રોવા લાગ્યાં. રોવાથી હૃદયનો ભાર કાંઇક હલકો થયો, એટલે સરયૂએ શિર નમાવીને લજ્જાપૂર્વક કહ્યું: "હું ઈશ્વર પાસે પ્રાર્થના કર્યા કરૂં છું કે, એ રઘુનાથને આ યુદ્ધમાં ફત્તેહમંદ કરે. એ સિવાય મારી બીજી કોઈ ઇચ્છા નથી." આટલું કહીને સરયૂ પિતાની પાસેથી શરમાઇને ચાલી ગઇ.

જનાર્દનની પાસેથી વિદાય લઇને રઘુનાથ શિવાજી મહારાજની પાસે ગયો હતો. દિલ્હીના શાહેનશાહે એ સમયે રાજા જયસિંહને શિવાજીની સાથે લડવા માટે મોકલ્યો હતો. પંડિત જનાર્દનને રાજા શિવાજીએ મળવા બોલાવ્યો હતો. સરયૂ પણ સાથે હતી. આ યાત્રાથી સરયૂને ઘણો લાભ થયો, કારણકે આ

પ્રસંગે રઘુનાથને મળવાનો તેને લાગ મળ્યો હતો. સરયૂને પ્રસન્ન જોઇને જનાર્દન પણ પ્રસન્ન થયો. એ સમજ્યો કે, હવાની ફેરબદલી થવાથી સરયૂની તબિયત સુધરી ગઇ છે.

અહીંયાં અમે સરયૂનો વૃત્તાંત થોડી વાર સુધી પડતો મૂકીને, રઘુનાથનો થોડોઘણો પરિચય વાચકોને કરાવીશું.

મારવાડના પ્રસિદ્ધ રાજા જસવંતસિંહનો સેનાપતિ ગજપતસિંહ એક ખરો રજપૂત હતો. એ ગજપતસિંહે ચંદ્રરાવ નામના એક અનાથ રજપૂતને પાળીપોષીને મોટો કર્યો હતો. જ્યારે એ છોકરો મોટો થયો, ત્યારે ગજપતસિંહે એને સેનામાં દાખલ કરાવી દીધો. એણે ઘણી વાર પોતાનું પરાક્રમ બતાવ્યું. ગજપતસિંહ એક દિવસ એની વીરતાથી એટલા બધા પ્રસન્ન થયા કે, એકદમ એમના મોંમાંથી નીકળી ગયું કે, “ આજ તારે જે ઇનામ માગવું હોય તે માગ. આજ તું માગીશ તે હું આપીશ.” ગજપતસિંહના મનમાં એમજ હતું કે ધન, દોલત, અલંકાર કે જમીન માગશે; પણ ચંદ્રરાવનું ધ્યાન બીજી તરફજ હતું. એણે ધાર્યું કે આવો લાગ ફરી ફરીને મળવાનો નથી, એટલે એણે વિનયપૂર્વક ગજપતસિંહને કહ્યું: “ આપ ખરેખર મારા ઉપર પ્રસન્ન થઇને મને ઇનામ આપવા માગતા હો, તો કૃપા કરીને લક્ષ્મીબાઈ મને આપો. ” લક્ષ્મીબાઈ ગજપતસિંહની રૂપવતી કન્યા હતી. ગજપતસિંહને આ વિનતિ ઘણી ગેરવાજબી લાગી, કારણકે પોતાની લાડવાઇ કન્યાને એક અનાથ સાથે પરણાવવાનું તેમને પસંદ નહોતું, છતાં પણ એ વખતે તો એ ખામોશ રહ્યો; પરંતુ એના મૌનસાધનથી ઊલટું ખરાબ પરિણામ આવ્યું. ચંદ્રરાવના મનમાં અનેક પ્રકારની ચિંતા ઉત્પન્ન થવા લાગી અને એ ગુપ્ત રીતે ગજપતસિંહને મારી નાખવાનો પ્રપંચ રચવા લાગ્યો. આ દુષ્ટ ઇરાદાથી ચંદ્રરાવ ઔરંગઝેબ સાથે મળી ગયો અને તેને ઉશ્કેરીને જસવંતસિંહના રાજ્ય ઉપર ચડાઈ કરાવી. આ લડાઇમાં ઔરંગઝેબનો વિજય થયો અને ચંદ્રરાવે લાગ જોઇને ગજપતસિંહને મારી નાખ્યો, પણ આ નીચ કામ એણે એવી ચાલાકી અને સફાઈથી કર્યું કે, એક બે માણસ સિવાય બીજા કોઇને એની ખબર પણ પડી નહિ.

જસવંતસિંહ લડાઇમાંથી હારીને પાછો આવ્યો, ત્યારે એની રાણીએ કિલ્લાના દરવાજા બંધ કરાવ્યા અને કહ્યું કે, “ જસવંત-

સિંહ ક્ષત્રિય ધર્મથી પતિત થયા છે. હવે એમણે મારી આગળ ન આવવું જોઇએ.” ઘાયલ રાજા ઘણા દિવસ સુધી ટાઢ, તડકો વેઠીને બહાર પડયો રહ્યો. આ અરસામાં ચંદ્રરાવ ગજપતસિંહના બાળકોનો વાલી નિમાયો. ગજપતસિંહને લક્ષ્મીબાઇ નામની એક પુત્રી હતી તથા રઘુનાથસિંહ નામનો એક પુત્ર હતો. રઘુનાથની વય એ વખતે બાર વર્ષની હતી. લક્ષ્મી કેવળ નવ વર્ષની હતી. ત્યાર પછી થોડા સમયમાં પોતાના દેશમાં જવાને બહાને ચંદ્રરાવ એ બંને બાળકોને લઇને બહાર નીકળ્યો. થોડે દૂર જઇને એણે રઘુનાથના નોકરોને ઠાર કર્યા. રઘુનાથને એ ખબર નહોતી કે, પાપી ચંદ્રરાવ તેના પિતાનો ઘાતક છે; પરંતુ એ ચતુર હતો. ચંદ્રરાવની વ્યાકુળતા તથા રસ્તામાં પોતાના વિશ્વાસુ નોકરોનો વધ જોઇને એ ચેતી ગયો કે, ચંદ્રરાવ તેનો શત્રુ છે. તેથી તે ત્યાંથી છાનોમાનો નાસી ગયો. લક્ષ્મી ચંદ્રરાવની સાથેજ રહી અને પાછળથી ચંદ્રરાવે તેની સાથે વિવાહ કરી લીધો. ચંદ્રરાવે થોડા સમયમાં શિવાજી મહારાજની સેનામાં દાખલ થઇને જમાદારની પદવી મેળવી.

એ વખતે શિવાજી મહારાજને પોતાનું સૈન્ય વધારવાની ઘણી ઇચ્છા હતી, તેથી એ ચાલાક અને બળવાન યુવકોને જલદી પોતાની નોકરીમાં રાખી લેતા. દૈવસંયોગે રઘુનાથ પણ ફરતો ફરતો શિવાજીની પાસે આવ્યો અને સિપાઈ તરીકે નોકર થઈ ગયો. આ વખતે રઘુનાથની ઉંમર અઢાર વર્ષની હતી. અહીંયાં ચંદ્રરાવ અને રઘુનાથને પાછા મળવાનો સંયોગ ઉત્પન્ન થયો. રઘુનાથના મનમાં કાંઇ ઈર્ષ્યા કે દ્વેષ નહોતો, પણ પાપી ચંદ્રરાવના મનમાં હમેશાં બીક રહેતી હતી કે, રખે રઘુનાથને એના પિતાના વધની ખબર પડી જાય અને એ મારા ઉપર બદલો લે; એટલા માટે એ નરાધમ રઘુનાથનો પણ ઘાટ ઘડવાની તજવીજમાં રહેવા લાગ્યો. રઘુનાથસિંહમાં એના પિતાની વીરતાનો ગુણ પૂર્ણપણે આવ્યો હતો, એટલે એ લશ્કરમાં ઘણો પ્રિય થઇ પડયો. પૂનાના યુદ્ધમાં એણે શિવાજીનો પ્રાણ બચાવ્યો હતો, તેથી સૌ કોઇ એનું ઘણું માન રાખતા હતા. એક વાર એવો સંયોગ બન્યો કે, રુદ્રમંડળના કિલ્લામાં શિવાજી ઘેરાઈ ગયા હતા અને શત્રુઓ તેમને મારી નાખવાની યુક્તિ રચી રહ્યા હતા, એટલામાં રઘુનાથને એ વાતની ખબર પડી, એટલે એણે

પાછળથી હુમલો કરીને શત્રુઓને મારીને નસાડી મૂકયા અને શિવાજી મહારાજનો જયજયકાર કર્યો.

આ વીરતાથી શિવાજી ઘણાજ પ્રસન્ન થયા અને તેનું ઘણું સન્માન કરવા લાગ્યા; પરંતુ એની પ્રતિષ્ઠા વધતી જોઇને ચંદ્રરાવ અદેખાઇથી બળવા લાગ્યો અને એને મારી નાખવાની ખટપટમાં રહેવા લાગ્યો. એક દિવસ રઘુનાથ સરયૂને મળવાની ઇચ્છાથી કિલ્લાની બહાર ગયો અને જ્યારે પાછો કિલ્લામાં જવા લાગ્યો, ત્યારે તેને રાજાની આજ્ઞાથી કેદ પકડવામાં આવ્યો. એણે ઘણુંએ કહ્યું કે, "હું નિર્દોષ છું." પરંતુ તેના ઉપર કાંઇ પણ ધ્યાન આપવામાં ન આવ્યું. ચંદ્રરાવે કિલ્લેદારના કાન ભંભેરવા માંડ્યા અને રઘુનાથની વિરુદ્ધ ઘણી જૂઠી જૂઠી વાતો કહી. નિર્દોષ રઘુનાથને શિવાજીની રૂબરૂ રજૂ કરવામાં આવ્યો. એ વખતે શિવાજીની આંખો અંગારા જેવી લાલચોળ હતી. એમણે રઘુનાથને જોતાંવારજ પ્રશ્ન કર્યો: "હે યુવાન! તેં સૈનિકોના નિયમની વિરુદ્ધ આચરણ કેમ કર્યું? તું ખરેખરૂં કારણ કહી દે. શું તું ખરેખર નિમકહરામ થઇ ગયો?"

'નિમકહરામ' શબ્દ રઘુનાથના કાનોમાં તોપના ગોળા પેઠે પેસી ગયો. તેણે માથું ઊંચું કરી કહ્યું: "હું નિમકહરામ નથી."

શિવાજી:—તું નિમકહરામ નથી તેનો શો પુરાવો?

રઘુનાથ:—મારી પાછલી સેવા.

શિવાજી:—મનુષ્યની મતિ દરેક ક્ષણે બદલાયા કરે છે.

રઘુનાથ:—ખરૂં છે, પણ રજપૂત નિમકહરામ નથી હોતા.

શિવાજી:—ખરી વાત; પણ એનો નિશ્ચય કરવો, એ ઘણું અઘરૂં કામ છે.

રઘુનાથ:—હું સાચો રજપૂત છું.

શિવાજી:—એની ખાતરી શી?

રઘુનાથ મૌન રહ્યો. સરયૂના પ્રેમને લીધે એ કિલ્લા બહાર ગયો હતો, એ વાત એનાથી કહેવાય એમ નહોતી. શરમાઇને એણે નીચે જોયું. શિવાજીએ ક્રોધાવેશમાં આવી જઇને કહ્યું: "તેં એક વખત ઘણી સરસ સેવા બજાવી છે, એટલે તને દેહાંત દંડમાંથી માફી બક્ષું છે; પણ આજથી તું તારૂં કાળું મોં મને

બતાવીશ નહિ. જે ક્ષત્રિયમાં સ્વામીભક્તિ નથી હોતી, તે દેશ અને જાતિનો રક્ષક બનવાને અયોગ્ય છે, એ મહાપાપી છે." શિવાજીના હાથનો સંકેત થતાંવારજ પ્રણામ કરીને રઘુનાથ ત્યાંથી ચાલ્યો ગયો. લક્ષ્મીએ આ સમાચાર સાંભળ્યા. એને પણ ઘણો શોક થયો. પોતાનો ભાઇ અને બહાદુર ગજપતસિંહનો પુત્ર નિમકહરામ નીવડે, એ વાત એ કદાપિ માની શકી નહિ. એ મનમાં ને મનમાં ઘણીજ દુઃખી થઇ. ચંદ્રરાવ ઘણો પ્રસન્ન થયો, કારણકે એની મનોવાંચ્છના પૂર્ણ થઇ હતી.

તોરણાના કિલ્લાની ચારે તરફ ગાઢું વન હતું. આવા અપમાન પછી સરયૂને મળવાનું રઘુનાથે વાજબી ધાર્યું નહિ. એ જંગલમાં પહાડ ઉપર એક દેવીના મંદિરમાં રહેવા લાગ્યો. અહીંયાં મનુષ્યોની કે પશુઓની અવરજવર નહોતી. મંદિરની તળે એક પહાડી નદી જોરથી વહેતી હતી. રઘુનાથે ત્યાં આગળ એક કુટીર બંધાવી દીધી અને સરયૂને પ્રાપ્ત કરવાની આશા છોડી દઇને સાધુના વેશમાં ત્યાં રહેવા લાગ્યો. હવે એના માથાના કેશ વધી ગયા હતા. નખ પણ લાંબા થઈ ગયા હતા. આખા શરીરે ભસ્મ ચોળી હતી. હવે એણે પોતાનું નામ પણ બદલી સીતાપતિ રાખ્યું હતું. રાત દિવસ વેદમંત્ર ભણવામાં અને ઇશ્વરની ભક્તિ કરવામાં તેનો સમય વ્યતીત થતો હતો.

સરયૂને હમેશાં રઘુનાથનું સ્મરણ થયા કરતું હતું. રઘુનાથને મળવાની ચિંતા એને સદા થયા કરતી હતી; એટલામાં કોઇએ આવીને ખબર આપી કે, "રઘુનાથ નિમકહરામ નીવડ્યો. એ શિવાજીના શત્રુઓ સાથે મળી ગયો હતો, એટલા માટે શિવાજીએ તેને પોતાના સૈન્યમાંથી કાઢી મૂક્યો." આ સમાચાર સરયૂના જેવી અબળાને માટે વજ્રાઘાત સમાન હતા. એ ગાંડા જેવી થઇ ગઇ. પોતાનો હૃદયેશ્વર રઘુનાથ શત્રુઓની સાથે મળી જઇને સ્વામીનું અનિષ્ટ ઇચ્છે, એ વાત એને કદી સંભવિત લાગી નહિ. એને ખાતરી હતી કે, કહેનારાઓ જૂઠા છે. એ લોકોને રઘુનાથની વીરતા અને ધર્મનિષ્ઠાની ખબર નથી. આ સમાચારથી જનાર્દન પંડિતની આંખોમાં પણ આંસુ ભરાઇ આવ્યાં. તેમણે સરયૂને કહ્યું: "બેટા! તું હવે રઘુનાથનું નામ બિલકુલ ભૂલી જા. જાતિદ્રોહી પુરુષ કદી તારો પતિ થવાને યોગ્ય નથી. એ પોતાના હિંદુ ધર્મનો કાંઇ પણ વિચાર કર્યા વગર દુશ્મનોને મળી ગયો

છે.” સરયૂ મૌન અને ગંભીરતાપૂર્વક પિતાની આજ્ઞા સાંભળી રહી. દિનપ્રતિદિન એ વધારે દુઃખી અને ચિંતાતુર દેખાવા લાગી. એને તો ખાતરી હતી કે, રઘુનાથ નિર્દોષ છે; પણ બીજા બધાને એને માટે વહેમ હતો, એટલે એ ચુપચાપ બેસી રહી.

એક દિવસ ચિત્ત ઘણુંજ વ્યાકુળ થઇ આવ્યું, એટલે એ દેવીના મંદિરમાં જવા નીકળી. એને ખબર નહોતી કે, એજ મંદિરમાં રઘુનાથ છે. જ્યારે એ મંદિરની પાસે પહોંચી, ત્યારે એક કુટીરમાં તેણે એક સાધુને જોયો. સરયૂના હૃદયમાં શ્રદ્ધા ઉત્પન્ન થઇ અને એ સાધુની પાસે જઇને કહેવા લાગીઃ “ મહારાજ ! હું દુર્બળ અને અનાથ બાલિકા છું. આપની મદદ માગવા આવી છું. આપ મને મારી મૂર્ખતા માટે ક્ષમા કરશો. ”

સાધુએ ગંભીરતાપૂર્વક ઉત્તર આપ્યોઃ “ તું જે ઉદ્દેશથી અહીં આવી છું, તે હું જાણું છું. તું કોઇ નવયુવક યોદ્ધાની ખબર પૂછવા માગે છે ખરૂં ને ?” આ ઉત્તરથી તો એ સાધુ ઉપર સરયૂનો વિશ્વાસ બેસી ગયો. એના ચરણમાં માથું મૂકીને એ બોલી કે, “ મહારાજ ! એના સંબંધમાં જે બધું કહેવાય છે એ વાત શું ખરી છે ? ”

સાધુએ કહ્યુંઃ “ દુનિયા એને નિમકહરામ કહે છે. ”

સરયૂએ પૂછ્યુંઃ “ આપ પણ એવુંજ ધારો છો ? ”

સાધુએ આડકતરાઇથી જવાબ આપ્યોઃ “ શિવાજી મહારાજે એને નિમકહરામ ગણીને પોતાના લશ્કરમાંથી કાઢી મૂક્યો છે. ”

આટલું સાંભળતાંજ સરયૂનું મુખ ક્રોધથી લાલચોળ થઇ ગયું. એણે નીચી નજરે કહ્યુંઃ “ મહારાજ ! કોઈ કહે કે સાધુ કપટી થાય છે, તો એ હું માની લઈશ; પરંતુ રઘુનાથસિંહ નિમકહરામ છે, એ હું કદી માનીશ નહિ. માફ કરજો હું જાઉં છું.”

સાધુની આંખોમાં આંસુ ભરાઇ આવ્યાં. એને ખાતરી થઇ કે આખી દુનિયામાં કોઇ નહિ, તોપણ એક તો એવી વ્યક્તિ છે કે જે ખરા અંતઃકરણથી એને નિર્દોષ ગણે છે. એણે નમ્રતા અને પ્રીતિપૂર્વક કહ્યુંઃ “ તેં હજુ મારી વાત તો સાંભળી નથી. ”

સરયૂએ કહ્યુંઃ “ ત્યારે એ પણ કહી દો. ”

સાધુએ કહ્યું: " સંસાર કેવળ બહારની વાતોને જાણે છે. વીર અને સાહસિક પુરુષોના હૃદયમાં શું શું છે, તેની ખબર તો કેવળ પ્રેમીઓનેજ પડી શકે છે. શાસ્ત્ર કહે છે કે પ્રેમ એક એવી અદ્દ્ભુત શક્તિ છે, કે જે બે હૃદયોને પરસ્પર ખેંચીને એક બનાવી દે છે. એક હૃદયનું બીજા હૃદય ઉપર પ્રતિબિંબ પડે છે અને પછી એ એક થઇ જાય છે. રઘુનાથની ખરી ખબર જાણવી હોય, તો એવી વ્યક્તિ પાસે જા કે જેનો એના ઉપર પૂરેપૂરો પ્રેમ હોય. એ તને એના હૃદયની ખરી વાત કહી દેશે. એ વ્યક્તિ રઘુનાથથી ગમે તેટલી દૂર હશે, તોપણ તેના હૃદયનું સૂત્ર રઘુનાથના હૃદયની સાથે મળેલું હશે અને એનું હૃદય કોઇ દિવસ લોકવાયકાના ખોટા ભ્રમમાં નહિ પડે. હે સુંદરિ! તું મારી વાતને મિથ્યા ન સમજીશ. હું ખરૂં કહું છું કે સાચી વાત પ્રેમીનેજ જણાય છે. પ્રેમી પોતાના પ્રીતમનો સાક્ષાત્કાર કરી શકે છે. પ્રેમી પોતાનું સર્વસ્વ પ્રીતમ ઉપર ન્યોછાવર કરી શકે છે. લોક એને ગાંડો, ધૂની વગેરે નામોથી પોકારે છે, પરંતુ એ તો પોતાના પ્રીતમના હૃદયમાં સદા સુખેથી વાસ કરે છે. પ્રેમીના હૃદયમાં પવિત્રતા આવે છે, પ્રેમ એ સાચી કસોટી છે, પ્રેમની દૃષ્ટિ ગમે તેવા પડદાને ફાડી નાખીને યથાર્થતાનું દર્શન કરાવે છે."

સરયૂને સાધુની વાતથી કાંઇક હિંમત આવી. એણે આકાશની તરફ માથું ઊંચું કરીને કહ્યું: " પ્રભુ ! તને ધન્ય છે ! હું આ મંદિરમાં શાંતિ માટે આવી હતી અને તેં શાંતિ આપી. સંસાર કેવી મોટી ભૂલમાં ગોથાં ખાય છે. દુનિયા રઘુનાથને નિમકહરામી ગણે છે; પણ મારૂં હૃદય એને નિર્દોષ માને છે. આકાશ અને પાતાળ એક થઇ જાય, પણ મારા રઘુનાથને હું કદી પાપી અને નિમકહરામી નહિ કહું. એના ઉપર આફત આવી છે, તેથીજ એ મને મળવા નથી આવ્યો, નહિ તો મળ્યા વગર કદી રહેજ નહિ. હું સદા એનાજ ગુણ ગાતી રહીશ."

સરયૂનો પ્રેમ જોઇને સાધુ પોતાના હૃદયના વેગને રોકી શક્યો નહિ. એણે કહ્યું: " સુંદરિ! તું એ રઘુનાથની ખરી પ્રેમિકા હોય એમ જણાય છે. રઘુનાથનો પણ તારા ઉપર પૂર્ણ પ્રેમ છે. હું હમેશાં ભ્રમણ કરતો રહું છું, અને મેં સાંભળ્યું છે કે, એ આ દશામાં પણ સદા તારૂં સ્મરણ કર્યા કરે છે. જેવી રીતે સાધુઓ પરમાત્માના ધ્યાનમાં મગ્ન રહે છે, તેવી રીતે રઘુનાથ

તારા ધ્યાનમાં નિમગ્ન રહે છે. તમે બંને એક બીજાને મળશો એમાં જરા પણ સંદેહ નથી. તું સંતોષ રાખજે કે જરૂર એક દિવસ એવો આવશે કે જ્યારે એનું કલંક ધોવાઈ જશે અને જગત એને ખરો સ્વામીભક્ત ગણશે."

સરયૂએ આશ્ચર્યની દૃષ્ટિથી સાધુની તરફ જોયું. તેણે કહ્યું: "ભગવન્! મેં આપને કહીં જોયા હોય એમ લાગે છે."

સાધુએ કહ્યું: "સંભવ છે. સાધુઓ હમેશાં ફરતા રહે છે. મેં રઘુનાથને પણ જોયો છે અને એની વાતો પણ સાંભળી છે. એ તારા સિવાય બીજી કશી વાત કરતો નથી અને એણે પ્રતિજ્ઞા લીધી છે કે, 'સરયૂ સિવાય હું બીજી કોઇ વસ્તુનું ધ્યાન નહિ ધરૂં.' સરયૂ કદાચ તારૂંજ નામ હશે."

સરયૂ વધારે આશ્ચર્ય પામી. તેણે કહ્યું: "હા, હુંજ અભાગણી સરયૂ છું. એ મળે તો એમને અવશ્ય કહેજો કે, તમારા વગર સરયૂ જળ વગરની માછલીની પેઠે તરફડે છે."

સરયૂનો પ્રેમ જોઇ એ સાધુનું હૃદય પણ તરફડી ઊઠયું. એ ઘણી મુશ્કેલીથી હૃદયનો વેગ રોકીને કહેવા લાગ્યો: "હે સુંદરિ! સત્યનો સદા જય થાય છે. અસત્યનું રાજ્ય ઘણા દહાડા રહેતું નથી. રઘુનાથ રજપૂત છે, અસલી રજપૂત છે. એ નિમકહરામી નથી કરતો. આજકાલ એનો અવળો દહાડો છે અને શરમ અને શોકને લીધે એ સંતાઇ બેઠો છે."

સરયૂએ પોતાની આંખોમાંનાં આંસુ લોહી નાખીને કહ્યું: "મહારાજ! આપ જ્યારે એમને પાછા મળો, ત્યારે કહેજો કે તમારી સરયૂએ સંદેશો કહાવ્યો છે કે, આળસુ અને નિરાશ થઇને કદી બેસી ન રહેશો. દુનિયામાં કાંઇ ને કાંઇ પરાક્રમ કરી બતાવવા માટેજ રજપૂત જન્મ લે છે. આળસ છોડી દઇને કાંઇ પણ ઉપાય કરો અને લાગેલું ખોટું કલંક ધોઈ નાખી સૂર્યની પેઠે કીર્તિરશ્મિ ચારે તરફ ફેલાવો. સરયૂની તરફથી ખાતરી રાખજો કે એ મરતાં સુધી પણ આપને વીસરશે નહિ. મરતે મરતે પણ તેની જીભ ઉપર તમારૂંજ નામ રહેશે."

સાધુએ પૂછયું: "ધન્ય છે અબળા! જ્યાં આવો પ્રેમ છે, ત્યાંજ જીવનની ખરી મજા છે; પણ તું એક વાત કહે. તને પૂરી ખાતરી છે કે એ નિમકહરામ નથી?"

સરયૂએ કહ્યું: "હું રજપૂતની છોકરી છું. રજપૂતાણીઓ અવિશ્વાસી નથી હોતી."

સાધુએ કહ્યું: "બસ, હવે મારે વધારે પૂછવાની જરૂર નથી. હું આજેજ અહીંથી રઘુનાથની શોધમાં જાઉં છું. તેને હું તારો સંદેશો સંભળાવીશ."

રઘુનાથ હવે શિવાજી પાસે જઇ પોતાના ઉપરનું કલંક દૂર કરાવવા માટે ત્યાંથી નીકળ્યો, પરંતુ ઘણા સમય સુધી એને શિવાજીને મળવાનો લાગ મળ્યો નહિ. થોડા સમય પછી તેના સાંભળવામાં આવ્યું કે, શિવાજી દિલ્હી ચાલ્યા ગયા છે. એ પણ લાંબી મજલ કાપીને ત્યાં જઇ પહોંચ્યો. ઔરંગઝેબે લાગ જોઇને, પ્રપંચથી શિવાજીને કેદ કરી લીધા હતા. રઘુનાથ આ સમાચાર સાંભળીને ઘણો દિલગીર થયો. કોઇ પણ પ્રકારે મહારાષ્ટ્રના એ સિંહને કેદખાનામાંથી છોડાવવાને માટે એ વેશ બદલીને મહેલની આસપાસ આંટા મારવા લાગ્યો. બીજા લોકોને મળીને એણે બધી બાતમી મેળવી લીધી. ઇશ્વરકૃપાએ શિવાજી મહારાજ પોતાની યુક્તિથી મીઠાઇના ટોપલામાં બેસીને બહાર નીકળી આવ્યા; પરંતુ ત્યાંથી નાસી જવા માટે કાંઇ વાહન એમની પાસે નહોતું. પગે ચાલીને જવાથી પાછા પકડાઇ જવાનો સંભવ હતો. એ વખતે રઘુનાથ એક કસેલા ઘોડા સાથે ત્યાં તૈયાર ઊભો હતો. એણે એ ઘોડો શિવાજી મહારાજને સોંપી દઇને કહ્યું: "મહારાજ! સવાર થઇ જાઓ."

શિવાજીએ જ્યારે રઘુનાથને ઓળખ્યો ત્યારે એ આશ્ચર્યચકિત થઈ ગયા. એમણે કહ્યું: "રઘુનાથ! તું અહીં ક્યાંથી?"

રઘુનાથે કહ્યું: "મહારાજ! આ વાર્તાલાપ કરવાનો સમય નથી. આપ ઘોડા ઉપર બેસીને દિલ્હીમાંથી ચાલ્યા જાઓ."

શિવાજી અને સંભાજી સાધુના વેશમાં મથુરા અને જગન્નાથ થઇને મહારાષ્ટ્રમાં પહોંચ્યા. ત્યાર પછી રઘુનાથે શિવાજીની સાથે રહીને બીજા કિલ્લાઓ જીતવામાં ઘણું પરાક્રમ બતાવ્યું. તેની સ્વામીભક્તિથી પ્રસન્ન થઇને શિવાજીએ તેને કિલ્લેદાર બનાવ્યો.

આ અરસામાં શિવાજીને ચંદ્રરાવનાં કુકૃત્યોની ખાતરી થઇ ગઈ હતી. તેમણે તેને ફાંસીની સજાનો હુકમ આપ્યો; પણ ઉદારચરિત રઘુનાથે શિવાજી મહારાજને પગે પડીને કહ્યું કે, "ગમે તેમ પણ એ મારો બનેવી છે. મારી બહેનના સૌભાગ્ય

ખાતર એને આપ ક્ષમા કરો.” શિવાજીએ એ ઉપરથી ચંદ્રરાવને ક્ષમા આપીને પોતાના રાજ્યમાંથી કાઢી મૂક્યો.

હવે આટલા સમયમાં સરયૂની શી દશા થઈ હતી, તે આપણે જોઇએ. રઘુનાથ નિમકહરામ ઠરેલો હોવાથી સરયૂબાળાને બીજા કોઈ યુવક સાથે પરણાવવાનો જનાર્દન દેવે નિશ્ચય કર્યો, પરંતુ સરયૂએ સ્પષ્ટતાથી કહ્યું કે, “ હું રઘુનાથસિંહ વગર બીજા કોઇને પરણવાની નથી.” પરંતુ જનાર્દનદેવે તેની વિનતિ ઉપર ધ્યાન ન આપ્યું અને પરાણે લગ્ન કરી દેવાનો નિશ્ચય કર્યો, ત્યારે સરયૂબાળાએ તેમના ઘરમાંથી નાસી જઇને, એક જમીનદારના ઘરમાં આશ્રય લીધો અને ત્યાં રહી રાતદિવસ રઘુનાથનું ધ્યાન ધરવા લાગી. ત્યાર પછી થોડા સમયમાં રઘુનાથસિંહની નિર્દોષતા સિદ્ધ થઇ ગઇ. શિવાજીના રાજ્યમાં એને સારો હોદ્દો પણ મળ્યો. એ સમાચાર સાંભળતાંવારજ સરયૂના હર્ષનો પાર રહ્યો નહિ. જનાર્દનદેવે પણ પોતાની ભૂલ માટે પશ્ચાત્તાપ કર્યો અને પુત્રીને પાછી બોલાવીને ઘણા ઠાઠ સાથે રઘુનાથસિંહ સાથે તેનું લગ્ન કરાવી દીધું. રઘુનાથસિંહ અને સરયૂબાળા ઘણાં વર્ષો સુધી પરમ સુખમાં રહ્યા.

૪૧–दाउदखांनी पत्नी

ગુજરાતનો સૂબો દાઉદખાં ઘણો વીરપુરુષ હતો. પોતાની વીરતા પ્રગટ કરવામાં એ સદા તલ્લીન રહેતો હતો. એક સમયે હિજરી સન ૧૧૩૦ માં એ અમીર ઉલ–ઉમરા હુસેનઅલીખાંના સૈન્ય સાથે યુદ્ધ કરતાં માર્યો ગયો. એની સ્ત્રી ઘણી પતિવ્રતા હતી. પતિના મરી ગયા પછી જીવતાં રહેવું, એ તેને માટે અસહ્ય થઇ પડ્યું. દાઉદખાંના મૃત્યુ સમયે એ સન્નારી સગર્ભા હતી. પતિનો ઉત્તરાધિકારી બાળક–સાત માસનો ગર્ભ તેના ઉદરમાં હતો; છતાં પણ એ સ્ત્રીએ પોતાના સંકલ્પને પાર ઉતારવા એક યુક્તિ શોધી કાઢી. પતિએ સ્નેહના ચિહ્ન તરીકે આપેલા એક તીક્ષ્ણ છરા વડે પેટ ફાડીને બાળકને સહીસલામત બહાર કાઢીને, સગાંસંબંધીઓને સ્વાધીન કર્યું અને તેણે એ ક્ષણે પતિનું અનુગમન કર્યું.



४२–व्रजदासी राणी बांकावतजी

એ જયપુર રાજ્યમાં લિવાણુ ગામના કછવાહા રાજા આનંદરામજી ઉદ્દેરામોતની પુત્રી હતી. તેનું નામ વ્રજકુંવરબાઈ હતું અને સાસરામાં એ બાંકાવતજી નામથી ઓળખાતી હતી; કારણકે લિવાણુના રાજા આમેરના સુપ્રસિદ્ધ મહારાજા માનસિંહજીના કાકા ભગવાનદાસજીના વંશજ છે. અકબર બાદશાહ રાજા ભગવાનદાસજીને બાંકા કછવાહા કહીને બોલાવતા. તેમના વંશજો બાંકાવત કહેવાય છે અને એ કુટુંબની છોકરીઓ સાસરે ગયા પછી બાંકાવતજીના નામથી ઓળખાય છે.

બાંકાવત વ્રજકુંવરીનો વિવાહ વૈશાખ સુદી ૧૧ સંવત ૧૭૭૬ ને દિને કિશનગઢના મહારાજા રાજસિંહજી સાથે વૃંદાવનમાં થયો હતો. મથુરાથી જાન ગઇ હતી. વ્રજકુંવરી રાજસિંહની બીજી વારની રાણી હતી; પણ પહેલી રાણી રાજાવતજી વ્રજકુંવરીનું લગ્ન થતાં પહેલાં એક વર્ષે મરી ગઇ હતી, એટલે તેનો આદરસત્કાર પટરાણી જેવોજ થયો. બાંકાવતજીને બે સંતાન થયાં હતાં. એક મહારાજા કુમાર વીરસિંહ અને બીજી સુંદરકુંવરીબાઈ.

વીરસિંહજીને જાગીરમાં રલાવતા ગામ મળ્યું હતું; જ્યાં એમના વંશજ હજુ રાજ્ય કરે છે અને સુંદરકુંવરબાઇનો વિવાહ કોટડાના મહારાજા ખીચી બલવંતસિંહજી સાથે થયો હતો.

મહારાણી બાંકાવતજીને કવિતાનો ઘણો શોખ હતો. પોતે પણ કવિતા બનાવતી હતી અને કવિતામાં પોતાનું ઉપનામ 'વ્રજદાસી' લખતી હતી. કૃષ્ણ ભગવાન ઉપર એની ઘણી ભક્તિ હતી. એ ભક્તિને લીધે એણે શ્રીમદ્‌ભાગવતનું છંદોબદ્ધ ભાષાંતર હિંદી ભાષામાં કર્યું હતું, જે વ્રજદાસી ભાગવતના નામથી પ્રસિદ્ધ છે અને ભક્ત લોકો તેનો નિત્ય પાઠ કરે છે. જોધપુરમાં એ ગ્રંથ રામસ્નેહી સાધુ આરતરામજીના પુસ્તકાલયમાં છે.

૪૩–રૂપમંજરી

બંગાળાના વર્ધમાન જિલ્લામાં કલાઇ ઝૂંટી નામક ગામમાં ઇ૦ સ૦ ૧૭૭૪ માં આ સન્નારીનો જન્મ થયો હતો. તેના પિતાનું નામ નારાયણદાસ અને માતાનું નામ સુધામુખી હતું. નારાયણદાસ ઘણો વિદ્વાન પુરુષ હતો. એને કોઇ પુત્ર નહોતો, તેથી તેણે રૂપમંજરીનેજ પુત્ર પ્રમાણે લાડ લડાવ્યાં હતાં.

બાલ્યાવસ્થાથીજ પોતાની એકની એક કન્યાને ભણાવવા-ગણાવવાનું નારાયણદાસે શરૂ કરી દીધું હતું. રૂપમંજરીની બુદ્ધિ પણ પિતાની પેઠે ઘણી તીવ્ર હતી. થોડાજ સમયમાં એ વાંચતાં-લખતાં શીખી ગઇ. જેટલા ટંકા સમયમાં રૂપમંજરી વાંચતાં-લખતાં શીખી ગઈ, તેટલા સમયમાં ઘણાં થોડાં બાળકો એટલો અભ્યાસ કરે છે. તેની તીવ્ર બુદ્ધિ જોઇને, લોકોએ તેને વ્યાકરણ ભણાવવાનો આગ્રહ કર્યો. નારાયણદાસે લોકોની સલાહ મુજબ તેને વ્યાકરણ ભણાવવું શરૂ કર્યું. થોડા દિવસમાં તેને વ્યાકરણ શાસ્ત્રનો પણ સારો અભ્યાસ થઇ ગયો.

બહાદુરપુરમાં વદનચંદ્ર તર્કાલંકાર નામે એક સારો વિદ્વાન રહેતો હતો. નારાયણદાસે રૂપમંજરીને તેની પાસે શબ્દશાસ્ત્રનો અભ્યાસ કરવા મોકલી. ત્યાં એ વિદ્યાભ્યાસ કરતી હતી, એવામાં તેના પિતા નારાયણદાસનો દેહાંત થઈ ગયો; એટલે રૂપમંજરીને અભ્યાસ છોડી દઇને પોતાને ગામ આવવું પડ્યું. ઘર આગળ પિતાની યથાવિધિ ઉત્તરક્રિયા કર્યા પછી, એ પખસર ગામ ગઇ અને ત્યાં પંડિત ગોલાનંદ તર્કાલંકાર પાસે કાવ્ય ભણવા લાગી. કાવ્યમાં તેણે સારી પ્રવીણતા મેળવી. ત્યાર પછી વૈદક વિદ્યા તરફ તેની દૃષ્ટિ ગઈ. એ શાસ્ત્રનો પણ તેણે થોડોઘણો અભ્યાસ કર્યો.

રૂપમંજરીની બુદ્ધિ બચપણથીજ ઘણી તીવ્ર હતી. આગળ ઉપર એ ઘણી બુદ્ધિમતી અને વિદુષી નારી નીવડી. વ્યાપારી

અને વ્યવહાર સંબંધી હિસાબકિતાબ પણ એ જાણતી હતી. લોકો એને વિદ્યાલંકાર અને તર્કાલંકાર નામથી બોલાવતા હતા.

એ ઘણી સુશીલ, સરળ, નમ્ર અને નીતિવાળી હતી. તેનો ધર્મ વૈષ્ણવ ધર્મ હતો. શરીરની આકૃતિ મધ્યમ હતી. વિવાહના બંધનમાં પડવું તેણે યોગ્ય નહોતું ધાર્યું. આખી જિંદગી સુધી એ કુમારીજ રહી હતી અને બ્રહ્મચારિણીના ધર્મનું તેણે પૂરેપૂરૂં પાલન કર્યું હતું. પોશાક પણ તે પુરુષના જેવોજ પહેરતી હતી. ધોતિયું તથા પહેરણ પહેરતી અને માથું મૂંડાવેલું રાખતી; બહાર જતી વખતે માથા ઉપર દુપટ્ટો બાંધતી હતી.

તેનું આખું જીવન વિદ્યાભ્યાસમાંજ વ્યતીત થયું હતું. ઘણા લોકોએ તેની પાસે વ્યાકરણ, ચરક, નિદાન અને કાવ્યશાસ્ત્ર આદિ અઘરા વિષયોનો અભ્યાસ કર્યો હતો. માનક ગામના કવિરાજ ભોલાનાથે વૈદકનું શિક્ષણ તેનીજ પાસેથી લીધું હતું. તેના હસ્તાક્ષર ઘણાજ સુંદર અને ઘાટદાર હતા. વિદ્યાર્થીઓને ભણાવીને તથા વૈદકનો ધંધો ચલાવીને એ પોતાનું ગુજરાન કરતી. એ પ્રાંતમાં એ બધાં શાસ્ત્રોમાં અદ્વિતીય ગણાતી હતી.

વિદ્યા સંપાદન કરવામાં એની જેટલી રુચિ હતી, તેટલીજ પુણ્યકાર્ય તરફ હતી. ૯૨ થી ૯૬ વર્ષની પાકી વયે તેણે કાશી, ગયા, પ્રયાગ, મથુરા, વૃંદાવન આદિ તીર્થોની યાત્રા કરી હતી. પૂરૂં ૧૦૨ વર્ષનું આયુષ્ય ભોગવીને ઈ૦ સ૦ ૧૮૭૬ માં એ સ્વર્ગવાસ પામી હતી. સ્ત્રીઓમાં એના જેવી વિદુષી અને દીર્ઘાયુષી ઘણી થોડી થઇ ગઇ છે.

૪૪—વીરા

વીરાના બનાવેલાં પદ જોધપુરના પુસ્તકાલયમાં એકજ પદસંગ્રહમાં, જોધપુરના મહારાજા શ્રીવખતસિંહજીનાં પદોની સાથે મળી આવે છે. એ મહારાજા સાથે એને કોઇ જાતનો સંબંધ હતો કે નહિ, તે નિશ્ચયપૂર્વક કહી શકાતું નથી. એનાં પદ પણ મહારાજાના પદની પેઠે કૃષ્ણભક્તિથી પરિપૂર્ણ છે. વીરા સંવત ૧૮૦૦ માં સતી થઇ હતી.

૪૫–સાહેબકુંવરી

પંજાબમાં પતિયાલા નામનું એક રાજ્ય છે. પંજાબમાં જંબુ અને કાશ્મીરથી ઊતરતો નંબર એ રાજ્યનો છે. એ ઘણું મોટું રાજ્ય છે અને એના રાજાને ૧૭ તોપોની સલામીનું માન છે. પંજાબના રાજામહારાજાઓના દરબારમાં તેમની બીજી બેઠક છે.

એ રાજ્યમાં સાહેબસિંહ નામના એક રાજા થઇ ગયા છે. તેમનામાં રાજ્ય ચલાવવાની યોગ્યતા નહોતી; પરંતુ એમની બહેન સાહેબકુંવરી ઘણીજ યોગ્ય અને ચતુર હતી. પોતાના ભાઇને રાજ્યનો કારભાર ચલાવવા માટે અયોગ્ય જોઇને બાઈ સાહેબકુંવરી પોતાના પતિની આજ્ઞાથી પતિયાલામાં રહીને રાજ્યનો વહીવટ પોતે ચલાવવા લાગી. રાણી સાહેબકુંવરીના સુપ્રબંધથી રાજ્યની દશા ઘણી સુધરી ગઇ; સર્વ પ્રકારે રાજ્યની ઉન્નતિ થઇ અને પ્રજા પણ સુખશાંતિમાં રહેવા લાગી.

કોઇ પણ ગુણમાં સાહેબકુંવરી પુરુષો કરતાં ઊતરે એવી નહોતી. તેનામાં રાજ્યનો પ્રબંધ કરવાની જેવી યોગ્યતા હતી તેટલીજ યુદ્ધકુશળતા અને વીરતા પણ હતી. એક વાર પોતાના પતિ સરદાર જયમલસિંહને એમના કાકાના છોકરા ફતેહસિંહે કેદ કર્યા અને તેમના રાજ્યને પોતાના કબજામાં લઇ લીધું. રાણી સાહેબકુંવરીને કાને આ વાત પહોંચી એટલે એ તરત ફોજ લઇને ફતેહગઢ પહોંચી અને સરદાર ફતેહસિંહને હરાવીને કેદમાંથી પતિને છોડાવ્યા તથા એમનું રાજ્ય પાછું અપાવ્યું.

સંવત ૧૭૯૪ માં મરાઠાઓની સેનાએ પતિયાલા ઉપર ચડાઇ કરી. કેટલાએક શીખ સરદારોને એ લોકોએ પોતાને સ્વાધીન કર્યા હતા અને હવે પતિયાલાને પણ શરણે આવવાની ખબર મોકલી હતી. મરાઠાઓ જાણતા હતા કે, પતિયાલાનો રાજ્યપ્રબંધ એક સ્ત્રીના હાથમાં છે, એટલે એને વશ કરવામાં

શી વાર લાગવાની છે? પણ પતિયાલાની સ્થિતિ તો જુદાજ પ્રકારની હતી. પરતંત્ર થવાના સમાચાર સાંભળતાંવારજ રાણી સાહેબકુંવરીનું હૃદય ક્રોધથી બળી જવા લાગ્યું. તેણે તરતજ યુદ્ધની તૈયારી કરી અને સાત હજાર સૈનિકોને મરાઠાઓની સાથે લડવા માટે મોકલ્યા. અંબાલાની પાસે મરદાનપુરના મેદાનમાં યુદ્ધ થયું. એ સમયે મરાઠાઓ પણ વીરતા, પરાક્રમ અને યુદ્ધનિપુણતામાં એક્કાજ હતા. પતિયાલાની શીખસેના એ વખતે યુદ્ધકળાથી અજાણી હતી, એટલે પ્રવીણ મરાઠાઓ આગળ ટકી રહેવું તેમને માટે અઘરૂં થઇ પડ્યું. રાણીને કાને આ સમાચાર ગયા એટલે પોતે તરત યુદ્ધક્ષેત્રમાં આવી. પતિયાલાની સેના પીઠ દેખાડવાની તૈયારીમાં હતી, એટલામાં રાણી હાથમાં તલવાર લઇને રથમાંથી કૂદી પડીને પોતાના સૈનિકોને કહેવા લાગી: “મારા વીર યોદ્ધાઓ! યુદ્ધમાં પીઠ બતાવવી એ મોટી નામર્દાઇ છે. એવી નામર્દાઇ કરતાં તો લડાઇમાં યુદ્ધ કરતાં કરતાં મરવું એજ વધારે સારૂં છે. યુદ્ધમાં મરી જવાના ભયથી આજે તમે નાસી જશો, પણ પછીથી કોઇ દિવસ મરવું નહિ પડે? મરવું તો એક દિવસ જરૂર છે, તો પછી વીર પુરુષોની પેઠે લડીને રણભૂમિમાં શા માટે નથી મરતા કે મર્યા પછી પણ તમારાં વખાણ થાય? આ શરીરમાં પ્રાણ છે, ત્યાંસુધી હું યુદ્ધ કરવાને તૈયાર છું. યુદ્ધભૂમિમાંથી હું એક ડગલું પણ પાછી નહિ હઠું. તમે બધા નાસી જશો અને હું મરી જઇશ તોપણ તમે શું મોં દેખાડશો? હું તમારા રાજાની બહેન છું એટલે તમારી પણ બહેન છું. ચાલો ભાઇઓ, બહેનની વારે ધાઓ.”

રાણીનું આ ઉશ્કેરનારૂં ભાષણ સાંભળીને પ્રત્યેક સૈનિકે દૃઢ પ્રતિજ્ઞા કરી કે, “મરી જઇશું તોપણ આ યુદ્ધભૂમિમાંથી પાછા નહિ હઠીએ.” ઘોર યુદ્ધ થયું, શીખોની સેના ઘણી મરી ગઇ, તોપણ જે થોડા યોદ્ધાઓ હતા, તે વીરતાથી લડતા રહ્યા. રાણીની દૃઢતા જોઇને કોઇ યુદ્ધમાંથી પાછું હઠ્યું નહિ. જ્યારે રાત પડી, ત્યારે કેટલાક લોકોએ સલાહ આપી કે, “હવે સેના થોડી રહી છે અને એટલી થોડી સેનાથી જિત થવાનો સંભવ બિલકુલ નથી; માટે પતિયાલા પાછા જઇને નવા સિપાઇઓ લાવવાનો બંદોબસ્ત કરો.” રાણીએ એ લોકોની સલાહ ન માની અને કહ્યું કે, “આજ રાતેજ મરાઠાઓ ઉપર હુમલો કરો અને જીવ-

સટે લડો.” આખરે એજ પ્રમાણે શીખ લોકોએ પ્રબળ વેગથી મરાઠાઓ ઉપર આક્રમણ કર્યું અને તેમને હરાવીને જિત મેળવી.

ઇ૦ સ૦ ૧૭૯૬ માં રાજા નાહનની પ્રજાએ બળવો કર્યો. રાણી પોતાની થોડી સેના લઇને નાહન પહોંચી અને ત્રણ મહિના ત્યાં રહીને બળવાખોરોને ઠેકાણે આણ્યા. નાહનના રાજાએ પણ રાણીની વીરતાની પ્રશંસા કરી અને વિદાય થતી વખતે ઘણી કિંમતી ભેટ આપી.

ઇ૦ સ૦ ૧૭૯૮ માં જ્યોર્જ ટોમ્સ નામનો ફ્રેંચ અમલદાર હાંસી હિસાર ઉપર કબજો કરતો કરતો ઘણી મોટી પાયદળ સેના, એક હજાર ઘોડેસવાર તથા ૫૦ તોપો લઇને શીખોના રાજ્ય તરફ આવ્યો. એણે ઝીંદ રાજ્યને ઘેરો ઘાલ્યો. બધા શીખ સરદારોની ફોજો ટોમ્સની સેના સાથે લડી, પણ એને ફતેહ મળી નહિ. આખરે રાણી સાહેબકુંવરી પોતાના વીર સૈનિકો સાથે યુદ્ધભૂમિમાં પહોંચી અને વિકટ યુદ્ધ કરીને ટોમ્સની સેનાને એવી હંફાવી મૂકી કે, તેને લાચાર થઇને જેલમની તરફ હઠવું પડ્યું. બીજી શીખ સેનાએ તેમને પાછા હઠતા જોઇને તેમના ઉપર હુમલો કર્યો; પણ ટોમ્સની સેનાએ પાછા વળીને શીખ સેના ઉપર તોપોની એવી વૃષ્ટિ કરી કે તેમને ગભરાઇને આમ-તેમ નાસી જવું પડ્યું. આ પરાજયથી સાહસહીન થઇને શીખ લોકોને ટોમ્સ સાથે સંધિ કરવી પડી. યાદ રાખવું જોઇએ કે આ નાસી જનારી સેનામાં રાણી સાહેબકુંવરીના સિપાઇઓ સામેલ નહોતા.

આ યુદ્ધ કરીને રાણી પતિયાલા પાછી ગઇ. હવે રાજ્યને કોઇ બહારના શત્રુનો ભય ન રહ્યો, ત્યારે રાજા સાહેબસિંહના સ્વાર્થી સલાહકારોએ રાજાને ભંભેર્યો અને રાણીની વિરુદ્ધ રાજાના મનમાં એવા વિચાર ઠસાવી દીધા કે, એ બેવકૂફ રાજા પોતાની બહેનના બધા ઉપકાર વીસરી ગયો અને ખોટો આરોપ મૂક્યો કે, “ મને સાહેબકુંવરી તરફથી મારા પ્રાણનો ભય છે.”

રાણી સાહેબકુંવરી ભાઇની દાનત ફરી ગયેલી જોઇને, પતિયાલા છોડીને પોતાની જાગીરમાં જઇને રહેવા લાગી. ત્યાં આગળ તેણે એક મજબૂત કિલ્લો બંધાવ્યો. રાજાએ ત્યાં પણ રાણીને ન રહેવા દેતાં હુકમ મોકલ્યો કે, “કિલ્લો ખાલી કરીને

પતિના રાજ્યમાં ચાલી જા.” રાણી પતિની પાસે જવામાં તો ઘણી ખુશ હતી, પણ અપ્રતિષ્ઠા સાથે જવું તેને ઘણું કારમું લાગ્યું. તેણે પતિયાલા જવાનો વિચાર કર્યો. રસ્તામાં એક વિશ્વાસપાત્ર પુરુષે તેને સમજાવી કે, “રાજાનું ચિત્ત ચગડોળે ચડ્યું છે, એવી દશામાં પતિયાલા જવું એ વાજબી નથી.” રાણી પાછી પોતાના કિલ્લામાં આવી. રાજાએ ગુસ્સે થઇને પોતાની બહેન સાથે લડવાની તૈયારી કરી, પણ મંત્રીઓએ સલાહ આપી કે, “સાહેબકુંવરીબાઇએ મોટા જબરજસ્ત મરાઠાઓ અને ફિરંગીઓને હંફાવ્યા છે, તો તમે શી ગણતરીમાં છો ?” રાજાએ એમની સલાહ માનીને બહેનની જોડે સંપ કર્યો અને કહ્યું કે, “પતિયાલામાં પહેલાંની માફકજ તમારૂં માન સાચવવામાં આવશે.” રાણી ભાઇની વાત ખરી માનીને ત્યાં ગઇ, એટલે ભાઇએ તેને ઢાકોધનના કિલ્લામાં કેદ કરી દીધી. ત્યાં ઘણો વખત કેદ રહ્યા પછી, એ પોતાના નોકરના વેશમાં બહાર નીકળી ગઇ અને ભેરયાંમાં જઇને રહેવા લાગી. ત્યાં આગળ રાણીના શુભચિંતક નોકરોથી ડરી જઇને રાજાએ તેને હેરાન કરી નહિ.

જ્યાંસુધી જીવતી રહી ત્યાંસુધી રાણીએ પોતાની જાગીરનો બંદોબસ્ત ઘણી સારી રીતે કર્યો અને પતિયાલા રાજ્ય સાથે જરા પણ સંબંધ ન રાખ્યો. રાણી ઘણી પતિપરાયણા હતી, પરંતુ રાજકાજને માટે તેને પતિયાલામાં ઘણું રહેવું પડ્યું, તેથી પતિપત્ની ઘણા થોડા દિવસ ભેગાં રહ્યાં. ઇ૦ સ૦ ૧૭૯૯ માં રાણી સાહેબકુંવરીનું મૃત્યુ થયું એમ કહેવાય છે. ભાઇની કૃતઘ્નતાને લીધે એના ચિત્તને એવો ઊંડો ઘા લાગ્યો હતો કે, એ ચિંતામાં ને ચિંતામાંજ એ મરી ગઇ. બહેનના મરી ગયા પછી પતિયાલાના રાજાને પણ પોતાના પાછલા અન્યાયને માટે ઘણોજ પશ્ચાત્તાપ થયો, પણ પાછળથી પસ્તાયે શું થાય ?

૪૯—તાઇબાઈ

થોડાં વર્ષ પહેલાં મુંબઇ ઇલાકામાં કરાડ પ્રાંત ભવાનરાવ પંત પ્રતિનિધિના તાબામાં હતો. ભવાનરાવના મૃત્યુ પછી એ પ્રાંત તેમના પુત્ર પરશુરામ પંતના હાથમાં આવ્યો. પરશુરામ પંતને ત્રણ સ્ત્રીઓ હતી. તેમાંની એક જાતની ઘાંચણ હતી; પણ એ સૌથી વધારે પતિવ્રતા અને સદ્‌ગુણી હતી. તેનું નામ તાઇબાઈ હતું. પિતાના મૃત્યુ પછી રાજ્યનો કારભાર પરશુરામ પંતના હાથમાં આવ્યો, ત્યારે રાણીઓ ઘણી પ્રસન્ન થઇ અને પરશુરામ પંત પોતે પણ ઘણા કુલાઇ ગયા. શા માટે ન કુલાય ? સાધારણ મનુષ્યને પોતાના ઘરનો અધિકાર મળી જાય છે તોયે ખુશ થઇ જાય છે, તો પરશુરામ પંતને તો આખા પ્રાંતનો અધિકાર મળ્યો હતો; પરંતુ પોતાને મળેલા કામને પૂર્ણપણે નિભાવવાની અને ચલાવવાની મનુષ્યમાં શક્તિ હોય છે, ત્યારેજ તેનું પૂર્ણ સુખ અનુભવાય છે. રાજ્યકારભાર ચલાવવો એ કાંઇ સહેલું કામ નથી. એને માટે તો ઘણી વિદ્વત્તા અને ચતુરાઇની જરૂર પડે છે. પરશુરામ પંતમાં રાજ્ય ચલાવવાની કોઈ યોગ્યતા નહોતી. એ ઘણોજ દુરાચારી હતો, તેથી લોકો તેની ઘણી ઘૃણા કરતા હતા. તાઈબાઈ પતિના બધા દોષો જાણતી હતી અને તેથી રાજ્યની લગામ તેના હાથમાં રહે એ તેને પસંદ નહોતું. જે દિવસે ભવાનરાવ પંતનો સ્વર્ગવાસ થયો, તે દિવસે બીજી બે રાણીઓ તો પોતાના પતિના હાથમાં રાજ્ય આવ્યાથી ઘણી ખુશ થઇ, પણ તાઇબાઈના મનમાં તો નવો ભય ઉત્પન્ન થયો કે, રખેને પતિની અશક્તિને લીધે રાજ્યમાં કોઇ જાતનો ઉપદ્રવ મચે.

પોતાથી બનતું ત્યાંસુધી તાઇબાઈ પતિને ઘણું સમજાવતી અને દુઃખી પ્રજા ઉપર દયા અને ન્યાય કરવાની શિખામણ આપતી રહેતી; પરંતુ પરશુરામ પંત એ સોના જેવી શિખા-

મણોને એક કાનેથી સાંભળીને બીજે કાનેથી કાઢી નાખતો. જ્યાં સુધી એ તાઇબાઇની પાસે રહેતો, ત્યાંસુધી તો એનાં આચરણ ઠીક રહેતાં, પણ તેનાથી દૂર જતાંવારજ એ પાછો જેવો ને તેવો તોફાની અને દુષ્ટ બની જતો.

આ પ્રમાણે ઘણો જુલમ વેઠવાથી પ્રજા પરશુરામ પંત ઉપર ઘણીજ નાખુશ થઇ ગઈ અને તાઇબાઇએ ઘણુંએ સમજાવ્યા છતાં, પણ તે શાંત થઇ નહિ અને પરશુરામના ઉપર ચઢાઇ કરવા તૈયાર થઇ. પરશુરામની માતાએ જ્યારે આ દશા જોઇ, ત્યારે એમણે રાજ્યનો વહીવટ પોતાના હાથમાં લેવાનો નિશ્ચય કર્યો; પરંતુ પરશુરામે એમ કરવા દીધું નહિ. લાચારીએ માતાએ બાજીરાવ પેશ્વાની મદદ લીધી.

હવે રાજ્યનો વહીવટ માતાના હાથમાં આવી ગયો અને પરશુરામ મોં તાકતો રહી ગયો; પણ આટલાથી એ સંતોષ પકડીને બેસી રહ્યો નહિ. એણે સતારાના રાજાની મદદથી બાજીરાવ પેશ્વા ઉપર ચડાઇ કરી, પણ પરિણામ એ આવ્યું કે રાજ્ય ઉપર પોતાનો કબજો કરવાને બદલે, પોતેજ પેશ્વાના કબજામાં સપડાઇને કેદ પકડાયો.

આ અરસામાં તાઇબાઇએ થોડુંક લશ્કર એકઠું કર્યું અને મસુરના કિલ્લા ઉપર હુમલો કરીને, પતિને પેશ્વાના પ્રતિનિધિ બાપુ ગોખલેના હાથમાંથી છોડાવી લીધો. એટલેથી એ સંતોષ પામીને બેસી ન રહી. એ જાણતી હતી કે, પેશ્વા જેવી જબરજસ્ત સત્તા સાથે યુદ્ધ કરવાથી પોતાનું કાંઇ વળવાનું નથી, પણ પરતંત્ર અવસ્થામાં રહીને, પેશ્વાએ આપેલું અન્ન ખાવું, એ તેના જેવી વીર સ્ત્રીથી કેવી રીતે સહન થાય? એટલા માટે એણે બાસોટાનો કિલ્લો પોતાના કબજામાં લઈ લીધો.

એક સ્ત્રીને હાથે હાર ખાધાથી બાપુ ગોખલે ઘણો શરમાઇ ગયો. એ કલંક ધોઈ નાખવા માટે તેણે સૈન્ય સાથે બાસોટાના કિલ્લા ઉપર છાપો માર્યો. છાપો તો માર્યો, પણ કિલ્લાની અંદર પેસવાનો લાગ મળ્યો નહિ. જે બાપુ ગોખલેએ ટીપુ અને હૈદર જેવા શૂરવીરોને દબાવી દીધા હતા, તેજ બાપુ ગોખલે એક સ્ત્રીથી રક્ષિત થયેલા બાસોટાના કિલ્લાની બહાર આઠ મહિના સુધી તંબૂ ઠોકીને પડ્યો રહ્યો; પરંતુ ઘણોયે પ્રયત્ન કર્યા છતાં, એ કિલ્લાને તે તોડી શક્યો નહિ. આ વખતે બાપુ ગોખલેને ઘણીજ

શરમ આવતી હતી. લોકો એની પાર વિનાની નિંદા કરતા હતા અને જ્યાં એ જતો, ત્યાં નાનાં નાનાં છોકરાંઓ પણ તાળીઓ પાડીને તેની મશ્કરી કરતાં હતાં.

તાઇબાઈ કિલ્લાની અંદર લશ્કરને સદા તૈયાર રાખતી અને લડાઈની વાટ જોયા કરતી. એ પોતાના સિપાઇઓ સાથે ઘણી માયાળુપણે વર્તતી. તેઓ પણ એને પોતાની માતાની સમાન ગણતા અને એનો હુકમ મળતાંવારજ પોતાના પ્રાણની જરા પણ પરવા ન કરતાં, સળગતી આગમાં પણ પડવા તૈયાર થતા. મનુષ્યના ક્રોધ આગળ તો મનુષ્ય પોતાનું રક્ષણ કરી શકે છે, પણ દૈવી કોપ આગળ કોઇનું કાંઇ ચાલતું નથી. બિચારી તાઇબાઇને એ ખબર નહોતી કે કિલ્લામાં પોતે સુરક્ષિત છે, તોપણ વગર લડાઇએ યુદ્ધમાં હાર્યા વગર શત્રુના હાથમાં સપડાવું પડશે; પરંતુ જ્યારે મનુષ્યની પડતી આવે છે, ત્યારે અણધારી આફતો ગમે ત્યાંથી આવી પડે છે. તાઇબાઈના જીવનમાં પણ એજ પ્રમાણે બન્યું. જે ખાઇ મનુષ્યોના પ્રાણ બચાવવા માટે ભરવામાં આવી હતી, તેજ ખાઇ મનુષ્યોનો સંહાર કરનારી થઇ પડી. દૈવકોપથી અનાજની ભરેલી એ ખાઇમાં કોઇ પ્રકારે આગ લાગી અને બધું અનાજ બળીને રાખ થઇ ગયું. જે અન્ન ખાઇને આઠ મહિના સુધી જરા પણ ગભરાયા વગર તાઇબાઇનું લશ્કર દુશ્મનોની સામે ટકી શક્યું હતું, તે અન્ન આમ એકાએક બળી જવાથી તાઇબાઇના લશ્કરના દુઃખનો પાર રહ્યો નહિ. ભૂખને લીધે તેઓ નિર્બળ થઇ ગયા. બહાર ગોખલેને એ વાતની ખબર પડી, એટલે એણે દુશ્મનોની નબળાઇનો લાભ લઇને કિલ્લા ઉપર ચડાઈ કરી. ચાર દિવસથી બિલકુલ ભૂખ્યા હોવા છતાં પણ, તાઇબાઇના સિપાઇઓ ખૂબ લડ્યા અને પેશ્વાના અનેક સિપાઇઓને ભોંયભેગા કરી દીધા; પરંતુ આખરે ભૂખને લીધે એમનું કાંઈ ચાલ્યું નહિ. પેશ્વાના સૈનિકો તાઇબાઇને કેદ પકડીને બાપુ ગોખલેની પાસે લઇ ગયા. બાપુ ગોખલેએ તેને બાજીરાવની પાસે રજૂ કરી. બાજીરાવે એ સન્નારીની ઘણી પ્રશંસા કરી અને તેને એક જુદા સ્થાનમાં આબરૂભેર રાખીને તેના ખાવાપીવાનો બંદોબસ્ત પણ સારી રીતે કરી આપ્યો.

આ ચરિત્રમાં તાઇબાઇની પતિભક્તિ તથા તેની બહાદુરી વખાણવા લાયક છે.



૪૭–ચૌબે લોકનાથજીનાં પત્ની

બૂંદીના રાવરાજા શ્રીબુધસિંહજીના દરબારમાં કવિરાજ લોકનાથજી બિરાજતા હતા. રાવરાજા શ્રીબુધસિંહજી સંવત ૧૭૫૨ થી સંવત ૧૮૦૫ સુધી વિદ્યમાન હતા. તેમના કવિરાજ લોકનાથજી ન્યાતે ચોબે બ્રાહ્મણ હતા અને કવિતા સારી લખતા હતા. તેમની ધર્મપત્ની પણ પતિના સહવાસથી કવિતા કરતાં શીખી ગઇ હતી. એની કવિતા ઘણી સુંદર, સરળ અને પ્રાસાદિક હતી.

એક સમયે કવિરાજ લોકનાથજી રાવરાજા શ્રીબુધસિંહની સાથે દિલ્હી ગયા હતા. પાછળથી તેમની પત્નીને સમાચાર મળ્યા કે, “દિલ્હીના બાદશાહે રાવરાજાજીને અટક પાર જવાનો હુકમ આપ્યો છે અને કવિરાજાજી પણ સાથે જશે.” અટક નદીની પાર જવાથી ધર્મભ્રષ્ટ થવાય છે, એવું લોકોનું માનવું હતું; એટલે કવિરાજની પત્નીએ કવિરાજને એક પત્ર લખી મોકલ્યો. એમાં જે કવિત લખ્યું હતું, તે રાવરાજાજીને પણ ઘણું પસંદ આવ્યું.

કવિત

મૈં તો યહ જાનીહી કિ લોકનાથ પાય પતિ,
સંગહી રહોંગી અરધંગ જૈસે ગિરિજા;
એ તે પૈ વિલક્ષન હ્વૈ ઉત્તરગમન કીનો,
કૈસે કૈ મિટત યે વિયોગ બિધિસિરિજા.
અબ તો જરૂર તુમ્હેં અરજ કરેહી બનૈ;
વેહુ દ્વિજ જાનિ ફરમાય હૈંકિ ફિરિજા,
જો પૈં તુમ સ્વામી આજ અટક ઉલ્લંઘ જૈહો;
પાતી માહિ કૈસે લિખૂઁ મિશ્ર મીરમિરિજા.

૪૮–આનંદમયી

આનંદમયી દેવી બંગાળા પ્રાંતમાં ફરિદપુર જિલ્લામાં જપસા ગામના રહેવાસી પ્રસિદ્ધ કવિ અને સાધક લાલા રામગતિરાયની કન્યા તથા પયગ્રામના પંડિત કવીંદ્ર અયોધ્યારામની પત્ની હતી. તેનો જન્મ ઇ૦ સ૦ ૧૭૫૨ માં થયો હતો.

આનંદમયીએ પિતાની પાસે સંસ્કૃત અને બંગાળી ભાષાનો અભ્યાસ કર્યો હતો અને ધર્મશાસ્ત્રમાં વિશેષ પ્રવીણુતા મેળવી હતી. એક વિદુષી સ્ત્રી તરીકે તેણે ઘણી સારી ખ્યાતિ મેળવી હતી.

આનંદમયીની વિદ્વત્તા સંબંધી બેએક કથા પ્રચલિત છે. રાજનગરવાસી સુપ્રસિદ્ધ કૃષ્ણદેવ વિદ્યાવાગીશના પુત્ર હરિ વિદ્યાલંકારે આનંદમયીને એક શિવપૂજા પદ્ધતિ લખી આપી હતી. વિદ્યાલંકાર મહાશયની રચનામાં ભૂલ હતી. આનંદમયીએ બધી ભૂલો જોઇને વિદ્યાલંકારના પિતા વિદ્યાવાગીશ મહાશયને ઠપકા સાથે લખી મોકલ્યું કે, " પુત્રના વિદ્યાભ્યાસ ઉપર તમે બિલકુલ કાળજી રાખતા નથી." સંસ્કૃત ભાષામાં વિશેષ પ્રવીણુતા ન હોત, તો એવા વિદ્વાનની રચનામાં તે એ ભૂલો બતાવી શકત નહિ. એક સમયે રાજા રાજવલ્લભે પંડિત રામગતિ પાસે 'અગ્નિષ્ટોમ' યજ્ઞનું પ્રમાણ તથા એ યજ્ઞકુંડની આકૃતિનું વર્ણન પુછાવ્યું. રામગતિ (આનંદમયીના પિતા) એ વખતે પુરશ્ચરણ કરી રહ્યા હતા, એટલે એ નવા કામમાં હાથ ઘાલી શકયા નહિ. કન્યાની પારદર્શિતા સંબંધે એમને પૂરી ખાતરી હતી, એટલે એમણે એ કામ એને સોંપ્યું. એ વખતે આનંદમયીએ યજ્ઞનું પ્રમાણ વગેરે લખી આપીને રાજાને મોકલી દીધું. રામગતિ એ વખતના ઘણા મોટા પંડિત હતા. તેમણે નિર્ણય કરેલું અગ્નિષ્ટોમ યજ્ઞનું પ્રમાણ વગેરે સૌથી શુદ્ધ હશે, એમ ધારીને તેની પાસે ખાસ માણસ મોકલ્યો હતો, પણ તેમણે તો એ કામ પોતે ન કરતાં પોતાની

કન્યા પાસે કરાવ્યું; પરંતુ એની ગણુતરી એટલી ખરી હતી કે, રાજાની સભાના બધા પંડિતોએ, જરા પણુ વાંધો કાઢ્યા વગર તેનો સ્વીકાર કર્યો. એ ઉપરથી જણાઈ આવે છે કે, આનંદમયીનું શાસ્ત્રજ્ઞાન તેના પિતા કરતાં કોઇ રીતે ઓછું નહોતું તથા એના જ્ઞાન વિષે રાજસભાના કોઇ પંડિતને પણુ સંશય નહોતો.

આનંદમયી ફક્ત લખતાંવાંચતાં શીખીને બેસી રહી નહોતી; એ નાના પ્રકારનાં ખંડકાવ્ય રચીને પોતાની માતૃભાષાને અલંકૃત કરી ગઈ છે. તેના એક પિતરાઇ કાકા લાલા જયનારાયણુ કવિ હતા. એમ કહેવાય છે કે, એમણે રચેલા "હરિલીલા" ગ્રંથમાં આનંદમયીની ઘણી રચના સામેલ છે. આનંદમયીની રચનામાં ઠેકાણે ઠેકાણે ઘણું પાંડિત્ય અને આડંબર જણાઇ આવે છે. સંસ્કૃત ભાષામાં એ વિશેષ પ્રવીણુ હતી, એ તેની રચનામાં કરેલી સંસ્કૃત શબ્દોની પસંદગી ઉપરથી સારી પેઠે સમજી શકાય છે. "હરિલીલા" ઉપરાંત જયનારાયણુ રચિત "ચંડીકાવ્ય"માં પણુ આનંદમયીની રચનાને ઘણું સ્થાન મળ્યું છે. આનંદમયીએ કવિતામાં રચેલો "ઉમાનો વિવાહ" ઘણો પ્રસિદ્ધ છે. હજુ પણુ ઘણી સ્ત્રીઓ તેને કંઠસ્થ કરી રાખે છે.

આનંદમયીના પિતા પચાસ વર્ષની વય પછી પ્રથમ કાલીઘાટ અને પાછળથી કાશીતીર્થમાં વાસ કરીને ઇશ્વરભજનમાં સમય ગાળતા હતા. નેવું વર્ષની વયે કાશી ધામમાં તેમનો સ્વર્ગવાસ થયો હતો. એ વખતે તેમની સ્ત્રી, આનંદમયીની માતા કાત્યાયની દેવી પતિની સાથે સતી થઈ ગઇ હતી.

ઇ૦ સ૦ ૧૭૯૧ માં અયોધ્યારામ નામના એક ગૃહસ્થ સાથે આનંદમયીનું લગ્ન થયું હતું. અયોધ્યારામ એક હોશિયાર વૈદ તથા ફારસી અને સંસ્કૃત ભાષાના વિદ્વાન હતા.

આનંદમયી ઘણીજ વિનયશીલ અને ધર્મપરાયણુ સ્ત્રી હતી. પતિ ઉપર તેની અચળ ભક્તિ હતી. પતિના મૃત્યુ સમયે એ પિયેરમાં હતી. ખબર મળતાંવારજ એ પતિની પાવડીઓ હૃદય ઉપર ધારણુ કરી, સળગતી ચિતામાં પડીને સતી થઇ ગઇ.

આનંદમયીને ચાર પુત્ર અને એક કન્યા, એમ પાંચ સંતાન હતાં. તેના ત્રીજા પુત્ર ગિરીશચંદ્ર સેનના દૌહિત્ર શ્રીપંચાનનરાય કવિચિંતામણિ હાલ ભવાનીપુરમાં વૈદનો ધંધો કરે છે.

૪૯-गंगामणि

આનંદમયીદેવીની ફોઇની છોકરીનું નામ ગંગામણિ હતું. એ પણ વિદુષી હતી. નાની નાની કવિતાઓ તથા વિવાહ વખતે ગાવા લાયક ગીત એણે ઘણાં રચ્યાં છે. એ સુંદર ગીતો આજદિન સુધી બંગાળી મહિલાઓ વિવાહ પ્રસંગે ગાય છે. તેણે રચેલો "સીતાજીનો વિવાહ" ઘણો પ્રસિદ્ધ છે. તેના પિતાનું નામ લાલા રામપ્રસાદ રાય હતું. પયગ્રામનિવાસી પ્રભાકરવંશી પ્રાણકૃષ્ણ સેન સાથે તેનું લગ્ન થયું હતું. ગંગામણિના ગર્ભમાં ત્રણ પુત્ર અને ત્રણ કન્યાએ જન્મ ધારણ કર્યો હતો. તેની વચલી કન્યાનું લગ્ન રાજા રાજવલ્લભના પૌત્ર રામકાનાઇ સાથે થયું હતું. ગંગામણિનો વંશ હવે લોપ થયો છે, પણ તેનાં કાવ્યોએ હજુ સુધી તેનું નામ અમર રાખ્યું છે.

૫૦-उधमबाई

ઉધમબાઇ મહમદશાહ બાદશાહની રાણી હતી. એનો જન્મ હિજરી સન ૧૧૪૦માં થયો હતો. અહમદશાહ ભારતવર્ષનો બાદશાહ થયો, તે વખતે તેણે પોતાની બુદ્ધિમાન માતાને નવાબબાઇની ઉપાધિથી વિભૂષિત કરી હતી. તેની ભલામણ ઉપરથી જાવેદખાં ખ્વાજાસરાહને નવાબ બહાદુરનો ખિતાબ આપવામાં આવ્યો હતો. ઉધમબાઈ ઘણી સદાચારી અને પરોપકારી રમણી હતી. પાછલી વયમાં તે નવાબ કુદસિયા સાહેબાઝમાનીના નામથી પ્રસિદ્ધ થઇ છે. તેણે હિજરી સન ૧૧૬૪ માં કિલ્લા શાહજહાંબાદની પાસે એક સુંદર મસ્જિદ બંધાવી હતી, જે સોનેરી મસ્જિદના નામથી પ્રખ્યાત છે.

૫૧-ગૌરીબાઈ

જે સન્નારીનું ચરિત્ર અમે આપવા માગીએ છીએ તે આપણા ગુજરાતના રત્ન ભંડારમાંનું એક અમૂલ્ય રત્ન હતું. ગૌરીબાઇનો જન્મ ગીરપુર અથવા ડુંગરપુર નામના શહેરમાં સંવત ૧૮૧૫ માં નાગર જ્ઞાતિમાં થયો હતો. બચપણથીજ એ ઘણી શાણી છોકરી હતી. વારેઘડીએ રોઇને તથા તોફાન કરીને માતપિતાને કષ્ટ આપતી નહોતી.

ગૌરીબાઇની ઉંમર પાંચ છ વર્ષની થઇ, ત્યારે તેના પિતાએ તેનું લગ્ન કરી દીધું. પાંચ વર્ષની બાલિકા લગ્નમાં શું સમજે? પરંતુ બાળલગ્નના દુષ્ટ રિવાજે નાગર જેવી ચતુર અને ધર્મશાસ્ત્રનું રહસ્ય સમજનારી જ્ઞાતિમાં પણ પૂરેપૂરો પગપેસારો કર્યો હતો. નિર્દોષ બાલિકા ગૌરીબાઇને પણ બાળલગ્નના ભોગ થવું પડયું. લગ્ન થઇ ગયા પછી, આઠજ દિવસમાં તેના પતિનો દેહાંત થઇ ગયો. હાય દૈવ! કેવું કષ્ટ! પાંચ વર્ષની બાલિકા ઉપર કેટલો બધો કોપ! સુકુમાર પુષ્પ ઉપર કેવો સખ્ત વજ્રાઘાત!!

પાંચ વર્ષની વય સુધી તો ગૌરીએ રમતગમતમાં પોતાનો સમય ગાળ્યો હતો. હવે પતિના મૃત્યુથી એ બધી નિર્દોષ રમતગમતનો પણ અંત આવ્યો. એ કોમળ કન્યાને સમજાવવામાં આવ્યું કે, "તારા સંસારસુખનો સૂર્ય સદાને માટે અસ્ત પામી ગયો છે. રમતગમત, હસવું, કૂદવું, સારૂં ખાવુંપીવું એ બધું તારે માટે નિષિદ્ધ છે. જે રંગબેરંગી સાળુઓ તું તારી બીજી બહેનપણીઓને પહેરતાં જોઇશ, તે પહેરવાનો અધિકાર તને હવે રહ્યો નથી. નાપિતનો કઠોર હાથ કુદરતે આપેલા સુંદર લાંબા કેશને પણ તારા મસ્તક ઉપર નહિ રહેવા દે. જે મંગળ અનુષ્ઠાનોમાં અત્યાર સુધી કુમારિકા તરીકે તારો પ્રથમ આદરસત્કાર થતો હતો, તેજ મંગળ અનુષ્ઠાનોમાં તારૂં દર્શન પણ અપશુકનસૂચક મનાશે."

પાંચ વર્ષની ગૌરી આ બધો ઉપદેશ સમજી શકી હશે કે કેમ એ તો પ્રભુ જાણે, પરંતુ તેના હૃદયમાં એટલી તો ખાતરી થઇ ગઇ કે, તેના જીવનમાં કોઇ અદ્ભુત ફેરફાર થઇ ગયો છે. ચારે તરફ તેને શૂન્યતા દેખાવા લાગી. તેના મુખકમળ ઉપરનું હાસ્ય સદાને માટે ચાલ્યું ગયું. પાંચ વર્ષની બાલિકા સંસારમાં પ્રવેશ કરતા પહેલાંજ સંસારથી વિરક્ત બની ગઇ.

ગૌરીબાઇનો પિતા ઘણો સમજુ અને વિદ્વાન હતો. તેણે ગૌરીબાઇને વિદ્યાભ્યાસ કરાવવો શરૂ કર્યો. લખતાંવાંચતાં શીખવ્યા પછી, તેણે ગૌરીબાઇને ગીતા આદિ ધર્મગ્રંથોનો પાઠ કરતાં શીખવ્યું. ગૌરીબાઇને પણ વાંચવાલખવાનો ઘણોજ શોખ ઉત્પન્ન થયો. તેર વર્ષની વયે તો એણે ઘરની બહાર જવું પણ છોડી દીધું. ઘરના ખૂણામાં એ એકાંતવાસ સેવવા લાગી. વયની સાથે તેના સદ્ગુણોનો વિકાસ પણ થવા લાગ્યો. ધીમે ધીમે તેની વિદ્વત્તા અને સદ્ગુણોની પ્રશંસા આખા શહેરમાં ફેલાઈગઇ અને ગામની અન્ય સ્ત્રીઓ તેનાં દર્શન કરવા સારૂ આવવા લાગી.

તેર વર્ષની ઉંમરમાં ગૌરીબાઈએ યોગાભ્યાસમાં પોતાનું ચિત્ત પરોવ્યું હતું. એ વિષયમાં તેનો અભ્યાસ એટલો બધો વધી ગયો હતો કે, તે સમાધિ લગાડી શકતી હતી. તેના જ્ઞાન તથા યોગની સિદ્ધિઓથી બધાં આશ્ચર્યચકિત થઇ જવા લાગ્યાં. સૂર્યનો પ્રકાશ જેમ વાદળાંથી છુપાયેલો રહી શકતો નથી, તેમ ગૌરીબાઈના સદ્ગુણોની પ્રશંસા પણ તેના ઘરના ખૂણામાં બેસી રહ્યાથી બંધ ન રહી. તેના સદ્ગુણોની પ્રશંસા આખરે એ ગામના રાજાના કાન સુધી પહોંચી. એ પોતે તેનાં દર્શન કરવા સારૂ તેને ઘેર પહોંચ્યા. તેના ચમત્કાર, તેની તીવ્ર બુદ્ધિ, તેની સમાધિ, તેનો સરળ સ્વભાવ તથા તેના અમૂલ્ય ઉપદેશથી રાજા શિવસિંહ ઘણોજ પ્રસન્ન થઇ ગયો અને મુક્તકંઠથી ગૌરીબાઇની સ્તુતિ કરવા લાગ્યો, એટલુંજ નહિ પણ તેણે ગૌરીબાઇને માટે હજારો રૂપિયાનો ખર્ચ કરીને, એક મોટું મંદિર અને તળાવ બંધાવી આપ્યાં તથા એ બન્ને વાનાં ગૌરીબાઇને સમર્પણ કરીને એમાં રહેવાની પ્રાર્થના કરી.

સં. ૧૮૩૮ને માઘ સુદી ૬ ને દિને ગૌરીબાઇએ એ મંદિરમાં પોતાના ઇષ્ટદેવની સ્થાપના કરી અને ૨૩ વર્ષની વયથી ઘરબાર છોડીને એ મંદિરમાંજ રહેવા લાગી. તેના ઉપદેશથી રાજાએ

મંદિરની પાસે એક ધર્મશાળા બંધાવી આપી તથા સદાવ્રતનો પણ બંદોબસ્ત કર્યો. હવે સેંકડો સાધુસંત તથા વટેમાર્ગુઓ ત્યાં આવીને આશ્રય લેવા લાગ્યા. દૂર દેશાવરથી લોકો ગોરીબાઈનાં દર્શન કરવા આવવા લાગ્યા અને ત્યાં મોટી ભીડ જામવા લાગી.

એક દિવસ સાધુઓની એક મોટી જમાત આવીને એ ધર્મ-શાળામાં ઊતરી. એ જમાતમાં એક સાધુ ઘણો વિદ્વાન અને યોગી હતો. ગોરીબાઇને જોઇને એ પ્રસન્ન થઇને બોલ્યો: "બેટા! હું તારાથી ઘણો પ્રસન્ન થયો છું. તું મીરાંબાઇનો અવતાર છે. એ જન્મમાં જ્ઞાનની થોડીક કસર રહી ગઈ હતી, તે પૂરી કરવા તારે ફરીથી અવતાર લેવો પડ્યો છે."

એટલું કહીને સાધુ મહાશય બાઇને એકાંત સ્થાનમાં લઈ ગયા અને બ્રહ્મજ્ઞાન, આત્મજ્ઞાન તથા યોગવિદ્યાનો પૂરો ઉપદેશ આપીને બોલ્યા: "બસ, હવે વધારે વિલંબ નથી, તું હવે જ્ઞાન અને યોગમાર્ગમાં પ્રવીણ થઇ ગઇ છું." સાધુએ ગોરીબાઇને બાલમુકુંદજીની મૂર્તિ આપી તથા તેના માથા ઉપર હાથ મૂકી આશીર્વાદ દઇને અંતર્ધાન થઇ ગયા. લોકોને એથી ઘણું આશ્ચર્ય પામ્યા અને ગોરીબાઈની પ્રશંસા કરવા લાગ્યા.

એ દિવસથી ગોરીબાઇ સમાધિમાં વધારે લીન રહેવા લાગી. એમ કહેવાય છે કે, ધીમે ધીમે એને સમાધિનો એટલો બધો અભ્યાસ થઈ ગયો કે એ પંદર દિવસ સુધી ખાવુંપીવું છોડી દઈને શ્વાસ રૂંધીને સમાધિમાં બેસી રહેતી. જ્યારે એ સમાધિ-માં બેસતી હતી, ત્યારે લોકો એને એક ઓરડીમાં કુશાસન પર બિરાજેલી છોડી જઈને બહારથી તાળું વાસી દેતા. કોઇ મનુષ્ય એની પાસે જઇ શકતું નહિ. સમાધિ છૂટ્યા પછી બધા સેવકો તેને બહાર લાવતા અને ગરમ પાણીથી સ્નાન કરાવીને પૂજન કરતા. થોડાકજ દિવસોમાં ગોરીબાઇને વચનસિદ્ધિ પ્રાપ્ત થઈ ગઇ અર્થાત્ એના મોંમાંથી જે કાંઇ શબ્દો નીકળતા તે સત્ય નીવડતા. લોકોની ભક્તિ તેના ઉપર ઘણીજ વધી ગઇ અને બધા તેને સાક્ષાત્ માતા ભગવતીના જેવી ગણવા લાગ્યા. સમાધિ કરવાનો અભ્યાસ કરવા માંડ્યો ત્યારથી એ કેવળ અચ્છેર દૂધ ઉપરજ રહેતી હતી.

સંવત ૧૮૯૦ સુધી આ પ્રમાણે થતું રહ્યું. આખરે તેણે જોયું કે દર્શન કરવા સારૂ લોકોના આવ્યા ગયાથી ઘણી ભીડ રહે છે

અને દૈનિક કર્મ કરવામાં અડચણ પડે છે, તેથી યાત્રા કરવા જવાનો સંકલ્પ કર્યો અને ડુંગરપુરમાંથી પ્રયાણ કર્યું. રસ્તામાં એ જયપુર શહેરમાં ઊતરી. ત્યાંના રાજાએ તેનો ઘણો આદર-સત્કાર કર્યો તથા પાંચ મહોરો ભેટ કરી અને જયપુરમાંજ વસવાની પ્રાર્થના કરી; પરંતુ ગૌરીબાઇએ તેમની એ પ્રાર્થનાનો સ્વીકાર ન કર્યો તથા એ સોનામહોરો પણ પાછી આપી. જયપુરના મહારાજના ઘણાજ આગ્રહને વશ થઇને એ પાંચ મહોરો તો એને સ્વીકારવીજ પડી, પણ એમાંથી એક પૈસો પણ એણે પોતાના ઉપયોગમાં લીધો નહિ. બધા પૈસા બ્રાહ્મણોમાં વહેંચી દીધા. ત્યાંથી એ મથુરા, વૃંદાવન આદિ તીર્થોમાં ફરતી ફરતી કાશીમાં જઈ પહોંચી અને ગંગાના કિનારે એક ઝૂંપડી બાંધીને ત્યાં રહેવા લાગી.

બનારસના રાજા સુંદરસિંહ ઘણા ધાર્મિક અને સાધુ-સંતોના ભક્ત હતા. ગૌરીબાઇના કાશીમાં પધાર્યાના સમાચાર સાંભળતાંવારજ એ ત્યાં પહોંચ્યા અને પચાસ હજાર રૂપિયા ગૌરીબાઇને ભેટ કર્યા તથા તેની ઘણી સ્તુતિ કરી.

ગૌરીબાઈ ત્યાંથી ચાલીને જગન્નાથપુરી અને રામેશ્વરની યાત્રા કરતી કરતી પાછી બનારસ પહોંચી અને થોડા દિવસ ત્યાંજ રહી. એ અરસામાં પણ એ દરરોજ સમાધિ કરતી.

ગૌરીબાઇની પૂરી કૃપા તેના એક ભાણેજની કન્યા ચતુરીબાઇ ઉપર હતી. ચતુરીબાઇને ગૌરીબાઇનો સત્સંગ પૂરો લાગ્યો હતો. તેની વૃત્તિ સાંસારિક કામો ઉપરથી બિલકુલ ઊઠી ગઈ હતી. તે ગૌરીબાઈના ચરિત્રનું ધ્યાનપૂર્વક અવલોકન કરતી હતી અને તેનેજ પગલે ચાલતી હતી. મૃત્યુકાળ પાસે આવ્યો, ત્યારે ગૌરીબાઇને તેની ખબર યોગબળથી પહેલેથીજ પડી ગઈ હતી. ગૌરીબાઈના સદુપદેશથી ચતુરીબાઇનું હૃદય એટલું દૃઢ થઇ ગયું હતું કે, એ સાંસારિક સુખવૈભવોને તુચ્છ ગણીને ધિક્કારતી હતી.

સાધુ પાસેથી પોતાને મળેલી મૂર્તિ પણ ગૌરીબાઇએ અંત સમયે ચતુરીબાઇને આપી હતી અને તેની અંતઃકરણપૂર્વક સેવા કરવાનો ઉપદેશ આપ્યો હતો.

સંવત ૧૮૯૫, ચૈત્ર સુદી ૯ ને દિને, મધ્યાહ્‌ન કાળે રઘુપતિ રામના જન્મોત્સવની આખા શહેરમાં ધામધૂમ થઈ રહી

હતી, એ સમયે ગૌરીબાઈએ નશ્વર દેહનો ત્યાગ કર્યો. મૃત્યુ-સમયે તેની વય પચાસ વર્ષની હતી.

ગૌરીબાઈને કવિતા રચવાનો સારો અભ્યાસ હતો. "એનાં ૬૫૨ પદોની હસ્તલિખિત પ્રત છે, પણ તેમાંનાં જૂજ છપાયેલાં છે. કૃષ્ણ–બાળલીલા અને શિવ–સ્તુતિનાં કેટલાંક પદ છે અને ઘણુંક તો બ્રહ્મજ્ઞાનનાં છે. પ્રાચીન ગુજરાતીમાં વેદાંતી કવિ તરીકે તો અખો શ્રેષ્ઠ છે. તેનાં કાવ્યો પેઠેજ ગૌરીબાઈનાં બ્રહ્મ-જ્ઞાનનાં કાવ્યોનો અર્થ સરળતાથી સમજી શકાય તેવો નથી. શુદ્ધ બ્રહ્મજ્ઞાનનાં પદમાં કવિતાની ઊર્મિ કાંઇક ઓછી છે. તેમાં અદ્વૈતમતનું પ્રતિપાદન કરેલું છે અને ઉપદેશ પણ છે. બીજાં કાવ્યોમાં તેની ભાષા સંસ્કારી છે અને કેટલાંક કવિતામય સુંદર કાવ્યો એવાં છે કે બીજી સ્રી–કવિઓમાં નજરે પડતાં નથી. "વનેશ્વર વિશ્વમાં વિલાસ્યા, જેમ ફુલનમેં બાસ," "ચંદમેં તું ચૈતન્ય, સૂરજમેં તું તેજ," "ગવરી ભેટી બ્રહ્મ-સનાતન, જેમ સાગરમાં ગંગ" વગેરે. એનાં કાવ્યનાં ઉદા-હરણ તરીકે એક લઈએ:–

"હરિનામ બિના રે ઓર બોલના કયા?
હરિકથા બિના ઓર સુનના કયા?
સુખસાગર સામળીઓ ત્યાગી,
કૂપ ડાબમેં ડોલના કયા?
ઘટ ગિરધર ગિરધારી પાયા,
બાહેર દ્રિંગ અબ ખોલના કયા?
આત્મા અખંડ આવે ન જાવે,
જન્મ નહિ તો ફિર મરના કયા?
ગવરી બ્રહ્મ સકલ મેં જાન્યા,
જાન્યા તો જડ ખોલના કયા?

બાળપણમાં વૈધવ્ય પ્રાપ્ત થયું, તથાપિ ગૌરીબાઇએ પોતાનું જીવન એળે ન ગાળતાં તેને સાર્થક કર્યું છે અને પોતાનું નામ અમર કરી ગઈ છે. ગુજરાતી સ્રી કવિઓમાં એ સર્વથી સંસ્કારી હતી અને તેનું જ્ઞાન પણ સર્વથી ચઢિયાતું હતું."*

* જુઓ શ્રી. વિદ્યાબહેન રમણભાઇ નીલકંઠ રચિત "ગુજરાતની સ્રી–કવિઓ" વિષયક નિબંધ.

૫૨–दाई कोयल

એ હિજરી સન ૧૧૭૯ માં મરણ પામેલા બંગાળાના સૂબેદાર સૌલતજંગના પુત્ર શૌકતજંગની દાઇ હતી. એ ઘણીજ બુદ્ધિમાન અને રાજનીતિમાં પ્રવીણ સ્ત્રી હતી. તેની અપૂર્વ બુદ્ધિને લીધે સૌલતજંગે તેને 'દાના અનકા' (બુદ્ધિમાન ધાત્રી) નો ખિતાબ આપ્યો હતો. સૌલતજંગના મૃત્યુ પછી, તેનો પુત્ર શૌકતજંગ ગાદી ઉપર બેઠો; પણ તેનામાં રાજ્ય કરવા જેટલી હોશિયારી નહોતી. રાજ્યની વ્યવસ્થા ઘણી બગડી ગઇ અને તેની પૂરી બરબાદી થવાનાં ચિહ્ન જણાવા લાગ્યાં, પણ આ આપત્તિના સમયે ધાત્રી કોયલે શૌકતજંગને ઘણી અમૂલ્ય મદદ આપી. ઇતિહાસકાર લખે છે કે, દાઇ કોયલના બુદ્ધિચાતુર્યને લીધેજ એ રાજ્ય કાયમ રહ્યું હતું.

૫૩–नूर–उन्–निसा

મોગલ વંશની પડતી દશા આવી ત્યારે એમનું શૂરાતન, ગૌરવ, બહાદુરી બધું ઘટી ગયું હતું, બલકે લુપ્ત થઇ ગયું હતું એમ કહીએ તો ચાલે. પણ એ વખતમાંયે વિદુષી મહિલાઓની ખોટ નહોતી પડી. પહેલા બહાદુરશાહની પત્ની નૂર–ઉન્–નિસા એમાંની એક હતી. એ મિરઝા સજર નઝમ સોનીની કન્યા હતી. એ ઘણી વિદુષી હતી. ખાફીખાં લખી ગયો છે કે, તે હિંદી ભાષામાં સુંદર કવિતા રચતી.

બહાદુરશાહ ઇ૦ સ૦ ૧૭૦૭ માં ગાદીએ આવીને ૧૭૧૨ માં મરણ પામ્યો હતો. એની વિદુષી પત્નીના જન્મમરણની સાલ અમને મળી નથી.

५४—नीरकी कुमारी

મારવાડના રાજા જસવંતસિંહનો પુત્ર અજિતસિંહ હતો. અજિતસિંહનો પુત્ર રાજા રામસિંહ હતો. એક વખત રામસિંહને પોતાના કાકા ભક્તસિંહ સાથે તુમુલ યુદ્ધ ઉપસ્થિત થયું. મારવાડના સરદારોમાંથી કેટલાક રામસિંહના પક્ષમાં અને કેટલાક ભક્તસિંહના પક્ષમાં જતા રહ્યા.

મેહત્રીનો સરદાર રાજાના પક્ષમાં હતો. એ સરદારને એક મહાવીર તેજસ્વી પુત્ર હતો. યુદ્ધનું તેડું આવતાંવારજ મેહત્રી સરદાર પોતાના અનુચરો અને સૈનિકોને એકઠા કરીને, યુદ્ધયાત્રાની તૈયારી કરવા લાગ્યો; પણ તેનો વીર પુત્ર એ વખતે ત્યાં હાજર નહોતો. એ નીરકીના સરદારની કન્યાને પરણવા માટે ત્યાં ગયો હતો.

વરકન્યા ચોરીમાં બેઠાં હતાં. પુરોહિત વરકન્યાને હસ્તમેળાપ કરાવીને મંત્રો ભણી રહ્યો હતો, એજ વખતે યુદ્ધનું આમંત્રણ નીરકી પહોંચ્યું.

વિદ્રોહી કાકાએ પોતાના રાજાની વિરુદ્ધ યુદ્ધ આરંભ્યું છે અને રાજભક્ત સરદારો રામસિંહને મદદ કરવા સારૂ વગર વિલંબે યુદ્ધક્ષેત્રમાં જશે, એ ખબર તેને એ વખતેજ પહોંચી.

યુદ્ધ ઉપસ્થિત થયું હતું અને વિપત્તિમાં આવી પડેલો રાજા સરદારોની મદદ માગતો હતો, આથી વીર મેહત્રીકુમાર ઘણોજ અધીરો થઇ ગયો. વીર યુવક વિવાહના આસન ઉપર બિરાજ્યો હતો, છતાં તેનું ધ્યાન તે તરફ નહોતું. “યુદ્ધ ઉપસ્થિત થયું છે, રાજાનું આમંત્રણ છે, પિતાજી તથા બીજાં સગાંસંબંધીઓ રાજાની મદદે જાય છે; એટલે હું વિવાહના આનંદમાં નિશ્ચિંત કેવી રીતે બેસી રહું ? બધા બખ્તર પહેરીને, ઢાલતલવાર બાંધીને, ઘોડેસવાર થઇને યુદ્ધમાં જઇ રહ્યા છે અને હું કોમળ વરરાજાના વેશમાં વરાસન ઉપર કોમળ રમણીનો હાથ પકડીને

કેવી રીતે બેસી રહું ?" એવા એવા વિચારો એના મનમાં આવવા લાગ્યા. વિવાહની ક્રિયા સમાપ્ત થઇ રહ્યા પછી, તેણે પોતાનો ઘોડો મંગાવ્યો અને વિવાહની ચોરીમાંથી વરરાજાના વેશમાંજ પિતાના સૈન્યને જઇ મળવા માટે તે ઘોડેસવાર થઇને ચાલ્યો.

સસરાએ, ગોરે તથા બીજા સંબંધીઓએ નવી પત્નીની ખાતર એક દિવસ રોકાઇને જવાનો ઘણો આગ્રહ કર્યો, પણ એણે જરા પણ વિલંબ કરવાનું યોગ્ય ધાર્યું નહિ. જતી વખતે તરુણ પત્નીના સામું જોઇને કહ્યું: "વહાલિ ! હું રજપૂત વીર છું. પત્નીની સાથે વાતચીત કરવાના લોભમાં ક્ષણભરને માટે પણ લડાઇમાં જવાનું મુલતવી રાખી શકું એમ નથી. ઇશ્વરેચ્છા હશે તો આ જીવનમાં મળીશું. તું રજપૂત બાળા છે. જરા પણ ખોટું લગાડીશ નહિ. ઉદાર મનથી મને વિદાય આપ. કદાચ મારૂં મોત પણ થાય. આ જીવનમાં આપણે એકબીજાને જોવા ન પણ પામીએ, તો તેથી દિલગીર થતી નહિ. બીજા જન્મમાં આપણે પાછાં જરૂર મળીશું. આપણું આ લગ્ન આ જન્મને માટે નથી, પણ આવતા જન્મને માટે છે એમ ધારજે."

કુમારીએ કહ્યું: "તમે રજપૂત વીર છો, તેમ હું પણ રજપૂતનીજ કન્યા છું અને તમારા જેવા વીર રજપૂતની સહધર્મિણી થઈ છું. વીરધર્મ શો છે, તે હું સારી પેઠે સમજું છું. પાર્થિવ સુખોને માટે વીર ધર્મની વિરુદ્ધ આચરણ હું કદી નહિ કરૂં. તમે બેલાશક જાઓ. મારો વિચાર આણશો નહિ. મારી કાંઇ પણ ચિંતા કર્યા વગર વીરતાથી દુશ્મનોનાં શિર કાપી નાખજો. આજના આ બનાવથી નિરાશ થવાનું કાંઇ પણ પ્રયોજન નથી. કદાચ ભવિષ્યમાં આપની સાથે મેળાપ ન પણ થાય, તો એ દુઃખ હું આપના વીરત્વ અને આપના ત્યાગનું સ્મરણ કરીને, સહેલાઇથી સહન કરીશ અને તમારી અનુગામિની થઇને પરલોકમાં હું તમને આવી મળીશ."

મેહત્રીકુમારે તરતજ ઘોડો મારી મૂક્યો. તેના પિતા પોતાના સૈન્ય સાથે યુદ્ધમાં જવાને તૈયાર થઇને બેઠા હતા, તે જગ્યા ત્યાંથી એંશી ગાઉ દૂર હતી. બે રાત અને એક દિવસમાં એંશી ગાઉનો રસ્તો કાપીને વીરયુવક યુદ્ધમાં સામેલ થયો. વરરાજાના વેશમાં તેને યુદ્ધક્ષેત્રમાં આવેલો જોઇ, બધા આશ્ચર્ય પામી ગયા. કાનમાં ઉજ્જવળ મોતી, ગળામાં સુવર્ણનો હાર,

એવા વેશમાં એંશી કોશ રસ્તો કાપીને આવવા માટે ભાટ કવિએ તેનાં ઘણાં વખાણ કર્યાં.

સ્વામીના ચાલ્યા ગયા પછી, નીરકીકુમારી પણ પિયેરમાં રહી શકી નહિ. તરતજ તેણે પોતાને સાસરે વળાવવાનો માતપિતાને આગ્રહ કર્યો.

યુદ્ધનું શું પરિણામ આવ્યું છે તે જાણ્યા વગર, એવા લાંબા રસ્તે કન્યાને મોકલવાની તેનાં માતપિતાને ઇચ્છા નહોતી. માતાએ તેને ઘણું સમજાવી, પણ તેણે માતાને જવાબ આપ્યો કે, "મા ! હવે મારાથી અહીંયાં કેવી રીતે રહેવાય ? સ્વામી તો યુદ્ધમાં ગયા છે અને હું નિશ્ચિંત કેવી રીતે બેસી રહું ? હું તો જવાની. જો એક દિવસ પણ તેમને જીવતા જોઇશ, તો મારો આ જન્મારો સાર્થક થશે. કદાપિ તેમનું મૃત્યુ થશે, તોપણ ત્યાં હોવાથી હું એકજ ચિતામાં તેમની સાથે બળી શકીશ. આ જીવનમાં ફક્ત એટલાજ સુખની આશા બાકી છે. મને અહીંયાં રાખી મૂકીને મારી એટલી આશા પણ પૂર્ણ નહિ થવા દો ?"

માતાએ હવે આનાકાની કરી નહિ. નીરકીસરદારે વગર વિલંબે કન્યાને સાસરે વળાવી. નીરકીકન્યાએ સાસરે પહોંચતાં વારજ શું જોયું ? જોયું કે ચિતા તૈયાર છે અને તેના ઉપર સ્વામીનો મૃતદેહ સુવાડવામાં આવ્યો છે. એક વાર પણ સ્વામીને જીવતા જોવાની આશામાં બિચારી અહીં સુધી આવી હતી, પણ ક્રૂર કાળે તેની એ આશા પણ સફળ થવા દીધી નહિ. ક્ષણભરને માટે પતિને જોયા હોત, તો એ આ જીવનનું સાર્થક સમજત; પણ વિધાતાએ તેને એટલા જરા સરખા સુખથી પણ વંચિત રાખી. નીરકીકુમારીએ એ વખતે સ્વામીના મૃત દેહની તરફ જોઇને કહ્યું: "પ્રભુ ! આ જીવનમાં તો હું તમને મળી શકી નહિ. પરલોક સન્મુખ છે. ત્યાં આપણને મળતાં કોણ રોકી શકનાર છે ?"

એમ કહીને મુરબ્બીઓના ચરણની રજ લઇને નવવધૂ નીરકીકુમારી સ્વામીને આલિંગન દઇને, સળગતી ચિતામાં સ્વામીની સાથેજ સૂઈ ગઈ.

આંસુભરી આંખે સગાંઓએ ચિતામાં આગ મૂકી.

વર–વહુનું પ્રથમ આણું ચિતામાંજ થયું. અગ્નિદેવે એ શય્યામાંજ વરવહુના પવિત્ર દેહને ભસ્મરૂપ બનાવી દીધો.

૫૫–श्रेष्ठीकन्या असामान्या

આ કુલીન યુવતીનો જન્મ બંગાળા પ્રાંતમાં એક શ્રીમંત જગતશેઠના ઘરમાં થયો હતો. એ વખતે નવાબ સિરાજ–ઉદ્દૌલ્લાનું રાજ્ય હતું. એ વીસ વર્ષનો તરુણ હતો. એના પહેલાં એનો દાદો અલિવર્દીખાન રાજ્ય કરતો હતો. અલિવર્દીખાને પૌત્રને પુષ્કળ લાડમાં ઉછેર્યો હતો અને એ લાડને લીધે બાળક સિરાજઉદ્દૌલ્લા ઘણોજ બગડી ગયો હતો. ગાદી ઉપર બેઠા પછી એ પોતાના દુર્વ્યસની સોબતીઓની સંગતમાં ઘણી જાતનાં કુકૃત્યો કરવા લાગ્યો. એ બદમાશો પોળોમાં ફરતા અને કુલીન સ્ત્રીઓનું પાતિવ્રત્ય ભ્રષ્ટ કરતા. કુંવારી કન્યાઓનું તેમના માબાપના દેખતાં હરણ કરી જતા. વિવાહિતા યુવતીઓની તેમના પતિઓના દેખતાં લાજ લૂંટતા અને આ પ્રમાણે અનેક પ્રકારના અત્યાચાર કરતા. આથી પ્રજામાં ઘણો ગભરાટ ફેલાયો. બંગાળાના રાજ્યમાં બધે અંધેર ફેલાયું; પણ સિરાજ-ઉદ્દૌલ્લાએ પોતાની કુટેવ છોડી નહિ. હવે તો એણે પોતાના અમીરઉમરાવોની સ્ત્રીઓની પણ જબરજસ્તીથી આબરૂ લેવાનું નિર્લજ્જ કામ શરૂ કર્યું.

એ વખતમાં મુર્શિદાબાદમાં ઘણા મોટા મોટા શાહુકારો રહેતા હતા. એ લોકો જગતશેઠ કહેવાતા. હાલના સમયના રોકફેલર તથા રોથચાઇલ્ડ અને એન્ડ્રુ કાર્નેગી માફક એ લોકો દેશદેશાવરમાં ગંજાવર વેપાર ચલાવતા અને કરોડો રૂપિયાનું સ્વામિત્વ ભોગવતા. મોટા મોટા રાજાઓ અને જમીનદારો પણ તેમની પાસેથી કરજ લેતા. નાનામોટા રાજાઓ તેમના કરજદાર હોય એમાં તો નવાઇ શી ? પણ ખુદ દિલ્હીનો બાદશાહ પણ રૂપિયા ઉધાર લેવાને માટે તેમને ત્યાં આવતો. તેમના આ અઢળક ધનને લીધે રાજદરબારમાં જગતશેઠનું ઘણું માન હતું.

સિરાજઉદ્દૌલ્લાના રાજ્યમાં મુર્શિદાબાદ નગરમાં મહેતાબચંદ નામનો એક પ્રસિદ્ધ શેઠ રહેતો હતો. તેને અસામાન્યા નામની એક ઘણીજ સુંદર કન્યા હતી. એનું સાૈંદર્ય અનુપમ હતું. દુર્ભાગ્યે સિરાજઉદ્દૌલ્લાની પાપી દૃષ્ટિ તેના ઉપરજ પડી. તેના સૌંદર્યથી એ તરતજ મુગ્ધ થઇ ગયો; પણ મહેતાબચંદ આખા હિંદુસ્તાનમાં એક પ્રતિષ્ઠિત અને વગવસીલાવાળો શાહુકાર હતો, એટલે ખુલ્લી રીતે તેનું હરણ કરવાની સિરાજઉદ્દૌલ્લાની હિંમત ચાલી નહિ; પરંતુ સ્ત્રીના સૌંદર્યમાં મુગ્ધ થઇ ગયા પછી કામી મનુષ્યને હાથે કેવાં કેવાં હાસ્યાસ્પદ કૃત્યો થઈ શકે છે, તેનું ઠેકાણું નથી. અસામાન્યાનું સૌંદર્ય જોયાથી નવાબ એટલો બધો અધીરો થઈ ગયો કે, એણે એક દિવસ સ્ત્રીનો વેશ લીધો અને એ વેશમાં જે મહેલમાં અસામાન્યા રહેતી હતી, ત્યાં પ્રવેશ કર્યો. તેણે સ્ત્રીવેશ ધારણ કરેલો હોવાથી, ઠેઠ અંતઃપુરમાં જતાં તેને કાંઇ અડચણ પડી નહિ. પહેલાં તો અસામાન્યાનું સૌંદર્ય જોઇનેજ સંતોષ માનવાનો કદાચ તેનો વિચાર હશે; પણ જ્યારે એ પાસે ગયો અને તેના મનોહારી રૂપનું પ્રત્યક્ષ અવલોકન કર્યું, ત્યારે તેને ભાન રહ્યું નહિ. પોતે જગતશેઠના ઘરમાં છે, એ વાત એ બિલકુલ વીસરી ગયો અને અસામાન્યાને આલિંગન આપવા તૈયાર થયો. એને પોતાની સામો ધસી આવતો જોઇનેજ અસામાન્યા ગભરાઈ ગઈ અને પોતાના પતિ પાસે જઇને એ ભયંકર બનાવની ખબર આપી. એ ખબર સાંભળતાંજ તેના પતિના ગુસ્સાનો પાર રહ્યો નહિ. તે તરત એ સ્ત્રીવેશધારી નવાબને પકડવા દોડ્યો. નવાબ એને જોઇને નાઠો, પણ અસામાન્યાના પતિએ તેને પકડી પાડીને જોડાનો ખૂબ માર માર્યો. નવાબને એ જાનથીજ મારી નાખત, પણ મહામહેનતે નવાબ તેના હાથમાંથી છટકીને જીવ લઈને નાસી ગયો; પરંતુ એ વણિકને હાથે પોતાનું જે અત્યંત અપમાન થયું હતું, તેનો ઘા તેના હૃદયમાંથી રૂઝાયો નહિ.

એ સદા અસામાન્યાના પતિનો ઘાટ ઘડવાના પ્રપંચમાં રહેવા લાગ્યો. કેટલાક દિવસ પછી એક દહાડો લાગ સાધીને ખુલ્લા રસ્તામાંજ નવાબે તેનું ખૂન કરાવ્યું. એ નિર્દય નવાબ પોતાના શત્રુનું કેવળ ખૂન કરાવીનેજ સંતોષ ન પામ્યો, પણ એણે પોતાના સિપાઇઓને એવો હુકમ આપ્યો કે, "અસામાન્યાના પતિનું માથું એના ધડથી જુદું કરીને, એક ચાંદીના ટાટમાં

મૂકીને અસામાન્યા પાસે ભેટ તરીકે મોકલવું." ખૂનીએ નવાબની આજ્ઞા પ્રમાણે તરતજ અમલ કર્યો. આ વખતે અસામાન્યાના હૃદયની શી અવસ્થા થઇ હશે, તેનું વર્ણન કરવું ઘણુંજ અઘરૂં છે. ભય, ક્રોધ અને તિરસ્કાર આદિ મનોવિકારોને લીધે તેનું અંતઃકરણ ઘણું મૂંઝાવા લાગ્યું. પોતાના પ્રિય પતિનું શિર ધડથી વેગળું થયેલું જોતાંવારજ, તે અભાગી અબળા મૂર્ચ્છિત થઇ ગઇ અને પછી તો દિનપ્રતિદિન તેનો શોક વધતો જવાથી, તેનામાં ઉન્માદ અને બુદ્ધિભ્રંશનાં લક્ષણ જણાવા લાગ્યાં.

રૈયત, જાગીરદારો અને શેઠશાહુકારો સાથે આ પ્રમાણે જુલમ અને અનાચાર કરીને સિરાજઉદ્દોલ્લા લાંબો કાળ સુધી બંગાળાની ગાદીએ ટકી રહે, એ અસંભવિત હતું. સિરાજઉદ્દોલ્લા પોતાના દુરાચારનું ફળ ઘણું જલદી ભોગવવા લાગ્યો. બંગાળામાં સરદારોનું પ્રાબલ્ય મૂળથીજ ઘણું અધિક હતું. જ્યારે એમણે પોતાના નવાબની મતિ આટલી બધી ભ્રષ્ટ થયેલી જોઇ, ત્યારે એમણે એના જુલમથી ત્રાસ પામીને અંગ્રેજ લોકોની મદદ માગી અને તેમની સહાયતાથી સિરાજઉદ્દોલ્લાને પદભ્રષ્ટ કરીને તેની જગ્યાએ મીરજાફરને ગાદીએ બેસાડવાનો નિશ્ચય કર્યો. પ્લાસીની લડાઇમાં પરાજય પામીને સિરાજઉદ્દોલ્લાએ ત્યાંથી નાસી જવાનો પ્રયત્ન કર્યો, પણ મીરજાફરના લોકોએ તેને ભાગબંગલા આગળ પકડ્યો અને મુર્શિદાબાદ આણ્યો. ત્યાં મીરજાફરના પુત્ર મિરાનના હુકમથી મહમદ બેગ નામના સૈનિકે તેનો શિરચ્છેદ કર્યો અને તેનું છિન્નવિચ્છિન્ન થઇ થઈ ગયેલું શરીર, એક હાથી ઉપર મૂકીને એક અપરાધી મનુષ્યની પેઠે દફનાવવા માટે સ્મશાનમાં મોકલી દેવામાં આવ્યું.

આ બધો સમય જગતશેઠની કન્યા અસામાન્યા ભ્રમિત સ્થિતિમાં હતી. એ કદી બહેરા માણસની પેઠે, તો કદી મૂંગા માણસની પેઠે, તો કદી નાના બાળકની પેઠે ચાળા કરતી. ઘણી વાર તે ઝનૂનમાં આવી જતી. ટૂંકામાં તેની ઘેલછા ઘણી વધતી જતી હતી. તેના પિતાએ તેને સાજી કરવા માટે, ઘણા વૈદ્યોના અને હકીમોના ઉપચાર કર્યા, ભૂવાજતિઓને બોલાવીને ઘણાએ જંત્રમંત્ર કરાવ્યા કે ભૂતપિશાચ વળગ્યું હોય તો ચાલ્યું જાય; પણ બધું ફોગટ નીવડ્યું. સિરાજઉદ્દોલ્લાનું ખૂન થયાના સમાચાર જ્યારે જાણવામાં આવ્યા, ત્યારે તેની દફનક્રિયા જોવાને

માટે અસામાન્યાને મોકલવી, એવી સૂચના કેટલાક ગૃહસ્થોએ તેના પિતાને કરી. એમણે એમ ધાર્યું હતું કે, પોતાના પ્રિય પતિના ખૂની નરાધમ નવાબ સિરાજઉદ્દૌલ્લાની આવી દુર્દશા જોયાથી કદાચ તેના મનનું સમાધાન થશે. એ સૂચના પ્રમાણે એનો પિતા એ ભયંકર દેખાવ દેખાડવા તેને કબ્રસ્તાનમાં લઇ ગયો. ચમત્કાર એવો બન્યો કે, એ દેખાવ જોતાંવારજ લગભગ અઢી વર્ષથી ચિત્તભ્રમના રોગથી પીડાતી અસામાન્યા એકદમ શુદ્ધિમાં આવી ગઇ. તે ઘણી વાર સુધી એ લોહીલોહાણુ થયેલા નવાબના શબ તરફ એકીનજરે જોતી રહી અને ત્યાર પછી પોતાની દાસીના સામું જોઇને પૂછવા લાગી: "આ કોણ છે? શા અપરાધને માટે એનું શરીર આ પ્રમાણે છિન્નવિચ્છિન્ન કરી નાખવામાં આવ્યું છે?" દાસીએ ઉત્તર આપ્યો: "બાઇ-સાહેબ! એ તો આપના પ્રિય પતિનું ખૂન કરનાર દુષ્ટ સિરાજઉદ્દૌ-લ્લાનું શબ અહીંયાં દફનાવવા માટે આણવામાં આવ્યું છે. જેણે આપને માટે પોતાના ચિત્તમાં દુષ્ટ વિચાર રાખ્યો હતો, તે નવાબ સિરાજઉદ્દૌલ્લાને પરમેશ્વરે તેનાં પાપોની યોગ્ય સજા ભોગવવા આ સ્મશાનમાં આણ્યો છે." દાસીની કહેવાની મતલબ એ એકદમ સમજી નહિ, પણ થોડી વાર પછી તેના અંતઃકરણમાં એકદમ કોઈ એવો પ્રકાશ પડ્યો અને તે જોરથી બોલી ઊઠી: "ઠીક! ઠીક! ઘણું સારૂં થયું! હવે મને ઘેર લઇ જા."

અસામાન્યાની આજ્ઞા પ્રમાણે સેવકો તેને ઘેર પાછી લઇ ગયા. તેની વૃત્તિમાં હવે જમીન આસમાનનો ફેરફાર જણાવા લાગ્યો. તેની પહેલાંની ઘેલછા બિલકુલ ચાલી ગઇ અને એનો જીવ ઘણો આનંદમાં રહેવા લાગ્યો, પરંતુ એ મનમાં ને મનમાં કાંઇ વિચાર કર્યા કરતી હતી. ઘણી વાર એ કહેતી કે, "મારે જે કરવાનું હતું, તે પરમેશ્વરે કર્યું. મારૂં કર્તવ્ય એણે બજાવ્યું; એટલા માટે પરમેશ્વરનું કર્તવ્ય જે હતું, તે મારે કરવું જોઇએ." તેના આ શબ્દોનો ભાવાર્થ કોઇ કળી શક્યું નહિ અને જ્યારે એ લોકો એનો ભાવાર્થ સમજી શક્યા, ત્યારે એ બધું નિરર્થક હતું, કારણકે ઘરનાં બધાં માણસોની નજર ચૂકવીને અસામાન્યા કોણ જાણે ક્યાંની ક્યાં નાસી ગઈ હતી.

એની પાછળ ઘણા લોકો ગયા, પણ કોઇને તેનો ક્યાંય પત્તો લાગ્યો નહિ. એ મધ્ય રાત્રિએ ઘરમાંથી નીકળીને નાસી ગઇ

હતી. પોતે ક્યાં જાય છે, તેની એને પોતાનેજ ખબર નહોતી. તેના મનમાં એવો વિચાર આવ્યો હતો કે, "મારા પતિનું ખૂન કરનાર નવાબને મારે હાથે સજા થવી જોઇતી હતી, તેને બદલે પરમેશ્વરે પોતે કરી. વસ્તુતઃ પરમ દયાસાગર પરમેશ્વરની ફરજ તો તેનું રક્ષણ કરવાની હતી; કારણકે એ દુરાચારી અને મૂઢ હોવાથી પ્રભુએ તેના ઉપર દયા લાવીને તેનું ભલું કરવું જોઇતું હતું; પરંતુ જ્યારે પ્રભુએ એ કામ કર્યું નથી, ત્યારે મારે એમ-જ સમજવું જોઇએ કે, એણે એ કામ મારે સારૂ રાખી મૂક્યું છે. બસ, એજ ખરી વાત છે." આવો વિચાર આણીને અસામાન્યા એકદમ ઘર છોડીને ચાલી ગઈ અને જેમનું કલ્યાણ કર્યાથી સિરાજઉદ્દૌલ્લાનુંજ કલ્યાણ કર્યા બરોબર ગણાય, એવાં મનુષ્યોને ખોળી કાઢવા યત્ન કરવા લાગી.

એ પહેલાં તો ભાગબંગલા ગઇ. ત્યાં ગયા પછી તેણે જે હકીકત સાંભળી, તેથી એને આનંદ થયો. સિરાજઉદ્દૌલ્લા જે વખતે મુર્શિદાબાદ છોડીને નાસી ગયો હતો, તે વખતે તેના હજારો સેવકો અને મિત્રોમાંથી ફક્ત એકજ પ્રાણી તેની દુઃખી દશાનું ભાગી બન્યું હતું. એ પ્રાણી બીજું કોઇજ નહિ, પણ સિરાજે પોતાની આખી જિંદગીમાં તિરસ્કારેલી તેની સહધર્મિણી બેગમ મહેરૂન્નિસા હતી. સિરાજે તેનું નામ 'ગુલ' પાડ્યું હતું. એ દુષ્ટે પોતાના દુરાચારને લીધે એ બિચારીને ઘણીજ તરછોડી કાઢી હતી, પરંતુ ગુલે આખર સુધી તેનો સાથ છોડ્યો નહોતો. એ આ વખતે કેવળ સોળ વર્ષની તરુણી હતી અને આજ સુધી દુઃખ એ શું તે એણે જાણ્યું નહોતું; પણ પતિના સંકટ સમયે એ એની સાથે પહાડો અને કોતરોમાં નાસતી ફરવાને તૈયાર થઇ. અધૂરામાં પૂરૂં, આ વખતે એ સગર્ભાવસ્થામાં હતી, પણ એણે પતિભક્તિની ખાતર કોઈ પણ જાતની હાડમારીનો વિચાર કર્યો નહિ. ભાગબંગલા આગળ આવતાં તેને પ્રસવ થયો અને તેણે એક સુંદર કન્યારત્નને જન્મ આપ્યો. એ પ્રસંગે સિરાજઉદ્દૌલ્લાને ત્યાં આગળ થોડા દિવસ રહેવું પડ્યું, ત્યાં આગળજ શત્રુઓએ તેને પકડી પાડ્યો અને ત્યાંજ તેનું મૃત્યુ થયું. એ નરાધમને તો એની યોગ્ય સજા મળી, પણ ગરીબ બિચારી ગુલની દશા કેવી કરુણાજનક ! એક વખતે જે સુંદરી આખા બંગાળ, બિહાર અને ઉડ્ડિસાના નવાબની બેગમ તરીકે

રાજમહેલોમાં અત્યંત સુખ અને વૈભવમાં નિવાસ કરતી હતી, તેને આજે એક ગરીબ સ્ત્રીનું શરણુ લેવું પડયું ! એ ગરીબ સ્ત્રીને ત્યાં એ દોઢેક મહિના સુધી રહી. પેલી તરફ અસામાન્યાને જ્યારે ખબર પડી કે, સિરાજનું મૃત્યુ થયું છે અને ગુલબેગમ નિરાધાર છે, ત્યારે એ તેની શોધમાં નીકળી અને શોધતાં શોધતાં ગુલ જે સ્ત્રીને ત્યાં રહેતી હતી, ત્યાં આવી પહોંચી. ગુલને જ્યારે ખબર પડી કે, કોઇ સ્ત્રી એની શોધ કરે છે, ત્યારે એને વહેમ પડ્યો કે રખે આ પણ એના દુશ્મનોનું કંઈ તરકટ હોય અને તેઓ વિશ્વાસઘાત કરીને એની એકની એક બાળકીનો પણ પ્રાણ લઇ લે. આટલા સારૂ એ અસામાન્યાને મળ્યા વગર છાનીમાની દિલ્હી તરફ જવા નાસી આવી. તેનો વિચાર એવો હતો કે દિલ્હી જઇને મોગલ શહેનશાહના ચરણોમાં બાળકીને મૂકવી અને તેના પાલનપોષણને માટે બંદોબસ્ત કરાવવો.

અડધી ગાંડા જેવી, જગતશેઠની કન્યા અસામાન્યા, પોતાની ધૂનમાં ને ધૂનમાંજ ગુલબેગમની પાછળ ચાલી. ગુલને ખબર પડી કે કોઈ એની પાછળ પડયું છે. એ બિચારીને શી ખબર કે અસામાન્યાનો ઉદ્દેશ કેવો ઉત્તમ હતો ? આખરે નાસતાં નાસતાં એ ગંગા નદીને કિનારે આવી પહોંચી અને ત્યાં અસામાન્યાએ તેને પકડી પાડી. આજ એના પતિના મૃત્યુને ત્રણ વર્ષ થયાં હતાં. આ ત્રણ વર્ષ સુધી એ પોતાને અસામાન્યાથી બચાવવાને માટે છાનીમાની ગામેગામ નાસ્યા કરતી હતી. અસામાન્યા તેનાં પગલાં જોતી જોતી એની પાછળ જતી. આજે ત્રણ વર્ષે એ તેની પાસે આવી પહોંચી. આજે ઘણું તોફાન હતું, પુષ્કળ વંટોળિયો ચાલી રહ્યો હતો, મોટાં મોટાં વૃક્ષો થડ સહિત ઊખડીને ઊડી જતાં હતાં અને ઘરનાં ઘર ઊડી જતાં હતાં, ગંગા નદીનો પ્રવાહ પૂર્ણ વેગમાં ખળભળ કરતો વહેતો હતો. જે સમયે માણસો અને પશુઓ આ વંટોળિયા અને તોફાનમાંથી બચી જવાને યત્ન કરી રહ્યાં હતા, તે સમયે ગુલ નદીના કિનારા તરફ ધસી જતી હતી. ગાંડી અસામાન્યા એનાથી ઘણે દૂર નહોતી. એ એની તરફ દોડી આવતી હતી અને મોટે અવાજે કહેતી હતીઃ “બહેન ! ઊભી રહે.” પણ આવા ગંભીર તોફાન આડે એનો સ્વર ગભરાયલી ગુલના સાંભળવામાં આવ્યો નહિ.

નદીકિનારે આવતાં તેણે એક હોડી જોઇ. પોતાના હાથમાં-

થી એક કિંમતી વીંટી એ નાવિકને આપીને ગંગાપાર જવાની ગુલે ગોઠવણ કરી. પેલી તરફ અસામાન્યાએ જોયું કે, આવા તોફાનમાં ગુલ પોતાની કન્યા સાથે હોડીમાં બેસીને ચાલી જાય છે. થોડી વારમાં તો હોડી તેની દૃષ્ટિમાંથી દેખાતી બંધ પડી. જેનું કલ્યાણ કરવાના ઉદ્દેશથી એ આટલા વર્ષ સુધી ગમે તેટલું દુઃખ વેઠીને રખડતી રહી, તે આખરે હોડીમાં બેસીને ચાલી ગઈ. થોડી વારમાં તેણે એક ચિચિયારી સાંભળી અને અસામાન્યાને ખાતરી થઇ કે, હોડી ડૂબી ગઇ છે અને આ ચીસ તે ગુલબેગમની ડૂબતી વખતની ચીસ છે. તરતજ એ નદીમાં કૂદી પડી અને તરતી તરતી જે સ્થળે નૌકા ડૂબી ગઇ હતી, ત્યાં પહોંચી ગઈ. એણે ગુલના વાળ પાણીમાં જોયા એટલે એણે ચોટલો જોરથી ખેંચીને ગુલબેગમને બહાર ખેંચી કાઢી. બાળકી હજુ ગુલની સોડમાંજ હતી. એણે એની પાસેથી બાળકીને પોતાના હાથમાં લેવાનો પ્રયત્ન કર્યો, પણ એ દશામાં પણ ગુલ પોતાની પ્રાણાધાર કન્યાથી છૂટી પડી નહિ. અસામાંન્યા તરવામાં ઘણીજ કુશળ હતી; એટલે એ માદીકરી બંનેને લઇને સહીસલામત કિનારે આવી પહોંચી. એમને કિનારે પહોંચતાં ત્રણ કલાક થયા. ગુલ તે વખતે અધમૂઈ થઇ ગઈ હતી. અસામાન્યા તેને એક ઝૂંપડામાં લઇ ગઇ અને તેને બચાવવા ઘણોએ પ્રયત્ન કર્યો, પણ અફસોસ! નવાબ સિરાજઉદ્દૌલ્લાની પવિત્ર અને પતિવ્રતા બેગમ એ ઘાતમાંથી બચવા પામી નહિ. ઘણી મુશ્કેલીએ અસામાન્યા ગુલની કન્યાનો પ્રાણ બચાવી શકી, પણ એની બોલવાની શક્તિ ચાલી ગઈ હતી.

અસામાન્યાનું પાછળનું વૃત્તાંત જાણવામાં નથી આવ્યું. સંભવ છે કે, એ ઘણું મનોરંજક પણ નહિ હોય. પોતાના શત્રુની કન્યાને લઇને તે પૂર્વ બંગાળાના કોઈ ભાગમાં ઘણો વખત સુધી રહી હતી. એ ભાગના લાખો લોકો હજુ પણ તેને એક દેવી તરીકે પૂજે છે.

દૃઢ નિશ્ચયનું ફળ કેવું હોય છે! અસામાન્યાનો નિશ્ચય હતો કે સિરાજઉદ્દૌલ્લાના કુટુંબનું કલ્યાણ કરવું, તો આખરે એને એવો પ્રસંગ મળી આવ્યો અને એ સ્વર્ગસ્થ નવાબની કન્યાને પોતાનાજ બાળકની પેઠે ઉછેરીને કેળવવાને ભાગ્યશાળી થઈ.

૫૬–વિદ્યાવતી

એનો જન્મ દક્ષિણ ભારતમાં બ્રાહ્મણ કુટુંબમાં થયો હતો. ત્યાંના વિજનામના નિવાસી નૃસિંહધર નામના એક વિખ્યાત ધનવાન જમીનદાર સાથે એમનું લગ્ન થયું હતું. દયા, સૌજન્ય અને પરોપકાર એ એમના સ્વભાવનાં ખાસ લક્ષણ હતાં.

વિદ્યાવતી પણ પતિના જેવાજ સદ્ગુણ ધરાવતી આદર્શ નારી હતી. એમની બુદ્ધિ વિલક્ષણ હતી અને પરમ ધાર્મિકતા એમની નસેનસમાં ભરેલી હતી. ધનવાન જમીનદારની પત્ની હોવા છતાં, અભિમાનનો લવલેશ છાંટો એમના સ્વભાવમાં ન હતો. એમની સરળતા, મધુરતા તથા સ્નેહથી એમના સમાગમમાં આવનાર બધા પ્રસન્ન અને મુગ્ધ થઈ જતાં. ઘરસંસારનું ઘણુંખરૂં કામ પોતાને હાથે કરતાં. દાસદાસીઓને કોઈ દિવસ કડવાં વચન કહેતાં નહિ; બલકે એમને પોતાનાં સંતાન સમાં ગણીને વર્તતાં. સાંસારિક કાર્યોમાં ગૂંથાયલાં રહેવા છતાં પણ ધર્માનુષ્ઠાન નિયમિત રીતે કરતાં. પતિભક્તિ એમના જીવનનું મુખ્ય કર્તવ્ય હતું. તેમના શરીરનું લાવણ્ય અને માધુર્ય જોતાં એમને દેવી કહેવાનું મન થતું. તેમની દૃષ્ટિમાંથી એક સ્વર્ગીય તેજનો સંચાર થતો. એ દરરોજ શિવપૂજા કરતાં અને પૂજા કર્યા વગર પાણી સુદ્ધાંત પીતાં નહોતાં. એકાગ્રચિત્તે હાથ જોડીને જ્યારે એ પૂજા કરતાં અને સ્તવનો ગાતાં, ત્યારે એમના હૃદયમાં એટલી ભક્તિ ઉત્પન્ન થતી કે નયનમાંથી દડદડ અશ્રુધારા પડતી. પૂજા સમયે તેમના મુખની પ્રભા ઉજ્જવળ થતી.

એ સદાચારી, ભક્તિપરાયણ અને વિદુષી માતાના ગર્ભમાં ભારતવર્ષના પ્રસિદ્ધ સાધુ શ્રીતૈલંગ સ્વામીનો જન્મ થયો હતો.

તૈલંગધરની બુદ્ધિ ઘણી તીવ્ર હતી અને સ્મરણશક્તિ એવી અસાધારણ હતી કે એક વાર સાંભળ્યાથીજ પાઠ કંઠસ્થ થઇ જતો.

કિશોરાવસ્થા પાર કરીને યૌવનમાં પગ મૂકતાં, તૈલંગધરના સ્વભાવમાં ફેરફ પડયો. યૌવનસુલભ ચંચળતા આવવાને બદલે એમનામાં ગંભીરતા અને ઉદાસીનતા આવવા લાગ્યાં. પુત્રની આ દશા જોઇને પિતાને ચિંતા થઇ. તેના જીવનમાં પ્રફુલ્લતા આણવા સારૂ તેમણે તેનું લગ્ન કરી દેવાનો વિચાર કર્યો; પરંતુ તૈલંગધરે પરણવાની સાફ ના કહી. નૃસિંહધરે તેને વારંવાર આગ્રહ કર્યો, ત્યારે તેણે એક દિવસ સ્પષ્ટ જણાવ્યું કે, “ આ ક્ષણભંગુર નશ્વર જીવનનીજ જ્યારે સ્થિરતા નથી, તો પછી નાહકનો એ જીવને માયાજાળમાં બાંધવાની શી જરૂર છે ? જે અવિનશ્વર અને ચિરસ્થાયી છે, તેનીજ શોધમાં રહેવું જોઇએ અને હું તેનીજ શોધમાં છું. ” નૃસિંહધરે પુત્રનો વિચાર બદલવાનો ઘણો પ્રયત્ન કર્યો, પણ એમાં સફળતા ન મળી, એથી એમને ઘણી ચિંતા થઇ; પરંતુ વિદુષી વિદ્યાવતી ઘણી બુદ્ધિમતી હતી. એનો પુત્રસ્નેહ અંધ ન હતો. પુત્રને માટે શ્રેય શું છે અને પ્રેય શું છે, એ તે સારી પેઠે જાણતી હતી. પુત્રનો માનસિક ભાવ એ બારીકાઈથી અવલોકી રહી હતી. એ જાણી ગઈ હતી કે, તૈલંગ ધર્મના માર્ગમાં આગળ વધી રહ્યો છે. એ સંસારના માયામોહમાં ફસાવાને નારાજ છે; પરંતુ એથી જરા પણ દુઃખી થવાને બદલે વિદ્યાવતી ઊલટી વધારે પ્રસન્ન થઇ. તેણે સ્વામીને ઉદાસ જોઇને એક દિવસ એકાંતમાં કહ્યું કે, “ તૈલંગ વિવાહ કરવાની ના કહે છે, તેમાં તમે આટલા બધા નિરાશ શા સારૂ થઇ ગયા છો ? વિવાહનો ખરો ઉદ્દેશ શો છે ? જો વંશ ચલાવવો એજ લગ્નનો ઉદ્દેશ હોય, તો * શ્રીધરના લગ્નથી એ ઉદ્દેશ પાર પડશે. તૈલંગની ઇચ્છાજ લગ્ન કરવાની નથી, તો પરાણે એને પરણાવવાથી એનું મન કદી પણ પ્રફુલ્લ નહિ રહે, એથી તો ઊલટું પરિણામ આવવાની શંકા રહે છે. વળી જે માર્ગે તે જઇ રહ્યો છે, તેમાં એને સફળતા મળશે, તો કેવળ આપના કુળનુંજ નહિ પણ આખા ભારતનું મુખ ઉજ્જવળ થશે. માતાપિતાને માટે એ શું ઓછી ગૌરવની વાત છે ? માટે એના કોઈ પણ કાર્યમાં જરા પણ વિઘ્ન આવે એવું એક પણ કામ આપની તરફથી ન થવું જોઇએ; બલકે જેથી કરીને એ ધીમે ધીમે એ માર્ગમાં અગ્રેસર થાય અને પોતાના ઉદ્દેશમાં સફળ થાય, એવા

* શ્રીધર વિદ્યાવતીની શોક્યનો પુત્ર હતો.

ઉપાય યોજવા એ આપણું કર્તવ્ય છે." ગુણવંતી સ્ત્રીએ એ પ્રમાણે પતિને સમજાવીને તૈલંગધરના વિવાહનો વિચાર માંડી વળાવ્યો. નૃસિંહધરને પણ પત્નીના આવા ઉદાર વિચાર જાણીને ઘણોજ આનંદ થયો. એણે તૈલંગધરના લગ્નનો વિચાર છોડી દીધો અને બીજા પુત્ર શ્રીધરનો લગ્નોત્સવ ઘણી ધામધૂમથી કર્યો. વિદ્યાવતીએ એ સાવકા છોકરાના લગ્નમાં ઘણા હર્ષપૂર્વક ભાગ લીધો અને ઘણો આનંદ અનુભવ્યો.

વયની સાથે સાથે તૈલંગધરની ધર્મભાવના વધવા લાગી. વિદ્યાવતીએ જોયું કે, તૈલંગધરનો પ્રાણ ધર્મને માટે વ્યાકુળ થઇ રહ્યો છે, ત્યારે તેણે તેને યોગ્ય ઉપદેશ આપવા માંડ્યો. વિદ્યાવતીનાં ઉપદેશવચનો પુત્રના કાનમાં સુધા વરસાવવા લાગ્યાં. માતાના ઉપદેશ પ્રમાણે ચાલ્યાથી એમના હૃદયમાં નવોજ પ્રકાશ રેડાયો. તેમની મનોવૃત્તિઓ ઉચ્ચ માર્ગે જવા લાગી. ધીમે ધીમે ભગવત્પ્રેમનાં મોજાં તેમના હૃદયમાં ઊછળવા લાગ્યાં.

પછી થોડા સમયમાં વિદ્યાવતીના પતિનો સ્વર્ગવાસ થયો.

પતિના મૃત્યુ પછી વિદ્યાવતીએ બધો સમય એકાગ્રચિત્તે પુત્રની સાથે ભગવાનની ચર્ચા અને ચિંતવન કરવામાં ગાળ્યો. બાર વરસ સુધી વૈધવ્ય ભોગવીને એ ભક્તિમતી દેવી આ નશ્વર સંસારનો ત્યાગ કરીને પરલોકમાં સિધાવ્યાં.

ઈ૦ સ૦ ૧૫૮૧ માં તેમનો દેહ છૂટયો. તે સમયે તૈલંગધરની વય બાવન વર્ષની હતી. તૈલંગ સ્વામીએ અસાધારણ લાંબુ આયુષ્ય ભોગવ્યું હતું. એમ કહેવાય છે કે, કાશીમાં એમણે દેહ ત્યાગ કર્યો, તે સમયે એમનું વય ૨૮૦ વર્ષનું હતું.





૫૭-દેશપ્રેમી હીરાદેવી

જે સમયે ગુજરાતમાં કરણ વાઘેલો રાજ્ય કરતો હતો, તે સમયમાં મારવાડમાં ઝાલોર નગરમાં સોનગીરા ચૌહાણ વંશના કાન્હડદે રાજાનું શાસન હતું.

દેશદ્રોહી નાગરપ્રધાન માધવ કરણનું વેર લેવા સારૂ બાદશાહ અલાઉદ્દીનના લશ્કરને ગુજરાત તેડી લાવતો હતો, તે સમયે ઝાલોર રસ્તામાં પડ્યું. સેનાધિપતિઓએ કાન્હડદેને માર્ગ આપવા કહ્યું, પણ ક્ષત્રિયનો ખરો ધર્મ જાણનાર એ રાજાએ કહ્યું: " તમારા બાદશાહને જઇને કહેજો કે, એક હિંદુ રાજાને જીતવા તમે જાઓ છો, એમાં મદદ આપવી એ મારો ધર્મ નથી. ગામો લૂંટાય, અબળાઓના શિયળ ઉપર હાથ નંખાય, ગોબ્રાહ્મણને પીડા થાય, એવા કામમાં કોઇ સાચો હિંદુ રાજા મદદ આપી ન શકે." સુલતાનને આથી ઘણું ખોટું લાગ્યું.

એ વખતે તો તેણે અલફખાનની સાથે બીજે માર્ગે ગુજરાત ઉપર ચઢાઇ કરી; પરંતુ ગુજરાતનો વિજય કરીને પાછા ફરતી વખતે, પોતાનું અપમાન કરનાર કાન્હડદેનો બદલો વાળવા સારૂ લશ્કરને ઝાલોરને માર્ગે વાળ્યું. એ સમયે રજપૂતો સાથે બાદશાહના સૈન્યને ભયંકર યુદ્ધ થયું. વીર રજપૂતોએ ઘણી બહાદુરીથી લડીને મુસલમાન સેનાનો પરાજય કર્યો. બાર બાર વર્ષ સુધી યુદ્ધ ચાલ્યું. મુસલમાનોએ ઘણાએ હલ્લા કર્યા પણ કાન્હડદે ઉપર જિત મેળવી શકાઈ નહિ. એક તરફ રાજા માલદેવ અને બીજી તરફ કાન્હડદે-બંન્નેની વચમાં મુસલમાનો હેરાન થઇ ગયા. અહીં આવો રંગ જામી રહ્યો હતો, ત્યાં એક શરમભર્યો બનાવ બન્યો. ભારતનાં દુર્ભાગ્યે સ્વાર્થની ખાતર દેશનો દ્રોહ કરનાર અધમ ચંડાળો નીકળતાજ આવ્યા છે. હાલ પણ ભારતમાતાની કૂખે એવાં પ્રાણીઓ ઉત્પન્ન થતાં બંધ પડ્યાં નથી. એ સમયમાં ઝાલોર રાજ્યની સેવામાં વીકા સેજવાલ

નામનો એક રજપૂત હતો. એની બુદ્ધિ બગડી અને સ્વાર્થની લાલચે પોતાના સ્વામીને દગો દેવાનો વિચાર એને સૂઝ્યો. અડધી રાત્રે એ દુષ્ટ સંતાતો છુપાતો શત્રુના સરદારને મળવા ગયો અને કહ્યું કે, "બાદશાહ મને ગઢ આપી દે, તો હું છૂપો રસ્તો બતાવું." સરદારે વચન આપ્યું અને વીકા સેજવાલે લોભને લીધે વિશ્વાસઘાત કર્યો. મલિકે રાતોરાત લશ્કર એકઠું કર્યું અને ગઢ ઉપર ચઢાઇ કરી.

વીકો હર્ષભેર ઘેર ગયો અને પત્નીને પ્રેમપૂર્વક જણાવવા લાગ્યો: "વહાલિ! આપણાં દુઃખનો અંત આવી ગયો. કાલે હું રાજા બનીશ અને તું રાણી બની પૂર્ણ વૈભવમાં જીવન ગાળીશ." પતિને મુખે એની અધમ યોજનાની વિગતવાર વાત સાંભળતાં દેવી હીરાને ઘણોજ ક્રોધ ઉત્પન્ન થયો. એ શૂરી ક્ષત્રિયાણીનું લોહી ઊકળી આવ્યું. પતિ માટે એના હૃદયમાં લેશમાત્ર પણ સન્માન રહ્યું નહિ. ઉશ્કેરાઇ જઇને એણે કહ્યું: "દુષ્ટ! નરાધમ ચંડાળ! તેં આ શું કર્યું? તેં તારા લોભની મોકાણમાં સ્વામીદ્રોહ કર્યો! ધિક્કાર છે તને!" એમ કહીને ગુસ્સાના આવેશમાં એણે પાસે પડેલું ત્રાંબાનું વાસણ પતિને છૂટું માર્યું. દૈવવશાત્ વીકો ભોંય ઉપર પડીને મરણ પામ્યો. હીરાદેવી તરતજ રાજા પાસે ગઇ અને પોતાના સ્વામીએ કરેલી નિમકહરામી તથા એના પાપે દેશ ઉપર આવેલી આફત જાહેર કરી, પણ થવાનું હતું તે થઈ ચૂક્યું. ગુપ્ત માર્ગ જાહેર થઇ જવાથી મુસલમાનોને ઘણી મોટી સગવડ મળી ગઇ અને ભયંકર યુદ્ધમાં એમને સફળતા મળી.

સંભવ છે કે, પતિભક્તિને એકમાત્ર સદ્ગુણ માનનારાઓ હીરાદેવીના આ કામને વખોડી કાઢશે; પણ એના પતિનું કામ કોઇ પણ સમજુ મનુષ્યના હૃદયમાં અસાધારણ ક્રોધ અને તિરસ્કાર ઉત્પન્ન કરે એવું હતું અને ત્રાંબાનું વાસણ ફેંકવામાં હીરાદેવીનો ઉદ્દેશ પતિની હત્યા કરવાનો નહિ, પણ એના અધમ કૃત્ય માટે તિરસ્કાર દર્શાવવાનો હતો, એ વિચારથી તેઓ પણ એને ક્ષમા કરશે.×

× શ્રી. ડાહ્યાભાઈ દેરાસરી સંપાદિત 'કાન્હડદે પ્રબંધ'ની પ્રસ્તાવનામાંથી સાભાર આ ચિત્ર લેવામાં આવ્યું છે. —પ્રયોજક

૫૮–सोन कंसारी

એનો જન્મ વિક્રમની તેરમી સદીમાં શંખોદ્ધાર બેટમાં દૂદનશી વાઘેલા નામના રાજાને ત્યાં સોઢી રાણીના પેટે થયો હતો. એ કન્યાનો જન્મ થતાં એક જ્યોતિષીએ ભવિષ્ય ભાખ્યું હતું કે, આ બાલિકાને વૈધવ્યનો યોગ છે. રાજાને એ જોશી ઉપર વિશ્વાસ હોવાથી, એવી કમભાગ્ય કન્યાને ઘરમાં ન રાખતાં એક પેટીમાં મૂકીને સમુદ્રમાં તરતી મૂકી. એ પેટીની બે બાજુ દૂધનાં બે પાત્રો ગોઠવી, તેમાં રૂના કાકડાવાટે કે નળીવાટે એ દૂધ બાળકીના મુખમાં જાય, એવી વ્યવસ્થા કરી હતી.

એ પેટી તરતી તરતી મિયાણી બંદર જઇ પહોંચી અને ત્યાં આગળ એક કંસારાને હાથ લાગી. કંસારાને છોકરૂં નહિ હોવાથી, તેણે એ બાળકીને પોતાને ઘેર લઇ જઇને પોતાની કન્યા તરીકે ઉછેરી. એ કન્યા મોટી થઇ, ત્યારે તેના સૌંદર્યે અલૌકિક છટા ધારણ કરી. રાજતેજ તે કાંઇ છાનું રહે ?

મિયાણીનો રાજા પ્રભાતસિંહ તેને જોઇને મોહ પામી ગયો અને એનું લગ્ન પોતાની સાથે કરવા સારૂ કંસારાને ત્યાં માગું મોકલ્યું. કંસારો ગભરાયો અને રાજાના જુલમની બીકથી કન્યાને લઇને પોતાની પત્ની સહિત ગામ અને ઘર-બાર છોડીને પોતાને સાસરે ઘુમલી જવા નીકળ્યો.

ઘુમલી બરડા પર્વતની ખીણમાં વસેલું એક સુંદર નગર હતું. ત્યાં જેઠવા વંશના રાજાઓ રાજ્ય કરતા હતા. કંસારો ત્યાં પહોંચ્યો, તે સમયે ત્યાં ભાણજી નામનો રાણો રાજ્ય કરતો હતો. રાણાની રાણીનું નામ સૂરજદેવી હતું. એનો એક ભાઇ રાખાપત નામનો હતો. એ ઘણો સુંદર, તેજસ્વી અને વીર હતો. માતપિતાએ લાડ લડાવેલાં હોવાથી રિસાળ, ઉચ્છૃંખલ અને સ્વેચ્છાચારી પણ હતો. ઘેર લડાઇ થવાથી એ

ધુમલીમાં બહેનને ત્યાં આવી રહ્યો હતો.

એક દિવસ રાખાપત વરસાદની ઋતુમાં બહાર ફરવા ગયો હતો. ત્યાં ગાજવીજનું ઘણું તોફાન થવાથી, તેણે ઝવેર કંસારાના ઘરમાં આશ્રય લીધો. એ પ્રસંગે એને યુવતી સોનને જોવાની તક મળી. એનું અસામાન્ય સૌંદર્ય જોઇને એ મુગ્ધ થઇ ગયો. સોને પણ તેની તરફ પ્રેમભરી દૃષ્ટિએ જોયું.

થોડી વાર પછી રાખાપતે ત્યાંથી વિદાય લીધી, પણ એનું ચિત્ત કંસારાની કન્યા પાસેજ રહ્યું. સોન પણ પોતાનું હૃદય ખોઇ બેઠી હતી.

સોનને પ્રાપ્ત કર્યા વગરનું જીવન રાખાપતને નિરસ લાગવા માંડ્યું. તેનું શરીર દિનપ્રતિદિન લેવાતું ગયું; એથી એની બહેન સૂરજદે તથા રાણાને ઘણી ચિંતા થઇ. બન્નેએ મળીને રાખાપતની ચિંતાનું કારણ જાણવાને પ્રયત્ન કર્યો અને એ યુવક, કંસારાની પુત્રીના પ્રેમપાશમાં ફસાયો છે એવું જાણતાં, એવા અસંવર્ણ લગ્નનો વિચાર માંડી વાળવા એને ઘણું સમજાવ્યો, પણ એ એકનો બે ન થયો. સોનને પ્રાપ્ત નહિ કરે તો પોતાના ભાઇનું આરોગ્ય બગડશે, એ આશંકાથી રાણી સૂરજદેવીએ કંસારાને ત્યાં સોનનું માગું મોકલ્યું. કંસારાએ રાજાના ભયથી માગું સ્વીકાર્યું અને લગ્નનું મુહૂર્ત પણ નક્કી થયું.

બ્રાહ્મણો લગ્નવિધિ કરાવવા લાગ્યા. વરકન્યા ત્રણ મંગળફેરા પણ ફરી ચૂક્યાં, એવામાં દૈવગતિથી એક વિઘ્ન આવ્યું.

લગ્નમંડપની પાસેજ 'મારો', 'ધાજો' ના શબ્દો જોરથી સંભળાવા લાગ્યા. વીર રાખાપતે મંડપમાં બેઠે બેઠેજ પૂછ્યું: "શું છે?" એવામાં એક ડોસાએ ધ્રૂજતે ધ્રૂજતે જણાવ્યું: "મારૂં રક્ષણ કરો, ચોરો મારી ગાયો લઇ જાય છે."

વસ્તુસ્થિતિ એવી હતી કે, પોતાનો ભાઇ સોન કંસારી સાથે પરણવાનો છે, એ સમાચાર એના ભાઇઓને પહોંચ્યા હતા. એ લગ્નથી પોતાના કુળને કલંક લાગશે, એમ ધારીને એ લગ્નમાં વિઘ્ન નાખવાનેજ તેમણે આ પ્રપંચ રચ્યો હતો.

ગાયના ઉપર અત્યાચાર થતો સાંભળીને ક્ષત્રિય કેવી રીતે શાંત રહી શકે? મંગળફેરા ફરવાનું માંડી વાળી રાખાપત ઊઠ્યો અને ઘોડા ઉપર બેસીને શત્રુની સામે ગયો. સાસુસસરા-

એ તેમજ બ્રાહ્મણોએ લગ્ન સમાપ્ત થતાં લગી થોભવાને ઘણીએ વિનતિ કરી, પણ એ તો કોઇનું કહ્યું માન્યા વગર, ઘોડો દોડાવતો ચાલ્યો ગયો.

પતિને રણમાં સિધાવતો જોઇને સોનના મનમાં અનેક પ્રકારની આશંકાઓ થવા લાગી. અશ્રુપૂર્ણ નયને એ બોલી:—

"કોઇ ઝાલે ઘોડાની વાઘ, અમે વહુવારૂએ વળગાય નહિ;
સૂરજ પૂરજે શાખ, રક્ષા કરજે રાખાપતની."

રાખાપતે શત્રુઓને હરાવી ગાયોનું રક્ષણ કર્યું. વિજયના ઉત્સાહમાં અશ્વ દોડાવતો એ ઘેર આવતો હતો, એટલામાં દુર્ભાગ્યે ઘોડાએ તોફાન કર્યું ને રાખાપતનું માથું ભાણવડ પાસેના ભૂતવડની ડાળીમાં ભરાઇ ગયું અને ધડ લટકી રહ્યું !

આ લાગ જોઇને શત્રુઓ ધસી આવ્યા અને ભાલાથી એ વીર યુવકના શરીરને વીંધી નાખ્યું.

સ્વામીની મંગળકામના કરતી સોન હજુ ચોરીમાંજ બેઠી હતી, એટલામાં રાખાપતની સહાય અર્થે ગયેલા લોકો પાછા આવ્યા, પણ એમની સાથે પતિને નહિ જોતાં એ સમજી ગઇ કે, જરૂર કાંઇ દુર્ઘટના બની છે. એ વિચાર આવતાંજ એ મૂર્છિત થઇને ચોરીમાં પડી ગઈ. ભાન આવતાં એ બોલી ઊઠી:—

"ચોરી ચિત્રાવેલ જેહ, બાબરિયા ! બાંધી રહી;
અમે કેમ જમીએ કંસાર, બાળકુંવારા બાબરિયા ?"

પોતાના હાથ સામું જોતાં હાથમાં વિવાહ પ્રસંગે પહેરેલો રાતોચોળ ચૂડો જોઈ તેને વધારે શોક થયો અને તે બોલી:—

"ચૂડો કંકાવેલ ચોળ, સેંથો લાલગલાલ આ;
રંગમાં થયો રગદોળ, રાખાપત રણમાં રહ્યો !"

એટલું કહીને શોકના આવેગમાં તેણે ચૂડો ભોંય પર પછાડ્યો અને તેના ચાર કકડા હાથમાં લઇ ડૂસકાં ભરી બોલી:—

"ચૂડી કકડા ચાર, તેને સરીઓ કોઇ સાંધે નહિ,
જડઘોને જરાર, કરમે કંસારી ભણે."

છેવટે 'જય અંબે'ની ગર્જના કરી તે સતી થવા ગઇ. રસ્તામાં વરઘોડિયાંને પોંખવાના દરવાજાવાળી શમાપોળ આવી, ત્યાં આગળ એક ઢોલીને જોઇ તે વિલાપ કરવા લાગી:—

"રૂડી રામાપોળ પ્રીતે પોંખાણું નહિ!
સ્વારીનો તંબોલ લખિયો પણ લાધ્યો નહિ,
ધ્રૂસકે વાગે ઢોલ (મારૂં) પંડ પોંખાણું નહિ;
તેની હામું હૈયામાંહ્ય,રહી ગઇ ઘટ રાખાપતિ."

આગળ ચાલતાં મહાદેવનું મંદિર આવ્યું. ત્યાં બળતો ઘીનો દીવો જોઇને પણ એણે એવાજ પ્રકારનો વિલાપ કર્યો કે, "હાય! અમે બન્ને જણ આ દીવાને સજોડે પગે લાગવા આવી શક્યાં નહિ, એજ દુઃખ મારાં હૈયાને સાલે છે."

પછી તે સ્વામીના શબ આગળ ગઈ અને તેના પીઠીવાળા સુંદર શરીરને ચિતા ઉપર સુવાડી, પોતે પણ એમાં જીવતી બળવા તૈયાર થઇ. અત્યાર સુધી બધાં એને કંસારાની પુત્રી સમજતાં હતાં; એટલે એને રજપૂતની સાથે સતી થવાનો નિષેધ કર્યો; એથી એણે ગુસ્સે થઈને પોતાનો પરિચય આપતાં કહ્યું:—

"ઠાકોર મા કરો ઠેકડી, અમે વાઘેલા વિયાં;*
લખત અમારાં લઇ ગયાં, અમે કરમે કંસારી થિયાં.
દૂદનશી વાઘેલની દીકરી, અમે દૂદનશી દીઠેલ નહિ;
ભોળો મા થાજે ભાણ, અમે કરમે કંસારાં થિયાં.
ઉજડ હોજો અવાસ, ચારે છેલાવડ તણા;
સતીઓ કેરો શાપ, વાસો કોઇ વસશે નહિ."

એ પ્રમાણે શાપ દઇ તે ચિતા પર ચઢી અને જોતજોતામાં તેનો દેહ પતિના શબની સાથેજ પંચમહાભૂતમાં મળી ગયો.

એ નગરના ધાર્મિક રાજાએ આ પવિત્ર સતીનું નામ રાખવાને તે સતી થઇ ત્યાં આગળ દહેરાં અને તળાવ બંધાવ્યાં. આજે પણ તે દહેરાં અને તળાવ પ્રાચીન ઘુમલીના સ્થળની ઉત્તરે બરડાના વેણુ શિખરની પાસે 'કંસારીનાં દહેરાં' અને 'કંસારી તળાવ' ને નામે પ્રખ્યાત છે.×

---

* સંતાન.

× રા. રા. જગજીવન કાલિદાસ પાઠકે સં. ૧૯૭૦ ના ગુજરાતીના દીવાળીના અંકમાં લખેલી એક ઐતિહાસિક વાર્તા ઉપરથી સારરૂપે આ ચરિત્ર લખવામાં આવ્યું છે. ઘણી જગ્યાએ એમનાજ શબ્દોનો ઉપયોગ કરવામાં આવ્યો છે. આ સ્થળે એ સ્નેહી ભાઇનો ખરા અંતઃકરણપૂર્વક આભાર માનવામાં આવે છે.—પ્રયોજક

૫૯–વિષ્ણુપ્રિયા

બંગાળના સુપ્રસિદ્ધ ભક્ત–શ્રીકૃષ્ણના અવતાર-રૂપ મનાતા શ્રીગૌરાંગ મહાપ્રભુ–ચૈતન્ય-દેવનાં એ ધર્મપત્ની થાય.

બંગાળામાં નદિયા (નવદ્વીપ) નામનું નગર સંસ્કૃત ભાષા અને ન્યાયશાસ્ત્રના અભ્યાસ માટે ઘણું પ્રસિદ્ધ છે. ત્યાં આગળ શ્રીસનાતન મિશ્ર નામનો એક વૈદિક બ્રાહ્મણ વસતો હતો. લોકો એમને રાજપંડિત કહેતા. નવદ્વીપમાં એમની સારી વિખ્યાતિ હતી. એ એક પ્રતિષ્ઠિત પુરુષ ગણાતા હતા. એમનાં પત્નીનું નામ મહામાયાદેવી હતું. એ પણ સારા સ્વભાવ-ની અને કુટુંબવત્સલ સ્ત્રી હતી. પોતાની વિધવા દેરાણી વિધુ-મુખીનું એણે પુત્રીની પેઠે પાલન કર્યું હતું. આવી માતાના ગર્ભમાં આશરે શકે ૧૪૧૫ કે ૧૪૧૬ માં નવદ્વીપ ધામમાં શ્રીવિષ્ણુ-પ્રિયાનો જન્મ થયો હતો. જન્મ સમયેજ એ બાળા ઘણી સુંદર હતી. કવિશ્રી લોચનદાસ ઠાકુર લખે છે કે, “ વિષ્ણુપ્રિયાનું અંગ તપાવેલા સોના જેવું હતું અને જાણે વીજળીની પ્રતિમા ઝગ-ઝગાટ કરી રહી હોય એમ લાગતું.” શ્રીસનાતન મિશ્ર પ્રસૂતિ-ગૃહમાં ગયા તો કન્યાનું સંપૂર્ણ સૌંદર્ય જોઇને તેમના હર્ષનો પાર રહ્યો નહિ. એમનાં નેત્રમાંથી પ્રેમાશ્રુ વહેવા લાગ્યાં અને આવી કન્યા પોતાને ઘેર આપવા માટે પ્રભુને ધન્યવાદ દેવા લાગ્યા. દંતકથા એવી છે કે, એ સમયે શ્રીસનાતન મિશ્રે દેવ-વાણી સાંભળી કે, “ મિશ્ર ! તું આ કન્યાને ઓળખી શક્યો નથી. એ તારા આરાધ્ય–દેવ શ્રીવિષ્ણુની પ્રિયતમા વિષ્ણુપ્રિયા છે. જગ-ન્નાથ પંડિતને ઘેર નારાયણનો અવતાર થયો. આજ તારે ઘેર લક્ષ્મીજીનો આવિર્ભાવ થયો.” એ દિવસથીજ પતિપત્ની એ બાલિકાને લક્ષ્મીસ્વરૂપ માનીને તેનું લાલનપાલન કરવા લાગ્યાં.

શુકલપક્ષની ચંદ્રકળાની પેઠે એ દિનપ્રતિદિન વધવા લાગી. વિષ્ણુ-ભક્ત સનાતન મિશ્રે તેનું નામ વિષ્ણુપ્રિયાજ પાડ્યું.

ધીમે ધીમે વિષ્ણુપ્રિયાએ આઠમા વર્ષમાં પ્રવેશ કર્યો. સુંદર વસ્ત્રાભૂષણ પહેરીને એ પિતાના ઘરમાં રમતી અને જનનીની સાથે દરરોજ ગંગાસ્નાન કરવા જતી. તેનો સ્વભાવ ઘણોજ નમ્ર અને ધૈર્યવાળો હતો. ઊંચું મુખ કરીને કોઇની સાથે બોલતી નહિ. તેના સુંદર મુખકમળ ઉપર વિશ્વપ્રેમની જ્યોતિ ચમકી રહી હતી. દયા, માયા, સ્નેહ અને લાગણીથી બાલિકાનું હૃદય ભરપૂર હતું. દીન, દુઃખી, પતિત અને અધમ પ્રત્યે એ વિશેષ લાગણી બતાવતી. રાજપંડિત સનાતન મિશ્રના ઘરમાં કોઇ વસ્તુની ખોટ નહોતી. બાલિકા વિષ્ણુપ્રિયા મોકળે હાથે ઘરમાંથી અન્નવસ્ત્ર લાવીને ગરીબોને આપતી. એ લોકોને મન તો એ સાક્ષાત્ અન્નપૂર્ણા હતી. ગંગા ઉપર તેની અચળ અને અગાધ ભક્તિ હતી. દરરોજ ત્રણ વાર સ્નાન કરવા જતી. માતાપિતા ઉપર પણ તેની પ્રગાઢ શ્રદ્ધા હતી. બાલ્યાવસ્થાથીજ તે વિષ્ણુભક્તિપરાયણ હતી. નવદ્વીપના એ ગંગાઘાટ ઉપર સ્નાન કરવા સારૂ શ્રીચૈતન્યદેવનાં માતુશ્રી શચિદેવી પણ પ્રતિદિન જતાં. ઘાટ ઉપર વિષ્ણુપ્રિયાની માતા સાથે એમનાં બહેનપણાં બંધાયાં. બાલિકા વિષ્ણુપ્રિયાને જોઇને એમને ઘણો આનંદ થતો અને એ એને પ્રેમથી રમાડતાં. વિષ્ણુપ્રિયા પણ એમને ઘણું ચાહતી. શચિદેવી જ્યારે જ્યારે એ બાલિકાને જોતાં ત્યારે ત્યારે એમના મનમાં એજ વિચાર આવતો કે, "આ છોકરી મારા પુત્રને લાયક છે." શ્રીચૈતન્ય ભાગવતમાં લખ્યું છે કે, માતા શચિદેવી દરરોજ ગંગાસ્નાન કરવા જતાં ત્યારે બાલિકા વિષ્ણુપ્રિયા તેમની પાસે આવીને નમ્રતાપૂર્વક પ્રણામ કરતી. શચિમાતા પણ પ્રેમપૂર્વક તેને આશીર્વાદ આપતાં કે, "કૃષ્ણ ભગવાન તને યોગ્ય પતિ આપજો" અને ગંગાસ્નાન કરીને મનમાં અભિલાષ કરતાં કે, "આ કન્યા મારી પુત્રવધૂ બનજો."

શચિદેવીને એ પ્રમાણે પ્રાર્થના કરવાનું ખાસ કારણ હતું. શ્રીગૌરાંગદેવનાં પત્ની લક્ષ્મીદેવીએ સ્વર્ગવાસ કર્યાથી એમનું ઘર સૂનું થઇ પડ્યું હતું. કોઇ કામમાં એમનું ચિત્ત લાગતું નહિ. ઘરમાં જરાયે ગોઠતું નહિ. ક્યારે મારા ગૌરાંગનો ફરીથી વિવાહ થાય એ ચિંતામાં એ રાતદિવસ રહેતાં હતાં. પુત્રની અવસ્થા નાની હતી, પણ સંસાર ઉપર એને આસક્તિ નહોતી. એના

મોટા ભાઇ વિશ્વરૂપે સંન્યાસ લીધો હતો, એટલે શચિદેવીને શંકા હતી કે ગૌરાંગને લગ્નની બેડીથી બાંધવામાં નહિ આવે તો એ પણ ઘરબાર ત્યજીને ચાલ્યો જશે અને એવું થાય તો પછી આ વિશાળ સંસારમાં એમને કોનો આશરો ? વિષ્ણુપ્રિયા એમની આંખમાં ખૂંપી ગઇ હતી, પણ એના પિતા સનાતન મિશ્ર રાજ-પંડિત હતા. એવા મોટા માણસની કન્યા એક ગરીબ વિધવાના પુત્રને અને તે પણ બીજવરને પરણે એ આશા એમને મનથી મિથ્યા હતી. એ વિચારથી શચિદેવી ઘણી વાર નિરાશ થઇ જતાં. પેલી તરફ સનાતન મિશ્રની અવસ્થા જુદા પ્રકારની હતી. એ ગૌરાંગદેવને પોતાના જમાઇ બનાવવા માગતા હતા, પણ આખા બંગાળામાં પ્રસિદ્ધ થઇ પડેલા એ વિદ્વાન પંડિત પોતાની કન્યા-નું માગું સ્વીકારશે કે કેમ, એ બાબત એમને શંકા રહેતી હતી અને તેથી તેઓ માગું મોકલતાં સંકોચાતા હતા.

શ્રીગૌરાંગદેવની વય એ સમયે ત્રીસ વર્ષથી કાંઇક ઓછી હતી. વિદ્યામાં નવદ્વીપ નગરમાં એ સૌથી મુખ્ય પંડિત મનાતા હતા. એમણે સ્થાપેલ વિદ્યાલયમાં એ સમયે હજારો વિદ્યાર્થી અધ્યયન કરતા હતા. એવા અગ્રગણ્ય પંડિતની આગળ પોતાની કન્યાનું માગું લઇ જવાનું સાહસ સનાતન મિશ્ર ન કરી શકે એ સ્વાભાવિક હતું, પરંતુ ગૌરાંગદેવમાં તો વિદ્વત્તાની સાથે નમ્રતા, ગર્વશૂન્યતા અને વિનય એટલાં બધાં હતાં કે રાજપંડિતની બધી શંકા નિર્મૂળ થઇ ગઈ.

શચિદેવીએ પોતે એક પાડોશી બ્રાહ્મણદ્વારા ડરતાં ડરતાં શ્રીગૌરાંગનો વિવાહ વિષ્ણુપ્રિયા સાથે કરવાનો પ્રસ્તાવ સનાતન મિશ્ર આગળ રજૂ કર્યો. સનાતન મિશ્ર અને તેમનાં પત્નીના હર્ષનો પાર રહ્યો નહિ. તેમણે કહ્યું: “ અમને આશા નહોતી કે શ્રીગૌરાંગ અમારા જમાઇ થવાનું સ્વીકારશે. આજ અમારી અભિલાષા પાર પડી છે. ” ગૌરાંગદેવને અત્યાર સુધી આ વાત-ની ખબર નહોતી, પણ જ્યારે એમણે માતાની ઇચ્છા જાણી ત્યારે વગર આનાકાનીએ લગ્ન સ્વીકારી લીધું.

લગ્નનો શુભ દિવસ પણ નક્કી થયો. બન્ને પક્ષ તરફથી ભારે તૈયારીઓ થવા લાગી. સનાતન મિશ્ર તો રાજપંડિત હતા એટલે એમને ત્યાં કોઇ વાતની ખોટ નહોતી. જમાઇ પંડિત શ્રી-ગૌરાંગ ગરીબ હતા, પરંતુ તેમના ગામમાં બુદ્ધિમંત ખાન નામ-

નો એક જમીનદાર રાજા હતો. તે ગૌરાંગદેવનો પરમ ભક્ત હતો. તેણે તથા મુકુંદ સંજય નામના એક ધનવાન બ્રાહ્મણે ગૌરાંગ પ્રભુના લગ્નનું બધું ખર્ચ પોતાને માથે લીધું હતું; એટલે પૂર્ણ ઠાઠ સહિત શ્રીગૌરાંગદેવનું લગ્ન વિષ્ણુપ્રિયા સાથે થયું. આખા નદિયા નગરમાં એ દિવસે આનંદ વ્યાપી ગયો. શચિદેવીની તો એક મોટી અભિલાષા પાર પડી, એટલે તેમના હર્ષનો પાર ન રહ્યો.

વિવાહના થોડા દિવસ પછી વિષ્ણુપ્રિયા સાસરે ગયાં. દેવી વિષ્ણુપ્રિયાના ગુણોની જેટલી પ્રશંસા કરવામાં આવે તેટલી થોડી હતી. એક પતિપરાયણા વિદુષી અને આજ્ઞાકારિણી સ્ત્રીમાં જેટલા ગુણ હોવા જોઇએ તેટલા બધા એમનામાં હતા. એ ગુણોથી એમણે સાસુનેજ નહિ, પરંતુ આડોશીપાડોશીની સ્ત્રીઓને પણ મુગ્ધ કરી દીધી. ઘરનું બધું કામકાજ એમણે પોતાને માથે ઉપાડી લીધું. સાસુને એ માતા કરતાં પણ અધિક પ્રિય ગણીને પુષ્કળ કાળજીથી તેની સેવા કરતાં હતાં.

લગ્ન થયા પછી થોડા દિવસ બાદ સનાતન મિશ્ર શચિદેવીને ઘેર જઇને પુત્રી વિષ્ણુપ્રિયા તથા જમાઇને પોતાને ઘેર તેડી ગયા. પુત્રવધૂને વિદાય કરતાં શચિદેવીનાં નેત્રમાં આંસુ આવી ગયાં અને તેમણે એને ખોળામાં બેસાડીને કહ્યું: “મા ! તું મારા ઘરમાં અંધારૂં કરીને ચાલી જાય છે ! જલદી પાછી આવજે. તારા વગર મારાથી રહેવાશે નહિ.”

શ્રીગૌરાંગ પ્રભુ થોડાક દિવસ સાસરે રહીને ઘેર પાછા આવ્યા. વિષ્ણુપ્રિયા પિયેરજ રહ્યાં. શચિદેવીનો એમના પ્રત્યે એટલો બધો પ્રેમ હતો કે દરરોજ ગંગાસ્નાન કરવા જતી વખતે વેવાઇને ઘેર જઇ પુત્રવધૂ વિષ્ણુપ્રિયાને મળી આવતાં. થોડા દિવસ પછી શચિદેવીના આગ્રહથી વિષ્ણુપ્રિયાનું આણું વળાવવામાં આવ્યું. આ વખતે એમની વય તેર વર્ષની હતી. નવયૌવનનાં અંકુર પ્રત્યેક અંગમાં જણાઇ આવતાં હતાં. તેમના રૂપલાવણ્યનો પાર નહોતો. એ વયમાં તેમણે સાસુ અને પતિની સેવા કરવામાં જરા પણ કચાશ રાખી ન હતી. સાસુ ગંગાસ્નાન કરવા જાય ત્યારે છાયાની પેઠે એ એમની સાથે સાથે જતાં અને ગામમાં પિયેર હોવા છતાં સાસુની રજા વગર બારોબાર પિયેર પણ જતાં નહિ.

શ્રીગૌરાંગ પ્રભુનો ઘણોખરો સમય વિદ્યાર્થીઓને ભણાવવામાં જતો હતો. એક દિવસ વિષ્ણુપ્રિયા પતિને જમાડતાં હતાં તે

સમયે ગૌરાંગદેવે માતુશ્રીને જણાવ્યું કે, "મારી ઇચ્છા પિતૃશ્રાદ્ધ કરવા ગયાજી ધામ જવાની છે." શચિદેવી એ સાંભળીને ચિંતામાં પડ્યાં. તેમણે કહ્યુંઃ "બેટા નિમાઈ ! તું તો મુજ આંધળીનો ટેકો છે. મારા નયનનો તારો છે. તને જોયા વગર એક ઘડી મારાથી રહેવાતું નથી. તું પિતૃકર્મ કરવા જાય છે એટલે વધારે તો શું કહું ? પણ જીવતી જનનીના નામનો પણ પિંડ દેતો આવજે, કેમકે તારા વગર મારાથી જીવાવાનું નથી." આર્યસંતાનનું કર્તવ્ય છે કે પોતાના પૂર્વજોને પિંડદાન કરે, એ વાત સારી પેઠે સમજાવીને ગૌરાંગદેવે માતાને શાંત કર્યાં. માતાએ ચંદ્રશેખર આચાર્યને સાથે મોકલ્યા. બીજા કેટલાક વિદ્યાર્થીઓ પણ સાથે ગયા. એ સમયમાં પગરસ્તે કલકત્તાથી ગયા જવું એ પણ લાંબી અને જોખમભરેલી મુસાફરી ગણાતી હતી.

વિષ્ણુપ્રિયાએ પતિના પ્રવાસની બધી વાત સાંભળી હતી. એમના જીવનમાં પ્રાણવલ્લભના વિયોગનો આ પ્રથમ પ્રસંગ હતો. વિરહના વિચારથી એ અધીરાં બની ગયાં, પણ કરે શું ? સાસુજીએ હૃદય કઠણ કરીને રજા આપી તો પોતે પતિને પિતૃકૃત્ય કરવા જતાં કેવી રીતે રોકી શકે ? ગયા જતાં પહેલાં શ્રીગૌરાંગદેવ ઘરમાં પત્નીની વિદાય લેવા ગયા હતા અને કહ્યું હતું કે, "આ શિયાળામાં પાછો આવીશ, ઘેર રહી માતાની સેવા કરજે." શ્રીમતી વિષ્ણુપ્રિયા એકીટશે પતિના મુખ સામું જોઇ રહ્યાં. એક શબ્દ એમના મુખમાંથી નીકળ્યો નહિ. મસ્તક નીચું નમાવીને પતિદેવતાના ચરણ તરફ ઝાંખી રહ્યાં. એમનાં નેત્રોમાંથી અશ્રુબિંદુ સરવા લાગ્યાં. શ્રીગૌરાંગ એ જોઇને ખેદ પામ્યા. તેમણે પ્રિયાને વક્ષઃસ્થળમાં ધારણ કરીને છાનાં રાખ્યાં. વિષ્ણુપ્રિયાને મનથી એ સુખની અમૂલ્ય ક્ષણ હતી. થોડી વાર પછી તેમણે કહ્યુંઃ "હૃદયેશ્વર ! તમારા વગર હું કોઇને ઓળખતી નથી. કયા દોષની ખાતર મને છોડીને જાઓ છો ?" પ્રભુ કાંઇ બોલ્યા નહિ. પ્રેમાલિંગનદ્વારા પત્નીને શાંત કરી એ વિદાય થયા. માતા શચિદેવી તેમને વળાવવા નદી સુધી ગયાં.

સ્વામીના ગયા પછી થોડી વાર સુધી તો વિષ્ણુપ્રિયા પતિની પથારીમાં ઓશીકામાં મોઢું સંતાડીને ખૂબ રોયાં. ત્યાર પછી દેવસેવાની ઓરડીમાં જઈ ઠાકોરજીને પ્રાર્થના કરવા લાગ્યાંઃ "મારા પ્રાણવલ્લભ વિદેશ સિધાવે છે, તેમને કોઇ પણ જાતની

અડચણ ન પડે અને એ સાજાતાજા પાછા આવે એવું કરજો.”

પતિવિયોગનો સમય વિષ્ણુપ્રિયાએ સાસુની સેવામાં ગાળ્યો.

ગયામાં જઇને શ્રીગૌરાંગ ભગવત્પ્રેમમાં મગ્ન થઇ ગયા. ગયામાં વિષ્ણુપદનાં દર્શન કરતાં કરતાં એમનાં નેત્રમાંથી દડદડ અશ્રુધારા વહેવા લાગી. એમને પોતાના શરીરનું પણ ભાન ન રહ્યું: “ કૃષ્ણ ! પ્રભો ! ” કહેતાં કહેતાં એ ગળગળા થઇ ગયા. એજ સમયમાં એમને ઈશ્વરપુરી નામના એક સંન્યાસી મળ્યા. એમણે શ્રીગૌરાંગને શિષ્ય બનાવ્યા. હવે શ્રીગૌરાંગની દશા વિલક્ષણ થઇ ગઇ. એમની સાથેનાં માણસો એમની એવી દશા જોઇને ગભરાયા. મહામહેનતે તેઓ એમને નવદ્વીપ પાછા લાવ્યા. ઘેર જઇને શ્રીગૌરાંગે શચિદેવીને પ્રણામ કર્યા. પતિને જોઇને વિષ્ણુપ્રિયાને ઘણો આનંદ થયો; પરંતુ બધાએ જોયું કે, શ્રીગૌરાંગદેવના સ્વભાવમાં ઘણો ફેરફાર થયો છે. ગયા જતાં પહેલાં એમની જે દશા હતી તે હવે નથી રહી; મુખ ઉપર હાસ્ય નથી, ઉત્સાહ નથી. શચિદેવી કાંઇ પણ ન સમજી શક્યાં. એમણે ધાર્યું કે પુત્ર ઘણા દિવસે યાત્રાથી આવ્યો છે. ત્યાં અનેક પ્રકારનાં કષ્ટ વેઠવાં પડ્યાં હશે, પગે ચાલવું પડ્યું હશે, તેથીજ આવી દશા થઈ ગઇ છે; પરંતુ પુત્રનું ઊતરી ગયેલું મુખ જોઇને માતાનું મન વ્યાકુળ થઇ ગયું. તરતજ સ્નાન તથા ભોજનની વ્યવસ્થા કરી. ભોજન કરીને શ્રીગૌરાંગદેવ ભક્તો એકઠા કરીને ગયાજીની વાતો કહેવા લાગ્યા. કૃષ્ણકથા કહેતાં કહેતાં એમનાં નયનમાં આંસુ ભરાઇ આવ્યાં. એ વાત આગળ ચલાવી ન શક્યા. ભગવાનના પ્રેમને લીધે એમનું હૃદય ઉન્મત્ત થઈ ગયું. ‘ શ્રીકૃષ્ણ ’ ‘ ભગવન્ ’ કહેતાં કહેતાં એ ગાંડા થઈ જતા હતા. શચિદેવી અને વિષ્ણુપ્રિયાએ પણ એ જોયું. પતિની આવી દશા વિષ્ણુપ્રિયાએ પહેલાં કદી પણ જોઇ નહોતી. એમના હૃદયમાં ભય ઉત્પન્ન થવા લાગ્યો. “ પતિ આમ શા સારૂ કરતા હશે ? એમને આ શું થઇ ગયું ? જાત્રા કરવા તો ઘણાએ જાય છે પણ આવું તો કોઇને થતું નથી.” એવી ચિંતાઓથી વિષ્ણુપ્રિયાના બાલહૃદયના ચૂરેચૂરા થવા લાગ્યા. શરમનાં માર્યાં કોઇની આગળ એ પોતાની મૂંઝવણ જણાવી નહોતાં શકતાં, તેથી એમનું દુઃખ વધારે તીવ્ર થઇ પડયું. એ લોકો ચિંતા કરતાં ગયાં, પણ શ્રીગૌરાંગનો ભગવત્પ્રેમ વધતો ગયો. શચિદેવીને પુત્રનો એ ભાવ સારો ન લાગ્યો. શ્રીકૃષ્ણના પ્રેમમાં મુગ્ધ

થઇ જઇને એ આંસુની ધારા પાડી રહ્યા હતા ત્યારે શચિદેવીએ પૂછ્યું: “ બેટા ! તું રડે છે શા સારૂ? તને શું દુઃખ છે ? ” શ્રી-ગૌરાંગે કાંઇ ઉત્તર ન આપ્યો. ‘ શ્રીકૃષ્ણ ’ ‘ શ્રીકૃષ્ણ ’ કહેતાં કહેતાં તેઓ વધારે રોવા લાગ્યા. વિષ્ણુપ્રિયા એમની એ દશા જોઇને ઘણાં દુઃખી થયાં. ઘણે દિવસે સ્વામી ઘેર આવ્યા છે, તોપણ બિચારાં મન મૂકીને બે ઘડી એમની સાથે વાતચીત પણ નથી કરવા પામ્યાં. આટલા દિવસ મનમાં જે આશાઓ બાંધી રાખી હતી તે ઉપર પાણી ફરી વળ્યું. હૃદયમાં ઊંડો ઘા લાગ્યો. એ વિચારવા લાગ્યાં: “ એમને કાંઇ રોગ થયો હશે ? ” આખરે એક દિવસ કઠણ હૈયું કરીને શરમ મૂકીને તેઓ સાસુને કહેવા લાગ્યાં: “ મા ! એમને શું થઇ ગયું છે ? વૈદને બોલાવીને એમની દવા કરાવોને ? ” બાલિકા પુત્રવધૂની વાત સાંભળીને શચિદેવી રોઇ પડ્યાં. એ વધારે ન ગભરાય એટલા સારૂ મનની વાત મનમાં રાખીને બોલ્યાં: “ બેટા ! બહુ ચિંતા ન કરીશ. નારાયણ મારા દીકરાના બધા રોગ મટાડી દેશે. તું આજે પૂજાની સામગ્રી બરોબર તૈયાર કર. ” સાસુનાં મીઠાં વચનોથી વિષ્ણુપ્રિયાને શાંતિ થઇ અને ઘણી હોંશથી એ દિવસે નારાયણની પૂજાની તૈયારી કરવા લાગ્યાં. યથાસમયે કુલપુરોહિતે આવીને ગૃહદેવતા શ્રીલક્ષ્મીનારાયણની યથાવિધિ પૂજા અને અભિષેક કરીને શ્રીગૌરાંગના નામથી મહાસ્વસ્ત્યયનનો આરંભ કર્યો. વિષ્ણુપ્રિયા અને શચિદેવી મંદિરના ઉમરા આગળ બેસીને હાથ જોડીને નારાયણને કેટલીએ વિનતિ કરી રહ્યાં હતાં, કેટલી-એ બાધાઆખડી રાખી રહ્યાં હતાં ! પૂજા થઇ રહ્યા પછી શચિ-દેવીએ નારાયણનો પ્રસાદ શ્રીગૌરાંગને આપ્યો. પુરોહિતે શાંતિનું જળ એમના ઉપર છાંટ્યું. શ્રીગૌરાંગ ચુપચાપ બેસી રહ્યા હતા. કોણ જાણે શું વિચારી રહ્યા હતા ? આંખોમાંથી દડદડ આંસુ ટપકતાં હતાં. કૃષ્ણપ્રેમને લીધે એમને કોઇ વાતનું ભાન નહોતું. પૂજા સમાપ્ત થયા પછી બધાએ મળીને ઠાકોરજીને પ્રણામ કર્યાં. સ્વામીભક્ત વિષ્ણુપ્રિયાએ મનમાં ને મનમાં પ્રાર્થના કરી: “ હે મધુસૂદન ! હે વિપદ્‌ભંજન નારાયણ ! હે લક્ષ્મીકાંત ! મારા પ્રાણ વલ્લભની મતિ ઠેકાણે આણો. મારા પ્રાણનાથને પહેલાંના જેવા કરી આપો. ” શ્રીગૌરાંગનો પ્રણામ કરવાનો વારો આવ્યો ત્યારે એ સાષ્ટાંગ દંડવત્ કરીને પ્રાર્થના કરવા લાગ્યા કે, “ દીનબંધુ ! હે કૃષ્ણ ! એક વાર દર્શન આપો. તમારા વિરહને હું સહન નથી

કરી શકતો. તમે મારા જીવનનું સર્વસ્વ છો. તમારા સિવાય મારે કશુંય ન જોઇએ. ધન, જન, સુંદરી, કવિતા આદિ કાંઇ પણ મારે નહિ જોઇએ. મને તો તમે તમારી નિઃસ્વાર્થ ભક્તિ પ્રદાન કરો." એ પ્રાર્થના બધાંએ સાંભળી. વિષ્ણુપ્રિયાના મનમાં એથી તો વધારે ઉચાટ થયો. શચિદેવીના મનમાં પણ સંદેહ ઉત્પન્ન થયો, પણ મનનો ભાવ છુપાવીને તેઓ વહુને કહેવા લાગ્યાં: "આજે પુરોહિતજી અહીંજ ભોજન કરવાના છે, તેની તૈયારી કરો."

શ્રીગૌરાંગદેવ મંદિર આગળજ બેસી રહ્યા અને એકીટશે દેવતાના સામું જોવા અને રોવા લાગ્યા.

શચિદેવીના મનમાં આનંદ નથી, વિષ્ણુપ્રિયાના મુખ ઉપર પણ હાસ્ય નથી. શ્રીગૌરાંગ આમ પ્રભુપ્રેમમાં ઘેલા ન થઇ જાય અને સંસારમાં આસક્તિ રાખે એ વિષે બન્ને જણાંઓ ઘણો વિચાર કરવા લાગ્યાં. પેલી તરફ શ્રીગૌરાંગનો વૈરાગ્ય દિનપ્રતિદિન વધતોજ જતો હતો. ઈશ્વરપ્રેમના આવેશમાં એકદમ વિહ્વળ થઇ જતાં ભણાવવાના કાર્ય ઉપર એમનું ચિત્ત ચોટતું નહિ. ભણાવતાં ભણાવતાં એમને મૂર્છા આવી જતી. કોઇક વાર દીન બની વિદ્યાર્થીઓની માફી માગવા બેસી જતા.

શચિદેવીને આ બધું જોઇને ઘણું લાગી આવતું. પુત્રનું ચિત્ત સંસારમાં ચોટે એટલા સારૂ એ વિષ્ણુપ્રિયાને શણગાર સજાવીને પુત્રની પાસે મોકલતાં, પણ શ્રીગૌરાંગ તેમના સામું બરોબર જોતા પણ નહિ, ઊલટું રુદન કરવા લાગતા અને મોટે સ્વરે 'હાય કૃષ્ણ! હાય પ્રાણેશ્વર! ક્યાં ગયા?' એમ બોલતા. બાલિકા વિષ્ણુપ્રિયા એ દેખાવ જોઇને ગભરાઇને નાસી આવતી. એને બીક લાગી હતી કે પતિ યુવાન છે, બળવાન છે, છતાં દુર્બળ બાળકની પેઠે રડે છે શા સારૂ? એક વાર એમણે સાસુને જગાડ્યાં. શચિદેવીએ રડતા પુત્રની પાસે જઇને એમ કરવાનું કારણ પૂછ્યું; પણ કાંઇ ઉત્તર ન મળ્યો. શ્રીગૌરાંગે તો ઉત્તરમાં કેવળ કૃષ્ણકથા કહેવા માંડી. એમાંજ રાત વીતી ગઇ. ત્યાર પછી શ્રીગૌરાંગદેવે નવદ્વીપના બીજા ભગવદ્ભક્તોની સાથે મળીને એક કીર્તનસમાજ સ્થાપી. એ સમાજમાં બધા સભાસદો એકઠા મળીને ભગવાનના ગુણાનુવાદ ગાતા હતા. રાતદિવસ કીર્તન થતું હતું. હવે તો ગૌરાંગે ઘેર આવવું પણ છોડી દીધું. ભાગ્યેજ ઘેર સૂઇ રહેતા. વિષ્ણુપ્રિયાની ચિંતાનો પાર રહ્યો નહોતો.

એજ સમયમાં શ્રીગૌરાંગદેવે ગામેગામ ભજન કરીને અનેક ભજનમંડળીઓ સ્થાપી. અનેક ચોર, લૂંટારા, પાપી અને પાખંડીને સદાચારી બનાવ્યા. ધર્મનું નામનિશાન ન જાણુનારા હજારો માણુસોને ઈશ્વરભક્ત બનાવ્યા. અનેક હિંદુ, મુસલમાન, ઊંચ તથા નીચ જાતિનાં મનુષ્યો એમની કૃપાથી કૃષ્ણુભક્ત બન્યાં. એમની અસર એટલી બધી ફેલાઇ કે એ સમયનો નવદ્વીપનો કાજી ચાંદખાં એમની સોબતમાં રહીને કૃષ્ણુભક્ત બન્યો હતો. એ દિવસોમાં કેશવભારતી નામના એક માધ્વ સંપ્રદાયના સંન્યાસી નવદ્વીપમાં આવ્યા. શ્રીગૌરાંગની સાથે એમને ઓળખાણ થયું. એમની પાસે સંન્યાસ લેવાની શ્રીગૌરાંગને ઇચ્છા થઇ અને એમને એ પોતાને ઘેર તેડી ગયા. સંન્યાસીને જોતાંવારજ શચિદેવીનો જીવ ઊડી ગયો; કેમકે એમનો મોટો છોકરો એવી રીતે સંન્યાસી થઇ ગયો હતો. શચિદેવીએ શ્રીગૌરાંગને સંન્યાસીને બોલાવવાનું કારણુ સ્પષ્ટરીતે પૂછ્યું. શ્રીગૌરાંગે ધીમે રહીને કહ્યું: "મા! હું સંન્યાસી સાથે શ્રીકૃષ્ણુકથા કહી રહ્યો હતો. એ ઘણા સારા ભક્ત છે. હું તમારી રજા વગર કાંઇ કામ કરતો નથી, ભગવાન કૃષ્ણુ મને ગમે ત્યાં લઈ જશે તોપણુ હું તમારી રજા વગર નહિ જાઉં." એ જવાબથી શચિદેવીનું મન કાંઈક શાંત થયું. વિષ્ણુપ્રિયા એ સમયે પિયેર હતાં એટલે સંન્યાસીના આવ્યા ગયાની ખબર એમને પડી નહિ.

શ્રીગૌરાંગદેવે દૃઢ સંકલ્પ કર્યો હતો કે, હવે ઘરમાં ન રહેવું. સંન્યાસાશ્રમમાં જવાનો એમણે પાકો વિચાર કરી લીધો હતો. કેશવભારતીની સાથે થયેલી વાતચીતનું એ પરિણામ હતું. એમના એ વિચારની બધાને ખબર પડતાં વાર ન લાગી. આખા નવદ્વીપમાં એની ચર્ચા થવા લાગી. શચિદેવીએ જ્યારે એ સમાચાર સાંભળ્યા ત્યારે એમના ઉપર દુઃખનો ડુંગર તૂટી પડ્યો. એ વૃદ્ધ ડોશી મૂર્છા ખાઇને પડ્યાં. શ્રીગૌરાંગના ભક્તોએ વિષ્ણુપ્રિયાને કાને પણુ આ વાત પહોંચાડી. એમનું ધારવું હતું કે વિષ્ણુપ્રિયા સિવાય બીજું કોઇ એમને સંસારમાં રાખી શકે એમ નથી. વિષ્ણુપ્રિયાએ પિયેરમાં એ સમાચાર સાંભળતાંજ સાસુને દાસી સાથે ગુપ્ત રીતે કહેવરાવ્યું કે, "મને તેડવા સારૂ માણુસ મોકલો." વિષ્ણુપ્રિયાની ઉંમર એ સમયે કેવળ ચૌદ વર્ષની હતી. સાસરેથી તેડું આવતાંવારજ શુકન કે મુહૂર્ત જોવાની પણુ વાટ જોયા

વગર માતપિતાની રજા લઈ ચિંતાતુર વદને વિષ્ણુપ્રિયા સાસરે આવ્યાં. એમના નેત્રમાંથી આંસુ વહેતાં હતાં. દુઃખમાં કોઈ પોતાનાજ સમાન દુઃખીઆને જોતાં હૃદયને કાંઇક શાંતિ મળે છે. શચિદેવીએ પોતાના દુઃખને સમાવીને પુત્રવધૂને આશ્વાસન આપ્યું કે, "મારો ગૌરાંગ મને પૂછ્યા વગર ક્યાંય જનાર નથી. એણે મને ખાતરી આપી છે." પ્રભુએ બે નારીઓનું ક્રંદન સાંભળ્યું. શ્રીગૌરાંગ બપોરેજ ભોજન કરવા ઘેર આવ્યા. વિષ્ણુ-પ્રિયાને પિયેરથી ત્યાં આવેલાં જોઇને એમને આશ્ચર્ય થયું. દેવીએ પતિને માટે સ્વાદિષ્ટ ભોજન રાંધીને પ્રેમથી પીરસવા માંડ્યું. માતા શચિદેવીએ લાગ જોઇને પુત્રને બે શબ્દ કહ્યાઃ "દીકરા! તું મને છોડીને ચાલ્યો જઇશ? તું પણ તારા મોટાભાઇની પેઠે મને દુઃખસાગરમાં ડુબાડીશ? મેં સાંભળ્યું છે કે તું જગતના જીવોને ધર્મનું શિક્ષણ આપવા સારૂ સંન્યાસ લેવાનો છે, પણ વૃદ્ધ માતા-નો વધ કરીને તું ધર્મકાર્ય કેવી રીતે કરી શકીશ? પોતે અધર્મી થઈ બીજાઓને તું શો ધર્મ શીખવીશ?" માતાની એ હૃદયવિદા-રક વાણી શ્રીગૌરાંગ નીચે મુખે સાંભળી રહ્યા. માતાએ છેવટના જે શબ્દો કહ્યા તે તો એમના હૃદયને પિગળાવી નાખવાને માટે પૂરતા હતા. "હાય! નિમાઇ, લોકો તને ભગવાન કહે છે. જીવ-માત્ર પ્રત્યે તારી દયા છે. શું કેવળ આ ચિરદુઃખિની અભાગણી જનેતાની સાથેજ તું નિર્દય થઇશ?"

ત્યાર પછી પોતાની વાત પડતી મૂકીને એમના ગયાથી એમ-ના ભક્તોની શી દશા થશે તે તરફ ધ્યાન ખેંચ્યું; કેમકે એ જાણતા હતા કે ભક્તો ઉપર શ્રીગૌરાંગદેવનો ઘણો પ્રેમ છે. છેવટે માતા-એ કહ્યું: "ખાતરી રાખજે કે, તું સંન્યાસ લઇશ તે પહેલાં તો હું મરીશ અને પછી વિષ્ણુપ્રિયા મરશે." પત્નીનું નામ સાંભળતાં શ્રીગૌરાંગદેવનું શરીર કંપી ઊઠ્યું. છેવટે શચિદેવીએ ધર્મશાસ્ત્રનું શરણ લઇ પુત્રને કર્તવ્ય સમજાવવા માંડ્યું: "દીકરા! તેં હજી ગૃહસ્થાશ્રમ પૂરો ભોગવ્યો નથી, સંતાન ઉત્પન્ન કરી પિતૃઋણ ચૂકવ્યું નથી. વળી ધર્મશાસ્ત્રમાં કહ્યું છે કે, તરુણાવસ્થા એ સંન્યાસધર્મના પાલન માટે યોગ્ય વય નથી. કામ, ક્રોધ, લોભ, મોહ, એ યૌવનમાં પ્રબળ હોય છે. એ વયમાં તારો સંન્યાસ સફળ કેવી રીતે થશે? કલિયુગમાં મનને અંકુશમાં રાખી શકાતું નથી. મનમાં ચંચળતા આવવાથી ધર્મનો ક્ષય થાય છે. આ કલિ-

યુગમાં તો ગૃહસ્થાશ્રમમાંજ રહીને લોકો ધર્મનું પાલન કરી શકે છે." શ્રીગૌરાંગદેવ અત્યાર લગી ચુપચાપ બેસી રહ્યા હતા, કાંઇ પણ ઉત્તર આપતા નહોતા; પણ હવે માતાને મુખેથી ધર્મતત્ત્વની સૂક્ષ્મ વાતો સાંભળ્યા પછી તેમનાથી શાંત બેસી રહેવાયું નહિ! એમના પાંડિત્ય સંબંધી અભિમાનને આઘાત લાગ્યો. ગંભીર ભાવ ધારણ કરીને ધર્મની દૃષ્ટિએજ તેમણે માતાને ઉપદેશ દેવા માંડ્યો: "કોણ તારો પુત્ર અને કોણ તારો બાપ? તું મારૂંતારૂં કરે છે એ મિથ્યા છે. આ જગતમાં કોણ કોનો પતિ છે અને અને કોણ કોની પત્ની છે? શ્રીકૃષ્ણચરણ વિના જીવોની અન્ય ગતિજ નથી. એજ માતા, પિતા, બંધુ, કર્તાહર્તા અને ધન છે. એના વિના બધું મિથ્યા છે. વિષ્ણુમાયાના બંધથી જગત ચાલી રહ્યું છે. પોતાના મદ અને અહંકારથી તો લોકો ઊલટી પીડા પામે છે. મનુષ્ય પોતાને માટે જે કર્મને લાભકારી ગણે છે તેજ કર્મ પરકાળમાં તેને બંધનરૂપ થઇ પડે છે. ચૌદલોકમાં આ મનુષ્ય-જન્મ દુર્લભ છે. વળી એ ક્ષણભંગુર છે માટે એનો સદુપયોગ કરીને કૃષ્ણભક્તિ કર્યાથીજ જીવાત્મા બધાં બંધનોમાંથી મુક્ત થાય છે. જેટલા ભાવથી તમે મારા પ્રત્યે પુત્રસ્નેહ દાખવી રહ્યાં છો તેટલાજ ભાવથી શ્રીકૃષ્ણચરણમાં ચિત્ત પરોવો તો જીવન સફળ થઇ જશે." આ ઉપરાંત અનેક રીતે સંસારની નશ્વરતા તથા પ્રભુભક્તિનું મહત્ત્વ સમજાવીને પોતાને સંન્યાસ લેવાની શા માટે આવશ્યકતા છે તે માતાને સમજાવ્યું.

ખરી વાત એ છે કે, મહાપુરુષોનો આવિર્ભાવ કોઇ ખાસ ઉદ્દેશ પાર પાડવા સારૂજ થાય છે. શ્રીચૈતન્યદેવના જન્મનો જે ઉદ્દેશ હતો તે એમના સંન્યાસ લીધા વગર પાર પડે એમ ન હતો. એક તો એ પોતે ભગવદ્‌ભક્તિમાં મસ્ત હોઇ ઘરમાં રહેવાનું પસંદ કરતા નહોતા; બીજું એમનો ઉદ્દેશ ધર્મપ્રચાર કરવાનો હતો. સંસારમાં રહ્યાથી એ હેતુ પાર પડે એમ નહોતું. ભારતવર્ષમાં એ સમય ધર્મની દૃષ્ટિએ દયાજનક હતો. હિંદુઓમાં ધાર્મિક સ્વતંત્રતાનું નામ નહોતું. બ્રાહ્મણો બીજી વર્ણો ઉપર પોતાની સત્તા જમાવીને એટલા બધા દુરાચારી બની ગયા હતા કે, કેટલાકને 'પાપમૂર્તિ' કહીએ તોપણ ચાલી શકે. મુસલમાનો જોરજુલમથી હિંદુઓને વટલાવતા હતા. કેટલાક હિંદુઓ પણ અડધા મુસલમાન થઇ ગયા હતા. ભગવદ્‌ભક્તિ અને સદા-

ચારનું નામ રહ્યું નહોતું. બંગાળાના શાક્તોએ દુરાચારનો એવો પ્રવાહ વહેવરાવ્યો હતો કે, શ્રીગૌરાંગદેવનો જન્મ ન થયો હોત અને સંન્યાસી બનીને શુદ્ધ તથા પવિત્ર ધર્મનો એમણે પ્રચાર ન કર્યો હોત તો કેવળ બંગાળાજ નહિ પણ આખું ભારતવર્ષ પાપ–ભૂમિ બની ગયું હોત.વામમાર્ગીઓના પંચ મકારથી બંગાળા ગભરાઇ રહ્યું હતું. શ્રીગૌરાંગે એ બધી વાત માતાને સમજાવી, એટલે ગમે તેટલો સ્નેહ હોવા છતાં માતા એમને સંન્યાસ લેતાં નિષેધ ન કરી શક્યાં. એમને ખબર પડી કે પુત્ર ઉપર મારી એકલીનોજ અધિકાર નથી, એના ઉપર આખા જગતનો અધિકાર છે. આખરે એમના મુખમાંથી નીકળીજ ગયું: "પુત્ર! તું પુરુષોમાં રત્ન છે. તું આજથી સ્વતંત્ર છે. મારા ભાગ્યમાં તારૂં આટલુંજ સુખ લખ્યું હશે. જા, હવે તું સુખે સંન્યાસ લે અને તારા જીવનનો મહાન ઉદ્દેશ પાર પાડ."

શચિદેવી વાત્સલ્યપૂર્ણ હતાં. સ્ત્રીજાતિમાં એમનો જન્મ થયો હતો. પુત્રને સંન્યાસી થવાની આજ્ઞા આપી તો ખરી, પણ એથી એમને ઘણું દુ:ખ થયું. એ સ્નેહમયી જનની પુષ્કળ રડવા લાગ્યાં. શ્રીગૌરાંગે એમને ધીરજ આપીને કહ્યું: "મા! હું હજુ થોડા દિવસ ઘેર રહીશ. તમે રડશો નહિ. જતી વખતે તમારી રજા લઇને જઇશ." શ્રીગૌરાંગે વિચાર્યું કે, "માતાની રજા તો મળી ગઇ પણ હજુ એક એવી બીજી વ્યક્તિની રજા લેવી બાકી છે, કે જેનો અધિકાર ઓછો નથી." એ વ્યક્તિ હતી દુ:ખી વિષ્ણુપ્રિયા.

શ્રીગૌરાંગ એ રાત્રે ઘરમાં શયન કરી રહ્યા હતા. નિદ્રા આવી હતી કે નહિ એ તો એ પોતેજ જાણે. રાત વધારે ગઇ નહોતી. ભોજન કરીને વિષ્ણુપ્રિયા એમની પાસે ગયાં અને પતિને ઊંઘતા જોઈને એમના ચરણ આગળ બેસી ગયાં. સજળ, આતુર નેત્રથી એ પતિના મુખને જોવા લાગ્યાં. શ્રીગૌરાંગને જગાડવાનું સાહસ એમનાથી ન થયું; કેમકે એવી નિશ્ચિંત નિદ્રા લેતા એમણે પતિને કદી જોયા નહોતા. ભગવાનનું કીર્તન કરવામાં શ્રીગૌરાંગ આખી રાત જાગરણ કરતા હતા. આજ તેમને સૂતેલા જગાડવાનું વિષ્ણુપ્રિયાને યોગ્ય ન લાગ્યું. શ્રીગૌરાંગના દર્શનથીજ વિષ્ણુપ્રિયાને સુખ છે. વિષ્ણુપ્રિયાના ચિત્તમાં ઊંડી ચિંતા હતી, કેમકે એમણે સાંભળી રાખ્યું હતું કે પતિ ઘર છોડીને ચાલ્યા જવાના છે. એ દારુણ સમાચારનું સ્મરણ કરતાંવારજ એમના કોમળ હૃદયને

વજ્રાઘાત થયો. એમના નેત્રોમાંથી આંસુનો વરસાદ વરસવા લાગ્યો. એ આંસુથી શ્રીગૌરાંગના ચરણ ભીના થયા અને એ જાગી ઊઠ્યા તથા કહેવા લાગ્યાઃ "તું રડે છે શા માટે? હું તો તારી પાસેજ છું." એટલું સાંભળતાંવાર તો વિષ્ણુપ્રિયાની આંખોમાંથી અશ્રુધારા વધારે જોરથી વહેવા લાગી. શ્રીગૌરાંગે તેને રોકવાનો ઘણોએ પ્રયત્ન કર્યો પણ એ આંસુ ખાળી ન શકાયાં. શ્રીગૌરાંગને વ્યસ્ત જોઇને વિષ્ણુપ્રિયા કહેવા લાગ્યાંઃ "નાથ! શું એ સાચી વાત છે કે તમે મને છોડીને ઘરમાંથી ચાલ્યા જશો, સંન્યાસી થઇ જશો? એ ખબર સાંભળીને મારૂં હૃદય ચિરાઇ જાય છે. તમે મને છોડીને જવાના હો તો પછી આ જીવનની આવશ્યકતાજ શી છે? હું જીવીને શું કરીશ? હું એમ ધારતી હતી કે મારા જેવી ભાગ્યવતી કોઇ નથી, કેમકે તમે મારા પ્રિય પ્રાણનાથ છો! મને મોટી આશા હતી કે આ યૌવન, આ તન અને મન તમને સમર્પણ કરીને તમારો સંસાર સુખી કરીશ. હાય! મને મારા પોતાના સુખની કાંઇ પરવા નથી. ગૃહત્યાગથી તમને સુખ થવાનું હોત તોપણ ધીરજ ધરત, પરંતુ સંન્યાસી થઇને તમે કયાં ફરતા ફરશો? કાંટા કાંકરા આ કોમળ પગને વીંધી નાખશે! તમે દુઃખ કયે દિવસે જોયું છે? વરસાદની ઝડીમાં, જેઠવૈશાખના ઉગ્ર તાપમાં, કકડતી ટાઢમાં તમે એકલા ગામેગામ અને અરણ્યે અરણ્ય કેવી રીતે વિચરશો? તમારા ચરણ સિવાય મારી ગતિ નથી. મને ઠેસ મારીને તમે ચાલ્યા જશો? તમને ધર્મ-ભય પણ નથી? વૃદ્ધ માતા શચિદેવી તમારા જવાની વાત સાંભળીનેજ અધમૂઆં થઇ ગયાં છે, તેમની શી દશા થશે? તમારા ભક્ત મુકુન્દ દત્ત, શ્રીનિવાસ અને હરિદાસનું શું થશે? શું તમે એ બધાને છોડી દઇને સંન્યાસ લેશો? એમ કર્યાથી લોકોમાં તમારો અપયશ થશે. મારાથી તમારી નિંદા કેમ સાંભળી શકાશે?" થોડી વાર ચૂપ રહ્યા પછી તેમને એક બીજો વિચાર સૂઝ્યો. તે પતિના ચરણ પકડીને રોતાં રોતાં કહેવા લાગ્યાંઃ "પ્રાણેશ્વર! હૃદયવલ્લભ! મારે લીધેજ તમે સંસારી છો, ગૃહસ્થાશ્રમી છો. આ સંસારમાં જંજાળરૂપ કોઇ હોય તો હુંજ છું. આ અભાગણીની ખાતરજ તમે સંસારત્યાગ કરવા તૈયાર થયા છો. હુંજ તમારા ધર્મજીવનમાં પરમશત્રુ બની છું. મારે લીધેજ તમે નિશ્ચિંત થઇને ભજનકીર્તન કરી શકતા નથી. સ્ત્રીનું કર્તવ્ય છે કે

પતિના ધર્મકાર્યમાં આડખીલીરૂપ ન થવું. મારૂં જીવન તમને વિઘ્નરૂપ થઈ પડયું હોય તો ધૂળ પડી એ જીવતરમાં ! હું આ જીવનને વધારે દિવસ ટકાવી રાખીશ નહિ. હું ઝેર ખાઇને મરીશ. એથી સુખે તમે ઘરમાં રહીનેજ ધર્મકર્મ કરજો. ગૃહત્યાગ કરવાની આવશ્યકતા પછી રહેશે નહિ. હે નાથ ! તમારા સાધનપંથનો કાંટો, તમારા ધર્મજીવનની શત્રુ—આ હતભાગિનીને વિદાય આપો!"

શ્રીમતીના હૃદયમાં આજે વિષમ વેદના હતી. મનમાં દારુણ વ્યથા હતી. આજ એમનાથી બહુ બોલી પણ શકાતું નહોતું. એમનાં બંને કમળલોચનમાંથી અવિરત અશ્રુધારા વહેતી હતી.

શ્રીગૌરાંગ આટલી વાર પત્નીનો મર્મભેદી, હૃદયવિદારક, વિષાદપૂર્ણ વિલાપ સાંભળતા હતા. એમનો દરેક શબ્દ એમના હૃદયને બાણની પેઠે વીંધતો હતો. શ્રીગૌરાંગના હૃદયમાં પત્નીનો વિલાપ સાંભળીને દારુણ વેદના થઇ. મનના ભાવને છુપાવીને શ્રીગૌરાંગ પત્નીને પ્રેમપૂર્વક લાડ લડાવવા લાગ્યા. પત્નીને સેંકડો વાર તેમણે સ્નેહસૂચક ચુંબન કર્યું. તેમની એ પ્રેમચેષ્ટાઓ જોઇને વિષ્ણુપ્રિયા મનમાં વિચારવા લાગ્યાં: "ખરેખર ! શું આ સ્વામી મને છોડીને ચાલ્યા જશે ?" એટલામાંજ એમનો મનોભાવ સમજી જઇને શ્રીગૌરાંગ બોલ્યા: "પ્રાણાધિકે ! પ્રિયતમે ! તને કોણે કહ્યું કે, હું તને છોડીને ગૃહત્યાગ કરવાનો છું ? તું નકામી શોક કરી રહી છે અને તારા મન તથા શરીરને પીડા પમાડી રહી છે. હું તને કહ્યા વગર કદી જનાર નથી એ ખાતરી રાખજે અને નાહક દુઃખી થઇશ નહિ." પતિનાં આ આશ્વાસન–વાક્યોથી વિષ્ણુપ્રિયા પ્રેમસાગરમાં ડૂબી ગયાં. તેમનું બધું દુઃખ દૂર થઇ ગયું. દુઃખની એક પણ વાત એ વખતે તેમને સાંભરી નહિ. પતિસુખમાં એ નવયુવતીએ આખી રાત ગાળી. દુઃખમય સંસાર અત્યારે તો એમને સુખનો ભંડાર જણાયો, પરંતુ એ સુખમાં પણ વિષ્ણુપ્રિયાને વિષમ દુઃખનું ચિહ્ન જણાયું. પ્રાણવલ્લભના મુખ સામું નીરખતાં એ મલિન જણાયું. પતિની આંખોમાં આંસુ હતાં, એમના હૃદયમાં કાંઇ ગુપ્ત ભાવ છુપાયલો જણાતો હતો. આ બધી પ્રેમચેષ્ટા ઉપરની હતી એમ લાગતું હતું. એ વિચાર ઉત્પન્ન થતાંજ વિષ્ણુપ્રિયાને ફરીથી શંકાઓ ઉત્પન્ન થઇ. પતિના બન્ને હાથ પકડીને પોતાના વક્ષઃસ્થળ ઉપર ધારણ કરીને એ કહેવા લાગ્યાં: "હૃદયવલ્લભ ! મને લાગે છે કે તમે મારી સાથે

છળકપટ કરી રહ્યા છો. તમારૂં મુખ જોતાં એમ લાગે છે કે તમારા હૈયામાં મેલ છે. મને છેતરવા માટે આપ બહારથી પ્રેમ દાખવી રહ્યા છો. નાથ ! હૃદયસર્વસ્વ ! મારી છાતી ઉપર હાથ મૂકીને સોગંદ ખાઓ કે આ અભાગણીને છોડીને ક્યાંય પણ નહિ જાઓ. હું તમારા વગર બીજા કોઇને ઓળખતી નથી. તમારાં ચરણો સિવાય મારી ગતિ નથી. વગરવાંકે મારા ગળા ઉપર છૂરી ચલાવશો નહિ. પ્રભુ ! તમે મારા સ્વામી છો, હું તમારી દાસી છું; તમે પુરુષ છો હું પરવશ અબળા છું. હું તમારી યુક્તિ કેવી રીતે જાણી શકું ? મને સંદેહ ઊપજે છે કે તમે મને છોડીને ચાલ્યા જશો. જોજો, કંઇ સ્ત્રીહત્યાના પાપના ભાગી ન બનો.”

શ્રીગૌરાંગ સ્થિર અને ગંભીરભાવે પત્નીની બધી વાત સાંભળી રહ્યા હતા. હવે એમણે મનની વાત છુપાવવાનો પ્રયત્ન કર્યો નહિ. એ છેવટની દારુણ કથા, એ પ્રાણઘાતક વાણી ‘ હું સંન્યાસ ગ્રહણ કરીશ ’ પત્નીને સંભળાવવાનો સમય આવી પહોંચ્યો હતો. શ્રીમતીના વક્ષમાં એ તીક્ષ્ણ છરી ભોંકવાનો સમય આવી પહોંચ્યો હતો ! હવે ગૌરાંગથી ઝાઝી વાર મૌન બેસી રહેવાયું નહિ. એમણે મુખ મલકાવીને પ્રિયાને ધર્મ અને કલ્યાણની વાતો સમજાવવા માંડીઃ “ પ્રિયતમે ! આ બધો સંસાર મિથ્યા છે. એ સંસાર નહિ, પણ અસાર છે. માતા, પિતા, પતિ, પુત્ર, ભાઇ, બંધુ કોઇ કોઇનું નથી. કૃષ્ણભજન એજ જીવનનો એકમાત્ર ઉદ્દેશ છે. એને સારૂજ મનુષ્યનો જન્મ છે. આ દુર્લભ માનવજન્મ ધારણ કરીને કોઇ કૃષ્ણભજન ન કરે તો એનો જન્મ ફોકટ છે. માન, અભિમાન, એ બધું એકદમ તજવા લાયક છે. સંસારની માયામાં ફસાઇને લોકો કૃષ્ણભજનને ભૂલી જાય છે, એથીજ એમને નરકની વેદના ભોગવવી પડે છે. જો સંસારરૂપી દાવાનળ-માંથી રક્ષણ મેળવવું હોય તો શ્રીકૃષ્ણનું ભજન કરો. તમારૂં નામ વિષ્ણુપ્રિયા છે ! પ્રિયે ! તમારે એ નામ સાર્થક કરવું જોઇએ. મિથ્યા શોક કરશો નહિ. બીજી બધી ચિંતા દૂર કરીને શ્રીકૃષ્ણ-નું ભજન કરો.” પરંતુ આ ઉપદેશ સાંભળવા છતાં પણ પત્નીના મનમાંનો વિષાદ દૂર થયેલો ન જણાયો, ત્યારે શ્રીગૌરાંગે આશ્વા-સન આપ્યું કે, “ પ્રિયતમે ! તને છોડીને હું ક્યાં જવાનો છું ? જ્યારે જઇશ ત્યારે તને કહીને જઇશ. હજુ તો તારી સાથે થોડા દિવસ રહીને સંસાર ચલાવીશ. તારા જેવી પત્ની મને મોટા

ભાગ્યથી મળી છે.” પતિનાં એ વચનો સાંભળ્યાથી વિષ્ણુપ્રિયાને કાંઈક આશ્વાસન મળ્યું, છતાં ‘ તારી સાથે થોડા દિવસ રહીને સંસાર ચલાવીશ ’ એ શબ્દોને લીધે તેમના મનનો સંદેહ બિલકુલ દૂર થઇ ગયો નહિ. તેમણે પતિ પાસે એ શબ્દોનો સ્પષ્ટ ખુલાસો માગ્યો. આખરે નિરૂપાય થઇને ગૌરાંગને પત્નીને જણાવવુંજ પડ્યું કે, “ પ્રિયતમે ! તારાથી હું કોઇ વાત છુપાવવાનો નથી. આ જીવનમાં હું દુઃખ ભોગવવાજ આવ્યો છું. દુઃખ મારા જીવનનો સંગી છે. હું ઘણું રોયો પણ જીવો કૃષ્ણનામ લેતા નથી. તું અને વૃદ્ધમાતા રડશો ત્યારે લોકોનાં હૃદય પીગળશે અને તેઓ પણ હરિનામ લેતાં શીખશે; એટલા માટેજ મેં ઘર છોડવાનો સંકલ્પ કર્યો છે. તારા રોયાથી જીવોનાં પાપ ધોવાઇ જશે. મારા ધર્મકાર્યમાં હું તારી સહાયતા ચાહું છું. સંસારનાં બધાં સુખ છોડીને, તારા જેવી તરુણ, પતિવ્રતા, સુંદર પત્નીને છોડીને, વૃદ્ધ અને પુત્રવત્સલ માતાને છોડીને, પ્રાણથી પણ અધિક વહાલા ભક્તોને છોડીને, કૌપીન ધારણ કરીને, સંન્યાસી વેશમાં દીનદરિદ્રની પેઠે ગામેગામ અને પોળેપોળ ફરીને લોકોને હરિનામ દેવાનો ઉપદેશ નહિ દઉં, ત્યાંલગી જીવોના ઉદ્ધારનું કાર્ય સફળ થશે નહિ. પ્રિયે ! મેં તને મારા જીવનનો ઉદ્દેશ સ્પષ્ટ જણાવી દીધો. મારા શુભ કાર્યમાં અડચણરૂપ થઇશ નહિ. માએ રજા આપી છે. તું પણ રજા આપી તારૂં વિષ્ણુપ્રિયા નામ સાર્થક કર.”

એમ છતાં પત્નીને રડતી જોઇને શ્રીગૌરાંગે કહ્યુંઃ “ વિષ્ણુપ્રિયા ! તું રડીશ નહિ. ભગવાન તને બળ આપો. તારા આક્રંદનથી જીવોનો ઉદ્ધાર થશે. ભગવાન તારૂં કલ્યાણ કરશે. જીવોનાં દુઃખ જોઇને મારાથી સ્થિર બેસી રહેવાતું નથી. તું મારી સહધર્મિણી છે. મારા આ ધર્મકાર્યમાં સહાયતા આપ. ”

શ્રીમતીએ ગદ્‌ગદ કંઠે કહ્યુંઃ “ પ્રાણવલ્લભ ! હું તમારી દાસી હોવા છતાં તમારા પવિત્ર ચરણની અધિકારી નહિ બનું, એ દુઃખ મરતાં સુધી મારાથી નહિ ભુલાય. તમારી દાસી બનવામાંજ મારૂં અહોભાગ્ય છે. મારાં કયા પાપને લીધે મારી આવી અધોગતિ કરો છો ? ”

શ્રીગૌરાંગે કહ્યુંઃ “ તું મને બરોબર સમજી નથી. તારી સાથેનો મારો સઘળો સંબંધ તૂટવાનો નથી. કેવળ બહારનો શારીરિક સંબંધ છે તેજ બંધ પડશે, બાકી બધા સંબંધ કાયમ રહેશે.

મારા અંતરમાં તું સદા બિરાજમાન રહેશે. હું પણ તારા અંતરમાંથી ખસવાનો નથી. કેવળ લોકશિક્ષાને સારૂ મારો આ સંન્યાસ છે. તારા ઉપર મારો જે પ્રેમ છે તે અવિચ્છિન્ન રહેશે. તારી આંખથી આઘો થતાંવારજ તારા પ્રત્યેનો મારો પ્રેમ સોગણો વધી પડશે. એ સુખ વિરહજન્ય સુખ હશે, એ પ્રીતિ ખરી પ્રીતિ હશે. તું મને વીસરી નહિ શકે એ હું સારી પેઠે જાણું છું."

આટલાથી પણ વિષ્ણુપ્રિયાને સંતોષ ન થયો. તેમણે કહ્યું: "તમે સંન્યાસી થઇને ઘરબાર છોડો એ મને પસંદ નથી. હાલ સંસારમાં ચિત્ત ન ચોંટતું હોય તો ભલે તીર્થયાત્રા નિમિત્તે બહાર જઇ લોકોનું કલ્યાણ કરી આવો, પરંતુ તમે સંન્યાસી થશો તો લોકોમાં મારી નિંદા થશે. સતીસાધ્વી સ્ત્રીઓ ટીકા કરશે કે, મારી ખાતરજ સ્વામીએ ઘરબાર છોડીને સંન્યાસ લીધો. મારાથી એ અપવાદ સહન નહિ થાય."

શ્રીગૌરાંગની વ્યવહારબુદ્ધિનો લોપ થયો નહોતો. એમને લાગ્યું કે, દેવીની એ દલીલ બહુ સાચી છે. એમણે પત્ની આગળ પોતાનો પરાજય તો સ્વીકાર્યો પણ જ્ઞાન આપવું ન છોડ્યું. હવે એમણે પ્રભુની સહાયતા માગીને પત્નીને દિવ્ય જ્ઞાન આપ્યું. શ્રીચૈતન્યને વિષ્ણુના અવતાર માનનારા ભક્તો એમ પણ માને છે કે શ્રીગૌરાંગે પત્નીને દિવ્ય ચક્ષુ આપ્યાં, જેથી થોડી વારમાં એમણે જોયું કે સામે તેમના સ્વામીને બદલે શંખ, ચક્ર, ગદા અને પદ્મધારી ચતુર્ભુજ વિષ્ણુની મૂર્તિ સાક્ષાત્ ઊભી છે.

શ્રીમતી વિષ્ણુપ્રિયાએ એ મૂર્તિનાં દર્શન કરીને કહ્યું: "પ્રભુ! તમારૂં આ ચતુર્ભુજ સ્વરૂપ સમેટી લો. તમારૂં આ રૂપ મને સારૂં લાગતું નથી, મારે ઐશ્વર્ય જોઇતું નથી; હું અબળા રમણી છું, સ્વામીજ મારા પરમ દેવતા છે, મારે સ્વામી સિવાય બીજું કાંઇજ જોઇતું નથી. મારા સ્વામીનાથ ક્યાં ગયા? તમને પગે પડું છું, મારા સ્વામી મને પાછા આપો." એટલું કહીને દેવી પ્રભુના ચરણમાં પડીને રોવા લાગ્યાં. શ્રીગૌરાંગે પોતાનું એ રૂપ સંવરણ કરી લીધું. દેવીએ જોયું કે પતિ પોતાને ખોળામાં લઇને લાડ લડાવી રહ્યા છે. શ્રીગૌરાંગે પોતાનો પરાજય સ્વીકારીને કહ્યું: "પ્રિયતમે! તું ખરેખરી સાધ્વી છે. તેં મારી ચતુર્ભુજ નારાયણ મૂર્તિની પણ અપેક્ષા કરી છે. તારી પતિભક્તિ, તારો પતિપ્રેમ જોઇને હું મુગ્ધ થઇ ગયો છું. તને છોડીને

હું ક્યાં જઇ શકું? મારા આ હૃદયમાં તું સદાને માટે બિરાજીશ. લોકો તો સમજશે કે મેં તારો ત્યાગ કર્યો છે, પણ તું સદાને માટે મારા હૃદયની અધિષ્ઠાત્રી દેવી થઇને રહીશ. જે સમયે તું વિરહાતુર થઇને મારૂં સ્મરણ કરીશ, તે સમયે હું તને મળવા હાજર થઈશ. હું જ્યાં જઇશ ત્યાં તને વીસરીશ નહિ. આ વાત તું સાચીજ માનજે."

પતિવ્રતા શ્રીમતી વિષ્ણુપ્રિયા દેવીએ હવે સ્વામીના આદેશને માથે ચઢાવ્યો અને નીચું મુખ કરીને અશ્રુભીનાં નયને કહ્યું: "પ્રાણેશ્વર! હૃદયકાંત! તમે આજથી સ્વતંત્ર છો. તમને જેમાં સુખ તથા હિત જણાય, તે કાર્ય કુશળતાપૂર્વક કરો. હું એમાં અડચણ નાખનાર કોણ? તમારા સુખમાંજ મારૂં સુખ છે. આ જન્મમાં રડતી આવી છું. રડીનેજ શેષ જીવન ગાળીશ, પણ તમારૂં એથી કલ્યાણ થતું હોય તો એ બધું સુખેથી કરીશ. ઘણા પુણ્યના બળ વડે તો તમારી દાસી બની છું. એ ઉચ્ચપદ, એ મહાન સંપત્તિ, પ્રભુ! છીનવી લેતા નહિ. દુઃખી દાસી ગણીને શ્રીચરણમાં સ્થાન આપજો. એજ મારી છેવટની વિનતિ છે."

આત્મોત્સર્ગનું કેવું ઉજ્જવલ દૃષ્ટાંત છે! મનુષ્ય ધન, જીવન અને પુત્રનો ત્યાગ કરી શકે છે; પણ પતિવ્રતા, પતિભક્ત સ્ત્રી પોતાના પતિને કદી છોડી શકતી નથી. પરોપકારની ખાતર વિષ્ણુપ્રિયા દેવી પોતાના પતિને સંન્યાસી બનાવવા તૈયાર થઇ ગયાં. પોતાનું જીવન પતિ વગર કેવું કષ્ટમય થશે તેનો વિચાર છોડી દીધો. પોતાના સુખની પરવા ન કરતાં બીજાઓનુંજ કલ્યાણ થાય એને એમણે શ્રેષ્ઠ ગણ્યું. વિષ્ણુપ્રિયાનો આ સ્વાર્થત્યાગ ખરેખર જગતમાં અતુલનીય હતો!

માતા તથા પત્નીને આપેલા વચન પ્રમાણે શ્રીગૌરાંગ થોડા દિવસ ઘરમાં રહ્યા. એટલા દિવસ એમણે ઘરકાર્યમાં સારી રીતે ધ્યાન આપ્યું. દેવી વિષ્ણુપ્રિયાની સાથે રસવાર્તાઓ કરી. શચિદેવીને એથી ઘણો આનંદ થતો. એ પ્રમાણે સુખ અને આનંદમાં છ માસ વીતી ગયા. માઘ માસની ઉત્તરાયણ સંક્રાંતિ આવી પહોંચી. એ દિવસે શ્રીગૌરાંગદેવે ગૃહત્યાગ કરવાનો સંકલ્પ કરી રાખ્યો હતો. એ દિવસે એમણે માતાને કહ્યું: "મા! આજ ઉત્તમ દિવસ છે. બ્રાહ્મણોને તથા વૈષ્ણવોને સારી પેઠે જમાડવા જોઇએ. શચિદેવી હોંશપૂર્વક રાંધવાના કામમાં ગૂંથાયાં અને વિષ્ણુપ્રિયા

સાસુને સામગ્રી આપવામાં રોકાયાં. એ દિવસે અનેક ભક્તોએ તેમને ઘેર ભોજન કર્યું. પછી શ્રીગૌરાંગે આખા નદિયાનગરમાં ઘેરે ઘેર ફરીને ભક્તો સાથે પુષ્કળ વાતો કરી અને પહોર રાત ગંગા-તટે ભજનોમાં ગાળીને ઘેર પાછા આવ્યા. વાળુ કરીને માતા સાથે ઘરસંસારની અનેક વાતો કરીને શયનગૃહમાં ગયા. વિષ્ણુ-પ્રિયા દેવીએ પાનની પેટી, ચંદન, ફૂલની માળા આદિ લઇને સહાસ્ય વદને ત્યાં પ્રવેશ કર્યો. શ્રીગૌરાંગે મૃદુ હાસ્યપૂર્વક તેમને આલિંગન આપ્યું. એ રાત્રિએ દંપતીએ ઘણી પ્રેમલીલા કરી. વિષ્ણુપ્રિયાને તો કાંઇ ભાન નહોતું, પણ શ્રીગૌરાંગ તો જાણતા હતા કે, આ મારાં છેલ્લાં લાડ છે. થોડી વાર પછી વિષ્ણુપ્રિયા દેવીને ગાઢ નિદ્રા આવી ગઇ. શ્રીગૌરાંગ એ લાગ જોઇને ધીમેથી ઊઠ્યા. સૂતેલી પ્રિયાનું સૌંદર્યમય મુખ અનિમેષ નેત્રે એક વાર જોયું. તેના વદન ઉપર ધીમેથી અંતિમ ચુંબન કર્યું અને એકદમ કોઇ જાણવા ન પામે એવી રીતે શયનગૃહમાંથી બહાર નીકળી પડ્યા. ત્યાંથી નીકળી આંગણામાં સૂતેલાં માતાને હાથ જોડીને પ્રણામ કર્યા અને જન્મભૂમિને છેલ્લા નમસ્કાર કરી નદિયામાંથી વિદાય લઇ ગંગા નદીમાં તરીને સામે પાર પહોંચ્યા.

થોડી વાર પછી વિષ્ણુપ્રિયાની આંખ ઊઘડી. એમણે જોયું કે ગૌરાંગદેવ પોતાની પાસે નથી. અંધારામાં વધારે ન દેખાયું, પણ જોયું તો કમાડ ઉઘાડાં હતાં. એ એકદમ રોવા લાગ્યાં. તેમણે વિચાર્યું કે, "મશ્કરીમાં મને ગભરાવવા સારૂ કાંઇ સંતાઇ ગયા હશે." ઘરના ચારે ખૂણામાં જોયું, પણ પત્તો લાગ્યો નહિ. હવે એ દુઃખ-માં મગ્ન થઇને સાસુની પાસે ગયાં. એ સમાચાર સાંભળતાંવાર સાસુ ઉપર તો જાણે વજ્ર તૂટી પડ્યું. બંને જણાં હાથમાં દીવો લઇને શ્રીગૌરાંગને ખોળવા લાગ્યાં અને ક્યાંય પણ પત્તો ન લાગતાં રોકકળ મચાવી મૂકી. આડોશીપાડોશીઓ જાગીને દોડી આવ્યાં. વિષ્ણુપ્રિયાએ સમયે મૂર્છા ખાઇને ભૂમિ ઉપર પડ્યાં હતાં.

થોડી વારમાં આખા નગરમાં એ સમાચાર ફેલાઇ ગયા. સાંભળનાર બધાંને દુઃખ થયું. તેમણે આવીને સાસુવહુને દિલાસો આપવા માંડ્યો. વિષ્ણુપ્રિયાની અવસ્થા જોઇને બધાને એમ લાગ્યું કે આ દશા રહી તો એમના દેહમાં પ્રાણ નહિ રહે.

શચિદેવીના બનેવી ચંદ્રશેખર અને શ્રીગૌરાંગના શિષ્યો શ્રીગૌરાંગની શોધમાં ચારે તરફ નીકળી પડ્યા.

હવે શ્રીગૌરાંગદેવની ખબર લઇએ. તેઓ શિયાળાની રાતે નીકળીને, ટાઢની જરાય પરવા ન કરતાં, ગંગાજીને પાર કરીને કટવા ગામ પહોંચ્યા. ત્યાં એમણે કેશવભારતી પાસે સંન્યાસ લીધો. સંન્યાસ લીધા પછી એ વૃંદાવન જવા નીકળ્યા, પણ માર્ગ ભૂલી જવાથી શાંતિપુર પહોંચ્યા અને પોતાના વૃદ્ધ શિષ્ય અદ્વૈતાચાર્યને ઘેર ઊતર્યા. એમની શોધમાં નીકળેલાં માણસોને એમના સંન્યાસની ખબર પડી, અને એમણે એ સમાચાર જઇને શચિદેવી તથા વિષ્ણુપ્રિયાને જણાવ્યા. એ વૃત્તાંત સાંભળતાં બન્નેની જે દશા થઇ તે વર્ણવી શકાય એમ નથી. વિષ્ણુપ્રિયા વિલાપ કરવા લાગ્યાં: "હાય નાથ ! આ અભાગિનીને અનાથ બનાવવા માટેજ તમે સંન્યાસ લીધો કે શું ? તમે શા સારૂ ઘર છોડીને ચાલ્યા ગયા ? તમારાં મીઠાં વચનો સાંભળ્યા વગર હું કેવી રીતે જીવી શકીશ ? હાય ! આ કઠણ હૈયામાંથી પ્રાણ કેમ નથી નીકળતો ? ચિતા સળગાવો, હું હમણાંજ બળી મરૂં છું. સારા માણસો તો કોઇના જીવને સતાવતા નથી તો પછી તમે આટલા બધા મનુષ્યોના જીવ શા સારૂ બાળ્યા ? તમે તો ધર્મપ્રચારક છો છતાં તમને ધર્મનો ભય કેમ નથી ? મા અને સ્ત્રીને માર્યાથી તમારૂં શું કલ્યાણ થશે ? હાય ! મારો આ પ્રાણ કેમ નથી નીકળી પડતો ?" એટલું કહેતાં કહેતાં એ પૃથ્વી ઉપર ઢળી પડીને રોવા લાગ્યાં. એટલામાં શ્રીગૌરાંગદેવના સાથી નિત્યાનંદ ત્યાં આવ્યા અને શચિદેવીને જણાવ્યું કે, "શ્રીગૌરાંગ અદ્વૈતાચાર્યને ઘેર શાંતિપુરમાં છે. તમારી ઇચ્છા હોય તો એક વાર જઇને એમને મળી આવો, પણ વિષ્ણુપ્રિયાને સાથે ન લઇ જતાં. એમણે મના કરી છે. સંન્યાસીને પત્નીનું મુખ જોવાથી પાપ લાગે છે." શચિદેવીને એ સાંભળીને જરાક શાન્તિ થઇ; પણ વિષ્ણુપ્રિયા કહેવા લાગ્યાં: "હાય ! મારૂં કેવું દુર્ભાગ્ય કે એમનાં દર્શન પણ નથી કરી શકતી ? હાય ! મેં અભાગણીએ એમની સ્ત્રી થઇને શા સારૂ જન્મ ગ્રહણ કર્યો ? હું એમની પત્ની ના હોત તો એમનાં પવિત્ર દર્શનથી વંચિત થાત નહિ. તેમણે આખા નદિયાના લોકોને શાંતિપુર જવાની રજા આપી છે—નકાર કર્યો છે મુજ હતભાગિનીને ! હાય ! મેં એમનો એવો તે શો ગંભીર અપરાધ કર્યો છે કે, એમણે દર્શન-સુખથી પણ મને વંચિત કરી ?"

વિષ્ણુપ્રિયાની અનેક સખીઓએ તેમનો આ વિલાપ સાંભળ્યો,

પણ એ બિચારીઓ શો ઉત્તર આપે ? એમણે તો સખીનાં અશ્રુ ભેગાં પોતાનાં અશ્રુ ભેળવીને સહાનુભૂતિ દર્શાવી.

શચિદેવી પુત્રનાં દર્શન કરવા શાંતિપુર ગયાં. વિષ્ણુપ્રિયાનો આશાપ્રદીપ હજુ હોલવાયો નહોતો. એમણે આશા બાંધી કે, "માતા પુત્ર પાસે જઇ સમજાવી-પટાવીને પાછા લાવશે. નાથ ઘરમાં નહિ રહે તો પરવા નહિ. દૂરથી પણ એમનાં દર્શન તો હું કરી શકીશ. મા જરૂર છોકરાને પાછો આણુશે. જો એમ નહિ થાય તો હું નદીમાં ડૂબી મરીશ કે વિષપાન કરીશ." આ પ્રમાણે તેઓ મહાઉદ્વેગમાં સમય ગાળવા લાગ્યાં.

શચિદેવી શાંતિપુર જઇને શ્રીગૌરાંગને મળી આવ્યાં. થોડા દિવસ એ દુઃખને વીસરી ગયાં.

પરંતુ શચિદેવી જ્યારે એકલાંજ ઘેર પાછાં આવ્યાં ત્યારે વિષ્ણુપ્રિયાની બધી આશાઓ ધૂળમાં મળી ગઇ. પુત્રને સંસારમાં પાછો આણવાથી એના ધર્મનો નાશ થશે એ શંકાથી શચિદેવી એમને ઘેર પાછા લાવ્યાં નહોતાં.

શ્રીગૌરાંગદેવ માતાની રજા લઇ ધર્મપ્રચાર કરવા સારૂ બહાર નીકળી પડ્યા. પહેલા જગન્નાથપુરી ગયા અને ત્યાંથી દક્ષિણમાં નીલગિરિ સુધી જઇને વૃંદાવન આવ્યા. આખા ભારતવર્ષમાં એમણે શિષ્યોદ્વારા ધર્મોપદેશ કર્યો. વૃંદાવનથી કાશી અને પ્રયાગ થઇને જગન્નાથપુરી પાછા આવ્યા. એ યાત્રાઓમાં એમણે ભક્તિ અને પ્રેમનો પ્રવાહ વહેવરાવ્યો. લાખો દુરાચારીઓને સદાચારી અને પરમ ભક્ત બનાવ્યા. બંગાળના શાક્તધર્મીઓમાં પંચ મકારનો પ્રચાર વધી પડ્યો હતો તે દૂર કર્યો અને પોતાના પવિત્ર ચારિત્ર્યથી ભારતવર્ષના હિંદુ, મુસલમાન, ઉચ્ચ-નીચ સર્વને ભગવદ્‌ભક્ત બનાવી દીધા.

નવદ્વીપમાં વિષ્ણુપ્રિયાની દશા ઘણી શોકજનક હતી. એ સર્વદા સાસુની પાસે રહેતાં. રખે સાસુને ઓછું આવે, પુત્રવિરહનું દુઃખ સાંભરી આવે એ શંકાથી એ કદી મોટે સાદે વિલાપ કરતાં નહિ; પરંતુ મનની અંદર જરા પણ શાંતિ નહોતી. શ્રીગૌરાંગના વિરહથી એમનું હૃદય ધગધગ બળતું હતું. એ અગ્નિ કદાપિ શાંત થવાનો નહોતો. હવે એમણે કઠોર બ્રહ્મચર્ય વ્રત પાળવા માંડયું હતું. સ્વામીના સંન્યાસી વેશનું સ્મરણ કરીને એ ઘણી-

વાર અશ્રુધારા પાડતાં અને સ્વામી એ આશ્રમમાં કેવું સાદું, સાત્ત્વિક અને તપશ્ચર્યામય જીવન ગાળતા હશે તેની કલ્પના કરીને પોતે પણ એવુંજ જીવન ગાળતાં. એક દિવસ તો એમણે શરીર ઉપરના બધા અલંકાર કાઢી નાખ્યા. અંગ ઉપર ભસ્મ ચોળી સૌભાગ્યની નિશાનીરૂપ બે કંકણ કેવળ રાખ્યાં. સાડી બદલીને ભગવાં વસ્ત્ર ધારણ કર્યાં. એ પ્રમાણે સંન્યાસી શ્રીગૌરાંગદેવનાં પત્ની ઘરમાં રહ્યા છતાં પણ સંન્યાસિની બન્યાં. એમ પણ કહેવાય છે કે સતીએ પતિને પત્રદ્વારા પુછાવ્યું હતું કે, "આવી અવસ્થામાં મારૂં શું કર્તવ્ય છે? મારે શું ખાવું જોઇએ, શું પીવું જોઇએ વગેરે જણાવજો." એ પત્રનો શો ઉત્તર મળ્યો તે જાણ્યામાં નથી; પણ વિષ્ણુપ્રિયાનું સાદું, સંયમી જીવન કાયમ રહ્યું એ તો નિર્વિવાદ છે. દેવી એ સમયે પૂર્ણ યૌવનમાં હતાં એ વાતનું સ્મરણ કરતાં એમના ત્યાગ અને તપનું મૂલ્ય વધી પડે છે.

પાંચ વર્ષ વીતી ગયાં. સંન્યાસીઓનો નિયમ છે કે એમને એક વાર પોતાની જન્મભૂમિનું દર્શન કરવા જવું પડે છે. શ્રીગૌરાંગદેવને પણ એટલા સારૂ એક વાર નવદ્વીપ જવું પડ્યું. ધર્મ અને સદાચારનો પ્રચાર કરવા સારૂ શ્રીગૌરાંગે સંન્યાસ લીધો હતો. એ જ્યાં જ્યાં ધર્મોપદેશ કરવા જતા ત્યાં ત્યાં હજારો માણસોની ભીડ થતી, તો પછી એ મહાત્મા સ્વદેશમાં પધારે તે દિવસે ભીડનું ઠેકાણું શું હોય? શચિદેવી અને વિષ્ણુપ્રિયા પણ એ ભીડમાં શ્રીગૌરાંગનાં દર્શન કરવા જઇ રહ્યાં હતાં. બન્નેના હર્ષનો પાર નહોતો. આટલા બધા લોકો પોતાના પ્રાણવલ્લભનાં દર્શન સારૂ જઇ રહ્યા છે એ વિચારથી વિષ્ણુપ્રિયાના ગર્વનો પણ પાર નહોતો. એ ભીડમાં પતિને જોતાંવારજ તેમના ચરણમાં પડીને દેવી રોતે રોતે કહેવા લાગ્યાં: "હે નાથ! તમે દીનવત્સલ છો! હું તમારી દુઃખી ભાર્યા છું. ઘણી અધીરી થઇ ગઇ છું. મને દુઃખસાગરમાં ધકેલીને ગૃહત્યાગ કરવો એ તમને છાજતું નથી. તમારી પ્રતિજ્ઞા છે કે જે કોઇ તમારૂં ભજન કરે તેનો તમે ત્યાગ કરતા નથી, એ પ્રતિજ્ઞાનું સ્મરણ કરીને આ દાસીનો ત્યાગ કરી ચાલ્યા જશો નહિ. એક વાર જે તમારે શરણે આવે છે, એને તમે સદાને માટે અભયદાન આપો છો, તો પછી આ દાસીનો ત્યાગ શા સારૂ કર્યો? તમેજ લોકોને ઉપદેશ આપો છો કે સ્ત્રીની સહિત ધર્માચરણ કરવું જોઇએ, સેંકડો ઉપાયો વડે પણ ભાર્યાનું

ભરણુપોષણ કરવું જોઇએ; તો પછી એ બધાં શાસ્ત્રવાક્યો દાસી-ના પ્રસંગમાંજ ઊલટાં શા સારૂ થયાં? પ્રાણવલ્લભ! આ અભાગણીને સાથે લઇ જાઓ. આ સૂના ઘરમાં સહચારિણી ભાર્યાને છોડીને ક્યાં જશો? જે અંગને હું અગરૂચંદન વગેરે સુગંધી પદાર્થના લેપ કરતી હતી તે આજે ધૂળમાં રગદોળાયું છે. તમે યોગીજનોમાં પણ દુર્લભ છો. આ દાસી કેટલા બધા પુણ્યના પ્રતાપે તમને પામી છે! મેં પિતાજી તથા વેદ જાણનારા બ્રાહ્મણો-ને મુખે સાંભળ્યું છે કે, જે સ્ત્રી સ્વામીને પ્રિય છે, તે સ્વર્ગમાં પણ બધાને પ્રિય થઇ પડે છે. સાધ્વી સ્ત્રીઓને પતિજ પરમ દેવતા છે અને ઐહિક તથા પારલૌકિક બાબતોમાં એકમાત્ર ગુરુ છે. દુષ્ટ સ્વભાવવાળી અસતી સ્ત્રીઓ એ તત્ત્વને જાણી શકતી નથી. સ્વામીની ચરણસેવા સિવાય સ્ત્રીઓને બીજો કોઇ ધર્મ નથી, કર્મ નથી; યાગ, યજ્ઞ, શ્રાદ્ધ, ક્રિયા, ઉપવાસ વગેરે કાંઇ નથી. સ્વામીસેવાજ તેમનો પરમ ધર્મ છે. પતિસેવા વગર બીજી કોઈ તપસ્યા નથી. સાવિત્રી અને અરુંધતી નારીઓમાં શ્રેષ્ઠ હોવા છતાં પણ પતિને દેવતા સમજ્યાથીજ સ્વર્ગસુખને પામી છે. ચંદ્રપત્ની રોહિણી ચંદ્ર વગર એક ક્ષણ પણ રહી શકતી નથી; જનકનંદિની સીતા પતિની સાથે વનમાં ગઇ હતી. રામચંદ્ર તેમને સાથે લઇને વનમાં ગયા હતા. જે સ્ત્રીનો પતિ ત્યાગ કરે તેનાં બધાં સુખનો નાશ થઇ જાય છે. તેના જેવી અભાગણી સ્ત્રી ત્રણે લોકમાં કોઇ નથી. પતિજ સ્ત્રીની એકમાત્ર ગતિ છે. નાથ! મારી શી ગતિ થશે? મારો ત્યાગ કરશો તો હું આ જીવન ટકાવી શકીશ નહિ.”

શ્રીગૌરાંગે ઉત્તર આપ્યોઃ “પ્રિયતમા વિષ્ણુપ્રિયા! હું તારોજ છું. આ જગતમાં જે વિષ્ણુને પ્રિય છે તેજ મને પણ પ્રિય છે. તું તો સાક્ષાત્ વિષ્ણુપ્રિયા છે. તું ખાતરી રાખજે કે તારામાં અને મારામાં જરાયે ભેદ નથી. આગ અને અંગારો જેમ એકજ છે, તેમ તારામાં અને મારામાં પણ અભેદભાવ છે. કેવળ લોકશિક્ષાની ખાતરજ મેં સંન્યાસ લીધો છે, એ વાત ખરી સમજજે. તું નિશ્ચય જાણજે કે નવદ્વીપનો ત્યાગ કરીને હું ક્યાંય જનાર નથી, સર્વદા તારી પાસેજ રહીશ. જેવી રીતે વૃંદા-વન ધામનો પરિત્યાગ કરીને શ્રીકૃષ્ણ ક્યાંય પણ જતા નથી, તેવીજ રીતે હું પ્રતિજ્ઞાપૂર્વક કહું છું કે નવદ્વીપ છોડીને હું

ક્યાંય જઇશ નહિ; પ્રેમપૂર્વક જે સમયે તું મને બોલાવીશ, તેજ સમયે હું તને દેખાવ દઇશ. વિષ્ણુપ્રિયા ! તારી પતિભક્તિથી પ્રસન્ન થઈ હું તને મારી પાવડીઓ પ્રેમપૂર્વક ભેટ આપું છું. તું એના વડે મારા વિરહનું દુઃખ ભૂલી જજે. તું મારી મૂર્તિ બનાવીને નવદ્વીપમાં સ્થાપીને એની પૂજા તેમજ સેવા કરજે; એથી તને આનંદ થશે.”

શ્રીમતી વિષ્ણુપ્રિયાએ પતિએ આપેલી પાદુકાઓને ઘણા આદરસહિત ભક્તિપૂર્વક પ્રથમ પોતાના મસ્તક ઉપર ધારણ કરી. પછી મસ્તક ઉપરથી ઉતારી છાતીસરસી ચાંપી અને છેવટે એને સેંકડો ચુંબન કરીને કૃતાર્થતા અનુભવી.

પુણ્યાત્મા દંપતીનો આ છેલ્લો મેળાપ હતો. નિમાઇ ગૌરાંગ વિદાય થયા. દેવી વિષ્ણુપ્રિયા પતિની પાદુકાથી પ્રસન્ન થઇ એનીજ પૂજામાં નિમગ્ન થયાં.

પતિના વિદાય થયા પછી વિષ્ણુપ્રિયા દેવીએ જે તપસ્યા આરંભી તે ખરેખર આપણા હૃદયમાં તેમને માટે ભક્તિ ઉત્પન્ન કરે એવી છે. એમનો આહાર નામમાત્રનો થઇ ગયો હતો. એ સવારના પહોરમાં થોડાક ચોખાની ઢગલી કરી રાખતાં અને પછી નાહીધોઇને માળા લઇને ભજન કરવા બેસતાં. બત્રીસ અક્ષરનો ભગવાનના નામનો જપ સોળ વાર જપીને ચોખાનો એક દાણો ઢગલીમાંથી આઘો મૂકતાં. એ પ્રમાણે સાંજ સુધી જપ કરતાં. જેટલા ચોખા એકઠા થાય તેને રાંધીને શાલીગ્રામને નૈવેદ્ય ધરાવીને આસપાસના ગરીબોને એમાંથી જમાડીને પછી જે બચતું તે પોતે ખાતાં. મૂળ તો ચોખા ઘણા થોડા એકઠા થતા, તેમાંથી પ્રસાદ બીજાઓને વહેંચવામાં આવતો. એમનો પ્રસાદ લેવાને ઘણા ભક્તો આતુર રહેતા; એમને વહેંચતાં બચેલા નામમાત્રના આહારથીજ એમના ક્ષીણ દેહનું પોષણ થતું હતું. તેમની આ કઠોર તપસ્યા જોઇને ભક્તોને ઘણું લાગી આવતું અને ભક્તજનોની પત્નીઓ એમની પાસે આવીને એમની તીવ્ર તપસ્યા જોઇ દયા આણતી; પણ દેવીને તો પતિના નામની આરાધના કરીને સાદું જીવન ગાળવામાંજ આનંદ આવતો હતો. રાતદિવસ એમને પતિના વૈરાગ્યની અને અરણ્યવાસમાં એમને વેઠવાં પડતાં દુઃખની કલ્પના આવતી. અબળા હોવાથી પોતે ઘરબાર છોડીને વનમાં વસી શકે એમ ન હતું; એટલે પતિના દુઃખનું સ્મરણ

કરી ઘરમાંજ પોતે અરણ્યવાસીઓ જેવું કઠોર જીવન ગાળતાં અને ભજન કરતાં. એમના ભજનમંદિરમાં જવાનો કોઇને અધિકાર નહોતો. પતિની કીર્તિની એ સદા ખબર રાખતાં અને સખીઓને મુખેથી તેનું શ્રવણ કરવામાં એમને વિશેષ આનંદ આવતો. દેવી હવે ખરેખરાં સંન્યાસિની-પૂર્ણ યોગિની બન્યાં હતાં. પ્રેમભક્તિને માટે એ આદર્શરૂપ બન્યાં હતાં. અનેક ભક્તો તેમનાં પ્રતિદિન દર્શન કરીને કૃતાર્થ થતા.

એક દિવસ વિષ્ણુપ્રિયા દેવી અત્યંત વિરહાતુર થઇને પતિની મૂર્તિની પાસે બેસીને રડતાં હતાં અને પ્રાર્થના કરતાં હતાં કે, "પ્રભુના ચરણમાં મને શરણ મળજો." એ રાત્રે સ્વપ્નમાં એમને શ્રીગૌરાંગ પ્રભુનાં દર્શન થયાં અને એમણે કહ્યું કે, "એક બ્રાહ્મણકુમાર તમારાં દર્શન કરવા નદિયા આવી રહ્યો છે, તેના પર કૃપા દર્શાવજો. એ તમારૂં આ સંસારમાં છેલ્લું કાર્ય છે." ત્યાર પછી થોડે દિવસે શ્રીનિવાસ આચાર્ય નવદ્વીપમાં જઇ પહોંચ્યા. દેવીએ તેમની સાથે કૃપાપૂર્વક ધર્મનો વાર્તાલાપ કર્યો. ત્યાર પછી તેમની તબિયત બગડી. ભૂખતૃષાથી પીડિત એમનું ક્ષીણ તપસ્યામય શરીર વધારે ક્ષીણ બની ગયું અને એ પુણ્યાત્માના નિવાસને માટે અશક્ત બન્યું; એમનો પ્રાણ એ પવિત્ર દેહનો ત્યાગ કરીને ચાલ્યો ગયો. આખું નવદ્વીપ નગર એ દિવસે શોકસાગરમાં નિમગ્ન થઇ ગયું.*



* શ્રી. હરિદાસ ગોસ્વામી રચિત "શ્રીવિષ્ણુપ્રિયા" ચરિત્રગ્રંથ ઉપરથી સારરૂપે આ ચરિત્ર લખવામાં આવ્યું છે. —પ્રયોજક

૬૦—બહુબેગમ

એ મહમદશાહ બાદશાહની પુત્રી અને અવધના બાદશાહ સુજાઉદ્દૌલાની પત્ની હતી. સુજાઉદ્દૌલા તેનું ઘણું માન રાખતો હતો. સુજાઉદ્દૌલા ઘણો ઉડાઉ રાજા હતો. એક વખતે તેને નાણાંની ભીડ પડી ત્યારે બેગમ પાસે મદદ માગી. બેગમે એ વખતે ૩૪ લાખ રૂપિયા રોકડા અને ૩૬ લાખના કિંમતી દાગીના પોતાના સંગ્રહમાંથી આપ્યા. એ વૈભવના દિવસોમાં દસ હજાર પ્યાદા અને સવાર તથા સેંકડો હાથીઘોડા બેગમના તાબામાં રહેતા હતા. એક લાખ કરતાં વધારે મનુષ્યોનું બેગમદ્વારા પાલનપોષણ થતું હતું. બેગમ પોતાના સર્વ નોકરો ઉપર માતા જેવો સ્નેહ રાખતી હતી. સુજાઉદ્દૌલાના મૃત્યુ પછી બહુબેગમનો પુત્ર આસફઉદ્દૌલા ગાદીએ બેઠો; પરંતુ તેનો રાજ્યપ્રબંધ સારો નહોતો. આસફઉદ્દૌલાનું મૃત્યુ થયા પછી બહુબેગમે રાજ્યની લગામ પોતાના હાથમાં લીધી અને પોતાના વિશ્વાસુ અમલદાર દારાબઅલીખાંની મદદથી રાજ્યમાં સુખશાંતિ પ્રસરાવી. બહુબેગમને શંકા હતી કે, તેનો સાવકો પુત્ર યમીનઉદ્દૌલા તેના મૃત્યુ પછી કાંઇ ઉપદ્રવ મચાવશે, તેટલા સારૂ તેણે એક વસિયતનામું કરીને અંગ્રેજ સરકારને સોંપ્યું હતું. એ વસિયતનામામાં તેણે ત્રણ લાખ રૂપિયા એક કબર બંધાવવા તથા એક લાખ રૂપિયા ધાર્મિક ક્રિયાઓ સારૂ જુદા કાઢ્યા હતા તથા બાર હજાર રૂપિયાની વાર્ષિક આવકવાળી જાગીર પોતાની કબર પર કુરાનેશરીફ વાંચનારાઓને માટે આપી હતી. એ મકબરો તેના મૃત્યુ પછી દારાબઅલીખાંએ બંધાવવો શરૂ કર્યો હતો, પણ હજુ સુધી પૂરો થવા પામ્યો નથી. તેની અંતિમ ઇચ્છા પ્રમાણે એ મકબરો બાંધવામાં આવ્યો હોત, તો હિંદુસ્તાનમાં જોવાલાયક એક સુંદર સ્થાનની વૃદ્ધિ થાત.

६१-अहल्याबाई

મરાઠા રાજ્યમાં જ્યારે પેશ્વાઓ શક્તિશાળી થયા હતા, ત્યારે ગુજરાતથી ઉડિસા પર્યંત સમસ્ત મધ્યભારતમાં મરાઠા રાજ્ય વિસ્તાર પામ્યું હતું, એ વાત અમે આગળ જણાવી ગયા છીએ. એ રાજ્યની પશ્ચિમ સીમાએ, આપણા ગુજરાત પ્રાંતમાં વડોદરામાં પિલાજી ગાયકવાડે અને પૂર્વ દિશામાં મધ્ય પ્રાંતમાં આવેલા નાગપુર જિલ્લામાં રાઘોજી ભોંસલેએ પોતપોતાનાં જુદાં રાજ્ય સ્થાપ્યાં હતાં. એ બે પ્રબળ મરાઠા સરદારો પ્રથમ તો પેશ્વાના હરીફ હતા, પણ પછીથી એમને પેશ્વાનું ઉપરીપણું સ્વીકારવું પડ્યું હતું.

વડોદરા અને નાગપુરની વચમાંના પ્રદેશમાં બીજો પેશ્વા બાજીરાવ રાજ્ય કરતો હતો. મલ્હારરાવ હોલ્કર અને રાણોજી સિંધિયા નામના તેના બે વિશ્વાસુ સેનાપતિ હતા. બાજીરાવે પોતાના અધિકારમાંના વિશાળ રાજ્યમાંનો પશ્ચિમ ભાગ–ઇંદોરનો પ્રદેશ મલ્હારરાવ હોલ્કરને અને પૂર્વભાગ–ગ્વાલિયરનો પ્રદેશ રાણોજી સિંધિયાને બક્ષિસ આપ્યો. બાજીરાવના તાબામાં રહીને એ બે સરદારો પોતપોતાના પ્રદેશ ઉપર રાજ્ય કરવા લાગ્યા અને એ રાજ્યની આવકમાંથીજ પોતાના સૈન્યનું ખર્ચ પણ નિભાવવા લાગ્યા.

આથી હવે મરાઠા રાજ્યના પાંચ ભાગ થઇ ગયા. દક્ષિણ ભારતના પશ્ચિમી અખાતવાળો આદિ મરાઠા દેશ પેશ્વાના હાથમાં રહ્યો. કેવળ કોલ્હાપુર અને સતારા શિવાજી મહારાજના બે વંશજોના હાથમાં હતાં અને ગુજરાતથી ઉડિસા સુધીનો મુલક વડોદરા, ઇંદોર, ગ્વાલિયર અને નાગપુર એ પ્રમાણે ચાર રાજ્યમાં વહેંચાઇ ગયો હતો.

પેશ્વા બાજીરાવ અને બાલાજી બાજીરાવની સત્તા દરમિયાન વડોદરામાં દામાજીરાવ ગાયકવાડ, ઇંદોરમાં મલ્હારરાવ હોલ્કર,

ગ્વાલિયરમાં રાણોજી સિંધિયા અને નાગપુરમાં રાઘોજી ભોંસલે રાજ્ય કરતા હતા. એ સઘળા પેશ્વાને સર્વોપરી માનતા હતા ખરા, પણ સૌ પોતપોતાનાં રાજ્યમાં સ્વતંત્ર રાજા પેઠે રાજ્ય કરતા. બધાની પાસે જંગી સૈન્ય હતું. એ સૈન્ય લઈને બધા પોતપોતાની મરજી પ્રમાણે જરૂર પડયે યુદ્ધ કરતા.

મોગલ સામ્રાજ્ય શક્તિહીન થતું જતું હતું. તેને તોડી નાખીને તેને સ્થાને ભારતવર્ષમાં મરાઠા રાજ્યની સ્થાપના કરવાનો ઉચ્ચ સંકલ્પ બાજીરાવના મનમાં ઉત્પન્ન થયો હતો. આથી એ સંકલ્પની સિદ્ધિને માટે, તેણે પોતાના સેનાપતિઓને ચારે તરફ વિજય કરવા માટે મોકલવાનો આરંભ કર્યો. મધ્ય-ભારત મરાઠાઓના કબજામાં આવ્યું અને ઉત્તર ભારતના ઘણા રાજાઓ મરાઠાને ખંડણી આપવા લાગ્યા. બાજીરાવના મૃત્યુ પછી તેનો પુત્ર ત્રીજો પેશ્વા બાલાજી બાજીરાવ પણ પિતાના બતાવેલા માર્ગે ચાલ્યો. મરાઠા રાજાઓ અને સેનાપતિઓ આખા ઉત્તર ભારતમાં ફેલાઈ ગયા. પેશ્વાના ભાઈ રાઘોજીએ એક વખત દિલ્હી સુધી પોતાનો અધિકાર જમાવીને બાદશાહને પોતાની ઇચ્છા મુજબ રાજ્ય કરવાની ફરજ પાડી અને પંજાબ જીતી લઈને ત્યાં એક મરાઠા શાસનકર્તા નીમ્યો.

આ બે વર્ષમાં પેશ્વાના પિતરાઈ ભાઇ અને મુખ્ય સેનાપતિ સદાશિવરાવ ભાઉએ પેશ્વાના પુત્ર વિશ્વાસરાવને લઈને દિલ્હી-નો કબજો લીધો તેમજ એ શહેરને લૂંટયું. વિશ્વાસરાવને ભારત-નો શહેનશાહ બનાવવાનો તેણે મનમાં વિચાર કર્યો હતો, પણ તેની વિરુદ્ધમાં એક પ્રબળ શત્રુ હતો. આથી તેનું દમન કર્યા વગર, એને રાજા તરીકે બહાર પાડવાનું કામ એણે મુલતવી રાખ્યું.

એ પ્રબળ શત્રુ બીજો કોઇ નહિ પણ અફઘાનરાજ અહમદ-શાહ દુરાની હતો. એ અતિશય પરાક્રમી હતો અને છ વખત હિંદુસ્તાન ઉપર ચડાઇ કરીને તેણે દિલ્હી અને આસપાસનો પ્રદેશ લૂંટયો હતો. મરાઠાઓની સાથે પણ કદી કદી એને ખટપટ થતી.

મોગલ સામ્રાજ્યમાં તો એ વખતે કાંઇ પાણી નહોતું, એમ કહીએ તો ચાલે. તેના તાબાના જુદા જુદા પ્રાંતના સૂબાઓ પોત-પોતાના પ્રાંતના રાજા થઇ પડયા હતા. હિંદુસ્તાનના મુસલ-માન સૂબાઓ અને રાજાઓ મરાઠાના ભયથી અત્યંત બીતા હતા. એ લોકો જોતા હતા કે, ભારતમાં મુસલમાન કે મોગ-

લોના રાજ્યને ઠેકાણે મરાઠાઓનું રાજ્ય સ્થપાતું જાય છે.

હમણાં તો તેઓ મરાઠાઓને ફક્ત ખંડણીજ ભરતા હતા; પણ તેઓ જો દિલ્હીનું સામ્રાજય પોતાના હાથમાં લે, તો પછી એ લોકોને સર્વ પ્રકારે એમના તાબેદાર થઇને રહેવું પડશે, એ ભયથી મરાઠાઓની શક્તિ તોડી પાડવા માટે, એ લોકો બધા સંપ કરીને પરાક્રમી અહમદશાહ દુરાનીને મળી ગયા.

ઇ૦ સ૦ ૧૭૫૧ માં દિલ્હીની પાસે પાણીપતના મેદાનમાં મરાઠા અને મુસલમાન વચ્ચે ભયંકર યુદ્ધ થયું, જેમાં મરાઠાઓની હાર થઈ. સદાશિવ અને વિશ્વાસરાવ માર્યા ગયા.

ત્યાર પછી મરાઠાઓની શક્તિ ઘણી દુર્બળ થઇ ગઇ. પેશ્વા બાલાજી બાજીરાવે નિરાશ હૃદયે પ્રાણત્યાગ કર્યો. બીજા મરાઠા રાજાઓ ઉપર પેશ્વાનું ઉપરીપણું નામનુંજ રહી ગયું. મરાઠા સામ્રાજય પાંચ જુદાં જુદાં રાજયમાં વહેંચાઇ ગયું.

એ યુદ્ધ પછી મુસલમાનોનો સંપ પાછો ઢીલો પડી ગયો. ઉત્તર હિંદુસ્તાનમાં પણ ભિન્ન ભિન્ન રાજ્ય સ્થપાયાં. દિલ્હીના બાદશાહનું ઉપરીપણું ફક્ત નામનુંજ રહી ગયું.

ઇંદોરના રાજા મલ્હારરાવ હોલ્કરની કથા આગળ કહી ગયા છીએ. એ હોલ નામના એક નાના ગામના સાધારણ ભરવાડ હતા. હોલ ગામના નામ ઉપરથી એ હોલ્કર કહેવાય છે.

મલ્હારરાવની ચારપાંચ વર્ષની ઉંમરમાં એમના પિતા કુંદજીનું મૃત્યુ થયું. એમના મૃત્યુ પછી એમનાં સગાંવહાલાંઓએ એમની નિરાધાર વિધવાને ઘણું દુઃખ દેવા માંડયું. એ એકલી પોતાના બાળકને લઇને પોતાના ભાઇ નારાયણજીની પાસે ચાલી ગઇ. એ વખતે નારાયણજી ખાનદેશમાં ટાલાંદા નામના એક ગામમાં રહેતા હતા. ત્યાં એમની થોડીક જમીન હતી અને કોઇ મરાઠા સરદારને ત્યાં ઘોડેસવારોના નાયકનું કામ કરતા હતા. પોતાની જાતિના રિવાજ મુજબ એમણે ભાણેજને પશુઓને ચરાવવાના કામમાં નિયુક્ત કર્યો.

દંતકથા એવી છે કે, એક સમયે બાળક મલ્હારરાવ એક વૃક્ષ નીચે સૂઇ રહ્યા હતા, સૂર્યનાં કિરણો તેના ઉપર પ્રકાશ નાખી રહ્યાં હતાં, એવામાં એક ઝેરી સાપ ત્યાં આવ્યો અને પોતાની ફેણાની છાયા બાળકના મોં ઉપર કરવા લાગ્યો. મલ્હારરાવની

આંખ ઊઘડી, એટલે એ સાપ કાંઇ પણ અનિષ્ટ કર્યા વગર ત્યાંથી ચાલ્યો ગયો. આ વાત ધીમે ધીમે તેના મામા નારાયણજીને કાને પહોંચી, એટલે એમણે બાળકને ભાગ્યશાળી ગણીને ઢોર ચરાવવાના કામમાંથી એને છોડાવીને પોતાની સાથે સવારોમાં દાખલ કરાવ્યો. મામાની સાથે રહ્યા પછી, થોડાજ સમયમાં આ ભાગ્યશાળી બાળકના ભાગ્યરૂપી સૂર્યનાં કિરણો રોજ નવીન પ્રકાશથી પ્રકાશવા લાગ્યાં. મલ્હારરાવ રોજ નવીન ઉત્સાહ અને ખંતથી પોતાનું કામ કરવા લાગ્યા અને સહનશીલતા, શૌર્ય વગેરે ગુણોનો પણ એમનામાં સંચાર થયો. એમનાં આ લક્ષણો જોઇને મામાને ખાતરી થઈ કે, આ બાળક ભવિષ્યમાં જરૂર નામ કાઢશે; તેથી એ મલ્હારરાવની ઉન્નતિને માટે યથાસાધ્ય પ્રયત્ન કરવા લાગ્યા. એ વખતે ભારતવર્ષમાં આજકાલની પેઠે શાંતિનું રાજ્ય નહોતું. હમેશાં કંઇ ને કંઇ લડાઇ થયા કરતી હતી અને તેને લીધે બળવાન અને યુદ્ધકુશળ પુરુષોની સદા જરૂર રહેતી હતી. કોઇ એક યુદ્ધમાં મલ્હારરાવે નિઝામ–ઉલ્–મુલ્કના સુપ્રસિદ્ધ વીર સેનાપતિ અને રાજનીતિમાં કુશળ, નાગર બ્રાહ્મણ ગિરધર બહાદુરને રણમાં હરાવીને ઠાર કર્યો, તેથી એમની વીરતાની કીર્તિ ચારે તરફ ફેલાઇ ગઇ. મરાઠાઓમાં પોતાના સગા ભાણેજને પોતાની કન્યા પરણાવવાનો ચાલ છે. એ ચાલ મુજબ નારાયણદાસે પોતાની કન્યાનું લગ્ન મલ્હારરાવ સાથે કરી દીધું અને પોતાની મિલકતના વારસ પણ એમનેજ બનાવ્યા. એમની બહાદુરીની પ્રશંસા સાંભળીને બાજીરાવ પેશ્વાએ તેમને ઘણા આદરસત્કાર સાથે પોતાને ત્યાં બોલાવ્યા અને પાંચસો સવારોના નાયકની જગ્યા ઉપર તેમની નિમણુંક કરી. પછી તો દિનપ્રતિદિન બળ, છળ અને રાજનીતિની ચતુરાઇ બતાવીને મલ્હારરાવ ઊંચા ને ઊંચા હોદ્દા પામતા ગયા. ઇ૦ સ૦ ૧૭૨૮ માં પેશ્વાએ નર્મદાના ઉત્તર કિનારાનાં બાર ગામ મલ્હારરાવને આપી દીધાં અને પછી ઈ૦સ૦ ૧૭૩૧ માં બીજાં પણ સિત્તેર ગામ આપ્યાં. એ સમયમાં માળવામાં મરાઠા અને મુસલમાનો વચ્ચે ઝગડો ચાલી રહ્યો હતો. એ યુદ્ધમાં મલ્હારરાવે એવું યુદ્ધકૌશલ્ય બતાવ્યું કે, પેશ્વાએ તેમને માળવા પ્રાંતના પૂર્ણ અધિકારી બનાવી દીધા. મુસલમાનો ઉપર વિજય મેળવ્યા પછી પેશ્વા બાજીરાવે લશ્કરીખર્ચના નિર્વાહને

સારૂ મલ્હારરાવને ઇંદોરનું રાજ્ય જાગીરમાં આપ્યું, ત્યારથીજ ઇંદોર હોલ્કરની રાજધાની બન્યું.

જે બાળક એક સમયે બકરાંમેઢાં ચરાવતો હતો અને જેઠનો તાપ તથા શ્રાવણભાદરવાનો મુશળધાર વરસાદ પોતાના માથા ઉપર ઝીલતો હતો, તેજ બાળકના મસ્તક ઉપર આજ રાજછત્ર અને ચામર ઢોળાવા લાગ્યાં. ઇશ્વર ! તારો મહિમા અપરંપાર છે !-તું ચાહે તો-પરમાણુનો પર્વત અને પર્વતનો પરમાણુ બનાવી શકે છે.

ઘણા ગરીબ અને સામાન્ય કુટુંબમાં જન્મ લેવા છતાં પણ, પોતાના બાહુબળને પ્રતાપે મલ્હારરાવે ભારતવર્ષના મુખ્ય વીરપુરુષોમાં પોતાની ગણતરી કરાવીને, પૂર્ણ રાજ્યસુખ ભોગવીને, ૭૬ વર્ષની ઉંમરમાં આ સંસાર છોડીને પરલોક-યાત્રા કરી. મલ્હારરાવની વાર્ષિક આવક ૭૬ લાખ રૂપિયાની હતી તથા ૭૬ કરોડ રૂપિયા એમના મૃત્યુ સમયે ખજાનામાં રોકડા હતા.

મલ્હારરાવની સ્ત્રીનું નામ ગૌતમાબાઈ હતું. એ ગૌતમાબાઇને પેટે મલ્હારરાવના પુત્ર ખંડેરાવનો જન્મ (ઈ૦ સ૦ ૧૭૨૫ માં) થયો હતો.

પાંચ વર્ષની ઉંમરથીજ ખંડેરાવનો સ્વભાવ ઘણો ચીડિયો અને હઠીલો જણાયો હતો. રમતગમત સિવાય બીજી કોઇ સારી વાતમાં એનું ચિત્ત ચોટતું નહોતું. મલ્હારરાવે એને ભણાવવાના ઘણાએ ઉપાય કર્યા, પણ કાંઈ વળ્યું નહિ. મોટી વયના થયા પછી પણ કુમાર ખંડેરાવની રુચિ નાચતમાશા તથા દુર્વ્યસન તરફ વધારે જોવામાં આવતી. આથી એના પિતાનો જીવ ઘણો ચિંતાતુર રહેતો. એને સુધારવાના અનેક ઉપાય નિષ્ફળ નીવડયા, ત્યારે મલ્હારરાવે એવો વિચાર કર્યો કે, એને કોઇ સુશીલ કન્યા સાથે પરણાવી દેવામાં આવે, તો સંભવ છે કે એ સુધરશે. એ વિચારથી એ કન્યાની શોધ કરવા લાગ્યા.

માળવા અને ગુજરાત પ્રાંતમાં બળવા સમાવીને, મલ્હારરાવ વિજયી સૈન્ય સાથે પોતાના સ્વામી પેશ્વાને મળવા જતા હતા, એવામાં માર્ગમાં તેમને સમાચાર મળ્યા કે, ઔરંગાબાદ જિલ્લાના બીડ તાલુકામાં ચોંટ નામના ગામમાં માનકોજી સિંદે નામના ગૃહસ્થને ત્યાં અહલ્યા નામની એક સુયોગ્ય કન્યા છે,

એ કન્યાના જન્મ સંબધી એવી દંતકથા ચાલતી હતી કે,માનકોજીને ઘણા દિવસ સુધી કોઇ સંતાન નહોતું. આખરે સંતાનની ઇચ્છાથી એ કોલ્હાપુર ગયા અને જગદંબાની આરાધના કરી. જગદંબાએ સ્વપ્નમાં તેમને દર્શન દઇને કહ્યું કે, “ હું તારે ઘેર કન્યા થઇને જન્મીશ.” માનકોજીની પત્નીએ પણ સ્વપ્ન જોયું કે, કોઈ દેવીએ તેના કપાળમાં સિંદૂરનો ચાંલ્લો કરીને તેના ખોળામાં એક કન્યા આપી. ત્યાર પછી અહલ્યાનો જન્મ થયો. અહલ્યા એ ગામમાં ભગવતીના અંશરૂપજ મનાતી.

અહલ્યાબાઇનો જન્મ ઇ. સ. ૧૭૨૩ માં થયો હતો. રૂપમાં એ ઘણાં સુંદર નહોતાં. એમના શરીરનો રંગ શ્યામળો અને કદ મધ્યમ હતું; પરંતુ શરીર ઘાટદાર હતું અને એમના કમળસદૃશ મુખ ઉપર એક એવી તેજોમય જ્યોતિ ઝગમગતી કે, એ ઉપરથી એમના હૃદયના ઉચ્ચ ગુણોનો પરિચય જોનારને મળતો. એ સમયમાં મહારાષ્ટ્રમાં ઝાઝું ભણવાનો રિવાજ નહોતો, છતાં અહલ્યાબાઇના પિતાએ એમને ભણાવ્યાં હતાં. બાલ્યાવસ્થાથીજ એ પાપથી બીતાં હતાં અને પુણ્યમાં મનને પરોવતાં હતાં. એમની નાની વયમાં એમનામાં એક બીજો ગુણ એ હતો કે, પૂજા અને પુરાણ શ્રવણ કર્યા વગર એ કદી ભોજન કરતાં નહોતાં.

મલ્હારરાવે બાલિકા અહલ્યાને જોઈ અને તેમને ખાતરી થઇ કે, પોતાની પુત્રવધૂ થવાને એજ કન્યા યોગ્ય છે. એમણે અહલ્યાના પિતા સાથે સગાઇની વાતચીત કરી અને ઇ. સ. ૧૭૩૫ માં ઘણી ધામધૂમ સહિત અહલ્યાનું લગ્ન ખંડેરાવ સાથે થઇ ગયું.

અહલ્યાબાઇ સાસરે ગયાં, ત્યારે તેમનાં મિષ્ટ ભાષણ, આચારવિચાર અને ધર્મપરાયણતાથી તેમનાં સાસુ ગોતમાબાઇ ને સસરા મલ્હારરાવ ઘણાંજ પ્રસન્ન થયાં અને બાલવધૂ ઉપર તેમનો પ્રેમ દિનપ્રતિદિન વધવા લાગ્યો. અહલ્યાને પણ એમની કૃપા જોઇને ઘણો આનંદ થયો. એ પ્રસન્ન ચિત્તથી એમની સેવા કરવા લાગ્યાં તથા તેમના પ્રત્યે ભક્તિ દર્શાવવા લાગ્યાં. ઘરનું કામકાજ એ ઘણી ચતુરાઇ અને સુઘડતાથી ચિત્ત પરોવીને કરતાં હતાં. ખંડેરાવનો સ્વભાવ ઉગ્ર અને હઠીલો તો પહેલેથીજ હતો. વળી હાલમાં એ ઘણો ઉડાઉ થઈ ગયો હતો. સ્વામીની એવી દશા જોઇને અહલ્યાબાઇ મનમાં ને મનમાં ઘણો સંતાપ કરતાં; પણ એમની પતિભક્તિમાં એથી જરા પણ ફેરફાર પડ્યો નહોતો.

તેઓ તો સ્વામીને શ્રદ્ધા, આદર પ્રેમ તથા ભક્તિ ભાવથી જોતાં.

મલ્હારરાવનો પણ પુત્રવધૂ ઉપર એટલો બધો વાત્સલ્યભાવ હતો કે, ગમે તેટલા રાજકાજમાં ગૂંથાયલા હોય અને ગમે તેટલા ગુસ્સે થયેલા હોય, ભલભલા સરદારો અને અમલદારો પણ જે સમયે એમની સમક્ષ જવાની હિંમત ન ધરતા હોય, તે સમયે પણ અહલ્યાબાઈ કાંઇ સંદેશો કહાવે, તો તરતજ મલ્હારરાવ એમનું કામ પ્રસન્નચિત્તે કરતા. અહલ્યાબાઈ આખો દિવસ અને પહોર રાત સુધી સાસુસસરાની સેવા અને ઘરકામની દેખરેખમાં ગાળીને રાત્રે શયનગૃહમાં પતિસેવામાં દૃઢચિત્ત થતાં. પ્રાતઃકાળે પોહ ફાટતાંજ શય્યામાંથી ઊઠીને, શૌચાદિ નિત્યકર્મથી પરવારીને ઈશ્વરપૂજનમાં પ્રવૃત્ત થતાં. ત્યાર પછી કથા સાંભળીને દાનધર્મ કરતાં અને પાછા ઘરકામમાં ગૂંથાતાં. એમણે પોતાના યૌવનકાળને ભોગવિલાસમાં કદી પણ ગુમાવ્યો નહોતો. પરમાત્માની કૃપાથી ઇ. સ. ૧૭૪૫ માં દેપાલપુર ગામમાં દેવી અહલ્યાને એક પુત્ર અવતર્યો. એનું નામ માલેરાવ પાડ્યું. ત્રણ વર્ષ પછી એમને એક પુત્રી સાંપડી, જેનું નામ મુક્તાબાઈ હતું.

મલ્હારરાવે જ્યારે જોયું કે, પુત્રવધૂએ પોતાના કુળના આચારવિચાર બરોબર ગ્રહણ કરી લીધા છે અને ઘરસંસારનું બધું કામકાજ ઉમંગથી દક્ષતાપૂર્વક કરી રહ્યાં છે; ત્યારે એમના ચિત્ત ઉપર ઘણી સારી અસર થઇ અને તેઓ પણ પ્રસન્નતાપૂર્વક રાજમહેલનાં અનેક કાર્યો એમને સોંપવા લાગ્યાં. પત્નીની સેવા, પ્રેમ તથા ગૃહ-કાર્યકુશળતા જોઇને ખંડેરાવ પણ ઘણો પ્રસન્ન થયો અને પત્નીને માટે તેને લાગણી તથા સન્માન વૃત્તિ ઉત્પન્ન થઇ. અહલ્યાબાઇએ એ અનુકૂળતાનો લાભ લઇને, પતિને પુરાણની કથાઓ તથા લૌકિક દૃષ્ટાંતોદ્વારા નીતિની વાતો સમજાવવાનું શરૂ કર્યું. એનો પ્રભાવ ધીમે ધીમે એવો પડ્યો કે, ખંડેરાવના અનેક દુર્ગુણ ચાલ્યા ગયા અને એ પોતાના પૂજ્ય પિતાની આજ્ઞાપાલનમાં દૃઢતા બતાવવા લાગ્યો. એણે ધીમે ધીમે રાજકાજમાં પણ ભાગ લેવા માંડ્યો. મલ્હારરાવને લાગ્યું કે, પુત્રને અહલ્યા સાથે પરણાવવાનો પોતાનો શુભ ઉદ્દેશ આજે સફળ થયો છે. એ અહલ્યાબાઈની ઘણીજ પ્રશંસા કરવા લાગ્યા તથા એમને સૂચવ્યું કે, " ખંડેરાવ રાજકાજમાં તો

ધ્યાન આપતો થઇ ગયો છે, પણ હવે યુદ્ધકળામાં પણ રસ લે, તો અમે બંને જણા આ પ્રાંતની ઉન્નતિ કરવાનું અને રાજ્યનો વિસ્તાર કરવાનું કામ હાથમાં લઇએ." અહલ્યાબાઇએ વિનયપૂર્વક પતિને સસરાની ઇચ્છા જણાવી. પરિણામ એ આવ્યું કે, ખંડેરાવે યુદ્ધકળા શીખવાનું શરૂ કર્યું અને થોડા સમયમાં સારી યોગ્યતા પ્રાપ્ત કરી લીધી. ફુરસદના વખતમાં પિતાની સાથે યુદ્ધમાં જવાનું પણ તેણે શરૂ કરી દીધું.

મલ્હારરાવે જોયું કે, પુત્ર યુદ્ધવિદ્યામાં અને પુત્રવધૂ રાજકાર્યમાં હવે નિપુણ થઇ ગયાં છે, ત્યારે એમણે યુદ્ધમાં પુત્રને સાથે લઇ જવાનો અને પોતાની ગેરહાજરીમાં રાજનો બધો કારભાર અહલ્યાને સોંપવાનો નિયમ કર્યો. અહલ્યાબાઇએ રાજપ્રબંધનું કામ પણ કુશળતાથી ચલાવ્યું. એ સંબંધમાં સર જોન માલકમ નામના ઇતિહાસવેત્તા લખે છે કે, "જૂનાં દફ્તરો તપાસતાં એ વાત સ્પષ્ટ રીતે જણાઇ આવે છે કે, મલ્હારરાવ જ્યારે જ્યારે પોતાના રાજ્યથી દૂર જતા, ત્યારે ત્યારે રાજ્યકાર્યનો સંપૂર્ણ ભાર પોતાની પુત્રવધૂ અહલ્યાબાઇને સોંપી જતા હતા. ખરૂં જોતાં અહલ્યાબાઇએ રાજકાજને સારી રીતે ચલાવવાનો અનુભવ એવા પ્રસંગોથીજ પ્રાપ્ત કર્યો હતો."

અમે ઉપર જણાવી ગયા છીએ તેમ, પુરાણકથા આદિ શ્રવણ કરવામાં અહલ્યાબાઇની અધિક રુચિ હતી. રામાયણ અને મહાભારતની કથાઓ એ ઘણીજ શ્રદ્ધાપૂર્વક શ્રવણ કરતાં અને એમાં સ્ત્રીજાતિના તથા રાજપરિવારની મહિલાઓનાં જે કર્તવ્ય કહ્યાં છે, તેનું યથાવિધિ પાલન કરતાં ને વિદ્વાન બ્રાહ્મણોને હાથે પુણ્યકર્મ પણ કરાવતાં. ભગવદ્ભક્તિ તથા શાસ્ત્રના શ્રવણને લીધે એમનું ચિત્ત સદા નિર્મળ રહેતું હતું. એજ ગુણોને લીધે એક વિશાળ રાજ્યનો પ્રબંધ એમણે ઘણી યોગ્યતાપૂર્વક ચલાવીને લોકોમાં વિખ્યાતિ મેળવી હતી.

સંસારમાં સુખ અનિત્ય છે. સુખ પછી દુઃખ અને દુઃખ પછી સુખ એમ ચક્ર ફર્યાજ કરે છે. દેવી અહલ્યાબાઇનું સુખ પણ અલ્પ કાળનુંજ નીવડ્યું. ઈ. સ. ૧૭૭૪માં મલ્હારરાવ પુત્રને સાથે લઈને રજપૂતાનાનાં રાજ્યોમાં ચોથ ઉઘરાવવા ગયા અને ભરતપુર રાજ્યના ડીગની પાસે કુંભેરના કિલ્લા ઉપર ચડાઇ કરી. તે યુદ્ધમાં વીર ખંડેરાવનું મૃત્યુ થયું. અહલ્યાબાઈની વય

એ સમયે કેવળ ૧૮ વર્ષની હતી. સ્વામીના મૃત્યુના સમાચાર તેમણે સાંભળ્યા, ત્યારે એમને વજ્રાઘાત થયો હોય એમ લાગ્યું. પતિએ પ્રાણનો પરિત્યાગ કર્યો, તો હવે પોતાને જીવન ધારણ કરવાનું કાંઇ પ્રયોજન નથી, એવું વિચારીને તેમણે ચિતામાં આત્મવિસર્જન કરી પતિની પાછળ જવાનો નિશ્ચય કર્યો.

પણ મલ્હારરાવે બાળકની માફક અહલ્યાબાઇના ખોળામાં માથું મૂકીને કહ્યું કે, "બેટા! તું મારી છોકરી છે. મને મૂકીને ક્યાં જાય છે? મારો ખંડુ ગયો, હવે તું એની જગ્યાએ છે. મારે મનથી તો તું એના કરતાં કોઇ રીતે ઓછી નથી. આજ તારા સામું જોઇને ખંડુનું દુઃખ વીસરી જઈશ. ખંડુ તો ચાલ્યો ગયો, પણ મારા સૂના ઘરની લક્ષ્મીસ્વરૂપ તને મૂકતો ગયો છે. મારા ઘરની કર્તાહર્તા તુંજ છે. તુજ મને રાજ્ય કરવામાં મદદ આપ. આ દુઃખસાગરમાં મને એકલો મૂકીને ચાલી ન જઈશ."

સસરાનો આ પ્રમાણેનો દયા ઉપજાવે એવો વિલાપ સાંભળીને અહલ્યાબાઇ જેવા કુળવધૂ તેમની અવગણના કરી શક્યા નહિ. સસરાને પ્રણામ કરીને તેમણે કહ્યું: "આપ મારા ઇષ્ટદેવતા સ્વરૂપ છો. આપની ખાતર જિંદગી સુધી વૈધવ્યનું દુઃખ સહન કરીશ; પણ આપની આજ્ઞાનું અપમાન કરીશ નહિ. સ્વામીસેવાથી વંચિત થઈ છું, પણ હવે આપની અને સાસુજીની સેવા કરીને વૈધવ્ય-જીવનનું સાર્થક કરીશ."

અહલ્યાબાઇએ પતિની પાછળ સતી થવાનો વિચાર છોડી દીધો. સ્વામીની પુણ્યસ્મૃતિ હૃદયમાં કાયમ રાખીને સંસારનો કાર્યભાર માથે ઉઠાવવાનો તેમણે સંકલ્પ કર્યો. સસરાએ પણ પોતાનું વચન રાખ્યું. રાજકાજમાં એ અહલ્યાની સલાહ લેવા લાગ્યા અને ઉંમરલાયક રાજકુમારને જેમ રાજા હમેશાં સાથે રાખે છે, તેમ અહલ્યાને સદા પોતાની સાથે રાખીને રાજ્યના કામકાજની કેળવણી આપવા લાગ્યા. રાજ્યના આવક-ખર્ચની વ્યવસ્થા તથા બીજી કેટલીક આંતરિક વ્યવસ્થા તેમણે અહલ્યાબાઇના હાથમાં સોંપી. અહલ્યાબાઈ એવી દક્ષતાપૂર્વક કામ ચલાવવા લાગ્યાં કે, તેમની રાજનીતિકુશળતા તથા રાજ્યશાસન-શક્તિ માટે મલ્હારરાવને સંપૂર્ણ વિશ્વાસ બેઠો; વળી પોતે જ્યારે પાણીપતના યુદ્ધમાં ગયા, ત્યારે રાજ્યનો સંપૂર્ણ કારભાર અહલ્યાબાઇને સોંપી ગયા હતા. પાછા આવીને

તેમણે જોયું કે, એવા સંકટના સમયમાં પણ અહલ્યાબાઇએ રાજ્ય એવી સારી રીતે ચલાવ્યું હતું કે, મલ્હારરાવ પોતે પણ એવો બંદોબસ્ત રાખી શકત કે કેમ એ સંદેહ છે, અહલ્યાબાઇને લીધે ખંડેરાવની ખોટ મલ્હારરાવને સાલી નહિ.

ત્યાર પછી ચારપાંચ વર્ષ મલ્હારરાવ જીવતા રહ્યા. અહલ્યાબાઇના ઉપદેશ અને સલાહ વગર, એ કોઇ કામ કરતા નહિ. મલ્હારરાવ ઘણા મિજાજી અને ક્રોધી સ્વભાવના હતા; પણ અહલ્યાબાઇ ઉપર તેમને એટલી બધી શ્રદ્ધા હતી કે કોઇના ઉપર ગમે તેટલા ગુસ્સે થયા હોય, તોપણ અહલ્યાબાઈ જરા સમજાવે એટલે તરત શાંત થઈ જતા. મલ્હારરાવના જીવનના છેલ્લા ભાગમાં રાજ્યની અંદરખાનાની વ્યવસ્થા બધી અહલ્યાબાઈનાજ હાથમાં આવી હતી.

ઈ. સ. ૧૭૬૫ માં મલ્હારરાવનું મૃત્યુ થયા પછી અહલ્યાબાઇનો પુત્ર માલેરાવ ગાદીનો વારસ થયો. માલેરાવ ઘણોજ ઉચ્છૃંખલ સ્વભાવનો યુવક હતો તેની ઉચ્છૃંખલતા અને દુશ્ચરિત્રતા એટલાં બધાં વધારે હતાં, કે એના તોફાનની સંપૂર્ણ વાત સાંભળ્યા પછી એને મનુષ્ય નહિ પણ પશુ કહેવાનું મન થાય. વળી તેને દારૂ પીવાની લત લાગેલી હોવાથી હિતાહિતનું જ્ઞાન તેને મુદ્દલ નહોતું.

મદ્ય પીને એ મોટા અમલદારને સોટીએ સોટીએ મારતો. કોઇ સગુંવહાલું તેને સલાહ આપવા જાય, તો ચાકરો પાસે તેને ધક્કા મરાવીને કઢાવી મૂકતો. દેવસેવા અને બ્રાહ્મણસેવા અહલ્યાબાઇનાં મુખ્ય કર્મ હતાં; પણ માલેરાવ એ નિમંત્રિત બ્રાહ્મણોને ઘણા તિરસ્કારપૂર્વક, બહુજ ઘાતકી વર્તણુંક ચલાવીને પાછા મોકલતો. વસ્ત્રોમાં તથા જોડાઓમાં વીંછીઓ મૂકી દઇને, એ વસ્ત્રો તથા જોડાઓનું બ્રાહ્મણોને દાન કરતો. કોઇ કોઇ વખત એક મોટા કળશમાં ઝેરી સાપ ભરીને, એમાંથી મરજીમાં આવે એટલા રૂપિયા કાઢી લેવા બ્રાહ્મણોને કહેતો અને જ્યારે એમને એ ઝેરી જાનવરો ડંખ દેતાં, ત્યારે પોતે ઘણું મલકાતો. આવો એ નિર્દય નીવડ્યો.

સસરાના વખતમાં અહલ્યાબાઇએ જેટલા સુખ અને આનંદમાં દિવસ ગાળ્યા હતા, તેટલાજ દુઃખમાં હવે એનું આયુષ્ય વીતવા લાગ્યું. પુત્ર રાજ્યનો માલિક હતો. એને રોક-

વાનો હવે તેનો કોઇ અધિકાર નહોતો. હવે શું કરવું ? આવો ઘાતકી પુત્ર મરી જાય, તોપણ સારૂં એમ તેને થવા લાગ્યું.

માલેરાવનો પાપનો ઘડો પણ ભરાઇ ચૂકયો હતો. ખોટો શક લાવીને રાજમહેલના એક કારીગરને તેણે મારી નાખ્યો. પછી જ્યારે એને ખબર પડી કે, એ નિર્દોષ હતો, ત્યારે એના હૃદયમાં અત્યંત પશ્ચાત્તાપ થવા લાગ્યો. માલેરાવ જેવા માણસને નરહત્યા માટે આટલો પશ્ચાત્તાપ થવો, એ ઘણુંજ આશ્ચર્યકારક હતું; પણ વિધાતાની ઇચ્છા શી હશે, તે મનુષ્યથી કળી શકાતું નથી. એ પશ્ચાત્તાપને લીધે માલેરાવને સદા એવો ભ્રમ થયા કરતો કે, એ મરી ગયેલા કારીગરનો પ્રેતાત્મા તેને મારવા આવે છે. એ ભ્રમને લીધે માલેરાવ જે કાંઇ બોલતો, તે તેના શરીરમાં આવેલો પ્રેતાત્મા બોલે છે, એમ બધાંને લાગતું.

પુત્ર ગમે તેવો દુષ્ટ, અકર્મી કે ઘાતકી હોય, પણ માતા બિલકુલ સ્નેહશૂન્ય થઇ શકતી નથી. પુત્રનાં રાક્ષસી કામો જોઇને અહલ્યાબાઇને કેટલીક વખત એમ થઇ આવતું, કે આના કરતાં તો એ મરી જાય તોપણ સારૂં; પરંતુ પુત્રની વેદના પોતાની આંખે જોયા પછી અહલ્યાબાઈથી એ દુઃખ સહન થઇ શકયું નહિ. રાતદિવસ એ પુત્રની પથારી આગળ બેસીને, દેવીની માનતા માન્યા કરતાં અને બ્રાહ્મણો પાસે ઘણી જાતનાં ધર્મનાં અનુષ્ઠાન કરાવ્યા કરતાં. પ્રેતાત્માને સંતુષ્ટ કરવા માટે ઘણી માનતાઓ માન્યા છતાં પણ કશાથી કાંઇ વળ્યું નહિ. માલેરાવની પીડા દિનપ્રતિદિન વધતીજ ગઇ અને આખરે તેનું મૃત્યુ થયું. સિંહાસન પર બેઠા પછી, કેવળ છ મહિના સુધી માલેરાવ જીવ્યો.

સહૃદય વાચક ! એકના એક પુત્રના મૃત્યુથી અહલ્યાબાઇને કેટલું દુઃખ થયું હશે, તેની કલ્પના તમે પોતેજ કરી શકશો. પ્રથમ તો પતિ ખંડેરાવના મૃત્યુથીજ તેમનું મન સાંસારિક સુખથી વિરક્ત થઇ ગયું હતું, તેમાં વળી સસરા મલ્હારરાવના મૃત્યુથી એ વધારે નિરાધાર બની ગયાં હતાં. કેવળ એક પુત્રનો આધાર હતો, તે પણ કપૂત નીકળીને અકાળ મોતે મર્યો. આ બધા ઉપરાઉપરી બનેલા બનાવોએ અનાથ અબળા અહલ્યાબાઇના હૃદયને ઘણોજ મોટો ઘા પહોંચાડ્યો. સંસારમાં સ્ત્રીઓને માટે પુત્રવિયોગનું દુઃખ સૌથી મોટું છે. એ શોક

ભલભલા જ્ઞાની માણસોના હૃદયને પણ બાળી નાખે છે, પરંતુ ધન્ય છે અહલ્યાબાઇને! રાજ્ય અને પ્રજાના હિતની ખાતર, પોતાનું સર્વ દુઃખ વીસરીને તેમણે રાજકાર્યમાં મન પરોવ્યું.

માલેરાવના મૃત્યુ પછી ઇ૦ સ૦ ૧૭૬૬ માં અહલ્યાબાઇએ રાજ્યનો સઘળો કારભાર પોતાના હાથમાં લીધો.

મલ્હારરાવ હોલકર યુદ્ધવિગ્રહને લીધે ઘણુંખરૂં બહાર રહેતા હતા, તેથી તેમણે બાજીરાવ પેશ્વાની સિફારસથી ગંગાધર જસવંત નામે એક ગૃહસ્થને પોતાનો દીવાન બનાવ્યો હતો. ગંગાધર સ્વાર્થી અને કુટિલ સ્વભાવનો મનુષ્ય હતો. એણે વિચાર્યું કે, "અહલ્યાબાઈ જેવી ચતુર અને રાજનીતિમાં નિપુણ સ્ત્રી રાજ્યનો બધો કારોબાર પોતાના હાથમાં રાખશે, તો મારો સ્વાર્થ સાધવામાં મોટી આડખીલીરૂપ થઈ પડશે અને તેની આગળ મારી એક પણ યુક્તિ નહિ ચાલે." આથી એણે વિચાર્યું કે, અહલ્યાબાઇ જો કોઇ નાદાન બાળકને દત્તક લે, તો રાજ્યની સઘળી લગામ પાછી પોતાના હાથમાં રહે. આવા ઇરાદાથી એણે અહલ્યાબાઇને સમજાવ્યું કે, "આપ સ્ત્રી છો. આપને રાજકાજની જાતે સંભાળ રાખવા જતાં ઘણી અડચણ નડશે. વળી એથી કરીને આપની પાઠપૂજા અને ઈશ્વરભજનમાં પણ વિઘ્ન પડશે; માટે આપ આપના કુટુંબમાંથી કોઇ છોકરાને ખોળે લઇ લો, તો ઘણું સારૂં. પછી રાજ્ય સંભાળવાની ફિકર રહી, પણ એ તો હું કરીજ રહ્યો છું. આપ આ પ્રમાણે નહિ કરો, તો મલ્હારરાવે ખરા પરસેવાથી મેળવેલું આ રાજ્ય સાચવવું ઘણું મુશ્કેલ થઇ પડશે. ચારે તરફથી શત્રુઓ ઊભા થશે અને પાછલું વેર લેવામાં કસર નહિ રાખે." આ પ્રમાણે ઘણી યુક્તિ વાપરીને દત્તક લેવાનો તેણે આગ્રહ કર્યો.

રાજનીતિમાં પ્રવીણ અહલ્યાબાઇ એની કુટિલતાની મતલબ સમજી ગઇ, તેથી તેણે વિનયપૂર્વક ઉત્તર આપ્યો: "હું પણ એક રાજાની સ્ત્રી છું અને બીજા રાજાની માતા છું, તો પછી મારી હયાતીમાં ત્રીજા કોને ગાદી ઉપર બેસાડું? હું પોતેજ ગાદી ઉપર બેસીશ."

એ સમયે પેશ્વાની ગાદી ઉપર માધવરાવ નામનો યુવક હતો. એ પોતે તો ઘણો ધર્મપરાયણ હતો, પણ એના વખતમાં એના કાકા રઘુનાથરાવનું ઘણું ચાલતું હતું. એ ઘણો દુષ્ટ

સ્વભાવનો મનુષ્ય હતો. તેની દુરાકાંક્ષા હદ ઉપરાંતની હતી. પોતાની દુષ્ટ વાસના પાર પાડવાને માટે એ કોઇ પણ પ્રકારનું પાપ કરતાં ચૂકે એમ નહોતો. ગંગાધર યશવંતે આ રઘુનાથરાવને ખાનગી રીતે કહેવરાવી મોકલ્યું કે, "તમારે સૈન્ય લઇને ઇંદોર ઉપર ચડી આવવું અને અહલ્યાબાઇને પદભ્રષ્ટ કરીને હોલ્કર વંશના કોઇ બાળકને ગાદી અપાવવી."

રઘુનાથરાવે મનમાં વિચાર કર્યો: " વાત તો ખરી છે. મલ્હારરાવ કે તેનો પુત્ર હવે હયાત નથી. અહલ્યાબાઇ અબળા છે. આવો સરસ લાગ ફરી ફરીને નહિ મળે. હમણાં ઘણી સહેલાઇથી ઇંદોર જીતી શકાશે." આવા વિચારથી એણે ગંગાધર યશવંતની સલાહ માન્ય રાખી.

અહલ્યાબાઇને પોતાના ગુપ્તચરોદ્વારા ગંગાધરના એ પ્રપંચની ખબર પડી, ત્યારે તેમણે રાઘોબા દાદાને પત્ર લખ્યો કે, "આખું રાજ્ય મારા સસરાજીનું સ્થાપેલું છે. એમના પછી એ રાજ્યના અધિકારી મારા પતિ હતા, પણ એ તો પિતાની પૂર્વેજ સ્વર્ગવાસી થયા. ત્યાર પછી મારો પુત્ર ગાદીનો હકદાર હતો; એ પણ સ્વર્ગવાસી થયો. હવે એ રાજ્ય ઉપર મારો સંપૂર્ણ અધિકાર છે. કોઇ યોગ્ય બાળકને દત્તક લેવો કે ન લેવો, એ મારી મરજીની વાત છે. આપ બુદ્ધિમાન છો. આપની ફરજ છે કે, મને અબળાને કોઇ પણ પ્રકારનો અન્યાય ન કરવો અને નાહક મને દબાવવી નહિ. આપ વિચારવાન છો. આ રાજ્ય આપનુંજ આપેલું છે, પણ એને પાછું લેવાથી આપના ગૌરવમાં ખામી આવશે. સંભવ છે કે, આપની દ્વારા ચડાઇ કરાવીને કોઇ લોભી અને પ્રપંચી માણસે પોતાનો સ્વાર્થ સાધવાની આ યુક્તિ રચી હશે; પરંતુ એવા પ્રપંચો ઉપર ધ્યાન ન આપવું, એજ આપને માટે લાભકારક છે. એમ છતાં જો આપ નીતિને તિલાંજલિ આપીને અન્યાયી પક્ષનો સ્વીકાર કરવા તૈયાર થશો, તો એનું ઉચિત ફળ ભોગવ્યા વગર રહેશો નહિ."

પેલી તરફ ગંગાધરરાવે અહલ્યાબાઇ ઉપર એવો અપવાદ મૂકયો કે રાજ્યલોભને વશ થઇને અહલ્યાબાઇએ પોતેજ પુત્ર માલેરાવનો વધ કરાવ્યો છે. એ દુષ્ટે અહલ્યાબાઇ જેવી પરમ પવિત્ર અને નિષ્કલંક સન્નારી ઉપર દોષારોપણ કરતાં જરાયે સંકોચ ન આણ્યો. અહલ્યાબાઈ જેવી ન્યાયપરાયણ

અને પુત્રવત્સલ નારીને એ અધમ આરોપની વાત સાંભળીને ઘણુંજ ખોટું લાગ્યું. એમની આંખમાંથી ચોધાર આંસુ નીકળી પડ્યાં. એ વિચારવા લાગ્યાંઃ “ શું પુરુષો આટલા બધા સ્વાર્થી, જૂઠા અને અધમ હશે ?” આખરે ધૈર્ય અને હિંમત ધરીને ઇશ્વરનું ધ્યાન ધર્યું અને પોતાને માથે આવી પડેલું રાજકારભારનું કામ પૂર્ણ દક્ષતાથી કરવામાં તે એકચિત્ત થયાં.

અહલ્યાબાઇ દોષિત હતાં કે નિર્દોષ, એ સંબંધમાં ઇતિહાસવેત્તા માલકમ સાહેબને અભિપ્રાય વાંચ્યાથી ખાતરી થશે. એ વિદ્વાન ગ્રંથકાર લખે છે કે, “ માલેરાવના મૃત્યુના સમાચાર કેટલાક યૂરોપિયન ગૃહસ્થોને પણ મળ્યા હતા અને તેમને એમ લાગ્યું હતું કે, માલેરાવના મૃત્યુનું ખરૂં કારણ અહલ્યાબાઇ પોતેજ હતી; પરંતુ એ બધી વાતોને અહલ્યાબાઇની કીર્તિની સાથે ઘાડો સંબંધ હોવાથી, મેં જાતે જઇને એની પૂરેપૂરી તપાસ કરી. મારી એ તપાસનું છેવટનું પરિણામ એ નિવડ્યું કે, અહલ્યાબાઇ પૂર્ણ રીતે નિર્દોષ સાબિત થઇ. ”

માલેરાવના મૃત્યુ પછી રાજ્યમાં ચોર, લૂંટારા અને ધાડપાડુઓએ પ્રજાને અનેક રીતે પીડવાનું શરૂ કર્યું; જેથી અહલ્યાબાઇને ઘણું દુઃખ થયું અને એ દુષ્ટોને દબાવવા માટે તેમણે અનેક પ્રયત્ન કર્યા. યશવંતરાવ નામના એક વીર મરાઠા યુવકને પોતાની પુત્રી આપીને, તેની સહાયતાથી એમણે એ અત્યાચારીની જડ પોતાના રાજ્યમાંથી ઉખાડી નાખી હતી.

એ કાર્ય પૂરૂં થયું, એટલામાં રઘુનાથ દાદાસાહેબ સૈન્ય લઇને ઇંદોર તરફ ચાલ્યા. એમણે એવું જાહેર કર્યું કે, “ મલ્હારરાવની પુત્રવધૂ અમારા કહ્યા પ્રમાણે ગંગાધરરાવની સલાહ અનુસાર દત્તકપુત્ર લેવાનું કબૂલ નથી કરતી, માટે એને ઠેકાણે આણવા સારૂ હું માળવા જાઉં છું.” પણ અંદરખાનેથી એની દાનત ઇંદોરનું રાજ્ય સ્વાહા કરી જવાની હતી. પેશ્વા સરકાર એના ભત્રીજા હતા. એમને એ કાર્ય પસંદ નહોતું, આથી એમણે રઘુનાથ દાદાને ચડાઇ કરવાની સંમતિ આપી નહિ; એટલુંજ નહિ પણ સ્પષ્ટ જણાવ્યું કે, “ તમે મોટી ભૂલ કરી રહ્યા છો. તમારે આ કામમાં જરા પણ માથું મારવું જોઇએ નહિ.”

અહલ્યાબાઇને આ પ્રપંચની ખબર પડી. તેજસ્વી રાણીએ તરતજ પોતાના મુખ્ય અમલદારોને બોલાવીને કહ્યું: “ આ

રાજ્ય મારા સસરાજીએ પોતાની શક્તિથી મેળવ્યું છે અને પોતાનાજ બાહુબળથી તેનું રક્ષણ કર્યું છે. પેશ્વાએ જેમ કોઇ વગર મહેનતે બ્રાહ્મણને દાન આપી દે, તેમ કાંઇ મારા સસરાને દાનમાં આપ્યું નથી. મારા સસરા પેશ્વાને પોતાના માલિક માનતા અને હું પણ તેમને એવુંજ માન આપવા તૈયાર છું; પણ એટલા સારૂ કાંઇ મારા હાથમાંથી આ રાજ્ય છીનવી લેવાનો અધિકાર તેમને નથી. હું દુર્બળ સ્ત્રી છું, એમ ધારીને મારા પ્રપંચી, કૃતઘ્ની નોકરની મદદથી રઘુનાથરાવ મારૂં રાજ્ય છીનવી લેવાની ઇચ્છા રાખે છે, પણ એમણે પોતાના મનમાં સારી પેઠે સમજી રાખવું જોઇએ કે, અહલ્યાબાઇ કોઇ સાધારણ સ્ત્રી નથી. હું મલ્હારરાવની પુત્રવધૂ અને ઇંદોરની રાણી છું. પોતાની શક્તિથી ઇંદોરના રાજ્યનું રક્ષણ ન કરી શકું, તો મલ્હારરાવ જેવા પ્રવીણ રાજા પાસે રાજ્યશાસનનું જે શિક્ષણ મેં મેળવ્યું છે તે મિથ્યા જાય. એમના આ રાજ્યસિંહાસન ઉપર મારૂં બેસવું મિથ્યા થાય. આ રાજ્યનું રક્ષણ કરવું, એ તો ઘણી સહેલી વાત છે. હું હાથમાં હથિયાર લઇને યુદ્ધ કરવા નીકળીશ, તો પેશ્વાના રાજ્યસિંહાસનને પણ કંપાવી નાખીશ. તમે લોકો આવા પ્રપંચથી જરા પણ બીશો નહિ. સાહસ અને ઉત્સાહપૂર્વક બધા મને મદદ કરજો. ખુદ બાજીરાવ મહારાજ પણ ઇંદોરનું અપમાન નહોતા કરી શકતા, તો આ રઘુનાથરાવ તે મારા શા હિસાબમાં ?"

અમલદારોએ એકઅવાજે પ્રતિજ્ઞા લીધી કે, "અમે તમારા તરફથી પેશ્વાની સામે લડીશું."

પરંતુ બુદ્ધિમતી અહલ્યા, ફક્ત પોતાના સૈન્યને ભરોસેજ રહી નહિ. એણે વડોદરાના ગાયકવાડ, નાગપુરના ભોંસલે અને બીજા મરાઠા સામંતો તથા સરદારોની પાસે મદદ માગી. તેમના ઉપર તેમણે પત્ર લખ્યો:—

"પેશ્વાની સાથે આપણા બધાનો એકસરખો સંબંધ છે, આપણે તેમને તાબે છીએ ખરા, પણ અન્યાયપૂર્વક આપણું રાજ્ય છીનવી લેવાનો તેમને અધિકાર નથી. આજે મારા ઉપર જે આફત આવી પડી છે, તે કાલે તમારા પર પણ આવી પડે. આવે પ્રસંગે પરસ્પર સહાય કરીને, આપણા વાજબી હક્ક સાચવી રાખવા, એ આપણી બધાની ફરજ છે. આશા છે કે, આ

બાબત લક્ષમાં લઇને આપ આ વિપત્તિના પ્રસંગમાં મને સહાયતા આપવાનું ચૂકશો નહિ.”

અહલ્યાબાઇની દલીલની સાર્થકતા સમજીને તથા મલ્હારરાવનો ઉપકાર સંભારીને બધા અહલ્યાબાઇની મદદ માટે સૈન્ય લઇને ઇંદોર તરફ ચાલ્યા.

હવે અહલ્યાબાઇને પોતાના સૈન્યને માટે એક કાબેલ સેનાપતિની જરૂર હતી. તુકોજી હોલકર નામનો એક સરદાર, મલ્હારરાવનો પાસેનો સગો હતો. અહલ્યાબાઇએ તેને બોલાવીને શાસ્ત્રવિધિ પ્રમાણે પોતાના સૈન્યનો સેનાપતિ અને મુખ્ય અમલદાર નીમ્યો. તુકોજી પણ એ દિવસથી અહલ્યાબાઇને ‘મા’ કહીને સંબોધવા લાગ્યો.

રાજ્યના રક્ષણને માટે જેટલી તૈયારી અહલ્યાબાઇએ કરી હતી, તે જોતાં બધાને દૃઢ વિશ્વાસ હતો કે, જય એનોજ થશે; પણ કોમળ હૃદયનાં અહલ્યાબાઇ મૂળથીજ નકામું લોહી વરસાવવાની વિરુદ્ધ હતાં. રક્તપાત કર્યા વગર, રાજ્યનું રક્ષણ થાય તો ઘણું સારૂં, એવી તેમની અંતરંગ ઇચ્છા હતી. એ જાણતાં હતાં કે, પેશ્વા માધવરાવ ધર્મપરાયણ યુવક છે. તેમની મરજીથી અને તેમની મંજૂરીથી રઘુનાથરાવ ચડી આવતો હોય, એ બનવાજોગ નથી. એ બધો વિચાર કરીને એણે પેશ્વાને એક પત્ર લખ્યો.

એ સાથે રઘુનાથરાવને પણ પત્ર લખ્યો કે, “આપ મારૂં રાજ્ય છીનવી લેવા આવો છો. હું પણ રાજ્યનું રક્ષણ કરવા માટે યુદ્ધની તૈયારી કરૂં છું. આપનો વંશ મૂળથીજ અમારે માટે પૂજ્ય છે, પણ આપ હથિયાર ધારણ કરીને મારા રાજ્યમાં આવશો, તો હથિયારથીજ આપનો સત્કાર કરવામાં આવશે; છતાં પણ એક વાતનું આપને સ્મરણ કરાવવા માગું છું. આપ વીર પુરુષ છો, હું અબળા છું. યુદ્ધમાં હારી જઇશ, તોપણ મારૂં અપમાન થવાનું નથી; પરંતુ આપ જો જીતશો તો એ ગૌરવની વાત નથી અને હારશો તો શરમ અને અપમાન જરૂર ભોગવવાં પડશે. એવી અવસ્થામાં આપને યુદ્ધ કરવાથી શો લાભ છે તે હું જાણતી નથી. ટૂંકામાં એજ કે પૂરો વિચાર કરીને આગળ પગલું ભરજો.”

કામ પડ્યે પોતાના બરોબરિયા અથવા પોતાનાથી વધારે

બળવાન શત્રુ સાથે લડવા જેટલી તૈયારી કરી રાખવી, છતાં બને ત્યાંસુધી યુદ્ધ રોકવાનો યત્ન કરવો, એજ ઊંચા પ્રકારની રાજનીતિ-કુશળતા છે. પશ્ચિમની સભ્ય અને બળવાન પ્રજાઓ આજે એ યુક્તિને લીધે, ઘણી વાર માંહોમાંહે લોહીની નદીઓ વહેવરાવતાં રોકે છે. આપણા દેશમાં, ઘણાં વર્ષો પૂર્વે રાજનીતિજ્ઞ અહલ્યાબાઇએ એજ યુક્તિ વાપરીને હજારો સૈનિકોના પ્રાણ બચાવ્યા હતા.

અહલ્યાબાઇ પત્ર મોકલીને જવાબની વાટ જોવા લાગી. એ જાણતી હતી કે, રઘુનાથરાવને જ્યાંસુધી એને ખાતરી નહિ થાય કે સામા પક્ષના લશ્કરની સંખ્યા આગળ આપણું કાંઈ વળે એમ નથી, ત્યાંસુધી એ પોતાનો મનસૂબો ફેરવશે નહિ. અહલ્યાબાઈ પણ ઘણા ઉત્સાહપૂર્વક લશ્કર એકઠું કરવા લાગી.

થોડા દિવસ પછી પેશ્વાનો જવાબ આવ્યો કે, "રઘુનાથરાવના આ ગેરવાજબી યુદ્ધમાં અમારી મંજૂરી નથી. અહલ્યાબાઇએ મલ્હારરાવની ગાદી સંભાળી લીધી છે, તેમાં અમારે કોઈ જાતનો વાંધો નથી; એટલે અમે કદી પણ અહલ્યાબાઇનું રાજ્ય છીનવી લેવાનો વિચાર રાખતા નથી. જે કોઇ અન્યાયપૂર્વક અહલ્યાબાઇનું રાજ્ય છીનવી લેવા તૈયાર થાય, તેને અહલ્યાબાઇ મરજી મુજબ સજા કરી શકે એમ છે. પેશ્વાને એથી જરા પણ માઠું લાગશે નહિ."

પેશ્વા તરફથી આવો ઉત્તર આવ્યાથી, અહલ્યાબાઇનો ઉત્સાહ સોગણો વધી ગયો. અમલદારો પણ સમજ્યા કે, આ યુદ્ધમાં પેશ્વા મહારાજનો બિલકુલ હાથ નથી; એટલે તેઓ પણ વગર સંકોચે, સંપૂર્ણ ઇચ્છાથી અહલ્યાબાઇને મદદ કરવા તૈયાર થયા.

તુકોજીની સરદારી નીચે અહલ્યાબાઈનું સઘળું લશ્કર સજ્જ થઈ ગયું. અહલ્યાબાઇ પોતે પણ યુદ્ધનો પોશાક સજીને, કોમળ કરકમળમાં તલવાર લઇને, હાથી ઉપર સવાર થઇ અને સૈન્યની સાથે ચાલી.

સૈન્ય સાથે અહલ્યાબાઈ અને તુકોજીએ ક્ષીપ્રા નદીની પાસે આવીને છાવણી નાખી. અહલ્યાબાઇને મદદ કરવા સારૂ બીજા રાજાઓ પણ પોતપોતાનાં લશ્કર લઇને આવ્યા.

રઘુનાથરાવ ક્ષીપ્રા નદીને સામે કિનારે, અહલ્યાબાઈની

યુદ્ધ માટેની આવી ગંજાવર તૈયારી જોઇને સ્તંભિત થઇ ગયો. અત્યાર સુધી તો એ અહલ્યાબાઈના પત્રને ખાલી આડંબર અને ધમકીરૂપ સમજતો હતો. આટલા થોડા સમયમાં, આટલા બધા લશ્કર સાથે અહલ્યાબાઇ એની સાથે લડવા આવશે, એવો એને સ્વપ્ને પણ વિચાર નહોતો આવ્યો.

પરાજયની શંકામાં તેને પોતાની સઘળી દુરાશાઓ છોડી દેવાની ફરજ પડી. તુકોજીને તેણે ખબર મોકલી કે, "હું યુદ્ધ કરવા માટે આવ્યો નથી. પુત્ર-શોકાતુર અહલ્યાબાઇને દિલાસો આપવા આવ્યો છું. તમે આટલું બધું સૈન્ય શું કામ નાહક સજાવી રાખ્યું છે?"

તુકોજીએ ઉત્તર મોકલ્યોઃ "માતાજી પ્રત્યે આપની આટલી બધી કૃપા છે, તેને માટે અમે ઉપકૃત છીએ, પણ દિલાસો આપવા આપ પધાર્યા છો, તો સાથે આટલું મોટું સૈન્ય લાવવાની આપને શી જરૂર હતી?"

પોતાના સૈન્ય સામંતોને ઉજ્જયિની શહેરમાં રવાના કરી દઇને, દસબાર નોકરો સાથે રઘુનાથરાવ તુકોજીના તંબૂમાં ગયા. તુકોજીએ પણ તેમનો માનપૂર્વક પ્રણામ કરીને યોગ્ય રીતે આદરસત્કાર કર્યો.

અહલ્યાબાઈના પુત્ર માલેરાવની વાત કાઢીને રઘુનાથરાવ ઘણું રોયો. સાથે સાથે તુકોજીએ પણ આંસુ પાડ્યાં.

પેશ્વાના કાકા રઘુનાથરાવને પરમ સન્માન યોગ્ય અતિથિ ગણીને, અહલ્યાબાઈ આદરપૂર્વક નિમંત્રણ આપીને ઇંદોર લઇ આવ્યાં. રાજમહેલની પાસે સુસજ્જિત મહેલમાં તેને ઉતારો આપ્યો. એક મહિના સુધી રજવાડી ઠાઠ સાથે અહલ્યાબાઇએ તેનો ઘણોજ આદરસત્કાર કર્યો. જે લોકો પોતાની મદદે આવ્યા હતા, તેમને વિનયપૂર્વક ઉપકાર માનીને તથા કિંમતી ભેટો આપીને અહલ્યાબાઇએ વિદાય કર્યા.

બળથી તો રઘુનાથરાવ અહલ્યાબાઇનું રાજ્ય લઇ શક્યો નહિ. હવે એ છળપ્રપંચ અજમાવવા લાગ્યો.

પેશ્વા તરફ પેશ્વાનાં તાબાનાં રાજ્યોની શી ફરજ છે, તે તેણે સમજાવી; પણ એ કોઇ પણ દલીલથી અહલ્યાબાઇને ખાતરી કરી શક્યો નહિ કે, સંપૂર્ણપણે પેશ્વાને તાબે રહીને એ નચાવે એમ નાચવું ધર્મસંગત છે.

હવે એણે અહલ્યાબાઇને દત્તકપુત્ર લેવાની સલાહ આપી, પણ અહલ્યાબાઇએ તેની સઘળી દલીલોનું ખંડન કરીને કહ્યું: "મારા પુત્ર માલેરાવને કોઇ બાળકપુત્ર હોત, તો એજ રાજ્યનો રાજા થાત એમાં કાંઇ સંદેહ છેજ નહિ; પણ કોઇ નવા બાળકને દત્તક બનાવ્યાથી એ મોટો થયા પછી કેવી ચાલચલણનો નીવડે તે કહી શકાય નહિ, એટલા માટે દત્તક લઇને ભવિષ્યમાં રાજ્યને માથે હું શું કામ આપદા વહોરી લઉં? એના કરતાં તો મારા મૃત્યુ સમયે હોલ્કર વંશના કોઈ યોગ્ય પુરુષના હાથમાં રાજ્ય સોંપી જઈશ, એજ સારૂં છે. એવા કોઇ માણસને પસંદ કરીને રાજકાજમાં મારી સાથે રાખીને, એને કેળવવાની મારી ઇચ્છા છે અને હું ધારૂં છું કે, રાજ્યના ભાવિ કલ્યાણને માટે એજ શ્રેષ્ઠ ઉપાય છે."

રઘુનાથરાવ સમજી ગયો કે, અહલ્યાબાઇ આપણાથી છેતરાય એમ નથી. એ ખામોશ ખાઇ ગયો.

અહલ્યાબાઇએ અગાઉથીજ પોતાનો ભવિષ્યનો વારસ પસંદ કરી રાખ્યો હતો. તુકોજી તેના સસરાનો પાસેનો સગો અને રાજ્ય ચલાવવાને સર્વ રીતે યોગ્ય હતો.

યુદ્ધની અગાઉથીજ તુકોજી અહલ્યાબાઇના પુત્ર સમાન થઇ રહ્યો હતો. હવે અહલ્યાબાઇએ એને પોતાના ભવિષ્યના ઉત્તરાધિકારી તરીકે રાજ્યશાસનમાં પોતાનો સાથી બનાવ્યો અને ગંગાધર યશવંતને પણ માફી બક્ષીને, પરમ ક્ષમાશીલ અહલ્યાબાઇએ ફરીથી કોઇ સારા હોદ્દા ઉપર નીમ્યો.

આ બનાવથી રાજસ્થાન અને ભારતવર્ષના બીજા બધા રાજાઓ સમજી ગયા કે, અહલ્યાબાઈ કેટલાં બાહોશ અને કુશળ હતાં! અહલ્યાબાઈ ઉપર બધાની શ્રદ્ધા વધી ગઈ. ઘણા તેમની સાથે મિત્રતા બાંધવા તત્પર થયા અને ઘણાઓએ તેમણે રાજ્ય પોતાના અધિકારમાં લીધું, તેથી પ્રસન્ન થઇને કિંમતી ભેટ સાથે પોતાના રાજદૂત મોકલ્યા. અહલ્યાબાઈએ ઘણાજ વિનયપૂર્વક એ રાજદૂતોનો સત્કાર કર્યો અને તેમનો ઉપકાર માનીને એ સર્વે રાજાઓ ઉપર મૂલ્યવાન ઉપહાર મોકલ્યા. આ પ્રમાણે ભારતવર્ષમાં ચોમેર અહલ્યાબાઇની કીર્તિ ફેલાવા લાગી.

રાજ્યગાદીએ બેસીને રાજ્ય ચલાવવાનું ગૌરવ પ્રાપ્ત કરવાનો લોભ બધાને થાય છે. એ લોભને વશ થઇને કેટલાએ રાજાઓએ

કેટલાં બધાં ખૂન, કેટલી વિશ્વાસઘાતકતા અને કેટલા બધા અનાચારોથી પૃથ્વીને કલંકિત કરી છે, તેનું ઠેકાણું નથી; પણ રાજ્યગાદીએ બેઠેલાં અહલ્યાબાઈ કોઇ દિવસ એવા લોભને વશ થયાં નથી. હિંદુ રમણી તરીકે પૂજા-અર્ચના, અતિથિ અને બ્રાહ્મણસેવા, પ્રજાને ધર્મ સાધવામાં સહાયતા, દુઃખીઓનાં દુઃખમોચન આદિ પરોપકારી કાર્યો કરવાં તથા રાણી તરીકે પ્રજાના અભાવ દૂર કરવા અને સર્વ પ્રકારે તેમને સુખશાંતિમાં રાખીને તેની ઉન્નતિ કરવી, એજ અહલ્યાબાઇના હૃદયની મુખ્ય ઇચ્છા હતી. રાજ્યના કલ્યાણને માટે તથા પોતાના કુળનો માનમરતબો સાચવવા માટે રાજ્ય ચલાવવામાં જેટલી ખટપટ કરવી પડતી, તેથી વધારે ખટપટમાં એ કદી પડતાં નહિ.

નારી તરીકે તથા રાણી તરીકે જે જે કામો તેમને કરવા યોગ્ય લાગ્યાં હતાં, તે તે કામો પાર પાડવાને માટે તેમને વધારે ફુરસદની જરૂર હતી. જ્યારે એમને ખાતરી થઇ કે, તુકોજી રાજ્ય કામનો ઘણો બોજો ઉપાડી લેવાને યોગ્ય અને વિશ્વાસપાત્ર છે, ત્યારે તેના હાથમાં યુદ્ધ-વિગ્રહ અને રાજ્યની અંદરની વ્યવસ્થાનું કામ સોંપ્યું.

અહલ્યાબાઇએ બતાવેલી રાજનીતિ પ્રમાણે તથા તેના હુકમ મુજબ, તેના પ્રતિનિધિ તરીકે તુકોજી, રાજ્યની વ્યવસ્થા કરવા લાગ્યો. એક અમેરિકન સન્નારીના શબ્દોમાં કહીએ તો "અહલ્યાબાઇ વિચારશીલ મગજરૂપ હતી અને તુકોજી સેવાપરાયણ હસ્તરૂપ હતા."

એ સમયે આખા રાજ્યના ત્રણ ભાગ પાડવામાં આવ્યા હતા. પહેલો ભાગ સાતપૂડાની પેલી પાર દક્ષિણ તરફ, બીજો સાતપૂડાની ઉત્તર તરફ અને ત્રીજો મહેશ્વરની પેલી તરફ રજપૂતાના સુધી હતો. એ ત્રીજા ભાગમાં હોલકર સરકારને ચોથ ભરનારાં રાજ્યો હતાં. જે સમયે તુકોજી દક્ષિણ ભાગની વ્યવસ્થા કરતો, તે સમયે અહલ્યાબાઇ ઉત્તરની વ્યવસ્થા ઉપર દેખરેખ રાખતાં અને એ જ્યારે ઉત્તરની વ્યવસ્થા કરતો, ત્યારે પોતે દક્ષિણનો પ્રબંધ પોતાનાજ હાથમાં લેતાં.

આખા રાજ્યના ખજાનાની વ્યવસ્થા તેમણે પોતાનાજ હાથમાં રાખી હતી. આવકજાવકનો હિસાબ બહુ સારી રીતે રાખતાં હતાં. એમનો પ્રભાવ રાજ્યના અમલદારો ઉપર બહુ

સારો પડચો હતો. એમની આગળ હસીને બોલવાની કે અસત્ય ભાષણ કરવાની હિંમત કોઇની ચાલતી નહિ. તુકોજીરાવ ઉપર અહલ્યાબાઈની અધિક શ્રદ્ધા અને પ્રીતિ જોઇને, સ્વાર્થી લોકોએ બાઇના કાન ભંભેરીને બંનેનાં મન ઊંચાં કરવા ઘણો પ્રયત્ન કર્યો હતો, પણ બાઇ કાનનાં કાચાં નહિ હોવાથી, એ લોકોને સફળતા મળતી નહિ.

તુકોજીરાવ યુદ્ધવિદ્યામાં ઘણો કુશળ અને સાહસિક હતો, પણ રાજકાર્યોમાં એ એટલો નિપુણ નહોતો; એથી કરીને રાજ-કાજમાં અહલ્યાબાઇ એને ઉપદેશ આપતાં હતાં. તુકોજીરાવે એમની પાસેથી એવી રીતે ઘણો અનુભવ પ્રાપ્ત કર્યો હતો. વળી તુકોજીરાવ અહલ્યાબાઇનો આજ્ઞાકારી સાચો સેવક હતો. ઉંમર-માં અહલ્યાબાઇથી મોટો હોવા છતાં, સદા એ એમને માતુશ્રી કહીને સંબોધન કરતો. તુકોજીરાવ જેમ જેમ રાજકાર્યમાં પાવરધો થતો ગયો, તેમ તેમ અહલ્યાબાઇ તેમને વધારે ને વધારે અધિકાર સોંપતાં ગયા.

અહલ્યાબાઇ સાધારણ રીતે તુકોજીના કામ ઉપર દેખરેખ રાખતાં અને બાકીનો વખત ધર્માનુષ્ઠાન અને પ્રજાને સુખ તથા શાંતિ આપે એવા ઉપાયો યોજવામાં ગાળતાં. ત્રીસ વર્ષ સુધી અહલ્યાબાઇએ રાજ્ય કર્યું. એ ત્રીસ વર્ષના અરસામાં કદી રાજગૌરવથી ગૌરવાન્વિત થયેલી શક્તિશાળી તેજસ્વી રાણીરૂપે, તો કદી પ્રજાની સ્નેહાળ માતા અને કરુણામયી દેવીરૂપે; કદી વિપુલ ઐશ્વર્યની અધિકારિણી ધર્મપરાયણા અને હિંદુ રમણી તરીકે અને એ બધી અવસ્થામાં એ બધાં ભિન્નભિન્ન કર્તવ્યોમાં કઠોર વ્રતધારિણી હિંદુ વિધવારૂપે, તેમણે જે મહત્ત્વ બતાવ્યું છે, તેનું વિસ્તારપૂર્વક વર્ણન આ ટૂંકા લેખમાં થઇ શકે એમ નથી.

સ્ત્રીઓમાં દુર્લભ એવા અસંખ્ય ગુણોને લીધે અહલ્યાબાઈ ભારતવર્ષમાં યશસ્વિની અને ભારતના હિંદુ-મુસલમાન રાજા-ઓની ખાસ શ્રદ્ધાને પાત્ર બન્યા હતાં. એ વખતે રાજાઓમાં હંમેશાં પરસ્પર લડાઇઓ ચાલ્યા કરતી; પરંતુ અહલ્યાબાઇના ઉપર સર્વ રાજાઓની એટલી બધી ભક્તિ હતી કે, એના એવડા મોટા રાજ્ય ઉપર, કોઇએ ચડાઇ કરી નહિ; ઊલટું બીજા શત્રુઓથી તેનો બચાવ કરવાને સૌ કોઇ તૈયાર રહેતા. અહલ્યા-બાઈ તરફનો પોતાનો બંધુભાવ પ્રગટ કરવાનો પ્રસંગ મળતો,

ત્યારે બધા પોતાને ધન્ય ધન્ય સમજતા. બધાના મનમાં અહલ્યાબાઇના કલ્યાણની તથા તેના દીર્ઘાયુષ્યની ઇચ્છા રહેતી.

ભારતવર્ષમાં એ વખતે સુલેહશાંતિનો જમાનો નહોતો. વારંવાર થતા યુદ્ધવિગ્રહને લીધે, કોઇ પણ રાજ્યની શાંતિ સચવાતી નહિ અને શાંતિના અભાવે લૂંટારાનો ઉપદ્રવ, અમલદારોનો ત્રાસ, રાજાઓને પોતાના રાજ્યના રક્ષણને માટે જોઇતી ફુરસદનો અભાવ, વગેરે કારણોને લીધે પ્રજા પણ ઘણોજ ત્રાસ પામતી. એ વખતમાં બધાં રાજ્યો ઉન્નતિ કરવાને બદલે ઊલટાં અધોગતિને પામતાં જતાં હતાં, પણ અહલ્યાબાઇની રાજનીતિને લીધે, પ્રજા ઉપર માતાના જેવા સ્નેહને લીધે તથા પ્રજાના કલ્યાણને માટે તેમણે કરેલાં અનેક સારાં કામોને લીધે, ચારે તરફ અંધાધૂંધી હોવા છતાં પણ, અહલ્યાબાઇના રાજ્યમાં સુખશાંતિ અને સમૃદ્ધિની રેલમછેલ હતી; એટલા માટેજ આદર્શ રાણી અને આદર્શ હિંદુ સ્ત્રી અહલ્યાબાઇ અપૂર્વ મહત્ત્વવાળી દેવીરૂપે ભારતવર્ષમાં પૂજાયા છે, હજુ પણ પૂજાય છે અને અનંતકાળ સુધી પૂજાશે,

અહલ્યાબાઈ જરા પણ સમય નકામાં ટોળટપ્પામાં ગુમાવતાં નહિ. રોજનું કામ એ રોજ નિયમપૂર્વક કરતાં. ત્રીસ વર્ષ સુધી એમણે પોતે નક્કી કરેલા નિયમ પ્રમાણે, રાજ્ય ચલાવ્યું હતું. સૂર્યોદય થતા પહેલાં ઊઠીને, સ્નાનસંધ્યા કરીને રામાયણ અને મહાભારતની કથા સાંભળતાં. ત્યાર પછી એ પોતાને હાથે ભિક્ષુકોને ભિક્ષા આપતાં. ત્યાર પછી બ્રાહ્મણો, પંડિતો અને અતિથિઓને પોતાની સામે બેસાડીને જમાડતાં અને ત્યાર પછી પોતે ઘણું સાદું ભોજન કરતાં. ત્યાર પછી થોડોક સમય વિશ્રામ લઇને રાજસભામાં જતાં. સંધ્યાકાળ સુધી ત્યાં બેસીને પ્રજાની અરજીઓ સાંભળતાં, મુકદ્દમાના ફેંસલા કરતાં અને રાજકારભારને લગતાં બીજાં કામકાજ કરતાં. આવે વખતે ગરીબ નિરાધાર રૈયત પણ તેમની આગળ આવીને રૂબરૂ પોતાનાં દુઃખ રડતી.

સંધ્યાકાળે સભા બરખાસ્ત થયા પછી, ત્રણ કલાક સુધી અહલ્યાબાઈ પૂજાપાઠ કરતાં. ત્યાર બાદ રાજ્યને લગતાં જરૂરનાં કામોનો વિચાર કરતાં. આ પ્રમાણે તેમનો દિવસ પૂરો થતો. મોડી રાત્રે એ શયન કરવા જતાં.

ઘણાઓ એમ કહે છે કે, રાજાઓ પૂજાપાઠ અને ધર્મના

કામકાજમાં વધારે ધ્યાન આપે, તો રાજ્ય ચલાવવામાં વિઘ્ન આવે, પણ અહલ્યાબાઇના પ્રસંગમાં એવું બન્યું નથી. દરરોજ સવારસાંજ મળીને છ કલાક એ ધાર્મિક અનુષ્ઠાનમાં ગાળતાં, આઠનવ કલાક કામ કરતાં અને બાકીનો સમય ભોજન તથા વિશ્રામમાં ગાળતાં.

જેમને ખંતપૂર્વક કામ કરવાની ટેવ છે, જે લોકો નિયમપૂર્વક કામ કરી શકે છે, તેમનાં જીવનનાં બધાં કામો સારી રીતે થઇ શકે છે. આ બાબતમાં અહલ્યાબાઇનું જીવનચરિત્ર આપણ સર્વને માટે અનુકરણ કરવા યોગ્ય છે.

પ્રજા તરફ રાજાનો જે ધર્મ છે, તેનાં બે મુખ્ય અંગ દયા તથા ન્યાય છે. આદર્શ રમણી અહલ્યાબાઇમાં આ બંને સદ્‌ગુણો પૂર્ણપણે હતા. તે હમેશાં કહ્યા કરતાં કે, "દેવતાએ મારા હાથમાં જે રાજસત્તા આપી છે, તે સત્તાનો ઉપયોગ પ્રજાના કલ્યાણને માટે કરવાને હું પ્રભુ આગળ બંધાયલી છું."

પ્રજા તરફની જવાબદારીનો આ ભાવ તેમના દરેક કાર્યમાં પ્રત્યક્ષ જણાઇ આવે છે.

એ દેશમાં મરાઠાઓનું રાજ્ય થયે ઝાઝો સમય થયો નહોતો. જમીનની માપણી કે જમાબંદીના નિયમો નક્કી કરવાની ફુરસદ આગલા રાજાઓને મળી નહોતી; એથી પ્રજાને ઘણું દુઃખ પડતું. અહલ્યાબાઇએ રાણી થયા પછી થોડા વખતમાંજ રાજ્યની માપણી કરાવી અને જમાબંદીના ઉત્તમ નિયમો બાંધીને પ્રજાના હક્કનું પણ સારી રીતે રક્ષણ કર્યું. નિયમિત રીતે વેરો ઉઘરાવવાની ગોઠવણ કર્યા પછી પ્રજા સુખી રહે, પ્રજા ધનવાન અને વૈભવશાળી બને, તેમના ઉપર કોઇ અમલદાર જુલમ ન કરે, એ બાબતો ઉપર અહલ્યાબાઇનું ધ્યાન ઘણું રહેતું. પ્રજા તરફથી વેરો ઉઘરાવવામાં એક અમલદાર ઘણો જુલમ કરે છે, એવી ખબર મળતાં તેમણે લખ્યું કે, "તમે મહેસૂલ વધારી નહિ શકો તેની ફિકર નહિ; પણ તમારા હાથ નીચેની રૈયત સુખી અને સંતુષ્ટ છે એ જાણી હું ઘણી પ્રસન્ન થઇશ."

પ્રજાપાલન કરતી વખતે દયા, ન્યાય, અને ધર્મ તરફ તેમનું કેટલું ધ્યાન રહેતું તે નીચેના બનાવો ઉપરથી જણાઇ આવશે.

એક વખત એક ધનવાન શાહુકારનું મૃત્યુ થયું. તેને કોઇ

સંતાન નહોતું. તુકોજીએ એની બધી મિલકત રાજ્યમાં લઈ લેવાનો વિચાર કર્યો. બિનવારસી મિલકત રાજ્યમાં સોંપવાનો રિવાજ કાંઇ એ વખતે નવો નહોતો, પણ એ શાહુકારની સ્ત્રીએ અહલ્યાબાઈ પાસે જઇને પતિની મિલકત પોતાને મળવા માટે પ્રાર્થના કરી. એની પ્રાર્થના કાંઇ ગેરવાજબી નહોતી, તેમજ તુકોજીની વર્તણુંક પણ એ વખતના રિવાજ મુજબ ગેરવાજબી નહોતી; તોપણ શાસ્ત્રોમાં કહેલા રાજધર્મની તો વિરુદ્ધજ હતી, એટલા માટે અહલ્યાબાઇએ તુકોજીને લખી દીધું કે, " આવી નિર્દયતા અને કઠોરતાને મારા રાજ્યમાં સ્થાન મળવું ન જોઈએ. " આ આજ્ઞા મળતાંવારજ તુકોજીએ લાચાર થઇને શાહુકારની મિલકત તેની સ્ત્રીના કબજામાં સોંપી. અહલ્યાબાઈની આ ઉદારતાથી ઇંદોરની બધી પ્રજા ધન્યવાદ આપવા લાગી.

એક સમયે તેના રાજ્યમાં બે ઘણા ધનવાન શેઠ મરી ગયા. તેમની બે વિધવાઓ સિવાય બીજું કોઇ વારસ નહોતું. એ વિધવાઓને કોઈ દત્તક પુત્ર લેવાની ઇચ્છા પણ નહોતી. તેમની ઇચ્છા પોતાની બધી સંપત્તિ અહલ્યાબાઇને સોંપી દેવાની હતી. એ સંપત્તિનો સ્વીકાર કરવાથી અહલ્યાબાઇ દોષમાં પડે એમ નહોતું; પણ એમણે એ ધન સ્વીકારવાની સાફ ના પાડીને કહ્યું કે, " તમારા સ્વામીની મિલકત છે તે તમે ભોગવો. હું એને લઇને શું કરૂં ? " વિધવાઓએ કહ્યું: " માજી ! અમે વિધવા છીએ. અમારી ભોગવિલાસની ઈચ્છા નષ્ટ થઇ ગઇ છે. સ્વામી છતાં ઘણુંએ સુખ ભોગવ્યું. હવે અમારે તે મોજશોખ શા ? આ મિલકત લઇને અમે શું કરીશું ? પારકા છોકરાઓને દત્તક લઈશું તો તેઓ આ સકમાઇની દોલતને ગમે તેમ ઉડાવી દેશે, એટલા માટે કોઇને દત્તક લેવાની અમારી ઇચ્છા નથી. આપ રાણી છો, આપને હાથે ઘણાં સત્કર્મો થાય છે, માટે આ મિલકત લઇને તેનો કોઈ પણ સારા કામમાં ઉપયોગ કરજો. "

અહલ્યાબાઇએ ઉત્તર આપ્યો: " હું રાણી છું એટલે આખા રાજ્યમાં સત્કાર્ય અને પુણ્યદાન કરવાની હું એકલીજ અધિકારી છું, એવું તો નથી; તમે પણ ઘણાં સત્કાર્યો કરી શકો છો. મારે પોતાને પુણ્ય કરવા માટે મારી પાસે પુષ્કળ ધન છે. તમારૂં ધન મારે શા માટે લેવું જોઇએ ? તમારા સ્વામીનાં મરણ નીપજ્યાથી એ સંપત્તિ ઉપર હવે તમારો અધિકાર છે. તમારે મોજ-

મજા અને ભોગવિલાસ નથી કરવા એ ઘણી સારી વાત છે. તમે સારાં પરોપકારનાં કામોમાં આ ધનને ખરચી નાખો અને એમ કરીને તમારા પૈસાથી તમે પુણ્ય મેળવો."

અહલ્યાબાઇનો ઉપદેશ માનીને એ બે સ્ત્રીઓએ ઘણી જાતના પરોપકારમાં પોતાનો પૈસો ખરચ્યો.

એવીજ રીતે એક બીજો ધનવાન નિઃસંતાન મરી ગયો. તેની વિધવાએ દત્તકપુત્ર લેવાની રજા માગી અને એના બદલામાં રાજ્યને ઘણું નજરાણું આપવાનું કહ્યું. પ્રધાને સલાહ આપી કે એવું નજરાણું લેવામાં કાંઈ પાપ નથી, પણ અહલ્યાબાઇએ ઉત્તર આપ્યો કે, " શાસ્ત્ર પ્રમાણે એ વિધવાને દત્તકપુત્ર લેવાનો પૂરો અધિકાર છે. એ પોતાનો વાજબી અધિકાર ભોગવે તેમાં મારી મંજૂરીની શી જરૂર છે ? અને મંજૂરીની પણ જરૂર હોય તોપણ તેને માટે નજરાણું લેવાને મને કોઇ હક્ક નથી. વિધવા એની મરજીમાં આવે તેને દત્તક લે. હું નજરાણું લઈશ નહિ."

હાય ! અહલ્યાબાઇ જેવી ન્યાયપરાયણા રાણીઓ કેટલી થોડી થઇ છે ?

રાજ્યની ઉન્નતિને માટે, લોકોની સગવડને માટે, દીનદુઃખીઓનાં સંકટ નિવારણ કરવા માટે અને દેવસેવા માટે તેમણે કેટલું બધું ધન ખરચ્યું હતું તથા કેટલા બધા સારા નિયમો બાંધ્યા હતા. તેની ગણતરી આ ટૂંકા લેખમાં થાય એમ નથી.

રાજ્યમાં ઘણી જગ્યાએ તેમણે નવા કિલ્લા બંધાવ્યા હતા. લોકોના અવરજવરમાં સગવડ કરવા સારૂ ઘણી સડકો બંધાવી હતી તથા નદીઓ ઉપર સુંદર ઘાટ બંધાવ્યા હતા. ઊંચા વિંધ્યાચળ ઉપર ચડીને લોકોને જવું ઘણું અઘરૂં લાગતું હતું; તેટલા માટે લાખો રૂપિયાનો ખર્ચ કરીને પર્વત ઉપર એક સારો રસ્તો બનાવ્યો. લોકોનું પાણીનું કષ્ટ નિવારણ કરવા સારૂ રાજ્યમાં હજારો તળાવ તથા કૂવા ખોદાવ્યા. વટેમાર્ગુઓનું દુઃખ નિવારણ કરવા સારૂ રસ્તામાં વિસામા બનાવ્યા. પક્ષીઓ માળા બાંધીને સુખેથી રહે તથા વટેમાર્ગુઓ છાયામાં બેસીને થાક ઉતારે અને ફળ ખાય એટલા સારૂ રસ્તાની બે બાજુએ ફળનાં ઝાડ રોપાવ્યાં. દેવસેવાને માટે દેશમાં ઠેકાણે ઠેકાણે મંદિરોની સ્થાપના કરી. ગરમીની મોસમમાં, રસ્તાઓ ઉપર તથા ખેતરોની પાસે તૃષાતુર મુસાફરો અને ખેડૂતોને માટે પાણીની પરબો

બેસાડી. દુકાળના સમયમાં દેશપરદેશમાં અન્નક્ષેત્ર ઉઘાડ્યાં. દયામયી અહલ્યાબાઇનું દિલ કેવળ મનુષ્યોના દુઃખથીજ કાંપતું નહિ, પશુપક્ષીઓનું દુઃખ જોઇને પણ તેમનું હૃદય ખેદ પામતું. ઉનાળાના દહાડામાં, ખેતરોમાં ચરતાં પશુઓને પાણી પિવરાવવા સારૂ અહલ્યાબાઇનાં માણુસો પાણીના ઘડા લઇને ખેતરોમાં ફરતાં. માછલાંઓને ખાવા માટે નર્મદા નદીમાં લોટની ગોળીઓ નખાવતાં. પંખીઓને ખાવા માટે અનાજનાં અમુક અમુક ખેતરો જુદાં રાખ્યાં હતાં. થાકયોપાકયો માણુસ, પશુપક્ષી, માછલાં બધાં અહલ્યાબાઇના દાનથી તૃપ્ત થતાં. બધાંનો જીવ તૃપ્ત થયાથી તેઓ પણ ખરા અંતઃકરણથી અહલ્યાબાઇના આલોક અને પરલોકના કલ્યાણ માટે ભગવાન પાસે પ્રાર્થના કરતાં.

અહલ્યાબાઇનું દાન કેવળ પોતાના રાજ્યની સીમામાંજ બંધાઇ રહ્યું હતું એમ નહોતું. ભારતવર્ષમાં એવું કોઇ તીર્થ નથી કે જ્યાં દેવસેવા માટે અહલ્યાબાઇએ કોઇ નવું મંદિર ન બંધાવ્યું હોય અથવા કોઇ જૂના મંદિરનો પુનરુદ્ધાર ન કર્યો હોય; અથવા તો એકાદ અન્નક્ષેત્ર કે જળાશય ન બંધાવ્યું હોય. ધર્મને માટે તો એ વગર સંકોચે ધન ખર્ચતાં. દક્ષિણભારતમાં ઘણાં તીર્થોમાં તો દરરોજ મંદિર ધોવા માટે અને દેવમૂર્તિને સ્નાન કરાવવા માટે, સેંકડો ગાઉથી અહલ્યાબાઇનાં માણુસો ગંગાજળ લઇ જતાં. ગયાનું વિષ્ણુપદ મંદિર તથા કાશીનું વિશ્વેશ્વરનું મંદિર એ બે અહલ્યાબાઇએ સુધરાવ્યાં છે. અહલ્યાબાઇનો બંધાવેલો એક ઘાટ પણ કાશીમાં છે. હિમાલયમાં દુર્ગમ કેદારનાથ તીર્થમાં તેમણે એક ધર્મશાળા બનાવી છે તથા એક કુંડ ખોદાવ્યો છે. અહલ્યાબાઇની કીર્તિ હજુ પણ ઘણાં તીર્થોમાં જોવામાં આવે છે. અહલ્યાબાઇનું નામ સાંભળ્યું ન હોય તથા અહલ્યાબાઇનાં કીર્તિસ્વરૂપ કામોને કોઇ ને કોઇ તીર્થમાં દેખ્યાં ન હોય એવો ભાગ્યેજ કોઇ હિંદુ યાત્રાળુ હશે.

ઘેર પણ નિત્ય દેવસેવા, અતિથિસત્કાર, બ્રાહ્મણો અને કંગાલોને ભોજન તથા દાન આદિ ધર્મનાં કાર્યો સદા તેઓ કરતાં હતાં. હિંદુ સ્ત્રીઓએ કરવા યોગ્ય બધાં વ્રત અને ઉપવાસ એ કરતાં. એ વ્રતના દિવસોએ હજારો ગરીબોને ભોજન તથા દાનથી સંતુષ્ટ કરવામાં આવતાં.

ધર્મ તરફ તેમનો પ્રેમ બેશુમાર હતો. ધર્મનાં કામોમાં એ

વગર સંકોચે ખર્ચ કરતાં, પણ ધર્મ સંબંધમાં તેમના વિચારો સાંકડા થઇ ગયા નહોતા. પ્રજાને પોતાની મરજી મુજબ ધર્મ માનવામાં એ કોઇ પણ પ્રકારનો વાંધો લેતાં નહિ. બધા ધર્મના લોકો, કોઇ પણ જાતની પીડા કે ત્રાસ ભોગવ્યા વગર, સમાન સુખથી તેમના રાજ્યમાં રહીને પોતપોતાના ધર્મ પાળતા હતા.

અહલ્યાબાઈ જાતે ઘણાં સાદાં હતાં. તેમના જીવનમાં કોઈ પ્રકારનો આડંબર નહોતો. તેમને કોઇ જાતના ભોગવિલાસની લાલસા નહોતી. વિધવા થયા પછી કઠણ બ્રહ્મચર્યવ્રત પાળતાં. કોઇ મીઠાઈ એમણે કદી ખાધી નથી. રાજદરબારના કામ સિવાય કોઇ દિવસ કિંમતી વસ્ત્રાલંકાર પહેરતાં નહિ, સારા બિછાના ઉપર કદી સૂતાં નહિ અને વિલાસની કોઈ પણ વસ્તુને સ્પર્શ કરતાં નહિ.

તે એટલાં બધાં વિનયી તથા નિરભિમાની હતાં કે, પોતાનાં વખાણ એમને કદી ગમતાં નહિ. પોતાની ખુશામત કરનારાઓને એ કદી આશ્રય આપતાં નહિ. એ સંબંધે બેએક સુંદર દંતકથાઓ પ્રચલિત છે.

કોઇ બ્રાહ્મણે દક્ષિણાની લાલચમાં અહલ્યાબાઇની સ્તુતિમાં એક પુસ્તક લખ્યું. એ પુસ્તકમાં ઠેકાણે ઠેકાણે અહલ્યાબાઇનાં વખાણ હતાં. બ્રાહ્મણ એ પુસ્તક અહલ્યાબાઈને વાંચી સંભળાવવા આવ્યો હતો. અહલ્યાબાઈએ ઘણા કષ્ટપૂર્વક એ પુસ્તક સાંભળ્યા પછી કહ્યું: “આપે નાહક આટલો બધો પરિશ્રમ કર્યો. હું તો ઘણી પાપી છું, આ બધાં વખાણ મને છાજતાં નથી.” એમ કહીને અહલ્યાબાઇએ એ પુસ્તકને નર્મદામાં ફેંકાવી દીધું અને બ્રાહ્મણને દક્ષિણા આપ્યા વગર વિદાય કર્યો.

રાજાઓએ જેવી રીતે દયા અને ન્યાયપૂર્વક પ્રજાનું પાલન કરવું જોઇએ, તેવીજ રીતે રુદ્રરૂપ ધારણ કરીને દુષ્ટોનું દમન કરવું જોઈએ અને એ પ્રમાણે પાપી અને અત્યાચારીઓને સજા પમાડીને પ્રજામાં શાંતિ ફેલાવવી જોઇએ. પ્રાચીન ધર્મશાસ્ત્રકારોએ ખરા રાજાનાં એજ લક્ષણો કહ્યાં છે. અહલ્યાબાઈમાં આ બંને ગુણો પૂર્ણરૂપે હતા.

અહલ્યાબાઈ કેટલી કોમળ પ્રકૃતિની સ્ત્રી હતી તેનો પરિચય વાચકોને આગળ મળી ચૂક્યો છે. જે પ્રમાણે એ માતાના જેવા સ્નેહથી પ્રજાનું રક્ષણ કરતાં હતાં, તેમના વાજબી હક્ક સાચવતાં

હતાં, તેજ પ્રમાણે દુષ્ટોનું દમન કરવાનો પ્રસંગ આવતાં તેજસ્વિતા અને દૃઢતાનો પરિચય આપવાનું એ ચૂકતાં નહિ.

મધ્ય હિંદુસ્તાન અને રજપૂતાનામાં ભીલ નામની અસભ્ય જંગલી પહાડી જાતિ છે. એ લોકો ઘણા તોફાની હોય છે. એ લોકોને પોતાના કાબૂ તળે લાવવા એ ઘણું મુશ્કેલ કામ છે. ભીલ લોકોના ગામમાંથી જે લોકો આવજા કરે તેમની પાસેથી તેઓ એક વેરો ઉઘરાવતા હતા. એને "ભીલકોડી" કહેતા. ઘણાં વર્ષોથી ભીલકોડીનો રિવાજ ચાલ્યો આવતો હતો, એટલે અહલ્યાબાઇએ એમાં કાંઇ વાંધો લીધો નહિ; પણ ભીલો આ મનમાન્યો વેરો ઉઘરાવીને બેસી રહેતા નહિ. તેઓ મુસાફરોને લૂંટી લેતા અને ગરીબ નિર્દોષ રૈયતને ઘણું સતાવતા. આ બધો અત્યાચાર અહલ્યાબાઇથી સહન થયો નહિ. ભીલોને હરાવીને પ્રજાનું સંરક્ષણ કરવાનો તેમણે દૃઢ સંકલ્પ કર્યો. પહેલાં તો એમણે દયા આણીને, સ્નેહપૂર્વક તેમને સમજાવીને ઠેકાણે લાવવા માટે ઘણોએ પ્રયત્ન કર્યો, પણ કાંઇ વળ્યું નહિ; એટલે અહલ્યાબાઇએ એ ભીલ લોકોને સખ્ત સજા કરીને શાંત કરવાનો ઉપાય અજમાવ્યો. ઘણા ભીલોને દેહાંતદંડની સજા થઈ. ભીલોનાં ગામો ઉજ્જડ કરી નખાવ્યાં, એટલે ભીલ લોકો નરમ પડ્યા અને અહલ્યાબાઇ પાસે માફી માગવા લાગ્યા. અહલ્યાબાઇએ કાયદો કર્યો કે ભીલ લોકોએ આપણા જૂના રિવાજ પ્રમાણે "ભીલકોડી" ઉઘરાવવી, પણ લૂંટફાટ ન કરવી. ખેતી અને મજૂરી કરીને પોતાનો નિર્વાહ કરવો. એણે ભીલ લોકોને એ પણ કહી દીધું કે, "તમારા ગામમાં કોઈ મુસાફર લૂંટાશે તો તેની જવાબદારી તમારે માથે છે." ભીલ લોકો ત્યારથી અહલ્યાબાઇના તાબેદાર થઇને રહ્યા.

અહલ્યાબાઇ નારી હોવા છતાં પણ, અત્યાચારી અમલદારોને વાજબી સજા કરતાં જરા પણ બીતાં નહિ. જે શક્તિશાળી મોટા અમલદારો તેમને રાજ્યના કામમાં મદદ આપતા તેમના ઉપર એ પ્રસન્ન રહેતાં, પરંતુ તેમને હાથે પણ જો કોઈ જુલમ થાય તો એમને સજા કરવાનું ચૂકતાં નહિ; એટલે સુધી કે તુકોજી કે જે તેમને પુત્રસમાન પ્રિય હતો અને જે તેમની ગાદીનો ભવિષ્યનો વારસ હતો, તેના તરફથી પણ કોઇ કાયદાનું ઉલ્લંઘન થાય તો અહલ્યાબાઇ તે સહન કરી શકતાં નહિ.

શિવાજી ગોપાળ નામનો એક અમલદાર અહલ્યાબાઈની તરફથી પેશ્વાના દરબારમાં એલચી તરીકે રહેતો હતો. તેના ગુણ અને કામકાજથી પ્રસન્ન થઈને પેશ્વાએ તેને પોતાની નોકરીમાં રાખવા માગ્યો. તુકોજીએ પણ એ વાતને ટેકો આપ્યો; પણ બેમાંથી કોઇએ અહલ્યાબાઇને એ બાબતની ખબર આપી નહિ. અહલ્યાબાઇનો હુકમ મેળવ્યા વગર શિવાજી ગોપાળ અહલ્યાબાઇનું કામ છોડી દઇને પેશ્વાની નોકરીમાં જોડાયો. અહલ્યાબાઇએ આ ખબર સાંભળતાંવારજ તુકોજીને બોલાવીને ખૂબ ધમકાવ્યો. તુકોજીએ અહલ્યાબાઇને પગે પડીને ક્ષમા માગી. ત્યાર પછી કોઈ દિવસ એ અહલ્યાબાઇની સલાહ વગર મોટું કામ કરવાનું સાહસ કરતો નહિ.

રાજા તરીકેની પોતાની પ્રતિષ્ઠા સંબંધી આટલી કાળજી ન હોય તો અમલદારોની રાજા ઉપરની ભક્તિ તથા રાજાનો ડર ઓછાં થઇ જાય છે અને આ પ્રમાણે ભય તથા ભક્તિ ઓછી થઇ જવાથી ધીમે ધીમે અમલદારો સ્વેચ્છાચારી થઇ જાય છે, એથી રાજ્યનો પ્રબંધ બગડે છે અને પ્રજાની સુખ-શાંતિમાં ઘણી ખલેલ પહોંચે છે.

સૂક્ષ્મ રાજનીતિ જાણનારી અહલ્યાબાઇ આ બધું સારી પેઠે સમજતાં હતાં; એટલા માટેજ પોતાનું રાજગૌરવ સાચવી રાખવા એ હંમેશાં પ્રયત્ન કરતાં. બીજા રાજાઓ આગળ પોતાના રાજ્યનો મોભો સાચવી રાખવાને માટે પણ એવોજ પ્રયત્ન કરતાં. એવે પ્રસંગે એમનામાં તેજસ્વિતા વધુ જણાતી.

પોતાના રાજ્યના પ્રથમ ભાગમાં રઘુનાથરાવ ચડી આવ્યો, તે વખતે અહલ્યાબાઇએ કેવી નિર્ભયતા અને ઊંડી બુદ્ધિ બતાવી હતી, તે આપણે જોઇ ગયા છીએ. પાછલી વયમાં પોતાના રાજ્યના છેલ્લા અરસામાં એક યુદ્ધમાં તેમણે એવું પરાક્રમ બતાવ્યું હતું કે, તેને લીધે તે બધા રાજાઓની શ્રદ્ધા અને ભક્તિને પાત્ર બન્યાં હતાં.

રજપૂતાનાના જયપુરના રાજા પહેલાં મલ્હારરાવને અને પછીથી અહલ્યાબાઇને ખંડણી આપતા હતા. અહલ્યાબાઇના રાજ્યના પાછલા ભાગમાં ચારપાંચ લાખ રૂપિયા ખંડણીના બાકી નીકળતા હતા; પરંતુ તુકોજીએ જ્યારે એ રૂપિયા માટે ઉઘરાણી કરી, ત્યારે તુકોજીના શત્રુ સિંધિયાના સેનાપતિએ

છાનામાના જઇને જયપુરના રાજાને ખંડણી ન આપવાની સલાહ આપી અને કહ્યું કે, "ખંડણીને માટે યુદ્ધ થશે, તો હું તમને મદદ કરીશ." એની સલાહ મુજબ જયપુરના મહારાજાએ તુકોજીને કહેવરાવ્યું કે, " આપની માફક સિંધિયા મહારાજાની ખંડણી પણ અમારે આપવી બાકી છે, તેઓ પણ ઉતાવળ કરી રહ્યા છે; માટે તમારા બેમાંથી વધારે જોરાવરને હું ખંડણી આપીશ."

જયપુરના મહારાજાનો આ ઉત્તર સાંભળીને તુકોજીએ યુદ્ધ-ની તૈયારી કરી; પણ એવામાં સિંધિયાના સેનાપતિએ ઓચિંતો હુમલો કર્યાથી તુકોજીની હાર થઇ. તુકોજી એક ગઢમાં ભરાઇ ગયો અને વધારે ધન અને સૈન્ય મોકલવા માટે અહલ્યાબાઇને સમાચાર મોકલ્યા.

તુકોજીના પરાજયના સમાચાર સાંભળીને ક્રોધ અને ક્ષોભ-પૂર્વક અહલ્યાબાઇએ કહ્યું: " ધિક્કાર છે ! વીરપુરુષ થઇને તુકો-જીએ હોલ્કરના રાજ્યને કલંક લગાડયું. તુકોજી મને પુત્ર સમાન વહાલો છે, પણ આજ તેના પરાજયના સમાચાર સાંભળ્યા તેના કરતાં, યુદ્ધમાં તેના મૃત્યુના ખબર સાંભળ્યા હોત, તો હું વધારે ખુશી થાત." તેણે શાંત થઇને તુકોજીને કહેવરાવ્યું કે, "હશે, થનાર હતું તે તો થઇ ચૂકયું. તું ડરી જઇને નિરાશ થઈશ નહિ. જેટલું ખર્ચ થાય તેટલું કરજે, પણ હોલ્કરનું નામ રાખજે. હવે તું વૃદ્ધ થતો જાય છે. તારામાં જો યુદ્ધ કરવાની શક્તિ ન હોય, તો મને લખજે. હું વગર વિલંબે હથિયાર સજીને યુદ્ધમાં જઇશ. હું પણ વૃદ્ધ થઈ ગઇ છું, એ વાત ખરી; પણ હજુએ મારામાં શક્તિ છે. શક્તિ હોવાથીજ હજુ પણ રાજ્ય ચલાવું છું." એમણે તુકોજીની મદદે ૧૮૦૦ સૈનિકો મોકલ્યા એ સેના-ની મદદથી તુકોજીરાવે ફરીથી યુદ્ધ જાહેર કર્યું.

અહલ્યાબાઈના ઉત્તેજનથી તથા તેમણે મોકલેલા વીર સૈન્યની મદદથી તુકોજીએ સિંધિયાના લશ્કરને હરાવ્યું. જય-પુરના રાજાએ ખંડણી આપવામાં આનાકાની કરી નહિ. અહલ્યા-બાઈનું રાજ્યગૌરવ અખંડિત રહ્યું. વિજયી તુકોજીએ આવીને અહલ્યાબાઇને પ્રણામ કર્યા.

અહલ્યાબાઇની રાજનૈતિક ચતુરતા અને કુશળતા સંબંધી પણ એક સુંદર વાત કહેવાય છે. ઇંદોરના ખજાનામાં મલ્હાર-રાવના સમયથી ઘણું ધન સંઘરી રાખવામાં આવ્યું હતું. એ

સંચિત ધનને અહલ્યાબાઈએ દેવસેવા અને પરોપકારના કામમાં ખર્ચવાનો સંકલ્પ કરી રાખ્યો હતો. રઘુનાથરાવ અહલ્યાબાઈ પાસેથી રાજ્ય છીનવી લેવામાં કેવી રીતે નિષ્ફળ નિવડ્યો, એ તો વાચકો ઉપર જોઈ ગયા છે. હવે અહલ્યાબાઈના સંચિત ખજાનાની વાત સાંભળીને ફરીથી રઘુનાથરાવને લોભ થયો. કોઈ એક યુદ્ધના ખર્ચ નિમત્તે રઘુનાથરાવે અહલ્યાબાઈ પાસેથી નાણું માગ્યાં. ઈંદોર પેશ્વાના તાબાનું રાજ્ય હોવાથી રઘુનાથરાવનો આ દાવો કાંઈ ગેરવાજબી પણ નહોતો.

પણ દેવસેવા અને લોકસેવાને માટે સમપર્ણ કરી દીધેલા ધનમાંથી રઘુનાથરાવના સ્વેચ્છાચારી યુદ્ધ માટે કાંઈ પણ આપવાની અહલ્યાબાઈને ઇચ્છા થઈ નહિ. તેમણે કહેવરાવી દીધું કે, ખજાનામાંનું બધું ધન દાન-ધર્મને માટે સમર્પણ કરી ચૂકી છું. આપને જો પૈસાની તાણ હોય, તો આપ પણ બ્રાહ્મણ છો; યથાવિધિ તુલસીપત્ર અને ગંગાજળ મૂકીને, મંત્ર ભણીને માગણી કરશો તો જોઈએ એટલા ધનનું દાન કરવા હું તૈયાર છું."

રઘુનાથરાવને ઘણો ગુસ્સો થયો. ઈંદોરની રાણી અહલ્યાબાઈ પેશ્વાને તાબે હતી, એ હક્કને લીધે એણે નાણું માગ્યાં હતાં. પેશ્વા બ્રાહ્મણ હતા એ વાત ખરી, પણ એ કાંઈ ભિક્ષુક બ્રાહ્મણ નહોતા. ભિક્ષુક તરીકે શુદ્રાણી અહલ્યાબાઈ પાસેથી રઘુનાથરાવ દાન ગ્રહણ કરે ? તેણે યુદ્ધને માટે તૈયાર થવાનું અહલ્યાબાઈને કહેવરાવી દીધું. અહલ્યાબાઈએ પણ જવાબ મોકલ્યો કે, "યુદ્ધમાં પ્રાણ જાય, રાજ્ય જાય, સર્વસ્વ જાય તો ભલે. એ બધું ભોગવવા હું તૈયાર છું; પણ ઇચ્છા કરીને પોતાને હાથે દેવસેવા અને પરોપકારને માટે સંઘરી રાખેલા ધનમાંથી એક કોડી પણ નહિ આપું."

યુદ્ધ કર્યા વગર કાર્ય સિદ્ધ થતું હોય, ત્યાંસુધી નકામી લોહીની નદીએ વહેવરાવવી નહિ, એવી અહલ્યાબાઈની મૂળથીજ નીતિ હતી. આ વખતે પણ કુશળતા વાપરીને યુદ્ધ રોકવાની તેમણે યુક્તિ રચી. રઘુનાથરાવ સૈન્ય સાથે આવી પહોંચ્યો. અહલ્યાબાઈ પણ વીરવેશમાં સજ્જિત થઈને ઘોડા ઉપર બેઠાં. સાથે પાંચસો દાસીઓને પણ ઘોડેસવાર બનાવી. આ પ્રમાણે એ બધી વીર નારીઓ યુદ્ધક્ષેત્રમાં આવી પહોંચી; પરંતુ રઘુનાથરાવનો હુકમ મળ્યા છતાં પણ મરાઠા સરદારોએ સ્ત્રીઓની સાથે

યુદ્ધ કરવાની ના કહી. અહલ્યાબાઇ જાણુતાં હતાં કે, એવું થવાનું છે અને તેટલા સારૂજ એમણે આવો ભાવ ભજવ્યો હતો. રઘુનાથરાવે ગુસ્સે થઇને પૂછ્યું: "તમારૂં લશ્કર ક્યાં છે ?"

અહલ્યાબાઇએ જવાબ આપ્યો: "પેશ્વા સરકાર મારા માલિક છે. તેમની સાથે યુદ્ધ કરીને હું રાજદ્રોહી થવા માગતી નથી; પણ હોલ્કરના ખજાનામાં ધર્મનાં કામો માટે જે ધન સંઘરી રાખવામાં આવ્યું છે, તે હું આપી શકું એમ નથી. કોઇ લેવા આવશે તો જીવસટે પણ તેનું રક્ષણ કરીશ. આપની એ ધન લેવાની ઇચ્છા હોય, તો મારી અને આ દાસીઓની હત્યા કરીને સુખેથી ધન લઈ જાઓ."

રઘુનાથરાવ લાચાર બનીને થોડી વાર સુધી ચુપચાપ ઊભો રહ્યો. પછીથી એ મનમાં સમજી ગયો કે, અહલ્યાબાઈની યુક્તિ આગળ તેનું કાંઇ ચાલે તેમ નથી. આખરે પોતાના કામ માટે પસ્તાવો કરીને તથા મીઠાં વચનોથી અહલ્યાબાઈને સંતોષ આપીને એ પાછો ફર્યો.

હવે અમે અહલ્યાબાઇનાં સ્વરૂપ તથા તેમની દિનચર્યાનું થોડુંક વિવેચન કરીશું.

ઊંચાઇમાં મધ્યમ અને દેહ સાધારણ બહુ પાતળો પણ નહિ અને બહુ સ્થૂલ પણ નહિ એવો હતો. રંગ શામળો હોવા છતાં, પણ મુખ ઉપર એક એવી તેજસ્વી પ્રભા વિરાજી રહી હતી, કે એમના મુખ સામું એકીટશે જોઇ શકાતું નહિ.

એમનો પહેરવેશ ઉત્તમ, સાદો અને ધોળા રંગનો હતો. વિધવા થયાં ત્યારથીજ એમણે રંગબેરંગી વસ્ત્ર પહેરવાં છોડી દીધાં હતાં. અલંકારમાં ફક્ત એક માળાજ ધારણ કરતાં. મરાઠાઓમાં મદ્યમાંસનો નિષેધ નથી, છતાં રાણી અહલ્યાબાઇએ એવા પદાર્થોનો સદાને માટે ત્યાગ કર્યો હતો. એમના ભોજનમાં સાત્ત્વિક પદાર્થો અધિક ભાગે જોવામાં આવતા. રાજસી અને તામસી વિચાર ઉત્પન્ન કરે એવા પદાર્થ તરફ એમને બહુ ઓછી રુચિ થતી. જૂઠું બોલવાથી એ તરતજ અસંતુષ્ટ થતાં. એમનું ચિત્ત સદા શાંત અને પ્રફુલ્લિત રહેતું. પોતાના શરીરને વસ્ત્રાભૂષણુથી અલંકૃત કરવાને બદલે પોતાના અંતઃકરણને વિવેક, વિચાર અને ઉદાર રાજનીતિથી વિભૂષિત રાખતાં.

અહલ્યાબાઇના ધર્માત્મા હોવાની સાક્ષી તો એમણે બંધાવેલ અનેક મંદિરો તથા ધર્મશાળાઓ ભારતવર્ષના ચારે ખૂણામાં પૂરી રહ્યાં છે. તુકોજીએ એક વાર આગ્રહ કરીને જયપુરના કારીગર પાસે અહલ્યાબાઇની મૂર્તિઓ બનાવી હતી. એ સંબંધમાં માલકમ સાહેબ લખે છે: "પ્રાચીન કાળની ઐતિહાસિક સ્ત્રીઓની પેઠે અહલ્યાબાઇમાં પણ અદ્વિતીય અને ઉત્તમ ગુણો વિદ્યમાન હતા. ઇંદોર, હિમાલય, સેતુબંધ, રામેશ્વર, ગયા, કાશી આદિ સ્થાનોમાં વિશાળ અને અનુપમ દેવસ્થાનો બનાવી એમણે પોતાનું નામ અમર કર્યું છે. નાથમંદિર અને ગયાજીનું દેવાલય જે વિષ્ણુપદના નામથી પ્રખ્યાત છે, તેનું શિલ્પકાર્ય એવું સુંદર અને રમણીય છે કે, જોતાં જોતાં આંખ ધરાતીજ નથી. અહીંયા શ્રીરામચંદ્ર અને જાનકીજીની સુંદર મૂર્તિઓ પધરાવેલી છે અને સામે સાચી ભક્ત અહલ્યાબાઇની મૂર્તિ ઊભી છે—જાણે કે સાક્ષાત્ બાઇજ ભગવાનનું પૂજન ન કરતાં હોય! ગયાજીમાં એ મૂર્તિ જોઇને હિંદુ યાત્રાળુઓના અંતઃકરણમાં એકદમ ભક્તિ અને પૂજ્યભાવ ઉત્પન્ન થાય છે."

મહેશ્વર દરબારના દફતરમાંથી એમના સંબંધી અનેક પત્ર મળી આવ્યા છે, એ ઉપરથી એમના સંયમ તથા દયાધર્મનો વિશેષ વૃત્તાંત મળી આવે છે. થોડાક નમૂના નીચે આપીએ છીએ:—

"આજ પ્રાતઃકાળથી બાઇને ઝાડાનો ઉપદ્રવ થયો છે. દિવસમાં ત્રીસ ચાલીસ વાર શૌચ જવું પડયું, પરંતુ અમાવાસ્યા હોવાથી દવા નજ પીધી."

"અહીંયાં આજકાલ શ્રાવણ માસનો ઉત્સવ છે. દરરોજ અઢીથી ત્રણ હજાર બ્રાહ્મણો ભોજન કરે છે. × × × × ભોજન પછી દરરોજ એમને બબ્બે ત્રણ ત્રણ પૈસા દક્ષિણા આપવામાં આવે છે અને જન્માષ્ટમીને દિવસે પ્રત્યેક બ્રાહ્મણને એક એક રૂપિયો આપવામાં આવે છે. લિંગ ઉપર અનુષ્ઠાન કરનારા બ્રાહ્મણને રોજના આઠ રૂપિયા, જપ કરનારાને પાંચ પાંચ રૂપિયા, કવચ ભણનારાને આઠનવ રૂપિયા અને નમસ્કાર ભણનારાને નવ દસ રૂપિયા આપવાનો રિવાજ છે. બ્રાહ્મણોને ભોજન કરાવ્યા પછી ચાર ઘડી દિવસ બાકી રહે, ત્યારે બાઇ સ્નાન કરીને ભોજન કરે છે."

"૬૯ વર્ષની વય સુધી બાઇનો પૂજાપાઠ તથા વ્રત નિય-

માહિ ઠીક ચાલ્યાં હતાં. શકુનની વિદ્યામાં પણ એ વિશેષ પ્રવીણ હતાં. દરેક કામ શકુન જોઇને કરતાં.”

અહલ્યાબાઇએ જે જે ધર્માદા સંસ્થાઓ સ્થાપી, જે જે મંદિરો બંધાવ્યાં તેની પૂરી યાદી ઇંદોર રાજ્યના દફતરમાંથી પણ મળી આવતી નથી. એનું એક કારણ એ છે કે, એ સંસ્થાના નિભાવ અર્થે તેમણે દૂરદેશાવરના એ સ્થાનોની આસપાસની જમીન તથા ગામ વગેરે ખરીદીને દાન કર્યાં છે. એ સંસ્થાઓના વ્યવસ્થાપકોને ઇંદોર સુધી ખર્ચની રકમ લેવા આવવું પડે એવું રાખ્યુંજ નથી.

મલ્હારરાવના મૃત્યુ પછી દેવી અહલ્યાબાઇએ મહેશ્વર સ્થાનને પોતાનું મુખ્ય મથક બનાવ્યું હતું. એ ગામ નર્મદા નદીને કિનારે વસ્યું છે અને ત્યાં મોટા પ્રચંડ ઘાટ છે. બાઇનો મહેલ નદીને કિનારેજ હતો. મહેશ્વરની ઉન્નતિ સારૂ બાઇએ તનમનધનથી પ્રયત્ન કર્યો હતો. ઘાટની પાસે બાઇની એક અતિ ઉત્તમ અને જોવાલાયક છત્રી છે, એમાં એક શિવલિંગ અને સામે અહલ્યાબાઇની મૂર્તિ સ્થાપિત છે. એ ઘાટ અને છત્રી અહલ્યાબાઇના સ્મરણાર્થે યશવંતરાવ હોલ્કરે બંધાવેલા છે. એને બંધાતાં ૩૪ વર્ષ લાગ્યાં હતાં અને એમાં લગભગ દોઢ કરોડ રૂપિયા ખર્ચ થયું છે. એ છત્રીને કેટલાક લોકો મધ્ય-હિંદુસ્તાનના તાજમહેલની ઉપમા આપે છે.

મહામહોપાધ્યાય હરપ્રસાદ શાસ્ત્રી પોતાના ઇતિહાસમાં લખે છે કે, “અહલ્યાબાઈએ કાશીમાં વિશ્વેશ્વર અને ગયામાં વિષ્ણુપદના મંદિરોનો જીર્ણોદ્ધાર કર્યો હતો અને કલકત્તાથી કાશી સુધી એક ઉત્તમ સડક બંધાવી હતી. એ ઉપરાંત ગ્રીષ્મ ઋતુમાં ઠેકાણે ઠેકાણે પરબો મંડાતી અને શિયાળામાં અનાથોને કામળીઓ વહેંચવામાં આવતી.”

અહલ્યાબાઇની કીર્તિ એટલી બધી હતી કે, એમના સમ-કાલીન હૈદર, ટીપુ, નિઝામ, અયોધ્યાના નવાબ વગેરે મુસલ-માનો પણ એમની ઘણી પ્રશંસા કરતા.

અહલ્યાબાઇના જીવનનું અવલોકન કરતાં સર જોન માલ્કમ લખે છે: “એ ચરિત્ર અત્યંત અલૌકિક છે. સ્ત્રી હોવા છતાં પણ બાઇને લેશમાત્ર અભિમાન નહોતું. એમને ધર્મની વિલક્ષણ ધૂન

હતી અને એમ છતાં પણ, પરધર્મ તરફ સહિષ્ણુતા પણ પુષ્કળ હતી. એમનું શરીર વૃદ્ધ થઇ ગયું હતું, પણ પોતાની પ્રજા અને આશ્રિતોને કેવી રીતે સુખ મળે, એમનો વૈભવ કેવી રીતે વધે એ સિવાય બીજા વિચારજ એમને નહોતા આવતા. બાઇએ પોતાને મળેલી સ્વતંત્ર સત્તાનો ઉપયોગ દક્ષતા અને વિચારપૂર્વક કર્યો હતો, એથી એમની મનોવૃત્તિ સ્થિર થઈ ગઈ હતી અને એમના નોકરો તથા પ્રજાએ તનમનથી એમની આજ્ઞાનું પાલન કર્યું હતું.”

ધીમે ધીમે મહાન રાણી અહલ્યાબાઈનું આયુષ્ય ખૂટવા લાગ્યું. આદર્શ રમણી અને આદર્શ રાણી હોવા છતાં પણ, અહલ્યાબાઈનું સાંસારિક જીવન ઘણું સુખી નીવડયું નહોતું. એક પુત્ર અને એક કન્યાને જન્મ આપ્યા પછી, અઢાર વર્ષની કુમળી વયે એ વિધવા થયાં હતાં. પુત્ર માલેરાવ કેવો દુષ્ટ નીકળ્યો હતો, તે આપણે જોયું. એવા ગાંડાઘેલા પુત્રના અકાલ મૃત્યુથી પણ તેમને બેહદ દુઃખ થયું. કન્યા મુક્તાબાઇને એક પુત્ર હતો. તેને પાસે રાખીને અહલ્યાબાઇ તેનું પાલનપોષણ કરવા લાગ્યાં.

પરંતુ સંસારનું આટલું સુખ પણ તેમને છાજ્યું નહિ. સંસારમાં સ્નેહના મુખ્ય બંધનરૂપ એ એકનો એક દૌહિત્ર પણ અહલ્યાબાઇને મૂકીને આ દુનિયામાંથી ચાલ્યો ગયો. એના મૃત્યુ પછી એક વર્ષે મુક્તાબાઈ વિધવા થઈને સતી થઇ.

શોક, દુઃખ અને રાજકારભારના તથા કઠોર વ્રત અને ઉપવાસને લીધે, ધીમે ધીમે અહલ્યાબાઈનું શરીર ક્ષીણ થઇ ગયું.

મૃત્યુને પાસે આવતું જોઇને એમણે દરરોજ એક હજાર બ્રાહ્મણોને ભોજન કરાવવાની તથા ગરીબ, દુઃખી અને આંધળા પાંગળાંને અન્નવસ્ત્ર આપવાની વ્યવસ્થા કરી. મૃત્યુને દિવસે બાર હજાર બ્રાહ્મણોને ભોજન કરાવવાનો હુકમ આપ્યો. સંસારમાં પોતાને માટે નિર્માણ થયેલું કાર્ય સફળતાપૂર્વક કરીને સંવત ૧૮૫૩ (ઈ૦ સ૦ ૧૭૮૬) માં દેવી અહલ્યાબાઇએ ૭૦ વર્ષની વયે સ્વર્ગવાસ કર્યો. એમનાં સત્કૃત્યોને લીધે આખા ભારતવર્ષમાં એમના મૃત્યુના સમાચારથી શોક ફેલાયો; લોકો એમની પુણ્યકીર્તિ ગાઇને એમના આત્માની શાંતિ અર્થે પ્રાર્થના કરવા લાગ્યા. એક અંગ્રેજ કવયિત્રીના કથનનો સારાંશ કહીએ તો “એના ત્રીસ વર્ષના શાંતિમય રાજ્યમાં દેશમાં સુખ-

સમૃદ્ધિ વધ્યાં હતાં અને આબાલવૃદ્ધ, કઠોર અને કોમળ હરેકના મુખમાંથી તેને માટે આશીર્વચનો નીકળતાં હતાં. પર્વતોમાં, ટેકરીઓ ઉપર કે સમતલ ભૂમિમાં પ્રવાસી અનેક સ્થળે શોકપૂર્વક ઊભો રહીને કહે છે કે, 'હાય! આ ઇમારત અહલ્યાબાઈની બનાવેલી છે!' ભૂત અને ભવિષ્યનો વિચાર કરતાં વિદ્વાન સાધુના મનમાં અનેક વિચારો ઉદ્ભવે છે અને તે મનમાંજ કહે છે કે, 'હાય! આપણા ચટપટિયા રાજાઓ એ વીર નારીની પેઠે શાસન ચલાવતા હોય, તો કેવું સારૂં?"

અહલ્યાબાઈએ સાહિત્યમાં પણ પોતાની પાછળ એક સ્મારક મૂક્યું છે; તેનું નામ 'અહલ્યાબાઈ કામધેનુ' છે.

એમણે એમના રાજ્યમાં વસનારા તથા બહારથી આવેલા વિદ્વાન પંડિતોને એકઠા કરીને આજ્ઞા આપી હતી કે, "તમે લોકો સભા મેળવીને શોધખોળ કરીને ધર્મશાસ્ત્રનો એક મોટો ગ્રંથ લખો." એ ગ્રંથ સારૂ એમણે દેશદેશાવરમાં તપાસ કરાવીને કિંમતી પુસ્તકો મંગાવ્યાં હતાં. એ પુસ્તકોને આધારે પંડિતોએ "અહલ્યા કામધેનુ" નામનો એક મોટો ગ્રંથ રચ્યો. તેમાં ધર્મશાસ્ત્રની મુખ્ય મુખ્ય બધી વાતો સમાવવામાં આવી છે. એ ગ્રંથથી અહલ્યાબાઈનું નામ સંસ્કૃત સાહિત્યમાં અમર છે.

અહલ્યા-ઉત્સવ

આપણા મહાન પૂર્વજોની જયંતી ઊજવવાની પ્રથા વીસમી સદીમાં પાછી તાજી થઈ છે, એ આપણા સદ્ભાગ્યની વાત છે. અહલ્યાબાઈનું સ્મરણ તાજું રાખવા થોડાંક વર્ષથી ઈંદોર રાજ્યમાં 'અહલ્યા-ઉત્સવ' ઊજવાય છે. આખા શહેરના લોકો એમાં ભાગ લે છે. ગરીબો અને ફકીરોને ભોજન વહેંચવામાં આવે છે. એ દિવસે મહારાણી અહલ્યાબાઈની સવારી ઘણી ધામધૂમ અને આનંદથી કાઢવામાં આવે છે. એ દિવસે આખા શહેરમાં ઉમંગ વ્યાપી રહે છે. ફૂલોથી શણગારેલી પાલખીમાં એમની છબીનાં દર્શન કરીને બધાં પોતાના જન્મનું સાર્થક સમજે છે.

એમની પાલખીની આગળ ૩૦ સ્ત્રીઓ નાગી તલવાર લઈને ઘોડેસવાર થઇને ચાલે છે. પાછળ પણ હથિયારબંધ સ્ત્રીઓનું એક એવુંજ લશ્કર હોય છે. ગંગાધરરાવ દીવાનની શિખવણીથી રાઘોબાદાદાએ એમના રાજ્ય ઉપર ચડાઇ કરી હતી, તે વખતે

દેવી અહલ્યાબાઈ ૫૦૦ સ્ત્રી સૈનિકોને સાથે લઈને તેમની સામે લડવા ગયાં હતાં. એ સ્ત્રીઓને લીધેજ રાણી અહલ્યાબાઈની લાજ રહી હતી, એ ઐતિહાસિક પ્રસંગની યાદગીરીમાં ઈંદોરની પ્રતિષ્ઠિત કુટુંબની સન્નારીઓ એ ઉત્સવમાં વીરાંગનાઓના વેશમાં અહલ્યાબાઇની પાલખીની સાથે નીકળે છે અને પુણ્યશીલા દેવી અહલ્યાબાઇ તથા નારીજાતિના ગૌરવનું સ્મરણ કરાવે છે.

દેવી અહલ્યાબાઈનુંજ સ્મરણ કરાવે એવી ધર્માત્મા, દાનશીલ, ન્યાયી અને રાજનીતિકુશલ રાણી આપણા ગુજરાતમાં, સિદ્ધરાજની માતા મયણલ્લા થઇ ગઈ છે; જેમનું સંક્ષિપ્ત ચરિત્ર બીજા ભાગમાં અમે આપી ગયા છીએ. રોચક નવલકથા લખવાના શોખમાં એ પવિત્ર સન્નારીના નામને લગાડવામાં આવેલું કલંક અમારા મિત્ર રા૦રા૦ નારાયણદાસ વિસનજી ઠક્કરે ધોઇ નાખ્યું છે, એ જોઈ અમને હર્ષ થાય છે.

ઈંદોરવાસીઓ જે પ્રમાણે અહલ્યા-ઉત્સવ ઊજવે છે, તે પ્રમાણે પાટણ અને અમદાવાદમાં “ મયણલ્લા-ઉત્સવ ” ઊજવવાનો પ્રયાસ થવો ઉચિત છે.



૬૨–મુક્તાબાઈ

એ સન્નારી પુણ્યશ્લોક મહારાણી અહલ્યાબાઇની પુત્રી હતી. અહલ્યાબાઇનો પુત્ર માલેરાવ જેટલો દુરાચારી અને ઉદ્ધત હતો, તેટલીજ બાલિકા મુક્તા સુશીલ, વિદુષી અને ચતુર હતી. માતાએ તેને સારી કેળવણી આપી હતી તથા ગૃહકાર્યમાં નિપુણ બનાવી હતી. બાલ્યાવસ્થાથીજ એ માતાના દુઃખમાં ભાગ પડાવતાં શીખી હતી. માલેરાવના મંદવાડ વખતે એણે સતત માતાની સાથે રહીને, ભાઇની ઘણી સેવાશુશ્રૂષા કરી હતી. માલેરાવનું મૃત્યુ થયું ત્યારે દેવી અહલ્યાબાઇને આ નાની સરખી બાળાએ આશ્વાસન આપ્યું હતું. એ શોકાતુર વિધવાનાં આંસુ તેના માયાળુ કરકમળે લૂછ્યાં હતાં. મુક્તાબાઈ જેવી સ્નેહાળ કન્યાને જોઇને માતાએ પુત્રશોકને વિસારે પાડ્યો હતો.

એવી કન્યાને માટે યોગ્ય વર શોધવાની ચિંતામાં દેવી અહલ્યાબાઈ રાતદિવસ રહેતાં હતાં; પરંતુ ત્યાર પછી એવા સંયોગો ઉત્પન્ન થયા કે, જેથી એક નવીજ રીતે મુક્તાબાઈનું કન્યાદાન દેવાનું નક્કી થયું.

રાજકુમાર માલેરાવના મૃત્યુ પછી અહલ્યાબાઇને અબળા સમજીને રાજ્યમાં ચોર, લૂંટારાઓએ ત્રાસ વરતાવવા માંડ્યો. અહલ્યાબાઇએ પોતાની પ્યારી પ્રજાને એ દુષ્ટોના અત્યાચારથી બચાવવા સારૂ સરદારો તથા પ્રતિષ્ઠિત ગૃહસ્થોની એક સભા ભરી અને જણાવ્યું કે, “જે કોઈ મારી પ્રાણથી પણ અધિક પ્રિય પ્રજાને આ કષ્ટોથી છોડાવવાનો ઉત્તમ પ્રબંધ કરશે તથા મારી એ રાંક પ્રજા સુખચેનપૂર્વક જીવન ગાળે, એવો બંદોબસ્ત કરશે, તે વીરને હું મારી એકની એક લાડકી કન્યાનું દાન કરીશ.” એ પ્રસ્તાવ સાંભળતાં થોડીવાર સુધી તો આખા દરબારમાં નિઃસ્તબ્ધતા છવાઇ ગઇ. આખરે દરબારીઓમાંથી એક નવયુવક મરાઠા વીર ઊભો થઇને સામે આવ્યો અને વિનયપૂર્વક બોલ્યો: “માતુશ્રીની કૃપા

અને પ્રભુના આશીર્વાદથી હું એ કાર્ય સાધવાનું બીડું ઝડપું છું. હું પૂરૂં ધ્યાન દઇને ચોરલૂંટારાઓને દબાવી દઇશ તથા ઈંદોર રાજ્યની પ્રજાને સુખ અને શાંતિમય જીવન ગાળવાની સગવડ કરી આપીશ. એ કામ સારૂ રાજ્ય તરફથી દ્રવ્ય તથા સિપાઈઓની મદદ મને મળવી જોઇએ."

યુવકનાં એ ઉમંગ ભર્યાં વચનો સાંભળીને અહલ્યાબાઈ ઘણાં પ્રસન્ન થયાં. એના આખા શરીર ઉપર વીરતા ઝળકી રહી હતી. એ સાહસિક વીર પોતાનીજ જાતિનો છે, એ જાણતાં એમના હર્ષમાં વધારો થયો. એમના અંતઃકરણે સાક્ષી પૂરી કે, " આ મરાઠા યુવક મુક્તાબાઇને યોગ્ય વર છે." એમણે તરતજ પોતાના અમલદારોને આજ્ઞા આપી કે, " આ યુવકને ખજાનામાંથી જેટલું ધન જોઇએ તેટલું આપો." સેનાધ્યક્ષને આજ્ઞા આપી કે, " એને જેટલા સિપાઇઓની જરૂર પડે, તેટલા સિપાઇઓ તરતજ આપવા." દરબાર બરખાસ્ત થયો. આવેલા સરદારો અને મહેમાનોને રાણીએ ભોજન કરાવીને વિદાય કર્યા. પેલા મરાઠા યુવકનું નામ યશવંતરાવ ફ્રાણુશે હતું. રાણીએ એક દિવસ તેને પોતાની પાસે રાખી એના કાર્યને લગતી સૂચનાઓ આપી હર્ષપૂર્વક વિદાય કર્યો.

યશવંતરાવે બે વર્ષમાં રાજ્યમાં એવો બંદોબસ્ત કર્યો કે, પ્રજાનાં દુઃખ દૂર થઇ ગયાં, ચોરલૂંટારા કાબૂમાં આવ્યા અને લોકો સુખશાંતિમાં જીવન ગાળવા લાગ્યા. અહલ્યાબાઇને ખાતરી થઇ ગઇ કે, યશવંતરાવે પોતાની પ્રતિજ્ઞાનું પાલન કર્યું છે. હવે એમણે એની સાથે પુત્રી મુક્તાબાઇનું લગ્ન કરવાની તૈયારી કરી.

રાજ્યના સરદારો, શેઠશાહુકારો અને સામંતોને આમંત્રણ મોકલવામાં આવ્યાં અને ઘણા ઠાઠથી મુક્તાબાઇનું લગ્ન વીર યશવંતરાવની સાથે કરવામાં આવ્યું. આખા રાજ્યના બ્રાહ્મણોને એ શુભ પ્રસંગે ભોજન કરાવવામાં આવ્યું તથા વસ્ત્રનું દાન કરવામાં આવ્યું. જમાઈ તથા તેનાં સગાંઓને પુષ્કળ પહેરામણી આપી. પુત્રીને પણ કિંમતી ' દહેજ ' તથા તરાણા પરગણું લગ્ન પ્રસંગે કન્યાદાનમાં આપ્યું.

જમાઈ તથા કન્યાને વળાવતી વખતે દેવી અહલ્યાબાઇનું હૈયું ભરાઇ આવ્યું અને તે ગદ્‌ગદ કંઠે કહેવા લાગ્યાં: " બેટા યશવંતરાવ! હવે તમે ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કરો છો. એ સંસાર ઘણો વસમો છે. બહુ સાવચેતીથી ચાલજો અને તમારે આશ્રયે

આવેલી આ કોમળ મંજરીનું સદા રક્ષણ કરજો. પડછાયાની પેઠે એને સદા તમારી સાથેજ રાખજો. વિધાતાએ ઉત્પન્ન કરેલી સુંદરતાના નમૂનારૂપ ગણીને એને ચાહજો. ઘરસંસારની આંટીઘૂંટી એ હજુ જાણતી નથી. હજુ એ હલેતી છે, તમે વ્યવહારકુશળ છો. એને એવું શિક્ષણ આપજો, કે જેથી ભવિષ્યમાં એ સ્ત્રીસમાજની શિરોમણિ ગણાય અને બધા એને આદરની દૃષ્ટિથી જુએ. મારી આ સલાહને મંત્રરૂપ ગણીને, સદા સ્મરણમાં રાખજો. એ ઉપદેશનું પાલન કર્યાથી તમને જિંદગી સુધી સુખ મળશે.

"સ્ત્રીને સદા સુખી રાખવી તથા સન્માર્ગે ચલાવવી એ પતિનાજ હાથમાં છે. સ્વામીના ગુણોને જોઇને સ્ત્રી પણ ગુણવાન બને છે. સ્ત્રીજાતિ સ્વામીના મનના વિચાર જાણવામાં કુશળ હોય છે. ઘોડો પોતાના સવારની રાંગને ઓળખી જાય છે અને તે કાચો-પોચો હોય તો એને પાડી નાખવા પ્રયત્ન કરે છે અને સવારને સવારીમાં પૂર્ણ કાબૂવાળો જુએ છે, તો એના કહ્યા પ્રમાણે ચાલે છે. સ્ત્રી પણ એવીજ રીતે પતિની રહેણીકરણી જોઇને પોતાના જીવનને ઘડે છે અને સદા એને પ્રસન્ન રાખવા પ્રયત્ન કરે છે. કોઇ રીતે મારી મુક્તાની સાથે ક્રૂરતાનો વ્યવહાર ન કરશો. એનો જીવ દુભાય એવું આચરણ ભૂલેચૂકેય ન કરશો. ક્રોધ આવે તો-પણ એને મનમાં સમાવજો. અપ્રસન્ન થઇને, ક્રોધ કરીને મારી ચમેલીસમ સુકુમાર મુક્તાને કરમાવશો નહિ. સ્ત્રીજાતિનું ગૌરવ શાસ્ત્રોમાં ઘણું ગવાયું છે, તે સદા ધ્યાનમાં રાખજો. યાદ રાખજો કે, સ્ત્રી એ પતિની અમોઘ શક્તિ છે, શાંતિની ખાણ છે, સુખ અને આનંદની મૂર્તિ છે. બહાર તમને ગમે તેટલું દુઃખ પડ્યું હોય, પણ ઘેર આવતાંવારજ પત્ની હસતે મુખે કુશળ વાર્તા પૂછે, મીઠી વાતો કરે, તો બધું દુઃખ વીસરી જશો. સ્ત્રીઓજ ગૃહને નંદનવન બનાવી દે છે. પ્રિય પુત્ર ! તમને વધારે શું કહું ! તમે પોતે સમજુ છો. મારી મુકતાના ગુણોથી જાણીતા છો. એની પૂરેપૂરી કદર કરી, મારા દુઃખી જીવનમાં શાતિ રેડજો. ઇશ્વર તમારૂં કલ્યાણ કરો; તમારૂં દાંપત્ય જીવન સુખી થાઓ અને તમે દીર્ઘાયુષ્ય ભોગવો, એજ મારો આશીર્વાદ છે."

જમાઇને ઉપદેશ આપ્યા પછી પુત્રી મુક્તાબાઇને શિખામણ આપી કે, "પ્રાણાધાર મુક્તા ! આજ આ અભાગણીને તને વિદાય કરતાં ઘણું દુઃખ થાય છે. તારા ગયાથી મને મહેલમાં

સૂનું સૂનું લાગશે, પણ તારા હિતની ખાતર એ હું શાંતિથી સહન કરીશ. વિદાય વખતે હું તને જે શિખામણ આપું છું, તે ગાંઠે બાંધજે. તું હવે છેક નાદાન નથી; પરમાત્માએ તને સારૂંખોટું સમજવા જેટલી બુદ્ધિ આપી છે. મેં તને ઉચ્ચ પ્રકારનું શિક્ષણ પણ અપાવ્યું છે, એનો સદુપયોગ કરજે. સ્વામીનેજ પોતાનો આરાધ્ય દેવ માનજે. સર્વદા એનો આદરસત્કાર તથા સેવાશુશ્રૂષા કરજે.સ્ત્રીને માટે સ્વામી ઇશ્વર સમાન છે;માટે એની મરજી વિરુદ્ધ કોઇ કાર્ય ન કરીશ. સદા એને પ્રસન્ન રાખવા પ્રયત્ન કરજે. ભોગવિલાસની ઇચ્છા ન કરતી. ધર્મનો ભય રાખીને ઇશ્વરભક્તિમાં લીન રહીને સદા પતિસેવામાં જીવન ગાળજે. પતિ ઘેર આવે, ત્યારે એની સાથે હસીને વાત કરજે. પતિથી કોઇ વાત છુપાવીશ નહિ. એની આગળ કદી જૂઠું તો બોલીશજ નહિ. ભૂલ થઈ જાય, તો કારણ બતાવી તરતજ ક્ષમા માગજે અને ફરીથી એવી ભૂલ ન થાય તેને માટે સાવધાન રહેજે.

"પતિવ્રતાનો ધર્મ પાળવામાં સાવિત્રી, દમયંતી અને સીતાજીનું અનુકરણ કરજે. બહારથી જોતાં તમે બન્ને જુદાં જણાઓ છો, પણ આ લગ્ને તમને એક બનાવ્યાં છે. હવે બન્ને એક તન, મન અને પ્રાણ બની જશો. કલહને કદી તારા ઘરમાં પ્રવેશ પણ ન પામવા દેતી. કજિયો એ સર્વ દુઃખનું મૂળ છે. શાંતિનો તો એનાં પગલાં થતાંજ નાશ પામે છે, માટે સર્વદા તમે બન્ને પરસ્પર પ્રેમથી વર્તજો અને અખંડ સુખ ભોગવજો." એમ કહીને પ્રેમપૂર્વક પુત્રીને છાતીસરસી ચાંપીને આશીર્વાદ દઇને વરકન્યાને વિદાય કર્યાં.

યશવંતરાવ અને મુક્તાબાઇનો સંસાર સુખમય નીવડ્યો. બન્નેનો એકબીજા ઉપર અસીમ પ્રેમ હતો. એ પ્રેમબંધનને દૃઢ કરનાર એક સુંદર પુત્ર પણ મુક્તાબાઇને જન્મ્યો. લાડમાં એ છોકરાનું નામ નત્યોબા પાડવામાં આવ્યું. અહલ્યાબાઇનો એ બાળક ઉપર વિશેષ સ્નેહ હતો. એને એ પોતાનાજ પુત્રસમાન ગણીને, લાડમાં ઉછેરતાં હતાં. છોકરો ઘણુંખરૂં ઇંદોર રહેતો હતો અને વચમાં થોડો વખત મહેશ્વરમાં માતપિતાને મળવા જઇ આવતો હતો. એ પ્રમાણે એક સમયે મુક્તાબાઇએ પુત્રને ઇંદોરથી બોલાવી મંગાવ્યો હતો. થોડા દિવસ એ આનંદમાં માતપિતાની સાથે રહ્યો, ત્યાંજ એને તાવ આવ્યો અને એમાંથી

મૂંઝારો થતાં એ યુવક ૧૮ વર્ષની કુમળી વયે સંસાર ત્યજીને પરલોક ચાલ્યો ગયો. એકદમ પુત્રનું ભરયુવાવસ્થાના આરંભમાં મૃત્યુ થવાથી, મુકતાબાઇ તથા યશવંતરાવના શોકનો પાર રહ્યો નહિ. બન્નેએ હૃદય ચીરી નાખે એવો વિલાપ કર્યો. અહલ્યાબાઇએ શોકસમાચાર સાંભળ્યા, ત્યારે એમના દુઃખનો પણ પાર રહ્યો નહિ. વીર યશવંતરાવના હૃદય ઉપર પુત્રવિયોગનો ઘા બહુજ સખ્ત વાગ્યો. સંસાર એમને દુઃખરૂપ લાગ્યો. રાતદિવસ શોકાતુર રહેવા લાગ્યા. એથી એમનું શરીર લથડયું અને ઇ૦ સ૦ ૧૭૯૧ માં એમણે પણ પુત્રની પાછળ પ્રાણ છોડયો. પતિના મંદવાડમાં મુકતાબાઇએ તેની ઘણી સેવાચાકરી કરી પણ વિધાતાએ સહાયતા ન આપી. એ પતિપરાયણા સાધ્વીની સેવા સફળ ન થઇ. પતિનો દેહત્યાગ થતાંજ, એની આંખોમાંથી અશ્રુની ધારા વહેવા લાગી અને છાતી ફાડી નાખે એવા સાદે એ વિલાપ કરવા લાગીઃ "પ્રાણેશ્વર ! જન્મજન્માંતરની મારી તપસ્યાના ફળરૂપ તમે હતા. શું ખરેખર તમે મને એકલી મૂકીને સ્વર્ગે સિધાવ્યા ? તમે તો ઘડીભર મને વીલી મૂકતા નહોતા તો આજ આટલા, નિર્દય કેમ થયા ? તમારી નિરાધાર પત્નીને એકલા મૂકીને ચાલ્યા જવું તમને ઠીક લાગ્યું ?" વગેરે વગેરે હૃદયદ્રાવક શબ્દોમાં મુક્તાબાઇએ ઘણો વિલાપ કર્યો. ત્યાર પછી અત્યંત પ્રેમવશ થઇને એણે પતિના દેહની સાથે સતી થવાનો નિશ્ચય કર્યો. એની વૃદ્ધ દુઃખી માતા ત્યાંજ હતી. એની પાસે રજા માગી. અહલ્યાબાઇને સંતાનમાં માત્ર એક પુત્રી હતી. પતિ, પુત્ર, સસરા બધાં મરી પરવાર્યાં હતાં. આ સંસારમાં જેને પોતાનું કહી શકાય, એવું કોઈ સગું એમને નહોતું રહ્યું. જીવનનો એકમાત્ર આધાર, સુખદુઃખનો વિસામો પુત્રી મુકતાબાઇ પતિની સાથે સતી થઇ પરલોક સિધાવે, તો પછી એમના દુઃખનો પાર ન રહે, એ વિચારથી એમણે પુત્રીને સતી થતાં રોકવાનો ઘણોએ પ્રયત્ન કર્યો; પ્રેમપૂર્વક સમજાવ્યું કે, "દીકરિ ! મારા ઘડપણ સામું જો. તારી જરા પણ ભકિત મારા ઉપર હોય, તો આ ભવસાગરમાં મને એકલી નિરાધાર અને દુઃખી છોડી ન દે. તારા વગર મારાથી સંસારમાં ક્ષણભર પણ રહેવાવાનું નથી."

મુક્તાબાઇએ માતાનો ઉપદેશ ધ્યાનપૂર્વક સાંભળ્યો. પિતાના મૃત્યુ સમયે માતાને પણ એવોજ પ્રસંગ પ્રાપ્ત થયો હતો,

પણ મલ્હારરાવના આગ્રહથી, સગીર બાળકના વાલી તરીકે રાજ્યનો ભાર ઉપાડી લેવા ખાતર એમને સતી થવાનો વિચાર માંડી વાળવો પડ્યો હતો, પણ મુક્તાબાઈ કોની ખાતર જીવન ધારણ કરે? એનો તો પુત્ર પણ આગળ ચાલ્યો ગયો હતો. દેવતુલ્ય પતિના દેહની સાથે સતી થવાથી સ્વર્ગલોકમાં એનો મેળાપ થશે, એવો એને હિંદુબાળા તરીકે વિશ્વાસ હતો. આ સંસારમાં થોડાં વરસ જીવવાની લાલચે શા સારૂ એ સુખને તિલાંજલિ આપે? તેણે સતી થવાનોજ નિશ્ચય કરીને માતાને જણાવ્યું: "મા! મારે હવે આ સંસારમાં રહેવું યોગ્ય નથી. જેનાં દર્શન વગર હું પળભર પણ રહી શકતી નહોતી, તે સ્વર્ગમાં મારી રાહ જોતા હશે. મારૂં શરીર અહીંયાં છે, પણ મારો જીવ એમની પાસે છે. તમે મારા આ શુભ સંકલ્પમાં વિઘ્ન ન નાખો. તમે જલદીથી મારે માટે સતી થવાની તૈયારી કરો."

આ હૃદયદ્રાવક શબ્દો સાંભળતાં અહલ્યાબાઇ ગાંડા જેવા થઇ ગયાં. થોડી વાર પછી માતા અને મહારાણી, બંને તરીકે એને સમજાવવા માંડયું: "મુક્તા! તું મને છોડીને સતી ન થા, તું તારા વિચારને ફેરવ. મારા ઉપર કેટલા બધા ઘા પડ્યા છે? એ બધા ઘા મારાથી કેમ સહન થશે? દીકરિ! મારૂં કહ્યું માન અને સતી થવાનો વિચાર માંડી વાળ."

એ સાંભળીને મુક્તાબાઇએ કહ્યું: "મા! તમારી વૃદ્ધાવસ્થા થઈ ચૂકી છે. દુઃખના ડુંગર તમારા ઉપર તૂટી પડ્યા છે, એમાં શક નથી અને એ દુઃખને લીધે થોડાજ સમયમાં તમે સ્વર્ગે સિધાવશો, એ વખતે હું નિરાધાર વિધવા કોનું શરણ લઇશ? કોના આધારે મારૂં જીવન ધારણ કરીશ? મને આ જગતમાં જવાની ક્યાંય પણ જગ્યા નહિ મળે. અત્યારે તો પ્રાણનાથની સાથે જઇશ, તો મારા જીવનનું સાર્થક થશે; પછી મરીશ તો મારી અવગતિ થશે. આ જગતની માયાજાળમાં વ્યર્થ ફસાઇને અધિક દુઃખ ન કરવું જોઇએ. માણુસ જેટલો સ્નેહ વધારે છે, તેટલો વધે છે, માટે બહુ મમતા ન રાખવી જોઇએ. જન્મ્યાં છે, તે એક દિવસ જરૂર મરવાનાં છે, માટે મોહજાળને કાપીને મારા કલ્યાણની ખાતર મને સતી થવાની રજા આપો કે જેથી હું ચિરકાળને માટે સતી-લોકમાં જઇને વસું."

અહલ્યાબાઇએ જ્યારે જોયું કે, મુક્તા કોઇ પણ રીતે પોતાની

પ્રતિજ્ઞાથી વિચલિત નથી થવાની, ત્યારે એમણે લાચાર થઇને કઠણુ હૃદય કરીને, પુત્રીને સતી થવાની રજા આપી. આજ્ઞા મળતાં-જ બધી સામગ્રી તૈયાર થવા લાગી. યશવંતરાવની અંત્યેષ્ટિક્રિયા-નું વર્ણન એક અમેરિકન મહિલાએ અસરકારક શબ્દોમાં કર્યું છે, તેનો હિંદી અનુવાદ અમે નીચે ઉતારીએ છીએ.:—

"ડંકા સંગ નિશાન, દુઃખકી ધ્વજા ઉડાવત;
ત્યાંહી વાદ્ય અનેક, શોકભરી ગુણગાન ગાવત.
પૂજ્ય વિપ્ર વર વૃંદ, દુઃખસે ભરે લખાતે;
નૈન નવાએ ચલે, ખિન્ન મારગમેં જાતે.
તિન પાછે સરદાર, સકલ આતંક ગવૈં એ;
રાજપુરુષ મતિમાન, ચલત હૈ શોક સમાએ.
ઔર હુ સેવક શૂર, ભૂમિપૈ દીઠિ ગવૈંએ;
ઇનકે પાછે લખહુ, ભવ્ય અર્થી*હ આવનિ.×"

યશવંતરાવની એ શબવાહિનીની પાછળ તરુણ વિધવા ચાલી રહી હતી. તેને જોઇને પથ્થરનાં હૃદય પણ ફાટી જતાં હતાં. હાય! આજ આ કુસુમકળી ભસ્મમાં બળીને રાખ થઇ જશે! એની પાછળ ઇંદોરની વૃદ્ધ મહારાણી અહલ્યાબાઇ પોતે આ હૃદયવિદારક દૃશ્ય નિહાળવા આવી રહ્યાં હતાં. એમને જોતાંવાર તો દર્શકોની કરુણાનો સમુદ્ર ઊભરાઇ આવતો. અનેક બ્રાહ્મણો તેમની સાથે હતા. દર્શકોની તો એટલી બધી ભીડ જામી હતી કે ઇંદોરનું શ્મશાન એક ઊભરાયલા શોકસમુદ્ર સમું થઇ પડ્યું હતું. દર્શકો ચારે તરફથી કરુણાજનક વિલાપ કરી રહ્યા હતા અને તેમની આંખમાંથી અશ્રુ વહી રહ્યા હતા. રાજવંશીનો અગ્નિ-સંસ્કાર હોવાથી અનેક વાજિંત્ર પણ શોકધ્વનિ કાઢી રહ્યાં હતાં.

અંતે જ્યારે એ લોકો શ્મશાનભૂમિમાં પહોંચ્યા ત્યારે એક ઊંડી અને ગંભીર શાન્તિ છવાઇ ગઇ. અહીંયાં અહલ્યાબાઇએ પુત્રી સાથે છેલ્લો મેળાપ કરી લીધો. હાય! એ મેળાપને લેખક કયા શબ્દોમાં વર્ણવે? માતાપુત્રીને એકબીજાને વિદાય માગવાના ઘણાએ પ્રસંગો આવે છે અને એ દરેક પ્રસંગે શોક તો થાય છેજ, પણ આજની આ અંતિમ વિદાય તો હૃદયદ્રાવકજ હતી.

---

* અર્થી–શબવાહિની. × આ તથા બીજાં કવિતાનાં અવતરણો શ્રી. રાધાકૃષ્ણ જયસ્વાલના હિંદી અનુવાદમાંથી ઉતારવામાં આવ્યાં છે.

"વાંકો અંતિમ મિલન, કહો કૈસે દરસાઉં ?
શોકસિંધુ કી થાહ, કહા કર સો સમઝાઉં.
હૈ યહ નહિ સો વિદા, સુતા જબ પતિ ઘર જાતી;
અંક ભરત હી જબૈ, માતુકી ભરતી છાતી.
હૈ યહ ઐસી વિદા, ફેરિ મિલનો નહિ હવૈ હૈ;
કાલસિંધુમેં બૂડિ, ફેરિ કો ઉપર ઐહૈ,
પરમ કઠિન યહ દશ્ય, પહુંચ બાનીકી નાહીં;
જો તુમ સો બનિ પરે, કરો અનુભવ મનમાંહી."

હાય ! આ તો છેવટની વિદાય છે. હવે પછી માતાપુત્રી કદી મળનાર નથી. પુત્રી કાળસમુદ્રમાં ડૂબી જનાર છે, જ્યાંથી કોઇ પાછું ફરતું નથી.

ત્યારપછી વિધવા મુક્તાબાઇએ પતિના દેહને હૃદય સાથે ચાંપીને ભયભીત અને કાંપતા હાથે પોતાના ખોળામાં મૂક્યો અને પોતે ચિતા ઉપર બિરાજમાન થઇ. પછી અત્યંત સુવાસિત સામગ્રીઓથી રચાયલી એ ચિતામાં સળગતી આગ મૂકવામાં આવી. જોતજોતામાં યશવંતરાવનો મૃતદેહ તથા દેવી મુક્તાનો સજીવ દેહ બંને ભસ્મીભૂત થઇ ગયા.

બ્રાહ્મણોએ પકડી રાખેલાં અહલ્યાબાઇ એમના હાથમાંથી છૂટીને છાતી-માથાં કૂટી રહ્યાં હતાં. ઘણી વાર તો એમણે સળગતી ચિતામાં કૂદવાનો પ્રયત્ન કર્યો, પણ બ્રાહ્મણોએ પકડી લઇને તેમનો જીવ બચાવ્યો અને બેહોશ અવસ્થામાં એમને ઘેર પાછા લઈ જવામાં આવ્યા.

અહલ્યાબાઇએ પુત્રી તથા જમાઇના પુણ્યાર્થે એક સુંદર સ્મારક બંધાવ્યું.

૬૩—સતી ભગવતી

એ બિહાર પ્રાંતના એક જમીનદાર ઠાકુર રાજા હોરિલસિંહની નાની બહેન હતી. એ પરમ સુંદર, સુશીલ અને તેજસ્વી હતી. ગંગાના ઘાટ ઉપર એના ભાઇનું જમીનદારીનું ગામ હતું. એક દિવસ એ ગંગાના ઘાટ ઉપર સ્નાન કરી રહી હતી એવામાં એ જિલ્લાના મુસલમાન શાસક મિરઝા સાહેબની કિસ્તી ત્યાં થઇને નીકળી. હિંદુબાળાનું અપૂર્વ સૌંદર્ય જોઇને એ મોહ પામી ગયો. મિયાં સાહેબના મહેલમાં અનેક બેગમો હતી, પણ ભગવતીના અલૌકિક રૂપથી એ એવો મુગ્ધ થઇ ગયો કે એને પોતાના અંતઃપુરમાં લઇ જવાની ઇચ્છા તેના પાપી હૃદયમાં ઉત્પન્ન થઇ. કામદેવનો વેગ પ્રબળ થઇ ગયો અને ગમે તે પ્રકારે એને પ્રાપ્ત કરવી એવો મિયાંએ નિશ્ચય કર્યો. બાળા તો સ્નાનથી પરવારી સૂર્યનારાયણને નમસ્કાર કરી ત્યાંથી વિનયપૂર્વક ઘેર ચાલી ગઈ; પણ મિયાં મિરઝાનું ચિત્ત તેનામાંજ ચોંટી રહ્યું. તેણે પાણી ભરવા આવેલી સ્ત્રીઓને એનો પરિચય પૂછ્યો તો જણાયું કે, એ આ ગામના ઠાકુરની બહેન છે અને એનું નામ ભગવતી છે.

મિરઝાએ સિપાઇ મોકલીને ભગવતીના ભાઇ હોરિલસિંહને બોલાવી મંગાવ્યો અને સમજાવીને તથા ધનની લાલચ બતાવીને દમ ભીડ્યો કે, “સાંભળો ઠાકુર સાહેબ! તમારી બહેન ઉપર મારૂં ચિત્ત ચોંટયું છે. એના જેવી સુંદર સ્ત્રી મેં આજપર્યંત જોઇ નથી. એના કાળા નાગ જેવા અંબોડાએ મને એની તરફ એટલો બધો આકર્ષ્યો છે કે એને પ્રાપ્ત નહિ કરૂં ત્યાં લગી મને શાંતિ વળવાની નથી. તમે એ સુંદરી મને સોંપી દેશો તો મારી અભિલાષા પૂર્ણ થશે. હું તમને પાંચ હજાર અશરફીઓ આપવા તૈયાર છું. વળી હું જિંદગી સુધી તમારો ઓશિંગણુ રહીશ.”

હોરિલસિંહ ક્ષત્રિય વીર હતો. એક વિધર્મીને મુખે એવી

વાત સાંભળતાં એની આંખમાંથી ક્રોધાગ્નિ વરસવા લાગ્યો. તેણે રાતાપીળા થઇને જવાબ આપ્યોઃ "મિયાં! શું બકો છો? તમારી સોનાની કોથળીઓ ઉપર લાત મારનાર હું ક્ષત્રિય છું. ખબરદાર! ફરીથી એવી અધમ વાત મુખમાંથી કાઢી છે તો!"

મિયાંએ પણ હવે ગુસ્સે થઈને પ્રત્યુત્તર આપ્યોઃ "ખબરદાર હરામખોર! તું સીધી રીતે માનતો નથી તો હવે તારી બૂરી વલે કરવામાં આવશે." એમ કહીને એણે પોતાના સિપાઇઓને આજ્ઞા આપી કે, "આ રજપૂતને મુશ્કેટાટ બાંધો." આજ્ઞાનો તરતજ અમલ થયો અને ઠાકુર કેદ પકડાયા. એ સમાચાર ઠાકુરની રાણીને કાને પહોંચ્યા, ત્યારે એના શોકનો પાર ન રહ્યો. પોતાના ઉપર આવી પડેલી મહાભારે વિપત્તિનું એકમાત્ર કારણ નણંદને ગણીને એ એનેજ મેણાં મારવા લાગીઃ "ધિક્કાર છે તારી ખૂબસૂરતીને! તારી ખાતર તારા દેવસમાન ભાઈ કેદ પકડાયા. મિરઝાની સત્તા આજકાલ ચાલે છે. એ ધારશે તો આપણને ધૂળ ભેગાં કરી નાખશે. જોતજોતામાં આપણે રસ્તામાંનાં ભિખારી બની જઇશું. હાય! મારા જીવનસર્વસ્વની શી વલે થતી હશે?" પોતાનેજ લીધે ભાઇની દુર્દશા થઇ, ભાભી શોકગ્રસ્ત થઇ, એ વિચારથી ભગવતીને ઘણોજ સંતાપ થયો. એણે કહ્યુંઃ "ભાભિ! તમે ચિંતા ન કરશો. ગભરાવાનું જરાએ કારણ નથી. હું મોટા ભાઇને હમણાંજ છોડાવી લાવું છું. મિરઝા સાહેબને મનાવવા એમાં તે શી મોટી વાત છે?" એટલું કહીને એ ઝટ ઘરમાંથી નીકળી પડી. સ્વાર્થમાં અંધ થયેલી ભાભીને વિચાર સરખોયે ન આવ્યો કે, કુમારિકા યુવતીને એકલી મિરઝા સાહેબની પાસે મોકલવામાં કેટલું મોટું જોખમ સમાયેલું છે?

ભગવતીએ ઘાટ ઉપર જઇને જોયું તો મિરઝા સાહેબની હોડી ઊભી છે. તેણે નીચા વળીને મિરઝાને સલામ કરીને કહ્યુંઃ "દાસી હાજર છે! આપ શા માટે આટલા બધા નારાજ થાઓ છો? હું હજૂર પર કુરબાન છું. મારા મોટાભાઇને છોડી મૂકો. મારાં એવાં સદ્‌ભાગ્ય ક્યાંથી કે હું હજૂરની બેગમ બનું? ઘણાં પુણ્ય કર્યાં હોય તેને એવી ઉચ્ચ પદવી પ્રાપ્ત થાય છે. મારી એક પ્રાર્થના છે તે સ્વીકારો. હું રજપૂતની કન્યા છું. એકાદ વાત આપે મારી પણ માનવી જોઇએ. મારી એવી ઇચ્છા છે કે, આપ મારે સારૂ લાલ રંગની ચૂંદડી રંગાવો તથા પગથી માથા સુધીનાં ઘરેણાં

મંગાવો. પછી ભોઈને બોલાવીને અતલસના પડદાવાળી પાલખી મંગાવો; કે જેથી જોતાંવારજ બધાં સમજે, કે બેગમસાહિબા જઈ રહ્યાં છે.” આ વચનો સાંભળતાં મિરઝાના હર્ષનો પાર રહ્યો નહિ. એણે હર્ષભેર કહ્યું: “મેરી જાન! હુકમ દેનેકી દેર હૈ. સબ સામાન ફોરન તૈયાર હોતા હૈ.” મિરઝાએ તરતજ લાલ કસૂંબી રંગની ચૂંદડી મંગાવી. ભગવતીએ રોતે રોતે એ ધારણ કરી. મિરઝાએ મંગાવેલા કિંમતી અલંકારો પણ એણે એટલાજ ખેદ સહિત ધારણ કર્યા. મિરઝાએ પ્રસન્નવદને પાલખી મંગાવીને શણુગારી. ખિન્ન ચિત્તે ભગવતી એમાં બેઠી. એની પાલખી ત્યાંથી રવાના થઈને ત્રણ ગાઉ ગઈ. રસ્તામાં એક સુંદર તળાવ આવ્યું. એના નિર્મળ જળમાં કમળ ખીલી રહ્યાં હતાં. લોકોને નાહવા સારૂ સુંદર ઘાટ હતા; તળાવની ત્રણ તરફ બુરજ બંધાવેલા હતા. રાજકુમારી ભગવતીએ એ તળાવ જોઈને ભોઈઓને કહ્યું: “ભાઈ! મને તરસ લાગી છે. પાલખીને થોડી વાર અહીંજ ઉતારો.” એની ઇચ્છા સાંભળતાંવારજ મિરઝા ઘણી ખુશીથી લોટો લઈને પાણી ભરવા દોડ્યો. ભગવતીએ કહ્યું: “તમારે ઘેર ગયા પછી તો એજ લોટાથી મારે જળ પીવાનું છે. આ તળાવ મારા પિતાજીએ ઘણી હોંશથી બંધાવ્યું હતું. દરેક પવિત્ર નદીમાંનું જળ મંગાવીને એમાં નંખાવ્યું હતું. બાલ્યાવસ્થામાં એ તળાવમાં હું ઘણું રમી છું. આજ છેલ્લી વાર એ તળાવમાંથી બે ખોબા પાણી પી લઉં. તમારે ઘેર ગયા પછી મને એનાં દર્શન કરવાનો પ્રસંગ થોડોજ મળવાનો છે?” એમ કહીને એ ઉત્તરનીયે વાટ ન જોતાં ઝટ પગથિયાં ઊતરીને તળાવમાં પહોંચી. ત્યાં એના મનમાં એક સંકલ્પ ઊઠ્યો. માતા દુર્ગાનું સ્મરણ કર્યું અને બોલી: “માતા આ કન્યા આજે તમારે શરણે આવે છે. ક્ષત્રિયકુળની લાજ સદા તમારા હાથમાં છે. હું મન, વચન અને કર્મથી પવિત્ર છું. મારી ખાતર મારા કુટુંબ ઉપર આપત્તિ આવી પડી છે. આ દુષ્ટ મારી પવિત્રતાને કલંક લગાડવા તૈયાર થયો છે. હું કદી એમ બનવા દેનાર નથી. મારા પ્રાણને આ પવિત્ર સરોવરમાં વિસર્જન કરીને હું મારી પોતાની તેમજ મારા કુળની કીર્તિને નિષ્કલંક રાખીશ.” એમ કહીને બે આચમન કરીને તે બુરજ ઉપર ચડી અને ‘જય દુર્ગા’ કહીને ઊંડા પાણીમાં ભૂસકો માર્યો. સતી ભગવતીની યુક્તિ કામાંધ મિરઝાની સમજમાં ન આવી. ઇંદ્રિયોનો દાસ—કામાંધ

પુરુષ સતીધર્મને શું જાણે? ભગવતીને તળાવ પર ગયે ઘણી વાર થઇ ત્યારે એ પોતે તળાવ ઉપર ગયો અને સમજી ગયો કે સતી આર્યબાળાએ માને છેતરીને આપઘાત કર્યો છે. એને પોતાની બેવકૂફી ઉપર ઘણો પસ્તાવો થયો. માછીઓને બોલાવીને તળાવમાં જાળ નંખાવી, પણ કાંઇ પત્તો ન લાગ્યો. એ સમાચાર ગામમાં પણ પહોંચ્યા અને રાજા હોરિલ ત્યાં આવ્યા. તેમણે પણ પોતાના માણસોદ્વારા જાળ નંખાવી. એક જાળમાં ભગવતી ખેંચાઈ આવી, પણ તપાસ કરતાં માલૂમ પડ્યું, કે એના દેહમાં પ્રાણ નહોતો. એના સુંદર મુખકમળ ઉપર એવી ને એવીજ જ્યોતિ પ્રગટી રહી હતી. હોરિલસિંહ બોલી ઊઠ્યો: "ધન્ય! ધન્ય! બહેન! તને હજારો વાર ધન્ય છે! તેં અમારી સાત પેઢીઓ તારી છે. તુંજ સાચી રાજકુમારી છે."*



* બિહારી ભાષાના એક લોકગીતમાં આ સુંદર ચરિત્ર છે. સુપ્રસિદ્ધ કવિ સર એડવિન આર્નોલ્ડે એ ગીતનો અંગ્રેજીમાં અનુવાદ કર્યો છે. શ્રી. અવધવાસી સીતારામજી બી. એ., એમણે એ કાવ્યની છાયા લઇને 'માધુરી'માં એક કવિતા લખી હતી, તેનેજ આધારે આ ચરિત્ર લખાયું છે. —પ્રયોજક



૬૪–સાંઈ નેહડી

સૌરાષ્ટ્ર દેશમાં ગોહિલવાડના રમણીય પ્રાંતની પૂર્વ બાજુએ ખંભાતના અખાતને કાંઠે તળાજા શહેર વસેલું છે. હાલ એ શહેર ભાવનગર રાજ્યમાં આવેલું છે, પણ પહેલાં ત્યાં 'વાળા' જાતિના રજપૂતોનું રાજ્ય હતું. ત્યાં આગળ ઘણાં વર્ષ પૂર્વે એભલવાળો રાજ્ય કરતો હતો. એ રાજા શિવધર્મી હતો અને મહાદેવ ઉપર એને પૂર્ણ આસ્થા હતી. એક જૈન જતિએ તેને જૈન બનાવવાનો ઘણો પ્રયત્ન કર્યો, પણ નિષ્ફળ નીવડતાં એણે મંત્રબળ વડે વરસાદને બાંધી લીધો. તેણે એક કાળા હરણને શીંગડે એક મંત્રેલી ચીઠ્ઠી બાંધીને એને છૂટું મૂકી દીધું.

દૈવસંયોગ એવો થયો કે એ વર્ષે ચોમાસાનો સમય વીત્યા છતાં વરસાદ થયો નહિ. રૈયત ગભરાવા લાગી, ઢોર મરવા માંડ્યાં; એથી રાજાને પણ ઘણી ચિંતા ઉત્પન્ન થઇ. એક દિવસ તે પોતાના સાથીઓ સહિત શિકાર ખેલવા ગયો હતો. ત્યાં એણે પેલા ચિઠ્ઠી બાંધેલા કાળા હરણને જોયું. તે જ્યાં ચરતું હતું, ત્યાં લીલું ઘાસ ઊગેલું હતું. બીજા પ્રાણી દૂબળાં હતાં, ત્યારે આ પ્રાણી મદમસ્ત હતું. રાજાએ તેનો શિકાર કર્યો અને તેને શીંગડે બાંધેલી ચિઠ્ઠી વાંચી. એમાં લખ્યું હતું કે, આ ચિઠ્ઠી પાણીમાં બોળ્યાથી વરસાદ વરસશે. રાજા પ્રસન્ન થયો અને એ પરીક્ષા કરવા સારૂ એ ચિઠ્ઠીને પાણીમાં બોળાવી. તરતજ આકાશમાં ગડગડાટ થયો, વાદળાંઓ ઘેરાઇ આવ્યાં અને વરસાદની તૈયારી સ્પષ્ટ જણાઇ. રાજા અને તેનો સાથી ઘર તરફ પાછા ફર્યા, એટલામાં તો મુસળધાર વરસાદ વરસ્યો. રાજા એના સાથીથી છૂટો પડી ગયો અને પાણીથી પલળીને અકડાઇ ગયો. આગળ જવું અશક્ત હતું. જંગલમાં કોઇ ઝૂંપડીમાં આશ્રય લેવાનો તેણે વિચાર કર્યો.

એ વનમાં એક નાની ઝૂંપડીમાં સાંઇ નેહડી રહેતી હતી.

ચારણોના ઝુંપડાના સમૂહને "નેહ" કહે છે. વળી ચારણો-માંની એક જાતિનું નામ નેહડા ચારણ છે. એવા નેહડા ચારણની સ્ત્રી હોવાથી તે નેહડી કહેવાઇ. સાંઈ તેનું નામ હતું. એ સન્નારી ઘણી સુશીલ, પરગજુ અને પતિવ્રતા હતી. એનો પતિ બીજા પડોશી સ્વજાતીય પુરુષોની સાથે ઘોડા વેચવા સારૂ પરદેશ ગયો હતો. પતિને ગયે ઘણા દિવસ થયેલા હોવાથી સ્નેહાળ પત્ની તેના પાછા ફર્યાની વાટ જોતી હતી અને મનમાંજ કહેતી હતી કેઃ–

"રે! હાય આ સમય વલ્લભ ક્યાં વિરાજે?
છે વિફર્યાં અરર તત્ત્વજ આ બધાંઓ;
વહાલા! અરે જરી ન ત્યાં ઉર શાંતિ કોની?
હું હ્યાં અહા–અરર! નાથ ન પાસ કોઇ.
આવા શીળા હિમ હિમભર્યા, વાયરા અંગ વીંધે,
આ આભે શી જલ જલ વહી, ધાર ધ્રૂજાવી દેશે;
રે આ છૂટે હડુડુડુ થતાં, ગર્જનો આભ ઊરે—
મારા વા'લા હૃદય થથરે કોણ આ ભાર ઝીલે? ×"

આ પ્રમાણે પ્રિયતમના વિચારમાં એ યુવતી નિમગ્ન થઈ હતી. તે સમયે ઘોડા ઉપર ઠૂંઠવાઇ ગયેલા એભલવાળાને પોતાની ઝૂંપડી સમીપ આવતાં તેણે જોયો. એ સમજી ગઇ કે આ તોફા-ની અંધારી રાતે કોઇ વટેમાર્ગુ વખાનો માર્યો આશ્રય લેવા અહીં આવી રહ્યો છે. પોતે એકલી હતી, યુવાન હતી. પરપુરુષ-ને પોતાના ઘરમાં રાખવાથી લોકો શું કહેશે વગેરે અનેક વિચારોના તરંગોએ તેનું ચિત્ત ચડચું.

"આ આંગણે કો મહેમાન આવ્યો, છે ધર્મ એને પણ રક્ષવાનો;
છે અન્ય એ પુરુષ, હું યુવામાં, રે લોકની જીભજ ઝેરી એમાં.

તોય શું? સત્ય પેખે છે, સર્વ વ્યાપક તે પ્રભુ;
ન્યાય તો તેજ દેવાનો, લોકને અહીં ના ગણું."

એટલામાં તો ઘોડેસવાર એભલ ત્યાં આવી પહોંચ્યો. બાળા-એ ઘોડાની લગામ પોતાના સુકુમાર હસ્તવડે પકડી. જુએ છે તો ઘોડેસવાર બેહોશ હતો. એણે ધીમે રહીને એ પુરુષને નીચે ઉતાર્યો. ઘરમાં લઇ જઇને તેના ટાઢથી ઠરી ગયેલા અંગને શેક

× લેખક રા. રા. હરગોવિંદ પ્રેમશંકર ત્રિવેદી.

કરવા માંડ્યો; પણ એને શુદ્ધિ ન આવી. ધાબળીમાં એના શરીરને ઢાંકી રાખ્યું અને ઘડી ઘડી તેનાં નેત્ર સામું જોવા લાગી, કે કેમે કર્યો આ સવાર ચેતનમાં આવે છે; પરંતુ એનો પ્રયાસ સફળ થતો દેખાયો નહિ. એથી એને ઘણી ચિંતા થઇ. પુરુષની મુખમુદ્રા તથા પહેરવેશ ઉપરથી એ કોઇ ઉચ્ચકુળનો હોય એવું સ્પષ્ટ જણાતું હતું. એની સુખસમૃદ્ધિની કલ્પના કરી એની હાલની દયાજનક સ્થિતિ જોતાં એ તરુણીના હૃદયમાંથી અનેક શોકોદ્ગાર નીકળવા લાગ્યાઃ—

"તારે હોશે અતિ ચતુર શું, ચાકરો તુજ પાસે ?
તારે પંથી! જરી નહિ હશે, ખોટ વસ્ત્રો તણીયે.
તારે માટે પલપલ થવી, હોય અંગિઠડીએ,
રે આ મારી નિરધન અહીં, ઝુંપડીમાં ન એ એ.
તારે માટે શયન ઢળવા, રૂડલાં ને મૃદુલાં,
તારી વાલી ઘડી ઘડી તને, તો હશે રંજતી ત્યાં.
તે બિચારી જરી ન સમજે, આમ તું આંહી સૂતો,
રે આ મારી નિરધન અરે, ઝુંપડી વાસ તારો."

આવા આવા વિચારો આવતાં એ નિરાધાર પથિક માટે એને વધારે ને વધારે દયા ઉપજી. શેક તથા ગરમ કપડામાં લપેટવાથી પણ જ્યારે એનામાં ચૈતન્ય ન આવ્યું, ત્યારે એના કોમળ હૃદયને નવોજ ઉપાય સૂઝ્યો. એણે વિચાર્યું: "હું શુદ્ધ હૃદયની પવિત્ર ચારણકન્યા છું. મારે આંગણે આવેલા આ મનુષ્યને મરવા તો નહિજ દઉં. પ્રભુને સાક્ષી રાખીને આ એક ભયાનક ઇલાજ કરૂં છું. માતાજી મારો પ્રયાસ સફળ કરજો તથા મારી લાજ રાખજો." એણે જે ઉપાય યોજ્યો હતો, તે ખરેખર એને માટે સાહસરૂપજ હતો. એણે પોતાની દેહની ગરમી વડે એ પુરુષમાં ચેતન લાવવાનો સંકલ્પ કર્યો હતો. આજ સુધી એણે પરપુરુષને સ્પર્શ કર્યો નહોતો. એને ખાતરી હતી કે, નિંદાખોર લોકો મારી નિંદા કરવામાં બાકી નહિ રાખે; પરંતુ શું લોકોની ટીકાના ભયથી પ્રભુના સંતાન–માનવબંધુને કમોતે મરવા દેવાય? દઢતાથી એણે પોતાના મનને કહ્યું:—

"છો લોક બોલે બહુ પાપ આમાં, સ્પર્શીંય જો અન્ય પુરુષ હાવાં;
આપુ હું ઉષ્મા મમ ઉર કેરી, એમાં ન થાશે પ્રભુ આંખ ઝેરી."

સતીએ પોતાનાં વસ્ત્રો ઉતાર્યાં. જે પથારીમાં એ રજપૂત સૂતો હતો ત્યાં,પોતે પણ એને દૃઢાલિંગન દઇને સૂતી. એનો આ ઉપાય સફળ થયો. જીવતા માનવદેહની હૂંફથી એ વીરના શરીરમાં ધીમે ધીમે ગરમી આવવા લાગી. નાડી અને છાતીમાં રક્તનો સંચાર થવા લાગ્યો. એના દેહમાં જીવનનો જરા સંચાર જણાતાં, એ બાળા શરમાઇ જઇને તરતજ ત્યાંથી ઊભી થઇ અને ઝટ વસ્ત્ર પહેરી લીધાં તથા દૂર જઇ બેઠી.

ક્ષત્રિય વીર એભલવાળાને ભાન આવ્યું, ત્યારે એણે પોતાને એ ઝૂંપડીમાં સતી ચારણીની સન્મુખ શય્યામાં પડેલો જોયો. એણે એ સતીને પોતાની પ્રાણરક્ષક તરીકે ઓળખીને તેના ચરણમાં સાષ્ટાંગ પ્રણામ કર્યાં તથા હાથ જોડીને કહ્યું:—

"દાતા અહો જીવનની મમ વા'લી બે'ની,
*દેજે ક્ષમા તુજ શિરે પીડ આમ નાખી.
સંભારજે અધમ એભલ રંકને તું,
તું આપજે કદિક દર્શન તુંજ રૂડું."

સતીએ વિનયપૂર્વક કહ્યું: "ભાઇ! મેં એવું તે શું મોટું કામ કર્યું છે? મેં તો મનુષ્ય તરીકેની મારી સાધારણ ફરજ અદા કરી છે. માનવબંધુને મદદ કરવી, એ તો પ્રભુએ સ્ત્રીજાતિને બક્ષેલો મહાન અધિકાર છે. મારા દેહમાં જીવ છતાં, હું અતિથિને શા માટે મરવા દઉં?"

એ પ્રમાણે મીઠા શબ્દોથી પવિત્ર ચારણીએ એભલના જીવનમાં નવોજ ઉત્સાહ ભર્યો. રાજા એભલ અને સાંઈ એ દિવસથી ભાઇબહેન બન્યાં. બહેનની રજા લઇને એભલ ઘેર ગયો.

અદેખી આંખોએ આ બનાવ જોયો અને એમના પાપી હૃદયોએ નિર્દોષ બાળાના પરોપકારમાંયે પાપ દીઠું. તેમણે એની વિરુદ્ધ ગમે તેવા આક્ષેપો મૂકવા માંડ્યા.

થોડા દિવસ પછી ચારણો પરદેશથી પાછા આવ્યા. તેમની સાથે સાંઇનો પતિ પણ ઘેર પાછો આવ્યો. ઘેર આવતાંજ એના પાડોશીએ ચાડી ખાધી કે, "તારી ગેરહાજરીમાં તારી બૈરીએ કોઇ ફાંકડા રજપૂતને ઘરમાં ઘાલ્યો હતો."

આટલું સાંભળતાં તો સાંઇના પતિની રગેરગમાં ઝેર વ્યાપી

ગયું. પત્નીને તેણે ઘણાં કટાક્ષબાણુ માર્યાં. એક દિવસ તો કાંઈ નજીવા વાંકનું બહાનું કાઢીને એણે એ સતી સ્ત્રીને માર પણ માર્યો. સતી સાંઈને પોતાના ઉપર મુકાતા જૂઠા આળ સારૂ ઘણું લાગી આવતું હતું. એક દિવસ સૂર્યનારાયણની સન્મુખ તેણે હાથ જોડી-ને પ્રાર્થના કરી કેઃ–

"પિતા! તું જાણે છે, હૃદયમહિં ભાવો મુજ અહીં.
મને કાં તો દે સખત પતનું શાસન પિતા?
અને આ સામાંના હૃદય શીખજો સત્યજ સદા."

સતીના ઉપર આવેલા આળથી દુઃખી થઈને સૂર્યનારાયણે શાપ દીધો અને તેના પતિને કોઢનો રોગ થયો.

સતીને એથી નવી ચિંતા ઉત્પન્ન થઇ. પતિવ્રતા નારી પતિનું દુઃખ કેવી રીતે જોઇ શકે? એણે સ્વામીના દુર્ગંધમય શરીરની ઘણી ચાકરી કરી. આખરે એક દિવસ પતિને એક કંડિયામાં રૂ પાથરીને સુવાડી, એ કંડિયાને માથે મૂકી સતી સાંઇ તળાજા પહોંચી.

રાજા એભલવાળાના મહેલ આગળ જઇને ખબર કહાવી કે, "તમારી દુઃખી બહેન આવી છે." બહેનનું નામ સાંભળતાંવારજ એભલ દોડતો બહાર આવ્યો અને ઘણો આદરસત્કાર કરીને એને રાજમહેલમાં લઇ ગયો અને પૂછવા લાગ્યોઃ "વહાલાં બહેન! તમે આમ ઉદાસ કેમ જણાઓ છો? તમારૂં શરીર આવું દૂબળું કેમ થઇ ગયું છે? તમને કોઇએ દુભવ્યાં છે? બહેન! જે બન્યું હોય તે સાચું કહી દો. એભલવાળાની બહેનને દુઃખ દેવાની કોની મગદૂર છે?"

સાંઇ નેહડીએ લોકોએ પોતાના ઉપર આળ ચઢાવ્યાં તથા એને લીધે અકળાઇને સૂર્યનારાયણની પ્રાર્થના કરી, તેનું આ ઊલટું પરિણામ આવ્યું વગેરે વૃત્તાંત વિસ્તારથી કહી સંભળાવ્યો.

એભલવાળાએ કહ્યુંઃ "બહેન! મારાથી કોઇ રીતે તમને મદદ થઈ શકે એમ હોય તો જણાવો. હું તન, મન અને ધનથી મદદ કરવા તૈયાર છું. તમારા પતિને ગમે તે પ્રકારે આરામ થાય, એવા ઉપાય તમે આદરો."

સાંઇએ કહ્યુંઃ "ભાઇ! હું બધા ઉપાય અજમાવી ચૂકી. પથ્થર એટલા દેવ કરી ચૂકી. આખરે એક સિદ્ધ પુરુષે એ પાપના

પ્રાયશ્ચિત્તરૂપે એક ઉપાય સૂચવ્યો છે, પણ એ ઘણો રાક્ષસી છે."

એભલે પૂછ્યું: "એવો તે શો ઉપાય છે?"

સાંઇએ કહ્યું: "બત્રીસલક્ષણા પુરુષના લોહીથી એમને નવરાવીએ, તો એમને કોઢ મટે."

એભલે પૂછ્યું: "એવો નર તમારી જાણમાં છે?"

સાંઇએ કહ્યું: "છે, પણ નામ દેતાં જીભ ઊપડતી નથી."

રાજાએ પૂછ્યું: "વગર સંકોચે જણાવો, એવો નર ક્યાં છે?"

સાંઇએ જવાબ આપ્યો: "ભાઈ! એ આટલામાંજ છે."

આ વાર્તાલાપ ચાલી રહ્યો હતો, એવામાં એભલનો રાજકુમાર અણો ત્યાં આવી ચઢ્યો. સાંઇ નેહડીએ તેનાં દુખણાં લીધાં. કુમાર તેને પગે લાગ્યો. ફોઇએ-સાંઇએ આશીર્વાદ દીધો અને એભલને કહ્યું: "ભાઇ! ભગવાને આપને બત્રીસલક્ષણો પુત્ર આપ્યો છે. આપ ભાગ્યશાળી છો. પ્રભુ એ દીકરાને સુખી રાખે."

એભલ સમજી ગયો કે, પોતાના પુત્રના લોહીની માગણી કરવા સાંઇ આવી છે. રાજાએ પુત્રને એ સંબંધી પૂછી જોયું. રાજકુમારે કહ્યું: "એમાં તે શી મોટી વાત છે? આ દેહ તો નાશવંત છે. એક દિવસ તો પડવાનોજ છે;તો પછી એ દેહ વડે કોઇનું કલ્યાણ થતું હોય, તો એના કરતાં વધારે સદ્‌ભાગ્યની વાત બીજી કયી?"

એભલે પુત્રને ધન્યવાદ આપ્યો અને જોતજોતામાં પોતાની તલવાર વડે તેનો શિરચ્છેદ કર્યો. તેના લોહીમાં સાંઇ નેહડીના પતિને સ્નાન કરાવ્યું. સાંઇનો પતિ સાજો થયો.

ચારણી સાંઇ પરમ દયાળુ સતી હતી. એક મનુષ્યનો પ્રાણ બચાવવા ખાતર તો એણે પોતાના શિયળને કલંક લાગવા દીધું હતું, તો શું આજ એનું હૃદય એવું કઠોર બની ગયું કે, પોતાના સ્વાર્થ ખાતર બત્રીસલક્ષણા સુકુમાર યુવરાજનો પ્રાણ લીધો! એણે ભગવાનની ખરા અંતઃકરણપૂર્વક પ્રાર્થના કરીને બાળકને ગળે હાથ ફેરવ્યો. જોતજોતામાં એ બાળક હતો એવો ને એવો થઇને હસતે મુખે ઊભો થયો. આ ચમત્કારમાં કેટલું સત્ય છે, તે અમે કહી શકતા નથી. કાઠિયાવાડમાં ભાટચારણો હજી પણ એ કથા ગાય છે અને એભલવાળા તથા તેના પુત્રની મહત્તા વિષે પૂછે છે કે:—

"સોરઠા કરો વિચાર, બે વાળામાં કિયો ભલો?
શિરનો સોંપણહાર, કે વઢાવણહાર વખાણીયે?"

અમે તો બન્નેને વખાણીએ છીએ; સતી સાંઈ ચારણીના પાતિવ્રત્યનો મહિમા વધારવા ખાતર એના હાથના સ્પર્શથી મરેલો બાળક સજીવન થયો, એવી દંતકથા પ્રચલિત થઇ હોય, તો તે અસંભવિત નથી; કેમકે ભારતવાસીઓ સતીમાં અસીમ શક્તિ હોવાનું માને છે.

એભલને આપેલી સહાયતાનો બદલો વાળવા એ રાજા શું કરવા તૈયાર છે, તેની કસોટી કસવા ચારણીએ એવી માગણી કરી હોય અને રાજા પુત્રનો વધ કરવા તત્પર થયો હોય; તે સમયે તેને બાળહત્યાથી રોકયો હોય, તો તે પણ સંભવિત છે; પણ એ બધા કલ્પનાના પ્રદેશમાં અમે ઊતરવા નથી માગતા. દંતકથાએ સાંઈ નેહડીની દયા તથા સહાનુભૂતિનો જે પરિચય કરાવ્યો છે, તે એને માટે સન્માન ઉત્પન્ન કરે એવોજ છે.×



× જુઓ સં૦ ૧૯૭૦ ના 'ગુજરાતી' ના દિવાળીના અંકમાં 'તળાજાની ટેકરી અને એભલવાળો' નામનો રા. રા. દેવશંકર વૈકુંઠજી ભટ્ટનો લેખ. સૌરાષ્ટ્રની રસધાર તથા રા. રા. હરગોવિંદ પ્રેમશંકરની 'એભલવાળો અને સાંઇ!' નામની કવિતા. આ ચરિત્રમાંની કવિતાઓ એ કાવ્યમાંથી ઉતારવામાં આવી છે. —પ્રયોજક

૬૫–सती विकोई

એ કાઠિયાવાડના એક ગરાસિયા કમાની પત્ની હતી. કમાને કાળો ઝાલ નામનો એક જુવાન અને સુંદર મિત્ર હતો. બંનેની મિત્રતા ઘણી ગાઢી હતી.

એક સમયે કાળો ઝાલ મિત્રને મળવા ગયો. કમો ઘરમાં ન હોવાથી કમાની પત્નીએ ઉત્તર વાળ્યો કે, "એ ઘરમાં નથી." કાળો ઝાલ પાછો ગયો, પણ એનું સૌંદર્ય એ સમયે વિકોઈએ બારીકીથી નિહાળ્યું. વિકોઈ શુદ્ધ હૃદયની સતી હતી. એના અંતઃકરણમાં કોઈ જાતનો વિકાર થયો નહિ; પરંતુ સૌંદર્ય પણ પ્રભુની એક અમૂલ્ય બક્ષિસ છે, એમ ગણીને કાળા ઝાલના અદ્ભુત સૌંદર્યને નીરખીને એણે નિર્દોષ આનંદ અનુભવ્યો.

એક રાતે વિકોઈને સ્વપ્ન આવ્યું અને તેમાં કાળા ઝાલને બજારમાં ઘોડેસવાર થઈને ફરતો જોયો. સ્વપ્નમાં એના મુખમાંથી કાળા ઝાલને ઉદ્દેશીને કાંઈક નિર્દોષ ઉદ્ગાર પણ નીકળી ગયા. એનો પતિ જે પાસેજ સૂતો હતો તેને કાને એ શબ્દો પડ્યા અને તેને સંશય ઉત્પન્ન થયો કે, વિકોઈનું હૃદય કાળા ઝાલે ચોરી લીધું છે અને બેની વચ્ચે આડો સંબંધ છે. પતિના મનમાં પત્નીના ચારિત્ર્ય માટે સંશય ઉત્પન્ન થયો એટલે બાકી શું રહે? ગૃહ-સુખમાં એ સમયેજ આગ લાગી જાય. કમાએ પત્નીને સત્વર જગાડી ને ઘરમાંથી ચાલ્યા જવાનો આદેશ કર્યો. વિકોઈને ઘણું આશ્ચર્ય થયું કે, "એકદમ સ્વામી આટલા બધા ક્રોધે કેમ ભરાયા? મેં એમની સેવામાં કદી ઉણપ આવવા દીધી નથી. પતિ સિવાય કોઈના ઉપર પ્રેમ દાખવ્યો નથી." કારણ પૂછતાં કમાએ પોતાનો સંશય જણાવ્યો. પોતાના શિયળ ઉપર આરોપ મુકાતો જોઈ એ સચ્ચરિત્રા સ્ત્રીને ઘણુંજ લાગી આવ્યું. નમ્રતાથી એણે પોતાની નિર્દોષતા પતિને જણાવી, પણ વહેમે ભરાયેલા પુરુષના ધ્યાનમાં

એની એક પણ દલીલ ઊતરી નહિ. વિકોઈ કોઇ પણ રીતે પતિને છોડીને જવા તૈયાર ન થઇ, ત્યારે એણે તેને ધક્કો મારીને ઓસરીમાં કાઢી મૂકી. વિકોઇ રોવા લાગી અને પ્રેમપૂર્ણ ભાષામાં પતિને આજીજી કરવા લાગી; પણ પતિએ તો તેને મેણાં માર્યાં કે, "જા, હવે તને મારી શી પરવા છે ? હવે આ ઘરમાં તારૂં સ્થાન નથી. કાળા ઝાલ ઉપર તારૂં મન મોહી ગયું છે તો જા એને ઘેર. એજ તને સુખી કરશે. મારી સાથે તને ગોઠયું તો પછી શું કામ અહીં રહેવાનાં વલખાં મારીને ખાલી ઢોંગ કરે છે ?"

આ શબ્દોએ તો વિકોઇને વધારે મનોવેદના ઉત્પન્ન કરી. એણે ગદ્‌ગદ સ્વરે કહ્યું:—

"સારૂં સારડીએ, પાંઝર મારૂં પિગલાં;
ફતુર પુદડીએ, ન જડું કાળા ઝાલશું."

અર્થાત્ "મારા સુકુમાર શરીરને ફૂદડીની પેઠે ફેરવીને સારડી વડે વીંધી નાખો પણ કાળા ઝાલ પાસે તો હું કદી પણ જનાર નથી. હે કમા ! આ સંસારમાં રૂપ હમેશાં દુ:ખના કારણરૂપ છે. જરા પણ સૌંદર્ય હોતાં સ્ત્રીજાતિના ઉપર મિથ્યા કલંકો મૂકવામાં કામી અને નિંદાખોર લોકો મજા માને છે. તમારી સાથે રહેતાં મને વરસો વીતી ગયાં, છતાં તમે મારા પ્રેમને નજ પારખ્યો. લાંબા વખતના પ્રેમને આમ ખાલી વહેમમાં પડીને તરછોડશો નહિ. હું તમારા જોડાની સગતળી છું. મને તમારી દાસી ગણીને ઘરમાં શરણ આપો. મને પત્ની ગણીને ભલે પ્રેમ ન દાખવશો. હું ઘરમાં રહી તમારી ગુલામી કરીશ. તમને સુખી જોઇને હું સુખ માનીશ. મને તમારી નજરથી આઘી તો નજ ખસેડો." પણ કમાના હૃદય ઉપર એની કશી પણ અસર ન થઇ. વિકોઇએ પતિને ફરીથી વીનવ્યું કે, "કમા ! બધી સ્ત્રીઓ તો બેડું માથે લઇને પાણી ભરે છે, પણ હું તો મારા ઉપર આવતા આળ માટે કહો તો મારી છાતી ઉપર બેડું મૂકીને તમારે સારૂ પાણી ભરીશ; પણ કાઢી તો નજ મૂકશો. હું તમારી સર્વ પ્રકારે સેવા કરીશ. મને નાહક શા સારૂ કાઢી મૂકો છો ? ઝાંઝવાનાં પાણી પીવા શા સારૂ તૈયાર થાઓ છો ? હજુ વિચારી જુઓ. નાહકનું પરણેતરને દુ:ખ ન દેશો." પરંતુ કમાએ તેના વિલાપ પ્રત્યે જરા પણ ધ્યાન ન આપતાં ધક્કો મારીને તેને ઘર બહાર કાઢી મૂકી અને પોતે કમાડ બંધ કરીને ઘરમાં બેઠો. સતી વિકોઇ આક્રન્દ

ફરતી ઘર બહાર નીકળી. પાડોશીઓને પણ તેની દયા આવી.

પતિવ્રતા વિકોઇ ઘેરથી નીકળીને કાળા ઝાલને ત્યાં ગઇ. કાળો ઝાલ ભેંસ દોહી રહ્યો હતો. મિત્રપત્નીને પોતાને ઘેર આવેલી જોઇને તે આશ્ચર્ય પામ્યો અને પૂછવા લાગ્યો: "બહેન! આજે અહીંયાં કેમ આવ્યાં?" વિકોઇ શો ઉત્તર દે? એણે રડી દીધું. કાળા ઝાલના વિસ્મયનો પાર રહ્યો નહિ. એણે આગ્રહપૂર્વક કારણ પૂછ્યું. સતીએ પોતાની વીતક-કથા કહી સંભળાવી.

કાળા ઝાલને મિત્ર કમાની ટૂંકી દૃષ્ટિ અને વિચારશૂન્યતા ઉપર તિરસ્કાર છૂટયો. એણે વિકોઇને દિલાસો આપ્યો: "બહેન! એ કમાની મૂર્ખતા છે. તમારા કે મારા મનમાં જરાયે વિકાર ઉત્પન્ન થયો નથી અને થવાનો નથી. તમે મારાં સગાં બહેન છો. જીવો ત્યાંસુધી આ ભાઇના ઘરમાં સુખેથી રહો. કોઈ પણ જાતનો સંકોચ આણશો નહિ." સતી ત્યાંજ રહી કાળા ઝાલને ઘરના કામકાજમાં મદદ આપવા લાગી. એના પતિએ એનો ત્યાગ કર્યો હતો પણ એ પતિને કદી વીસરી નહોતી.

આ પ્રમાણે અનેક દિવસ વીતી ગયા. એક દિવસ કમો ફરતો ફરતો નદીકિનારે જઇ ચઢયો. વિકોઈ થોડી વાર પહેલાંજ ત્યાંથી સ્નાન કરીને ગઇ હતી. ત્યાં આગળ વિકોઇનું નામ સાંભળતાં એને પત્નીનું સ્મરણ થઇ આવ્યું. ઘાટ ઉપર સ્નાન કરનારાઓને મુખે વિકોઈના ચરિત્રની ઉજ્જવલતાની વાતો સાંભળી તથા એ પણ જાણ્યું કે, વિકોઇને કાળા ઝાલે બહેન કરીને રાખી છે. એ ખબર સાંભળતાં કમાને પોતાની ભૂલને માટે પસ્તાવો થયો અને પત્નીનો પ્રેમ સાંભરી આવ્યો. વિકોઇ થોડીજ વાર પહેલાં નાહીને ગઇ હતી, એટલે દૂર દૃષ્ટિ નાખતાં તેણે તેને જતી જોઇ. પત્નીને સંબોધીને તેણે કહ્યું:-

"વિકોઇ વહે ઉતાવળી, નદીએ બહોળાં નીર;
ચાળો લગાડયો છીપરે, વિકોઇ ધોઇ ગઇ ચીર.
હોળી હૈયા માંય, મેં ખાંતથી ખડકાવીયું;
પરજળી તે પંડ માંહ્ય, વરાળું થઇ વિકોઇને.
ભાળી તારી પીંડીયું, નમણાં તારાં નેણ;
પ્રીત્યું તૂટે ન પામીએ, વિકોઇ સરખાં સેણ."

આટલો વિલાપ કર્યા પછી એને વિચાર આવ્યો કે વિકોઇ

મને સંભારતી હશે કે નહિ. પરીક્ષા કરવા સારૂ તેણે એક માણસદ્વારા પત્ર મોકલ્યો. એ પત્રમાં એણે જણાવ્યું હતું કે, કમો ગુજરી ગયો છે. વિકોઇને એ કાગળ મળ્યો ત્યારે એ વલોણું કરતી હતી. પતિના મૃત્યુ–સમાચાર કાને પડતાંવારજ એ મૂર્ચ્છા ખાઇને પડી ગઇ. કાળો ઝાલ ત્યાં આવી પહોંચ્યો. તેણે ઘણાએ ઇલાજ કર્યા, પણ સતીનો પ્રાણ તો પતિના અવસાનનો શબ્દ કાને પડતાંજ દેહ ત્યજીને ચાલ્યો ગયો હતો.

કાળા ઝાલે બહેનનો અગ્નિસંસ્કાર કર્યો.

મૂર્ખ કમાએ જ્યારે એ સમાચાર સાંભળ્યા ત્યારે એને કેટલો પશ્ચાત્તાપ થયો હશે તેની તો કલ્પનાજ કરવાની રહી !×

૬૬–भीमाबाई होल्कर

હોલ્કર કુટુંબનો મૂળ પુરુષ મલ્હારરાવ હતો, એ આપણે અહલ્યાબાઇના ચરિત્રમાં જોઇ ગયા છીએ. એ ઘણો શૂરવીર રાજા હતો. ઇ૦ સ૦ ૧૭૬૫ માં ૭૬ વર્ષની વયે તેનું મૃત્યુ થયું હતું. એને ખંડેરાવ નામનો એક પુત્ર હતો; પરંતુ તે પિતાની હયાતીમાંજ ગુજરી ગયો હતો, એટલે મલ્હારરાવની પછી ખંડેરાવની સ્ત્રી અહલ્યાબાઈ અને તેનો પુત્ર માલેરાવ ગાદીનાં માલિક બન્યાં. માલેરાવ પણ થોડા સમયમાંજ ગુજરી ગયો અને રાજ્યનો કારભાર અહલ્યાબાઇના હાથમાં આવ્યો. તેના મૃત્યુ પછી રાજ્યનો બધો કારભાર તેના દત્તકપુત્ર તુકોજીરાવના હાથમાં ગયો. તુકોજીરાવ હોલ્કર પણ ઘણો પરાક્રમી હતો. એ ઇ૦ સ૦ ૧૭૯૭ માં મરણ પામ્યો. તેને ચાર છોકરા હતા. તેમાંનો યશવંતરાવ હોલ્કર પાછળથી ઘણી પ્રસિદ્ધિ પામ્યો. આપણી ચરિત્રનાયિકા ભીમાબાઇ એ યશવંતરાવની પુત્રી હતી. તુકોજીના મરણ પછી ગાદી સંબંધી ટંટો ઊભો થયો હતો, પણ આખરે યશવંતરાવજ ગાદી ઉપર બિરાજવા ભાગ્યશાળી

× ૧૯૭૦ ના 'ગુજરાતી'ના દિવાળીના અંકમાં છપાયલા રા. રા. છેલશંકર શુક્લના લેખ ઉપરથી સાભાર ઉદ્ધૃત. —પ્રયોજક

નીવડચો હતો. યશવંતરાવે સિંધિયા, પેશ્વા અને અંગ્રેજોની સાથે અનેક વાર યુદ્ધ કર્યાં હતાં. ઈ૦ સ૦ ૧૮૦૪ માં ચંબલ નદીની પાસે, કોટા રાજ્યમાં આવેલા દરા સ્ટેશનની પાસેના, મુકંદ્રાના પહાડ આગળ તેણે અંગ્રેજ સરદાર કર્નલ મોન્સુન સાથે ઘણી વીરતાથી યુદ્ધ કર્યું હતું અને એ યુદ્ધમાં મોન્સુન સાહેબને એવી સખત હાર ખાવી પડી હતી કે, કર્નલ મોન્સુન ઘોડા ઉપર જીન અને હાથી ઉપર અંબાડી મૂકીને નાસી છૂટચો. સારાંશ એ કે કર્નલ સાહેબ એ વખતે એવા ગભરાઇ ગયા હતા કે તેમને જીવ લઇને નાસવું પડયું હતું; પરંતુ યશવંતરાવનો પ્રતાપરૂપી સૂર્ય થોડા સમયમાંજ મદિરા–રાહુથી ગ્રસિત થઇને નિસ્તેજ થવા લાગ્યો. એ દશામાંજ તેનો દુઃખદાયક અંત પણ આવ્યો. યશવંતરાવ ઘણા મજબૂત મનનો મનુષ્ય હતો. સમયને અનુકૂળ થઇને કામ કેવી રીતે સાધી લેવું એ તેને આવડતું હતું.

યશવંતરાવે પોતાની કન્યા ભીમાબાઇને પણ સારૂં શિક્ષણ આપ્યું હતું. પિતાના વીરતા, સાહસ અને સમયસૂચકતા આદિ ગુણો ભીમાબાઇને પૂર્ણરૂપે વારસામાં મળ્યા હતા.

યશવંતરાવને મરાઠી અને ફારસી ભાષા આવડતી હતી અને પિતાના સંગથી કન્યામાં પણ બોલવાચાલવાની ઘણી ઉત્તમ છટા આવી હતી.

યશવંતરાવના મૃત્યુ પછી તેની દાસી તુલસીબાઈ કારભાર કરવા લાગી. તુલસીબાઇએ મલ્હારરાવ નામના બાળકને દત્તક લીધો હતો. તુલસીબાઈ એક ઉત્તમ ગાનારી, ઘણી ખૂબસૂરત અને મનમોહક સ્ત્રી હતી, એટલે તેની આગળ બીજા કોઇનું કાંઈ ચાલતું નહિ. તેણે બાવરામ શેઠ નામના યશવંતરાવના એક પ્રમાણિક દીવાનને કાઢી મૂકીને ઠાર મરાવી નાખ્યો હતો. આ પ્રમાણે રાજ્યમાં ઘણી અવ્યવસ્થા ફેલાઇ ગઇ.આખરે ઈ.સ.૧૮૦૭ માં તેને લૂંટારાઓએ મારી નાખીને ક્ષીપ્રા નદીમાં ફેંકી દીધી. એ ઘોડા ઉપર બેસવામાં ઘણી હોશિયાર હતી. પોતાના માનકરીની સ્ત્રીઓને સાથે લઇને જ્યારે એ ખુલ્લે મોંએ ઘોડેસવાર થઇને ફરવા જતી ત્યારે એ દૃશ્ય ઘણું જોવાલાયક થતું.

એ વખતે ભીમાબાઈ ક્યાં હતી અને શું કરતી એ જાણ્યામાં આવ્યું નથી, પણ ઇ. સ. ૧૮૧૦ માં મહિદપુરની લડાઇ થતા પહેલાં કર્નલ માલ્કમની અને તેની મુલાકાત થઇ હતી. એ

વખતે ભીમાબાઇએ ઘણી અસરકારક રીતે જણાવ્યું હતું કે, "હોલ્કર કુટુંબનો અને હોલ્કરના રાજ્યનો અંત આવવાનો સમય આવી પહોંચ્યો છે. અત્યારે એ કુટુંબનું ગૌરવ સાચવી શકે એવું મારા સિવાય બીજું કોઇ નથી. હું નિરાધાર વિધવા છું. મારે પુત્ર પણ નથી. મારે તો નિવૃત્ત થઇને ઇશ્વરનું ભજન કરવાનો સમય છે; પણ આવી અણીને વખતે મારા કુટુંબની આબરૂ સાચવવા ખાતર તથા રાજ્યનું સંરક્ષણ કરવા સારૂ મારે રાજકારભાર હાથમાં લેવો પડશે."

ભીમાબાઈ ઘોડેસવાર થવામાં ઘણી હોશિયાર હતી. એ ઘણી સુંદર નહોતી તોપણ તેના મુખ ઉપર તેજસ્વિતા અને હોશિયારીનાં ચિહ્‌ન જણાઇ આવતાં હતાં. મરાઠા સ્ત્રીઓએ જ્યારે જ્યારે પ્રસંગ આવ્યો છે ત્યારે ત્યારે કાર્યદક્ષતા અને ધૈર્યનો પૂરો પરિચય આપ્યો છે. જીજાબાઈ, અહલ્યાબાઈ, તારાબાઈ આદિનો પરિચય અમે આ પુસ્તકમાં અમારી ભગિનીઓને કરાવ્યો છે. સુપ્રસિદ્ધ મરાઠા વીરાંગનાઓમાં ભીમાબાઇની પણ ગણતરી થાય છે. ઈ. સ. ૧૮૧૭ માં મહિદપુરની લડાઇ સમાપ્ત થઇ અને હોલ્કરના સૈન્યનો પૂર્ણ પરાજય થયો. ભીમાબાઈ જેવી વીર સ્ત્રીથી આ અપમાન સહન થયું નહિ. તેણે તરતજ થોડુંક સૈન્ય એકઠું કરીને આખા દેશને લૂંટવાનું કામ શરૂ કર્યું. એ કામ ઘણા દિવસ ચાલ્યું. એક દિવસ સર જોન માલ્કમ ઘણા મોટા સૈન્ય સાથે જઇ રહ્યો હતો, એવામાં તેણે ભીમાબાઇને પોતાની પાસે થઇને જતી જોઈ. એ વખતે તેની પાસે કેવળ એક સિપાઇ હતો. ભીમાબાઇને પકડી લેવાના ઇરાદાથી કર્નલ માલ્કમે તેની આસપાસ ઘેરો ઘાલવાનો પોતાના સિપાઇઓને હુકમ આપ્યો. એ વખતે ઘેરો ઘાલતાં પહેલાંજ ભીમાબાઇનો સિપાઇ તો યુક્તિથી નાસી ગયો; પરંતુ ભીમાબાઈએ નાસી જવાનો પ્રયત્ન કર્યો નહિ. માલ્કમના સૈન્યને ખાતરી થઇ કે, હવે ભીમાબાઇ જરૂર પોતાના હાથમાં આવશે; પરંતુ ભીમાબાઈ ઘણીજ ચાલાક સ્ત્રી હતી. માલ્કમના સિપાઇઓને ભૂલથાપ ખવરાવીને તેણે ઘોડાને એવો પૂરપાટ મારી મૂકયો કે માલ્કમનું સૈન્ય તેને પકડી શકયું નહિ. ભીમાબાઇનું ધૈર્ય અને સાહસ આટલા ઉપરથી જણાઈ આવે છે. ભીમાબાઇ સંબંધી આથી વધારે વૃત્તાંત જાણવામાં આવ્યો નથી.

૬૭–કમળાદેવી

આ પરમ સાધ્વી સ્ત્રીના પતિનું નામ જગન્નાથ ભટ્ટાચાર્ય હતું. તે મુર્શિદાબાદનો નિવાસી હતો. કમળાદેવી જેવી સુંદર અને મોહક હતી તેવાજ તેના ગુણ પણ પવિત્ર અને ચિત્તાકર્ષક હતા. શાંત, સુશીલ કમળાદેવીને એના સદ્ગુણોને લીધે લોકો શ્રીવિષ્ણુ ભગવાનની અર્ધાંગિની કમળાની સમાન પરમસાધ્વી ગણીને એની પૂરી ભક્તિ કરતા. જેને એક વાર પણ તેનાં દર્શન કરવાનું સૌભાગ્ય પ્રાપ્ત થતું, તે આખા જન્મ સુધી તેને કદી ભૂલી શકતો નહિ.

જગન્નાથ ભટ્ટાચાર્યના પૂર્વજોને થોડીક જમીન દાનમાં મળી હતી. તેની આવકમાંથી એ પોતાની સતી સ્ત્રી અને ત્રણ પુત્રો સહિત સુખે ગુજરાન ચલાવતો હતો. આખા શહેરમાં બધા લોકો એને જાણતા હતા અને તેની ઘણી પ્રતિષ્ઠા કરતા હતા; પરંતુ સ્થિતિ હમેશાં એક સરખી રહેતી નથી. સુખ પછી દુઃખ અને દુઃખ પછી સુખ એ સંસારનો નિયમ છે.

કાળની વિચિત્ર ગતિથી બંગાળા પ્રાંત ઇસ્ટ ઇંડિયા કંપનીના હાથમાં આવ્યો. એ કંપનીના અમલદારો જમીનનો વેરો ઉઘરાવવામાં પ્રજા ઉપર ઘણોજ અત્યાચાર કરવા લાગ્યા; કારણકે એ લોકો વિલાયતથી તાજા આવેલા હતા. આ દેશની રાજપ્રણાલિની એમને શી ખબર ? છતાં પણ એ અંગ્રેજોનાં હૃદયમાં તો કાંઈક પણ સ્વાભાવિક દયા હતી; પરંતુ તેમના હાથ નીચેના ખુશામતી દેશી અમલદારો, ઉપરી સાહેબોના કાન ભંભેરીને પોતાના સ્વદેશી નિરાધાર ગરીબ બંધુઓને ત્રાસ આપવાનું ચૂકતા નહિ. એ વખતે કંપની સરકાર તરફથી જમીનવેરો વસૂલ કરવા ઉપર જે દેશીઓને નોકર રાખવામાં આવ્યા હતા, તેમાં

ગંગાગોવિંદસિંહ નામનો એક અમલદાર ઘણોજ ક્રૂર હતો. તે ગમે તે પ્રકારે ગરીબ ખેડૂતો પાસેથી કંપનીનાં નાણાં ઉઘરાવતો; એટલુંજ નહિ પણ પોતાનું પેટ પણ સારી પેઠે ભરતો.

દેશના દુર્ભાગ્યથી અનાવૃષ્ટિને લીધે એક વર્ષ બંગાળામાં ભારે દુકાળ પડયો. અન્ન બિલકુલ ઉત્પન્ન થયું નહિ, પરંતુ એ વખતે પણ ગંગાગોવિંદસિંહે પોતાના કામમાં જરા પણ દયા ન આણી. તેણે લોકોનાં ઘરબાર હરરાજ કરીને પણ જમીનવેરો ઉઘરાવવા માંડયો. આટલા દિવસ સુધી જગન્નાથની જમીન ઉપર વિઘોટી લાગી નહોતી; કારણકે એની ભૂમિ દાનભૂમિ હોવાથી સઘળા સરકારી કરોમાંથી મુક્ત હતી; પરંતુ દુષ્ટ ગંગાગોવિંદસિંહે એની જમીન ઉપર પણ કર ચોટાડીજ દીધો. જ્યારે જગન્નાથે કર આપવાની ના કહી, ત્યારે ગંગાગોવિંદસિંહે બિચારા બ્રાહ્મણનું ઘરબાર લૂંટી લીધું અને તેને માટે કાંઇ પણ રાખ્યું નહિ. તેનું કુટુંબ ઘણી ગરીબ અવસ્થામાં આવી ગયું. ત્રણ દિવસમાં એક મૂઠી અનાજ મળવું પણ મુશ્કેલ થઇ ગયું. તેનાં બાળકો ભૂખને લીધે વ્યાકુળ થઇને રોવા લાગ્યાં. એ દુષ્ટ ગંગાગોવિંદસિંહે સતી કમળાનો પહેરવાનો સાલ્લો પણ હરરાજ કરાવી દીધો હતો. એ ફક્ત કપડાનો એક કકડો કમરે વીંટીને લાજ રાખતી હતી. કમરની ઉપરનો ભાગ તો ખુલ્લોજ રહેતો હતો અને તેને લીધે શરમની મારી એ આખો દિવસ અંધારી ઓરડીમાંજ બેસી રહેતી. જ્યારે રાત પડતી ત્યારે બહાર નીકળતી અને નગરથી દૂર જઇને થોડાંક કંદમૂળ અને વૃક્ષનાં પાંદડાં લઇ આવતી. એ કંદમૂળ તથા પાંદડાંને ઉકાળીને ત્રણ પુત્ર તથા પતિનું પેટ ભરતી અને એમાંથી કાંઇ બચતું તો પોતે ખાતી.

આટલું બધું અપમાન અને દુઃખ વેઠયાથી જગન્નાથ ગાંડા જેવો થઇ ગયો. ઘણી વાર તો આત્મહત્યા કરવાનો પ્રયત્ન કરતો; પણ કમળા તેને ઘણો બોધ આપીને આવું અધર્મી અને નિંદનીય કામ કરતાં રોકતી અને ઘરની બહાર જવા ન દેતી. અકસ્માત્ એક દિવસ જગન્નાથ કમળાની આંખ ચોરાવીને ઘરમાંથી જતો રહ્યો અને ગળામાં ફાંસો નાખીને આ સંસારમાં ત્રણ પુત્ર અને એક સતી સ્ત્રીને નિરાધાર છોડીને પરલોકમાં ચાલ્યો ગયો. કમળાના દુઃખનો તો હવે પારજ રહ્યો નહિ. તે આકાશભેદી રુદન કરવા લાગી.

એક દિવસ તેના મોટા પુત્ર ક્ષેત્રનાથે ધંધાર્થે પરદેશ જવાની રજા માગી; પરંતુ એની વય કેવળ બાર વર્ષની હતી, એટલે માતાએ તેને જવાની રજા ન આપી. બાળક ક્ષેત્રનાથ વગર રજાએ, એક રાતે છાનોમાનો ચાલ્યો ગયો.

હવે કમળા ઉપર ઉપરાઉપરી દુઃખ પડવા લાગ્યું. એક તો પ્રાણ કરતાં પણ અધિક પ્યારા પતિનો વિયોગ, બીજું પુત્રનું ચાલ્યા જવું, ત્રીજું નિર્ધનતા અને ઘરમાં ખાવાનો એક દાણો નહિ હોવા છતાં બે બાળકોનું પોષણ કરવાની જવાબદારી. બધાં દુઃખ એક અબળાને માટે ઘણાંજ અસહ્ય છે. એવા સમયમાં મોટા મોટા ધીરજવાળા સમર્થ પુરુષો પણ ધીરજ છોડીને ગાંડા જેવા થઇ જાય છે, પણ પરમ ધૈર્યવતી કમળાએ આ અણીને વખતે પણ પોતાની સ્વાભાવિક શાંતિ છોડી નહિ. એને પણ આત્મહત્યા કરવાનો વિચાર આવતો, પણ બે નિરાધાર બાળકોનો વિચાર કરતાં તથા શાસ્ત્રમાં આત્મહત્યાને ઘણું નિષિદ્ધ કર્મ ગણ્યું છે તે યાદ આવતાં, એ પોતાનો એવો દુષ્ટ વિચાર છોડી દેતી. દૈવી આપત્તિ ઉપરાંત ગામના દુષ્ટ લોકો પણ તેને ઘણું સતાવતા; પણ એ બધું સહન કરતી. આખરે ભૂખને લીધે એનાં બે બાળકો પણ મૃત્યુને વશ થયાં અને કમળા એકલી રહી ગઇ. મનુષ્યના ઉપર જેમ જેમ દુઃખ પડે છે તેમ તેમ એનું હૈયું પણ કઠણ થતું જાય છે. મૃત બાળકોની લાશ લઇને કમળા ગંગાગોવિંદસિંહની પાસે ગઇ અને બોલીઃ “ હે દુષ્ટ ! અધર્મિ ! તને ભગવાનનો જરા પણ ભય છે કે નહિ ? જો, તારાં કર્મોનું આ ફળ, જો. ” એમ કહી એક ગુપ્ત છરી કાઢી તેને મારવા દોડી, પણ સિપાઇઓએ તેને પકડી લીધી અને ગાંડી સમજીને ત્યાંથી કાઢી મૂકી.

ગંગાગોવિંદસિંહ તો દુષ્ટ હતોજ, પણ તેનો સાથી દેવીસિંહ દુષ્ટતામાં એના કરતાં પણ ચડે એવો હતો. દયાનો તો એને સ્પર્શ પણ થયો ન હતો. એ ઘણોજ નરાધમ હતો. મોટા મોટા જમીનદારો વગેરેની સુંદર સ્ત્રીઓને એ પકડી લાવતો અને પોતાના અંગ્રેજ અમલદારોને ખુશ રાખવા માટે, એ સ્ત્રીઓને તેમની પાસે મોકલતો. કમળા નિરાધાર થઇને પોતાનું પેટ ભરવા માટે આમ તેમ ભીખ માગ્યા કરતી હતી, એવામાં દુષ્ટ દેવીસિંહની તેના ઉપર દૃષ્ટિ પડી. તેની સુંદરતા જોઇને એ મુગ્ધ

થઈ ગયો. એજ વખતે એણે એને પકડીને કેદખાનામાં મોકલી આપી. ઘણા દિવસ સુધી તો એ નિરાહાર રહી, પણ દેવીસિંહને જ્યારે એ વાતની ખબર પડી, ત્યારે એણે તેને બળપૂર્વક ભોજન કરાવ્યું; કારણકે એ જાણતો હતો કે, કમળા જો ભૂખે મરી જશે તો હાથ આવેલો શિકાર ચાલ્યો જશે.

એક દિવસ દેવીસિંહે કપટ કરીને કમળાને કોઈ અંગ્રેજની પાસે મોકલી દીધી. સાહેબે પોતાનો હાથ લંબાવ્યો, એટલે તરતજ કમળાએ પોતાની છરી કાઢીને તેનું નાક કાપી નાખ્યું. બસ, એજ દિવસથી એને સાહેબની પાસે મોકલવાનું થયું અને એ કેદખાનામાં બીજી સ્ત્રીઓની સાથે તેને રાખવામાં આવી.

કમળા જેલખાનામાં રહેવા લાગી. ત્યાં કેટલીક તો એવી એવી સુંદર સ્ત્રીઓ પૂરી રાખવામાં આવી હતી કે, જેમણે પુખ્ત ઉંમરની થયા પછી પતિનું દર્શન પણ કર્યું નહોતું. કમળા કેદખાનામાં એ સ્ત્રીઓને ધર્મ અને નીતિનો ઉપદેશ આપ્યા કરતી હતી. એક દિવસ રાતને વખતે એણે બધી સ્ત્રીઓને એકઠી કરીને ઉપદેશ આપ્યો કે, "આપણે સર્વેએ પાતિવ્રત્યના રક્ષણને માટે, આ દુષ્ટ દેવીસિંહના પંજામાંથી છૂટવા માટે પ્રયત્ન કરવો જોઈએ. આપણી સહુની દૃઢ ઇચ્છા હશે, તો આ કેદખાનાની પાકી દીવાલો તથા ઉઘાડી તલવાર સાથે પહેરા ભરનાર સંત્રીઓ હોવા છતાં પણ, આપણે અહીંથી નાસી જવાને શક્તિમાન થઈશું. તમારામાંથી જેને પતિદેવનું દર્શન કરીને તથા તેમની સેવાચાકરી કરીને પતિલોકમાં જવાની ઇચ્છા હોય, જેમને સ્ત્રીઓના પરમ ધન-શિયળનું રક્ષણ કરવાની ઇચ્છા હોય અને આ દુષ્ટ નરાધમ પોતાની લાજ ન લૂંટે એવી અભિલાષા હોય, તેમણે મારી આજ્ઞા પ્રમાણે ચાલવા તૈયાર થવું. હું પ્રતિજ્ઞા કરૂં છું કે, હું તમને બધીઓને અહીંથી સહીસલામત બહાર કાઢી શકીશ. બસ, ચાલો, વિલંબ ન કરો. મારી પાછળ પાછળ આવો અને હું કરૂં તેમ તમે પણ કરો."

કમળાના મુખમાંથી આવા ઉત્તેજનના શબ્દો નીકળતાંવારજ બંદીગૃહમાંથી બધી સ્ત્રીઓ ઊભી થઇ અને કમળાની યુક્તિથી એક ઊંચી દીવાલ ઉપરથી કૂદીને બહાર નીકળી ગઇ.

ધન્ય છે કમળાદેવીને કે, જેણે પોતાનું શિયળ સાચવવા ઉપરાંત આટલી બધી સ્ત્રીઓના સતીત્વનું પણ રક્ષણ કર્યું.



૬૮—સત્યવતી

બંગાળા પ્રાંતમાં માલદા જિલ્લામાં ગૌડ ગામમાં રામાનંદ ગોસ્વામી નામનો એક મોટો વૈષ્ણવ ભક્ત વસતો હતો. એને કેટલાંક વીઘાં જમીન ધર્માદા ખાતામાં મળી હતી. એના ઉપર એને વેરો ભરવો નહોતો પડતો. એ જમીન માફીમાં હતી. રામાનંદ ઈશ્વરનો મહાન ભક્ત હતો. દરરોજ ગરીબોને વસ્ત્ર અને ભોજન આપ્યા પછી તે ભોજન કરતો. એની સ્ત્રી સુનીતિ ઘણી પતિવ્રતા હતી. એ સદા પોતાના નોકરો મારફતે પોતાના ગામથી બબ્બે ગાઉ દૂર સુધી ગરીબોને ભોજન મોકલાવતી અને પોતાનો વખત ભજનમાં ગાળતી હતી. તેને પ્રેમાનંદ નામનો એક પુત્ર હતો અને પ્રભાવતી નામની એક કન્યા હતી. પ્રેમાનંદ ઘણો વિદ્વાન અને પ્રવીણ હતો. પ્રેમાનંદનો વિવાહ સત્યવતી નામની એક સ્ત્રી સાથે થયો હતો. સત્યવતી ઘણીજ પતિવ્રતા હતી અને પતિપત્નીનો પરસ્પર પુષ્કળ પ્રેમ હતો. ગામમાં પણ એમની ઘણી સારી પ્રતિષ્ઠા હતી; પણ મનુષ્યનો વખત બદલાતાં વાર લાગતી નથી. થોડા વખતમાં આપત્તિનું ચક્ર એ સુખી કુટુંબ ઉપર પણ ફરી વળ્યું.

એ વખતે બંગાળામાં ઇસ્ટ ઇંડિયા કંપનીનું રાજ્ય હતું. ત્યાંની જમીન એ વખતમાં ઘણી ઉપજાઉ નહોતી અને પાણીની તંગીને લીધે ઘણાં વર્ષોથી એ દેશની અવસ્થા શોચનીય થઈ ગઈ હતી. જમીનદારો કરજદાર થઇ ગયા હતા. કંપની સરકાર તરફથી, જમીનવેરો વસૂલ કરવાના કામ ઉપર દેવીસિંહ નામના એક અત્યાચારી અને નિર્દયી મનુષ્યને નીમવામાં આવ્યો હતો. એ પ્રજાને ઘણુંજ દુઃખ દેતો હતો. રૈયત પાસે પેટ ભરીને ખાવાનું ન હોય, તોપણ એમને જોડા અને ચાબુકના માર મારીને, ઘરબાર વેચીને પણ કંપની સરકારનાં નાણાં વસૂલ કરતો હતો. એ

એટલો બધો અન્યાયી અને દુષ્ટ હતો કે, કોઇની પ્રતિષ્ઠા કે આબરૂ બગાડતાં તો એને કાંઇ પણ વાર લાગતી નહિ. જે કોઇ વેરો ભરી શકતું નહિ, તેનું ઘરબાર છીનવી લેતો, સરસામાન હરાજ કરાવતો અને ઘરની સ્ત્રીઓની ભર્યા દરબારમાં લાજ લૂંટતો. એ વિલાપ કરતી સ્ત્રીઓની દુર્દશા જોઇને, તેના હૃદયમાં જરા પણ દયા ન આવતી.

ગોસ્વામી રામાનંદની ભૂમિ ઉપર આજ સુધી કદી કર નાખવામાં આવ્યો નહોતો; પણ દેવીસિંહે તેને પણ ન છોડ્યો. બિચારા ગોસ્વામીએ રાજશાહીની રાણી ભવાનીદેવી પાસેથી પચાસ હજાર રૂપિયા કરજે લઇને એને આપ્યા, પણ એથી એ દુષ્ટ ધરાયો નહિ અને વધારે રૂપિયા માગવા લાગ્યો. જ્યારે ગોસ્વામી વધારે નાણાં આપવાને માટે અશક્ત થયો, ત્યારે તેણે તેની માલમતા લૂંટી લીધી અને તેના આખા કુટુંબને પકડીને કેદ કરવાની આજ્ઞા આપી. હવે પ્રેમાનંદ ઘરની આબરૂ જવાના ભયથી, રોવા અને કાંપવા લાગ્યો. આખરે એણે પોતાની સ્ત્રી અને બહેનને લઇ જઇને કોઇ શિષ્યને ત્યાં સંતાઇ રહેવાની પિતાને સલાહ આપી અને પોતે દેવીસિંહની પાસે જઇ પોતાનું રક્ષણ કરવાની પ્રાર્થના કરી; પરંતુ એ નિર્દયને જરા પણ દયા ન આવી. એણે પ્રેમાનંદને કેદ કર્યો તથા એનાં માતાપિતા અને સ્ત્રીબહેનને પકડી આણવા માટે માણસો મોકલ્યાં.

જે સમયે પ્રેમાનંદ કચેરીમાં ઊભો હતો, તે વખતે દેવીસિંહ કેટલીક અબળાઓની લાજ લૂંટવાને માટે તૈયાર થઇ ગયો હતો. એ દુષ્ટની આજ્ઞાથી એ નિરાધાર અબળાઓની લાજ લૂંટવાનો વખત આવ્યો, તે વખતે કેટલીકે તો આત્મહત્યા કરીને પ્રાણ ત્યજી દીધા તો કેટલીક ભૂમિ ઉપર પડી બેશુદ્ધ થઇ ગઇ. આવો અન્યાય જોઇ ખરેખરા પુરુષના હૃદયનું લોહી ઊકળી આવ્યા વગર રહેતું નથી. સ્ત્રીઓની આવી દુર્દશાનું દશ્ય પ્રેમાનંદથી ન જોઈ શકાયું. એ તરત બોલી ઊઠ્યોઃ “અરે અધમ! દુષ્ટ! તને ઇશ્વરનો ભય છે કે નહિ? લે તારાં દુષ્ટ કર્મોનું ફળ.” એમ કહી હાથમાં છરી લઇને દેવીસિંહની તરફ એ ધસ્યો, પણ સિપાઇઓએ તેને પકડીને કેદખાનામાં મોકલ્યો. કેદખાનામાં પણ કેદીઓને દુઃખ દેવામાં કસર રાખવામાં નહોતી આવતી. જે વખતે પ્રેમાનંદ ત્યાં ગયો, તે વખતે ખીલાવાળા મગદળોના

મારથી રિબાઇ રિબાઇને મરી ગયેલા દસબાર મનુષ્યોની લાશો ત્યાં પડી હતી. પોતાના પતિની પણ એવીજ દશા થઇ છે, એવી ખોટી ખબર જાણીને સતી સત્યવતી વિલાપ કરવા લાગી. એજ સમયથી એણે બધા શૃંગાર છોડી દીધા અને વિધવાનો વેશ ધારણ કરીને, રંગપુર શહેરમાં તેના સસરાના એક શિષ્યને ત્યાં ગુપ્ત રીતે રહેવા લાગી. તેનો સસરો પણ તેના રક્ષણને સારૂ સાથેજ હતો. સત્યવતીની ઉંમર એ વખતે પચીસ વર્ષની હતી; પરંતુ એ પંદરસોળ વર્ષની યુવતી જેવી દેખાતી હતી. પતિવિયોગથી દુઃખી થઈને, એણે ઘણી વાર આત્મહત્યા કરવાનો યત્ન કર્યો, પણ દુઃખીઓને મોત પણ ક્યાંથી આવે? એ એકેવાર પોતાની યુક્તિમાં સફળ ન થઇ.

જ્યારે દેવીસિંહનાં માણસોને ખબર પડી કે, સત્યવતી એના સસરા સાથે રંગપુરમાં સંતાઇ ગઇ છે, ત્યારે એમણે ત્યાં પણ એનો પીછો ન છોડ્યો. સત્યવતીને એ વાતની ખબર પડવાથી, એ સસરા સાથે ત્યાંથી પણ નાઠી અને દીનાજપુરના એક જંગલમાં રહેવા લાગી; પણ એ જ્યાં જ્યાં નાસતી, ત્યાં ત્યાં દેવીસિંહનાં માણસો તેને પકડવા સારૂ જતાં. આખરે પોતાને લીધે પોતાનાં વૃદ્ધ સાસુસસરાને પણ દુઃખ થાય છે, એમ ધારીને સત્યવતી પુરુષનો વેશ ધારણ કરીને, બે વૃદ્ધ જૂના નોકરોને સાથે લઇને, ઘર બહાર નીકળી પડી. થોડા દિવસોમાં તેના વૃદ્ધ સસરા રામાનંદને પણ એ દુષ્ટ સિપાઇઓ પકડીને જેલમાં લઈગયા.

પુરુષના વેશમાં સત્યવતી પોતાના સાથીઓની સાથે જેલખાનામાં ગઈ અને રામાનંદને છોડાવવાનો ઉપાય વિચારવા લાગી. સત્યનો સદા જય થાય છે અને ધર્મને ભગવાન તરફથી સદા મદદ મળે છે. જેલમાં બધા સિપાઇઓ દુષ્ટ અને અધર્મી હતા, પણ સત્યવતીના સદ્ભાગ્યે એમનામાંથી પણ એક ભલો માણસ નીકળી આવ્યો. સત્યવતી તેને મળી અને બીજી આડીઅવળી વાતો કર્યા પછી કહ્યું કે, "મારે નોકરી કરવાની ઇચ્છા છે." સિપાઈ પૂરા અક્કલહીન હતા; એટલે સત્યવતીને એમની મારફત પોતાનું કામ પાર પાડવાનો લાગ મળ્યો. સત્યવતી નજીવા પગારમાં ત્યાં નોકર રહી ગઇ. તેને ગાનતાનનો સારો અભ્યાસ હતો; એટલે તેના મધુર ગાયનથી બધા સિપાઇઓ મુગ્ધ થઇ જતા. તેઓ તો એમજ ધારતા હતા કે, આ કોઇ જુવાન છોકરો

છે. તેઓ એના ગાનતાનથી પ્રસન્ન થઇને એના ઉપર ઘણી મહેરબાની રાખતા અને સારાં સારાં મિષ્ટાન્ન ખાવા માટે આપતા.

એક દિવસ સિપાઇઓ ખૂબ ભાંગ પીને નશામાં ચકચૂર થઇને સૂઇ ગયા. સત્યવતીને તો એટલુંજ જોઇતું હતું. એ યુવકના વેશમાં કેદખાનામાં પહોંચી અને પોતાના બે સેવકોની સહાયતાથી રામાનંદને શોધી કાઢીને કેદખાનામાંથી બહાર લઈ આવી. એ સિપાઇઓદ્વારા એને એ પણ ખબર પડી હતી કે, એનો પતિ પ્રેમાનંદ મરી નથી ગયો, પણ કલકત્તાના કેદખાનામાં કેદ થયેલો છે; એટલે એણે પોતાના સસરા રામાનંદને તો વનમાં એક મહાદેવજીના મંદિરમાં પહોંચાડયો અને એક સેવકને તેમની સેવા માટે મૂકીને, પોતે બીજા સેવકને સાથે લઇને કલકત્તા તરફ રવાના થઇ. ત્યાંનું કેદખાનું ઘણું મજબૂત અને બંદોબસ્તવાળું હતું. ત્યાં આગળ પૈસાનું પાણી કર્યા વગર પહોંચાય એમ નહોતું. નિર્ધન સત્યવતી એટલા પૈસા કયાંથી લાવે ? એ ચિંતામાં ને ચિંતામાં એક વૃક્ષ તળે જઇને બેસી ગઇ. ઘણા દિવસ એ પ્રમાણે વીતી ગયા, પણ પોતાના પતિના છુટકારાનો કોઇ ઉપાય ન સૂઝથી, એ દુઃખી થઇને રોવા લાગી અને પોતાના જીવતરને લાખોવાર ધિક્કારવા લાગી; એટલામાં ઈશ્વરકૃપાથી એક ભલો માણુસ એ રસ્તે થઇને નીકળ્યો. એ એવા સપાટામાં ચાલ્યો જતો હતો કે એના હાથમાંથી એક જરૂરી કાગળ પડી ગયો. એને તો એ વાતનું કાંઈ ભાન રહ્યું નહિ, પણ સત્યવતીએ એ કાગળ ઉપાડી લઇને, પોતાના સેવકની સાથે એની પાસે મોકલી દીધો. એ કાગળ એટલો બધો જરૂરી હતો કે, એના ખોવાઈ જવાથી એ મનુષ્યને ઘણી હાનિ થવાનો સંભવ હતો; એટલે એ કાગળ મળતાંવારજ ઘણો ખુશ થઇ ગયો અને સત્યવતીના માણુસને કહ્યું: “ આપ ઘણા ભલા માણુસ દેખાઓ છો. આપે મારા ઉપર ઘણી મોટી મહેરબાની કરી. આ કાગળ ન જડત, તો મને ઘણુંજ નુકસાન થાત. હું આપના આ ઉપકારનો બદલો કેવી રીતે વાળી શકું ? ”

તેણે હાથ જોડીને પોતાનો સવિસ્તર વૃત્તાંત કહી સંભળાવ્યો. એ સાંભળીને એ મનુષ્યના હૃદયમાં પણ દયા આવી અને એણે પ્રેમાનંદને છોડાવી આપવાની કબૂલાત આપી. એણે સત્યવતી અને તેના સેવકને પોતાને ત્યાં બોલાવી લીધાં તથા એમના ખાવાપીવાનો સારો બંદોબસ્ત કરી આપ્યો અને પોતે પ્રેમાનંદની

મદદ માટે બહાર ગયો. ઘણું દ્રવ્ય ખરચ્યા પછી અને ઘણોજ પરિશ્રમ કર્યા પછી, એ પ્રેમાનંદનો છુટકારો કરવામાં સફળ થયો.

પ્રેમાનંદ એ ગૃહસ્થને ત્યાં બે મહેમાનોને જોઇને ચકિત થઇ ગયો. પોતાના સેવકને તો એણે થોડી વારમાં ઓળખી લીધો, પણ નવયુવક પુરુષના વેશમાં સજેલી સત્યવતીને એ ઓળખી શક્યો નહિ; કારણકે પતિવિયોગથી એ ઘણીજ દુર્બળ અને કાંતિહીન થઇ ગઈ હતી. જે પતિના મરી ગયાના સમાચાર શત્રુઓએ કહ્યા હતા અને જેને લીધે પોતે એક વખત વૈધવ્ય-વેશ ધારણ કરી ચૂકી હતી, તે પતિનું મુખ જોઇને તેનું હૃદય ઘણું પ્રફુલ્લિત થયું; હૃદયના આનંદના વેગને એ રોકી શકી નહિ અને પતિને ઘણે દિવસે દૃઢ આલિંગન દઇ સુખદુઃખની વાતો કરવા લાગી.

ત્રણે જણાં ત્યાંથી રજા લઇને, એક મહાદેવના મંદિરમાં ગયાં અને ત્યાં આનંદપૂર્વક રહેવા લાગ્યાં.

સત્યવતીની બધાએ ઘણી પ્રશંસા કરી. ખરેખર એ પ્રશંસાને પાત્રજ હતી. સત્યવતી વીરતાની મૂર્તિ અને પાતિવ્રત્યની જનની હતી. એવીજ સ્ત્રીઓ દેશના ગૌરવરૂપ છે.



६१–देवी चौधराणी

ભરતખંડમાં અંગ્રેજોનું રાજ્ય થયા પછી, પહેલો ગવર્નર જનરલ લૉર્ડ હેસ્ટિંગ્સ નિમાયો હતો. તેના વખતમાં બંગાળાની સ્થિતિ ઘણી વિલક્ષણ હતી. બંગાળાનો નવાબ વાર્ષિક પેન્શન ખાઈને સ્વસ્થ બેઠો હતો. લશ્કર અને નાણું અંગ્રેજોએ પોતાના કબજામાં લીધાં હતાં અને અગાઉની જાગીરદારી પદ્ધતિનો બિલકુલ નાશ થઈ ગયો હતો. બંગાળાના જમીનદારોને અંગ્રેજો પોતાનું મહેસૂલ ઉઘરાવી આપનાર અમલદાર જેવા ગણતા. અંગ્રેજોએ ચલાવેલી આ નવી રાજનીતિને લીધે ઘણા જમીનદારો નાખુશ થયા; ઘણા લોકોએ તો અંગ્રેજોની તાબેદારી સ્વીકારવાની ના કહી અને ઘણાઓએ ખુલ્લી રીતે બંડ મચાવ્યું; પણ અંગ્રેજોના તોપખાના આગળ કોઈ ટકી શક્યું નહિ. ઠેકાણે ઠેકાણે તેમનો પરાજય થયો અને તેમને તેમના કિલ્લાઓમાંથી હાંકી કાઢવામાં આવ્યા. ઘણાઓની જાગીર અંગ્રેજોએ છીનવી લીધી અને ઘણાઓને કેદખાનામાં નાખ્યા. એ વખતે અંગ્રેજ અમલદારોમાં લાંચનું બજાર તેજીમાં હતું; એટલે જે લોકો કલકત્તાના અંગ્રેજ ઉપરી અમલદારોને સારી લાંચ આપી શક્યા, તેજ લોકો ફક્ત કેદખાનાના જુલમ અને ત્રાસ તથા મૃત્યુથી બચી શક્યા.

આમ આખા દેશ ઉપર આપત્તિનાં વાદળ ઘેરાયાં હતાં.

આખા પ્રાંતમાં અંધેર મચી ગયું. અધિકારથી ભ્રષ્ટ થયેલા જમીનદારો બહારવટે નીકળ્યા. તેમણે દેશને ઉજજડ કર્યો. શહેરોને લૂંટીને પાયમાલ કર્યાં. દુર્બળ નગરવાસીઓને ત્રાસ આપવામાં કચાશ રાખી નહિ. એવે સમયે ગરીબનો બેલી કોઈ નહોતું. નવાબશાહીનો તો અંતજ આવી ગયો હતો. અંગ્રેજોએ પોતાની સત્તા જમાવી હતી, પણ રાજ્યમાં સારો પ્રબંધ કર-

વાની એમને એ વખતે પરવા નહોતી. એ વખતે એમનો ઉદ્દેશ આ સુવર્ણ ભૂમિમાંથી પુષ્કળ ધન સંપાદન કરીને, સ્વદેશમાં ચાલ્યા જવાનો હતો. સદાનો શાંત અને સુખી બંગાળા પ્રાંત મોટી વિપત્તિમાં આવી પડ્યો હતો.

વીરભૂમિથી લઇને ગંગાના કિનારા સુધીના આખા પશ્ચિમ બંગાળામાં લૂંટારાઓની એક જબરજસ્ત ટોળીએ લોકોને ત્રાહ્ય ત્રાહ્ય પોકરાવી હતી. એ લોકો ધોળે દહાડે શહેરો ઉપર ધાડ પાડતા અને ધનવાનોની ધનદોલત લૂંટી લેતા. અંગ્રેજોની સત્તાને તેઓ હસી કાઢતા અને ગરીબ બિચારા નવાબો તો તેમની ગણતરીમાંજ નહોતા; પણ વિશેષ આશ્ચર્યની વાત તો એ હતી કે, એ લૂંટનારાઓની ટોળીની નાયક એક સ્ત્રી હતી. એ નાયક સ્ત્રીનું નામ શું હતું ? તે કોઇને ખબર નથી; કોઈ તેને રાણીમા કહેતા, કોઇ ગૌરીમા કહેતા અને કોઈ દેવી ચૌધરાણી કહેતા. તેની ટોળીમાંના માણસોમાંથી પણ ભાગ્યેજ કોઇએ તેને જોઇ હશે. તે કોણ છે અને ક્યાં રહે છે, તેની ખબર પણ કોઇને નહોતી. તે સૌભાગ્યવતી છે કે વિધવા, તેનો પણ કાંઇ પત્તો ન હતો; તેમજ એવી એક અબળા લૂંટારાઓના ટોળામાં શા માટે ભળી હશે, તે પણ કહી શકાતું નહોતું; પરંતુ તેનું નામ સાંભળતાંવારજ આખા પશ્ચિમ બંગાળામાં ત્રાસ ફેલાઇ જતો. સ્ત્રીઓ પોતાનાં રોતાં બાળકોને છાનાં રાખવા માટે એ અબળાનું નામ લેતી. મોટા મોટા જમીનદારો પણ તેના નામથી થરથર કંપતા.

ઉપર જણાવ્યા પ્રમાણે નવાબોને તે બંડ શમાવી દેવાનો અધિકાર રહ્યો નહોતો અને અંગ્રેજોને દ્રવ્ય સંપાદન કરવા સિવાય, બીજી કોઇ વાતની ગરજ નહોતી; એટલે દેવી ચૌધરાણી અને તેના સોબતીઓને ધાડ અને લૂંટફાટ કરવાનું ખૂબ ફાવે એમાં નવાઇજ શી ? દિવસે દિવસે તેનો પ્રભાવ વધતો ગયો. હવે તેણે પોતાની ઉપાધિ પણ બદલી નાખી. હવે એ 'રાણી ચૌધરાણી' બની. બંગાળાની રાણી તરીકે એણે પોતાનું નામ પ્રગટ કર્યું. એણે પોતાની સાથે સારા સારા લૂંટારાઓ અને ચોરોને રાખ્યા હતા; એટલુંજ નહિ પણ એક પ્રબળ સૈન્ય એકઠું કર્યું હતું. વળી બંગાળાના કેટલાક સરદારો પણ તેને શરણે આવ્યા હતા, એટલે તેને રાણીનો આડંબર કરવામાં કાંઇ

વિઘ્ન નડયું નહિ. એણે પોતાનો ઉદ્દેશ પણ સ્પષ્ટ જાહેર કર્યો. એણે જણાવ્યું કે, " મારો ઉદ્દેશ અંગ્રેજ અને મુસલમાનોને બંગાળામાંથી કાઢી મૂકીને દેશને સ્વતંત્ર બનાવવાનો છે. "

આ હકીકત સઘળે ફેલાઇ ગઇ, પણ હજુ સુધી તેના લશ્કરમાંના માણસોમાંથી કોઇ તેનાં દર્શન કરવા નહોતું પામ્યું તથા તેનું મુખ્ય રહેઠાણ કયી જગ્યાએ છે, તેની કોઇને માહિતી નહોતી; પરંતુ બંગાળાની રાણી તરીકે તેને ઘણા લોકો માનવા લાગ્યા હતા, એ વાત તો નિર્વિવાદ છે. કેટલાક રાજાઓ અને જમીનદારો તો તેને ખંડણી પણ ભરવા લાગ્યા હતા.

ધીમે ધીમે આ સમાચાર કલકત્તા પહોંચ્યા. પ્રથમ તો અંગ્રેજ અમલદારો એ સાંભળીને પુષ્કળ હસ્યા. એક સ્ત્રીની આગેવાની નીચે લૂંટફાટ ચલાવનારી દુર્બળ બંગાળીઓની ટોળી બહાદુર અંગ્રેજોનો શો વાંકો વાળ કરી શકવાની હતી ? જ્યારે એ લૂંટારાની ટોળીએ કરેલા જુલમની ખબર વૉર્ન હેસ્ટિંગ્સને પહોંચાડવામાં આવી, ત્યારે તેણે પણ કહ્યું કે, " એક લૂંટારી સ્ત્રીની પૂંઠ લેવા કરતાં બીજાં ઘણાં ઉપયોગી કામો ઉપર મારે ધ્યાન આપવાનું છે. "

આ પ્રમાણે કોઇનો પણ અંકુશ નહિ રહેવાથી, દેવી ચૌધરાણી અધિક પ્રબળ થતી ગઇ. તેણે મોટા યુદ્ધની તૈયારી કરી. અત્યાર સુધી તેની ટોળીના લોકો અમુક હદની અંદરજ લૂંટફાટ કરતા હતા; પણ હવે તો તેણે હુકમ કાઢયો કે, " અંગ્રેજોનો ખજાનો લૂંટવો તથા તેમને ઘર બહાર કાઢી મૂકવા." ઉપરાઉપરી જિલ્લાઓની તિજોરીઓ લૂંટાવા લાગી. એક પછી એક અંગ્રેજ અમલદારો આ બંડની ખબર કહેવા કલકત્તે જવા માંડયા. એક દિવસે એ લૂંટારાઓએ ઠેઠ કલકત્તા પહોંચીને ત્યાંના શેઠનું ઘર લૂંટયું. અંગ્રેજ સિપાઇઓ તેનો બચાવ કરવા દોડી આવ્યા, પણ તેઓ તેના ઘર આગળ આવી પહોંચે, તે પહેલાં તો રાણી ચૌધરાણી પોતાનાં માણસો સાથે અદશ્ય થઇ ગઈ.

હવે ગવર્નર જનરલ સાહેબ વૉર્ન હેસ્ટિંગ્સને ખાતરી થઇ કે, આ લૂંટારી સ્ત્રીના બંડને શમાવવાનું કામ, ચૈતસિંહનો ખજાનો લૂંટવા કરતાં કે નંદકુમારને ફાંસી દેવા કરતાં કાંઇ ઓછું અગત્યનું નથી. આખા બંગાળામાં તેનો ત્રાસ વ્યાપી ગયેલો હોવાથી, અંગ્રેજ લોકો ડરી ગયા. એ લોકો કહેવા

લાગ્યા કે, " આ લૂંટારુ ટોળીને દબાવી દેવામાં નહિ આવે, તો બંગાળાના લોકો ઘણા સમયથી પહેરેલી પરતંત્રતાની બેડી તોડી નાખશે." એ લોકો તો એમજ માનતા હતા કે દેવી ચૌધરાણી એ તો કલ્પિત નામ છે. બળવાખોર લોકોએ પોતાનું નામ છુપાવવા માટે તથા અમને શરમાવવા માટે, એક અબળાનું જૂઠું નામ પોતાના સરદાર તરીકે બહાર પાડયું છે. હિંદુસ્તાનના ધાર્મિક લોકોમાં દેવીના નામથી શ્રદ્ધા ઉત્પન્ન કરવાને માટે, તેમણે સ્ત્રીનું નામ આગળ આણ્યું છે. આવી આવી કલ્પના હોવા છતાં પણ, આ ત્રાસદાયક લૂંટારાઓના દળને વગર વિલંબે શમાવી દેવાને માટે, એક મોટું સૈન્ય તૈયાર કરવાની તેમણે ગવર્નર જનરલને આગ્રહપૂર્વક વિનતિ કરી.

તરતજ બળવાખોર લોકો ઉપર એક લશ્કર મોકલવામાં આવ્યું. એની પ્રત્યેક વિગતનું વર્ણન કરવાની કાંઇ જરૂર નથી. અંગ્રેજોના વિશાળ સૈન્ય આગળ લૂંટારાઓ કેટલી વાર ટકી શકે? ઠેકાણે ઠેકાણે તેમનો પરાજય થયો. તેઓ ત્યાંથી પાછા હઠ્યા અને અંગ્રેજો તેમને પાછળજ હાંકતા ગયા. તેઓ જે જે જંગલોમાં અને કિલ્લાઓમાં નાઠા, ત્યાં ત્યાં અંગ્રેજોએ તેમની પૂંઠ પકડી. આખરે દેવી ચૌધરાણીએ જોયું કે, આમ નાસાનાસ કર્યે કામ નહિ ચાલે. હવે તો ખુલ્લંખુલ્લા બન્ને પક્ષ વચ્ચે યુદ્ધ થયું. લૂંટારાઓ રાક્ષસોની પેઠે લડ્યા. આ લડાઈમાં અંગ્રેજોને ખબર પડી કે, તેમને કોઇ બહાદુર સૈન્ય સાથે કામ પડયું છે. એક તસુ આગળ વધતાં અંગ્રેજોને ત્રાહ્ય પોકારવી પડતી; પણ સાધનવાળું અંગ્રેજી લશ્કર કયાં અને એક લૂંટારી સ્ત્રીની ટોળી કયાં? લૂંટારાઓ વીરતાથી લડ્યા અને તેમનામાંના ઘણા વીરતાથી રણભૂમિમાં મૃત્યુવશ થયા. ઘણું નુકસાન વેઠ્યા પછી, અંગ્રેજો તેમને જીતી શકયા પણ જીવતા રહેલા લૂંટારાઓએ નાસી જઇને એક કિલ્લામાં આશ્રય લીધો.

અંગ્રેજોએ તેમનો પીછો છોડ્યો નહિ. તેઓ એ કિલ્લા તરફ ધસ્યા, પણ રસ્તામાંજ લૂંટારાઓએ તેમના ઉપર ગોળીઓ અને તીરનો વરસાદ વરસાવ્યો. વળી એટલામાં એક બીજી તરફથી લૂંટારાની એક ટોળીએ આવીને અંગ્રેજી સૈન્ય ઉપર એક હલ્લો કર્યો. લગભગ ત્રણ કલાક સુધી યુદ્ધ ચાલ્યું અને અંગ્રેજો ભૂમિશાયી થવા લાગ્યા. કિલ્લા ઉપરથી તેઓ એક તોપ

ફોડતા અને હજારો અંગ્રેજોના પ્રાણ જતા. અંગ્રેજ સેનાપતિએ તોપ બંધ કરવાનો નિશ્ચય કર્યો. તેણે સ્વયંસેવકોને બોલાવ્યા અને તેમની મદદથી તોપનું મોં બંધ કરવા તે આગળ ધસ્યો. તોપ આગળ ભયંકર યુદ્ધ થયું. લૂંટારાઓ તોપની આસપાસ આવીને ઊભા રહ્યા અને તેમનામાંનો પ્રત્યેક બંદૂકથી માર્યો ગયો ત્યાંસુધી તેમણે એ તોપનું રક્ષણ કર્યું; પણ હજુ લૂંટારાઓમાંથી એક મનુષ્ય જીવતો હતો. અંગ્રેજોના સૈન્યમાંથી એક રજપૂત સિપાઈ તલવાર ઉગામી એની તરફ ધસ્યો. બળવાખોર વીર વ્યક્તિએ ઘણી સફાઇથી તેનો ઘા ચુકાવી દીધો. બન્ને જણા તલવારથી ખેલવા લાગ્યા અને જ્યારે બન્ને જણા થાકી ગયા, ત્યારે પાછળથી એક અંગ્રેજ સિપાઇએ આવીને એ લૂંટારાના શરીરમાં સંગીન ખોસી દઇને તેનો પ્રાણ લીધો.

વાચક! તમે અનુમાન કરી શકો છો કે, આટલી બહાદુરીથી, જાનના જોખમે તોપનું સંરક્ષણ કરનાર કોણ હતો? પાછળથી અંગ્રેજોને ખબર પડી કે, એ વીર પુરુષ નહિ, પણ સ્ત્રી હતી. લોકોનું કહેવું છે કે, એજ દેવી ચૌધરાણી હતી. કેટલાકનું એવું કહેવું છે કે, એ દેવી ચૌધરાણી નહોતી. દેવી ચૌધરાણી શત્રુઓને હાથે મરણ પામી નહોતી, પણ યોગબળ વડે અંતરિક્ષમાં અંતર્ધાન થઇ ગઇ હતી. અસ્તુ! એ વાત તો નિર્વિવાદ છે કે, એ વીર રમણીએ અંગ્રેજોને ઘણા હંફાવ્યા હતા અને તેનું નામ હજુ સુધી આખા બંગાળ પ્રાંતમાં પૂજાય છે.

પ્રસિદ્ધ નવલકથાકાર બંકિમચંદ્રે આ વીરનારીના ચરિત્રને આધારે એક સુંદર નવલકથા લખી છે.



૭૦-रत्नकुंवरी बीबी

આ વિદુષી કુલાંગના મુર્શિદાબાદના જગતશેઠના કુટુંબમાં ઉત્પન્ન થઇ હતી. તેની કવિતા ઘણી રુચિકર અને રસવાળી છે. તેણે 'પ્રેમરત્ન' નામનો એક ગ્રંથ સંવત ૧૮૪૪ માં બનાવ્યો હતો. ભગવદ્ભક્તોમાં એ ગ્રંથનો બહુ પ્રચાર છે, કારણકે એમાં શ્રીકૃષ્ણની લીલાઓનો ઉલ્લેખ પરમ પ્રેમપૂર્વક કરવામાં આવ્યો છે. હિંદી સરકારના કેળવણી ખાતાના મોટા અમલદાર અને હિંદી ભાષાના સુવિખ્યાત ગ્રંથકાર રાજા શિવપ્રસાદ સિતારે-હિંદ રત્નકુંવરીના પૌત્ર હતા. એમણે પ્રેમરત્ન ગ્રંથની પ્રસ્તાવનામાં પોતાની દાદીના ગુણોનું વર્ણન નીચે પ્રમાણે કર્યું છેઃ-

"એ સંસ્કૃતમાં ઘણી પંડિત હતી. છએ શાસ્ત્રની વેત્તા હતી. ફારસી ભાષા પણ જાણતી હતી. મોલાના રૂમની મસ્નવી અને દીવાન શમ્સતબ્રેજ જ્યારે મારા પિતા વાંચી સંભળાવતા, ત્યારે એ તેનો આશય સંપૂર્ણ રીતે સમજી જતી. ગાવાબજાવવામાં એ અત્યંત નિપુણ હતી અને યુનાની તથા આયુર્વેદિક બંને પ્રકારની ચિકિત્સા એ જાણતી હતી. યોગાભ્યાસમાં પરિપકવ હતી તથા એનાં યમનિયમ અને વ્રત ઋષિઓના જેવાં હતાં. સિત્તેર વર્ષની અવસ્થામાં પણ તેના વાળ કાળા હતા અને આંખોની જ્યોતિ બાળકોના જેવી તેજ હતી. એ અમારી દાદી હતી, એટલે એની વધારે પ્રશંસા લખતાં અમને સંકોચ થાય છે; પણ એમને ઓળખનારા જે સાધુસંત અને પંડિતો હજુ સુધી કાશીમાં વિદ્યમાન છે, તેઓ એના ગુણોનું હજુ પણ સ્મરણ કરે છે."

૭૧-સુંદરકુંવરીબાઈ

આ સન્નારી રૂપનગર તથા કૃષ્ણગઢના રાઠોડવંશી રાજા રાજસિંહની પુત્રી હતી. તેનો જન્મ મહારાણી બાંકાવતજીને પેટે દિલ્હીમાં વિ૦ સં૦ ૧૭૯૧ માં કાર્તિક સુદિ ૯ ને દિવસે થયો હતો. રાજકન્યા સુંદરકુંવરીની તરુણાવસ્થામાં કૃષ્ણગઢની રાજ્યગાદી માટે કુટુંબમાં ઘણા લાંબા સમય સુધી વિદ્રોહ ચાલતો રહ્યો, જેને લીધે ૩૧ વર્ષની યુવાન અવસ્થા સુધી તેને કુંવારી રહેવું પડયું. આખરે મહારાજા સરદારસિંહજીના સમયમાં તેનું લગ્ન રાઘોગઢના ખીચી મહારાજા બળભદ્રસિંહના કુંવર બલવંતસિંહ સાથે સં૦ ૧૮૨૨ ના વૈશાખ સુદિ ૧૪ ને દિને થઇ ગયું. સુંદરકુંવરી પતિની સાથે રાઘોગઢ ગઇ, તો ત્યાં પણ તે નિશ્ચિંત ન રહી. એ સમયમાં ગ્વાલિયરના સિંધિયા અને ઈંદોરના હોલ્કર આસપાસના રાજાઓને ઘણું સતાવતા હતા. તેમણે અનેક વાર રાઘોગઢ ઉપર ચડાઇ કરી, ત્યાંના રાજા પાસેથી ખંડણી વસૂલ કરી તથા એકાદ વખત સિંધિયાએ રાઘોગઢને ખાલસા પણ કર્યું; જે આખરે અંગ્રેજ સરકારના હુકમથી મહારાજા દોલતરાવ સિંધિયાએ રાઘોગઢના રાજાને પાછું આપ્યું.

રાઘોગઢના ઉપર આવી પડેલી આ આપત્તિના સમયમાં સુંદરકુંવરી ક્યાં રહી હતી તે જણાયું નથી, પણ સંભવ છે કે એ રૂપનગઢ, કૃષ્ણગઢ કે સલેમાબાદમાં રહી હશે. સુંદરબાઇ નિંબાર્ક સંપ્રદાય પાળતી હતી અને તેના ગુરુ વૃંદાવનદાસજી સલેમાબાદ(રૂપનગઢથી ૭ ગાઉ દૂર)માં રહેતા હતા.

સુંદરકુંવરીબાઇનું મૃત્યુ ક્યાં અને ક્યારે થયું, તેનો પણ ઠીક નિર્ણય થયો નથી; પરંતુ તેના અંતિમ ગ્રંથની રચના સંવત ૧૮૫૩ ની સાલમાં થઇ હતી. એ વખતે એની અવસ્થા

૯૩ વર્ષની હતી; એટલે એ મહારાજા પ્રતાપસિંહના સમયમાં અમરધામમાં સિધાવી હોય એમ મનાય છે. સુંદરકુંવરીને કોઇ ઔરસ પુત્ર થયો ન હતો. રાઘોગઢનો રાજા જયસિંહ ખીચી તેનો ઓરમાન છોકરો હતો.

સુંદરકુંવરીબાઈ એક સારી સ્ત્રી કવિ હતી. કવિતા રચવાનો ગુણ તેને વંશપરંપરાથી પ્રાપ્ત થયો હતો. તેના કુટુંબમાં ઘણા રાજાઓ કવિતારસિક અને કવિઓના આશ્રયદાતા તરીકે પ્રસિદ્ધ થયા છે. તેના પિતા રાજસિંહ, દાદા માનસિંહ, રૂપનગઢ વસાવનાર વડદાદા રૂપસિંહજી,) એ બધા ઘણી સારી કવિતા લખતા. સુંદરકુંવરીના ભાઈ નાગરીદાસજી અને બહાદુરસિંહજી તથા ભત્રીજા બિડદસિંહજી પણ કવિ હતા. સુંદરકુંવરીની માતા વ્રજદાસી રાણી બાંકાવતજી પણ ઘણી સારી સ્ત્રી કવિ હતી. તેમનો વૃત્તાંત અમે આગળ જણાવી ગયા છીએ. તેમણે રચેલું વ્રજદાસી ભાગવત આજદિન સુધી ભગવદ્ભકતોમાં ઘણા પ્રેમથી વંચાય છે. વળી સુંદરકુંવરીની ભત્રીજી છત્રકુંવરીબાઇ પણ પદ-યોજનામાં કુશળ હતી. એ રાજકુટુંબની રાણીઓ અને કન્યાઓ તો સારી કવિ હતીજ, પણ તેમની દાસીઓ પણ કવિતા રચતી હતી. નાગરીદાસજીની ખવાસણ રંગીચંગી પણ રસિકબિહારી નામથી ઘણાં રસીલાં પદ અને ભજનો બનાવતી હતી; તો પછી સુંદરકુંવરી કાવ્યકળાથી શૂન્ય રહે, એ સંભવેજ કેમ? સુંદરકુંવરીએ તો ભક્તિમયી લલિત કવિતા બનાવવામાં એ કુટુંબની સર્વ સ્ત્રીઓ કરતાં વિશેષ નિપુણતા મેળવી હતી.

તેના રચેલા અગિયાર ગ્રંથોનો એક મોટો સંગ્રહ કૃષ્ણગઢના મહારાજા પ્રતાપસિંહની રાજકુમારીની પાસે હતો. જ્યારે એ રાજકુમારીનું લગ્ન બુંદીના રાવ રાજા વિષ્ણુસિંહજી સાથે થયું, ત્યારે એ પુસ્તકનો સંગ્રહ પણ તેની સાથે બુંદી ગયો. એ સંગ્રહ એમણે પોતાના પુત્ર રાજા રામસિંહને આપ્યો. રાજા રામસિંહજીએ એ અમૂલ્ય સંગ્રહ પોતાની મહારાણી પડિહારજીને બક્ષિસ આપ્યો. ત્યાર પછી એ સંગ્રહ બુંદીના વર્તમાન મહારાજા શ્રીરઘુવીરસિંહજી બહાદુરનાં માજી સાહેબને પ્રાપ્ત થયો. તેમણે 'વસુંધરારત્ન' ચંદ્રકળાબાઇની પ્રાર્થનાથી એ ગ્રંથ છપાવીને વગર મૂલ્યે વહેંચ્યો છે.

સુંદરકુંવરીના ગ્રંથોમાં કૃષ્ણલીલા અને ભક્તિનું વર્ણન નિંબાર્ક

સંપ્રદાયના મત પ્રમાણે ઘણા પ્રેમપૂર્વક કરવામાં આવ્યું છે. તેણે રચેલા ગૂઢ વિષયના ગ્રંથોની યાદી નીચે મુજબ છે:—

(૧) નેહનિધિ, સં. ૧૮૧૭ માં ભાદરવા સુદિ ૧૩ ને રવિવારે રૂપનગઢમાં રચ્યો. (૨) વૃંદાવનગોપીમાહાત્મ્ય, સં. ૧૮૨૩, શાકે ૧૬૮૬, વૈશાખ સુદિ ૧૩ ને ગુરુવાર. (૩) સંકેત સુગલ, સં. ૧૮૩૦, શાકે ૧૬૯૫, મહા વદી ૮, ભોમવાર, કૃષ્ણગઢમાં. (૪) રસપુંજ, સં. ૧૮૩૪, શાકે ૧૬૯૯, ફાગણ વદ ૫, ચંદ્રવાર, રાઘોગઢમાં. (૫) પ્રેમસંપુટ, સં. ૧૮૪૫, શાકે ૧૭૧૦, વૈશાખ સુદિ ૧૫, ભોમવાર. (૬) સારસંગ્રહ, સં. ૧૮૪૫, શાકે ૧૭૧૦, કાર્તિક સુદિ ૯, ચંદ્રવાર. (૭) રંગઝર, સં. ૧૮૪૫, શાકે ૧૭૧૦ માગશર સુદિ ૧૦, ચંદ્રવાર. (૮) ગોપીમાહાત્મ્ય, સં. ૧૮૪૬, શાકે ૧૭૧૧, માઘ વદ ૧૧, બુધવાર. (૯) ભાવનાપ્રકાશ, સં. ૧૮૪૯, શાકે ૧૭૧૪, માઘ સુદિ ૫, બુધવાર. (૧૦) રામરહસ્ય, સં. ૧૮૫૩, શાકે ૧૭૧૮, કાર્તિક સુદી ૯, ગુરૂવાર. (૧૧) પદ તથા પરચુરણ કવિત.

૭૨–મમોલા બીબી

એ ભોપાળના રાજા નવાબ ફૈઝ મહમદખાંની સાવકી મા હતી. નવાબની બાલ્યાવસ્થામાં રાજ્યનો બધો પ્રબંધ તેણેજ કર્યો હતો અને તેના પ્રબંધને લીધેજ ભોપાળનું રાજ્ય મરાઠાઓના હાથમાં જતું બચ્યું હતું. મમોલા બીબી મરાઠાઓનો સ્વભાવ સારી પેઠે જાણતી હતી. એ જાણતી હતી કે, એ લોકો જરૂર ભોપાળને સર કરી લેશે. એમની સાથે લડાઈ કરવામાં રાજ્ય ખોવા સિવાય બીજો કાંઇ સાર કાઢવાનાં નથી, એવું સમજીને એ દૂરઅંદેશ બાઇએ તેમને સાત પરગણાં આપીને બાકીનું રાજ્ય બચાવી લીધું. એ ઘણી ઉદાર અને ન્યાયી હતી. નવાબ ફૈઝ મહમદ પછી નવાબ હયાતમહમદના સમયમાં તેનીજ સલાહથી કામ થતું હતું; તે એટલે સુધી કે, વજીરની નિમણુંક સુદ્ધાં તેનાજ હુકમથી થતી હતી. તેણે ભોપાળમાં એક આલિશાન મસ્જિદ બંધાવી હતી. તે ૮૦ વર્ષની વયે ઇ૦ સ૦ ૧૭૯૪ માં મરણ પામી.

૭૩–દિવાળીબાઈ

ગુજરાતની આ સ્ત્રીકવિ ડભોઇના એક બ્રાહ્મણની કન્યા હતી. સંવત ૧૮૪૭માં જ્યારે સુડતાળો કાળ પડ્યો, ત્યારે દિવાળીના બાપથી પોતાનું તથા દીકરીનું પોષણ થઇ શક્યું નહિ; તેથી એક વૃદ્ધ સાધુને તે છોકરી સોંપી તીર્થયાત્રા નિમિત્તે કંઇ જતો રહ્યો. વૃદ્ધ સાધુ રામભક્ત હતો, તેથી તેણે દિવાળીને વાંચતાંલખતાં શીખવીને રામભક્તિ ઉપર દૃઢતા કરાવી. તે સાધુને તુલસીકૃત રામાયણ સારૂં આવડતું હતું; તેથી તે પણ દિવાળીને ભણાવ્યું. દિવાળીબાઈ તુલસીકૃત રામાયણ વાંચતી અને રામભક્તિમાં નિમગ્ન રહેતી. સાધુની સાથે બેત્રણ વાર અયોધ્યાજી પણ જઇ આવી હતી. એ બાઇ સ્વભાવે સાલસ અને ગરીબ હતી અને ડભોઇથી ગોરવા ગામ જઇને વસી હતી અને ત્યાંથી વડોદરે આવી રહી હતી. ત્યાં કોઇ શ્રદ્ધાળુ ભક્તે તેને રામમંદિર બંધાવી આપ્યું હતું. ત્યાં રહેતાં પણ અનેક ઉપાધિઓ થતાં, તે સાધુઓ સાથે અયોધ્યા જતી રહી અને ત્યાંજ મરણ પામી હશે. એના જન્મમરણની સાલ મળી નથી. તેને વૈધવ્ય પ્રાપ્ત થયેલું, એવું તેનાં કાવ્યોમાં તેણે લખ્યું છે. સાધુ પાસે રહ્યા પછી પરણી હોય એવું માલૂમ પડતું નથી; તેથી છેક બાળપણમાં વૈધવ્યદશા પામી હોય, એમ અનુમાન થાય છે. તેણે રામાયણ સંબંધીજ કવિતા રચી છે. રામજન્મ, રામબાળલીલા, રામવિવાહ અને રામરાજ્યાભિષેક, એ ચાર પ્રસંગો માટે તેણે ગરબીઓ તથા ધોળ લખ્યાં છે. લગભગ પાંચસો ગરબીઓ અને ધોળ તેણે રચેલાં છે. તુલસીકૃત રામાયણના શ્રવણ તથા અભ્યાસપરથી એણે રામચરિત્ર વર્ણવ્યું છે; પરંતુ એની કવિતામાં શુદ્ધ ગુજરાતી ભાષા છે. કોઇ પણ શબ્દ હિંદી કે વાક્યરચના હિંદી નથી. એની કવિતા ઘણીજ સરળ હોઇ, સર્વ કોઇ સમજી શકે એવી છે. માત્ર રામના ગુણ ગાવા, એ તેની

કવિતાનો મુખ્ય હેતુ છે. તેનું જ્ઞાન પણ પરિમિત જણાય છે. રામનામ ગાવાની મનની ઊર્મિના પરિણામે તેણે કવિત્વશક્તિનો ઉપયોગ કર્યો છે. તેમાં ઉછળતો મનોવેગ નથી; પરંતુ કલ્પનાશક્તિ ઘણી છે. રામાયણની ટૂંકી હકીકતોને સ્વકલ્પનાથી તેણે વિસ્તારપૂર્વક વર્ણવી છે. એ કલ્પનાશક્તિ પણ સામાન્ય પંક્તિની છે, પરંતુ સર્વત્ર છે.

રામના ગુણ ગાવાથી રામભક્તો તર્યા છે અને દિવાળીને પણ રામચંદ્રે સહાયતા કરી છે, એમ ઠામઠામ એ લખે છે. રામને નીતિ વહાલી છે.

"એને જોઇએ નીતિવાન, સંતો રામના રે;
એને જોઇએ નહિ નાત કે જાત, સંતો રામના રે.
એને જોઇએ નહિ ફૂલ કે પાન, સંતો રામના રે;
એને જોઇએ નહિ દખણા દાન, સંતો રામના રે;
એને જોઇએ એક ભજન, સંતો રામના રે."

આવાં વાક્યો એનો રામ પરનો ભક્તિભાવ દર્શાવે છે. ઊંચ-નીચ, વિધવા-સધવા, સૌ એને સરખાં છે; એને ધનનું કામ નથી; એવાં વચન અનેક ઠેકાણે છે. ઇશ્વરના ખરા ભકતો તુલસીદાસ સરખા અથવા પછી તેને કૃષ્ણરૂપે પૂજનાર નરસિંહ મહેતા સરખા અથવા રામરૂપે ભજનાર ઇશ્વરને આ સકળ જગતનો ત્રાતા માનનાર સર્વ ભકતોની જેવી વૃત્તિ થાય છે, તેવીજ વૃત્તિ આ દિવાળીબાઈની છે. ઇશ્વરને સકળ પ્રજા સરખી છે, તે માત્ર ભકિતનો ભૂખ્યો છે, એને બીજું કાંઈ જોઇતું નથી, તે ભક્તને પાર ઉતારનાર છે, એવી ભાવના શુદ્ધ ભક્તિમાનના હૃદયમાં સહેજે ઉત્પન્ન થાય છે. એવા ભક્ત રામના કે કૃષ્ણના ભક્ત નહિ, પણ તેની પાર જનાર સાક્ષાત્ ઇશ્વરના ગુણને સમજનારા થઇ ગયા છે અને તેમનાં જીવન ધન્ય થયાં છે, એ સર્વને જાણીતી વાત છે. સામાન્ય સમુદાયમાં પ્રચલિત કૃષ્ણભક્તિથી આ ઊંચા પ્રકારની ભક્તિ છે, એ નિઃસંદેહ છે. ઈશ્વર પરની એની શ્રદ્ધા અપ્રતિમ છે. તે કહે છે કેઃ—

"મટે ભવોભવનાં દુઃખ, રામજી કહીએ રે;
આજ તમ પામ્યાં સુખ, રામજી કહીએ રે;
થઈ વિધવા પામ્યાં ભજન, રામજી કહીએ રે;

એવાં વિધવા જુગોજુગ, રામજી કહીએ રે;
દિવાળી કરીએ તમારૂં ભજન, રામજી કહીએ રે."

વૈધવ્યમાં રામનામ ગાવાની અનુકૂળતા મળી ગઇ, માટે એવું વિધવાપણું જન્મોજન્મ આવે તો ફિકર નહિ, એ સ્થિતિમાં રામનું ભજન ગવાશે, એથી મોટું સુખ શું ? એમ માનનારને પ્રાપ્ત સ્થિતિનો સંતોષ કેટલો હોવો જોઇએ ? નરસિંહ મહેતાના "ભલું થયું ભાગી જંજાળ, સુખે ભજીશું શ્રીગોપાળ." એ વાક્ય જેવોજ આ ઉદ્ગાર છે.

સ્ત્રીના હૃદયની લાગણી દિવાળીબાઈએ ઠામઠામ કુશળતાથી ચીતરી છે. કવિ પોતે સ્ત્રી છે, એ વાતનું વાંચનારને સ્પષ્ટતાથી ભાન છે. તેણે સરસ્વતી પાસે વિદ્યારૂપી કાપડીની યાચના કરી છે. ગુરુએ વિદ્યા-કાપડી આપી છે. "પહેરી જ્ઞાન કાપડી" એમ ઘણે ઠેકાણે લખ્યું છે. રામનો રાજ્યાભિષેક કરવાની ધારણા હતી, તેની આગલી રાતે સીતાના મુખમાં કવિએ જે ઉક્તિ મૂકી છે, તે એક સ્ત્રીનીજ કલ્પનામાં આવે. સીતા રામને કહે છેઃ-

"કાલે પેરૂં કેઇ સાડી રે, અતિ આનંદ થાય;
જુઓ કાળી ના પેરાયે, મુને લાલ ન ગમે રાય.
ત્યમ લીલી ના પેરાયે, મુને પીળી ન ગમે રાય રે;
હું તો પેરીશ ગુલાબી સ્વામી, તમને કહું છું મસ્તક નામી રે
પેરૂં દાગીના જોઇ જોઇ, દિવાળી રેવા દઉં ના કોઇ રે."

તેજ પ્રમાણે રામ પણ કેવો વાઘો ને કેવી પાઘ પહેરશે, તે પૂછી તેનો જવાબ મળે છે, ત્યારે સીતા જંપે છે, એવું વર્ણવ્યું છે.

દિવાળીબાઇની કવિતા સાદી અને જીવનની શુદ્ધતાથી ભરેલી છે; એવુંજ સાદું, શુદ્ધ અને સૌમ્ય જીવન કવિનું પોતાનું પણ હતું.*

* શ્રીવિદ્યાગૌરી નીલકંઠના લેખમાંથી સાભાર ઉદ્ધૃત.

७४-राणी केतूबाई

એ બુંદીના રાવ નારાયણદાસ હાડાની રાણી હતી. રાવ નારાયણદાસ ઘણા વીર, પરાક્રમી અને બળવાન હતા. એમના વીરત્વ, બળ અને પરાક્રમની ઘણી વાતો રજપૂતાનામાં પ્રચલિત છે; પરંતુ એટલા બધા સારા ગુણોની સાથે એમનામાં એક મોટો દોષ પણ હતો. એ દોષ તે એ કે, એ મોટા અફીણી હતા. એમ કહેવાય છે કે, એ રોજ સાત પૈસાભાર અફીણ ખાતા હતા.

સંવત ૧૮૫૧ માં માંડુના પઠાણોએ ચિતોડના રાણા રાયમલ ઉપર ચડાઇ કરી. એ વખતે રાણાએ રાવ નારાયણદાસને પોતાની મદદે બોલાવ્યા. નારાયણદાસ પાંચસો હાડા વીરોને સાથે લઇને ચિતોડ ગયા. એક મજલ ગયા પછી, એક ગામની પાસે કૂવા આગળ અમલપાણી કરીને સૂઇ ગયા. મુસાફરીનો થાક હોવાથી ઊંઘ પણ સારી આવી ગઇ. તેમનું મોં ઉઘાડું હતું, તેમાં માખીઓ ભરાઇ ગઈ. એક ઘાંચણ એ વખતે પાણી ભરવા માટે ત્યાં આવી હતી; તેણે જ્યારે ચિતોડનું રક્ષણ કરવા જનાર રાવ નારાયણદાસની આ દશા જોઇ, ત્યારે તેને કટાક્ષમાં કહ્યું: “ અમારા રાણાજીને મદદને માટે આના વગર બીજું કોઇ ન મળ્યું ? એને પોતાના શરીરનું તો ભાન નથી, તો રાણાજીનું શું દળદર ફેડશે ?” અફીણીની શ્રવણશક્તિ પ્રબળ હોય છે. ઘાંચણના શબ્દો સાંભળીને, આંખો ચોળતા ચોળતા રાવજી ઊભા થયા અને તેની સામે જઇને કહ્યું: “ રાંડ, શું કહે છે ? જરા ફરીથી તો બોલ.” ઘાંચણ બીકની મારી ફરીથી ન બોલી શકી અને રાજાની પાસે ક્ષમા માગવા લાગી. એ યુવતીના હાથમાં એક લોઢાનો લઠ્ઠ હતો. એ લઠ્ઠને પોતાના હાથથી વાળી દઇને હાંસડી બનાવીને રાવજીએ ઘાંચણના ગળામાં પહેરાવીને કહ્યું:

"જ્યાંસુધી રાણાજીને મદદ કરીને હું પાછો ન આવું, ત્યાંસુધી આ પહેરી રાખજે અને જો મારા પાછા આવતાં પહેલાં કોઇ એવો બળવાન આવે કે, આ હાંસડીને સીધી કરી શકે, તો એને હાથે સીધી કરાવીને ગળામાંથી કાઢી નાખજે."

જે સમયે હાડારાવ ચિતોડ પહોંચ્યા, તે સમયે એમણે જોયું કે, ચિતોડને ચારે તરફથી શત્રુઓએ ઘેરી રાખ્યું છે. એકદમ તેમણે સિંહની માફક તેમના ઉપર હુમલો કર્યો. હાડાઓની તલવાર આગળ મુસલમાનો ટકી શક્યા નહિ. અનેક મુસલમાનો ત્યાંજ ઠાર થઇ ગયા અને અનેક અગિયારા ગણી ગયા; એટલે રાવ નારાયણદાસના વિજયનું નગારૂં જોરથી વાગવા લાગ્યું. જ્યારે રાણા રાયમલજીએ સાંભળ્યું કે, શત્રુઓ બુંદીના રાવજીના ભીષણ પરાક્રમથી ચિતોડ છોડીને નાસી ગયા છે અને રાવજી પાસે આવી પહોંચ્યા છે, ત્યારે એ પોતાના સરદારો સાથે એમનો સત્કાર કરવા ગયા અને ગઢની બહારથી એમનો સત્કાર કરીને મહેલમાં લઇ આવ્યા. ચિતોડમાં પ્રવેશ કરતી વખતે, ત્યાંની સ્ત્રીઓએ ગીત ગાઇને તેમના ઉપર પુષ્પની વૃષ્ટિ કરી તેમનું ભાવભીનું સ્વાગત કર્યું.

હાડારાવની અપ્રતિમ વીરતાનું વૃત્તાંત સાંભળીને રાજકુમારી કેતૂબાઇ તેમના ગુણો ઉપર એવી મોહિત થઇ ગઇ કે, એમની સાથે વિવાહ કરવાનો એણે દૃઢ સંકલ્પ કર્યો.

એ રાજકુમારી રાણાજીની ભત્રીજી હતી. રાણાજીએ જ્યારે એનો મનોભાવ જાણ્યો, ત્યારે ઘણી ખુશીથી તેનું લગ્ન હાડારાવ સાથે ત્યાંજ કરી દીધું.

વિવાહ થઇ ગયા પછી, હાડારાવ રાજા પોતાની નવોઢા પત્ની સાથે આનંદપૂર્વક બુંદી પાછા આવ્યા. રસ્તામાં પેલી ઘાંચણના ગળામાંની હાંસડી પણ ઉતારતા ગયા.

કેતૂબાઇની પતિભક્તિ ખરેખર અસાધારણ હતી. એક રાતે એવું બન્યું કે, રાજાજી અફીણના ઘેનમાં ને ઘેનમાં રાણીના મોંને પોતાનું મોં સમજીને ખણુતા રહ્યા. ખણુતે ખણુતે એમણે રાણીના કોમળ મુખારવિંદને લોહીલોહાણ કરી દીધું, પણ ધૈર્યવતી રાણીએ પતિને એમ કરતાં રોકવામાં એમનું અપમાન ગણ્યું, તેથી એ ચુપચાપ સૂઇ રહી. સવારે રાણીનું મોં

લોહીવાળું જોઇને તથા બધી વાત સાંભળીને, રાજાજી ઘણા શરમાઇ ગયા અને અફીણની દાબડી રાણીના હાથમાં આપીને કહ્યું: "આજથી તું જોઇતી માત્રામાંજ અફીણ આપ્યા કરજે."

એમાં પતિનું હિત સમાયેલું હોવાથી, રાણીએ એનો સહર્ષ સ્વીકાર કર્યો. રાણી રોજ વખતસર સ્વામીને અફીણ આપ્યા કરતી અને રોજ ખડીના લિસોટા જેટલું ઓછું પણ કરતી હતી.

આ પ્રમાણે નિયમસર અફીણ ખાવાનું મળતું હોવાથી, રાવ રાજાજીને અડચણ તો ઘણી પડતી હતી, પણ એ આપદા પોતાની મેળે વહોરી લીધેલી હોવાથી, વચન ઉપર દઢ રહ્યા. ચતુર રાણીએ ધીમે ધીમે અફીણની ટેવ સમૂળગી છોડાવી દીધી.

રાવ નારાયણદાસ અને કેતૂબાઇનો સંસાર ઘણા આનંદપૂર્વક ચાલવા લાગ્યો. યથાસમયે એમને ત્યાં એક પુત્રનો પણ જન્મ થયો, જેનું નામ સૂરજમલ્લ પાડયું. મોટા થયા એટલે સૂરજમલ્લ પણ બાપનાજ જેવા પરાક્રમી નીવડયા. તેમના હાથ ઢીંચણ સુધી પહોંચે એટલા લાંબા હતા. એ પણ ચિતોડમાં પરણ્યા હતા અને તેમની બહેન સૂજાબાઇ ચિતોડના રાણાને પરણી હતી. એક દિવસ સૂરજમલ્લ ચિતોડના દરબારમાં બેઠા બેઠા ઊંઘી ગયા હતા, એવામાં એક પુરબિયા સરદારે મશ્કરીની ખાતર ઘાસનું એક તણખલું એમના નાકમાં ખોસી દીધું. ટોડ સાહેબ લખે છે કે, " એ બેવકૂફ સરદાર સૂરજમલ્લને છેડવા કરતાં કોઇ સિંહને છેડત, તો વધારે સારૂં થાત." સૂરજમલ્લના નાકમાં તણખલું પેસતાંવારજ, તેમણે એ પુરબિયા ઉપર તલવારનો એવો ઘા કર્યો કે, એ તત્કાળ મૃત્યુ પામીને ગાલીચા ઉપર ઢગલો થઇને પડયો.

પુરબિયા સરદારનો છોકરો બાપનો બદલો લેવાનો લાગ શોધવા લાગ્યો. એણે ચાલાકીથી રાણાજીને એવું પણ સમજાવી દીધું કે, "સૂરજમલ્લ અહીંયાં ફક્ત બહેનને મળવા માટેજ નથી આવતા, પણ એમની બીજી કાંઇ મતલબ છે." એક દિવસ એવું બન્યું કે, રાણાજી અને સૂરજમલ્લ એક થાળીમાં ભોજન કરી રહ્યા હતા અને સૂજાબાઇ બેઠી બેઠી પંખો કરી રહી હતી. વાતવાતમાં એના મોંમાંથી એવું નીકળી ગયું કે, " આજે ભાઈ તો સિંહની માફક જમ્યા છે અને તમે તો બાળકના જેવું જમ્યા

છો." આથી રાણાને ઘણો ગુસ્સો ચઢયો, પણ પોતાનેજ ઘેર પોતાનાજ બનેવીનો વધ કરવો, એ વાજબી ન ધાર્યું. રાણાએ વિદાય થતી વખતે સૂરજમલ્લને કહ્યું: " હું વસંતઋતુમાં બુંદીમાં શિકાર ખેલવા આવીશ."

વસંત ઋતુ આવી પહોંચી; એટલે વસંતી વસ્ત્ર ધારણ કરીને રાણા પોતાના સરદારોની સાથે બુંદી પહોંચ્યા. રાણા અને રાવ મૃગયાને માટે જંગલમાં પહોંચ્યા, ત્યારે રાણાના સંકેત મુજબ પુરબિયા સરદારે રાવ સૂરજમલ્લના તરફ એક તીર ચલાવ્યું. સૂરજમલ્લે એ જોઇ લીધું અને તરતજ પોતાની કમાનથી એને બીજી તરફ ફેંકી દીધું. રાણાના ખવાસ ભાઇએ એક બીજું તીર ચલાવ્યું; તે પણ રાણાએ પાછું કાઢયું. હવે એને રાણાજી ઉપર શક ગયો. એટલામાંજ રાણા ઘોડા ઉપર બેસીને ત્યાં આવ્યા અને સૂરજમલ્લ ઉપર તલવારનો પ્રહાર કર્યો. રાવ સૂરજમલ્લ જમીન ઉપર પડી ગયા, પણ એક રૂમાલથી ઘા બાંધી દઇને ઊભા થઇને બોલ્યા: " દુષ્ટો! તમે તો નાસી જશો, પણ તમે મેવાડનું નામ કલંકિત કર્યું છે." પેલા પુરબિયાએ રાણાજીને કહ્યું કે, " ઘા પૂરો નથી લાગ્યો." એ સાંભળીને કાયર રાણા પાછા ગયા અને ઘાયલ થયેલા રાવ સૂરજમલ્લ ઉપર ફરીથી હુમલો કર્યો. રાણાએ શસ્ત્ર મારવા માટે હાથ ઉગામ્યો, તે વખતે બહાદુર સૂરજમલ્લે સિંહની માફક ક્રોધાવેશમાં આવી જઇને, એક હાથે તેમનું વસ્ત્ર ખેંચીને તેમને ઘોડા ઉપરથી નીચે પાડયા અને બીજે હાથે તેમની છાતીમાં તલવાર ખોસી દીધી. શૂરવીર રાવ પોતાના વધકર્તાને પગ નીચે મરતો જોઇને, સંતુષ્ટ થયા અને થોડાજ સમયમાં પોતે પણ સૂરલોકમાં સિધાવ્યા.

ટોડ સાહેબ લખે છે કે, " જ્યારે રાવ સૂરજમલ્લની માતા પાસે સમાચાર પહોંચ્યા કે, એનો પુત્ર શિકારમાં માર્યો ગયો, ત્યારે એણે કહ્યું: ' શું સૂરજમલ્લ ઘાયલ થયો ? અને તે પણ એકલો !! જે પુત્રે મારી છાતીમાંનું દૂધ પીધું છે, તે એકલો મરે એ કદી બનવાજોગ નથી. એ જરૂર શત્રુને પણ સાથે લઇને મર્યો હશે.' એ વાક્ય એના મોંમાંથી પૂરું નીકળ્યું પણ નહોતું, એટલામાં તેના સ્તનમાંથી માતૃસ્નેહના આવેશને લીધે, દૂધધારા એટલા જોરથી વહેવા લાગી કે, જે પથ્થર ઉપર એ દૂધ પડયું, તે પથ્થરની છાટ પણ તૂટી ગઇ."

રાણીનાં આ વચનો સાંભળીને દૂતે ખબર આપી કે, "રાવ પોતાના દુશ્મન રાણાને અપૂર્વ સાહસપૂર્વક મારીને પછી મર્યા છે." વીર માતાને આ સમાચાર સાંભળીને ઘણો સંતોષ થયો.

રાવ અને રાણાનું જ્યાં મૃત્યુ થયું હતું, ત્યાં બંને રાણીઓ સતી થવા ગઇ. પોતે વગર વિચાર્યે બોલેલા શબ્દોનું કેટલું ગંભીર પરિણામ આવ્યું, તે જોઇને રાણી સૂજાબાઇ ઘણો પશ્ચાત્તાપ કરતી અગ્નિમાં ભસ્મીભૂત થઇ ગઇ. રાણાની બહેન પણ પોતાના વીરપતિ સૂરજમલ્લની સાથે સતી થઇ ગઇ. એ બંને સતીઓની છત્રીઓ હજુ પણ એ જંગલમાં બનેલા અવિચારી અને અન્યાયી બનાવનું સ્મરણ કરાવે છે.

૭૯—सावंतवाडीनी राणी लक्ष्मीबाई

ઈ. સ૦ ૧૮૦૩ માં સાવંતવાડીનો રાજા બીજો ખેમ સાવંત મરણ પામ્યો. તેને ચાર રાણીઓ હતી. દેવીબાઇના પુત્રને ગાદી મળી. એ પુત્ર બાલ્યાવસ્થામાં હોવાથી રાજા ખેમ સાવંતની પટરાણી લક્ષ્મીબાઇ તેની સંરક્ષક અને શિક્ષક નિમાઇ. રાજ્યનો વિસ્તાર ૯૦૦ ચોરસ માઇલનો હતો અને ૧૯૦૮૧૪ માણસની વસ્તી હતી. એ નાનકડા રાજ્યનો વહીવટ લક્ષ્મીબાઇએ સારી રીતે ચલાવ્યો. એ રાણીના સમયમાં કોલ્હાપુરના રાજાએ સાવંતવાડીના રાજ્ય ઉપર ચડાઈ કરીને, કિલ્લો પોતાના કબજામાં લીધો; પરંતુ રાણી લક્ષ્મીબાઇએ વિશ્વાસરાવ ઘાટકે અને આપા દેસાઇની મદદથી તેને કાઢી મૂક્યો.

૭૬–નવાબ બેગમ (સદરૂન્નિસા)

આ રમણીનું ખરૂં નામ સદરૂન્નિસા બેગમ હતું. એ નવાબ બુરહાન-ઉલ્-મુલ્ક સાદતખાંની સૌથી મોટી પુત્રી હતી. એ ઘણીજ પતિવ્રતા, શરમાળ અને ઉદાર સ્વભાવની સ્ત્રી હતી; પરંતુ સ્ત્રીઓને ઉચિત કોમળતા સાથે તેનામાં અપૂર્વ વીરતા અને સાહસના સદ્ગુણ પણ હતા. એ સમયે નાદિરશાહના આવવાથી હિંદુસ્તાનમાં ત્રાહ્ય ત્રાહ્ય મચી રહી હતી તથા સાદતખાંના મૃત્યુથી ગામેગામમાં કલહ અને કલેશની આગ સળગી ઉઠી હતી. અમેઠી (જિલ્લા લખનૌ)ના શેખોએ બળવો મચાવ્યો અને એક લાખ ગામડિયા તેમની સાથે બળવામાં સામેલ થયા. હુસનપુર, તિલોલી અને બીજા ગામના રહેવાસીઓ તથા જગદીશપુરના મુસલમાન ધર્મમાં નવા વટલેલા અફ્ઘાનો પણ બળવાખોરોને મળી ગયા. સફ્દરજંગ કાંઇ ડરકણ મનુષ્ય નહોતો. વળી તેની પાસે મોગલોનું તોપખાનું પણ હતું; તોપણ એણે એમની સાથે યુદ્ધ કરવાનું યોગ્ય ન ધાર્યું. એણે ધાર્યું કે, "એક તો એ નીચ લોકો છે અને બીજું સંખ્યામાં ઝાઝા છે. એમને જીતવામાં કાંઇ આબરૂ વધવાની નથી અને હારીશું તો જરૂર નીચું જોવું પડશે." આવા વિચારોથી એ યુદ્ધ કરવા ગયો નહિ. નવાબ બેગમને આ વાતની ખબર પડી, ત્યારે તેણે સફ્દરજંગને હિંમત આપીને યુદ્ધ કરવાને ઉશ્કેર્યો અને શહેરની બહાર છાવણી નાખવાનો હુકમ આપ્યો. શહેરની બહાર તંબૂ તણાયા એટલે બળવાખોરો નાસી ગયા. એજ પ્રમાણે એક સ્થળે લખ્યું છે કે, "સફ્દરજંગ દિલ્હીનો વઝીર હતો, ત્યારે બાદશાહે તેને બંગશ અફ્ઘાનોને વશ કરવા સારૂ ફરૂખાબાદ મોકલ્યો હતો. સફ્દરજંગ એ અફ્ઘાનોને વશ ન કરી શક્યો અને વીલે મોંએ પાછો આવ્યો. આથી દરબારમાં તેની આબરૂ કોડીની થઇ ગઈ. નવાબ બેગમે સફ્દરજંગને સલાહ

આપી કે, "આ વખતે મરાઠાઓ પાસે મદદ માગો." તેણે એજ પ્રમાણે કર્યું, એટલે બંગશ અફઘાનો પાયમાલ થઇ ગયા. એની પાસે ધનનો સંચય પણ ઘણો હતો. લાખો રૂપિયા તેની પાસે મોજૂદ રહેતા. નવાબ સુજાઉદ્દૌલ્લા આ નવાબ બેગમનો પુત્ર થતો હતો. એ નવાબે અંગ્રેજોને વાયદો કર્યો હતો કે, "નવાબ થયા પછી હું તમને ચાળીસ લાખ રૂપિયા નજર કરીશ." પણ એ રૂપિયાની સગવડ નહિ થવાથી, નવ મહિનાથી એ નાસી ગયો હતો. આખરે દરબારના મોટા મોટા અમીરો પાસેથી એ નાણું વસૂલ કરવામાં આવ્યું; પરંતુ એમ છતાં પણ, અરધીજ રકમ વસૂલ થઇ. નવાબ બેગમને એ વાતની ખબર પડી, ત્યારે તેણે એકસામટા વીસ લાખ રૂપિયા અંગ્રેજોને આપી દીધા. સુજાઉદ્દૌલ્લાને એ વાતની ખબર પડી, ત્યારે તેણે નવાબ બેગમનો ઘણો ઉપકાર માન્યો. તેણે નવાબ બેગમનું બધું દેવું ચૂકવી આપ્યું; એટલુંજ નહિ પણ આવકમાંથી જેટલી બચત થતી, તેટલી બધી તેને આપી દેતો હતો. નવાબ બેગમ હિજરી સન.૧૨૧૦માં સ્વર્ગવાસી થઇ અને સુજાઉદ્દૌલ્લાની કબરની પાસે ગુલાબવાડીમાં દફન થઇ. એ એવી ધાર્મિક હતી કે, વર્ષમાં ત્રણ માસ રોજા રાખતી હતી–અપવાસ કરતી હતી. ફૈઝાબાદની મસ્જિદ અને મોતીબાગની પાછળનો ઇમામવાડો, એ તેમનાં બંધાવેલાં મકાન છે.

૭૭–ચંદા

આ સ્ત્રી હૈદ્રાબાદ દક્ષિણની નિવાસી હતી અને ઉર્દુ ભાષામાં કવિતા રચનાર સ્ત્રીઓમાં એ સૌથી પહેલી હતી. તેણે પોતાનાં કાવ્યોનો એક મોટો સંગ્રહ–દીવાન તૈયાર કર્યો હતો. એ સંગ્રહ લંડનના સંગ્રહસ્થાનમાં હાલ પણ મોજૂદ છે. મોગલ બાદશાહ આલમગીર બીજાના સમયમાં એ વિદ્યમાન હતી. એ એટલી બધી ધનવાન હતી કે, તેની સેવામાં પાંચસો સિપાઇઓ હાજર રહેતા. કસરત અને કુસ્તીનો તેને ઘણો શોખ હતો. ઘોડા ઉપર બેસવામાં એ એવી હોશિયાર હતી કે, સદા આસન

જમાવીને બેસતી. તીરંદાજીમાં પણ એ અતિ પ્રવીણ હતી. સન ૧૭૯૯ માં તેણે પોતાનો 'દીવાન' (કાવ્યસંગ્રહ) કોઇ અંગ્રેજને અર્પણ કર્યો હતો. એ સાહેબે એ અમૂલ્ય પુસ્તક પોતાના દેશના મોટા પુસ્તકાલયને સમર્પણ કરીને ત્યાંના જ્ઞાનભંડારમાં વૃદ્ધિ કરી હતી.

ચંદા ઘણી વખત પુરુષનો વેશ સજીને હથિયાર સાથે ઘોડેસવાર થઇને ફરવા નીકળી પડતી. એ વખતે એના અંગરક્ષક સિપાઇઓ સાથે રહેતા.

ચંદા પોતે સારી કવિતા લખી શકતી, તેવીજ રીતે સારા કવિઓની યોગ્ય કદર પણ કરી શકતી. એણે પોતાના ધનનો સદ્વ્યય પણ કર્યો હતો. તેણે એક મસ્જિદ બંધાવી હતી. એ કાર્યની પ્રશંસામાં એક કવિએ કવિતા રચીને તેને સંભળાવી. ચંદાએ પ્રસન્ન થઇને તેની ઘણી પ્રશંસા કરી તથા ઉત્તેજનરૂપે એક હજાર રૂપિયાનું ઈનામ આપ્યું.

નિઝામ—ઉલ્—મુલ્કના પુત્ર નવાબ નિઝામ અલીખાંના સમયમાં એ મરણ પામી હતી. મૃત્યુ સમયે એ પુષ્કળ દોલત મૂકી ગઇ હતી. તેના ઘરમાંથી કેટલાએ મણ સોનું, ચાંદી અને બેસુમાર કિંમતી રત્નાલંકાર નીકળ્યાં હતાં.

ઉર્દૂની આદિકવયિત્રી ચંદાનાં કાવ્યોનો સંગ્રહ ભારતવર્ષમાં નથી મળી આવતો, એ શોકની વાત છે.





૭૮–રાધાબાઈ

આ સ્ત્રીકવિ વડોદરાની દક્ષિણી બ્રાહ્મણ હતી અને કોઈ અવધૂતનાથ નામના સાધુની સાથે હમેશાં રહેતી હતી. તે તેમને પૂજ્ય ગુરુ માની તેમની સેવા કરતી અને પોતાનાં કાવ્યોમાં હમેશાં તેનું નામ લખતી. તે રાધાકૃષ્ણની અચળ ભક્તિ કરતી. તેણે અવધૂતનાથ સાથે ઉત્તરમાં તેમજ દ્વારકાની યાત્રા કરી હતી. રામનાથના મંદિરમાં તેનો વાસ હતો. તેના જીવનનો પૂર્વવૃત્તાંત જાણવામાં આવ્યો નથી. સંવત ૧૮૯૦ માં અવધૂતનાથની એ શિષ્યા થઈ; ત્યારથી એની હકીકત જણાયેલી છે. એને જોયેલી એવા ઘણા મનુષ્યો વડોદરામાં છે, એમ પ્રાચીન કાવ્યમાળાના પ્રસિદ્ધિકાર કહે છે. તેણે ગુરુ પાસે પુરાણકથાઓ સાંભળેલી. પોતે ભજન બનાવી સાજ સાથે ગાતી, ત્યારે લોકો મુગ્ધ થતા.

એ બાઈની કવિતા ગુજરાતી કહી શકાય તેવી નથી, કેમકે તેમાં હિંદી, મરાઠી અને ગુજરાતીનું એવું મિશ્રણ છે કે, તે બધી ભાષા જાણનારાજ સમજી શકે. ભાગવતના પ્રસંગો પર તેની કવિતાઓ છે. તે સિવાય ઘણાં નામાંકિત ભકતોનાં ચરિત્ર પણ કાવ્યરૂપે તેણે વર્ણવ્યાં છે. વળી પોતે યાત્રાઓ કરેલી, તે યાત્રાનાં સ્થાનને ઉદ્દેશીને પણ કાવ્યો લખ્યાં છે. એ રીતે આ પુસ્તકમાં આવેલી ગુજરાતી કવયિત્રીઓ કરતાં, એનાં કાવ્યોમાં વિષયોની વિવિધતા વધારે છે. એનું જ્ઞાન વિશાળ અને કવિત્વશક્તિ સામાન્ય કરતાં ચઢિયાતા પ્રકારની છે. દિવાળીબાઈની પેઠે એનાં કાવ્યો વર્ણનાત્મક વધારે છે. બધી ગરબીઓની ચાલ ગુજરાતીમાંની પ્રચલિત લીધી છે. એની કવિતામાં ભાષા કેવી સેળભેળ છે, તેના ઉદાહરણ તરીકે જોઈએ:—

ધન્ય ધન્ય કૃષ્ણા થોર રે, સુણો જગત જનાચા સોર રે;
દેવા કરે સેવા રાધીબાયા રે, માતા યશોદાતણે કૃષ્ણ રાયા રે;

જગમે કો હોય તેરા સાયા રે.

× × × ×

તુકારામ બડા સારા ભક્ત, થઇ ગયા બડા સશક્ત;
જાકું જાણે સઘળા જક્ત, જે વિઠુબા મેં હે રક્ત.
—વગેરે

રા. રા. કૃષ્ણલાલ ઝવેરી લખે છે કે, " એની કવિતામાં જો કે સૌમ્ય નથી, પરંતુ તેમાં જોમ અને સરળતા છે. " એનું મૃત્યુ ઇ૦સ૦ ૧૮૫૭માં થયું હોય, એમ અનુમાન થાય છે.

૭૯-મલ્લી

એ પણ દક્ષિણ દેશવાસી સ્ત્રી હતી. રાજા કૃષ્ણદેવના સમયમાં એણે સાહિત્યક્ષેત્રમાં યશ મેળવ્યો હતો. મલ્લી એક કુંભારની કન્યા હતી, છતાં પણ વિદ્યાભ્યાસ તરફ તેને અત્યંત અનુરાગ હતો. તે કવિતા રચી શકતી. તેની રચના મૌલિકતા અને પ્રતિભાપૂર્ણ હતી.

એમ કહેવાય છે કે, સ્નાન કર્યા પછી વાળ સૂકવતી વખતે એ લખવા બેસતી અને એ પ્રમાણે એણે એક રામાયણ રચ્યું છે. તેના રામાયણે એટલી બધી પ્રસિદ્ધિ મેળવી છે કે, પંડિતોએ તેને વિદ્યાલયોમાં પાઠ્ય પુસ્તક તરીકે પસંદ કર્યું છે.

૮૦–राणी गौरीलक्ष्मीबाई

રાજ્યની સારી પેઠે વ્યવસ્થા ચલાવવી, તેના જેવું કઠિન કામ બીજું કોઇ નથી. રાજ્યશાસન કરવા માટે જે કર્તવ્યનિષ્ઠા, કાર્યદક્ષતા, ધર્મ-બુદ્ધિ અને વિચારશક્તિ આદિ ગુણોની જરૂર પડે છે, તે ગુણો ઘણાં થોડાં સ્ત્રીપુરુષોમાં હોય છે. કોઇ સ્ત્રી જ્યારે રાજસિંહાસન ઉપર બિરાજમાન થાય છે, ત્યારે તેને માટે રાજ્ય ચલાવવું વધારે અઘરૂં થઇ પડે છે; કારણકે માનવ–સમાજે સ્ત્રીજાતિને અનેક પ્રકારે પરવશ અવસ્થામાં રહેવા દીધી છે. તેની ઉન્નતિના માર્ગમાં અસંખ્ય વિઘ્નો ઉત્પન્ન કર્યાં છે; પરંતુ એમ છતાંયે જ્યારે જ્યારે સ્ત્રીઓને રાજ્ય ચલાવવાનો પ્રસંગ પ્રાપ્ત થયો છે, ત્યારે ત્યારે તેમણે એ કઠિન કર્તવ્ય ઘણીજ યોગ્યતા અને કુશળતાપૂર્વક પાર ઉતાર્યું છે. પ્રાચીન ભારતમાં અનેક ભારતીય સન્નારીઓએ રાજકર્ત્રી તરીકે ઉત્તમ ખ્યાતિ મેળવી છે. વર્તમાન સમયમાં ભારતીય સ્ત્રીઓની દશા ઉન્નત સ્થિતિમાં રહી નથી. તેમની માનસિક શક્તિઓનો પૂર્ણ વિકાસ થવાનો અવકાશ તેમને આપવામાં આવ્યો નથી; છતાં એ યુગમાં પણ બે ચાર વિરલ ભારતનારીઓ રાજ્યશાસનમાં જે આશ્ચર્યકારક શક્તિનો પરિચય આપી ગઇ છે, તે જોઇને આપણા ચિત્તને આનંદ થયા વગર રહેતો નથી. એવી સન્નારીઓ હમેશાં જગતની આગળ નારીજાતિની શક્તિની ઘોષણા કરતી રહેશે.

ભારતના દક્ષિણ–પશ્ચિમ ઉપસાગરમાં મલબાર પ્રદેશ આવેલો છે. એ દેશના રહેવાસી માલિયાલી કહેવાય છે. મલબાર કાંઠા ઉપર કોચીન અને ત્રાવણકોર નામે બે દેશી રાજ્ય આવેલાં છે. ત્રાવણકોરનું દેશી રાજ્ય ઘણું મોટું અને સમૃદ્ધિશાળી છે. દક્ષિણ હિંદુસ્તાનમાં અંગ્રેજ સરકારનું ઉપરીપણું સ્થાપવામાં તથા મ્હૈસુરમાંથી મુસલમાનનું રાજ્ય કાઢી નાખવામાં એ રાજ્યે વિશેષ સહાય કરી છે.

ત્રાવણકોરના રાજ્યમાં સ્ત્રીઓ હજુ પણ ઘણી સ્વતંત્ર છે. ઉત્તર મદ્રાસના અશિક્ષિત જનસમાજનું એવું માનવું છે કે, મલબારમાં પુરુષોની સંખ્યા થોડી છે. સ્ત્રીઓજ બધું કામકાજ કરે છે. વારસામાં સ્ત્રીઓનો હક્ક મુખ્ય ગણાય છે. વિવાહમાં વરને પસંદ કરવાની તેને સ્વતંત્રતા છે. એવા એવા કેટલાક રિવાજોને લીધે, તેમની એવી ભૂલભરેલી ધારણા થઇ ગઇ છે કે, મલબારમાં બૈરીઓજ બૈરીઓ હશે. અહીંયાં મલબાર સંબંધી બેએક વાતો ટૂંકમાં કહીશું.

મલબારના હિંદુઓમાં હિંદુશાસ્ત્રસંમત વિવાહપદ્ધતિ પ્રચલિત નથી. નામ્બુંદ્રી બ્રાહ્મણોમાં સૌથી મોટો દીકરોજ લગ્ન કરી શકે છે. બીજા નાના પુત્રો શૂદ્ર જાતિની સ્ત્રીઓ સાથે પતિપત્ની તરીકે વાસ કરે છે. સ્ત્રીપુરુષ એકબીજાને પસંદ કરીને સગાંસંબંધીઓની સમક્ષ પોતાનો સંબંધ પ્રકટ કરે છે; પરંતુ એ પ્રસંગે કાંઇ શાસ્ત્રાનુસાર સંસ્કાર કરવા પડતા નથી. નાયર રમણીઓ પોતાનું ઘર છોડી દઇને પતિને ઘેર જતી નથી. સાધારણ રીતે પુરુષો પણ પોતાના પિતાને ઘેર વાસ કરે છે. પત્નીનું અડકેલું પાણી પણ સ્વામી ગ્રહણ કરતો નથી. તેને ઘેર જઇને જમવાની વાત તો દૂરજ રહી. સ્વામી પત્નીને ઘેર રાતવાસો કરવા જાય છે અને સવાર થતાં પાછો પોતાને ઘેર જાય છે. આ કારણને લીધે સંતાન સાથે તેમના પિતાનો ઘણો થોડો સંબંધ હોય છે. માતાજ તેમને ઉછેરે છે અને મોસાળમાંજ તેઓ પાલનપોષણ પામે છે. મલબારી કુટુંબોમાં સ્ત્રીનું પ્રાધાન્ય હોય છે. કોઇ પણ પુરુષના ધનનો વારસ તેનો પુત્ર નથી ગણાતો, પણ તેનો ભાણેજ ગણાય છે. એ રિવાજો મુજબ ઓગણીસમી સદીના પ્રારંભમાં ત્રાવણકોર રાજ્યના રાજા વાંચી બલરામ શર્માના ગુજરી ગયા પછી, ગૌરીલક્ષ્મીબાઇ રાજસિંહાસનની અધિકારિણી બની હતી. મહારાજા બલરામ શર્મા ઘણો અયોગ્ય રાજા હતો. તેના વખતમાં રાજ્યનો બધો કારભાર અમલદારોના હાથમાં હતો. એ બધા અમલદારોએ રાજ્યની એટલી બધી દુર્દશા કરી હતી કે, ઇસ્ટ ઇંડિયા કંપનીએ રાજાને જણાવી દીધું હતું કે, “ છ મહિનાની અંદર આ અંધાધૂંધી અને ગેરવ્યવસ્થા દૂર નહિ થાય, તો રાજ્યના સંરક્ષણને સારૂ તેનો વહીવટ અમારા હાથમાં લેવાની ફરજ પડશે.” કંપનીનો આ અભિપ્રાય જાણ્યા પછી, થોડા સમય-

માંજ મહારાજા બલરામ શર્માનુ મૃત્યુ થયું. તેમનો ભાણેજ જીવતો નહોતો, પરંતુ તેમની બહેનની બે પુત્રીઓ હયાત હતી. એમનાં નામ ગૌરીલક્ષ્મીબાઇ અને પાર્વતીબાઇ હતાં. મોટી ભાણેજ ગૌરીલક્ષ્મીબાઇને બળરામના રાજ્યની ગાદી મળી. એ વખતે એવો નિર્ણય કરવામાં આવ્યો હતો કે, ગૌરીલક્ષ્મીબાઇને પુત્રસંતાન જન્મશે, ત્યારે એ સંતાનને રાજ્યગાદીએ બેસાડીને ગૌરીલક્ષ્મી રાજકાજથી ફારેગ થશે.

ગૌરીલક્ષ્મીબાઇ અને પાર્વતીબાઇ બન્ને બહેનો વિદુષી, બુદ્ધિમતી અને શિલ્પકળામાં નિપુણ હતી. બન્ને બહેનો તેમના સદ્‌ગુણોને લીધે પ્રખ્યાત હતી. સિંહાસન ઉપર બેસતી વખતે ગૌરીલક્ષ્મીબાઇની વય વીસ વર્ષની હતી; પરંતુ એ વયમાં તેણે જેટલી ન્યાયબુદ્ધિ અને દૂરઅંદેશીપણાનો પરિચય આપ્યો હતો, તેટલી ન્યાયબુદ્ધિ અને દૂરઅંદેશીપણું ઘણાં થોડાં મનુષ્યોમાં દીઠામાં આવે છે. તેના એ બધા સદ્‌ગુણો જોઇને એ વખતનો ત્રાવણકોરનો રેસિડેન્ટ કર્નલ મેકોલે તેનો પક્ષપાતી થયો હતો. રાજ્યકુટુંબના ઘણા લોકો ગૌરીલક્ષ્મીબાઇના વિરોધી હતા; કારણકે એક સ્ત્રીના હાથમાં રાજ્ય આવે, એ તેમનાથી ખમાતું નહોતું. તેમણે તેની વિરુદ્ધમાં ઘણા દાવા માંડ્યા હતા; પણ ઇસ્ટ ઇંડિયા કંપનીએ કર્નલ મેકોલેની સલાહ માનીને રાણી ગૌરીલક્ષ્મીબાઇનો હક્ક કાયમ રાખ્યો હતો. ગાદીના અધિકાર સંબંધી બધા ટંટાઓનો નિવેડો આવી ગયા પછી, એક દિવસ શુભ મુહૂર્તમાં ઘણા ઠાઠપૂર્વક રાણી ગૌરીલક્ષ્મીબાઇના રાજ્યાભિષેકની ક્રિયા થઇ. અભિષેકને દિવસે, એક વિશાળ સુસજ્જિત મંડપમાં રાજ્યના મુખ્ય મુખ્ય અમલદારો તથા અંગ્રેજ અધિકારીઓ બિરાજ્યા હતા. કર્નલ મેકોલેએ એક સરસ છટાદાર ભાષણ કરીને, ગૌરીલક્ષ્મીબાઇના સદ્‌ગુણોની ઘણી પ્રશંસા કરી તથા તેને રાજ્યસિંહાસન ઉપર બેસવાની વિનતિ કરી; તેમજ "ધર્મવર્ધિની" અને "રાજરાજેશ્વરી" એવી બે ઉપાધિઓથી તેને વિભૂષિત કરી. એ બે ઉપાધિઓ ત્રાવણકોર રાજ્યમાં વંશપરંપરાથી ચાલી આવે છે. એમાંની પહેલી ઉપાધિનો એક ઇતિહાસ પણ છે.

ત્રાવણકોરની રાજધાનીનું નામ "ત્રિવેંદ્રમ" અથવા "અનંતશયન" છે. અનંતશયન એટલે કે, જે સ્થાને અનંત અર્થાત્ વિષ્ણુ શયન કરે છે તે. એ અનંતને ત્રાવણકોર રાજ્યમાં અનંત-

પદ્મનાભ નામથી ભજે છે. એમની "આદિશેષ" નામની મૂર્તિ મહાનાગના મસ્તક ઉપર બિરાજેલી છે. એ અનંત પદ્મનાભ ત્રાવણકોર રાજ્યના કુળદેવતા છે. ત્રાવણકોરના રાજા માર્તંડ-વર્માએ એ કુળદેવતાના ચરણમાં ઉત્સર્ગ કર્યો હતો, ત્યારથી ત્રાવણકોરના રાજાઓ પોતાને પદ્મનાભ ભગવાનના દાસાનુદાસ ગણે છે. એ દિવસથી તેમણે "ધર્મવર્ધન" ની ઉપાધિ ધારણ કરી છે. એ ઉપાધિ રાણી ગૌરીલક્ષ્મીબાઇને પણ ગાદી ઉપર બેસતાં-વારજ મળી. ઉપાધિ સાથે તેનું આખું નામ આ પ્રમાણે હતું:—"શ્રી પદ્મનાભસેવિની વાંચી ધર્મવર્ધિની, રાજરાજેશ્વરી, રાણી ગૌરીલક્ષ્મીબાઇ." સિંહાસન ઉપર બિરાજ્યા પછી રાણી ગૌરી-લક્ષ્મીબાઇએ મલિયાલી ભાષામાં મધુર સ્વરે નીચેની મતલબ-નું ભાષણ આપ્યું:—

"મારા પૂર્વજોના આ રાજ્ય ઉપર શાસન ચલાવવાને માટે મને આમંત્રણ આપવામાં આવશે, એવી કલ્પના પણ મારા મનમાં કદી ઉત્પન્ન થઈ નથી. મારા મામાજીનું વય ફક્ત ૨૯ વર્ષનું હતું. એ વયમાં ભગવાને અકાળ મૃત્યુદ્વારા તેમને આ પૃથ્વીમાંથી લઇ લીધા છે. મારા મામાજી તેમના મામાજીની માફક લાંબા સમય સુધી રાજ્ય ચલાવવા ભાગ્યશાળી નીવડ્યા નથી. એ કારણને લીધે ભગવાન પદ્મનાભની આજ્ઞા મારે મસ્તક નમાવીને સ્વીકારવી પડી છે. આપ સર્વેએ સ્મરણ રાખવું જોઇએ કે, હું કેવળ સ્ત્રી છું; એટલુંજ નહિ પણ મારી ઉંમર પણ ઘણી નાની છે. રાજ્યકારભારનાં કર્તવ્ય તથા તેની જવાબદારીઓનું મને કાંઇ જ્ઞાન નથી. એક માત્ર ઇસ્ટ ઇંડિયા કંપની સિવાય મારા એવા કોઇ બંધુ પણ નથી કે, જેમના ઉપર હું વિશ્વાસ મૂકી શકું; એટલા માટે કર્નલ મેકોલેને મારા ભાઇ તરીકે ગણીને મારા કર્તવ્યનો ભાર હું મુખ્યત્વે કરીને તેમના ખભા ઉપર મૂકીશ."

એવું કહેવાય છે કે, એ વખતે હાજર રહેલા સરદારો અને અમલદારો રાણી ગૌરીલક્ષ્મીબાઇની વાણીની મીઠાશ, સ્વભાવની નિર્ભયતા અને વિવેચનશક્તિની ગંભીરતા જોઇને મુગ્ધ થઇ ગયા હતા. રાણીનું એ પ્રથમ વ્યાખ્યાન સાંભળતાંવારજ તેમને ખાતરી થઇ ગઇ હતી કે, આ સન્નારીના સમયમાં ત્રાવણકોરના રાજ્યનો વહીવટ ઘણીજ સંતોષકારક રીતે ચાલશે તથા પાછલા જમાનાની બધી અંધાધૂંધી દૂર થઇ જશે.

કર્નલ મેકૉલે પણ એ ભાષણથી ઘણા સંતુષ્ટ થયા હતા અને રાણી ગૌરીલક્ષ્મીબાઇને રાજવહીવટમાં સર્વ પ્રકારની મદદ આપવાનું વચન આપ્યું હતું.

રાજ્યગાદી ઉપર બિરાજ્યા પછી, જરા પણ વિલંબ વગર ગૌરીલક્ષ્મીબાઇએ રાજકાર્યમાં મન પરોવી દીધું અને રાજ્યના નાનામોટા દરેક વિષયની તપાસ કરીને તેની ખરી સ્થિતિનું જ્ઞાન મેળવવા માંડ્યું. રાજ્ય તેની અધઃપતિત દશામાંથી ઉન્નત થઇને સારી સ્થિતિમાં આવે, તેટલા સારૂ તેણે ઘણા યત્નો કર્યા હતા. એ અનુભવ વગરની સ્ત્રી હતી, છતાં પણ અમલદારોની વાત ઉપર અંધશ્રદ્ધા રાખીને ચાલતી નહિ; દરેક વિષયમાં જાતે તપાસ કરીને કામ કરતી, પોતાની તપાસ ઉપરથી સ્વતંત્ર વિચાર કરીને અભિપ્રાય બાંધતી અને એ અભિપ્રાય મુજબ કાર્ય કરતી. કર્નલ મેકૉલે તેનો મુખ્ય સલાહકાર હતો; પરંતુ નવા કાયદા રચવાના કામમાં તથા જૂના કાયદા સુધારવાના કામમાં કર્નલ મેકૉલેને રાણી ગૌરીલક્ષ્મીબાઇ તરફથી ઘણી મદદ મળતી હતી. રાજ્યની ઉન્નતિને લગતા ઘણા ઉપયોગી કાયદાઓ તો રાણી ગૌરીલક્ષ્મી-બાઇના મગજમાંથી ઉત્પન્ન થયેલા હતા.

એ વખતમાં રાજ્યની અધમ અવસ્થા શા કારણથી થઇ હતી, તેનાં કારણોની તપાસ કરતાં ગૌરીલક્ષ્મીબાઇને જણાયું કે, દીવાન ઉમાનિખાબ્બિની ભૂલોને લીધેજ એ બધી અવ્યવસ્થા ઉત્પન્ન થઇ છે. તેણે તરતજ દીવાનને નોકરી ઉપરથી કાઢી મૂક્યો. જૂના વખતનો નોકર છે, એને કેમ કાઢી મુકાય એવી શંકા આણીને તેને નોકરી ઉપર રહેવા દીધો નહિ.

ત્યાર પછી કોઇ યોગ્ય દીવાન ન મળવાથી રેસિડેન્ટ મેકૉલેને-જ પોતાના કામ ઉપરાંત દીવાનનું કામ કરવા માટે તેણે આગ્રહ કર્યો. કર્નલ મેકૉલેએ રાણીનો આગ્રહ માન્ય રાખ્યો અને દીવાનનું કામ તેણે પોતાના હાથમાં લીધું. ગૌરીલક્ષ્મીબાઇએ મેકૉલેને તેમના કર્તવ્યકર્મ સંબંધી સૂચના લખી મોકલી કેઃ—

“પહેલાં તો તમે તપાસ કરજો કે, અમલદાર લોકો તેમનું કામ યોગ્ય રીતે કરે છે કે નહિ, બધા અમલદારો કાયદાઓનું પૂર્ણપણે પાલન કરે છે કે નહિ અને તેમના હાથ નીચેના નોકરો ઉપરીઓની આજ્ઞા પ્રમાણે વર્તે છે કે નહિ ? બીજું, શાસન અને

ન્યાયખાતામાં એ ખાતાઓના અમલદારો પ્રચલિત કાયદા પ્રમાણે અમલ કરી રહ્યા છે કે નહિ, તેની તપાસ કરજો. ત્રીજું એ કે, કોઇ અમલદાર કે કારકુનનો અપરાધ સાબિત થાય, તો પહેલાં તેને સાવધાન કરી દેજો અને તેમ છતાં એની ચાલચલણ સુધરે નહિ, તો એને થોડી સજા કરજો. એ વાત હમેશાં ધ્યાનમાં રાખજો કે, સજા કરવાનો ઉદ્દેશ અપરાધીને સુધારવાનો છે, અપરાધીનું અનિષ્ઠ કરવાનો નથી. ચોથું, હાલનું અને પહેલાંનું રાજ્યનું જે લહેણું બાકી છે, તે વસૂલ કરવાનો પ્રયત્ન કરવો જોઇએ.” મુખ્ય પ્રધાનને રાણીએ જે ઉત્તમ ઉપદેશો આપ્યા હતા, તે ઉપરથી સ્પષ્ટ જણાઇ આવે છે કે, રાણી ગૌરીલક્ષ્મીબાઇમાં કેટલું બધું પાણી હતું. નાની ઉંમરની સ્ત્રી હોવા છતાં પણ, કર્નલ મેકોલે જેવા અંગ્રેજ અમલદારને ઉપદેશ આપવો, એ સાધારણ હિંમતનું કામ નથી. બીજી કોઇ કાચીપોચી સ્ત્રી હોત, તો રેસિડેન્ટના હાથમાં માત્ર પૂતળું થઇને રહેત, પણ રાણી ગૌરીલક્ષ્મીબાઇ ઘણી સ્વતંત્ર પ્રકૃતિની સ્ત્રી હતી. માન અને મર્યાદા કેમ સાચવી રાખવાં એ તેને સારી પેઠે આવડતું હતું.

કર્નલ મેકોલે પણ રાણીના વિશ્વાસને પાત્ર અમલદાર હતા. તેમણે પણ રાણીની આજ્ઞા મુજબ અમલ કરવાને પોતાનાથી બનતો યત્ન કર્યો હતો. રાજ્યનો કારભાર ચલાવવા માટે અમુક નિયમો બાંધી દીધા પછી, એ નિયમો પ્રમાણે અમલ થાય છે કે નહિ, તે જોવા માટે રાણી જાતે આખા રાજ્યમાં પ્રવાસ કરતી. આગલા દીવાનની નબળાઇને લીધે, અમલદારો સ્વેચ્છાચારી થઇ ગયા હતા. વારેઘડીએ સાવધાન કર્યા છતાં પણ, તેઓ પોતાનું કામ કર્યે જતા હતા. એ બધા અમલદારોને કાઢી મૂકીને રાજ્યને સુવ્યવસ્થિત કરવાનો કર્નલ મેકોલેએ આરંભ કર્યો.

રાણી ગૌરીલક્ષ્મીબાઇનો આગલો દીવાન ઉમાનિખામ્બિ નોકરી ઉપરથી બરતરફ થયા પછી, કર્નલ મેકોલે ઉપર ઘણી દાઝ રાખવા લાગ્યો અને તેમને નુકસાન પહોંચાડવાનો યત્ન કરવા લાગ્યો. આખરે એ દુષ્ટ માણસે ગુપ્ત રીતે મેકોલેને ઝેર આપવાનો પણ યત્ન કર્યો; પરંતુ એ પ્રયત્નમાં એ સફળ થયો નહિ. ન્યાયપરાયણ રાણી ગૌરીલક્ષ્મીબાઇએ એ મુકદ્દમાની જાતે તપાસ કરી અને જૂના દીવાનને જિંદગી સુધી કેદની સજા કરી.

ત્યાર પછી રાણી ગૌરીલક્ષ્મીબાઇએ રાજ્યની આર્થિક સ્થિતિ

સુધારવા ઉપર ધ્યાન આપ્યું. એ વખતે હિસાબના કાગળપત્ર એવા ગૂંચવાડા ભરેલા અને અધૂરા હતા કે, રાજ્યની આવક, ખર્ચ અને બચતનો કાંઈ પત્તો લાગતો નહોતો. રાજ્યનું લહેણું અને દેવું કેટલું છે, તે તો દૈવને ખબર !! એ બધો હિસાબ શોધાવ્યો તો માલૂમ પડ્યું કે, ઇસ્ટ ઇંડિયા કંપનીની મુંબઇ, કોચીન અને તિન્નિવલ્લીની કોઠીઓનું રાજ્ય ઉપર ઘણું લહેણું નીકળે છે. એ લહેણું પણ નાનુંસૂનું નહોતું. એટલું મોટું દેવું કેવી રીતે ભરી દેવાશે, એ બાબતની રાણીને ઘણી મોટી ચિંતા ઊભી થઇ. બીજો કાંઈ ઉપાય નહિ સૂઝવાથી, રાણી ગૌરીલક્ષ્મીબાઇએ એક નવો ઉપાય શોધી કાઢ્યો. પદ્મનાભના મંદિરમાં તથા બીજાં કેટલાંક સંપત્તિવાન મંદિરોમાં ઘણું ધન તિજોરીઓમાં એકઠું થઇને પડ્યું રહ્યું હતું. એ ધન કશા કામમાં આવતું નહોતું અને મંદિરોનો વહીવટ પણ સારી રીતે ચાલતો ન હતો. રાણીએ પોતાના અમલદારોના હાથમાં મંદિરનો વહીવટ સોંપીને અમુક વ્યાજ ઉપર મંદિરમાંથી નાણાં કરજે લેવાની સૂચના કરી. રાણીની બુદ્ધિમત્તા જોઇને કર્નલ મેકોલે ઘણાજ ખુશ થયા. રાજ્યના મુખ્ય અમલદારો પણ એ સૂચનાની ઉપયોગિતા સમજી શકયા. બધાની સહાનુભૂતિ મળવાથી રાણી ગૌરીલક્ષ્મીબાઇએ બધાં મંદિરોના ટ્રસ્ટીઓની એક સભા બોલાવી અને સુલલિત ભાષામાં દાખલાદલીલો સહિત તેમની આગળ પોતાનો અભિપ્રાય પ્રગટ કર્યો. ટ્રસ્ટીઓના ધ્યાનમાં રાણીની વાત ઊતરી ગઇ ને તેમને ખાતરી થઇ ગઇ કે, રાણીની સૂચનાનુસાર ચાલ્યાથી રાજ્યને લાભ થશે, એટલુંજ નહિ પણ મંદિરની ઊપજમાં પણ વધારો થશે; ટ્રસ્ટીઓએ આનંદપૂર્વક રાણીની સૂચના માન્ય રાખી અને મંદિરોનો વહીવટ રાજ્યના અમલદારોના હાથમાં સોંપી દીધો. રાણીએ થોડાજ વખતમાં એક નવીન જગ્યા ઊભી કરી અને તે પદ ઉપર વ્યંકટરાવ નામના એક પુરુષને મંદિરોના સુપરિન્ટેન્ડન્ટ (દેખરેખ કરનાર) તરીકે નીમ્યો. એ અમલદાર ઘણો હોશિયાર અને પ્રમાણિક હતો. તેના પરિશ્રમથી રાજ્ય થોડા સમયમાંજ ઋણમુક્ત થયું.

ત્યાર પછી રાણીએ ન્યાયખાતા તરફ પોતાનું લક્ષ આપ્યું. રાણી જાતે સંસ્કૃત ભાષામાં પારદર્શી હતી. મનુસંહિતા, પરાશરસંહિતા વગેરે વ્યવસ્થાના ગ્રંથો તથા ઇસ્ટ ઇંડિયા કંપનીના

કાયદાઓ અને આધુનિક કાયદાનાં બીજાં પુસ્તકોના આધાર ઉપરથી, તેણે પોતાના રાજ્યને સારૂ એક નવું કાયદાનું પુસ્તક રચવાનો સંકલ્પ કર્યો; પણ પાછળથી તેને માલૂમ પડયું કે, એકલે હાથે એવું મોટું કામ પાર ઉતારવું ઘણું કઠણ છે. એ સમયે રાણી વિવાહ કરવા યોગ્ય વયની થઇ હતી. તેનું લગ્ન કરવા સારૂ પ્રયત્ન પણ થઇ રહ્યા હતા. શોધતાં શોધતાં એક ગામડા ગામમાં, કોઇ બ્રાહ્મણ રાજવંશમાં રાણી ગૌરીલક્ષ્મીને યોગ્ય વર મળી આવ્યો. એ ઘણો વિદ્વાન, સુશીલ અને સદાચારી હોવાથી રાણીએ તેને પતિ તરીકે પસંદ કર્યો. એ ન્યાયશાસ્ત્રમાં ઘણો વિદ્વાન હતો, ધર્મશાસ્ત્રમાં પણ તેને ઘણી અભિજ્ઞતા હતી; એટલે રાણીને કાયદાનું પુસ્તક રચવાની ઘણા દિવસથી જે ઇચ્છા હતી, તે ઇચ્છા પૂર્ણ થવાનો સંભવ જણાયો.

રાણી ગૌરીલક્ષ્મીબાઇ સાથે એ યુવકનાં યથાવિધિ લગ્ન થઇ ગયાં. રાજકુટુંબની સ્ત્રીઓ સાથે જે પુરુષ લગ્ન કરે, તે મલબારમાં "કયેબ ખામ્બુરાન" ની ઉપાધિ પ્રાપ્ત કરે છે. એ "કયેબ ખામ્બુરાન" (અર્થાત્ રાણીનો સ્વામી) ની સાહાય્યથી રાણીએ કાયદાનું એક પુસ્તક રચવાનું કામ આરંભ્યું અને ઘણો સખ્ત પરિશ્રમ કરીને "સત્યવર્ધક" નામનું એક પુસ્તક પ્રગટ કર્યું. ઇ૦ સ૦ ૧૮૧૨ થી ત્રાવણકોર રાજ્યમાં તેના રચેલા પુસ્તક પ્રમાણે ન્યાયખાતાનું કામ ચાલવા લાગ્યું. લોકોને ન્યાય મેળવવાની સગવડ વધે, એટલા સારૂ નવી નવી અદાલતો સ્થાપવામાં આવી. ધીમે ધીમે અંગ્રેજી, સંસ્કૃત અને મલબારી ભાષા સારી રીતે જાણતા હોય, એવા હોશિયાર લોકોને ન્યાયધીશ નીમવામાં આવ્યા. રમણ મેનન નામના એક કોચીનવાસી વિદ્વાનને રાજ્યના મુખ્ય ન્યાયાધીશપદ ઉપર નીમ્યો. રાજ્યમાં ગુલામગીરીનો રિવાજ હતો, તે રાણીએ નવો કાયદો રચીને બિલકુલ બંધ કરી દીધો. બીજા ઘણા કષ્ટદાયક વેરાઓ ઓછા કરી દીધા અને મીઠાના વેપારમાં ઘણી સગવડ કરી દીધી.

રાણી ગૌરીલક્ષ્મીબાઇ ઘણીજ ધર્મપરાયણ હતી. પદ્મનાભ દેવતા ઉપર તેની અગાધ ભક્તિ હતી. તેના પૂર્વજોએ સ્થાપેલાં દાન વગેરે ધર્મકાર્યો તેણે ચાલુ રાખ્યા હતાં. તે ઉપરાંત તેણે પોતે દાનને માટે ઘણો સારો સ્થાયી પ્રબંધ કર્યો હતો. "ધર્મવર્ધિની" ઉપાધિનું સાર્થક કરવાનો તેણે ઘણો પ્રયત્ન કર્યો હતો;

પરંતુ કર્નલ મેકૉલે પાશ્ચાત્ય મનુષ્ય હતા. બ્રહ્મભોજનમાં તથા અન્નક્ષેત્રોની સ્થાપનામાં ધન ખરચવું એ ધનનો મિથ્યા વ્યય કરવા બરોબર છે, એમ એમને લાગતું હતું. એવી બાબતમાં કોઇ તેમની આગળ ફરિયાદ કરવા આવતું, તો કર્નલ મેકૉલે તેની અરજી ઉપર ધ્યાન આપતા નહિ. રાણી ગૌરીલક્ષ્મીબાઇને કાને આ વાત પહોંચી, એટલે તેણે ઘણી દિલગીર થઇને મેકૉલેને પત્ર લખ્યો કે, “અમારા દેશના પ્રાચીન ગૌરવ અને રીતરિવાજ સંબંધી આપને કાંઇક લખી જણાવવું મારે માટે આવશ્યક છે. પ્રાચીન પુરુષોએ સ્થાપેલાં દાનાદિ અનુષ્ઠાન તેમના ધર્મવિશ્વાસને અનુસરતાં હતાં અને તે દ્વારા તેમનું આ લોકમાં અને પરલોકમાં કલ્યાણ થતું; એટલા સારૂ મારો આપને ખાસ આગ્રહ છે કે, દાન વગેરે કાર્યોને નિયમપૂર્વક ચાલુ રહેવા દેવાં જોઇએ. મારા જાણવામાં આવ્યું છે કે, રામેશ્વરના તીર્થયાત્રીઓ તરફ પૂરતું ધ્યાન આપવામાં આવતું નથી. હું આશા રાખું છું કે, બીજા વિષયોની પેઠે આ વિષયમાં પણ આપ ખાસ ધ્યાન આપશો. કાગળપત્રદ્વારાજ આપ ઘણું કામ કરી શકો એમ છે. આશા છે કે, મારી સૂચના ઉપર આપ ઘટતું ધ્યાન આપશો. હું એક સ્ત્રી છું. રાજ્યનો બધો કારભાર આપના હાથમાં મેં સોંપ્યો છે; એટલે આશા રાખું છું કે, આપ દાન વગેરે કાર્યોને યોગ્ય રીતે ચલાવીને રાજ્યનું કલ્યાણ સાધશો.”

રાણી કેટલી દૃઢતાથી રાજ્ય ચલાવતી હતી, તે આ કાગળ વાંચ્યાથી જણાઇ આવે છે. યૂરોપિયન અમલદારના કામમાં ખામી હોય, તો તે બતાવતાં રાણીને સંકોચ થતો નહિ.

ઇ૦ સ૦ ૧૮૧૩માં રાણીને એક પુત્ર જન્મ્યો. આખા રાજ્યમાં આનંદોત્સવ મચી રહ્યો. એ બાળકનું નામ રામવર્મા પાડવામાં આવ્યું. ઇ૦ સ૦ ૧૮૧૪માં શાસ્ત્રાનુસાર શુભ દિવસે રામવર્માનો ત્રાવણકોરના રાજા તરીકે અભિષેક થયો. અભિષેકને દિવસે એક દરબાર ભરવામાં આવ્યો. સુસજ્જિત રાજકુમારને ખોળામાં લઇને રાણી રાજસભામાં ઉપસ્થિત થઇ. એ વખતે સભામાં એકઠા થયેલા દરબારીઓએ તેને યથાયોગ્ય માન આપ્યા પછી રાણીએ નીચે લખેલું ભાષણ આપ્યું:—

“નામદાર ઇસ્ટ ઇંડિયા કંપની ન્યાયધર્મનું રક્ષણ કરીને દેશ ઉપર રાજ્ય ચલાવે છે, એટલા સારૂ ભગવાન પદ્મનાભ તેમની

બધી ઇચ્છાઓ પૂર્ણ કરશે. પ્રભુ પદ્મનાભની કૃપાથી મેં જે પુત્ર પ્રાપ્ત કર્યો છે, તે પુત્રને આજે ઇસ્ટ ઇંડિયા કંપનીના હસ્તમાં સમર્પણ કરૂં છું. તેનું રાજ્યોચિત રીતે પાલન અને શિક્ષણ કરવાનું કામ, હું ઇસ્ટ ઇંડિયા કંપનીને સોંપું છું."

એટલું કહીને તેણે બાળકપુત્રને કર્નલ મેકોલેના હાથમાં મૂક્યો. એટલે મેકોલેએ ઊભા થઇને જાહેર કર્યું કે, "આજથી રામવર્મા ત્રાવણકોર રાજ્યના મહારાજા થયા છે અને જ્યાંસુધી એ બાળક પુખ્ત ઉંમરના નહિ થાય, ત્યાંસુધી રાણી ગૌરીલક્ષ્મી-બાઇજ પહેલાંની માફક રાજમાતા તરીકે રાજ્ય ચલાવશે."

ત્યાર પછી કર્નલ મેકોલેએ દીવાનપદનો ત્યાગ કર્યો.

એક વર્ષ પછી રાણી ગૌરીલક્ષ્મીબાઇને એક બીજું સંતાન ઉત્પન્ન થયું; પણ એ સંતાનના જન્મ પછી તેની તબિયત બગડી ગઇ. તેનો અંતકાળ સમીપ આવી પહોંચ્યો. મૃત્યુ સમયે તેણે પોતાના સ્વામીને અને બહેન પાર્વતીબાઇને પાસે બોલાવ્યાં તથા કહ્યું કે, "હું મારા પ્રાણસમાન આ બે બાળકોને તમારા હાથ-માં મૂકી જાઉં છું. તમે પ્રતિજ્ઞા કરો કે, એ બે બાળકોને અમે પૂરતી કાળજીથી ઉછેરીશું" પાર્વતિબાઇને તેણે કહ્યું: "પાર્વતિ! તારે આ રાજ્યનો કારભાર ચલાવવો પડશે. આ બન્ને બાળકોની મા થઇને તારે રહેવું પડશે. મારે માટે શોક કરીશ નહિ."

ગૌરીલક્ષ્મીબાઇએ ચાર વર્ષ સુધી રાજ્ય કર્યું. એ અલ્પ સમયમાં પણ તેના અપૂર્વ સદ્ગુણોનો પરિચય મળી આવ્યો હતો અને તેણે પ્રજાની પ્રીતિ સંપાદન કરી હતી.

ઘણા લોકો એમ માને છે કે, સ્ત્રીઓ તો ઘરધંધા સિવાય-નાં બીજાં કામ કરીજ ન શકે, બહારનાં કામ કરવા જેટલી બુદ્ધિ અને શક્તિ તેમનામાં હોયજ નહિ; પરંતુ રાણી ગૌરીલક્ષ્મીબાઇનું ચરિત્ર એ દલીલના ખંડનરૂપે પ્રત્યક્ષ પ્રમાણ છે. જો તેમને પોતાની સ્વાભાવિક ઇશ્વરદત્ત શક્તિઓનો વિકાસ કરવાનો પ્રસંગ મળે, તો તેઓ કોઇ પણ વિષયમાં પુરુષોથી પછાત રહે એમ નથી. તેમને બુદ્ધિનો વિકાસ કરવાનો અવકાશ આપો અને પછી જુઓ કે, તેઓ કેવાં કેવાં ઉત્તમ કાર્યો કરી શકે છે.

૮૧–મધુરવાણી

તાંજોરના અધિપતિ રઘુનાથ રાજા ઘણા વિદ્યાનુરાગી હતા. અસંખ્ય પંડિતોને લઇને, એ રાજસભામાં બેસતા અને તેમની સાથે ધર્મ અને કાવ્યની ચર્ચા કરતા. પંડિતો રોજ નવાં નવાં કાવ્યો રચીને રાજાને સંભળાવતા. આ બધા પંડિતોની સાથે અનેક વિદુષીઓ પણ રાજસભામાં બિરાજીને તેમની શોભામાં વધારો કરતી હતી. એ વિદુષીઓ પણ પંડિતોની સાથે ધર્મ અને કાવ્યની ચર્ચામાં સામેલ થતી અને મહારાજને રોજ નવાં નવાં કાવ્યો સંભળાવતી. એ બધી વિદુષી રમણીઓમાંથી મધુરવાણીએ વિશેષ ખ્યાતિ મેળવી છે. બધા સભાપંડિતો કરતાં, મહારાજા એનું વધારે માન રાખતા તથા એની રચનાથી મુગ્ધ થઇ જતા.

એક દિવસ મહારાજા સેંકડો વિદુષી રમણીઓની વચમાં એ રાજસભામાં બેઠા હતા. કોઇ રમણી એમને રામાયણ સંભળાવતી હતી તો કોઇ ધર્મસંગીત સંભળાવતી હતી. એક વિદુષી, એ દિવસે મહારાજાને ઉદ્દેશીને કવિતા રચી લાવી હતી. એમાં શ્રીરામચંદ્રજીના ઉપર મહારાજની કેવી અચળ ભક્તિ છે, તેનું વર્ણન કરવામાં આવ્યું હતું. કવિતામાં જ્યાં જ્યાં રામચંદ્રજીની સ્તુતિ હતી, રામચંદ્રજીના ચરિત્રનું વ્યાખ્યાન હતું, તેટલો તેટલો અંશ સાંભળતાં રાજા તન્મય થઇ ગયા. કવિતા પૂરી થઇ રહ્યા પછી એ બોલ્યા: “મેં આટલી બધી વાર રામચરિત્ર સાંભળ્યું છે, છતાં એ સાંભળ્યાથી હું કોઇ દિવસ ધરાતો નથી. જેટલી વાર સાંભળું છું, તેટલી વાર એ નવુંજ લાગે છે અને તેટલીજ વાર પુષ્કળ આનંદ મેળવું છું. મારી સભાના પંડિતો અને વિદુષી મહિલાઓએ ઘણી વાર રામનામનું ગાન વિવિધ છંદોમાં રચીને મને સંભળાવ્યું છે, પણ તેમની રચનામાં જાણે એક જાતની ન્યૂનતા

જણાય છે. જાણે કે, એમાં કાંઇક રહી ગયું હોય એમ લાગે છે. રામચંદ્રજીનું ગુણકીર્તન પૂર્ણરૂપે થયું હોય, એમ જણાતું નથી. મારી ઇચ્છા છે કે, કોઇ એવું રામચરિત્ર લખે કે જેમાં એ અભાવ ન જણાય."

રઘુનાથે સભા બોલાવીને એ કાર્ય કોઇને સોંપવાનો વિચાર કર્યો; પણ કોઇ સ્ત્રી કે પુરુષે એ મહાભારત કામ માથે લેવાનું સાહસ કર્યું નહિ. મહારાજે ઉદાસ મને સભા બરખાસ્ત કરી.

એ રાત્રે મહારાજે સ્વપ્ન જોયું કે, સાક્ષાત્ રામચંદ્રજી તેના ઓસીકા આગળ બેસીને કહી રહ્યા છેઃ "નરપતિ! ઉદાસ ન થઇશ. સરસ્વતીસમાન મધુરવાણી તારી સભામાં છે, તેના ગાનથી હું પણ સંતુષ્ટ છું. તેનેજ તું રામાયણ રચવાનું કામ સોંપ. એજ સ્ત્રી એ કાર્યને માટે ખરેખરી લાયક છે."

બીજે દિવસે સવારે મહારાજે મધુરવાણીને સ્વપ્નની વાત કહી. મધુરવાણીએ એ સાંભળીને કહ્યું: "રાજાધિરાજ! શ્રીરામચંદ્રજીની આજ્ઞા મારે શિરોમાન્ય છે. એમનીજ સહાય છે, તો આ કાર્ય કરવામાં મારે કાંઇ વાંધો નથી. મારી બધી ત્રુટીઓને એ અંતર્યામી ક્ષમા કરશે."

મધુરવાણીનું રચેલું એ રામાયણ તાલપત્ર ઉપર, બેંગલોરમાં માલેશ્વર વેદવેદાંતમંદિરના પુસ્તકાલયમાં સાચવી રાખવામાં આવ્યું છે. એનો સંપૂર્ણ અંશ મળી આવતો નથી. જેટલો ભાગ મળી આવ્યો છે, તેટલામાં ચૌદ સર્ગ સુધી છે. એ ચૌદ સર્ગમાં નાના પ્રકારના છંદોમાં દોઢ હજાર શ્લોક છે. પ્રારંભમાં ગ્રંથકર્તા દેવતાઓ પાસે તથા તાંજોરના રાજા રઘુનાથ પાસે આશીર્વાદ માગે છે; ત્યાર પછી વાલ્મીકિ, વ્યાસ, કાલિદાસ, બાણભટ્ટ, માઘ વગેરે મહાકવિઓ માટેની પોતાની સન્માનવૃત્તિ પ્રગટ કરી છે. ત્યાર પછી સુલલિત ભાષામાં રઘુનાથ રાજાની રાજસભાનું વર્ણન છે. એ વર્ણન ઉપરથી જણાય છે કે, સેંકડો વિદુષી રમણીઓ રઘુનાથની રાજસભાને અલંકૃત કરતી હતી. અહીંયાં પ્રથમ સર્ગ સમાપ્ત થાય છે. ત્યાર પછી મૂળ રામાયણનો આરંભ થાય છે. એમાં રામાયણનું ક્રમસર વર્ણન છે,

મધુરવાણી ઘણીજ ગુણવતી સ્ત્રી હતી. એ 'ચમત્કારવીણા' નામનું વાજિંત્ર વગાડી શકતી. તેની વીણાનો આલાપ સાંભળતાં મનમાં એવો વિચાર આવતો કે, જાણે સ્વર્ગમાંથી સરસ્વતી દેવી

પધારીને વીણાનો ઝંકાર કરી રહ્યાં છે. એ તેલુગુ અને સંસ્કૃત બંને ભાષામાં વિશેષ પ્રવીણ હતી. એમ કહેવાય છે કે, શ્લોક રચવાનો તેને એટલો બધો અભ્યાસ હતો કે, બાર મિનિટમાં તે એક શ્લોક રચતી હતી. તેણે નૈષધકાવ્ય અને કુમારસંભવ પણ રચ્યાં છે. મધુરવાણી સંબંધી બીજી વધારે હકીકત મળી આવતી નથી. એ સત્તરમી શતાબ્દિમાં હયાત હતી.

૮૨-अभयार

એ દાક્ષિણાત્ય ભગવાન નામના એક બ્રાહ્મણની કન્યા હતી. એ કેટલી બધી વિદુષી હતી, તે તેના ચરિત્ર સંબંધી નીચેની કથા ઉપરથી સમજી શકાય છે. લોકો તેને દેવી સરસ્વતીની કન્યા કહેતા હતા.

અભયારનાં ભાઇબહેન બધાંએ સાહિત્યજગતમાં નામ કાઢયું હતું. તેના બધા ભાઇઓ પ્રતિભાશાળી કવિ તરીકે પ્રખ્યાત થયા હતા તથા તેની બહેનોની પણ એ વિષયમાં ઓછી ખ્યાતિ નહોતી; પરંતુ એ બધામાં શ્રેષ્ઠ સ્થાન અભયારને મળ્યું હતું. જ્યોતિષ, વિજ્ઞાન, આયુર્વેદ અને ભૂગોળમાં તેનું જ્ઞાન અસીમ હતું. તેણે ભૂગોળ સંબંધી એક ઉત્કૃષ્ટ ગ્રંથ કવિતામાં રચ્યો હતો. જ્યોતિષ અને વિજ્ઞાન સંબંધી પણ કેટલાંક પુસ્તક રચ્યાં હતાં. એ જિંદગી પર્યંત કુંવારી રહી હતી અને દેશના બધા પંડિતો તેનો યશ ગાતા હતા.

તેને ઉપાગ્ગા નામની એક ભગિની હતી. તેણે પણ “ નીલિપાટલ ” નામનો એક ગ્રંથ રચ્યો છે અને ભલ્લી અને મુગેરા નામની બીજી બે બહેનો ખંડકાવ્ય અને કવિતારચના કરીને યશસ્વી થઇ ગઇ છે.

૮૩—નાચી

દક્ષિણ દેશમાં એલેશ્વર ઉપાધ્યાય નામનો એક મહાપંડિત હતો. દર્શનશાસ્ત્ર, વિજ્ઞાન, આયુર્વેદ અને જ્યોતિષમાં તેનું જ્ઞાન અસીમ હતું. તેને નાચી નામની એક કન્યા હતી. નાચી અલ્પ વયમાં વિધવા થઇ હતી. ઉપાધ્યાય મહાશય એક શાળા કાઢીને દેશદેશાવરના વિદ્યાર્થીઓને ભણાવતા હતા. કન્યા નાચી જ્યારે વિધવા થઇ, ત્યારે તેમણે વિદ્યાર્થીઓની સાથે એને પણ ભણાવવું શરૂ કર્યું. નાચી એટલી બધી તેજ બુદ્ધિની નહોતી. કોઇ વિષય સહેલાઇથી શીખી જતી નહિ; એટલા માટે તેના પિતા મનમાં ને મનમાં ઘણા દુઃખી થતા. ઉપાધ્યાય મહાશયના ઘણા શિષ્યો પણ નાચીના જેવી મંદબુદ્ધિવાળા હતા. તેમની બુદ્ધિ પ્રખર અને સ્મરણશક્તિ પ્રબળ કરવા માટે, એલેશ્વર આયુર્વેદશાસ્ત્રનું મંથન કરવા લાગ્યા. તેમણે જ્યોતિષ્મતી નામની એક વેલ ખોળી કાઢી. એ લતાના રસનું સેવન કરવાથી બુદ્ધિ તથા સ્મરણશક્તિ તીવ્ર થાય છે, એમ એમનું માનવું હતું. કહેવાય છે કે, એલેશ્વર પંડિતે એ જ્યોતિષ્મતી-રસનું સેવન કરાવીને ઘણા વિદ્યાર્થીઓને બુદ્ધિવાન બનાવ્યા હતા. વધારે બુદ્ધિશાળી થવાની ઇચ્છાથી નાચીએ એક વખત છાનામાના ઘણા મોટા પ્રમાણમાં એ રસ પી લીધો. એ રસ મોટી માત્રામાં પીધાથી, વિષતુલ્ય પરિણામ આવતું હતું. નાચીના દેહમાં અસહ્ય બળતરા થવા લાગી અને એ બળતરા સહન ન થવાથી એ એક કૂવામાં કૂદી પડી. એ અરધી બેભાન અવસ્થામાં એ કૂવામાં આઠ કલાક સુધી પડી રહી. તેના પિતાને આ બનાવની ખબર નહોતી. તેમણે ચારે તરફ કન્યાની શોધ કરાવી અને ક્યાંય પત્તો ન લાગ્યો, ત્યારે 'નાચી, નાચી' કહીને રોવા લાગ્યા. આટલી વાર પાણીમાં ડૂબી રહેવાથી નાચીનું વિષ ઊતરી ગયું હતું. તેણે પિતાનો સ્વર સાંભળીને કૂવામાંથી જવાબ આપ્યો. પિતાએ આવીને તેને કૂવામાંથી બહાર કાઢી. ત્યાર પછી નાચીની મેધાશક્તિ ઘણીજ

તીવ્ર થઇ ગઇ.થોડા દિવસમાં તેણે બધાં શાસ્ત્રોનો અભ્યાસ કરી દીધો.

એ વખતે નાચીએ પોતે કવિતા રચવાનો આરંભ કર્યો. તેની કવિતાઓ ભાવ, માધુર્ય અને ભાષાચાતુર્યમાં ઊંચા પ્રકારની હતી. પછી તેણે 'નાચી–નાટક' નામથી પોતાનું જીવનચરિત્ર કાવ્યમાં લખ્યું; તેમાં તેના દુઃખી વૈધવ્ય જીવનનું કરુણ વર્ણન છે.

વૃદ્ધાવસ્થામાં નાચીએ તીર્થયાત્રા કરી હતી. એ વખતે અનેક શહેરોમાં પંડિતો સાથેના શાસ્ત્રાર્થમાં દિગ્વિજય કરીને એ પોતાને ઘેર પાછી આવી હતી.

૮૪–માધવી

માધવી નીલાચળની રહેવાસી હતી. મહાપ્રભુ ચૈતન્યદેવ દક્ષિણમાં પ્રવાસ કરીને જ્યારે નીલાચળમાં આવી પહોંચ્યા, ત્યારે માધવીએ તેમનાં દર્શન કર્યાં અને એ દિવસથીજ તેના મનમાં ભગવત્પ્રેમનો ઉદય થયો. ત્યારથી એ ઘણી ભક્ત બની. ચૈતન્યદેવ સંન્યાસ લીધા પછી, સ્ત્રીઓનું મોં જોતા નહિ; એટલે માધવી તેમની સન્મુખ જઇ શકતી નહિ. એ સંતાઇ રહીને કૃષ્ણપ્રેમમાં તલ્લીન થઇ ગયેલા ચૈતન્યદેવની મૂર્તિ જોતી તથા પોતે પણ ભગવદ્‌ભક્તિમાં લીન થઇ જતી. ચૈતન્યદેવની પાસે જવાની રજા નહિ હોવાથી, એને ઘણોજ ખેદ થતો. એ ખેદ એણે કાવ્યદ્વારા પ્રગટ કર્યો છે.

'કલ્પતરુ' નામના ગ્રંથમાં માધવીદેવીનાં અનેક પદ મળી આવે છે. એ પદની ભાષા તથા ભાવ ઘણા સુંદર છે.

માધવીદેવીનાં પદ ઐતિહાસિક તત્ત્વોથી પૂર્ણ છે. નિત્યાનંદ મહાપ્રભુનો દાંત તૂટી જવાની વાત, જગદાનંદની નવદ્વીપયાત્રા, દોલલીલા વખતે શ્રીગૌરાંગનું કીર્તન વગેરે વિષયો તેમાં આવે છે.

જગન્નાથજીના મંદિરનું દૈનિક વિવરણ લખી રાખવા માટે, એક લેખકની જરૂર હતી.માધવીના હસ્તાક્ષર ઘણા સુંદર હોવાથી તથા તેની રચનાચાતુર્ય અને પાંડિત્યથી મુગ્ધ થઇને રાજા પ્રતાપચંદ્રે સ્ત્રી હોવા છતાં પણ તેનીજ નિમણૂંક કરી. આ સન્માનજનક પદ તેણે સારી રીતે નિભાવ્યું હતું.

૮૫–गिरिधर कविरायनी स्त्री

કવિરાય ગિરિધર હિંદી ભાષાનો જૂનો અને પ્રખ્યાત કવિ છે. તેના કુંડલિયા ઘણાજ પ્રસિદ્ધ છે. એ કવિરાયની સ્ત્રી પણ ઘણી ભણીગણી હતી. પતિના સહવાસથી એને પણ કવિતા બનાવવાનો શોખ લાગ્યો હતો. પતિનીજ શૈલી ઉપર એ પણ કુંડલિયા બનાવતી હતી. જે કુંડલિયાના આરંભમાં 'સાંઇ' શબ્દ આવે છે તે બધા એના છે. કેટલાક એવું માને છે કે,કવિરાય ગિરિધરે જેટલા કુંડલિયા બનાવવાનો સંકલ્પ કર્યો હતો, તેટલા બનાવ્યા પહેલાંજ તે કાળને વશ થયા; તેથી એમની સ્ત્રીએ બાકીના કુંડલિયા બનાવીને પતિનો મનોરથ પૂરો કર્યો. ધન્ય છે એવી સ્વામીપરાયણા સ્ત્રીને !

૮૬–ख ग नि याँ

અવધ પ્રાંતમાં ઉન્નાવ જિલ્લામાં 'રણુજિતપુરવા' નામનું એક ગામ છે. ત્યાં ખગનિયાઁ રહેતી હતી. એના બાપનું નામ વાસુ હતું. એ ન્યાત ની ઘાંચણુ હતી. એ કાંઇ વધારે ભણીગણી નહોતી, પણ સમસ્યાઓ સારી બનાવી જાણુતી હતી. તેની કેટલીક સમસ્યાઓ એવી ઉત્તમ બનતી કે, સારા કવિઓ પણ તેને પસંદ કરીને લખી જતા હતા.

જગતમાં ઘાંચણો તો ઘણીએ થઇ ગઇ છે અને થશે; પણ એમાંથી એક ખગનિયાઁનું નામજ ચિરકાળપર્યંત અમર રહેશે. તેણે ઘણી સમસ્યાઓમાં પોતાના પિતાનો ઉલ્લેખ કરી, તેનું નામ પણ અમર કર્યું છે. વિદ્યાને લીધે હલકી જાતની સ્ત્રી પણ અક્ષય કીર્તિ મેળવી શકે છે.

૮૭–સદુબા

આ સતી ગુજરાતનું એક રત્ન હતું. ફાર્બસ સાહેબે રચેલા અને આપણા સુપ્રસિદ્ધ સ્વ૦ સાક્ષર રા. રા. રણછોડભાઇ ઉદયરામે ભાષાંતર કરેલ 'રાસમાળા'ને આધારે અમે એ સન્નારીનો વૃત્તાંત સંક્ષિપ્તમાં ઉતારીએ છીએ.

અસાઇની જિતમાં નરવીર નેપોલિયનની સત્તા નરમ કરી નાખવામાં આવી, ત્યાર પછીના વર્ષમાં અમદાવાદ શહેરમાં પેશ્વા અને ગાયકવાડ બન્નેની સત્તા ચાલતી હતી અને તેઓની કચેરીઓ ભદ્રમાં અને હવેલીમાં હતી. એ સમયમાં ઘણા લોકોએ ચાડી ખાઇને ઉદરનિર્વાહ કરવાનો ધંધો માંડ્યો હતો. એ ચાડિયાઓ સારા માણસોની વિરુદ્ધ સરકારમાં ખોટી ખોટી વાતો કહી આવતા અને સરકાર એમનું કહ્યું માની, એ સારા માણસોની આબરૂ બગાડતી. એ વખતની સરકારનો ઉદ્દેશ લોકોનું સંરક્ષણ કરવાનો તથા તેમને ન્યાય આપવાનો નહોતો, પણ ગમે તે પ્રકારે પોતાના ભંડાર ભરવાનો હતો.

એ વખતમાં ઉત્તમ નામના એક ચાડિયાનું રાજદરબારમાં ઘણું માન હતું અને તેની વાત ઉપર સરકાર ઘણો વિશ્વાસ રાખતી. એ જાતે વાણિયો હતો અને શાહપુરમાં રહેતો હતો.

આપણી આ ચરિત્રનાયિકા સ્રીરત્ન સદુબા બારોટકુળમાં જન્મી હતી. તેના પતિનું નામ હરિસિંહ હતું. સદુબા ઘણી સ્વરૂપવાન સ્રી હતી. એક દિવસ ઉત્તમચંદ ચાડિયાની નજર સદુબાના ઉપર પડી ગઈ અને એ તેનું સૌંદર્ય જોઇને મુગ્ધ થઇ ગયો. સદુબાનું શિયળભંગ કરવાની ઇચ્છાથી તેને તેણે ઘણીએ લાલચો આપી, પણ સદુબા સાચી પતિવ્રતા સ્રી હતી. ધનવૈભવની તેણે જરા પણ પરવા કરી નહિ અને એવો દુષ્ટ વિચાર રાખવા

માટે ઉત્તમચંદને ઘણો ઠપકો આપ્યો. પોતાની કામવાસના તૃપ્ત ન થવાથી ઉત્તમ ચાડિયાએ તેનું વેર લેવાનો સંકલ્પ કર્યો. તેણે સતી સદુબાના ઉપર વ્યભિચારનું જૂઠું આળ મૂક્યું. તેની વાત ઉપર વિશ્વાસ મૂકીને પેશ્વાના સિપાઇઓ સદુબાને પકડવા સારૂ આવ્યા. સદુબાએ જણાવ્યું કે, “ હું નિર્દોષ છું. આ બધાં કારસ્તાન ચાડિયા ઉત્તમનાં છે.” પણ તેનું કહ્યું કોઇએ માન્યું નહિ. પોલિસનાં માણસો તેને સરકારની કચેરીમાં લઈ જવા લાગ્યા. આ પ્રમાણે સરકારી સિપાઇઓને હાથે પોતાનું અપમાન થતું જોઇને સદુબાએ પોતાના સ્વામીને કહ્યું: “ તમે જોઇ શું રહ્યા છો ? આ વખતે ત્રાગું કરીને મારી આબરૂ સાચવો.” ભાટ-ચારણો ત્રાગું કરવામાં અને ધરણું ધરવામાં ઘણા કુશળ અને નીડર હોય છે. હરિસિંહે પોતાના એક કુમળા બાળકને મારી નાખ્યું અને ભાટવાડામાં એક આંબાના ઝાડની ડાળીએ લટકાવ્યું, પરંતુ પાષાણહૃદયના ઉત્તમને એથી પણ દયા ઊપજી નહિ. એણે તો સદુબા ઉપરનો જુલમ ચાલુજ રાખ્યો. સદુબાને બાંધીને લઈ જવાનો તેણે સિપાઇઓને હુકમ આપ્યો. આથી સદુબાને ઘણોજ ક્રોધ ઊપજ્યો. ક્રોધના આવેશમાં તેણે પોતાના ધણીને કહ્યું કે, “ મારા માથા ઉપર તલવાર ફેરવી દો.” તરતજ તેના પતિએ સદુબાનું માથું ધડથી જુદું કરી નાખ્યું.

આ પ્રમાણે સદુબા ભાટણે પોતાના સુંદર દેહનો ભોગ આપીને શિયળનું રક્ષણ કર્યું. સદુબાના આ આત્મબલિદાનથી તેનાં આડોશીપાડોશી અને જ્ઞાતિજનો ઉપર ઘણી સારી અસર થઈ. સદુબાના ઉપર થયેલા અત્યાચારનો બદલો લેવા સારૂ, બધા ભાટ લોકો હથિયાર લઇને બહાર નીકળી પડ્યા. ઉત્તમચંદ ચાડિયો તો તેમનાથી ડરી જઇને અગિયારાજ ગણી ગયો; પરંતુ સરકારને આખરે ઉત્તમને પકડી બહાર આણવો પડ્યો. સરકારે ઉત્તમને ગધેડા ઉપર બેસાડીને ગામમાં ફેરવવાની આજ્ઞા આપી, પણ ભાટ લોકોએ તેને ગધેડા ઉપરથી ઉતારી પાડીને પથ્થરે પથ્થરે એવો માર્યો કે, ત્યાં ને ત્યાંજ તેનું મરણ નીપજ્યું.

જ્યાં સદુબા મરણ પામી હતી, ત્યાં ભાટ લોકોએ દહેરૂં ચણાવીને તેમાં સદુબાદેવીની સ્થાપના કરી. ખરેખર ! સતીત્વની ખાતર આત્મબલિદાન આપનાર સ્ત્રી સર્વની શ્રદ્ધાને પાત્ર છે.

૮૮–રાણી રાજબાઈ

કાઠિયાવાડમાં વઢવાણ નામનું એક દેશી રાજ્ય છે. એ રાજ્યની સઘળી વ્યવસ્થા આશરે અરધા સૈકા પહેલાં, એક મહાપરાક્રમી અને હોશિયાર સ્ત્રીના હાથમાં હતી. એ સ્ત્રીનું નામ મહારાણી રાજબાઈ હતું. એ વીર રાણીએ પોતાની સિત્તેર વર્ષની વયે યુદ્ધ કરીને શત્રુઓને હરાવીને રાજ્યનો ઉદ્ધાર કર્યો હતો. તેનું સંક્ષિપ્ત ચરિત્ર નીચે આપવામાં આવે છે.

ઇ૦ સ૦ ૧૮૩૭ ના સુમારમાં વઢવાણ રાજ્યનો કારભાર રાજબાઈને મળ્યો હતો. પ્રજા ઉપર રાજ્ય ચલાવવા યોગ્ય સઘળા ગુણોથી રાજબાઈ અલંકૃત હતી. તેના શરીર ઉપર જેવી રીતે તેજસ્વિતા જણાઈ આવતી હતી, તેવીજ રીતે તેના સ્વભાવમાં સૌમ્યતા, દૃઢતા અને રાજ્યકુશળતાના ગુણો સ્પષ્ટ જણાઇ આવતા. તે અબળાના હૃદયમાં જેવી રીતે કોમળતા હતી, તેવીજ રીતે કઠોરતા અને કષ્ટસહિષ્ણુતા આદિ પુરુષોચિત ગુણો પણ પુષ્કળ હતા. અસાધારણ ધનસંપત્તિની માલિક હોવા છતાં પણ એ સુખવૈભવ અને ભોગવિલાસથી દૂર રહેતી. અબળા નામથી ઓળખાતી હોવા છતાં પણ, આત્મબળનો પરિચય આપીને, તેણે જનસમાજને વિસ્મિત કરી દીધો હતો. એ વખતની લોકવાયકા એ બિચારીના ચરિત્ર ઉપર અનેક દોષારોપણ કરતી હતી. એ સ્વામી, પુત્ર કે કોઇને પ્રિય થઇ પડી નહોતી; કારણકે રાજ્યના વહીવટમાં એ કોઇને માથું મારવા દેતી નહિ. સર્વની આગળ એ પોતાની શ્રેષ્ઠતા સાબિત કરી આપતી અને કામ પડચે તલવાર ખેંચતાં પણ સંકોચાતી નહિ. અસ્તુ! આ સર્વ દંતકથાઓ ખરી હોય કે ખોટી, પણ એટલી વાત તો નિર્વિવાદ છે કે, રાજબાઈ રાજ્યનો પ્રબંધ કરવાને સંપૂર્ણ રીતે યોગ્ય હતી. તેનું રાજ્ય સુશાસિત, નિયમબદ્ધ

અને સુબુદ્ધિશાળી ગણાતું હતું. બ્રિટિશ અમલદારોએ પણ વઢવાણના સુપ્રબંધને માટે રાજબાઈની બુદ્ધિનાં ઘણાં વખાણ કર્યાં છે.

ધીમે ધીમે રાજબાઈ વૃદ્ધાવસ્થાને પામી. તેની વય ૭૦ વર્ષની થઇ. આ જરાવસ્થામાં પુણ્યસંચય કરવા સારૂ, એને તીર્થયાત્રા કરવાનું મન થયું. રાજબાઇએ પોતાના સગીર વયના પૌત્રને રાજ્યનો અધિકારી નીમ્યો અને તેની માતા ગોવલબાઇના હાથમાં રાજ્યનો કારભાર સોંપીને પોતે તીર્થયાત્રા કરવા નીકળી. ગોવલબાઈ દેખીતી રીતે રાજ્યકારભારને યોગ્ય સ્ત્રી હતી.

ઘણા દિવસ વીતી ગયા. ધીમે ધીમે ગોવલબાઇને રાજ્યલોભ વધતો ગયો. એને પણ ઇચ્છા થઇ કે, જેવી રીતે રાજબાઈ સ્વતંત્રપણે રાજ્ય ચલાવતાં હતાં, તેવી રીતે હું પણ ચલાવું. ખરે! રાજ્યલોભ ઘણો ખરાબ લોભ છે. તેણે નિશ્ચય કર્યો કે, રાજબાઇને એનું રાજ્ય પાછું ન આપતાં પોતાનાજ કબજામાં રાખવું.

ઘણે દિવસે રાજબાઈ નોકરચાકરો સાથે યાત્રા કરીને પાછી આવી, પણ નગરના રક્ષક સિપાઇઓએ ગોવલબાઇના હુકમથી તેને અંદર જવા ન દીધી. નગરમાં પ્રવેશ કરવાના બધા દરવાજા બંધ કરવામાં આવ્યા. રાજબાઈ રાજનગરમાં પ્રવેશ કરવાની ઇચ્છા રાખતી હતી, પણ ગોવલબાઇએ કહેવરાવ્યું કે, "તમે હવે વૃદ્ધ થયાં છો. તમારૂં મોત હવે પાસે આવતું જાય છે. હવે તો સંસારમાંથી મુક્ત થઈને ધર્મનું ચિંત્વન કરો, એજ આપનું કર્તવ્ય છે." પરંતુ આ વાત તેજસ્વી રાજબાઇના ધ્યાનમાં ઊતરી નહિ. રાજબાઇ રાજકોટ પહોંચી અને ત્યાંના અંગ્રેજ સરકારના રેસિડેન્ટને સઘળી હકીકત કહી સંભળાવી. એ વખતે સર બિલોગ્વી પોલિટિકલ એજન્ટ હતા. તેમણે રાજબાઇની વાત સાંભળી; પરંતુ રાજબાઇને અનુકૂળ કોઇ કલમ નહિ જણાયાથી, રાજબાઇની અરજી મંજૂર ન રાખી. રાજબાઇ નિરાશ થઇને પાછી આવી.

બ્રિટિશ અમલદારોને હાથે પોતાનો મનોરથ સિદ્ધ થવાનાં કાંઇ પણ ચિહ્ન ન જણાયાં, ત્યારે રાજબાઇ પોતાના બાહુબળથી વઢવાણ પોતાને તાબે કરવાને તૈયાર થઇ. વૃદ્ધાવસ્થાને લીધે તેની ચામડી ઉપર કરચલીઓ વળી ગઇ હતી; યૌવનનું સૌંદર્ય તેના ચહેરા ઉપરથી બિલકુલ જતું રહ્યું હતું; પરંતુ આ ઉંમરે પણ તેના મુખકમળ ઉપર એક પ્રકારની તેજસ્વિતા અને દૃઢતા જણાઇ આવતી હતી. રાજબાઇએ લશ્કર એકઠું કર્યું. ધીમે ધીમે

એક હજાર સૈનિકો તેને શરણે આવ્યા અને તેની આજ્ઞા મુજબ ચાલવા તૈયાર થયા. રાજબાઇએ યુદ્ધનો પોશાક પહેર્યો. તેના ઉપર મજબૂત બખતર ધારણ કર્યું. તીક્ષ્ણ તલવાર તેના હાથને શોભા આપવા લાગી. સિત્તેર વર્ષની ડોશી ઘોડા ઉપર સવાર થઇને, સૈનિકોના લશ્કર સાથે વઢવાણ ઉપર ચઢાઈ કરવા નીકળી.

આ પ્રમાણે યુદ્ધ-વેષમાં રાજબાઇ નગરના દ્વાર આગળ પહોંચી. આ વખતે પણ દ્વારપાળોએ તેને અંદર જવા દીધી નહિ. તેઓએ રાજબાઇના લશ્કર ઉપર બંદૂકની ગોળીઓ છોડવા માંડી. એ ગોળીથી રાજબાઇનો એક મુખ્ય સિપાઇ ઘાયલ થઇને મરણ પામ્યો; પણ આથી રાજબાઇ નિરાશ થઇ નહિ. સામા પક્ષવાળાઓ તેના સૈન્ય ઉપર ગોળીનો ખૂબ વરસાદ વરસાવતા હતા. જોતજોતામાં તેનો એક બીજો સેનાનાયક તેના પગ આગળ મરણતોલ થઇને પડ્યો. વૃદ્ધ વીરાંગનાએ આટલાથી પણ હિંમત છોડી દીધી નહિ. તેનું સાહસ ઊલટું વધી ગયું. યૌવનનું પ્રરાક્રમ આજે ફરીથી એના શરીરમાં સંચાર પામ્યું. આ ઉત્સાહથી તેજસ્વી રાજબાઇના આખા શરીરમાં અપૂર્વ બળ વ્યાપી ગયું. ઘોડા ઉપર દૃઢતાથી બેસી રહીને, હાથમાંની તલવાર ફેરવતી ફેરવતી રાજબાઇ પોતાના સૈનિકોને જોસભેર ઉપદેશ આપીને ઉશ્કેરવા લાગી. નગરરક્ષકો આ બૂઢી રાણીનું પરાક્રમ જોઇને સ્તંભિત થઇ ગયા. હવે એને રોકવાની કોઇની હિંમત ચાલી શકી નહિ. તેમણે દરવાજા ખુલ્લા મૂકી દીધા. રાજબાઇએ નગરમાં પ્રવેશ કર્યો. તેની અસામાન્ય તેજસ્વિતાથી એક ક્ષણભરમાં આખું વઢવાણ તેના તાબામાં આવ્યું. ગોવલબાઇ પલાયન કરી. ગઈ તેણે ફરીથી વઢવાણની અધીશ્વરી તરીકે રાજ્ય કરવું શરૂ કર્યું.

આ પ્રમાણે ભારતવર્ષમાં છેક ઓગણીસમા સૈકામાં એક વીરરમણીએ સિત્તેર વર્ષની વયે અપૂર્વ પરાક્રમ બતાવ્યું હતું. જે વયે મનુષ્યમાં હાલવા-ચાલવાની પણ શક્તિ હોતી નથી, તે વયે વીરરમણી રાજબાઇએ અતુલ્ય પરાક્રમ વડે ખોયેલા રાજ્યને પાછું મેળવ્યું. સિપાઇઓના બળવાના સમય સુધી રાજબાઇએ ત્રીસ વર્ષ સુધી પરાક્રમ અને દક્ષતાપૂર્વક રાજ્ય કર્યું હતું. બ્રિટિશ સરકારે પણ તેનાં ઘણાં વખાણ કર્યાં છે.

८९-उमाबाई दाभाडे

શૂર અને માનવંત સ્ત્રીઓની કક્ષામાં ઉમાબાઈ દાભાડેને મૂકવા ચોગ્ય છે. ક્ષત્રિયકુલતિલક શિવાજી મહારાજ તો સર્વ જગતને પરિચિત છેજ. એઓ મોટા ગુણગ્રાહક અને સદ્‌ગુણના પરીક્ષક હતા. સદ્‌ગુણી મનુષ્યની કીર્તિ સાંભળી તેમને આનંદ થતો અને તેના પ્રતિ તેઓ આદરદૃષ્ટિથી જોતા. શુકલપક્ષમાં આકાશ તરફ દૃષ્ટિ ફેંકતાં અસંખ્ય નક્ષત્રસમૂહમાં પ્રકાશયુક્ત ચંદ્ર અથવા દિવસે ત્યાં દૃષ્ટિ ફેંકતાં તેજસ્વી સૂર્ય જે પ્રમાણે એકદમ દૃષ્ટિ-સન્મુખ આવે છે, તે પ્રમાણે અસંખ્ય લોકોના સમુદાયમાં કયો મનુષ્ય સદ્‌ગુણી છે અને કયો દુર્ગુણી છે, તે શિવાજી મહારાજ-ની તીવ્ર દૃષ્ટિને ત્વરિત સમજાતું. આ તીવ્ર અને સદ્‌ગુણપરીક્ષક દૃષ્ટિથી શિવાજી મહારાજે દાભાડેનું ઉપનામ ધરાવનાર મરાઠા જાતિના ચેસુ પાટિલ દાભાડેને ચૂંટી કાઢ્યો હતો. હવે અમારે ચેસુ પાટીલના અંગના ગુણોનું વિશેષ વર્ણન કરવાની આવશ્ય-ક્તા નથી. એટલુંજ લખવું પૂરતું થઇ પડશે કે, દાભાડે કુળવંત મરાઠો હતો. તે ભાનુવંશનો હતો. ચેસુને મહારાજે પોતાનો હજૂરિયો નીમ્યો હતો.તે અત્યંત શૂર અને પ્રમાણિક હતો.શિવાજી મહારાજને તે અત્યંત પ્રિય હતો અને તેઓ વારંવાર તેની પ્રશંસા કરતા હતા અને એ કારણથી ચેસુ પાટિલ પણ અતિ સંતુષ્ટ થઇ પોતાનું કર્તવ્ય બજાવતો હતો; પરંતુ આવા સ્વામી-ભક્ત સેવકનો મહારાજની કારકીર્દિમાં ઉદય થાય, એવો ઇશ્વરી-સંકેત ન હોવાથી મહારાજનો સત્વર કાળ થયો.

શિવાજી મહારાજની પછી સંભાજી રાજા ગાદી પર અધિષ્ઠિત થયા; પરંતુ તેમણે ગાદીનો ઉપભોગ ઘણાંજ થોડાં વર્ષો સુધી કર્યો. ચેસુ પાટિલ થોડો વખત તેનો પણ હજૂરિયો થયો. સંભાજીના

પછી તેનો નાનો બંધુ રાજારામ ગાદી પર બેઠો. તે વખતે યેસુ તેનો પણ હજૂરિયો થયો. સદ્‌ગુણી મનુષ્ય ગમે ત્યાં હોય, તો તેના સદ્‌ગુણનો બદલો તેને મળ્યા વિના રહેતો નથી. રાજારામ મહારાજ પણ આ પ્રમાણિક સેવક પર અતિ સંતુષ્ટ થયા. જે વખતે રાજારામ મહારાજ ગાદી પર આરૂઢ થયા, તે વખતે મહારાષ્ટ્ર પર “ન भूतो न भविष्यति” એવો ઘોર પ્રસંગ આવ્યો હતો. મરાઠાઓમાં પરસ્પર કલહ ચાલતો હોવાથી, તેમનું રાજ્ય ડુબાવવાના હેતુથી તેમના જૂના વેરી આલમગીરે (ઔરંગઝેબે) તેમના પર પ્રચંડ સવારી કરી; પરંતુ બાદશાહની આ સવારીનું પરિણામ ઘણું કષ્ટમય આવ્યું. મરાઠા વીરોએ બાદશાહના સૈન્યને તોબા તોબા પોકરાવી. આ પ્રસંગેજ દાભાડેની ખરી સ્વામીભક્તિ વ્યક્ત થઇ. મોગલોના હાથમાંથી બચવાને માટે રાજારામ મહારાજને પોતાનો મુકામ વારંવાર બદલવો પડતો હતો. મોગલોએ રાયગઢનો કિલ્લો લીધો, ત્યાર પછી રાજારામને તેના સરદારોએ ચંદીચંદાવર (જીંજીતંજાવર)માં જઇ રહેવાની સલાહ આપી. આ વખતે રાજારામની સાથે પ્રહ્‌લાદ નિરાજી, સંતાજી ઘોરપડે, દાભાડે, ધનાજી જાધવ, ખંડો બલ્લાળ વગેરે વીસ માણસો હતા. આ પ્રસંગ અત્યંત અણીનો હતો. રાજારામની ત્રણ સ્ત્રીઓ અને ઇતર માણસો તેમની સાથેજ હતાં. યેસુ દાભાડેની સ્ત્રી પણ તેમની સાથેજ હતી. આ સર્વ માણસોનો સમુદાય આ સંકટમાં સુરક્ષિત રહે, એ અતિ દુર્ઘટ હતું. આ કટોકટીના પ્રસંગે રાજનિષ્ઠ યેસુ પાટિલની પ્રશંસનીય સ્વામીભક્તિ વ્યક્ત થઇ. તે વીરપુરુષે રાજસ્ત્રીઓને સંભાળવાનું કાર્ય કઠિન થઇ પડે નહિ, એટલા માટે કેસરિયાં કરવા નીકળનાર વીર રજપૂતોની પેઠે, સ્વહસ્તે સ્વપત્નીનો વધ કર્યો! યેસુ પાટિલના જેવી સ્વામીભક્તિ અને રાજનિષ્ઠા કવચિતજ ઉપલબ્ધ થશે.

યેસુ દાભાડેને ખંડોજી અને શિવબા નામના બે પુત્રો હતા. તેઓ પણ આ વખતે તેની સાથેજ હતા; પરંતુ તેઓ મોટા હોવાથી તેમને મારવાનું ધૈર્ય તેનામાં રહ્યું નહિ. આ પ્રસંગે તેના પુત્રોએ પણ સ્વામીભક્તિની પરાકાષ્ઠા બતાવી. આ પરથી શુદ્ધ બીજમાંથી શુદ્ધ ફળ ઉત્પન્ન થાય છે, એ વાત શું સિદ્ધ નથી થતી? આ વીરપુત્રો રાજારામની સ્ત્રીઓને પોતાની પીઠ ઉપર બેસાડી અનેક ગાઉ સુધી લઇ ગયા. શિવબાએ તો તેમાં અવધિ-

જ કરી! તે તો કેટલીક વખત રાજારામને પોતાની પીઠ પર બેસાડીને એક નહિ, બે નહિ, પણ પચીસ પચીસ કોસ સુધી એકસરખી રીતે દોડી જતો હતો; પરંતુ આખરે આથી તેનું હૃદય ફાટી ગયું અને તેને લોહીના કોગળા પડવાથી તે મૃત્યુ પામ્યો. આ સમાચાર સાંભળી રાજારામને અત્યંત દુઃખ થયું અને યેસુ પાટિલનું દુઃખ તો કોણ વર્ણવી શકે એમ છે ? પુત્રના ચિરવિયોગથી તેને જે દુઃખ થયું હશે, તે તો તેજ બિચારાને વિદિત ! અસ્તુ ! આ પ્રકારે રાજારામનાં સર્વ માણસો તેના સ્વામિનિષ્ઠ સેવકોના કર્તૃત્વને લીધે ઇચ્છિત સ્થળે સુખસ્વરૂપે પહોંચી ગયાં. પછી રાજારામે દાભાડેના ઉપકારનો બદલો વાળવાને માટે તેના પુત્ર ખંડોજીને સેનાપતિ નીમ્યો; પરંતુ આ વખતે યેસુ દાભાડે હયાત નહોતો. આપણી કથાનાયિકા તે ખંડોજીનીજ પત્ની થાય.

ખંડેરાવે શાહુ મહારાજની કારકિર્દીમાં બાગલાણ અને ગુજરાતમાં મરાઠાની સત્તા પ્રસ્થાપિત કરી અને મોગલોની સાથે ઘણાં વિકટ યુદ્ધો કરી જય મેળવ્યો. જ્યારે ખંડેરાવ અન્ય પ્રદેશોમાં યુદ્ધ કરવામાં રોકાયો હતો, ત્યારે એક વખત શાહુ રાજાએ સેનાપતિની પદવી પર માનસિંગ મોરેને નીમ્યો હતો; પરંતુ તે નાલાયક ઠર્યો અને આખરે તે પદ પર પુનઃ દાભાડેજ નિયુક્ત થયો. દાભાડેના મૃત્યુ પછી તેના પુત્ર ત્ર્યંબકરાવને માન સહિત સેનાપતિનો અધિકાર સુપરત કરવામાં આવ્યો. ખંડેરાવ દાભાડેની પત્ની ઉમાબાઇ દાભાડે ઘણી શાણી સ્ત્રી હતી. પોતાની મિલકત તથા સરકાર તરફથી તેના પતિને મળેલી જાગીરની વ્યવસ્થા રાખવાનો અધિકાર સરકારે તેને બક્ષ્યો હતો. આ ઉપરથી ઉમાબાઇ દાભાડેની યોગ્યતા સિદ્ધ થાય છે.

આ વખતે પેશ્વા 'બાજીરાવ' હતો. શાહુ મહારાજ અને બાજીરાવ વચ્ચે ગાઢો સ્નેહ હતો. શાહુ મહારાજની તેના પર અત્યંત કૃપા હતી. આ પેશ્વા અને દાભાડે કુટુંબ વચ્ચે એક કારણસર વેર થયું. તે કારણ એ હતું કે માળવા પ્રાંતમાં સરદેશમુખીનો હક્ક દાભાડેનો હતો; પરંતુ પેશ્વાએ તે પ્રાંત પર ચડાઈ કરી, આ વાત દાભાડેને રુચી નહિ. આથી દાભાડેએ બાજીરાવને એમ લખી મોકલ્યું કે, " તમારે અમારા દેશમાં આવવું નહિ." પરંતુ તેમનું આ લખવું વ્યર્થ ગયું. બાજીરાવને પરાજિત કરવાની નિઝામને પણ ઇચ્છા હતી; આથી તેણે દાભાડેને સહાય

કરવાનું જણાવ્યું. આખરે યુદ્ધનો પ્રસંગ ઉપસ્થિત થયો અને ઉક્ત ઉભય પક્ષ વચ્ચે ‘ ડભોઇ ’ આગળ યુદ્ધ થયું. આ યુદ્ધ ત્રણ પ્રહર પર્યંત ચાલ્યું. બન્ને પક્ષના નામાંકિત યોદ્ધાઓ રણમાં પડ્યા. ત્ર્યંબકરાવે આ પ્રસંગે ઘણું શૌર્ય બતાવ્યું. તે પોતાના વીર મંડળને ઉદ્દેશીને બોલ્યોઃ “ હે વીરજનો ! પેશ્વાએ મરાઠાનો અધિકાર હસ્તગત કરવાને માટે ખટપટ કરવા માંડી છે; પરંતુ ખરા મરાઠા આ કૃત્ય જોઇ ન શકવાથી આ યુદ્ધપ્રસંગ ઉપસ્થિત થયો છે, માટે તમે આજે તમારૂં ક્ષાત્રતેજ તેમને બતાવી આપો. ” આવા આવા ઉપદેશથી તેણે મરાઠા વીરોને શૂર ચઢાવ્યું; પરંતુ દુર્દૈવવશાત્ તેનો હેતુ પૂર્ણ થયો નહિ. દાભાડેનો પરાજય થયો અને ત્ર્યંબકરાવ જેવો રણવીર રણમાં પડ્યો.

ઉપર્યુક્ત પરાજય અને પુત્રવિરહના દુઃખથી ઉમાબાઈ વ્યાકુળ બની ગઇ. પોતાના પ્રિય પુત્રની આ દશા થયેલી જોઇને ઉમાબાઇને અત્યંત ક્રોધ ચઢ્યો. ત્ર્યંબકરાવને યશવંતરાવ નામનો પુત્ર હતો. તેણે પણ બાજીરાવ પર વેર લેવાનો દૃઢ નિશ્ચય કર્યો અને તેના પર હુમલો કરવાની તૈયારી કરવા માંડી. શૂર ઉમા અને તેનો વીરપુત્ર યશવંતરાવ એ ઉભય બાજીરાવનું રક્ત પીવાને તત્પર થઇને નીકળ્યાં. તેમનો તે વખતનો નિશ્ચય દુઃશાસનનો વધ કરનાર ભીમના જેવો અડગ હતો. જો શાહુ મહારાજ વચમાં પડ્યા ન હોત, તો બાજીરાવ પર કેવો પ્રસંગ ગુજર્યો હોત, તે અમારાથી કહી શકાતું નથી.

શાહુ મહારાજને આ વાત વિદિત થતાંની સાથેજ તેમણે વિચાર કર્યો કે, “ આ બન્ને સરદારો મારા છે. હવે એ બેની વચ્ચે વિગ્રહ થયો, તો મારે એનું સમાધાન કરી આપવું જોઇએ.” શાહુ મહારાજે ઉમાબાઈ અને યશવંતરાવને મળીને અનેક પ્રકારે તેમના મનનું સાંત્વન કર્યું અને તેમને પોતાની સાથે સતારે લઇ ગયા અને પોતાના મંત્રી બાજીરાવને પણ તેડાવી મંગાવ્યો. પછી બાજીરાવે ઉમાબાઇને કહ્યું: “ ખંડેરાવ દાભાડે અને બાલાજી વિશ્વનાથ વચ્ચે ઘણો ગાઢો સ્નેહ હતો, માટે બાલાજીનો પુત્ર બાજીરાવ એ પણ તમારોજ પુત્ર છે, એમ સમજજો. ” ઉમાબાઇ શાહુ મહારાજની આજ્ઞાનું ઉલ્લંઘન કરી શકી નહિ. તેણે ઉદાર મનથી બાજીરાવનો અપરાધ ક્ષમા કર્યો. પછી બન્ને પક્ષ વચ્ચે એવો કરાર કરવામાં આવ્યો કે, કોઇએ પરસ્પર વિગ્રહ ન કરતાં

સરકારની સેવા કરવી. યશવંતરાવને માન સહિત સેનાપતિ પદનાં વસ્ત્રો અર્પણ કરવામાં આવ્યાં. પછી તેઓ શાહુ મહારાજની રજા લઇ પોતાને ઘેર ગયા. ઉમાબાઇની ઉપર્યુક્ત ઉદારતાનું વર્ણન જેટલું કરીએ તેટલું થોડું છે.

ત્યાર પછી થોડા દિવસમાંજ ઉમાબાઇનું અપરિચિત શૌર્ય દૃષ્ટિગોચર થયું. શાહુ મહારાજે સેનાપતિ યશવંતરાવ પર અમદાવાદનું થાણું કબજે કરવાને માટે હુકમ મોકલ્યો. સેનાપતિની વય નાની હતી, તોપણ તેની તેજસ્વિતા રાજાને વિદિત હોવાથીજ તેણે તેને તેવો હુકમ કર્યો હતો. અમદાવાદમાં તે વખતે જોરાવર ખાંબાળી નામનો થાણદાર હતો. આ હુકમ પહોંચતાંની સાથેજ દાભાડે પોતાનું સૈન્ય લઇને નીકળ્યો, તેની સાથે ઉમાબાઈ પણ તૈયાર થઇ અને પોતાના નાના પુત્રને પણ સાથે લીધો. આ બન્ને તરુણો ઘણાં તેજસ્વી હતાં. વીર સ્ત્રી ઉમાબાઈની સત્કીર્તિ દસે દિશામાં વ્યાપ્ત હતી. યશવંતરાવ અને ઉમાબાઇ સૈન્ય લઇને આવે છે, એ વાત સાંભળતાંની સાથેજ ખાનસાહેબના દિલમાં ફાળ પડી; પરંતુ 'મિયાં પડ્યા, પણ તંગડી ઊંચી' એ ન્યાયે તેણે તેમને ડર આપી પોતાનો બચાવ કરવાના આશયથી આ પ્રમાણે પત્ર લખી મોકલ્યોઃ " તું ગમે તેવી પણ વિધવા; તારા પુત્રો નાના, તેના અંગમાં તે શક્તિ ક્યાંથી હોય ? માટે ભારબોજમાં સૈન્ય લઇને ચાલી જા, નહિ તો આ શૂરવીરનો બચ્ચો જોરાવરખાં છે, એ વાત ખાસ લક્ષમાં રાખજે." ખાનસાહેબનો વિનાશકાળ આવ્યો હતો, તેથીજ તેને આવી બુદ્ધિ સૂઝી. એ શબ્દો વાંચતાંની સાથેજ ઉમાબાઇના હૃદયમાં અનિવાર્ય ક્રોધાગ્નિ પ્રજ્વલિત થયો. છેડાયેલી વાઘણની પેઠે, તેણે પોતાના દાંત કચકચાવ્યા અને પ્રતિજ્ઞા કરી કે, " જો હું આ કૃત્યનું બરાબર વેર ન લઉં, તો મારૂં નામ ઉમાબાઈ નહિ. " પછી તે પોતાના યોદ્ધાઓની સમક્ષ કરકંકણો અને કુમકુમ મૂકી, તે પ્રતિ આંગળી કરીને બોલીઃ " થાણદારે પત્ર લખીને મારૂં જે અપમાન કર્યું છે, તેનું પૂરૂં વેર જ્યારે હું લઇશ, ત્યારેજ હું અન્ન ગ્રહણ કરીશ, એવી હું પ્રતિજ્ઞા કરૂં છું. તમે મારા સરદારો જો ખાધેલું નિમકહલાલ કરવા ઇચ્છતા હો, તો ખાનની સામે ધસો; અને જો પાછી પીઠ કરવી હોય, તો સર્વની સમક્ષ તમારા હાથમાં આ કંકણ પહેરો, લલાટે કુમકુમરેષા કાઢો અને બાયડી બની ઘરમાં

બેસો.” ઉમાબાઇનું આ ભાષણ સાંભળી સર્વેએ મરણ પર્યંત યુદ્ધ કરવાના શપથ લીધા. પછી તેમણે વિદ્યુત્‌વેગે ખાન પર હલ્લો કર્યો.

આ તરફ ખાન પણ દસ હજાર માણસનું સૈન્ય લઇને લડાઇ કરવાને તત્પરજ હતો. હવે યુદ્ધનો પ્રારંભ થયો; પરંતુ ઉમાબાઇની કાળિકામૂર્તિ જોઇ ખાન તો અમદાવાદના દુર્ગમાં ભરાઇ જઇ દ્વાર બંધ કરીને કાયરની પેઠે લપાઇ બેઠો. ઉમાબાઇએ વીરગર્જના કરી તેની પૂંઠ પકડી. તે વખતનો તેનો વીર વેશ અતિશય જોવા લાયક હતો. તેનું શૌર્ય જોઇ શત્રુઓ દિઙ્‌મૂઢ બની ગયા. ઉમાબાઇએ દુર્ગનાં દ્વાર તોડી કિલ્લામાં પ્રવેશી ખાનને બરાબર હરાવ્યો. આ પ્રકારે આ શૂર મરાઠા ક્ષત્રિય સ્રીએ પોતાની ભીષણ પ્રતિજ્ઞા પાળી. જોરાવરખાનનું સૈન્ય છિન્નભિન્ન થઇને દસે દિશામાં નાસી ગયું. દાભાડેના સૂર્યવંશને શોભા આપનાર ઉમાબાઇની શૌર્યકીર્તિનું સ્મરણ થતાં એમજ લાગે છે કેઃ—

સુરતસેં કીરત બડી, બિન પંખ ઊડ જાય;
સુરત તો જાતી રહે, કીરત કબહુ ન જાય.

૧૦—લક્ષ્મી દેવી

એ મિથિલારાજ ચંદ્રસિંહની રાણી હતી. લછિયા નામથી એ પરિચિત છે. એને વિદ્યાનો ઘણોજ શોખ હતો. એટલા માટે પોતે મિથિલાદેશના ઘણા પંડિતોનું પ્રતિપાલન કરતી હતી. વિવાદચંદ્ર વગેરે ગ્રંથકારો તથા મિસરુમિશ્ર અને મિતાક્ષરા ટીકાના રચનાર બાલંભટ્ટ એનાજ આશ્રિત હતા અને એને લીધેજ એમણે પ્રતિષ્ઠા મેળવી હતી. દર્શનશાસ્રમાં લક્ષ્મીદેવી ઘણીજ પ્રવીણ હતી. દર્શનશાસ્ર સંબંધી કૂટ પ્રશ્નોનો વાદવિવાદ એ પંડિતો સાથે ઘણીજ દક્ષતાપૂર્વક કરતી. એણે પોતે ‘મિતાક્ષરાવ્યાખ્યાન’ નામની પ્રસિદ્ધ ટીકા મિતાક્ષરા ગ્રંથ ઉપર લખી છે. એ ગ્રંથમાંથી તેની વિદ્યા તથા બુદ્ધિનો વિલક્ષણ પરિચય મળી આવે છે.



૯૧–રાણી પિંગળા

રાજા હૂન ચંદ્રાવતીના પરમાર વંશનો છેલ્લો રાજા હતો. એક દિવસ રાજા હૂન જંગલમાં શિકારે ગયો હતો, ત્યાં એક પારધી શિકાર માટે ભોંય પર પડ્યો હતો. એવામાં એક કાળા નાગે તે પારધીને ડંખ માર્યો. તેનું ઝેર સર્વત્ર વ્યાપી ગયું ને આખરે પારધી મરણ પામ્યો. રાજા આ સઘળું જોયા કરતો હતો. થોડી વારે તે પારધીની સ્ત્રી પોતાના પતિને શોધતી એ પારધીના શબ પાસે આવી પહોંચી. પારધીને મૂએલો જોઇને તે સ્ત્રી છાતીફાટ રોવા લાગી. થોડી વાર પછી પોતાના પતિના શબને અગ્નિદાહ કરવાને લાકડાં એકઠાં કર્યાં ને ચિતા ગોઠવી. ચિતા પર શબને ગોઠવ્યું ને અગ્નિસંસ્કાર કર્યો. પછી તે બળતી ચિતામાં પોતાના શરીર પરથી માંસ કાઢી કાઢીને નાખવા લાગી અને આખરે તે ચિતા પર ચઢીને તેના સ્વામીના બળતા શબને બાઝીને સતી થઈ. રાજાએ આ સઘળું જોયું ત્યારે આ પારધી સ્ત્રીનો પતિભાવ જોઇને તેને ઘણોજ અચંબો થયો. ઘેર આવી પોતાની રાણી પિંગળા જે રાજા સોમચંદ્રની પુત્રી હતી, તેને રાજાએ જે બન્યું હતું તે સઘળું આ પ્રમાણે વર્ણવીને કહ્યું:—

"આ પારધીપત્ની જેવી સતી મેં કદી જોઇ પણ નથી, તેમજ એવી સ્ત્રી વિષે સાંભળ્યું પણ નથી." રાણી પિંગળા બોલી ઊઠી: "અરે, એ સ્ત્રી તો સતીના નામને જરાયે યોગ્ય નથી. જે સ્ત્રી આ પ્રમાણે પોતાના પતિની પાછળ જીવ આપે, તે તો ફક્ત બહાદુર સ્ત્રી કહેવાય; પણ ખરી સતી તો એજ કે જે પતિના મૃત્યુની ખબર મળે કે તરતજ, સ્નાન કરીને ખોળામાં પતિના માથાનો મુકુટ લઇ એવો તો ઊંડો નિશ્વાસ મૂકે કે માથાનું તાલકું ફાટી, જીવ તે રસ્તે ચાલ્યો જાય." રાજા

બોલ્યોઃ "ખરેખર, એવી જો કોઇ પણ સતી હોય, તો તે રાણી પિંગળાજ હોવી જોઇએ." આ ઉપરથી રાણીએ મનમાં ધાર્યું કે, કોઇક દિવસ રાજા તેના સતીત્વની જરૂર કસોટી કરશે.

થોડા દહાડા વીત્યા બાદ એક વખતે રાણીના ધર્મગુરુ દત્તાત્રય ગુરુ ત્યાં આવી પહોંચ્યા. રાણી પિંગળાએ ઘટતો આદરસત્કાર કર્યો ને પ્રાર્થના કરીને બોલીઃ "હે મહાગુરો! મને એવું કંઈક જ્ઞાન આપો કે, જેથી કરીને મારા પતિનું મૃત્યુ, જો કે ચંદ્રાવતીથી દૂર થાય, તોપણ મને અહીં બેઠાં બેઠાં ખબર પડે." ગુરુએ તેની વિનંતિ સાંભળી, એક આસોપાલવનું બી આપ્યું ને કહ્યુંઃ "તારા ચોકમાં આ બી વાવજે એટલે થોડા દિવસમાં એક નાનો છોડવો તૈયાર થશે. પછી જ્યારે તારો પતિ મરી ગયો છે કે જીવે છે, તે જાણવાની ઇચ્છા થાય, ત્યારે સ્નાન કરી તે છોડવા પાસે જજે ને છોડને પૂછજે. જો તારો પતિ જીવતો હશે, તો પાંદડામાંથી પાણીનાં ટીપાં પડશે ને જો તે મરણ પામ્યો હશે, તો પાંદડાં કરમાઇને ખરી પડશે." રાણી પિંગળાએ મહાગુરુનો ઉપકાર માન્યો અને તે બી પોતાના ચોકમાં વાવ્યું.

થોડા માસ પછી રાજા હૂન મહેવાસી ગામડાંના લૂંટારૂઓને તાબે કરવાને બહાને ચંદ્રાવતી છોડી ગયો અને ત્યાંથી રાણીના સતીત્વની કસોટી કરવાને સંદેશો મોકલવાનો ઠરાવ કર્યો. રાજાએ બધા સરદારોને બોલાવ્યા ને આ સંદેશો લઇ જવાને ફરમાવ્યું; પણ કોઇએ એ કામ કરવા માથે લેવાની મરજી દેખાડી નહિ. આ કાળું કર્મ કરતાં કોઇનો જીવ ના ચાલ્યો. આખરે એક રબારીએ આ કામ કરવાનું માથે લીધું. રાજાએ પોતાના મરણનો સંદેશો કહાવ્યો, તે સાથે પોતાનો મુકુટ મોકલ્યો; પણ કહ્યું કે, "છેલ્લી ઘડીએ રાણીને કહેજે કે આ સંદેશો ખોટો છે." રબારી સાંઢણી પર સવારી કરી પૂર વેગે ચાલ્યો. હાથમાં રાજાનો મુકુટ લઇ ચંદ્રાવતી આવી પહોંચ્યો. આ વખતે મહેલના ઝરૂખામાં રાણી પિંગળા તેની દાસીઓ સાથે વાર્તાવિનોદ કરતી હતી. દૂરથી સાંઢણી આવતી જોઇને રાણી સમજી કે, હવે મોત પાસે આવે છે. તરતજ તે બોલી ઊઠીઃ "બહેનો! હવે મારૂં મૃત્યુ આવી પહોંચ્યું છે." દાસીઓ તેને આશ્વાસન આપવા લાગી, પણ પાસે આવતી સાંઢણી તરફ આંગળી કરી તે બોલીઃ "અરે! પેલો કાસદીઓ અશુભ સમાચાર લઈ આવે છે." જેવો

રબારી મહેલ આગળ આવી પહોંચ્યો કે તરતજ પોક મૂકી રોવા લાગ્યો ને બોલ્યો: "હાય! હાય રે! રાય હૂન મરાયા." ને એક હજૂરિયાને રાણીને આપવા મુકુટ આપ્યો, જે તરતજ રાણીને પહોંચાડવામાં આવ્યો. રાણી આ સમાચાર સાંભળી છાતીફાટ રુદન કરવા લાગી. પછી સ્નાન કરી આસોપાલવના વૃક્ષ પાસે ગઈ ને તેને સવાલ કર્યો કે, "હે વૃક્ષ! મારો પતિ જીવે છે કે મરાયો?" તરતજ ઝાડનાં પાંદડાંમાંથી પાણીનાં ટીપાં ટપકવા માંડ્યાં! તેથી રાણીને ખાતરી થઇ કે, રાજાજી હજુ જીવે છે; પણ મનમાં વિચાર કરવા લાગી કે, "જો હું નહિ મરૂં તો મારા પતિનો પ્રેમ ઓછો થશે; પણ જો હું સતી થઇશ તો તેની સાથે સ્વર્ગમાં આનંદ કરીશ; એટલુંજ નહિ પણ બીજે જન્મે પણ આ પૃથ્વી પર એજ પતિ સાથે મારો સંબંધ બંધાશે. વળી જો ન મરી જાઉં, તો મારા પિતાશ્રી રાજા સોમચંદ્રના કુળને લાંછન લાગે." એમ વિચાર કરી રાણીએ વૃક્ષને કહ્યું:—

"આસુપ ન દીયંત મરણું, વણુમુઆ કેમ લાભંત પ્રેમલું;
અવસાન આવે નવ મરૂં, તો લાજે રાજા સોમચંદરૂ."

"હે આસોપાલવ! તું મને મરવા ના પાડે છે, પણ મર્યા વગર મારા પ્રીતમને શી રીતે મળાય? જો અવસર આવ્યે ના મરૂ, તો રાજા સોમચંદ્રના કુળને ડાઘ લાગે."

એમ વિચાર કરી રાણી પિંગળાએ મરવાનો ઠરાવ કર્યો. ખોળામાં રાજાનો મુકુટ મૂક્યો ને તેને બાઝીને એવો ઊંડો નિશ્વાસ મૂક્યો કે, એક ક્ષણમાંજ રાણીના મસ્તકનું તાળવું ફાટ્યું ને તે રસ્તે તેનો જીવ નીકળી ગયો. રાણીનો આવો પતિભાવ જોઇને રબારી બોલી ઊઠ્યો: "હે રાણિ! આ ખબર તો ખોટી છે, રાજાજી તો જીવે છે!" પણ અફસોસ! આ અવાજ નીકળતાં પહેલાં તો રાણીએ દેહ છોડી દીધો. દાસીઓએ રાણી પિંગળાના શબને રાજાના મુકુટ સાથેજ એક સુંદર ચિતા પર ગોઠવ્યું ને અગ્નિદાહ કર્યો.

રબારીના ગયા પછી થોડી વારે રાજા હૂનને પોતાના આવા કામને માટે દિલગીરી થવા લાગી અને તેથી તરતજ ઘણા સરસ ઝડપી ઘોડાઓ તૈયાર કરાવ્યા ને ચંદ્રાવતી તરફ કૂચ કરી. જેમ જેમ ગામ આવતું ગયું, તેમ તેમ રાજાને ચિંતા વધવા લાગી. ગામ આગળ આવી પહોંચ્યો, તો સ્મશાનભૂમિમાં ધુમાડાના

ગોટેગોટા નીકળતા દેખાયા. રસ્તામાં એક સ્ત્રી રાજાને મળી. રાજાએ તે સ્ત્રીને પૂછ્યું કે, "આ ધુમાડો શાનો છે?" તે બોલી કે:—

"સોના વરણી ચેહ બળે, રૂપાવર્ણો છું હું;
નાવલિયા! તારી નારી જળે, જાંહાં ઘર જાતા તું."

"ચિતાના ભડકા તો સોનેરી છે ને ધુમાડો રૂપેરી છે. પતિ! તું જેને ઘેર જતો હતો, તે તારી પત્ની બળે છે."

આવા અણધાર્યા અને હૃદયવેધક સમાચાર સાંભળી રાજા ઘણોજ દિલગીર થયો ને ઘોડેથી ઊતરી ચિતાની આસપાસ ફરવા લાગ્યો. તેના કારભારીઓ તથા ઉમરાવો તેને દિલાસો આપવા લાગ્યા, પણ તેની કાંઇ પણ અસર તેના મન પર થઇ નહિ. રાજા હૂને ઘણા દિવસો આ સ્થિતિમાં ગાળ્યા. એક દિવસ ગુરુ ગોરખનાથ ત્યાં સ્મશાનમાં આવી પહોંચ્યા ને રાજાને જોઇને પૂછ્યું: "હે રાજન્! આ સ્મશાનમાં કેમ ભટકો છો?" રાજાએ જવાબ આપ્યો: "હે મહારાજ! મારી પ્રિયપત્ની રાણી પિંગળા બળી મૂઇ છે." એટલામાં ગુરુ ગોરખનાથના હાથમાંથી એક માટીનો ઘડો ભોંય પર પડ્યો ને તેના કકડેકકડા થઇ ગયા. તેથી ગુરુ પોકેપોક મૂકી રોવા લાગ્યા અને તે ઘડાની આસપાસ રોતા રોતા ફરવા લાગ્યા. આવા મહાન પુરુષને આવી નજીવી ચીજને માટે રોતા જોઇને રાજાને ઘણોજ અચંબો થયો ને બોલ્યો: "હે મહારાજ! મારી રાણી પિંગળા જેવી પત્ની મળવી દુર્લભ છે ને તેથી તેના મોતથી હું અહીં ભટકું છું; પણ તમારો તો ફક્ત માટીનો ઘડો ભાગી ગયો છે ને? એવા એક તો શું પણ હજાર ઘડા હું લાવી આપું." ત્યારે ગુરુ બોલ્યા: "અરે રાજન્! તારી મરી ગયેલી રાણીને પણ હું તને પાછી લાવી આપું." રાજાને આ સાંભળી ઘણો હર્ષ થયો ને ગુરુને તેમ કરવા વીનવ્યું. ગુરુએ તે રાણીની રાખ પર પાણી છાંટ્યું ને તરતજ પચીસ સ્ત્રીઓ રાખમાંથી ઊભી થઇ અને તે સઘળી રાણી પિંગળાના જેવીજ હતી. ગુરુએ કહ્યું: "હે રાજન્! તારી પિંગળાને ઓળખીને ઘેર લઇ જા." પણ રાજા રાણી પીંગળાને ઓળખી શક્યો નહિ. ગુરુએ ફરીથી તે સ્ત્રીઓ પર પાણી છાંટ્યું, ત્યારે ખરી પિંગળા સિવાયની બીજી સ્ત્રીઓ અદૃશ્ય થઇ ગઇ. આ જોઇ રાજા બોલ્યો: "હે મહારાજ! હવે મારે આ સંસારમાં ફરીથી પડવા વિચાર નથી. મને તો

તમારો શિષ્ય કરીને રાખો.” ગુરુ ગોરખનાથે સાધુઓની જંગલની સ્થિતિ ને રાજમહેલના સુખભોગની સરખામણી કરી, રાજાને રાજમહેલમાં પાછા ફરવા સમજાવ્યું; પણ સઘળું વ્યર્થ. આખરે ગુરુએ રાણી પિંગળા પર પાણી છાંટયું ને રાણી રાજા તરફ ઠપકાની નજરે જોતાં અદશ્ય થઇ ગઇ અને રાજા ગુરુ ગોરખનાથનો શિષ્ય થઇને ગુરુ સાથે ફરવા લાગ્યો.

રાજા હૂન પછી પરમાર વંશનો અંત આવ્યો. રાજાના ગયા પછી રાજ્યમાં અંધકાર વ્યાપી રહ્યો. આખરે શેશમલજી ચૌહાણે ચંદ્રાવતી પર ચડાઇ કરીને તે શહેર કબજે કર્યું ને પરમાર રાજ્યને પોતાના માલવદેશ સાથે જોડી દીધું.*

૧૨–મોહનાંગિની

એ દક્ષિણ દેશના કૃષ્ણરયાલુ નામના રાજાની કન્યા હતી. બાલ્યકાળમાં પિતાની પાસેથી એણે ઘણું સારૂં શિક્ષણ મેળવ્યું હતું. રાજા રામરયાલુની સાથે એનું લગ્ન થયું હતું. પરણ્યા પછી, પણ એ પોતાનો ઘણો સમય ગ્રંથો વાંચવામાં અને ભાષા શીખવામાં ગાળતી. બાલ્યકાળથીજ તે કાવ્યો રચતી, પણ યૌવનાવસ્થામાં એ કાવ્યરચનાને માટે યશસ્વી થઇ. એણે ‘મરીચિપરિણય’ નામનું એક કાવ્ય રચ્યું છે. એ ગ્રંથે પંડિત સમાજમાં સારી પ્રતિષ્ઠા મેળવી છે. કહેવાય છે કે, પિતાની રાજસભામાં એ પોતાની રચના વાંચીને સભાપંડિતોને મુગ્ધ કરતી હતી.

મોહનાંગિની પૂર્ણ યૌવનાવસ્થામાં વિધવા થઇ અને સ્વામીની સાથેજ તેણે ચિતામાં પ્રાણ વિસર્જન કર્યો.

---

* “ઇંડિયન એન્ટિકવરી” ના ૪૦ સ૦ ૧૮૭૩ ના ઓગસ્ટ માસના અંકમાં મેજર જોન ડબલ્યુ. વોટ્સનના લેખ પરથી શ્રી. મોતીલાલ અમુલખરાય દેસાઇએ લખેલા અને બુદ્ધિપ્રકાશના માર્ચ ૧૯૧૩ ના અંકમાં છપાયલા લેખનો અક્ષરશઃ ઉતારો.—પ્રયોજક

१३-राणी टूंक याने सती मारु

અરવલ્લીના ડુંગરોમાં સુરખકરી નામે એક ટેકરી છે ને તે ટેકરીના પશ્ચિમ છેડે એક રાણી ટૂંક નામે શિખર છે. આ શિખર પાલનપુર તાબાના દાંતીવાડા ગામથી દોઢેક માઇલ દૂર છે. એ શિખરની તળેટીમાં ધારાપુર શહેર અને ધારાસર તળાવ આવેલાં છે. આ તળાવ તથા શિખરને માટે આવી દંતકથા છે:—

નગરપારકરનો સરદાર ચાંડણ સોઢા એક દિવસે રણને એક છેડે આવેલા ગામડામાં શિકારે ગયો અને ગામડાની સીમમાં એક જંગલી ભૂંડ જોયું. તરતજ સોઢો તેની પૂંઠે નીકળ્યો. આગળ ભૂંડ ને પાછળ સોઢા, એમ દોડતાં દોડતાં રાત પડી ગઈ; પણ પૂર્ણિમાનો દિવસ હોવાથી ચાંડણ હઠ્યો નહિ ને પાછળ ને પાછળ ગયો. ચાંડણનો ઘોડો પણ ઘણો હોશિયાર હતો. આખરે તેઓ દોડતા દોડતા રણ ચીરીને રણની બીજી બાજુએ વાગર આવી પહોંચ્યા. ચાંડણ સોઢાએ હજુ પણ પૂંઠ છોડી નહિ અને પોહ ફાટવાનો વખત થયો; એટલામાં તેણે ભૂંડને પકડી પાડ્યું ને તેને ભાલા વડે મારી નાખ્યું. આ બનાવ ફેયાકોટની સીમમાં બન્યો. અહીંયા લાખાફૂલાણી નામે મહાન રાજા રાજ્ય કરતો હતો.

દુહો

લાખા પુત સમુદ્રકા, ફૂલધરે અવતાર,
પારેવા મોતી ચગે, લાખરે દરબાર;
પલાણી હીરે જડી, સુરત પંચાણી,
પશ્ચિમ હિંદો પાદશા, લાખો ફૂલાણી.

લાખાનું વર્ણન કરતાં લખવામાં આવ્યું છે કે, “સમુદ્રના

પુત્ર લાખાએ ફૂલવંશમાં અવતાર લીધો છે. ઓ લાખા ! તારા દરબારમાં કબૂતરો મોતીનો ચારો ચરે છે. ઓ બુદ્ધિશાળી પુરુષ ! તારા ઘોડાના પલાણ ઉપર હીરા જડેલા છે. લાખા ફૂલાણિ ! તું તો પશ્ચિમનો હિંદુ બાદશાહ છે."

ચાંડણ સોઢાએ આ રાજાના રાજ્યની હદમાં શિકાર કર્યો. શિકારની વાત એક ગામડિયાએ લાખાને જણાવી. પોતાના રાજ્યમાં વગર રજાએ શિકાર કરેલો જાણી લાખો ગુસ્સે થયો ને ઘોડે ચઢી, સવારો સાથે લઇ ચાંડણ સોઢાની પાસે આવ્યો. ચાંડણ સોઢાએ આમ ધસી આવવાનું કારણ પૂછ્યું. લાખાએ ભૂંડને મારવા બદલ તેને ઠપકો આપ્યો. ચાંડણ સોઢાએ કહ્યું: "આ ભૂંડ તમારૂં ન હોય. એ તો રણની પેલીમેરના મારા ખેતરોમાંનું છે ને તેની પૂંઠેજ હું આવ્યો છું." પણ છેટું બહુજ હોવાથી આ વાત માની નહિ ને લાખાએ ચાંડણને મારી નાખવાની ધમકી આપી. ત્યારે ચાંડણે કહ્યું: "જો તમે આ વાત ન માનતા હો, તો આપણે આ ભૂંડનું પેટ ચીરીએ. જો તેમાંથી બાજરીનાં કણસલાં તથા તડબૂચાનાં બિયાં મળી આવે, તો તે મારા રાજ્યમાંથી આવેલું હોવું જોઇએ અને જો તેમાંથી શેરડી કે કઠોળ નીકળે, તો તે તમારા રાજ્યનું હોવું જોઈએ." લાખાએ કહ્યું: "પણ જો તે ભૂંડ મારૂં નીકળે તો પછી શું?" ચાંડણે જવાબ આપ્યો: "પણ જો મારૂં નીકળે તો શું ?" પછી એમ શરત કરવામાં આવી કે, જો તે ભૂંડ લાખાનું નીકળે, તો ચાંડણ સોઢાએ લાખાની મરજીમાં આવે ત્યાંસુધી કેદખાનામાં રહેવું ને તેની મરજી પ્રમાણે દંડ આપી છુટકારો મેળવવો; પણ જો ચાંડણનું નીકળે, તો લાખા ફૂલાણીએ પોતાની કુંવરી ફૂલમતીને ચાંડણ સાથે પરણાવવી. આ શરતો બંનેએ કબૂલ કરી અને ભૂંડનું પેટ ચીરવામાં આવ્યું તો તેમાંથી બાજરી તથા તડબૂચાનાં બિયાં નીકળ્યાં. તેથી સાબિત થયું કે, તે ભૂંડ ચાંડણ સોઢાના રાજ્યનું હતું ને ચાંડણે લાખાને વચન પાળવા જણાવ્યું. લાખાએ દરબાર ભરી ચાંડણ સોઢા સાથે પોતાની કુંવરી ફૂલમતીનો વિવાહ કર્યો ને ચાંડણ સોઢાને સંદેશો મળ્યે લગ્ન કરવા આવવાનું જણાવી વિદાય કર્યો. સોઢાના ગયા પછી રાણી તથા દરબારીઓએ આ લગ્ન કરવામાં વાંધો લીધો; કેમકે લાખાની સાથે સરખાવતાં ચાંડણનું રાજ્ય ઘણુંજ નાનું હતું

અને તેથી આવા નાના રાજ્યના ઠાકોર સાથે લાખા જેવા મહાન રાજાની કુંવરીનાં લગ્ન થાય, તો લાખાના કુળને લાંછન લાગે, તેથી રાણી તથા દરબારીઓએ તે લગ્ન ન કરવા લાખાને સમજાવ્યું; પણ લાખો એકવચની હતો. તે લગારે ડગ્યો નહિ. આખરે એક ડાહ્યા સરદારે રસ્તો શોધી કાઢ્યો, કે જેથી તેના વચનનો ભંગ પણ ન થાય અને ફૂલમતીને ચાંડણ સોઢા સાથે પરણાવાય પણ નહિ. તે એવો રસ્તો હતો કે, લગ્નનો દિવસ નક્કી કરવો ને ચાંડણને એવી રીતે કંકોતરી મોકલવી કે લગ્નને આગલેજ દિવસે તે પહોંચે, કે જેથી ચાંડણ સોઢાનો મુલક ચોવીસ કલાકમાં ન પહોંચી શકાય એટલે દૂર હોવાથી લાખો પણ તેના વચનના બંધનથી છૂટશે.

આ પ્રમાણે યુક્તિ કરવામાં આવી ને લગ્ન વૈશાખ સુદિ ૧૩ સંવત ૧૧૧૯ ના રોજ નક્કી કર્યાં અને બ્રાહ્મણને કંકોતરી બારશેજ આપે એમ કહી મોકલ્યો; તેજ પ્રમાણે વૈશાખ સુદિ બારસે જઇ ચાંડણને કંકોતરી આપી. ચાંડણ સોઢા આ લુચ્ચાઈ જાણી ગયો ને મનમાં ઘણોજ દિલગીર થયો. આખા નગર-પારકર રાજ્યમાં ચોવીસ કલાકમાં કેયાકોટ પહોંચાડે એવા ઘોડા કે ઊંટની તપાસ કરાવી, પણ કંઇ મળ્યું નહિ. આખરે ચાંડણ ત્યાં જવાની આશા છોડવાની તૈયારીમાં હતો, એટલામાં ધારા નામે સુથારે આવી તેને કહ્યું: "મારી પાસે બે સુંદર નીલધાઇ બળદો છે. તેઓ એક દિવસમાં ત્રણસો માઇલ કાપે છે તે હું તમને આપીશ." ચાંડણે સુથારનો ઉપકાર માન્યો ને તે બળદોને જોડવાને હુકમ કર્યો. સુથારે બળદો જોડયા ને ચાંડણે માથે લગ્ન–મુકુટ (ખૂંપ) મૂકયો ને સુથારે ગાડી ચલાવી. પોહ ફાટતાંજ તેઓ કેયાકોટ આવી પહોંચ્યા ને લાખા ફૂલાણીને સંદેશો મોકલ્યો કે, "ચાંડણ સોઢા પરણવા આવી પહોંચ્યો છે." ચાંડણ વખતસર આવેલો હોવાથી લાખાએ પોતાની પુત્રી પરણાવવાનો ઠરાવ કર્યો ને લગ્નની તૈયારીઓ થવા માંડી. પૂરભભકાથી ચાંડણ સોઢા અને ફૂલમતીનાં લગ્ન થયાં. સોઢા તથા નવી સોઢારાણીને માટે એક સરસ સુંદર મહેલ આપવામાં આવ્યો. લાખાએ સુથારને પણ સારો ઉતારો આપ્યો અને તેના નીલધાઈ બળદોને સારૂ પણ સુંદર તબેલો કાઢી આપ્યો.

થોડા દિવસ તેઓ લાખાના રાજ્યમાં રહ્યાં. એક દિવસે

લાખો ચાંડણને મળવા સોઢાને ઉતારે આવ્યો ને વાતમાં ને વાતમાં પૂછી જોયું કે, “ આટલે બધે દૂરથી તે ચોવીસ કલાકમાં શી રીતે આવ્યો ? ” ચાંડણે સુથારના નીલધાઇ બળદોની વાત કહી. લાખા ફૂલાણીએ ગમે તે રસ્તે આ નીલધાઈ બળદો મેળવવાનો મનમાં વિચાર કર્યો. સુથારે તો તે વેચવાની ના પાડી. હવે એમ બન્યું કે, લાખાની ઓરમાન મા રાણી જલકુના મહેલની નીચે સુથારનો ઉતારો હતો. રાણી જલકુ લાખાના પિતા જાડેજા ફૂલાની સાથે તેના મરણ પહેલાં થોડાં વર્ષો પરજ પરણી હતી, તેથી તે હજુ યુવાન તથા ઘણીજ ખૂબસૂરત હતી અને તેથી લાખાએ આ સુથાર પર રાણી જલકુ સાથે તેને આડો વ્યવહાર છે, એમ તહોમત મૂક્યું ને સુથારને કેદ કર્યો.

લાખાએ એક બે મહિના પછી એ નીલધાઇ બળદો કબજે કરવાનો ઠરાવ કર્યો, કેમકે ત્યારે સુમરા બધા ભૂલી પણ જશે કે, તે બળદો કોના છે ? રાણી જલકુના પર આવું ખોટું આળ મુકાવાથી તે ઘણીજ નારાજ થઇ અને વિચાર કર્યો કે, “ જો કે આળ ખોટું છે, તોપણ લોકો તો તે માનશે અને હમેશને માટે મને કાળી ટીલી ચોટશે.” આથી તે ખોટું આળ દૂર કરવાને સુથારની સાથેજ નાસી જવાનો તેણે નિશ્ચય કર્યો. રાણી પાસે મૂળી નામે એક ગુલામડી હતી. તેને રાણીએ ધારા સુથાર પાસે મોકલીને કહાવ્યું: “ મને લઇ ચાલ. હું તારી સાથે આવવા તૈયાર છું. હું મારી સાથે પુષ્કળ પૈસાટકા લેતી આવીશ; તેથી તને લગાર પણ ફિકર રહેશે નહિ. ” ધારા સુથારે કહાવ્યું કે, “ હું તો કેદમાં છું ને ત્યાંથી શી રીતે તમને લઇ જાઉં ? ” રાણીએ જવાબ મોકલ્યો કે, “ જો તું મને કેયાકોટેથી લઇ જવા બંધાતો હોય, તો તને કેદખાનામાંથી છૂટો કરવાને યુક્તિ કરૂં.” ધારાએ કબૂલ કર્યું. રાણી જલકુએ સુથારને છોડવાને પહેરેગીરોને લાંચ આપી. રાણીએ પોતે એક સરસ બખતર પહેર્યું અને પોતાની ત્રણ વર્ષની કુંવરી મારુ તથા મૂળી ગુલામડીને લઈ ધારા સુથારની રાહ જોતી શહેરના દરવાજા બહાર ઊભી રહી. ધારા સુથારે છૂટીને પોતાના નીલધાઇ બળદો જોડ્યા ને કોઇ જુએ નહિ તેમ ગામ બહાર આવી રાણીને મળ્યો. રાણીએ મૂળીને રજા આપી ને મારુને લઇ ગાડીમાં બેઠી ને ધારાએ બળદો હંકારી મૂક્યા. તેઓએ સંધ્યાકાળે કેયાકોટ છોડ્યું, પણ નીલધાઇઓ એટલી

ઝડપથી ચાલ્યા કે, તેઓ સવારમાં ધાનેરા પરગણાના સોલંકી રાજ્યના શિયાગામ મુકામે આવી પહોંચ્યા. તેઓએ ઝાડ નીચે ગામ બહાર કૂવા આગળ મુકામ કર્યો. ત્યાં કેટલાક છોકરા રમતા રમતા આવી પહોંચ્યા. આમાંથી બે છોકરાને પોતાની સાથે આવવા તેઓએ લલચાવ્યા. એકનું નામ વિરામજી હતું; જે જેઠમલજી સોલંકીનો પુત્ર હતો અને બીજો દેવરાજ રબારી-નો પુત્ર હતો. શિયાગામ છોડતી વખતે આ બન્ને છોકરાઓને પોતાની સાથે લીધા અને પછી તેઓએ જાસોર અથવા જયરાજ-ની ટેકરી પાસે મુકામ કર્યો અને ત્યાં ધારા સુથારે એક ગામ વસાવ્યું તથા તળાવ ખોદાવ્યું. ગામનું નામ ધારાપુર ને તળાવ-નું નામ ધારાસર પાડ્યું. રાણી જલકુને પૈસે મોટાં મોટાં મકાનો બંધાવ્યાં ને સારા ખેડૂતો પણ ધારાપુર આવી વસ્યા. અહીં દસ વર્ષ સુધી તેઓ સુખે રહ્યાં ને ગામ પણ આબાદ થવા લાગ્યું. હવે રાજકન્યા મારુ ઉંમરલાયક થઇ. તે ઘણીજ ખૂબસૂરત હતી. વિરામજી સોલંકી તથા દેવરાજ રબારી બન્ને જણા તેનાથી મોહિત થયા હતા; પણ મારુ વિરામને ચાહતી હતી. જો કે મારુ રાજકન્યા હતી અને રાણી જલકુ સુથાર સાથે નાસી આવેલી, તેથી રાણીને ભય હતો કે, કોઈ રાજવંશી સાથે તેની પુત્રી પરણી શકશે નહિ; એટલે રાણીએ મારુને વિરામજી સોલંકી સાથે પરણાવી. આથી દેવરાજ રબારીને ઘણું લાગી આવ્યું; કારણકે તે પણ મારુને ચાહતો હતો. તેથી જે દિવસે વિરામજીનાં લગ્ન મારુ સાથે થયાં, તેજ દિવસે ગુસ્સામાં ને ગુસ્સામાં તેણે ધારાપુર છોડ્યું અને ઠેઠ અમરકોટ કે જ્યાં સોઢા સુમરા રાજ્ય કરતો હતો, ત્યાં આવી પહોંચ્યો. જ્યારે સોઢાએ દરબાર ભર્યો, ત્યારે દેવરાજ આવી સલામ ભરીને બોલ્યોઃ "હે સુમરા રાજા! તમારે લાયક એક ઘણીજ ખૂબસૂરત સુંદરી છે." ને તે સુંદરીનાં વખાણ કરતાં તે નીચેનો દુહો બોલ્યોઃ—

દુહો

" જણ સંચે મારુ ઘડી, કોઇ ઘડ્યો નહિ સંસાર;
કે એ સંચો ગળ ગયો, કે ભૂલ્યો કરતાર."

"જે બીબે મારુને ઘડી તે બીબે બીજા કોઇને ઘડવામાં આવી નથી. આ બીબું ભાંગી ગયું છે કે કરતાર એવું બીજું બીબું બનાવવાનું ભૂલી ગયો છે?"

આ પ્રમાણે વિરામજી સોલંકીના તરફ અદેખાઇને લીધે દેવરાજે કહ્યું. મારુનાં આવાં વખાણ સાંભળી રાજા સુમરાએ તે રબારીને કહ્યું: “ જા મારા રાજ્યમાં ફર ને મારુ સાથે સરખાવી શકાય, એવી કોઇ પણ સુંદરી શોધી કાઢ. ઘણી શોધ પછી તે રબારીએ એક સ્વરૂપવાન લુહારણ શોધી કાઢી. દેવરાજે સુમરાની પાસે આવી કહ્યું:—

“ સોઢા તારા શહેરમેં, લંજે દિલ લુહાર,
ઢીલે કંકણ ઢળકતી, ઓ મારુ અણીહાર. ”

“ હે સોઢા! તારા શહેરમાં આ ખૂબસૂરત લુહારણ છે, તેના હાથે કંકણ ઢળકી રહે છે; અર્થાત્ તેના શરીરનો ઘાટ ઘણોજ સરસ છે, પણ એ સહેજ મારુ જેવી છે.” સોઢાએ તરતજ તે લુહારણને બોલાવી અને તેના સ્વરૂપથી એટલો બધો તે મોહિત થયો કે, તરતજ તેને પરણ્યો; તોપણ દેવરાજના બોલવાથી તેને લાગ્યું કે, મારુ તો આથી પણ વધારે સ્વરૂપવાન છે, તેથી તેના ભાઈ હમીર સોઢાને ૫૦૦ ઘોડેસવારો લઇને ધારાપુરથી મારુને લઇ આવવા મોકલ્યો ને દેવરાજને પણ તેની સાથે મોકલ્યો. તેઓ ધારાપુર આવી ધારાસર તળાવની ઝાડીમાં સંતાયા. દેવરાજે હમીરને કહ્યું કે, “ મારુ અહીં દરરોજ કૂવે પાણી ભરવા આવે છે ને તેથી તે અંહીં આવશે કે તરતજ આપણે તેને ઉપાડી લઇ જઇશું.” પણ તે રાત્રે વરસાદ પુષ્કળ પડ્યો, તેથી લોકોએ પાણીનાં વાસણો ભરી લીધાં, તેથી કોઇ પણ પાણી ભરવા આવ્યું નહિ. મારુ પણ આવી નહિ, ત્યારે હમીર બોલ્યો:—

“ મેહા તેં મોંસું કરી, એ હડી મતી કરી;
સરવર નાવી મારુઇ, ગઈ છીલરે ભરી.

“ હે મેહુલા! જેમ તું મારી સાથે વર્ત્યો છે, તેમ બીજા સાથે ના વર્તતો. મારુ આજે સરોવરે પાણી ભરવા ના આવી ને ઘોધે પાણી ભર્યાં.”

હમીરે દેવરાજને પૂછ્યું: “ હવે શું કરવું ? ” દેવરાજે કહ્યું: “ રાણી જલકુ અને મારુ તેમના ચોકમાં છાસ વલોવે છે ને ત્યાં આગળ કોઈ પણ ચાકરબાકર નથી, માટે ચાલો.” એમ કહી તે બન્ને બે ઘોડા તથા એક ઊંટ લઇ ત્યાં ગયા, ત્યારે તો માદીકરી છાસ વલોવતાં હતાં. મારુનું ઓઢણું મારુના ખભા પર એવી રીતે

પડ્યું હતું, કે મારુનું સુંદર મુખ દેખાતું નહોતું; તોપણ મારુએ વલોવવાનું જારી રાખ્યું ને પગની લચક વતી ઓઢણું ઠીક કર્યું. આ ચતુરાઈ જોઇ દેવરાજ બોલ્યો:—

દુહો

"ઊભી વલોણે નેત્રો ઝાલી મારુઇ;
તાણી તેહમે લી લંક ઝળંકો લોવડી."

અર્થાત્ મારુએ હાથમાં વલોવવાનું દોરડું ઝાલ્યું છે. તેણે તેના પગની ચાલાકીથી પોતાનું લૂગડું ઠીક કર્યું છે.

હમીરે તેનો ચહેરો જોયો તથા તેની ચાલાકી જોઇને દેવરાજના દુહાથી સમજ્યો કે, એજ મારુ હોવી જોઇએ. તરતજ મારુને પકડી હમીર ઘોડે ચડ્યો; આગળ જઇ ઊંટ પર સવારી કરીને તેને લઈ અમરકોટ આવી પહોંચ્યો. અહીં મારુને એક સુંદર મહેલમાં ઉતારો આપ્યો ને બીજે દીવસે સુમરા સોઢાએ મળવા જવાનું કહેણ મોકલ્યું, ત્યારે મારુએ જવાબ મોકલ્યો કે, "મેં તો ઊંટિયું વ્રત લીધું છે, તેથી છ મહિના સુધી તો મહેલમાંજ રહીશ ને કોઇ પણ પુરુષથી મળાશે નહિ. છ મહિના પૂરા થયા બાદ, એક સરસ ઊંટ પર સવારી કરવી પડશે; ત્યારે તે વ્રત પૂરૂં થશે ને ત્યાર પછી સુમરા સોઢાને મળી શકાશે. આ છ મહિનામાંથી એક મહિનો તો વીતી ગયો છે." સુમરા સોઢાએ તેની માગણી કબૂલ કરી ને ત્યાંસુધી મુલાકાત ન કરવા બંધાયો. રાણી મારુએ વિરામજી સોલંકીને એક પત્ર ખાનગી રીતે ધારાપુર મોકલ્યો. તેમાં લખ્યું કે, "પાંચ માસ સુધી મારા વ્રતને લીધે મારૂં રક્ષણ થશે. એક સુંદર ઊંટ લઇને જલદી આવી અમરકોટ રહો. હું તમને મળવાની યુક્તિ કરીશ ને પછી આપણે નાસી છૂટીશું. જો વખતસર નહિ આવો, તો હું પ્રાણત્યાગ કરીશ; પરંતુ કદી પણ રાજાને મારા પતિ તરીકે સ્વીકારશ નહિ." આ કાગળ મળતાં વિરામજીએ ખેમાતના જતી ભેખડા પાસેથી બસો રૂપિયાનું એક સરસ ઊંટ ખરીદ્યું.

દુહો

માથો ટામંક જેહો, બાહુ ડંડ પ્રચંડ;
દીઓ ના ઢાવોત ભેમડે, ધર કરવત ઘરમંડ.

પાણીના ઘડા જેવા માથાવાળું, ડંડ જેવા પગવાળું, દુનિયાના કરવતરૂપ ને (વિરામજી જેવાનું) ઘર મંડાવનારૂં ઊંટ ભેમડાએ આપ્યું.

વિરામજી ઊંટ લઈ અમરકોટ આવી રહ્યો. છાની રીતે મારુ સાથે સંદેશા ચલાવવા માંડયા. એક દિવસે સુમરા સોઢાની એક રાણી કે જેનું નામ સોહેની રાણી હતું, તે મારુને મળવા આવી ને કહ્યું: "ચાલો મારુ! આપણે મજા ઉડાવીએ. શરાબ પી આનંદ કરીએ." મારુએ જવાબ આપ્યો "મારા પતિ ધારાપુર છે ને તે એકલા છે, તેથી હું શી રીતે દારૂ પી શકું?" ત્યારે સોહેની રાણી બોલી:—

"ધારાપુરથી ચલ આઇ, આવી રાએ ઘેર;
ધાબરીઆરા કંથરો, મારુ શોક કશો કરે."

"ધારાપુરથી આવીને તમે તો રાજમહેલમાં આવ્યાં છો. ઓ મારુ! તમે ધાબળી ઓઢનારા તમારા કંથ માટે હવે શાને શોક કરો છો?"

મારુએ જવાબ આપ્યો:—

"પટોળું પાંચે મળે, લોઢી લાખ વકાએ,
તો મન સોઢો સુમરો, મો મન વિરમ રાએ."

"પટોળું પાંચ રૂપિયે મળી શકે છે; પણ લોઢી (શાલ) એક લાખ રૂપિયાની કિંમતની પણ હોઇ શકે છે. તારૂં મન સોઢા સુમરામાં છે, પણ મારૂં મન વિરામરાયમાં છે."

આમ કહી મારુએ દારૂ પીવાની ના પાડી. આખરે તેના વ્રતના છ મહિના પૂરા થયા. મારુએ સુમરાને કહાવ્યું: "હવે વ્રત પૂરૂં થયું છે, માટે સારામાં સારૂં ઊંટ મંગાવો ને વ્રતની પૂર્ણાહુતિ કરો કે પછી મળી શકાય." રાજાએ શહેરનાં બધાં ઊંટો એકઠાં કર્યાં ને મારુએ વિરામજીનું ઊંટ પસંદ કર્યું ને બીજા બધાને રજા આપી. હવે મારુએ વિરામજી સાથે ઊંટપર સવારી કરી. આ વખતે બીજી રાણીઓ તથા વિરામજી સિવાય કોઇ નહોતું. મારુએ મોઢે બૂરખો નાખ્યો. ફક્ત શહેરના કોટમાંજ ફરવાનું કહી ઊંટ ચલાવવા હુકમ કર્યો. આમ કહી જેવા તેઓ રાણીઓથી જોવાય નહિ એવી જગ્યાએ આવ્યા, કે તરતજ વિરામજીએ ધારાપુરનો રસ્તો લીધો. રસ્તા-

માં એક ચારણ મળ્યો. ચારણે દક્ષિણા માગી. તેઓની પાસે કાંઇ પણ પૈસા નહોતા, તેથી મારુએ પોતાનો સોનાનો હાર ચારણને આપ્યો ને કહ્યુંઃ "સુમરા સોઢાને ત્યાં જજે ને મારા ઊંટનાં વખાણ કવિતામાં કરજે." મારુના ગુમ થયાની ખબર સોઢે સાંભળી. લશ્કર લઇ તેની પૂંઠે નીકળ્યો. રસ્તામાં તેઓને પેલો ચારણ મળ્યો. ચારણે જાણ્યું કે, "આજ સુમરા સોઢા છે, તેથી મારુનો સંદેશો કહ્યોઃ—

"કરહે કે થળ લાંઘીઆ, દોરા ઘાટ દરંગ,
આવી સુમરને કહીઓ, તું કયું મારે તરંગ."

"અરે સુમરા! ઊંટ તો (રેતીના) થાળો તથા અઘરા ઘાટો ઓળંગી ક્યાંએ ચાલી ગયું છે! હવે શા માટે તું તારા ઘોડાને થકવે છે?"

સુમરા સોઢાએ જાણ્યું કે, ઊંટ તો પકડી શકાય એમ નથી, તેથી તે પાછો અમરકોટ આવ્યો ને લશ્કર લઇ ધારાપુર પર ચડાઇ કરી. લશ્કરને આવતું જોઇ, ધારા સુથાર, વિરામજી સોલંકી, બે રાણીઓ જલકુ તથા મારુ સુરબકરીના ડુંગરાઓમાં ગયાં. ત્યાં એક મોટું યુદ્ધ થયું, તેમાં ધારો, વિરામજી ને તેમનાં માણસો મરાયાં. હવે જલકુ અને મારુએ પણ દુશ્મનને હાથે લાજ લૂંટાવવા કરતાં મોત પસંદ કર્યું ને તેથી સુરબકરીના ડુંગરોની એક છેડાની ટૂંક પરથી તેઓએ કૂદકો માર્યો અને શરીરના ચૂરેચૂરા ઊડી ગયા. આ ભોગની યાદમાં આ શિખર, રાણી ટૂંકના નામથી ઓળખાય છે.×

×રા૦ રા૦ મોતીલાલ અમુલખરાય દેસાઇ. બી. એ., એમણે બુદ્ધિપ્રકાશમાં લખેલું આ ચરિત્ર અક્ષરશઃ ઉતારવામાં આવ્યું છે જે માટે તેમનો આભાર માનવામાં આવે છે. —પ્રયોજક

૧૪–કૃષ્ણાકુમારી

વાચકો! હવે આપણે ઓગણીસમા સૈકાના પ્રારંભમાં આવી પહોંચ્યા છીએ. સમયની બલિહારી છે! આજ નથી રહ્યું પહેલાંનું ગૌરવવાળું મેવાડ કે પ્રભાવશાળી દિલ્હી. બારમા સૈકાથી લાગલાગટ પાંચસોછસો વર્ષ સુધી પઠાણો અને મોગલો સાથે યુદ્ધ કર્યાથી મેવાડ આજે જીર્ણ અને દુર્બળ થઇ ગયું હતું. દીવો બુઝાઇ જતાં પહેલાં એક વખત ઘણો ઉજ્જવળ પ્રકાશ પાડતો જાય છે, મરતાં પહેલાં જીવમાં એક વખત પ્રબળ વિકાસનાં લક્ષણ દીઠામાં આવે છે; તેમ રાજસિંહના સમયમાં મેવાડે અસાધારણ વીરતા બતાવીને આખા ભારતવર્ષને સ્તંભિત કરી દીધું હતું; પરંતુ ત્યાર પછી વીર મેવાડનું જાણે એકદમ અધ:પતન થયું. રજપૂતો પણ શિથિલ થઈ ગયા.

રજપૂતોની પડતી આવી, તે વખતે ભારતવર્ષમાં મરાઠાઓનો ચડતો દહાડો હતો. તેમણે ભારતવર્ષના હિંદુ અને મુસલમાન રાજાઓને ત્રાહ્ય ત્રાહ્ય પોકારાવીને પોતાનું રાજ્ય ભારતવર્ષના મોટા ભાગ ઉપર સ્થાપ્યું હતું.

ભારત મૂળથીજ હતભાગી છે. એકપ્રજાત્વની ભાવનાનો અનુભવ ભારતે કોઇ દહાડો કર્યોજ નથી. પ્રાચીન ભારતમાં કૌરવોનું રાજ્ય હતું, પાંડવોનું રાજ્ય હતું, કાશીમાં રાજ્ય હતું અને કોશલ વગેરે હજારો સ્થળોએ નાનાંમોટાં રાજ્યો હતાં; પરંતુ એમણે સમસ્ત હિંદુરાજ્યની સ્થાપના કદી કરી નહોતી. હિંદુઓના વિરોધી મુસલમાનોએ પરદેશથી આવીને હિંદુસ્તાન ઉપર અધિકાર જમાવ્યો. એ વખતના વીર ભારતવાસીઓએ તેમને સુખે ઝંપીને બેસવા દીધા નહિ એ વાત ખરી; તેમની વિરુદ્ધ કદી રજપૂતો, તો કદી મરાઠાઓ, કદી શીખો તો કદી બીજી નાની નાની વીર જાતિઓએ ઉઠીને પોતપોતાની સ્વતંત્ર-

તા માટે યત્ન કર્યો એ વાત પણ ખરી; પરંતુ એ બધાએ મળી-ને આખા ભારતવર્ષમાં એકચક્રી હિંદુસામ્રાજ્યની સ્થાપના કરી નહિ. રજપૂતો પોતાના અભિમાનમાં તણાયે જતા હતા, મરાઠા-ઓ પોતાના રણકૌશલ્યમાં મસ્ત હતા, શીખો પોતાનુંજ ગૌરવ ગાયા કરતા હતા; પણ રજપૂત, મરાઠા અને શીખ કદી એકત્રિત થયા નહિ. ભારતવર્ષના હિંદુ તરીકે તેમણે એકબીજાને કદી આલિંગન દીધું નહિ. પરસ્પર વિરોધ અને વિચ્છેદથી દુર્બળ થઇ-ને એ લોકો આખરે પાયમાલ થઇ ગયા.

મુસલમાનોના વારંવાર થયેલા હુમલાઓને લીધે રજપૂતો જે વખતે શક્તિહીન થઈ ગયા, તે વખતે મરાઠાઓએ તેમને પોતાના ભાઇ ગણીને મદદ આપી હોત, પોતાની નવયૌવનની શક્તિનો વૃદ્ધ રજપૂત જાતિના દેહમાં સંચાર કર્યો હોત, શીખ લોકોએ ઉત્તરમાંથી આવીને મદદને માટે પોતાનો હાથ લંબાવ્યો હોત, તો એ ત્રણે જાતિઓના સંગમથી ભારતવર્ષમાં એક અપૂર્વ ત્રિવેણીસંગમ રચાત અને હિંદુઓની શક્તિ અચળ થઇને આજે દુનિયામાં હિંદુઓનું ગૌરવ વધારત; પરંતુ વિધાતાની ઇચ્છા બીજાજ પ્રકારની હતી. એ ત્રણે ભાઇઓ કોઇ દિવસ મળ્યા નહિ. શીખો પોતાનાજ ઘરમાં બેસી રહ્યા, મરાઠાઓએ રજપૂત જાતિને પડ્યા ઉપર પાટું મારવામાંજ પોતાનું ગૌરવ માન્યું. રજપૂતો એ ઘા સહન કરી શકયા નહિ અને પરિણામ શું થયું, તે આપણે સર્વ અનુભવીએ છીએ.

રજપૂતજાતિની આ હીનતા, દુર્બળતા અને વિડંબનાના સમયમાં એક રજપૂત યુવતી, અપૂર્વ આત્મવિસર્જન કરીને રજપૂતોના મહત્ત્વનું છેવટનું દૃષ્ટાંત બતાવીને આ ક્ષણભંગુર સંસારમાંથી વિદાય થઇ ગઇ છે. એ યુવતી તે મેવાડના રાણા ભીમસિંહની કન્યા કૃષ્ણાકુમારી. કૃષ્ણાકુમારીની માતા આપણા અણહિલવાડના પ્રાચીન ચાવડાવંશની કન્યા હતી. કૃષ્ણાકુમારી-નો જન્મ સં૦ ૧૮૫૦ માં થયો હતો.

રાણો ભીમસિંહ સં૦ ૧૮૩૪ (ઇ૦ સ૦ ૧૭૭૮) માં આઠ વર્ષની કુમળી વયે મેવાડની ગાદી ઉપર બેઠો હતો. એણે ૪૦ વર્ષ સુધી રાજ્ય કર્યું હતું; પરંતુ એના રાજ્યનો ઇતિહાસ તે રાજસ્થાનના દુર્દૈવનો ઇતિહાસ છે. રાણા ભીમસિંહમાં તેના પૂર્વજોના જેટલી તેજસ્વિતા અને દૃઢતા નહોતી.

મેવાડમાં એ સમયે ઘરમાંજ કુસંપ વ્યાપી રહ્યો હતો. વળી મરાઠાઓ મહારાણાને હેરાન કરી રહ્યા હતા. મેવાડમાં એક પક્ષ ચૂડાવત સરદારોનો અને બીજો સક્તાવત જાગીરદારોનો હતો. ચૂડાવતોનો આગેવાન સલૂમરનો રાવત ભીમસિંહ અને સક્તાવતોનો આગેવાન ભાંડરનો મહારાજ મોહકમસિંહ હતો. બંને પક્ષ એક બીજાને દબાવવા માટે અને જડમૂળથી ઉખાડી નાખવા માટે લડતા અને મથતા હતા. હારેલો પક્ષ મરાઠાઓની મદદ લઇને શત્રુઓને નીચું જોવડાવતો હતો. મરાઠાઓને માટે પોતાના રાજ્યનો વિસ્તાર કરવાને આ ઘણો સારો લાગ હતો. મહાદજી સિંધિયા અને તુકોજી હોલ્કરની ફોજ મેવાડને લૂંટવાને માટે સદા પડી રહેતી હતી અને ત્યાંના સરદારોના કુસંપથી પૂરો ફાયદો ઉઠાવતી હતી. મહારાણા દુર્બળ હતા. એમણે એવો નિયમ કરી રાખ્યો કે, જે પક્ષ બીજા પક્ષને દબાવીને ઉપર આવે તેની તરફ પોતે થઇ જતા અને હારેલા પક્ષનો સાથ છોડી દેતા. બંને પક્ષને દબાવીને સ્વતંત્રપણે રાજ્ય ચલાવવા જેટલી શક્તિ એમનામાં નહોતી.

મેવાડમાં સક્તાવત અને ચૂડાવત સરદારોનું જોર જૂના વખતથી ચાલ્યું આવે છે. જ્યારે એ લોકોમાં સંપ હતો, જ્યારે એ લોકો જનની જન્મભૂમિ મેવાડને માટે શિર અર્પણ કરવા તત્પર હતા, ત્યારે મહારાણા પ્રતાપસિંહે બાદશાહો સામે ટક્કર ઝીલી હતી; પરંતુ લાગલાગટ વિપત્તિઓ આવી પડવાથી એ સરદારો હિંમત હારી ગયા અને લડવામાં પાછી પાની કરવા લાગ્યા, ત્યારે મહારાણા અમરસિંહે લાચારીએ બાદશાહ જહાંગીરનું શરણ લીધું. શાહજાદા ખુર્રમે મહારાણાને બાદશાહી ખિલત પહેરાવીને ઘણું સન્માન કર્યું. એ સમયે મહારાણા પ્રતાપના પુત્ર અમરસિંહને પોતાની સ્વતંત્રતાનો ભોગ અપાયાથી ઘણું લાગી આવ્યું. તેનું હૃદય ભરાઇ આવ્યું અને તેણે કહ્યું હતું કે, "આ ખિલત હું નથી પહેરતો, ચૂડાવત અને સક્તાવત સરદારો પહેરે છે!" ચૂડાવત અને સક્તાવત સરદારોની સહાયતા અથવા વૈમનસ્ય ઉપર મેવાડની ઉન્નતિઅવનતિનો કેટલો આધાર હતો, તે બતાવવા આટલો ઉલ્લેખ જરૂરી છે.

એજ સરદારો મૂર્ખતા અને લોભને વશ થઇ રાજ્યમાં પોતાની સત્તા વધારવા સારૂ માંહોમાંહે લડવા લાગ્યા, ત્યારે

મેવાડ ક્ષેમકુશળ કેવી રીતે રહી શકે ? પરિણામ એ આવ્યું કે, આખો દેશ ઉજ્જડ થઇ ગયો. મહારાણાના ખજાનામાં કાંઇ ન રહ્યું અને એ પોતે જાતજાતની આફતોમાં ફસાયા.

સંવત ૧૮૫૩ માં રાવત ભીમસિંહ નામનો સરદાર, સિંધિયાના સરદાર અંબાજી ઇંગલિયાને દસ લાખ રૂપિયા લાંચ આપીને પોતાના શત્રુઓ કરતાં પ્રબળ થઇ ગયો અને મહારાણાએ તેને મુસાહિબ અર્થાત્ રાજ્યના મુખ્ય સલાહકારનો અધિકાર સોંપ્યો. રાવત ભીમસિંહેજ હવે પોતાના શત્રુઓને વધારે દબાવવાને તથા અંબાજીની ફોજ, કે જેનાથી મેવાડની રૈયત ઘણી દુઃખી થઇ ગઈ હતી તેને કાઢી મૂકવાને બીજી યુક્તિ શોધી કાઢી. એણે જોધપુરના મહારાજા ભીમસિંહને પોતાના પક્ષમાં લેવાનો સંકલ્પ કર્યો અને એટલા સારૂ મેવાડની રાજકુમારી કૃષ્ણાબાઇની સગાઈનું માગું તેમની પાસે મોકલ્યું.

કૃષ્ણાકુમારી એ સમયે પાંચ વર્ષની બાલિકા હતી; પરંતુ એ પરમ રૂપવતી હતી. તેના સૌંદર્યને લીધે, લોકો તેને રાજસ્થાન–કુસુમ કહેતા. રજપૂતકન્યાઓનાં લગ્ન એ સમયે બાળવયમાં થતાં નહોતાં; પણ રાજદ્વારી હેતુ પાર પાડવા મેવાડના સરદારોએ બત્રીસ વર્ષના મારવાડાધીશ સાથે તેનું લગ્ન કરવાનો વિચાર કર્યો; ત્રણે ભીમસિંહ (મારવાડનો રાજા ભીમસિંહ, મેવાડના મહારાણા ભીમસિંહ અને તેના મુખ્ય પ્રધાન અને સલાહકાર સરદાર રાવત ભીમસિંહ)ના સ્વાર્થસાધનમાં કૃષ્ણાકુમારીનું બલિદાન અપાવાનું વિધાતાએ નિર્માણ કર્યું હતું.

જે જોધપુરના રાજા ભીમસિંહ સાથે કૃષ્ણાકુમારીનો વિવાહ કરવાનો હતો, તેની વય ૩૨ વર્ષની હોવા ઉપરાંત, એને કેટલીક રાણીઓ અને ખવાસણો હતી.

સંવત ૧૮૫૮ માં મહારાજા જસવંતરાવ હોલ્કરે નાથદ્વારા લૂંટયું. ગોસાંઇજી તો મૂર્તિઓને લઈને ઉદયપુર નાસી ગયા અને હોલ્કરે નાથદ્વારા લૂંટીને ભાંડર ઉપર ચડાઇ કરી. પેલી તરફ અંબાજી સરદારના ભાઇ બાલારાવને મહારાણા સાહેબે બેઅદબી અને સામું બોલ્યાના વાંક માટે કેદ કર્યો. એને છોડાવવા સારૂ કોટાના કામદાર જાલિમસિંહ ઝાલાએ ફોજ લઇને ઉદયપુર ઉપર ચડાઈ કરી. ચૂડાવત એમની સામે લડ્યા અને હારીને નાસી ગયા. મહારાણાને તો મૂળથીજ હારેલાનો પક્ષ

છોડી દેવાની ટેવ હતી. આ વખતે પણ તેમણે જાલિમસિંહને માનપૂર્વક ઉદયપુર બોલાવીને બાલાજીરાવને છોડી દીધો.

ત્યાર પછી મહારાજા હોલ્કર અંગ્રેજોની સાથે લડવાને સારૂ દિલ્હી તરફ ચાલ્યા ગયા અને જોધપુરના મહારાજા ભીમસિંહનું મૃત્યુ થયું. મહારાજા માનસિંહ એની જગ્યાએ બેઠા. મહારાણા ભીમસિંહને એવી અવળી બુદ્ધિ સૂઝી કે, જે કૃષ્ણાકુમારીનું સગપણ જોધપુરાધીશ ભીમસિંહની સાથે થયું હતું, તે સગપણ હવે જયપુરના મહારાજા જગતસિંહ સાથે કરી દીધું અને જોધપુરના પોકરણના જાગીરદાર ઠાકુર સવાઇસિંહ ચાંપાવતે પણ પોતાની પૌત્રીનું સગપણ મહારાજા જગતસિંહ સાથે નક્કી કર્યું. મહારાજા માનસિંહે તેને કહાવ્યું કે, “ છોકરીને સામી જયપુર લઇ જઇને પરણાવ્યાથી રાઠોડોની આબરૂ જશે.” પેલા જાગીરદારે જવાબ દીધો કે, “ મારા ભાઈ ઉમેદસિંહનું ઘર જયપુરમાં છે. ત્યાં જઇને વિવાહ કર્યાથી રાઠોડોની આબરૂ જનાર નથી, રાઠોડોની બેઆબરૂ તો એમાં છે કે, જે કન્યાનું સગપણ મહારાજા ભીમસિંહની સાથે થયું હતું; તેનું લગ્ન હવે જયપુરના મહારાજા સાથે થવાનું છે.”

એટલું મેણું સાંભળતાંવારજ માનસિંહને આગ લાગી ગઇ. તેણે મેવાડના મહારાણાને કહાવ્યું કે, “કૃષ્ણાકુમારીની સગાઇ જોધપુરના રાજા સાથે થઈ ચૂકી છે; ભીમસિંહ મરી ગયા, તો હું જોધપુરનો રાજા છું. મારી સાથે તેનું લગ્ન થવું જોઇએ.” પરંતુ મહારાણા તરફથી એનો સંતોષકારક જવાબ ન મળ્યો; એટલે માનસિંહે ઉદયપુર ઉપર ચડાઇ કરી. ગ્વાલિયરના સિંધિયાને જયપુરના રાજા સાથે શત્રુતા હતી. પોતાનો શત્રુ રાજસ્થાન–કુસુમને વરી જશે, એ વિચાર એને અસહ્ય થઇ પડ્યો. તેણે માનસિંહને મદદ આપી અને મહારાણાને કહેવરાવ્યું કે, “તમે તમારી કન્યા માનસિંહને નહિ પરણાવો તો હું પણ તમારી ખબર લઇ લઇશ.” મહારાણામાં સિંધિયા સરકારની સામે ટક્કર ઝીલવા જેટલું સાહસ નહોતું. એમના પગ ઢીલા થઇ ગયા અને જયપુર સંદેશો કહાવ્યો કે, “ જોધપુરની ગાદી સાથે કુમારી કૃષ્ણાનું સગપણ થયેલું હોવાથી, અમે માનસિંહ સાથેજ એનું લગ્ન કરીશું.”

એ જવાબને મહારાજા જગતસિંહે તેમજ જયપુરના બધા સરદારોએ પોતાનું મોટું અપમાન ગણ્યું. બિકાનેરના મહા-

રાજા સૂરતસિંહ તથા નવાબ અમીરખાંએ પણ તેમને મદદ આપવાનું વચન આપ્યું; એટલે એ બધાની સહાયતાથી જગતસિંહે મેવાડ ઉપર ચડાઈ કરી. પુષ્કરની પાસે ગિંગોલી મુકામે જોધપુર અને જયપુરની સેનાઓ મળી અને બન્ને વચ્ચે ખૂબ યુદ્ધ થયું. મહારાજા માનસિંહ હારીને જોધપુર ગયા. જયપુરની સેનાએ એમની પૂંઠ લીધી અને જોધપુરના કિલ્લાને ઘેરો ઘાલ્યો; પરંતુ ટોડનો નવાબ અમીરખાં ઘણો કપટી અને દગાબાજ હતો. એણે જયપુરનો પક્ષ છોડી દઈને, જોધપુરનો પક્ષ લીધો. એની મદદથી જયપુરની સેનાને જોધપુરનો ઘેરો ઉઠાવીને નાસવું પડયું. માનસિંહે તેનો ઘણો ઉપકાર માન્યો અને વિનતિ કરી કે, "તમે મારા ઉપર આટલી બધી કૃપા કરી છે, તો એક વિશેષ કૃપા કરો. હવે તો કાં તો કૃષ્ણાકુમારીનું લગ્ન મારી સાથે કરાવો, કાં તો તેને મારીજ નખાવો. એ જીવશે અને જગતસિંહને વરશે, તો સંસારમાં હું શું મુખ દેખાડીશ?"

અમીરખાં કેવી પ્રકૃતિનો મનુષ્ય હતો, તે દર્શાવતાં કર્નલ ટોડ લખે છે કે, "ભારતવર્ષમાં જે ક્રૂર અને ઘાતકી મુસલમાનો થઈ ગયા છે, જે મુસલમાનોની ઘૃણિત નામાવલિએ ભારતવર્ષના ઇતિહાસને કલંકિત કર્યો છે, તે સર્વમાં અમીરખાં શિરોમણિ હતો; પરમ સુંદર રજપૂત બાળા કૃષ્ણાકુમારીના પ્રાણરૂપી પવિત્ર દીપકને તેણેજ બુઝાવી નાખ્યો હતો. હતભાગી રાણો ભીમ અમીરખાંના હાથમાં કાષ્ઠની પૂતળી સમાન હતો. તેનામાં કિંચિત્ પણ સામર્થ્ય નહોતું. તેણે પવિત્ર સિસોદિયા કુળમાં જન્મ લઇને તેને કલંક લગાડયું હતું. આ સર્વોત્તમ કુળમાં જન્મ લીધા છતાં પણ, તે અત્યંત દુર્બળ અને કાયર હતો. જો તે બીકણ ન હોત, તો પોતાના હૃદય ઉપર પાષાણ મૂકીને તે નિરપરાધી સરલા કૃષ્ણાકુમારીના પ્રાણનો નાશ કરવામાં સંમતિ કેમ આપત? ભીમસિંહ સિસોદિયા કુળનું અયોગ્ય સંતાન, બાપા રાવળનો અયોગ્ય વંશજ અને રજપૂતોનો અયોગ્ય રાજા હતો, એમાં કિંચિત્ પણ શંકા નથી."

દુષ્ટ અમીરખાં ઉદયપુર આવ્યો અને મહારાણા ભીમસિંહને કહેવરાવ્યું કે, "રાજકુમારી કૃષ્ણાકુમારીનું લગ્ન કાં તો માનસિંહની સાથે કરો, ને કાં તો એને મારી નાખો. જો તેમ નહિ કરો, તો હું તમને ધૂળ ભેગા કરી દઇશ." મહારાણા ઘણા ઊંડા

વિચારમાં પડયા. પ્રાણથી પણ અધિક પ્રિય પુત્રીની એવી દુર્દશા કરતાં, એના સુકુમાર દેહનો અંત આણવાનો વિચાર સરખોયે કેમ કરાય? માનસિંહની સાથે લગ્ન નથી કરતા, તો અમીરખાં સત્યાનાશ વાળી દેશે. એ મેવાડના રાજકુટુંબ અને રૈયત બંનેને પીડવામાં બાકી રાખશે નહિ. એની વાત સ્વીકારીએ છીએ, તો જયપુરના રાજા સાથે જિંદગી સુધીની શત્રુતા થાય છે. મહારાણા મોટા ધર્મસંકટમાં પડયા. વીરતા કે મુત્સદ્દીપણું હોત, તો સરસ રીતે એ મૂંઝવણનો તોડ કાઢી શકત; પરંતુ એ બંન્ને ગુણોનો એમનામાં અભાવ હતો. સરદારોમાં આગળ જણાવ્યા મુજબ કુસંપ હતો; એટલે સારી સલાહ પણ કોણ આપે? મહારાણા નિરાશ થયા; કોમળ અને કઠોર વૃત્તિઓનું એમના હૃદયમાં મંથન થવા લાગ્યું. કોમળભાવ વધારે વાર ટકી શકયો નહિ; એમનું હૃદય વધારે ને વધારે કઠોર બનતું ગયું. કૃષ્ણાકુમારીના રક્ષણનો કાંઇ ઉપાય ન સૂઝતાં એમણે એને મારી નખાવવાનોજ વિચાર કર્યો. હાય! આજ પાપની હદ આવી રહી છે! આજ પ્રકૃતિ પણ પોતાના નિયમનું ઉલ્લંઘન કરી રહી છે. દુર્બળ પિતા, વાત્સલ્યભાવને હણીને સુકુમાર બાલિકાનો વધ કરાવવા તત્પર થયો છે! રાજકુમારી કૃષ્ણાનું બલિદાન અપાવાનો—રાજસ્થાનની કુસુમકળી કરમાવાનો સમય આવી પહોંચ્યો છે; પરંતુ હવે તેનો વધ કોને હાથે અને કેવી રીતે કરાવવો, તે વિચાર રાણાજીને આવ્યો. જગતમાં એવો કોણ ક્રૂર અને નિર્દય છે કે, જે પોતાના હૃદયને પથ્થરનું બનાવીને કમળસદૃશ કોમળ બાળાની છાતીમાં ખંજર ખોસી દે? આ ગૂંચવણનો નિકાલ કરવા રાણાએ રણવાસમાંજ કેટલાક સરદારો અને આપ્તજનોને બોલાવ્યા અને તેમની સાથે સલાહ કરવા લાગ્યા. ઘણા વાદવિવાદ પછી એવો નિશ્ચય થયો કે, "આ કાર્ય કોઇ પુરુષનેજ સોંપી દેવું જોઈએ; પરંતુ જો પુરુષથી પાર ન પડી શકે, તો પછી કોઈ કુશળ સ્ત્રીને નીમવી જોઇએ."

ભારતવર્ષના રણવાસને એક સ્વતંત્ર રાજ્ય કહેવામાં આવે, તો ખોટું નથી. રણવાસની વ્યવસ્થામાં બહારના અભિપ્રાયનો હાથ નથી હોતો. એ રણવાસમાં પ્રજાનાં અનેક સુખદુઃખનું બીજારોપણ થાય છે. આ રણવાસમાંજ અનેક માણસોના ભાગ્યનું તંત્ર રચાય છે અને તે એવી ગુપ્ત રીતે ચાલે છે કે,

એની ચાર દીવાલોની અંદરનાં માણસો સિવાય કોઇને તેની ખબર સુધ્ધાંત પડતી નથી. આજે મેવાડના દુર્ભાગ્યથી એ રણવાસના એક ગુપ્ત ઓરડામાં અભાગિની કૃષ્ણાકુમારીના દુર્ભાગ્યની કઠોર લિપિ લખાતી હતી.

એ સુકુમારીનો વધ કરવાનું કાર્ય પ્રથમ તો મહારાણાના નિકટના સગા દોલતસિંહ સિસોદિયાને સોંપવામાં આવ્યું. એ ઘણો સરળ અને સુશીલ સરદાર હતો. આ ઘાતકી અને હૃદય ચીરી નાખે એવા કાર્યની વાત સાંભળતાંજ એ ભય, વિસ્મય અને ઘૃણાથી પીડિત થઇને પોકારી ઊઠયોઃ "જે મુખમાંથી આવું કઠોર વચન નીકળે છે, તેને હજારો ધિક્કાર છે! મારે આમ કહેવું પડે છે, તેને માટે અન્નદાતા મને ક્ષમા આપશો. મારી રાજભક્તિમાં જરા પણ ફેર પડયો નથી; પણ આવું રાક્ષસી કાર્ય કરવામાંજ રાજભક્તિ ગણવામાં આવતી હોય, તો એ રાજભક્તિ કૂવામાં પડો!" દોલતસિંહે ના કહ્યા પછી એ કામ જોવનદાસને સોંપવામાં આવ્યું. એ મહારાણાના પિતાની ખવાસણનો પુત્ર હતો. નીચ સ્ત્રીને પેટે જન્મેલા એ અધમ પુરુષનું કઠોર હૃદય એ વાતથી કંપાયમાન થયું નહિ. એણે એ કાર્યનું બીડું તરતજ ઝડપ્યું; પરંતુ જ્યારે એ લાવણ્યમયી કન્યા ખીલેલા કમળ સમાન મુખને નીચું કરીને તેની સમક્ષ આવીને ઊભી, ત્યારે તેનો દેહ થરથર ધ્રૂજવા લાગ્યો અને તેના હાથમાંથી કટાર પડી ગઈ. શોક અને દુઃખથી તેનું હૃદય વ્યાકુળ થઇ ગયું અને તે અત્યંત દીન થઇને ત્યાંથી ચાલ્યો ગયો. ધીમે ધીમે આ વાત અંતઃપુરમાં બધે પ્રસરી ગઇ. રાજકુમારીની માતાના જાણ્યામાં એ વાત આવી, ત્યારે એ શોક, દુઃખ અને ક્રોધથી આકુળવ્યાકુળ થઇને રુદન કરવા લાગી. તેને રડતી જોઇને બીજી સ્ત્રીઓ પણ રોવા લાગી. રાણીએ જોવનદાસને અનેક ગાળો અને શાપ દીધા. મહેલમાં બધે હાહાકાર વર્તાઇ રહ્યો હતો. જે કોઇ આ સમાચાર જાણતું હતું, તે રાણાજી અને તેમના સલાહકારોને ફિટકાર દેતું હતું.

પરંતુ જેના જીવની ખાતર, એ બધાં આટલો બધો શોક કરી રહ્યાં હતાં, તે રાજકુમારી કૃષ્ણા તો જરા પણ દિલગીર થઇ નહિ. બધાંને રુદન કરતાં જોઇને એને હસવું આવ્યું. તેણે બધી સ્ત્રીઓને ધમકાવીને કહ્યું: "તમે બધાં રડો છો શા

માટે ? તમે શું રજપૂતાણીઓ નથી ? દેશરક્ષાને માટે એક રજપૂત બાળાને મરવાનું છે, તેમાં આટલો બધો વિલાપ શા સારૂ કરો છો ? રાજસ્થાનનું ગૌરવ હવે પહેલાં જેટલું રહ્યું નથી, એ વાત સાચી; પણ શું હજુ પણ રજપૂતો એટલા બધા હીન થઇ ગયા છે કે, દેશની ખાતર તેમની કન્યા હસતે મોંએ મૃત્યુના મુખમાં ન પડી શકે ? આજે કોઇ પરધર્મી શત્રુ ઉદયપુર ઉપર ચડી આવ્યો હોત, તો આપણે સર્વેને ચિતામાં પડીને મરી જવું પડતને ? એ મરણના પ્રમાણમાં મારૂં આ મરણ કાંઇ લેખામાં નથી. બહેનો ! તમે આજે વિલાપ કરશો નહિ. તમારા રુદનથી તો મને તમારા ઉપર ધિક્કાર છૂટે છે. રજપૂતોની પડતીના દિવસોમાં આપણે મોટું મન કરવું જોઇએ. મેવાડના એક પણ વીરનું રુધિર પાડ્યા વગર, મારા મૃત્યુથી મેવાડની મહત્તા જળવાતી હોય તો હું ઘણી ખુશીથી મરવા તૈયાર છું.”

તેની બધી સખીઓ શાંત થઇ ગઇ. ત્યાર પછી કૃષ્ણાકુમારીએ વિનયપૂર્વક માતાને પણ એવીજ રીતે શાંત કરવાનો પ્રયત્ન કર્યો; પરંતુ એ તેજસ્વી રાણી એમ સમજી જાય એવી નહોતી. એણે ધીમે ધીમે પોતાનાં આંસુ લૂછી નાખીને કહ્યું: “ દીકરિ ! તું જાણે છે કે હું શા માટે રોઉં છું ? હું ફક્ત તારા જીવની ખાતરજ રોતી નથી. મને શોક તો એ થાય છે કે, મેવાડ ઉપર આવી પડેલી આ ભારે વિપત્તિને સમયે કોઇ વીરે તલવાર પકડી નહિ, કોઇએ લોહીનું એક ટીપું પણ પડવા દીધું નહિ અને અનાયાસે મારી કોમળ–નિર્દોષ બાલિકાનો ભોગ આપવા બધા તૈયાર થયા છે ! કૃષ્ણા ! એ દુઃખ મને ઘણુંજ સાલે છે. આજ રાણાજી તેમના પૂર્વજોની પેઠે બહાદુરીથી લડ્યા હોત, મેવાડના વીરોના રક્તથી મેવાડની ભૂમિ રંગાઇ ગઇ હોત, મેવાડમાં આજે હથિયારોના ખડખડાટ અને વીરપુરુષોના ટંકાર સંભળાયો હોત, તો બહેન ! હું ઘણી ખુશી સાથે તને મારા ખોળામાં બેસાડીને ચિતામાં પ્રવેશ કરત; પણ આજ તો મેવાડના બધા રજપૂતો તો કાયર થઈને પોતાના જીવ બચાવવાની યુક્તિ શોધી રહ્યા છે. એ હીચકારાઓ આજે મારી કોમળ કળી કૃષ્ણાને અકાળ મૃત્યુના હાથમાં સોંપી દેવા બેઠા છે. મને હવે ધીરજ કેમ રહે ? હાય ! હાય !”

માતાનો શોક સકારણ હતો. તેનો વિલાપ જોઇને કૃષ્ણાની

આંખોમાં પણ અશ્રુ આવ્યાં. તેણે કહ્યું: “ મા ! તમે કહો છો એ બધી વાત ખરી છે, પણ તેનો વિચાર કરવાનો આ અવસર નથી. મેવાડ હવે ડૂબી ગયું છે અને હવે ફરીથી ઊઠે એમ લાગતું નથી; પણ તેટલા સારૂ આજે મેવાડની સ્ત્રીઓએ પણ માતૃભક્તિને વીસરી જવી? મેવાડનું ગૌરવ તેના વીરપુરુષોને લીધે છે, તેટલું-જ તેની વીરાંગનાઓને લીધે પણ છે. વીરપુરુષો પોતાનો ધર્મ ભૂલી ગયા છે, માટે વીરાંગનાઓએ પણ વીરધર્મ ભૂલી જવો ? વીરાંગનાના વીરધર્મપાલનથી કદાચ મેવાડ પુનઃ જાગૃત પણ થાય. મૃત્યુ સમયે હું જગદીશ્વરને એજ પ્રાર્થના કરીશ કે, મારા મૃત્યુથી મેવાડના પાપનું પ્રાયશ્ચિત્ત થજો! મારા મૃત્યુના સમાચારથી મેવાડવાસીઓના પ્રાણમાં વીરધર્મની જાગૃતિ થજો ! ”

રાણી શાંત થઈ. કૃષ્ણાકુમારીની ઇચ્છા રાણાને જણાવવામાં આવી કે આગ, તલવાર, વિષ અથવા કોઇ પણ ઉપાયથી રાજકુમારી મરવાને માટે તૈયાર છે.

કૃષ્ણાકુમારીની હત્યા હવે કેવી રીતે કરવી, તેનો ફરીથી વિચાર થવા લાગ્યો. અમીરખાં અને મેવાડનો એક વિશ્વાસઘાતી સરદાર અજિતસિંહ એ કામમાં મહારાણાને ઉશ્કેરનારા મુખ્ય સલાહકારો હતા. અજિતસિંહ એક વિચિત્ર પૂતળું હતું. એ ચંદાવતોનો સરદાર, સ્વભાવે દેખીતો શાંત અને બોલવાચાલવામાં સભ્ય હતો. બહારનો આડંબર પણ તેનામાં પુષ્કળ હતો. માનમરતબાની જરા પણ પરવા ન હોય તેવો ડોળ કરતો. ધર્મ ઉપર બહુ આસ્થા હોય એમ જણાવતો. રાતદિવસ પૂજાપાઠમાં નિમગ્ન રહ્યા છતાં, એનામાં હિંસા, દ્વેષ, સ્વાર્થ અને દુરાકાંક્ષાના અધમ વિચારો વાસ કરી રહ્યા હતા. પોતાની ઉન્નતિની ખાતર અધમમાં અધમ કાર્ય કરવાને એ ચૂકે એવો નહોતો. ‘મુખમેં રામ ઔર બગલમેં છૂરી ’ રાખનારા ઢોંગી નરપિશાચોમાંનો એ એક હતો. અમીરખાંને સહાયતા આપનાર એના સિવાય બીજું કોણ મળે ? બંનેએ મળીને રાણાને કહ્યું કે, “ તલવાર, ખંજર આદિ શસ્ત્રથી રાજકુમારીનો વધ કરવાનું સાહસ કોઇનામાં નથી, તો વિષનો પ્રયોગ કરીનેજ એનું કાસળ કાઢો. ”

પુરુષોના કઠણ હાથથી જે કામ ન થઇ શક્યું, તે કામ કોમળ હૃદયની અબળાને સોંપવામાં આવ્યું. અંતઃપુરની દાસી સાથે અફીણનો કસૂંબો મોકલવામાં આવ્યો. સુકુમારી કૃષ્ણાએ

સરળતા અને ધીરતાથી એ વિષના પ્યાલાને પોતાના હાથમાં લીધો અને જરા પણ ડગ્યા વગર એને પી ગઇ. મહારાણી એ સમયે ત્યાંજ હતી. એ પતિને અનેક શાપ દેવા લાગી; પણ કૃષ્ણાનાં નેત્રોમાં આંસુ નહોતાં. તેણે પોતાના કોમળ હાથ વડે સાળુના પાલવ વડે માતાનાં અશ્રુ લૂછીને આશ્વાસન આપ્યું: "મા! તું રડે છે શા માટે? હું સંસારની પીડામાંથી મુક્ત થાઉં છું. તું તો ગુજરાતના વીર સોલંકીની પુત્રી છે. હું તારી જ કૂખમાં જન્મી છું. રજપૂતકુળમાં જન્મ લીધો ત્યારથીજ હું જાણતી હતી કે, એક દિવસ આપઘાત કરવા વારો આવશે. આટલા દિવસ જીવતી રાખી, તેને માટે પિતાજીને ધન્યવાદ આપું છું. બાકી તું જાણે છે કે, આપણામાં અનેક તો જન્મતાં-વારજ કન્યાને દૂધપીતી કરી દે છે."

અફીણનું પ્રાણનાશક વિષ કૃષ્ણાકુમારીનો જીવ લેવાને અસમર્થ નીવડ્યું. વિષનો બીજો પ્યાલો તૈયાર કરીને તેને આપવામાં આવ્યો. કૃષ્ણા એ પણ પ્રસન્નતાથી પી ગઈ. એ વિષની પણ કાંઇ અસર ન થઈ. કુદરત એ નરાધમોને ચેતવી રહી હતી કે, "હું મારો ધર્મ આજે છોડી દઉં છું, તમે હજુ ચેતો અને આ રાક્ષસી વિચારને તિલાંજલિ આપો." પણ એ દુષ્ટને દયા નહોતી. ત્રીજો વધારે કાતિલ ઝેરનો પ્યાલો બિચારી કૃષ્ણાને પાવામાં આવ્યો. ત્રીજી વાર પણ વિધાતાએ કૃષ્ણા-કુમારીના ખૂનીઓની રુધિરતૃષ્ણા પૂરી કરી નહિ. ભગવાનની ઇચ્છા કૃષ્ણાકુમારીને જીવતીજ રાખવાની છે, એમ ધારીને બધાં ચૂપ રહ્યાં; પરંતુ સ્ત્રીહત્યાનું મહાપાપ કરવાનો નિશ્ચય કરી ચૂકેલા અમીરખાં અને અજિતસિંહ શાંત રહી શક્યા નહિ; એમણે પોતાનો અધમ વિચાર ત્યજ્યો નહિ. અજિતે હાથે અફીણ તથા અન્ય ઝેરી પદાર્થો મેળવીને દારુણ વિષ તૈયાર કર્યું. એ ઉગ્ર હલાહલના પાનની અસર કૃષ્ણાકુમારીના દેહ ઉપર થઇ. સૌંદર્યનું સ્વર્ગીય કુસુમ મેવાડના ઉદ્યાનમાંથી સદાને માટે કરમાઇ ગયું. એ વિષપાન કર્યા પછી કૃષ્ણા સદાને માટે ઘોર નિદ્રામાં સૂતી, તે ફરીથી કદી જાગી નહિ.

મેવાડના ઇતિહાસને કલંક લગાડનારી આ દુર્ઘટના વિક્રમ સંવત ૧૮૬૭ના શ્રાવણ વદિ પંચમીએ થઈ. એ સમયે કૃષ્ણા-કુમારીની વય સોળ વર્ષની હતી.

કૃષ્ણાકુમારીના સ્વર્ગવાસ પછી, થોડાજ સમયમાં તેની માતા પણ શોક કરતી પરમધામમાં ચાલી ગઇ. પુત્રીનું મૃત્યુ થયું, તેજ દિવસથી તેણે સર્વ સુખોને તિલાંજલિ આપી દીધી હતી.

એમ કહેવાય છે કે, કૃષ્ણાકુમારીના મૃત્યુ પછી અમીરખાંએ પણ અજિતસિંહ પ્રત્યે ધિક્કાર પ્રગટ કર્યો હતો કે, “ દગાબાજ ! તેં આવું કામ કર્યું ? હું તારૂં મુખ જોવા માગતો નથી.” સંગ્રામસિંહ નામના એક તેજસ્વી સરદારે ભરસભામાં રાણાજીનું અપમાન કર્યું હતું કે, “ હે કાયર ! તેં આ સિસોદિયા કુળના પવિત્ર નામને કલંક લગાડયું છે, તેં એ કુળના પવિત્ર રુધિરને દૂષિત કર્યું છે. નિરપરાધી, સરળહૃદયા રાજકુમારીનો વધ કર્યાથી તેં જે પાપ માથે વહોર્યું છે, તે તારો નાશ કરશે. બાપ્પા રાવળના પવિત્ર કુળને આજે જે કાળી ટીલી લાગી છે, તે કદી ભૂંસાવાની નથી. હવે કોઇ સિસોદિયા પોતાનું મસ્તક ઊંચું કરી શકશે નહિ. આજથી ક્ષત્રિયોના માઠા દહાડા આવ્યા, એની ખાતરી રાખજે.”

ત્યાર પછી દુરાચારી અજિત તરફ મુખ ફેરવીને સંગ્રામસિંહે કહ્યું: “ હે સિસોદિયા કુલાંગાર ! તારી નસોમાં રજપૂતોનું લોહી વહેતું નથી. તેં અમને જે કલંક લગાડયું છે, તેથી તારો નાશ થશે. તું નિઃસંતાન મરીશ અને તારા પાપી જીવનની સાથેજ તારૂં નામ પણ લુપ્ત થશે. તારે આટલી બધી ઉતાવળ કરવાની શી જરૂર હતી ? અમીરખાંએ શું રાજધાની ઉપર ઘેરો ઘાલ્યો હતો ? શું તેણે રણવાસની પવિત્રતાનો નાશ કરવાનો પ્રયાસ કર્યો હતો ? ધારો કે એવું પણ કર્યું હતું તો શું બધા રજપૂતોએ ચૂડીઓ પહેરી હતી ? એમને પોતાના બાપદાદાઓની પેઠે ‘ યા હોમ ’ કરીને મરતાં નહોતું આવડતું ? તમારા પૂર્વજોએ આવી અધમતાથી પોતાનાં નામ અમર કર્યાં હતાં ? ધિક્કાર છે તને ! હજારો ધિક્કાર છે ! તારા જેવો ઢોંગી અને પાપી મેં કદી જોયો નથી. તારા જેવા દુષ્ટની સલાહ ન મળી હોત, તો રાણાજી આવું પાપ કદી કરત નહિ ! રજપૂતોના અવળા દિવસ હવે શરૂ થયા છે.”

વીર સંગ્રામસિંહના બન્ને શાપ સફળ થયા. મહારાણા ભીમસિંહનાં પાંચ સંતાનમાંથી એક પુત્રી અને એક પુત્ર કૃષ્ણાકુમારીનો ભાઈ જવાનસિંહ જીવતાં રહ્યાં; પણ જવાનસિંહને

કોઇ સંતાન ન થયું.

અજિતસિંહની પત્ની આ બનાવ પછી થોડા સમયમાંજ મરી ગઈ. તેના બે પુત્રો પણ મરી ગયા. પાપનું પ્રાયશ્ચિત્ત કરવા એ મંદિરે મંદિર ભટકવા લાગ્યો, દીન-દરિદ્રિઓને દાન આપવા લાગ્યો, પણ એના પાપી આત્માને શાંતિ મળી નહિ. એ પણ ખરાબ દશામાંજ મરણ પામ્યો.

રાજકુમારીના બલિદાનથી મહારાણાને જયપુરજોધપુરના આક્રમણનો ભય તો જતો રહ્યો, પણ દુષ્ટ અમીરખાં તથા મરાઠાઓની લૂંટફાટથી એની રૈયત ઘણી હેરાન થઇ. આખરે સંવત ૧૮૭૪ માં અંગ્રેજ સરકારે અમીરખાંને હોલ્કરના પક્ષમાંથી છૂટો પાડીને તેની સાથે સંધિ કરી. ફરીથી તેણે કોઇ રાજ્યની વિરુદ્ધ શસ્ત્ર ઉગામવાં નહિ, લૂંટફાટ કરવી નહિ એવી શરતે ટોંક, સિરોજ, રામપુરા, નીમાહેડા, છબડાં વગેરે પરગણાંઓ આપીને તેને સ્વતંત્ર નવાબ બનાવ્યો. એ અમીરખાં એજ હાલના ટોંક રાજ્યનો સ્થાપક અને મૂળ પુરુષ! અસ્તુ!

સંસારમાં ધર્મશીલ સ્ત્રીઓ તો ઘણી થઇ ગઇ છે, પણ અલ્પાવસ્થામાં કૃષ્ણાકુમારીના જેવું સાહસ, સદ્ગુણ અને ધૈર્ય બતાવનારી સ્ત્રીઓ ભાગ્યેજ જોવામાં આવે છે. પિતાની આબરૂ અને દેશના રક્ષણ સારૂ સોળ વર્ષની વયમાં પ્રાણ સમર્પણ કરનારી વીર બાળા કૃષ્ણાકુમારીને ધન્ય છે!





૯૫–રાણી ભવાની

રાણી ભવાનીનું નામ ભારતવર્ષમાં ઘણું પ્રસિદ્ધ છે. બંગાળામાં તો એનું નામ ન જાણનારા અથવા તો વાતચીતના પ્રસંગમાં તેનું નામ-સ્મરણ ન કરનારા લોકો ઘણાજ થોડા હશે.

લગભગ દોઢસો વર્ષ પૂર્વે સિરાજુદ્દૌલ્લા બંગાળાનો નવાબ હતો. પ્લાસીના યુદ્ધમાં સિરાજના પરાજયની સાથેજ બંગાળમાં મુસલમાન શક્તિનું પતન થયું અને ત્યારથી બંગાળમાં અંગ્રેજી રાજ્યનો ચંચૂપાત થયો.

એ સમયમાં રાણી ભવાની નાટોર જિલ્લાની વિશાળ જમીન-દારીની માલિક હતી. એ જમીનદારીની માલિક તરીકે, એણે પોતાની પુષ્કળ આવકને દેવસેવા અને લોકોપયોગી કામોમાં છૂટે હાથે ખર્ચવામાં જરા પણ સંકોચ કર્યો નહોતો અને તેને લીધે તેનો યશ બંગાળામાં ઘેર ઘેર વ્યાપી રહ્યો છે; એટલુંજ નહિ પણ પુણ્યતીર્થ કાશી સુધી પણ એનું નામ પ્રાતઃસ્મરણીય થયું છે.

રાણી ભવાનીનું જીવન અને તેનાં કૃત્યો સમજવા માટે મુસલ-માનોના અમલમાં બંગાળાની અવસ્થા કેવી હતી તથા ખાસ કરીને બંગાળાના જમીનદારો કેવી દશામાં હતા, એ જાણવું વિશેષ અગત્યનું છે.

મુસલમાનોના અમલમાં બંગાળા દેશ ઘણાં પરગણાંઓમાં વહેંચાઇ ગયો હતો. એ પરગણાંઓ એકેએક જમીનદારોના હાથમાં હતાં. હાલના વખતમાં જમીનદારો પ્રજા પાસેથી મુકરર કરેલો કર વસૂલ કરે છે અને એમાંથી કેટલોક કર સરકારમાં ભરીને બાકીનો પોતે રાખે છે. કર વસૂલ કરવા ઉપરાંત બીજી કોઇ બાબતમાં પોતાની પ્રજા ઉપર જમીનદારોનો અધિકાર હોતો નથી. જમીનદારોની પ્રજા બીજી સર્વ બાબતોમાં સંપૂર્ણરૂપે અંગ્રેજ સરકારને તાબે છે; પણ મુસલમાનોના સમયમાં એ પ્રમાણે

નહોતું. જમીનદારો પણ પોતાની જમીનદારીમાં તો રાજાની પેઠેજ રાજ્ય કરતા. નવાબને તેઓ નક્કી કરી રાખેલી અમુક ખંડણી ભરતા, એટલે નવાબ તેમના રાજ્યના અમલમાં કોઇ પણ જાતનો હસ્તક્ષેપ કરતા નહિ. જમીનદારો અને પ્રજા વચ્ચે પરસ્પર રાજા પ્રજાનો સંબંધ હતો. જમીનદારો પણ સ્વતંત્ર રાજાઓની પેઠે ફોજ રાખતા. રાજાની પેઠે તેઓ પણ પ્રજા ઉપર રાજ્ય ચલાવતા. દીવાનીફોજદારી મુકદ્દમાઓ સાંભળીને ફેંસલા આપતા. તેમને 'રાજા'નો ખિતાબ હતો. પ્રજા પણ તેમને રાજા તરીકે માન આપતી. ટૂંકમાં એ કે, દિલ્હીના શહેનશાહ સાથે જેમ નવાબોનો ખંડિયા રાજા જેવો સંબંધ હતો, લગભગ તેવોજ સંબંધ બંગાળાના નવાબ સાથે એ વખતના જમીનદારોનો હતો.

આ પ્રસંગે એક બીજી વાત પણ સ્મરણમાં રાખવા યોગ્ય છે. મુસલમાનો પ્રથમ આ દેશમાં વિજેતારૂપે આવ્યા હતા, એ વાત ખરી; પણ બંગાળા સર કર્યા પછી તેમણે બંગાળામાંજ પોતાનો વસવાટ શરૂ કર્યો હતો. બંગાળામાં વાસો કરવાથી બંગવિજેતા મુસલમાનો બંગાળાનેજ પોતાના સ્વદેશ જેવો ગણવા લાગ્યા. તેઓ ખરેખાત બંગાળી બન્યા. બંગાળાના મુસલમાન નવાબો પણ બંગાળી બન્યા. મુસલમાન જાગીરદાર, જમીનદાર, અમલદારો, વેપારીઓ બધા પોતાને બંગાળી ગણવા લાગ્યા. ધીમે ધીમે એક દેશમાં વસનારી પ્રજા તરીકે તેઓ હિંદુઓ સાથે મિત્રતા અને સદ્‌ભાવથી રહેવા લાગ્યા. રાજનૈતિક બાબતમાં હિંદુ અને મુસલમાનોમાં કાંઇ ભેદભાવ રહ્યો નહિ.

નવાબોના રાજ્યમાં, ન્યાયખાતામાં, વસૂલાતીખાતામાં અને સૈનિક ખાતામાં સુધ્ધાંત ઘણા મુખ્ય અમલદારો હિંદુઓ હતા. નવાબી અમલના પાછલા ભાગમાં બંગાળાના શાસનમાં જાનકીરામ, માણેકચંદ, રાજવલ્લભ, કૃષ્ણચંદ્ર, જગતશેઠ, મોહનલાલ, નંદકુમાર વગેરે હિંદુઓ મોટા મોટા હોદ્દા ઉપર હતા. આપણા આ ચરિત્રની નાયિકા રાણી ભવાની પણ ઘણા અંશમાં એ સર્વની સહયોગિની હતી.

રાણી ભવાનીના સસરા રાજા રામજીવન અને તેમના ભાઇ રઘુનંદન બંગાળામાં આવેલા નાટોર નામે સ્થળના જમીનદાર હતા. નાટોરના જમીનદારોના વંશના સ્થાપક એજ બે ભાઇઓ ગણાય છે. તેમના પિતા કામદેવ પુંટિયાના જમીનદારને ત્યાં

વહીવટદારનું કામ કરતા હતા. બાલ્યાવસ્થાથીજ રામજીવન અને રઘુનંદન એ જમીનદારને ત્યાં ઊછર્યાં હતા. પુંટિયાનો જમીનદાર દર્પનારાયણ બંગાળાના રાજ્યમાં એક મુખ્ય અમલદાર હતો. રઘુનંદન એક પ્રતિભાશાળી યુવક હતો. તેના ગુણોથી પ્રસન્ન થઇને દર્પનારાયણે તેને નવાબના દરબારમાં પોતાના સહકારી અને પ્રતિનિધિ તરીકે નોકરી અપાવી હતી.કોઇ ખાસ રાજકાજમાં નવાબ મુરશિદ કુલિખાંને રઘુનંદન તરફથી ઘણી સારી મદદ મળી અને તે દિવસથી એ તેના ઉપર વિશેષ સંતુષ્ટ થયો. ત્યારથી એ નવાબ સાહેબનો માનીતો થઈ ગયો.

તે પહેલાંથીજ રઘુનંદન થોડી થોડી જમીનદારી એકઠી કરી રહ્યો હતો.

રાજશાહીના બળવાખોર જમીનદાર ઉદયનારાયણનો પરાજય થયા પછી, નવાબ સાહેબે ખુશ થઇ જઇને આખા રાજશાહીની જમીનદારી રઘુનંદનને બક્ષિસ આપી. પૂર્વાવસ્થામાં પોતાને આશ્રય આપનાર માલિક દર્પનારાયણના કુટુંબને માટે લંકરપુર નામનું પરગણું રાખીને, રાજશાહીના બાકીના ભાગની જમીનદારી રઘુનંદને પોતે સ્વીકારી તથા પોતાના મોટા ભાઇ રામજીવનના નામે તેનો પટો કરાવ્યો. ભુષણાના પ્રખ્યાત રાજા સીતારામની પડતી આવ્યા પછી, ભુષણાની જમીનદારીનો ઘણો ભાગ રઘુનંદન અને રામજીવનને મળ્યો. ધીમે ધીમે બીજી પણ ઘણી જમીનદારી તેમના હાથમાં આવી. આખું રાજશાહી પરગણું અને માયમનસિંહ, ઢાકા, ફરિદપુર અને યશોહરનાં અનેક સ્થાનો એકઠાં થવાથી એ જમીનદારી ઘણી વિસ્તીર્ણ બની હતી. એ વખતમાં એમના જેવો મોટો જમીનદાર બંગાળામાં બીજો કોઇ નહોતો. એ જમીનદારી કેવા મોટા રાજ્ય જેવી હતી, તેનો ખ્યાલ વાચકોને એટલા ઉપરથી આવી શકશે કે, દર વરસે બાવન લાખ રૂપિયા કરતાં વધારે રકમ તેઓ નવાબના ખજાનામાં ખંડણી તરીકે ભરતા હતા.

એ બધી જમીનદારીનો પટો રઘુનંદને પોતાના મોટા ભાઇ રામજીવનના નામે કરાવ્યો હતો, એટલે એ વિસ્તીર્ણ જમીનદારીના અધીશ્વર રામજીવનને નવાબ સાહેબે 'રાજા'નો ખિતાબ બક્ષ્યો હતો અને એ રામજીવનજ નાટોરના પહેલા રાજા હતા.

રઘુનંદન નિઃસંતાન હતો. રામજીવનનો મોટો દીકરો કાલિ-

કાપ્રસાદ નાની વયમાં મરી ગયો હતો. રામજીવને રામકાંત નામના એક બાળકને દત્તક લીધો હતો તથા રામજીવન અને રઘુનંદનના સૌથી નાના ભાઈ વિષ્ણુરામનો પુત્ર દેવીપ્રસાદ જીવતો હતો. દત્તક પુત્ર રામકાંત અને દેવીપ્રસાદ અડધી અડધી જમીનદારીના માલિક હતા; પરંતુ દેવીપ્રસાદનો લોભ ઘણો વધી ગયો હતો. તેણે રામકાંતના દત્તવિધાનને ગેરકાયદેસર ઠરાવીને આખી જમીનદારી પોતે પચાવી પાડવાનો યત્ન કર્યો. રામજીવન તેને છ આની ભાગ આપવા માગતો હતો, પણ દેવીપ્રસાદે તે મંજૂર કર્યું નહિ. આખરે રામજીવન સમજી ગયો કે, દેવીપ્રસાદને જમીનદારીમાંથી ભાગ મળશે, તો ઘરમાં મોટો કુસંપ ઊભો થશે; એટલે એ રામકાંતનેજ આખી જમીનદારીનો વારસ બનાવતો ગયો. જમીનદારી મૂળથીજ મોટાભાઇ તરીકે તેના નામ ઉપર હોવાથી તેને એમ કરવામાં જરા પણ અડચણ નડી નહિ.

ત્યાર પછી રાજશાહી જિલ્લામાં છાતીમ ગામના બ્રાહ્મણ જમીનદાર આત્મારામ ચૌધરીની અત્યંત સુંદર અને સુલક્ષણા કન્યા સાથે રાજા રામજીવને પુત્ર રામકાંતનો વિવાહ કર્યો. એ કન્યા આપણા ચરિત્રની નાયિકા ‘ રાણી ભવાની ’ છે. રાજવધૂ થઇને ભવાની સાસરે આવી; ત્યાર પછી થોડે સમયે તેના સસરા રામજીવનનું મૃત્યુ થયું અને તેની પાછળ રામકાંત રાજા બન્યો. એ દિવસથી ભવાની ‘ રાણી ભવાની ’ બની.

રામજીવનને ત્યાં દયારામ નામનો એક ઘણો ચતુર અને વિચક્ષણ કારભારી હતો. જમીનદારને ખુશ કર્યા પછી, તેની મારફતે એ ધીમે ધીમે નવાબ સરકારને પણ પોતાની બુદ્ધિ અને પરાક્રમથી પ્રસન્ન કરી શક્યો હતો અને નવાબ સાહેબની મહેરબાનીથી પોતે પણ જમીનદાર બની ગયો હતો. હાલના દીઘાપાતિયાના રાજવંશનો સ્થાપક એ દયારામ હતો.

રામજીવન મરતી વખતે રાજા રામકાંતને ઉપદેશ આપતો ગયો હતો કે, “ તારે જમીનદારીના કામમાં દયારામની સલાહ પ્રમાણે ચાલવું જોઇએ; પરંતુ રામકાંતે મોટો થયા પછી દયારામને કાંઇ હિસાબમાં લેખ્યો નહિ. જુવાનીના જોશને લીધે પ્રારંભમાં રામકાંત પોતાની જમીનદારીના કામમાં ઘણો બેપરવા રહેતો હતો, તેથી દયારામ નિઃસ્વાર્થવૃત્તિથી એક વખત તેને શિખામણ આપવા ગયો. રામકાંતે એ વખતે દયારામનું અપમાન

કરીને તેને ઘર બહાર કઢાવી મૂક્યો. રામજીવનના વખતથીજ દયારામ તેમના ઘરનું ઘણું કામકાજ કરતો આવ્યો હતો. રાજા રામજીવન અને તેના ભાઇ રઘુનંદન પણ તેનું ઘણું માન રાખતા હતા. આજે યુવક રામકાંતે તેનું અપમાન કર્યું, એથી દયારામ ઘણોજ ચિડાયો અને અવિચારી અને ઉદ્ધત રામકાંતને યોગ્ય શિક્ષા અપાવવા સારૂ એ મુર્શિદાબાદના નવાબ પાસે ગયો.

એ વખતે અલીવર્દીખાં બંગાળાનો નવાબ હતો. એ અગાઉથીજ દયારામને જાણતો હતો. રાજા સીતારામની સાથેના યુદ્ધ વખતે, દયારામની બુદ્ધિકુશળતાથીજ સીતારામનો પ્રસિદ્ધ સેનાપતિ મહાવીર મેનહાતી માર્યો ગયો હતો. એ કારણને લીધે, નવાબના દરબારમાં પણ દયારામનો ઘણો સારો મોભો હતો.

એ સમયે નવાબના દરબારમાં રામકાંતની ઘણી ખંડણી બાકી હતી. દયારામે એક દિવસે લાગ જોઇને નવાબને કહ્યું: " રામકાંત રાજાના ઘરમાં તો અઢળક ધન દાટી રાખ્યું છે. એ તો જાણીજોઇને નવાબ સાહેબને ખંડણી ભરતો નથી અને ખાલી ઠાઠમાઠમાં મોટા રાજાની પેઠે પુષ્કળ ધન ઉડાવે છે. "

આ સમાચાર સાંભળીને નવાબ ઘણો ગુસ્સે થયો. આગલા વખતમાં ઉદયનારાયણ, સીતારામ વગેરે કોઇ કોઇ જમીનદારોએ એ પ્રમાણે નવાબની ખંડણી દબાવી રાખીને સ્વતંત્ર રાજ્ય સ્થાપવાની ચેષ્ટા કરી હતી, એટલે રામકાંતના ઉપર પણ નવાબને એવોજ સંદેહ ઊપજ્યો. તેમણે હુકમ આપ્યો કે, " રામકાંતની બધી દોલત સરકારી ખજાનામાં જપ્ત કરી લો અને તેની જમીનદારી તેના કાકાના છોકરા દેવીપ્રસાદને સોંપી દો. "

આ પ્રમાણે હુકમ આપ્યા પછી રામકાંતની ધનસંપત્તિ છીનવી લાવવા માટે નવાબે નાટોરમાં એક સૈન્ય મોકલ્યું. નવાબના સૈન્યે નાટોર પહોંચીને રાજમહેલમાં પ્રવેશ કર્યો. આ વખતે પોતાનો બચાવ કરવો અશક્ય છે, એમ ધારીને રાજા રામકાંત રાણી ભવાનીને લઇને ત્યાંથી છાનોમાનો પલાયન કરી ગયો. આ વખતે રાણી ભવાની સીમંતિની હતી.

ધન-સંપત્તિ બધી નવાબના ખજાનામાં ગઈ, જમીનદારી દેવીપ્રસાદને મળી, રામકાંત મુર્શિદાબાદમાં જઇને એક સાધારણ ઘર ભાડે રાખીને પોતાની સ્ત્રીની સાથે રહ્યો. રાણી ભવાનીના

અલંકાર સિવાય બીજી કાંઇ માલમતા એની પાસે હતી નહિ. એ ઘરેણાં થોડે થોડે વેચીને તેમાંથી પતિપત્ની પોતાનું ગુજરાન ચલાવતાં હતાં.

એક દિવસ દયારામ પાલખીમાં બેસીને મુર્શિદાબાદના એક રસ્તા પર થઇને જતો હતો. તે વખતે એક સાધારણ ઘરની અગાસીમાંથી કોઇએ બૂમ પાડી: "મોટાભાઇ! દયારામભાઇ! હવે કેટલા દિવસ મને આવી કંગાળ હાલતમાં રાખશો?"

દયારામે ઊંચું જોયું, તો એ સાધારણ ઘરની અગાસી ઉપર દીન વેશમાં રામકાંત ઊભો હતો. દુઃખને લીધે તેનો ચહેરો ઊતરી ગયો હતો. તેની આંખોમાંથી આંસુ ખરતાં હતાં. પોતાના માલિક રાજા રામજીવનનો એકનો એક પુત્ર, અતુલ ઐશ્વર્યનો સ્વામી, બાલ્યાવસ્થાથીજ રાજાના જેવા ભોગવિલાસમાં ઊછરેલો, પોતાનેજ હાથે ઘણાં લાડ લડાવાયેલો રામકાંત આજે આવી દયાજનક દશામાં હતો! રાજપુત્ર રાજેશ્વર રામકાંત આજે પોતે લીધેલા વેરને પરિણામે આવા દીનવેશે, આ કંગાળ ઘરમાં ઊભો રહીને નમ્રતાપૂર્વક આંસુભરી આંખે પોતાની આગળ દયાની ભિક્ષા માગી રહ્યો છે! દયારામના હૃદયમાં દયાનો સંચાર થયો. એના મનમાં વિચાર આવ્યો કે, "હાય! મેં કેવી નિષ્ઠુરતા-પૂર્વક એની સાથે ખરાબ વર્તણુંક ચલાવી. પશ્ચાત્તાપની તીવ્ર જ્વાળા એકદમ દયારામના મર્મસ્થાનમાં પ્રવેશ કરી ગઇ. તે તરતજ પાલખીમાંથી ઊતરીને રામકાંતની પાસે ગયો.

રામકાંતને આશ્વાસન આપીને દયારામે કહ્યું: "ભાઇ! દુઃખી થઇશ નહિ, રોઇશ નહિ, મારી ભૂલ થઇ. ગઇ ગુજરી ભૂલી જઇ મને માફ કર. મેંજ તને ભિખારી કર્યો છે અને હવે હુંજ તને રાજેશ્વર બનાવીશ."

રામકાંતને આ શબ્દોથી ઘણું આશ્વાસન મળ્યું. દયારામે જરા વિચાર કરી કહ્યું: "પણ એમાં થોડુંક ખરચ કરવું પડશે. તારી પાસે કાંઇ છે?"

રામકાંતે કહ્યું: "પૈસા ક્યાંથી લાવવા? મારી સાથે તો હું કાંઈ ધન લાવી શક્યો નથી. ભૈરીના અંગ ઉપર જે ઘરેણાં હતાં, તેને વેચીને મહામુસીબતે ગુજરાન ચલાવું છું."

દયારામે કહ્યું: "ઓછામાં ઓછા પચાસ હજાર રૂપિયા વગર તારી જમીનદારી તને પાછી મળવાનો સંભવ નથી. મારી

પોતાની પાસે એટલા પૈસા નથી. વહુજી ક્યાં છે? હું એમને પણ મળી તો જોઉં."

દયારામે રાણી ભવાનીને મળીને તેને બધી હકીકત જણાવી. રાણી ભવાનીએ પતિના કલ્યાણને સારૂ પોતાના અંગનાં કિંમતી ઘરેણાંઓ ઉતારીને દયારામને સોંપ્યાં.

ઘરેણાં વેચીને દયારામે રૂપિયા એકઠા કર્યા. એ વખતે દેવીપ્રસાદ મુર્શિદાબાદમાં હતો અને દરરોજ નવાબના દરબારમાં જતો હતો. નવાબના મહેલમાં જવાના રસ્તામાં જેટલા દુકાનદારો હતા, તેમને દયારામે પૈસા આપીને વશીભૂત કરી દીધા. દેવીપ્રસાદ જ્યારે નવાબના દરબારમાં જતો, ત્યારે તેને જોઇને લોકો એવું કહેતા કે, "આ કમબખ્ત ચાલ્યો."

દેવીપ્રસાદ આથી ઘણો ગુસ્સે થયો. તેણે નવાબ સાહેબ આગળ જઇને આ બાબતની ફરિયાદ કરી, છતાં પણ દરરોજ લોકો એજ પ્રમાણે કહીને એને ચીડવવા લાગ્યા. દરરોજ દેવીપ્રસાદની ફરિયાદ સાંભળીને નવાબ સાહેબ પણ કંટાળી ગયા. એક દિવસ એમણે ગુસ્સે થઇને કહ્યું: "જ્યારે બધા તને કમબખ્ત કહે છે, ત્યારે તું ખરેખર કમબખ્ત છે. આટલી મોટી જમીનદારીનો માલિક થવાને તું લાયક નથી."

આ લાગ જોઇને દયારામે પણ દેવીપ્રસાદની વિરુદ્ધ નવાબ સાહેબના ઘણા કાન ભંભેર્યા અને જણાવ્યું કે, રામકાંત હવે ઘણો સુધરી ગયો છે, માટે એને પોતાની બાપિકી જમીનદારી પાછી મળવી જોઇએ." આથી દેવીપ્રસાદના ઉપર ગુસ્સે થઇને નવાબ સાહેબે તેની પાસેથી જમીનદારી છીનવી લઇને રામકાંતને સોંપી દીધી.

રામકાંતને પોતાની જમીનદારી કેવી રીતે પાછી મળી, તે સંબંધી ઉપર જણાવેલી દંતકથા લોકોમાં ચાલતી આવે છે. નવાબ અલિવર્દીખાં કાંઇ મૂર્ખ મનુષ્ય નહોતો. એ ઘણો બુદ્ધિમાન, વિચક્ષણ અને સમજુ રાજા હતો. ભોળા બાળકની પેઠે આવા ગંભીર મામલામાં વખતોવખત તે પોતાના વિચારો બદલે અને જોતજોતામાં કોઇને નિહાલ કરી નાખે અને કોઇને પાયમાલ કરી નાખે એ બનવાજોગ નથી લાગતું; છતાં એટલી વાત તો નક્કી છે કે, રામકાંતને પોતાની જમીનદારી પાછી મળી, તે દયારામના બુદ્ધિચાતુર્યને લીધેજ.

ઈ○ સ○ ૧૭૪૬ માં ૩૪ વર્ષની યુવાન વયે રાજા રામકાંતનું મૃત્યુ થયું. રાણી ભવાનીને બે પુત્ર જન્મ્યા હતા, પરંતુ મોટો પુત્ર કાશીકાંત અગિયાર મહિનાનો થઇને અને નાનો પુત્ર તો અન્નપ્રાશનસંસ્કાર થતાં પહેલાંજ ગુજરી ગયો હતો. ત્યાર પછી રાણી ભવાનીને કોઇ પુત્રસંતાન થયું નહોતું; માત્ર એક કન્યા અવતરી હતી. પતિના મૃત્યુ વખતે એ કન્યા જીવતી હતી. તેનું નામ તારા પાડયું હતું.

સ્વામીના મૃત્યુ પછી એ વિસ્તીર્ણ જમીનદારીનો વહીવટ કરવાની જવાબદારી રાણી ભવાનીને માથે આવી પડી. ૩૨ વર્ષની વયે વિધવા થઇને ૮૦ વર્ષ સુધી રાણી ભવાની જીવી હતી. એ લાંબા સમયમાં તેણે પોતાના જીવનમાં કઠોર વૈધવ્યવ્રત પાળ્યું હતું અને બ્રહ્મચર્યપૂર્વક પોતાનું જીવન ગાળીને, એક તરફ રાજકાર્યમાં પૂર્ણ દક્ષતા બતાવી હતી, ત્યારે બીજી તરફ દેવસેવા, ધર્મસેવા અને લોકોપકારમાં પુષ્કળ પૈસો ખરચીને દેવી તરીકે ખ્યાતિ મેળવી હતી. પ્રતિભા અને ધાર્મિક ભાવની બાબતમાં રાણી ભવાની જેવી કોઈ સ્ત્રી બંગાળામાં થઇ નથી. એ રાણી ભવાનીના નામથી બંગાળા પ્રાંત પોતાને ગૌરવાન્વિત માને છે.

યથાસમયે રાણી ભવાનીએ રઘુનંદન ભાદુરી નામના કોઇ કુળવાન બ્રાહ્મણ યુવક સાથે કન્યાનો વિવાહ કરી દીધો. સાસુના કારભારી તરીકે જમાઇ તેની પાસે રહીને જમીનદારીનો ઘણોખરો વહીવટ કરવા લાગ્યો.

દયારામ એ વખતે પણ નાટોરના રાજદરબારમાં મુખ્ય કર્તાહર્તા હતો. દયારામના ઉપકારનું સ્મરણ કરીને રાણી ભવાની તેનું વિશેષ સન્માન રાખતી હતી. બધા કામમાં તે દયારામના ઉપદેશ પ્રમાણે ચાલતી; પરંતુ રાણી ભવાનીની જમીનદારી ઉપર જમાઇનો વહીવટ હતો, એ વાત દયારામને રુચી નહિ. આખરે તો એ જમાઇ હતો. નાટોરના રાજવંશ સાથે એને કાંઇ લાગતુંવળગતું નહોતું. જે રાજગાદી ઉપર રાજા રામજીવન અને રાજા રામકાંત ગૌરવપૂર્વક રાજ્ય કરી ગયા હતા, તે ગાદી ઉપર દરિદ્ર બ્રાહ્મણનો પુત્ર રઘુનંદન કારભાર ચલાવે, એ દશ્ય જોઇને દયારામને હસવું આવતું. સ્વામીભક્ત દયારામ, પોતાના માલિકના રાજ્ય ઉપર બીજાનો વહીવટ રહે, એ જોઇને ઘણો અસંતુષ્ટ થયો. એક દિવસ રાણી ભવાનીએ કોઈ ખાસ કામ માટે દયારામને

તેડાવ્યો, પણ દયારામ આવ્યો નહિ અને કહેવરાવી મોકલાવ્યું કે, "હું ગમે તેના કહ્યાથી રાજકાજ છોડી દઇને આવી શકતો નથી."

રાણી ભવાની ઘણું વિસ્મય પામી. તેણે ફરીથી બોલાવવા મોકલ્યો, એ વખતે દયારામ પોતે આવ્યો.

રાણી ભવાનીએ કહ્યું: "દયારામભાઈ! મેં તમને બોલાવ્યા હતા, પણ તમે આવ્યા નહિ અને એવો ઉત્તર શા માટે મોકલ્યો?"

દયારામે કહ્યું: "મેં કાંઇ ખોટું કામ કર્યું નથી. હું રાજ-કાર્યમાં ગૂંથાયેલો હતો. ગમે તેના કહ્યાથી હું કામ પડતું મૂકીને આવી શકીશ નહિ, એવો વાજબી જવાબ મેં કહેવરાવ્યો હતો."

રાણી ભવાનીએ કહ્યું: "પણ દયારામભાઇ! મારી વાત પણ ગમે તેની વાત ગણાય કે?"

દયારામે ઉત્તર આપ્યો: "હાસ્તો વળી, તમે કોણ? તમે રાણી નથી, રાજમાતા નથી; ફક્ત રાજાની સાસુ છો. રાજાની સાસુને હું કાંઇ એવી મોટી ગણતો નથી કે તેના કહેવરાવવાથી રાજ્યનું કામકાજ પડતું મૂકીને ચાલ્યો આવું! તમે જ્યારે રાજ-માતા થશો, ત્યારે હું તમારૂં યોગ્ય સન્માન કરીશ." દયારામ શાથી અસંતુષ્ટ થયો હતો, એ વાત તેના આ કટાક્ષ ઉપરથી રાણી ભવાનીના સમજ્યામાં આવી. તેણે જરા હસીને કહ્યું: "દયારામભાઇ! રાજમાતા થઇને આ રાજવંશની રક્ષા, સસરાજી અને સ્વામીના નામની રક્ષા તથા તેમને પિંડદાન કરવાની વ્યવસ્થા કરવાની મારી ઇચ્છા નથી એમ નથી. હજુ એને માટે પૂરતો સમય છે, માટેજ મેં આટલા દિવસ સુધી એ માટે ખાસ પ્રયત્ન કર્યો નહોતો અને હાલને માટે જમાઇના હાથમાં કારભાર સોંપ્યો છે, એમાં તમને આટલું બધું ખોટું શાને લાગ્યું? તમે આટલા બધા રિસાયા શા સારૂ? જાઓ, તમે કોઈ સદ્‌ગુણી અને હોશિ-યાર બાળકને ખોળી લાવો, હું તેને દત્તક લઇશ." આથી સંતુષ્ટ થઇને રાણીને પ્રણામ કરી દયારામ બહાર આવ્યો.

પરંતુ થોડાજ દિવસમાં રઘુનંદનનું મૃત્યુ થયું. અસામાન્ય રૂપવતી રાજકન્યા તારા, યુવાવસ્થામાં પ્રવેશ કરતાંવારજ વિધવા થઇ. સાંસારિક સુખનો એક આધાર અને માતૃજીવનના સ્નેહના ખાસ પાત્ર–તારાના વિધવા થવાથી રાણી ભવાનીના હૃદયને કેવી સખ્ત વેદના થઇ હશે, તે હિંદુ માતાઓને સમજાવવું પડે તેમ

નથી. એ દારુણ વેદના હિંદુસ્તાનમાં ઘેરેઘેર જોવામાં આવે છે.

પણ જે સ્ત્રીઓમાં રાણી ભવાનીની પેઠે અસાધારણ માનસિક શક્તિ હોય છે, જેઓ ધર્મની ખાતર, પરમેશ્વરને પ્રસન્ન રાખવા ખાતર, આવતો ભવ સુધારવા ખાતર, આ જીવનનું સઘળું સુખ, સઘળી ભોગલાલસાનો ત્યાગ કરીને શાંતિમય જીવન ગાળે છે, તેમને કોઇ પણ પ્રકારનું દુઃખ, કોઈ પણ જાતનો શોક, કે ગમે તેવી મોટી વિપત્તિ કર્તવ્યના માર્ગમાંથી વિચલિત કરી શકતી નથી. તારા પણ રાણી ભવાનીની યોગ્ય કન્યા હતી. સાક્ષાત્ દેવીસ્વરૂપ માતાના ઉપદેશથી તથા તેના પોતાના જીવનના ઉદાહરણ ઉપરથી તારાનું ચારિત્ર્ય બંધાયું હતું. માતાની પેઠે કઠોર બ્રહ્મચર્ય અને ધર્મસેવામાં જીવન સમર્પણ કરીને તેણે પણ શાંતિ મેળવી હતી. કન્યાનું ચિત્ત શાંત થવાથી માતાના મનને પણ ધીમે ધીમે શાંતિ વળી.

બીજી તરફ દયારામ કોઇ સુયોગ્ય દત્તક પુત્રને માટે પહેલેથીજ શોધમાં હતો. જમાઇના મૃત્યુ પછી રાણી ભવાની પણ દત્તક પુત્રને માટે વિશેષ આગ્રહ કરવા લાગી.

દયારામે ઢંઢેરો પિટાવ્યો કે, "જે જે કુળવાન બ્રાહ્મણોના ઘરમાં જનોઈ દીધા વગરના સુંદર અને સુલક્ષણ બાળકપુત્ર હોય, તેમણે અમુક દિવસે એ બાળકોને લઇને રાજમહેલમાં આવવું." પોતાનો પુત્ર રાજગાદીનો અધિકારી થાય, એ આશામાં માબાપો પોતાના સદ્‌ગુણી-દુર્ગુણી-ખૂબસૂરત અને બદસૂરત બાળકોને લઇને રાજમહેલમાં એકઠાં થયાં; કારણકે પોતાના બાળકને કદ્રૂપું અને અટકચાળું કોણ ગણે? એક વિશાળ સુસજ્જિત મકાનમાં બાળકોને બેસાડવામાં આવ્યાં. રાજમહેલનો ઝગઝગાટ, ત્યાંના લોકોનો ઠાઠ અને ત્યાંની સજાવટ વગેરે જોઇને ઘણાં બાળકો તો જડસડ જેવાં થઇ ગયાં. ફક્ત એકજ બાળકે પાર વગરની હિંમત બતાવીને મહેલમાં પેસતાંવારજ દયારામને પોતાના જોડા કાઢવા માટે કહ્યું. દયારામે હસીને બાળકના પગમાંથી જોડા કાઢી લીધા. બાળક સીધો જઇને આસન ઉપર બેસી ગયો. દયારામે વિચાર્યું કે, "આજ બાળક ખરો રાજા છે."

રાણી ભવાની પડદામાં બેસીને એ ઘટના જોઇ રહી હતી. તેણે દયારામને બોલાવીને પૂછ્યું: "દયારામભાઇ! તમે કયા બાળકને રાજગાદી માટે પસંદ કર્યો?" દયારામે હસીને કહ્યું:

"માજી! અમારા રાજા પોતે પોતાની મેળે મારે હાથે પગરખાં કઢાવીને રાજ્યાસન ઉપર જઇ બેઠા છે. આપણી કોઇની પસંદગીની તેણે પરવા રાખી નથી. રાજા રામજીવન અને રાજા રામકાંત જેની સલાહ લઇને કામ કરતા હતા, એવા શખ્સ પાસે જે બાળકે જૂતાં કઢાવ્યાં, તેના કરતાં આ રાજ્યને માટે વધારે લાયક બાળક બીજો કોણ હોઇ શકે? એ બાળકજ અમારો ખરો રાજા છે; આપ એમનેજ દત્તક લો."

એને યથાવિધિ દત્તક લઇને રાણી ભવાનીએ તેનું નામ રામકૃષ્ણ રાખ્યું.

બંગાળના છેલ્લા સ્વતંત્ર નવાબ દુર્ભાગી સિરાજુદ્દૌલ્લાનું નામ આ દેશમાં સૌ કોઇ જાણે છે. ઇતિહાસ અને લોકવાયકાએ તેના નામને અનેક રીતે કલંકિત કર્યું છે. તેની ક્રૂરતા અને સુસ્તી સંબધી જે જે લોકવાયકાઓ છે, તે પ્રમાણ વગરની છે એમ પણ કોઈ કોઇ ઇતિહાસવેત્તાઓએ અનેક પ્રમાણ સાથે સાબિત પણ કર્યું છે; પરંતુ એ હદપાર ઉચ્છૃંખલ અને વિષયી હતો, એ વાતનો બધા સ્વીકાર કરે છે. યૌવનના આરંભથીજ તેની ઉચ્છૃંખલતા અને વિષયલાલસા એવી સ્પષ્ટ રીતે જણાઇ આવી હતી કે, એ વખતના બંગાળાના મુખ્ય મુખ્ય જમીનદારો અને અમલદારો તેના ઉપર ઘણા ગુસ્સે થયા હતા.

સ્નેહપરાયણ વૃદ્ધ નવાબ અલીવર્દીખાં પોતે ધર્મશીલ અને સંયમી હોવા છતાં પણ આ યુવરાજને ખરાબ કૃત્યો કરતાં રોકતો નહિ. આ પ્રમાણે કોઇની પણ ધાક વગર, વયોવૃદ્ધિની સાથે સિરાજની ભોગલાલસા અને ઉછૃંખલતા પણ વધતી ગઇ; અનેક કુલીન લલનાઓનું અમૂલ્ય સતીત્વધન એ લાલસાના અગ્નિમાં ભસ્મીભૂત થવા લાગ્યું; અનેક વિશુદ્ધ કુળને કલંકની મેશ લાગી. બધી રૈયત અત્યંત ભયભીત થઈ ગઇ.

મુર્શિદાબાદની પાસે 'બડનગર'ની નજીક ગંગાકિનારે રાણી ભવાનીનું એક ઘર હતું. ગંગાકિનારે વાસ કરવાના ઉદ્દેશથી એ ઘણી વખત તે ઘરમાં રહેતી હતી. તેની જુવાન વિધવા કન્યા 'તારા' અત્યંત રૂપવતી હતી. બ્રહ્મચર્ય અને ધર્મસેવાને લીધે તેના સૌંદર્ય ઉપર અપૂર્વ સ્વર્ગીય જ્યોતિ દીપી રહી હતી. એ ઉજ્જવળ રૂપને લીધે વિધવા તારા કોઇ દેવબાળાના જેવી સુંદર લાવણ્યમયી દેખાતી હતી.

એક દિવસ સંધ્યાકાળ થતાં પહેલાં પોતાના ઉજ્જ્વળ રૂપથી ચારે તરફ પ્રકાશ નાખતી તારા ગંગાના કિનારે એ ઘરની અગાસી ઉપર ઊભી હતી. એ સમયે સિરાજ અને તેના વિલાસી સોબતીઓ મછવામાં બેસીને ગંગા નદીમાં સહેલ કરવા નીકળ્યા હતા. તેમની નજર તારાના ઉપર પડી. વિષયી સિરાજ તારાનું અપૂર્વ મનમોહક સૌંદર્ય જોઇને મુગ્ધ થઇ ગયો. તેના હૃદયમાં વિષયલાલસા જાગી ઊઠી. આવેશને કેમ રોકવો, એ તો સિરાજ કોઇ દહાડો શીખ્યોજ નહોતો; એટલે તારાને પ્રાપ્ત કરવા માટે, તેના મનમાં અદમ્ય આકાંક્ષા ઉત્પન્ન થઇ. બળ, છળ, યુક્તિ, પ્રપંચ ગમે તે પ્રકારે કરીને તારાને પકડી લાવવાનો એણે સંકલ્પ કર્યો અને એજ દિવસથી એ સંકલ્પ પાર પાડવાના યત્ન પણ આરંભ્યા.

એ સમાચાર રાણી ભવાનીના કાને પણ પહોંચ્યા. તેના ભયનો પાર રહ્યો નહિ. રાણી ભવાની એ વખતે લગભગ અડધા બંગાળની અધીશ્વરી હતી. ચારિત્ર્યની દઢતા, તેજસ્વિતા, રાજ્ય ચલાવવાની શક્તિ અને અસંખ્ય પરોપકારી કામોને લીધે બંગાળના જમીનદારો અને જનસમાજ તેના તરફ અત્યંત ભક્તિ અને શ્રદ્ધા ધરાવતાં હતાં. સિરાજ તેની કન્યાનું હરણ કરવાનો યત્ન કરશે, તો બંગાળામાં ક્રોધ અને અસંતોષની પ્રબળ આગ સળગી ઊઠશે, એ વાત રાણી ભવાની સારી પેઠે જાણતી હતી; પરંતુ એ છતાં પણ તે ભયભીત થઇ; એનું કારણ એ હતું કે, પોતાની સામેના વિરોધની પાકી ખાતરી હોવા છતાં પણ, ઇંદ્રિયલાલસાથી ઉન્મત્ત બનેલો સિરાજ પોતાનો દુષ્ટ સંકલ્પ છોડી દેશે નહિ, એ વાતની તેને ખાતરી હતી. સિરાજનો બાપ અલીવર્દીખાં પણ પુત્રસ્નેહને લીધે એટલો બધો દુર્બળ થઇ ગયો હતો કે, તે પુત્રને આવું દુષ્કૃત્ય કરતાં રોકે એવો જરા પણ હવે સંભવ નહોતો.

બીજી તરફ તારાનું બળપૂર્વક હરણ કરવા સારૂ સિરાજના સૈન્યે આવીને બડનગર ઉપર હુમલો કર્યો. નગરની પાસેજ સંન્યાસીઓનો એક આશ્રમ હતો. એ સંન્યાસીઓનું પોષણ રાણી ભવાનીદ્વારાજ થતું હતું. ભવાનીએ આ આપત્તિને વખતે તેમનો આશ્રય માગ્યો. પોતાનું પોષણ કરનાર રાણી ભવાનીના રક્ષણ સારૂ એ સંસારત્યાગી સંન્યાસીઓ પણ વીર રજપૂતોની

પેઠે ઢાલતલવાર બાંધીને હાજર થયા. સિરાજના સૈન્ય સાથે એ સંન્યાસીઓના લશ્કરને ભયંકર યુદ્ધ થયું. સંન્યાસીઓનો જય થયો. સિરાજનું સૈન્ય હાર ખાઇને નાસી ગયું.

પરંતુ આટલાથી પણ સિરાજ ઠંડો પડીને બેસી રહે એવી આશા નહોતી. સિરાજને છેતરવા માટે અને એટલા અવસરમાં પોતાના બચાવની પૂરતી તૈયારી કરવા માટે બુદ્ધિમાન રાણી ભવાનીએ એક યુક્તિ શોધી કાઢી. એણે ગંગાનદીના કિનારે એક ખોટી ચિતા બનાવીને સળગાવી મૂકી અને ચારે તરફ ખબર ફેલાવી દીધી કે, "તારાનું એકાએક મૃત્યુ થયું છે અને તેનું અપૂર્વ સૌંદર્ય ચિતામાં ભસ્મીભૂત થઇ ગયું છે."

પણ આ પ્રપંચ ઘણા દહાડા સુધી ટકી શક્યો નહિ. રાણી ભવાનીએ હવે ઘણો વખત બડનગરમાં રહેવું વાજબી ધાર્યું નહિ. હથિયારબંધ પહેરેગીરોને તથા પોતાની કન્યા તારાને લઇને તે નાટોર પાછી ગઈ. નાટોરના રાજમહેલની આસપાસ એ વખતે ત્રણ કોટ બાંધેલા હતા. રાણી ભવાનીએ એ સુરક્ષિત ગઢમાં તારા સાથે આશ્રય લીધો અને આત્મરક્ષણ માટે ધીમે ધીમે લશ્કર એકઠું કરવા માંડ્યું.

આ અરસામાં પોતાના અધમ કૃત્યનું ફલાફલ વિચારવાનો થોડોક અવસર સિરાજને મળ્યો. કાંઇક તો પોતાની અક્કલથી અને દોસ્તોની સલાહથી એને ખાતરી થઈ કે, રાણી ભવાની જેવી શક્તિમતી અને પ્રભાવશાળી તથા બધા લોકોની શ્રદ્ધા અને ભક્તિ ધરાવનારી જમીનદાર રાણીના કુળને કલંક લગાડવાનો પ્રયત્ન કરવાથી, પોતાના આખા રાજ્યમાં અસંતોષ અને ફિતુરની મોટી આગ સળગી ઊઠશે અને એ આગમાં પોતાનું સિંહાસન તથા જીવન સુધ્ધાંત ભસ્મીભૂત થઈ જશે. લાંબો વિચાર કરીને સિરાજ ખામોશ ખાઇ ગયો.

થોડા સમય પછી નવાબ અલીવર્દીખાંનું મૃત્યું થયું. સિરાજ બંગાળાનો નવાબ થયો. તેના ગાદીએ બેઠા પછી, થોડાજ વખતમાં કલકત્તાની ઇસ્ટ ઇંડિયા કંપની સાથે સિરાજને ટંટો ઊભો થયો.

સત્તરમી સદીના મધ્ય ભાગમાં એટલે કે, અલીવર્દીખાં અને સિરાજના રાજ્યની લગભગ સો વર્ષ અગાઉ, અંગ્રેજ વેપારીઓએ બંગાળામાં ઠેકાણે ઠેકાણે વેપારી પેઢીઓ સ્થાપી હતી. આ

પેઢીઓ ‘ કોઠી ’ ના નામથી પ્રસિદ્ધ હતી. પાછળથી બાદશાહ પાસેથી તેમણે કલકત્તા અને તેની પાસેનાં કેટલાંક ગામોની જમીનદારી લીધી અને વેપારવણજ સંબંધી બીજા પણ કેટલાક અધિકાર મેળવ્યા. એ વખતે દેશમાં વખતોવખત વિદ્રોહ, અંધાધૂંધી અને બીજી અનેક પ્રકારની અડચણો ઊભી થતી. એ બધી આપત્તિઓને વખતે પોતાનું રક્ષણ કરવા સારૂ, અંગ્રેજ વેપારીઓની કંપનીએ કલકત્તામાં એક કિલ્લો બાંધ્યો અને થોડુંક સૈન્ય રાખ્યું. ધીમે ધીમે બંગાળામાં તેમની શક્તિ વધારે ને વધારે પ્રબળ થતી હતી.

પરદેશી અંગ્રેજ વેપારીઓની પોતાના દેશમાં આ પ્રમાણે શક્તિ વધતી જતી જોઈને, વિચક્ષણ અલીવર્દીખાં કાંઈક ભયભીત અને ચિંતાતુર થયો હતો. મૃત્યુસમયે તેણે સિરાજુદ્દૌલ્લાને એ વિષયમાં ઘણોજ સાવધાન રહેવાનો ઉપદેશ આપ્યો હતો.

આ બધાં કારણોને લીધે અંગ્રેજો ઉપર સિરાજનો સદ્ભાવ નહોતો. વળી શક્તિ વધતી ગઈ, તેમ તેમ અંગ્રેજોની વર્તણુંકમાં પણ અભિમાનનો ભાવ દેખાવા લાગ્યો. સિરાજે કલકત્તા ઉપર હુમલો કરીને અંગ્રેજોના કિલ્લાને પોતાના કબજામાં લીધો; પણ એટલામાં મદ્રાસથી અંગ્રેજ સેનાપતિ કલાઇવ ઘણા મોટા સૈન્ય સાથે આવી પહોંચ્યો અને નવાબના લશ્કરને હરાવી તેણે કિલ્લાને પાછો પોતાના તાબામાં લીધો. ત્યાર પછી કલકત્તામાં અંગ્રેજોની સાથે સિરાજને સંધિ થઇ. એ સંધિથી અગ્રેજોની શક્તિ અને સત્તા પણ ઘણે દરજ્જે વધી પડ્યાં.

આ બનાવ બન્યા પછી, થોડે સમયે જગતશેઠ, મહારાજા કૃષ્ણચંદ્ર, રાજા રાજવલ્લભ વગેરે બંગાળાના કેટલાક આગેવાન અમલદારો સિરાજને પદભ્રષ્ટ કરીને તેની જગ્યાએ તેના સેનાપતિ મિરજાફરને ગાદી ઉપર બેસાડવાને માટે મોટી ખટપટ કરવા લાગ્યા.

બધા દેશોમાં રાજાની નીચે જમીનદારો અને મુખ્ય અમલદારોનું સ્થાન હોય છે. વ્યક્તિગત સ્વાર્થનું કે જાતીય સ્વાર્થનું રક્ષણ કરવા સારૂ એક રાજાને પદભ્રષ્ટ કરીને બીજા રાજાને ગાદીએ બેસાડવા એકઠા મળીને યત્ન કરવો, એ ન્યાયપુરઃસર હશે કે નહિ, એ જુદો સવાલ છે; પરંતુ એવા બનાવો દુનિયાના ઇતિહાસમાં ઘણી વાર બનતા રહ્યા છે અને બનતા રહેશે. આગલા વખતમાં બંગાળાના જમીનદારોના પ્રયત્નથી ઉચ્છૃંખલ ને વિષયી નવાબ

સરફરાજખાં રાજ્યભ્રષ્ટ થયો હતો અને અલીવર્દીખાંએ ગાદી મેળવી હતી. આ વખતે પણ એમની ઇચ્છા સિરાજને પદભ્રષ્ટ કરીને મીરજાફરને ગાદી આપવાની હતી; પરંતુ પહેલી વાર જમીનદારો અને અમલદારોએ પોતાનાજ બળ ઉપર આધાર રાખીને કામ કર્યું હતું અને આ પ્રસંગમાં તેમણે ભૂલ એ કરી કે, મીરજાફરને ગાદી અપાવવા સારૂ તેમણે અંગ્રેજોની મદદ માગી. અંગ્રેજો એ વખતે દેશના રાજા નહોતા, ફક્ત પરદેશી વેપારી હતા. વેપારી તરીકે હિંદુસ્તાનમાં આવીને એ વખત સુધીમાં તેમણે પોતાની સત્તા સારી પેઠે જમાવી હતી. આવે અણીને વખતે અંગ્રેજોની મદદ માગવાથી અંગ્રેજોની શક્તિ દેશમાં વધારે પ્રબળ થઈ પડશે, ભવિષ્યના નવાબને તેમની આગળ માથું નમાવીને રહેવું પડશે, એ બધી વાત એ વખતે ટૂંકી નજરના જમીનદારો અને અમલદારોના ધ્યાનમાં ઊતરી નહિ.

પરંતુ સ્વાર્થના મોહની ખાતર કહો કે, બુદ્ધિના દોષને લીધે કહો; જે વાત દેશના પુરુષ આગેવાનોના સમજ્યામાં ન આવી, તે વાત એક અબળા રમણી જમીનદાર સારી પેઠે સમજી ગઈ હતી. એ દૂરઅંદેશ બુદ્ધિમાન સ્ત્રી તે આપણા ચરિત્રની નાયિકા રાણી ભવાની હતી. ખરૂં પુછાવો, તો સિરાજની સાથે ખરેખરી દુશ્મની રાખવાનું અને લાગ મળે, તો વેર લેવાનું સચોટ કારણ રાણી ભવાનીને મળ્યું હતું. કામાંધ થઇને સિરાજે તેની એકની એક કન્યાનું શિયળ ભંગ કરવાને પ્રયાસ કર્યો હતો, પણ રાણી ભવાની ઘણીજ ઉદાર પ્રકૃતિવાળી સ્ત્રી હતી. જ્યાં આગળ આખા દેશના કલ્યાણનો સવાલ હોય, ત્યાં આગળ શું પોતાના અંગત દ્વેષનો વિચાર કરવો જોઇએ ? પોતાને થયેલા અન્યાયનો ઘૂંટડો એ શાંતિથી ગળી ગઇ હતી. આવે વખતે તેણે સિરાજનો બદલો લેવાનો સ્વપ્નમાં પણ વિચાર ન કર્યો. અંગ્રેજોની મદદથી સિરાજને પદભ્રષ્ટ કરીને મીરજાફરને ગાદીએ બેસાડવાથી ભવિષ્યમાં શું પરિણામ આવશે, તે રાણી ભવાની સ્પષ્ટ રીતે સમજી શકી હતી; એટલા માટે સિરાજના વિરુદ્ધ પક્ષના પ્રપંચી જમીનદારો અને અમલદારોએ જ્યારે તેનો મત પુછાવ્યો, ત્યારે તેણે સ્પષ્ટ રીતે વિરુદ્ધ મત આપ્યો. જમીનદારોના હિચકારા યત્નને લીધે એ એટલી બધી ગુસ્સે થઈ હતી કે, એમાંના એક મુખ્ય પુરુષને તેણે એક જોડી ચૂડીઓ અને સિંદૂર ભેટ મોકલ્યાં હતાં. એમ કરી-

ને તેણે કટાક્ષમાં સૂચવ્યું હતું કે, "તમે પુરુષ થઇને સ્ત્રીઓ જેવું ટૂંકી બુદ્ધિનું અને નામર્દાઇનું કામ કરી રહ્યા છો."

પરંતુ રાણી ભવાનીના ઉપદેશ અને કટાક્ષની એ દેશદ્રોહીઓ ઉપર કાંઇ પણ અસર થઇ નહિ. તેમણે પોતાનો સંકલ્પ છોડી દીધો નહિ. પ્રપંચીઓની ઇચ્છા અને પ્રયત્ન સફળ થયા. ભાગીરથીને કિનારે પ્લાસીના રણક્ષેત્રમાં કલાઇવની સાથે સિરાજને યુદ્ધ કરવું પડ્યું. એ યુદ્ધમાં સેનાપતિ મીરજાફર વિશ્વાસઘાતી નીવડ્યો અને સિરાજનો પરાજય થયો. સિરાજ ત્યાંથી પલાયન કરી ગયો, પણ પાછળથી તે પકડાયો અને મીરજાફરના પુત્ર મિરનના હાથે માર્યો ગયો. અંગ્રેજોનો આશ્રિત મીરજાફર બંગાળાનો નવાબ બન્યો.

દસબાર વર્ષમાં આખું બંગાળા અંગ્રેજોના હાથમાં આવ્યું. મીરજાફરના વંશજ નવાબો અંગ્રેજોની પાસેથી વૃત્તિ મેળવીને મુર્શિદાબાદમાં રહેતા હતા. બંગાળાની રાજધાની એ વખતથી અંગ્રેજોની સત્તાના કેંદ્રસ્થળ કલકત્તામાં સ્થપાઇ.

રાણી ભવાનીની પૂર્વાવસ્થા, તેની રાજ્ય ચલાવવાની શક્તિ, તેની ઉદાર નીતિ તથા બંગાળાના ઇતિહાસમાં તેણે બતાવેલી દીર્ઘદર્શિતા આદિનો પરિચય આપ્યા પછી, હવે તેના જીવનના બીજા ગુણોનો પરિચય આપીશું. કઠોર કર્તવ્ય-વ્રત-પરાયણ જીવનથી દેવસેવા, લોકસેવા, દાન-ધર્મ વગેરે અસંખ્ય સત્કૃત્યોથી છૂટે હાથે પુષ્કળ દાન કરવાથી તથા એવાં જે અનેક કાર્યોથી રાણી ભવાની ચિરયશસ્વિની થઇ ગઇ છે, તેનો હવે ઉલ્લેખ કરીશું.

બચપણથીજ દેવતા અને ધર્મ ઉપર રાણી ભવાનીને વિશેષ શ્રદ્ધા હતી. ભક્તિ અને લોકસેવા તરફ તેનું ચિત્ત મૂળથીજ વધારે આકર્ષિત હતું. તે સધવા હતી ત્યાંસુધી જમીનદારીનો વહીવટ તેના સ્વામીના હાથમાં હતો. તેના હાથમાં પૈસો છૂટથી આવતો નહિ, છતાં પણ જેટલું ધન તેને મળતું, તેનો ઉપયોગ એ છૂટે હાથે ધર્મકાર્યમાં અને લોકસેવામાં કરતી. એ વખતે પણ તેણે અનેક સ્થળોએ મંદિરો બંધાવ્યાં હતાં. જે સ્થળોએ માણસોને પાણીની તંગી પડતી હતી, ત્યાં જળાશયો ખોદાવ્યાં હતાં, અન્નવસ્ત્ર આપીને અનેક દુઃખીઓનાં દુઃખ દૂર કર્યાં હતાં, ગરીબ બ્રાહ્મણો અને બીજા લોકોની કન્યાઓનું કન્યાદાન પોતાને ખર્ચે કરાવી આપ્યાં હતાં. આ પ્રમાણે તેણે સ્વામીની હયાતીમાં પણ સેંકડો પુણ્યકાર્ય કર્યાં હતાં; પરંતુ સ્વામીના મૃત્યુ પછી જ્યારે

આખી જમીનદારીનો વહીવટ તેના હાથમાં આવ્યો, ત્યારે તો તેણે એવાં સત્કાર્યોમાં લાખો રૂપિયા ખર્ચ્યા હતા. પ્રથમથી દેવ-સેવા ઉપર તેને કેવી ઊંડી ભક્તિ હતી, તે સંબંધી એક ઉત્તમ દંતકથા પ્રચલિત છે.

એક વખતે તેમના પતિ રાજા રામકાંતે મોતીના બે હાર ખરીદ કર્યા અને બે હાર રાણી ભવાનીના હાથમાં મૂકીને કહ્યું: “ આમાંનો એક હાર તારો છે અને એક કાળી માતાને માટે છે.” રાણી ભવાનીએ જોયું, તો એમાંનો એક હાર તો ઘણોજ સરસ હતો અને બીજો કાંઇક હલકો હતો. તેણે પતિને પૂછ્યું કે, “ આમાંનો કયો હાર દેવીને ચડાવવા ધારો છો ? ” રામકાંતે હસીને કહ્યું: “ આ હલકો હાર ! અને આ કિંમતી હાર તારે પોતાને સારૂ આણ્યો છે.”

રાણી ભવાનીએ કહ્યું: “ મેં વિચાર કર્યો હતો કે, સારો હાર છે તે દેવીને ચડાવીશ, પણ હવે આપણી બન્નેની ઇચ્છા પૂર્ણ થાય એવું કાંઇ કરવું જોઇએ. બન્ને હાર દેવીને ચડાવી દો.” રાણી-ની દેવી પ્રત્યેની ભક્તિથી વિસ્મિત અને મુગ્ધ થઇ જઇને રાજા બોલ્યા: “ ઠીક, તારી એવી ઇચ્છા છે, તો હું એમજ કરીશ. ”

મોતીના બન્ને હાર દેવીને સમર્પણ થયા.

વિધવા થયા પછી તે જિંદગીના છેલ્લા દિવસ સુધી રાણી ભવાનીએ કઠોર બ્રહ્મચર્ય પાળીને ધર્મ અને કર્મમય જીવન ગાળ્યું હતું. નાટોરમાં ન રહેતાં એ ઘણું ખરૂં ગંગાકિનારે બડ-નગરમાંજ રહેતી. ચાર ઘડી રાત રહે, ત્યારે એ ઊઠતી અને બે કલાક સુધી જપ કરતી. ત્યાર પછી અંધારામાંજ પોતાને હાથે ફૂલ તોડીને, પ્રાતઃસ્નાન કરીને, ઘાટ ઉપર બેસીને બે કલાક સુધી શિવપૂજા અને ગંગાપૂજન કરતી. ત્યાર પછી સઘળાં દેવાલયમાં ફરીને દર્શન કરી આવીને ઘેર પાછી આવતી. ઘેર આવ્યા પછી થોડો વખત સુધી પુરાણ સાંભળતી અને પછી ઇષ્ટ દેવતાની પૂજા કરતી. ત્યાર પછી સાધારણ ફળાહાર કરીને ઘરનાં સઘળાં મનુ-ષ્યોના ભોજન ઉપર દેખરેખ રાખતી. ત્યાર પછી પોતાને હાથે રસોઇ કરીને દસ બ્રાહ્મણોને જમાડીને પોતે ભોજન કરતી. ભોજન કરી રહ્યા પછી આચમન કરીને દીવાનખાનામાં જઇને કુશાસન ઉપર બેસતી. ત્યાં આગળ અમલદારોની પાસેથી રાજ્યનું કામકાજ સાંભળતી અને કાગળપત્ર વાંચીને યોગ્ય હુકમ આપતી.

એ બધું કામ થઈ રહ્યા પછી પાછી અંદર જઈને પુરાણ સાંભળવા બેસતી. બે ત્રણ કલાક પછી અમલદારો કાગળો ઉપર તેની આજ્ઞા મુજબ શેરા લખીને આવતા, એટલે એ તેના ઉપર વાંચીને સહી કરી આપતી.

સંધ્યાકાળે પાછી ગંગાકિનારે જઈ સંધ્યાનું આહ્નિક કરતી તથા ગંગાજીમાં ઘીનો દીવો મૂકી આવતી. સંધ્યાકાળ પછી ઘેર પાછી આવીને મોડી રાત સુધી જપ કરતી. જપ કરી રહ્યા પછી થોડુંક જળ પીને દીવાનખાનામાં બેસીને રાજ્યસંબંધી કામકાજ કરતી, રૈયતની અરજીઓ સાંભળતી અને ઇન્સાફ આપતી. ત્યાર પછી મળવા આવનાર લોકોને મુલાકાત આપતી. આ પ્રમાણે આખો દિવસ કામકાજમાં વ્યતીત થતો. ઘરમાં ગયા પછી તે જાતે તપાસ કરતી કે સૌ કોઇ ક્ષેમકુશળ છે કે નહિ અને કોઇને કોઈ જાતની અડચણ તો નથી પડતી ? આટલી બધી ચોકસાઈ કર્યા પછી એ પોતે સૂઇ જતી.

પોતાની ગંજાવર જમીનદારીમાંથી તેને લાખો રૂપિયાની આવક થતી. બ્રહ્મચારિણી, કઠોર વ્રતપરાયણા વિધવા ભવાની પોતાના શણગારમાં અને ભોગવિલાસમાં કાંઇ પણ ખર્ચ કરતી નહિ. કુટુંબીઓનું પાલનપોષણ કરવામાં તથા પોતાના દરરોજના વ્રતનિયમમાં જે કાંઇ ખર્ચ થતું, તે ઉપરાંતની બધી આવક દાનમાં અને લોકોપયોગી કામોમાં ખર્ચતી. એ ધનનો તે ખજાનામાં સંચય કરતી નહિ.

તેણે બ્રાહ્મણ, અતિથિ, તીર્થવાસી અને ભિન્ન ભિન્ન પ્રકારના સંન્યાસીઓને માટે દર વર્ષે એક લાખ એંસી હજાર રૂપિયાની તો રોકડ વૃત્તિઓ બાંધી આપી હતી. કેળવણીના પ્રચારને સારૂ તેણે ઠેકાણે ઠેકાણે પાઠશાળાઓ સ્થાપી હતી; અને તેમાં વિદ્યાર્થીઓને ભણાવવાનો તથા ભરણપોષણનો પૂરતો બંદોબસ્ત કર્યો હતો. તેમને માટે તેણે અનેક છાત્રવૃત્તિઓ સ્થાપી હતી અને પોતાના ઉત્તરાધિકારીઓ રખે એ છાત્રવૃત્તિઓને કાયમ ન રાખે, એમ ધારીને અંગ્રેજ રાજ્યની સ્થાપના થયા પછી પોતાની ઠરાવેલી ખંડણી ઉપરાંત છાત્રવૃત્તિની અમુક રકમ તે જમા કરાવતી હતી, જેથી અધ્યાપકો અંગ્રેજ સરકાર પાસેથી વખતસર વૃત્તિ લઇને પાઠશાળાનું ખર્ચ ચલાવતા હતા.

રાણી ભવાની પોતાની જમીનદારીમાંથી તથા બીજાઓની

જમીનદારીમાંથી ઘણા દરિદ્ર લોકોને કરની માફીવાળી જમીન દાન આપતી અને એમ કરીને સેંકડો ગરીબોની સદાને માટે આશિષ મેળવતી.

રોગીઓની ચિકિત્સા સારૂ તેણે આઠ વૈદ્યોને પગાર આપીને રાખ્યા હતા. તે લોકો આખા રાજ્યમાં ઠેકાણે ઠેકાણે ફરીને ગરીબોને મફત દવા વહેંચતા હતા. એમની સાથે દવાઓ, જૂના ચોખા, મગની દાળ, સાકર વગેરે રોગીઓને ખાવાની સામગ્રી લઇને ભોઇ લોકો જતા. દરેક વૈદ્યની સાથે બે નોકર રહેતા. તેઓ ગરીબ રોગીઓને ઔષધ અને ખોરાક તૈયાર કરીને ખવરાવતા. એ વખતે દેશમાં સ્થાયી ધર્માદા દવાખાનાં નહોતાં, પણ રાણી ભવાનીની અપૂર્વ વ્યવસ્થાને લીધે દરરોજ ફરતાં આઠ દવાખાનાં તેની જમીનદારીમાં કામ કરતાં હતાં.

તે ઉપરાંત નાટોર શહેરમાં, રાજશાહી નગરમાં અને બીજી જગ્યાએ તેણે દેવાલયો અને જળાશયો બંધાવ્યાં છે. દેવાલયોમાં નાટોરની પાસે કરતોયાના કિનારે આવેલા ભવાનીપુર તીર્થમાં અન્નપૂર્ણાનું મંદિર વિશેષ પ્રખ્યાત છે. એ મંદિરની સ્થાપના સંબંધી એક ઘણી સુંદર દંતકથા પ્રચલિત છે.

એક દેશમાં હળીમળીને સાથે રહેવાથી હિંદુ અને મુસલમાન ભાઇઓમાં ધર્મસંબંધી ઝઘડા ઘણા ઓછા થતા જાય છે. હિંદુઓ મુસલમાનોના પીરપેગંબરને મીઠાઈ ચડાવે છે; મુસલમાનો ઘણી વાર હિંદુ દેવતાઓની માનતા માને છે. ભવાનીપુરના તીર્થસ્થાનની માનતા માન્યાથી કોઇ એક ધનવાન મુસલમાને એ દેવીને માટે એક સુંદર મંદિર બંધાવી આપ્યું; પરંતુ એ મંદિરનું બહારનું સૌંદર્ય એટલું બધું વધારે હતું કે, લોકો મુગ્ધ થઇ જઇને તેને ઘણાજ લાંબા વખત સુધી જોયા કરતા. અંદર જઇને દેવીનાં દર્શન કરવાની વધારે દરકાર રાખતા નહિ. એવી દંતકથા ચાલે છે કે, રાણી ભવાનીએ એક દિવસ સ્વપ્નામાં દેવીને જોયાં. દેવીએ તેમને કહ્યું કે, "લોકો મારા મંદિરના બહારથીજ દર્શન કરીને ચાલ્યા જાય છે, અંદર આવીને મારાં દર્શન કરવા કોઇ વધારે વાર સુધી થોભતું નથી. તું મારા મંદિરને અંદરથી સુંદર બનાવી દે."

દેવીની આજ્ઞા માનીને રાણી ભવાનીએ દેવીના મંદિરને અંદરથી એવી સરસ રીતે સજાવી દીધું કે, તેની આગળ મંદિર-

નું બાહ્યસૌંદર્ય બિલકુલ ઝાંખું પડી ગયું. લોકોને અંદર ગયા પછી બહાર આવવાનું મન થતું નહિ.

ભવાનીપુરના તીર્થમાં જવા સારૂ તેણે નાટોરથી ભવાનીપુર સુધી એક વિશાળ સડક બંધાવી હતી. એ સડક લગભગ પચાશ માઇલ લાંબી છે. એ બધા રસ્તા ઉપર ઠેકાણે ઠેકાણે વિસામાં બનાવ્યા હતા. ત્યાં આગળ મુસાફરોને ખાવાપીવાને માટે બધી જાતની સગવડ રાખવામાં આવી હતી. એ રસ્તાને લોકો "ભવાની જાંગાલ" કહે છે.

રાણી ભવાની દરેક દુર્ગોત્સવને પ્રસંગે જે દાન કરતી હતી, તેની કથા સાંભળીને આપણે અવાક્ થઇ જઈએ છીએ. દર વર્ષે બે હજાર કુમારિકાઓ અને સધવાઓને, તે ઊંચી જાતની સાડી, ચૂડીઓ અને સોનાની નથ, એટલા વાનાં આપતી. પડવાથી નવમીના દિવસ સુધી દરરોજ એક સો કુમારિકાઓને સોનાનાં ઘરેણાં આપી તેમની પૂજા કરતી. બ્રાહ્મણ પંડિતોને પચાસ હજાર રૂપિયા દાન કરતી. તે ઉપરાંત હજારો દીન, દુઃખી અને કંગાલોને ભોજન કરાવીને તથા દાન આપીને તૃપ્ત કરતી.

બધાં દીનદુઃખી મનુષ્યો હમેશાં તેની આગળ પહોંચી શકતાં નહિ, એટલા સારૂ રાણી ભવાનીએ પોતાના વિશ્વાસુ અમલદારને તેમના હોદ્દા અનુસાર એકથી તે સો રૂપિયા સુધી વગર રજાએ દાન કરવાની સત્તા આપી રાખી હતી.

કોઇ પણ બાબતમાં અમુક રકમ દાન કરવાનો સંકલ્પ કર્યા પછી ગમે તેટલી અડચણ આવી પડે, તોપણ તે પોતાનો સંકલ્પ બદલતી નહિ. અતિશય દાન કરવાને લીધે ખજાનામાં ઘણું ધન એકઠું થતું નહિ. એક વખત રાજ્યની આવક સારી ન થઇ, તેથી સંકલ્પાનુસાર દાન કરવામાં ઘટાડો પડ્યો. એ વખતે ખેતરોમાંનું અનાજ વેચી દેવાનો તેણે હુકમ આપ્યો. એમાંથી ત્રણ લાખ રૂપિયા વસૂલ થયા, પણ એટલાથી પણ એને સંતોષ થયો નહિ. પોતાનાં ઘરેણાં વેચીને તેણે બાકીના રૂપિયા એકઠા કર્યા અને દાનધર્મની પોતાની વાંચ્છના પૂર્ણ કરી.

દાનધર્મ વગેરે માટે કાશીમાં રાણી ભવાનીની આજદિન સુધી અત્યંત કીર્તિ છે. કાશીના લોકો રાણી ભવાનીને સાક્ષાત્ અન્નપૂર્ણાદેવીરૂપે પૂજતા. હજુ પણ કાશીવાસીઓ પ્રાતઃકાળમાં

વિશ્વેશ્વર અને અન્નપૂર્ણા દેવીના નામની સાથે રાણી ભવાનીના નામનું પણ ઉચ્ચારણ કરે છે.

પહેલી વાર જ્યારે એ કાશીની યાત્રાએ ગઇ હતી, ત્યારે તેની સાથે ૧૭૦૦ નૌકાઓ હતી. ત્યાર પછી એ દર વર્ષે પોતે આરંભ કરેલા દાનધર્મને ચાલુ રાખવા માટે એક હજાર નૌકા ભરીને સામગ્રી કાશી મોકલતી.

તીર્થક્ષેત્રમાં અનેક મંદિરો બંધાવીને તથા અનેક મૂર્તિઓની સ્થાપના કરીને તેમના નિભાવને માટે તે વર્ષાસન બાંધી આપતી. અન્નપૂર્ણાના મંદિરમાં દરરોજ પચીસ મણ ચોખા વહેંચાતા. બીજાં મંદિરોમાં તેના તરફથી જે અન્ન વહેંચવામાં આવતું; તેમાંથી ચાર પાંચ હજાર માણસો ભોજન કરી શકતાં. અન્નસત્રમાં દરરોજ ૧૦૮ સધવાઓ અને કુમારિકાઓને જમાડવામાં આવતી તથા એ દરેકને અકેક રૂપિયો દક્ષિણા મળતી. એક મોટા ચરૂમાં દરરોજ આઠ મણ ચણા પલાળી રાખવામાં આવતા હતા; જેમાંથી લોકોને ઇચ્છાનુસાર ચણા લઇ જવાની રજા હતી. દરિદ્ર, વૃદ્ધ અને અશકત તીર્થવાસીઓને રાણી ભવાની તરફથી રહેવાને ઘર અને ખોરાકીને માટે નાણાં મળતાં. એમનું મૃત્યુ થતું, ત્યારે તેમનો અગ્નિસંસ્કાર તથા શ્રાદ્ધનો ખર્ચ પણ રાણી સાહેબ તરફથી થતો હતો.

હિંદુઓમાં એક એવી માન્યતા છે કે, શિવજીના ત્રિશૂળ ઉપર સ્થાપિત થયેલા મૂળ કાશીનગરનો આકાર ત્રિશૂળના જેવો છે અને એની સરહદનું પરિમાણ પાંચ ગાઉ છે; એટલા માટે કાશી પંચકોશી કહેવાય છે; પરંતુ પંચકોશીની હદ ક્યાંથી ક્યાંસુધી છે, તે કોઇ નક્કી કરી શકયું નથી. રાણી ભવાનીને ઇચ્છા થઇ કે, આ પંચકોશીની અંદર વર્ષના દિવસના હિસાબે ૩૬૫ ઘર બંધાવવાં અને એ ઘરોને તીર્થવાસીઓના ઉપયોગને માટે દાન કરી દેવાં. આ ઉપરથી રાણી ભવાનીની ઇચ્છા મુજબ કાશીના પ્રસિદ્ધ બ્રાહ્મણોએ અટળક કરીને પંચકોશીની એક સીમા બાંધી આપી. રાણી ભવાનીએ એ હદની અંદર એક મોટો રસ્તો બનાવરાવ્યો અને ૩૬૫ ઘર બંધાવી આપીને તીર્થવાસીઓને માટે અર્પણ કરી દીધાં. એ રસ્તાની બાજુમાં થોડે થોડે અંતરે અકેક વિસામો તથા કૂવો બંધાવી આપ્યો તથા છાયાને માટે એક એક ઝાડ રોપાવ્યું. થાકેલાપાકેલા મજૂર

લોકો એ વિસામા ઉપર પોતાનો ભાર ઉતારતા તથા કૂવામાંથી પાણી પીને, વૃક્ષની છાયામાં બેસી તાજા થઇને પાછા પોતાનો બોજો માથે ચડાવીને ચાલ્યા જતા. 'ધર્મ ઢોકા' નામે એ જગ્યાઓ હજી પણ વર્તમાન છે.

એ ઉપરાંત રાણી ભવાનીએ એક એક ગાઉને અંતરે તળાવ કે મોટા કૂવાઓ ખોદાવ્યા હતા. તીર્થવાસીઓને એ પંચકોશીના માર્ગમાં યાત્રા કરતાં તથા વચમાંનાં દેવાલયોની પૂજા કરતાં બે ચાર દિવસ લાગે છે; એ માટે પ્રવાસીઓને સારૂ ચોખા, દાળ, શાકભાજી, ફળમૂળ, વસ્ત્ર, વાસણકૂસણ વગેરેની પણ ગોઠવણ કરવામાં આવતી.

રાણી ભવાનીની દયાનો લાભ કેવળ મનુષ્યોનેજ મળતો એમ નહિ; પરંતુ પક્ષીઓને માટે પણ એ પંચકોશીની અંદર ઠેકાણે ઠેકાણે દાણો નંખાતો અને કીડીઓના દરમાં ખાંડ અને ગોળની ગોળીઓ બનાવી નંખાતી.

કાશીવાસીઓ રાણી ભવાનીના ઉપર એટલી બધી શ્રદ્ધા અને ભક્તિ રાખતાં કે, રાણી ભવાનીએ નક્કી કરેલી પંચકોશીની સીમા, 'પંચકોશી કાશી' એવા નામથી ઓળખાવા લાગી.

મનુષ્યમાત્ર વિશ્વદેવતાનો અંશ છે; મનુષ્યનો આત્મા વિશ્વદેવતાના વિશ્વઆત્માનો અંશ છે; મનુષ્યનો પ્રાણ વિશ્વપ્રાણનો અંશ છે; મનુષ્યની મૂર્તિ વિશ્વદેવતાની વિશ્વમૂર્તિનો અંશ છે, એ વાત ઉપર જ્ઞાની હિંદુઓનો વિશ્વાસ છે; એટલા માટે કોઇ મનુષ્યના ધર્મ કે કર્મ-જીવનમાં અસાધારણ શક્તિ જોવામાં આવતાંવારજ તેઓ વિચાર કરે છે કે, એનામાં વિશ્વદેવતાનો પ્રકાશ વિશેષરૂપે છે. જ્ઞાનીઓના ઉચ્ચ તત્ત્વજ્ઞાનને સાધારણ લોકો સ્પષ્ટ રીતે સમજી શકતા નથી; પરંતુ તેમની અસર સાધારણ વર્ગ ઉપર પણ ઘણી પડે છે; એટલા માટે કોઇ મનુષ્યમાં અસાધારણ શક્તિ અને સાધના દીઠામાં આવે, તો એ મનુષ્યરૂપે સાક્ષાત્ દેવતા અવતર્યો છે, એમ ભાવિક હિંદુઓ માને છે અને એવો વિશ્વાસ હોવાથી તેઓ તેના જીવન સાથે અનેક અલૌકિક ઘટનાઓને જોડી દે છે.

શિવાજી અને અહલ્યાબાઇના સંબંધમાં પણ એવી અનેક અલૌકિક ઘટનાઓ સાંભળવામાં આવી છે. ધર્મ અને કર્મજીવન-

નાં અસાધારણ મહિમાથી મહિમાન્વિત થયેલી રાણી ભવાનીને પણ તેના સમયના લોકો માનવીરૂપે દેવી ભગવતી માનતા અને તેથી તેના જીવનમાં પણ અનેક અલૌકિક ઘટનાઓને ઉલ્લેખ છે. અત્રે તેનું કાંઇક વર્ણન કર્યા વગર રાણી ભવાનીના જીવનનું વર્ણન અપૂર્ણ ગણાશે.

કાશીના બ્રાહ્મણો, તીર્થવાસીઓ અને દીનદુઃખીઓ એટલું-જ નહિ પણ બીજાં પ્રાણીઓ પણ મુક્તહસ્તે અન્નદાન કરવા માટે, કાશીની અન્નપૂર્ણાદેવીના જેટલી રાણી ભવાનીની ભક્તિ કરતા હતા, એ વાત અમે ઉપર જણાવી ગયા છીએ. એક વખત દાન કરવા બેઠા પછી રાણી ભવાની ઘણી વખત અડસટા કરતાં પણ વધારે ખરચ કરી બેસતી. એક વખત એવું બન્યું કે, પાસે-ના રૂપિયા ખૂટી ગયા પછી પણ એક લાખ રૂપિયાની તેને જરૂર પડી. રાજશાહીમાંથી એ રૂપિયા આવતાં વાર લાગી; એટલે તેણે કાશીના કોઇ એક શાહુકાર પાસે એક લાખ રૂપિયા ઉધાર માગ્યા. એ શાહુકારે જણાવ્યું કે, "બંગાળામાંથી એવાં ઘણાંએ રાજા-રાણીઓ આવે છે. રાણી ભવાનીના ઘરબારની મને ખબર નથી, માટે હું તો તેને નાણાં નહિ ધીરૂં."

એજ રાત્રે શાહુકારે સ્વપ્ન દીઠું કે, સાક્ષાત્ અન્નપૂર્ણાદેવી તેની પાસે આવીને કહી રહ્યાં છે કે, "હે મૂર્ખ ! તેં મારી પ્રાર્થ-ના સ્વીકારી નથી ? હું નાણાં ઉધાર માગવા આવી ને તેં આપ્યાં નહિ ? હું અને રાણી ભવાની એક છીએ. અમારામાં કાંઇ ભેદભાવ નથી. હું જે અન્નદાન કરી રહી છું, તેમાં તું અડચણ નાખવા માંગે છે ?"

શાહુકાર જાગી ઊઠ્યા પછી ભયથી કાંપવા લાગ્યો અને વહાણું વાતાંવારજ રૂપિયા લઇને રાણી ભવાનીને ઘેર ગયો અને તેનાં દર્શન કરવાની પ્રાર્થના કરી.

રાણી ભવાનીએ કહેવરાવી મોકલ્યું કે, "અહીં નહિ; અન્ન-પૂર્ણાના મંદિરમાં દર્શન થશે."

વાણિયો પાછો ગયો. રાણી ભવાની જ્યારે અન્નપૂર્ણાના મંદિર-માં જઇને અન્નપૂર્ણાની પૂજા કરી રહી હતી, એવે વખતે વણિકે ત્યાં જઇને પ્રણામ કરીને રાણી ભવાનીની તરફ નજર કરી. તેણે જોયું કે, રાણી ભવાની અને દેવી અન્નપૂર્ણા એકજ હતાં.

મોંએ મોંએ એ વાત આખા શહેરમાં પ્રસરી ગઇ. ત્યારથી કાશીવાસીઓ રાણી ભવાનીને સાક્ષાત્ અન્નપૂર્ણા માતા તરીકે પૂજવા લાગ્યા અને પ્રાતઃકાળમાં કાશી વિશ્વેશ્વર અને અન્નપૂર્ણાના નામની સાથે રાણી ભવાનીના નામનું પણ ઉચ્ચારણ થવા લાગ્યું.

પાછલી અવસ્થામાં રાણી ભવાનીનું દાન સંબંધી ખર્ચ એટલું બધું વધી ગયું હતું કે, કોઇ કોઇ વખત સરકારી ખંડણીમાં પણ ખોટ પડતી. રાજશાહીના કલેકટર મિ. શૉર એટલા માટે તેની જમીનદારીના નાના નાના ભાગ કરી નાખવા તૈયાર થયા હતા; પરંતુ એટલામાં એક દિવસ રાત્રે મિ. શૉરે સ્વપ્ન જોયું કે, ખડ્ગધારી શ્યામમૂર્તિ તેની સામે આવીને કહી રહી છે કે, “ખબરદાર ! રાણી ભવાનીની જમીનદારીમાંથી જો એક વીઘું પણ બીજાને આપીશ,તો આ તલવારથી તારા બે કકડા કરી નાખીશ.”

દરેક દેશના લોકોમાં વહેમનો થોડો ઘણો પ્રચાર હોય છે. વળી એ વખતમાં ઇસ્ટ ઇંડિયા કંપનીના નોકરો પણ આ દેશના અનેક રીતરિવાજો પાળતા હતા. આ દેશના રીતરિવાજો મુજબ કંપની તરફથી પુણ્યદાન પણ થતું અને એવું સાંભળવામાં આવ્યું છે કે, કંપની સરકાર તરફથી કાલીઘાટની પણ પૂજા થતી હતી. એ ખરૂં હોય કે ખોટું, તે તો પ્રભુ જાણે; પરંતુ શૉર સાહેબે એ સ્વપ્ન જોયા પછી રાણી ભવાનીની જમીનદારી તોડી નાખવાનો સંકલ્પ ત્યજી દીધો, એવી લોકવાયકા છે.

રાણી ભવાનીના પુત્ર રાજા રામકૃષ્ણનું પણ ધર્મસાધના તરફ વિશેષ ધ્યાન હતું. રાજકર્મ અને સંસારધર્મનો ત્યાગ કરીને એ કરતોયાના કિનારે પીઠસ્થાન ભવાનીપુરમાં અન્નપૂર્ણાદેવીના મંદિરમાં બેસીને તપસ્યા કરતો. રાણી ભવાની તેને સંસારમાં પાછો ફરીને કામકાજ ઉપર ધ્યાન આપવા સારૂ ઘણો આગ્રહ કરતી અને કહેતી કે, “તારા હાથમાં આટલી મોટી જમીનદારીનો વહીવટ છે; ઘણા લોકોનું કલ્યાણ તારા ઉપર આધાર રાખે છે; ઘરમાં રહીને રાજ્યના કામકાજ ઉપર દેખરેખ રાખવાથી ઇશ્વરભજન અને લોકસેવા બંન્ને થઇ શકશે. લોકસેવા કરવાની શક્તિ અને અધિકાર ઇશ્વરે જેને આપ્યાં છે, તેને માટે તો લોકસેવાજ મુખ્ય ધર્મ છે. એ ધર્મની અવગણના કરવાથી દેવતાઓની આંખમાં તે પાપી ગણાય છે. હું હવે વૃદ્ધ થઇ છું; હવે મારાથી આટલી મોટી જમીનદારીની દેખરેખ રાખી શકાતી નથી. એ જમીનદારી

હવે તારી છે. તારી દેખરેખ વગર એ ખેદાનમેદાન થઈ જશે. તેની આવકમાંથી જે દેવસેવા અને લોકસેવા થાય છે, તેનાથી અનેક બ્રાહ્મણો અને ગરીબગરબાંઓનું પોષણ થાય છે. જમીનદારીનો નાશ થશે, તો એમનું પોષણ થશે નહિ. વિષયકર્મને તરછોડી દઇને, માલમિલકત નષ્ટ કરીને લોકહિતને હાનિ પહોંચાડીશ નહિ. આ વખતે કામકાજ ઉપર ધ્યાન આપવાથી તું પાપનો ભાગી નહિ થાય; ઊલટું જે દેવતાની તું આરાધના કરે છે, તે દેવતા તારા ઉપર વધારે પ્રસન્ન થશે. તારી સાધના અને જપતપ કરતાં લોકહિત અને પુણ્યદાનથી દેવતા વધારે પ્રસન્ન થશે. દાનધર્મ માટેજ તેણે તને આટલી બધી માલમિલકત આપી છે. તેની ઇચ્છાની વિરુદ્ધ ચાલ્યાથી એ ગુસ્સે થશે અને તારા આલોક અને પરલોક સુધરશે નહિ.”

રામકૃષ્ણે માતાની વાતને ધ્યાનમાં લીધી નહિ. મંદિરમાં રહીને એ તો સાધનાજ કરવા લાગ્યો. ભોળાનાથ નામનો એક પુરુષ તેનો ઉત્તરસાધક હતો. (શકિતસાધનમાં જે મનુષ્ય સાધકની મદદે રહે છે, તે ઉત્તરસાધક કહેવાય છે.) એ ઉત્તરસાધકે અને રામકૃષ્ણે, બન્નેએ ઘણા ભયંકર દેખાવો જોયા અને ગંભીર વાણી સાંભળી કે, “ઘેર જા, તારી માની સેવા કર, માની શિખામણ પ્રમાણે ચાલ, તેથીજ હું સંતુષ્ટ થઇશ. તારી મા અને હું એકજ છીએ.”

પરંતુ આટલાથી પણ રામકૃષ્ણ અને ભોળાનાથ ભયભીત થયા નહિ. તેઓએ જરા પણ ચંચળતા બતાવી નહિ. તેમણે પોતાની સાધનાનો ત્યાગ કર્યો નહિ. છેવટે તેમણે એક દિવસ જોયું કે, રાણી ભવાની મહા તેજસ્વી, ઉગ્ર ચંડિકાની મૂર્તિ ધારણ કરીને હાથમાં ખડ્ગ લઇ તેમની તરફ ધસી આવી રહી છે. ઉત્તરસાધક ભોળાનાથે ભયભીત થઇને આસન છોડી દીધું. કોઇ અદૃશ્ય અલૌકિક શક્તિએ રામકૃષ્ણને કોણ જાણે કયાંનો કયાં ફેંકી દીધો. તે બેશુદ્ધ થઇને એની એ જગ્યાએજ પડ્યો રહ્યો.

મંદિરના લોકો મહામહેનતે તેને નાટોરના રાજમહેલમાં પહોંચાડી આવ્યા. એ વખતે રામકૃષ્ણની અવસ્થા મરણતોલ હતી.

આવી સ્થિતિમાં તેણે દેવવાણી સાંભળી કે, “તારી માની દયા અને આશીર્વાદ વગર તારા દેહની મુક્તિ અને સદ્ગતિ થવાની નથી.”

રામકૃષ્ણે માતાના ચરણોદકને માટે નમ્ર વિનતિ કરી. રાણી ભવાનીએ તેને ચરણોદક આપ્યું નહિ. રામકૃષ્ણ કાતરસ્વરે બોલી ઊઠ્યો: "મા! મેં તમારૂં અપમાન કર્યું છે, તેનો ગુસ્સો શું હજી સુધી શમ્યો નથી? હજુ પણ સંતાન ઉપર દયા નહિ કરો?"

આટલા શબ્દો નીકળતાંવારજ રાણી ભવાની અંતઃપુરમાંથી નીકળીને બહાર આવી.

માતાએ આવીને મરણપથારીએ પડેલા રામકૃષ્ણના મસ્તક ઉપર પોતાના ચરણ રાખ્યા.

આટલા દિવસ સુધી જે માના હજારો ઉપદેશને રામકૃષ્ણે પાછા ઠેલ્યા હતા, જે માને ભૂલીને સિદ્ધિ મેળવવાની આશામાં એ વૃથા સાધના કરી રહ્યો હતો, તેજ માતા ભવાનીના સ્વરૂપમાં આજે રામકૃષ્ણે પોતાની ઇષ્ટદેવીનાં દર્શન કર્યાં. આજ તેની સાધના સિદ્ધ થઈ, આજ તેના ચહેરા ઉપર અપૂર્વ પ્રસન્નતા જણાઇ આવી. આનંદ, પ્રેમ અને ભક્તિથી તે ગદ્ગદ થઇ ગયો અને આકુળ સ્વરથી મા, મા એ શબ્દ પોકારવા લાગ્યો. નયનોમાંથી અવિરલ અશ્રુધારાઓ વહેવા લાગી અને એ પ્રમાણે પ્રફુલ્લ હૃદયથી પૂર્ણતાનાં અશ્રુ વહેવરાવતાં વહેવરાવતાં પરમસિદ્ધ સાધક રામકૃષ્ણનો આત્મા અમરધામમાં ચાલ્યો ગયો.

રાજા રામકૃષ્ણની સાધના અને સિદ્ધિ સંબંધે આ દંતકથા રાજશાહીના બ્રાહ્મણોમાં ઘણી પ્રચલિત છે.

આ પ્રમાણે આખી જિંદગી સુધી કઠોર વ્રત પાળીને, ધર્મસેવા અને લોકસેવામાં મિલકતનો છૂટે હાથે ઉપયોગ કરીને; કરુણામયી દેવી ભગવતીરૂપે લોકોથી પૂજાઇને, રાણી ભવાનીએ જિંદગીનું સાર્થક કરી ૭૯ વર્ષની વયે ગંગાકિનારે દેહત્યાગ કર્યો.

આજ દિવસ સુધી બંગાળમાં તેનું પવિત્ર નામ ઘણીજ શ્રદ્ધા અને ભક્તિપૂર્વક ગવાય છે.

૧૬–કાઠિયાવાડની વીર નારી જેઠીબાઈ

સંવત ૧૭૨૫ના અરસામાં દીવમાં જ્યારે વિલાયત, ઇરાન, અરબસ્તાન, જગંબાર અને મોઝાંબિક સાથે હાથીદાંત, સોનાની રેતી અબનુસ, અનાજ, લોઢાના પાવડા, કોદાળી, ભાતભાતનું રંગેલ તથા ગળિયેર કાપડ વગેરેનો ધમધોકાર વ્યાપાર ચાલતો હતો, તે અરસામાં પંજુ કરીને કચ્છ માંડવીનો એક ક્ષત્રિય, નુખે ટાટારીઓ, પોતાનાં ઘર વગેરે ન્યાતને સોંપી, પોતાની સ્ત્રી જેઠીબાઇ સાથે તથા પોતાના થોડા સગા સાથે દીવમાં આવી વસ્યો હતો. તેણે દીવમાં રંગવાનું એક મોટું કારખાનું કાઢીને, રંગાટમાં મોટી નામના મેળવી હતી. તેના જેવાં બીજાં પણ ચાર પાંચ જબરાં કારખાનાં બ્રહ્મક્ષત્રિયોને હસ્તે ત્યાં ચાલતાં હતાં. પંજુની સ્ત્રી જેઠીબાઈ તથા તેમના ઘરની બીજી સ્ત્રીઓ અને પુરુષો, કારખાનામાં જાતે કામ કરતાં હતાં. તેમાં કોઇને ચીતરવાનું, તો કોઇને બીબાં કોતરવાનું, કોઈને છાપવાનું તો કોઇને ભાત ભાતના રંગ મેળવવાનું, કોઇને રંગ ભરવાનું તો કોઇને મજીઠ, સોરંગી, પતંગ, લોખંડ, કાથો વગેરેમાંથી રંગ કાઢવાનું, એમ જુદાં જુદાં માણસોને જુદાં જુદાં કામો સોંપવામાં આવ્યાં હતાં. તે સર્વ ઉપર દેખરેખ રાખવાનું કામ પંજુ પોતે તથા તેની સ્ત્રી જેઠીબાઇ બજાવતાં. પોતાના કારખાનામાં કામ બહુ વધી પડતાં તેમણે બીજા જ્ઞાતિબંધુઓને કામે રાખ્યાં હતાં.

દીવમાં પોર્ટુગીઝ લોકોનું રાજ્ય હતું. તેઓ ખ્રિસ્તીધર્મના રોમન કેથોલિક પંથને માનનારા હતા. તેમનો વડો ધર્મગુરુ પોપ ઇટાલી દેશમાં રહેતો. સર્વ ખ્રિસ્તી રાજાઓ ઉપર તેનો એટલો દોર હતો કે, ઘણી વાર એણે રાજાઓ પાસે પોતાના ઘોડાવાળા જેવું કામ કરાવેલું. પોર્ટુગલના રાજાનો જ્યારે વિધ-

મીં દેશમાં અમલ થયો, ત્યારે તેણે પોતાના અનુયાયીઓને એવું ફરમાન કર્યું કે, "તમારે આપણો ધર્મ ત્યાં ફેલાવવો. આપણો ધર્મ પ્રવર્તાવવામાં પુન્ય છે." એ પોપની પાસે મોટું રાજ્ય અને લશ્કર હતું. સર્વ ખ્રિસ્તી રાજાઓ તથા તેમની પ્રજા તરફથી તેને મોટા લાગા અને કર આપવામાં આવતા હતા. પોતાના દેશમાં તેણે મોટી મોટી પાઠશાળાઓ કાઢેલી. ત્યાં લોકોને ઊંચી કેળવણી લેટિન ભાષામાં આપી, જેઓ અતિ તીવ્ર, ચંચળ અને ઉચ્ચ મનઃશક્તિના નીવડતા તેમને "વીકાર, રેવરન્ડ, રાઇટ રેવરન્ડ, મોસ્ટ રેવરન્ડ, બિશપ, આર્કબિશપ" વગેરે પદવીઓ મળતી અને તેમનો અખતિયાર પણ ઘણો હતો. તેઓ તે અખતિયાર સ્વતંત્રપણે વાપરતા. એવા લોકોને 'જેસ્યુઇટ' કહેતા. એવા જેસ્યુઇટોનું જોર તે વખતે જ્યાં જ્યાં સ્પેન, પોર્ટુગાલનાં રાજ્યો ફેલાયાં હતાં, ત્યાં બહુ હતું. દીવમાં ગવર્નર, (કપ્તાનના ઓદ્ધાવાળો) સેનાપતિ, ન્યાયાધીશ અને કાઉન્સિલરો એટલા અમલદારો રહેતા; પરંતુ આ જેસ્યુઇટ પાદરીઓ ઉપર તેમની સત્તા બિલકુલ નહિ ચાલતાં, ઊલટી પાદરીઓની સત્તા ચાલતી. તેમનો ત્યાં મઠ હતો. તેનો ઉપરી એક મઠાધિકારી અને તેમના હાથ તળે વાંઢા જોગીઓ અને વગર પરણેલી જોગણો અથવા આર્જાઓ, જેને અંગ્રેજીમાં 'નન્સ' કહે છે તે હતી.

એ જેસ્યુઇટોએ એક એવો ધારો કાઢ્યો હતો કે, "ખ્રિસ્તીથી ઇતર વર્ણ—જેવી કે હિંદુ, પારસી, મુસલમાન વગેરે ધર્મ પાળનારાઓનું જે છોકરૂં વગર પરણેલું હોય અને તેનાં મા ને બાપ બન્ને ગુજરી જાય, તો તેના વાલી સરકાર થઇ, તેજ દિવસે તેને પોતાના સ્વાધીનમાં લઇ શકે અને તેને પોતાના મઠમાં લઇ જઇ ખ્રિસ્તી બનાવે, તેમજ ખ્રિસ્તી તરીકે પાળીપોષી એ બાળકને મોટું કરે. તેના ઘરમાં તેના કાકા, કાકી, દાદો, દાદી, નાનો, નાની, બહેન ગમે તે હોય, તોપણ તેનો જરાય હક્ક ગણાય નહિ."

એ પ્રમાણે ગામમાં વારંવાર એવાં છોકરાંઓને લઇ વટલાવતા, તેની રડાપીટ થતી; પરંતુ સત્તા આગળ શાણપણ કામ લાગતું નથી, તેથી લોકો કંટાળીને બહુ દુઃખી થઇ ગયા હતા અને અનેક પ્રકારની ગાળો તથા શાપ નિશ્વાસ મૂકી દેતા હતા; પરંતુ તે સિવાય બીજું કંઇ કરી શકતા નહોતા.

એક વાર એવો બનાવ બન્યો કે, જેઠીબાઇના કારખાનામાં

એક કલ્યાણજી નામે કારીગર ગુજરી ગયો. તેને આશરે અગિ-યાર વર્ષની ઉંમરનો એક નાનો દીકરો હતો. જેઠીબાઇએ વિચાર કર્યો કે, આ બાપડાને સવારમાં સરકારી માણસો આવીને લઇ જશે અને વટલાવશે, માટે એને બચાવવાની કોઇ પણ યુક્તિ-પ્રયુક્તિ કરૂં. એજ કારખાનામાં જેઠીબાઇનો એક સગો હતો, તેને એક દીકરી હતી. તેને કહ્યું કે, “ તારી દીકરી આ છોકરા સાથે પરણાવ.” તે કહે કે, “ એ છોકરાનાં માબાપ મરી ગયાં છે, પાસે ફૂટી બદામ પણ નથી, તેમ કામ કરીને કમાવાની હજુ એનામાં શક્તિ પણ આવી નથી, તેવાને હું મારી દીકરી આપું, તો તેનું ભરણપોષણ શી રીતે થાય ? ” જેઠીબાઇએ પ્રત્યુત્તર આપ્યોઃ “ તેની તું ફિકર નહિ કર. એ છોકરાછોકરીને જ્યાંસુધી તેઓ સારી પેઠે કમાતાં થાય નહિ ને પોતાનું ભરણપોષણ કરવાને શક્તિવાન થાય નહિ, ત્યાંસુધી હું તેના વાલી તરીકે ભરણપોષણ કરીશ; માટે તું તારી દીકરી ખુશી થઇને આપ. ” જેઠીબાઇ-ના આવા વિશ્વસનીય વચન ઉપર તેને શ્રદ્ધા આવી અને તેણે પોતાની પુત્રી આપવા કબૂલ કર્યું, એટલે તાબડતોબ બે બ્રાહ્મણો-ને તેડાવી, હજુ ઘરમાં શબ પડ્યું છે, એટલામાંજ ત્રાંબાના ચાર કળશિયાની ચોરી રચી, શાસ્ત્રવિધિપૂર્વક લગ્ન કર્યાં. પછી સવારના ટેલિયો ફેરવ્યો, એટલે ન્યાતિલાઓ આવી પેલા છોકરા-ના બાપના શબને સ્મશાનભૂમિએ લઇ ગયા. પેલાં વરકન્યા આખી રાતના ઉજાગરાને લીધે તથા ઘરનાં માણસો લાંબે દૂર સ્મશાનભૂમિએથી બળબળતા તડકામાં આવેલાં હોવાથી થાકી ગયેલાં હતાં ને ભર ઊંઘમાં પડ્યાં હતાં. કલાક બે નથી વીત્યા, એટલામાં તો સરકારી પલટણની એક ટુકડી ઉઘાડા અને ચળ-કતા બેયોનેટવાળી બંદૂકો સાથે, તેના ઘર આગળ આવી ઊભી. કમાને ઘરના માલિકો તથા સંબંધીઓને જગાડીને પૂછ્યું કે, “ પેલો માણુસ આજ મરી ગયો, તેના સોકરા કાં છે ? તે પન્નેલુ નથી ? તે અમોને લાવી આપ.” એ વખતે જેઠીબાઈ જાણી જોઇને, આ બનાવની અગમચેતી જાણી જવાબ દેવા ઘરમાંજ બેઠી હતી. તે બોલીઃ “ ઓ સીનોર ! તે સોકરા તો પન્નેલુ સે, ઓ પેલું તે સૂતેલું સે અને તે પેલી તેની બૈરી પન સૂંતેલું સે, સમજ્યા ? ” આ જવાબ સાંભળી તેઓએ, વરકન્યાને ઉઠાડીને પૂછી જોયું. છોકરાએ કબૂલ કર્યું કે, “ તે મારી બૈરી છે” અને છોકરીએ

કબૂલ કર્યું કે "તે મારો વર છે." આ સાંભળી કમાન તો ખિજવાઇ ગયો, પણ કરે શું ? લાચાર થઇ, શરમિંદો બની, જેવો ઉમેદભર્યો તે આવ્યો હતો, તેવોજ નાઉમેદ થઇ વીલે મોઢે લશ્કર લઇ પાછો ચાલતો થયો.

થોડા દિવસ વીત્યા, એટલામાં દીવમાં એક બીજો બનાવ બન્યો. એક આંગળિયા મામતુરાનું કુટુંબ કહેવાતું, તેનો વાલી પુરુષ મેઘજી નામે હતો. તેનો દીકરો કાનજી પરણ્યો નહોતો, તે વખતમાં તેનો બાપ મેઘજી ગુજરી ગયો; એટલે કાનજીને ઉપર જણાવ્યા પ્રમાણે પકડી લઇ જવાનો અને તેને વટલાવવાનો વખત આવી લાગ્યો. તેમાંથી બચવાને ખાતર તે જેઠીબાઈ પાસે દોડી ગયો. જેઠીબાઇએ કીડી નુખના પ્રેમજી લાલા કરીને હતા, તેની મસિયાઇ ફોઇ સાથે તેનાં લગ્ન કરાવી ઉપર પ્રમાણે આફતમાંથી બચાવ્યો અને કમાન આવો બીજી વારનો બનાવ જોઇ એકદમ રાતોપીળો થઇ "હમ દેખ લેંગા" કહીને ચાલતો થયો.

જેઠીબાઇએ આ બે કામ તો યુક્તિથી પાર પાડી યશ મેળવ્યો. બ્રહ્મક્ષત્રિય જ્ઞાતિના લોકો બહુજ રાજી થયા ને જેઠીબાઇની પ્રશંસા કરવા લાગ્યા અને તેને આશીર્વાદ દેવા લાગ્યાં; એટલુંજ નહિ પરંતુ જેઠીબાઇના પરગજુપણાની ગામમાં વાહવાહ થવા લાગી અને ગામના ખ્રિસ્તી સિવાયના અન્ય વર્ણના લોકો જેવા કે બ્રાહ્મણ, વાણિયા તેમજ પારસી અને મુસલમાનો પણ તેને ધન્યવાદ આપવા લાગ્યા. એ સર્વેમાં કોઇને અને કોઇને ત્યાં પણ મહિને બે મહિને એવી રડારોળ ચાલુ રહેવાથી, જેઠીબાઇનું મન બહુજ ખિન્ન થયું. તે બાઈ મનમાં વિચાર કરી, એવા નિશ્ચય ઉપર આવી કે, "હું ખરી તોજ કે ખ્રિસ્તી સાધુઓના જુલમને લીધે જે રડારોળ થાય છે, તેનો ઈશ્વરનો હુકમ હોય તો અંત આણું; તોજ મનુષ્ય દેહ ધારણ કર્યાનું મારૂં સાર્થક, નહિ તો એ દેહ નિરર્થક છે." **कार्यं साधयामि किंवा देहं पातयामि ।** કાર્ય સાધું નહિતર દેહ પાડું, એવા નિશ્ચય ઉપર તે આવી.

આ વિષે તેણે થોડાક દિવસ બહુ વિચાર કર્યો કે, એનો શું ઉપાય યોજવો. વિચાર કરતાં કરતાં એક દિવસ એવો વિચાર તે બાઇના મનમાં થયો કે, "વિલાયતમાં (અર્થાત્ પોર્ટુગાલમાં) રાણી રાજ્ય કરે છે. ઇશ્વરકૃપાથી તેને કુંવરો પણ છે, તેથી તે દયાળું પણ હોવી જોઇએ; માટે તેના ઉપર એક સરસ અરજી

લખીને મોકલવી. તેમાં પ્રજા, જે તેમના પુત્રો છે, તેમના ઉપર માયામમતાની લાગણી આકર્ષવી અને પ્રજા ઉપર ગુજરતા જુલમનો ચિતાર બરાબર ચીતરીને આ દુઃખનો અંત આણવો."

હવે એ અરજી કેવી રીતે મોકલવી તેનો થોડાક દિવસ વિચાર કરતાં તેને એક બુટ્ટો સૂઝી આવ્યો. તે ઉપરથી તરત તેણે ઊંચા પ્રકારની મલમલના ઢાકાના તાકા મંગાવ્યા. એ મલમલ ઉપર એક અદ્‌ભુત કારીગરીની સુંદર ઓઢણી છાપી અને તેના મધ્ય ભાગમાં ફિરંગી લિપિમાં એક સરસ અરજી તૈયાર કરીને છપાવી. ઓઢણીમાં છેડા, બુટ્ટા, કોર, ગુલ્લ વગેરે તે બાઈએ જાતે ચીતરવા માંડ્યાં. ઊંચા પ્રકારનાં દેશી ફૂલ, પાંદડા, વેલ તથા તેમાં ઝીણા ઝીણા તંતુઓ કેસર વગેરે ચીતર્યાં; તેમજ સાલના જેવા બુટ્ટાઓ પણ ચીતર્યા. બરાબર વચ્ચોવચ એક સુંદર ફૂલનો ગુલ ચીતર્યો. પછી ઝીણા પોગરના લાકડાના બીબા ઉપર તે પ્રમાણે સર્વ કોતરાવ્યું. તેણે તે અરજી કોઈ કાબેલ ફિરંગી બારિસ્ટર પાસે ઘડાવી અને તેને બીબામાં કોતરાવીને તેના પર છાપી. તે અરજીનો ગુજરાતી તરજૂમો નીચે પ્રમાણે છેઃ—

"હે પોર્ટુગલની દયાળુ મહારાણી !

"પરમકૃપાળુ સર્વશક્તિમાન ઈશ્વરે આપને એવા મોટા સામ્રાજ્યનાં મહારાજ્ઞી તથા રાજ્યનાં પ્રતિનિધિ બનાવ્યાં છે કે, જેનો વિસ્તાર યૂરપ, આફ્રિકા, એશિયા (સોલર ટૈમુર વગેરેમાં) અને અમેરિકામાં બ્રાઝીલ સુધી પ્રસરેલો છે. ત્યાંના લોકો નાના પ્રકારના ધર્મો પાળી, નાના પ્રકારની ઉત્તમ કારીગરી તથા વ્યાપારો કરી નિર્વાહ ચલાવે છે. સુભાગ્યે તમને ઈશ્વરકૃપાથી કુંવર-કુંવરીઓ પણ છે. અમે પોતે તમો નામદારની દીવમાં વસનારી હિંદુ, પારસી, મુસલમાન અને ખ્રિસ્તી પ્રજા છીએ; પણ તમો નામદાર હજારો ગાઉ ઉપર રહી, અત્રે અમલદારો મારફતે રાજ્ય કરો છો; પણ અમો અખ્રિસ્તી પ્રજાના દુર્ભાગ્યે, એ અમલદારો જેસ્યુઈટ નામે ખ્રિસ્તી ધર્મગુરુ ઉપદેશકોના હુકમ પ્રમાણે વર્તે છે. તે હુકમ તમારા તરફથી મળેલો નહિ હોવો જોઈએ; અથવા મળ્યો હશે, તો તે ખ્રિસ્તીધર્મ પ્રસારવાના ખોટા લોભમાં નાખી ખોટા ખોટા રિપોર્ટો કરીને મેળવ્યો હશે. તે એ છે કે, જે અ-ખ્રિસ્તી પ્રજામાંથી કોઈ વગર પરણેલા દીકરાદીકરીનો બાકી રહેલો બાપ અથવા મા ગુજરી જાય, ત્યારે તેના શબને ઠેકાણે પાડ્યા

પછી તુરતજ પોર્ટુગીઝ સિપાઇઓ એક કપ્તાનના ઉપરીપણા હેઠળ આવી, 'અમે તેના વાલી છીએ' એમ કહી, તે દીકરા કે દીકરીને તુરત ઉઠાવી પોતાના ખ્રિસ્તીમઠમાં લઇ જઇ, તેને ખ્રિસ્તીધર્મમાં વટલાવી ખ્રિસ્તી તરીકે પાળીપોષી મોટો કરે છે. હવે તેના ઘરમાં તેનો દાદો, દાદી, નાનો, નાની, કાકો, કાકી કે સગી બહેન તેનાં ખરાં વાલી હોય, તેને એક બાજુએ મૂકી આ પોતાની મેળે બનેલા વાલીઓ તેમના કબજામાંથી જબરજસ્તીથી છીનવી લઇ જાય છે; તે વખતે ખરા વાલીઓની રડારોળ, કલ્પાંત, છાતીફાટ કૂટવું, વાળ પીંખવા, છોકરાનું આ અજાણ્યા માણસો સાથે જવા સામે તરફડવું અને રડવું, ઇત્યાદિ કરુણાજનક દેખાવો કોઇ પથ્થર જેવી કરપીણ છાતીવાળા મનુષ્યના હૃદયમાં પણ દયા ઉપજાવ્યા વગર રહે નહિ.

"આ જુલમને લીધે પ્રજાનો રાજ્ય પરનો ભક્તિભાવ તદ્દન ઊઠી ગયો છે અને જે ધર્મોપદેશકોએ ખ્રિસ્તીધર્મમાં વટલાવવાનો આ જુલમી રસ્તો શોધી કાઢ્યો છે, તેમને અંતઃકરણથી શાપ દે છે. અમલદારો તો તેમના અમલમાં હોવાથી તથા ખ્રિસ્તીધર્મમાં હોવાથી આવું કામ પુણ્યનું ગણે અને 'આટલાં માણસોને ખ્રિસ્તીધર્મમાં વટલાવ્યાં' એવા રિપોર્ટો મોકલે, તેમાં નવાઇ નથી. તમો નામદાર જાણો છો કે, દરેક જણ પોતાનો ધર્મ સાચો અને પોતાના પ્રાણ કરતાં અધિકતર વહાલો ગણે છે. તેમાં અમે હિંદુઓ તો અમારા ધર્મને દુનિયાના સઘળા ધર્મ કરતાં એટલો બધો શ્રેષ્ઠ માનીએ છીએ કે, અન્ય ધર્મવાળાને અડકીએ તો નાહવું પડે છે, તો પછી તેની સાથે ખાવાપીવાનું તો હોયજ ક્યાંથી? જો તેમની સાથે ખાધુંપીધું, તો પછી કોઇ તેની સાથે ખાવાપીવાનો વ્યવહાર કરતું નથી, એટલુંજ નહિ પણ તેને જ્ઞાતિબહાર મૂકે છે. બીજા ધર્મવાળા, પરધર્મીને વટલાવી પોતાના ધર્મમાં હજારો લાલચો આપીને લે છે, ત્યારે પરધર્મના કોઇને પણ અમારા ધર્મમાં કદી પણ લેતા નથી; તે છતાં અમારા ધર્મના લોકો પૃથ્વી ઉપર બીજા ધર્મના લોકો કરતાં ઘણી વધારે સંખ્યામાં છે.

"હવે ઇશ્વરકૃપાથી તમો નામદારને કુંવરો તથા કુંવરીઓ છે અને તે આપના ખ્રિસ્તીધર્મમાં ઊછરેલાં છે. હવે ધારો કે ન કરે નારાયણ અને કોઇ પરધર્મી મહા બળવાન શત્રુ આપનું

રાજ્ય જીતી લઇ, આપના લાડકવાયા કુંવરોને આપના કબજા-માંથી બળાત્કારે છીનવી લઈ, પોતાના ધર્મમાં વટલાવે તો આપને કેવું લાગે? એ વખતે આપના મનની સ્થિતિ કેવી થઇ જાય? તેમના ઉપર આપ મહા ક્રોધાયમાન થઇને કેવો તેમનો તિરસ્કાર કરો? હું આપને માનપૂર્વક સવિનય વિજ્ઞપ્તિ કરૂં છું કે, દીવની પ્રજાનાં બાળકોનાં સગાવહાલાંની સ્થિતિમાં આપ પોતાની જાતને મૂકી જુઓ અને પછી આપના દયાળુ મન ઉપર કેવી અસર થાય છે તે જુઓ. આપ એ કાર્યને ક્રૂર, ઘાતકી, દુષ્ટ અને ઘોર નહિ ગણો?

" મારી ખાતરી છે કે, સ્ત્રીજાતિ તરીકે આપનું હૃદય દયાળુ હોવુંજ જોઇએ. એક માતા તરીકે પ્રજા તરફ આપનું વહાલ અને મમતા હોવાં જોઇએ; તેમાં બાળકો અને મુખ્યત્વે નિરાધાર બાળકો પર વધારે વહાલ હોવું જોઇએ; માટે હું બન્ને હાથ જોડી, તમો નામદારને અરદાસ કરૂં છું કે, અમારી અરજી ઉપર એક રાજપ્રકરણી મનુષ્યને છાજે એવો પૂરતો વિચાર કરીને, આ વટલાવવાની જંગલી, કમકમાટી ઉપજાવે એવી, નિર્દય, ઘાતકી અને જુલમી રીત જે પૃથ્વીના કોઇ પણ સુધરેલા રાજ્યમાં ચાલતી નથી, તેનો એકદમ અટકાવ કરી હજારો બાળકોનો અને તેમના સગાંસંબંધીઓનો આશીર્વાદ લેશો, એવી ઉમેદ છે. આમીન! આમીન! આમીન!

" એટલું થયેથી હું તમારી તથા તમારા કુટુંબકબીલાની ઉન્નતિ અને દીર્ઘાયુષ્ય સદાને માટે ચાહીશ.

" હું છું, તમો નામદારની કિંકરી,
જેઠીબાઇ."

ઉપલી અરજી લઇને જેઠીબાઇ ગોવા જવાને તૈયાર થઇ. તે વખતે ગોવાને વિલાયત કહેતા હતા. હાલ જેમ ગોવા અને દીવ બંદરે આગબોટો અઠવાડિયામાં બે વખત આવે જાય છે, તેમ તે વખતે હતું નહિ. તે વખતે ફત્તેમારી નામનાં વહાણો આવતાં જતાં; તેમજ સૂરત, વલસાડ, દમણ અને ભરૂચના બતેલા અને પડાવો નાળિયેર, કાથો, કોકમ, અનાજ વગેરે માલ લાવલઇજા કરવાને ખેપો કરતા. જેઠીબાઇ ફત્તેમારીમાં દીવથી બેઠી, તે ચૌદમે દિવસે ગોવા પહોંચી. ગોવામાં તેની પોતાની કાપડની

વખાર હતી, ત્યાં જઇને તે ઊતરી. થોડાએક દિવસ વિસામો લીધો. પછી ગામના મોટા મોટા લોકો એની દુકાને આવતા, તેમની સાથે વાતચીત કરી, ત્યાંની રાજનીતિ તથા ગોરાકાળા લોકોના વિચાર જાણી લઇ, તેમની દિલસોજી મેળવી.

પછી પોતે વાઇસરૉય અને ગવર્નરના મહેલ આગળ જવા તૈયાર થઈ. દેશી રિવાજ પ્રમાણે જ્યારે સાર્વજનિક અને દુઃખદ ફરિયાદ હોય છે ત્યારે જેમ કરે છે તેમ, જેઠીબાઈ પોતાના મસ્તક ઉપર બળતી સગડી અને હાથમાં બળતી મશાલ લઇ મહેલ આગળ જઈ "ફરિયાદ ફરિયાદ" એમ મોટે સાદે બોલતી ઊભી. વાઇસરૉય તે સાંભળીને મહેલના ગોખમાં આવીને જુએ છે, તો આવો વિચિત્ર દેખાવ જોઇ તે વિમાસણમાં પડ્યો અને એ બાઇ કોણ અને શા કારણે આવી છે, તે પૂછવાનું સંત્રીને કહ્યું. તેણે બાઇ પાસે જઇને પૂછ્યું અને બાઇએ જે હકીકત કહી તે તેણે વાઇસરૉય આગળ જઇને કહી. આ વખતે બંન્ને વાઇસરૉય ત્યાં હતા. તેમાં ધર્માધ્યક્ષ ન હતો. એ બે વાઇસરૉયોના નામો એન્ટોનિયો મેલ્લો દે કાસ્ત્રો અને મોનોઅલ કોસ્તો દેરિયાલ હતા.

એ બન્ને વાઇસરૉય નીચે ઊતરી આવ્યા અને આવું અદ્ભુત અને અલૌકિક રૂપ ધારણ કરવાનું કારણ જેઠીબાઇને પૂછ્યું. જેઠીબાઇએ ધૈર્યથી ઉત્તર આપ્યો કે, "તમારા રાજ્યમાં ધોળે દહાડે અંધારૂં છે, તેથી મારે હાથમાં મશાલ ધરવી પડે છે અને અનાથ બાળકો ઉપર તથા તેમનાં સગાંઓ ઉપર અત્યંત જુલમ ગુજરે છે, તેની ફરિયાદ કરવા માથા ઉપર બળતી સગડી લઈ તે જુલમ ટાળવા સારૂ હું છેક દીવથી અહીં આવી છું; માટે મારી અરજ સાંભળી તે વાજબી લાગે, તો ભલામણ સાથે આ અરજી પોર્ટુગાલની મહારાણી ઉપર મોકલી આપો." પછી તેઓએ બાઇને ઉપર તેડી જઈ, કિનખાબના લખોટામાં બીડેલી અરજી ઉખેડીને વાંચી જોઈ. પછી કાઉન્સિલ ભરી અને તેમાં ખૂબ વિચાર કરીને એ અરજીની તરફેણમાં સારી ભલામણ કરી અને બાઇને સારી આશા આપી રવાના કરી.

એ અરજીનો લખોટો પાછો કાઉન્સિલમાં રજૂ થયો અને મહારાણી સાહેબ ઉપર મોકલી આપવાનો ઠરાવ કરવામાં આવ્યો. પછી એ અરજી વિલાયત મોકલી આપવામાં આવી. ત્યાં રાણી દોનાલુઇઝાદે ગુસ્માન રાજ્ય કરતી હતી. તેને અરજી યોગ્ય સમયે

પહોંચી. રાણીનો ધણી મરતી વખતે કુંવરની બાલ્યાવસ્થાને લીધે તેને રાજ્યપ્રતિનિધિ નીમી ગયો હતો. રાણીએ અરજી ઉકેલીને વાંચી જોઇ, તો કોઇ વાર પોતાના જન્મારામાં કે બાપદાદાના વખતમાં આવી વિચિત્ર, અનુપમ અને સુંદર અરજી આવેલી જોઇ નહોતી કે સાંભળી પણ નહોતી. મોકલનારે શું હિંમત પકડીને લખાણ કર્યું છે? તે સઘળું કાઉન્સિલમાં મૂકતાં, બાઇને વાસ્તે શાબાશીના ઉદ્‌ગારો નીકળ્યા.

રાણી એટલી તો ખુશી થઇ કે, તે ઓઢણીને પોર્ટુગીઝ ભાષામાં "પાન દે જેઠી" એટલે "જેઠીની ઓઢણી" એવું નામ આપ્યું અને તે નામથી આજે પણ તે પોર્ટુગીઝ લોકોમાં ઓળખાય છે. બીજો હુકમ રાણીએ એવો કાઢ્યો કે, "અનાથ બાળકને વટલાવવાની આ જુલમભરેલી રીત બંધ કરવી." ત્રીજો હુકમ એવો કાઢ્યો કે, "જેઠીબાઇના ઘર આગળ અઠવાડિયામાં એક વાર દીવમાં સરકારી પલટણનું વાજું વાગે." ચોથો હુકમ એ કાઢ્યો કે, "દીવનો ગવર્નર, લશ્કરી અને બીજા મોટા અમલદારો જેઠીબાઇના બારણા આગળથી જ્યારે જ્યારે જાય, ત્યારે અમુક કદમ આગળથી પોતાની ટોપી ઉતારે" તે હુકમાનુસાર એક પીલુડીનું ઝાડ લોકોની સંભારણામાં હમણાં સુધી હતું, કે જ્યાં સરકારી અમલદારોને ટોપી ઉતારવી પડતી.

ત્રાંબાના પતરા પર એક લેખ પોર્ટુગીઝ ભાષામાં કોતરાવી, તેમાં એ સઘળી હકીકતો લખીને મોકલવાનો કાઉન્સિલમાં ઠરાવ થયો અને તે તામ્રપત્રશાસન હિંદુસ્તાનમાં મોકલી આપ્યું અને તે મોટી ધામધૂમથી મેળાવડા વચ્ચે જેઠીબાઇને અર્પણ કરવામાં આવ્યું. એમાં જણાવેલાં ફરમાનો મુજબ ઘણાં વર્ષો સુધી સરકારી અમલદારો વર્તતા; એટલુંજ નહિ પણ ઘણી વેળા સરકાર અને મહાજન વચ્ચે વાંધા પડતા, ત્યારે સરકાર જેઠીબાઇને વચમાં નાખી, વિષ્ટિ કરાવી, તેનો નિકાલ કરાવતી.

જેઠીબાઇના વંશમાંના કેટલાક પુરુષો જીવે છે અને તેઓ મુંબઇમાં વસે છે.

---

* રા. રા. મગનલાલ દલપતરામ ખખ્ખર, જે. પી., એમણે "હિંદુસ્તાન" પત્રના ૧૯૨૩ ના દિવાળીના અંકમાં લખેલા ચરિત્રનો તેમની પરવાનગીથી ઉતારો. —પ્રયોજક

૧૭–બેગમ લુત્ફુન્નિસા

બંગાળાના હતભાગ્ય છેલ્લા સ્વતંત્ર નવાબ સિરાજુદ્દૌલ્લાની જીવનકહાણી ઇતિહાસના વાચકોથી અજાણી નથી; પરંતુ તેની મુખ્ય બેગમ લુત્ફુન્નિસાનું નામ માત્ર ઘણાને જાણીતું હોવા છતાં પણ, તેના જીવનનો વૃત્તાંત ઘણાના જાણ્યામાં નથી.

લુત્ફુન્નિસાએ કોઇ આબરૂદાર વંશમાં જન્મ ગ્રહણ કર્યો નહોતો. ઘણી નાની વયમાંજ તે ગુલામડી તરીકે નવાબ અલીવર્દીખાંના બેગમમહેલમાં દાખલ થઇ હતી. નવાબનો પ્રિય દૌહિત્ર સિરાજ ઘણા થોડા સમયમાંજ તેનું અનુપમ રૂપલાવણ્ય અને નવયૌવનનું સૌંદર્ય જોઇને મોહિત થઇ ગયો. પતંગિયાનો અગ્નિ ઉપર જેવો પ્રેમ હોય છે, તેવોજ રૂપોન્માદ સિરાજને લુત્ફુન્નિસા ઉપર ઉત્પન્ન થયો હતો. સિરાજે તેને કામનાની વસ્તુ ગણીને પોતાના ઉપભોગને સારૂ પુષ્કળ લાડ લડાવ્યાં હતાં; પરંતુ ઇન્સાફની ખાતર કહેવું પડશે કે, દાસી લુત્ફુન્નિસાએ બંગાળાના ભાવી નવાબની વિનતિ અને આજીજીનો ઘણી વાર અનાદર કર્યો હતો અને લગ્ન કર્યા સિવાય કોઇ પણ પ્રકારે તેનો સંસર્ગ કરવાની ઘસીને ના કહી હતી. પોતે હલકા કુળની હતી અને સિરાજ ઉમરાવજાદો હતો, એ કારણને લીધે પોતાનું તેની સાથે લગ્ન થવું લગભગ અસંભવિત છે, એમ જાણ્યા છતાં પણ એ સન્નારીએ ભાવી નવાબની લાલસાની સામગ્રી થવાનું પસંદ કર્યું નહિ. જેમ જેમ સમય જતો ગયો, તેમ તેમ પ્રારંભના પ્રેમની ઉન્મત્તતા કાંઇક ઓછી થવા લાગી અને રૂપજન્ય મોહનાં પડળ કાંઇક ઊતરવા લાગ્યાં. સિરાજ લુત્ફુન્નિસાના ગુણનો પક્ષપાતી થયો. રૂપલાલસાને સ્થાને પ્રેમે અધિકાર મેળવ્યો. ગુણમુગ્ધ સિરાજે છેવટે તેને પત્ની તરીકે ગ્રહણ કરવાનું કબૂલ કર્યું; પરંતુ એ વાત માતામહી આગળ કેવી રીતે રજૂ

કરવી એ બન્ને જણાં નક્કી કરી શક્યાં નહિ. છેવટે બુદ્ધિમતી લુત્ફુન્નિસાની સલાહથી સિરાજે દાદીમા આગળ બધી વાત જાહેર કરી. માતામહી પણ લાડકા સિરાજના મનમાં થતો ફેરફાર થોડા સમયથી જોઇ શક્યાં હતાં. તેણે એ વિવાહનો વિચાર માંડી વાળવાને સિરાજને ઘણુંએ સમજાવ્યો, બીજી કેટલીક સુંદર કન્યાઓની લાલચ બતાવી, બંગાળાના ભાવી નવાબને માટે એક ગુલામડી સાથે લગ્ન કરવું એ કોઇ રીતે વાજબી નથી, એવી ખાતરી કરી આપી; પરંતુ સિરાજના મન ઉપર એ બધાંની જરા પણ અસર થઇ નહિ. સિરાજે માતામહીની આગળ પ્રતિજ્ઞા કરી કે, " મારે બંગાળાની મસનદ (સિંહાસન) જોઈતી નથી, મારે તમારો રાજ્યવૈભવ જોઇતો નથી, મારે તો ફક્ત લુત્ફુન્નિસાજ જોઇએ છે. જો લુત્ફુન્નિસા નહિ મળે, તો ફકીરી લઇને જંગલમાં રખડી મરીશ. " માતામહી સિરાજનો સ્વભાવ જાણતાં હતાં. તેમણે નવાબ અલીવર્દીખાં આગળ બધી વાત ખુલાસાથી કહી સંભળાવી. અલીવર્દીખાં સમાચાર સાંભળીને પ્રથમ તો ઘણા ગુસ્સે થયા હતા; પરંતુ તેમણે બેગમના આગ્રહથી આખરે એ વાતની મંજૂરી આપી. પ્રણયિનીનાં ચક્ષુનાં જળે અટલ પ્રતિજ્ઞાવાળા અલીવર્દીખાં નવાબને પણ દ્રવીભૂત કર્યો હતો.

સિરાજના પિતા જૈનુદ્દીન અહમદ અફઘાનોને હાથે ઘાયલ થઇને મરણ પામ્યા પછી, નવાબ અલીવર્દીખાંએ સિરાજને બિહાર પ્રાંતનો સૂબો નીમ્યો અને રાજા જાનકીરામને તેના નાયબ તરીકે સાથે મોકલી આપ્યો. નવાબનો સિરાજ ઉપર અતિશય પ્રેમ હતો અને એક ક્ષણ પણ સિરાજ તેમની આંખથી દૂર રહે, એ તેમને પસંદ નહોતું; એટલે તેમણે જાનકીરામને પટના પ્રાંતનો બધો રાજ્યકારભાર સોંપી દઇને સિરાજને પોતાની પાસે પાછો બોલાવી લીધો. એ સમયે કેટલાક ખુશામતિયાઓએ સિરાજના કાન ભંભેર્યા કે, " અલીવર્દીખાંએ લોકોને બતાવવા સારૂ તમારા પિતાની જગ્યા ઉપર બિહારના સૂબા તમને બનાવ્યા છે; પણ રાજકારભારની ખરી લગામ તો જાનકીરામના હાથમાંજ છે; એટલે એજ ખરો રાજા છે." આ કુટિલ સલાહ સિરાજને ગળે ઊતરી અને તેણે જાનકીરામ પાસેથી પિતાની ગાદી છીનવી લઇને સ્વતંત્રપણે રાજ્યવહીવટ ચલાવવાનો વિચાર કર્યો. લુત્ફુન્નિસા તથા નોકરચાકરો સાથે તેણે રાતોરાત પટના

તરફ કૂચ કરી. એ પ્રવાસમાં ઘણી જાતની અડચણ નડશે, સ્વપ્નમાં પણ નહિ હોય, એવાં સેંકડો જાતનાં સંકટ સહન કરવાં પડશે વગેરે કારણોથી સિરાજની ઇચ્છા લુત્ફુન્નિસાને એ પ્રવાસમાં પોતાની સાથે લઇ જવાની નહોતી; પરંતુ પતિપરાયણા લુત્ફુન્નિસાએ પતિને છોડીને અન્યત્ર રહેવાની બાબતમાં આગ્રહપૂર્વક પોતાની નાપસંદગી જણાવી, આથી સિરાજને તેને પોતાની સાથે રાખવાની ફરજ પડી હતી.

સિરાજે પટના પહોંચીને જાનકીરામને કિલ્લો સોંપી દેવાનું કહેવરાવ્યું. (૧૧૬૩ હિજરી રજબ; જુલાઇ, ૧૭૫૦) જાનકીરામ ઘણી મૂંઝવણમાં પડી ગયો. તેની નિમણુંક કાંઇ સિરાજે કરી નહોતી. નવાબ અલીવર્દીખાં તરફથી પટનાનું રાજ્યશાસન તેને સોંપવામાં આવ્યું હતું. હવે એ નવાબની આજ્ઞા વગર રાજ્યપ્રબંધ સિરાજના હાથમાં કેવી રીતે સોંપી દે? તેણે સિરાજને કહેવરાવ્યું કે, "નવાબ અલીવર્દીખાંની આજ્ઞા નહિ લાવો, ત્યાંસુધી હું દુર્ગ આપને સ્વાધીન કરી શકું એમ નથી." સિરાજ તો પ્રથમથીજ ભંભેરાયલો હતો. તેણે સાહસ કરીને કિલ્લા ઉપર ચડાઇ કરી; પણ ભાગ્યલક્ષ્મી તેને અનુકૂળ નહોતી. જાનકીરામના હિંમતવાળા અને કવાયત જાણનારા સૈનિકો આગળ સિરાજનું સૈન્ય ટકી શક્યું નહિ અને તેનો પરાજય થયો. પરાજિત સિરાજે લુત્ફુન્નિસાને લઇને કિલ્લાની બહાર એક ઝૂંપડામાં સાધારણ વેશ ધારણ કરીને ગરીબ માણસ તરીકે આશ્રય લીધો. રાજા જાનકીરામને એ બધી વાતની ખબર પડી. સિરાજને કેદ કરવાનો કે તેને રિબાવવાનો તેનો ઇરાદો નહોતો; તેથી બંગાળા, બિહાર અને ઉડિસાનો ભવિષ્યનો નવાબ સહીસલામત એશઆરામમાં જિંદગી ગુજારે, એવો તેણે બંદોબસ્ત કરી આપ્યો હતો. તેણે સિરાજને એ ગરીબની ઝૂંપડીમાંથી પાછો બોલાવી મંગાવ્યો અને દુર્ગની બહારના ભાગમાં તેને રહેવાને માટે યોગ્ય મકાન આપીને પોતે અલીવર્દીખાંના આગમનની રાહ જોવા લાગ્યો. સિરાજ એ મકાનમાં એક પ્રકારના નજરકેદી તરીકે રહેવા લાગ્યો. નવાબે પટના આવીને સિરાજને તેની હઠ માટે જરા પણ ઠપકો આપવાને બદલે, સ્નેહપૂર્વક આલિંગન દઇને ચુંબન કર્યું. પશ્ચાત્તાપથી અંદર ને અંદર બળી જતો સિરાજ વૃદ્ધ નવાબની ક્ષમા માગે તે પહેલાંજ, તેણે તેને

ક્ષમા આપી દીધી હતી.

અમે અહીંયાં લુત્ફુન્નિસાની દયાનું એક દૃષ્ટાંત જણાવીએ છીએ. ઇ. સ. ૧૭૫૬માં કલકત્તાના વિજયને સમયે કાસિમબાજારની અંગ્રેજી કોઠીના પ્રમુખ મિ. વોટ્સ પોતાની મડમ અને પુત્રપુત્રીઓ સહિત કાસિમબાજારમાં કેદ પકડાયા હતા. તેમણે મુખ્યત્વે કરીને સિરાજની માતા આમિના બેગમની દયાને લીધે જીવ બચાવ્યો હતો. આમીના બેગમે ગુપ્ત રીતે મિ. વોટ્સ, તેની મડમ તથા છોકરાંને પોતાના મહેલમાં ૩૭ દિવસ સુધી કાળજીપૂર્વક રાખ્યાં હતાં. પાછળથી લુત્ફુન્નિસાની સલાહ લઇને તેમને જળમાર્ગે ચંદ્રનગરના ફ્રેંચ ગવર્નરની પાસે મોકલી આપ્યાં હતાં. એ બાબતની જરા પણ ખબર નવાબને પડી હોત, તો નવાબ એ બંનેની ભૂંડી વલે કરત, એમાં જરાયે શક નથી. મડમ અને તેનાં બાળકોનાં ઉપર દયા આણીનેજ, લુત્ફુન્નિસા બેસી રહી નહિ. તેણે એક દિવસ નવાબ આગળ મિ. વોટ્સના છુટકારા સારૂ પ્રાર્થના કરી હતી. તેણે નવાબને જણાવ્યું કે, "કોઠીવાળા અધિકારી તો આપણી પ્રજા છે, આપણાં સંતાન છે. સંતાનને શા સારૂ દુઃખ આપો છો ? બંગાળા પ્રાંતના માલિકને માટે એક સાધારણ અંગ્રેજ રૈયતને કેદ રાખવો, એ કદી પણ વાજબી નથી." નવાબના પગ આગળ બેસીને તેણે કૃપાની ભિક્ષા માગી. નવાબ લુત્ફુન્નિસાની પરદુઃખકાતરતાથી આશ્ચર્ય પામી જઇને બોલ્યોઃ "તું કહે છે એ ખરૂં છે, પરંતુ મિ. વોટ્સને કેદ કરી રાખ્યાથીજ કલકત્તાના અંગ્રેજ વેપારીઓ મારાથી ડરીને ચાલતાં શીખશે." લુત્ફુન્નિસાનાં અશ્રુવર્ષણથી અને ગળગળે સ્વરે આગ્રહ કરવાથી નવાબને પોતાનો સંકલ્પ બદલવો પડ્યો. તેણે છેવટે મિ. વોટ્સને છોડી દીધો.

પ્લાસીના યુદ્ધ પછી અંગ્રેજોની વિજયદુંદુભિ જે વખતે વાગી રહી હતી, જે વખતે બંદૂકની ગોળીઓ વન અને ઉપવનને ધ્રુજાવી મૂકીને અંગ્રેજોના વિજયની ઘોષણા કરી રહી હતી, જે વખતે ભાગીરથી મૂઠીભર અંગ્રેજ સેનાના અદમ્ય ઉત્સાહ અને ક્લાઇવનું બુદ્ધિકૌશલ્ય જોઇને સ્તંભિત થઇને ધીમે ધીમે વહી રહી હતી, તે વખતે બંગાળાનો હતભાગી નવાબ સિરાજ, મીરજાફરની વિશ્વાસઘાતકતાથી મર્માહિત થઇને વિચાર કરી રહ્યો હતો કે, "હવે કરવું શું ?" મૂઠીભર સાધારણ અનુચરને લઇને એ

કરી પણ શું શકે? કિસ્મતની કઠોર સજાથી વ્યથિત થયેલો સિરાજ ચારે તરફ અંધકારજ દેખવા લાગ્યો. આજ સવારે જે બંગાળા, બિહાર અને ઉડ્ડિસાનો અધિકારી હતો, તે સાંજે રસ્તાનો ભિખારી બન્યો! કાલ જે અંગ્રેજ વેપારીઓ તેની કૃપાની લાલસા રાખતા હતા, તેજ અંગ્રેજ વણિકો આજ કર્તાહર્તા થઇ ગયા. મીરજાફર તો તેમના હાથનું રમકડું હતો. બીજો કાંઇ ઉપાય નહિ જડવાથી એણે પલાયન કરી જવાનો સંકલ્પ કર્યો. એ સંકલ્પ સાંભળ્યા પછી, જે લોકો સુખના સમયમાં તેના સાથી અને અનુચર હતા, તે બધા એકે એકે ખસવા લાગ્યા. વધારે વિલંબ કર્યા વગર, સિરાજે પોતાના સસરા ઇરાઝખાં આગળ પોતાનો વિચાર જણાવ્યો, પરંતુ તેણે પણ કોઈ પણ પ્રકારે સિરાજની સાથે જવાનું કબૂલ કર્યું નહિ. ધનરત્ન ઉચાપત કરી જઇને ઇરાઝખાં છાનોમાનો અગિયારા ગણી ગયો. આશાભરૂસા વગરનો સિરાજ એકલો પલાયન કરવાનો મનસૂબો કરી રહ્યો હતો, એવામાં લુત્કુન્નિસા આવીને તેના પગ આગળ બેસીને રોવા લાગી. સ્વામીના સુખમાં જે હર્ષઘેલી થઈ જતી હતી, તે લુત્કુન્નિસાએ આજ સ્વામીની વિપત્તિના સમયમાં તેની સાથેજ પલાયન કરી જવાનો પોતાનો દૃઢ સંકલ્પ જણાવ્યો. સિરાજ કોઈ પણ પ્રકારે તેના મનમાં ઠસાવી શક્યો નહિ કે, આ પલાયન થોડા સમયનું છે. એનો ઉદ્દેશ બળ–સંગ્રહ, આત્મરક્ષા ને મોગલ ગૌરવની પુનઃ સ્થાપના કરવાનો હતો. લુત્કુન્નિસાના હૃદયમાં એ બધી વાત ઊતરી પણ નહિ. એ સ્વામીની અનુગામિની થઇ. એ તો સમજી હતી કે, પતિ એજ સ્ત્રીનો દેવતા છે; પતિ જે દશામાં રહે તેજ દશામાં રહેવું પત્નીને માટે શ્રેયસ્કર અને વાંચ્છનીય છે.

આ નારીરત્નને કોઇ કોઇ ઇતિહાસવેત્તાઓ ‘રખાત’ તરીકે ઓળખાવે છે. લુત્કુન્નિસા એક સાથેજ સિરાજની સચિવ, સખી, પ્રિયતમા, જીવનસંગિની અને હિંદુ–મુસલમાનની દૃષ્ટિએ જોતાં આદર્શ પત્ની હતી. તેને રખાત તરીકે ઓળખાવાતી જોઇને ખરેખર ખેદ થાય છે.

રાત્રે ત્રણ વાગ્યાના સમયે સિરાજ દીનવેશમાં લુત્કુન્નિસા અને ચાર વર્ષની કન્યા, થોડાક વિશ્વાસુ નોકરો તથા ધનરત્નાદિ લઇને સાધારણ ગાડામાં બેસીને ભગવાન ગોલા તરફ પ્રયાણ

કરવા લાગ્યો. રાત્રિ વીતી ગઇ અને પ્રભાત થયું. ધીમે ધીમે સૂર્યનાં કિરણો વધારે ને વધારે પ્રખર થવા લાગ્યાં. કોમલાંગી, અસૂર્યસ્પર્શા લુત્ફુન્નિસા પોતાનાં કષ્ટોને તુચ્છ ગણીને ધૈર્યપૂર્વક ધીમે ધીમે રૂમાલથી પંખો કરીને સ્વામીનો થાક ઉતારવા લાગી. સિરાજ પગરસ્તે ભગવાન ગોલા ગામમાં પહોંચ્યો. ત્યાંથી મછવામાં બેસીને પદ્માના ઊછળતાં મોજાંઓ ઓળંગીને મહાનંદા નદી–પથમાં મછવાને ઊલટો ચલાવીને, ઉત્તર દિશા તરફ જવા લાગ્યો. ધીમે ધીમે જ્યારે મહાનંદા ઓળંગીને એ કાલિંદી નદીનો પ્રવાહ ઓળંગવાની તૈયારીમાં હતો અને તેની નૌકા જ્યારે રાજમહેલની બીજી પાર લગભગ ચાર ગાઉ દૂર બડાલ ગામે આવી પહોંચી, ત્યારે એકાએક તેની નૌકાની ગતિ બંધ પડી. નાજેરપુરની ખાડી ઓળંગ્યા પછીજ મોટી ગંગામાં પ્રવેશ કરાય એમ હતું, પણ ત્યાં આગળ પાણી ઓછું હોવાથી ત્યાંનો રસ્તો બંધ થઈ ગયો હતો.

આ દુર્ઘટના સિરાજને માટે કાળરૂપ થઇ પડી. ત્યાં આગળ ત્રણ દિવસ અને ત્રણ રાત ભૂખ્યાતરસ્યા ગાળ્યા પછી નવાબ ઘણોજ કંટાળી જઇને ખોરાક એકઠો કરવા સારૂ દાનશાહ નામના એક ફકીરની ઝૂંપડીમાં ગયો. પૂર્વે સિરાજે એ દાનશાહ ફકીર ઉપર ઘણો જુલમ કર્યો હતો. આ વખતે એ અત્યાચારનું વેર વાળવાનો પ્રસંગ આવી લાગ્યો છે, એમ ધારીને એ ફકીરે ખોરાકીની વસ્તુઓ લઇ આવવાને બહાને બહાર જઇને મીરકાસિમ તથા તેના સગાભાઇ–રાજમહેલના ફોજદાર મીરદાઉદને બધા સમાચાર કહી દીધા.

મીરકાસિમે સિરાજને સપરિવાર બંદીવાન કરીને મુર્શિદાબાદ મોકલી આપ્યો. લુત્ફુન્નિસા બેગમ મીરકાસિમના હાથમાં સપડાઇ ગઇ. મીરકાસિમે તેને ભય બતાવીને તેના કિંમતી અલંકારો અને સઘળું દ્રવ્ય છીનવી લીધું. એ લૂંટનું કલંક મીરકાસિમના જીવનને સદાને માટે કલંકિત કરી રાખશે. ભાગ્યદોષથી તે તેના હાથમાં સપડાઇ હતી; પરંતુ એક બેગમ તરીકે નો તેનો માનમરતબો જાળવવાની મીરકાસિમની ફરજ હતી. તેણે એમ નહિ કરતાં લુત્ફુન્નિસાને ઢાકામાં કેદ કરી.

મુર્શિદાબાદ ગયા પછી સિરાજની શી દશા થઇ, એ બધાના જાણવામાં છે. મહમદ બેગને હાથે તેનો વધ કરવામાં આવ્યો

અને ખોસબાગમાં તેના શબને દફનાવવામાં આવ્યું.

સિરાજના મૃત્યુ પછી થોડા દિવસ બાદ અંગ્રેજોના પ્રયત્નથી લુત્ફુન્નિસાને ઢાકાથી મુર્શિદાબાદ આણવામાં આવી અને ખોસબાગમાં અલીવર્દી અને તેના સ્વામીની સમાધિની દેખરેખ રાખવાનું કામ તેને સોંપવામાં આવ્યું. તેના ભરણપોષણને સારૂ એક મહિને હજાર રૂપિયાનો બંદોબસ્ત કરવામાં આવ્યો; તે ઉપરાંત અલીવર્દીખાં અને સિરાજની કબરની દેખરેખનું કામ તેના હાથમાં સોંપાયાથી તેને બીજા ૩૦૫ રૂપિયા આપવામાં આવતા. આ ધનનો બેગમ લુત્ફુન્નિસા દુરુપયોગ કરતી નહિ. પોતાના ઉદરપોષણ જેટલું સામાન્ય ધન રાખીને, બાકીનું સર્વ ગરીબોનું દુઃખ નિવારણ કરવાના કાર્યમાં ખર્ચ કરી નાખતી હતી.

ખોસબાગમાં સ્વામીની સમાધિ આગળ બેસીને એ દરરોજ અશ્રુવિસર્જન કરતી. પ્રતિદિવસ પ્રભાતકાળમાં પોતાને હાથે પતિની કબર ઉપર તાજાં ખીલેલાં પુષ્પ ચડાવતી અને દરરોજ સંધ્યાકાળે સુગંધી દ્રવ્યવાળા દીપકોથી તેને પ્રકાશિત કરતી. એ તેનું નિત્યકાર્ય હતું.

સિરાજના મૃત્યુ પછી કેટલા દિવસ સુધી લુત્ફુન્નિસા જીવતી રહી, તે બરોબર જાણવામાં આવ્યું નથી. મિ. ફોર્સ્ટર જણાવે છે કે, "મેં લુત્ફુન્નિસાને ઇ. સ. ૧૭૮૧ માં ખોસબાગમાં સિરાજની સમાધિ આગળ પડી રહેલી જોઈ છે." જો એ વાત સાચી હોય, તો સિરાજના મૃત્યુ પછી ચોવીસ વર્ષ સુધી લુત્ફુન્નિસા જીવતી હતી, એમ કહી શકાય.

બીજું મુતાખરીન નામક પુસ્તકનો અનુવાદક મુસ્તફા લખી ગયો છે કે, "મેં ઇ. સ. ૧૭૮૯ માં લુત્ફુન્નિસાને મુર્શિદાબાદમાં નિવાસ કરતી જોઇ છે." એ મત પ્રમાણે સિરાજના મૃત્યુ પછી ૩૨ વર્ષ સુધી લુત્ફુન્નિસા જીવતી હતી, એમ સાબિત થાય છે.

ત્રીજું મિ. બેવરિજ કહે છે કે, "મેં નિઝામતના દફ્તરમાં ઉમદાત-ઉન્-નિસા નામની સિરાજની એક પત્નીનો ઉલ્લેખ જોયો છે અને મારા મત પ્રમાણે ઉમદાત એજ લુત્ફુન્નિસા બેગમ છે. એ ઉમદાત-ઉન્-નિસાએ ઇ. સ. ૧૭૯૧ ના ઑગસ્ટ માસમાં સરકાર આગળ પોતાના વર્ષાસનમાં વધારો કરવા સારૂ અરજી આપી હતી." મિ. બેવરિજના વચનને સત્ય માનીએ તો એમ કહી શકાય કે, સિરાજના મૃત્યુ પછી ૩૭ વર્ષ

પછી લુત્ફુન્નિસા હયાત હતી.

સાંભળ્યા પ્રમાણે, સ્વામીની સમાધિની પૂજા કરતાં કરતાં તેનું મૃત્યુ થયું હતું. મૃત્યુ પછી ખોસબાગમાં સ્વામીની જમણી બાજુએ તેના પગ આગળ, તે અનંત નિદ્રામાં સૂઇ ગઇ.

જાઓ, સાધ્વી લુત્ફુન્નિસા ! જાઓ, પતિની સાથે સિધાવો ! તમારૂં પતિધ્યાન સમાપ્ત થયું છે. જગતને તમે બતાવ્યું છે કે, હજારો દોષથી દૂષિત હોવા છતાં પણ પતિ દેવતા છે. જો કે તમે ઝાઝા દિવસ સુધી સ્વામીના નશ્વર દેહની સેવા કરવા પામ્યાં નહોતાં, તોપણ અશ્રુવિગલિતનેત્રે ઘણા દિવસ સુધી સ્વામીની કબરની પાસે બેસીને ઉન્માદિનીની પેઠે કદી પંખો કરતાં હતાં, તો કદી તેને પુષ્પમાળા પહેરાવતાં હતાં; કોઇ દિવસ પ્રેમના આવેશમાં આવી જઇને કબરને ચુંબન કરતાં અને પોતાના પ્રેમાસ્પદને ચુંબન કર્યું છે, એવા વિચારથી અશાંત હૃદયને શાંત કરતાં હતાં. જગતને તમે દેખાડી આપ્યું છે કે, જીવનમાં અને મરણમાં પતિ સાથે પત્નીનો અભેદ્ય સંબંધ છે; સર્વ-સંહારક કાળ તેનું છેદન કરી શકતો નથી, કાયદોકાનૂન તેનું છેદન કરી શકતો નથી.

પાશ્ચાત્યવાસીઓ ! ભારતરમણીના ચરણકમળ આગળ બેસી-ને ઘણા સમય સુધી 'નારીત્વ' અને 'પતિવ્રત'નું શિક્ષણ મેળવો !

ભૂતકાળના ઇતિહાસની સાક્ષીસ્વરૂપ એ ખોસબાગ હજુ સુધી છે અને જગતને લુત્ફુન્નિસાની પતિભક્તિની ઘોષણા કરે છે.



૯૮–વિરંજી કુંવર

એ જૌનપુર જિલ્લામાં આવેલા ગઢવાલ ગામની રહેવાસી હતી. તેના પિતાનું નામ ઠાકુર અમરસિંહ તથા પતિનું નામ સાહદીન હતું. એણે સંવત ૧૯૦૫ માં 'સતીવિલાસ' નામનો એક ગ્રંથ સતી સ્ત્રીઓની પ્રશંસામાં રચ્યો છે. એ રઘુવંશી ઠાકુરજાતિની હતી. પોતાના કાવ્યમાં એણે સસરા તથા પિયેર પક્ષનો વિસ્તારથી પરિચય આપ્યો છે. એ પતિની ઘણી ભક્ત હતી. પોતાના પુસ્તકમાં એણે પતિવ્રતાધર્મનું વર્ણન ઘણી રસિક ભાષામાં કર્યું છે. એની કવિતાના બેએક નમૂનાઓ અત્રે આપીશું, જેથી એની ભાષા તથા વિચારોનો પરિચય મળશેઃ—

જાઁચે ઉ ધર્મ પતિવ્રતકેરા, જેહિતેં કરૂં સબ ધર્મ બસેરા;
કો પતિવ્રતા કવન વ્યવહારૂ, કવન ધર્મ ત્રિયસુગતિ સિંગારૂ.
કવનિ વ્રત પતિકે પિય ભાખો, જેહિ હિત જીય દેહમેં રાખો;
અબ પિય નિરનય દેહુ બતાઇ, મેં ગઁવારી કુછ જાનિ ન પાઇ.
કરૈં સદા પતિપદકર પૂજા, જાનૈં દેવ અવર નહીં દૂજા;
પઢૈં સુનૈં પતિ સંગ પુરાના, બૂઝૈં વેદ શાસ્ત્ર કરજ્ઞાના.
આત્મજ્ઞાન અરૂ તત્ત્વવિભેદા, બ્રહ્મજ્ઞાન કછુ ભાષિત વેદા;
સો સબ સુનત રહૈં દિનરાતી, એક લાલસા મો મતિ માતી.
જોરિ કુવો કર પતિ સન પૂછા, એહ તો ધર્મ ત્રિયન કહ છુછા;
કહો ધર્મ પતિવ્રત વિચારા, જેહિં સુનિ નારિ જાહિં ભવ પારા.
કિમિ કરિ રહે ચરનમહઁ સેવી, જેહ ધર્મ નારિ હોઈ દેવી;

સવૈયા

તીરથ વ્રત સોં નેહ નહીં, અરૂ જાનૈં નહીં કુછ દેવ પૂજારી;
ચાલ કુચાલ હમઁ નહીં માલૂમ, યાતેં કહેં સબ લોગ ગવારી;
જ્ઞાન વિવેક કહા લહે નારિ, સદા જેહિ નિર્ધન સંત ભિખારી;
તાતેં વિરંજી વિચારી કહે મોહિ, દેહુ સિયાપતિ કંતસોં યારી,

સવૈયા

હોય મલીન કુરૂપ ભયાવનિ, જાહિ નિહારિ ઘિનાત હૈં લોગુ;
સોઉ ભજે પતિકે પદ પંકજ, જાય કરે સતિ લોકમેં ભોગૂ;
તાહિ સરાહત હૈં વિધિ શેષ, મહેશ બખાને બિસારિ કે જોગૂ;
યાતેં વિરંજી વિચારી કહે, પતિકે પદકી તિય કિંકરી હોજૂ.

૬૬–માઈ ભાગી

એ લાહોરમાં રહેતી હતી. પહેલાં તો દારૂ વેચવાનો ધંધો કરતી હતી. તેની દુકાન ઉપર દુરાચારી અને સ્વચ્છંદી વ્યસની લોકોની ઘણી ભીડ જામેલી રહેતી. આખરે ઝુલફિકાર નામના એક સદાચારી પુરુષ સાથે તેને પ્રેમ બંધાયો. એ પુરુષે તેને નીતિનો માર્ગ બતાવ્યો. માઈભાગીનું જીવન એકદમ સુધરી ગયું. તે અતિ સદાચારી અને ઇશ્વરભક્ત બની. પ્રભુ ગમે તેવા પાપીને પણ ઉદ્ધારવા સમર્થ છે, તેનું આ સન્નારીનું જીવન એક દૃષ્ટાંત છે. કહેવાય છે કે, ઇશ્વરભક્તિ અને યોગથી માઇભાગીને વચનસિદ્ધિ પ્રાપ્ત થઇ હતી. તેના મોંમાંથી જે શબ્દો નીકળતા, તે સત્ય નીવડતા. પંજાબકેસરી મહારાજા રણજિતસિંહ તેના ઘણા ભક્ત હતા. એ નિર્લોભી સાધ્વી ઘણી વખત મહારાજા સાહેબનો તિરસ્કાર પણ કરતી; પરંતુ સાધુભક્ત મહારાજા કાંઇ બોલતા નહિ, ઊલટા તેની ખુશામત કરવા જતા. દિલ્હીનિવાસી પંડિત ગંગારામ માઇભાગીની સેવા કરવા વારંવાર આવ્યા કરતો હતો. કહેવાય છે કે, એક દિવસ માઇભાગીએ તેને કહ્યું: “ મારી પાછળ શું કામ પડ્યો છે ? જા દરબારમાં જઇને દીવાનગીરી કર.” બસ એજ દિવસે તેને દીવાનની નોકરી મળી.

માઇભાગીને મકાન બંધાવવાનો ઘણો શોખ હતો. તેણે ઘણી ઇમારતો બંધાવી હતી. હિજરી સન ૧૨૬૪ માં આ ભગવદ્ભક્ત બાઇનું મૃત્યુ થયું.

१००-अझिझुन्निसा

આ રમણી દિલ્હીના બાદશાહ અકબર (બીજા) ના અમાત્યની જયેષ્ઠ કન્યા હતી. ઓગણીસમાં સૈકાના સુપ્રસિદ્ધ મુસલમાન સુધારક અને પરોપકારી મહાત્મા સર સૈયદ અહમદ સાહેબે તેના ગર્ભમાં જન્મ લીધો હતો. અઝિઝના પતિ ઘણા વિદ્વાન હતા અને ઉર્દુ, ફારસી તથા અરબી આદિ પૂર્વદેશીય ભાષાઓનું ઘણું સારૂં જ્ઞાન ધરાવતા હતા. તેમણે અઝિઝુન્નિસાને પણ ઘણું સારૂં શિક્ષણ આપ્યું હતું. એ ઘણી સુશીલ અને સદાચારી રમણી હતી. તેના પતિનું મૃત્યુ થયું, તે વખતે સૈયદ અહમદ બાલ્યાવસ્થામાંજ હતા. એ વખતે કુટુંબના ભરણપોષણનો ભાર અઝિઝુન્નિસાને માથે આવી પડયો. એણે ત્રેવડ અને કરકસરથી સંસાર ચલાવીને સૈયદ અહમદને ઉછેર્યા. સ્વાશ્રય અને પરિશ્રમનો મહિમા તેણે પોતાના ઉદાહરણથી સૈયદ અહમદને શીખવ્યો. આખી જિંદગી સુધી ઘરસંસારની વ્યવસ્થા તેણે ઘણીજ કુશળતાથી ચલાવી હતી. એ વખતમાં દિલ્હી અને લખનૌમાં સારા ખાનદાનના બાળકોને ઊંચા પ્રકારનું શિક્ષણ આપે એવી ઘણી થોડી શાળાઓ હતી; પરંતુ અઝિઝુન્નિસાએ પોતે વિદ્યાનાં સ્વાદિષ્ટ ફળોનો સ્વાદ ચાખ્યો હતો, એટલે પુત્રને પણ સુશિક્ષિત કરવાનો તેણે સંકલ્પ કર્યો. એ ઘણી વિદુષી સ્ત્રી હતી. પૂર્વ દેશની ત્રણ ભાષાઓ (ઉર્દુ, ફારસી અને અરબી)થી એ સારી પેઠે પરિચિત હતી અને કવિતાનો મર્મ ઘણીજ ઉત્તમ રીતે સમજી શકતી હતી. જ્ઞાનને લીધે તેનું હૃદય સારા સંસ્કારવાળું બન્યું હતું. મુસલમાન લોકોમાં ધર્મને નામે ચાલતા અનેક વહેમો ઉપરથી તેની શ્રદ્ધા ઊઠી ગઇ હતી અને બાલ્યાવસ્થામાં તેણે આપેલા શિક્ષણના પ્રતાપેજ સર સૈયદ અહમદ ભવિષ્યમાં મુસલમાનોને વહેમ અને અજ્ઞાનના બંધનમાંથી મુક્ત કરાવવા સમર્થ થયા હતા.

સર સૈયદે અલીગઢ કૉલેજ સ્થાપીને તથા બીજી અનેક રીતે મુસલમાન પ્રજાની સેવા કરીને અક્ષયકીર્તિ સંપાદન કરી છે. એ કીર્તિને માટે એ ઘણે અંશે તેમની વિદ્વાન અને કાર્યદક્ષ માતાના આભારી હતા, એમ એમના જીવનચરિત્રકારોનું માનવું છે.

૧૦૧–રાણી રાસમણિ

આ દાનશીલ ધર્મપરાયણા સ્ત્રીને "રાણી" ની પદવી સરકાર તરફથી મળી નહોતી. લોકોજ તેના ઉપર એટલી બધી શ્રદ્ધા અને ભક્તિ રાખતા કે, જનસમાજમાં તે "રાણી" ની ઉપાધિથી ઓળખાવા લાગી. એ દાનશીલ રમણીએ કૈવર્ત જાતિના એક ગરીબ ખેડૂતને ઘેર જન્મ ધારણ કર્યો હતો. તેના પિતાનું નામ હરિકૃષ્ણદાસ હતું. તે હાલિસહરની પાસે નાકોના નામના એક નાના ગામડામાં વસતો હતો. રાસમણિ ઘણી રૂપલાવણ્યવતી સ્ત્રી હતી. તેના સૌંદર્યથી મુગ્ધ થઇ જઇને કલકત્તાનિવાસી એક ધનવાન ગૃહસ્થ પ્રીતિરામ માડના બીજા પુત્ર રાજચંદ્રે તેની સાથે લગ્ન કર્યું. સ્વામીનું અકાળ મૃત્યુ થયા પછી સ્વામીની મોટી જાગીરનો કારભાર તેણે પોતાના હાથમાં લીધો. તેણે જમીનદારીનો વહીવટ ઘણીજ બુદ્ધિમત્તા સાથે કર્યો તથા તેની આવકમાં પણ ઘણો વધારો કર્યો. દાનશીલતાના સદ્ગુણ માટે તો તે એટલી બધી પ્રસિદ્ધ છે કે, બંગાળામાં ઘેરઘેર તેના ગુણાનુવાદ ગવાય છે. તેણે દક્ષિણેશ્વરમાં દેવીનું એક મંદિર બંધાવ્યું હતું અને એ મંદિરની પૂજા કરવા સારૂ જગવિખ્યાત સ્વામી શ્રીવિવેકાનંદજીના ગુરુદેવ શ્રીરામકૃષ્ણ પરમહંસને રાખ્યા હતા. રાણી રાસમણિએ એક ધર્મશાળા અને અન્નક્ષેત્રની સ્થાપના પણ પોતાને ખર્ચે કરી હતી. ગરીબ અને નિરાધાર લોકોને અન્ન તથા વસ્ત્રનું પુષ્કળ દાન કરતી હતી. તેની તેજસ્વિતા પણ અસાધારણ હતી. તેને પુત્રસંતાન હતું નહિ. એક કન્યાને મૂકીને ઇ૦ સ૦ ૧૮૬૧ માં ૬૭ વર્ષની વયે તેણે સ્વર્ગવાસ કર્યો હતો.

१०२–महाराणी लक्ष्मीबाई

મહારાણી લક્ષ્મીબાઈ ઓગણીસમા સૈકાની અસામાન્ય વીર નારી છે. જે વખતે ભારતવર્ષમાં બ્રિટિશ સરકારની પૂર્ણ સત્તા જામી હતી, જે વખતે હિમાલયથી કન્યાકુમારી સુધી અને સિંધુથી બ્રહ્મપુત્રા સુધીની વિશાળ ભૂમિ બ્રિટનની એકચક્રી હકુમત નીચે આવી હતી, તે વખતે લક્ષ્મીબાઇએ ઊંડાં મૂળ ઘાલી બેઠેલા બ્રિટિશ રાજ્યની સામે થઇને, સ્વાધીનતાના ગૌરવના રક્ષણ માટે સંકલ્પ કર્યો અને પોતાનું અસાધારણ વીરત્વ બતાવીને બ્રિટિશ અમલદારોને સ્તંભિત કરી નાખ્યા. લક્ષ્મીબાઇનું વીર હૃદય નાજુક કામિનીને છાજે એવી મધુરતા અને સ્નિગ્ધતાથી આર્દ્ર હતું, તેજ પ્રમાણે સ્થિરતા અને દૃઢ પ્રતિજ્ઞાને લીધે અટલ પણ હતું. માધુર્યમય કોમળ સૌંદર્યની સાથે મહારૌદ્ર ભાવનો સમાવેશ જોવાની કોઇને ઇચ્છા હોય, પ્રભાતકમળના અંગવિલાસની સાથે વિશાળ સાગરના ભયાનક દૃશ્યનું અવલોકન કરવાની ઇચ્છા હોય, કોમળ વીણાધ્વનિની સાથે લોકોની ભીડમાં થઇને આવતો પર્વતવિદારક ભૈરવ રવ સાંભળવાની ઇચ્છા હોય, તેમને લક્ષ્મીબાઇ એક અનુપમ સ્વર્ગીય ભાવનાવાળી અદ્વિતીય સ્ત્રી તરીકે દર્શન દેશે. એ લાવણ્યમયી વીરાંગનાની વીરકહાણી સાંભળીને સ્તંભિત થઇ જવાય છે.

લક્ષ્મીબાઇ કોણ ? તેણે શા માટે બ્રિટિશ રાજ્યની વિરુદ્ધ હથિયાર ધારણ કર્યાં ? જે શક્તિના આવિર્ભાવ આગળ દિગ્વિજયી મરાઠાઓએ પણ મસ્તક નમાવ્યું હતું, પંજાબકેસરીના પંજાબનું આગલું ગૌરવ ભ્રષ્ટ થઇ ગયું હતું, બંગાળા અને બિહારની ફળદ્રૂપ ભૂમિમાં, મદ્રાસ અને મુંબઈનાં સમૃદ્ધિશાળી શહેરોમાં, સિંધુ અને મધ્યભારતના વિશાળ ક્ષેત્રમાં બ્રિટિશ પતાકા કોઇની

પણ હરીફાઈ વગર ઊડી રહી હતી અને ઈંગ્લૅંડના વેપારી-મંડળના એક અમલદારની શક્તિ,ભારતસામ્રાજ્યમાં દિનપ્રતિદિન પોતાની અબાધિત સત્તાનાં વધુ ને વધુ ઊંડાં મૂળ નાખી રહી હતી, તે વખતે એ મહાશક્તિની સામે થવાનું એણે શા માટે સાહસ કર્યું હતું ? એ બધી વાતનો અહીં ઉલ્લેખ કરીશું.

લક્ષ્મીબાઈ મોરોપંત નામના એક મહારાષ્ટ્રીય બ્રાહ્મણની કન્યા હતી.મોરોપંત પેશ્વા બાજીરાવના સગા ભાઇ ચિમનાજી આપ્પા સાહેબનો ઘણો માનીતો હતો. આપ્પા સાહેબની સાથે એણે કાશી તીર્થમાં જઈને વાસ કર્યો હતો. એની પતિપ્રાણા ભાર્યા ભાગીરથીબાઇએ સ્વામીની સાથે કાશીવાસ કર્યો હતો. એ પવિત્ર સ્થાનમાં એમને ત્યાં એક કન્યારત્નનો જન્મ થયો. માતપિતાએ કન્યાનું નામ મનુબાઇ રાખ્યું. પાછળથી મનુબાઇ-એજ લક્ષ્મીબાઈના નામથી પ્રસિદ્ધિ મેળવી.

એ વખતે પેશ્વા બાજીરાવ બ્રિટિશ સરકાર પાસેથી આઠ લાખ રૂપિયાનું પેન્શન લઇને, રાજ્ય છોડીને કાનપુરની પાસેના બિઠુર ગામમાં વસતા હતા. આપ્પા સાહેબના મૃત્યુ થયા પછી, મોરોપંત પત્ની અને કન્યાને સાથે લઇને બિઠુર આવ્યા અને પેશ્વા બાજીરાવના આશ્રય તળે રહેવા લાગ્યા. અહીં પેશ્વાના દત્તકપુત્ર નાનાસાહેબ સાથે રમતગમતમાં મનુબાઇની બાલ્યા-વસ્થા વ્યતીત થઇ. મનુની ઉંમર ત્રણ ચાર વર્ષની હતી, ત્યારે મનુની માતાનું મૃત્યુ થયું. માતૃહીન બાલિકા મનુ પિતાના ઘણા આદર અને સ્નેહનું પાત્ર બની. મનુનું સ્વરૂપ ઘણુંજ સુંદર હતું. સ્વાભાવિક તેજસ્વિતા અને સરળતાને લીધે એ સૌંદર્યમાં એક અપૂર્વ ઉજ્જવળ પ્રકાશ પ્રકાશી રહ્યો હતો. બાજીરાવ અને તેના નોકરચાકરો બધા મનુના ઉપર ઘણોજ સ્નેહ રાખતા. સ્વભાવથીજ મનુના હૃદયમાં તેજસ્વિતા, નિર્ભયતા, દૃઢતા સામર્થ્યપ્રિયતા આદિ પુરુષોના ગુણો વાસ કરતા હતા. ઘરમાં સ્ત્રી નહિ હોવાથી પુરુષોને હાથેજ મનુને ઉછેરવામાં આવી. એને લીધે એના એ પુરુષોચિત ગુણો વિશેષ વિકાસ પામ્યા.

બાજીરાવને કંઇ સંતાન નહોતું. તેમણે બે દત્તકપુત્ર લીધા હતા. મોટાનું નામ નાનાસાહેબ અને નાનાનું નામ રાવસાહેબ પાડ્યું હતું. નાનાસાહેબ મનુના ઉપર ઘણું હેત રાખતો અને આખો દહાડો એની સાથે રમ્યા કરતો. મનુને પણ નાનાની

દોસ્તી ખૂબ ગમી ગઇ હતી. નાનાની સાથે એ ઘોડા ઉપર બેસીને ફરવા જતી, તલવારના પટા ખેલતી અને પતંગો ઉડાવતી. જ્યારે પોતે સહિયરોની સાથે રમવા જતી, ત્યારે પોતે રાણી બનતી અને પોતાની સખીઓને દાસી બનાવીને ‘રાજ્ય’ની રમત રમતી.

આ પ્રમાણે મનુની બાલ્યાવસ્થા વ્યતીત થવા લાગી. એમ કહેવાય છે કે, એના જન્માક્ષર જોઇને કોઈ જોષીએ કહ્યું હતું કે, “આ કન્યા રાજાની રાણી થશે.” જ્યોતિષીની ભવિષ્યવાણી નિષ્ફળ ગઇ નહિ.

ભારતવર્ષના નકશાના મધ્યભાગમાં બુંદેલખંડ નામના પહાડી દેશમાં ઝાંસી નામક એક શહેર જોવામાં આવે છે. ઝાંસી ઘણા રમણીય સ્થાનમાં વસેલું છે. તેની ઉત્તર અને દક્ષિણમાં બે તરફ ઊંચા પર્વતો ઊભા છે. પર્વતોની તળેટી લીલાં વૃક્ષોથી સુશોભિત છે. ઠેકાણે ઠેકાણે વિશાળ જળાશયો અપૂર્વ શોભા આપી રહ્યાં છે. ઝાંસીના નાના રાજ્યનું ક્ષેત્રફળ ૧૫૬૭ વર્ગ માઈલ છે. પૂર્વે ઝાંસીનું રાજ્ય મહારાષ્ટ્ર કુલગૌરવ પેશ્વાના આશ્રિત રાજાઓના તાબામાં હતું; પાછળથી ઈ. સ. ૧૮૧૭ માં બ્રિટિશ સરકાર સાથે તેનો સંબંધ સ્થપાયો હતો. ઝાંસીના છેલ્લા રાજાનું નામ ગંગાધરરાવ હતું. એ ઇ. સ. ૧૮૩૮ માં ઝાંસીની ગાદીએ બેઠો હતો. તેની પહેલી વારની પત્નીનું મૃત્યુ થયા પછી એમણે બીજી વાર મનુબાઈ સાથે લગ્ન કર્યું હતું. મનુની વય એ વખતે આઠ વર્ષની હતી; પરંતુ એ ઉંમરે પણ એ ઘણી નીડર અને હિંમતવાળી હતી. પરણતી વખતે ગોર મહારાજે વરની સાથે એનું પાનેતર બાંધ્યું, ત્યારે એણે કહ્યું: “ખૂબ સખત બાંધજો, એવું કસીને બાંધજો કે છૂટેજ નહિ.”

વિવાહ થઇ ગયા પછી મનુ જ્યારે સાસરે આવી, ત્યારે ઝાંસીની પ્રજા તેનું સૌંદર્ય જોઇ એટલી બધી મુગ્ધ થઇ ગઈ કે, તેઓ તેમને ‘ લક્ષ્મીમા ’ કહીને બોલાવવા લાગ્યા. ત્યારથી એ સાસરામાં લક્ષ્મીબાઇના નામથીજ ઓળખાવા લાગી.

લક્ષ્મીબાઇના પિતા પણ ઝાંસીના રાજ્યમાં સરદાર પદવી પામીને ઝાંસીમાંજ આવી વસ્યા.

વિવાહનાં સાતઆઠ વર્ષ પછી લક્ષ્મીબાઇને એક પુત્ર જન્મ્યો. લક્ષ્મીબાઇ ગંગાધરરાવની બીજી વારની સ્ત્રી હતી અને

આ બાળક તેનું પ્રથમ સંતાન તથા ઉત્તરાધિકારી હોવાથી તેના હર્ષનો પાર રહ્યો નહિ; પરંતુ ઈશ્વરે તેનું આ સુખ છાજવા દીધું નહિ. ત્રણ માસની અંદર એ રાજકુમારનું મૃત્યુ થયું. પુત્રશોકને લીધે ગંગાધરરાવનું શરીર ક્ષીણ થઇ ગયું. રોગ ઘણો ભયંકર હતો; એટલે મૃત્યુ પાસે આવેલું જોઇને એમણે એક બાળકને દત્તક લીધો. એ પુત્રનું નામ દામોદરરાવ પાડ્યું.

ગંગાધરરાવને અંગ્રેજ સરકાર સાથે મિત્રતાનો સંબંધ હતો, એટલે પોતાના દત્તકપુત્રને રાજ્યના વારસ તરીકે કબૂલ રાખવા માટે તેમણે મૃત્યુ પહેલાં એક પત્ર લખ્યો હતો: "હું ઘણોજ માંદો પડ્યો છું. એક શક્તિશાળી સરકારની ખાસ સહાયતા હોવા છતાં પણ, એક દિવસ મારા પૂર્વજોનું નામ વિલુપ્ત થશે, એ વિચારથી મને ઘણોજ ક્ષોભ થાય છે; એટલા માટે બ્રિટિશ સરકારની સાથે મારે જે સંધિ થઇ છે, તે સંધિની બીજી કલમ પ્રમાણે મારા નિકટના સગા, આનંદરાવ નામના પાંચ વર્ષના એક બાળકને દત્તકપુત્ર તરીકે હું ગ્રહણ કરૂં છું. જો ઇશ્વરકૃપાએ આપની દુવાથી હું સાજો થાઉં અને હજુ હું તરુણ અવસ્થામાં છું, એટલે મારે ત્યાં ભવિષ્યમાં પુત્ર જન્મે, તો એને લગતી યથાયોગ્ય વ્યવસ્થા હું પછીથી કરીશ અને જો હું જીવતો ન રહું, તો મારો વિશ્વાસ અને આગ્રહ છે કે, બ્રિટિશ સરકાર એ બાળક ઉપર કૃપાદૃષ્ટિ રાખીને બાળકની માતા અને મારી વિધવા પત્નીને જિંદગી સુધી બધી મિલકતની માલિક બનાવશે. તેમની સાથે કોઇ પણ દિવસ કોઇ જાતની ખોટી વર્તણુંક નહિ ચલાવે."

મરણપથારીએ પડેલા ગંગાધરરાવની કલમથી આવાં વિનયપૂર્ણ નમ્ર વાક્યો લખાયાં હતાં. તેના જીવનના છેલ્લા પત્ર ઉપરથી તેનું સૌજન્ય જણાઈ આવે છે; પરંતુ મુમુક્ષુ ગંગાધરરાવની એ અંતિમ વિનતિ સ્વીકારવામાં ન આવી.

એ વખતે લૉર્ડ ડેલહાઉસી ભારતમાં ગવર્નર જનરલ હતો. લૉર્ડ વેલેસ્લી ભારતમાં અંગ્રેજોનું પ્રાધાન્ય સ્થાપી ગયો હતો. લૉર્ડ વેલેસ્લીની એવી ઇચ્છા હતી કે, ભારતમાં એકલા અંગ્રેજોનું રાજ્ય રહેવું જોઈએ. એ વિચારથી તેણે સંધિનો ભંગ કરીને મહારાણા રણજિતના રાજ્ય ઉપર બ્રિટિશ વાવટો ચડાવ્યો. અયોધ્યાના નવાબને પેન્શન આપીને અયોધ્યા પ્રાંત અંગ્રેજોના

તાબામાં આણ્યો. તેની રાજનીતિના મહિમાથી સતારા રાજ્ય-માંથી ઇતિહાસપ્રસિદ્ધ મરાઠાઓનું આધિપત્ય લુપ્ત થયું હતું. તેણે અનેક કારણો બતાવીને દેશી રાજાઓનાં કેટલાંએ રાજ્યો અંગ્રેજોના અમલ તળે આણ્યાં હતાં.

હવે તેણે એક કાયદો ઘડ્યો કે, "જે રાજાઓએ પોતાની ઇચ્છાપૂર્વક સંધિ કરીને અંગ્રેજોની અધીનતા અને આશ્રય ગ્રહણ કર્યાં છે, તેમાંનો કોઇ રાજા નિઃસંતાન હોવાથી દત્તકપુત્ર ગ્રહણ કરશે, તો એ દત્તકપુત્ર આ દેશના પ્રાચીન રિવાજ મુજબ રાજ્ય-નો ભવિષ્યનો ગાદીવારસ ગણાશે; પણ અંગ્રેજોએ જે રાજ્યો ઉપર લડાઇમાં એક વાર જિત મેળવ્યા પછી, પાછાં એના એ રાજાઓને તેમનાં રાજ્ય સોંપ્યાં છે, તેઓ એ રાજ્યના જમીન-દાર જેવા ગણાશે. નિઃસંતાન હોવાથી તેઓ દત્તકપુત્ર રાખશે, તો એ પુત્ર દત્તક તેની અંગત મિલકતનો વારસ થઈ શકશે, પણ રાજ્યનો વારસ ગણાશે નહિ. એવી અવસ્થામાં રાજ્ય અંગ્રેજ સરકારના તાબામાં આવશે."

એ નિયમ પ્રમાણે લૉર્ડ ડેલહાઉસીએ સતારા, નાગપુર અને ઝાંસીને પોતાના તાબામાં લીધાં.

રાજ્ય ગયું, પુત્રનો અધિકાર લુપ્ત થયો; લક્ષ્મીબાઇને આથી પાર વગરનું દુઃખ થયું. તેના સ્વામીએ લીધેલો દત્તકપુત્ર, જે હિંદુશાસ્ત્ર અને દેશના પ્રચલિત રિવાજ પ્રમાણે તેના સ્વામીના રાજ્યનો હકદાર વારસ હતો, તેને મંજૂર રાખવાની તેણે ઘણા દાખલાદલીલો સાથે, ઘણાજ વિનયપૂર્વક સરકારને વિનતિ કરી; પણ તેની એ વિનતિ સ્વીકારવામાં આવી નહિ.

અંગ્રેજ રેસિડેન્ટ સાથે જ્યારે તેને એ વિષયમાં વાતચીત થઈ, ત્યારે પોતાની બધી દલીલો અને વિનતિઓ નિષ્ફળ ગયેલી જોઇને, ગુસ્સામાં આવી જઇને તેજસ્વી લક્ષ્મીબાઇએ દૃઢ સ્વરે કહ્યું હતું:—

"મૈરી ઝાંસી દૂંગી નહિ."

પણ તેનું કાંઇજ વળ્યું નહિ. ઝાંસી અંગ્રેજોના તાબામાં આવ્યું.

આ અરસામાં બિઠુરમાં બેઠે બેઠે પેન્શન ખાનારા વૃદ્ધ પેશ્વા બાજીરાવ બીજાનું મૃત્યુ થયું. લૉર્ડ ડેલહાઉસીની તેના દત્તકપુત્ર નાનાસાહેબને પેન્શન આપવાની ઇચ્છા નહોતી. તેણે કહ્યું:

"બાજીરાવના દત્તકપુત્રનું પાલનપોષણ કરવાને અંગ્રેજ સરકાર બંધાયલી નથી. બાજીરાવ પુષ્કળ મિલકત છોડી ગયો છે. એ મિલકતમાંથી તથા બિઠુરની જાગીરમાંથી જે આવક થાય, તે નાનાસાહેબ અને રાવસાહેબના ગુજરાનને માટે પૂરતી છે."

પિતાનું પેન્શન મેળવવા માટે નાનાસાહેબે ઘણી દલીલપૂર્વક અરજી કરી. વિલાયતમાં પોતાનો પ્રતિનિધિ મોકલ્યો, પણ કાંઇજ વળ્યું નહિ; આથી નાનાસાહેબે અંગ્રેજ સરકારની વિરુદ્ધ ખટપટ કરવી શરૂ કરી.

લોર્ડ ડેલહાઉસીની આ ખાલસા કરવાની નીતિથી નાનાંમોટાં ઘણાં દેશી રાજ્યો અસંતુષ્ટ થયાં અને એમને લીધે રાજ્યવત્સલ પ્રજાનાં દિલ પણ દુભાયાં. અધૂરામાં પૂરું, લશ્કરી સિપાઇઓને ઉશ્કેરે એવા બીજા પણ એકબે બનાવો બની આવ્યા અને એકાએક ભારતના ઇતિહાસમાં પ્રસિદ્ધ થયેલો સિપાઇઓનો બળવો જાગી ઊઠ્યો.

ઇ. સ. ૧૮૫૭ માં મે મહિનામાં બિહારથી તે દિલ્હી સુધી આખા ઉત્તર હિંદુસ્તાનમાં તેમજ મધ્ય હિંદુસ્તાનમાં ઘણી જગ્યાએ સિપાઇઓ બળવાખોર થઇ ગયા. જે જે શહેરોમાં બંડ થયું, તે તે સ્થળોના અંગ્રેજો કુટુંબ સાથે કિલ્લામાં ભરાઇ ગયા; પણ સિપાઇઓના હાથમાં જ્યારે એ કિલ્લો આવતો, ત્યારે તેઓ અંગ્રેજ સ્ત્રીપુરુષો તથા તેમનાં બાળકોની કતલ કરી નાખતા. બીજે પણ જ્યાં અંગ્રેજો તેમના હાથમાં આવતા, ત્યાં તેઓ તેમના પ્રાણ લેતા.

પરંતુ આ બળવો સિપાઇઓનોજ હતો, આથી કેટલાક ભારતવાસીઓએ દયાની લાગણીથી પ્રેરાઇ આ બળવાના સમયમાં ઘણાં અંગ્રેજ કુટુંબોને પોતાના ઘરમાં આશ્રય આપ્યો હતો. સિપાઇઓને એ વાતની ખબર પડતાં તેઓ આશ્રયદાતા દેશીઓનું પણ સત્યાનાશ વાળવાનું ચૂકતા નહિ; છતાં પણ આ દેશનાં સ્ત્રીપુરુષો સ્વાભાવિક દયાની લાગણીને લીધે, ગમે તેટલું જોખમ વેઠીને પણ અંગ્રેજોને એ વિપત્તિમાં આશ્રય આપવાનું ચૂકતાં નહિ.

સિપાઇઓએ દિલ્હીના નામમાત્રના બાદશાહ વૃદ્ધ બહાદુરશાહને હિંદુસ્તાનના બાદશાહ તરીકે જાહેર કર્યો. બહાદુરશાહ તથા એના પુત્રો પણ સિપાઇઓ સાથે મળી ગયા. કાનપુર

બળવાખોરોનું મુખ્ય કેંદ્ર થઇ પડયું. નાનાસાહેબ એમને સરદાર બન્યો. તાત્યા ટોપી નામનો એક દક્ષિણી બ્રાહ્મણ કદી મધ્ય ભારતમાં, તો કદી ઉત્તર ભારતમાં જુદે જુદે ઠેકાણે ફરતો ફરીને નાનાસાહેબના પક્ષના બળવાખોર સિપાઇઓને મદદ આપતો. બિહારના ક્ષત્રિય જમીનદાર કુમારસિંહને સરકારે કપટથી પકડવાનો યત્ન કર્યો, એટલે એ પણ સિપાઇઓના બળવામાં એક આગેવાન સરદાર બન્યો હતો. અયોધ્યાના મુસલમાન જાગીરદારો પણ બળવાખોરોને મદદ આપતા હતા.

બીજા શહેરોની પેઠે ઝાંસીમાં પણ અંગ્રેજી લશ્કરના સિપાઇઓ ઉશ્કેરાઈ ગયા. જો કે અંગ્રેજો ઉપર લક્ષ્મીબાઈ ઘણીજ અપ્રસન્ન હતી; તોપણ એ બદલો વાળવા ખાતર, બળવાખોર સિપાઇઓની સાથે પ્રારંભમાં સામેલ થઇ નહોતી.

સિપાઇઓને ઉશ્કેરાયલા જોતાંવારજ ઝાંસીના ડેપ્યુટી કમિશ્નર કેપ્ટન ગૉર્ડને મડમો તથા બાળકોના રક્ષણને માટે લક્ષ્મીબાઇની મદદ માગી. રાણીએ પોતાના મહેલમાં ઘણીજ કાળજીપૂર્વક તેમને આશ્રય આપ્યો. સિપાઇઓ બળવાખોર થયા પછી અંગ્રેજ પુરુષો ઝાંસીના કિલ્લામાં જઈ રહ્યા અને તે વખતે એમની મડમો તથા બાળબચ્ચાં પણ લક્ષ્મીબાઇના મહેલમાંથી કિલ્લામાં ગયાં. કિલ્લામાં પણ રાણીએ બે ત્રણ દિવસ સુધી તેમને માટે ગુપ્ત રીતે રસોઇ મોકલાવી. તેમના રક્ષણને માટે થોડુંઘણું લશ્કર એકઠું કરવાની તેણે મિ. ગૉર્ડન પાસે રજા માગી; પણ ગૉર્ડને કહ્યું કે, "એવી મદદની કાંઇ જરૂર નથી."

પરંતુ એ લોકો કિલ્લાનું રક્ષણ કરી શકયા નહિ. સિપાઇઓએ કિલ્લાને પોતાના તાબામાં લીધો અને અંગ્રેજ સ્ત્રીપુરુષ તથા બાલક–બાલિકાઓની હત્યા કરી. એટલા બધા માણસોમાંથી ફક્ત બેએક પુરુષ અને એકાદ સ્ત્રી મહામહેનતે પલાયન કરીને બચી શકયાં. કેટલાક અંગ્રેજ લેખકો લખે છે કે, "રાણી લક્ષ્મીબાઇના હુકમથી અથવા તો તેની જાણમાં તેના સિપાઇઓ એ ભીષણ હત્યાકાંડમાં સામેલ થયા હતા. કેટલાક અંગ્રેજ અમલદારો મદદને માટે રાણીની પાસે જતા હતા, એટલામાં રાણીના સિપાઇઓએ રસ્તામાં તેમને પકડીને કેદ કર્યા તથા રાણી પાસે લઇ ગયા. રાણીએ તેમને સિપાઇઓના હાથમાં સોંપ્યા અને તે દુષ્ટોએ તેમની હત્યા કરી." પણ એક વિશિષ્ટ અંગ્રેજ

ઇતિહાસવેત્તા ઘણી શોધખોળ પછી લખી ગયો છે કે, "રાણી કે એની પ્રજા કોઇ પણ પ્રકારે આ હત્યાકાંડમાં સામેલ નહોતાં; જે બેએક ગોરા લોકોએ નાસી જઇને પોતાના પ્રાણ બચાવ્યા હતા, તેમાંના એકે પાછળથી રાણીના દત્તકપુત્ર દામોદરરાવને પત્ર લખીને જણાવ્યું હતું કે, "રાણીના નામ ઉપર આ મિથ્યા કલંક લગાડવામાં આવ્યું છે. હત્યામાં મદદ આપવી તો દૂર રહી, પરંતુ રાણીએ વિપત્તિના સમયમાં, આશ્રય આપીને, ખોરાક આપીને તથા માણસો આપીને અમને મદદ કરી છે."

ઝાંસીના કિલ્લા ઉપર કબજો મેળવ્યા પછી સિપાઇઓએ રાણીના મહેલ ઉપર ચડાઇ કરી. યુદ્ધના ખર્ચને માટે રાણી પાસે ત્રણ લાખ રૂપિયા માગ્યા અને રૂપિયા નહિ મળે તો રાણીના મહેલને તોપને ગોળે ઉરાડી મૂકીશું, એવો ભય બતાવ્યો.

એટલા રૂપિયા આપવા જેટલી રાણીમાં શક્તિ નહોતી. તેણે સિપાઇઓને ઘણી વિનતિ કરી, પણ સિપાઇઓએ કાંઈ માન્યું નહિ. આખરે લાચાર થઇને રાણીએ અલંકાર અને રોકડ મળીને એક લાખ રૂપિયા આપીને સિપાઇઓને મનાવ્યા.

સિપાઇઓએ આનંદપૂર્વક રાણીનો જયજયકાર કર્યો અને રાજ્યની માલિક રાણી છે, એવો ઢંઢેરો પીટતા દિલ્હી તરફ ગયા.

ઝાંસીમાં અત્યારે અંધાધૂંધી ચાલતી હતી. અંગ્રેજોની સત્તાનો ધ્વંસ થયો હતો. સિપાઇઓ પણ ચાલ્યા ગયા હતા. કેટલા દિવસ પછી અંગ્રેજો પાછાં આવીને શાસન અને શાંતિ સ્થાપશે, તે નક્કી નહોતું. અંધાધૂંધીને લીધે ઝાંસીની પ્રજાના દુ:ખનો પાર રહ્યો નહિ. રાણી લક્ષ્મીબાઇએ રાજ્ય ખોયું હતું, પણ પ્રજા ઉપરનાં સ્નેહ તથા મમતા તેના હૃદયમાંથી ઓછાં થયાં નહોતાં. ઝાંસીના મુખ્ય આગેવાનોની સલાહથી એણે રાજ્યનો વહીવટ પોતાના હાથમાં લીધો. જબલપુરના કમિશ્નરને રાણીએ લખી મોકલ્યું કે, "રાજ્યમાં અંધેર ફેલાઇ જવાથી પ્રજાના રક્ષણ સારૂ મેં રાજ્યનો કારભાર પોતાના હાથમાં લીધો છે. જેટલા દિવસ અંગ્રેજ સરકાર ઝાંસીમાં આવીને પોતાની સત્તા પાછી નહિ સ્થાપે, તેટલા દિવસ તેમના પ્રતિનિધિ તરીકે હું રાજ્યનો કારભાર ચલાવીશ."

પરંતુ અંગ્રેજ અમલદારોએ રાણીનાં આ વચન પર વિશ્વાસ મૂક્યો નહિ. યુદ્ધની ગડબડમાં વિરુદ્ધ પક્ષનાં માણસો ખરી

વાત સમજી શકતાં નથી. એવે વખતે રોજ નવી નવી ગપ્પો અને ખોટી શંકાઓ ઊઠે છે. ઝાંસીમાં વાસ્તવિક રીતે શો બનાવ બન્યો હતો, તેનું પ્રમાણપૂર્વક ખરૂં વૃત્તાંત્ત અંગ્રેજ અમલદારોને કાને પહોંચવાનો એ સમયમાં સંભવ નહોતો. દેશમાં બળવો ઊભો થાય છે, ત્યારે રાજ્યના અમલદારોના મનમાં વિશ્વાસ કરતાં સંદેહ વધારે પ્રબળ હોય છે. ઘણી સામાન્ય ઘટના ઉપરથી એવે વખતે અમલદારો વિશ્વાસુ—વફાદાર પ્રજા ઉપર શક લઇ જાય છે અને તેમને પોતાના શત્રુ માનતાં સંકોચાતા નથી. રાણી ઘણી તેજસ્વી અને બુદ્ધિશાળી સ્ત્રી છે, એ તેઓ સારી પેઠે જાણતા હતા. ઝાંસી અંગ્રેજોના કબજામાં આવ્યાથી, રાણી અંગ્રેજો ઉપર ઘણી અસંતુષ્ટ છે, એ પણ તેમને માલૂમ હતું. અંગ્રેજોની સામા થવાને નાનાસાહેબને જે કારણ મળ્યું હતું, તેના કરતાં મોટું કારણ રાણીને મળ્યું હતું. એવા સંયોગોમાં ખુલ્લી રીતે નહિ, તો ગુપ્તપણે પણ રાણી સિપાઇઓના પક્ષમાં હશે, એવો વિચાર અંગ્રેજ અમલદારોના મનમાં આવે એ સ્વાભાવિક હતું.

તેમણે પહેલાં એ પણ ગપ સાંભળી હતી કે, અંગ્રેજ સ્ત્રી-પુરુષ અને બાળકબાલિકાઓના હત્યાકાંડમાં રાણીનો હાથ હતો. હવે રાણીએ જ્યારે ઝાંસીનો વહીવટ પોતાના હાથમાં લીધો, ત્યારે અમલદારોને ખાતરી થઈ કે, બળવાખોર સિપાઇઓની સાથે મળી જઇને રાણી પોતાના રાજ્યનો ઉદ્ધાર કરવા માગે છે અને તેનો આ પત્ર અંગ્રેજોને છેતરવાનો એક રાજનૈતિક પ્રપંચજ છે. તે ઉપરાંત સિપાઇઓને રાણીની પાસેથી નાણાં મળ્યાં હતાં અને એ લોકો રાણી ઝાંસીના રાજ્યની માલિક છે, એવી ઘોષણા કરતા કરતા દિલ્હીની તરફ ગયા હતા; તેટલા ઉપરથી પણ તેમની એ અટકળને પુષ્ટિ મળતી હતી. ચારે તરફ ગપ ફેલાઇ ગઇ કે, બળવાખોરોને પૈસા આપીને તેમની મદદથી લક્ષ્મીબાઇએ ઝાંસીનું રાજ્ય પોતાના અધિકારમાં લીધું છે.

આવાં આવાં અનેક કારણોને લીધે, રાણી લક્ષ્મીબાઇ ખરેખર અંગ્રેજોના પક્ષમાં છે, એ વાત અંગ્રેજ અમલદારો માની શક્યા નહિ. તેઓ નાનાસાહેબ વગેરેની માફક રાણી લક્ષ્મીબાઇને પણ પોતાની શત્રુ ગણવા લાગ્યા.

રાણીનો ખરો ઉદ્દેશ શો હતો, તે સમજવું અઘરૂં છે. અંગ્રે-

જોની હત્યામાં રાણીનો હાથ નહોતો, એ બાબતની પૂરતી સાબિતીઓ મળી આવે છે. અંગ્રેજો ઉપર અસંતુષ્ટ હોવા છતાં પણ, નિર્દોષ વિપત્તિગ્રસ્ત અંગ્રેજ નરનારી એને શરણે આવે, ત્યારે તેમને શરણ આપવાને બદલે હત્યા કરે એવી ક્રૂરતા કોમળહૃદયા ભારતરમણી લક્ષ્મીબાઇને માટે અસ્વાભાવિક છે; પરંતુ અંગ્રેજોને તે શત્રુ માનતી હોય, તોપણ વિપત્તિને સમયે શત્રુને આશરો આપવો એ એક વાત છે અને લાગ આવ્યે પોતાનું ખોયેલું રાજ્ય પાછું મેળવવાનો યત્ન કરવો, એ બીજી વાત છે. જે ઝાંસી તેને પ્રાણ કરતાં પણ વહાલું હતું, તે ઝાંસી ખોવાનો વખત આવ્યો ત્યારે, તેણે દૃઢતા અને ગંભીરતાપૂર્વક કહ્યું હતું કે, "મારી ઝાંસી આપીશ નહિ." જે ઝાંસી ખોયા પછી તેણે આટલા દિવસો દારુણ દુઃખમાં ગાળ્યા હતા, તે ઝાંસીને લાગ આવ્યે પાછું મેળવવાની તેને ઇચ્છા થઇ હોય, તો તે પણ સ્વાભાવિક છે;

વિદ્રોહી સિપાઇઓની મદદથી ઝાંસી પાછું મળશે, એવી આશા કે ઇચ્છા થઇ હોય, તેનું પ્રત્યક્ષ પ્રમાણ રાણીના શબ્દોથી કે રાણીના વ્યવહારથી મળતું નથી. અંધાધૂંધીના વખતમાં અંગ્રેજોના પ્રતિનિધિ તરીકે ઝાંસીની શાંતિ સાચવી રાખવી, એજ તેનો ઉદ્દેશ હતો અને એ ઉદ્દેશ રાજ્યની લગામ પોતાના હાથમાં લેતાંવારજ તેણે પાસેના અંગ્રેજ અમલદારને લખી જણાવ્યો હતો. રાણીના ઉદ્દેશો સંબંધી વધારે અટકળ ન કરતાં તેના આ કાર્યનું પરિણામ શું આવ્યું, તે આપણે જોઇએ.

રાજ્યની લગામ પોતાના હાથમાં લીધા પછી, આઠદસ મહિના સુધી તેણે ઘણી દક્ષતાપૂર્વક રાજ્ય ચલાવ્યું. એક તરફ તેનામાં સાહસ, શક્તિ, ચતુરાઈ, દૃઢતા અને તેજસ્વિતા આદિ પુરુષોચિત ગુણો હતા, તેવીજ રીતે બીજી તરફ દયા, કોમળતા આદિ રમણીને છાજે એવા ગુણોથી પણ તેનું હૃદય પૂર્ણ હતું.

રાણીની ઉંમર એ વખતે બાવીસત્રેવીસ વર્ષની હતી. દેખાવમાં તે પરમ સુંદર હતી. પ્રતિભા ને ઉજ્જવળ યૌવનને લીધે, ઉદ્ભાસિત તેનું સૌંદર્ય જોતાં તે સાક્ષાત્ દેવી જેવી લાગતી હતી. દેવીના જેવા સૌંદર્યથી, રાણીના જેવી દૃઢતા અને તેજસ્વિતાથી, માતાના જેવા સ્નેહમય કોમળ વ્યવહારથી તેની પ્રજા તથા તેના સૈનિકો ભય, ભક્તિ, શ્રદ્ધા અને કૃતજ્ઞતાપૂર્વક

તેને વશ થઇ ગયા હતા. વિખ્યાત અંગ્રેજ સેનાપતિ સર હ્યુરોઝે રાણીની સાથે યુદ્ધ કર્યું હતું. તેમણે પોતે રાણીના આ બધા ગુણોનો ઉલ્લેખ કર્યો છે. તેઓ કહે છે કે, "રાણીના ગુણથી તેની પ્રજા તથા સૈનિકો તેને એટલા બધા વશ હતા કે, તેમના શત્રુઓને સૌથી વધારે બીક રાણીનીજ રહેતી."

વિધવા થયા પછી રાણીનું દૈનિક જીવન આ પ્રમાણેનું હતું. પાછલી રાતે ઊઠીને સ્નાન કરીને તે શિવપૂજા કરતી. ત્યાર પછી કપડાં પહેરીને રાજમહેલના આંગણામાં લગભગ બે કલાક સુધી, ઘોડા ઉપર સવાર થઇને ફરતી. એ કામને માટે તેણે ચાર પાંચ સુંદર મજબૂત ઘોડા રાખ્યા હતા. દરરોજ એ ઘોડાઓને પોતે એ પ્રમાણે દોડાવતી.

કસરત થઇ રહ્યા પછી પાછી તે સ્નાન કરતી અને બ્રાહ્મણો તથા દીનદુઃખી લોકોને દાન કરી ભોજન કરતી.ભોજન કર્યા પછી ત્રણ વાગ્યા સુધી નાના નાના કાગળના ટુકડા ઉપર રામનામ લખતી અને તેની લોટની સાથે ગોળીઓ વાળીને માછલાંઓને ખવરાવતી. ત્યાર પછી સંધ્યાકાળથી તે રાતના ૮ વાગ્યા સુધી પુરાણ સાંભળતી. એ વખતે લોકો સાથે મુલાકાત અને વાતચીત કરતી. ત્યાર બાદ સ્નાન કરતી અને સંધ્યા તથા આહ્‌નિકમાં દોઢ પહોર કરતાં વધારે વખત ગાળતી. ત્યાર પછી શયન કરતી.

રાજ્યશાસનના વખતમાં દરરોજ રામનામ લખવાનું સમાપ્ત થયા પછી, રાણી લગભગ ત્રણ વાગ્યે રાજકાજને માટે દરબાર-માં આવતી. એ વખતે કોઈ દિવસ તો એ પુરુષવેશમાં કમરે તલવાર બાંધીને બિરાજતી, કોઇ દિવસ સ્ત્રીવેશમાં સાદી સાડી, સાદી કાંચળી અને હીરાના સામાન્ય અલંકાર પહેરતી.

દરબારગૃહની પાસેના મકાનમાં રાણી પડદાની આડમાં બેસીને પ્રજાની અરજી તથા સુખદુઃખની વાતો સાંભળતી અને તેના ફેંસલા કરતી.

પણ આ આઠદસ મહિના પણ એ શાંતિમાં નિર્વિઘ્ને રાજ્ય કરી શકી નહિ. તેણે રાજ્યગ્રહણ કર્યા પછી થોડા વખત-માં, તેના સ્વામીના એક નિકટના સગા સદાશિવરાવ નારાયણે કેટલાક કિલ્લા અને ગામો ઉપર અધિકાર મેળવીને 'ઝાંસીના મહારાજા' તરીકે પોતાની આણ ફેરવાવી; પરંતુ રાણીએ તરતજ

સૈન્ય મોકલીને તેને પરાજિત કરી કેદ કર્યો, પણ એક શત્રુ દબાયો એટલે બીજો પ્રબળ શત્રુ ઊભો થયો. ઝાંસીની પડોશમાં ઓરછા અને તેહુરી નામનાં નાનાં રાજ્યો છે. ઓરછાની રાણી લહીબાઇના સેનાપતિ નથેખાંએ વીસહજાર સૈન્ય સાથે ઝાંસી ઉપર ચડાઇ કરી.

રાણીનું સૈન્ય વધારે નહોતું. અંગ્રેજોએ રાજ્ય ઉપર અધિકાર જમાવ્યો, તે વખતે તેણે બધી તોપો તથા દારૂગોળાનો નાશ કર્યો હતો. આ યુદ્ધ ઉપસ્થિત થવાથી રાણીએ સત્વર સૈન્ય એકઠું કર્યું અને કારખાનાં ઉઘાડીને બંદૂકો તથા દારૂગોળા બનાવવા માંડયાં. તેના નિમંત્રણથી બુંદેલખંડના સરદારો પોતપોતાનું સૈન્ય લઈને આવ્યા. દુર્ગને સુરક્ષિત કર્યા પછી રાણીએ યોગ્ય ઠેકાણે મોરચો નાખ્યો અને પોતે પઠાણના વેશમાં સૈનિકોને મોખરે ઊભી રહી. યુદ્ધ આરંભાયું.

કિલ્લા ઉપર રાણીએ અંગ્રેજ અને પેશ્વાનાં નિશાન ચડાવ્યાં. નથેખાં યુદ્ધમાં પરાજય પામ્યો અને રાણીની સાથે સંધિ કરવાની તેને ફરજ પડી.

યુદ્ધના સમયમાં રાણી પોતાના સૈન્યની સાથે માતાની માફક વર્તતી. ઘાયલ થયેલા સૈનિકની વેદના જોઇએ તેની આંખમાંથી જળધારા વહેતી. પોતે જાતે હાજર રહીને તેની ચિકિત્સા અને માવજત કરાવતી; પાસે બેસીને મીઠી વાણીથી તેને દિલાસો આપતી ને તેના શરીર ઉપર હાથ ફેરવીને તેનું દુઃખ ઓછું કરતી.

અસ્તુ ! ઇંદોરમાં અંગ્રેજ સરકારનો જે પ્રતિનિધિ રહેતો હતો, તેના તાબામાં ઝાંસી એ વખતે હતું. નથેખાંની ચડાઈનો અહેવાલ રાણીએ તેના ઉપર મોકલી આપ્યો, પણ એ પત્ર એજંટને પહોંચ્યો નહિ.

અંગ્રેજ અમલદારો પોતાને દુશ્મન ન ગણે તેને સારૂ રાણીએ જેટલા પ્રયત્નો કર્યા હતા, તેટલા બધા નિષ્ફળ ગયા. રાણીને દમન કરીને ઝાંસીને પાછું પોતાના અધિકારમાં લેવા માટે સર હ્યુરોઝ સૈન્ય લઇને ઝાંસીની તરફ અગ્રેસર થયો. અંગ્રેજોની સાથે અત્યાર સુધી રાણીએ જે વ્યવહાર રાખ્યો હતો, તે ઉપરથી એણે એમ કદી ધાર્યું નહોતું કે, અંગ્રેજો એકદમ સૈન્ય લઇને યુદ્ધ કરવા આવશે.

અંગ્રેજોના એજન્ટને બધી વાત સવિસ્તર કહી સંભળાવવા માટે તેણે એક દૂત મોકલ્યો; પણ એ દૂત ઇંદોર ગયો નહિ. અંગ્રેજોના એજન્ટ સાથે એણે મેળાપ કર્યો નહિ અને એમ ને એમજ દૂર રહીને, રાણી પાસે ખોટા સમાચાર મોકલતો રહ્યો. રાણી તો એમ સમજી કે દૂતે અંગ્રેજોના એજન્ટ આગળ પોતાનો પક્ષ સમર્થન કરવા માટે બનતો યત્ન કર્યો છે.

બીજી તરફથી ઝાંસીના નવા સૈનિકો તથા અંગ્રેજોના અમલમાં જેમને દુઃખ અને નુકસાન વેઠવું પડયું હતું, તેવા અમલદારો રાણીને યુદ્ધ કરવા માટે ઉશ્કેરવા લાગ્યા.

આ ગૂંચવણના સમયમાં રાણીને સમાચાર મળ્યા કે, “જો એ હથિયાર છોડી દઈને પોતાના અમલદારો સાથે અંગ્રેજોના તંબૂમાં જઇને તાબે થશે, તો અંગ્રેજો તેને માફી આપશે.” આ કાર્યને રાણીએ સન્માનજનક ગણ્યું નહિ. લાચારીએ તેણે યુદ્ધની તૈયારીઓ કરવા માંડી.

રાણીની પાસે ફક્ત અગિયાર હજાર સૈનિકો હતા. થોડા સમયમાં જેટલી બની શકે તેટલી વ્યવસ્થા કરીને, રાણીએ પોતે લશ્કરની સરદારી લીધી. ઝાંસીનગર મજબૂત કોટથી રક્ષિત હતું. એ કોટમાં યોગ્ય સ્થળે તોપો તથા સૈનિકો ગોઠવીને રાણીએ નગરરક્ષાનો બંદોબસ્ત કર્યો. ઇ. સ. ૧૮૫૮ ના માર્ચ માસના છેવટના ભાગમાં સર હ્યુરોઝે ઝાંસીને ઘેરો ઘાલ્યો. અતુલ પરાક્રમપૂર્વક રાણીએ દસઅગિયાર દિવસ સુધી ઝાંસીનું રક્ષણ કર્યું. એ સમયમાં રાતદિવસ તેને કામ કરવું પડતું; જરા પણ વિશ્રામ મળતો નહિ.

પુરુષવેશે ઘોડેસવાર થઇને રાણી હમેશાં ગોલંદાજ અને સિપાઇઓની પાસે ફરતી રહીને તેમના કાર્યની દેખરેખ રાખતી. જ્યાં કંઇ જે વસ્તુનો અભાવ હોય ત્યાં પોતે ઊભી રહીને એ અભાવ દૂર કરતી. થાકી ગયેલા લશ્કરને ઉત્સાહનાં વચનોથી હિંમત આપતી, કોટનો કોઇ ભાગ દુશ્મનોના ગોળાથી તૂટી જતો તો જાતે ઊભી રહીને કારીગરો પાસે તેનું સમારકામ કરાવતી અને નગરમાં જે લોકોએ આશ્રય લીધો હતો તેમના રહેવાનો તથા ખાવાપીવાનો બંદોબસ્ત કરતી.

રાણીની વીરતા, અવિરત પરિશ્રમ તથા અદમ્ય ઉત્સાહથી

ઝાંસીનાં બાલકબાલિકાઓ પણ ઉત્સાહિત થયાં હતાં. એ લોકો પણ કોટનું સંરક્ષણ કરવામાં મદદ કરતાં; થાકી ગયેલા સૈનિકોને ખોરાક તથા પાણી લાવી આપતાં.

યુદ્ધની સૂચના થયા પછી રાણીએ નાનાસાહેબ અને તાત્યા ટોપીની પાસે મદદ માગી હતી. તાત્યો એક લશ્કર લઇને રાણીની મદદે આવી પહોંચ્યો. આ સમાચાર મળતાંવાર સર હ્યુરોઝ પ્રબળ પરાક્રમથી કોટ ઉપર આક્રમણ કરવા લાગ્યો. એક તરફથી તેના લશ્કરની એક ટુકડીએ તાત્યાને હરાવી તેનો રસદ તથા દારૂગોળો પોતાના કબજામાં લીધો.

ત્યાર પછી કેટલેક દિવસે નગરના કોટનો એક દરવાજો અંગ્રેજ સૈનિકોના હાથમાં આવ્યો. એ રસ્તે અંગ્રેજોના સૈન્યે નગરમાં પ્રવેશ કર્યો. રાણીએ કિલ્લાની અંદર આશ્રય લીધો પણ બહારથી મદદ મળવાનો સંભવ નહોતો; એટલે એ દશામાં ઘણા દિવસ સુધી કિલ્લાનું રક્ષણ કરવું અસંભવિત હતું. કાંઇ પણ મદદને અભાવે તેમને જલદી શરણે જવું પડશે એમ રાણીને લાગ્યું. આખરે લાચાર થઇને એક રાત્રે અંધારામાં પિતા, બાળક પુત્ર દામોદર તથા કેટલાક સેવકોને લઇને રાણી ગુપ્ત રીતે ઝાંસી છોડીને ચાલી ગઇ.

રાણીના પલાયનના સમાચાર મળતાંવારજ તેને પકડવા સારૂ અંગ્રેજ સૈન્ય તેની પછવાડે દોડ્યું. રાણીના પિતા પકડાઇ ગયા. અંગ્રેજોએ તેમને ફાંસી દીધી. રાણી પુત્રની સાથે કાલપી જઇને તાત્યા ટોપીને મળી.

ઝાંસીમાં બળવાખોરોએ અંગ્રેજ સ્ત્રીપુરુષ અને બાલકબાલિકાઓને નિર્દયતાથી મારી નાખ્યાં હતાં. નગર ઉપર પોતાનો કબજો થતાંવારજ અંગ્રેજ સૈનિકોએ, વેર લેવા માટે ઝાંસીનાં અનેક ઘરબારને બાળીને રાખ કરી દીધાં; ઘણા લોકોને મારી નાખ્યા. અંગ્રેજ ઇતિહાસકાર મિ. માર્ટિને લખ્યું છે કે, “લગભગ પાંચ હજાર ઝાંસીવાસી આ પ્રમાણે માર્યા ગયા હતા. સ્ત્રીઓની આબરૂ સાચવવા માટે ઘણા નગરવાસીઓએ તો પોતાનેજ હાથે સ્ત્રીઓના પ્રાણ લીધા. ઘણી સ્ત્રીઓએ કૂવામાં પડીને આત્મહત્યા કરી.”

હત્યાની સાથે સાથેજ સૈનિકોએ નગરમાં ખૂબ લૂંટ ચલાવી. સૈનિકોની ચીજ, વસ્તુઓ ઉઘાડી ઉઘાડીને જોઇ તથા એમાંથી

કામની વસ્તુઓ લઇને બાકીની વસ્તુઓને ગમે ત્યાં ફેંકી દીધી. સેનાપતિના પ્રયત્નથી આખરે બધા સૈનિકો શાંત થયા અને લૂંટફાટ બંધ થઇ. લૂંટના દ્રવ્યમાંથી તેણે ભૂખ્યા અને ઘરબાર વગરના લોકોને મદદ આપવાનો બંદોબસ્ત કર્યો.

પેલી તરફ રાણી કાલપી જઇને તાત્યા ટોપીના લશ્કરની સરદાર બની. નાનાસાહેબનો ભાઇ રાવસાહેબ એ વખતે કાલપી-માં હતો. કાલપીથી ચાળીસ માઇલ છેટે કુંચ નામક સ્થાનમાં અંગ્રેજ સૈન્ય સાથે તેને યુદ્ધ થયું. યુદ્ધમાં પરાજય પામ્યા છતાં પણ એ યુક્તિ વાપરીને સૈન્ય સાથે પાછી નાસી આવી.

કાલપીની નજીકમાં ફરીથી એક વાર યુદ્ધ થયું. સ્ત્રી જાણી-ને રાવસાહેબે રાણીના હાથમાં અધિક સૈન્ય આપ્યું નહિ. ફક્ત અઢીસો સવારો તેના તાબામાં સોંપ્યા; પણ એટલા થોડા સૈન્ય સાથે પણ રાણીએ એવા બળ અને પરાક્રમપૂર્વક અંગ્રેજોની એક ટુકડી ઉપર હુમલો કર્યો કે તેમને આખરે થાકીને નાસી જવું પડ્યું; પણ બીજી તરફથી અંગ્રેજોનું એક બીજું સૈન્ય આવીને ખડું થયું. રાવસાહેબ પરાજિત થઇને તેમનું સૈન્ય લઇને નાસી ગયા. આથી લાચારીએ વીરાંગના લક્ષ્મીબાઇને પણ યુદ્ધક્ષેત્ર છોડીને જતું રહેવું પડ્યું.

એ યુદ્ધ પછી કાલપી અંગ્રેજોના હાથમાં આવ્યું. રાવસાહેબ અને તેમના કેટલાક સાથીઓએ યુદ્ધ છોડી દઇને પલાયન કર-વાનો યત્ન કર્યો; પણ રાણીએ તેમને એમ કરતાં વારીને કહ્યું કે, “પલાયન કરી જવાથી તમારી આશા પૂર્ણ થશે નહિ. વળી આવી અરક્ષિત અવસ્થામાં યુદ્ધમાં વિજય મેળવવો, એ પણ અઘરૂં છે, માટે કોઇ કિલ્લાને પોતાના અધિકારમાં લઇને ત્યાં આગળ સૈન્ય એકઠું કરીને યુદ્ધ કરવું એ ઠીક છે.” પાસેજ સિંધિયાનાં ગ્વાલિ-યરનો કિલ્લો પર્વતના ઉપર મજબૂત રીતે બાંધેલો હતો. સિંધિ-યા અંગ્રેજોના પક્ષમાં હતો, એ વાત ખરી; પણ રાણીને ખાતરી હતી કે જો એ દુર્ગ ઉપર તેમનો અધિકાર થશે તો દુર્ગમાં રહેનારૂં સિંધિયાનું સૈન્ય પણ પોતાના પક્ષમાં સહેલાઈથી લાવી શકાશે. આવો દૃઢ કિલ્લો અને કિલ્લામાંનું સૈન્ય તથા હથિયારો હાથમાં આવ્યાથી તેમનું બળ પણ ઘણું વધી જશે અને દુશ્મનો સાથે વધારે સબળતાથી યુદ્ધ થઇ શકશે.

રાણીની આ સૂચના તાત્યા ટોપીએ મંજૂર કરી. સૈન્ય

લઇને બધા ગ્વાલિયરના રાજ્ય ભણી ચાલ્યા.

રાવસાહેબની વિરુદ્ધ યુદ્ધ કરવાની વાત સાંભળીને પોતાના સૈનિકો ઉશ્કેરાઇ જઇને બળવો કરશે, એવા ભયથી સિંધિયા સરકાર તથા તેમના ચતુર મંત્રી જાણે રાવસાહેબનો સત્કાર કરવા જતા હોય, તેવી રીતે સૈન્ય લઇને આગળ ચાલ્યા. રાવસાહેબ પણ નિશ્ચિંત થયા; પણ દૂરઅંદેશ રાણી તેમનો ગુપ્ત ઇરાદો સમજી ગઇ હતી, તેથી તેણે પોતાની સાથે બસો ત્રણસો સૈનિકો રાખ્યા હતા. સિંધિયાના ગોલંદાજોએ જ્યારે અચાનક રાવસાહેબના લશ્કર ઉપર ગોળીઓ ચલાવવા માંડી, ત્યારે રાણી પોતાનું સૈન્ય લઇને પ્રબળ વેગથી તેમની સામે થઈ. એ હુમલો ખમી ન શકાયાથી સિંધિયાના કેટલાક ગોલંદાજો બંદૂકો ફેંકીને ચાલ્યા ગયા. પેલી તરફ સિંધિયાના સૈનિકોને પોતાના રાજનું તરકટ જણાઈ જવાથી, રાવસાહેબના પક્ષમાં આવી ગયા. સિંધિયા પરાજિત થઇને મહામહેનતે પ્રાણ બચાવીને નાઠો. ગ્વાલિયર રાવસાહેબના કબજામાં આવ્યું.

ગ્વાલિયર ઉપર અધિકાર મેળવ્યા પછી રાવસાહેબે નાનાસાહેબને પેશ્વા તથા પોતાને પેશ્વાના તાબાના સૂબા તરીકે જાહેર કરીને આનંદોત્સવ કરવા માંડ્યા. રાણી લક્ષ્મીબાઇ આથી ઘણી નાખુશ થઈ. ઉત્સવ અને નાચરંગ છોડી દઇ લશ્કરને ગોઠવીને પાછા યુદ્ધને માટે તૈયારી કરવાને તેણે રાવસાહેબને ઘણો આગ્રહ કર્યો, પણ રાવસાહેબે રાણીનો ઉપદેશ માન્યો નહિ; એટલામાં સર હ્યુરોઝ અંગ્રેજ સૈન્યને લઇને ગ્વાલિયર તરફ આવ્યો. એ વખતે સૈન્ય એકઠું કરીને યુદ્ધને માટે તૈયાર થવાનો રાવસાહેબે તાત્યા ટોપીને હુકમ આપ્યો. પરંતુ પોતે યુદ્ધની તૈયારી કરવાને બદલે આળસુ થઈ બેસી રહ્યો.

રાવસાહેબના પક્ષનું સૈન્ય બહારથી કે અંદરથી અંગ્રેજોના સૈન્યની ગતિને રોકી શક્યું નહિ. અંગ્રેજ સૈન્યે ગ્વાલિયર ઉપર આક્રમણ કર્યું. રાણીને ગ્વાલિયરના પૂર્વ ભાગનું રક્ષણ કરવાનું સોંપ્યું હતું. પુરુષવેશે ઘોડેસવાર થઇને રાણીએ રાતદિવસ સૈન્ય ગોઠવવાનું તથા નગરરક્ષાનું કામ કર્યું.

૧૮ મી જૂનના દિવસે આખો દિવસ યુદ્ધ ચાલ્યું. રાણીએ ઘોડા ઉપર બેસી રહીને અપૂર્વ ઉત્સાહ, પરાક્રમ તથા રણકૌશલ્યપૂર્વક લશ્કરને દોર્યું, સૈન્યે પણ વીરતાથી સામનો કર્યો; છતાં

આ યુદ્ધમાં અંગ્રેજોનોજ જય થયો.

મુન્દ્રા અને કાશી નામની રાણીની બે સહચરીઓ પણ ઘોડેસવાર થઇને યુદ્ધમાં સામેલ થઈ હતી. એ બે સહચરીઓ તથા બીજા કેટલાક વિશ્વાસુ સિપાઇઓને લઇને રાણીએ યુદ્ધક્ષેત્રનો ત્યાગ કર્યો. કેટલાક અંગ્રેજ સવારો રાણીની પાછળ છૂટયા; પણ રાણીનો ઘોડો એમનાથી ઘણો આગળ ચાલતો હતો. સહસા કોઇનો રુદનધ્વનિ સાંભળીને રાણીએ પાછા ફરીને જોયું તો જણાયું કે તેની સખી મુન્દ્રા ઉપર એક અંગ્રેજ સવારે હુમલો કર્યો છે. રાણી ઘોડો દોડાવીને વીજળીવેગે તેની પાસે મદદે જઇ પહોંચી અને તલવારના એક ઘાથીજ સવારને ઠાર કરીને મુન્દ્રાને સાથે લઇ તે આગળ ચાલી.

દોડતાં દોડતાં રાણીએ જોયું કે સામે તેનો ઘોડો એક નાના નાળા આગળ અટકી ગયો હતો; કોઈ પણ પ્રકારે એ નાળું ઓળંગી શકયો નહિ. એટલામાં કેટલાક અંગ્રેજ સવાર ત્યાં આવી પહોંચ્યા. તેમની સાથે રાણીએ યુદ્ધ કર્યું; પણ એટલા બધા આદમીઓ સાથે એકલી કેટલી વાર સુધી યુદ્ધ કરી શકે? માથામાં તલવારનો ઘા તથા છાતીમાં સંગીનના ઘાથી મરણતોલ થઇને રાણી જમીન ઉપર પડી. સામે એક સંન્યાસીની કુટીર હતી. રાણીનો એક સેવક એને ત્યાં લઈ ગયો. સંન્યાસીએ જોયું કે ઘા ઘણા ઊંડા પડેલા છે અને કોઇ પણ ઉપાયે વીર રમણી લક્ષ્મીબાઇ બચી શકે તેમ નથી, એટલે તેણે રાણીના મોંમાં ગંગાજળ રેડયું. જોતજોતામાં રાણીનો અમર આત્મા નશ્વર દેહનો ત્યાગ કરીને અમર ધામમાં ચાલ્યો ગયો.

સિપાઇઓનો બળવો શાંત થઇ ગયો. દિલ્હીનો બાદશાહ બાદશાહી ગુમાવીને રંગુનમાં દેશનિકાલ થયો. તાત્યો પકડાઇ ગયો. તેને ફાંસી દેવામાં આવી. નાનાસાહેબનો પત્તો લાગ્યો નહિ. કુમારસિંહે યુદ્ધમાં પરાજિત થઈને નિરાશાના માર્યા આપઘાત કર્યો. કુમારસિંહની સાથે તેના શહેરની કેટલીક સ્ત્રીઓ પણ યુદ્ધમાં સામેલ થઈ હતી. છેવટની લડાઇમાં, તેમણે વિજયની કાંઇ આશા નહિ રહેવાથી તોપના મોં આગળ પોતાનાં શિર મૂકીને પ્રાણ સમર્પણ કર્યો.

લક્ષ્મીબાઇના પુત્રની બધી મિલકત અંગ્રેજોએ જપ્ત કરી. સરકાર તરફથી બસો રૂપિયાનું પેન્શન મેળવીને તે સાધારણ

માણસની પેઠે ઇંદોરમાં રહેવા લાગ્યો. દેશમાં પુન શાંતિ પ્રસરી.

એ વખત સુધી આપણું ભારતવર્ષ 'ઇસ્ટ ઇંડિયા કંપની'ના હાથમાં હતું. ૧૮૫૭ ના બળવા પછી મહારાણી વિકટોરિયાએ પોતાના હાથમાં ભારત સામ્રાજ્યનો વહીવટ લીધો અને જાહેરનામું કાઢીને આખા દેશમાં ઢંઢેરો પિટાવ્યો કે, "અંગ્રેજો અને દેશીઓમાં કાંઇ પણ ભેદભાવ રાખ્યા વગર અને જાતિધર્મનો ભેદ ગણ્યા વગર સમાનભાવે રાજ્ય કરીશું."

આત્મ-સન્માનની રક્ષા માટે યુવતી વીરરમણી લક્ષ્મીબાઇએ જે અસાધારણ આત્મત્યાગ કર્યો છે, તે ઉપદેશજનક છે. વળી તેનું અસામાન્ય વીરત્વ આપણને બધાને મુગ્ધ કરે છે. તેનું પરાક્રમ જોઇને સર હ્યુરોઝ જેવા સામા પક્ષના સરદારે પણ કહ્યું છે કે, "લક્ષ્મીબાઇ એક અબળા હોવા છતાં પણ, સામા પક્ષમાં સૌથી વધારે સાહસિક અને રણવિદ્યામાં કુશળ હતી." વીરપુરુષ સર હ્યુરોઝ વીરત્વની ખરી પરીક્ષા કરી શક્યો હતો, એમ કોણ નહિ કહે ? સર હ્યુરોઝે તેની પ્રશંસામાં લખ્યું હતું કેઃ-

"રાણીનું ઊંચું કુળ, પોતાના સૈનિકો અને હજુરિયાઓ ઉપરની અપાર દયા, ગમે તેવી વિપરીત દશામાં પણ ચળે નહિ એવું ધૈર્ય, એ બધા ગુણોને લીધે રાણી લક્ષ્મીબાઇ દુશ્મનોના લશ્કરને માટે પણ પ્રભાવશાળી અને ભયજનક થઈ પડી હતી."

"આ યુદ્ધમાં સૌથી વધારે મહત્ત્વનું મૃત્યુ ઝાંસીની રાણીનું હતું. એ સ્ત્રી હોવા છતાં પણ બળવાખોરોમાં અત્યંત વીર અને ઉત્તમ સૈનિક હતી."

આગ્રામાં મિ૦ માર્ટિન નામના એક ફ્રાંસનિવાસી ગૃહસ્થ રહેતા હતા. તેમને મરણ પામ્યે થોડાંકજ વર્ષ થયાં છે. તેમણે તા. ૨૦મી ઑગસ્ટ ઇ. સ. ૧૮૮૯ને દિને રાણી લક્ષ્મીબાઇના દત્તકપુત્ર દામોદરરાવ, જે એ વખતે સરકાર તરફથી બસો રૂપિયાનું માસિક પેન્શન મેળવીને ઇંદોરમાં રહેતાં હતાં, તેમને એક પત્ર લખ્યો હતો. એ પત્રમાં તેમણે જણાવ્યું હતું કે, "રાણી લક્ષ્મીબાઇ નિર્દોષ હતી; એટલુંજ નહિ પણ એણે અંગ્રેજોને ભોજન વગેરેની મદદ આપી હતી તથા માણસો પણ મદદે મોકલ્યાં હતાં."

મિ૦ માર્ટિનનો ઝાંસીના દરબાર સાથે કેટલોક વખત સુધી

સંબંધ રહ્યો હતો, એટલે એ ઝાંસીની રાણી સંબંધી હકીકત સારી પેઠે જાણતા હતા અને રાણીના અનુપમ ગુણોની સદા પ્રશંસા કર્યા કરતા હતા અને રાણીને વગર કારણે જે દુઃખ સહન કરવું પડ્યું હતું, તેનું વર્ણન કરતાં રોઇ જતા હતા. મિ૦ માર્ટિનના પત્રમાંનો રાણી લક્ષ્મીબાઇ સંબંધી ભાવાર્થ ઉતારીને અમે આ ચરિત્રને સમાપ્ત કરીશું:—

"તમારી ગરીબ માતા ઉપર જે ગેરવાજબી અને ઘાતકી વર્તણુંક ચલાવવામાં આવી હતી, તેની વાસ્તવિક ખબર કોઇને નથી; પણ હું તે જાણું છું. તે બિચારીએ ૧૮૫૭ ના બળવા વખતે ઝાંસીના યૂરોપિયન રહીશો તરફ કંઇ પણ અત્યાચાર ગુજાર્યો નથી; ઊલટું તેણે તો તેમને બે દિવસ સુધી ભોજનસામગ્રી પૂરી પાડી હતી અને ત્યાર પછી તે લોકો ગઢમાં ગયા હતા, કરિયા પાસે સો રક્ષકો મેળવીને અમારી મદદે મોકલ્યા હતા પણ ગઢમાં એક દિવસ રહ્યા પછી તેઓને સાંજના પાછા મોકલી દેવામાં આવ્યા હતા. રાણીએ મેજર સ્કીન અને કેપ્ટન ગોરડનને એકદમ નાસી જઇને દતિયાનો આશ્રય લેવાને સલાહ આપી હતી; પણ એ પણ તે લોકોએ માની નહોતી."





१०३–कलशूम जमानी बेगम

એ દિલ્હીના અંતિમ હતભાગી બાદશાહ બહાદુરશાહની પ્રિય પુત્રી હતી. રાજગાદી ઉપર બેઠા છતાં બહાદુરશાહના ભાગ્યમાં સંસારના સુખવૈભવ નહોતા લખાયા. અંતિમ કાળની તેની દુર્દશાનો વિચાર કરતાં ગમે તેવું કઠણ હૃદય પીગળ્યા વગર રહેતું નથી. એ બાદશાહ વિદ્યાનો રસિક હતો, વિદ્વાન હતો, ઇશ્વરભક્ત હતો. 'જફર' સંજ્ઞાથી ઉર્દૂ ભાષામાં એણે સરસ કવિતાઓ લખી છે.

કલશૂમ એજ બાદશાહની લાડકી કન્યા હતી. બાદશાહે તેને ઉચ્ચ શિક્ષણ આપ્યું હતું તથા તેના હૃદયમાં સદાચાર અને ઇશ્વરભક્તિના ભાવ ભર્યા હતા.

આ ચરિત્રમાં અમારે નથી એની વિદ્વત્તાનું વર્ણન કરવું કે નથી યુદ્ધક્ષેત્રમાંની કોઈ વીરતાની કથા ગાવી. કલશૂમ આપણાજ સમયની એક ખાનદાન રમણી હતી. કલશૂમના ઉપર આપત્તિના જે ડુંગર ધસી પડ્યા હતા, તેવા ભાગ્યેજ કોઇના ઉપર પડ્યા હશે. પરમાત્મા એવી વિપત્તિના દિન શત્રુને પણ ન દેખાડશો. સંકટમાં ધૈર્ય, સદાચાર અને ટેક જાળવવાં એ મહત્તાનાં લક્ષણો છે. મહાન કષ્ટ વેઠ્યા છતાં એ જીવનસંગ્રામમાં કલશૂમે પોતાના હૃદયની શાન્તિ કેવી રીતે જાળવી રાખી અને ધૈર્યનો પરિત્યાગ નહોતો કર્યો, તે તેની જીવનકથા તેનાજ શબ્દોમાં સાંભળ્યાથી વાચકોને વિદિત થશે.

બહાદુરશાહ બાદશાહ ઉપર અંગ્રેજ સરકારે ૧૮૫૭ ના બળવામાં સામેલ થવાનો બલકે બળવાખોરોને ઉશ્કેરવા અને મદદ કરવાનો આરોપ મૂક્યો હતો અને તેને ગાદી ઉપરથી પદભ્રષ્ટ કર્યો હતો; એટલુંજ નહિં પણ એના વંશજોને કેદ પકડીને તેમની ઘણી દુર્દશા કરી હતી. એ દુર્દશાનો વૃત્તાંત તેનીજ પ્રિય પુત્રીને મુખે સાંભળો:—

“જે સમયે મારા પિતાનું રાજ્ય સમાપ્ત થયું તથા સિંહાસન અને છત્ર લૂંટાવાનો સમય પાસે આવ્યો ત્યારે દિલ્હીના લાલ કિલ્લામાં સર્વત્ર શોક વ્યાપી ગયો હતો. પ્રત્યેક દ્વાર અને દીવાલમાંથી નિરાશા ટપકતી હતી. સફેદ આરસપહાણનાં મકાનો કાળાં દેખાતાં હતાં. ત્રણ ટંકથી કોઇએ ભોજન કર્યું નહોતું. મારા ખોળામાં પુત્રી જીન્નત ત્રણ વર્ષની બાળા હતી. દૂધને માટે એ ટળવળતી પણ ચિંતાને લીધે મારૂં તેમજ ધાવનું દૂધ સુકાઇ ગયું હતું. એવી નિરાશાની દશામાં હું બેઠી હતી. ત્યાં બાદશાહ સલામતનો ખાસ ખ્વાજાસરા અમને બોલાવવા આવ્યો. મધ્ય રાતનો સમય હતો. ચારે તરફ નિસ્તબ્ધતાનું સામ્રાજ્ય હતું. આજ્ઞા મળતાંજ અમે બાદશાહ સલામતની પાસે ગયા. બાદશાહ સલામત પ્રાર્થના કરવાના આસન ઉપર બેઠા હતા. માળા હાથમાં હતી. હું સામે પહોંચી અને ત્રણ વાર ઝૂકીને સલામ કરી. બાદશાહ સલામતે ઘણા પ્રેમથી મને પાસે બોલાવી અને કહ્યું: ‘કલશૂમ! તને હવે ઈશ્વરને સોંપું છું. ભાગ્યમાં લખાયું હશે તો ફરીથી મેળાપ થશે. તું તારા પતિને લઇને હમણાંજ ગમે ત્યાં ચાલી જા. હું પણ જાઉં છું. આ અંતિમ સમયે મારાં વહાલાં બાળકોને મારી આંખ આગળથી દૂર કરતાં જીવ નથી ચાલતો; પણ શું કરૂં? સાથે રાખવા જતાં તમારા ઉપર આપત્તિ આવવાનો ભય રહે છે. જુદાં રહેશો તો સંભવ છે કે ઇશ્વર કોઈ દિવસ સારો દહાડો દેખાડશે.’

“એટલું કહીને બાદશાહ સલામતે પોતાના પવિત્ર હાથ જે શોકને લીધે ધ્રૂજી રહ્યા હતા, તે પ્રાર્થનાને માટે ઊંચા કર્યા અને ઘણી વાર સુધી ઉચ્ચ સ્વરે પ્રાર્થના કરતા રહ્યા: ‘ભગવન્! આ અનાથ બાળકો તને સોંપું છું. મહેલોમાં રહેનારાં એ આજે જંગલોમાં જાય છે; સંસારમાં એમને મદદ આપનાર કોઇ નથી. તૈમુરના નામની લાજ રાખજે તથા આ નિરાધાર સ્ત્રીઓના માનનું રક્ષણ કરજે. ભગવન્! એટલુંજ નહિ, પણ ભારતવર્ષના હિંદુમુસલમાન મારાં સંતાન છે. આજકાલ એમના ઉપર આપત્તિ આવી રહી છે, મારા અપરાધોની ખાતર એમનું અપમાન ન કરીશ અને બધી આફતોથી એમને બચાવજે.’

“ત્યાર પછી મારા માથા ઉપર હાથ મૂકયો, જીન્નતને રમાડી અને મારા પતિને થોડાક હીરા આપીને બાદશાહ સલા-

મતની બેગમ નૂરમહાલને પણ સાથે મોકલી.”

પાછલી રાતે કલશૂમ પોતાના સ્વામી તથા બાદશાહના બનેવીને અને પોતાની સાવકી મા નૂરમહાલ તથા બાદશાહની વેવાણ હાફિઝાને સાથે લઇને કિલ્લામાંથી નીકળી પડી. આગળની આપવીતી નીચેના શબ્દોમાં એણે વર્ણવી છેઃ—

“આખરે અમે લાલ કિલ્લાથી સદાને માટે વિખૂટાં પડીને કુરાલી ગામમાં પહોંચ્યાં અને અમારા રથ હાંકનારાને ત્યાં જઈ ઊતર્યાં. બાજરાનો રોટલો અને છાશ ખાવા મળ્યા. ભૂખમાં એ પદાર્થો પકવાન્ન કરતાં પણ વધારે સ્વાદિષ્ટ લાગ્યાં. એક દિવસ અને રાત તો શાંતિમાં વ્યતીત થયાં, પણ બીજે દિવસે આસપાસથી જાટ અને ગુર્જર લોકો ચડી આવ્યા અને કુરાલી ગામને લૂંટવા લાગ્યા. એમની સાથે સેંકડો સ્ત્રીઓ પણ હતી, જે ચકલીઓની પેઠે અમને વળગી પડી. અમારાં બધાં ઘરેણાં અને કપડાં ઉતરાવી લીધાં.

“એ લૂંટ પછી અમારી પાસે એટલું પણ ન બચ્યું કે જેમાંથી એક વખતની રસોઇ થઇ શકે. હવે શું થશે એના વિચારમાં હું હતી. ઝીન્નતતરસની મારી રોઇ રહી હતી. સામેથી એક જમીનદાર નીકળ્યો. મેં લાચાર થઇને એને બૂમ પાડીઃ ‘ભાઇ! આ બચ્ચીને થોડું પાણી લાવી આપો.’ જમીનદાર તરત માટીના એક ઘડામાં પાણી લાવ્યો અને કહ્યુંઃ ‘આજથી તું મારી બહેન અને હું તારો ભાઇ.’ એ કુરાલીનો જમીનદાર ઘરનો સુખી માણસ હતો. એનું નામ બસતી હતું. એણે પોતાની બેલગાડી તૈયાર કરીને અમને બેસાડયાં અને પૂછ્યુંઃ ‘તમે કહો ત્યાં પહોંચાડી દઉં!’ અમે કહ્યુંઃ ‘મેરટ જિલ્લામાં અજાડા ગામમાં મીર ફૈજઅલી હકીમ રહે છે ત્યાં લઈ જાઓ.’ બસતી અમને અજાડા લઇ ગયો; પણ મીર ફૈજઅલીએ અમારી સાથે એવી વર્તણુંક ચલાવી કે જેનો પાર નહિ! એમને તો એ આંખની પણ શરમ ન નડી. કાને હાથ દઇ દીધા કે, ‘તમને રાખીને હું મારાં ઘરબાર હરાજ કરાવવા નથી માગતો.’

“એ સમય ઘણી નિરાશાનો હતો. પૃથ્વી કે આકાશમાં ક્યાંય ઊભા રહેવાનું ઠેકાણું નહોતું જણાતું. એક તો એ ભય હતો કે પાછળથી અંગ્રેજોની ફોજ ન આવતી હોય અને બીજો ભય એ હતો કે પાસે ફૂટી બદામ પણ નહોતી. પ્રત્યેક મનુષ્ય-

ની દૃષ્ટિ બદલાઈ ગઈ હતી. જે લોકો અમારી આંખોના ઇશારા ઉપર ચાલતા હતા અને જેઓ હરઘડી વાટ જોયા કરતા હતા કે, જે કાંઇ આજ્ઞા મળે તેનો તત્કાળ અમલ કરીને અમને પ્રસન્ન કરે; તેજ લોકો આજે અમારાં મુખ જોઇને ઘૃણા કરતા હતા. ધન્ય છે તે બસતી જમીનદારને, કે જેણે મોંએથી એક વાર મને બહેન કહી હતી અને એ સંબંધ છેલ્લે સુધી નિભાવ્યો તથા અમારો સાથ ન છોડયો, લાચાર થઇને અમે અજાડાથી હૈદ્રાબાદ તરફ ચાલ્યાં. સ્ત્રીઓ બસતીની ગાડીમાં બેઠી હતી અને પુરુષો પગે ચાલતા હતા. ત્રીજે દિવસે એક નદીને કિનારે પહોંચ્યાં. ત્યાં આગળ કોયલના નવાબનું લશ્કર પડયું હતું. એમને જ્યારે ખબર પડી કે અમે રાજવંશનાં છીએ ત્યારે અમારો ઘણોજ આદરસત્કાર કર્યો અને હાથી ઉપર બેસાડીને નદીપાર ઉતાર્યાં. અમે પાર ઊતરી રહ્યાં ન હતાં એટલામાં સામેથી અંગ્રેજ લશ્કર આવતું દેખાયું અને તેની સાથે નવાબના સૈન્યને યુદ્ધ થવા લાગ્યું.

“ મારા પતિ અને મીરઝા ઉંમર સુલતાને નવાબની ફોજમાં જોડાઇ જઇને યુદ્ધ કરવાની ઇચ્છા દર્શાવી; પણ રસાલદારે કહ્યું કે, ‘ આપ અહીંથી સ્ત્રીઓને લઇને જલદી ચાલ્યા જાઓ. અમે વખત જોઇને અમારૂં લાગ્યું ભોગવી લઈશું. ’ સામે ખેતરો હતાં, એમાં પાકેલી ફસલ તૈયાર ઊભી હતી. અમે એની અંદર સંતાઇ ગયાં; પણ એ ઘાતકીઓએ કોણ જાણે કયાંથી અમને જોઇ લીધાં કે અચાનકજ ગોળી ચલાવી. ગમે તેમ હોય, પણ એક ગોળી ખેતરમાં આવી, જેથી આગ સળગી ઊઠી અને બધું ખેતર સળગવા લાગ્યું. અમે લોકો ત્યાંથી નીકળીને નાઠાં; પણ હાય, કેવી આપત્તિ હતી ! અમને નાસતાં પણ નહોતું આવડતું; ઘાસમાં ફસાઇ પડતાં હતાં. માથાની ઓઢણીઓ ત્યાંજ પડી રહી. ઉઘાડે માથે, હોશકોશ ઊડી ગયેલી અવસ્થામાં અનેક કષ્ટો વેઠતાં અમે ખેતરની બહાર આવ્યાં. મારા અને નવાબ નૂરમહાલના પગ તો લોહીલોહાણ થઇ ગયા હતા. તરસની મારી જીભ બહાર નીકળી પડતી હતી. જીન્નત બેભાન અવસ્થામાં હતી. પુરુષો પોતાને સંભાળતા હતા; પણ અમારે માટે એ અઘરૂં હતું. નવાબ નૂરમહાલ તો ખેતરમાંથી બહાર નીકળતાંજ ચક્કર ખાઇને પડી ગઇ અને બેહોશ થઇ ગઇ. હું જીન્નતને

છાતીસરસી ચાંપીને પતિના મુખ તરફ જોઇ રહી હતી અને મનમાં કહેતી હતી કે, 'હે ઇશ્વર! અમે ક્યાં આવ્યાં? કોઈનો આશરો નથી. ભાગ્ય એવું બદલાયું કે, બાદશાહીમાંથી ફકીરી થઈ ગઇ; પણ ફકીરોને પણ શાંતિ તો હોય છે, અહીં તો એ પણ પ્રાપ્ત નથી.'

" લશ્કર લડતું લડતું દૂર ચાલ્યું ગયું. બસતી અમારે સારૂ નદીમાંથી પાણી લાવ્યો અને નૂરમહાલના મોં ઉપર છાંટયું."

* * *

ત્યાંથી નીકળ્યા પછી એ બધાંએ એક ગામમાં રજપૂત મુસલમાનના ઘરમાં આશ્રય લીધો. મશરૂ અને મખમલમાં શયન કરનારી એ રાજકન્યાને એ ઝૂંપડાની ખડકીમાં ઘાસની પથારીમાં સૂવા વારો આવ્યો. પાર વગરના ચાંચડ અને ડાંસ કરડતા હતા. એ બધું સહન કરીને, એક ગામથી બીજે ગામ પડાવ કરતાં તેઓ હૈદ્રાબાદ પહોંચ્યાં. રસ્તામાં જબલપુરમાં કલશૂમના પતિએ એક જડાઉ વીંટી, જે લૂંટમાંથી બચવા પામી હતી, તે વેચી અને તેની કિંમતમાંથી માર્ગનું ખર્ચ ચાલ્યું. હૈદ્રાબાદ પહોંચતાં ખરચી ખૂટી. કલશૂમના પતિ સારા લહિયા હતા. સુંદર અક્ષરોમાં એમણે ધર્મગ્રંથો લખીને વેચવા માંડયા અને એમાંથીજ એ રાજકુટુંબનું ગુજરાન ચાલવા લાગ્યું. ત્યાર પછી ખબર આવ્યા કે, દિલ્હીના રાજવંશીઓને શરણ આપનાર ઉપર અંગ્રેજ સરકાર ગુસ્સે થાય છે, માટે હવે જેને રાજવંશીઓની ખબર મળે તેણે એ લોકોને પકડાવવાનો પ્રયત્ન કરવો જોઇએ. આ વૃત્તાંત સાંભળતાંજ પતિવ્રતા કલશૂમના ચિત્તમાં ફાળ પડી. પોતાના સ્વામી બહાર જવાથી શત્રુઓના હાથમાં પડે, એ ભયથી એણે એમને બહાર જતાં રોકયા આથી ઘેર બેઠે ભૂખે મરવાનો સમય આવ્યો, ત્યારે લાચારીએ બાર રૂપિયાના મહિને એક નવાબના પુત્રને કુરાન ભણાવવાની નોકરી કરવા દીધી. છાનામાના એને ઘેર જતા અને ભણાવીને પાછા આવતા. એ નવાબનો સ્વભાવ ઘણો ખરાબ હતો અને એને હાથે કલશૂમના પતિને ઘણું અપમાન વેઠવું પડતું હતું.

હૈદ્રાબાદમાં દિલ્હીના બાદશાહના પીરના પુત્ર મિયાં નિઝામુદ્દીન સાથે તેમનો મેળાપ થયો. એ પીરના પિતા દિલ્હીના

બાદશાહ તેમજ હૈદ્રાબાદના નિઝામના ગુરુ હતા. એમનું બાદશાહના મહેલમાં ઘણું માન હતું. કિલ્લામાં એમને ગાદી ઉપર પધરાવવામાં આવતા અને બાદશાહની બેગમો પોતાને હાથે પંખો નાખતી હતી. આજ પીર સાહેબ દિલ્હીના બાદશાહની દુહિતાને ઘેર મળવા ગયા તો એમને સારૂ બિછાવવાને આખું ટાટ પણ નહોતું. વિદુષી કલશૂમને પાછલી વાતો યાદ આવી ગઈ અને મનમાં વિચારવા લાગીઃ "ઇશ્વરનો મહિમા અપાર અને અગમ્ય છે! શું હતું અને શું થઈ ગયું!" પીરસાહેબ એમનો વૃત્તાંત પૂછીને, લાગણી દર્શાવીને ચાલ્યા ગયા. એમની મારફતેજ બીજે દિવસે એ લોકોને મક્કા હજ કરવા સારૂ મોકલી આપવાનો પ્રબંધ થયો. હૈદ્રાબાદથી નીકળીને તેઓ મુંબઈ પહોંચ્યાં અને ત્યાંથી તેમણે પોતાના સાચા ગામડિયા મિત્ર બસતીને રસ્તાખર્ચ જોગું આપીને વિદાય કર્યો. આગળ પ્રવાસનું વર્ણન કલશૂમ નીચે પ્રમાણે કરે છેઃ—

"અમે આગબોટમાં બેઠાં. જે મુસાફરો સાંભળતાં કે અમે ભારતવર્ષના બાદશાહના પરિવારનાં છીએ, તેઓ અમને જોવાની ઉત્કંઠા પ્રકટ કરતાં. અમે બધાં ફકીરોનાં રંગેલાં વસ્ત્રોમાં હતાં. એક હિંદુ, જેની ઘણુંખરૂં એડનમાં દુકાન હતી તથા જે અમારા વૃત્તાંતથી અપરિચિત હતો, તેણે પૂછયુંઃ 'તમે લોકો કયા પંથના ફકીર છો?' એના એ પ્રશ્ને જખમી હૃદયને વધારે જખમી બનાવ્યું. મેં કહ્યુંઃ 'મજલૂમ–અન્યાય અને અત્યાચારથી પીડિત શાહ ગુરુના ચેલા છીએ. એજ અમારો બાપ અને એજ ગુરુ. પાપી લોકોએ એમનાં ઘરબાર છીનવી લીધાં અને અમને તેમનાથી અલગ કરીને જંગલોમાં કાઢી મૂક્યાં, હવે એ અમારી સૂરત જોવાને માટે તલસે છે અને અમે એમનાં દર્શન વગર બેચેન છીએ, એથી વધારે અમારી ફકીરી દશાનું શું વર્ણન કરીએ!' જ્યારે એણે અમારો ખરો વૃત્તાંત સાંભળ્યો ત્યારે એ રડવા લાગ્યો અને બોલ્યોઃ 'બહાદુરશાહ તો અમારા બધાના બાપ અને ગુરુ હતા. શું કરીએ રામજીની એજ ઇચ્છા હતી કે એ નિરપરાધ નાશ પામ્યા.'

"મક્કા પહોંચ્યાં તો ત્યાં અલ્લાહે ઊતરવાને માટે વિચિત્ર મુકામ તૈયાર કરી દીધો. અબ્દુલ કાદિર નામના મારા એક ગુલામને મેં સ્વતંત્ર કરી દઇને મક્કા મોકલી આપ્યો હતો.

અહીંયાં આવ્યા પછી એ પુષ્કળ ધન કમાયો હતો અને ઝમઝમનો દારોગો બની ગયો હતો. એને અમારા આવ્યાની ખબર પડી એટલે દોડતો આવ્યો અને પગે પડીને ખૂબ રોયો. એનું મકાન ઘણું સારૂં અને સગવડવાળું હતું. બધાં ત્યાંજ ઊતર્યાં.'

"થોડા દિવસો પછી તુર્કસ્તાનનો નવાબ જે મક્કામાં રહે છે, તેને અમારી ખબર પડી. એ પણ અમને મળવા આવ્યો. કોઇએ એને કહ્યું હતું કે, 'દિલ્હીના બાદશાહની પુત્રી આવી છે, જે કોઇ જાતની લાજ કાઢયા વગર વાત કરે છે.' સુલતાનના નવાબે અબ્દુલ કાદિર મારફત મળવાનો સંદેશો કહાવ્યો, તેનો મેં સ્વીકાર કર્યો. બીજે દિવસે એ અમારે ઘેર આવ્યો અને ઘણી માનમર્યાદાસહિત વાતચીત કરી. આખરે એણે કહ્યું કે, 'હું તમારા આવ્યાની ખબર સુલતાનને આપવા માગું છું.' મે ઘણી બેપરવાઇથી એનો જવાબ આપ્યો કે, 'હવે અમે મોટા સુલતાનના દરબારમાં આવી ગયાં છીએ. હવે અમને બીજા સુલતાનની પરવા નથી.' નવાબે અમારા ખર્ચ સારૂ પૂરતા ધનની ગોઠવણ કરી. અમે ત્યાં આગળ નવ વર્ષ રહ્યાં. એક વર્ષ નઝફ તથા કરબલ્લામાં વ્યતીત કર્યું. ઘણા દિવસે દિલ્હી યાદ આવતાં અમે વ્યાકુળ થઇ ગયાં અને ત્યાંથી નીકળીને દિલ્હી આવ્યાં.

"અહીંયાં અંગ્રેજ સરકારે બહુ દયા આણીને અમને માસિક દસ રૂપિયા પેન્શન બાંધી આપ્યું. પેન્શનના રૂપિયાની રકમ સાંભળીને પહેલાં તો મને હસવું આવ્યું (કદાચ વાચકને પણ આવશે) કે, મારા બાપનો આટલો મોટો દેશ લઇને બદલામાં દસ રૂપિયા આપે છે; પણ ફરીથી વિચાર કર્યો કે દેશ તો ઇશ્વરનો છે, કોઈના બાપનો નથી. એ જેને ચહાય છે તેને આપે છે, મરજીમાં આવે તેની પાસેથી છીનવી લે છે. મનુષ્યને અભિમાન કરવાનો કોઈ અધિકાર નથી."

વાચક! કલશૂમ બેગમનો વૃત્તાંત અહીંજ સમાપ્ત થાય છે. એની સુશીલતા, વિદ્વત્તા, ધૈર્ય અને સંતોષ આદિ ગુણોનો પરિચય તેની આ દુઃખજનક કહાણીમાંથીજ મળી આવશે, વધારે વિવેચનની જરૂર નથી.×

× 'મુગલોં કે અંતિમ દિન' નામક ગ્રંથ ઉપરથી.

૧૦૪–હરબાઈ

જયપુર રાજ્યની તંવરાટી નિઝામતમાં પાટણ નામનું એક ગામ છે. ત્યાં પંડિત હરિદત્ત નામનો એક ગૌડ બ્રાહ્મણ રહેતો હતો. હરબાઈ એ પંડિતની પત્ની હતી. પંડિત હરિદત્તની સાંસારિક સ્થિતિ સારી હતી. પાટણથી બેઅઢી ગાઉ ઉપર ઈમલોહા નામનું એક ગામ છે. એ ગામમાં હરિદત્તની કેટલીક માફીની જમીન હતી. ત્યાં આગળ એની યજમાની પણ હતી, તેથી દંપતી ઘણુંખરૂં ત્યાંજ રહેતાં હતાં.

હરબાઇની બાલ્યાવસ્થા તો અમાવાસ્યાની રાતની માફક અંધકારમાંજ નીકળી ગઇ. એક સાધારણ સ્ત્રીની પેઠે પિયેર, મોસાળ, સાસરૂં અને આડોશપાડોશના લોકો સિવાય બીજું કોઇ એનું નામ જાણતું નહોતું; પરંતુ જ્યારે એ વૃદ્ધાવસ્થામાં આવી પહોંચી, ગરદન નીચી ઝૂકી ગઇ અને શરીરની બધી ઇંદ્રિયોએ પોતપોતાનું કામ કરવું બંધ કરી દીધું, ત્યારે સંસાર-સાગરને પાર ઊતરીને જીવનયાત્રાના અંતિમ મુકામ ઉપર પહોંચતાં પહોંચતાં એણે એક એવું કામ કર્યું કે જેથી તેનું નામ પૂર્ણિમાના ચંદ્રની પેઠે ચારે તરફ ફેલાઇ ગયું.

હરિદત્તને બે પુત્ર હતા; પણ હરિદત્તની વૃદ્ધાવસ્થા હોવાથી જમીન અને યજમાનવૃત્તિનું કામ સંભાળવાને સારૂ હરબાઇને પણ ઘણી વાર ઇમલોહા ગામમાં રહેવું પડતું હતું. એક વખત ઇશ્વરનો એવો કોપ થયો કે, એ ઇમલોહા ગામમાં હતી એવામાં તેના પતિનું મૃત્યુ થઇ ગયું. પતિનો દેહાંત થયો એજ વખતે હરબાઇને એ સમાચારની પોતાની મેળેજ ખબર પડી ગઇ અને તે પણ એટલી જલદી કે જાણે કે કોઇ દેવ એના કાનમાં આવીને કહી ગયો હોયને! અથવા તો કેટલાક વિદ્વાનોના મત પ્રમાણે કહીએ તો તેના પતિનો પ્રાણજ પોતાના મૃત્યુની ખબર પ્રિય-

તમાને આપતો ગયો.

એજ સમયે તેણે પોતાના પતિના શિષ્ય ઉગ્રયાદોહલ્યા નામના બ્રાહ્મણને ઝાલરા કુંડનું પાણી અને ગાયનું છાણ લાવવાનું કહ્યું. આજ્ઞા મુજબ એ શિષ્ય કુંડમાં સ્નાન કરીને ઝાલરા કુંડનું પાણી તથા ગાયનું છાણ લઇ આવ્યો. ઝાલરા કુંડ ત્યાં આગળ એક તીર્થ ગણાય છે. હરબાઇએ તે પવિત્ર પાણીથી સ્નાન કર્યું તથા છાણથી ચોકો કરીને બેસી ગઇ અને થોડી વાર સુધી ચુપચાપ ઇશ્વરપ્રાર્થના અને સ્તુતિ કરવા લાગી. ત્યારબાદ ત્યાંથી ઊઠીને ઠાકુર વ્રજસિંહ આદિ બેચાર શિષ્યોને સાથે લઇને ચાલવા લાગી અને સવાર થતાં થતાંમાં પાટણ જઇ પહોંચી. ઘરમાં જઇને તેણે સૌભાગ્યસૂચક વસ્ત્ર અને આભૂષણ પહેર્યાં અને પતિના શબની સાથે જવાની તૈયારી કરી લીધી. તેનો નાનો પુત્ર દાન જે એ વખતે ૫૯ વર્ષનો હતો, તેણે માતાને સતી થતાં રોકી; પણ વૃદ્ધ હરબાઇએ તેનું કહ્યું માન્યું નહિ. આખરે તેણે હરબાઇને એક ઓરડીમાં બંધ કરી દીધી. કહેવાય છે કે, કોઇ દૈવસંયોગથી બારણાની બહારની સાંકળ તૂટી ગઇ અને કમાડ ઊઘડી ગયાં.

પતિના શબની સાથે એ સ્મશાનભૂમિમાં પહોંચી. જ્યારે ચિતા તૈયાર થઈ અને શબ ચિતા ઉપર મૂકવામાં આવ્યું, ત્યારે એ ચિતા ઉપર ચડવા લાગી. પુત્રે તેને આ વખતે પણ રોકી; પરંતુ એણે એનું કહ્યું માન્યું નહિ અને પતિના માથાને ખોળામાં લઇને ચિતામાં જઇને બેઠી.

હરબાઇના મોટા પુત્રનું નામ ભગવાન હતું. તેની વય ૬૨ વર્ષની હતી. બન્ને ભાઇમાંથી એકને પણ સંતાન ન હતું. હરબાઇ ચિતાના અગ્નિમાં પ્રવેશ કરવા લાગી તે વખતે લોકોએ હાથ જોડીને કહ્યું: “સતી મા ! તમે સ્વર્ગમાં સિધાવો છો, પણ અમને જતી વખતે કાંઇ આજ્ઞા કરતાં જાઓ. જુઓ ! આપનો વંશવેલો નાબૂદ થતો જાય છે, પછી અમારો ગોર કોણ બનશે ? માટે એનો કાંઇ ઉપાય બતાવતાં જાઓ.”

હરબાઇએ ઉત્તર આપ્યો: “ ઠીક, તમે પૂછો છો તો સાંભળો. નાનો છોકરો તો નાલાયક છે. તેણે મારૂં અપમાન કર્યું છે તેથી એનો વંશ રહેશે નહિ અને એને કોઢ થશે; પરંતુ કિશોરપુરના લક્ષ્મણ નારાયણ નામના બ્રાહ્મણને એક સોળ વર્ષની કન્યા છે. તેની સાથે ભગવાન લગ્ન કરશે તો તેને સંતાન થશે અને કુટુંબ-

નું નામ કાયમ રહેશે."

અસ્તુ! ચિતામાં અગ્નિસંસ્કાર થઇ ગયો. અગ્નિ પોતાની લાંબી લાંબી જ્વાળાઓથી હરબાઇના પવિત્ર દેહનું ભક્ષણ કરવા લાગ્યો. જોતજોતામાં હરબાઇ બળીને પતિલોકમાં પહોંચી. તેના સ્મારકમાં તેના પુત્રોએ એક પાકી સમાધિ બનાવીને તેના ઉપર એક છત્રી બનાવી. આજ દિન સુધી એ છત્રી ત્યાં આગળ છે અને જોનારાઓને સતી હરબાઇનું સ્મરણ કરાવે છે.

આ બનાવને ૧૫૦ વર્ષથી પણ અધિક સમય થઇ ગયો છે, પરંતુ આજ પણ એ ગામના વસનારાઓ એ વાતને ભૂલી ગયા નથી. કહેવાય છે કે નાના પુત્રને સતીના શાપ અનુસાર કોઢનો રોગ લાગુ પડચો અને એ રોગથીજ તેનું મૃત્યુ થયું. બીજા પુત્ર ભગવાને હરબાઇએ સૂચવેલી કન્યા સાથે લગ્ન કર્યું. તેનાથી તેને પુત્ર થયો અને તેના વંશજો હજુ હયાત છે. લોકોનું એવું માનવું છે કે, ૬૨ વર્ષની પાકી વયે સંતાન થવું સહજ નહિ હોવા છતાં ભગવાનને પુત્ર થયો, એ સતી હરબાઇના આશીર્વાદનોજ પ્રતાપ છે. એ ગામના લોકો હજુ સુધી હરબાઈના નામને પવિત્ર ગણે છે. મરતે મરતે સતી હરબાઇએ કેટલીક વસ્તુઓનો ઉપયોગ કરવાનો પોતાના વંશજોને નિષેધ કર્યો હતો. તે આજ્ઞાને અનુસરીને તેના વંશની સ્ત્રીઓ કસૂંબો, પગમાં પહેરવાનાં 'બિછિયા' નામના અલંકાર, દાંતોમાં સોનાની મેખ તથા ઘરના પૈસા ખરચીને આણેલા સિંદૂરનો ચાંલ્લો, એટલી વસ્તુઓનો ઉપયોગ હજુ પણ કરતી નથી.



૧૦૫–બૈજાબાઈ

એ મરાઠા સરદાર દીવાન શ્રીજીરાવ ઘાટકેની પુત્રી હતી. મિ. માલ્કમે કૃષ્ણાકુમારીના ભાઇને જોઇને જેવી રીતે તેના રૂપ તથા યૌવન વિષે અનુમાન કર્યું હતું, તેવી રીતે બૈજાબાઇના ભાઇ હિંદુરાવની છબી દિલ્હીના 'મ્યુઝિયમ' (સંગ્રહસ્થાન)માં જોઇને આપણે પણ તેના રૂપયૌવન આદિનો વિચાર બાંધી શકીએ છીએ. હિંદુરાવ જો કે અત્યંત રૂપાળો નહોતો, તોપણ તેના શરીરનો બાંધો સુંદર તથા જોવા લાયક હતો. એનો રંગ જરા શ્યામળો હતો; પરંતુ તેનાં નેત્ર ઘણાં તેજસ્વી દેખાતાં હતાં.

બાળપણમાંજ બૈજાબાઇનો વિવાહ દૌલતરાવ સિંધિયાની સાથે થઇ ગયો હતો. તેના વિવાહ વખતે એટલી ધામધૂમ થઈ હતી કે, પહેલાં કોઇ રાજાનાં લગ્ન એટલી ધામધૂમથી થયાં નહોતાં. એમ કહેવાય છે કે, તેના વિવાહના ખર્ચથી ખજાનો એટલો ખૂટી ગયો હતો કે સૈનિકોનો પગાર ચૂકવવામાં પણ મૂશ્કેલી નડી હતી. બૈજાબાઇ ઘણીજ ઉદારચિત્તની વીર સ્ત્રી હતી. સિંધિયા સરકાર તેનું એટલું બધું માન રાખતા હતા કે તેને પૂછ્યા વગર કોઇ પણ કામ કરતા નહોતા. ઈ. સ. ૧૮૨૮ માં મહારાજાનો સ્વર્ગવાસ થયો. તેમને કાંઇ સંતાન નહોતું તથા તેમણે પોતાની જિંદગીમાં કોઇ બાળકને દત્તક પણ લીધો નહોતો; એટલે પતિના મૃત્યુ પછી બૈજાબાઇ પોતે ગાદી ઉપર બેઠી. એની એવી ઇચ્છા હતી કે પોતાના પિતાના વંશમાંથી કોઇ બાળકને ખોળે લેવો; પણ કેટલાક સંયોગોને લીધે તેની એ ઇચ્છા પૂર્ણ ન થઇ શકી.

આખરે એણે પોતાની મરજી વિરુદ્ધ પતિના વંશમાંથી મુગટરાવ નામક એક બાળકને ખોળે લીધો. એ વખતે એની ઉંમર ફક્ત અગિયાર વર્ષની હતી. જ્યાંસુધી એ રાજકાજ સંભાળવાને યોગ્ય ન થયો, ત્યાંસુધી બૈજાબાઇએ ઘણીજ કુશળતાપૂર્વક

રાજ્યનો વહીવટ ચલાવ્યો; પરંતુ મુગટરાવ પુખ્ત ઉંમરનો થયો ત્યારે એણે ગાદી માગી. બૈજાબાઇએ એ રાજ્યનો સ્વતંત્રપણે ઉપભોગ કર્યો હતો, એટલે તેણે મુગટરાવને ગાદી આપવાને આનાકાની કરી. મુગટરાવ મહેલમાંથી નીકળીને રેસિડેન્ટની પાસે પહોંચ્યો. ધીમે ધીમે બંનેનાં મન ઘણાં ઊંચાં થતાં ગયાં અને બૈજાબાઇ તથા મુગટરાવ યુદ્ધ કરવાને તૈયાર થયાં; પરંતુ સરકારે વચમાં પડીને બંનેનો ફેંસલો કર્યો કે, "મુગટરાવ રાજગાદીનો માલિક છે અને બાઇ બૈજાબાઇ તેની સગીર ઉંમરસુધી વહીવટ કરવાને માટે નીમવામાં આવી હતી; પણ હવે મુગટરાવ ઉંમરલાયક છે એટલે તેને તેની ગાદી આપી દેવી જોઇએ." એ પ્રમાણે મુગટરાવ સિંધિયા, ઇ૦ સ૦ ૧૮૩૩ માં 'આલિજાણ'ની ઉપાધિ ધારણ કરીને ગ્વાલિયરની ગાદીએ બેઠો.

થોડા દિવસ પછી પોતાની ધનદોલત તથા નોકરચાકર લઇને બૈજાબાઇ ગ્વાલિયરથી આગ્રા જઇ વસી; પણ આગ્રા ગ્વાલિયરની પાસે હતું એટલે મુગટરાવને સદા ભય રહેતો હતો કે, એ રખે લશ્કરનાં માણસોને ઉશ્કેરીને બળવો મચાવે. સરકારે તેના દરજ્જાને લાયક પેન્શન બાંધી આપીને તેને ફરૂકાબાદમાં જઇ રહેવાનો હુકમ આપ્યો. થોડા વખત પછી ગ્વાલિયરના રાજાએ એ શરત ઉપર તેને પોતાના રાજ્યની આવકમાંથી અમુક રકમ આપવાનું કબૂલ કર્યું કે બૈજાબાઇએ દક્ષિણમાં પોતાની જાગીરમાં જઇ વસવું. ઇ. સ. ૧૮૫૭ ના બળવામાં બાઇએ ઉપદ્રવી મનુષ્યોથી સિંધિયા કુટુંબનું રક્ષણ કર્યું અને અંતમાં પોતાનો પ્રાણ બચાવીને ક્ષીપ્રા નદીને કિનારે ગઇ. ત્યાંજ થોડા દિવસ પછી તેનો પરલોકવાસ થયો.

મિ. ફૈનીપાર્કની સ્ત્રી કે જે બૈજાબાઇને મળવા ગઇ હતી, તેણે પોતાની મુસાફરીના વૃત્તાંતમાં લખ્યું છે કે, "જે વખતે હું બૈજાબાઇને મળવા ગઇ, તે વખતે એ જરીકામથી ભરેલી એક ગાદી ઉપર બેઠી હતી. તેની એક તરફ તેની પૌત્રી ગજરાજ પણ બેઠી હતી અને બન્ને તરફ દાસીઓ ઘણા આદરપૂર્વક ઊભી રહી હતી. ગાદી ઉપર રાણીની સામેજ સિંધિયાની તલવાર મૂકેલી હતી; તેથી તેનું દૃશ્ય ઘણુંજ રમણીય થઇ રહ્યું હતું. બૈજાબાઇના માથાના વાળ સફેદ થઇ ગયા હતા; પણ તેનું મંદ હાસ્ય ઘણુંજ પ્રિયકર હતું. નિઃસંદેહ એ યુવાવસ્થામાં ઘણી મોહક સ્ત્રી હશે.

તેના નાના નાના હાથપગ સુડોળ તથા કોમળ હતા અને વાણી અત્યંત મધુર હતી. એણે રંગીન રેશમી વસ્ત્ર પહેર્યાં હતાં અને હાથમાં સોનાની એક એક ચૂડી હતી. બીજા કોઇ અલંકાર એ પહેરતી નહોતી. વિધવા હોવાથી એ શારીરિક કષ્ટ, જપતપાદિ કર્યાં કરતી હતી અને તેને લીધેજ એ દુર્બળ દેખાતી હતી; પરંતુ તેના મુખની કાંતિ ઘણી દેદિપ્યમાન હતી. તેની ચાલ તથા લક્ષણ ઘણાંજ પ્રશંસનીય હતાં. મોટા રાજકુળની સ્ત્રીઓમાં એવાં લક્ષણ ઘણાંજ થોડાં જોવામાં આવે છે. તેની પૌત્રી ગજરાજ પણ અત્યંત રૂપવતી બાલિકા હતી. તેનાં નેત્ર ઘણાં ચળકતાં તથા શરીરનું લાવણ્ય ઘણુંજ મનોહર હતું. મરાઠી સ્ત્રીઓ કેવળ એજ જાતનાં વસ્ત્ર પહેરે છે. એક તો વીસ હાથની લાંબી સાડી હોય છે. તેને એ પગથી માથા સુધી કમરમાં લપેટીને પહેરે છે, જે અત્યંત સુંદર લાગે છે. તે સિવાય હાથની કોણી સુધીની ચોળી પહેરે છે. ગજરાજે કાળા રંગની સાડી પહેરી હતી અને માથાના વાળને અદ્‌ભુત રીતે અંબોડો વાળ્યો હતો. કટારના આકારનાં, ચંદ્રમાના આકારનાં તથા ફૂલના આકારનાં સુવર્ણાભૂષણ વાળમાં ખોસેલાં હતાં તથા કાનમાં હીરાનાં લોલક પહેર્યાં હતાં. આંખોમાં અંજન આંજ્યું હતું તથા હાથે મેંદી લગાડી હતી, જેને લીધે એ અત્યંત સુંદર દેખાતી હતી. એ ગળાથી કમર સુધી હીરા તથા મોતીનાં આભૂષણોથી ભરેલી હતી. તેના નાકમાં નાની શી નથ ઝૂકી રહી હતી, જેનાં મોતી તેના લાલ હોઠો ઉપર પડીને ઘણી શોભા આપતાં હતાં. હાથમાં તેણે અનેક રત્નજડિત કંકણ તથા પગમાં સોનાનાં સાંકળાં પહેર્યાં હતાં. એ ઘણુંજ થોડું બોલતી હતી. મેળાપ સમયે એ મારી સાથે ઘણું થોડું બોલી. તેની ચાલ ઘણીજ ગંભીર હતી અને સ્વભાવ ઘણો શાંત જણાતો હતો. મારી સાથે આવેલી એક મડમે તેના હાથમાં ફૂલનો ગોટો આપ્યો. તે તેણે ઘણી પ્રસન્નતાપૂર્વક લીધો. તેને જોવાથી જણાતું હતું કે, મરાઠા સ્ત્રીઓ ઘણી શૂરી હોય છે. મહારાણી બૈજાબાઇની ચારે તરફ સોનેરી સાડીઓ પહેરીને તેની દાસીઓ ઊભી હતી. તેમણે કિંમતી શાલો ઓઢી હતી. એ જ્યારે બૈજાબાઇની પાછળ ચાલતી ત્યારે દેખાવ ઘણોજ સુંદર લાગતો હતો.”

૧૦૬–પ્રતાપકુંવરબાઈ

એ જોધપુર રાજ્યમાં જાખણુ નામના ભાટી ઠાકુર ગોયંદ-દાસજીની પુત્રી અને મારવાડનરેશ મહારાજા માન-સિંહજીની રાણી હતી.

ચંદ્રવંશના યદુકુળ ક્ષત્રિયોની અનેક શાખાઓમાં ભાટી એક પ્રબળ અને પ્રસિદ્ધ શાખા છે અને તેમની એક શાખા ‘ રાવલોત ’ના નામથી ઓળખાય છે. પ્રતાપકુંવરના પિતા ગોયંદ-દાસજી રાવલોત ભાટી હતા.

રાવલોત ભાટી બનતાં સુધી પોતાની દીકરીઓનો વિવાહ ગઢપતિ અર્થાત્ રાજામહારાજા સાથે કરે છે; જેના બદલામાં એમને રાજાઓ તરફથી જાગીર મળે છે. ભાટીઓની કન્યાઓ જે સાધારણ રીતે ભટિયાણી નામથી ઓળખાય છે, તે દેખાવમાં ઘણી સુંદર અને સુઘડ હોય છે, તેથી રાજાઓ પણ તેમની સાથે લગ્ન કરવું ઘણું પસંદ કરે છે.

મહારાજા માનસિંહની તેર રાણીઓમાંથી પાંચ અને જય-પુરના મહારાજા જગતસિંહની તેર રાણીઓમાંથી સાત રાણીઓ ભટિયાણી હતી.

મહારાજા માનસિંહની પાંચ ભટિયાણીઓમાંથી ત્રીજી પ્રતાપ-કુંવર હતી, તેથી મહારાજા સાહેબ એને ત્રીજાં ભટિયાણીજી કહેતા હતા. મહારાજા તખ્તસિંહજીના સમયમાં એ માજી ભટિ-યાણીજી અને મહારાજા શ્રીજસવંતસિંહજીના સમયમાં દાદીજી શ્રી. ત્રીજાં ભટિયાણીજી કહેવાતાં હતાં.

ગોયંદદાસજીએ પ્રતાપકુંવરનું લગ્ન કરવા માટે મહારાજા માનસિંહ પાસે માગું મોકલ્યું અને અષાઢ સુદિ ૯, સંવત ૧૮૮૯ ને દિને કિલ્લા ઉપર વાડીના મહેલમાં ઘણા હર્ષપૂર્વક તેમનું લગ્ન થઈ ગયું; પરંતુ તેમને પેટે મહારાજાને કોઇ સંતાન જન્મ્યું નહિ, તેમજ બીજી રાણીઓને પેટે પણ કોઇ સંતાન ન-

હોતું; તેથી કરીને સંવત ૧૯૦૦માં મહારાજા માનસિંહનો સ્વર્ગવાસ થયો, ત્યારે બધા સરદારોની અનુમતિથી અહમદનગરના મહારાજા શ્રીતખ્તસિંહજી તેમના ઉત્તરાધિકારી થયા. રાણી પ્રતાપકુંવર ઉપર મહારાજા તખ્તસિંહ સગી માના જેવો સ્નેહ રાખતા, આથી પ્રતાપકુંવરનું ચિત્ત પતિવિયોગથી ચિંતાતુર રહેતું હતું, તે કાંઇક શાંત થયું. મહારાજાએ પોતાના ચોથા પુત્રને જન્મતાંવારજ તેમના ખોળામાં સમર્પણ કર્યો હતો અને તેમના નામ ઉપરથી કુંવરનું નામ પણ પ્રતાપસિંહ પાડ્યું હતું. રાણી પ્રતાપકુંવરે એ બાળકનું પુત્ર સમાન લાડથી લાલનપાલન કર્યું હતું અને મોટો થયા પછી પોતાના ભાઇ લછમનસિંહની બે કન્યા સાથે તેનું લગ્ન કરી દીધું હતું.

પ્રતાપકુંવરને રાજ્ય તરફથી સારી ઊપજવાળાં કેટલાંક ગામ મળ્યાં હતાં, તેમાંથી એ પોતાનું ખર્ચ ચલાવતા અને ધર્મપુણ્ય પણ કરતા હતા. પુણ્યકાર્યોથી એમની કીર્તિ વિશેષ પ્રસરી હતી.

સંવત ૧૯૨૯ માં મહારાજા તખ્તસિંહના મૃત્યુથી એમને પેટના દીકરાના મૃત્યુ જેટલો ખેદ થયો; પણ તેમના ઉત્તરાધિકારી રાજા જસવંતસિંહજીએ ધીરજ આપવાથી તથા આજ્ઞામાં રહેવાનું વચન આપ્યાથી, તેમનું ચિત્ત કાંઇક શાંત થયું. રાણી પ્રતાપકુંવરે જ્ઞાનચક્ષુદ્વારા સંસારને અનિત્ય ગણીને ભગવાનના ચરણોમાં મનને પરોવ્યું.

સંવત ૧૯૪૩ માં માઘ વદિ બારસને દિને, પ્રાતઃકાળે ૭૦ વર્ષની વયે તેમનું મૃત્યુ થયું. મરતી વખતે પણ તેમણે ઘણું પુણ્યદાન કર્યું હતું.

પ્રતાપકુંવરજી હિંદી ભાષામાં પ્રથમથીજ નિપુણ હતાં; પણ મહારાજા માનસિંહના સ્વર્ગગમનથી તથા પોતાના બે ભાઇઓના અકાળ મૃત્યુથી તેમનું ચિત્ત ઘણું શોકગ્રસ્ત થઈ ગયું, ત્યારે પોતાના ગુરુભાઇના ઉપદેશથી ભગવદ્ભજનમાં ચિત્ત પરોવ્યું અને કવિતા રચવાનો અભ્યાસ કર્યો. એમણે કવિતામાં કેટલાક ગ્રંથ પણ રચ્યા છે. એમની કવિતાનો મોટો સંગ્રહ મહારાણી રત્નકુંવરીજીની પાસે છે. એ સંગ્રહમાં નીચે મુજબ ગ્રંથો છેઃ–
(૧) જ્ઞાનસાગર, (૨) જ્ઞાનપ્રકાશ, (૩) પ્રતાપ પચ્ચીસી, (૪) પ્રેમસાગર, (૫) રામચંદ્રમહિમા, (૬) રામગુણસાગર, (૭) રઘુવરસ્નેહલીલા, (૮) રામપ્રેમ સુખસાગર, (૯) રામસુજસ પચ્ચીસી, (૧૦) પત્રિકા

સંવત ૧૯૨૩, ચૈત્ર વદિ ૧૧ કી, (૧૧) રઘુનાથજી કે કવિત અને (૧૨) ભજનપદ હરજસ.

અમે એમનાં રચેલાં થોડાંક પદ અત્રે ઉતારીને આ લેખ સમાપ્ત કરીશું.

કવિત સવૈયા

આસ તો કાહૂકો નાહિં મિટી, જગમેં ભયે રાવણુસે બડ જોધા;
સાવંતસૂર સયોધનસે, બલસે, નલસે, રતબાદબિરોધા.
કેતે ભએ નહીં જાય બખાનત, જુઝમુએ સબહિકર ક્રોધા;
આસ મિટે પરતાપ કહેં, હરિનામ જપેરૂ બિચારત બોધા.
ધર ધ્યાન રટો રઘુવીર સદા, ધનુ-ધારિકો ધ્યાન હિયે ધર રે;
પરપીર મેં જાયકે બેગ પરો, કરતે સુત્ત સુકૃતકો કર રે.
તર રે ભવસાગર કો ભજીકે, લજીકે અઘ ઓગુણતે ડર રે;
પરતાપકેંવાર કહે પદ પંકજ, પાવ ધરી મત વિસર રે.

હોરી

હોરી ખેલનકી ઋત ભારી,
નરતન પાય ભજન કર હરિકો, ઔસોસર દિનચારી,
અરે અબ ચેત અનારી. (ટેક)
જ્ઞાન ગુલાબ અબીર પ્રેમ કરી, પ્રીતતણી પિચકારી;
સાસ ઉસાસ રામરંગ ભર ભર, સુરત સરીસી નારી,
ખેલ ઇન સંગ રચારી. (૧)
સુલટો ખેલ સકલ જગ ખેલે, ઉલટો ખેલે ખિલારી;
સતગુર સીખ ધાર સિર ઉપર, સત સંગત ચલ જા રી,
ભરમ સબ દૂર ગુમા રી. (૨)
ધ્રુપ્રલ્હાદ, બભીખન ખેલે, મીરાં કરમા નારી;
કહે પ્રતાપકુંવર ઇમ ખેલે, હો નહિ આવ હારી,
સખિ સુન લીજે હમારી. (૩)

હોરી

હોરિયા રંગ ખેલન આવો, એડા પિંગલા સુખમણિ નારી;
તા સંગ ખેલ ખિલાવો, સુરત પિચકારી ચલાવો;
કાચો રંગ જગતકો છાંડો, સાચો રંગ લગાવો;
બાહર ભૂલ કબૂ મત જાવો, કાયા નગર વસાઓ;
તબે નિરભૈ પદ પાવો. (૧)

પાંચો ઉલટ ઘેર ઘટ ભીતર, અનહદ નાદ બજાવો;
સબ બકવાદ દૂર તજ દીજે, જ્ઞાનગીત નિત ગાવો,
પ્રિયાકે મન તબહી ભાવો. (૨)
તીનોં તાપ તીન ગુન ત્યાગો, સાંસો સોક સમાવો;
કહે પરતાપકુંવર હિત ચિતસેં, ફેર જનમ નહિ પાવો;
જોતમેં જોત મિલાવો. (૩)

ઉપરની કવિતાઓમાં એમની ભગવદ્ભક્તિ તથા આર્યશાસ્ત્રનું ઊંડું જ્ઞાન સ્પષ્ટ જણાઈ આવે છે.

૧૦૭–બુંદીની પરોપકારી રાણી

ઇ.સ. ૧૮૫૭ ના વર્ષમાં જેવી રીતે હિંદુસ્તાનની કેટલીક રાણીઓએ બળવાખોર સિપાઇઓની સાથે મળી જઇને અંગ્રેજ સરકારની વિરુદ્ધ શસ્ત્ર ધારણ કર્યાં હતાં, તેવીજ રીતે હિંદુસ્તાનની કેટલીક સન્નારીઓએ પોતાના જાનને જોખમમાં નાખીને પણ, અંગ્રેજ અબળાઓ તથા બાળકોનું સંરક્ષણ કર્યું હતું. એવી આત્મોત્સર્ગ કરનારી સન્નારીઓમાં બુંદીની રાણી અગ્રગણ્ય પદ ભોગવે છે.

૧૮૫૭ ના બળવામાં બુંદીનો રાજા સિપાઇઓની સાથે મળી જઇને યુદ્ધમાં પ્રવૃત્ત થયો હતો. યુરોપિયન અમલદારોની ઉપરાઉપરી કતલ થઇ રહી હતી. જે સુકોમળ યુરોપીય મહિલાઓ અને ફૂલ જેવાં બાળકો અપૂર્વ સુખ અને વિલાસમાં ઊછર્યાં હતાં, તે આજે પ્રાણ બચાવવા માટે કોઈ આશ્રયસ્થાન નહિ મળ્યાથી ભૂખ્યાંતરસ્યાં, ઉઘાડાંપુગાડાં દિવસની પ્રચંડ ગરમી અને રાત્રિની ઠંડીમાં પાસેનાં જંગલોમાં ઓઢ્યાપાથર્યા વગર પડ્યાં રહેતાં હતાં. યુરોપિયન સન્નારીઓ તથા બાળકોની દુર્દશાના આ સમાચાર બુંદીની રાણીના કાને પહોંચ્યા. તે દુઃખદાયક સમાચારથી તેનું કોમળ હૃદય ઘણું પીગળી ગયું. તેણે સ્વામીને ખબર ન પડે એવી રીતે, પોતાના વિશ્વાસુ નોકરો મારફતે યુરોપિયનોનાં બૈરાંછોકરાંઓ માટે ખાવાપીવાનો બંદોબસ્ત કરી આપ્યો તથા તેમને પહેરવા માટે વસ્ત્ર અને ઓઢવાપાથરવા માટે

ગોદડાં વગેરે મોકલી આપ્યાં. બુંદીનો રાજા એ સમયે યુદ્ધક્ષેત્રમાં ગયેલો હોવાથી શત્રુપક્ષ તરફ પોતાની રાણીએ બતાવેલી દયાનો વૃત્તાંત તેના જાણ્યામાં આવ્યો નહિ. બુંદીની રાણીની સહાયતાથી નિરાશ્રિત અંગ્રેજ મહિલાઓ પોતાનાં બાળકો સાથે સહીસલામત દિલ્હીની છાવણીમાં પહોંચી ગઇ. રાણીએ તેમને યોગ્ય સમયે મદદ ન આપી હોત, તો તેમનામાંની ઘણી સ્ત્રીઓના તથા નિર્દોષ કોમળ બાળકોના પ્રાણ નષ્ટ થાત. રાણી સારી પેઠે સમજતી હતી કે, અંગ્રેજો પ્રત્યે એટલી સહાનુભૂતિ દર્શાવવા માટે, પતિ એનો પોતાનો પ્રાણ લીધા વગર છોડશે નહિ; પણ એટલું જાણવા છતાં, તે પોતાના હૃદયમાં વ્યાપી રહેલ પરોપકારવ્રતથી ચલિત થઇ નહિ. પરોપકારી રાણીએ ગમે તેટલું જોખમ વેઠીને પણ પોતાનું ગૌરવ સાચવ્યું.

બુંદીરાજના યુદ્ધમાંથી પાછા આવ્યા પછી, રાણી થોડા સમયમાં મરી ગઇ અને ત્યાર પછી થોડા સમયે સર હ્યુરોઝની સાથેના યુદ્ધમાં રાજા પણ મરણ પામ્યો. રાણીનું ઓચિંતુ મૃત્યુ શાથી થયું, તે જાણવામાં આવ્યું નથી. કેટલાક માને છે કે, નિઃસહાય યુરોપિયન રમણીઓને મદદ કરવાના અપરાધમાં રાજાએ તેનો વધ કરાવ્યો હતો, પણ એ વાત પ્રમાણિક નથી.



१०८–राणी चन्दा (महाराणी झींदन)

રાણી ઝીંદનનું ચરિત્ર આલેખતાં પહેલાં શીખજાતિની સ્વતંત્રતા સંબંધી બેએક બોલ વાચકોને કહીશું. ઇ૦ સ૦ ના અઢારમા સૈકાથી મોગલ શહેનશાહતની અધોગતિનો સૂત્રપાત થયો. એક પછી એક બાદશાહો દિલ્હીના સિંહાસન પર બેસવા અને ઊતરવા લાગ્યા. સૂબાઓ શહેનશાહની આજ્ઞાની જરા પણ પરવા કર્યા વગર પોતપોતાના તાબાના મુલક ઉપર સ્વચ્છંદે રાજ્ય ચલાવવા લાગ્યા. પરાક્રમી નાદીરશાહની ચડાઇને લીધે મોગલ બાદશાહોનું પ્રિયનગર, દીવાને ખાસ અને દીવાને આમની સભાઓની લીલાભૂમિ સુશોભિત દિલ્હી શહેરે મહાસ્મશાનનો આકાર ધારણ કર્યો. ત્યાર પછી અહમદશાહ દુરાની નામના સાહસિક પઠાણે દિલ્હી ઉપર ચડાઇ કરી. તેના પરાક્રમ આગળ પાણીપતના પ્રસિદ્ધ યુદ્ધમાં મરાઠાઓની પ્રબળ શક્તિ પણ ખૂટી પડી. દિલ્હીનો શહેનશાહ રાજ્યભ્રષ્ટ થઇને હિચકારાપણે બિહાર પ્રાંતમાં નાસી ગયો. આવા અંધાધૂંધી અને લૂંટફાટના સમયમાં પણ ગુરુ ગોવિંદસિંહના અનુયાયી શીખ લોકોએ પોતાની તેજસ્વિતા સાચવી રાખી હતી. ગોવિંદસિંહે તેમને જે મંત્રથી દીક્ષિત કર્યા હતા, તે મંત્ર તેઓ કદી ભૂલી ગયા નહોતા. તેમનામાં સાહસિક સેનાપતિ અને પ્રવીણ અમલદારો ઉત્પન્ન થયા હતા. તેમના તાબામાં રહીને શીખો પોતાની સ્વતંત્રતા સારી પેઠે નિભાવી રહ્યા હતા. જે લોકો હથિયાર ચલાવવામાં અને ઘોડેસવાર થવામાં પ્રવીણ ન હોય તેમનું ખાલસા લોકોમાં માન ગણાતું નહોતું; એટલા માટે દરેક ખાલસા પુરુષ અસ્ત્રચાલન અને ઘોડેસવારીમાં પોતાની હોશિયારી બતાવી આપતો. ધીમે ધીમે ખાલસાઓ ઘણી ટુકડીમાં વહેંચાઇ ગયા. પ્રત્યેક ટુકડી અથવા મિસલનો એક એક સરદાર નિમાયો અને એ સરદાર પોતાના તાબાના મુલક ઉપર સ્વતંત્રપણે રાજ્ય ચલાવવા લાગ્યો. આ પ્રમાણે ભિન્ન ભિન્ન રાજ્યોમાં વહેંચાઇ જવા

છતાં પણ ખાલસાનું ઐકયસૂત્ર તૂટયું નહોતું. તેઓ પરસ્પર અનન્ય ભ્રાતૃભાવથી બંધાયલા હતા. દર વર્ષે તેઓ અમૃતસરના ગુરુદ્વારમાં એકઠા થતા અને પોતાની જાતિની ઉન્નતિને માટે ઉપાય શોધતા.

અઢારમી સદીના છેવટના ભાગમાં જે સમયે અંગ્રેજો દક્ષિણમાંથી ફ્રેંચ લોકોને કાઢી મૂકવાનો યત્ન કરી રહ્યા હતા અને એક બુઢ્ઢો મુસલમાન સિપાઈ મ્હૈસુરના સિંહાસન ઉપર અધિકાર મેળવીને, બધાના હૃદયમાં વિસ્મય અને ભયનો સંચાર કરી રહ્યો હતો, તે વખતે શીખ લોકોના રાજ્યમાં એક કાર્યકુશળ અને પરાક્રમી પુરુષનો જન્મ થયો. એ મહાપુરુષના આવિર્ભાવથી શીખ લોકો ઘણા બળવાન થઈ ગયા. એ મહાન પુરુષ તે મહારાણી ચન્દા ઉર્ફે ઝીંદનના પતિ રણજિતસિંહ હતા. આખી દુનિયામાં ઉત્પન્ન થયેલા મહાપરાક્રમી પુરુષોમાં રણજિતસિંહનું નામ ઘણી ઊંચી પંક્તિએ બિરાજે છે. રણજિતસિંહના પિતા મહાનસિંહ શીખ લોકોની એક ટુકડીના ઉપરી હતા. રણજિતસિંહનો જન્મ ઈ૦ સ૦ ૧૭૮૦ ની ૨ જી નવેંબરે થયો હતો. તેમના પિતા મહાનસિંહ અતિશય સાહસિક અને રણકુશળ યોદ્ધા હતા. બચપણમાં શીતળાના રોગથી રણજિતસિંહની એક આંખ ફૂટી ગઈ હતી; એથી લોકો એમને "કાણા રણજિત" ના નામથી ઓળખતા. રણજિતસિંહની આઠ વર્ષની વયમાં તેમના પિતા મહાનસિંહનો દેહાંત થયો. રણજિતસિંહ એ સમયે તેમની માતા અને પિતાના દીવાન લક્ષ્મીપતસિંહના રક્ષણમાં રહેવા લાગ્યા. રણજિતસિંહ ઠીંગણા પુરુષ હતા; પણ તેની બુદ્ધિ, પરાક્રમ અને સાહસ અપૂર્વ હતાં. એ ગુણોને ભરોસે એમણે પોતાનું રાજ્ય સ્થાપવાની ઇચ્છા કરી. એ વખતે પંજાબમાં દુરાની રાજાનું આધિપત્ય હતું. અંગ્રેજો ધીમે ધીમે પ્રબળ થઈને પોતાનો અધિકાર ફેલાવતા હતા. સિંધિયા અને હોલ્કર અંગ્રેજોના શક્તિશાળી હરીફ નીવડ્યા હતા. એવે સમયે રણજિતસિંહે પોતાનું આધિપત્ય સ્થાપન કર્યું. એણે અહમદશાહ દુરાનીનાં પૌત્ર જમાનશાહને ઘણી મદદ કરી. તેના બદલામાં તેને લાહોરનો કબજો મળ્યો. ધીમે ધીમે શીખ લોકોમાં તેની સત્તા વધતી ગઈ અને બધા તેની સત્તા નીચે આવી ગયા.

હિંદુ રાજાઓમાં કુસંપ જોઈને પઠાણ રાજાઓએ કેવી યુક્તિ-

થી આપણી દેવવાંચ્છિત પવિત્ર ભૂમિમાં પગપેસારો કર્યો, તે વાત ઇતિહાસના દરેક વાચકને માલૂમ છે. મહારાજા રણુજિતસિંહે પઠાણોને યોગ્ય શિક્ષા આપવાની દૃઢ પ્રતિજ્ઞા કરી હતી. જે લોકોએ શઠતાથી ભારતવર્ષમાં અધિકાર ફેલાવ્યો હતો, તેમના હાથમાંથી ભારતવર્ષનો ઉદ્ધાર કરવાનો તેમણે યથાશક્તિ પ્રયાસ આદર્યો હતો. તેમનો એ પ્રયાસ ઘણે અંશે સફળ પણ થયો હતો. પહેલાં તો તેમણે મુલતાનમાંથી અફઘાનોને હઠાવી કાઢ્યા. પછીથી ભારતના નંદનવનરૂપ કાશ્મીરમાં વિજયપતાકા ઉડાવી. ઘણે દિવસે રણુજિતસિંહ અને તેમના પુત્ર ખડ્ગસિંહના પરાક્રમથી કાશ્મીરમાં હિંદુ રાજાની ધ્વજા ફરકવા લાગી. ત્યાર પછી રણુજિતસિંહ પેશાવર જીતવા તૈયાર થયા. ઇ૦ સ૦ ૧૮૧૩ ની ૨૩ મી માર્ચ ભારતવર્ષમાં એક યાદગાર દિવસ છે. જે લોકોએ દૃષદ્વતી નદીના કિનારે હિંદુઓને પરાજિત કરીને ભારતવર્ષમાં પોતાના રાજ્યનો પાયો નાખ્યો હતો, તેજ લોકોના દેશમાં જયપતાકા ઉરાડીને હિંદુ રાજ્ય સ્થાપવા માટે, મહારાજા રણુજિતસિંહ એ દિવસે અગ્રેસર થયા હતા. આર્યાવર્તનો હિંદુ રાજા આજે છેલ્લી વાર સિંધુ નદીની પેલી પાર, હિંદુવિજયી પઠાણોના લોહીથી પૃથ્વીરાજ અને અમરસિંહના આત્માનું તર્પણ કરવા તૈયાર થયો. મહારાજા રણુજિત જરા પણ ભય રાખ્યા વગર, વિપુલ સાહસ સાથે પઠાણોના રાજ્યમાં જઇ પહોંચ્યા. અફઘાનિસ્તાનના મુખ્ય સરદાર મહમદ આજીમખાંના જંગી લશ્કર સાથે ૧૮ મી માર્ચે કાબૂલ નદી ઉપર નૌશેરાની પાસે ખેરાઇ નામક સ્થાનમાં રણુજિતસિંહને લડાઇ થઇ. આ યુદ્ધમાં રણુજિતસિંહ પોતે બધા સવારોને મોખરે રહીને પઠાણો ઉપર આક્રમણ કરવા લાગ્યા. હૃષ્ટપુષ્ટ અફઘાનો અચળ પર્વતની પેઠે ઊભા રહીને, જરા પણ થાકયા વગર, પૂર્ણ પરાક્રમથી શીખ લોકોના આક્રમણને રોકવા લાગ્યા. આખો દિવસ યુદ્ધ ચાલ્યું. ઘડીનો પણ વિરામ નહોતો, વિશ્રામ નહોતો. શીખ લોકો અતુલ પરાક્રમપૂર્વક અફઘાનોના લશ્કરમાં ઘૂસવા લાગ્યા ધીમે ધીમે રાત પડી. અંધકાર ઘણો ગંભીર થઇ ગયો. એ અંધકારમાં લોહીની નદી જોરથી વહેવા લાગી, છતાં પણ રણુજિતસિંહે યુદ્ધ બંધ પાડયું નહિ. એ તો પહેલાંની પેઠેજ દુશ્મનોનું છેદન કરતો ગયો. આખરે અફઘાનોથી પંજાબકેસરીનું પરાક્રમ સહન થઇ શકયું નહિ. તેઓ અંધકારમાં ત્યાં-

થી પલાયન કરીને સંતાઇ ગયા. પંજાબકેસરીની વિજયપતાકા પઠાણોના દેશમાં ફરકવા લાગી. ઓગણીસમા સૈકામાં ભારતના વીરપુરુષે આવું અસાધારણ પરાક્રમ બતાવ્યું. ૧૯ મા સૈકામાં શીખોના પરાક્રમ આગળ પઠાણોએ પોતાનું માથું નીચું નમાવ્યું.

આ પ્રમાણે પોતાના જાતીય બંધુઓની મદદથી મહારાજા રણજિતસિંહ અજિત બનીને પંજાબમાં રાજ્ય ચલાવવા લાગ્યા. તેમનો અધિકાર રાજધાની લાહોરથી તે ઉત્તરમાં કાશ્મીર,પશ્ચિમમાં પેશાવર, દક્ષિણમાં મુલતાન અને પૂર્વમાં સતલજ નદી સુધી હતો. તેમનું યુદ્ધકુશળ સૈન્ય યૂરોપીય પદ્ધતિ પ્રમાણે શિક્ષણ પામેલું હોવાથી વખાણને પાત્ર હતું. રણજિતસિંહ અંગ્રેજોની સાથે સંધિના સૂત્રથી બંધાયલા હતા. તેઓ પરાક્રમી હોવા છતાં પણ તેમણે કદીએ સંધિનો ભંગ કરીને, અંગ્રેજોની વિરુદ્ધ હથિયાર પકડીને, પોતાની દોસ્તીને કલંક લગાડ્યું નથી.

રણજિતસિંહનું જીવનચરિત્ર લખનાર લખે છે કે, " રણજિતસિંહ ખરેખર સિંહ જેવા હતા અને સિંહની પેઠેજ તેમણે આ સંસારનો ત્યાગ કર્યો છે." એ સિંહ જેવા પરાક્રમી યોદ્ધાની સઘળી કથા કહેવાનો અહીંયાં અવકાશ નથી અને પ્રસંગ પણ નથી. અત્રે તો ટૂંકાણમાં એટલુંજ કહીશું કે,રણજિતસિંહ વીર પુરુષોની લીલાભૂમિ ભારતના એક સાચા વીર હતા. અઢારમી શતાબ્દિમાં તેમના જેવા બહાદુર પુરુષ ભારતવર્ષમાં જન્મ્યો નહોતો.

મહારાણી ચંદાવતી એ વીર મહારાજા રણજિતસિંહની નાની રાણી હતી. રણજિતસિંહનો એના ઉપર અપ્રતિમ પ્રેમ હતો. રણજિતસિંહની આ પ્રિય પત્ની ઇતિહાસમાં મહારાણી ઝીંદન એ નામથી પ્રસિદ્ધ છે. રણજિતસિંહ જેવા પરાક્રમી રાજાની એ યોગ્ય સહધર્મિણી હતી.

તેના પતિ પંજાબકેસરી રણજિતસિંહના મૃત્યુ પછી શીખોની સ્વતંત્રતાનો અધઃપાત શરૂ થયો. રણજિતસિંહને ત્રણ પુત્રો હતા–ખડ્ગસિંહ, શેરસિંહ અને દુલીપસિંહ. એ ત્રણે જણા રાજ્યને માટે પોતપોતાનો હક ચલાવવા લાગ્યા. લાહોરનો રાજદરબાર ઉચ્છૃંખલ થઇ ગયો. ખટપટી અને પ્રપંચી લોકો પોતાની દુષ્ટતા અજમાવવા લાગ્યા. રાજ્યમાં નરહત્યા થવા લાગી. થોડા વખતમાં રણજિતસિંહનો મોટો પુત્ર ખડ્ગસિંહ માર્યો ગયો અને તેના નાના ભાઇ શેરસિંહને ગાદી મળી; પરંતુ થોડા દિવસોમાં

તેની પણ મોટા ભાઇના જેવીજ ગતિ થઇ. લગભગ ચાર વર્ષના ટૂંકા અરસામાં રણજિતસિંહના બે પુત્ર માર્યા ગયાથી પંજાબમાં કુસંપ અને અંધાધૂંધીનું રાજ્ય જામી ગયું. એક પછી એક ઘણા સરદારો અને સૈનિકો રાજ્ય દબાવી પાડવાની લાલચમાં જાન ખોઇ બેઠા. આખરે રાજપુત્ર દુલીપસિંહને ગાદીએ બેસાડીને તેની માતા મહારાણી ચંદાવતીએ રાજ્યની લગામ પોતાના હાથમાં લીધી. મહારાણી ચંદાવતી ઘણી બુદ્ધિમાન અને ધીર તથા હિંમતવાળી સ્ત્રી હતી. ખરેખર એ શૂર અને સાહસિક શીખ લોકોની સ્વામિની થવાને યોગ્ય હતી. એ રાજકાર્યમાં જેટલી પ્રવીણ હતી, તેટલીજ યુદ્ધવિદ્યામાં પણ હોશિયાર હતી. સારાંશ એ કે તેના પતિનાં સર્વોત્તમ લક્ષણો તેનામાં વાસ કરતાં હતાં. તેણે ઘણી યુક્તિથી સરદારોના માંહોમાંહેના ટંટા મટાડી દીધા અને તેમના ઉપર પોતાનો અધિકાર જમાવીને, ફરીથી શીખોને શત્રુઓની સામા થવાને યોગ્ય બનાવ્યા. રાજ્યમાંના મોટા મોટા હોદ્દાઓ યોગ્ય અને બહાદુર લોકોને આપ્યા અને સેનાપતિ તરીકે શેરસિંહ નામના એક સરદારની નિમણુંક કરી.

અંગ્રેજી રાજ્યની સરહદ તેના રાજ્ય સાથે તદ્દન મળેલી હતી. રાણી ચન્દાવતીની સૈન્યવ્યવસ્થા અને રાજકાજમાં કુશળતા જોઇને અંગ્રેજ સૈનિકોને પણ મનમાં ભય રહેતો; એટલા માટે તેમણે પોતાનું સૈન્ય પંજાબની સરહદ ઉપર રાખી મૂકવાની આવશ્યકતા ધારી હતી. સતલજ નદીના કિનારે અંગ્રેજોનું સૈન્ય એકઠું થયું, એટલે શીખ લોકોની અને તેમની વચ્ચે ખટપટ શરૂ થઇ. શીખ લોકો કહેતા કે, “ અંગ્રેજો ધીમે ધીમે અમારો સરહદ ઉપરનો ઇલાકો દબાવતા જાય છે.” અંગ્રેજ લોકો પણ શીખોને માટે એવાજ પ્રકારની ફરિયાદ કરતા. એમાંથી ખરૂં કોણ હતું, તે તો પ્રભુ જાણે; પણ આ સરહદી ખટપટને લીધે જે યુદ્ધ જાગ્યું તે એક વર્ષ સુધી ચાલ્યું.

આ યુદ્ધમાં પોતાના કેટલાક અવિશ્વાસી અને કૃતઘ્ની અમલદારો ગુપ્તપણે અંગ્રેજોની સાથે મળી જવાને લીધે તેનો પરાજય થયો. આ પ્રમાણે તેના વિશ્વાસુ અમલદારો પણ બેવફા અને દેશદ્રોહી નીવડ્યાથી, પોતાના પ્રખ્યાત પતિનું નામ તથા સ્વદેશનું સ્વાતંત્ર્ય કાયમ રાખવાની મોટી જવાબદારી એકલી તેના ઉપર આવી પડી; છતાં આવા અણીના વખતે પણ તે જરાયે ડગી

નહિ. ઘણાજ ધૈર્યપૂર્વક તે પોતાના રાજ્યનું યુદ્ધસૂત્ર ચલાવ્યા કરતી અને એક મજબૂત દીવાલની પેઠે પોતાના નિશ્ચયમાં દઢ રહેતી. આજ સુધી ભારતનો ખરેખરો ઇતિહાસ લખાયો નથી. વિદેશી ઇતિહાસકારોને હાથે ઘણો ભાગ ખોટી રીતે લખાયો છે અને ઘણા ભાગમાં લખવા જેવી ઘણી ઘટનાઓ રહી ગઇ છે; પરંતુ એમ છતાં પણ આપણા સદ્‌ભાગ્યે બેએક નિષ્પક્ષ લેખકોએ સત્યનિષ્ઠા અને ઉદારતાનું સન્માન કર્યું છે. જો આ પ્રમાણે નિષ્પક્ષ અને ઉદાર સ્વભાવના ઇતિહાસવેત્તાઓને હાથે ભારતનો ઇતિહાસ લખાયો હોત તો તેઓ જરા પણ સંકોચ વગર કહી દેત કે, સ્વજાતિદ્રોહી, દગાબાજ રાજા લાલસિંહ અને સરદાર તેજસિંહે ગુપ્ત રીતે કેપ્ટન નીકલ્સન અને કેપ્ટન લોરેન્સની સાથે મળી જઇને પ્રપંચ ન રચ્યો હોત તો પ્રથમ શીખ યુદ્ધમાં રણજિતસિંહના કેળવાયલા ખાલસા સૈનિકો બ્રિટિશ સૈનિકોને હાથે કદી હાર ખાત નહિ. એ યુદ્ધ પછી ભારતના ગવર્નર જનરલ લૉર્ડ હાર્ડીંજે લાહોર દરબાર સાથે સંધિ કરી. મહારાજા દુલીપસિંહ એ વખતે સગીર વયનો હતો. બ્રિટિશ ગવર્નમેન્ટે તેનું વાલીપણું સ્વીકાર્યું. દુલીપસિંહની સગીર વયમાં રાજ્યનો વહીવટ ચલાવવાને માટે કેટલાક પ્રવીણ અમલદારોની એક સભા સ્થાપવામાં આવી અને બ્રિટિશ રેસિડેન્ટ તેનો પ્રમુખ બન્યો. આ પ્રમાણે બ્રિટિશ રેસિડેન્ટ એક પ્રકારે સીધી રીતે લાહોરના દરબારનો ઉપરી બનીને પંજાબનું રાજ્ય ચલાવવા લાગ્યો.

આ સંધિ થયા પછી બ્રિટિશ અમલદારો પંજાબમાં પોતાનું આધિપત્ય વધારવાનો યત્ન કરવા લાગ્યા.

દુલીપસિંહની જનની મહારાણી ઝીન્દન ઘણી તેજસ્વી સ્ત્રી હતી. તેનું રાજ્ય અંગ્રેજોના હાથમાં આવ્યું હતું. સમુદ્રપારના લોકો આવીને તેના રાજ્યમાં મરજીમાં આવે એ પ્રમાણે સત્તા ચલાવતા હતા. એ બધું એ વીર રાણીને માટે અસહ્ય થઇ પડ્યું. એ સમજી ગઈ કે પંજાબ થોડાજ વખતમાં બ્રિટિશ મુલક થઇ જશે. તેણે જોયું કે થોડા સમયમાંજ બ્રિટિશ સરકારે પંજાબનો બધો વહીવટ પોતાના હાથમાં લઇ લીધો હતો, એટલુંજ નહિ પણ પોતાના પ્યારા પુત્ર દુલીપને પણ તેમણે પોતાના કાબૂમાં લીધો હતો. અંગ્રેજોની આટલી બધી સત્તા રાણી ઝીન્દનના હૃદયમાં ઘણીજ ખૂંચવા લાગી. રાણી ઝીન્દન પોતાના કામમાં હર-

કત નાખે છે, એવું કારણ દર્શાવીને રેસિડેન્ટ હેન્રી લૉરેન્સે એ તેજસ્વી સન્નારીને લાહોરમાંથી શેરપુર નામના એકાંત સ્થાનમાં કેદ રાખી. અંગ્રેજ ઇતિહાસલેખકો કહે છે કે, "રાણી ઝીન્દન અંગ્રેજ સરકારની વિરુદ્ધ ખટપટ કરી રહી હતી, એટલા માટે તેને આ સજા કરવામાં આવી હતી; પરંતુ તેના આ અપરાધની કાયદેસર તપાસ કરવામાં આવી નહોતી. રેસિડેન્ટે તપાસ કરીને દોષિત ઠરાવ્યા વગર કેવળ શક ઉપરથીજ દુલીપસિંહની માતાને શેરપુરમાં રાખી હતી અને ત્યાં થોડો વખત રાખ્યા પછી રેસિડેન્ટ સર ફ્રેડરિક કારીએ તેને પંજાબમાંથી પણ બહાર કાઢીને પોતાનો માર્ગ બિલકુલ નિષ્કંટક કરવાનો નિશ્ચય કર્યો. આ વખતે સગીર વયનો દુલીપ રેસિડેન્ટના પૂરા કાબૂમાં આવી ગયો હતો; એટલે સર ફ્રેડરિકને પોતાની ઇચ્છા પૂરી પાડવામાં કાંઇ અડચણ નડી નહિ. થોડાજ વખતમાં તેણે રાણી ઝીંદનના દેશવટાનો હુકમ લખ્યો અને તેના ઉપર દુલીપસિંહની મહોર છાપવામાં આવી. દરબારના કેટલાક અમલદારો એ હુકમ લઇને મહારાણી ઝીન્દનની પાસે ગયા. મહારાણીએ અટલભાવે પ્રાણથી પણ અધિક વહાલા પુત્રના હસ્તાક્ષર તથા મહોર જોયાં એટલે તેણે પૂછ્યું: "આ હુકમ કોણે મોકલાવ્યો છે?" અમલદારે કહ્યું: "ખુદ મહારાજા સાહેબ દુલીપસિંહે." રાણીએ કહ્યું: "ઠીક, દુલીપ રાજા છે. રાજાની આજ્ઞા મારે પાળવી જોઇએ. હું કાંઇ પંજાબની માલિક નથી. હું તો રાજમાતા છું. રાજાનીજ આજ્ઞા મને દેશવટો દેવાની છે, તો મારે જવું જોઇએ. મારી તરફથી હવે તમારે કોઇ જાતનો ભય રાખવો નહિ. હું મારા પુત્રની વિરુદ્ધ કદી ખટપટ કરવાની નથી. હું એ કળી ગઇ છું કે, પંજાબનું સત્યાનાશ વળવાનો સમય પાસે આવ્યો છે." રાણીએ શાંતચિત્તે દેશવટાનો હુકમ માથે ચડાવ્યો. જે પંજાબ તેને પોતાની અધિષ્ઠાત્રી દેવી તરીકે પૂજતું હતું, તે પંજાબ તેની હવે દૃષ્ટિથી પણ દૂર થયું. થોડા દિવસ તેને ફિરોઝપુરમાં રાખીને પછી કાશીક્ષેત્રમાં લઇ ગયા. મહારાણી ઝીંદન હિંદુઓના પરમ આરાધ્ય તીર્થ કાશીધામમાં આવીને, મેજર જ્યોર્જ મ્યેક ગ્રેગર નામના એક સૈનિક અમલદારની દેખરેખ નીચે રહેવા લાગી. તેને કાશી મોકલવાનું કારણ એ હતું કે, તીર્થસ્થાનમાં રાખ્યાથી ખાલસા સૈનિકો પ્રસન્ન થશે; પરંતુ કાશી જતી વખતે રાણી ઝીંદને કહ્યું

હતું કે, "એથી મારી સ્થિતિ કાંઇ સુધરતી નથી. કેદખાનામાં રહ્યા પછી પવિત્રસ્થાન શું અને અપવિત્ર શું? એ તો બધું સરખું!"

આ દેશવટાથી રાણી ઝીંદનના હૃદયને ઘણોજ સખ્ત ઘા લાગ્યો. તેણે પોતાના પુત્રનો વાંક કાઢ્યો નહિ, પોતાની બધી સત્તા તથા રાજ્યવૈભવ નષ્ટ પામ્યાં, તેને માટે ઓછું આણ્યું નહિ; પરંતુ પંજાબનો વૈભવ અને પંજાબની સ્વતંત્રતા પોતાની હયાતીમાં સદાને માટે નષ્ટ થયેલાં જોઇને તેનું હૃદય વીંધાઇ જવા લાગ્યું. એ આંતરિક શોકને લીધે એ અત્યંત માંદી પડી અને એ પવિત્ર ક્ષેત્રમાં તેનો મૃત્યુસમય પાસે આવી પહોંચ્યો.

એ સમાચાર સાંભળતાંવારજ શીખ સિપાઇઓનો પિત્તો ઊકળી આવ્યો. તે ઉપરાંત તેમને ઉશ્કેરનારાં બીજાં પણ કેટલાંક કારણો મળી આવ્યાં અને તેમણે અંગ્રેજોની સામે યુદ્ધ આરંભ્યું. ઇ૦ સ૦ ૧૮૪૯માં ૧૩ મી જાનેવારીએ અંગ્રેજો અને શીખો વચ્ચે ચિતિયાબાલા આગળ ભયંકર યુદ્ધ થયું. આ યુદ્ધમાં શીખ લોકોએ અસીમ સાહસથી લડીને વિજય મેળવ્યો. એ દિવસે વીરશ્રેષ્ઠ શેરસિંહના પરાક્રમથી લૉર્ડ ગફ પરાજિત થયો. એ દિવસે બ્રિટિશ પતાકા શીખોના હાથમાં આવી ગઇ. શીખોના પરાક્રમથી બ્રિટિશ સવારો પલાયન કરી ગયા. સેનાપતિ શેરસિંહે વિજયી થઇને એ દિવસે તોપોના અવાજથી ચારે દિશાઓને ગજાવી દીધી; પરંતુ ચિતિયાબાલાની પછી ગુજરાતમાં જે યુદ્ધ થયું તેમાં શીખ લોકોની હાર થઈ અને અણછૂટકે તેઓને અંગ્રેજોને શરણે થવું પડ્યું.

ત્યાર પછી લૉર્ડ ડેલહાઉસીએ પંજાબને ખાલસા કરવાના વિચારથી મિ૦ ઇલિયટને પોતાના પ્રતિનિધિ તરીકે લાહોર દરબારમાં મોકલ્યો. સર હેન્રી લૉરેન્સ એ વખતે રેસિડેન્ટ હતો. એ બન્ને જણાએ મળીને ૨૮ મી માર્ચે પંજાબનું રાજ્ય અંગ્રેજોને સોંપી દેવાનો મહારાજા દુલીપસિંહને આગ્રહ કર્યો. તેને બીજે દિવસે એટલે ૨૯ મી તારીખે છેવટનો દરબાર ભરાયો. છેલ્લી વાર દુલીપસિંહ પોતાના સિંહાસન ઉપર બિરાજ્યો. થોડે દૂર હથિયારબંધ અંગ્રેજી લશ્કર હારબંધ ગોઠવાઇ ગયું. દીવાન દીનાનાથે આ બનાવને રોકવાનો ઘણો યત્ન કર્યો. એણે સંધિના કોલકરાર બતાવ્યા, પણ કાંઇ વળ્યું નહિ. ડેલહાઉસીનો ઢંઢેરો વંચાઈ રહ્યા પછી દરબાર બરખાસ્ત થયો. તરતજ રણજિતસિંહના કિલ્લા

ઉપર અંગ્રેજી વાવટો ફરકવા લાગ્યો. કિલ્લા ઉપરથી તોપો ફોડવામાં આવી. લૉર્ડ ડેલહાઉસીની નીતિથી ભારતના નકશામાં પંજાબ લાલ રંગથી રંગાઇ ગયું. મહારાજા દુલીપસિંહને પંજાબમાંથી ખસેડી નાખવામાં આવ્યો. ફતેહગઢમાં તેનો નિવાસ રાખવામાં આવ્યો. તેની મિલકત અંગ્રેજોના અધિકારમાં સોંપવામાં આવી. કોહિનૂરનો જગપ્રસિદ્ધ હીરો પણ અંગ્રેજોના હાથમાં ગયો. રાજ્યભ્રષ્ટ થતી વખતે દુલીપસિંહની ઉંમર અગિયાર વર્ષની હતી. એ વખતે એને સર જોન લજિત નામક એક અંગ્રેજના હાથ તળે શિક્ષણ માટે મૂકવામાં આવ્યો. ઇ૦ સ૦ ૧૮૫૩ માં ફતેહગઢના એક ખ્રિસ્તી પાદરીએ તેને ખ્રિસ્તીધર્મમાં દીક્ષિત કર્યો. ત્યાર પછી એક વર્ષે પંજાબકેસરીના ખ્રિસ્તીધર્માવલંબી પુત્રને ઈંગ્લૅંડ લઇ જવામાં આવ્યો.

વાચકો ! મહારાણી ઝીંદનની આ વખતે શી અવસ્થા થઇ હશે, તેનો તમે વિચાર કરી શકો છો ? પોતાનીજ આંખ આગળ પોતાના પતિનું રાજ્ય છિન્નભિન્ન થઇ ગયેલું જોવાથી તથા પોતાના એક પુત્રને પરધર્મમાં વટલાઈ ગયેલો જોવાથી તેનો મંદવાડ ઘણો વધી ગયો. એને ઉન્માદ રોગ લાગુ પડ્યો. એવી બેભાન અવસ્થામાં રાણી ઝીંદન વારંવાર લવરી કરતી કે, “ મારા શૂરા ખાલસા વીરો ! ચાલો યુદ્ધ કરીએ. તમારો ધણી તમારા શરીરમાં આવ્યો છે. ચાલો, આપણે બધાં શીખ રાજ્યની સ્વતંત્રતા અને વૈભવની રક્ષા કરીએ. ”

આખરે તેની હૃદયદ્રાવક અવસ્થા જોઇને અંગ્રેજોને પણ દયા આવી. તેમણે ધાર્યું કે કદાચ તેના પ્યારા પુત્રની પાસે તેને લઈ જવાથી તેના મનને શાંતિ વળશે. એ વિચારથી તેને કલકત્તા લઇ ગયા અને ત્યાંથી વહાણમાં બેસાડીને તેને વિલાયત રવાના કરી; પરંતુ રાણીનો મંદવાડ વધતો જતો હતો. પોતે ક્યાં અને શા માટે જાય છે, તેનું એને કાંઇ ભાન નહોતું. ઈશ્વરે તેને એ દુઃખમાંથી જલદી છોડાવી. ઇંગ્લૅંડ જતાં જતાં રસ્તામાંજ તે મૃત્યુને વશ થઇ અને તેનો દેહ અગાધ સમુદ્રને સમર્પણ કરવામાં આવ્યો. આ પ્રમાણે પંજાબકેસરી મહારાજા રણજિતસિંહની વીર મહારાણીનો જીવનસ્રોત અનંત કાળ માટે સાગરમાં મળી ગયો.

૧૦૯–ચાંદકુમારી

એ પંજાબકેસરી મહારાજા રણજિતસિંહની પુત્રવધૂ અને ખડ્ગસિંહની રાણી હતી. ઇ૦ સ૦ ૧૮૩૪માં રણજિતસિંહનું મૃત્યુ થયું તે સમયે તેણે પોતાના પુત્રને વારસ નીમ્યો અને ધ્યાનસિંહ નામના એક અતિ વિશ્વાસુ અમલદારને તેનો સંરક્ષક અને શિક્ષક નીમ્યો; પરંતુ વિશ્વાસઘાતી ધ્યાનસિંહે રાજ્યલોભને લીધે ખડ્ગસિંહ અને તેના પુત્ર નિહાલસિંહની હત્યા કરાવી. હવે રાણી ચાંદકુમારીએ રાજ્યનો કારભાર પોતાના હાથમાં લીધો. ગાદી ઉપર બેસતાંવારજ તેણે ધ્યાનસિંહને પ્રધાનપદ ઉપરથી રજા આપી દીધી અને તેની જગ્યાએ ઉત્તમસિંહને પ્રધાનપદ આપ્યું. હવે ધ્યાનસિંહ ખુલ્લી રીતે ચાંદકુમારી સાથે દુશ્મનાવટ રાખી પ્રપંચ રમવા લાગ્યો.

સેનાપતિ ગુલાબસિંહની સહાયતાથી ધ્યાનસિંહે ચાંદકુમારીને પદભ્રષ્ટ કરી અને રણજિતસિંહની રાખેલી સ્ત્રીના ગર્ભમાં જન્મેલા પુત્ર શેરસિંહને ગાદી ઉપર બેસાડ્યો. રાણી ચાંદકુમારી શેરસિંહને ઘણુંજ ધિક્કારતી હતી. શેરસિંહ ઘણો દુષ્ટાત્મા હતો. રાણી ચાંદકુમારીના સૌંદર્ય ઉપર તે મોહિત થઇ ગયો અને તેની સાથે લગ્ન કરવાનો સંકલ્પ કર્યો. રાણી ચાંદકુમારીને એ વાતની ખબર પડી, ત્યારે તેણે શેરસિંહને ઘણોજ સખ્ત ઠપકો આપ્યો. રાણી હાથમાં ન આવી શકી, એટલે દુષ્ટ શેરસિંહે પ્રપંચ રચીને દાસીઓદ્વારા તેની હત્યા કરાવી. રાણી ચાંદકુમારી ઘણી બુદ્ધિમાન ને સદાચારી સ્ત્રી હતી. એનું જીવન ઘણુંજ કરુણ હતું. નાની વયમાં પ્રાણાધાર પતિ તથા પ્રિય પુત્રનો વિયોગ થયો, વિશ્વાસઘાતી મંત્રીઓના પ્રપંચથી રાજ્યભ્રષ્ટ થવું પડ્યું અને અંતમાં પૈસાની લોભી, નિમકહરામ દાસીઓને હાથેજ ઇ૦ સ૦ ૧૮૪૨ માં તેની હત્યા થઇ.

૧૧૦–માજી હરિકુંવરી

આપણા આર્યાવર્ત દેશની તત્ત્વવિદ્યા બધા દેશની વિદ્યાઓ કરતાં શ્રેષ્ઠ છે. એ તત્ત્વવિદ્યાનો અભ્યાસ કેવળ પુરુષોજ કરે છે, એમ નથી પરંતુ સ્ત્રીઓ પણ તેના સુધારસનું પાન કરીને આત્માની ઉન્નતિ સાધે છે. પ્રાચીન કાળની ઘણી આત્મજ્ઞાની સન્નારીઓનાં ચરિત્ર તો વાંચકો વાંચી ચૂક્યા છે, પણ અત્રે અમે થોડાંકજ વર્ષ પહેલાં થઇ ગયેલાં એક વિદુષી બાઇનું ચરિત્ર આલેખી, આર્યરમણીઓના તત્ત્વજ્ઞાન તરફના શોખનું એક વધુ ઉદાહરણ બતાવીશું.

એ સન્નારી તે કાશીનિવાસી પ્રસિદ્ધ બાઈ હરિકુંવરી છે, જેમને તેમના મહાન ગુણોને લીધે લોકો માતાના નામથી બોલાવતા હતા.

માતા હરિકુંવરીનો જન્મ માર્ગશીર્ષ વદિ ૬, સંવત ૧૮૮૩ માં (ઇ૦ સ૦ ૧૮૨૬ માં) થયો હતો. એ દેખાવમાં જેવાં સુંદર અને ચિત્તાકર્ષક હતાં, તેવીજ રીતે ગુણોમાં પણ અદ્વિતીય હતાં. તેમનું શરીર સ્થૂલ હતું અને કદ ઘણું ઠીંગણું હતું, પણ એ ઘણાં ખૂબસૂરત અને સદ્‌ગુણોની મૂર્તિરૂપ હતાં. એક વાર એમનાં દર્શન કર્યાથી વારંવાર તેમનો સત્સંગ કરવાની ઇચ્છા થતી.

તેમના પિતા રામેશ્વર દવે નાગર બ્રાહ્મણ હતા અને કાશીમાં તેમનું ઘર હતું; પરંતુ એમનાં માતામહ તથા મામાનો એમના ઉપર ઘણો પ્રેમ હોવાથી, એ પોતાની સ્ત્રી સાથે ભરતપુરમાં ઘણું રહેતા. રામેશ્વર દવે ઘણા સાદા અને સરળ સ્વભાવના માણસ હતા. સંસારની ખટપટમાં એ વધારે પડતા નહિ. એ ઘણા ભક્ત, ઉદાર અને શાંત પ્રકૃતિના હતા. યોગ અને મંત્રશાસ્ત્ર ઉપર તેમની દૃઢ ભક્તિ હતી અને એમાંજ એમનો બધો સમય વ્યતીત થતો હતો. ગરીબોને ધર્માદા દવા આપવાનો તથા વિદ્યાર્થીઓને મફત ભણાવવાનો એમને ઘણો શોખ હતો. એને લીધે એમને

ઘેર આખો દહાડો છોકરાઓની નિશાળ બેઠેલી જોવામાં આવતી.

માતા હરિકુંવરીના પિતા સહકુટુંબ કલકત્તા ગયા હતા, ત્યાં દૈવયોગે તેમની પત્નીનું મૃત્યુ થઇ ગયું અને સાડાચાર વર્ષની બાલિકા હરિકુંવરીના પાલનપોષણ અને શિક્ષણનો ભાર રામેશ્વર દવે ઉપર આવી પડ્યો. પુરુષ ગમે તેટલો કુશળ હોય, પણ આખો દિવસ પોતાના ઉદરપોષણાર્થે નોકરી કે કામધંધો કરી આવ્યા પછી, ઘેર આવીને બાળકની ખબર રાખવી, એ તેને માટે ઘણું અઘરૂં કામ છે; એટલા માટે રામેશ્વરે પોતાની પુત્રીને એક સમજુ દાસીના હાથમાં સોંપી. બાળકી હરિકુંવરી બચપણથીજ ઘણી બુદ્ધિમતી અને ચતુર હતી. જે શબ્દ એક વાર સાંભળી લેતી અથવા જે કામ એક વાર જોઇ લેતી, તેને કદી ભૂલી જતી નહિ. રામેશ્વર દવેની પાસે સાધુસંત ઘણા આવ્યા કરતા હતા. અને એ મહાત્માઓ ત્યાં બેસીને ઘણા વિષયો ઉપર વાદવિવાદ કરતા હતા. બાળકી હરિકુંવરી ઘણી રુચિ સાથે એ ચર્ચા સાંભળ્યા કરતી અને એનો મર્મ પોતાના હૃદયમાં ઠસાવતી. આ સત્સંગનો એના જીવન ઉપર ઘણો સારો પ્રભાવ પડ્યો. ગીતા આદિ ધર્મશાસ્ત્રનાં ઉપદેશવાક્યો ભણ્યા વિના તેમના હૃદયમાં ઠસી ગયાં અને તેમનું ધ્યાન ભગવદ્‌ભક્તિ તરફ ઝૂકી ગયું.

બાઇ હરિકુંવરીની દાસી ગૃહકાર્યમાં ઘણી કુશળ હતી. એણે એને ઘરકામ, પતિસેવા અને રસોઇ વગેરે કામમાં નિપુણ કરી દીધી; પરંતુ એ દાસીને ભણવુંગણવું પસંદ નહોતું. સ્ત્રીઓ વાંચતાંલખતાં શીખે, તેની એ વિરુદ્ધ હતી; એટલે હરિકુંવરીને વિદ્યાભ્યાસ કરતાં હમેશાં રોકયા કરતી હતી. પરંતુ હરિકુંવરીને સ્વાભાવિક રીતેજ પઠનપાઠનનો શોખ લાગ્યો હતો, એટલે એમણે ગુપ્ત રીતેજ વાંચવાલખવાનો પૂર્ણ અભ્યાસ કરી લીધો. પિતાજીના વિદ્યાર્થીઓની સાથે રહેવાથી એમને બંગાળી ભાષા બોલતાં આવડી ગઈ હતી અને એમની સાથે એ બંગાળીમાંજ વાર્તાલાપ કરતાં. ગીતા અને ઉપનિષદોને વારંવાર ધ્યાનપૂર્વક શ્રવણ કરવાથી એ એવાં વિદુષી બન્યાં હતાં કે, સાધારણ બુદ્ધિનો મનુષ્ય ઘણાં વર્ષોના અભ્યાસથી પણ એટલો પારંગત ન બની શકે.

દસ વર્ષની વયમાં પિતાએ એમનો વિવાહ બનારસના એક કુલીન નાગર બ્રાહ્મણના પુત્ર સાથે કરી દીધો, એટલે થોડાં વર્ષ પછી હરિકુંવરીને બનારસ જવું પડયું. ત્યાં જઇને એમણે પોતા-

ના સદ્ગુણો તથા સરળ નિષ્કપટ સ્વભાવથી શ્વશુર પક્ષનાં બધાં માણુસોને ઘણુંજ પ્રસન્ન કરી દીધાં. તેમાં વળી એમની નણંદ તો એમના ઉપર એટલી બધી પ્રસન્ન થઈ ગઇ કે, દરરોજ સવારમાં ભાભીનું મોં જોયા વગર પથારીમાંથી ઊઠતી નહિ. કમભાગ્યે એમના પતિને જ્વર આવ્યો અને પંદર વર્ષની વયે, કેવળ એકજ વર્ષનું પતિસુખ ભોગવીને, હરિકુંવરી વૈધવ્યના દુઃખસાગરમાં ડૂબી ગયાં. થોડા દિવસ પછી તેમના સસરા પણ મરી ગયા અને બાઇ હરિકુંવરીને નિરાધાર થઇને રહેવું પડ્યું. ઘરનાં બીજાં બધાં માણુસો તથા આડોશીપાડોશી સૌ એમના સ્વભાવથી ઘણાં ખુશ હતાં, પણ એમની સાસુનો સ્વભાવ ઘણો કઠોર હતો. એ પોતાની દુઃખિયારી વહુથી કોઇ દિવસ રાજી નહોતી રહેતી. એણે એમના ઉપર એટલો બધો અન્યાય કર્યો કે, પોતાની બધી મિલકત તથા સરસામાનની વારસ પોતાની પુત્રીને બનાવી દીધી અને નિરાધાર વિધવા વહુને મોં તાકતી રાખી; પરંતુ સાધ્વી હરિકુંવરીએ એની કાંઇ પરવા ન કરી. પ્રથમથીજ તેમની રુચિ ભગવદ્ભક્તિમાં હતી અને તેમાં વળી પતિદેવના અકાળ મૃત્યુથી એ સંસારને નશ્વર અને દુઃખના સાગરરૂપ માનવા લાગ્યાં અને તેમણે જગદીશ્વરની સેવામાં પોતાના મનને રાતદિવસ પરોવ્યું.

સંવત ૧૯૦૦ માં તેમના પિતા બનારસ ગયા અને પુત્રીને લઇને તીર્થયાત્રા કરવા નીકળ્યા. પ્રયાગ, અયોધ્યા, પુષ્કર, વૃંદાવન અને મથુરા આદિ તીર્થસ્થાનોમાં યાત્રા કરીને પિતાપુત્રી હરદ્વાર પહોંચ્યાં. હરિકુંવરીનો એમના પતિ ઉપર ઘણોજ પ્રેમ હતો; પરંતુ નિર્દય કાળની આગળ એમનું કશું ચાલ્યું નહિ. એ એમને ભૂલી જવાનો ઘણોએ પ્રયત્ન કરતાં; કારણકે વિયોગી મનુષ્યથી ભગવદ્ભક્તિમાં લીન થઇ શકાતું નથી; પરંતુ એ તાજા ઘા ઉપર કોઇ દવા કામ લાગી નહિ. વખતોવખત એમને પતિનું સ્મરણ થઈ આવતું અને એ કલાકોના કલાકો સુધી પડ્યાં પડ્યાં રોયા કરતાં. યાત્રાએ જતી વખતે એમણે સાંભળ્યું હતું કે, મથુરામાં એક એવા સાધુ રહે છે કે, જે રૂપિયા લઇને મનુષ્યને તેના મૃત સંબંધીઓ સાથે મેળાપ કરાવી આપે છે. હરિકુંવરીને આશા હતી કે, મથુરા ગયાથી એ સાધુદ્વારા પતિદેવનાં ફરીથી દર્શન થઇ શકશે; પરંતુ એમના પિતાને પુત્રીના એ વિચારની

ખબર પડી ગઇ, એટલે એમણે હરિકુંવરીને શિખામણરૂપે કહ્યું: "બેટા! આ સંસારમાં કોઇ કોઇનું નથી. કોઇ કોઇની સ્ત્રી નથી કે કોઇ કોઇનો પતિ નથી. બધાં ઇશ્વરની માયાથી ઇશ્વરે નિર્માણ કરેલું કાર્ય બજાવવા માટે, સંસારમાં કોઇ ને કોઇ સંબંધથી એકઠાં થાય છે. જે દેહને આપણે આપણી આંખો આગળ બાળી આવ્યા, તેનામાં પછી જીવતા રહેવાની શક્તિ કયાંથી હોય? કોઇ એનાં દર્શન કરાવી શકે એમ નથી. હવે તો ઇશ્વરનેજ પોતાનું સર્વસ્વ માનીને તેની સેવામાં લીન થઇ જવું જોઇએ."

પોતાના મનનો ભ્રમ પિતાને જણાઇ જવાથી, હરિકુંવરીને ઘણી શરમ આવી અને એજ સમયથી પિતાના ઉપદેશે એમના ઉપર એવી અસર કરી કે, બધા તરંગો જતા રહ્યા અને જપ, તપ, ધ્યાન, પૂજા તથા આત્મવિચાર અને શાસ્ત્રોના અભ્યાસમાં એમણે પોતાનું ચિત્ત પરોવ્યું. હવે ગીતા ઉપર એમની રુચિ એટલી બધી વધી ગઇ કે, જ્યારે અવકાશ મળતો ત્યારે ગીતાનું મનન કરતાં. શ્રીમદ્‌ભગવદ્‌ગીતાનું **मन्मना भव मद्भक्तो मद्याजी मां नमस्कुरु** એ વાકય સદા એમના મુખમાંથી નીકળ્યા કરતું હતું, તેથી એમના પિતાએ એમનું નામ 'મન્મન' પાડયું અને એ નામથી એ ઘણાં પ્રખ્યાત થયાં. હરિદ્વારમાં કુંભનો મેળો કરીને બન્ને ત્યાંથી ચાલ્યાં અને માર્ગમાં બીજાં તીર્થોની યાત્રા કરીને સંવત ૧૯૦૩ માં કાશી પહોંચ્યાં. બાઇના પિતા રામેશ્વર દવેના ગુરુ શ્રીપરમહંસ પરિવ્રાજક સ્વામી સચ્ચિદાનંદ સરસ્વતી ઘણા વિદ્વાન હતા. એ કાશીથી પૂર્વ તરફ ગંગાજીના કિનારા ઉપર એક ગુફામાં રહેતા હતાં; પરંતુ એમના દેહત્યાગ પછી એ સુંદર ગુફા ખાલી પડી હતી. પિતાપુત્રી એ ગુફામાંજ રહીને પરબ્રહ્મ પરમાત્માનું ધ્યાન ધરવામાં લીન થયાં.

જ્યારે બાઇના પરમ પૂજ્ય પિતાના દેહત્યાગનો સમય પાસે આવ્યો, ત્યારે લોકોએ એમને પૂછ્યું કે, "બાઇના ભરણપોષણનો શો બંદોબસ્ત કર્યો છે?" ત્યારે બાઇએ પોતે પિતાના તરફથી જવાબ આપ્યો: "સંસારમાં બધાં પોતપોતાની ગરજનાં સગાં છે. કોઇ કોઇનું નથી. જે પતિનો હાથ માતાપિતા હજારો લોકોની સામે પકડાવે છે, તે પતિ પણ પોતાની સ્ત્રીને છોડીને ચાલ્યો જાય છે, તો બીજાની તો વાતજ શી? મારૂં પાલનપોષણ કરનાર એકમાત્ર પરમેશ્વરજ છે કે જે આખા વિશ્વ-

ને પાળે છે. મને એનોજ ભરોસો છે અને એજ સર્વશક્તિમાન જગદાધાર મારૂં પાલન કરશે."

બાઇનો આવો બોધજનક ઉત્તર સાંભળીને બધા લોકો આશ્ચર્ય પામ્યા. ઈ૦ સ૦ ૧૮૬૦ માં બાઇના પિતા, જે એ સમયે શ્રીપરમહંસ પરિવ્રાજક સ્વામી બ્રહ્માનંદ નામથી પ્રસિદ્ધ થયા હતા, તે ૭૮ વર્ષની વયે પરલોકમાં સિધાવ્યા. એ વખતે તેમની એકની એક કન્યા હરિકુંવરીનું વય ૩૪ વર્ષનું હતું.

એ સમયે ભારતોદ્ધારક મહાત્મા સ્વામી શ્રીદયાનંદજી સરસ્વતી પ્રવાસ કરતા કરતા કાશી પહોંચ્યા અને બાઇની પ્રશંસા સાંભળીને તેમને મળવા ગયા તથા તેમની સાથે વાર્તાલાપ કરીને એટલા બધા પ્રસન્ન થયા કે, એમને 'ગાર્ગી'ની ઉપાધિથી વિભૂષિત કરીને પોતાની ભક્તિ પ્રગટ કરી. ત્યાંથી સ્વામી દયાનંદ ઉદયપુરમાં પધાર્યા. ઉદયપુરમાં કોઇ કાર્ય માટે એમને સામવેદ ભાષ્યની જરૂર પડી; પરંતુ એ કયાંય પણ મળી શક્યું નહિ; એટલે એમણે મહારાણા આગળ બાઇની ઘણી પ્રશંસા કરી અને કહ્યું કે, " એ પુસ્તક એમની પાસેથી મળવાનો સંભવ છે." દયાનંદ સ્વામી જેવા પાકા સુધારક મહાત્માના મોંએથી બાઇની પ્રશંસા સાભળીને મહારાણા ઘણા પ્રસન્ન થયા અને તેમનાં દર્શન કરવાને માટે એટલા બધા ઉત્સુક બન્યા કે પોતાના રાજ્યમાંથી પંડિત મોહનલાલજીને બનારસ મોકલીને, ઉદયપુર પધારવાની વિનતિ કરી. મહારાણા સાહેબનું આમંત્રણ સ્વીકારીને બાઇ ઉદયપુર ગયાં અને ત્યાં કેટલાક દિવસ રહીને સં. ૧૯૩૯ માં કાશી પાછાં આવ્યાં.

એ અરસામાં માજી હરિકુંવરીના ગુણનો પ્રકાશ ઘણે દૂર સુધી ફેલાઇ ગયો હતો. આપણા દેશમાંથી વિવિધ પ્રાંતોના લોકો તેમનાં દર્શન સારૂ કાશી આવતાં; એટલુંજ નહિ, પરંતુ સાત સમુદ્ર પાર રહેનારા પરદેશી વિદ્વાનોમાં પણ બાઇએ સારી ખ્યાતિ મેળવી. થિયોસોફિકલ સોસાયટીની પ્રવર્તક મડમ બ્લેવેટસ્કી, કર્નલ ઓલ્કોટ, મિસિસ બિસેંટ, મિસ મુલર આદિ અનેક અંગ્રેજ વિદ્વાન અને વિદુષીઓ કાશી જતી, ત્યારે આનંદગુફામાં જઇને માતાજીનાં દર્શન કર્યા વગર રહેતી નહિ.

સંવત ૧૯૪૪ માં કલકત્તાના પ્રસિદ્ધ બાબુ કાલિકૃષ્ણ ઠાકુર

જ્યારે કાશી યાત્રા કરવા ગયા, ત્યારે બાઇના ગુણોની પ્રશંસા એમણે એટલી બધી સાંભળી હતી કે, એ બાઈના આશ્રમ ઉપર જવાની ઇચ્છાને રોકી ન શક્યા. એમણે જોયું કે, એ સમયે આનંદગુફા બિલકુલ જીર્ણ થઈ ગઇ હતી અને થોડા સમયમાં તેનો પડી જવાનો સંભવ હતો. એ બાબુએ એક અંગ્રેજ એન્જિનિયરની સલાહથી પાંત્રીસો રૂપિયાનું ખર્ચ કરીને ત્યાં એક સુંદર મજબૂત મકાન બંધાવી આપ્યું અને હજાર રૂપિયા રોકડા ભેટ કર્યા. એ દિવસથી બંગાળી લોકો એમને સાક્ષાત્ માતાસ્વરૂપ માનીને એમની ઘણી ભક્તિ કરવા લાગ્યા.

બાઈની સેવાચાકરી કરવાને માટે આ સમયે છસાત મનુષ્યો પોતાની ઇચ્છાથી રહેતાં હતાં; પરંતુ એમના ભરણપોષણની ફિકર બાઇને કરવી પડતી નહોતી. સેવકોજ એમનું બધું ખર્ચ પોતાની ખુશીથી નિભાવતા.

બાઇએ રામગીતા, શિવગીતા, અવધૂતગીતા, ગુરુગીતા, ગીતગોવિંદ, રામપંચાધ્યાયી, રાસપંચાધ્યાયી, સપ્તશતી, યોગવાસિષ્ઠ અને ઉપનિષદોનું પૂરૂં જ્ઞાન મેળવી લીધું હતું. રામાયણનો પણ એમણે ઘણો સારો અભ્યાસ કર્યો હતો તથા જ્યોતિષ અને વૈદકનો પણ એમને ઘણો શોખ હતો. એ પોતે ઘણી કિંમતી દવાઓ બનાવીને પોતાની પાસે રાખતાં અને ગરીબ દરદીઓને મફત આપતાં. એમણે શિવગીતા ઉપર એક ઘણીજ સરળ અને ઉત્તમ ટીકા લખી છે, જે વાંચ્યાથી તેમના વિચાર અને તેમની યોગ્યતા વગેરેનું પૂર્ણ જ્ઞાન થાય છે. તીર્થયાત્રા ઉપર બાઇની ઘણી રુચિ હતી; એટલા માટે ભારતવર્ષમાં જેટલાં મુખ્ય તીર્થો છે, તેટલાં બધાંની યાત્રા કરીને બાઇએ પોતાનો દેહ પવિત્ર કર્યો હતો. આજકાલની માફક એ વખત રેલવે ચારે તરફ ફેલાઈ ગઇ નહોતી; એટલે એ યાત્રા ઘણું કષ્ટ વેઠીને પગરસ્તે કરવી પડી હતી.

ઇ૦ સ૦ ૧૮૯૮ ના નવેમ્બર માસમાં ૭૨ વર્ષની વયે માજી હરિકુંવરીએ સ્વર્ગવાસ કર્યો. તેમના મૃત્યુથી ભારતવર્ષમાંથી એક અમૂલ્ય સ્ત્રીરત્ન ચાલ્યું ગયું.

१११-स्वामीभक्त आया

ઈ. સ. ૧૮૫૭ના બળવા વખતે અવધની અંગ્રેજી છાવણીના એક કર્નલની સેવામાં એક દેશી આયા રહેતી હતી. એમના એક દોઢ વર્ષના બાળકની સંભાળ રાખવી, એજ તેનું કામ હતું. જે દિવસે લખનૌમાં એકાએક લશ્કરી સિપાઇઓ ફિતૂરી થઈ ગયા, તે દિવસે એ આયા કર્નલના બાળકને હવા ખવરાવવા લઇ ગઈ હતી. હવા ખાઇને પાછી ફરતી વખતે તેણે બળવાખોર સિપાઇઓની ગડબડ સાંભળી. તરતજ બાળકને પોતાના કપડામાં સંતાડી દઇને એ બંગલે આવી; પણ એ વખતે તેનાં શેઠશેઠાણી કર્નલ અને તેમનાં મડમ બંગલો છોડીને ચાલ્યાં ગયાં હતાં. શહેરના બધા યુરોપિયનો પોતાનો જીવ બચાવવા સારૂ નાસી ગયા હતા અને સિપાઇઓ તેમના ઘરમાં લૂંટફાટ મચાવી રહ્યા હતા; ભોગજોગે કોઇ યુરોપિયન સ્ત્રીપુરુષ ઉપર તેમની દૃષ્ટિ પડતી, તો તેઓ તેને નિર્દયતાથી મારી નાખતા. તેમની મતિ આ વખતે એટલી બધી ભ્રષ્ટ હતી કે, સ્ત્રીહત્યા કે બાળહત્યાનું તેમને જરા પણ ભાન નહોતું. આવે વખતે શું કરવું, તે તેને સૂઝ્યું નહિ. મનમાં ને મનમાં ઘણી વાર સુધી વિચાર કર્યા પછી એ બંગલો છોડીને નાસી જવાની તૈયારીમાં હતી. એવામાં બળવાખોરો ત્યાં આગળ આવી પહોંચ્યા. તેણે એકદમ બાળકને પોતાના કપડામાં સંતાડી દીધું અને પોતે ત્યાં બેઠી. જાનને જોખમે પણ બાળકનું સંરક્ષણ કરવાનો તેણે નિશ્ચય કર્યો હતો. સિપાઇઓએ ઘરમાં પેસીને કહ્યું: "ફિરંગીકા બચ્ચા કિધર હે?" આયાએ કહ્યું: "મને ખબર નથી, મેમ સાહેબ તેને લઇ ગયાં હશે." પરંતુ સિપાઇઓએ કહ્યું કે, "હમને બાબાકો દેખા હે, એકદમ બતલાઓ, વરના તુમારા સિર કાટ ડાલેંગે." તેણે વારંવાર એજ વિનંતિ કરી કે, "સરદાર! મને જરા પણ ખબર નથી કે 'બાબા'

કર્યાં છે." તેની આ વિનતિથી દયા લાવવાને બદલે એક સિપાઈ ઊલટો ઉશ્કેરાઇ ગયો અને તેણે તેના શરીરમાં તલવારના ઘા કર્યા. એ ઘાને લીધે તે મૂચ્છિંત થઇ ગઇ.આ ઘરમાં કોઇ અંગ્રેજ નથી, એમ ધારીને સિપાઇઓ બીજા બંગલાઓ લૂંટવા ગયા.

શુદ્ધિમાં આવતાંવારજ આયાએ કપડાની નીચે બાળકને જોયું. જ્યારે તેને ખાતરી થઇ કે બાળક હજુ સહીસલામત છે, ત્યારે તેના આનંદનો પાર રહ્યો નહિ. અંધારામાં છાનીમાની એ પોતાને ઘેર ગઇ અને ત્યાં જઇને એ બાળકના મોં ઉપર મેશ ચોપડી દીધી કે જેથી એ કર્નલનું છોકરૂં છે, એવી કોઇને ખબર પડે નહિ. આ પ્રમાણે એણે ઘણા દિવસ એ બાળકને પોતાના સંતાન તરીકે ઉછેર્યું. આખરે થોડા દિવસ પછી એને ખબર પડી કે, એનાં શેઠશેઠાણી લખનૌમાં છે. એ ત્યાં આગળ ગઇ અને તેમના મોં આગળ બાળકને મૂક્યું. આવા આપત્તિના સમયમાં જે બાળકના જીવનની તેઓ આશા મૂકી ચૂક્યાં હતાં, તે બાળકને પોતાની આંખ આગળ રમતું જોયાથી, એ યુરોપિયન દંપતીને કેટલો બધો આનંદ થયો હશે, તેની કલ્પના વાચક બહેનો સહેલાઇથી કરી શકશે. બંને જણાંએ આયાનો ઘણોજ ઉપકાર માન્યો અને જણાવ્યું કે, "દિલગીર છીએ કે આ વખતે તારા ઉપકારનો લેશમાત્ર પણ બદલો વાળવાની અમારામાં શક્તિ નથી. અમે પોતે અત્યારે નિરાધાર અવસ્થામાં ટળવળીએ છીએ. જ્યારે ફરીથી દેશમાં શાંતિ ફેલાશે, ત્યારે અમે તારા ઉપકારનો બદલો વાળવાનું ચૂકીશું નહિ." આયા તેમની રજા લઇને, પોતાને વાગેલા ઘા ઉપર મલમપટા બાંધવા માટે પાછી પોતાને ઘેર ગઈ.

બળવો શાંત થઇ ગયા પછી તે પાછી લખનૌ જઇને પોતાના શેઠને ખોળવા લાગી. અફસોસ ત્યાં ગયા પછી તેને ખબર મળ્યા કે, કર્નલ અને તેમની મડમ બંનેનો સિપાઇઓને હાથે વધ થયો હતો અને જે બાળકને તેણે જીવના જોખમે બચાવ્યું હતું, તે બાળકને બીજા નિરાશ્રિત બાળકોની સાથે વિલાયત મોકલી દેવામાં આવ્યું હતું.

નિરાશ થઈ આયા ઘેર આવી. ધન્ય છે તેની સ્વામીભક્તિને!

११२-मडमने बचावनार हिंदु स्त्री

૧૮૫૭ માં સિપાઈઓના બળવાના સમયમાં ફૈઝાબાદના ડેપ્યુટી કમિશ્નરે કચેરીમાં ગયા પછી ખબર સાંભળ્યા કે, પાસેની છાવણીના સિપાઈઓ યુદ્ધ કરવા તૈયાર થયા છે. એ ખબર સાંભળતાંવારજ તેમના હોશ ઊડી ગયા. એમણે પોતાના એક વિશ્વાસુ પટાવાળાને બંગલે મોકલી પોતાની મડમને કહેવરાવ્યું કે, "તેણે બધી માલમતા છોડી દઇને તરતજ નદીકિનારે ચાલ્યા જવું." એ ચપરાસીને મડમની સાથે સાથે નદી સુધી જવાનો હુકમ મળ્યો. સ્ત્રીને સમાચાર કહેવરાવીને ડેપ્યુટી કમિશ્નર કોઇ કામ પ્રસંગે છાવણીમાં ગયા. પેલી તરફ તેમની સ્ત્રી એક મ્યાનામાં બેસીને ચપરાસી સાથે નદીના કિનારે જવા લાગી. સિપાઇઓ એ વખતે ગામ લૂંટવા તથા અંગ્રેજોને મારવા માટે ચારે તરફ ફરી રહ્યા હતા. તેમને જોતાંવારજ ભયભીત અને અસહાય થયેલી અંગ્રેજ મહિલા સંધ્યાકાળે એક ગામડામાં નાસી ગઇ. એ ગામડાની એક દયાળુ સ્ત્રીએ પોતાની જિંદગીને જોખમમાં નાખીને પણ એને આશ્રય આપ્યો તથા એક ભાંગ્યાતૂટ્યા ખંડિયેરમાં તેને સંતાડી દીધી. તેની સાથેનો ચપરાસી ત્યાંથી મ્યાનો લઇને નાસી ગયો. રાતને વખતે એ ગામમાં બળવાખોર સિપાઇઓએ પ્રવેશ કર્યો. લોકોના ઘરમાં પેસી જઇને ચારે ખૂણે નાસી ગયેલાં અંગ્રેજ સ્ત્રીપુરુષોને શોધવા લાગ્યા અને જે લોકો આશ્રિત અંગ્રેજોને તેમના સ્વાધીન ન કરી દેતા, તેમને મારી નાખવાનો ભય બતાવતા. ધીમે ધીમે તેઓ ફૈઝાબાદના ડેપ્યુટી કમિશ્નરની સ્ત્રી જે ઘરમાં સંતાઇ રહી હતી, ત્યાં આવી પહોંચ્યા. એ ઘરધણિયાણીને તેઓ અંગ્રેજો સંબંધી પૂછવા લાગ્યા, પરંતુ એ દયાળુ બાઇએ તે સિપાઇઓની ગમે તેટલી ધમકીઓ છતાં પણ, એ અંગ્રેજ રમણીનો પત્તો આપ્યો નહિ. એ મડમને ગામ-

માં પ્રવેશ કરતી વખતે ગામના ઘણા ખેડૂતોએ તથા તેમની સ્ત્રીઓએ જોઇ હતી; પણ એમનામાંના કોઈ પણ મનુષ્યે બળવાખોરો આગળ જઇને ચૂગલી ખાધી નહિ. ભયભીત મડમ આખી રાત એ ખંડિયેરમાં પડી રહી. ધીમે ધીમે બધો કોલાહલ શમી ગયો. બળવાખોર સિપાઇઓ બીજા ગામમાં ચાલ્યા ગયા. સવાર થતાં ડેપ્યુટી કમિશ્નરના વિશ્વાસુ પટાવાળાએ ત્યાંના પ્રસિદ્ધ જમીનદાર માનસિંહની પાસે જઇને એક હોડી માગી. દયાળુ માનસિંહે તેની વિનતિનો સ્વીકાર કરીને એક હોડી આપી. ડેપ્યુટી કમિશ્નરની પત્ની અને બીજી અંગ્રેજ સ્ત્રીઓ પોતાનાં સંતાનો સાથે એ હોડીના અંદરના ભાગમાં બેઠી. કેટલાક વિશ્વાસુ દેશી નોકરો અને સિપાઇઓ એ નૌકામાં બહારની બાજુએ બેઠા અને યાત્રાળુનો સંઘ છે, એમ કહીને હોડીને ચાલવા દીધી. એ નૌકામાં યૂરોપિયન સ્ત્રીઓ છે, એવી ખબર બળવાખોર સિપાઇઓને તેમણે પડવા દીધી નહિ. સંધ્યાકાળે એક નિર્ભય સ્થળે નૌકાને બાંધીને નોકરો રસોઇ કરવા લાગ્યા. આ ગામની સ્ત્રીઓએ પણ અંગ્રેજની સ્ત્રીઓને મદદ આપવામાં કચાશ રાખી નહિ. એક દયાળુ સ્ત્રીએ જોયું કે, અંગ્રેજોનાં ઘણાં બાળકો દૂધ વગર તરફડે છે. તરતજ એ ગામમાં ગઇ અને ધાવણવાળી કેટલીક સ્ત્રીઓને પોતાની સાથે લઈ આવીને નૌકા આગળ આવી. યૂરોપિયન સ્ત્રીઓએ ઉપકારપૂર્વક પોતાનાં બાળકોને તેમના હાથમાં સોંપ્યાં. એ દયાળુ ભારતવાસી મહિલાઓએ તે નિરાધાર બાળકોને સ્તનપાન કરાવીને તૃપ્ત કર્યાં. એમને ખબર હતી કે, સિપાઇઓના જાણ્યામાં આ વાત આવશે, તો તેઓ અમારો પ્રાણ લીધા વગર છોડશે નહિ; પરંતુ ગમે તેટલું સંકટ આવવાની શંકા હોય, તોપણ આર્યરમણીઓથી પોતાની આંખ આગળ કોમળ સ્ત્રીઓ અને નિર્દોષ બાળકોને રિબાઇને મરતાં કેવી રીતે જોઈ શકાય? તેમણે સિપાઇઓના ત્રાસની જરા પણ પરવા કર્યા વગર, નિરાશ્રિત અંગ્રેજ મહિલાઓને સહાયતા આપી અને એ સહાયતાને લીધેજ ફૈઝાબાદના ડેપ્યુટી કમિશ્નરની પત્ની તથા બીજી યૂરોપિયન સ્ત્રીઓ અલ્હાબાદ પહોંચી ગઈ.



११३–प्रमाणिक आया बमनी

આ વાર્તા પણ ઈ. સ. ૧૮૫૭ના બળવાના સમયની-જ છે. બમની એક અંગ્રેજ ડૉકટરની સેવામાં હતી. એ અવધ પ્રાંતના કેન્ટોન્મેન્ટ સર્જનના હોદ્દા ઉપર હતો. છાવણીમાં બળવો ફેલાયાની ખબર પડતાંવારજ, તેણે એક વિશ્વાસુ નોકર સાથે પોતાની મડમ અને ત્રણ બાળકોને લખનૌ મોકલી દીધાં. ડૉકટરની મડમને એ ગભરાટના સમયમાં ઘરેણાં-ગાંઠાં તથા બીજી કિંમતી વસ્તુઓ સાથે લઇ જવાનું સૂઝ્યું નહિ. એ તો અનાજના કોથળાઓની વચમાં છોકરાંઓ સાથે સંતાઇ જઇને, એક દેશી ગાડામાં બેસીને જીવ લઇને નાઠી. મડમ ગઈ તે વખતે આયા બમની ઘેર નહોતી; પણ ઘેર આવ્યા પછી તેને ખબર પડી કે, મડમ ઘરેણાંગાંઠાં તથા બીજી કિંમતી વસ્તુઓ બંગલામાંજ મૂકતી ગઇ છે.

એ સર્વ અલંકારોને એક કામળીના ટુકડામાં બાંધી લઇને એ પોતાને ઘેર ગઇ. (જણાવવું જોઇએ કે, ડૉકટરે પણ પોતાના બંગલામાં રહેવાનું સાહસ કર્યું નહોતું.) થોડા સમય પછી બળવા-ખોર સિપાઇઓએ આવીને ડૉકટરના બંગલાને આગ લગાડી દીધી. બમનીએ પોતાના શેઠના બંગલાનો નાશ થતો પોતાની આંખે જોયો; પણ તેને એટલો સંતોષ હતો કે, તેમના કિંમતી અલંકારો બચી ગયા છે. પોતાના ઝૂંપડામાં એક ખાડો ખોદીને બમનીએ એ અલંકારોને ઘણી લાંબી મુદત સુધી છુપાવી રાખ્યા. જ્યારે બળવો શમી ગયો અને બમનીને તેમના નિવાસસ્થાનની ખબર પડી, ત્યારે તેણે જાતેજ જઇને તેમનાં ઘરેણાં તેમને પાછાં સોંપી દીધાં.

ડૉકટરે તેને શું ઈનામ આપ્યું, તે અમારા જાણવામાં નથી; પણ અમે તો ગરીબ, વિશ્વાસુ દાસીની પ્રમાણિકતા તથા તેની શુદ્ધ નીતિ માટે તેને અનેકાનેક ધન્યવાદ આપીશું.

११४-१८५७ नी सेविकाओ

ઈસ૦ ૧૮૫૭ ના બળવામાં મેરઠ શહેરના ચાલાક સિપાઇઓએ ગામોનાં ગામ ઉજ્જડ કરી નાખ્યાં હતાં. એ પ્રમાણે લૂંટતા લૂંટતા તેઓ દિલ્હી પહોંચ્યા. એ વખતે અંગ્રેજોથી પોતાના પ્રાણનું રક્ષણ થઈ શક્યું નહિ. તેમની બહાદુરી કોણ જાણે ક્યાંએ ચાલી ગઇ! તેઓ જીવ લઇને ચારે તરફ નાસભાગ કરવા લાગ્યા. એ વખતે ગામડાંઓની અનેક દયાળુ સ્ત્રીઓએ તેમનું રક્ષણ કર્યું હતું. એ વખતે અંગ્રેજ સ્ત્રીપુરુષોમાં જરા પણ હિંમત રહી નહોતી. બધાએ એકસાથે ઊભા રહીને શત્રુઓની સામા થવા જેટલું પણ તેમનામાં સાહસ રહ્યું નહોતું. જ્યાં જેને લાગ ફાવ્યો, ત્યાં તે નાસી જઇને આશ્રય લેતા. એ સમયમાં બે અંગ્રેજ સ્ત્રીઓ એક ઘાયલ થયેલા ડૉક્ટરને સાથે લઈને ઉતાવળી ઉતાવળી દિલ્હીથી નાસી રહી હતી. ડૉક્ટરના ચહેરા ઉપર ગોળી વાગી હતી. ગોળી વાગવાથી તેની હડપચી તૂટી ગઇ હતી અને એ ઘામાંથી રાતદિવસ લોહી વહ્યા કરતું હતું. એને લીધે ડૉક્ટર ઘણોજ અશક્ત થઈ ગયો હતો. એ ઘાયલ ડૉક્ટરને સાથે લઇને બે અંગ્રેજ મડમો દિલ્હીથી કરનાલ તરફ જઇ રહી હતી. રસ્તામાં એમને ઘણી વિપત્તિઓ વેઠવી પડી હતી. કોઇ કોઈ વખત તો રાતે વિસામો કરવા જેટલી પણ જગ્યા મળતી નહિ. કેટલાક દિવસ સુધી ખોરાકને અભાવે ભૂખ્યાં રહેવું પડતું. એમના દુઃખની સીમા નહોતી રહી; પણ જ્યારે જ્યારે તેઓ કોઇ ગામડામાં પહોંચતાં, ત્યારે ત્યાંની સ્ત્રીઓ એ યૂરોપિયન ડૉક્ટર અને બે મડમોનો ભોજન વગેરેથી આદરસત્કાર કરતી. તેમને આશ્રય આપતાં તથા તેમની ભૂખતરસનું નિવારણ કરતાં ભારતીય મહિલાઓ કદી પણ સંકોચ લાવતી નહિ. એક દિવસ નાસી જનારાં એ ત્રણે યૂરોપિયનો કોઇ ગામડાની પાસે થઇને જઇ રહ્યાં હતાં, એટલામાં ત્યાંની ભારતમહિલાઓની દૃષ્ટિ તેમના ઉપર પડી;

બન્ને અંગ્રેજ સ્ત્રીઓની તથા ઘાયલ ડૉકટરની ભયંકર દુર્દશા જોઇને એ ગામની સ્ત્રીઓનાં હૃદય દયાથી પીગળી જવા લાગ્યાં અને ખરી સેવિકાઓની પેઠે, તેઓ તેમની શુશ્રૂષા કરવા લાગી. એક મહિલા પાણી ગરમ કરીને ડૉકટરનો ઘા ધોવા લાગી, તો બીજી સ્ત્રીઓએ તેમને ખોરાક આણી આપ્યો. એ સમયે બળવાખોર સિપાઇઓ ચારે તરફ ફરી રહ્યા હતા. જો એમને ખબર પડત કે, એ ગામની સ્ત્રીઓએ અંગ્રેજ સ્ત્રીપુરુષને બચાવ્યાં છે, તો તેઓ એ સ્ત્રીઓને પણ ઠાર મારી નાખવાનું ચૂકત નહિ. પરંતુ શરણાગતને આશ્રય આપવાનો મહા સિદ્ધાંત ૧૮૫૭ ની સાલ સુધી પણ આર્યરમણીઓના હૃદયમાંથી જરાય ખસ્યો નહોતો. પ્રાણુને હથેળીમાં લઇને તેઓ એ દુઃખી અંગ્રેજોની સેવા કરીને તેમના પ્રાણ બચાવવાનો યત્ન કરવા લાગી. એ બન્ને મડમો અને ડૉકટર ગામની હિંદુ સ્ત્રીઓની આગતા-સ્વાગતા તથા સેવાશુશ્રૂષાથી તૃપ્ત અને સાજાંતાજાં થઇને બીજા ગામમાં જઈ પહોંચ્યાં. ત્યાંની સ્ત્રીઓએ પણ એજ પ્રકારે તેમનો આદરસત્કાર કર્યો. આખરે તેઓ સહીસલામત બલગઢ નામના ગામમાં પહોંચી ગયાં. એ ગામની માલિક બ્રહ્મક્ષત્રિય જાતિની એક સ્ત્રી હતી. તેણે એ અંગ્રેજોને પોતાના મહેલમાં આશ્રય આપ્યો. તેણે એ નિરાધાર અંગ્રેજોને માટે ભોજન તૈયાર કરવાની તથા તેમની સેવાચાકરી કરવાની પોતાના નોકરોને આજ્ઞા આપી. એ ત્રણે જણાં બલગઢમાં રહીને પોતાનો થાક ઉતારવા લાગ્યાં. એ વખતે ડૉકટરની દશા તો એટલી બધી ખરાબ થઈ ગઇ હતી કે રાણીએ દયા આણીને તેને આશ્રય ન આપ્યો હોત તથા સિપાઇઓની દૃષ્ટિમાંથી તેને સંતાડી રાખ્યો ન હોત, તો એનાથી એક ડગલું પણ આગળ ન જવાત અને બળવાખોરોને હાથે માઠી અવસ્થામાં મરવું પડત. આ પ્રમાણે ઠેકાણે ઠેકાણે ભારતવાસી મહિલાઓની દયાથી આશ્રય અને ભોજન મેળવીને ઘણે દિવસે એ બે અંગ્રેજ રમણીઓ તથા એ અંગ્રેજ ડૉકટર ક્ષેમકુશળ કરનાલ જઇ પહોંચ્યાં.

ભારતવાસી સ્ત્રીઓએ ૧૮૫૭ ના બળવામાં અપૂર્વ આત્મોત્સર્ગ કરીને અંગ્રેજ સ્ત્રીપુરુષોને જે અમૂલ્ય સહાયતા આપી છે, તે ઉપકારનો બદલો વાળવા સારૂ અંગ્રેજ જાતિ, ભારતીય સ્ત્રીજાતિની ઉન્નતિ અર્થે જેટલા પ્રયાસ કરે, તેટલા થોડા છે.



११५–आत्मबलिदान आपनारी आया

અત્રે અમે એક બીજી વફાદાર આયાની નિમકહલાલીનો ઉલ્લેખ કરીશું. એ આયા કાનપુરના એક અંગ્રેજ અમલદારને ત્યાં નોકર હતી. સત્તાવનના બળવામાં કાનપુર શહેરને બળવાખોરોના સરદાર નાનાસાહેબે ઘેરો ઘાલ્યો, તે વખતે ત્યાંના અંગ્રેજોને નાસી જતાં ઘણી મુશ્કેલી નડી હતી. પોતાના બચાવનો બીજો કોઇ પણ ઉપાય નહિ જણાયાથી, તેમણે બળવાખોરોને કહ્યું કે, "તમે અમને સહીસલામત અલાહાબાદ જવા દો અને અમે રાજીખુશીથી કાનપુર તમારે સ્વાધીન કરી દઇએ છીએ." નાનાસાહેબે તેમની એ વિનતિ કબૂલ રાખી, એટલે અંગ્રેજો ઘરબાર છોડી દઇને સ્ત્રીઓ અને બાળકો સાથે નદીની તરફ જવા લાગ્યાં. એ બધાં નદીમાં બેઠાં, એટલે બળવાખોરોએ વિશ્વાસઘાત કરીને તેમના ઉપર ધડાધડ બંદૂકની ગોળીઓ છોડવા માંડી. ઉપર વર્ણવેલી આયાએ જોયું કે, હવે બચવાનો કાંઇ ઉપાય નથી. તે અમલદારનો એક બાળક તેના સ્વાધીનમાં હતો, તેને ગમે તેટલા જોખમે પણ બચાવવાનો તેણે સંકલ્પ કર્યો હતો. આયાનો પોતાનો પંદર વર્ષનો છોકરો પણ તેની સાથેજ હતો. આયા પોતાના પુત્રને તથા પોતાના અંગ્રેજ શેઠના પુત્રને લઇને હોડીમાંથી નદીમાં કૂદી પડી અને તરતી તરતી કિનારે આવી પહોંચી; પણ કિનારા આગળ તો અંગ્રેજોના લોહીના તરસ્યા સેંકડો બળવાખોરો ઊભા હતા. એક ગોરા બાળકને કાળી આયાના હાથમાં જોઇને તેમણે એ આયા ઉપર ચારે તરફથી ધસારો કર્યો અને કહ્યું: "અમે તને કોઇ પણ જાતની ઇજા કરવા નથી માગતા; તું અમને આ બાળક આપીને ચાલી જા." પરંતુ એ સ્વામીભક્ત આયાએ ઉત્તર આપ્યો: "જ્યાંસુધી આ ખોળિયામાં જીવ છે, ત્યાંસુધી તો હું આ બાળક આપી દેવાની નથી. ખુદાતાલાની ખાતર આ નિર્દોષ બાળક ઉપર

રહેમ લાવો. એ તમને તમારી નેકીનું ઇનામ જરૂર આપશે."

એ આયાનો પંદર વર્ષનો છોકરો માતાને કહી રહ્યો હતો: "અમ્મા! અમ્મા! એ છોકરાને આપી દે, નહિ તો આપણે બધાં ઠાર માર્યાં જઇશું." પરંતુ માતા પોતાના સંકલ્પમાં દૃઢ રહી. તેણે સ્થિરચિત્તે કહ્યું: "નહિ બેટા! એવું કદાપિ નહિ બને, મારી હયાતીમાં એવું કદી પણ બની શકશે નહિ."

આયાના મુખમાંથી આટલા શબ્દો નીકળતાંવારજ બળવાખોર સિપાઇની તલવાર મ્યાનમાંથી બહાર નીકળી અને એકજ સપાટામાં એ નિમકહલાલ આયાનું મસ્તક ધડથી છૂટું પડયું. મરતાં સુધી તેણે પોતાના અંગ્રેજ શેઠના બાળકને હાથમાં મજબૂતીથી પકડી રાખ્યું હતું. તે મરી ગયા પછી એ બાળક નીચે પડયું અને એ બળવાખોરો બંદૂકની સંગીન વડે એ સુકોમળ બાળકનું શિર વીંધીને હસવા લાગ્યા.

એ વીર આયાનો પુત્ર બચી ગયો અને તેના મોંએથીજ તેની માતાની અપૂર્વ સ્વામીભક્તિનું આ વૃત્તાંત પ્રસિદ્ધ થયું.

પરોપકારની ખાતર પોતાના પ્રાણને તુચ્છ ગણનાર હિંદુસ્તાનની નારીની તુલના કોની સાથે કરી શકાય એમ છે? એ સન્નારી દૈવીભાવથી ઉત્તેજિત થઇને જગતની સમક્ષ પોતાનું અસાધારણ મહત્ત્વ દેખાડી ગઇ છે.

ભારતની અબળાઓ છેક હમણાંના જમાના સુધી સ્વર્ગીયભાવનો વિકાસ કરી ગઇ છે. જીવનની મમતા છોડી દઇને એટલું સાહસ, અવિચલિત ધૈર્ય તથા બેહદ દયા દર્શાવીને નિરાશ્રિત અને વિપત્તિગ્રસ્ત પરદેશી મનુષ્યોને પણ તેમણે કેટલાં સુખ અને શાંતિ આપ્યાં છે, તેનો પરિચય આ બળવાના સમયની ભારતવાસી સન્નારીઓએ આપ્યો છે. એ સ્ત્રીઓ તેમના નિઃસ્વાર્થ પરોપકારને માટે સહૃદયી મનુષ્યોનું સદા સન્માન પામશે.



૧૧૬-૧૧૭-अजपा ब्रह्मचारिणी अने हकूहकी माता*

આ લેખને મથાળે જે બે અસામાન્ય પવિત્ર-ચરિત્રા રમણીનાં નામને ઉલ્લેખ કરવામાં આવ્યો છે, તેમની આધ્યાત્મિક શક્તિ ઘણી આશ્ચર્યકારક હતી તથા દેવદુર્લભ ગુણોથી તેઓ વિભૂષિત હતી. એમની કથા એક વાર્તા કે ઉપન્યાસના જેવી ચિત્તાકર્ષક છે; પરંતુ ખરૂં જોતાં એમાં કલ્પનાનો લેશમાત્ર પણ અંશ નથી. આ ઘટના જે સમયમાં બની, તે સમયના અનેક અંગ્રેજ અને ભારતવાસી અદ્યાપિ જીવિત છે અને તેઓ તેના ખરાપણાની સાક્ષી પૂરે છે. આ ટૂંકા જીવનચરિત્રની લાંબી પ્રસ્તાવના ન લખતાં, હવે અમે સંક્ષિપ્તમાં એમનો પરિચય કરાવીશું.

ઘણાં વર્ષ પૂર્વે (કલકત્તામાં હાઈકોર્ટની સ્થાપના થતાં પહેલાં) બંગાળા પ્રાંતમાં જે બંગાળી સદ્‌ગૃહસ્થોના હાથમાં ફોજદારી અને દીવાની મુકદ્દમાનું કામ સોંપવામાં આવ્યું હતું, તેઓ 'જજ-પંડિત'ના હોદ્દાથી ઓળખાતા હતા. એ લોકો ઘણુંખરૂં દીવાની મુકદ્દમાનો ન્યાય કરતા અને અંગ્રેજી જાણતા નહિ હોવાથી, બંગાળી ભાષામાંજ કચેરીનું કામ કરતા. ઉર્દૂ ભાષા જાણનારા એ ભાષામાં કામકાજ ચલાવતા. અજપા બ્રહ્મચારિણી એવા એક જજ-પંડિતની એકની એક કન્યા હતી. એના પિતા ન્યાતે બ્રાહ્મણ અને ઘરના સુખી હતા. અજપાનું નામ તેમના પિતાએ 'વિલાસિની' પાડ્યું હતું. મોટા માણસને ઘેર તેણે જન્મ લીધો હતો અને તેમાં વળી એકની

* શ્રીયુત્ ધર્માનંદ મહાભારતીના બંગાળી લેખને આધારે.

એક છોકરી હોવાથી એને લાડ લડાવવામાં કાંઇ બાકી રાખી નહોતી. બચપણથીજ મોજશોખ અને વિલાસમાં ઊછરવાથી એ બાળા નામ પ્રમાણે ગુણમાં પણ વિલાસિનીજ નીવડી. એક ધનવાન યુવકની સાથે વિલાસિનીનું લગ્ન કર્યું; પણ એનો સ્વામી બિલકુલ મૂર્ખ અને અત્યંત દુરાચારી હતો. સ્વામીના વિલાસપ્રિય ગુણોને લીધે વિલાસિની પહેલાં કરતાં પણ વધારે વિલાસિની થઇ ગઇ. ધીમે ધીમે પતિપત્નીની વચ્ચે ઘોર અણબનાવ ઉત્પન્ન થયો. અભાગી વિલાસિની નારીના દુર્લભ ધર્મને તિલાંજલિ આપીને કોઈ એક 'બાબુ' સાથે કાશી શહેરમાં નાસી ગઈ. થોડા મહિના પછી એ બાબુનું મૃત્યુ થયું. વિલાસિની પાસે પહેલાંનું જે ધન તથા અલંકાર હતાં, તે પણ તે અનેક જાતના મોજશોખમાં ગુમાવી બેઠી હતી; એટલે હવે એને જાહેર રીતે વેશ્યાનો ધંધો કરીને ગુજરાન ચલાવવાની ફરજ પડી. વિલાસિની અત્યંત રૂપવતી હતી. તેના સૌંદર્યથી ચારે તરફ આકર્ષણ થઇ રહેતું. થોડા સમયમાં એક પૈસાદાર જમીનદારનો આશ્રય મળવાથી, એ તેની 'રખાત' તરીકે દિવસ ગાળવા લાગી. પૈસાટકા, વસ્ત્રાલંકાર આદિથી પાછું એનું ઘર ભરાઇ ગયું. આ પ્રમાણે કેટલાક દિવસ ચાલ્યા ગયા; એવામાં એણે એક સ્ત્રીને મોંએ સાંભળ્યું કે, કાશીધામમાં મિશ્ર 'પોખરા' નામના મહોલ્લામાં એક બંગાળી પુરાણી આવ્યો છે, જે ગાનતાન સાથે રામાયણની કથા કરે છે અને એનાં ગાયનોથી આખું શહેર મુગ્ધ થઇ ગયું છે. ગાયનનો શોખ તો વિલાસિનીને હતો જ. એ પણ એક દિવસ એ પુરાણીની કથા સાંભળવા ગઇ. ધાર્મિક, સુંદર કંઠવાળા, બ્રહ્મજ્ઞાની ભક્ત બ્રાહ્મણ પુરાણીની કથા અને વ્યાખ્યાન સાંભળીને વિલાસિની એકદમ ચિત્રમાં આલેખેલી પૂતળીની પેઠે સ્થિર બેસી રહી. તેની આંખમાંથી પાણીની ધારા વહેવા લાગી. હૃદયમાં વૈરાગ્યનો પ્રબળ તરંગ વહેવા લાગ્યો. લાગલાગટ એક અઠવાડિયા સુધી વિલાસિની એ પુરાણીની કથા સાંભળવા ગઇ અને ઉપરાઉપરી સીતાની પતિભક્તિ, વાલ્મીકિનો ઉદ્ધાર, લક્ષ્મણની ભ્રાતૃભક્તિ, શ્રીરામચંદ્રનું દેવચરિત્ર, સંસારની અનિત્યતા, પાપનો પરાજય, ધર્મનો જય, ધનયૌવનની ક્ષણભંગુરતા વગેરે શ્રવણ કરીને તે એકદમ ગાંડા મનુષ્યની પેઠે રોવા લાગી. સોય ભોંકાતાં જેમ

દેહને પીડા થાય છે, તેમ પાપની સોચે-પાપના જ્ઞાને તેનું હૃદય વીંધી નાખવા માંડ્યું. તેણે એ વખતેજ પ્રતિજ્ઞા કરી કે, "હું સંપૂર્ણરૂપે પાપથી મુક્ત થઇને નવું જીવન ગાળીશ. જ્યારે ધાડપાડુ રત્નાકર પાપમુક્ત થઇને વાલ્મીકિ મુનિ થઇ શક્યો છે, જ્યારે પથ્થરની અહલ્યા રામના ચરણથી મોક્ષ પામવા સમર્થ થઇ છે, તો મારો પ્રયત્ન શું વ્યર્થ જશે ?" ઊંડી મનોવેદના, અટલ અને અચલ પ્રતિજ્ઞા તથા તીવ્ર વૈરાગ્ય સાથે અડધી રાતે, થોડાક પૈસા પોતાની સાથે રાખીને, પોતાના જાર જમીનદારની ગેરહાજરીમાં કાશીધામનો પરિત્યાગ કરીને એ વૃંદાવન ધામમાં એકલી જવાને પ્રવૃત્ત થઇ. થોડાક ગાઉ જઇને એણે પોતાનાં શ્વેત વસ્ત્રનો પરિત્યાગ કરીને ભગવાં વસ્ત્ર ધારણ કર્યાં. ગળામાં એક માળા પહેરી. માથે ભગવા રંગનો એક ફેંટો બાંધ્યો, હાથમાં કાષ્ઠનું કમંડલ લીધું અને બગલમાં મૃગચર્મ લઇ હરિનામ ગાતી ગાતી વૃંદાવનના માર્ગે તેણે પ્રયાણ કર્યું.

એ વખતે એના મનમાં તીવ્ર વૈરાગ્ય ઉત્પન્ન થયો હતો. એના હૃદયમાં શુદ્ધ ભાવ વ્યાપી રહ્યો હતો. એ સમયે ભગવત્પ્રેમમાં એ એટલી બધી તલ્લીન થઇ ગઇ હતી કે, બાહ્ય જગતનું તેને ભાન પણ નહોતું રહેતું. તેનું પૂર્ણ યૌવન, અનુપમ સૌંદર્ય, સંન્યાસિનીનો વેશ અને સુંદર કંઠમાંથી નીકળતું સુમધુર હરિનામ એ બધાથી આકર્ષિત થઇને વટેમાર્ગુઓ અને રસ્તામાં આવતાં ગામ તથા શહેરના લોકો તેને 'મા' 'મા' કહીને સંબોધન કરતા અને તેના ચરણની રજ ગ્રહણ કરીને તેની સેવા કરતા. ઘણા લોકો કહેતા કે, "આવી સુંદર યુવતીને માટે આવા રસ્તે એકલાં જવું એ વાજબી નથી." પણ જ્વલંત હુતાશન આગળ ઘાસ જેમ ક્ષણમાત્રમાં ભસ્મીભૂત થઇ જાય છે, તેમ વિલાસિનીના મનમાં એ સમયે જે ભગવદ્ભક્તિ અને તીવ્ર વૈરાગ્ય ઊપજ્યાં હતાં, તેને લીધે તેમની સન્મુખ આવતાંવારજ ગમે તેવા દુષ્ટ મનુષ્યની દુષ્ટતા છૂટી જતી અને એ ઊલટો માતા તરીકે તેની સેવા કરવા તત્પર થતો. ધર્મનું તેજ એવું છે. ભગવદ્ભક્તિની શક્તિ એટલી બધી છે.

અસ્તુ! વૃંદાવનમાં કેટલાક માસ ગાળ્યાથી વિલાસિનીદેવી પહેલાં કરતાં પણ વધારે ધ્યાનપરાયણા અને ભક્તિમતી બની ગઇ. યમુનાકિનારે એક પગે ઊભી રહીને સૂર્યની તરફ દૃષ્ટિ કરી-

ને પણ કોઇ કોઇ દિવસ એક કલાક કરતાં વધારે વાર સુધી જપ કરતી; કદી સળગતા અગ્નિની આગળ વીરાસન વાળીને બેસતી અને હરિનું ધ્યાન ધરતી તો કદી એકાંત વનમાં જઇ ઉપાસનામાં નિમગ્ન થતી; કદી યમુનાતટે એકલી સૂઇ રહીને પ્રેમાશ્રુ વર્ષાવતી, ‘મા’ ‘મા’ શબ્દથી ભગવાનને સંબોધતી.આ સમયે આ બહિર્જગતને તે બિલકુલ વીસરી જતી. ખાવાપીવાનું તેને જરા પણ ભાન રહેતું નહિ; છતાં પણ દિનપ્રતિદિન તેના દેહની કાંતિ અને મુખનું સૌંદર્ય અનિર્વચનીય ભાવે વધવા લાગ્યાં. બધાં સ્ત્રી-પુરુષો ઘાડી ભક્તિપૂર્વક તેની સેવા કરતાં અને રખે ભૂલેચૂકે તેનો કોઇ અપરાધ થાય, એમ ધારી હમેશાં તેનાથી બીતાં રહેતાં.

વૃંદાવન પરિત્યાગ કરીને વિલાસિનીદેવી પંજાબમાં આવેલા જ્વાળામુખી તીર્થમાં જઇ પહોંચી. ત્યાં સાધુપુરુષોનાં દર્શન કરીને જલંધર નગર પાછા જતાં રસ્તામાં ‘ચિંતામણિ’ નામક સ્થાનમાં ભવાનીદેવીના મંદિરમાં તેણે પ્રવેશ કર્યો અને વિસામો ખાવાની આશામાં ત્યાં બેઠી. દેવીના મંદિરની અંદર જતાંવાર તેણે પહેલવહેલું જે દશ્ય જોયું, તેથી તે વિસ્મિત થઇને કંપવા લાગી. તેણે જોયું કે, ઘણા પ્રાચીન સમયથી મંદિરનાં સ્થાનને અગણિત સાધુપુરુષો પવિત્ર ગણી ગયા છે. તે સ્થાનમાં ચારે દિશાઓને પોતાના તેજથી પ્રકાશિત કરી નાખનારી એક અત્યંત મનોહર દેવીમૂર્તિ હાથમાં વીણા લઇને બેઠી છે. ધ્યાનપૂર્વક જોતાં વિલાસિનીને જણાયું કે, એ મૂર્તિ નથી, પણ જીવતી મનુષ્યમૂર્તિ છે; પરંતુ તેનું રૂપ અતુલનીય હતું. વિલાસિનીને જાણે એ સ્થળે કોઇ અદશ્ય દેવતા આંગળી બતાવીને કહેતો હતો કે, “જો, જો, આ દેવીમૂર્તિ તારી મદદે છે. તું તેના ચરણનું શરણ લે.” વિલાસિનીએ એજ ક્ષણે એ સાધુના ચરણકમળમાં પોતાનું મસ્તક નમાવ્યું. એ મહાત્માએ મૃદુ, મધુર હાસ્યપૂર્વક વિલાસિનીના મસ્તક ઉપર પોતાનો સુકોમળ હાથ મૂકીને આશીર્વાદ આપ્યો. પારસમણિના સ્પર્શથી લોઢું જેમ મણિરૂપ થઇ જાય છે, તેમ એ દેવશરીરના સ્પર્શથી વિલાસિનીનું બધું અંગ પવિત્રતાથી પરિપૂર્ણ થઇ ગયું અને એના હૃદયમાં નવજીવનનો સંચાર થયો. મહાપ્રભુ ચૈતન્યદેવના દેહસ્પર્શથી મહાપાપી જગાઇ અને માધાઇના જીવનમાં જે પ્રમાણે અસાધારણ ફેરફાર થયો હતો, તે પ્રમાણે એ સાધુના દેહસ્પર્શથી

વિલાસિનીના હૃદયમાં પણ આશ્ચર્યકારક પરિવર્તન થયું. એ સમજી ગઇ કે, પાંજરામાંથી જેમ પક્ષી ઊડી જાય છે, તેમ તેના મનપિંજરમાંથી કુપ્રવૃત્તિ અને દુષ્ટ સંસ્કારે આજે ઊડી જઇને તેને નિષ્કલંક બનાવી દીધી. તે રોતે રોતે કહેવા લાગી: "આટલી બધી કૃપાથી હું ધન્ય થઇ છું. આટલે બધે દિવસે હું અભાગી ઉપર ભગવાનની કૃપા થઇ. આજે પાપનું પ્રાયશ્ચિત્ત થયું." સાધુએ હાથમાંની વીણા વગાડીને હિંદુસ્તાની ગાયન આરંભ્યું. વિલાસિનીએ એમાં તાલ પૂર્યો. ઉભયના કોમળ કંઠમાંથી નીકળતા એ મધુર હરિનામના ગાનથી દિશાઓ ગૂંજી ઊઠી. ગામનાં સ્ત્રીપુરુષો કહેવા લાગ્યાં કે, "અમારા સુભાગ્યે અહીંયાં દેવતાઓ પધાર્યા છે. તેમના આગમનથી ચિંતામણિ સ્વર્ગધામ બની ગયું છે."

થોડી વાર પછી બન્ને જણાં મંદિરમાંથી બહાર આવ્યાં, ત્યારે વિલાસિનીને ખબર પડી કે, જે સાધુ વ્યક્તિની સાથે તેને સમાગમ થયો છે, તે વ્યક્તિ પુરુષ નહિ પણ સ્ત્રી છે. પુરુષના વેશમાં એ ભ્રમણ કરતી હતી. ત્યાર પછી એણે એ સાધુ સ્ત્રી સંબંધી જે કાંઇ સાંભળ્યું તથા જે કાંઇ ખબર મેળવી, તેથી તો એ વધારે વિસ્મય પામી. એને ખબર પડી કે, મુસલમાન પિતાના ઔરસથી મુસલમાન માતાના ગર્ભમાં એ સાધ્વીનો જન્મ થયો હતો. તેનું મૂળ નામ કે જન્મસ્થાનની કોઇને ખબર નહોતી.

એ મુસલમાનોના શાસ્ત્રોમાં જેટલી વાકેફ હતી, તેટલીજ હિંદુશાસ્ત્રમાં પણ પારદર્શી હતી. કોઈ પણ ધર્મશાસ્ત્ર તેની પાસે લઇ જાઓ, તો એ ઝટઝટ તેની વ્યાખ્યા કરીને સમજાવી શકતી. તેને જાતિભેદ નહોતો. એ હિંદુ અને મુસલમાન બન્નેનું અન્ન ગ્રહણ કરતી અને બન્નેના ઉપર સમાન પ્રીતિ રાખીને બંનેના સમાગમથી સરખો આનંદ અનુભવતી. એ કોઇ દિવસ મંદિરમાં, તો કોઈ દિવસ મસ્જિદમાં વાસ કરતી. ભેદાભેદનું તેને જ્ઞાન નહોતું. તેનો ખરો ધર્મ શો છે, તે કોઇ જાણતું નહિ. સર્વદા એ આનંદમાં મગ્ન અને ભગવદ્ભક્તિમાં અનુરક્ત રહેતી. તેનો દેહ જેવો સુંદર હતો, તેવુંજ તેનું ચારિત્ર્ય પણ સુંદર અને પવિત્ર હતું. સ્વભાવમાં, વ્યવહારમાં અને વાતચીતમાં એ દેવી તુલ્ય હતી. ઘણા ધર્મચુસ્ત હિંદુઓ પણ તેના ચરણની રજને પવિત્ર ગણતા તથા તેની સેવા કરીને પોતાને કૃતાર્થ માનતા.

એ વધારે વાતચીત કરતી નહોતી. જે કાંઇ બોલતી તેમાં ધર્મ-તત્ત્વના ઉપદેશ સિવાય બીજું કાંઇ કહેતી નહિ. એ સાધ્વીની વય કેટલી હતી, તેની કોઇને ખબર નહોતી; પણ જેમ જેમ વય વધતી જતી હતી, તેમ તેમ ચ્યવન ઋષિની પેઠે તેનું યૌવન પાછું આવતું અને તેનું દૈવી શરીર તપ્ત કાંચનની પેઠે જ્યોતિર્મય થતું હતું. એ વારંવાર હક્ હક્ શબ્દનો ઉચ્ચાર કરતી એટલા માટે, લોકો તેને હક્‌હકી માતા કહીને સંબોધન કરતા. ફારસી ભાષામાં હક્ શબ્દનો ભાવાર્થ ભગવાન હોય છે. સંસ્કૃત સચ્ચિદાનંદ શબ્દમાં સત્ શબ્દનો જે અર્થ છે, તેવોજ અર્થ હક્‌નો છે. (અર્થાત્ નિત્ય, સ્થાયી, અમર, અનવદ્ય, અક્ષર, સત્ય.)

લોકો એમ માનતા કે, હક્‌હકી માતાને વચનસિદ્ધિ છે. તેમના શ્રીમુખમાંથી જે વાણી નીકળે છે, તે કદી મિથ્યા થતી નથી; જ્વલંત સત્ય નીવડે છે. એ મહાતપસ્વિની હતી અને અસાધારણ આધ્યાત્મિક બળ વડે અલૌકિક કાર્યો સાધી શકતી. લોકોની એ માન્યતા ખરી હોય કે ખોટી, તે સંબંધી આપણે વધારે કામ નથી. આપણે આપણા વિષય ઉપર આવીશું. વિલાસિની દેવી તેની શિષ્યા બની. હવેથી વિલાસિનીનું નામ અજપા બ્રહ્મચારિણી રાખવામાં આવ્યું. ગુરુ હક્‌હકી માતાએ દીક્ષા આપતી વખતે તેનું એ નામ પાડયું; પણ દીક્ષા આપતી વખતે એ સાધ્વીએ તેને કહ્યું: "બેટા! હું તો તારી ઉપદેશિકા માત્ર છું; તારો ખરો ગુરુ તો શ્રીભગવાન છે."

બંને જણીઓ બ્રહ્મનાં ગુણગાન કરતી કરતી પરમ આનંદપૂર્વક પંજાબ પ્રાંતમાં નૌશેરા નામક સ્થાને આવી પહોંચી. એક સમાધિક્ષેત્રમાં આવીને એમણે ઉતારો કર્યો. એ સ્થળે ઘણા મુસલમાન ફકીર મહાત્માઓ સમાધિસ્થ થયા હતા. એનાથી થોડે છેટે હિંદુ મહાત્માઓનું સ્મશાન હતું. એ બંને તીવ્ર વૈરાગ્યમય સ્થળોના સંધિસ્થાને કેટલાંક મનોહર વડનાં ઝાડો હતાં. એ વૃક્ષોની છાયામાં કેટલાક દિવસ એકાંત વાસ કરીને ભગવાનનું ધ્યાન ધરવાનો તેમણે સંકલ્પ કર્યો હતો. એ સમયમાં બ્રિટિશ સરકાર એક છાવણી–'કેન્ટોનમેન્ટ' સ્થાપવાને માટે પ્રયત્ન કરતી હતી. ફરતાં ફરતાં તેમને એ જગ્યા પસંદ આવી અને એ કબ્રસ્તાન અને સ્મશાનની વચ્ચેની જમીનમાં ગોરા સિપાઇઓનાં મકાન બાંધવા તૈયાર થઇ. બંને સાધ્વીઓ-

એ ઘણાએ નિષેધ કર્યો, પણ કોઇએ તેમની વિનતિ તરફ ધ્યાન આપ્યું નહિ. આખરે હક્‌હકી માતાએ કહ્યું: “ અહીંયા બંધાવેલાં મકાન જમીનદોસ્ત થઈ જશે. એ મકાન બાંધનારા અને તેમને સહાય કરનારા કોઈ જીવતા રહેશે નહિ.” વાચકો જાણીને આશ્ચર્ય પામશે કે, એ મકાનો અને છાવણી તથા તે છાવણી બાંધવામાં મદદ કરનારા એકેએક જમીનદોસ્ત થઇ ગયા હતા. ઘણા થોડા વખતમાં એ અદ્‌ભુત ઘટના બની હતી. શ્રીયુત્ ધર્માનંદ મહાભારતીએ ઘણાં વર્ષ પૂર્વે આ વાત પંજાબમાં લુધિયાના શહેરના સુવિખ્યાત વકીલ અને ફરીદકોટ રાજ્યના માજી દીવાન શ્રીયુત્ રાયબહાદુર બરદાકાંત લાહિડી મહાશયને મુખે સાંભળી હતી. ત્યારબાદ એ ખબર અલાહાબાદના જગવિખ્યાત પત્ર ‘પાયોનિયર’ માં પ્રકટ થઈ હતી. કલકત્તાના પ્રખ્યાત વર્તમાન પત્ર ‘ઇંગ્લીશમેન’ ની ઑફિસમાંથી દર રવિવારે ‘જર્નલ’ નામનું પત્ર બહાર પડે છે, તેમાં કેટલાક સમય પૂર્વે એ ઘટનાનું વિવરણ ફરીથી પ્રકટ થયું હતું. જેમને જર્નલ પત્ર જોવાની સગવડ ન હોય, તેમણે ‘ઇંડિયન મીરર’ ના ૧૯૦૭ ના ૧૫ મી માર્ચના અંકના વધારામાં ‘ધી કર્સ ઑફ ધી ફકીર’ (ફકીરનો શાપ) નામનો નિબંધ વાંચી લેવો. પંજાબ પ્રાંતમાં ઘણે ઠેકાણે હજુ પણ એ કહાણી સાંભળવામાં આવે છે. જર્નલપત્રમાં કોઇ એક યુરોપિયન ફોજી અમલદારે જે કાંઇ લખ્યું હતું, તેનો અનુવાદ અત્રે ઉતારીશું:—

“હું એ બનાવ બન્યો તે સમયનો લશ્કરી અમલદાર છું. હવે ઘણો ઘરડો થઇ ગયો છું અને પેન્શન ખાઉં છું. એ સાધુ સ્ત્રીઓ હતી. પુરુષનો વેશ ધારણ કરીને ફરતી હોવાથી, ઘણા લોકો ભૂલમાં એમને પુરુષ ધારતા. ઇ. સ. ૧૮૫૯ માં ત્રીજા નંબરની ‘બેંગોલ કેવેલ્રી’ (ઘોડેસવાર ફોજ) નોશેરાના મેદાનમાં પહોંચી, ત્યારે હું પેશાવરમાં કપ્તાન હતો. પાંચમી ટુકડીના અધ્યક્ષ કપ્તાન એન્ડર્સને સૌથી પહેલાં નોશેરામાં છાવણી બાંધવાનું કામ શરૂ કર્યું અને એ સાધુ બાઇઓની વિનતિની બેપરવાઈ કરી. એમણે પોલો રમતાં રમતાં ઘાયલ થઇને પ્રાણ તજ્યો હતો. કેપ્ટન વિલિયમ હરણનો શિકાર ખેલવા જતાં મૃત્યુના મુખમાં પડ્યા હતા. ડૉકટર પામર ભરનદીમાં વહાણ ડૂબી જવાથી મરી ગયા હતા. એન્જિનિયર વૉટલિંગને વાઘના

મોંમાં ફસાઇને જીવનલીલા સંવરણ કરી હતી અને આંધી તથા રેલ આવવાથી એ છાવણી અને ત્યાંનાં મકાનો પણ જમીનદોસ્ત થઇ ગયાં હતાં. આ બધા બનાવ એ સાધુ બાઇઓના શાપ દીધા પછી થોડા દિવસમાંજ બન્યા હતા."

ત્યાર બાદ નૌશેરાનો પરિત્યાગ કરીને વિવિધ શહેરોમાં ફરતાં ફરતાં તેઓ રજપૂતાનાના અરવલ્લી પહાડ તરફ રવાના થયાં. કોઇ વિશાળ પ્રાચીન ગુફામાં પ્રવેશ કરવાનો તેમનો વિચાર હતો. અંધારી અમાવાસ્યાની રાત્રી હતી. ગુફાના દ્વાર આગળ એક ભયંકર અજગર, સાપ અને તેનાં બચ્ચાંને રમતાં જોઇને એ બન્ને જણીઓ પાસેના એક ઝાડ નીચે બેસી ગઇ. એકાગ્રચિત્તે એ બે જણીઓ સર્પની ક્રીડા જોઇ રહી હતી, એવામાં એક જણના હાથે હફહફી માતાની પીઠને અને બીજાના હાથે અજપા બ્રહ્મચારિણીની પીઠને સ્પર્શ કર્યો. એ બે જણાં મોં ફેરવીને જોઇ શકે, એટલી વારમાં એ બન્ને જણા એમને પોતાની બગલમાં ઊંચકીને ચાલવા લાગ્યા. એ લોકો કોણ છે, શા માટે લઇ જાય છે અથવા ક્યાં લઇ જાય છે, તેની એમને જરા પણ ખબર પડી નહિ. એ બે જણાઓ એ બે સાધ્વીને ઊંચકીને છાનામાના નાસતા હતા. રસ્તામાં એ કોઇ કોઇ વાર કહેતા કે, "તમે જો ચીસ પાડશો કે ઉત્પાત મચાવશો, તો તમારાં બન્નેનાં ગળાં કાપી નાખીશું." બ્રહ્મચારિણી અને માતાજીને પૂર્વોક્ત મનુષ્યો ખાંધ ઉપર ઊંચકી જઇને પર્વતો, ખાઇઓ, વનો અને જળાશયો ઓળંગીને ઘણા દૂરના સ્થાને જઈ પહોંચ્યા. ત્યાં થોડો વખત વિશ્રામ લઇને પાછા એમને પહેલાંની પેઠે ખાંધે નાખીને ચાલવા લાગ્યા અને એક સ્થળે અંગ્રેજોની છાવણી પડી હતી, ત્યાં લઈ જઇને અજપા બ્રહ્મચારિણી અને માતાજીને એક નાના કેદખાનામાં પૂર્યાં. રાત વીતી ગઈ અને પ્રભાત થયું એટલે એમણે જોયું કે, આ સ્થાન યૂરોપિયન સૈનિક અમલદારો અને અંગ્રેજ સિપાઇઓથી ભરપૂર છે. દિવસના આઠ વાગ્યાને શુમારે કારાગૃહનાં દ્વાર ઉઘાડીને એક સિપાઇએ તેમને સેનાપતિ—કર્નલ આગળ રજૂ કર્યાં. કર્નલે કહ્યું: "ઘણા દિવસ થયાં અમે તમારી શોધમાં ફરતા હતા. તમને પકડવાની અમારી ઇચ્છા આજ પૂર્ણ થઇ છે. જે માણસોની શોધમાં અમે હતા, તે અવશ્ય તમેજ છો." બ્રહ્મચારિણીએ કહ્યું:

" તમે શું કહો છો તે અમે સમજી શકતાં નથી. " સેનાપતિએ કહ્યું: " તમને એ તો જરૂર ખબર હશે કે આજકાલ હિંદુ અને મુસલમાન સિપાઇઓએ પ્રપંચ કરીને આ દેશમાંથી અંગ્રેજોને હાંકી કાઢવા માટે બંડ ઉઠાવ્યું છે. એ બળવાખોર સિપાઇઓને સહાય કરવા માટે કેટલાંક સ્ત્રીપુરુષો ઠેકાણે ઠેકાણે ફરતાં રહીને, તેમને માટે ખોરાક, વસ્ત્ર તથા હથિયાર વગેરે મોકલે છે. તે ઉપરાંત અંગ્રેજોની ખાનગી હિલચાલોની બાતમી મેળવીને તે પણ સિપાઇઓને જણાવે છે. એજ ગંભીર અપરાધ માટે તમને પકડવામાં આવ્યાં છે. એ આરોપ સંબંધી તમારે કાંઇ કહેવું હોય, તો બેલાશક કહી શકો છો." કર્નલની વાત સાંભળીને બે જણીઓએ હા કે ના કાંઇ કહ્યું નહિ. કર્નલે કહ્યું: " હાલના વખતના માર્શલ લૉ (લશ્કરી કાયદા) પ્રમાણે હું તમને બન્નેને દેહાંત દંડની સજા કરૂં છું. કયે દિવસે અને કયે વખતે તમારી એ સજા અમલમાં આવશે તે હું ઉપરીની સલાહ લઇને તમને જણાવીશ." બપોરે કર્નલે મુખ્ય સેનાપતિ–જનરલની સાથે વાતચીત કરીને શું કરવું, તે નક્કી કરવાની વિનતિ કરી. ઘણા વાદવિવાદ બાદ જનરલે અજપા બ્રહ્મચારિણી અને હક્-હકી માતાને પ્રાણદંડની સજા મંજૂર કરી. સાંજને વખતે એક સિપાઇએ કેદખાનાનાં બારણાં આગળ જઈને એ બે બંદીવાન બાઇઓને જણાવ્યું કે, " કાલ સવારે નવ વાગ્યાને સમયે બંદૂકની ગોળી મારી તમને મારી નાખવામાં આવશે." સિપાઇ ચાલ્યો ગયો. માતાજીએ બ્રહ્મચારિણીને કહ્યું: " ચિંતા કે ભય-નું કાંઇ કારણ નથી. દેશનો ધર્મ અને સ્વાધીનતાનું રક્ષણ કરવા સારૂ હિંદુમુસલમાન સિપાઇઓએ બળવો કર્યો છે, તેમને લાભ પહોંચાડીને આપણે આપણું જીવન કૃતાર્થ કર્યું છે. કાલે પ્રાણ-ત્યાગ કરવો પડશે, તો આપણું જીવન વધારે સફળ થશે." ખાધાપીધા વગર કારાગારની નાની કોટડીમાં બેસીને બે સાધ્વીઓએ મુક્તકંઠે, ઘણાજ મધુર સ્વરે ભગવાનની સ્તુતિ કરી અને ઇશ્વરના ગુણ ગાયા. આ પ્રમાણે અડધી રાત વીતી ગઇ. બેએક પહેરેગીરો સિવાયના બધા અંગ્રેજ અમલદારો નિદ્રા-દેવીને વશ થઇ ગયા. રાતના લગભગ એક વાગ્યાને સમયે કોણ જાણે ક્યાંથી, લગભગ ચારસો પાંચસો શસ્ત્રધારી હિંદુમુસલમાન સિપાઇઓ ' હરહર મહાદેવ ' અને ' અલ્લા હો અકબર ' ની

બૂમ પાડતા પાડતા ત્યાં ઘણી ત્વરાથી આવી પહોંચ્યા અને અંગ્રેજ લોકોના તંબૂને આગ લગાડી દીધી તથા તેમની સેનાના પોતાના હથિયારોથી ટુકડે ટુકડા કરી નાખીને તેમનાં હથિયારો લૂંટી લીધાં અને અજપા બ્રહ્મચારિણી અને હકૂહકી માતાને કારાગૃહમાંથી છોડાવીને ચાલ્યા ગયા. એ સ્થળે અંગ્રેજોનો પડાવ હતો, તેનાં કાંઇ પણ ચિહ્‌ન બાકી રાખતા ન ગયા.

આગ્રા શહેરમાં એ સમાચાર પહોંચ્યા. અંગ્રેજ લોકોએ એ બે સાધ્વીઓને પકડવાને માટે એક વાર ફરીથી પ્રયત્ન કર્યો; પણ તે વ્યર્થ ગયો. એ વખતે પ્રસિદ્ધ નાનાસાહેબ નેપાળની તરફ નાસતો હતો અને લાલા કુમારસિંહ બળવાખોરોની સાથે મળી જઇને ઘણી વૃદ્ધ વયમાં અંગ્રેજ સેના જોડે ઘોર યુદ્ધ કરવામાં મસ્ત થયો હતો. લાલા કુમારસિંહે બિહાર પ્રાંતમાં શાહાબાદ (હાલનું નામ આરા) જિલ્લામાં બિહિયા રેલવે સ્ટેશનની પાસે જગદીશપુર નામક ગામમાં જન્મ ગ્રહણ કર્યો હતો. તે ધનવાન, સાહસિક, બળવાન અને ઘણો પ્રભાવશાળી જમીનદાર હતો. એણે વૃદ્ધ વયમાં ઘણું શૌર્ય અને પરાક્રમ બતાવીને યુદ્ધક્ષેત્રમાં, કાનપુર જિલ્લામાં બિઠુર ગામની પાસે ગંગા નદીના કિનારા ઉપર મહામુનિ વાલ્મીકિના આશ્રમ સન્મુખ પ્રાણત્યાગ કર્યો હતો. એના મૃત્યુના થોડાક મહિના પૂર્વે અજપા બ્રહ્મચારિણી અને હકૂહકી માતા તેની પાસે ગુપ્ત રીતે પહોંચ્યાં હતાં. કુમારસિંહે એમને ગુપ્ત રીતે જગદીશપુર મોકલી આપ્યાં હતાં. એ વખત સુધી જગદીશપુર ગામ અંગ્રેજોના હાથમાં આવ્યું નહોતું. બળવાનો અંત આવ્યો. બ્રિટિશ સરકારે કુમારસિંહનાં ઘરબાર અને મિલકત જપ્ત કરી લીધાં. હાલ એ મિલકત સરકારની માલિકીની ગણાય છે.

બ્રહ્મચારિણી અને હકૂહકી માતા લગભગ સાત માસ સુધી જગદીશપુરમાં રહ્યાં હતાં. ત્યાં આગળ તેમણે સેનાની સ્થિતિ જોઇ તથા સેનાને માટે અસ્ત્રશસ્ત્ર એકઠાં કરવા સારૂ કરવા પડેલા પ્રવાસમાં એમણે દેશની હાલત પણ સારી પેઠે જોઇ હતી. હવે તેમને સ્પષ્ટ ખાતરી થઈ કે, અંગ્રેજોનું રાજ્ય નાશ કરવા યોગ્ય આ સમય નથી. વર્તમાન સમયમાં ભારતવર્ષમાંથી અંગ્રેજોનું રાજ્ય ચાલ્યું જાય, તો ભારતમાં અંધેર વર્તશે અને ભારતવાસીઓ મોટી આફતમાં આવી પડશે; એટલા માટે યુદ્ધ સંબંધી

કોઈ પણ કામમાં હસ્તક્ષેપ નહિ કરવાનો નિશ્ચય કરીને એ બે સાધ્વીઓ કોણ જાણે ક્યાં ચાલી ગઇ, તેની કોઇને ખબર પડી નહિ. ત્યારથી તે આજ સુધી એમના કાંઇ સમાચાર મળ્યા નથી.

બિહિયા વિભાગનાં ઘણાં વૃદ્ધ સ્ત્રીપુરુષોને મોંએ સાંભળ્યું છે કે, અજપા બ્રહ્મચારિણી અને હક્‌હકી માતા જ્યારે આ પ્રાંતમાં વસતાં હતાં, ત્યારે અહીંના બધા હિંદુ અને મુસલમાન લોકો તેમને વશીભૂત હતા. તેમના ઉપદેશ અને આજ્ઞાને હરકોઇ માન આપતું. તેમનાં બંનેનાં ચરિત્ર, સ્વભાવ, વ્યવહાર અને કર્મ જોઇને બધાં મુગ્ધ થઇ જતાં. બિહારના બધા લોકો દેવીની માફક એમના ઉપર ભક્તિ રાખતા. તેમનામાં એવી અલૌકિક શક્તિ હતી કે કોઈ પણ વાતનો સંકલ્પ કરીને કોઇની પાસે જતાં તો એ મનુષ્ય એમની ઇચ્છા પૂર્ણ કર્યા વગર રહેતો નહિ. કંજૂસમાં કંજૂસ જમીનદારો અને વાણિયાઓ જે કદી એવા કામમાં કોડી પણ આપતા નહિ, તેઓ આ સાધ્વીના પહોંચતાંવારજ પાણીની માફક પૈસા ખર્ચતા. એમનામાં તપના બળે એવી કોઇ આકર્ષણ શક્તિ આવી હતી કે, કોઈ પણ મનુષ્યની તરફ દૃષ્ટિપાત કરવાથીજ તેના વિચાર તેઓ બદલી શકતાં. મનુષ્યોના મનનો ભાવ એ સાધ્વીઓ યોગબળે આપોઆપજ સમજી જતી. અસ્તુ! પરોપકાર, દેશ અને જનસમાજનું કલ્યાણ તથા આત્માનો ઉત્કર્ષ સાધીને અજપા બ્રહ્મચારિણી અને હક્‌હકી માતા, વિમળ ચરિત્રનું ઉત્કૃષ્ટ દૃષ્ટાંત દેખાડી ગયાં છે. તેઓ ઉન્નત ચરિત્ર અને કઠોર સાધનાનું શ્રેષ્ઠ દૃષ્ટાંત છે. એવી રમણીઓ પૃથ્વીના કોઇ પણ દેશ અને કોઇ પણ સમાજમાં જન્મે તોપણ સમગ્ર જગતના અલંકારસ્વરૂપ ગણાવા યોગ્ય છે.



११८–महाराणी स्वर्णमयी

શકે ૧૭૪૮ અર્થાત્ ઇ. સ. ૧૮૨૭ના માગશર માસમાં મહારાણી સ્વર્ણમયીનો જન્મ વર્ધમાન જિલ્લામાં ભાટાકુલ ગામમાં એક દરિદ્ર કુટંબમાં થયો હતો. ભાટાકુલ ગામમાં તેમનું નામ 'શારદાસુંદરી' હતું. શારદાસુંદરી ખરેખર શારદાસુંદરીજ હતાં. રૂપ પ્રમાણેજ તેમનું સૌંદર્ય અને માધુર્ય હતું. શારદાસુંદરીએ અગિયાર વર્ષની વય સુધી પિયેરમાં વાસ કર્યો હતો. એ અગિયાર વર્ષમાં તેમણે રૂપ અને ગુણથી દેવકન્યાની પેઠે ગામના પ્રત્યેક નિવાસીને મંત્રમુગ્ધ કરી નાખ્યા હતા. ગુણમાં એ રમા જેવાં અને રૂપમાં તિલોત્તમા સમાન હતાં. દરિદ્રની કન્યા હોવા છતાં પણ, કરુણામાં કમળા સમાન હતાં. હાલ અમે કહીએ છીએ કે, " મહારાણી સ્વર્ણમયીના જેવી દયા બીજા કોઇનામાં નથી." એ વખતે ભાટાકુલના રહેવાસીઓ કહેતાં કે, " આ જગતમાં શારદાસુંદરીના જેવી દયા બીજા કોઇનામાં નથી." જે મહારાણી સ્વર્ણમયી નિયમિત માસિક પગાર બાંધી આપીને અથવા એકસામટી મદદ આપીને ગરીબ વિધવાઓનું દુઃખ દૂર કરવાનો યત્ન કરતાં હતાં, તે બાલ્યાવસ્થામાં શારદાસુંદરી તરીકે નાના ગામડામાં કરુણાથી ગળગળાં થઇને પોતાના પાલવથી વિધવાઓનાં અશ્રુ લૂંછતાં હતાં. ઇસ્પિતાલોમાં ડૉકટર, દાઇ વગેરે દ્વારા વિપન્ન, દરિદ્રો અને સહાયહીન રોગીઓની સેવાશુશ્રૂષા તથા ચિકિત્સા કરવા સારૂ જે મહારાણી સ્વર્ણમયીએ પાછળથી પુષ્કળ દાન કર્યું હતું, તેમણે બાલ્યાવસ્થામાં શારદાસુંદરીરૂપે સુકુમાર હસ્તથી પોતાના ગામનાં દુઃખી અને પીડિત લોકોની સેવાશુશ્રૂષા કરી હતી. મહારાણી સ્વર્ણમયીએ પોતાના જીવનમાં નિરાશ્રયા, પુત્રશોકાતુરા, હતભાગિની જનનીઓના ગુજરાનનો બંદોબસ્ત કરીને તેમનો શોક થોડોઘણો

ઓછો કર્યો હતો. નાનપણમાં ક્ષુદ્ર બાલિકા શારદાસુંદરીએ કોમળ સ્વરે પ્રેમપૂર્વક 'મા' 'મા' કહીને અનેક પુત્રશોકાતુર માતાઓના પ્રાણમાં શાંતિસુધાનો સંચાર કર્યો હતો. ક્ષુદ્ર બાલિકા શારદાસુંદરીના બાલ્ય હૃદયમાં કરુણાની અનંત ધારા વહેતી હતી! એ વખતે શારદાસુંદરી દરિદ્ર હતી; છતાં પણ પ્રસંગ આવ્યે દયા પ્રગટ કરવામાં તેમણે સંકોચ કર્યો નહોતો.

શારદાસુંદરીમાં રૂપ હતું, તેવાજ ગુણ પણ હતા. બધા એમને સુલક્ષણા બાલિકા તરીકે ઓળખતા. મુર્શિદાબાદના લોકોએ તેમના રૂપ, ગુણ અને સદાચારની પ્રશંસા સાંભળીને, રાણી હરસુંદરીની પાસે જઈને સૂચના કરી કે, "આપના કુમાર કૃષ્ણનાથની સાથે શારદાસુંદરીનું લગ્ન કરશો, તો એ સંબંધ મણિકાંચન જેવો થશે." રાણી હરસુંદરીના ધ્યાનમાં એ વાત ઊતરી. તેણે દરિદ્રની કન્યા ગણીને શારદાસુંદરીનો સ્વીકાર કરવામાં જરા પણ આનાકાની કરી નહિ. એ વખતે લોકો સંબંધ બાંધતી વખતે વરકન્યાનાં લક્ષણ તથા તેમના ગ્રહ એ બે વાનાંજ જોતા. બહારનો ઠાઠમાઠ કે ધનવૈભવનો જરા પણ વિચાર કરતા નહિ. એ વખતે ઘણી પ્રતિષ્ઠા અને વૈભવવાળા પુરુષો પણ નિર્ધનની ગુણવતી કન્યા લેતાં લેશ પણ સંકોચાતા નહિ.

રાણી હરસુંદરીએ તો શારદાસુંદરીના ગુણનો પક્ષપાત કરીને, તેની સાથે પોતાના પુત્રનું લગ્ન કરવાની ઇચ્છા દર્શાવી; પણ કુમાર કૃષ્ણનાથને અંગ્રેજી સુધારાની અસર થોડી ઘણી થઈ ચૂકી હતી. તેણે સ્પષ્ટ કહ્યું હતું કે, "હું જ્યાંસુધી કન્યાને નજરેનજર જોઈશ નહિ, ત્યાંસુધી એ બાબતમાં કોઈ નિર્ણય ઉપર આવીશ નહિ." આખરે એજ પ્રમાણે કરવા દેવામાં આવ્યું. કુમાર કૃષ્ણનાથે અનેક કન્યાઓ જોઈને છેવટે શારદાસુંદરીનેજ પસંદ કર્યાં. ઈ૦ સ૦ ૧૮૩૮ ની સાલમાં શારદાસુંદરીનું લગ્ન રાજકુમાર કૃષ્ણનાથ સાથે થઈ ગયું. હવે દરિદ્ર કન્યા રાજવધૂ (રાજલક્ષ્મી) બની. અવસ્થાની સાથે નામમાં પણ પરિવર્તન થયું. શારદાસુંદરીનું નામ સાસરામાં સ્વર્ણમયી પાડવામાં આવ્યું. ભાટાકુલનાં દરિદ્ર શારદાસુંદરી મુર્શિદાબાદનાં રાજરાણી બન્યાં.

વાચક બહેનો! સ્વર્ણમયીના ચરિત્રનું આગળ અવલોકન કરતાં પહેલાં, અમે તેના શ્વશુર પક્ષનું થોડુંઘણું વૃત્તાંત તમારી આગળ રજૂ કરીશું.

સ્વર્ણમયીના સ્વામી કૃષ્ણનાથના પ્રપિતામહ સુપ્રસિદ્ધ કાંતબાબુ, એ રાજવંશના પ્રતિષ્ઠાતા હતા. કાંતબાબુના પૂર્વજો વર્ધમાન જિલ્લામાં એક ગામડામાં વાસ કરતા હતા અને ત્યાંથી ધંધારોજગારને નિમિત્તે કાસીમબાજારની પાસેના શ્રીપુર નામક સ્થાનમાં આવી વસ્યા હતા. કાંતબાબુની બેત્રણ પેઢીથી તેમના ઘરમાં રેશમ અને સોપારીનો વેપાર ચાલ્યો આવતો હતો. એ લોકો જેમ બહુ ધનાઢ્ય નહોતા, તેમ છેક ગરીબ પણ નહોતા. આબરૂભેર પોતાના કુટુંબનું ગુજરાન ચલાવી લે, એવા એ મધ્યમ સ્થિતિના ગૃહસ્થ હતા. કાસીમબાજારની અંગ્રેજોની કોઠી અને રેસિડેન્સીની પડોશમાં તેમની દુકાન હતી, તેથી કરીને કોઠીમાંના અંગ્રેજો તેમને સારી પેઠે ઓળખતા હતા. કાંતબાબુ (એમનું પૂરૂં નામ કૃષ્ણકાંતબાબુ હતું) બાલ્યાવસ્થામાં બંગાળી, ફારસી અને થોડુંઘણું અંગ્રેજી ભણ્યા હતા. દંતકથા એવી છે કે, કાંતબાબુએ બે હજાર અંગ્રેજી શબ્દો કંઠસ્થ કર્યા હતા. તે ઉપરાંત બંગાળી હિસાબકિતાબનું તેમને સારૂં જ્ઞાન હતું. બુદ્ધિ અત્યંત તીક્ષ્ણ હોવાથી કાંતબાબુ તરફ કાસીમબાજારના અંગ્રેજોની દૃષ્ટિ આકર્ષિત થઈ.

કાંતબાબુ કાસીમબાજારની અંગ્રેજી કોઠીમાં એક કારકુન તરીકે નોકર રહ્યા. રેશમના વેપારમાં કાંતબાબુ પહેલેથીજ હોશિયાર હતા; એટલે એ ઑફિસમાં એમની ઉન્નતિ ઘણી જલદી થઈ. એ સમયે વૉરન હેસ્ટિંગ્સ એ અંગ્રેજી કોઠીમાં નીચા દરજ્જાનો નોકર હતો. હેસ્ટિંગ્સની સાથે કાંતબાબુને ઓળખાણ થઇ. એ પરિચયમાંથી કાંતબાબુના ભાગ્યોદયનો માર્ગ ખુલ્યો.

નવાબ સિરાજુદ્દૌલાએ જે વખતે કલકત્તા ઉપર ચડાઇ કરી, તે વખતે વૉરન હેસ્ટિંગ્સ મુર્શિદાબાદમાં હતો. એ વખતે કલકત્તાના ગવર્નર મિ. ડેક અને બીજા કેટલાક અંગ્રેજો કલકત્તાથી નાસી જઇને ફલતામાં રહેતા હતા. હેસ્ટિંગ્સ તેમને નવાબ સરકારના બધા સમાચાર ખાનગી રીતે મોકલી આપતો. ધીમે ધીમે એ વાતની ખબર નવાબને કાને પહોંચી. હેસ્ટિંગ્સ નવાબના ભયથી પલાયન કરી ગયો અને તેણે કાંતબાબુના ઘરમાં આશ્રય લીધો. એ વખતે કાંતબાબુ 'કાંત મોદી' કહેવાતા હતા. નવાબ તરફથી ઢંઢેરો પિટાયો કે, "જે કોઈ હેસ્ટિંગ્સને આશ્રય આપશે, તેને દેહાંતદંડની સજા કરવામાં આવશે." કાંતબાબુએ પ્રાણદંડનો

ભય રાખ્યો નહિ. હેસ્ટિંગ્સે કાંતબાબુને ઘેર ઠંડો ભાત અને માછલી ખાઇને દહાડા કાઢ્યા અને લાગ જોઇને કાંતબાબુનીજ મદદથી છાનોમાનો નાસી ગયો હતો. નાસી જતી વખતે હેસ્ટિંગ્સ કાંતબાબુને એક પત્ર આપતો ગયો હતો અને કહેતો ગયો હતો કે, "ઈશ્વર જો કદી સારો દહાડો દેખાડશે, તો હું તારા ઉપકારનો બદલો વાળીશ."

હેસ્ટિંગ્સ ન ભુલાય તેવા સેંકડો અપરાધોથી દોષિત થયો હતો અને તેના ઉપર ઘણા અપરાધોનો આરોપ વિલાયતમાં મૂકવામાં પણ આવ્યો હતો; પરંતુ એની કૃતજ્ઞતા અત્યંત પ્રશંસનીય અને અતુલનીય હતી. હેસ્ટિંગ્સ મોટે દરજ્જે ચડ્યા પછી, પણ કાંતબાબુને વીસરી ગયો નહિ. કાંતબાબુએ તેના ઉપર જે મોટા ઉપકારો કર્યા હતા, તેનું સ્મરણ તેને રાતદિવસ જાગૃત હતું. જેણે પોતાના પ્રાણની મમતા છોડી દઇને, હેસ્ટિંગ્સના પ્રાણનું રક્ષણ કર્યું હતું. તે એને મનથી દેવતારૂપ હતો. હેસ્ટિંગ્સ ઇ. સ. ૧૭૫૦ માં મુર્શિદાબાદનો રેસિડેન્ટ નિમાયો. પહેલાંના વખતમાં ઈસ્ટ ઇંડિયા કંપનીના અમલદારો પોતપોતાનો ખાનગી ધંધો પણ ચલાવી શકતા નહોતા. હેસ્ટિંગ્સ રેસિડેન્ટ નિમાયો તે વખતે અમલદારોને ખાનગી ધંધો કરવાની પરવાનગી મળી. હેસ્ટિંગ્સ પણ વેપાર કરતો. કાંતબાબુ હેસ્ટિંગ્સનો મુનિમ નિમાયો; ત્યારથીજ એ 'કાંતમોદી' ને બદલે 'કાંતબાબુ' ના નામથી ઓળખાવા લાગ્યો અને ત્યારથીજ એના સૌભાગ્યસૂત્રનો સંચાર થયો.

ઈ. સ. ૧૭૬૪ માં હેસ્ટિંગ્સે વિલાયત ગમન કર્યું. એ વખતે તેનો ધંધો બંધ પડ્યો હતો. તેને નાણાંની જરૂર પડી અને કાંતબાબુની પાસે બાર હજાર રૂપિયા ઉધાર માગ્યા. કાંતબાબુ રૂપિયા આપી શક્યો નહિ; પણ એથી હેસ્ટિંગ્સ જરા પણ ગુસ્સે થયો નહિ. તેણે જાણ્યું કે, પ્રાણદાતા કાંતબાબુ ખરેખરજ રૂપિયા આપવાને અશક્ત હશે. એ વખતે પણ કાંતબાબુ હેસ્ટિંગ્સના હૃદયનો દેવતા હતો.

ઇ૦ સ૦ ૧૭૭૨ માં હેસ્ટિંગ્સ મદ્રાસનો ગવર્નર થયો. એ વખતે પણ તેણે કાંતબાબુને પોતાનો મુત્સદ્દી બનાવ્યો. એ વખતે પાછો કાયદો થયો હતો કે, ઇસ્ટ ઇંડિયા કંપનીના અમલદારો પોતાનો ખાનગી વેપાર કરી શકશે નહિ. હેસ્ટિંગ્સ કાંતબાબુને

નામે અથવા કોઇ વખત નનામો વેપાર કરતો અને જમીનદારો-નાં ખેતરો વગેરે ઇજારે રાખતો. એ વખતે કાંતબાબુ સૌભા-ગ્યની સીડી ઉપર એક પગથિયું આગળ ચડ્યો.

ઇ૦ સ૦૧૭૭૩ માં હેસ્ટિંગ્સ ગવર્નર જનરલ નિમાયો. આ વખતે તેણે કાંતબાબુને અનેક મોટી મોટી જમીનદારીઓ અને ખેતરો ઇજારે અપાવ્યાં. કાંતબાબુને પુષ્કળ ધન મળવા લાગ્યું. કાંતબાબુને જમીનદારી તથા ખેતરો વગેરે અપાવવા સારૂ હેસ્ટિંગ્સને ઘણા ગેરવાજબી ઉપાયો પણ લેવા પડ્યા હતા. કાંત-બાબુની ખાતર હેસ્ટિંગ્સ આ દેશના અનેક જમીનદારોના ઉપર અત્યાચાર કરતાં પણ અચકાયો નહોતો. હેસ્ટિંગ્સે કદાચ વિચાર્યું હશે કે, કૃતજ્ઞતા બતાવ્યાથી બધાં પાપનું પ્રાયશ્ચિત્ત વળી જશે. હેસ્ટિંગ્સે રાણી ભવાનીની બાહારબંદની જમીનદારી બળપૂર્વક છીનવી લઇને કાંતબાબુને આપી હતી. એ જાગીર આજે પણ કાસી-મબાજારના રાજાના તાબામાં છે. એ ઘણી મોટી અને લાભજનક જમીનદારી છે. બાહારબંદ ઉપરાંત પણ બીજી કેટલીક જમીન-દારી તથા મીઠાનાં ખેતરો કાંતબાબુને ઇજારે અપાવ્યાં. ધીમે ધીમે કાંતબાબુના પુત્ર લોકનાથને નામે પણ અનેક જમીનદારી ચડાવવામાં આવી હતી. ચિરસ્થાયી જમાબંધી થઇ, તે વખતે પણ હેસ્ટિંગ્સની મદદને લીધે બાબુને ઘણો થોડો વેરો ભરવાનું નક્કી થયું. હેસ્ટિંગ્સની આજ્ઞાથી દીવાન ગંગાગોવિંદસિંહે જે વિઘોટી બાંધી હતી, તેજ વિઘોટી સ્થાયી જમાબંધી વખતે પણ કાયમ રાખવામાં આવી. આજ સુધી કાસીમબાજારનો રાજવંશ એ કૃપાનો લાભ ઉઠાવે છે.

ધીમે ધીમે કાંતબાબુની જમીનદારી વધવા લાગી. પૈસો પૈસા-ને ખેંચે છે, એ ન્યાયે રળવાના બીજા રસ્તા પણ જડી આવ્યા. ઇ. સ. ૧૭૮૧ માં હેસ્ટિંગ્સે કાશીના રાજા ચેતસિંહ ઉપર ચડાઇ કરી હતી. ચેતસિંહ પોતાના પરિવારને છોડીને ચાલ્યો ગયો હતો. તેના પરિવારનાં મનુષ્યો અંગ્રેજોના હાથમાં સપડાયાં. તેમના ઉપર અત્યાચાર થયો, એ વખતે તેમને અત્યાચારમાંથી બચાવવાનો કાંતબાબુએ યત્ન કર્યો હતો; પરંતુ તેમાં તેને સફ-ળતા પ્રાપ્ત થઇ નહોતી. કાંતબાબુને રાજમાતા તરફથી અનેક કિંમતી અલંકારો મળ્યા હતા. એ બધા અલંકારો મુર્શિદાબાદ-ના રાજભવનમાં હજુ દીઠામાં આવે છે. કાશીમાંથી લૂંટેલા દ્રવ્ય-

ની સાથે કાંતબાબુ, કાશીના રાજભવનમાંથી લક્ષ્મીનારાયણની મૂર્તિ, રામચંદ્રી મહોર, એકમુખ રુદ્રાક્ષ, દક્ષિણાવર્ત શંખ વગેરે સ્મૃતિચિહ્નો પણ લાવ્યો હતો; તે બધી વસ્તુઓ હાલ કાસીમબાજારના મહેલમાં સુરક્ષિત છે. તે ઉપરાંત એક બીજા ઉપાયથી પણ કાંતબાબુએ ધનની વૃદ્ધિ કરી હતી. હેસ્ટિંગ્સની લાંચ લેવા સંબંધી વાત ઇતિહાસમાં પ્રસિદ્ધ છે. હેસ્ટિંગ્સનો પ્રીતિપાત્ર કાંતબાબુ પણ એ બાબતમાં હઠે એવો નહોતો. લાંચ લેવાના હજારો માર્ગ ખુલ્લા હતા.

હેસ્ટિંગ્સની કૃપાથી કાંતબાબુ અતુલ ધનનો અધિકારી બન્યો. દરિદ્ર કાંત મોદીની ગણતરી હવે કરોડપતિઓમાં થવા લાગી. બંગાળા, બિહાર અને સંયુક્ત પ્રાંતોમાં સઘળે તેની જમીનદારી ફેલાયલી હતી. હેસ્ટિંગ્સ તરફથી કાંતબાબુને એક સરકારી કામ સોંપવામાં આવ્યું હતું. કંપનીની અદાલતોમાં ન્યાતજાતના કોઇ ઝગડાઓ આવતા, તો તેનો ફેંસલો કરવાનું કામ કાંતબાબુનું હતું. આ પ્રમાણે ગરીબ દુકાનદાર કાંતબાબુ રાજરાજેશ્વર બનવા પામ્યો હતો; પણ એ મનમાં જાણતો હતો કે, કેવા અનુચિત માર્ગથી હેસ્ટિંગ્સે તેને જમીનદારી અપાવી હતી. કેવો અન્યાય કરીને પવિત્ર ચરિત્રા અન્નપૂર્ણા ભવાની રાણીની બાહારબંદવાળી જમીનદારી પોતાને નામે ચડાવી હતી; એટલા માટે અમે કહીએ છીએ કે, કાંતબાબુની વિષયસમૃદ્ધિને પાપનો સ્પર્શ થયો હતો. બ્રાહ્મણ નંદકુમારને ફાંસી દેવામાં પણ કાંતબાબુનો મુખ્ય હાથ હતો.

હેસ્ટિંગ્સ કાંતબાબુને રાજાની ઉપાધિ આપવા માગતો હતો; પણ તેણે એ ઉપાધિ પોતે ન સ્વીકારતાં, પોતાના પુત્ર લોકનાથને અપાવી.

બંગાળી સંવત ૧૨૦૦ ના પોષ માસમાં કાંતબાબુ ગંગાતીરે મરણ પામ્યો. ધન પેદા કરવામાં કાંતબાબુ અનેક પ્રસંગે ખરાબ ઉપાય ગ્રહણ કરવાની લાલચને રોકી શક્યો નહોતો, એ વાત ખરી; પરંતુ તેના હૃદયમાંથી હિંદુને છાજતી ધર્મભાવનાનો તદ્દન નાશ થયો નહોતો.

કાંતબાબુ પછી તેનો પુત્ર રાજા લોકનાથ તેની ગંજાવર મિલકતનો વારસ થયો. તેણે ઘણાજ ઠાઠપૂર્વક પિતાનું શ્રાદ્ધ કર્યું હતું. એવું શ્રાદ્ધ બંગાળામાં પહેલાં કદી થયું નહોતું. ત્યાર-

પછી બેશક રાજા નવકૃષ્ણે માતૃશ્રાદ્ધ નિમિત્તે બાર લાખ અને દીવાન ગોવિંદસિંહે છ લાખ રૂપિયા ખર્ચ્યા હતા. લોકનાથે પિતાની હયાતીમાંજ જમીનદારીના વહીવટનો અનુભવ મેળવ્યો હતો; એટલે તેના વખતમાં સમૃદ્ધિ વધતીજ ગઈ, પણ એણે લાંબું આયુષ્ય ભોગવ્યું નહિ. પિતાના મૃત્યુ પછી, તેર વર્ષે બાળક પુત્ર હરિનાથને છોડીને એ મરણ પામ્યો.

પિતાના મૃત્યુ વખતે હરિનાથની વય ફક્ત એક વર્ષની હતી; એટલે તેનો વહીવટ કોર્ટ ઑફ વૉર્ડ્સને સોંપવામાં આવ્યો હતો. બાલ્યાવસ્થામાં પિતૃહીન થયા છતાં પણ, હરિનાથે સારૂં શિક્ષણ મેળવ્યું હતું. અંગ્રેજી ભણ્યા છતાં પણ, એ જમાનાના કેટલાક બંગાળી યુવકોની પેઠે તેની મતિ બગડી નહોતી. એ સ્વધર્મમાં નિષ્ઠા રાખતો અને દેવતા તથા બ્રાહ્મણોનો સત્કાર કરતો. ઇ. સ. ૧૮૧૮ માં કલકત્તામાં હિંદુ કૉલેજની સ્થાપના થઇ, તે વખતે રાજા હરિનાથે તેમાં પંદર હજાર રૂપિયા આપ્યા હતા. તે ઉપરાંત પણ તેમણે બીજાં અનેક દાન કર્યાં હતાં. તેમની પ્રજાવત્સલતા સુપ્રસિદ્ધ હતી. જળનું કષ્ટ હોય, એવે સ્થળે તળાવ તથા કૂવા ખોદાવીને અને અન્નનું કષ્ટ હોય, એવે સ્થળે અન્નક્ષેત્ર ખોલીને એ દુઃખી પ્રજાના હંમેશના આશીર્વાદને પાત્ર બન્યા હતા. બંગાળીઓને ધીમે ધીમે બળહીન અને તેજોહીન થતા જોઇને રાજા હરિનાથને ઘણુંજ કષ્ટ થતું હતું; એટલા માટે કસરતશાળાઓને તે સદા ઉત્તેજન આપતા હતા. રાજા હરિનાથ એક આદર્શ જમીનદાર હતા. આજ દિન સુધી તેમની કીર્તિ અમર છે. રાજા હરિનાથે ઇ. સ. ૧૮૩૬ માં પત્ની હરસુંદરી રાણી, પુત્ર કૃષ્ણનાથ તથા કન્યા ગોવિંદસુંદરીને છોડીને આ સંસારમાંથી પ્રયાણ કર્યું.

રાજા હરિનાથના મૃત્યુ સમયે રાજા કૃષ્ણનાથ સગીર વયના હોવાથી રાજ્યનો વહીવટ પાછો કોર્ટ ઑફ વૉર્ડ્સના હાથમાં સોંપવામાં આવ્યો. કૃષ્ણનાથને સારૂં શિક્ષણ આપવાની વ્યવસ્થા કરવામાં કોઇ જાતની ત્રુટી રાખવામાં આવી નહિ. તેમણે ફારસી અને અંગ્રેજી ભાષાનું સારૂં શિક્ષણ મેળવ્યું. એ વખતના વિદ્યાર્થીઓમાં પ્રચલિત દોષ કૃષ્ણનાથમાં પણ આવવા પામ્યા હતા. તેનામાં ગુણ અને દોષ બન્નેનો યોગ હતો. નિષિદ્ધ માંસ અને મદિરાનો પ્રયોગ એ દોષરૂપ હતો; ત્યારે દયા, દાન આદિ ગુણો પણ હતા. અંગ્રેજી ભણવાનો ઘણો શોખ હતો. અંગ્રેજી આચાર-

વિચાર ઉપર ભક્તિ હતી, સારા તેમજ ખોટા કામોમાં ઘણું ખર્ચ કર્યાથી તેની દોલત ઘણી ઓછી થઈ ગઇ હતી. પાછળથી તેને ઋણગ્રસ્ત પણ થવું પડયું હતું. ઇ૦ સ૦ ૧૮૩૮ માં મહારાણી સ્વર્ણમયી સાથે તેનું લગ્ન થયું હતું; એ વખતે પણ કૃષ્ણનાથ સગીર વયનો હતો. ઇ૦ સ૦ ૧૮૪૧ માં તે પુખ્ત ઉંમરનો થયો, તે પછીને વર્ષે લૉર્ડ ઑકલૅન્ડે કુમાર કૃષ્ણનાથને રાજાની ઉપાધિ આપી. રાજા કૃષ્ણનાથનો હાથ ઘણોજ છૂટો હતો. તેણે પોતાના શિક્ષક રાજા દિગંબર મિત્રને એક લાખ રૂપિયા બક્ષિસ આપ્યા હતા. કલકત્તામાં મિ. હેરનું સ્મારક સ્થાપવા સારૂ તેણે સૌથી વધારે દાન આપ્યું હતું. રાજા કૃષ્ણનાથ રૂપસૌંદર્યમાં પણ પોતાની જીવનસંગિની સ્વર્ણમયીના જેવોજ હતો.

કૃષ્ણનાથને મૃગયા રમવાનો ઘણો શોખ હતો. રાજ્યસુખ પૂર્વજન્મનાં ઘણાં પુણ્યકર્મનાં ફળરૂપે પ્રાપ્ત થાય છે; પણ એ સુખ કૃષ્ણનાથ ઝાઝો વખત ભોગવી શકયો નહિ.

ઈ૦ સ૦ ૧૮૪૫ માં રાજા કૃષ્ણનાથે કલકત્તામાં ચિતપુર રોડ ઉપર આવેલી જોડા સાંકોરની હવેલીમાં પિસ્તોલદ્વારા આત્મહત્યા કરીને પરલોક-યાત્રા કરી. એ આત્મહત્યાનું કારણ નીચે પ્રમાણે જણાવવામાં આવે છેઃ-

" ગોપાળ દફાદાર નામના રાજા કૃષ્ણનાથના એક નોકર ઉપર કિંમતી દ્રવ્યથી ભરેલી પેટીઓ ચોરવાનો આરોપ મૂકવામાં આવ્યો હતો. એ મુકદ્દમામાં રાજા કૃષ્ણનાથ ઉપર પણ આરોપ મૂકવામાં આવ્યો. મુર્શિદાબાદના મૅજિસ્ટ્રેટ મિ. બેલે રાજાને પકડવા વૉરંટ મોકલ્યું; પરંતુ બેલિફ લોકો તેમને પકડી શકયા નહિ. આખરે બહરામપુરના ડૅપ્યુટિ મૅજિસ્ટ્રેટ ચંદ્રમોહન ચટ્ટોપાધ્યાયે રાજાને પકડવા સારૂ કાસીમબાજારના રાજમહેલને ઘેરો ઘાલ્યો. રાજાને પકડવામાં આવ્યો, પણ પચાસ હજાર રૂપિયાના જામીન આપીને તેમણે છુટકારો મેળવ્યો. એ ચંદ્રમોહન ચટ્ટોપાધ્યાય, દ્વારકાનાથ ઠાકુર જેવા ધનાઢ્ય પુરુષનો ભાણેજ હતો અને તેમની સાથે વિલાયત પણ જઇ આવ્યો હતો. મોટા માણસની સાથે સગપણ હોવાથી, તેનામાં જરા અભિમાન પણ હતું, તેથી તેણે રાજા કૃષ્ણનાથને તેના દરજ્જાને છાજતો સત્કાર ન કરતાં તેને ઘણી રીતે અપમાનિત કર્યો. રાજા કાસીમબાજારથી પલાયન કરીને કલકત્તાવાળા

મકાનમાં સંતાઇ ગયો. એવામાં ગોપાળ દફાદારનું મૃત્યુ થવાથી મૅજિસ્ટ્રેટે રાજા કૃષ્ણુનાથ ઉપર પોલીસની મારફતે થાણા દર થાણા લઇને બહરામપુર આવવાનું વૉરંટ મોકલ્યું. આ અપમાન સહન ન થઇ શક્યાથી રાજા કૃષ્ણુનાથે પિસ્તોલ ખાઇને આત્મહત્યા કરી. મરતાં પહેલાં એ નીચેના ભાવાર્થનો પત્ર લખી ગયો હતોઃ—

" 'ગોપાલના મુકદ્દમા સાથે મારે કાંઇ સંબંધ નહોતો, મેં તેને માર માર્યો નહોતો. અપમાનિત થવાની બીકથીજ મેં આત્મહત્યા કરી છે. એને માટે બીજું કોઈ જવાબદાર નથી.' "

અસ્તુ ! રાજા કૃષ્ણુનાથ સાથે રાણી સ્વર્ણમયીનો સંબંધ ઘણાં થોડાં વર્ષ રહ્યો; પણુ એ સમય બંને જણાંએ ઘણા આનંદમાં ગાળ્યો હતો. તેમને એકબે કન્યાઓ પણુ જન્મી હતી; પરંતુ એક કન્યાએ બાલ્યાવસ્થામાં રાજા કૃષ્ણુનાથની હયાતીમાંજ તથા બીજીએ તેમના મરણુ પછી કિશોરાવસ્થામાં દેહત્યાગ કર્યો હતો. તે કન્યાઓનાં નામ લક્ષ્મી અને સરસ્વતી હતાં.

રાણી સ્વર્ણમયી ઉપર વૈધવ્યનું વજ્ર અણધાર્યું તૂટી પડ્યું, તે વખતે તેમની વય કેવળ સત્તર વર્ષની હતી. તેમના શોકનો પાર રહ્યો નહિ. ચારે તરફ અંધકાર દીસવા લાગ્યો. પતિના મિત્રો વેગળા ખસી ગયા અને નવા નવા શત્રુઓ ઊભા થયા. ઇસ્ટ ઇંડિયા કંપનીએ રાજાના મરણુ પછી બે વસિયતનામાં દાખલ કર્યાં. એમાંના એક વીલનું તાત્પર્ય એવું હતું કે, " મારા મુર્શિદાબાદના મહેલમાં 'કૃષ્ણુનાથ વિદ્યાલય' નામની એક કૅાલેજ સ્થાપવી અને તેનીજ પાસે એક હૅાસ્પિટલ સ્થાપવા સારૂ ઇસ્ટ ઇંડિયા કંપનીને હું મારી સઘળી મિલકત સોંપી જાઉં છું." એ વખતે તેમની એક કન્યા જીવતી હતી. તેના લગ્ન માટે થોડીક રકમ જુદી કાઢવામાં આવી હતી અને વિધવા રાણી સ્વર્ણમયીને માસિક પંદરસો રૂપિયા આપવાની વ્યવસ્થા કરી હતી; પરંતુ એ વીલમાં રાણીને દત્તક પુત્ર લેવાનો નિષેધ કરવામાં આવ્યો હતો. એથી ઊલટું એક બીજા વીલમાં રાણીને એક પછી એક છ દત્તક પુત્ર લેવાનો અધિકાર આપવામાં આવ્યો હતો; એમ છતાં પણુ વંશરક્ષા ન થઇ શકે, તો એક કૅાલેજ સ્થાપવાનું સરકારને કહેવામાં આવ્યું હતું. બન્ને વીલના એક્ઝીક્યૂટર (અમલ કરનાર) રાજાના સૅાલિસિટર મિ. સ્ટ્રેન્ટેલને નીમવામાં આવ્યા હતા.

આ વીલથી રાણી સ્વર્ણમયીની સ્થિતિ ઘણીજ ખરાબ થઇ ગઇ. રાજરાજેશ્વરી આજે કંગાળ બની. કોઇની સહાય નહિ, ગુજરાનને માટે પૂરતું ધન નહિ; આ વિપત્તિમાંથી ઊગરવાનો ઉપાય શો ? પરંતુ રાણી સ્વર્ણમયી સમજુ અને જ્ઞાની હતી. તેણે વૈધવ્યમાં બ્રહ્મચર્યવ્રત ધારણ કરીને, ભીડભંજન ભગવાનના ચરણકમળમાં ચિત્તને સમર્પણ કરી દીધું.

ઇશ્વર સૌનો બેલી છે. ઘોર અંધકારમાંથી એકાએક આશારૂપી પ્રકાશનાં કિરણો દેખાવા લાગ્યાં. એ વખતે રાજીવલોચન રાય નામના એક ગૃહસ્થ સરકારી નોકરીમાં અમલદાર હતા. એ દીર્ઘદર્શી, ઉત્સાહી, સાહસિક, ઉદ્યોગી, સાધુ અને નિઃસ્વાર્થી પુરુષ હતા. એ વિપત્તિગ્રસ્ત સ્વર્ણમયીની મદદે આવ્યા અને તેની માલમિલકત પાછી આપવાની પ્રતિજ્ઞા કરી, તેમણે સુપ્રીમ કોર્ટમાં દાવો માંડવાની સ્વર્ણમયીને સલાહ આપી. તેમનીજ સલાહ મુજબ સુપ્રીમ કોર્ટમાં મુકદ્દમો રજૂ કરવાનાં આવ્યો. શ્રીરામપુરના પ્રખ્યાત એટર્ની હરચંદ્ર લાહિડીએ પણ રાણી સ્વર્ણમયીને મદદ કરી.

સુપ્રીમ કોર્ટની ફૂલબેંચમાં વસિયતનામાનો ન્યાય કરવામાં આવ્યો. ૧૮૪૭ની ૧૫મી નવેંબરે તેની સુનાવણી હતી. રાણીની તરફથી મુખ્ય બૅરિસ્ટર સર્ગેવિલ ટેલર કલાર્ક તથા માર્ટિન હતા અને એકઝીક્યૂટર સ્ટ્રેન્ટેલની તરફથી કોકેન અને મેકફરસન બૅરિસ્ટરોને રોકવામાં આવ્યા હતા. ઇસ્ટ ઇંડિયા કંપનીની તરફથી ખુદ ઍડ્વોકેટ જનરલ અને બૅરિસ્ટરો પ્રિન્સેપ અને રીચિ કામ કરતા હતા. બૅરિસ્ટર લીથ એ વખતે ઍડ્વોકેટ જનરલ હતો. એ વીલના મુકદ્દમામાં કૃષ્ણચંદ્ર સરકાર નામનો એક પુરુષ પણ સપડાયલો હતો. તેના પક્ષમાં બૅરિસ્ટર ડિકન્સ હતો. ફૂલબેંચમાં મુકદ્દમો ચાલતો હતો. કલકત્તાના મોટા મોટા સુપ્રસિદ્ધ બૅરિસ્ટરોને પક્ષકારો તરફથી રોકેલા હતા. એ કેસ જોવાને અને તેનું પરિણામ જાણવાને આખું બંગાળા આકુળવ્યાકુળ થઇ રહ્યું હતું. આખરે મોટા ન્યાયાધીશે ફેંસલો સંભળાવીને રાણીના હિતૈષીઓને આનંદિત કર્યા. વીલ નામંજૂર કરવામાં આવ્યું. સિદ્ધાંત કરવામાં આવ્યો કે, રાજા કૃષ્ણનાથે સજ્ઞાન અવસ્થામાં પોતાની ઇચ્છાથી એ વીલ કર્યું નહોતું. વીલ કરવાની તેમનામાં શક્તિજ નહોતી. રાણી સ્વર્ણમયીનો વિજય

થયો. પતિના સમસ્ત ધનનાં વારસ તેમને ગણવામાં આવ્યાં.

પરંતુ આટલાથી રાણી સ્વર્ણમયીની ચિંતાનો અંત આવ્યો નહિ. આ મુકદ્દમો પૂરો થતાંવારજ રાજા કૃષ્ણનાથની માતા રાણી હરસુંદરીએ સુપ્રીમ કોર્ટમાં ફરિયાદ દાખલ કરાવી. એ ફરિયાદનો સારાંશ એ હતો કે, રાજા કૃષ્ણનાથ અભક્ષ્ય ભક્ષણ તથા અપેય પદાર્થોનું પાન કરતો હતો, માટે તેને જાતિભ્રષ્ટ ગણીને પૈતૃક સંપત્તિનો વારસ ન ગણવો જોઇએ અને એ રીતે તેની સ્ત્રી સ્વર્ણમયી પણ પતિના ધનની વારસ ન મનાવી જોઇએ. તે ઉપરાંત એક બીજો મુકદ્દમો ગવર્નમેંટ ઓફ ઇંડિયાની તરફથી ચલાવવામાં આવ્યો. તેની મતલબ એવી હતી કે, રાજા કૃષ્ણનાથ આત્મઘાત કરીને મરી ગયો છે અને આત્મઘાતીની માલમિલકત ઉપર ગવર્નમેંટનો હક પહોંચે છે. રાજા કૃષ્ણનાથની દાદી, માતા અને બહેનના ભરણપોષણ સારૂ સાત લાખ રૂપિયા જુદા કાઢવામાં આવ્યા હતા. તેની દાદીના મૃત્યુ પછી, હિંદી સરકારે ફરિયાદ કરી હતી; પરંતુ ચીફ જસ્ટીસે ફેંસલો આપ્યો કે, "આત્મઘાતીની માલમિલકત ઉપર સરકારનો હક પહોંચે' એ કાયદો આ દેશમાં ચાલી શકે એમ નથી." એ પ્રમાણે ઘણી મુસીબતો વેઠ્યા પછી એ મુકદ્દમામાં પણ રાણી સ્વર્ણમયીએજ વિજય મેળવ્યો હતો.

આ આપત્તિઓમાંથી મુક્ત થયા પછી, રાણીએ પોતાના ઉપકારકર્તાઓનો યોગ્ય બદલો વાળ્યો. હરચંદ્ર લાહિડીને શાલજોટો વગેરે સરપાવ સાથે દસ હજાર રૂપિયા બક્ષિસ આપ્યા હતા. એ ગૃહસ્થ કેટલોક વખત સુધી રાણી સ્વર્ણમયીના દીવાન રહ્યા હતા. ત્યાર પછી રાય રાજીવલોચન રાયબહાદુર તેમના દીવાન થયા હતા. રાય રાજીવલોચન ન હોત, તો સંભવ છે કે, રાણી સ્વર્ણમયીને ભિક્ષાની ઝોળી લઈને ઘેરઘેર રખડવા વારો આવ્યો હોત. ધન્ય છે રાજીવલોચનને!

રાણી સ્વર્ણમયી જે વખતે કાસીમબાજારના રાજ્યની એકલી અધિકારિણી થઈ, તે સમયે રાજા કૃષ્ણનાથના ઉડાઉપણાને લીધે થયેલું ઘણું કરજ ચૂકવવાનું બાકી હતું; વળી ઇસ્ટ ઇંડિયા કંપનીના હાથમાં વહીવટ રહ્યો, તેટલા અરસામાં દેવું વધી પડ્યું હતું. રાણી સ્વર્ણમયીએ સાહસથી છાતી કઠણ કરીને હરિના ચરણકમળમાં મન અને પ્રાણને સમર્પણ કરીને તથા રાજીવ-

લોચનની સલાહ લઇને રાજ્યનાં બધાં કામકાજ ઉપર દેખરેખ રાખવાનો તથા પ્રજાનું પાલન અને શાસન કરવાનો આરંભ કર્યો. પરણ્યા પછી રાણી સ્વર્ણમયીએ બંગાળી લખવાવાંચવાનો અભ્યાસ કર્યો હતો, તેથી જમીનદારીના બધા દસ્તાવેજો ઉપર એમના પોતાનાજ દસ્કત થતા હતા.

રાજરાજેશ્વરી થયા છતાં પણ, મહારાણી સ્વર્ણમયી હિંદુ-વિધવાને છાજે એ પ્રમાણે બ્રહ્મચર્યવ્રત ધારણ કરીને યોગિની-રૂપે જીવન વ્યતીત કરતાં હતાં. ઈશ્વરપરાયણા રાણી એકજ વખત આહાર કરતાં, કોઈ વખત ભૂમિશય્યા ઉપર તો કોઇ વખત કામળાની શય્યા ઉપર શયન કરતાં. રાજીવલોચનના પ્રખર બુદ્ધિબળથી અને સ્વર્ણમયીના અનંત પુણ્યબળથી તેમના શત્રુઓ એકદમ શમી ગયા અને ઋણ પણ ચુકવાઇ ગયું. જમીનદારીની આવક પણ વધી ગઈ હતી. હવે સ્વર્ણમયીએ અન્નપૂર્ણા દેવીની પેઠે હાથ છૂટો મૂક્યો. રાજીવલોચન એમને એવાં દાન કરવામાં મદદ અને ઉત્તેજન આપતો.

રાજીવલોચનને પોતીકી કાંઇ સંપત્તિ હતી નહિ. વિષય-ભોગનો તેને લોભ નહોતો. એ યોગ્ય મંત્રી હતો. તેના જેવી સારી સલાહ આપનાર, દાન આપવામાં ઉત્સાહ આપનાર અને માન-મરતબો વધારી આપનાર મંત્રી રાણી સ્વર્ણમયીને બીજો કોઈ મળી શકત કે નહિ, એ સંદેહની વાત છે. રાજીવલોચનના જેટલી બુદ્ધિવિચક્ષણતા અનેકમાં હોઇ શકે; યોગ્યતા અને પ્રભુભક્તિ પણ હોઇ શકે; પરંતુ તેના જેવું વિશાળ હૃદય ઘણા થોડા મનુષ્યોમાં દીઠામાં આવે છે. એ મહાપુરુષ આ લોકમાંથી વિદાય થઇ ગયો છે, એ વાત ખરી; પરંતુ તેની કીર્તિ પૃથ્વી ઉપર અમર રહી છે. અમને તો એમ લાગે છે કે, રાજીવલોચનનું ઉત્તેજન ન હોત, તો રાણી સ્વર્ણમયી પોતાનું ગૌરવ બતાવી શકત નહિ અને રાણી સ્વર્ણમયી ન હોત, તો રાજીવલોચન પણ પોતાના હૃદયની ઉદારતા પ્રકટ કરવા પામત નહિ.

રાણી સ્વર્ણમયી પાસે મદદ માગવા જનાર કોઇ પણ માણસ ખાલી હાથે પાછો ફરતો નહિ. અનેક સમયે અનેક મનુષ્યો તેમની પાસેથી આશા કરતા; પણ વધારે દાન મેળવીને સ્તબ્ધ થઇ જતા. એક વખત પોલીસનો એક નોકર ઘણા કષ્ટમાં આવી પડ્યાથી મહારાણી સ્વર્ણમયીની પાસે મદદ માગવા ગયો હતો.

તેણે આશા રાખી હતી કે, રાણી ઘણું તો વીસપચીસ રૂપિયા આપશે; પરંતુ રાણીએ તેને પાંચસો રૂપિયા આપ્યા.

એકવાર ચક્ષુરોગથી પીડાતો એક બ્રાહ્મણ રાણી સ્વર્ણમયીના દીવાન રાજીવલોચનની પાસે જઇને બોલ્યો: "મહાશય ! મારી આંખનો રોગ મટે, એવું કાંઇ કરી આપો." રાજીવલોચન સમજી ગયો કે, તેનો ચક્ષુરોગ અસાધ્ય છે; છતાં પણ એ વાત સ્પષ્ટ રીતે બ્રાહ્મણને કહેવાથી તેના જીવને કષ્ટ પહોંચશે, એવા વિચારથી તેણે બ્રાહ્મણને કહ્યું: "અહીંયાં આગળ ચક્ષુરોગને મટાડવાની વ્યવસ્થા થાય, એવો સંભવ નથી. તમે અહીંથી માસિકવૃત્તિ લઇ જજો, એથી તમારૂં ગુજરાન ચાલશે અને નેત્રની ચિકિત્સા પણ થશે." બ્રાહ્મણે કહ્યું: "મારે માસિકવૃત્તિ નથી જોઇતી." રાજીવલોચને નિરુપાય થઇને કહ્યું: "ત્યારે બીજો શો ઉપાય ?" એમ કહીને એમણે ઘરમાંથી એક થાળ લાવી આપીને બ્રાહ્મણને કહ્યું: "તમારે આ સાકરનો થાળ તો લેવો પડશે. મહારાજ ! આ દાસનો એટલો આગ્રહ આપે અવશ્ય માન્ય રાખવો પડશે." બ્રાહ્મણ તેમના આગ્રહને લીધે થાળને પાછો ઠેલી શક્યો નહિ. ઘેર ગયા પછી તેણે બીજાઓને થાળ બતાવ્યો તો ખબર પડી કે, એ થાળ ચાંદીનો બનેલો હતો અને તેની કિંમત સો રૂપિયા કરતાં ઓછી નહોતી.

આવાં આવાં અનેક ઉદાહરણો છે. રાણી સ્વર્ણમયીની ઉદારતાનાં વધારે દૃષ્ટાંત આ નાનાસરખા લેખમાં આપી શકાય એમ નથી. ટૂંકામાં એટલુંજ જણાવીએ છીએ કે, હિંદુ, મુસલમાન, ખ્રિસ્તી, શીખ કે પારસી કોઇ પણ મહારાણી સ્વર્ણમયી પાસે મદદ માગવા જઇને ખાલી હાથે પાછું આવતું નહિ. ગરીબોને અન્નદાન કરવું, જળનું કષ્ટ હોય તેવે સ્થળે કૂવા, તલાવ ખોદાવવાં, જેમનાં ઘર બળી ગયાં હોય તેમને ફરીથી ઘર બંધાવી આપવાં, કન્યાદાન કરવાને અસમર્થ હોય એવા પિતાઓને ધનની મદદ આપવી, બ્રાહ્મણ પંડિતોને વર્ષાસન બાંધી આપવાં, સાધારણ બ્રાહ્મણોને વસ્ત્ર તથા દક્ષિણા આપવાં એ વગેરે અનેક સદનુષ્ઠાનદ્વારા રાણી સ્વર્ણમયી દાન કરતાં હતાં. દરરોજ હજારો ભિખારીઓને રાણી મૂઠી મૂઠી અન્ન આપતાં હતાં. તે ઉપરાંત હૉસ્પિટલ, હોસ્ટેલ (વિદ્યાર્થી નિવાસગૃહ), વિદ્યાલય બંધાવવામાં પણ તેમણે ઘણું દાન કર્યું હતું. દોલયાત્રા અને દુર્ગોત્સવ

વખતે ધાર્મિક ક્રિયાઓ તથા પુણ્યદાનમાં જે અઢળક ધન ખર્ચાતું હતું, તેનું તો પૂછવુંજ શું ? અડસટ્ટો કાઢતાં એવું જણાયું છે કે, રાણીએ સાઠ લાખ રૂપિયા કરતાં વધારેનું દાન કર્યું હતું.

દાનશીલતાથી મુગ્ધ થઇને આપણી અંગ્રેજ સરકારે ઇ૦ સ૦ ૧૮૭૧ માં રાણી સ્વર્ણમયીને મહારાણીની ઉપાધિ બક્ષી હતી. ૧૮૭૩ની સાલમાં સરકારે ઠરાવ કર્યો કે, “મહારાણી સ્વર્ણમયીના ઉત્તરાધિકારીઓ પણ મહારાજા કહેવાશે.” ત્યાર પછી ભારતેશ્વરી સ્વર્ગીય મહારાણી વિક્ટોરિયાએ મહારાણી સ્વર્ણ-મયીને ‘ક્રાઉન ઓફ ઇંડિયા’ ની ઉપાધિથી વિભૂષિત કર્યાં હતાં.

રાજ્ય અને રાજરાજેશ્વરીની તરફથી આવાં સન્માનો મળવાં, એ ખરેખર સૌભાગ્યની વાત છે; પરંતુ મહારાણીએ પરોપકારને પોતાના જીવનનું એકમાત્ર વ્રત અને લક્ષ્ય બનાવ્યું હતું તે, કોઇ પણ પ્રકારની સાંસારિક પ્રતિષ્ઠાની લાલચને લીધે નહોતું, પણ ખરા હૃદયની લાગણીથી પ્રેરાઇનેજ તેમણે જનસેવા કરી હતી.

મહારાણી સ્વર્ણમયીના દીવાન રાજીવલોચનને પણ અંગ્રેજ સરકાર તરફથી ‘રાયબહાદુર’ ની ઉપાધિ મળી હતી. મહા-રાણીની જીવિતાવસ્થામાંજ તેમનું મૃત્યુ થયું હતું. તેના મૃત્યુ પછી રાજ્યના પ્રબંધ સારૂ છ બંગાળી ગૃહસ્થોની એક કમિટિ સ્થાપવામાં આવી હતી. એ કમિટિ, સુપ્રસિદ્ધ વકીલ શ્રીયુત્ વૈકુંઠનાથ સેનની સલાહ મુજબ કાસીમબાજારના રાજ્યનો પ્રબંધ ચલાવતી હતી.

મહારાણી સ્વર્ણમયીની જમીનદારી બંગાળામાં ચારે દિશા-માં ફેલાએલી હતી અને તેની વાર્ષિક આવક લગભગ ત્રીસ લાખ રૂપિયાની હતી.

બંગાળી સંવત ૧૩૦૪ ની ૧૦ મી ભાદ્રને દિવસે મહારાણી સ્વર્ણમયીએ પોતાની જીવનલીલા સંવરણ કરી. એમના મરણ-થી આખા દેશમાં શોક પ્રવર્તી રહ્યો હતો. એમ કહેવાય છે કે, “એવો સર્વત્રવ્યાપી શોક બંગાળામાં કેવળ રાણી ભવાનીના મૃત્યુ સમયે જોવામાં આવ્યો હતો.” બંગાળીઓએ એ બે વિધવા સન્નારીઓની પાછળ જેટલો શોક કર્યો છે, તેટલો શોક કોઈની પણ પાછળ કર્યો નથી. રાણી ભવાની બ્રાહ્મણકન્યા હતાં અને રાણી સ્વર્ણમયી ‘તિલિ’ નામની એક ક્ષુદ્ર જાતિનાં હતાં. બંને-ની ન્યાતમાં જમીન આસમાન જેટલો ભેદ હતો, પરંતુ હૃદય-

ની ઉદારતામાં ભેદ નહોતો. એ બંનેના સત્કાર્યની પ્રવૃત્તિમાં પણ ભેદ હતો; પરંતુ એ ભેદ કાળધર્મનું પરિણામ માત્ર હતું.

રાણી ભવાનીના સમયમાં જે કામો કર્તવ્યરૂપે ગણવામાં આવતાં, તે કામો કરીને રાણી ભવાનીએ પોતાનું કર્તવ્ય પરિપૂર્ણ કર્યું હતું. આધુનિક કાળમાં જે અનુષ્ઠાનોને કર્તવ્યરૂપ માનવામાં આવે છે, તેની કલ્પના પણ રાણી ભવાનીના સમયમાં નહોતી. બ્રાહ્મણસેવા, ગાય અને દેવની પૂજા, મૂર્તિઓને માટે દેવસ્થાનોની સ્થાપના, બ્રાહ્મણોનું પ્રતિપાલન, દીન દુઃખીઓનું કષ્ટવિમોચન, નિરાશ્રિતોને આશ્રયદાન, વિધવાઓને અન્નદાન વગેરે રાણી ભવાનીના કાળમાં કર્તવ્યરૂપે મનાતાં હતાં અને એટલાંજ કર્તવ્યો કરીને એ બેસી રહ્યાં હોત, તોપણ એ લોકોની શ્રદ્ધા અને ભક્તિને પાત્ર ગણાત; પરંતુ આધુનિક સમયમાં રાણી ભવાનીના જમાના પછી કર્તવ્યરૂપે મનાયલા એટલે કે સ્કૂલ, હૉસ્પિટલ, સભા, સમિતિ વગેરેની સ્થાપનામાં મદદ, પુસ્તક રચનારાઓને ઉત્તેજન, વિદ્યાપ્રચારને માટે સહાય આદિ અનુષ્ઠાનોમાં પણ રાણી સ્વર્ણમયીએ મુક્ત હસ્તે દાન કર્યું છે. અર્ધશતાબ્દિની અંદર એવું એક પણ સત્કાર્ય નહિ થયું હોય કે, જેમાં મહારાણી સ્વર્ણમયીએ પોતાની શક્તિઅનુસાર દાન નહિ કર્યું હોય. રાણી ભવાનીના યુગમાં વિદેશી અને વિધર્મીને મદદ આપવાની આવશ્યક્તા ઉત્પન્ન થઇ નહોતી. મહારાણી સ્વર્ણમયીના સમયમાં એવા પ્રસંગો ઉપસ્થિત થયા હતા અને એ વખતે પણ મહારાણીએ પોતાના વિશાળ હૃદયનો પરિચય આપ્યો હતો. પ્રોટેસ્ટંટ હોમને પણ રાણી સ્વર્ણમયીએ સારી મદદ આપી હતી. એને લીધેજ મહારાણી સ્વર્ણમયીની કીર્તિ ભારતની સીમા છોડીને યુરોપની સીમા સુધી પહોંચી હતી અને તેથીજ તેમના મૃત્યુ સમયે બંગાળ, બિહાર અને ઉડિસાએ અપૂર્વ કલ્પાંત કર્યું હતું. સંયુક્ત પ્રાંત અને પંજાબે ઉચ્ચસ્વરે રુદન કર્યું હતું. મુંબઇ અને મદ્રાસે અસ્ખલિત અશ્રુધારા વહેવરાવી હતી અને દૂરના યુરોપ દેશે પણ સહાનુભૂતિ પ્રકટ કરી હતી.

અમારા દેશની રાણીઓ અને ધનવતી સ્ત્રીઓ રાણી સ્વર્ણમયીના ઉદાહરણથી પ્રોત્સાહિત થઇને સત્કર્મ અને પરોપકારદ્વારા અક્ષય પુણ્ય પ્રાપ્ત કરો, એજ પ્રભુ પ્રત્યે પ્રાર્થના.

૧૧૯-જાડેજી પ્રતાપબા

એ કાઠિયાવાડમાં આવેલા જામનગર રાજ્યના આગલા જામ શ્રીરિડમલજીની રાજકુમારી અને જોધપુરના આગલા મહારાજા શ્રીતખ્તસિંહજીની રાણી થાય. એ ઘણી પુણ્યાત્મા અને ધર્મપરાયણ સ્ત્રીરત્ન છે. તેમનો જન્મ સંવત ૧૮૯૧ ના આસો વદિ ૧૨ ને બુધવારે ઝાલારાણી સોનીબાના ગર્ભથી થયો હતો અને લગ્ન સંવત ૧૯૦૮ ના વૈશાખ સુદિ ૧૧ ને દિવસે મહારાજા શ્રીતખ્તસિંહજી સાથે થયું હતું. જોધપુરના મહારાજા પોતે પરણવા નહોતા ગયા, પણ ખાંડું મોકલ્યું હતું; તેની સાથે જામશ્રી વિભાજીએ પ્રતાપબાનું લગ્ન કરી દીધું હતું. ખાંડું આવ્યું ત્યારે મહારાજા તેના સત્કારાર્થે પાંચ ગાઉ સુધી લેવા આવ્યા હતા અને ગામ મોગડામાં પ્રતાપબા સાથે વિધિપૂર્વક લગ્ન કર્યું હતું. એ વિવાહમાં જામસાહેબે એટલું બધું ખર્ચ કર્યું હતું કે, જામનગરથી જોધપુર સુધી ચાંદીની નદી વહી હતી.

સંવત ૧૯૧૦ ના પોષ સુદિ ૧૨ ને દીને પ્રતાપબાને પેટે એકના એક કુંવર મહારાજ બહાદુરસિંહનો જન્મ થયો. એ વખતે પણ જોધપુર અને જામનગરમાં ઘણો મોટો ઉત્સવ કરવામાં આવ્યો હતો.

મહારાજા શ્રીતખ્તસિંહજીને ઘણી રાણીઓ હતી; પણ સંવત ૧૯૨૫ના દુકાળમાં રાણી પ્રતાપબાનું નામ ઘણું પ્રસિદ્ધિ પામ્યું; કારણકે એ વખતે એમણે મારવાડની પ્રજાના રક્ષણ સારૂ ઉદાર દિલથી ઘણી મોટી રકમ ખર્ચી હતી. તેમની એ પ્રસંગની ઉદારતાનાં વખાણ ઘણા દેશી કવિઓએ કર્યાં છે, એટલુંજ નહિ, પણ અંગ્રેજ સરકારે પણ ઘણી પ્રશંસા કરી છે.

ઈ૦ સ૦ ૧૮૬૯ના 'રજપૂતાના રિપોર્ટ'માં મારવાડની

દુકાળપીડિત પ્રજાની દુર્દશા બતાવીને લખ્યું છે કે, "સૌથી વધારે ઉદારતા રાણી જાડેજીએ બતાવી છે. એ દરરોજ સાત મણ પાકું રાંધેલું ભોજન વહેંચતાં હતાં અને રાતને વખતે આબરૂદાર ઘરનાં જે માણસો શરમને લીધે માગવા ન આવી શકે, તેમને ઘેર પોટલીઓ ભરી ભરીને ધાન મોકલાવતાં હતાં."

પ્રતાપકુંવરીએ 'પદરત્નાવલિ' નામના પોતાના ગ્રંથના અંતમાં લખ્યું છે કે, "ઠેઠ વિલાયતથી ખરિતો આવ્યો હતો, જેમાં લખ્યું હતું કે, જે સમયમાં માતા પોતાનાં સંતાનનું પાલન નહોતી કરી શકી, તે સમયમાં આપે પ્રજાનું પાલન કર્યું છે, તેથી સરકાર ઘણીજ પ્રસન્ન થઇ છે."

સંવત ૧૯૨૯ના માઘ સુદિ ૧૫ને દિને મહારાજા શ્રીતખ્તસિંહના સ્વર્ગવાસથી પ્રતાપકુંવરને વૈધવ્ય પ્રાપ્ત થયું. એ શોકમય સમયમાં મહારાજા શ્રીબહાદુરસિંહજી એકલા તેમના જીવનના આધારરૂપ હતા. એ પણ અધિક મદ્યપાન કરવાથી સંવત ૧૯૩૬ ના પોષ સુદિ ૯ને દિને ગુજરી ગયા. હવે પ્રતાપબાએ તેમના બાળક પુત્ર મહારાજ જીવનસિંહજીને પાળીપોષીને મોટા કર્યા. એ પણ સંવત ૧૯૫૮ ના કાર્તિક સુદિ ૯ને દિને કાળના વિકરાળ મુખમાં ગ્રસિત થઈ ગયા. ત્યાર પછી સંવત ૧૯૬૧ ના વૈશાખ સુદિ ૪ ને દિને પ્રતાપકુંવરના વહાલા ભાઇ જામ વિભાજીનો સ્વર્ગવાસ થયો. એમ ઉપરાઉપરી અસહ્ય દારુણ દુઃખો આવી પડ્યાથી, મોટા મોટા વિદ્વાનોનાં ચિત્ત ચંચળ થઇ જાય છે અને નાસ્તિક લોકો તો ખુલ્લી રીતે સત્કર્મની નિંદા કરવા મંડી જાય છે, પણ જાડેજી પ્રતાપકુંવર અતિ આસ્તિક અને ધર્મજ્ઞ નારી હતી. એમણે સુખદુઃખને સમાન અને પ્રારબ્ધાધીન ગણીને પોતાના પુણ્યદાન અને ધર્મ કાર્યમાં જરા પણ ન્યૂનતા આવવા ન દીધી. તેમની ધાર્મિકવૃત્તિનો પરિચય તેમણે બંધાવેલાં નીચેનાં સ્થાનોથી મળી શકે છે.

૧ આશાપુરી દેવીનું મંદિર, જે જાડેજા રજપૂતોની કુળદેવી છે.

૨ રામમહોલ્લા, રામસ્નેહી સાધુઓનું મોટું ધર્મસ્થાન.

૩ દેરાવરજીના તળાવ ઉપર બાગ, ભવન અને કૂવો.

૪ રામમહોલ્લામાં મીઠા પાણીનો કૂવો.

એ ઉપરાંત તેમણે લગભગ ૩૧ વાર જોધપુરમાં ગંજાવર બ્રહ્મભોજન કરાવ્યાં છે, એમાં એમને લાખો રૂપિયાનું ખર્ચ થયું છે.

પ્રતાપકુંવરબા ચતુર્ભુજ ભગવાનની પરમ ભક્ત છે અને એમનું પૂજન, સ્મરણ તથા ભજન તનમનધનથી કરે છે. સ્તુતિમાં એ કવિતા પણ રચે છે. એમાંની ઘણી કવિતાઓ 'પ્રતાપકુંવર પદરત્નાવલિ' નામના ગ્રંથમાં છપાઇ છે. તેમની ઇશ્વર ભક્તિની કવિતાના થોડાક નમૂનાઓ અત્ર આપીશું.

(રાગ ખમાચ)

વારી થારા મુખડારી શ્યામ સુજાન.
મંદમંદ મુખ હાસ્ય બિરાજે, કોટિક કામ લજાન;
અનિયારી અંખિયાં રસભીની, બાંકી ભૌં હે કમાન.
દાડિમ દશન અધર અરૂનારે, બચન સુધાસુખ ખાન;
જામસુતા પ્રભુસેં કર જોરે, હો મેરે જીવનપ્રાન.

લગન મારી લાગી ચતુરભુજ નામ.
શ્યામ સનેહી મારો જીવન ચેહી, ઔરનસે કયા કામ;
નૈન નિહારૂં પલ ન વિસારૂં, સુમરૂં નિશદિન શ્યામ.
હરિ સિમરનતે સબ દુઃખ જાવે, મન પાવે વિસરામ;
તન, મન, ધન નોછાવર કીજે, કહત દુલારી જામ.

(જૈ જૈવંતી)

પ્રીતમ અમારો પ્યારો શ્યામ ગિરધારી હૈ.
મોહન અનાથ નાથ, સંતનકે ડોલે સાથ;
વેદ ગુણ ગાવૈ ગાથ, ગોકુલ બિહારી હૈ.
કમલ બિશાલ નૈન, નિપટ રસીલે વૈન;
દીનનકો દાન દેત, ચાર ભુજાધારી હૈ.
કેશવ કૃપાનિધાન, વાહીસે હમારો ધ્યાન;
તન મન વારૂં પ્રાણ, જીવન મુરારી હૈ,
સુમરૂં મૈં સાઁઝ ભોર, બાર બાર હાથ જોર;
કહત પ્રતાપકોર, જામકી દુલારી હૈ.

(જંગલો)

સખીરી ચતુરભુજ શ્યામ સુંદરસે, મોરી લગન લગીરી;
લાખ કહો અબ એક ન માનૂં, ઉનકી પ્રીત પગીરી,
જા દિન દરશ ભયો તાદિન તેં, દુબિધા દૂર ભગીરી;
જામસુતા કહે ઉર બિચ ઉનકી, ભગતી આન જગીરી.

૧૨૦-માતાજી તપસ્વિની

ભારતવર્ષના સાધુઓને સુધારવાના સવાલ તરફ આજકાલ અનેક દેશહિતૈષી જનોનું ધ્યાન ખેંચાયું છે. સંસ્કૃત પ્રાંતના લાલા બૈજનાથ તથા ડેરા ઇસમાઇલખાનના ઉત્સાહી યુવક મિ. જહલરામે તેમને ઉચ્ચ શિક્ષણ આપવાના સંબંધમાં એક વખત ભારે ચર્ચા ચલાવી હતી. દરેક આદમી કબૂલ કરશે કે, ભારતવર્ષમાં સાધુઓની સંખ્યા એટલી બધી વિશાળ છે કે, જો તેઓ સારી રીતે કેળવાઇ ઉચ્ચ સંસ્કારવાળા થાય અને પોતાનો ધર્મ યથાર્થ સમજીને પરોપકાર કરવાનું કાર્ય કરે, તો ભારતવર્ષની ઉન્નતિનો માર્ગ ઘણોજ સુલભ થઈ શકે; પરંતુ તેમનો મોટો ભાગ કેવી દુર્દશામાં છે, કેવા અધમ આચારોમાં તેઓ પોતાનો જીવનકાળ વ્યતીત કરે છે, તે કોઇથી અજાણ્યું નથી. આવા સંયોગોમાં એ વર્ગની એક વ્યક્તિ સારા જનહિતનાં કાર્યોમાં પોતાનું જીવન વ્યતીત કરે, તો તે નિઃસંદેહ પ્રશંસાને પાત્રજ છે; અને તેમાંયે એ વ્યક્તિ જો અબળા જાતિની હોય, તો પછી આપણા હૃદયમાં તેને માટેનું માન સહસ્રગણું થયા વગર રહેતું નથી. આજ અમે અમારી વાચક ભગિનીઓ સન્મુખ એક એવી પરોપકારી સાધ્વી સ્ત્રીનું ટૂંક વૃત્તાંત મૂકવા માગીએ છીએ કે, જેણે આર્યમહિલાઓને કેળવણીના સુમાર્ગમાં લઇ જવાનો કેટલાંક વર્ષો સુધી ભગીરથ પ્રયત્ન કર્યો હતો. આ સ્ત્રી બંગાળામાં "માતાજી તપસ્વિની"ના નામથી ઓળખાતાં હતાં. આપણા દેશમાં સંસારત્યાગી મનુષ્યોમાં સાધારણ રીતે પોતાના પૂર્વાશ્રમની અવસ્થા પ્રગટ નહિ કરવાનો રિવાજ છે. તે મુજબ માતાજી તપસ્વિની પણ પોતાનું પૂર્વચરિત સ્પષ્ટ રીતે કોઇને કહેતાં નહોતાં; એટલે તેમનું વિસ્તૃત જીવનવૃત્તાંત લખવું દુઃસાધ્ય છે. તેમના ભક્તજન આગળ વાર્તાલાપમાં અથવા ઉપદેશના પ્રસંગો-

માં અનાયાસે જે વાત નીકળી ગઇ હતી, તે ઉપરથીજ વાચકોને તેમનો યત્કિંચિત્ પરિચય આપવામાં આવે છે.

માતાજીનો જન્મ ઇ૦ સ૦ ૧૮૩૧ માં મ્હૈસુર શહેરમાં થયો હતો. તેમના પિતા, પંડિત અલ્લવત્તમ શ્રીનિવાસચર, મ્હૈસુરના એ વખતના રાજા શ્રીમાન મહારાજા કૃષ્ણરાજ વડિયારની રાજસભામાં અગ્રગણ્ય સંસ્કૃત વિદ્વાન હતા.

એ સારા કવિ અને દર્શનશાસ્ત્રી હતાં. શ્રીરામનુજાચાર્યના વિશિષ્ટાદ્વૈત મતના એ અનુયાયી હતાં. સંસ્કૃતભાષામાં તેમણે 'ઉષાપરિણય' નામનું એક સારૂં નાટક લખ્યું છે.

માતાજી તપસ્વિનીનું બાલ્યાવસ્થાનું નામ અનંતમા હતું. શૈશવાવસ્થામાંથીજ સંસારત્યાગ કરીને સાધુ બનવા તરફ એ બાલિકાનું વલણ વિશેષ હતું. સાધુઓની એ રાતદિવસ પ્રશંસા કર્યા કરતી અને એમ કહેવાય છે કે, એકાદ વખત તેણે સાધ્વી થવાની ઇચ્છા પણ પિતાને દર્શાવી હતી. વિદ્વાન પિતાએ પુત્રીને સંસ્કૃત સાહિત્યનું ઊંચા પ્રકારનું શિક્ષણ આપવા માંડ્યું. કેટલાંએક વર્ષો સુધી પરિશ્રમપૂર્વક સંસ્કૃત સાહિત્યનો અભ્યાસ કર્યાથી બાલિકા એ વિષયમાં પારંગત થઇ ગઈ. તેના પિતા પાસે વિદ્યાભ્યાસ કરવા સારૂ દરરોજ અનેક વિદ્યાર્થીઓ આવતા. બાલિકા અનંતમા (માતાજી તપસ્વિનીનું બાલ્યાવસ્થાનું નામ) પિતાના ચરણ આગળ બેસી રહેતી અને તેમનો અમૂલ્ય ઉપદેશ તથા વિવિધ વિષયો સંબંધીનું શિક્ષણ સાંભળીને પોતાના જ્ઞાનભંડારમાં ઉમેરો કર્યે જતી. સંગીતનું શિક્ષણ પદ્ધતિસર તેમને મળ્યું નહોતું, તોપણ તેમનો સ્વર સુમધુર હતો. આ સ્વર પાછલી અવસ્થામાં પણ તેમને ઘણો ઉપયોગી થઇ પડ્યો હતો. તેમના કંઠમાંથી નીકળતું સંગીત શ્રવણ કરીને શ્રોતાઓ મુગ્ધ થઇ જતા અને તેમનો આત્મા સંસારની ક્ષણિક માયાઓની જાળમાંથી મુક્ત થઇને એટલો વખત તો ઉચ્ચતર પ્રદેશમાં વિચરવા લાગતો.

અનંતમાનું લગ્ન પંડિત અનંત કૃષ્ણમાચર નામના એક વિદ્વાન સાથે થયું. એ યુવક પરમપૂજ્ય શ્રીનિવાસ દેશીકેંદ્ર પરકલી સ્વામીનો પિતરાઈ ભાઇ થતો હતો. એ પતિથી અનંત માને યથાસમયે બે પુત્રરત્ન પ્રાપ્ત થયાં: નરસિંહ રાઘવાચાર્ય અને ગોપાલાચાર્ય. એ બાળકો ઘણી નાની વયના હતા, તે સમયે અનંતમાના પ્રિય પતિનું મૃત્યુ થયું. વિદ્વાન અને પ્રેમી પતિના

અકાળ મૃત્યુથી અનંતમાને કેટલો ઊંડો ઘા લાગ્યો હશે, એ વાચક બહેનો સહેલાઇથી સમજી શકશે; પરંતુ પોતાના બાળક પુત્રોની ખાતર એ વિધવાએ બધું દુઃખ ધૈર્યપૂર્વક સહન કર્યું.

જ્યારે તેમના એ બે પુત્રો માતા વગર એકલા રહેવા જેટલી પુખ્ત ઉંમરના થયા, ત્યારે તેમણે તેમને કૈલાસવાસી સ્વામી દ્વેશીકેંદ્રને સોંપી દીધા અને પોતે દક્ષિણભારતમાં વિવિધ તીર્થોની યાત્રા કરવા ગયાં. એક તીર્થક્ષેત્રમાં કેટલાક વૈરાગીઓ સાથે તેમનો પરિચય થયો અને તેમની સાથે એ ઉત્તર હિંદુસ્તાનનાં તીર્થોની યાત્રા કરવા સારૂ નીકળ્યાં. તેમની સાથે સાધ્વીના વેશમાં તેમણે મથુરા, કાશી, પ્રયાગ આદિ તીર્થોની યાત્રા કરી. થોડા દિવસ તેમણે નૈમિષારણ્યમાં પણ વાસ કર્યો. ઇ૦ સ૦ ૧૮૫૭ માં સિપાઇઓના બળવા વખતે માતાજી નૈમિષારણ્યમાં વાસ કરતાં હતાં, તે વખતમાં ઉત્તર હિંદુસ્તાનના અનેક મોટા મોટા અંગ્રેજ અમલદારો માતાજીના સંસર્ગમાં આવ્યા હતા અને તેઓ તેમની અપૂર્વ પ્રતિભા અને શક્તિ જોઇને વિસ્મય પામ્યા હતા. તેઓ આખી જિંદગી સુધી માતાજીનું ઘણું સન્માન કરતા અને તેમની સ્ત્રીઓ પણ ઘણી વખત માતાજીનાં દર્શન કરવા જતી.

નૈમિષારણ્યમાં થઇને ગંગાસ્નાન કરીને માતાજી બંગાળમાં પધાર્યાં. પરલોકવાસી મહારાણી સ્વર્ણમયીના સ્વામી, જે સમયે કાસિમબાજારની જમીનદારીના ઉત્તરાધિકારી થયા તે સમયે માતાજી તેમના આમંત્રણથી ત્યાં ગયાં હતાં. વર્ધમાનનાં રાણી વસંતકુમારી સાથે રાજા દક્ષિણારંજનનો વિવાહ થયો, તે વખતે પણ તેઓ ત્યાં હાજર હતાં. આ ઉપરથી તેમની પ્રતિષ્ઠાનો કાંઇક ખ્યાલ આવી શકે છે. વળી હાઇકોર્ટના બંગાળી ન્યાયાધીશ સ્વર્ગસ્થ શંભુનાથ પંડિત અને સ્વર્ગસ્થ દ્વારકાનાથ મિત્ર એ બન્ને વિદ્વાનો માતાજીની અત્યંત ભક્તિ કરતા હતા.

બંગાળામાં થઇને માતાજી પશુપતિનાથનાં દર્શન કરવા સારૂ નેપાળ ગયાં. ત્યાં તેમણે ઘણાં વર્ષો સુધી વાસ કર્યો. નેપાળના રાજા અને મુખ્ય અધિકારીઓ માતાજી ઉપર ઊંડી શ્રદ્ધા રાખતા હતા. નેપાળમાં તેમણે ગંગાદેવીનું એક મંદિર સ્થાપન કર્યું છે; જે આજે વધીને નેપાળનું એક વિખ્યાત દેવમંદિર બની ગયું છે. નેપાળમાં હજારો રૂપિયા ખર્ચીને તેમણે ચારે વેદને સુવર્ણાક્ષરે લખાવી રાખ્યા હતા.

લગભગ ૨૨ વર્ષ ઉપર માતાજી તપસ્વિની બંગદેશમાં બીજી વાર પધાર્યાં હતાં. હિંદુધર્મ ઉપર તેમને ઘણીજ નિષ્ઠા હતી; પણ બંગદેશમાં પ્રચલિત હિંદુધર્મ ઉપર તેમને અશ્રદ્ધા ઉત્પન્ન થઇ હતી. આ દેશમાં ધર્મબંધન શિથિલ પડતાં જોઇને, તેઓ ઘણો શોક પ્રકટ કરતાં હતાં. આ દેશની સ્ત્રીજાતિની શોચનીય અવસ્થા જોઇને, તો ખરેખર તેમનું કોમળ હૃદય ભેદાઇ જતું હતું અને તેથી કરીને તેમની સ્થિતિ સુધારવાને તેમણે વ્યાવહારિક ઉપાયો યોજ્યા હતા. સ્ત્રીજાતિની અવસ્થા ઉન્નત કરવા સારૂ તેમણે આશરે ૧૮ વર્ષ થયાં “મહાકાલી પાઠશાળા” ની સ્થાપના કરી હતી. આજકાલ એ “મહાકાલી પાઠશાળા” વિરાટ સંસ્થા થઇ પડી છે. કલકત્તા, હાવરા, બહેરામપુર, કાશી, રાવલપીંડી વગેરે દસબાર સ્થાનોમાં આ પાઠશાળાની શાખાઓ સ્થાપન કરવામાં આવી છે. હજારો બાલિકાઓ આ પાઠશાળામાં શિક્ષણ લઇને પોતાના ભાવી જીવનને ઉન્નત બનાવે છે. કેવું પુણ્યનું કામ!! એક અબળાની આવી કાર્યચલાવવાની શક્તિ જોઇને કોણ વિસ્મય નહિ પામે? સાધારણ જનસમાજની સહાયતાથીજ આ બધી પાઠશાળાઓનો વહીવટ ચાલે છે, પરંતુ આવકખર્ચનાં સરવૈયાં જોતાં માલૂમ પડે છે કે, સ્વયં માતાજીએ પણ આ વિદ્યાલયને માટે પોતાની ગાંઠેથી હજારો રૂપિયા આપ્યા છે. એક સંન્યાસિની આટલું બધું ધન ક્યાંથી લાવે છે, એ ઘણાકના સમજવામાં આવતું નહિ. તેમનું કહેવું હતું કે, તપસ્વિનીઓને સત્કાર્ય માટે નાણાંનો અભાવ રહેતો નથી. વિચાર કરવાથી તેમના એ કથનમાં કાંઇક સત્ય સમાયેલું જણાશે. આપણા ભારતવાસી બંધુઓમાં દાનશીલતાનો ગુણ અદ્યાપિપર્યંત મોજૂદ છે અને જો તે દાનનો સત્કાર્યોમાં ઉપયોગ કરવાને માટે આપણા સાધુજનો પરિશ્રમ કરે, તો સાંસારિક ગૃહસ્થો કરતાં તેઓ વધારે સફળતા પ્રાપ્ત કરી શકે, એ સંભવિત છે. આવી રીતની પાઠશાળાઓ સ્થાપીને સ્ત્રી કેળવણીનો પ્રચાર કરવા માટે, બંગાળીઓ માતાજીના ચિરકાળ સુધી ઋણી રહેશે.

માતાજીએ પતિના મૃત્યુ પછી કઠોર બ્રહ્મચર્યવ્રતનું પાલન કર્યું હતું. એક વાર તેમણે આખા ભારતવર્ષની પ્રદક્ષિણા કરી હતી. સાહસ, કર્મોત્સાહ, પરિશ્રમ, ચિંતનશીલતા અને તપશ્ચર્યા એ બધા ગુણો ધરાવે એવા અને આ મનસ્વી તપસ્વિનીની બરો-

બરી કરી શકે એવા પુરુષો પણ વિરલજ હશે. આદમીઓના મોટા કોલાહલવાળા મેળાઓમાં, તેમજ વિંધ્ય, હિમાલય આદિની નિર્જન કંદરાઓમાં એ એકલાંજ ભ્રમણ કરતાં હતાં. અમારી આજકાલની નાજુકતામાં મોટાઇ સમજનારી સુકુમાર બહેનો વાંચીને વિસ્મય પામશે કે, આ સંન્યાસિની ઘોડેસવાર થવામાં પણ ઘણાં કુશળ હતાં. ઉત્કૃષ્ટ અંગ્રેજ ઘોડેસવારોની સાથે ઘોડા દોડાવવાની શરતોમાં તેમણે જીત મેળવી હતી. એક તરફ આ બધા પુરુષોચિત્ ગુણ હોવા છતાં, બીજી તરફ રમણીઓને છાજતી લલિતકળાઓમાં પણ તેઓ વિશેષ પારદર્શી હતાં. વેદ-વેદાંત અને વ્યાકરણાદિ શાસ્ત્રોમાં તેમનું પાંડિત્ય અગાધ કહેવાતું હતું. ચિત્રકળામાં તેમની ઘણી નિપુણતા હતી. તેમના પોતાના હાથની આળેખેલી ચિત્રાવલિ અને તેમાંયે ખાસ કરીને પર્વતનાં દશ્યનાં ચિત્રો જોનારને મુગ્ધ કરી નાખે છે.

માતાજી તપસ્વિનીની જીવનલીલા તા. ૨૦ મી એપ્રિલ, ૧૯૦૭ ને દિને કાશીધામમાં સમાપ્ત થઇ ગઇ.

તેમના મૃત્યુની નોંધ લેતાં કલકત્તાના એક પ્રસિદ્ધ એંગ્લો-ઇંડિયન દૈનિક પત્રે નીચલા ભાવના ઉદ્ગાર કાઢ્યા હતાઃ—

“ શ્રીમતી માતાજી તપસ્વિની જેવી જિંદગી ગાળતાં હતાં, તેવી જિંદગી ગાળવી ભારતવર્ષ સિવાયના બીજા કોઇ દેશમાં અસંભવિત થઇ પડે. જે લોકો માતાજીના અંગત સમાગમમાં આવ્યા નથી તેઓને માટે માતાજીની અસરનું ક્ષેત્ર કેટલું વિશાળ હતું, તેની કલ્પના કરવી કઠિન થઈ પડશે. તેમનું ઘર હિંદુસ્તાનના પ્રત્યેક ભાગમાંથી તેમના દર્શનાર્થે આવનાર ભાવિક સજ્જનોનું તીર્થસ્થાન હતું. જૂના વિચારના હિંદુઓ ઉપર તેમની સત્તા અસાધારણ હતી અને સત્યની ખાતર કહેવું પડશે કે, એ સત્તાનો ઉપયોગ તેમણે પોતે જેમાં પ્રજાનું કલ્યાણ સમજતાં હતાં, તેવાં કાર્યો કરવામાં કર્યો છે.”

માતાજી જેવી સન્નારીઓ દેશમાં ઘણી જન્મો !

૧૨૧–વીરાંગના રૂપકુમારી

પ્રિય પાઠકો ! ભારતવર્ષની ક્ષત્રિયજાતિની મહિલાઓએ મુસલમાનોના રાજ્યકાળમાં કર્તવ્યપાલન અને શિયળના રક્ષણમાં પોતાની અસામાન્ય તેજસ્વિતા અને વીરતાનો પરિચય આપ્યો છે. સદ્ભાગ્યે હજુ પણ ભારતવર્ષ એવી વનિતાઓથી શૂન્ય નથી. પ્રસંગોપાત હજુ પણ ભારતીય સન્નારીઓ પોતાના નૈસર્ગિક ગુણરત્નોનો પ્રકાશ વીજળીના ચમકારાની પેઠે જગતને દેખાડી જાય છે. આજ અમારા દેશની કુલવધૂઓના ઉપદેશ સારૂ અમે એક એવીજ રમણીનું ખરૂં બનેલું વૃત્તાંત લખીએ છીએ.

સંયુક્ત પ્રાંતની આગ્રા કમિશ્નરીમાં એક ગામડામાં ધર્મસિંહ નામનો એક ધર્મશીલ ક્ષત્રિય રહેતો હતો. તેની પાસે સારી જમીનદારી હતી. સદ્ભાગ્યે તેને સ્ત્રી પણ ઘણી રૂપવતી અને સુશીલ મળી હતી તથા એક પુત્રરત્ને પણ તેના ઘરને વિભૂષિત કર્યું હતું. ધર્મસિંહ પોતાનું જીવન ઘણા આનંદમાં ગાળતો હતો. એ સચ્ચરિત્ર અને વિવેકી પુરુષ હતો. એએક વિદ્વાન મહાત્મા તેના ઘર આગળ હમેશાં બેઠેલા દીઠામાં આવતા. તેની સ્ત્રીનું નામ રૂપકુમારી હતું. રૂપકુમારી જેવી રૂપાળી હતી, તેવીજ ગુણવંતી પણ હતી. તેના રૂપલાવણ્ય અને ગુણોની પ્રશંસા સ્ત્રીઓમાં ઘણી થતી હતી. ધર્મસિંહનો સંસાર ઘણો આદર્શ હતો, આનંદમય હતો.

ધર્મસિંહ સહૃદય અને શાંતિશીલ પુરુષ હતો. એ પોતાની જમીનદારીમાં કોઇ પણ જાતનો ટંટોફિસાદ થવા દેતો નહિ. પોતાના ખેડૂતોની સાથે તેની વર્તણુંક ઘણી ન્યાયપૂર્ણ હતી; એથી કરીને આખા ગામમાં તથા આસપાસ ધર્મસિંહનું કોઇ શત્રુ નહોતું. ધર્મસિંહ બધાની સાથે સ્નેહભાવ રાખતો હતો અને કોઇ પણ માણસ એની પાસે કોઇ પ્રકારની મદદ માગતો,

તો એ તુરતજ તેને યથાશક્તિ સહાયતા કરતો હતો. તેના ગામમાં એક ભગવતદાસ નામનો પુરુષ હતો. એ ઘણો ચાલાક અને સ્વાર્થી હતો. તેણે ધર્મસિંહની સૌજન્યશીલતા અને ઉદારતાનો ફાયદો ઉઠાવવા ખાતરજ તેની સાથે દોસ્તી બાંધી તથા તેની પરોપકાર વૃત્તિથી અનેક પ્રકારનો લાભ ઉઠાવ્યો; પરંતુ એમ છતાં પણ એ દુષ્ટે આખરે તેની સાથે મોટો વિશ્વાસઘાત કર્યો. એક દિવસ કોઇ પ્રકારે ધર્મસિંહની પરમ રૂપવતી અને પતિવ્રતા ભાર્યા રૂપકુમારી ઉપર તેની દૃષ્ટિ પડી. બસ, એજ સમયથી એ કામાંધ થઇ ગયો અને તેની સાથે અનુચિત પ્રેમ કરવાનો યત્ન કરવા લાગ્યો; પરંતુ પ્રત્યક્ષમાં તો એ પોતે ઘણો સદાચારી અને ધર્માત્મા હોય, એવો ડોળ બતાવતો રહ્યો. ધર્મસિંહને ત્યાં શાસ્ત્રચર્ચા થતી હતી, તે વખતે એ બગભક્ત સાંસારિક વિષયો ઉપર વિરક્તિ પ્રકટ કરતો હતો. ધીમે ધીમે એ દુષ્ટરાજે પોતાને માટે ધર્મસિંહના હૃદયમાં ઘણો વિશ્વાસ ઉત્પન્ન કરી દીધો અને પોતાને માટે સારી છાપ પાડી દીધી.

દુષ્ટાત્માઓ પોતાનાં પાપી હૃદયોમાં કેવી રીતે વાતો ગુપ્ત રાખી શકે છે અને ખરાબ સંકલ્પોને પૂર્ણ કરવા માટે કેવી કુચેષ્ટાઓ કરી શકે છે, એ વાત ભગવતદાસના આચારવિચારથી જણાઈ આવે છે. ભગવતદાસ રાતદિવસ એવો યત્ન કરતો રહ્યો કે, કોઇ પણ કાર્યનિમિત્તે ધર્મસિંહને થોડા દિવસ બહારગામ જવું પડે. જો એવું થાય, તો પોતાની આંતરિક અભિલાષા પૂર્ણ થશે, એવી એને આશા હતી. તેણે ધર્મસિંહના ગામના એક ભાગીદાર સાથે ગુપ્ત રીતે મળી જઇને ધર્મસિંહ ઉપર મુકદ્દમો મંડાવ્યો. વધતે વધતે એ મુકદ્દમો હાઈકોર્ટ સુધી પહોંચ્યો અને ધર્મસિંહને એ નિમિત્તે પ્રયાગ જવું પડ્યું. દુષ્ટ ભગવતદાસે કહ્યું કે, “હું પણ તમારી સાથે પ્રયાગ આવીશ.” પરંતુ એ બધી એની મિથ્યા વાગ્જાળ હતી. પ્રયાગ જવાને દહાડે જૂઠું બહાનું કાઢીને એ માંદો પડી ગયો અને ધર્મસિંહને મુકદ્દમાને લગતી કેટલીક સૂચનાઓ આપીને પ્રયાગ વિદાય કર્યો. ચાલતી વખતે ધર્મસિંહે ભગવતદાસને કહ્યું: “તમારે ભરોંસે ઘર છે. તમે અહીં છો, એટલે મને કોઇ વાતની ચિંતા નથી. તમે ઘરની ચોકસી રાખજો.” ભગવતદાસે બધી રીતે સંતોષકારક ઉત્તર આપીને ધર્મસિંહને વિદાય કર્યો.

જે અવસરને માટે ભગવતદાસે આ બધો પ્રપંચ રચ્યો હતો, તે સમય આવી પહોંચ્યો. એ દુષ્ટ સંધ્યાકાળથીજ ધર્મસિંહને ઘેર જઇ પહોંચ્યો. ધર્મસિંહની પાસે બે ખાસ વિશ્વાસપાત્ર નોકરો હતા. એમાંના એકને તો એ સાથે લઇ ગયો હતો અને બીજો ઘેર હતો. ભગવતદાસે પોતાના આવ્યાની ખબર રૂપકુમારીને પહોંચાડી. પોતાના પતિના પ્રિય મિત્રના આવ્યાના સમાચાર સાંભળીને એ પ્રસન્ન થઈ અને પોતાના મનમાં ઇશ્વરને ધન્યવાદ આપવા લાગી કે, તેણે કેવા સજ્જન પુરુષ પેદા કર્યા છે; પરંતુ રૂપકુમારીનો વિચાર બિલકુલ ભ્રમ ભરેલો હતો. તબિયત નરમ હોવાનું બહાનું કાઢીને ભગવતદાસે પોતાનો પલંગ ખડકીમાં પથરાવ્યો. રૂપકુમારી પોતાના બાળક સહિત ઘરની અંદર સૂતી હતી. ભગવતદાસે ખડકીમાંથી કહ્યું: " કોઇ વાતની ચિંતા ન કરશો, નિશ્ચિંત થઇને સૂઈ રહેજો." રાતના દસ વાગે ભગવતદાસે દવા લાવવાનું બહાનું કાઢીને ધર્મસિંહના નોકરને પાસેના ગામમાં મોકલ્યો. નોકરનું શું ગજું કે, શેઠના જીવજાન મિત્રનો હુકમ પાળવામાં આનાકાની કરે? બિચારો તુરત દવા લેવા માટે પાસેના ગામ જવા ઊપડ્યો પણ રસ્તામાં બે માણસોએ તેને પકડી લીધો તથા હાથપગ બાંધીને એક ઊંડા અંધારા કૂવામાં ફેંકી દીધો. આ દુષ્કર્મ ભગવતદાસે કેટલાક બદમાશોને રૂપિયા આપીને કરાવ્યું હતું.

ભગવતદાસના આવ્યાથી નિર્દોષ રૂપકુમારી બિચારી નિશ્ચિંત થઇને ઘરની અંદર સૂતી હતી. થોડી વાર પછી એના ઉપર જે ભયંકર આપત્તિ આવી પડવાની હતી, તેનું એને લેશમાત્ર પણ ભાન નહોતું.

ભગવતદાસને એ રાત્રે નિંદ્રા ન આવી. નોકરના ગયા પછી તેની પ્રત્યેક ક્ષણ અધીરાઇમાં વીતતી હતી. કદી એ પલંગમાં આળોટતો હતો, તો કદી ઊઠીને બેઠો થતો અને કદી આમ તેમ ફર્યા કરતો હતો. ગમે તેમ કરીને તેણે અડધી રાત ગાળી. હવે રાતના બાર વાગ્યા. આખા ગામમાં શૂન્યકાર છવાઇ રહ્યો. વચમાં કોઇ કોઇ વખત કૂતરાંઓનો ભસવાનો શબ્દ સાંભળવામાં આવતો હતો. એ સિવાય ચારે તરફ શાંતિનો અટલ અધિકાર હતો; ગામમાં નીરવ શાંતિ ફેલાઇ ગઈ હતી.

એવા સમયમાં ભગવતદાસ એકાએક રૂપકુમારીની સમીપ

પહોંચ્યો અને તેની છાતી ઉપર હાથ મૂકીને તેને જગાડી. રૂપકુમારી એકદમ ચમકીને જાગી ઊઠી. પહેલાં તો એ ભગવતદાસને પોતાની પાસે આવવાનું કાંઇ પણ પ્રયોજન સમજી શકી નહિ. જ્યારે તેણે ભગવતદાસને પોતાની સામે કાંપતો દેખ્યો, ત્યારે તે તેના હૃદયનો કુત્સિત ભાવ એકદમ સમજી ગઇ અને ઝટ એક ઓરડામાં ચાલી જઇને તેણે એ ઓરડાનાં કમાડ અંદરથી બંધ કરી દીધાં.

ભગવતદાસે કહ્યું: "રૂપકુમારે! તારે માટે મેં ઘણાં વર્ષો સુધી મોટો પરિશ્રમ કર્યો છે, રાત દિવસ તારા નામની માળા જપી રહ્યો છું; શું તું મને ફરીથી દર્શન નહિ દે? મને તારો દાસાનુદાસ સમજીને પ્રેમભિક્ષા આપ."

રૂપકુમારીએ ગુસ્સે થઇને કહ્યું: "અરે દુષ્ટ! આજ તારો પ્રપંચ જણાઇ આવ્યો. હવે અહીંથી ચાલ્યો જા. કોઇ પણ પતિવ્રતા સ્ત્રી તરફ કુદૃષ્ટિથી જોવું અને તેમાં પણ પોતાના મિત્રની ધર્મપત્ની સાથે એવું કરવું, એ મહા અધર્મ છે. તારા ઉપર મારા પતિએ કેટલા બધા ઉપકાર કર્યા છે, તેનું તો જરા તું સ્મરણ કર! એમ છતાં પણ તું આવો વિશ્વાસઘાત કરવા માગે છે? ધિક્કાર છે તને અને તારા જીવતરને!"

ભગવતદાસે કહ્યું: "હું હવે બહાર ચાલ્યો જાઉં છું. તું બેધડક બહાર ચાલી આવ. હું કોઈ ખરાબ વિચારથી અંદર નહોતો આવ્યો."

રૂપકુમારીએ કહ્યું: "હવે હું તમને બરાબર ઓળખી ગઈ છું, એટલે હવે તમારે ખડકીની અંદર સૂવાની કાંઇ જરૂર નથી; માટે કૃપા કરીને અહીંથી ઝટપટ ઘેર ચાલ્યા જાઓ."

આ કથનથી નિરાશ થયેલા, કામોન્મત્ત ભગવતદાસને એટલો બધો ક્રોધ આવ્યો કે, એક હાથમાં તલવાર અને બીજા હાથમાં રૂપકુમારીના ત્રણ વર્ષના પુત્રને પકડીને તે કહેવા લાગ્યો: "આ તલવારથી તારા પુત્રનું શિર કાપી નાખું છું, નહિ તો તું જલદી બહાર ચાલી આવ. હજુ સુધી કાંઇ બગડયું નથી. જલદી બહાર આવીને આ તારા એકના એક પુત્રના પ્રાણ બચાવ."

પુત્રવધની ધમકી મળ્યા છતાં પણ રૂપકુમારી સતીત્વધર્મના રક્ષણમાં દૃઢ રહી અને ઉત્તર આપ્યો: "જો તું એવોજ નિષ્ઠુર

થઇ ગયો હોય કે, આ સુકુમાર બાળકને માટે તારાં હૃદયમાં લેશમાત્ર પણ દયા નથી આવતી, તો તારી મરજીમાં આવે એ પ્રમાણે કર. જગતપિતા પરમેશ્વરને મારૂં બાળક બચાવવું હશે, તો એ તેની ગમે તે પ્રકારે રક્ષા કરશે.”

આ વાત સાંભળતાંજ એના હૃદયમાં કોણ જાણે શો ભાવ ઉત્પન્ન થઇ આવ્યો કે, બાળકને તો પલંગ ઉપર સુવાડી દીધું અને પોતે ક્યાંકથી એક કોદાળી લઇ આવીને જે ઓરડામાં રૂપકુમારી હતી, તે ઓરડાનો ઉમરો ખોદવા લાગ્યો. એના મનમાં એમ કે, જરા પેસવા જેટલી જગ્યા થાય, તો અંદર જઇને બળાત્કાર કરૂં. જે વખતે એ ખાડો ખોદીને અંદર પેસવા સારૂ પોતાનું માથું અંદર ઘાલવા લાગ્યો, તે વખતે રૂપકુમારીએ સાહસ કરીને તેના ઉપર એક એવું સચોટ ખડ્ગ માર્યું કે તેની અડધી ગરદન કપાઇ ગઇ અને તત્કાળ એનું અધમ જીવન સમાપ્ત થઇ ગયું. સવાર થતાંવારજ એ દુષ્ટના દુષ્કૃત્યની ખબર આખા ગામમાં ફેલાઇ ગઇ. સતીત્વધર્મનું રક્ષણ કરવા ખાતર દુષ્ટાત્મા ભગવતદાસનો સંહાર કરવા માટે રાજ્યના કાયદાએ પણ રૂપકુમારીને મદદ આપીને નિર્દોષ ઠરાવી તથા એ દિવસથી તેનો યશ ચારે દિશામાં પ્રસરી ગયો.



१२२-सती कमळा

મથુરાથી થોડે દૂર એક ગામમાં એક ધનાઢ્ય વાણિયો રહેતો હતો. એ વાણિયા પાસે લક્ષ્મી તો અઢળક હતી, પણ તેને ભોગવવાનું તેના ભાગ્યમાં નહોતું. શ્વાસનો રોગ તેને બાવીસ વર્ષની ઉમરમાંજ લાગુ પડ્યો હતો; પરંતુ એવી દશામાં પણ પૈસાના પ્રતાપે તેણે પંચાવન વર્ષની વય સુધીમાં પાંચ લગ્ન કરી નાખ્યાં હતાં. એ ધનાઢ્યનું નામ કૂઢેમલ હતું. તેની પાંચમી વારની ગૃહિણીનું મૃત્યુ થયું, એટલે ચાર દિવસની અંદરજ એને લગ્ન કરવાનું સૂઝયું. પછી શું કહેવું? શેઠજીને સારૂ કન્યા આણી આપવા દલાલો ચારે તરફ જવા લાગ્યા. આખરે એક મહા મખ્ખીચૂસ વાણિયાએ પોતાની બાર વર્ષની સુંદર કન્યા કમળાનું સગપણ બુઢ્ઢા કૂઢેમલ સાથે કરી દીધું. તેના બદલામાં એ કન્યાના પિતાએ અઢી હજાર રૂપિયા લેવાના ઠરાવ્યા હતા.

કૂઢેમલનું સગપણ તો થઇ ગયું, પણ તેના શરીરની અવસ્થા એવી હતી કે, લાકડીના ટેકા વગર એનાથી હરાતુંફરાતું નહિ; આંખોનું તેજ નાશ પામ્યું હતું, શરીરમાં બળ રહ્યું નહોતું, મોંમાંથી એકેએક દાંત પડી ગયો હતો; એમ છતાં પણ કૂઢેમલને લગ્નનો લહાવો લેવાની ઇચ્છા થઇ. કમળાનો બાપ પણ ઘણો કંજૂસ હતો. એણે એવાં એવાં નીચ કામો કરીનેજ વીસ હજાર રૂપિયા એકઠા કર્યા હતા. કમળાનું સગપણ કૂઢેમલની સાથે થઇ જવાથી એ ઘણો પ્રસન્ન થયો. એના મનમાં એવો વિચાર સદા આવ્યા કરતો કે, "મારી પુત્રી કૂઢેમલની બધી માલમિલકતની માલિક થશે; એટલે તેના બધા ધનનો મરજીમાં આવે તેમ ઉપયોગ કરવાનો મને સારો લાગ મળશે." એ પોતાની સ્રીને પણ વારંવાર સમજાવ્યા કરતો કે, "જો આપણી દીકરી કેવી ભાગ્યશાળી છે! ધનસંપત્તિવાળું સારૂં ઘર ઘણાં પુણ્ય હોય તોજ

મળે છે.” કમળા પોતાની પાડોશમાં એક કન્યાશાળામાં ભણ્યા કરતી હતી અને બાર વર્ષની વય થયા છતાં, પણ સાંસારિક વિષયોથી અનભિજ્ઞ હતી. તેની પોળમાં જ્યારે તેના પિતાની નિંદા થવા લાગી ત્યારે તેને બાપના કાળા કૃત્યનું ભાન થયું. કમળા ઘણા પ્રેમથી રામાયણ વાંચ્યા કરતી હતી અને જ્ઞાનની વાતો ઘણા ધ્યાનથી સાંભળ્યા કરતી હતી. એ ઘણી સરળહ્રદયા અને હસમુખી બાલિકા હતી. એ સદા પ્રસન્નચિત્ત રહેતી હતી. તેની માતાએ તેને ઘરનું કામકાજ પણ સારી પેઠે શીખવ્યું હતું.

સગાઈ થયા પછી, થોડે દિવસે કમળાનું લગ્ન કૂઢેમલની સાથે થઇ ગયું. કમળાની ઉંમર જ્યારે પંદર વર્ષની થઇ, ત્યારે કૂઢેમલને સાઠ પૂરાં થયાં. કમળા બિચારીએ યૌવનના દ્વારમાં પ્રવેશ કર્યો, તે વખતે વૃદ્ધાવસ્થાએ કૂઢેમલ ઉપર પૂરેપૂરૂં આક્રમણ કર્યું ! એક તો તેની ઉંમર સાઠ વર્ષની હતી, તેમાં વળી દમનો અસાધ્ય રોગ હતો, તેથી તેને આખો દિવસ ખાટલાવશ પડયા રહેવું પડતું. કમળા સાસરે ગઇ ત્યારે પતિની બધી દુર્દશા તેના જાણ્યામાં આવી તથા પિતાની ક્રૂરતા અને નીચતા ઉપર તેને ઘણો તિરસ્કાર છૂટયો; પરંતુ કમળાનું ચિત્ત ઉચ્ચ પ્રકારના શિક્ષણથી પવિત્ર બન્યું હતું. તેના પોતાના ચિત્ત ઉપર સદાચારની છાપ મજબૂત રીતે અંકિત થઇ ગઇ હતી, તેથી તેણે સ્ત્રીઓના પરમ આરાધ્ય સતીત્વ મંત્રની સાધના કરી અને વૃદ્ધ પતિની સેવામાં તે રાતદિન ધ્યાન આપવા લાગી. પતિ રોગી હોવા છતાં, પણ એણે તેની શુશ્રૂષા કરવામાં જરાયે કચાશ રાખી નહિ. કૂઢેમલને દમ ઊપડી આવતો, ત્યારે કમળા આખી રાત તેની પાસે બેસીને ઓસડવેસડ કર્યા કરતી. પતિસેવા અને પવિત્ર આચરણથી એ પતિની પ્યારી બની ગઈ. કૂઢેમલ વારંવાર કહ્યા કરતો હતો કે, “ તું ન હોત, તો આ ઘડપણમાં મારી શી દશા થાત ?”

કમળાએ સાસરે આવ્યા પછી પતિનું કાંઇ પણ સુખ ભોગવ્યું નહોતું, તોપણ વૃદ્ધ પતિની સેવાને એ પોતાનું મુખ્ય કર્તવ્ય ગણતી હતી અને એમાંજ પરમ સંતોષ માનતી હતી. સ્વપ્નમાં પણ એ પરપુરુષનો વિચાર કરતી નહોતી. ઘરમાંથી તેણે યુવાન નોકરચાકરોને રજા આપી દીધી હતી. ફક્ત એક વૃદ્ધ સ્ત્રીનોકર રાખી હતી. એ સ્ત્રી અતિ વૃદ્ધાવસ્થાને લીધે વારેઘડીએ

માંદી પડી જતી હોવાથી બહારનું કામ તેનાથી થઇ શકતું નહિ. પતિને વાસ્તે દવા લાવવા સારૂ કમળાને ઘણી વખત જાતે વૈદ્યને ઘેર જવું પડતું; પરંતુ એ હમેશાં નીચું જોઇને વૈદ્યની સાથે વાત કરતી અને કામ થઇ રહે; એટલે નીચે મોંએ પાછી આવતી.

ફૂઢેમલના કુટુંબમાં એક યુવક ઘણો તોફાની, દુરાચારી અને લંપટ હતો. નવયૌવના કમળા સાથે અનુચિત પ્રેમ બાંધવાને અને તેની સાથે ફૂઢેમલના મૃત્યુ પછી, તેની મિલકતનો ઉપભોગ કરવાને એ યુવક ઘણો ઉત્કંઠિત રહેતો હતો.

એક સમયે યમદ્વિતીયાને દિવસે કમળા પડોશની બે સ્ત્રીઓને લઇને યમુનાસ્નાન કરવા ગઇ. યમુના નદી તેના ઘરથી એક માઇલ દૂર હતી; એટલે એ દુષ્ટે જાણ્યું કે, પોતાની નીચ અભિલાષા પૂર્ણ થવાનો આ સારો લાગ છે. એ પણ ચુપચાપ એની પાછળ ગયો. એ દુષ્ટે કમળાની સાથે જનારી બે પાડોશણોને પહેલેથીજ રૂપિયા આપીને સાધી રાખી હતી અને ખરૂં પુછાવો તો એ બે કુલટાઓએજ લોભને વશ થઇને, કમળાનું પાતિવ્રત્ય ભંગ કરાવવાના ઉદ્દેશથીજ તેને સ્નાન કરવા જવાની સલાહ આપી હતી. અસ્તુ! રસ્તામાં એક નાળું આવ્યું; એટલે એ દુરાચારી નવયુવકે ઇશારો કર્યાથી પેલી બે કુલટા સ્ત્રીઓ કાંઇ ને કાંઇ બહાનું કાઢીને ત્યાંથી દૂર ચાલી ગઇ. એટલામાં એ યુવક એકદમ કમળાની સન્મુખ આવ્યો અને એ નિરાધાર સુંદરીના બે હાથ પકડીને, બળાત્કારપૂર્વક ચુંબન લઇને કહેવા લાગ્યો: "પ્યારિ! તું તારા જીવનને શું કામ વ્યર્થ ગુમાવે છે? મારી સાથે પ્રેમ બાંધ અને સતીત્વના ખોટા મમત્વમાં એ બુઢ્ઢાની પાસે બેસી રહેવાનું છોડી દે. વિષયભોગ એજ જીવનમાં ખરૂં સુખ છે. હું તને સંસારનું ખરૂં સુખ ભોગવાવીશ. હું તન, મન, ધનથી તારા ઉપર આસક્ત છું અને ખરીદી લીધેલા દાસની માફક તારી સેવા કરવા આતુર છું."

આ બધી વાતોથી સદાચારી કમળાના હૃદયને અસહ્ય ઘા લાગ્યો. તેણે ઘણા ક્રોધપૂર્વક કહ્યું: "અરે દુષ્ટ! દુરાચારિ! લંપટ! મારી આગળથી ચાલ્યો જા! તારા જેવા કૂતરાઓના ભસ્યાથી સતી પોતાના શિયળનો કદી નાશ કરવાની નથી. અરે દુષ્ટ! તને આ શું સૂઝ્યું છે? તારી ઘણી દુર્દશા થનાર છે!"

તેના મોંમાંથી આ વચનો નીકળી રહ્યાં હતાં, એટલામાંજ કેટલાક આદમીઓ એ રસ્તે આવી ચડયા અને એ નરપિશાચ યુવક કમળાને છોડી દઈને ત્યાંથી નાસી ગયો.

આ બનાવથી કમળાને અત્યંત મર્મભેદી વેદના થઇ. તેણે મનમાં વિચાર કર્યો: “ હાય! આજ મને પરપુરુષે સ્પર્શ કર્યો! આજ હું પિતા અને પતિના કુળને કલંક લગાડનારી બની! બહારનાં માણસો મારી આ વિપત્તિની વાત સાંભળીને શું કહેશે? હું મારા વૃદ્ધ પતિને શું કહીશ? મારૂં જીવન હવે કલંકિત થઇ ગયું!” એવા એવા અનેક વિચારોને લીધે કમળાએ પોતાના પતિના પહેલાંજ દેવલોકમાં જવાનો સંકલ્પ કર્યો. એ સંકલ્પ તેણે પોતાના મનમાંજ રાખ્યો અને પાડોશણ સ્ત્રીઓની સાથે સ્નાન કરવા યમુનાતટ ઉપર જઇ પહોંચી.

તેની સાથેની બે સ્ત્રીઓ સ્નાન કરવા ગઇ, તે વખતે કમળા તેમનાં વસ્ત્રો સાચવવા ઘાટ ઉપર બેઠી. જ્યારે એ બે જણીઓ સ્નાન કરીને આવી, ત્યારે કમળા યમુનામાં સ્નાન કરવા ગઇ અને ધીમે ધીમે ખૂબ ઊંડા પાણીમાં જવા લાગી. તેની આ દશા જોઇને તેની પાડોશણો બોલી: “ કમળા! તું નદીની વચમાં ન જઇશ. ત્યાં આગળ પાણી ઘણું ઊંડું છે, તું ડૂબી જઈશ.” કમળા ભરનદીમાં જઇને કહેવા લાગી: “ પ્યારી બહેનો! આજ પરપુરુષનો સ્પર્શ થવાથી હું અપવિત્ર થઈ છું. હમણાં યમુનાજીમાં પવિત્ર થઇને મારા પતિના ચરણોનું ધ્યાન ધરતી ધરતી હું સતીલોકમાં જાઉં છું. ત્યાં આગળ હું પતિની રાહ જોતી બેસીશ. મારા પતિને કહી દેજો કે, મારો અપરાધ ક્ષમા કરે. તમારી કમળા દેવલોકમાં તમારી સેવા કરશે. હે જમનામૈયા! તું પતિતપાવની છે! મને તારા ખોળામાં લઈ લે.” એટલું કહેતાં કહેતાં કમળાનું ચંદ્રવદન યમુનાના જળમાં અસ્ત પામી ગયું! ધન્ય છે કમળા, તારા પાતિવ્રત્યધર્મને!

કમળા સદૈવને માટે આ પાપી સંસારમાંથી વિદાય થઇ ગઇ, પણ તેનો વિમળ યશ ચારે તરફ પ્રસરી ગયો.

૧૨૩–કમળકુમારી

પટના નગરમાં અમૃતલાલ નામનો એક મનુષ્ય ઘણો ધાર્મિક અને પુણ્યવાન હતો. તે રોજ પ્રાતઃકાળમાં ઊઠીને સ્નાનસંધ્યા તથા પૂજાપાઠ કરી નવ વાગ્યે નિવૃત્ત થઇને ધર્મપુસ્તકો વાંચતો. ત્યાર પછી ભોજન કરતો અને પાછો આખો દહાડો ભગવદ્ભક્તિમાં લીન રહેતો. એનો સ્વભાવ ઘણો સાદો અને દયાળુ હતો. તેની સ્ત્રી કમળકુમારી ઉપર તેનો ઘણોજ પ્રેમ હતો. બન્ને પતિપત્ની સુખમાં દિવસ ગાળતાં હતાં. અમૃતલાલમાં એક દોષ એ હતો કે, એ અફીણનો બંધાણી હતો. શરૂમાં તો એણે ઘણું થોડું અફીણ ખાવાની ટેવ પાડી હતી, પણ પાછળથી એણે માત્રા વધારવી શરૂ કરી અને એક વખતને બદલે બે વાર અફીણ ખાવા લાગ્યો. ધીમે ધીમે એનાં બધાં કામકાજ છૂટવા લાગ્યાં, એની ઇશ્વરભક્તિ પણ ઓછી થવા માંડી. જે સ્નાન-સંધ્યાદિ કર્મ કરવામાં એને અમૃતના જેવો રસ લાગતો હતો, તે સર્વ કામ હવે કડવાં ઝેર જેવાં લાગવા માંડ્યાં. હવે તો અફીણ ખાઇને સૂઇ રહેવામાંજ તેને મજા પડતી હતી. રળવાકમાવાની અને કુટુંબીઓનું પોષણ કરવાની ફિકર પણ એણે હવે છોડી દીધી. ધીમે ધીમે અફીણીઓના બધા દોષ એનામાં આવવા લાગ્યા. પહેલાં તો એને દાળભાત અને રોટલી અમૃત જેવાં લાગતાં હતાં, પણ હવે તો એની દાઢ સળકવા માંડી. મીઠાઇ વગર એને ભોજન લૂખું લાગતું. આવક તો બંધ થઇ અને ખર્ચ વધતું ગયું; એટલે થોડા દિવસમાં હાથ ભીડમાં આવી પડ્યો અને અન્નને અને દાંતને વેર થવા વારો આવ્યો. તેની સ્ત્રી કમળ-કુમારી પતિની આ દશા જોઇને ઘણી દુઃખી થવા લાગી. ઘરની બધી પૂંજી ખૂટી ગઇ, ત્યારે એણે પોતાનાં ઘરેણાં વેચીને પતિ અને પુત્રોનું પાલન કર્યું; પરંતુ જ્યારે ઘરેણાં પણ ખૂટી ગયાં, ત્યારે એની ઉદાસીનતાનો પાર રહ્યો નહિ. રાતદિવસ ચિંતામાં રહે-

વાથી એ ઘણી દુર્બળ થવા લાગી. પોતાના પાતિવ્રત્યનું રક્ષણ કરવાના વિચારથી એ બિચારી કદી ઘરની બહાર જતી નહિ, પણ ઘરમાંજ રેંટિયો કાંતીને કુટુંબનું પોષણ કરતી. જ્યારે પેટ ભરીને અન્નજ મળવું કઠિન થઈ ગયું, તો પછી પતિને માટે અફીણ અને મિષ્ટાન્ન ક્યાંથી લાવે? બિચારી કમળકુમારી પેટે પાટો બાંધીને, જાતે કેટલાક દિવસ ભૂખી રહીને, પણ પતિની ઇચ્છા પૂરી કરતી; પરંતુ અફીણને લીધે અમૃતલાલનો તો સ્વભાવજ બિલકુલ બદલાઇ ગયો હતો. જે દિવસે અફીણ અને ભોજનમાં વિલંબ થતો, તે દિવસે એ બિચારીની ખાસડાંઓથી ખબર લેવાતી. પહેલાં એ પોતાની પત્ની ઉપર જેટલો પ્રેમ રાખતો હતો તથા તેનું મન જરા પણ દુભાવા નહોતો દેતો, તેટલોજ હવે એ એનો શત્રુ બની ગયો અને તેના ઉપર જુલમ કરવા લાગ્યો; પરંતુ કમળકુમારી ઘણી સતી અને પતિભક્ત હતી. પતિના અત્યાચારથી અસંતુષ્ટ થઇને એ પતિને કદી કડવાં વેણ કહેતી નહિ. જ્યાંસુધી એનાથી બનતું, ત્યાંસુધી એ એની સેવામાં તત્પર અને આજ્ઞાપાલનમાં હાજર રહેતી અને એને સુધારવા પોતાનાથી બનતો યત્ન કરતી; પરંતુ પતિની આવી શોચનીય દશા જોઇને એ મનમાં ને મનમાં ઘણીજ ચિંતા કરતી હતી. પતિને ડહાપણને રસ્તે આણવા માટે એ સદા પરમેશ્વરની પ્રાર્થના કર્યા કરતી.

મનુષ્ય ઉપર જ્યારે આપત્તિ આવવા માંડે છે, ત્યારે સામટી આવે છે. અમૃતલાલ માંદો પડ્યો અને તેના બચવાની આશા છોડી દેવામાં આવી. આ મંદવાડમાં કમળકુમારીએ જરા પણ ઘૃણા કર્યા વગર પતિનાં મળમૂત્ર ઉપાડ્યાં અને તેને દવાદારૂ કરવામાં જરા પણ કચાશ રાખી નહિ. ઈશ્વરની કૃપાથી એને થોડોક આરામ થવા લાગ્યો અને થોડા દિવસમાં એ બિલકુલ સાજોતાજો થઇ ગયો. હવે એની આંખ ઊઘડી અને પોતાની મૂર્ખતા ઉપર પશ્ચાત્તાપ કરવા લાગ્યો. એણે કહ્યું: "પ્રિયે! મેં તારો ઘણો અનાદર કર્યો છે અને તને ઘણું દુઃખ દીધું છે. હવે મારી શી ગતિ થશે? હું મારા અપરાધ માટે તારી ક્ષમા માગું છું."

પતિનાં એવાં મૃદુ વચન સાંભળીને કમળકુમારી હાથ જોડીને બોલી: "પ્રાણેશ! આપ એટલા બધા પસ્તાઓ છો શા માટે? આપ તો મારા પ્રભુ છો અને હું આપની દાસી છું.

આપે કોઇ અનુચિત કર્મ કર્યું નથી. આપ ચિંતા ન કરશો. ઈશ્વર સૌ સારાં વાનાં કરશે." અમૃતલાલે કહ્યું: "આ મંદવાડમાં મારા બચવાની જરા પણ આશા નહોતી; પરંતુ તારા ખરા પાતિવ્રત્ય અને ભગવદ્ભક્તિને લીધે હું કાળના મોંમાંથી બચી ગયો છું. હું તારો જેટલો ઉપકાર માનું, તેટલો ઓછો છે."

કમળકુમારીએ કહ્યું: "સ્ત્રી તો પતિની દાસી છે. મેં જે કાંઇ કર્યું છે, તે મારો ધર્મ સમજીને કર્યું છે. આપ મારી સાથે આવાં નમ્રતાનાં વચનો બોલીને મને પાપમાં ન નાખશો."

બસ, એજ દિવસથી પતિપત્ની ઘણા સુખપૂર્વક દિવસ ગાળવા લાગ્યાં. પતિને એક દિવસ ઘણા પ્રસન્ન જોઇને કમળકુમારીએ કહ્યું: "પ્રાણનાથ ! આપ અફીણ વધારે ખાઓ છો, એથી આપનું શરીર છેકજ લેવાઇ ગયું છે. આપ આજ્ઞા આપો, તો હું એવો યત્ન કરૂં કે, જેથી આપની અફીણની ટેવ ઓછી થઇ જાય અને આપનું કષ્ટ પણ રહે નહિ."

અમૃતલાલે પત્નીની ઇચ્છા પ્રમાણે વર્તવાનું કબૂલ કર્યું. કમળકુમારીએ અફીણની માત્રાને એક ખડીના ટુકડાથી તોળી જોઇ અને પછી રોજ એ ખડીના માપ પ્રમાણે આપવું શરૂ કર્યું; પણ એ રોજ સવારસાંજ ખડીને એક લિસોટા જેટલી ઘસીને ઓછી કરતી હતી. જેમ જેમ ખડી ઘસાતી ગઇ, તેમ તેમ અફીણની માત્રા પણ ઓછી થતી ગઈ. આખરે અમૃતલાલની અફીણની ટેવ બિલકુલ છૂટી ગઇ અને એ નિરોગી બન્યો.

આ પ્રમાણે કમળકુમારીએ નિઃસ્વાર્થ પતિપ્રેમને લીધે પતિને સારા માર્ગ ઉપર આણ્યો.



૧૨૪-ચંદ્રપ્રભા

જે જ્ઞાતિમાં કુલીનતાનો રિવાજ પ્રચલિત હોય છે, ત્યાં માતપિતાઓ કન્યાના સુખદુઃખનો વિચાર કર્યા વગર તેને કુળવાન ગણાતા ગમે તેવા પુરુષ સાથે પરણાવી દેવામાં પોતાનું સદ્ભાગ્ય સમજે છે. એ રિવાજને લીધે કેવાં પરિણામ આવે છે તેનું આ એક ઉદાહરણ છે.

કાનપુરમાં દેવદત્ત નામનો એક બ્રાહ્મણ રહેતો હતો. તેને એક પુત્ર હતો. તેનું નામ શિવદત્ત હતું. દેવદત્ત ઘણીજ સાધારણ સ્થિતિનો બ્રાહ્મણ હતો અને મહામુશ્કેલીએ પોતાનું ભરણ-પોષણ કરતો; પરંતુ એ પોતાની જ્ઞાતિમાં કુળવાન ગણાતો હતો, એટલે એના છોકરા માટે કન્યાઓની ખોટ નહોતી. આઠ વર્ષની બાળવયમાં તેના છોકરા શિવદત્તનું લગ્ન એક ધનવાન બ્રાહ્મણની ચંદ્રપ્રભા નામની પંદર વર્ષની કન્યા સાથે થઇ ગયું. આઠ વર્ષનો વર અને પંદર વર્ષની કન્યા, વાચક, આ તે કેવું કજોડું કહેવાય ? કન્યા નામ પ્રમાણેજ રૂપવતી હતી. તેની કાંતિ ચંદ્રમાના જેવી હતી. એ ઘણીજ બુદ્ધિશાળી અને પરમ સતી હતી. પતિવ્રતા સ્ત્રીના બધા ઉત્તમ ગુણો તેનામાં હતા. એણે વિદ્યાભ્યાસ પણ સારો કર્યો હતો. તે ઉપરાંત ભરવાસીવવાનું તથા ગૂંથવાનું કામ પણ એ સારી પેઠે જાણતી હતી; પરંતુ તેના પતિ શિવદત્તના ગુણ એથી બિલકુલ ઊલટા હતા. એ રંગે કાળો મેશ હતો. જાણે મોં ઉપર કલેડું ઘસ્યું હોયને ! તેને આંખ પણ એક હતી અને ભણવામાં તો એ કાળા અક્ષરને કૂટી મારે એવો હતો. દુર્ભાગ્યે તેના લગ્ન પછી થોડાજ દિવસોમાં તેનો પિતા મરી ગયો. સસરાના મૃત્યુથી ચંદ્રપ્રભાને તો ઘણું દુઃખ થયું. તે બિચારી તો સમજી ગઇ કે, મુરબ્બીના જવાથી હવે ઘરસંસારની બધી ચિંતા અમારા ઉપર આવી પડી; પણ

તેનો પતિ શિવદત્ત તો પિતાના મૃત્યુથી ઘણો પ્રસન્ન થયો. એ તો સમજ્યો કે, પિતાના મરી ગયાથી સાલ ગયું. શિવદત્ત બચપણથીજ ઘણો ઉદ્ધત હતો અને ભણવાગણવાને બદલે ચોરી કરવાનો અને જુગાર રમવાનો એણે સારો અભ્યાસ કર્યો હતો. દેવદત્ત જીવતો રહ્યો, ત્યાંસુધી તો એણે પુત્રને એવાં દુષ્ટ કામોમાંથી રોકવાને પ્રયત્ન કર્યો હતો; પરંતુ એના મરી ગયા પછી, શિવદત્ત ઉપર કોઇની ધાક રહી નહિ.

હવે તો એ નિર્ભય થઇને પોતાનાં દુષ્ટ કામો કરવા લાગ્યો અને થોડા સમયમાં એમાં પ્રવીણ થઇ ગયો. ગાંજા અને ચડસનો દમ લેવો, ચોરી કરવી અને જુગાર રમવું એ તેનાં રોજનાં નિયમિત કામો હતાં. એની સાથે અસત્ય, અન્યાય અને નિર્દયતા આદિ દોષોમાં પણ તે ઉસ્તાદ બની ચૂકયો હતો. પિતાના મરી ગયા પછી, એ સ્વતંત્રપણે જયાં મરજીમાં આવે ત્યાં જતો અને મરજીમાં આવે તે કામ કરતો. બિચારી ચંદ્રપ્રભા પોતાના બાળક પતિની આ દશા જોઇને મનમાં ને મનમાં ઘણીજ દુઃખી થતી. એ બિચારી તેને ઘણીએ શિખામણ આપતી; પણ એનું સાંભળે કોણ? એ જરા બોલવા જતી તો શિવદત્ત ગાળો અને દંડાથી તેની ખબર લઈ લેતો; એટલે ચંદ્રપ્રભા બિચારી પોતાની લાજ સાચવીને ઘરના ખૂણામાંજ બેસી રહેતી.

શિવદત્ત જેમ જેમ મોટો થતો ગયો, તેમ તેમ તેના દુર્ગુણો પણ વધતા ગયા. समानशीलव्यसनेषु मैत्री એ નિયમ પ્રમાણે તેને પોતાના જેવા દુષ્ટ મિત્રો પણ મળી આવ્યા. સવારથી તે રાતના બાર વાગ્યા સુધી શિવદત્તને ત્યાં દોસ્તોની મિજલસ જામતી અને ત્યાં ભાંગ, ગાંજો, ચડસ વગેરે ખૂબ ઊડતાં. તે ઉપરાંત એમને મીઠાઇ અને માલમશાલા પણ ખૂબ ઉડાવવા મળતા. આ પ્રમાણે એકબે નહિ, પણ લગભગ વીસેક બદમાશો રાતદિવસ શિવદત્તને ત્યાં પડ્યા ને પાથર્યા રહેતા અને ખૂબ મોજમજા માણતા.

ચંદ્રપ્રભાના પિતાને ત્યાંથી પહેરામણીમાં મળેલું ધન પહોચ્યું ત્યાંસુધી આ બધું ખર્ચ એમાંથી થયા કરતું; પણ આવા આંધળા ખર્ચ આગળ એને ખૂટી જતાં કેટલી વાર લાગે? રોકડ પૂંજી ખૂટી ગઇ, એટલે ઘરેણાંગાંઠાંનો વારો આવ્યો. બિચારી

ચંદ્રપ્રભા એને ઘરેણાં વેચતાં રોકતી, તો એ દુષ્ટ તેના હાથપગ બાંધી લઇને ખૂબ મારતો. જ્યારે ઘરેણાંનું પણ પાણી થઈ ચૂકયું, ત્યારે વાસણોનો વારો આવ્યો, પણ વાસણોને ખૂટતાં કેટલી વાર લાગે? થોડા દિવસમાં શિવદત્તની પાસે વેચવા યોગ્ય કાંઇ પણ મિલકત રહી નહિ. હવે તો ભૂખે મરવાનો સમય આવ્યો; પણ बुभुक्षितः किन्न करोति पापम् (ભૂખ્યો આદમી કયું પાપ નથી કરતો?) એ નિયમ પ્રમાણે તેણે ચોરી કરવાનો આરંભ કર્યો. તેના લફંગા મિત્રોની સોબત હજુ સુધી પણ છૂટી નહોતી. તેના બધા મિત્રો ચોરી, જુગાર, અસત્ય, વ્યભિચાર અને દગાબાજી વગેરેમાં પૂરા હતા; એટલે શિવદત્તનું ઘર તો એ બધા અનાચાર અને પાપોના અખાડારૂપ બન્યું.

ચંદ્રપ્રભા સતી સ્ત્રી હતી. પતિ તરફથી આટલું દુઃખ પડતું હતું, તોપણ એ કોઇ દિવસ પતિની નિંદા કરતી નહિ. એ ભણી-ગણી હતી; વળી ભરવાગૂંથવાના કામમાં પ્રવીણ હતી, પણ એની સામગ્રી ખરીદવા જેટલું દ્રવ્ય પણ કયાંથી લાવવું? જ્યારે એને બે દિવસનો ઉપવાસ કરવો પડ્યો, ત્યારે એણે એક પડોશણ પાસેથી બે આના ઉધાર લઇને રૂ મંગાવ્યું અને એને કાંતીને બજારમાં વેચ્યું. એનો જે નફો આવ્યો તેનું બીજું રૂ મંગાવ્યું. આ પ્રમાણે તે દરરોજ રૂ કાંતીને સૂતર વેચતી અને તેના નફામાં-થી એક આનાનો લોટ મંગાવીને પતિને ખવરાવતી અને પોતે એક પૈસાના ચણા ખાઇને ગુજરાન કરતી. આ પ્રમાણે કરીને થોડા દિવસમાં એણે એક રૂપિયો એકઠો કર્યો અને એ રૂપિયા-માંથી ટોપી ભરવાનો સામાન મંગાવ્યો. આ ટોપી ઉપર એણે રેશમનું એવું સરસ ભરતકામ કર્યું કે, બજારમાં એ ટોપી બે રૂપિયે વેચાઇ. આ પ્રમાણે એ પોતાના પરિશ્રમથી પતિનું ને પોતાનું પેટ ભરતી. થોડા દિવસ તો શિવદત્ત ઠેકાણે રહ્યો, પણ ખરાબ સોબતને લીધે પાછો એ પોતાનાં દુષ્ટ આચરણો કરવા લાગ્યો. ચંદ્રપ્રભા રાતના બાર બાર વાગ્યા સુધી જાગીને તથા પેટે પાટા બાંધીને કમાતી, પણ આ દુષ્ટ એના બધા પૈસા પડાવી લઇને ખરાબ માર્ગે ઉડાવી દેતો.

ચંદ્રપ્રભા ઘણીજ પતિવ્રતા હતી. પતિ તરફથી આટલું બધું દુઃખ પડતું હતું, પણ એ કદી પરાયા પુરુષ તરફ જોતી નહોતી. એ પોતાના પતિના દુરાચારી લંગોટિયા દોસ્તદારોથી ઘણું

બીતી હતી. એ દુષ્ટ બદમાશોમાંથી કોઇની નજર એના ઉપર પડશે તો એનું સતીત્વ ભ્રષ્ટ થશે, એવી તેને શંકા રહેતી; એટલા માટે એ પોતાના ઓરડામાં કમાડ બંધ કરીને બેસી રહેતી અને કદી એમના દેખતાં બહાર નહોતી આવતી; પરંતુ દુષ્ટ માણુસોથી બચવું ઘણું મુશ્કેલ છે. શિવદત્તના મિત્રોમાં તેજુ નામનો એક સોની હતો. એ ઘણોજ લંપટ, વ્યભિચારી અને પ્રપંચી હતો. એક દિવસ કાંઈ કામનું બહાનું કાઢીને એ ઘરની અંદર ચાલ્યો ગયો અને ચંદ્રપ્રભાના ઓરડામાં પેસી ગયો. ત્યાં શરદ્દપૂર્ણિમાના ચંદ્ર જેવી ચંદ્રપ્રભાનું સૌંદર્ય જોઇને એ સ્તબ્ધ થઈ ગયો અને પ્રેમની વાતો કહીને એને લલચાવવા લાગ્યો; પણ ચંદ્રપ્રભાએ તેને ઉત્તર આપવાને બદલે એક એવો તો જબરો ધક્કો માર્યો કે, તેજુ બહાર જઇને પડ્યો. ચંદ્રપ્રભાએ તરતજ કમાડ બંધ કરી દીધાં. આથી તો એ સોનીને ઘણી શરમ આવી અને ક્રોધને લીધે લાલચોળ આંખો કરીને બબડવા લાગ્યો. થોડી વારમાં એણે ચંદ્રપ્રભા ઉપર વેર લેવા માટે કોઇ બીજા પુરુષની તરફથી ચંદ્રપ્રભાના નામનો એક બનાવટી કાગળ લખાવ્યો અને એક પત્ર શિવદત્તના હાથમાં મૂકીને કહ્યું: “ હું હમણાં ઘેરથી આવતો હતો, એટલામાં રસ્તામાંથી આ પત્ર મળ્યો.”

બસ, પછી શું જોઈતું હતું ? શિવદત્તમાં એટલી અક્કલ ક્યાં હતી કે, એ લાંબોટૂંકો વિચાર કરે. પત્ર વાંચતાંવારજ એ ક્રોધથી ગાંડા જેવો થઇ ગયો અને ચંદ્રપ્રભાના ઓરડા તરફ ગયો. ચંદ્રપ્રભા બેઠી બેઠી એક મોજાંની જોડ ગૂંથી રહી હતી. એકાએક પતિએ કમાડ ઠોકયાં; એટલે એણે ઊઠીને બારણાં ઉઘાડ્યાં અને ભયથી કાંપતે કાંપતે કહ્યું: “ પ્રાણુનાથ ! આજ આપ........’ બસ, એ બિચારી પોતાનું વાકચ પૂરૂં પણ ન કરી શકી, એટલામાં તો દુષ્ટ શિવદત્તે એક તલવાર તેની ગરદન ઉપર એવી મારી કે, એ તરતજ મરણુતોલ થઈ ગઇ. તેના ઘામાંથી લોહીની નદી વહેવા લાગી. દુષ્ટ શિવદત્ત તો લોહીથી ખરડાયેલી તલવારને ત્યાંજ ફેંકી દઇને ઓરડાનું બારણું બંધ કરીને પોતાની બેઠકમાં જઇ બેઠો અને જાણે કે, કાંઇ પણ બન્યું ન હોય, તેમ પોતાના સોબતીઓની સાથે ગપ્પાં મારવા લાગ્યો.

પરંતુ પાપ કોઇ દહાડો છાનું રહેતું નથી. ચંદ્રપ્રભાના ઘામાંથી નીકળતું લોહી મોરીમાં થઇને બહાર નીકળ્યું, ત્યારે

પાડોશીઓને શક પડ્યો અને તેમણે પોલીસને ખબર આપી. તરતજ કોટવાળે આવીને ઘરની ઝડતી લીધી અને શિવદત્તને તેના બધા મિત્રો સાથે પકડી લીધો. ચંદ્રપ્રભાના દેહમાં એ વખતે પ્રાણ હતો. મરવામાં એને હજુ બેચાર મિનિટનો વિલંબ હતો. પોલીસે તેની પાસે જઇને તેને મારનારનું નામ પૂછ્યું, તો એણે કહ્યું: "હું અહીંયાં સૂઇ રહી હતી અને ખીંટી ઉપર તલવાર લટકી રહી હતી. અકસ્માત્ એ મારા ઉપર પડી અને...." એટલું બોલતાં બોલતામાં તો એનો પ્રાણ જતો રહ્યો. એણે મરતે મરતે પણ પોતાના દુષ્ટ પતિને બચાવવાનો યત્ન કર્યો. હિંદુ અબળા! ધન્ય છે તારી પતિભક્તિને!!

૧૨૫–"બ્રાહ્મણી" સંન્યાસિની

એ એક પરમવિદુષી, તત્ત્વજ્ઞાની અને ધર્મપરાયણા સન્નારી હતી. એનું નામ તથા જીવનવૃત્તાંત મળી આવતું નથી, પરંતુ શ્રીરામકૃષ્ણ પરમહંસ દેવનું જીવન ચરિત્ર વાંચતાં એ પરમ સાધ્વીનો કાંઇક પરિચય આપણને મળી આવે છે. એક દિવસ પ્રાતઃકાળે છૂટા વાળવાળી અને ગેરુઆ વસ્ત્ર ધારણ કરનારી એક યુવતી સંન્યાસિનીને પરમહંસદેવે ગંગાને કાંઠે ઊભેલી જોઇ. જોતાંવારજ પરમહંસદેવને તેને માટે ભક્તિ ઉત્પન્ન થઇ અને તેમણે પોતાના ભક્ત હૃદયનાથને તેને બોલાવવા સારૂ મોકલ્યો. હૃદયનાથને ગુરુની આજ્ઞા સાંભળીને ઘણું આશ્ચર્ય થયું; કેમકે એમની આગળ અમસ્થું પણ સ્ત્રીનું નામ દેવાઇ જાય, તો તેઓ ચિડાઇ જતા; આમ છતાં પરમહંસદેવની આજ્ઞા થતાંવાર તે તરતજ એ યુવતીની પાસે ગયો અને તેને એમની પાસે તેડી લાવ્યો. એ યુવતી 'બ્રાહ્મણી' ના નામથીજ ઓળખાતી હતી. બ્રાહ્મણીને જોતાંવારજ પરમહંસદેવે તેને 'મા' કહીને બોલાવી અને પોતે ભક્તિભાવમાં નિમગ્ન થઈગયા.

એ સંન્યાસિનીમાં અસાધારણ સદ્ગુણ હતા. હિંદુ સ્ત્રીઓમાં એના જેવી સ્ત્રીઓ ઘણી થોડી હશે. સંસ્કૃતભાષામાં એ એટલી બધી પ્રવીણ હતી કે એ સમયના ધુરંધર પંડિતો વૈષ્ણવ-

ચરણુ અને પૂર્ણાનંદ વગેરે તેની વિદ્વત્તા જોઈને છક થઇ ગયા હતા. હિંદુધર્મના બધા ગ્રંથો એને કંઠસ્થ હતા. એનું જ્ઞાન કેવળ પોપટિયું જ્ઞાન નહોતું, પણ સાધનાદ્વારા એણે એ જ્ઞાન ઉપર કાબૂ પણ મેળવ્યો હતો. વેદવેદાંત, ગીતા, તંત્ર અને વૈષ્ણવગ્રંથો ઉપર તેનો સંપૂર્ણ અધિકાર હતો. એ ગ્રંથમાંનાં ગૂઢ તત્ત્વો એ બહુજ સારી પેઠે સમજી અને સમજાવી શકતી; એટલુંજ નહિ પણ નવરસિક, પંચનામી, બાઉલ વગેરે પંથવાળાઓની આધુનિક સાધના–પદ્ધતિઓથી પણ એ વાકેફ હતી.

પરમહંસદેવ ઇશ્વરભક્તિમાં લીન થઇને ભાવસમાધિમાં આવી જતા, ત્યારે ઘણા લોકો એમ માનતા કે, એમને હિસ્ટીરિયા અથવા એવો કોઈ વાયુરોગ છે. "બ્રાહ્મણી"એ તેમની અવસ્થા અને ભાવને તપાસીને જણાવ્યું હતું કે, "એ વાઇ પણ ન હોય અને હિસ્ટીરિયા પણ ન હોય. આ તો એ મહાન સાધુનો મહાભાવ છે."

બ્રાહ્મણીને મુખે એ વાત સાંભળીને બધાને આશ્ચર્ય લાગ્યું; કેમકે 'ભાવ' અને 'મહાભાવ' શું, તે ગૌરાંગ સંપ્રદાયના વૈષ્ણવો સિવાય કોઈ જાણતું નહોતું. વૈષ્ણુચરણ આદિ પ્રસિદ્ધ વિદ્વાનોએ પણ જ્યારે પરમહંસદેવને તપાસીને એજ અભિપ્રાય આપ્યો, ત્યારેજ લોકોને ખબર પડી કે, 'બ્રાહ્મણી'નો અનુભવ કેટલો વિશાળ છે.

બ્રાહ્મણી પરમહંસદેવની પાસે બાર વર્ષ સુધી રહી હતી. પરમહંસદેવ તેની પાસેથી તંત્રોક્ત સાધન કરતાં શીખ્યા હતા. એ સ્ત્રીને તંત્રશાસ્ત્રોની અઘરામાં અઘરી પ્રક્રિયાઓ આવડતી.



૧૨૯–મલ્લીબાઈ

મારવાડમાં મલ્લીબાઇ નામની એક પંડિતા થઇ ગઇ છે. એ બાઇ જાતે શ્રીમાળી બ્રાહ્મણ હતી અને તેનો નિવાસ સોજતમાં હતો. મારવાડનાં શહેરોમાં જે ભાગમાં શ્રીમાળી બ્રાહ્મણો રહેતા હોય, તે ભાગને બ્રહ્મપુરી કહેવામાં આવે છે. સોજતમાં એવી બે બ્રહ્મપુરી છે; જેમાંની મોટી બ્રહ્મપુરીમાં આ બાઇના પિતા જેઠમલજીનું ઘર હતું. આ બ્રહ્મપુરીમાં બસો યજુર્વેદી શ્રીમાળીઓનાં ઘર છે. એ લોકો ઋગ્વેદી કે સામવેદી શ્રીમાળીઓને પોતાની પાસે રહેવા દેતા નથી.

જેઠમલજી મોટા વેદપાઠી અને મહાપંડિત હતા. તેમના પુત્ર રામલાલ પણ તેવાજ હતા. હાલમાં તો એ બંને જણ આ અસાર સંસારને છોડી ગયા છે. સાંપ્રતમાં રામલાલના દત્તક પુત્ર નરોત્તમ હયાત છે. જો કે તે એમના બાપદાદાના જેવા કે એમની ફોઈ મલ્લીબાઇના જેવા સમર્થ પંડિત તો નથી; પરંતુ જયોતિષ અને વ્યાકરણનું સામાન્ય જ્ઞાન ધરાવે છે.

મલ્લીબાઇનો વિવાહ પાલી નગરના એક કુટુંબમાં થયો હતો, પરંતુ દુર્ભાગ્યથી એ બાઇનું લગ્ન થયું, તેજ વર્ષમાં એ બાઇ વિધવા થઈ. વૈધવ્ય પ્રાપ્ત થયા પછી તે પિતાને ઘેર આવી અને ફરીથી સાસરે ગઈ નહિ. પિતાને ત્યાં આવી તેમની પાસે વિદ્યાભ્યાસ કરવા લાગી અને થોડા વખતમાં સારૂં જ્ઞાન સંપાદન કરી કથા વાંચવા લાગી. તે કથા વાંચતી ખરી, પરંતુ કદી ગાદી પર બેસતી નહોતી. તે કહેતી કે, “એ તો વ્યાસની ગાદી છે, તો તેના પર હું કેમ બેસું ?” વળી કથામાં જે કંઇ ભેટ આવતી, તે પણ તે પુણ્ય કાર્યમાં ખર્ચી નાખતી. મુન્શી દેવીપ્રસાદજી એના સંબંધમાં લખે છે કેઃ—

“સંવત ૧૯૪૪ માં હું જ્યારે જોધપુર તાબામાં બહારનાં

ગામોની કચેરીઓની તપાસ કરતો કરતો સોજત પહોંચ્યો, ત્યારે ત્યાંના પંડિતો વિષે પડપૂછ કરતાં માલૂમ પડ્યું કે, અહીં એક સ્ત્રી પણ સંસ્કૃત ભણેલી છે. મેં તેમને મળવાને બોલાવ્યાં, ત્યારે તે મલ્લીબાઇ પોતાના ભાઇની સાથે જુદાંજ વેશમાં આવ્યાં. ધોતિયું પહેર્યું હતું અને નીચું અંગરખું પહેરેલું હતું, વળી માથા પર લાલ કસૂંબી પાઘડી પહેરેલી અને બગલમાં એક પોથી હતી. મેં ઊઠીને પ્રણામ કર્યા અને આસન આપ્યું. એ બાઇએ પ્રથમ તો કેટલાક શ્લોકોથી મને આશીર્વાદ દીધો અને પછી પેલી પોથી ભેટ આપી. પોથી ભેટ આપતાં કહ્યું કે, 'આને છપાવી દો. સ્ત્રીઓને વાંચવાને આ પુસ્તક રચેલું છે.' મેં જોયું તો પુસ્તક સંસ્કૃતમાં લખેલું હતું અને તેથી તેમાંનાં કેટલાક પ્રકરણ તેમની પાસે વંચાવ્યાં, તો તેમાં સ્મૃતિઓ અને પુરાણોનાં શ્લોકોના પ્રમાણથી બાળપણથી આરંભીને સતી થવા સુધીનાં સ્ત્રીધર્મનાં અનેક કર્તવ્યો ઉપદેશેલાં હતાં. ઠેકાણે ઠેકાણે સ્ત્રીઓના ગુણદોષ દર્શાવતા શ્લોકો પણ હતા. શ્લોકો સરળ અને શીખવા જેવા હતા. એક શ્લોક એવા આશયનો હતો કે, 'સ્ત્રીનાં સર્વ અંગ કોમળ છે, પણ હૃદય તો પથ્થરને પણ ટકોરો મારે એવું છે.' બીજા શ્લોકમાં એવું હતું કે, 'એની બુદ્ધિ પથ્થર જેવી સ્થૂળ અને જીભ તલવાર કરતાં પણ તીક્ષ્ણ હોય છે.'

"મલ્લીબાઇનું બોલવું રુચિકર હતું. મેં તેમની વિદ્યા અને પુસ્તકની પ્રશંસા કરી. આ પરિશ્રમ માટે ધન્યવાદ દીધો. પછી કહ્યું કે, 'અંગ્રેજી રાજ્યમાં સતી થવાનો ચાલ બંધ પડેલો છે, માટે જો એ પ્રકરણ બાદ કરીએ, તો આને છપાવવામાં કાંઇ અડચણ નથી.' તેમના ભાઇએ પણ એ વાતને અનુમોદન આપ્યું; ત્યાં તો બાઇએ પુસ્તક ઉઠાવી લીધું અને કહ્યું કે, 'સુધારીને મોકલીશ.' સંભવ છે કે, વખતે બાઇને સતીધર્મને કાઢી નાખવાનું ઉચિત નહિ ભાસ્યું હોય."

હાલ મલ્લીબાઇ સ્વર્ગવાસી થઇ છે. જેથી તેનું નામ સાહિત્યસંસારમાં રહેવા માટે આ વૃત્તાંત પ્રકટ કર્યું છે.*

* "વ્યંકટેશ્વર સમાચાર"માંથી જોધપુર રાજ્યના એક અધિકારી મુનશી દેવીપ્રસાદજીના લેખનો અનુવાદ.

૧૨૭—ગૌરદાસી

જે સન્નારીઓ પૂજ્યપાદ શ્રીરામકૃષ્ણ પરમહંસદેવના અધિક સમાગમમાં આવીને તેમની કૃપા અને આદરને પાત્ર બની હતી, તેમાંની મુખ્ય ગૌરદાસી હતી. લોકો એમને 'ગૌરીમા'ના નામથી વધારે ઓળખતા. એ એક બ્રાહ્મણકન્યા હતાં. બાલ્યાવસ્થામાંથી પાર ઊતરતાંવારજ તેમના હૃદયમાં પરમાર્થતત્ત્વ સંબંધી સૂક્ષ્મભાવ ઉત્પન્ન થવા લાગ્યો હતો. પરણીને સાસરે ગયા પછી પૂજાપાઠ અને ભજનકીર્તનમાં એમનો વખત જતો. વિષયાસક્ત ટૂંકી બુદ્ધિના પુરુષો પોતાની સ્ત્રીને સંન્યાસિની થયેલી જોવી ક્યારે પસંદ કરે છે? એમનો પતિ એથી ઘણો નારાજ રહેવા લાગ્યો અને મેણાં તથા કડવાં વચનોથી એમને સંતાપવા લાગ્યો; એથી કંટાળીને એક રાત્રે પહેર્યે લૂગડે એ ઘરમાંથી નીકળી પડ્યાં અને વિચરતાં વિચરતાં નવદ્વીપમાં એક વૈષ્ણવની પાસે જઇ પહોંચ્યાં અને ત્યાંજ એમની પાસે દીક્ષા લઇને ગૌરદાસી નામ ધારણ કર્યું. વૈષ્ણવમંત્રથી દીક્ષા લીધા પછી, એ બળરામબાબુના ઘરમાં અને કદી કદી વૃંદાવનમાં એમની કુંજમાં રહેતાં. એજ સમયમાં પરમહંસદેવ સાથે એમનો મેળાપ થયો. એ પરમહંસદેવને ગૌરાંગના અવતારરૂપ ગણતાં અને એજ પ્રમાણે એમના પ્રત્યે ભક્તિ દાખવતાં. પરમહંસદેવના ભક્તો પ્રત્યે પણ એમને વાત્સલ્યભાવ હતો. માલપૂડા અને બીજાં પકવાન્ન તે પોતાને હાથે બનાવીને દક્ષિણેશ્વર લઇ જતાં. ભક્તો પેટ ભરીને એ મહાપ્રસાદ જમતા.

એમની પ્રેમભક્તિ દર્શાવનારો એક પ્રસંગ રામકૃષ્ણદેવના જીવનમાં નોંધાયેલો છે. એક દિવસ કેટલાક ભક્તો એકઠા થયા હતા. મધ્યાહ્નકાળે ગૌરીમાતાએ પોતાને હાથે રસોઇ કરીને પરમહંસદેવને ભોજન પીરસ્યું. ત્યાર પછી પરમહંસદેવે ભક્ત

કેદારનાથ ચટ્ટોપાધ્યાય સાથે તેમનો પરિચય કરાવ્યો. કેદારબાબુએ "માતા" શબ્દથી સંબોધન કરીને વિનયપૂર્વક તેમને પ્રણામ કર્યાં. એમણે પણ કેદારબાબુને પ્રણામ કર્યાં. બન્નેએ એકબીજાને પ્રણામ કર્યા પછી ચાર આંખ મળતાં ઉભયનાં નયનોમાંથી અશ્રુધારા વહેવા લાગી અને એ પ્રેમાશ્રુથી એમની છાતી ભીંજાઇ ગઇ. પરમહંસદેવે એ સમયે બેએક ગ્રાસ ખાધા હતા. ગૌરી માતા અને કેદારબાબુને પ્રભુભકિતના આવેશમાં આવેલાં જોઇને એ પણ મસ્ત બની જઇને ભોજનનો પરિત્યાગ કરીને ઊભા થઇ ગયા. બીજા ભક્તો પણ પ્રેમભક્તિના આવેશમાં ગાંડા જેવા થઇ ગયા. એ આખા ઘરમાં પ્રેમભક્તિની લહેરો ઊછળવા લાગી. કેટલાકને મૂર્ચ્છા આવી તો કેટલાક પ્રેમાવેશમાં "જય રામકૃષ્ણકી જય" બોલતા નાચવાકૂદવા લાગ્યા. ગૌરીમાતા પ્રેમાવેશમાં ખીચડીનો પ્રસાદ ભક્તોના મુખમાં આપવા લાગ્યાં; પણ સફળ થયાં નહિ. એમના હાથમાંનું અન્ન હાથમાંજ રહ્યું અને એ જડ બની ગયાં. ચારે તરફ લોકો અવાક થઇને ઊભા રહ્યા. થોડી વાર પછી પરમહંસદેવે બધાની છાતીએ હાથ ફેરવીને ભક્તોને શુદ્ધિમાં આણ્યા.

ટૂંકાણમાં એ કે, ગૌરીમાતા એક પરમ ભક્તિમતી નારી હતાં. એમના ચરિત્રનો અધિક વૃત્તાંત અમને પ્રાપ્ત થયો નથી.



१२८–दयाबाई

એ સાધુ ચરણુદાસની શિષ્યા અને સહજોબાઇની ગુરુ-બહેન હતી. એ ચરણુદાસનીજ ન્યાતની અર્થાત્ ઢુસરજાતિની હતી અને ચરણુદાસજીનાજ જન્મસ્થાન મેવાડના ડેહરા નામના ગામમાં એનો પણ જન્મ થયો હતો. ત્યાંથી એ પોતાના ગુરુજીની સાથે દિલ્હી આવી હતી અને પ્રભુભકિતમાં જીવન ગાળતી હતી. દિલ્હીમાંજ એનો દેહાંત થયો હતો.

સંવત ૧૮૧૮ માં એણે પોતાનો પ્રથમ ગ્રંથ 'દયાબોધ' રચ્યો હતો. સહજોબાઇની પેઠે એણે પણ ગુરુ ચરણુદાસજીનો મહિમા બહુ ગાયો છે. એમની કવિતા ઘણી મધુર અને પ્રેમયુક્ત છે. દયાબોધમાંથી થોડાંક પદ નીચે ઉતારીએ છીએ.

જો પગ ધરત સો દૃઢ ધરત, પગ પાછે નહિ દેત;
અહંકારકૂઁ મારકરી, રામ રૂપ જસ લેત. (૧)
બૌરી હ્વૈ ચિતવત ફિરૂં, હરી આવેં કેહિ ઓર;
છિન ઊઠું છિન ગિરિ પરૂં, રામ દુઃખી મન મોર. (૨)
પ્રેમપુંજ પ્રકટે જહાં, તહાં પ્રગટ હરિ હોય;
દયા દયા કરિ દેત હૈ, શ્રીહરિ દર્શન સોય. (૩)
'દયાકુંવરિ' યા જગતમેં, નહિ રહ્યો થિર કોય;
જૈસો વાસ સરાય કો, તૈસો યહ જગ હોય. (૪)
તાત માત તુમરે ગયે, તુમ ભી ભયે તયાર;
આજ કાલમેં તુમ ચલૌ, દયા હોહુ હુસયાર. (૫)
બડો પેટ હૈ કાલકો, નેક ન કહું અઘાય;
રાજા રાના છત્રપતિ, સબકું લીલે જાય. (૬)
દુખ તજિ સુખકી ચાહ નહિં, નહિ બૈકુંઠ બેભાન;
ચરન કમલ ચિત ચહત હાં, મોહિ તુમારી આન. (૭)
સાધ સંગ સુખમેં બડો, જો કરિ જાને કોય;
આધો છિન સતસંગકી, કલમખ ડારે ખોય. (૮)

૧૨૯–જનીબાઈ

એ સન્નારી આજથી લગભગ દોઢસો વર્ષ ઉપર થઇ ગયેલી શાક્ત કવયિત્રી હતી.

પોતાના ધર્મમાં–પંથમાં–રસમાં તરબોળ થઇ જવાથી પોતાનું વ્યક્તિત્વ ભૂલી ગયેલી આ બાઇને લોકો પોતાનું નામ જાણે એનીયે તમા નથી જણાતી. એણે પોતાની બધી હિંદી તેમજ ગુજરાતી કવિતા કાલ્પનિક નામ–તખલ્લુસથી લખી છે; એટલે આપણે નછૂટકે એનું ખરૂં નામ જાણ્યા વગર માત્ર તખલ્લુસથીજ સંતોષાવું પડે છે. વૈષ્ણવાદિ સંપ્રદાયોમાં જે શ્રીહરિના ખાસ અનન્ય ભક્ત હોય તે 'જન' કહેવાય છે. તેમને 'નિજ જન' પણ કહે છે. આ બાઇએ એજ શબ્દને સ્ત્રીજાતિનો બનાવી, તેને પોતાના તખલ્લુસ તરીકે વાપર્યો છે. પોતાની સઘળી કવિતામાં અંતે 'જની' એટલુંજ પોતાને માટે કહે છે. આ બાબતમાં બીજું પણ કહેવાનું છે. જનીબાઇ એવું સ્ત્રીઓનું નામ પાડવામાં પણ આવે છે. એટલે 'જની' એ માત્ર તખલ્લુસ છે કે એનું ખરૂં નામ છે, એ વિશેષ પુરાવાના અભાવે સંદિગ્ધજ રહે છે.

આ બાઇની કવિતાનાં ત્રણ પુસ્તકો પ્રાપ્ત થયાં છે.

'જની' શક્તિની ઉપાસક હતી. શક્તિ આગમમાં ઘણા પંથો છે, તેમાંથી જો કે કયા કયા પંથ એ વખતે ગુજરાતમાં ખાસ પ્રચલિત હતા, તે કહેવું સહેલું નથી; પણ એટલું તો ખરૂં છે કે, અંગ્રેજી રાજ્યની પૂર્વના અને તેના પ્રભાતના સમયમાં ગુજરાતમાં એક કાળે શાક્ત પંથ બહુ પ્રચલિત હતો. અમદાવાદમાં પણ કાંકરિયાની પાસે આવેલી એક રમણીય એકાંત જગામાં તે કાળે શાક્તોને મળવાનું સ્થાન હતું. બ્રાહ્મણ, વાણિયા, ક્ષત્રિય, તેમજ ઇતર વર્ણના અને બીજા ધર્મ પાળનારાઓ જેઓ જાહેરમાં એકબીજાનો છાંટો ઊડ્યાથી વટલાય અને અભડાય,

તેઓ બધા ત્યાં એકઠા થતા. આ બધા પંથો અને મંડળો અનીતિવાન હતાં એમ નથી, તેમજ આ બધામાં કાંઇયે વખોડવા જેવું નહોતું, એમ પણ નથી.

જનીએ જો કે, પોતાની કવિતામાં પોતાને માટે કશું લખ્યું નથી, પણ પોતાના ગુરુદેવનું જન્મથી માંડીને મરણ સુધીનું જીવનચરિત્ર રસભર્યું વર્ણવ્યું છે. સુભાગ્યે એની કવિતામાં 'નાથજી પ્રાગટ્ય' નામનું કેટલાંક પદોનું નાનું કાવ્ય મળી આવ્યું છે, જેથી 'નાથ' ગુરુની હકીકત સાલવાર મળી આવે છે.

જનીના ગુરુ 'મીઠુ' એક અલૌકિક પુરુષ હતા. વેદાભ્યાસ અને ગૃહસ્થાશ્રમધર્મ પાળ્યા પછી એ હિંદુઓના સર્વ ધર્મોમાં પવિત્ર અને પ્રથમ મનાયલા કાશીક્ષેત્રમાં ગયા હતા. શાસ્ત્રાભ્યાસ અને મનનથી શાંતિ ન મળવાથી ભગવતી જાહ્નવીના પુનિત તટ ઉપર આવેલી વિંધ્યની એક ગુહામાં તેમણે અષ્ટભુજાની ભક્તિ અને ધ્યાનનો આરંભ કર્યો. તેઓ અન્નજળ ત્યાગીને દૃઢાસન વાળી ધ્યાનનિમગ્ન થયા. એમ કરતાં અગિયાર દિવસ વહી ગયા. બારમે દિવસે મધ્યરાત્રિએ 'શ્રીનાથ' 'શ્રીપુરના સ્વામી'–શિવ પોતે જળહળતી જ્યોતિરૂપે પ્રગટ થયા–એમનો સાક્ષાત્કાર થયો. ગુરુજીનાં જ્ઞાનચક્ષુ ખૂલી ગયાં અને પોતે પોતાને ઓળખ્યા. અદ્વૈતવાદની આ દીક્ષા મળ્યા પછી ગુરુજીએ વાનપ્રસ્થાશ્રમનાં કમંડળ, મૃગચર્મ વગેરે સાધનોને વિદાયગીરી આપી અને પોતે પોતાને ગામ (મહિસા) પુનઃ પધાર્યા. ત્યાં આવ્યા બાદ એમણે સ્વસ્ત્રી સાથે પાછું ગૃહસૂત્ર આરંભી લોકોને રસશાસ્ત્રનો બોધ કરી નવું મંડળ સ્થાપ્યું અને પોતાનો પંથ ચલાવ્યો. એ આજુબાજુનાં ગામોમાં પણ પધારી, ત્યાં દીક્ષા આપી મંડળ સ્થાપતા તથા ઓચ્છવ કરતા. ધીરે ધીરે એમનું ભકત–મંડળ ખૂબ વિસ્તાર પામ્યું. જની પોતે પણ પોતાનો મૂળ ધર્મ ત્યાગી શ્રીનાથને શરણે જઇ એમના મંડળમાં મળી હતી.

જનીનો જન્મ ક્યારે થયો, તે જણાતું નથી. એની કવિતામાંથી સંવત ૧૮૪૭ માં એના ગુરુ મહારાજ સ્વધામ ગયા, સંવત ૧૮૫૭ માં ગુરુએ એને દર્શન દીધું, સંવત ૧૮૫૮ માં એણે 'નવનાયકા વર્ણન' નામનું કાવ્ય લખ્યું, સંવત ૧૮૬૦ માં એને યુગલરૂપ દર્શન થયું અને સંવત ૧૮૬૮ માં એને શ્રીબાલા દર્શન થયું અને પોતે સંવત ૧૮૬૮ ના પોષ વદ તેરસ અને રવિવારને

રોજ રશ્મિરૂપે ભળી ગઈ–મરણ પામી; એટલી સાલવારી નીકળે છે.

જનીની કવિતાનો સ્વાદ લેતાં પૂર્વે શાક્ત આગમની કેટલીક બાબતોનું સ્પષ્ટીકરણ આવશ્યક છે. એની કવિતામાં ઠેકાણે ઠેકાણે અજપા, અર્ધનારીશ્વર, અકુળ, અંતન્યસિ, આનંદ, ઉન્મની, કામકલા, ગુરુ, ચિંતામણિ, તત્ત્વ, નાદ, પંચબાણ, માયા, બાલા, ભૈરવ, ભૈરવી, નિત્યા, માતૃકા, શ્રીચંદ્ર, શ્રીપુર, શક્તિ, સામરસ્ય એવા એવા શબ્દો ઊભરાઈ આવે છે; તેમજ એમની કવિતા પોતાના ધર્મને અંગેજ લખાઇ છે. શાક્ત શાસ્ત્રમાં ઘણા શબ્દો મૂળ અર્થમાં નહિ, પણ સાંકેતિક અર્થમાં વપરાય છે, માટે 'જની'ની કવિતા સમજવા સારૂ એ શાસ્ત્રની કેટલીક પરિભાષા જાણવી ઇષ્ટ છે, એટલુંજ નહિ પણ આવશ્યક છે.

શાક્ત શાસ્ત્રમાં છત્રીસ તત્ત્વો સ્વીકારાયલાં છે. બધાં તત્ત્વોના ત્રણ વ્યૂહ પાડવામાં આવે છે; જેમકે શિવવ્યૂહ, વિદ્યાવ્યૂહ અને આત્મવ્યૂહ. શુદ્ધ, મિશ્ર અને અશુદ્ધ એવી ત્રણ અધ્વા કલ્પવામાં આવી છે અને દરેક અધ્વામાં અમુક અમુક તત્ત્વો આવેલાં છે. બારથી છત્રીસ તત્ત્વો જે સાંખ્યદર્શનમાં મનાય છે, તેજ તત્ત્વો આ શાક્તદર્શનમાં સ્વીકાર્યાં છે. એ તત્ત્વોમાં ક્ષેત્રજ્ઞ જીવનું સઘળું સાંસારિક સ્વરૂપ સમાય છે.

શાક્તદર્શનનો સિદ્ધાંત અદ્વૈત છે; એટલે શિવ અને શક્તિ ભિન્ન પદાર્થ નથી, પણ ભિન્ન દૃષ્ટિબિંદુથી ભિન્ન દેખાય છે; પરંતુ જે દેખાય છે, તે તદ્દન શૂન્ય નથી. તેમ જીવે ઊભી કરેલી માયાથી ઉપજેલો ભ્રમ પણ નથી; પરંતુ મૂળ શિવતત્ત્વની (ચેતનની) અસ્વંદ અને સ્વંદ કળાઓ છે. શાક્તશાસ્ત્રના બારીક વિવેચનમાં ન ઊતરતાં અમે જનીબાઇની કવિતાના થોડાક નમૂના આપી આ ચરિત્ર સમાપ્ત કરીશું.

પ્રથમ જનીના નાથજીપ્રાગટ્ય સંબંધે કહીશું. 'જની'ના ગુરુ મહીકાંઠા એજન્સીના મહીસામાં જન્મ્યા હતા; પણ જની કહે છે કે, "મહીસામાં જન્મ્યા પૂર્વે નાથજી શિવરૂપે શ્રીનગરમાં અખંડ રાસ ખેલતા હતા."*

---

* એ વિષય ઉપરના અધિક વિવરણ માટે જુઓ રા. રા. ડાહ્યાભાઇ પીતાંબરદાસ દેરાસરીએ છટ્ઠી ગુજરાતી સાહિત્ય પરિષદમાં વાંચેલો 'જનીબાઇ'નો નિબંધ. —પ્રયોજક

ધન્ય ધન્ય 'શ્રીનગર' સોહામણું,
ધન્ય ધન્ય શ્રીજીનો વાસ રે;
નિત્ય પ્રત્યેરે આનંદમાં, નાથજી ખેલે છે રાસ રે.
રાસ અખંડમાં ખેલતાં, મન થયો સહુને ઉલ્લાસ રે;
પ્રેમે પિઉજી શું જાચીઉં, દેખાડો દ્વૈતનો રાસ રે.
વચન સુણી વનિતા તણાં, બોલીયા પોતે શ્રી નાથ રે;
એહ મનોરથ માગીઓ, સાંભળો સખીઓનો સાથ રે.
ભ્રષ્ટ બ્રહ્માંડની ભૂમિકા, જે પર માયાની છાંય રે;
નિરખતામાં જ્ઞાન તત્ક્ષણુ જશે, સંકટ સર્વને થાય રે.
શિક્ષા કરૂં છું હું સર્વને, સમરજો શ્રીપુરનો રાય રે;
અંશે કરી સહુ અવતરો, આવી કરીશ હું સાય રે.
સુરલોકે બહુ અવતરી, જૂજવી પામ્યા છે કાય રે;
વચન પોતાતણું પાળવા, મનમાં કીધી ઇચ્છાય રે.
મૃત્યુલોકે રે પ્રગટ થવા, સર્વનું કરવા તે કામ રે;
'જની'રે દાસી નિત્ય પ્રણમી, સર્વદા સેવે નિષ્કામ રે.

* * * *

મન વિચાર કરી ગુરુ રાય, સાધન કરવા ત્યાંથી રે જાય;
વિંધ્યા ધરણીધર ઉત્તમ દરી ધ્યાન, ધરે ને મનને વશ કરી.
અષ્ટ ભુજા દેવીને પાસ, ગંગાતીર કર્યો રે નિવાસ;
શ્રીનાથજી કેરૂં ચિંતન કરે, દિવસથી દિવસ નિસરે.
અન્નજળનો લીધો છે નેમ, સમરે પ્રભુને આણી પ્રેમ;
અહોરાત્ર એકાદશ થયા, શ્રીનાથજીને આવી દયા.
દ્વાદશી રાત્રી મધ્ય ગઇ, જળહળ જ્યોતિ પ્રગટજ થઇ;
દશ્ય થયું સ્વસ્વરૂપજ તણું, જાણ્યું સકળ જગત સમણું;
મસ્તક ઉપર મૂકયો હાથ, પોતે બોલ્યા ત્યાં શ્રીનાથ.
મારૂં રૂપ તે તહારૂં રૂપ, અદ્વૈતમાં અનેક સ્વરૂપ.
શ્રી નગરીનો નિરખો રાસ, સ્વસ્વરૂપ તણો પ્રકાશ;
અંતર આત્માનાં ભાગીઆ, સ્વસ્વરૂપ થકી જાગીઆ.
જેવું દીઠું તેવું ધારીઉં, પ્રારબ્ધ ઉપર મન આવીઉં,
હંસલીઓનું કરવા કામ, મૃત્યુ લોકે કીધો વિશ્રામ.
અકલ લીલા શ્રીનાથજી તણી 'જની' દાસી શુદ્ધભાવે ભણી.

* * * *

સ્વશક્તિ પોતાની રે પોતાની તે વાસના રે,
નિત્ય કરે સ્વ સ્વામીની સેવ;
શક્તિને તો સ્વામી રે, સ્વામીને સ્વામિની રે,
એક જાણો અવર બીજો નથી દેવ.
શુદ્ધ વાસનામાં રે, વિકાર માયા તણો રે,
સ્વ સ્વામીને માને પોતાનો જીવ;
વિકાર માયાનો રે, મટે જ્યારે મધ્યથી રે,
જ્યારે ભાસે સ્વ સ્વામીને તે શિવ.
અવિદ્યા મટીને રે શુદ્ધ વાસના થઇ રે,
શુદ્ધ થયે પોતે પિયુને શર્ણું;
આવી નથી આંહીરે, ત્યાંની તે ત્યાંયે છે રે,
તેહને નથી જન્મ ને વળી મર્ણું.
જન્મ તો માયાને રે, મર્ણું માયા માનજો રે,
માનો વળી સુપ્નવત સંસાર;
સુપ્ન મિથ્યા થાતે રે, દેહ સુપ્નતણોરે,
ભળ્યો ભળ્યો જાગ્રતમાં નિરધાર.
અજ્ઞાન અંધારૂં રે, મટે જ્યારે મનનું રે,
અહીંનું ત્યાંહનું એકજ થાયે તે રૂપ;
અરૂપ માયાનું રે, મટ્યું મારા મનનું રે,
થયું થયું થયું તે શુદ્ધ સ્વરૂપ.
અવિદ્યા તે ટાળી રે, દેવીએ દયા કરી રે,
દયા કરી પોતે થઇ પ્રકાશ;
'જની' શુદ્ધ થઇ રે, શક્તિ સમરસ થતે રે,
પામી પામી પોતા તણો આવાસ.

* * * *

કવિશ્રી દયારામની "પ્રીતડીની રીત અતિ અટપટી" ના જેવા બંધની જનીની 'ગિરધારી વિના ઘેલડી' 'છેલ છબીલડી છેલડી' એવી ઘણી ગરબીઓમાંથી માત્ર એક જોઇશું.

માયા તે રંગમાં રમાડે, સખી જુઓ માયા તે રંગમાં રમાડે;
નિષ્કામિકને પરમ સુખ અરપે, સકામિક ને ભમાડે.
વિષયી જીવન રાત્રીતુલ્ય દેખે, મુક્તિને દિવસ તે દેખાડે;
મુમુક્ષુને વળી રાત્રી ને વહાણું, એવી માયા તે સમજણ પાડે.
પ્રેમીને વળી પોતે પ્રેમ દેખાડે, સકામીને નાખે ખાડે;
'જની' ને તે ત્યારે પ્રસન્ન થઇ છે, પિયુના પદને પમાડે.

* * * *

નાથ તણા પરિવારમાં, સખી ભળી નાથ તણા પરિવારમાં;
પૂર્વ સંબંધે પરિવારને પામી, રહું સ્વપ્નવત સંસારમાં.
આધારથી પરતત્ત્વ તે સુધી, છે ધામ ધણી આધારમાં રે;
હું વિના તે સર્વ ખેલ પિયુનો, વળી આપે ખેલે અપારમાં.
માત પિતા પરિવારમાં પોતે પરસપર વહેવારમાં;
'જની' દાસી પીઉ સમરસ થઇ ગઇ, આવી ભળી આકારમાં.*

१३०-१३१-हरबाई अने वालबाई

એ બન્ને સન્નારીઓ પ્રસિદ્ધ સ્વામી આત્માનંદની શિષ્યાઓ હતી. એમના અવસાન પછી, તેમણે બીજા શિષ્યો ભેગાં સ્વામી રામાનંદનું ગુરુત્વ સ્વીકાર્યું હતું.

એ બન્ને સ્ત્રીઓ પરમ વિદુષી હતી. વેદાંતનું એમને ઘણું સારૂં જ્ઞાન હતું. બન્ને બ્રહ્મચારિણીઓ હતી અને સંન્યાસિનીનો વેશ રાખતી. સ્વામી આત્માનંદના વખતથીજ ગામેગામ ફરીને લોકોને ધર્મોપદેશ આપતી. એમના ઉપદેશથી આખું ત્રંબાગામ સ્વામી આત્માનંદનું શિષ્ય બન્યું હતું. સહજાનંદ સ્વામીએ હવેથી એમને સ્ત્રીઓમાંજ ઉપદેશ કરવાની આજ્ઞા કરી. આથી એમને તેમાં બહુ અપમાન લાગ્યું. એમને થયું કે, અમારા ઉપદેશ કરવાની રીતમાં આત્માનંદે દોષ ન જોયો, રામાનંદે ન જોયો અને હવે આ આજકાલનો આવેલો સહજાનંદ કહે છે કે, તમે પુરુષોને ઉપદેશ ન કરશો. અમે એ વચન નહિ માનીએ." સહજાનંદ સ્વામીને એમની શુદ્ધતા વિષે શંકા ન હતી; પણ એમને એક નવીજ પ્રથા પાડવી હતી; એટલે એમણે આગ્રહપૂર્વક પોતાની આજ્ઞા માનવા એ બન્ને બાઇઓને સમજાવી. હરબાઇ-વાલબાઇ રિસાયાં અને જુદાં પડ્યાં. સ્વતંત્રપણેજ એમણે ધર્મોપદેશ કરી લોકોની શ્રદ્ધા સંપાદન કરી. કહેવાય છે કે, ત્રંબાગામમાં એમની સમાધિઓ છે અને હજુ કેટલાક લોકો એમને માને છે.×

* આ આખું ચરિત્ર સાક્ષર શ્રી. ડાહ્યાભાઇ પીતાંબરદાસ દેરાસરીના નિબંધમાંથી સારરૂપે સાભાર ઉતારવામાં આવ્યું છે.—**પ્રયોજક**

× જુઓ રા. રા. કિશોરલાલ ઘ. મશરૂવાળા રચિત "સ્વામીનારાયણ સંપ્રદાય"નો નિબંધ. —**પ્રયોજક**



૧૩૨-ફૂલજાની બેગમ

અહમદનગરની સમીપ એક બગીચાનું ખંડિયેર હજુ પણ દીઠામાં આવે છે. જે સમયનું ચિત્ર અમે આલેખવા માગીએ છીએ, તે સમયમાં મોગલોના અત્યાચારનું ચક્ર જોરથી ચાલી રહ્યું હતું. ભારતની ગરીબ પ્રજા એમના જુલમથી પીડાઇ રહી હતી. મહારાજ શિવાજી પોતાના બળવાન મરાઠા બંધુઓની સહાયતાથી ભારતને પુનઃ સ્વતંત્ર બનાવવા તન, મન અને ધનથી પરિશ્રમ કરી રહ્યા હતા. એમને દબાવી દેવા બાદશાહ ઔરંગઝેબ ઘણુંખરૂં દિલ્હીમાં ન રહેતાં અહમદનગરમાં રહેતો હતો. જે ઉદ્યાનનો અમે ઉપર ઉલ્લેખ કર્યો છે, તેમાં ઔરંગઝેબ બાદશાહની એક બેગમનો મહેલ હતો. એ બગીચાના મધ્યભાગનો એક ભાંગેલો ફુવારો હજુ પણ જોવામાં આવે છે. એ ફુવારાની નીચે બારીકીથી જોતાં એક ફારસી ભાષાનો છંદ વાંચવામાં આવે છે.

એ ફારસી ભાષાની કવિતાનો એક રસિક કવિએ હિંદીમાં નીચે પ્રમાણે અનુવાદ કર્યો છેઃ-

"નહિ જાન્યો હિય બાલિકા, હૈ ઈતનો રસ મૂલ;
ના તો કબૌં ન તોરતો, હમ યહ સુંદર ફૂલ."

અર્થાત્ જો હું જાણતો હોત કે, આ સરળ બાલિકામાં આટલો બધો અતુલનીય પ્રેમરસ ભરેલો છે, તો હું એ સુંદર ફૂલને તોડવાનો પ્રયત્ન કદી કરત નહિ.

એ ભાવમય પદ્ય વાંચતાં દર્શકોને એનો ઇતિહાસ જાણવાની સ્વાભાવિક જિજ્ઞાસા થાય છે. અમે સંક્ષેપમાં એ જિજ્ઞાસાનું નિવારણ કરીશું.

અહમદનગરથી પાંચ ગાઉ દૂર દેવગાંવ નામનું એક ગામડું

હતું. ત્યાં નારાયણરાવ નામનો એક ધનવાન અને કુળવાન મનુષ્ય રહેતો હતો. એને પુરંદર નામનો એક પુત્ર હતો. પુરંદર ઘણોજ સુંદર, હૃષ્ટપુષ્ટ અને વીર નવયુવક હતો. એજ ગામમાં નારાયણરાવની જ્ઞાતિની વિધવા સ્ત્રી રહેતી હતી. એ વિધવાને એકની એક છોકરી હતી. એનું નામ ફૂલબાઈ હતું. જેવું એનું નામ હતું, તેવીજ એ ખૂબસૂરત હતી. ફૂલબાઈ અને પુરંદર બંને બાળસખા હતાં. દરરોજ તેઓ સાથેજ રમતાં. જેમ જેમ વય વધતી ગઈ, તેમ તેમ એમનો પ્રેમ પણ વધતો ગયો. ધીમે ધીમે બંનેએ યુવાવસ્થામાં પ્રવેશ કર્યો. હવે એ જોડું પરણવા યોગ્ય થયું હતું. નારાયણરાવ અને ફૂલવતીની માતાએ પરસ્પર વાતચીત કરીને બંનેનો વિવાહ મેળવ્યો અને થોડા દિવસમાં લગ્ન પણ કરી દીધું. બંનેના હર્ષનો પાર રહ્યો નહિ; પણ વિધાતાની લીલા વિચિત્ર છે. લગ્ન પછી તરતજ ફૂલબાઈની માતાનું મૃત્યું થયું.

એ સમયમાં ઔરંગઝેબ અહમદનગરમાં રહેતો હતો. શિકારની શોધમાં ફરતો ફરતો એ દેવગાંવ જઈ પહોંચ્યો. ત્યાં એની દૃષ્ટિ ફૂલબાઈ ઉપર પડી. એનાં સૌંદર્ય અને નવયૌવનને જોઈને એ મુગ્ધ થઈ ગયો અને પોતાના સાથીઓને આજ્ઞા આપી કે, “આ યુવતીને મારા મહેલમાં પહોંચાડી દો.” નોકરોએ તરતજ આજ્ઞાનો અમલ કર્યો અને ફૂલબાઈને બાદશાહના મહેલમાં પહોંચાડી દેવામાં આવી. આખા ગામમાં ખળભળાટ મચી ગયો. પુરંદર અને તેના પિતાના શોક અને લજ્જાનો તો પારજ ન રહ્યો.

ફૂલબાઈ ઘણા ખેદપૂર્વક મોતીબાગમાં રહેવા લાગી. બાદશાહે એનું નામ ફૂલજાની બેગમ પાડયું. અનેક દાસીઓ એની તહેનાતમાં હતી; પરંતુ એ રાજમહેલનું સ્વર્ગીય સુખ ફૂલજાની માટે નરકયાતના સમાન હતું. એનું ચિત્ત પુરંદરમાંજ હતું. એનો હૃદયેશ્વર તો પુરંદરજ હતો. ત્રણે લોકનું સુખ આપીને પણ બાદશાહ એ યુવતીના હૃદયરાજ્ય ઉપર સામ્રાજ્ય મેળવે, એ અસંભવિત હતું. ગમે તે પ્રકારે એક વાર તો પુરંદરનાં દર્શન કરવાની એને દૃઢ અભિલાષા હતી. પરમાત્માએ એ અભિલાષા પૂર્ણ કરવાની સગવડ પણ કરી આપી. એ મહેલમાં “જમાલ” નામની એક બાંદી એના ઉપર શુદ્ધ હૃદયનો પ્રેમ રાખતી હતી. ફૂલની ખાતર એ પોતાનો જીવ આપવા પણ તૈયાર હતી. એ દાસીને હાથે ફૂલબાઈએ પુરંદરની પાસે એક પત્ર મોકલ્યો.

"વહાલા પુરંદર !

"લોકો કહે છે કે, હું એકદમ સંસારની ઉન્નતિના શિખરે પહોંચી ગઇ, બેગમ થઇ ગઇ અને ઘણા સુખમાં રહેતી હોઇશ; પણ ખાતરી રાખશો કે, મને આ બધું સુખ ઝેર જેવું લાગે છે. તમને ખોયાથી, તમારાથી વિખૂટી પડ્યાથી મારી સ્થિતિ કેવી થઇ ગઇ છે, એ મારૂં મનજ જાણે છે. હું પાપના બોજાથી દબાઇ રહી છું. હાય ! મારા ધર્મનો નાશ થઇ ગયો, સતીત્વહીન સ્ત્રી મણિહીન નાગના જેવી છે. એના કરતાં તો મારૂં મૃત્યુ થયું હોત તો વધારે સારૂં. જીવન મને અસહ્ય થઇ પડ્યું છે. હવે હું આ જગતમાં રહેવા નથી માગતી; પરંતુ મરતાં પહેલાં એક વાર તમારા દર્શન કરવા માગું છું. પુરંદર! તમે મને ખરેખર ચાહતા હો–આપણા બાલ્યાવસ્થાના પવિત્ર પ્રેમનું જરા પણ સ્મરણ હોય, તો આવીને મને મળો અને મારો છુટકારો કરો.

આપના ચરણની રજ

ફૂલબાઈ"

પુરંદર તેજસ્વી મરાઠો હતો. પત્ર મળતાંજ એ પત્નીના છુટકારા માટે વિચારવા લાગ્યો. પોતાની સ્ત્રી પાપપંકમાં મગ્ન થાય, તેના કરતાં એનો પ્રાણ લઇને પણ એ નરકકુંડમાંથી એને છોડાવવી એ તેને પોતાનો ધર્મ લાગ્યો. દાસી જમાલના બુદ્ધિ-કૌશલ્યથી એ ફૂલજાની બેગમના મહેલમાં દાખલ થયો.

પ્રિયપતિને આવતો જોઇને ફૂલબાઇ પ્રેમથી દોડતી સામી ગઇ. દૃઢ આલિંગન દઇને પુરંદરે ફૂલબાઇના પ્રેમનો ઉત્તર આપવાની ઇચ્છા કરી; પણ એણે કહ્યું: "વહાલા ! હવે મને સ્પર્શ કરશો નહિ, હું પાપિણી છું. તમારા પવિત્ર આલિંગનને યોગ્ય હું હવે નથી રહી." પરંતુ પુરંદરે પરાણે ફૂલને પકડીને હૃદયસરસી ચાંપી અને ઘણાજ પ્રેમપૂર્વક કહ્યું: "વહાલિ ફૂલ ! તારૂં શરીર અપવિત્ર થયું છે તો શું થયું ? પણ તારૂં હૃદય તો શુદ્ધ અને પવિત્ર છે. હૃદયની પવિત્રતા એજ સાચી પવિત્રતા છે. મારી ખાતરી છે કે, તારૂં હૃદય સદા નિર્મળજ રહેશે; પરંતુ બાદશાહ કદાચ તને વધારે ઊંડા પાપના ખાડામાં ધકેલે, એ પહેલાં આ મારા હાથથીજ તારા જીવનનો અંત આણવા આવ્યો છું. હું પણ તારી વિરહજવાળાથી બળ્યા કરૂં છું. આજ આપણે

બન્ને પ્રાણ ત્યજીને એ વિરહવેદનાથી મુક્ત થઇ જઇશું.”

બન્ને એકબીજાને ભેટીને પુષ્કળ રોયાં. થોડી વાર પછી પતિનાં આંસુ લૂછીને ફૂલબાઇએ કહ્યું: “વહાલા! આ દુનિયામાં જીવતાં રહીને આપણે બન્ને સાથે રહીએ, એ હવે સંભવિત નથી. બાદશાહ આપણી પૂંઠ પકડ્યા વગર રહેશે નહિ. વળી બાદશાહના મહેલમાં રહેવાનું હોવાથી, હું ધર્મભ્રષ્ટ, જાતિભ્રષ્ટ તેમજ કલંકિની ગણાઇશ. હિંદુસંસાર મને સંઘરશે નહિ અને મારી સંગતિમાં રહ્યાથી હિંદુસમાજ તમને પણ પતિત ગણીને ત્યજી દેશે. મારી ખાતર તમે એવું કલંકમય જીવન ગાળો, એ મને કદી પસંદ નથી. મૃત્યુને પામ્યાથી મારાં બધાં પાપનો નાશ થશે અને મારો નિષ્કલંક આત્મા તમને મળીને સદાને માટે સુખી થશે. મેં ક્યારનોએ આપઘાત કરીને દેહ છોડી દીધો હોત. હિંદુબાળાને આત્મહત્યા કરતાં આવડે છે; પણ એક વાર તમારાં દર્શન કર્યાનો લોભ મારાથી છૂટ્યો નહિ. પ્રાણ ત્યજવા ખાતરજ મેં આજે તમને તસ્દી આપી છે. તમારા પવિત્ર હસ્તથી આ દેહનો નાશ કર્યાથી મારાં પાપની જાળ કપાઇ જશે. વહાલા! હવે વિલંબ ન કરો.”

આટલું સાંભળતાંવરાજ પુરંદરે પોતાની તેજ કટાર બહાર કાઢીને કહ્યું: “હવે મેં મોહનો ત્યાગ કર્યો છે. આવો, આજે આપણે બન્ને જણાં મરીને સદાને માટે શાંતિમય પરલોકમાં જઇએ.” સુકુમારી ફૂલબાઇનું હૃદય આજે ઘણું કઠણ થયું હતું. બાદશાહે પોતાના ઉપર કરેલા અત્યાચારનો અંત એ આત્મબલિદાનથી આણવા માગતી હતી. એણે પ્રસન્નવદને પતિને કહ્યું: “આજ મારૂં ધન્યભાગ્ય છે! મારા પાપનાં બંધનો છેદાઇ રહ્યાં છે. હું સ્વતંત્ર થઇને સ્વર્ગમાં જઇ રહી છું.” પુરંદરે કટારને ઊંચે ઉછાળી; પણ કોમળ પ્રિયતમા ઉપર ચલાવી શક્યો નહિ; એનું હૃદય ધડકવા લાગ્યું; હાથ કંપવા લાગ્યા: “મારી વહાલીનો વધ મારેજ હાથે કેવી રીતે કરૂં” એ વિચાર એને આકુળ-વ્યાકુળ કરવા લાગ્યો.

એ વખતે ફૂલબાઇમાં ઉત્સાહ અને જોસનો સંચાર થયો. એણે પતિને કર્તવ્યમાર્ગ બતાવતાં કહ્યું: “જોઇ શું રહ્યા છો? બીકનો ત્યાગ કરો, હૃદયને કઠણ બનાવો. તમારા પ્રેમની આજે પરીક્ષા છે. મારા આ પાપી દેહનો જલદી નાશ કરો.”

પુરંદર હૃદયને પથ્થરનું બનાવીને ફૂલના કોમળ અંતઃકરણ-

ને વીંધી નાખવાની તૈયારીમાંજ હતો, એવામાં અણધાર્યું વિઘ્ન આવ્યું અને બાજી બગડી. એક ખોજો પડદાની આડમાંથી આ બધો બનાવ જોઇ રહ્યો હતો. તેણે તરતજ અંદર દોડી આવીને પુરંદરનો હાથ પકડ્યો. બન્ને ચમકી ગયાં; પણ થોડી વારમાં ફૂલબાઈનો ચહેરો લાલચોળ થઇ ગયો. સિંહણની પેઠે ગર્જના કરીને એ ખોજાને ધમકાવવા લાગી: "મસફૂર! તું જાણે છે હું કોણ છું?" ખોજાએ જરા પણ ગભરાયા વગર ગંભીરભાવે ઉત્તર આપ્યો: "આપ ફૂલજાની બેગમ છો." ફૂલે કહ્યું: "હું આજ્ઞા આપું છું કે, તું હમણાં ને હમણાંજ આ યુવકનો હાથ છોડી દે. એ મારા અતિ નિકટના સગા છે." બેગમની આજ્ઞા માથે ચડાવી-ખોજો ત્યાંથી ચાલ્યો ગયો અને બાદશાહને બધો વૃત્તાંત કહી સંભળાવ્યો. પેલી તરફ ફૂલજાનીએ પુરંદરના ઉપર આવેલી આફતનું અનુમાન કરીને એને એક સુરંગમાં સંતાડી દીધો. ન કરે નારાયણ અને કોઇ આપત્તિ આવી પડે, એ શંકાથી પહેલેથીજ એણે એક ઘોડો સુરંગના મુખ આગળ તૈયાર રાખ્યો હતો. એ તેજ ઘોડા ઉપર બેસીને પુરંદર નાઠો.

પેલા ખોજાએ બાદશાહ પાસે જઇને બધી વાત જણાવી દીધી. બેગમના મહેલમાં સુરંગ છે, એ વાતની ખબર હોવાથી બાદશાહે સુરંગના મુખ આગળ સવારો દોડાવીને પુરંદરની પૂંઠ પકડી. એ સિપાઇઓના બાણથી પુરંદર ઘાયલ થયો અને તેઓ એને પકડીને બાદશાહની પાસે લાવ્યા. પુરંદર સમજ્યો કે, મૃત્યુ હવે દૂર નથી. બાદશાહે એને પૂછ્યું: "યુવાન! તું ઘણો સાહસિક જણાય છે. જ્યાં ચકલું પણ ન જઇ શકે, એવી જગ્યાએ તું વગર ખટકે ચાલ્યો આવ્યો છે. તું બધો વૃત્તાંત સાફસાફ કહી દે, તો હું તને માફ કરીશ."

પુરંદર મરણિયો થયો હતો, એટલે એણે દૃઢતાપૂર્વક કહ્યું: "હું આપની પાસે માફી માગવા નથી આવ્યો. આપે મારૂં સર્વસ્વ હરણ કરી લીધું છે. હવે આ જીવ બાકી રહ્યો છે, તે પણ લઇ લો; પણ હું શા માટે આવ્યો હતો, કોની પાસે ગયો હતો, એ બધું કદી પણ કહેનાર નથી."

બાદશાહનું આવું અપમાન રૂબરૂમાં કોઇએ કર્યું નહોતું. એના ક્રોધનો પાર રહ્યો નહિ. એણે ખોજાઓને આજ્ઞા આપી કે, આ કાફરને હમણાંજ જહન્નમમાં પહોંચાડો. જોતજોતામાં

અનેક કટારીઓ પુરંદરના દેહમાં મારવામાં આવી; પણ એટલામાંજ એક હૃદયદ્રાવક અવાજ આવ્યો. બાદશાહે જોયું કે, ફૂલજાની બેગમે વચમાં પડી ખોજાઓની બે તીક્ષ્ણ કટારી આગળ પોતાની છાતી ધરી હતી અને ખોજાઓને કટારોને રોકવાનો વિચાર સરખોયે કરવાની તક મળે, તે પહેલાં તો એ કટારો તેના હૃદયમાં ઊંડી પ્રવેશ કરી ચૂકી હતી. બાદશાહ ફૂલજાનીને ઘણું ચાહતો હતો. આ દૃશ્ય જોઇને તેનું હૃદય ચિરાઇ ગયું. તેણે રૂંધાયલા કંઠે કહ્યું: "ફૂલ! તેં આ શું કર્યું?" ફૂલબાઇનો પ્રાણ હજુ ગયો નહોતો. તેણે ક્ષીણ સ્વરે ઉત્તર આપ્યો: "જહાંપનાહ! ક્ષમા કરજો. આ દાસીએ એજ કૃત્ય કર્યું છે કે, જે કરવાની દરેક સ્ત્રીની પોતાના પતિ પ્રત્યેની ફરજ છે." પુરંદરના દેહમાં પણ એ સમયે જીવ હતો. એ ઉત્તરથી એના મુખ ઉપર ક્ષણભરનેજ માટે તેજ આવ્યું. બન્નેએ પ્રેમ ભરી દૃષ્ટિએ એકબીજા પ્રત્યે જોયું. થોડીજ વારમાં બન્નેએ આ સંસારમાંથી પ્રયાણ કર્યું.

બાદશાહના હૃદય ઉપર ફૂલના આ બલિદાનની ઘણી અસર થઇ. તેનું હૃદય પણ પીગળ્યું અને રોતાં રોતાં એણે કહ્યું: "ફૂલ, જા, સુખે જા! જો પ્રેમનો કાંઇ પણ મહિમા હશે, તો તું પરલોકમાં પતિની સાથે અક્ષય સુખ ભોગવીશ." બાદશાહે સાત દિવસ સુધી ફૂલજાની બેગમનો શોક પાળવાનો અહમદનગરમાં ઢંઢેરો પિટાવ્યો. મહેલની સામે બન્ને પ્રેમીની કબર બનાવી, બેગમો અને દાસીઓને આજ્ઞા આપી કે, "એમણે જઇને એ સમાધિઓ ઉપર પુષ્પ ચઢાવી આવવાં." બાદશાહે ફૂલજાનીનું નામ ચિરસ્થાયી કરવા સારૂ એની કબર ઉપર પોતાને હાથે એક શિલાલેખ ચોડ્યો. એ શિલાલેખ ઉપર જે ફારસી કવિતા છે, તેનો ભાવાર્થ આ પ્રમાણે છે:—

"જો મૈં ઐસા જાનતા, સરલ બાલિકા માંહીં,
ઇતના અતુલિત પ્રેમ હૈ, ફૂલ છેડતા નાહીં."

આજ પણ એ શિલાલેખ ફૂલજાનીના પુરંદર માટેના પ્રેમની સાક્ષી પૂરે છે. *

---

* જુઓ પં૦ અયોધ્યાસિંહ ઉપાધ્યાયનો 'ફૂલજાની બેગમ' નામનો લેખ (મર્યાદા પોષ-૧૯૬૯) અને મુસ્લિમમહિલારત્ન —લેખક પ્રો૦ જહુર બક્ષ. —પ્રયોજક

૧૩૩–શારદામણિદેવી

જે સન્નારીનો પરિચય અમે આ ચરિત્રમાં કરાવવા માગીએ છીએ તે પરમ ભક્ત, મહાન સાધક, અદ્‌ભુત જ્ઞાની રામકૃષ્ણ પરમહંસદેવનાં ધર્મ-પત્ની હતાં. સંસાર પ્રત્યે સ્વામીની વિરક્તિ જોઇને એમણે પોતાના સર્વ સુખનો ત્યાગ કરીને સમસ્ત જીવન સ્વામીના ચરણકમળમાં, તેમના ધર્મ, ધ્યાન અને સાધનામાં મદદરૂપ થવામાં ગાળ્યું હતું. એમની સહાનુભૂતિ અને સહાયતા ન હોત, તો શ્રીરામકૃષ્ણદેવને પોતાની સાધનામાં પૂર્ણ સફળતા મળી હોત કે કેમ, તે શકભરેલું છે. આર્ય સ્ત્રીઓ પ્રત્યક્ષ રીતે જાહેર જીવનમાં પડ્યા વગર પતિને તેમના જનસેવાના કાર્યોમાં પરોક્ષ રીતે જે મદદ કરે છે, તેનો ઈતિહાસ જનસમાજમાં બહાર આવતો નથી; પણ તેથી એ પતિપરાયણા રમણીઓનું મહત્ત્વ ઘટતું નથી.

બંગાળામાં જયરામવાટી નામના ગામમાં રામચંદ્ર મુખોપાધ્યાયને ઘેર એમનો જન્મ થયો હતો.

રામકૃષ્ણદેવ જ્યારે પંદર વર્ષની વયના હતા, તે સમયે શારદામણિદેવી સાથે તેમનું લગ્ન થયું હતું. દેવીની ઉંમર એ સમયે આઠ વર્ષની હતી.

રામકૃષ્ણનું ચિત્ત બાલ્યાવસ્થાથીજ ધર્મ તરફ વધારે હોવાથી એ લગ્ન કરવું પસંદ નહિ કરે એમ ઘણાને શંકા રહેતી હતી, પણ રામકૃષ્ણે લગ્નની વાત સાંભળીને કાંઇ વાંધો લીધો નહિ; બલકે એ સમાચારથી તેમને આનંદ થયો હતો. કારણ એ હતું કે, રામકૃષ્ણદેવ પહેલેથીજ જાણતા હતા કે, આર્યોને પોતાના જીવનમાં કર્ણવેધ, ચૂડાકરણ, દીક્ષા, યજ્ઞોપવિત, વિવાહ આદિ સોળ સંસ્કાર કરવા પડે છે. લગ્ન કરતી વખતે પણ એમના મનમાં એજ ભાવ પ્રબળ હતો કે, હું એક ધાર્મિક કર્તવ્યનું પાલન કરી રહ્યો છું.

લગ્ન સમયે સાસરેથી તેમને ત્રણસો રૂપિયા પહેરામણીમાં મળ્યા હતા. એ સમયે એમની અવસ્થા ઘણી ગરીબ હતી. લોકાચાર સાચવવા તથા કુળની લાજ રાખવા સારૂ રામકૃષ્ણની માતા ચંદ્રમણિદેવીએ જમીનદાર લાહાબાબુને ઘેરથી ઘરેણાં માગી આણીને વહુને ચડાવ્યાં હતાં. થોડા દિવસ પછી જ્યારે અલંકાર પાછા આપવાનો સમય આવ્યો ત્યારે ચંદ્રમણિદેવીને પોતાની દરિદ્રાવસ્થાનું ભાન આવ્યું અને પૂતળી જેવી નવવધૂના સુકુમાર દેહ ઉપરથી ઘરેણાં કેવી રીતે ઉતારી લેવાય, એના વિચારમાં પડ્યાં. એ ચિંતામાં ને ચિંતામાં એમનુ હૃદય ભરાઇ આવ્યું અને એ રોવા લાગ્યાં. એમના મનનો વિચાર બીજું કોઇ જાણી શક્યું નહિ. કેવળ ગદાધર (રામકૃષ્ણનું મૂળ નામ) સમજી ગયા. એમણે માતાને શાંત કરીને ગાઢ નિદ્રામાં પડેલી પત્નીના અંગ ઉપરથી બધા અલંકાર ઉતારીને માતાને સોંપી દીધા. એ કામ એમણે એવી સફાઇથી કર્યું કે બાલિકા શારદામણિને કાંઇ પણ ખબર ન પડી. બાલિકા જ્યારે જાગી, ત્યારે પોતાના અંગ ઉપરના દાગીના ન જોઇને કેવળ એટલુંજ બોલી હતી કે, “ મારા દાગીના કોણ લઇ ગયું ? ” ચંદ્રમણિદેવીએ નાદાન બાલિકાવધૂને ખોળામાં લઇને કહ્યું: “ દીકરિ ! ગદાધર તને એના કરતાં વધારે સારાં ઘરેણાં લાવી આપશે. ”

ચંદ્રમણિદેવીએ જે અર્થમાં એ શબ્દો કહ્યા હતા, તે અર્થમાં તો નહિ પણ બીજા અર્થમાં એમની એ વાણી અક્ષરેઅક્ષર ખરી પડી. રામકૃષ્ણદેવે ભૌતિક અલંકારો કરતાં વધારે કિંમતી નીતિ અને ધર્મના મૂલ્યવાન અને શાશ્વત અલંકારોથી પોતાની પત્નીને વિભૂષિત કરી.

થોડા દિવસ પછી એમના પિતા મળવા સારૂ આવ્યા, ત્યારે એ સમાચાર જાણીને એમને ઘણો ખેદ થયો અને એ તરતજ પુત્રીને પોતાને ઘેર લઇ ગયા. રામકૃષ્ણની માતાને એથી ઘણું ખોટું લાગ્યું; પણ પુત્રે હસીને કહ્યું: “ હમણાં એ જે કરે, તે કરવા દો. લગ્ન તો ફોક થઈ શકવાનુંજ નથી. ”

થોડા સમય પછી શારદામણિદેવી પાછાં સાસરે આવ્યાં અને કામારપુકુર ગામમાં રહેવા લાગ્યાં. ત્યાં એ એક મહિનો રહ્યાં; પણ રામકૃષ્ણ એ સમયે દક્ષિણેશ્વરમાં હોવાથી એમનાં દર્શન થયાં નહિ. ત્યાર પછી છ મહિના બાદ એ ફરીથી સાસરે

ગયાં, પણ એ સમયે પણ સ્વામીની મુલાકાત ન થઇ. આવા સંયોગોમાં લગ્ન પછી પરમહંસદેવને પત્નીનું મુખ જોવાને કે એની સાથે રહેવાનો અવસર મળ્યો નહોતો. એ સમયે એમની પત્નીનું વય સોળ વર્ષનું હતું. રામકૃષ્ણદેવની ઇચ્છા એ સમયે સાસરે જવાની થઇ હતી. પોતે એ અરસામાં ધર્મસાધનામાં સારી રીતે આગળ વધી રહ્યા હતા. તેમણે સાસરે જવાની ઇચ્છા પોતાના ભક્ત મથુરબાબુને જણાવી, ત્યારે બધાને ઘણું આશ્ચર્ય લાગ્યું હતું.

વાત એ હતી કે, તોતાપુરી નામના એક વિદ્વાન આચાર્ય જેમને રામકૃષ્ણદેવ ગુરુસમ માનતા હતા, તેમણે એક દિવસ ગૃહસ્થાશ્રમનો મહિમા ગાતાં ઉપદેશ આપ્યો હતો કે, “ સ્ત્રી પાસે હોય છતાં, જે પુરુષ ત્યાગ, વૈરાગ્ય, વિવેક અને વિજ્ઞાનમાં પારદર્શી નીવડે, તે પુરુષ અવશ્ય બ્રહ્મને પામે છે. જે સ્ત્રી અને પુરુષ બન્ને એકજ આત્મા સમજે છે અને તે પ્રમાણે જીવનમાં ચાલે છે, તેને બ્રહ્મ અવશ્ય પ્રાપ્ત થાય છે.” તોતાપુરીનો એ ઉપદેશ પરમહંસદેવના મનમાં ઠસેલો હતો. વળી જે તાંત્રિક સાધનામાં પોતે નિમગ્ન હતા, તેમાં ષોડશી પૂજાનો એક વિધિ છે. પરમહંસદેવે એ પૂજન–વિધિ પોતાની સ્ત્રીદ્વારાજ પૂર્ણ કર્યો હતો. મથુરબાબુએ પૂજાની સર્વ સામગ્રી સહિત એમને દક્ષિણેશ્વરથી દેશમાં રવાના કર્યા હતા; પણ એ ઘેર ન જતાં સીધા સાસરે ગયા. ત્યાં જઇને એ સીધા ઘરના ચોકમાં ગયા. શારદામણિ એ સમયે કાંઇ કામ કરી રહ્યાં હતાં. અચાનક એક અજાણ્યો પુરુષ ઘરમાં ઘૂસી આવ્યો અને પોતાની તરફ તાકી તાકીને જુએ છે, એ જોઇને એ ગભરાઇ ગયાં અને માતાને બૂમ પાડીને કહેવા લાગ્યાંઃ “મા ! મા ! જુઓ, કોઇ ગાંડો આવ્યો છે.” તેમની માતા ઓરડામાંથી બહાર આવી. પહેલાં તો એ નવા આવનાર પુરુષને ઓળખી શકી નહિ; પણ એના હૃદયમાં ધબકારા થવા લાગ્યા, એના ઉપર સ્વાભાવિક ઉમળકો આવ્યો અને એ ‘પાગલ’-ને ખોળામાં બેસાડીને રમાડું તો કેવું સારૂં, એવો ભાવ એના હૃદયમાં ઉત્પન્ન થયો. એ વિચારવા લાગ્યાંઃ “ આ પાગલ કોણ હશે ? ” આખરે જમાઇને ઓળખતાં વાર લાગી નહિ. જમાઇને ગાંડા સાધુના વેશમાં જોવો, કયી સ્ત્રી પસંદ કરે ? ચંદ્રમણિ જમાઇને જોઇને ઘણાંજ ખિન્ન થયાં અને “હાય ! મારી છોકરીના

નસીબમાં આ લખાયું હતું ?" એમ કહીને પછાડી ખાઇને નીચે પડ્યાં. શારદામણિ ચુપચાપ આ દૃશ્ય જોઈ રહ્યાં હતાં. ખરેખર પતિ પાગલ છે કે એમને આ વેશમાં જોઇને નિરાશ બની શોક કરનાર માતા 'પાગલ' છે, એ તેમના સમજવામાં આવ્યું નહિ; છતાં એટલું તો ખરૂં કે, પોતાનો પતિ એક અમૂલ્ય રત્ન છે, એ વાત શારદામણિ એજ સમયે પારખી ગયાં. પતિના વદનની કાંતિ નીરખવાની તેમને ઇચ્છા થઈ; પણ શરમ આવ્યાથી ઘૂમટો કાઢીને એ ત્યાંથી ચાલ્યાં ગયાં.

પરમહંસદેવે પોતાના આવ્યાનો ઉદ્દેશ જણાવ્યો અને વિધિપૂર્વક પૂજાની તૈયારી કરી. શારદામણિએ પૂજા કરાવવામાં કાંઈ આનાકાની કરી નહિ. પરમહંસદેવે તેમના બન્ને ચરણની ફૂલ, બીલીપત્ર આદિવડે પૂજા કરી અને જપ કરવાની માળાને સદાને માટે તિલાંજલિ આપી.

પરમહંસદેવનો અભિપ્રાય કોઇ સમજી શક્યું નહિ. એમનાં સાસુએ ક્રોધાવેશમાં તેમને અનેક કડવાં વેણ કહ્યાં. તેમાં એમનો વાંક પણ શો હતો ? માયાનો સંબંધજ એવો છે. છોકરીનાં લગ્ન પછી તેણે ઘણી વાર સાંભળ્યું હતું કે, જમાઇ ઘેલો છે અને ઘેલછામાં આવીને કદી ઠાકોરજીની પૂજા કરે છે, તો કદી પોતેજ ઠાકોરજી બની જાય છે. એને એ પણ ખબર પડી હતી કે, રામ-કૃષ્ણને હવે પહેલાંના જેવું પારકાપોતાનું ભાન નથી, સગાંવહાલાં કે આડોશીપાડોશીની મર્યાદા એ જાણતા નથી અને એમને મળતાં પૂરો આદરસત્કાર પણ કરતા નથી. એને એ પણ ખબર હતી કે, એ પૈસાને માટી ગણી ફેંકી દે છે. એણે એમ આશા રાખી હતી કે, જમાઇ કોઈ દિવસ આવશે, તો એમને શિખામણના બે બોલ કહીને ઠેકાણે આણીશ; પણ આજ તો જમાઇ આવ્યા પણ ખરા અને ધાર્યા કરતાં બે ડગલાં આગળ ગયા. આજ તો એમણે પોતાની સ્ત્રીને સ્ત્રી પણ ન ગણી, માતૃસ્થાને ઊભી રાખીને તેની પૂજા કરી. પુત્રીની એવી દુર્દશા જોઇને માતાનું હૃદય કેમ ન બળે ? જમાઇની સન્મુખ કન્યા ઊભી હતી. બન્નેની વાતચીત ચાલતી હતી; પણ બન્ને વચ્ચે પતિ-પત્નીનો સંબંધ નહોતો રહ્યો; એટલે માતાના જીવને શાંતિ કેવી રીતે વળે ?

પરમહંસદેવનાં સાસુને આ ઘટનાથી ઘણો ખેદ થયો; પણ દેવી શારદામણિના મનોભાવમાં કાંઇ પરિવર્તન થયું નહિ. સોળ

વર્ષ થયાં હતાં, છતાં એમનામાં હજુ સુધી કુમારીભાવ હતો. પતિ કોને કહે છે, એનું એમને હજુ સુધી પૂરું ભાન નહોતું; એટલે એમને આજે સારુંખોટું કાંઇ લાગ્યું નહિ. એ કાંઇ સામાન્ય સ્ત્રી નહોતાં. જેમના પતિ હજારો અનાથના નાથ, અસંખ્ય પાપોમાંથી મનુષ્યોને ઉદ્ધારીને સત્યને માર્ગે આણનાર મહાસાધુ હતા, તેમની પત્ની પામર મનુષ્યોની પેઠે ઇંદ્રિયવશ અને પાશવવૃત્તિવાળી કેવી રીતે હોઇ શકે? શાસ્ત્ર કહે છે કે, પુત્રની ખાતર સ્ત્રીપુરુષના સમાગમની જરૂર છે. માતા શારદામણિને તો હજારો સંતાન હતાં, તો પછી શા માટે માતા થવા સારૂ સંસારીઓનાં અનેક દુઃખ વેઠે?

ત્યાર પછી થોડા સમયમાં દેવી શારદામણિ પતિની પાસે જઇને રહ્યાં. તોતાપુરીજીની આજ્ઞા માનીને રામકૃષ્ણે ઐહિકપારલૌકિક બધા વિષયોનું જ્ઞાન બાળકપત્નીને આપ્યું. દેવતા, ગુરુ અને અતિથિ વગેરેની સેવા તથા ઘરકામનું શિક્ષણ તો એમને પિયેરથીજ સારી પેઠે મળ્યું હતું.

ગામડાનાં પવિત્ર નિર્મળ હવાપાણીના સેવનથી તથા સ્વતંત્રતાથી હરવાફરવા અને કામ કરવાને લીધે, અંગને પૂરતી કસરત મળવાથી એમનું શરીર સુદૃઢ અને મન નિર્મળ હતું.

પવિત્ર બાલિકાને રામકૃષ્ણના દિવ્ય સત્સંગથી અનિર્વચનીય આનંદ પ્રાપ્ત થતો હતો. દેવીજી પરમહંસદેવની સ્ત્રીભક્તો આગળ ઘણી વાર એ વિષયમાં કહેતાં હતાં કે, હૃદયની વચમાં જાણે આનંદથી ભરપૂર એક ઘડો ભર્યો હોય, એવું મને લાગતું. એ સમયે હું એજ વિચારતી કે, આ આનંદની માત્રા એટલી બધી છે કે, તે કહી શકાય એમ નથી.

થોડાક માસ પછી રામકૃષ્ણ કામારપુકુરથી કલકત્તા પાછા ગયા. એ સમયે શારદામણિએ અનુભવ કર્યો કે, હુંજ આ અપાર આનંદની એક માત્ર અધિકારિણી છું. એજ વિચારમાં એ પિયેર પાછાં ગયાં.

રામકૃષ્ણદેવે પત્નીને ચપળા ન બનાવતાં શાંત સ્વભાવની બનાવી હતી, પ્રગલ્ભ ન બનાવતાં ચિંતનશીલ બનાવી હતી, સ્વાર્થદૃષ્ટિવાળી ન બનાવતાં નિઃસ્વાર્થ પ્રેમી બનાવી હતી તથા એના અંતઃકરણમાં કરુણાનો ભાવ સંચારિત કરીને દયાની

સાક્ષાત્ મૂર્તિ બનાવી હતી. માનસિક ઉલ્લાસની અસર એમના ઉપર એટલી બધી થઇ હતી કે, શારીરિક કષ્ટને એ કષ્ટ નહોતાં સમજતાં. સગાંવહાલાં એમનો જોઇતો સત્કાર નહોતાં કરતાં, તોપણ એમને જરા પણ દુઃખ નહોતું લાગતું. આવા પ્રકારનું શિક્ષણ મેળવીને શારદામણિ પિયેર ગયાં.

એટલા ટૂંકા સમયના સહવાસમાંજ પતિ ઉપર એમને એટલો બધો પ્રેમ બંધાયો કે, એમનો દેહ પિયરમાં હોવા છતાં મન સ્વામીના ચરણમાં દક્ષિણેશ્વરમાં હતું. સ્વામીને મળવાને તથા એમની પાસે જવાને મન ચંચળ થતું, ત્યારે શારદામણિ પોતાના અલૌકિક આત્મબળ વડે એને દબાવી દેતાં.એમને ખાતરી હતી કે, મારો પ્રેમ એવો નિશ્ચળ અને દૃઢ છે કે જ્યારે કામ પડશે, ત્યારે પતિને હું મારી સમીપ બોલાવી લઇશ.

આ પ્રમાણે એમના દિવસો નિર્ગમન થવા લાગ્યા. હૃદયમાં વિશ્વાસ રાખીને, પતિને જલદી મળવાના શુભ દિનની એ રાહ જોવા લાગ્યાં. આશા અને પ્રતીક્ષાનાં મોજાં એ બાલિકાના હૃદયમાં ઊછળવા લાગ્યાં. ગામના લોકો એમના સ્વામીને "પાગલ" કહેતા હતા અને શારદામણિને ચિડાવતા હતા, કે "તારો વર તો નાગો થઇને 'હરિ' 'હરિ' કહેતો ફરે છે." સખીઓ તેમને પણ 'પાગલી' કહીને સંબોધન કરતી. દેવી શારદામણિને એ સમયે જરાક ક્ષોભ તો થતો, પણ એ મનમાંજ વિચારતાં કે, "પતિ આવી રીતે જીવન ગાળે છે, તો મારો પરમ ધર્મ એજ છે કે, એમની પાસે રહીને સેવા કરવી." એમણે દક્ષિણેશ્વર જઇને પતિની સેવા કરવાનો નિશ્ચય કર્યો.

ફાગણ માસમાં ડોળપૂર્ણિમાને દિવસે શ્રીચૈતન્યદેવના જન્મદિનના ઉત્સવમાં કલકત્તા જવા સારૂ એમનાં કેટલાંક સગા તૈયાર થયાં. શારદામણિએ પણ એમની સાથે જવાની ઇચ્છા જણાવી. એમના પિતા પોતે એમને લઇને કલકત્તા ગયા. જયરામવાટીથી કલકત્તા સુધી આગગાડી નહોતી; એટલે પગે ચાલીનેજ એમને યાત્રા કરવી પડી. બે દિવસ તો ડાંગરની સુંદર ક્યારીઓ નિહાળતાં એ લોકોએ આનંદમાં પ્રવાસ કર્યો, પણ ત્રીજે દિવસે રસ્તાના થાકથી શારદામણિદેવીને તાવ ભરાયો. એમના પિતાને એથી ઘણી ચિંતા થઇ. તાવની દશામાં પુત્રીને સાથે લઇને યાત્રા કરવી, એ સલાહ ભરેલું નહિ હોવાથી, એ એક 'મઢી'માં વિશ્રામ

કરવા લાગ્યા; પરંતુ પતિને મળવાનો શારદામણિને એટલો બધો ઉમંગ હતો કે, એમનો તાવ થોડા સમયમાંજ ઊતરી ગયો. પ્રાતઃકાળે ઊઠીને એમના પિતાએ જોયું કે, પુત્રીને તાવ નથી. રસ્તામાં પડ્યા રહેવા કરતાં આગળ વધવું, એજ એમને યોગ્ય લાગ્યું. પુત્રીએ પણ સંમતિ આપી. થોડે દૂર જતાં એક ડોળી પણ મળી ગઇ. શારદામણિને પાછો તાવ ભરાયો, પણ આ વખતે એમણે પિતાને જણાવ્યું નહિ. રાતે નવ વાગે તેઓ દક્ષિણેશ્વરમાં પહોંચી ગયાં. શારદામણિને આ પ્રકારે રોગગ્રસ્ત જોઇને રામકૃષ્ણ પરમહંસદેવને જરા ચિંતા થઈ.

ટાઢ ચઢીને તાવ આવશે, એમ ધારીને રામકૃષ્ણે પત્નીને પોતાનાજ ઓરડામાં એક જુદી પથારી ઉપર સુવાડી અને દુઃખપૂર્વક વારંવાર કહેવા લાગ્યાઃ “ તું આટલા બધા દિવસ પછી આવી? હવે મારા મથુરબાબુ થોડા છે કે, તારી માવજત કરશે ? ” દવા વગેરેની સારી ગોઠવણ થયાથી ત્રણચાર દિવસમાં શ્રીમાતા ઠાકુરાણી શારદામણિની તબિયત સારી થઇ ગઇ.

એ ત્રણચાર દિવસ સુધી રામકૃષ્ણે એમને પોતાનાજ ઓરડામાં રાખ્યાં હતાં. પોતેજ એમની સારવાર કરી હતી. પત્નીના સાજા થયા પછી, તેમને સાસુની પાસે સૂવાની ગોઠવણ કરી આપી. શારદામણિની ખાતરી થઇ કે રામકૃષ્ણ જેવા પહેલાં હતા, તેવાજ હજુ પણ છે અને પોતાના પ્રત્યે હજી પણ એમનો એવો ને એવોજ પ્રેમ કાયમ છે. હવે એ તનમનથી પરમહંસદેવ તથા એમનાં માતાની સેવા કરવા લાગ્યાં. શારદામાણનાં માતપિતા થોડા દિવસ પછી પાછાં ઘેર આવ્યાં.

રામકૃષ્ણદેવ હવે શારદામણિને કર્તવ્યનું શિક્ષણ આપવા લાગ્યા. ફુરસદ મળતી, ત્યારે એ પત્નીને માનવજીવનના ઉદ્દેશ તથા કર્તવ્ય સંબંધી જ્ઞાન આપતા હતા. એ સમયમાં એક દિવસ એમણે પત્નીને કહ્યું હતું કે, “ ચાંદામામા જેવી રીતે બધા બાળકોના મામા છે, તેવીજ રીતે ઇશ્વર બધાના પિતા છે. તેને પોકારવાનો બધાને અધિકાર છે. જે કોઇ એને પોકારશે, તેનેજ એ દર્શન આપશે. તું એને પોકારીશ, તો એ તને પણ દર્શન દેશે.”

રામકૃષ્ણદેવ શિષ્યને કેવળ ઉપદેશ દઇનેજ બેસી રહેતા નહિ. એ શિષ્યને સદા પોતાની પાસે રાખતા અને એને પોતાના જેવો બનાવી દેતા હતા. એ એના ઉપર સખ્ત દેખરેખ રાખતા અને

એની ભૂલોને સુધારતા. શારદામણિના સંબંધમાં પણ એમણે એજ પદ્ધતિ ગ્રહણ કરી. સાધારણ બાબતો પણ એમના ધ્યાન બહાર નહોતી રહેતી. દાખલા તરીકે એમણે પત્નીને શીખવ્યું હતું કે, ગાડીમાં કે નૌકામાં બેસતી વખતે સૌથી પહેલાં ચડવું જોઇએ અને ઊતરતી વખતે બધી વસ્તુઓને સંભાળી લઇને પછી ઊતરવું જોઇએ.

એક દિવસ શારદામણિએ સ્વામીના પગ ચાંપતાં ચાંપતાં પૂછ્યું કે, " મને તમે કોણ સમજો છો ? " રામકૃષ્ણે ઉત્તર આપ્યો હતો કે, " જે માતા મંદિરમાં છે, એમણેજ પ્રાણીમાત્રને જન્મ આપ્યો છે અને એજ માતા મારા પગની ચંપી કરી રહ્યાં છે. સાક્ષાત્ આનંદમયીના રૂપમાં હું તને સર્વદા જોઉં છું. " રામકૃષ્ણ કેવળ શારદામણિનેજ નહિ, પણ બધી સ્ત્રીજાતિને–કુલટા સ્ત્રીઓને સુધ્ધાંત વિશ્વજનનીરૂપે જોતા હતા.

બૃહદારણ્યક ઉપનિષદ્કાર ઋષિ યાજ્ઞવલ્કય મૈત્રેયીસંવાદમાં લખે છે કે, " પતિની અંદર આત્મસ્વરૂપ ભગવાન નિવાસ કરે છે; એટલા માટેજ સ્ત્રી પતિ ઉપર પ્રેમ દાખવે છે. સ્ત્રીની અંદર જે ભગવાન વસેલા છે, તેથીજ પતિ સ્ત્રીના પ્રત્યે આકર્ષાય છે. "

એ સમયે રામકૃષ્ણ અને શારદામણિદેવી એકજ શય્યા ઉપર રાત્રી ગાળતાં હતાં. દેહ–બોધ રહિત રામકૃષ્ણની લગભગ આખી રાત સમાધિમાં વીતતી હતી. એ વખતનો પોતાનો બધો અનુભવ સંભળાવતાં રામકૃષ્ણદેવ કહેતા હતા કે, " જો એ વખતે શારદામણિદેવી પણ સંપૂર્ણ રીતે કામના રહિત ન હોત, તો પોતે દેહભાવશૂન્યતા સાધી શકત કે નહિ, તે શક ભરેલું છે." પૃથ્વીમાં અનેક કાર્યક્ષેત્રમાં પ્રસિદ્ધ પુરુષો સાથે એમની પત્નીઓનો સંબંધ રહ્યો છે. કેટલીએ સ્ત્રીઓએ પતિને ભવસંસારની વિટંબણામાંથી પાર ઉતાર્યા છે. કેટલીએ સ્ત્રીઓએ પતિની નિરાશાના સમયમાં નવીન ઉત્સાહ રેડ્યો છે. રામકૃષ્ણદેવના જીવનમાં પણ શારદામણિની સહાયતા ન હોત, તો તેઓ સાધનાની ઉચ્ચ સીડીએ ન પહોંચી શકત.

એક વર્ષ પછી જ્યારે રામકૃષ્ણદેવને એક ક્ષણભરને માટે પણ દેહબુદ્ધિ ઉત્પન્ન ન થઇ તથા જ્યારે શારદામણિને પણ એમણે જગન્માતા અને સાક્ષાત્ દેવી સિવાય બીજા કોઇ રૂપમાં ન જોયાં,

ત્યારે એ સમજ્યા કે, પોતે પરીક્ષામાંથી પાર ઊતર્યા છે. એ સમયે એમણે ષોડશી પૂજાની તૈયારી કરી અને શારદામણિનું વિધિપૂર્વક પૂજન કર્યું. પૂજા સમાપ્ત થવાનો સમય આવ્યો, ત્યારે શારદામણિ બાહ્યજ્ઞાન રહિત અને સમાધિસ્થ હતાં.

આટલી સ્થિતિએ પહોંચ્યા છતાં, પણ દેવીમાં અહંકાર નહોતો.

ષોડશી પૂજા પછી લગભગ પાંચ છ માસ સુધી શારદામણિ દક્ષિણેશ્વરમાં રહ્યાં હતાં. એ સદા પોતાને હાથે રાંધીને રામકૃષ્ણ, એમનાં માતા તથા અન્ય અભ્યાગતોને જમાડતાં હતાં. રામકૃષ્ણદેવ સર્વ પ્રકારનું ભોજન ખાઇ શકતા નહિ, એટલા માટે એમને સારૂ જુદી રસોઇ કરતાં. એ વખતે રામકૃષ્ણદેવ રાતદિવસ સમાધિમાં રહેતા અને કોઇ કોઇ વખત તો એમના દેહમાં મડદાનાં બધાં લક્ષણ દીઠામાં આવતાં. એવે સમયે શારદામણિ રાતદિવસ ચિંતાતુર રહેતાં. એમને રાત્રે નિદ્રા પણ આવતી નહિ. એમની નિદ્રામાં ભંગ પડતો જોઇને, રામકૃષ્ણે પોતાનો સૂવાનો પ્રબંધ માતાના ઓરડામાં કર્યો. એ પ્રમાણે એક વર્ષ ને ચાર માસ દક્ષિણેશ્વરમાં રહીને શારદામણિદેવી બંગાળી સંવત ૧૨૮૦ ના કાર્તિક માસમાં કામારપુકુર પાછાં ગયાં.

એ સમયની વાતનું સ્મરણ કરતાં શારદામણિદેવી ભક્તસ્ત્રીઓને કહેતાં કે, “ એ કેવા દિવ્યભાવથી રહેતા હતા, તે કહીને સમજાવી શકાય એમ નથી. પોતે કદી ચિંતા કરતા હતા તો કદી હસતા હતા; કદી રોતા હતા અને કદી સમાધિસ્થ થઇ જતા હતા. એ પ્રકારે એમની આખી રાત વીતતી હતી. એવો આવેશ હતો કે જોતાંવારજ શરીર કંપવા લાગતું હતું અને હું એજ વિચાર કરતી હતી કે, પ્રાતઃકાળ ક્યારે થશે. સમાધિની બાબતમાં તો હું કાંઇ સમજતી નહોતી. એક દિવસ સમાધિ ન છૂટ્યાથી હું રોવા લાગી. એમના કાનમાં કોઇએ નામસ્મરણ કર્યું, ત્યારે એમને ભાન આવ્યું. એવી રીતે મને ભયભીત થયેલી જોઇને એમણે કહ્યું હતું કે, ‘ મારી એવી દશા થાય, ત્યારે મારા કાનમાં અમુક નામનો જપ સંભળાવવો.’ ત્યાર પછી હું એમની એવી દશા જોઇને બીતી નથી. ”

શારદામણિદેવી કહેતાં કે, “ દીવો કેવી રીતે સળગતો રાખવો, ઘરનાં માણસો કેવાં છે અને તેમની સાથે કેવી વર્તણુંક ચલાવવી

જોઇએ, બીજાના ઘરમાં કેવી રીતે રહેવું જોઇએ, વગેરે સંસારની બારીક વિગતોથી માંડીને તે ભજન, કીર્તન, ધ્યાન, સમાધિ અને બ્રહ્મજ્ઞાન આદિનું શિક્ષણ એમને પરમહંસદેવ તરફથી મળ્યું હતું." કલકત્તા આદિ અનેક સ્થળેથી સારા ઘરની સ્ત્રીઓ દક્ષિણેશ્વરમાં રામકૃષ્ણદેવનાં દર્શન કરવા સારૂ આવતી. એમને પણ શારદામણિ રસોઇ કરીને જમાડતાં. કોઇ કોઇ વાર તો વિધવા સ્ત્રીઓને માટે ગંગાજળ લાવીને રાંધવું પડતું હતું.

એક વાર રામકૃષ્ણ પનિહારીનો મહોત્સવ જોવા જવાના હતા. એક સ્ત્રીભક્તદ્વારા એમણે પત્નીને પુછાવ્યું કે, "તમે સાથે આવશો કે નહિ?" શારદામણિએ વિચારીને ઉત્તર આપ્યો કે, "ઘણા લોકો સાથે જઇ રહ્યા છે, ત્યાં ઘણી ભીડ થશે, એટલી બધી ભીડમાં નૌકામાંથી ઊતરીને ઉત્સવનાં દર્શન કરવા જવું, એ મારે માટે અસંભવિત છે, માટે હું તો નહિ આવું." એમણે ન જવાનો સંકલ્પ કર્યો. એ વાતનો ઉલ્લેખ કરીને રામકૃષ્ણદેવે એક વાર કહ્યું હતું કે, "આટલી ભીડ છે. તેમાં વળી મને સમાધિસ્થ દશામાં જોવાને સારૂ ઘણાં માણસો આતુર થઈ રહ્યાં છે. એમણે (શારદામણિએ) સાથે ન આવવામાં વાજબીજ કર્યું છે. એ સાથે હોત, તો લોકો કોણ જાણે શુંએ કહેત? એ અત્યંત બુદ્ધિમતી છે." શારદામણિની બુદ્ધિ તથા નિર્લોભિતાની બાબતમાં નીચેનો પ્રસંગ ઘણો પ્રકાશ પાડે છે. પરમહંસદેવ કહે છે કે, "મારવાડી ભક્ત લક્ષ્મીનારાયણ જ્યારે દસ હજાર રૂપિયા દેવા આવ્યા, ત્યારે મારૂં માથું ભમ્યું. મેં મા (શારદામણિ)ને કહ્યું: 'મા! આટલા બધા દિવસો પછી આજે આ લાલચ બતાવવા આવ્યો છે.' ત્યાર પછી એના મનની પરીક્ષા કરવા સારૂ મેં કહ્યું: 'સાંભળે છે ને, એ રૂપિયા આપવા આવ્યો છે. હું નથી લેતો એટલે તને આપી રહ્યો છે, તું લેતી કેમ નથી, ચૂપ કેમ બેસી રહી છે?' એ સાંભળીને એણે કહ્યું: 'એવું કેમ બને? એ રૂપિયા લેવાયજ નહિ. જો હું લઉં, તોપણ એ તમારાજ રૂપિયા કહેવાય; કેમકે એ રૂપિયાનો લઇને હું તમારીજ સેવામાં વાપરીશ અને તેથી એ તમેજ ગ્રહણ કર્યા એમ કહેવાશે. તમારા ત્યાગને લીધે લોકો તમારી પ્રતિષ્ઠા કરે છે. માટે હું એ રૂપિયા લઇને તમારી પ્રતિષ્ઠાને કદી પણ ઝાંખી નહિ પડવા દઉં.'" એ સાંભળી પરમહંસદેવ ચૂપ થઇ ગયા.

જે સન્નારીને ગરીબાઇને લીધે પગે ચાલીને અનેક વિપત્તિઓ વેઠીને દક્ષિણેશ્વર સુધી આવવું પડતું, તેની નિસ્પૃહતાનું આ જ્વલંત ઉદાહરણ છે.

શારદામણિદેવી બંગાળી–હિંદુ કુળવધૂ હોવાથી ઘણાંજ શરમાળ હતાં. દક્ષિણેશ્વરમાં ઘણા દિવસ સ્વામીની પાસે રહ્યાં. અતિથિઅભ્યાગતની સેવાનો ભાર એમનેજ માથે હતો; છતાં ઘણા થોડા લોકોએ એમને દીઠાં હશે. રાતના ત્રણ વાગે બીજા લોકોના ઊઠતાં પહેલાં ઊઠીને પ્રાતઃક્રિયા અને સ્નાન વગેરેથી પરવારીને એ ઘરમાં ઘૂસતાં, તે બહાર નીકળતાંજ નહિ. બધાનાં ઊઠતાં પહેલાંજ એ પૂજાપાઠ પણ સમાપ્ત કરતાં હતાં. નાહવાને સારૂ પણ દીવો લઇને જતાં. એવો સ્વભાવ તથા અભ્યાસ હોવાને લીધે પતિને કંઠરોગ લાગુ પડ્યો, ત્યારે એ સાથે ગયાં હતાં અને ઘણીજ કાળજીથી ધૈર્યપૂર્વક રાતદિવસ સ્વામીની સેવા કરી હતી. પાછલી રાતના ત્રણ વાગ્યાથી તે રાતના અગિયાર સુધી એ પતિની સેવા ઊભે પગે કરતાં.

પૈસાના અભાવે શારદામણિ જયરામવાટી અને કામારપુકુરથી દક્ષિણેશ્વર સુધી પગે ચાલીને જતાં હતાં. એ રસ્તામાં ચારપાંચ કોસ સુધી ‘તેલો મેલો’ અને ‘કેકલા’ નામના બે મઠ આવતા. એ બે મઠોમાં એ સમયે નરહત્યા થતી. એ રસ્તામાં હજુ પણ એક ભીષણકાલીની મૂર્તિ દીઠામાં આવે છે. એજ કાલીનું પૂજન કરીને લૂંટારાઓ નરહત્યા વગેરે ભીષણ કાર્ય કરતા હતા. એમના ભયને લીધે માણસો પૂરતા સંગાથ વગર એ મઠ આગળ થઇને જવા ન પામતા.

એક વાર શારદામણિદેવી કેટલાક લોકોની સાથે કામારપુકુરથી દક્ષિણેશ્વર જઇ રહ્યાં હતાં. આરામબાગમાં પહોંચ્યાં ત્યારે ‘તેલો મેલો’ અને ‘કેકલા’ પાર કરવાનો પૂરતો સમય હતો, એટલે લોકો આરામબાગમાં વિસામો ખાવાને આનાકાની કરવા લાગ્યા. ઘણો થાક લાગેલો હોવા છતાં, પણ શારદામણિએ ચાલવાનું કબૂલ કર્યું. એ સદા બધાની આગળ રહેતાં અને એમના સાથીઓ પાછળ રહી જાય, ત્યારે થોભી જતાં.

આખરે એમના સાથીઓએ કહ્યું કે, “આપણે આ પ્રમાણે ચાલ્યાથી એક પહોર રાત સુધીમાં પણ એ ભીષણ મઠવાળા રસ્તાની પેલીપાર નહિ જઈ શકીએ.” શારદામણિએ કહ્યું:

"આપણે તારકેશ્વરમાંજ વિશ્રામ કરીશું. તમે જલદી ચાલો." સાથીઓ પણ સમય નહિ હોવાથી ઝટ ઝટ ચાલવા લાગ્યા. શારદામણિ પણ ઉતાવળે પગે ચાલવા લાગ્યાં; પણ એ ભયંકર રસ્તા આગળ પહોંચતાં પહોંચતાં સાંજ પડી ગઈ અને એમના સાથીઓ બહુ આગળ નીકળી ગયા હતા. શારદામણિ ઊભાં રહીને વિચારવા લાગ્યાં કે, "હવે શું કરવું જોઇએ?" એટલામાંજ ભયંકર કાળા રંગનો એક ઊંચો માણસ લાઠી લઇને ત્યાં આવી પહોંચ્યો. એવું જણાતું હતું કે, એની પાછળ બીજું પણ કોઇ આવી રહ્યું છે. નાસવાની આશા છોડી દઇને શારદામણિ સાહસપૂર્વક ત્યાંજ ઊભાં રહ્યાં. પેલા પુરુષે ત્યાં આવીને પૂછ્યું: "તું કોણ છે? અને આવે સમયે એકલી અહીં કેમ ઊભી છે?" શારદામણિએ કહ્યું: "બાપુ! મારા સાથીઓ મને મૂકીને આગળ ચાલ્યા ગયા છે અને હું કદાચ રસ્તો ભૂલી ગઇ છું. તમે કૃપા કરીને મને મારા સાથીઓની પાસે પહોંચાડી દો. તમારા જમાઇ દક્ષિણેશ્વરમાં રાણી રાસમણિના કાળીમંદિરમાં રહે છે, એમની પાસે હું જઉં છું. તમે મને ત્યાં પહોંચાડી દેશો, તો એ તમારો ઘણો આદરસત્કાર કરશે." એ વાતચીત ચાલી રહી હતી, એટલામાં પેલો બીજો માણસ પણ આવી પહોંચ્યો. શારદામણિએ જોયું કે, એ પુરુષ નહિ પણ પેલા લૂંટારાની સ્ત્રી હતી. એને જોઇને પ્રસન્ન થઇને શારદામણિએ કહ્યું: "બા! હું તમારી દીકરી છું. સાથીઓએ મને છોડી દીધી હતી એટલે હું સંકટમાં પડી હતી, સારે નસીબે તમે અને બાપુ મને મળી ગયાં, નહિ તો મારે ભટકવું પડત."

શારદામણિની આવી સરળ તથા મીઠી વાતચીતથી લૂંટારાઓનાં હૃદય પણ પીગળ્યાં. એમણે શારદામણિને આગળ જવા ન દેતાં પાસેના ગામમાં એક વાણિયાની દુકાનમાં ઉતાર્યાં. પેલી સ્ત્રીએ પોતાનું વસ્ત્ર પાથરીને શારદામણિને સારૂ પથારી કરી અને લૂંટારો એમને ખાવા સારૂ ચણા વગેરે લઇ આવ્યો. એ પ્રમાણે એમણે આખી રાત માતપિતાની પેઠે એમનું રક્ષણ કર્યું. લૂંટારાની સ્ત્રીએ પોતાના પતિને કહ્યું, "મારી છોકરીએ કાલે કાંઇ ખાધું નથી. તારકેશ્વરની પૂજા કરીને એને સારૂ મીઠાઇ વગેરે સારૂં ભોજન લેતા આવજો."

લૂંટારો ભોજન લેવા ગયો; એટલામાં એમના સાથીઓ

શોધતા શોધતા ત્યાં આવી પહોંચ્યા અને એમને કુશળ જોઇને આનંદ પ્રગટ કરવા લાગ્યા. શારદામણિએ પોતાના પ્રાણુરક્ષક લૂંટારા અને એની પત્નીનો ઘણોજ આભાર માન્યો.

* * * *

બંગ સવંત ૧૨૯૩ ની ૩૧ મી શ્રાવણે પરમહંસદેવે દેહત્યાગ કર્યો. સ્વામીના મરણુ પછી શારદામણિદેવીએ વિધવાવેશ કદી ધારણુ નહોતો કર્યો. કહેવાય છે કે, શ્રીપરમહંસદેવના સ્વર્ગવાસ સમયે એ હાથમાંથી 'વાળા' (ચૂડી) કાઢવા લાગ્યાં હતાં, પણ એજ સમયે શ્રીપરમહંસદેવની મૂર્તિ એમની આંખ આગળ ખડી થઈ ગઇ અને એમનો હાથ પકડીને કહેવા લાગીઃ "શું હું મરી ગયો છું કે તું સૌભાગ્યનાં ચિહ્ન કાઢી રહી છે?" ત્યાર પછી એ કદી પણ ખાલી હાથે નથી રહ્યાં. તેઓ લાલ સાડી પહેરતાં અને હાથમાં સૌભાગ્યસૂચક વાળો ધારણુ કરતાં.

આત્માના અમરત્વમાં આ પ્રમાણે વિશ્વાસ હોય, તો કોઇને કદી પણ દુઃખ કે દુર્ગતિ ભોગવવાં પડતાં નથી.

સ્વામીના દિવ્યધામ પધાર્યા પછી ૩૪ વર્ષ સુધી શારદામણિદેવી જીવતાં રહ્યાં અને ૬૭ વર્ષની વયે બંગ સંવત ૧૩૨૭ ના શ્રાવણની ચતુર્થીએ દેહત્યાગ કર્યો. પતિના મૃત્યુ પછી એમના શિષ્યોનાં એ મુખ્ય સલાહકાર બન્યાં હતાં. શ્રીરામકૃષ્ણદેવના શિષ્યોએ સ્થાપેલી અનેક શુભ સંસ્થાઓમાં એ ભાગ લેતાં હતાં.

શારદામણિના અવસાન પછી ઉદ્બોધનાદિ માસિકપત્રોમાં એમના વ્રત, સંયમ, ત્યાગ, ધર્મનિષ્ઠા, સરળતા, નિરભિમાનતા, સહનશીલતા, દયા, ક્ષમા આદિ ગુણોની પ્રશંસા થઈ હતી. એમના સ્વામી તથા ભક્તો એમને 'મા' કહીનેજ બોલાવતા હતા અને હજુ પણ એજ નામથી એમનું સ્મરણ કરવામાં આવે છે.*

---

* શ્રી. રામાનંદ ચેટરજીના એક લેખના "ચાંદ" માસિકમાં પ્રગટ થયેલા હિંદી અનુવાદ તથા સેવક શ્રીરામચંદ્ર પ્રણીત રામકૃષ્ણ પરમહંસદેવના જીવનવૃત્તાંત ઉપરથી આ ચરિત્ર લખવામાં આવ્યું છે. —પ્રયોજક

१३४-मनोमोहन मित्रनी जननी

રામકૃષ્ણ પરમહંસદેવનાં અનેક સ્ત્રીભક્તોમાં એ મુખ્ય હતાં. પરમહંસદેવ એમને સૌથી ઉચ્ચ શ્રેણીની મહિલા ગણતા. શ્રીરામકૃષ્ણદેવનું જીવનચરિત્ર લખનાર સાધક શ્રીરામચંદ્ર એમના સંબંધમાં લખે છે કે, “ તેઓ જેટલા દિવસ સધવા હતાં, તેટલા દિવસ એમના જેવી પતિપરાયણા સ્ત્રી આ ઓગણીસમી સદીમાં મળવી અતિ દુર્લભ હતી. વૈધવ્યદશામાં આવી પડયા પછી જેટલા દિવસ જીવતાં રહ્યાં, તેટલા દિવસ તેમણે ગાંડી સ્ત્રીની પેઠે જીવન ગાળ્યું હતું. ડાબા હાથમાં લોહ અને લલાટમાં સિંદૂર, એ બે વસ્તુઓનો ત્યાગ કર્યો ઉપરાંત વૈધવ્યનું બીજું કોઇ લક્ષણ એમના દેહ ઉપર દીઠામાં આવતું નહિ; અર્થાત્ એ લાલ રંગની સાડી અને સુવર્ણની બંગડીઓ ધારણ કરતાં. આહારમાં સંપૂર્ણ સંન્યાસિનીનો ભાવ હતો. હિંદુ વિધવા હોવા છતાં પણ રંગીન વસ્ત્ર અને સુવર્ણની બંગડી ધારણ કરવા માટે અનેક લોકો એમની નિંદા કરતા; પણ એ એમની ટીકા ઉપર જરા પણ ધ્યાન આપતાં નહિ.” એક દિવસ પરમહંસદેવ સમક્ષ બીજી અનેક સ્ત્રીઓ બેઠેલી હતી. એ પ્રસંગે સ્ત્રીઓના ધર્મ અને કર્મ સંબંધી વાત નીકળી. પરમહંસદેવે કહ્યું કે, “ સ્ત્રીઓને પતિ એજ એકમાત્ર ધર્મ છે, એજ શાસ્ત્રોનો અભિપ્રાય છે. પતિમાં શાંત, દાસ્યાદિ બધા રસ છે. પતિ જીવતો હોય કે મરી ગયો હોય, તોપણ એજ ભાવ સ્ત્રીના મનમાં રહેવો જોઇએ. ઘણી સ્ત્રીઓ પતિના જીવન પછી શ્રીકૃષ્ણને પતિ ગણે છે.” ત્યાર પછી એમણે એક વાત કહી કે, “ એક રાણી સુવર્ણાલંકાર ધારણ કરતી નહોતી અને સધવાનો ભાવ ધારણ કરવા સારૂ કેવળ લાલ લાખની ચૂડી પહેરતી. નિંદાખોર જીભડીઓ ગમે તેમ બોલતી, પણ એને કાંઇ પરવા

નહોતી અને તે પોતાના વિચાર વિરુદ્ધ અમલ કરતી નહિ. દૈવસંયોગે રાજાનું મૃત્યુ થયું. રાણીએ તરત પોતાની ચૂડી ભંગાવીને સોનાની બંગડી ધારણ કરી. લોકોને નવાઇ લાગી. એક દિવસ પાડોશણે એને એવું કરવાનો ખુલાસો પૂછ્યો, ત્યારે એણે જણાવ્યું કે, “આટલા દિવસ મારા પતિ નશ્વર હતા માટે નશ્વર પદાર્થને ચિહ્નરૂપે ધારણ કર્યું હતું, હવે મારા પતિ અક્ષય, અમર અને અજર થયા છે, એટલા સારૂ અક્ષય સોનાની બંગડી ધારણ કરી છે.” પરમહંસદેવે સ્ત્રીઓને કહ્યું: “મનોમોહન મિત્રનાં માતુશ્રી સુવર્ણવલય ધારણ કરે છે, તે આવાજ હેતુથી છે. તેમનો અંદરનો ભાવ ઘણો ઉચ્ચ અને સુંદર છે. લોકોની ટીકાની ખાતર શું એ ભાવ બદલાઇ શકે? જે એમનો એ ભાવ બદલી શકે, તેના હૃદયમાં એવો ઉચ્ચ ભાવ કદી ઉત્પન્નજ નથી થયો, એમ કહેવું પડશે.” મનોમોહન બાબુની માતાના ઉચ્ચ ભાવ સંબંધી એક બીજું પણ દૃષ્ટાંત છે. તેમના ત્રીજા જમાઇ પરમહંસદેવના ઉપાસક થયા, એટલે મહોલ્લામાંની સ્ત્રીઓ આક્ષેપ કરવા લાગી કે, “હાય બિચારી! છોકરીનું જીવતર બગાડ્યું.” પણ એ કહેતાં કે, “મારૂં એવું સૌભાગ્ય ક્યાંથી કે મારા જમાઇ સંન્યાસી થઇને સાધુસેવામાં પોતાનું જીવન સમર્પણ કરે?”



१३५–महाराजा चंद्रशमशेरनी पत्नी

ભારતવર્ષમાં જે બે રાજ્યો હજુ સુધી સ્વતંત્રતાનું ગૌરવમય ઉજ્જવલ તિલક લલાટમાં ધારણ કરી રહ્યાં છે, તેમાંનું એક નેપાળનું હિંદુ રાજ્ય છે. હિમાલયના ખોળામાં આવેલો એ વિસ્તીર્ણ પ્રદેશ, પ્રકૃતિનો રમણીય બગીચો છે. વિવિધ નૈસર્ગિક શોભા અને સંપત્તિર્થી તે દીપી રહ્યો છે. તેની ઉત્તરમાં સદા બરફથી ઢંકાયલા પર્વતરાજ હિમાલયની શિખરમાલા છે અને ચરણમાં જંગલી પશુઓથી ઊભરાતું ઘોર અરણ્ય છે. હિમાલય મનુષ્યોને માટે અગમ્ય છે. પુરાણોમાં તેને દેવતાઓના નિવાસરૂપે વર્ણવ્યો છે. વિધાતાએ નેપાળ રાજ્યને દુર્ભેદ્ય કિલ્લાદ્વારા સંરક્ષિત કર્યું છે. તેને લીધેજ નેપાળ આજ પણ સ્વતંત્ર છે. જગતવાસીની વાત તો દૂર રહી, પરંતુ આ દેશના લોકોમાંથી પણ ઘણાખરાને એ દેશ અજાણ્યો છે. એ રાજ્ય ઘણું વિચિત્ર છે. તેનો પ્રાચીન ઇતિહાસ અપૂર્વ નવલકથા જેવો રસમય છે. એ રાજ્યમાં ભારતવર્ષની પ્રાચીન કીર્તિ અને પ્રાચીન ઇતિહાસનાં અનેક અવશેષો સચવાઇ રહેલાં જોવામાં આવે છે. મુસલમાનોના રાજ્યકાળમાં કેટલાએ ધર્મનિષ્ઠ હિંદુઓએ અત્યાચારમાંથી બચવાની ખાતર નેપાળ રાજ્યમાં આશ્રય લીધો હતો. ભારતવર્ષ બૌદ્ધ અને હિંદુ ધર્મનું જન્મસ્થાન છે; એ બન્ને ધર્મોએ નેપાળ રાજ્યમાં આશ્રય મેળવ્યો છે.

એ વિસ્તીર્ણ રાજ્યનું ભાગ્યચક્ર તેના મુખ્ય મંત્રીદ્વારા ચાલે છે. એક સમયે મરાઠાઓના પ્રધાન મંત્રી પેશ્વા, જેવા પ્રકારની સત્તા ધરાવતા હતા, તેવીજ સત્તા અને તેવીજ પ્રતિષ્ઠા વર્તમાન સમયમાં નેપાળ રાજ્યમાં ત્યાંના મંત્રી ધરાવે છે. રાજમંત્રી ચંદ્રશમશેર જંગ રાણા બહાદુર વર્તમાન સમયમાં નેપાળનું

ભાગ્યચક્ર ચલાવી રહ્યા છે. એ પદનું ગૌરવ તેમજ જવાબદારી ઘણાં મોટાં છે. રાજમંત્રી ચંદ્રશમશેર જંગ ખરેખર એક ભાગ્યશાળી મનુષ્ય છે; કારણકે રાજવૈભવ ભોગવવા ઉપરાંત અપૂર્વ ગૃહસુખ પણ તેમના ભાગ્યમાં લખાયું હતું. વિધાતાએ અત્યંત ગુણવતી લક્ષ્મી જેવી ભાગ્યવતી પત્ની આપીને તેમના જીવનને કૃતાર્થ કર્યું હતું. જો કે એ સુખ તેઓ ઘણા થોડા સમયમાં ગુમાવી બેઠા છે, તોપણ જેટલા સમય સુધી એ સુખ તેમના ભાગ્યમાં રહ્યું હતું, તેટલો સમય તેમને મનથી સ્વર્ગસુખ કરતાં પણ અધિક આનંદમાં ગયો હતો, એમાં સંશય નથી.

વિક્ટોરિયાના દાંપત્યજીવનનું વર્ણન કરતાં એક લેખક કહે છે કે, " એવી સદ્ગુણસંપન્ન પત્ની કોઇ દીનદરિદ્રને મળી હોત, તો તે પણ ભાગ્યશાળી ગણાત. વિક્ટોરિયાપતિ આલબર્ટ કેવા ભાગ્યશાળી પુરુષ કે, એવું પત્નીરત્ન પ્રાપ્ત કર્યું ! " અમે મહારાજા ચદ્રંશમશેર જંગની ગુણવતી પત્નીના સંબંધમાં પણ એજ વાત કહી શકીએ એમ છીએ. એમના જેવી પતિવ્રતા સાધ્વી પત્ની દરિદ્રની કુટીરમાં પણ અતુલનીય શોભા પ્રસરાવી રહે, તો પછી રાજકુટુંબમાં તેમના જેવાં સન્નારીરત્નથી કેટલો બધો પ્રકાશ થઇ રહે તેનું તો પૂછવુંજ શું ?

તેમના પતિ મહારાજ ચંદ્રશમશેર રાણા બહાદુર, સુવિખ્યાત જંગ રાણા બહાદુરના ભત્રીજા અને ટિબેટયુદ્ધના પ્રસિદ્ધ વીર શમશેરના પુત્ર થાય. વર્તમાન સમયમાં એમનું કુટુંબ નેપાળમાં સૌથી ઊંચો દરજ્જો ભોગવે છે. અમે જે સન્નારીનું ચરિત્ર અત્રે લખવા માગીએ છીએ, તે મહારાજ શમશેર રાણા બહાદુરનાં એકનાં એક પત્ની હતાં. નેપાળમાં ઘણી સ્ત્રીઓ પરણવાનો રિવાજ ચાલે છે; પણ અમે ભૂલતા ન હોઇએ, તો મહારાજ શમશેર રાણા બહાદુર પોતાના કુટુંબમાંથી એકલાજ એવા પુરુષ છે કે જેમણે એ પ્રથાનું ઉલ્લંઘન કર્યું હોય. તેમની ગુણવતી પત્નીએ તેમના હૃદયરાજ્ય ઉપર સંપૂર્ણ અધિકાર મેળવ્યો હતો. આખા નેપાળમાં સૌથી વધારે ભાગ્યવતી રમણી તરીકે તેમની મુલાકાત લેતાં એક બંગાળી સન્નારીને તેમણે કહ્યું હતું કે, " હું આખા નેપાળ રાજ્યમાં સૌથી વધારે ભાગ્યશાળી રમણી છું, એમાં સંદેહ નથી; કારણકે વિધાતાએ મને ફક્ત આવા સુપ્રસિદ્ધ પતિ આપ્યા છે, એટલુંજ નહિ પણ હું મારા

પતિની એકની એક રાણી છું. એ સૌભાગ્ય મારી બીજી સ્વદેશી બહેનોને નથી. કન્યા કરતાં પુત્રનોજ આ દેશમાં વધારે આદર છે. વિધાતાએ મને પાંચ પુત્ર અને એક કન્યા આપી છે. શોકસંતાપ મને બિલકુલ નથી. દેહ નબળો પડી ગયો છે, એ વાત ખરી; પરંતુ સપૂર્ણ સુખ પરમેશ્વરે મનુષ્યના ભાગ્યમાં લખ્યું નથી. હું આટલાથીજ અત્યંત સુખી છું." કેવી સુંદર વાત ! કેવો સંતોષ !

આ ભાગ્યવતી નારીનો જન્મ કાઠમૂંડુ શહેરથી ૧૫૦ ગાઉ દૂર, પુટાન નામક સ્થાનમાં ઇ૦ સ૦ ૧૮૬૭ ના માર્ચ માસની ૧૦ મી તારીખે, રવિવારે થયો હતો. એ ઘણા સારા કુટુંબમાં જન્મેલાં હતાં. બાલ્યાવસ્થામાંજ તેમનું લગ્ન થઇ ગયું હતું. ઇ૦ સ૦ ૧૮૮૨ ની ૩૧ મી જુલાઇએ એમની પ્રથમ કન્યાનો જન્મ થયો હતો. જ્યેષ્ઠ પુત્ર મોહનશમશેર જંગ બહાદુરનો જન્મ ઇ૦ સ૦ ૧૮૮૫ ની ૨૬ મી ડિસેમ્બરે થયો હતો. ત્યાર પછી અનુક્રમે તેમને ચાર પુત્ર જન્મ્યા હતા. ઇ૦ સ૦ ૧૯૦૦ માં સૌથી નાના પુત્રના જન્મ પછી તેમને દમનો સખ્ત વ્યાધિ લાગુ પડ્યો અને ત્રણ વર્ષ સુધી ધીરજ અને સહિષ્ણુતાપૂર્વક તેમણે એ વેદના ભોગવીને બંગાળી સંવત ૧૩૧૨ ના ફાલ્ગુન માસમાં દેહત્યાગ કર્યો. હિંદુરમણીના જીવનમાં ઉલ્લેખ યોગ્ય વિશેષ બનાવ પ્રાયઃ હોતા નથી, તેજ પ્રમાણે એમના પ્રસંગમાં બન્યું છે. એ અતિ ધર્મનિષ્ઠ અને સદાચારી સ્ત્રી હતાં. પોતાના પતિની સાથે હરદ્વાર, બદ્રિકાશ્રમ,મથુરા,કુરુક્ષેત્ર,પ્રયાગ વગેરે ઘણાં તીર્થમાં તેઓ ભ્રમણ કરી આવ્યાં હતાં. અનેક યાગ, યજ્ઞ, હોમ, આદિનાં અનુષ્ઠાન કરાવ્યાં હતાં. દૈનિક જીવન ઘણીજ ધર્મનિષ્ઠાપૂર્વક વ્યતીત કર્યું હતું. રોગશય્યામાં પડ્યાં હતાં, તે વખતે પણ ધર્મકર્મ અને આચારનું ઉલ્લંઘન કદી કર્યું નહોતું. જીવનના છેલ્લા દિવસ સુધી સવારના પહોરમાં ચાર વાગ્યે ઊઠીને, સ્નાન વગેરે કર્મ કરીને પૂજન કર્યા પછી ઔષધસેવન કરતાં.

મહારાણી બધી બાબતોમાં આદર્શ પત્ની હતાં. તેમની પતિભક્તિ અને પતિસેવા જોઇને તેમના સમાગમમાં આવનારાં સર્વ સ્ત્રીપુરુષો મુગ્ધ થઈ જતાં હતાં. એમનો નિત્યનિયમ એવો હતો કે, પતિનું ચરણોદક પીધા વગર પોતે પાણી પીતાં નહિ. જેટલા દિવસ પોતે સાજાં રહ્યાં, તેટલા દિવસ નિરંતર પતિસેવા કરતાં રહ્યાં. રોગશય્યામાં પડચે પડચે પણ એ કેવી રીતે સ્વામી-

ની સેવા-શુશ્રૂષાની વ્યવસ્થા કર્યા કરતાં હતાં, તે સાંભળીને વિસ્મય પમાય છે. સ્વામીના ખાવાપીવામાં કોઇ જાતની ગડબડ કે વિલંબ ન થાય, એ બાબતની તેઓ દેખરેખ રાખતાં. સ્વામી યથાસમયે સૂઇ ગયા છે કે નહિ, તેની ખબર દાસીને મોકલીને પુછાવતાં. પોતે મંદવાડના બિછાનામાં પડયે પડયે પણ સ્વામીના ભોજન ઉપર દેખરેખ રાખતાં. પતિને આરામ અને પતિના કલ્યાણ સંબંધીની ચિંતા રાતદિવસ તેમના હૃદયમાં જાગૃત રહેતી. હિંદુ રમણી સાધારણ રીતેજ પતિપ્રાણા હોય છે; પરંતુ એમણે આ બાબતમાં પરાકાષ્ઠા બતાવી હતી.

મહારાણી જે પ્રમાણે સાધ્વી અને પતિવ્રતા હતાં, તેજ પ્રમાણે તેમના સુયોગ્ય પતિ પણ સર્વ પ્રકારે તેમનું માન સાચવતા હતા. તેમણે પત્નીની જેવી સેવાશુશ્રૂષા કરી છે, તેવી ઘણાજ થોડા પતિ કરે છે. વિધાતાએ તેમનાં ગુણવંતી પત્નીને ઘણો સારો સ્વભાવ અને પ્રખર બુદ્ધિ આપીને જગતમાં મોકલ્યાં હતાં, એ વાત ખરી; પરંતુ મહારાજાએ યત્નપૂર્વક સારૂં શિક્ષણ આપીને તેમના સ્વભાવ અને ચરિત્રને વધારે સુંદર બનાવ્યાં હતાં. મહારાજાએ ત્રણ વર્ષ સુધી મહારાણીની જે સેવા તથા ચિકિત્સા કરી છે, તે ઉપરથી પત્ની ઉપરનો તેમનો પ્રેમ જણાઇ આવે છે. મહારાજાએ લાંબો વખત પત્નીની ખાતર સર્વ પ્રકારના સુખને તિલાંજલિ દઇને, રાતદિવસ ચિંતામાં ગાળ્યાં હતાં અસાધ્ય રોગ પત્નીના દેહને ક્ષીણ કરી નાખતો હતો, એ જોઇને મહારાજા આકુળવ્યાકુળ થઇ જતા હતા. મનુષ્યના હાથમાં જેટલા ઉપાયો છે, તેટલા બધા ઉપાયો પત્નીની ખાતર અજમાવી જોવામાં તેમણે જરા પણ ન્યૂનતા રાખી નહોતી. જે દિવસે મહારાણીની તબિયત જરા ખરાબ થતી, તે દિવસે ચિકિત્સકોનો જીવ ઊડી જતો કે, રખેને મહારાજાના મનમાં એવું આવશે કે, પૂરતી કાળજીથી ઈલાજ નહિ થતો હોય. મહારાજા પત્નીની વેદના અને જીર્ણ દેહ જોઇને શોકથી વ્યાકુળ થઈ જતા. જે મહારાજા નેપાળ જેવા વિશાળ રાજ્યનો ભાર વહન કરી શકતા હતા, જે ભલભલી વિપત્તિને સમયે પણ અટલ રહેતા હતા, તે પત્નીની રોગશય્યા આગળ મનને સ્થિર રાખી શકતા નહિ.

એમનું દાંપત્યજીવન અત્યંત સુખમય હતું. ઉભયનો એક બીજા ઉપર ઊંડો પ્રેમ હતો; પરંતુ વિધાતાની ઇચ્છાને કોણ

રોકી શકે છે? એ સુદૃઢ પ્રેમના બંધનને છિન્ન કરીને મૃત્યુએ રાજભવનને શોકથી આચ્છાદિત કરી દીધું. મૃત્યુના ત્રણ દિવસ પહેલાં રાણીને પશુપતિનાથના મંદિરમાં લઇ જવામાં આવ્યાં હતાં. જે દિવસે તેમનું મૃત્યુ થવાનું હતું, તે દિવસે રાત્રે દસ વાગ્યાને સમયે તેમણે આગ્રહ કરીને મહારાજાને ઘેર પાછા મોકલ્યા. રાતના બાર વાગ્યે તેમનો અંત સમય આવી પહોંચ્યો. પતિની છબી લાવવાનો તેમણે પોતાની બહેનને આગ્રહ કર્યો. ભગિનીએ છબી આણી આપી; એટલે એકીટશે તેના સામું જોઇને પછી મસ્તક ઉપર ધારણ કરી; ત્યાર પછી આંખ મીંચીને ઇષ્ટદેવતાનું સ્મરણ કરતાં કરતાં નશ્વર દેહનો ત્યાગ કર્યો. તેમની ચિતા–ભસ્મ વાઘમતી નદીના જળમાં વહેવરાવવામાં આવી. એ દિવસે આખા નેપાળ રાજ્યમાં શોક પ્રવર્તી રહ્યો.

વળી અન્ય એક ઘટના ઉપરથી વાચકો મહારાણીની પતિભક્તિનું અનુમાન કરી શકશે. મૃત્યુ પહેલાં મહારાણીએ પતિને બીજી પત્ની કરવાનો વારંવાર આગ્રહ કર્યો હતો. એ કહેતાં કે, “આપ ફરીથી લગ્ન કરો તો હું મારી આંખે જોઇને જાઉં. આપની સેવા કરવાની વ્યવસ્થા બધી હું તેને શીખવી જઇશ. હું બધો બંદોબસ્ત કરીને નિશ્ચિંત મને મરણ પામીશ.” છેલ્લી ઘડી સુધી તેમણે એ બાબતનો પતિને ઘણોજ આગ્રહ કર્યો હતો. વળી તે ઉપરાંત પતિને જણાવ્યું હતું કે, “તમે જો મારે માટે શોકાતુર થઇને દિલગીરીમાં જિંદગી ગાળશો, તો મારો આત્મા નરકગામી થશે અને હું પરલોકના સુખથી વંચિત થઈશ. આ સંસારમાં મેં આપને અનેક પ્રકારનું કષ્ટ દીધું છે. મૃત્યુ પછી મારા તરફથી કોઇ જાતનું કષ્ટ આપને ન થાઓ.” આ વચનો સ્ત્રીને માટે કેટલાં કઠિન છે! એટલો ઊંડો પતિપ્રેમ હોય તોજ પત્ની પતિને આવો આગ્રહ કરી શકે, તે વાતનું આથી અનુમાન કરી શકાય એમ છે. કેટલીએક સ્ત્રીઓ સપત્નીના ભયથી ડરી જઈને મૃત્યુશય્યામાંથી પતિને ફરીથી પરણવાનો નિષેધ કરે છે, ત્યારે નેપાળનાં મહારાણીની માફક જીવનની છેલ્લી ઘડીએ પણ પતિનાજ કલ્યાણની વાંચ્છના રાખી, તેમને ફરીથી લગ્ન કરવાનો આગ્રહ કરનાર પત્નીઓ પણ ભારતભૂમિમાં જોવામાં આવે છે. મૃત્યુના એક દિવસ પૂર્વે તેમણે પોતાની પુત્રીને કહ્યું હતું: “મેં તારા પિતાને ઘણું કષ્ટ આપ્યું છે. જો તારા પિતા ફરીથી લગ્ન

કરે, તો તું તારી નવી માતાનું સન્માન કરજે, આદર કરજે; તે તારી ગુણવંતી માતા થશે, એ તમારા શૂન્ય ઘરને પૂર્ણ કરશે, તારા શોકાર્ત્ત પિતાના હૃદયને શાંતિ આપશે." કન્યાને આવો ઉપદેશ આપનારી માતાઓ થોડી હોય છે. મહારાણી એક આદર્શ માતા હોવાથી સંતાનોને સારૂં શિક્ષણ આપવા ઉપર હમેશાં ધ્યાન રાખતાં. એક દિવસ તેમના બાળકપુત્રે કાંઇ અન્યાયયુક્ત કાર્ય કર્યું, તે સાંભળીને તેમની આંખમાં આંસુ આવ્યાં અને ઘણી દિલગીરી સાથે એ બોલી ઊઠ્યાં કે, "હું શું પાપી છું કે મારા ગર્ભમાં જન્મેલા સંતાને આવું કામ કર્યું ?" બાળકોના અપરાધને બધા તુચ્છ ગણી કાઢે છે; પણ એમની આગળ બાળકના અપરાધ પણ ગંભીર જણાતા. સંતાનો તેમના ઉપર જેટલી શ્રદ્ધા રાખતાં, તેટલોજ તેમનો ભય પણ રાખતાં. એ ચરિત્રવતી મહારાણીના હૃદયમાં આશ્ચર્યજનક સાહસ અને તેજસ્વિતા હતાં. કોઇ પણ અન્યાયને એ ઉત્તેજન આપતાં નહિ.

મહારાણીએ જે પુષ્કળ પુણ્યદાન કર્યું હતું, તેની ગણતરી થાય એમ નથી; તુલાદાન, હજારો ગોદાન, સુસજ્જિત ઘર અને ઉદ્યાનો આદિ બ્રાહ્મણોને આપ્યાં હતાં. પતિના નામથી ધર્માદા દવાખાનું સ્થાપીને અનેક મનુષ્યોનો આશીર્વાદ લીધો હતો. કેટલાએ કેદીઓને કેદખાનામાંથી છોડાવ્યા હતા અને એવાં બીજાં અનેક કાર્યો કે જે દ્વારા પુણ્ય પ્રાપ્ત થવાનું હિંદુશાસ્ત્રો-માં લખ્યું છે, તે બધાં કાર્યો કરવામાં તેમણે કચાશ રાખી ન-હોતી. રોગશય્યામાં પડ્યાં પડયાં પણ એ શાસ્ત્રકથાનું શ્રવણ કરતાં હતાં. એમના જેવી પુણ્યવતી નારી નેપાળમાં થોડી થઇ છે. વિશાળ નેપાળ રાજ્યમાં એ એક અગ્રગણ્ય રમણી હતાં. તેમના સમાગમમાં આવનારાં તેમનાં સગાંસંબંધીઓ તેમજ પરદેશી બંધુઓ તેમના સૌજન્ય, દયા, મિષ્ટભાષિતા આદિ ગુણોથી મોહિત થઇ ગયાં હતાં. એ ઘણાં દૂરદર્શી અને બુદ્ધિમતી હતાં. તેમના પ્રત્યેક કાર્યમાંથી તેમની સુબુદ્ધિ અને સદ્વિવેચન-નો પરિચય મળી આવે છે. તેમણે પોતાના ઊંચા દરજ્જાનો માનમરતબો સારી રીતે સાચવ્યો હતો, એટલુંજ નહિ પણ તેનું ગૌરવ વધાર્યું હતું. તેમના ઉદાહરણ ઉપરથી સ્ત્રીઓ પતિભક્તિ, પતિસેવા, ગુરુભક્તિ, સંતાનોનું શિક્ષણ અને પ્રજાપાલન આદિ ગુણો શીખી શકશે.

૧૩૬–લીલાવતી

શ્રીમતી લીલાવતીએ ઇ૦ સ૦ ૧૮૬૮ ના ડિસેમ્બર માસમાં ગોરખપુર જિલ્લામાં એક દેશી ખ્રિસ્તી દંપતીને ઘેર જન્મ લીધો હતો. તેના પિતા અતિશય બળવાન, સ્વતંત્ર સ્વભાવના અને સત્યપ્રિય માણુસ હતા. પિતાની તરફથી લીલાવતીને જન્મથીજ સારી તંદુરસ્તી, માનસિક સ્વાધીનતા અને સત્યપ્રિયતાના ગુણુ વારસામાં મળ્યા હતા. વળી ધાર્મિક અને નૈતિક કેળવણીને પ્રતાપે એ ત્રણે ગુણો ભાવિજીવનમાં ઘણા ખીલી નીકળ્યા હતા. એ સર્વ ગુણોને લીધે લીલાવતીએ વિશ્વવિદ્યાલયની ઊંચામાં ઊંચી પરીક્ષા પાસ કરીને તથા પુષ્કળ પાંડિત્ય મેળવીને સ્વદેશ તથા પરદેશમાં સર્વત્ર યશ પ્રાપ્ત કર્યો હતો.

સાત વર્ષની વયે લીલાવતીને માતાનો વિયોગ થયો હતો. માતા ઉપર તેમને અત્યંત પ્રેમ હતો; એટલી નાની વયમાં માતૃવિયોગ થવા છતાં પણ જિંદગીની છેલ્લી ઘડી સુધી તેમને માતાનું સ્મરણ થયા કરતું હતું. સંગીત અને કવિતા ઉપરનો શોખ માતાની તરફથી પોતાને મળ્યો છે, એમ એ માનતાં હતાં. લીલાવતીના પિતાએ માતૃહીન બાલિકાને મિસ થોબર્નની બોર્ડિંગ સ્કૂલમાં મોકલાવી દીધી.

મંદવાડના સમયમાં લીલાવતીની માતાએ તેને ઘણી લડાવી મૂકી હતી. તેની મરજી માફક કામ કરતાં કોઈ રોકી શકતું નહિ. આથી લીલાવતી ઘણી તોફાની છોકરી થઇ હતી. તેને લીધે લખનૌ બોર્ડિંગ સ્કૂલમાં આવ્યા પછી તેને ઘણું વસમું લાગ્યું. ત્યાં તો છાત્રાલયના કાયદાઓ પ્રમાણે ચાલવું પડતું. પોતાની મરજી માફક કરવા જતાં તરતજ રોકાણ થતું, પરંતુ મિસ થોબર્ન બાળકોને ઉછેરવાના અને ભણાવવાના કામમાં ઘણાં નિપુણ હતાં. તેમણે થોડા દિવસમાંજ લીલાવતીને પોતાના કાબૂ-

માં લીધી. લીલાવતી ઉપર તેમના સ્નેહની એટલી બધી અસર થઇ કે, એ તેમને બીજી માતા તરીકે ગણતી. મિસ થૅાબર્નના મંગળમય પ્રભાવને લીધે લીલાવતીનું જીવન ઘણું રસમય બન્યું. બૅાર્ડિંગ હાઉસ ઉપર તેને ઘણોજ પ્રેમ ઉત્પન્ન થયો. કુમારી થૅાબર્નને મુખે અમેરિકાની બાલિકાઓની વિદ્યાની પ્રશંસા સાંભળીને તેણે પણ મનમાં એમના જેવી ઊંચી કેળવણી લેવાને સંકલ્પ કર્યો. લીલાવતીના મનમાં કેટલીક વખત ધર્મવિષયક શંકાઓ ઊભી થતી; પરંતુ થૅાબર્નના સહવાસથી તથા તેમના ઉચ્ચ જીવનના પ્રભાવથી, એ બધી શંકાઓનું નિવારણ થઇ જતું. વધારે આશ્ચર્યની વાત તો એ છે કે, મિસ થૅાબર્ન જેવી વિદેશી રમણીના સંસર્ગથી અને તેમનાજ ઉદાહરણથી લીલાવતીના મનમાં ખરેખરી સ્વદેશભક્તિ ઉત્પન્ન થઇ હતી. તેમણે વિદેશી પોશાકનો ત્યાગ કરીને સ્વદેશી પોશાક ધારણ કર્યો હતો તથા ભારતની સ્ત્રીઓને કેળવવા માટે, ખરા અંતઃકરણથી પ્રયાસ કરીને સ્વદેશપ્રેમની સાબિતી આપી હતી.

લીલાવતીએ લખનૌની નિશાળમાં ઘણી કાળજીપૂર્વક અભ્યાસ કરવા માંડ્યો; પરંતુ એ હાઇસ્કૂલમાંજ ભણતી હતી, એવામાં તેના પિતાની આર્થિક સ્થિતિ બગડી ગઇ અને તેને અભ્યાસ બંધ કરવા વારો આવ્યો. એવી અવસ્થામાં લીલાવતીને મિશન તરફની એક સ્કૉલરશીપ આપવાની સૂચના કરવામાં આવી, પરંતુ આપબળ ઉપર આધાર રાખનારી લીલાવતીએ તે સૂચના નામંજૂર કરી તથા બીજી છોકરીઓને ભણાવીને મહામુશ્કેલીએ પોતાનું ગુજરાન ચલાવવા લાગી. છેવટે તેણે મૅટ્રિક્યુલેશનની પરીક્ષા ઘણા માનપૂર્વક પાસ કરી અને સરકાર તરફથી એક સ્કૉલરશીપ મેળવી. એ સમયમાં તેનાં સગાંવહાલાંઓએ તેને પરણાવી દેવાનો મનસૂબો કર્યો; પરંતુ લીલાવતીએ એ વખતે પરણવાની ના કહી અને વિશેષ જ્ઞાન મેળવવાની આશાથી કૉલેજમાં પ્રવેશ કર્યો.

એ પ્રમાણે આપબળથી પરિશ્રમપૂર્વક વિદ્યાભ્યાસ કરીને ઇન્ટરમિડિયેટની પરીક્ષામાં પાસ થઇને લીલાવતી કલકત્તાની બેથ્યૂન કૉલેજમાં દાખલ થઇ અને ત્યાં ભણીને બી. એ.ની ડીગ્રી પ્રાપ્ત કરી. એ વર્ષમાં તેને ઢાકાની એક સરકારી નિશાળમાં શિક્ષકની જગ્યા મળી. લીલાવતી પોતાની ડાયરીમાં લખે

છે કે, "બેથ્યૂન કૉલેજમાં અને ઢાકામાં વસતી વખતે મારો ધર્માનુરાગ શિથિલ થઇ ગયો હતો અને વિષયસુખ–સ્વચ્છંદતા તરફ મન આકર્ષાયું હતું. ઢાકાના ઘણા કેળવાયલા પુરુષો સાથે ઘાડો સંબંધ થવાથી, એ સમયમાં મારૂં જીવન ઘણું પ્રલોભનપૂર્ણ થયું હતું; પરંતુ એ અવસ્થામાં પણ કુમારી થૅાબર્નની સ્મૃતિ મારા હૃદયમાં જાગૃત હતી અને એક દિવસે પ્રલોભનને વખતે થૅાબર્નની સ્મૃતિએજ મને પ્રલોભનમાંથી બચાવી લીધી હતી. તે દિવસથી હું પ્રભુ ઇશુખ્રિસ્તને માટે કાંઇ કામ કરવા વ્યગ્ર થઇ ગઇ અને મિશનને લગતું કોઈ કામ શોધી આપવા કુમારી થૅાબર્નને પત્ર લખ્યો હતો."

એ સમયમાં લખનૌ મિશનરી કૉલેજમાં શિક્ષકની જગ્યા ખાલી હોવાથી કુમારી થૅાબર્ને પોતાની જૂની શિષ્યાને ત્યાં બોલાવી મંગાવી. લીલાવતીએ ત્યાં જઇને અધ્યાપકનું કામ કરવા માંડયું. અમેરિકન પાદરીઓએ તેને સમાનશ્રેણીની ગણીને આદરપૂર્વક સ્વીકારી. લીલાવતીએ અધ્યાપક તરીકે ઘણી નામના મેળવી. તેની શીખવવાની પદ્ધતિથી તથા તેના સ્નેહથી અંગ્રેજ અને યુરેઝિયન કન્યાઓ ઘણી વિસ્મય પામી ગઇ. અધ્યાપકનું કાર્ય કરતી વખતે, તેણે સાથે સાથે એમ. એ.-નો અભ્યાસ કર્યો અને અલ્હાબાદ વિશ્વવિદ્યાલયમાં સુખ્યાતિ સહિત એમ. એ.ની પરીક્ષા પાસ કરી. ઇ૦ સ૦ ૧૮૯૯ માં લખનૌ કૉલેજને માટે, નાણાં એકઠાં કરવા સારૂ મિસ થૅાબર્ન અમેરિકા ગયાં, ત્યારે લીલાવતીને પોતાની સાથે લઇ ગયાં. અમેરિકામાં જાહેર સભાઓમાં ભાષણો આપીને તથા અન્ય રીતે પોતાના અંગ્રેજી ભાષાના જ્ઞાન અને પાંડિત્યથી ત્યાંની પ્રજાને તેણે સ્તબ્ધ કરી દીધી. તેની સારી વર્તણુંકથી અમેરિકાવાસીઓ ઘણાં પ્રસન્ન થયાં હતાં. ભારતની નારી આટલી બધી ઉન્નતિ કરી શકી છે, એ જોઇને બધાં વિસ્મય પામી ગયાં. અમેરિકાથી લીલાવતી અને મિસ થૅાબર્ન પાછાં ફર્યાં, તે પછી એક વર્ષે મિસ થૅાબર્નનું મૃત્યુ થયું. તેમની જગ્યાએ, જે નવી અધ્યક્ષ નિમાઇ તે, તે કામમાં અનુભવી નહિ હોવાથી, લીલાવતીને તેની સહાયકારીઅધ્યક્ષ નીમવામાં આવી અને કૉલેજના વહીવટનો બધો ભાર તેના ઉપર આવી પડ્યો. તેણે એ કામ ઘણી યોગ્યતાપૂર્વક ચલાવ્યું હતું. તે ઉપરાંત એણે બૉર્ડિંગ હાઉસ-

ની 'વિદ્યાર્થિનીઓને ઘરસંસારનું તથા ભરતગૂંથણનું કામ જાતે આપવા માંડયું. દરેક પ્રકારે કૉલેજની ઉન્નતિ કરવા સારૂ એ ઘણોજ યત્ન કરતી હતી. એ જગ્યાએ લીલાવતી કામ કરતી હતી, એવામાં જાપાનમાં ખ્રિસ્તી વિદ્યાર્થીઓની પરિષદમાં હાજરી આપવાનું તેને નિમંત્રણ મળ્યું અને તે ઇ૦ સ૦ ૧૯૦૭ માં જાપાન ગઈ. ત્યાં આગળ તેણે પોતાના ભાષણથી જાપાની, અંગ્રેજ, વલંદા વગેરે શ્રોતાજનોને ઘણાજ પ્રસન્ન કર્યા. આખી પરિષદમાં સૌથી વધારે અસર તેનાં ભાષણોની થઈ હતી. એ પછી લીલાવતીને ત્યાંની સ્ત્રીઓની કૉઑપરેટિવ સોસાઇટીની પ્રમુખ બનાવવામાં આવી. જાપાનમાં અનેક અંગ્રેજ અને ફિરંગી વિદુષી સ્ત્રીઓ સાથે લીલાવતીને ઓળખાણ થઈ. જાપાનથી પાછાં ફર્યા પછી, થોડે દિવસે લીલાવતીએ યુરોપ ગમન કર્યું અને ત્યાંના વિદ્યાર્થિમંડળોને પોતાનાં ભાષણોથી મુગ્ધ કરી દીધાં. ત્યાર પછી ભારતમાં સ્ત્રીકેળવણીના પ્રચાર માટે ફંડ ઉઘરાવવા સારૂ એ ફરીથી અમેરિકા સિધાવી ને ત્યાં આગળ અનેક શહેરોમાં ભ્રમણ કરીને અતિશય પરિશ્રમ કરવાથી તેનું શરીર બગડી આવ્યું અને ચિકાગો શહેરમાં ઈ૦ સ૦ ૧૯૦૯ના મે માસમાં તેણે દેહત્યાગ કર્યો. મૃત્યુના થોડા સમય અગાઉ તેણે કહ્યું હતું કે, "જીવનમાં મારે હજુ એક કામ કરવું બાકી હતું અને તેથી થોડા દિવસ જીવવાની મારી ઇચ્છા હતી."

१३७-राजकुमारी बंदोपाध्याय

પાશ્ચાત્ય શિક્ષણના અભ્યુદય સાથે હિંદુસમાજે સુધારાનું કલ્યાણકારી વ્રત ગ્રહણ કર્યું છે. ધીમે ધીમે વાદળાંઓમાંથી નીકળી આવતાં સૂર્ય-કિરણોની પેઠે, ભારતના સામાજિક જીવનમાં સામ્ય, સ્વાધીનતા, મૈત્રી; અને આધ્યાત્મિક જીવનમાં ઋષિધર્મ તથા બ્રહ્મજ્ઞાનનો સંચાર થતો જાય છે. એ નવીન સ્રોત, નવીન સંસ્કાર અને નવા આંદોલનના માર્ગમાં હવે અડચણ નાખી શકાય એમ નથી. કાળની ગતિ એવી છે કે જેઓ સુધારો પસંદ નહોતા કરતા, ડગલે ડગલે સુધારાના પગ ઉપર કુહાડો મારવા તૈયાર હતા, તેઓજ ધીમે ધીમે સુધારાના પ્રવાહમાં તણાતા આવે છે.

થોડા સમય પૂર્વે એવી સ્થિતિ હતી કે, ઘરના ખૂણામાં બેસી રહેલી ભારતમહિલાના સ્વપ્નામાં પણ દેશની બહાર જવાનો વિચાર આવતો નહિ; પરંતુ એ વખતે જે કલ્પનામાં પણ નહોતું આવી શકતું, તે હવે સાધ્ય થઇ ગયું છે. ભારતમાં સ્ત્રીશિક્ષણ અને સ્ત્રીઓની વાજબી સ્વતંત્રતાનાં દ્વાર ખુલ્લાં મૂકવામાં આવ્યાં છે. મહિલા-જગતમાં મંગળ ધ્વનિ ગાજી રહ્યો છે. ભારતના રાજાઓ પોતાની રાણીઓ અને કુમારિકાઓ સાથે પૃથ્વીના ભિન્ન ભિન્ન પ્રદેશમાં ભ્રમણ કરવા લાગ્યા છે. ગ્વાલિયર, વડોદરા, ગોંડળ, કુચબિહાર વગેરેના હિંદુ રાજામહારાજાઓ સપરિવાર યુરોપયાત્રા કરી આવ્યા છે. પાંચમા જ્યોર્જના રાજ્યાભિષેક સમયે મુસલમાન મહારાણી ભોપાળનાં બેગમ સાહેબ સુદ્ધાંત યુરોપ પધાર્યાં હતાં. વિદ્યાભ્યાસ અથવા તો હવાફેર સારૂ દર વર્ષે અનેક ભારતમહિલાઓ વિદેશ જાય છે. સમુદ્રયાત્રાનો નિષેધ આ પ્રમાણે હવે શિથિલ થઇ ગયો છે, તેમનો ખોટો મલાજો તૂટી ગયો છે, જાતિભેદની સાંકળ ઢીલી પડી ગઇ છે; પરંતુ સૌથી પ્રથમ જે સ્ત્રીઓએ સદાના ચાલતા

આવેલા સંસ્કાર અને વિઘ્નોને અતિક્રમીને સમાજમાં સમાનતા અને સ્વાધીનતાનું બીજ રોપ્યું છે, તેઓ કેટલી વીર અને સાહસિક હશે, તેની કલ્પના આજ તેમણે વાવેલાં બીનાં મીઠાં ફળ ચાખનારાઓને એકદમ આવી શકે એમ નથી. જે સન્નારી સૌથી પ્રથમ સાહસ કરીને વિલાયત પધાર્યાં હતાં, તેમની આગળ બંગદેશની સ્ત્રીઓ અનેક પ્રકારે ઋણી છે. બંગાળી પુરુષોમાં જેમ રાજા રામમોહનરાય સૌથી પહેલા વિલાયત જનાર હતા, તે પ્રમાણે સ્ત્રીઓમાં સૌથી પ્રથમ જનાર સ્વર્ગસ્થ રાજકુમારી બંદ્યોપાધ્યાય હતાં. રાજકુમારી વરાહનગરના પ્રખ્યાત સુધારક શ્રીયુત્ શશિપદ બંદ્યોપાધ્યાયનાં પત્ની અને કોચિન રાજ્યના દીવાન, ઇંડિયન સિવિલિયન શ્રીયુત્ રાજકુમાર બેનરજી એમ. એ.નાં માતૃદેવી હતાં.

યૌવનની સાથે સાથે–બ્રાહ્મોધર્મ ગ્રહણની સાથે સાથે શશિપદબાબુના મનમાં એવો ભાવ ઉત્પન્ન થયો હતો કે, સ્ત્રીકેળવણી, સ્ત્રીઓની સ્વાધીનતા અને મજૂર વર્ગના શિક્ષણ તથા ઉન્નતિ વગર ભારતનું ભવિષ્ય સુધરશે નહિ. એ મહાન ઉદ્દેશથી એમણે કાર્યક્ષેત્રમાં પ્રવેશ કર્યો અને પત્નીને પોતાની સાથી બનાવી.

રાજકુમારીની વય એ વખતે બાર કે તેર વર્ષની હતી. એ વખતથી એમણે પતિ પાસે શિક્ષણ મેળવવા માંડ્યું. એક તરફથી પોતે ભણવા માંડ્યું અને બીજી તરફથી કુટુંબનાં નાનાં નાનાં છોકરાંછોકરીઓને શીખવવું શરૂ કર્યું. આ પ્રમાણે એમનું કાર્યક્ષેત્ર ધીમે ધીમે વિસ્તાર પામતું ગયું. નિશાળ કાઢીને બાલિકાઓને ભણાવવાની જરૂર પડી. ઘણા વિરોધી સંયોગોમાં પણ બાબુ શશિપદ, પોતાનું લક્ષ હૃદયમાં સર્વોપરી રાખીને આગળ વધવા લાગ્યા. બ્રાહ્મોધર્મ સ્વીકારેલો હોવાથી એ ન્યાત બહાર થયા હતા; ઘરમાંથી પણ એમને કાઢી મૂકવામાં આવ્યા હતા અને લોકો પણ એમને અનેક રીતે તરછોડી નાખતા હતા. એ વખતે તેમની આર્થિક સ્થિતિ પણ શોચનીય હતી, પણ પતિપત્ની બન્નેનો ઉદ્દેશ એકજ હતો. તેઓ સાથે મળીને તપઃપરાયણ સાધકની પેઠે સ્ત્રીકેળવણીના કામમાં ગૂંથાયેલાં રહ્યાં. બંદ્યોપાધ્યાયનાં ધર્મપત્નીએ પોતાના મનમાં ઠસાવી મૂક્યું હતું કે, "પ્રાણ બ્રહ્મના ચરણારવિંદમાં છે અને હાથ તેના કામ સારૂ છે. આ પ્રમાણેજ આખી જિંદગી ગાળવાની છે."

એ અરસામાં પ્રાતઃસ્મરણીય પુણ્યવતી નારી મેરી કાર્પેન્ટરનું વિલાયતથી ભારતમાં પધારવું થયું. કલકત્તા આવ્યા પછી શશિપદબાબુનું કામ જોવા એ વરાહનગર ગયાં. એ વખતે શશિપદબાબુનું કુટુંબ એક સાધારણ કુટીરમાં વાસ કરતું હતું. ઘણી સાદાઇથી તેઓ પોતાનો નિર્વાહ ચલાવતાં હતાં. મેરી કાર્પેન્ટર જેવી પ્રખ્યાત, મોટા ઘરની વિદુષી સન્નારીનો યથોચિત આદરસત્કાર કરવાનું તેમનું ગજું નહોતું; પણ મેરી કાર્પેન્ટર, બંદોપાધ્યાયદંપતીનો વિવેક, આદર, આગ્રહ અને મમતા જોઇને ઘણાંજ ખુશ થઇ ગયાં હતાં. તેમની ગાડી બારણા આગળ આવીને ઊભી રહેતાંવારજ, એક હિંદુ સ્ત્રી ખુલ્લે મોંએ બહાર આવી અને આદરપૂર્વક વાતચીત કરીને તેમને ઘરની અંદર લઈ ગઇ. એ દશ્ય જોઇને એ અંગ્રેજ મહિલા મુગ્ધ થઇ ગયાં હતાં. ભારતવર્ષમાં આવ્યા પછી હિંદુ કુટુંબમાં તેમણે આવું દશ્ય જોયું નહોતું. એ જોઇને તે એટલાં બધાં મોહિત થઇ ગયાં કે, ગવર્નમેન્ટ હાઉસના પોતાના ઉતારામાં ગયા પછી એમણે કહ્યું હતું કે, "આજ મેં વરાહનગરમાં જઇને જે કાંઇ જોયું છે, તેવું ભારતમાં બીજે ક્યાંય દીઠું નથી."

વરાહનગરનું દશ્ય તેમના હૃદયમાં છબીની માફક અંકિત થઇ ગયું હતું; એટલા માટે ઇંગ્લેંડ ગયા પછી જ્યારે એમને ખબર પડી કે, શશિપદબાબુએ વિલાયત આવવાનો સંકલ્પ કર્યો છે, ત્યારે એમણે તરતજ એક પત્ર લખીને એમને જણાવ્યું કે, "તમે પત્ની સાથે અહીંયાં આવજો, ખર્ચ મારે માથે છે."

બંદોપાધ્યાયદંપતી વ્યાવહારિક સુધારક હતાં. કહ્યા પ્રમાણે કરી બતાવવું, એ તેમની નીતિ હતી. એક તરફ તેઓ કન્યાઓને શિક્ષણ આપવા લાગ્યાં અને બીજી તરફ બંગાળામાં ચાલતો આવેલો પડદાનો રિવાજ છોડી દઇને ખુલ્લી રીતે બંને જણાં બહાર ફરવા લાગ્યાં અને એજ ઉદ્દેશથી મેરી કાર્પેન્ટરનો આગ્રહ સ્વીકારીને ઈ. સ. ૧૮૭૧માં અલગા નામક સ્ટીમરમાં બંને જણાં કલકત્તાથી ઇંગ્લેંડ ગયાં. દોઢેક મહિને તેઓ વિલાયત પહોંચ્યાં.

એ દિવસથી ભારતનારીઓને માટે વિલાયત–પ્રવાસનાં દ્વાર ખુલ્લાં મુકાયાં.

પતિની સહાયતાથી રાજકુમારીએ બંગાળી સ્ત્રીઓમાં જે

દાખલો બેસાડ્યો છે, તેનું ધીમે ધીમે અનુકરણ થતું જાય છે.

બંદોપાધ્યાયદંપતી આઠ મહિના સુધી ઇંગ્લૅંડમાં રહ્યાં. ત્યાં આગળ ઘણાં પ્રતિષ્ઠિત સ્ત્રીપુરુષોના સમાગમમાં તેઓ આવ્યાં હતાં. ત્યાર પછી હિંદુસ્તાનમાં પાછાં આવ્યા બાદ, મજૂરોની કેળવણી, વિધવાઓનો આશ્રમ તથા બાલિકાવિદ્યાલયની સ્થાપના વગેરે કામમાં બંને જણાં ગૂંથાયાં. પરંતુ રાજકુમારી આ પવિત્ર સેવાકાર્ય લાંબા કાળ સુધી કરી શક્યાં નહિ. ૨૮ વર્ષની કુમળી વયે, તેમણે પરલોકગમન કર્યું. કામ કરતાં કરતાં કાચી ઉંમરે તેમનું મૃત્યુ થયું છે, છતાં પણ નવભારતના ઇતિહાસવેત્તાઓ તેમના તરફ અકૃતજ્ઞ થશે નહિ. સામાજિક ઇતિહાસમાં સ્ત્રીઓને સ્વાધીનતા અપાવવાના પ્રકરણમાં રાજકુમારીનું નામ સોનાના અક્ષરે લખાઈ રહેશે.

૧૩૮–નગેંદ્રબાલા મુસ્તફી સરસ્વતી

આ વિદુષી સન્નારીનો જન્મ ઈ. સ. ૧૮૭૮, બંગીય સંવત ૧૨૮૪માં હુગલી જિલ્લામાં ભદ્રેશ્વર સ્ટેશનની પશ્ચિમમાં પાલાડા નામક ગામમાં પોતાના મોસાળમાં થયો હતો.

નગેંદ્રબાલાના પિતા શ્રીયુત્ નૃત્યગોપાળ મહાશયનો જન્મ દક્ષિણ રાઢીય કાયસ્થ જાતિમાં થયો હતો. તારકેશ્વર રેલવેના સિંગુર નામક સ્ટેશનની પાસે દલુઈગાછા નામક ગામમાં તેમનો વાસ હતો. હાલમાં એમણે હુગલી શહેરમાં ઘર બંધાવીને ત્યાંજ વાસ કર્યો છે. નૃત્યગોપાળબાબુ મુન્સફનું કામ કરતા હતા.

અઢી વર્ષથી તેર વર્ષની વય સુધી નગેંદ્રબાલા ઘણુંખરું પિતાની પાસે ચટ્ટગામમાં રહી હતી. બાલ્યાવસ્થામાં એક સાધારણ પ્રાથમિક શાળામાં તેણે થોડાકજ દિવસ વિદ્યાભ્યાસ કર્યો હતો. પછીથી જાતેજ અંતઃપુરમાં રહીને તેણે બંગાળી, ઉત્કલ, સંસ્કૃત અને અંગ્રેજી ભાષાનો થોડોઘણો અભ્યાસ કર્યો હતો.

દસ વર્ષની વયે નગેંદ્રબાલાનો વિવાહ, હુગલી જિલ્લાના બાબુ ખગેંદ્રનાથ મિત્ર મુસ્તફી સાથે થયો હતો. ખગેંદ્ર બાબુ હાલ વર્ધમાન જિલ્લામાં સબ રજિસ્ટ્રારનું કામ કરે છે. તેર વર્ષ-

ની વયે નગેંદ્રબાલા સાસરે આવી હતી. ત્યાં ગયા પછી એ પાંચ વર્ષ સુધી માંદી રહી હતી, ત્યારે હવાફેર કરવા તે પિતાની પાસે મુર્શિદાબાદ, થાજપુર વગેરે સ્થળે તથા બોલપુરમાં રહી હતી.

હાલિ શહેર નિવાસી શ્રીયુત્ નૃત્યસખા મુખોપાધ્યાયને હાથે વૈષ્ણવ ધર્મમાં સ્ત્રી સાથે દીક્ષા લઇને, બાબુ ખગેંદ્રનાથ મુસ્તફી પત્ની સાથે ઉડિસા અને પશ્ચિમાચલમાં ઘણાં તીર્થોની યાત્રા કરી આવ્યા હતા.

નગેંદ્રબાલાએ પિતાની પાસેથી સાહિત્ય તરફ પ્રબળ અનુરાગ પ્રાપ્ત કર્યો હતો. બાલ્યાવસ્થાથીજ એ સાહિત્યસેવામાં નિમગ્ન રહેતી હતી. બાર વર્ષની વયે તેણે કવિતા રચવાનો આરંભ કર્યો હતો. ત્યાર પછી રોજ માંદી રહેવા છતાં પણ તેણે ઘણા ગ્રંથો રચ્યા છે. તેણે 'દાનવનિર્વાણ,' 'ઉષાપરિણય,' 'મર્મગાથા,' 'ચામેલી,' 'ગીતાવલી,' 'પ્રેમગાથા,' 'વ્રજગાથા,' 'નારીધર્મ,' 'ગાર્હસ્થ્યધર્મ,' 'અમિયગાથા,' 'શિશુમંગલ,' 'કુસુમગાથા,' (અસંપૂર્ણ) અને 'ધવલેશ્વર' એ નામનાં તેર પુસ્તકો લખ્યાં છે. એમાંથી 'મર્મગાથા,' 'પ્રેમગાથા,' 'વ્રજગાથા,' 'નારીધર્મ,' 'અમિયગાથા' અને 'ધવલેશ્વર' એટલાંજ છપાયાં છે; બાકીનાં અપ્રકટ છે.

'મર્મગાથા' અને 'પ્રેમગાથા' નામના પુસ્તકમાં વિવિધ વિષયક નાની નાની કવિતાઓનો સંગ્રહ છે. 'પ્રેમગાથા'ના કવિત્વથી મુગ્ધ થઇને 'હેર પ્રાઇઝ એસે ફંડ'ના પ્રમુખે નગેંદ્રબાલાને ઈનામ આપ્યું હતું. 'વ્રજગાથા' અને 'નારીધર્મ' એ બે પુસ્તક નગેંદ્રબાલાએ પોતાના દીક્ષાગુરુ શ્રીયુત્ નૃત્યસખા મુખોપાધ્યાયની આજ્ઞા મુજબ રચ્યાં છે. 'વ્રજગાથા' ગ્રંથ શ્રીકૃષ્ણનો પૂર્વરાગ, દાણલીલા, નૌકાવિલાસ, અભિસાર વગેરે બાવીસ તરંગોમાં વિભક્ત છે. દરેક તરંગમાં વ્રજભાષાનાં પદો પણ તેણે રચીને મૂકયાં છે. શ્રીરાધાજીનો પ્રેમ પ્રકટ કરવો, એ 'વ્રજગાથા' પુસ્તકનો ઉદ્દેશ છે. એ પુસ્તક એણે પોતાના પતિને અર્પણ કર્યું છે. 'નારીધર્મ' ગ્રંથ ગદ્યમાં છે. સ્ત્રીઓ કેવી રીતે પોતાનું કર્તવ્યપાલન કરીને, નારીધર્મનું રક્ષણ કરીને અમૃતસ્રોત પ્રવાહિત કરી શકે, કેવી રીતે નારીચરિત્રમાં ખરેખરૂં દેવી ચરિત્ર ઝળકી ઊઠે, એ વિષયનું 'નારીધર્મ'માં વિવેચન કરવામાં આવ્યું છે.

નગેંદ્રબાલાની કવિતા આજ પણ બંગાળામાં આદરપૂર્વક

વંચાય છે. કવિતા રચવામાં તેની પારદર્શિતા હોવાથી, તેને 'સરસ્વતી'ની ઉપાધિ મળી છે.

તે બંગાળી ભાષાનાં વિવિધ માસિકોમાં લખતી હતી.

ઘરવ્યવસ્થાના કામમાં નગેંદ્રબાલા ઘણી પ્રવીણ હતી. ઉત્તમ રસોઈ બનાવવામાં, શીવણ તથા ભરતકામમાં અને માંદાની માવજત કરવાના કામમાં એ બહુ સારી રીતે પ્રવીણ હતી. અતિથિનો સત્કાર તથા દુઃખી અને ગરીબોની સેવા, એ તો એના સ્વાભાવિક ગુણ હતા.

બંગાળી સંવત ૧૩૧૩ ના વૈશાખ માસમાં ઓગણત્રીસ વર્ષની યુવાન વયે તેણે સ્વર્ગવાસ કર્યો.

૧૩૯–શ્રીમતી જીવન્મુક્ત

આ બાઇ મૂળ કાશ્મીર રાજ્યમાં જમુ શહેરનાં વતની હતાં. વૈધવ્ય પ્રાપ્ત થયા પછી, એ સંન્યાસ લઇને સાધ્વી થયાં હતાં. એમણે સંસ્કૃત ભાષાનો સારો અભ્યાસ કર્યો હતો અને હિંદી તથા પંજાબી સાહિત્યથી પણ સારી રીતે માહિતગાર હતાં. કેળવણીનાં મીઠાં ફળ પોતે ચાખેલાં હોવાથી, જનસમાજમાં તેનો પ્રચાર કરવા માટે ઘણો ઉત્સાહ તેઓ ધરાવતાં હતાં. સ્ત્રીકેળવણીનો પ્રચાર કરવાના ઉદ્દેશથી તેમણે પોતાના મૂળ વતનમાં ગાંઠના પૈસા ખરચીને એક કન્યાશાળા સ્થાપી હતી. નિવૃત્તિ–આશ્રમ સ્વીકાર્યા છતાં પણ, સ્ત્રીકેળવણીના લાભ લોકોને સમજાવવા માટે, તેમને જાહેરમાં વક્તા તરીકે દેખાવ દેવાની ફરજ પડતી અને તેમના કુટુંબકબીલાની અને ખાસ કરીને તેમના સ્વર્ગસ્થ પતિનાં સગાંવહાલાંઓની સખ્ત વિરુદ્ધતા છતાં પણ નિર્ભયપણે એ પવિત્ર કર્તવ્ય બજાવવા તે તત્પર થયાં હતાં. તેમનું કહેવું એ હતું કે, "હવે હું સાધ્વી થઈ છું. મેં સંસારનો ત્યાગ કર્યો છે; એટલે તમે માની લીધેલા બંધનકારક રિવાજો પાળવાની મારી ફરજ નથી." તેમણે એક ઘરના વિશાળ ચોગાનમાં પોતાનું પ્રથમ જાહેર ભાષણ આપ્યું હતું અને તેમના નામ તથા વિદ્વત્તાથી ખેંચાઇને તેમજ એક સાધ્વી વક્તાનું વ્યાખ્યાન સાંભળવાની ઉત્સુકતાથી, મોટી

સંખ્યામાં લોકો એ ભાષણ સાંભળવા આવ્યાં હતાં. ઘણી ઊંચ વર્ણની સ્ત્રીઓ પણ પોતાનાં બાળકો સાથે એ ભાષણ સાંભળવા આવી હતી અને સાધ્વીને મોઢેથી ડહાપણના શબ્દો સાંભળવાની ઇંતેજારી તેમના સર્વના ચહેરા ઉપર છવાઇ રહેલી જણાતી હતી.

પ્રથમ તો આ ઉચ્ચ કુળની સ્ત્રીઓ શ્રોતાઓ સાથે નહિ મળતાં એક અલાહેદી જગ્યાએ બેઠી હતી, પણ તેમની સંખ્યા વધી પડતાં અને ભાષણના વિષયમાં રસ પડતાં, તેઓ ધીરે ધીરે ઘણી સાદી જગ્યાઓ શોધીને ત્યાં ગોઠવાવા લાગી હતી. એ લોકોમાં પડદાનો રિવાજ હોવા છતાં, આ વખતે તેમણે પડદો નામનોજ પાળ્યો હતો. વ્યાખ્યાન કરનાર સાધ્વી બાઇએ જરા પણ પડદો પાળ્યા વગર ખૂલ્લે ચહેરે પોતાનું ભાષણ આપવું પસંદ કર્યું હતું; એટલે તેમના આ જાહેર દેખાવની અસર બીજી સ્ત્રીઓ ઉપર પણ થઇ હોય, તો તે બનવા જોગ છે. સાધ્વીનું ઓળખાણ તેમના ગુરુએ શ્રોતાજનોને કરાવ્યું હતું. તે ઉપરથી જણાતું હતું કે, એ કોઈ ધનવાન કુટુંબનાં સ્ત્રી હતાં. ગુરુએ પોતાની આ ચેલીની વિદ્વત્તા વિષે પ્રસંગોપાત કેટલુંક વિવેચન કરીને પોતાની બેઠક લીધી હતી. ત્યાર પછી બાઇ જીવન્મુક્તે આસન ઉપર પધારીને સ્ત્રીઓનાં કર્તવ્યો સંબંધી પોતાનું વ્યાખ્યાન ચલાવ્યું હતું. આ વ્યાખ્યાન તેમણે અગાઉથી લખી રાખ્યું નહોતું. ફક્ત તેમણે પોતે રચેલાં કેટલાંક પદો તથા શ્લોકો એક કાગળ ઉપર નોંધી રાખ્યાં હતાં અને એક પછી એક એ શ્લોકો અને પદોને લગતી બાબતો ઉપર વિવેચન કરતાં, વેદ અને પુરાણોમાંથી બંધબેસતી વાર્તાઓથી પોતાના એ વ્યાખ્યાનને તેમણે સારી રીતે શણગાર્યું હતું. શ્રોતાઓ તેમની છટાથી મોહિત થઇને, એકચિત્તે ઊલટથી ભાષણ સાંભળતા હતા. આ પ્રમાણે તેમણે કાશ્મીરની સ્ત્રીઓમાં વિદ્યાનો શોખ ઉત્પન્ન કર્યો હતો. પ્રભુ આપણા દેશમાં એવી અનેક સાધ્વીઓ ઉત્પન્ન કરો!!

૧૪૦–શ્રીમતી કાદમ્બિની ગાંગુલી

બંગાળી સ્ત્રીઓમાં સૌથી પ્રથમ બી. એ.,ની પરીક્ષા પાસ કરનાર બે સન્નારીઓમાં એક શ્રીમતી કાદમ્બિની ગાંગુલી હતાં અને બીજાં સન્નારી શ્રીમતી ચંદ્રમુખી વસુ હતાં. એમ પણ કહેવાય છે કે, આખા બ્રિટિશ સામ્રાજ્યમાં એ પ્રથમ ગ્રેજ્યુએટ સન્નારી હતાં.

મિસિસ કાદમ્બિની ગાંગુલીનો પૈતૃક નિવાસ પૂર્વ બંગાળાના એક ગામડામાં હતો. તેમના પિતા બહેરામપુરમાં નોકરી કરતા હતા. તેમણે જૂના મત પ્રમાણેના હિંદુધર્મને છોડી દઇને બ્રાહ્મોધર્મ ગ્રહણ કર્યો હતો. ધર્મની ખાતર તેમને ન્યાતજાતની બહાર રહેવું પડ્યું હતું. ધર્મના કારણસર પોતાના વતનના નિવાસીઓ સાથે પણ એમને ઝાઝો સંબંધ રહ્યો નહોતો. કાદમ્બિનીએ નાનપણથીજ પશ્ચિમ બંગાળામાં વાસ કર્યો હતો. બેથ્યૂન કૉલેજમાં અભ્યાસ કરીને તેમણે બી. એ.ની પરીક્ષા ઈ૦ સ૦ ૧૮૮૩ માં ઉત્તીર્ણ કરી હતી. ત્યાર પછી સ્વદેશહિતૈષી, સુલેખક અને તેજસ્વી પુરુષ દ્વારકાનાથ ગાંગુલી સાથે તેમનું લગ્ન થયું હતું. દ્વારકાનાથ ગાંગુલીનો જન્મ વિક્રમપુરના એક ઘણા સારા કુલીન કુટુંબમાં થયો હતો. તેમના અંતઃકરણમાં પુરુષોચિત તેજ અને નારીઓના જેવી કોમળતા હતી. તરુણ વયમાંજ કુલીન કુમારિકાઓનાં દુઃખ જોઇને એ અશ્રુ વિસર્જન કરતા હતા. પાછળથી મોટી ઉંમરે સ્ત્રીજાતિનાં દુઃખ દૂર કરવાં, એ તેમના જીવનનું એક વ્રત થયું હતું. સ્ત્રીઓને ઊંચા પ્રકારનું શિક્ષણ તથા યોગ્ય સ્વતંત્રતા આપવાના એ ઘણા પક્ષપાતી હતા. તેમનાં પત્ની શ્રીમતી કાદમ્બિનીએ સ્વામીના ઉત્સાહથી ઉત્સાહિત થઇને વધારે ઉચ્ચ અને ઉપયોગી શિક્ષણ મેળવવાના હેતુથી મેડિકલ કૉલેજમાં પ્રવેશ કર્યો. એમના પહેલાં કોઇ બંગાળી મહિલાએ મેડિકલ કૉલેજમાં દાખલ થવાની હિંમત કરી ન-

હોતી. એક સમય એવો પણ હતો કે, ઊંચી ન્યાતના બંગાળી યુવકોને માટે મેડિકલ કૉલેજમાં દાખલ થવું, એ વીરતાનું કાર્ય ગણાતું, તો પછી એક અબળાને માટે એવી કૉલેજમાં દાખલ થવું, એ ઓછા સાહસની વાત હતી ? શ્રીમતી કાદમ્બિનીએ લોકનિંદા ઉપર જરા પણ ધ્યાન ન આપ્યું અને અનેક અગવડો વેઠીને પણ પાંચ વર્ષ સુધી દઢતાથી મેડિકલ કૉલેજમાં શિક્ષણ મેળવ્યું. એ ઉપરથી તેમના ચિત્તની દઢતાનો પરિચય મળી આવે છે. એ પણ એમના સ્વામીના જેવાં તેજસ્વી રમણી હતાં.

મિસિસ ગાંગુલી મેડિકલ કૉલેજની છેવટની પરીક્ષા પાસ કરી શક્યાં નહિ; પરંતુ એટલેથી નિરાશ ન થતાં, તેમણે વિલાયત જવાનો સંકલ્પ કર્યો અને વિલાયતમાં થોડાક વખત સુધી ચિકિત્સાશાસ્ત્રનો અભ્યાસ કરીને, એલ. આર. સી. પી.ની ઉપાધિ પ્રાપ્ત કરી. એમના પહેલાં કોઇ બંગાળી સ્ત્રીએ ડૉક્ટરનો ધંધો કર્યો નહોતો. બંગાળી સ્ત્રીઓમાં પડદાનો રિવાજ ઘણોજ વધારે હોવાથી, શ્રીમતી કાદમ્બિની ડૉક્ટર બનવાથી સ્ત્રીઓને ઘણી મોટી સગવડ થઇ. બંગાળી સ્ત્રીઓ એટલા માટે તેમના ઘણા આભાર તળે છે. મિસિસ ગાંગુલીને પોતાની માતૃભાષા બંગાળી ઉપર ઘણી પ્રીતિ હતી. એ ભાષાનો તેમણે સારી રીતે અભ્યાસ કર્યો હતો અને સારા લેખ લખવાની શક્તિ એમનામાં હતી; પરંતુ અવકાશને અભાવે તેઓ સાહિત્યસેવા કરી શકતાં નહોતાં. વિલાયત જઇ આવ્યા પછી સુંદર ભાષામાં તેમણે પોતાનો ભ્રમણવૃત્તાંત લખ્યો હતો. એ વૃત્તાંત "સંજીવની" પત્રમાં પ્રકટ થયો હતો. તેમણે એક વખત "ભારતમહિલાસમિતિ" ના ઉત્સવમાં એક સારો પ્રબંધ વાંચ્યો હતો. જે "તત્ત્વકૌમુદી" પત્રિકામાં છપાયો હતો; એમાંનો થોડાક ભાગ અહીં આપ્યો છેઃ-

"આજ અત્રે આપણે આપણા કર્તવ્ય સંબંધી થોડું વિવેચન કરીશું. એ સંબંધમાં અનેક મત હોઇ શકે. મારા મત મુજબ આપણાં ચાર પ્રકારનાં કર્તવ્ય છે. એ બધાં કર્તવ્યોનું પાલન કરી શકાય, તો પછી આપણો સમય વૃથા ગયો નથી અને આપણે પોતપોતાની શક્તિ અનુસાર જીવનને સુંદર અને ખરે રસ્તે ચલાવવાને યત્ન કર્યો છે, એમ ખાતરીપૂર્વક કહી શકાય. એ ચાર કર્તવ્ય કયાં છે? (૧) આપણા પોતાના પ્રત્યેનું કર્તવ્ય, (૨) પરિવારપ્રતિ કર્તવ્ય, (૩) સમાજપ્રતિ કર્તવ્ય અને

(૪) જગતના પતિ ઇશ્વરના પ્રતિ કર્તવ્ય."

× × × ×

"સ્ત્રીઓને પરિવારની તરફ જે કર્તવ્ય બજાવવાનું છે, તે અત્યંત સુંદર અને મહાન છે. નારી સ્વભાવથીજ કોમળહૃદયા અને કરુણપ્રાણા હોય છે. ઘરમાં વ્યવસ્થા અને શાંતિ સ્થાપિત થાય, એવો યત્ન સ્ત્રીએ કરવો જોઇએ. જુદા જુદા દેશોની વચ્ચે ચાલતા યુદ્ધના સમાચાર સાંભળીને આપણે પીગળી જઈએ છીએ; રક્તપાત અને માનવજીવનના નાશના સમાચાર સાંભળી આપણે દુઃખી થઈએ છીએ; છતાં પણ ઘરમાં જે અશાંતિનો અગ્નિ સળગી રહ્યો છે, તે તરફ તો આપણે ધ્યાનજ નથી આપતાં. જે જે કારણોથી જુદા જુદા દેશોની વચ્ચે યુદ્ધ અને જુદી જુદી પ્રજાઓ વચ્ચે કલહ ઉપસ્થિત થાય છે, તેમાંનાંજ ઘણાં કારણોને લીધે ગૃહમાં પણ શાંતિનો ભંગ થાય છે. સામાન્ય બનાવ કે સામાન્ય વાત ઉપરથી આપણે આખી જિંદગી સુધી એ અશાંતિનો ભાર વહન કરીએ છીએ. આપણે પોતાનો દોષ નહિ જોતાં બીજાઓનો દોષ જોઇએ છીએ અને તે સંબંધી ચિંતા કરીને ધીમે ધીમે એ બાબતને વધારી મૂકીએ છીએ, એનું મૂળ શું છે? મારા વિચાર પ્રમાણે એનું મૂળ કારણ અપ્રેમ છે. જો પ્રેમ હોય, તો કદી આપણે પ્રિયજનનો વાંક કાઢવાનો યત્ન કરીશું નહિ અને અશાંતિનો અગ્નિ કદી સળગશે નહિ."

× × × ×

"આપણા ધર્મબંધુઓ અને ભગિનીઓ પ્રતિ આપણે આંતરિક પ્રેમ રાખવો જોઇએ. કોઇનો દોષ જોવામાં આવે અથવા કોઇનામાં દુર્બળતા દીઠામાં આવે, તો વ્યથિત ચિત્તે તેનો ઉદ્ધાર કરવાની ઇચ્છા આપણને સ્વતઃ થવી જોઇએ અને એવાજ વિચારથી પ્રેરાઇને કોઇ આપણી દુર્બળતા આપણને દેખાડી આપે, તો અંતઃકરણના સદ્ભાવપૂર્વક તેનો ઉપકાર માનીને એ ભૂલ સુધારવા યત્ન કરવો જોઇએ. એ દુર્બળતા બતાવવા સારૂ સામા માણસ ઉપર કદી ગુસ્સો કે દ્વેષ ન કરવો જોઇએ. સ્ત્રીની મદદ વગર આજ સુધી કોઈ પણ સમાજની ઉન્નતિ થઇ શકી નથી અને થઇ શકવાની નથી. બ્રાહ્મોસમાજનું મુખ ઉજ્જવળ થાય, એવાં કૃત્ય કરવાની આપણી ફરજ છે. જેમણે આપણને સ્વતંત્રતા આપી છે, શિક્ષણ અને ધર્મલાભની સગવડ કરી

આપી છે અને કરી આપે છે, તે બધા સ્નેહાળ ભાઈઓ આપણું જીવન, આપણી વર્તણુંક અને સારાં કામો કરવાની આપણી અંતઃકરણની ઇચ્છા જોઇને પ્રસન્ન થાય તથા એમનો શ્રમ સફળ થાય એવા પ્રયત્ન આપણે સૌએ કરવા જોઇએ."

શ્રીમતી ગાંગુલીએ એ પ્રબંધના અંતમાં કહ્યું હતું કે, "વિશ્વજગત સમાજ આપણા દ્વારા ધન્ય થાય અને કુટુંબમાં આપણે કલ્યાણી કન્યા, પ્રીતિમયી ભગિની, પરમ સ્નેહમયી માતા અને લક્ષ્મીરૂપી ગૃહિણી તથા કોમળહૃદયા સાંત્વનાદાયી બંધુરૂપે જગતમાં જીવન ગાળી શકીએ; એજ મહાન પરમેશ્વરના ચરણમાં પ્રાર્થના છે."

એ વિદુષી સ્ત્રીના વિચારોનો પરિચય ઉપરના શબ્દોથી વાચક બહેનોને મળી શકશે. તેમણે પોતે એ શબ્દો ઉપર બનતો અમલ કર્યો છે. એમનો સંસાર સુખી છે. એમનાં સંતાન પણ સુશિક્ષિત છે. એમની બીજી કન્યા કુમારી જ્યોતિર્મયી ગાંગુલીએ બી. એ.ની પરીક્ષા પાસ કરી છે.

વિલાયતથી પાછાં ફર્યાં પછી શ્રીમતી કાદમ્બિનીએ "ઇડન ફિમેલ હૉસ્પિટલ" અને "લેડી ડફરિન હૉસ્પિટલ" માં કામ કર્યું અને લોકોની પ્રશંસા મેળવી.

કેવળ દાક્તરી ધંધો કરીનેજ એમણે સંતોષ ન માન્યો, અનેક પ્રકારનાં સ્વદેશસેવાના કાર્યમાં એ જોડાયાં હતાં. દેશહિત તરફ એમનું ધ્યાન ખેંચાતાં રાજનીતિના ક્ષેત્રમાં પણ એમણે પ્રવેશ કર્યો હતો. ઇ૦ સ૦ ૧૮૯૦ માં કલકત્તાની કૉંગ્રેસમાં એમને બંગાળાનાં પ્રતિનિધિ તરીકે ચૂંટવામાં આવ્યાં હતાં. એ કૉંગ્રેસમાં એમણે હાજરી આપી એટલુંજ નહિ, પણ એક વ્યાખ્યાન પણ આપ્યું હતું. કૉંગ્રેસમાં ભાષણ આપનાર એ પ્રથમ નારી હતાં. ટ્રાન્સવાલમાં વસતા હિંદવાસીઓના હકના રક્ષણ સંબંધી હિલચાલમાં પણ એમણે આગળ પડતો ભાગ લીધો હતો. ઇ૦ સ૦ ૧૮૯૮ માં એમના પતિદેવનો સ્વર્ગવાસ થયો. પતિ એમના સર્વ શુભ કાર્યના પ્રેરક અને સહાયક હતા. એ પોતાના એક કાવ્યમાં પોતાનો વિચાર દૃઢતાપૂર્વક પ્રગટ કરી ગયા છે કે, "ભારતલલના જાગશે નહિ, ત્યાં લગી ભારત નહિ જાગે, નહિ જાગે." એવા યોગ્ય પતિના વિયોગથી કાદમ્બિનીને

ઘણો અસહ્ય ઘા લાગ્યો. એમણે સાર્વજનિક કામોમાં ભાગ લેવાનું છોડી દીધું; પરંતુ ઇ૦ સ૦ ૧૯૧૫ માં ' મેડિકલ કૉન્ફરન્સ '-માં ભાગ લેવાને એમને બહુ આગ્રહ થયો; એ આગ્રહને વશ થઈને પરિષદમાં હાજરી આપી, સ્ત્રીવિદ્યાર્થીનીઓને વૈદક કૉલેજમાં દાખલ થવાનો કલકત્તા યુનિવર્સિટીનો નિષેધ દૂર કરાવ્યો.

૧૯૨૨ માં બિહાર અને ઓડિસ્સા પ્રાંતમાં ફરીને ત્યાંની મજૂરણોની સ્થિતિ સુધારવા એમણે ઘણું કામ કર્યું હતું.

ઇ૦ સ૦ ૧૯૨૩ માં એ વિદુષી નારીનું મૃત્યુ થયું.

१४१–पंडित नानुरामजीनी दुहिता

સ્વર્ગવાસી પંડિત નાનુરામજી હાલમાંજ એક પ્રસિદ્ધ વિદ્વાન થઇ ગયા છે. મારવાડ પ્રાંતના રત્નગઢ ગામમાં પંડિતજીનો નિવાસ હતો.

મારવાડી વૈશ્ય લોકોએ સેંકડો વર્ષોથી યજ્ઞોપવીત પહેરવાનું છોડી દીધું હતું. જે લોકોની ઇચ્છા દ્વિજોને માટેના એ આવશ્યક સંસ્કાર કરાવવાની થતી, તે લોકો પણ ખર્ચના ભયથી ચૂપ થઇ જતા, કારણકે મારવાડના બ્રાહ્મણોએ ત્યાંના વૈશ્યો ઉપર એટલો બધો પ્રભાવ જમાવ્યો હતો કે, જો તેમને હાથે મારવાડી વૈશ્યો યજ્ઞોપવીત સંસ્કાર કરાવતા, તો એ ઘણા રૂપિયા દક્ષિણાને બહાને લેતા. પંડિત નાનુરામજીએ સાબિત કરી આપ્યું કે, એટલું બધું ખર્ચ કરવું મિથ્યા છે. એમણે થોડા ખર્ચમાં યજ્ઞોપવીતની વિધિ મારવાડી વૈશ્યોને બતાવી દીધી.

એ ઉપકારથી મારવાડમાં પંડિતજીની ખ્યાતિ ઘણી થઇ. ત્યાંથી એ મુંબઈ આવ્યા. તેમના મુંબઇ આવ્યાથી લોકોને ગૌડબ્રાહ્મણો માટે સારો અભિપ્રાય બંધાયો. પંડિત નાનુરામજી મુંબઈની એલ્ફિન્સ્ટન કૉલેજમાં સંસ્કૃતના અધ્યાપક નિમાયા. એ યોગ્યતાને લીધે વિદ્વાનોના સમાજમાં પણ તેમનું સારૂં માન હતું. વિદ્વાનોએ તેમને ' વેદમૂર્તિ 'ની ઉપાધિથી નવાજ્યા.

એજ વેદમૂર્તિ સ્વર્ગવાસી પંડિત નાનુરામજીને એક છોકરી

હતી. તે સતી થયાના સમાચાર થોડાક માસ ઉપર મળ્યા છે. મારવાડ રાજ્યના મલસીતર ગામમાં એ કન્યાનું લગ્ન થયું હતું. તેની ઉંમર અઢારઓગણીસ વર્ષની હતી. એ છોકરીનો પતિ લગભગ એક વર્ષ સુધી માંદો રહ્યો હતો. ઘણા ઇલાજ કર્યા, છતાં પણ એ સાજો ન થયો અને આખરે સંવત ૧૯૬૮ ના અધિક આષાઢ વદિ પાંચમને દિને મરણ પામ્યો.

પતિનું મૃત્યુ થયા પછી, પંડિત નાનુરામજીની પુત્રીએ પતિની સાથે સતી થવાની ઇચ્છા પ્રગટ કરી; પણ આજકાલ સતી થવું એ કાયદા વિરુદ્ધ ગણાય છે; એટલે લોકોએ તેને સતી થતાં રોકી. લોકોના અટકાવ્યાથી એ અટકી ગઇ; પરંતુ જે વાસ્તવમાં સતી થવા માગે છે, તેના હૃદય ઉપર એવી અડચણોની ઘણી થોડી અસર થાય છે. બધાનું કહેવું માનીને બાહ્ય આડંબરો છોડી દઇને પતિદેવનું સ્મરણ કરતી એ એકાંતમાં જઇને બેઠી.

એકાંતમાં બેસીને આગ, પાણી, શસ્ત્ર વગેરે કોઇ પણ પ્રકારના આત્મહત્યાના સાધનની મદદ લીધા વગર, એ સતી સાધ્વીએ યોગીરાજની પેઠે આખા શરીરનો પ્રાણવાયુ ખેંચીને બ્રહ્મરંધ્રદ્વારા પ્રાણત્યાગ કર્યો. આ પ્રમાણે એ સતી પતિની અનુગામિની થઈ. એ સમાચાર સાંભળીને આખા ગામમાં હાહાકાર મચી ગયો. આ ઘોર કલિયુગમાં પાતિવ્રત્યધર્મના માહાત્મ્યનું લોકોને ફરીથી એક વાર સ્મરણ થયું. પતિપત્ની બન્નેનો એકજ ચિતા ઉપર અગ્નિસંસ્કાર કરવામાં આવ્યો. રત્નગઢના એક વિદ્વાન પંડિત ચતુર્થીલાલજીના પત્રદ્વારા આ સમાચાર વર્તમાનપત્રોને મળ્યા હતા. એમાં સંદેહ નથી કે, એવી પતિવ્રતા સ્ત્રીઓ હિંદુઓને માટે ગૌરવરૂપ છે. નાનુરામજીની એ પતિવ્રતા પુત્રી એક પાંચ વર્ષનો પુત્ર મૂકતી ગઇ છે. ભગવાન એ બાળકને દીર્ઘાયુષી કરે અને એના દ્વારા માતપિતાની કીર્તિમાં વધારો થાય!



૧૪૨–શ્રીમતી ભંડારુ અચમંબા

આ સન્નારીનો જન્મ ઈ. સ. ૧૮૭૪માં, મદ્રાસ પ્રાંતમાં, કૃષ્ણા જિલ્લામાં, કંચેલા ગામમાં થયો હતો. તેમના પિતા કોમારા ગુવેન્કટપ્પીયા ગુરુ મુનગલા સંસ્થાનના દીવાન હતા. શ્રીમતી અચમંબાનું વય પાંચ વર્ષનું હતું, તે સમયે તેમના પિતાનું મૃત્યુ થયું. દસ વર્ષની વય સુધી તેમણે પોતાના ઓરમાન ભાઈની સાથે નિવાસ કર્યો. એજ બાળવયે તેમનું લગ્ન કરવામાં આવ્યું. તેમના લગ્ન પછી તેમના ઓરમાન ભાઈ પણ મરણ પામ્યા અને શ્રીમતી અચમંબા, તેમના નાના ભાઈ તથા તેમનાં માતુશ્રી, ત્રણે જણાં તેમના પતિની પાસે આવી રહ્યાં. શ્રીમતી અચમંબાના પતિ, એ સમયે મધ્ય પ્રાંતમાં નોકરી કરતા હતા. અચમંબાને એ વખત સુધીમાં લખતાંવાંચતાં આવડતું નહોતું. પતિને ઘેર આવ્યા પછી તેમણે પોતાના ભાઈની સાથે માતૃભાષા તેલુગુનો તથા હિંદીનો અભ્યાસ શરૂ કર્યો. ભાઈ કરતાં તેનામાં વધારે બુદ્ધિ અને સમજશક્તિ દૃષ્ટિગોચર થતાં હતાં; પરંતુ થોડા સમયમાં એમને ભાઈથી છૂટા પડવું પડયું; કારણકે ભાઈને કૉલેજના શિક્ષણને માટે નાગપુરમાં રહેવું પડતું અને અચમંબાને પતિની સાથે બહારગામ રહેવું પડતું. એથી કરીને તેમના શિક્ષણમાં ઘણી મોટી અડચણ આવી; તેમનાથી નિશાળે જવાય એમ નહોતું, તેમજ એમને માટે પતિએ કોઈ જુદો શિક્ષક રાખ્યો નહોતો; પરંતુ તેમની જ્ઞાનપિપાસા ઘણી વધી પડી હતી. પતિએ પણ તેમની એ તૃષ્ણા તૃપ્ત કરવામાં મદદ કરી. પતિની મદદથી તેમણે તેલુગુ અને મરાઠી ભાષાનાં સારાં પુસ્તકોનો અભ્યાસ કર્યો. ઘરનાં કામકાજમાંથી જે થોડોઘણો અવકાશ મળતો, તેનો ઉપયોગ તે નવરાં બેસી

રહેવામાં કે કજિયાટંટામાં અને મિથ્યા કાથાકૂથલીમાં નહિ કરતાં, પુસ્તકોના અધ્યયનમાંજ કરતાં. તેમના નાના ભાઈ જ્યારે રજાઓમાં એમને ઘેર જતા, ત્યારે એમની પાસે પણ અચમંબા શિક્ષણ મેળવતાં. એણે અચમંબાને સારાં સારાં અંગ્રેજી પુસ્તકોનો સાર તેલુગુ ભાષામાં કહી સંભળાવ્યો અને આધુનિક સમયમાં દેશમાં વિવિધ વિષયના જે મહાન પ્રશ્ન ચર્ચાય છે, તે સંબંધી વાદવિવાદ કરવા માંડ્યો. એ કામમાં અચમંબાને ઘણો રસ પડવા લાગ્યો. ધીમે ધીમે તેમણે તેલુગુ અને મરાઠી ભાષા ઉપર ઘણો સારો કાબૂ મેળવ્યો અને હિંદી, મરાઠી, ગુજરાતી તથા અંગ્રેજી ભાષાનું પણ થોડું થોડું જ્ઞાન મેળવ્યું. ઇતિહાસ, જીવનચરિત્ર અને વિજ્ઞાનશાસ્ત્રનાં પુસ્તકો વાંચવામાં તેમને ઘણો રસ પડતો હતો. મનની વૃત્તિઓને ખાલી ઉશ્કેરનારાં, નવલકથા આદિનાં પુસ્તકો વાંચવા તરફ તેમની અભિરુચ નહોતી.

તેમના વિચાર ઘણા ઉન્નત હતા. સંસારસુધારાના કાર્ય તરફ તેમને ઘણી દિલસોજી હતી. તેમના દિયરે એક બાળવિધવા સાથે લગ્ન કર્યું, ત્યારે તેમણે એ જોડાને દરેક પ્રકારની મદદ આપી હતી અને ખુલ્લી રીતે તેમની સાથે પ્રથમના જેવોજ ઘાડો સંબંધ રાખ્યો હતો. એ વખતે જ્ઞાતિબંધુઓના ત્રાસની તેમણે જરા પણ પરવા કરી નહોતી.

શ્રીમતી અચમંબા એકેશ્વરવાદી હતાં અને તેમના ધાર્મિક વિચારો આર્યસમાજના સિદ્ધાંતોને અનુકૂળ હતા. પોતાના મૃત્યુનાં બેત્રણ વર્ષ પહેલાં તેમણે સ્વદેશીવ્રત અંગીકાર કર્યું હતું. એ દિવસથી એ કેવળ સ્વદેશમાં બનેલી વસ્તુઓજ વાપરતાં.

યુવાવસ્થામાં તેમના એકના એક પુત્ર તથા એકની એક કન્યાનું મૃત્યુ નીપજ્યું. માતાને સંતાન વિયોગથી ઉત્પન્ન થતું સ્વાભાવિક દુઃખ તેમને પણ ઊપજ્યું, પરંતુ તેમના ભાઈએ આશ્વાસન આપતી વખતે નાગોજી ભટ્ટના એક સંસ્કૃત શ્લોકનું સ્મરણ કરાવીને કહ્યું કે, "ચિરસ્થાયી પુસ્તકો એ મનુષ્યનાં ખરાં સંતાન છે." એ દિવસથી શ્રીમતી અચમંબાએ પુસ્તકોના અભ્યાસમાં ચિત્તને વિશેષ પરોવ્યું અને લોકોપયોગી પુસ્તકો રચવાનો પણ સંકલ્પ કર્યો. એમણે તેલુગુ ભાષામાં સ્ત્રીઓને સારૂ પ્રકટ થતાં માસિકોમાં નિયમિત રીતે લેખ લખવા શરૂ કર્યા. ઉન્નત વિચારો, સરળ ભાષા તથા ઉત્તમ શૈલીને લીધે

તેમના લેખ વાચક વર્ગમાં ઘણા પ્રિય થઈ પડતા હતા. ત્યાર પછી તેમણે તેલુગુ ભાષામાં "અબળા સચ્ચરિત્ર રત્નમાલા" નામનું એક પુસ્તક પ્રકટ કર્યું. એ પુસ્તકના ત્રણ ભાગ છે. પ્રથમ ભાગમાં ઐતિહાસિક હિંદુ સ્ત્રીઓનાં ચરિત્ર છે. બીજા ભાગમાં વૈદિકયુગની સન્નારીઓનાં ચરિત્રો અને ત્રીજા ભાગમાં વિદેશી રમણીઓનાં ચરિત્રો આલેખ્યાં છે.

શ્રીમતી અચમંબા જણાવે છે કે, "આ પુસ્તક લખવામાં મારો ઉદ્દેશ એ છે કે, જે લોકો એમ કહે છે કે, સ્ત્રીઓ બુદ્ધિ, નૈતિક બળ, વિશ્વાસપાત્રતા અને રાજ્યદ્વારી ગુણોમાં પુરુષોથી સ્વાભાવિક રીતે ઉતરતી છે, તેમના કથનને જૂઠું પાડવું અને બતાવવું કે, જો યોગ્ય શિક્ષણ અને સગવડ આપવામાં આવે, તો સ્ત્રીઓ પણ દરેક વિષયમાં ઉત્તમ પુરુષની બરોબરી કરી શકે." એમનાં એ પુસ્તકો કદમાં પણ ઘણાં મોટાં છે અને આધુનિક સમયની સ્ત્રીઓની દશાનું તથા તેમની ઉન્નતિને લગતા પ્રશ્નોનું પણ એમાં પ્રસંગોપાત સારૂં વિવેચન કર્યું છે.

મૃત્યુનાં બેએક વર્ષ પહેલાં, પોતાના પતિની સાથે શ્રીમતી અચમંબા સ્વદેશમાં ગયાં હતાં અને ત્યાંનાં વિવિધ શહેરોના સ્ત્રીસમાજમાં ઉપદેશપ્રદ વ્યાખ્યાન આપ્યાં હતાં.

તેઓ વારંવાર કહ્યા કરતાં કે, "કેળવાયલી સ્ત્રીઓને માથે એક ગંભીર ફરજ રહેલી છે અને તે એ છે કે, તેમણે પોતાનાં આચરણ એવાં શુદ્ધ, સાદાં અને પવિત્ર રાખવાં જોઇએ કે, એમનું જીવન બીજી સ્ત્રીઓને નમૂનારૂપ થઇ પડે." શ્રીમતી અચમંબાએ પોતાના એ સિદ્ધાંતનું અક્ષરશઃ પાલન કર્યું હતું. એ એક ઉત્તમ ગૃહિણી હતાં. રસોઇના કામમાં એ ઘણાંજ કુશળ હતાં. વિનયી તો એટલા બધાં હતાં કે, એમને જોનાર માણસ એકદમ એમ ન કહી શકે કે, આ સન્નારીએ ઊંચા પ્રકારનું શિક્ષણ મેળવ્યું હશે. તેમની પતિભક્તિ તથા કુટુંબવત્સલતા પણ અનુકરણીય અને પ્રશંસાપાત્ર હતાં. પોતાનું પુસ્તક 'અબલા સચ્ચરિત્ર રત્નમાલા' તેમણે પતિનેજ સમર્પણ કર્યું છે.

એક વખત તેમણે દસ વર્ષના એક હિંદુસ્તાની બાળકને નિરાધાર અવસ્થામાં દીઠો. તેમને એ બાળક ઉપર ઘણી દયા ઊપજી, તેથી તેને પોતાને ઘેર લઇ ગયાં અને પોતાના સંતાનની

પેઠે ઉછેરીને મોટો કર્યો તથા કેળવ્યો. એવીજ રીતે દુકાળની છાવણીમાંથી માતપિતાએ ત્યજી દીધેલા એક ત્રણ મહિનાના બાળકને ઉપાડી લાવીને, તેનું પોતાનાજ પુત્રની પેઠે લાલન-પાલન કર્યું હતું. આ પરથી તેમના દયાળુપણાનો પરિચય મળે છે.

મુંબઇમાં ભરાયેલી સંસારસુધારા પરિષદ તથા મહિલા પરિષદમાં તેમણે ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. ત્યાંથી આવ્યા પછી તેમને તાવ લાગુ પડ્યો અને એજ વ્યાધિથી ૧૮મી જાન્યુઆરી ૧૯૦૫ને દિને ૩૧ વર્ષની જુવાન વયે તેમનું અકાળ મૃત્યુ નીપજ્યું. ઇશ્વર એવી સ્વદેશપ્રેમી સન્નારીના આત્માને શાંતિ આપો !!

૧૪૩–દેવી અમરો

એ દેવી પ્રસિદ્ધ શીખગુરુ અંગદજીની પુત્રી હતી. તેનું લગ્ન અમરદાસ નામના એક યુવક સાથે થયું હતું. પિતાના સહવાસને લીધે તેનામાં અપૂર્વ ધાર્મિકતાનો વિકાસ થયો હતો. ઇશ્વરભજનમાં તેનો ઘણો સમય જતો હતો. તેમના પતિ અમરદાસને યૌવનના આરંભમાં ધર્મ પ્રત્યે અધિક રુચિ નહોતી. ગુરુ નાનક શીખધર્મનો બોધ કરી રહ્યા હતા, તે વખતે એ કદી પણ એમનો ઉપદેશ સાંભળવા ગયા નહોતા. ગુરુ અંગદજીનો બોધ પણ તેમણે સાંભળ્યો નહોતો; પરંતુ પરમ ભક્તિમતી પત્નીને લીધે એમના જીવને ધાર્મિક પલટો ખાધો. એક દિવસ તે ધર્મપરાયણા સ્ત્રી પ્રાતઃકાળે ઊઠીને પોતાના ઇષ્ટ-ગુરુનાં રચેલાં પદ લલકારતી હતી. અમરદાસની ધર્મજિજ્ઞાસા એ પદ સાંભળતાં જાગૃત થઇ અને પથારીમાં સૂતાં સૂતાં ધ્યાન-પૂર્વક એ ભજન સાંભળવા લાગ્યા. પદ પૂરૂં થતાંજ અમરદાસે અમરોને કહ્યું કે, “ મને તારા પિતા પાસે લઈ જા.” તે તેમને અંગદજીની પાસે લઇ ગઇ અને તે પછી તેમની ભક્તિ એટલી બધી વધી પડી કે, અંગદ પછી તે ત્રીજા ગુરુ થયા.

એક સ્ત્રીદ્વારા પોતાની આ ઉન્નતિ થયેલી હોવાથી ગુરુ અંગદ સ્ત્રી–જાતિ પ્રત્યે ઘણોજ પૂજ્ય ભાવ રાખતા હતા.

१४४–सरला दास

જે સરળહૃદયા બાલિકા સરલાનું ચરિત્ર અમે ટૂંકમાં અત્રે આલેખવા માગીએ છીએ, તેણે આ સંસારમાં ત્રેવીસ વર્ષ અને છ માસનું અલ્પ જીવન ગાળીને આ સંસારનો ત્યાગ કર્યો છે; છતાં પણ એ અલ્પ જીવનની જે હકીકત મળી આવે છે, તે જોતાં ખાતરી થાય છે કે, સરલા બંગાળાની એક વિદુષી મહિલા હતી.

સરલા રંગુનના સુપ્રસિદ્ધ બૅરિસ્ટર શ્રીયુત પૂર્ણચંદ્રસેન મહાશયની કન્યા હતી. શ્રીયુત પૂર્ણચંદ્રનું નિવાસસ્થાન ચટ્ટગ્રામ હતું. સરલાની વય જ્યારે માત્ર છ માસની હતી, ત્યારે તેની માતા તેને લઇને રંગૂન ગઇ હતી. તેણે રંગૂન વિભાગની પ્રાયમરી પરીક્ષા પસાર કરીને સૌથી ઊંચો નંબર મેળવ્યો અને માસિક આઠ રૂપિયાની છાત્રવૃત્તિ પ્રાપ્ત કરી.

સરલામાં એક પ્રકારની પ્રતિભા પણ રહેલી હતી. તેના પિતા શ્રીયુત પૂર્ણચંદ્રે તેની એ પ્રતિભા તથા વિદ્યાનુરાગથી પ્રસન્ન થઇને તેને વિદ્યાભ્યાસ સારૂ રંગૂનથી કલકત્તા મોકલી આપી. અગિયાર વર્ષની વયે સરલા બેથ્યુન બૉર્ડિંગ હાઉસમાં દાખલ થઈને ભણવા લાગી.

એ સમયે બંગાળાના એક વિદ્વાન લેખક શ્રીયુત અમૃતલાલ બસુ સાથે સરલાને મેળાપ થયો હતો.

શ્રીયુત બસુ મહાશય લખે છે કે, "એ સમયે સરલાની વય તેર વર્ષની હતી એ વાત ખરી, પણ તેની સરળતા અને હસમુખો ચહેરો જોતાં તેને બાળક કહેવાનું મન થતું. સરલા કોઇ કોઇ વખત એવા એકએ પ્રશ્ન પૂછતી કે, એ સાંભળીને હું તો અવાક થઇ જતો. એક દિવસ અમારા ઘરની એક વડીલ સ્ત્રીએ તેને કહ્યું હતું કે, 'સરલા! તું હવે મોટી થઇ છે, તારે હવે બધાની સાથે ભળવું એ વાજબી નથી.'

"સરલાએ પૂછ્યું: 'કેમ, એથી શું થાય? બાબુને હું ચાહું છું; તો પછી એમને મળું નહિ?'

"સરલાનો જવાબ સાંભળીને એ સ્ત્રી હસવા લાગી."

સરલામાં એટલી બધી સ્વતંત્રતા હોવાનું એક ખાસ કારણ હતું. બાલ્યાવસ્થાથીજ એ અંગ્રેજ મહિલાઓના સહવાસમાં રહીને ઊછરી હતી. રંગૂનમાં એ કેટલોક સમય કૉન્વેન્ટમાં ભણી હતી. બાલ્યાવસ્થામાં તો એ બંગાળીની છોકરી છે, એવું ઓળખી કાઢવું પણ અઘરૂં થઇ પડતું. તેના માથા ઉપર ઝુલફાદાર વાળ હતા, તેના મુખમાંથી ચોખ્ખી અંગ્રેજી ભાષા નીકળતી હતી; તેનો હાવભાવ, ચાલ, રહેણીકરણી બધું લગભગ અંગ્રેજ બાલિકાના જેવું હતું. સરલા પાંચ વર્ષની ઉંમરથીજ અંગ્રેજી ભાષામાં વાતચીત કરતી હતી; એટલે કલકત્તામાં આવી તે વખતે એ બંગાળી ભાષા શુદ્ધ રીતે બોલી શકતી નહોતી. દાર્જિલિંગમાં તેને બંગાળી ભાષા શીખવાનો ઘણો શોખ થયો હતો.

ઘણી નાની વયમાં સરળ સ્વભાવની અંગ્રેજ બાલિકાઓની સંગાથે રહેવાથી સરલામાં અપૂર્વ સરળતા આવી હતી એટલુંજ નહિ, પરંતુ બંગાળીઓના અનેક રીતરિવાજથી પણ એ અજાણી હતી. એક તેર વર્ષની બંગાળી છોકરીને બંગાળી સંસારનું જેટલું જ્ઞાન હોય, તેટલું જ્ઞાન સરલાને કોઇ પણ સંસારનું નહોતું; પરંતુ એ અજ્ઞાનતાથી તેને હાનિને બદલે લાભ થયો હતો. દુનિયાનું કોઇ મલિન ચિત્ર તેની નજરે પડયું નહોતું. સંસારની કોઇ પણ રેખા તેના ચિત્ત ઉપર અંકાઇ નહોતી. બાળકના મનની પેઠે તેનું હૃદય એટલું સરળ હતું કે, તેના મેળાપ માત્રથીજ તેના તરફ ચિત્તનું આકર્ષણ થતું.

સરલા બેથ્યુન કૉલેજની બીજી શ્રેણિમાં દાખલ થઇ, ત્યારે તેણે બીજી ભાષા તરીકે ફારસી છોડી દઇને બંગાળી લીધું અને તે પ્રવેશક પરીક્ષા બંગાળી ભાષામાં આપવા તૈયાર થઇ. બધા લોકો જાણતા હતા કે, સરલા બીજા સઘળા વિષયોમાં પાસ થશે, પણ બંગાળી ભાષાને લીધે તેને પ્રવેશકમાં નાપાસ થવું પડશે; પરંતુ જ્યારે પરીક્ષાનું પરિણામ બહાર પડયું, ત્યારે બધાએ આશ્ચર્ય સાથે જોયું કે, સરલા પહેલા વર્ગમાં પાસ થઇ હતી અને પરીક્ષામાં બેઠેલી છોકરીઓમાંથી સૌથી પહેલે નંબરે આવી હતી, ને માસિક વીસ રૂપિયાની સ્કૉલરશીપ મેળવી હતી;

એટલુંજ નહિ પણ બંગાળી ભાષામાં સૌથી પહેલે નંબરે પાસ થવા માટે તેને "કેશવચંદ્ર પ્રાઇઝ" પણ મળ્યું હતું. બંગાળી ભાષાનું આટલું બધું સારૂં જ્ઞાન સરલાએ ફક્ત બે વર્ષ પ્રયાસ કરીને સંપાદન કર્યું હતું. આગળ અમે જણાવી ગયા છીએ કે, સરલામાં ઊંચા પ્રકારની પ્રતિભા હતી. એ પ્રતિભાને બળે એ બંગાળાના નવયુગના સર્વશ્રેષ્ઠ કવિ રવીંદ્રનાથનાં ઊંચા પ્રકારનાં કાવ્યોનું સૌંદર્ય ગ્રહણ કરી શકતી. પરણ્યા પછી સરલા વારંવાર શ્રીયુત અમૃતલાલ બસુ સાથે સાહિત્ય ચર્ચા કરતી. રવીંદ્રનાથની રસભરી, મીઠી કવિતા તેને ઘણી પ્રિય હતી. સરલાના પત્રોમાં સાહિત્ય અને બ્રાહ્મોસમાજ સંબંધી વાતો વિશેષ દીઠામાં આવતી. નમૂના દાખલ એક પત્રમાંનો થોડોક ભાગ અત્રે ઉતારીશું:-

"'પ્રદીપ' વાંચ્યું છે. રવિબાબુની કવિતા ઘણી સરસ લાગી છે. "ભારતી" પણ આવે છે. રવિબાબુએ લખવા યોગ્ય લગભગ બધું એમાં લખી દીધું છે × × વ્યાખ્યાન પણ ઘણુંજ સરસ છે."

સોળ વર્ષની વયે સરલાએ એફ. એ.ની પરીક્ષા પહેલા વર્ગમાં પસાર કરીને આખી કલકત્તા યુનિવર્સિટીમાં નવમો નંબર મેળવ્યો. સરલાની પહેલાં એફ. વાય. એ.ની પરીક્ષા જેવું ઊંચું સ્થાન ઘણુંખરૂં કોઇ બંગાળી કન્યાએ મેળવ્યું નહોતું. ત્યાર પછી બે વર્ષે સરલાએ બી. એ.ની પરીક્ષા અંગ્રેજીમાં બીજા વર્ગના "ઓનર" સાથે પાસ કરી અને આખી કલકત્તા યુનિવર્સિટીમાં તેનો નંબર દસમો આવ્યો.

ત્યાર પછી સરલાએ એમ. એ.ને માટે તૈયારી કરી નહિ. એ સંબંધી તેણે નીચે પ્રમાણે ખુલાસો કર્યો છે: "કોઇ કોઇ મને પ્રેસિડેન્સી કૉલેજમાં દાખલ થઇને એમ. એ.નું ભણવાનો આગ્રહ કરે છે; પણ પુરુષોની સાથે બેસીને ભણતાં મને ઘણી શરમ આવે છે; તે ઉપરાંત મારો ભાઇ સુરેન એ વાતની વિરુદ્ધ છે. એ કહે છે કે, "મોટી બહેન! તું જો પ્રેસિડેન્સી કૉલેજમાં દાખલ થઈશ, તો હું કૉલેજ છોડી દઇશ."

ઈ. સ. ૧૮૯૭ ની ૧૧ મી ઑકટોબરે સ્વર્ગસ્થ દુર્ગામોહન-દાસના પુત્ર શ્રીયુત સતીશરંજન દાસ બૅરિસ્ટરની સાથે સરલાનું લગ્ન થયું. સાધારણ રીતે એવું જોવામાં આવ્યું છે કે, આપણા

દેશના યુવાન વિદ્યાર્થીઓ પરણ્યા પછી સરસ્વતી દેવી પાસેથી છેવટની વિદાય ગ્રહણ કરે છે; તો પછી ઘરસંસારની અનેક જંજાળોમાં પડ્યા પછી સ્ત્રીઓ સરસ્વતી દેવીને વીસરી જાય, એમાં કાંઇ આશ્ચર્યની વાત નથી. સરલાની જ્ઞાનસ્પૃહાનો ઉલ્લેખ અમે આ ચરિત્રમાં વારંવાર કરતા આવ્યા છીએ. એ જ્ઞાનસ્પૃહાને લીધે સરલાએ લગ્ન કર્યા પછી પણ વિદ્યાભ્યાસ છોડી દીધો નહિ. તે હંમેશાં નવાં પુસ્તકો વાંચતી અને તેના ઉપર વિચાર ચલાવતી. એ પુસ્તક વાંચવાથી પોતાને ઊપજેલા વિચારો દરરોજ એક નોંધપોથીમાં તે લખી રાખતી.

ત્યાર પછી સરલાએ બંગાળી ભાષામાં લેખો લખતાં શીખવાનો યત્ન કર્યો; પરંતુ બંગાળાના સુપ્રસિદ્ધ કવિ રવીંદ્રનાથ ઠાકુર, જેમને આપણા નામદાર વાઇસરોયે એશિયાના કવીશ્વરની ઉપાધિથી સંબોધ્યા છે, તેમણે સરલાને સલાહ આપી કે, “ તમે પહેલાં સંસ્કૃત ભણો, ત્યાર પછી બંગાળી ભાષા લખવાનો આરંભ કરો. સંસ્કૃત ભણ્યા વગર બંગાળી ભાષા ઉપર પૂરતો કાબૂ જામશે નહિ. ”

રવીંદ્રબાબુની આ શિખામણ માનીને સરલાએ સંસ્કૃત ભણવાનો સંકલ્પ કર્યો રવીંદ્રબાબુના આગ્રહથી તેમના ઘરના પંડિત શ્રીયુત શિવધન વિદ્યાર્ણવ મહાશયે સરલાને સંસ્કૃત ભણાવવાનો આરંભ કર્યો. નવી ભાષા શીખવાની શક્તિ સરલામાં ઘણી તીવ્ર હતી. થોડાક મહિનામાંજ તેણે સંસ્કૃત ભાષાનું સારૂં જ્ઞાન મેળવ્યું; પરંતુ હાય ! ક્રૂર મૃત્યુએ એટલામાંજ તેના ઉપર આક્રમણ કર્યું અને તેની ઇચ્છાઓ મનમાં ને મનમાંજ રહી ગઇ. સંસ્કૃતનો અભ્યાસ પણ પૂર્ણ થયો નહિ. બંગાળી ભાષામાં લેખ પણ લખી શકાયા નહિ. પંડિત વિદ્યાર્ણવ મહાશય તેને થોડા દિવસ સુધી ભણાવવામાંજ તેની સરળતા અને તેના અનેક સદ્ગુણોથી આકૃષ્ટ થયા હતા. વિદ્યાર્ણવ મહાશય વારંવાર તેના ગુણોનું વર્ણન લોકો આગળ કરે છે. તેનું વિસ્તૃત જીવનચરિત્ર લખવાની સામગ્રી પણ તેમણે એકઠી કરી છે; પરંતુ આળસને લીધે હજુ એ જીવનચરિત્ર તે લખી શક્યા નથી.

સરલા ઘણુંખરૂં અંગ્રેજી સાહિત્ય વાંચતી; તેથી કરીને અંગ્રેજી ભાષા તેને મનથી માતૃભાષા જેવી થઇ ગઇ હતી. એ પોતાની રોજનીશી પણ અંગ્રેજી ભાષામાં લખી રાખતી; પરંતુ

કેવળ અંગ્રેજી ભાષા ઉપર અધિકાર મેળવ્યાથી સરલાને તૃપ્તિ થઇ નહોતી. તેણે ફ્રેંચ ભાષાનું પણ ઉત્તમ પ્રકારે શિક્ષણ મેળવ્યું હતું. ફ્રેંચ ભાષામાંથી એક સારા પુસ્તકનો તેણે અંગ્રેજીમાં તરજૂમો કર્યો હતો. બંગાળી ભાષામાં કાંઇક લખવાની તેને ઘણી ઇચ્છા હતી. એ સંબંધી શ્રીયુત અમૃતલાલ બસુ સાથે તેને નીચે પ્રમાણે વાતચીત થઇ હતીઃ—

સરલાએ પૂછ્યુંઃ "મારા જીવનનો વિચાર કરતાં કરતાં હું નિરાશ થઇ જાઉં છું. હું શું કરૂં તે કાંઇ સમજાતું નથી. તમે બતાવો મારે શું કરવું ?"

અમૃત બાબુએ જણાવ્યું કે, "તમારામાં બુદ્ધિ છે, પ્રતિભા છે, હૃદયમાં મહત્ત્વાકાંક્ષા છે; તમે જો પ્રયત્ન કરો, તો ઘણું સારૂં કામ કરી શકો."

સરલાએ કહ્યુંઃ "તમે અને પંડિતજી તો હમેશાં મારી પ્રશંસા જ કર્યા કરો છો. તમે મને સલાહ તો કાંઇ નથી આપતા."

અમૃતબાબુએ સલાહ આપી કે, "બીજું કશું ન થાય, તો તમે સાહિત્યનું અનુશીલન કરો. વર્તમાનપત્રો અને માસિકોમાં લખવાનું શરૂ કરો. એ તો એક મનપસંદ કામ છે; એથી કરીને દેશને પણ ઉપકાર થશે અને તમારા જીવનની પણ ઉન્નતિ થશે."

સરલાએ આગ્રહ કરી પૂછ્યુંઃ "વાજબી કહ્યું; સાહિત્યસેવા એ ઘણું ઉત્તમ કામ છે, પણ બંગાળી ભાષાનું મારૂં જ્ઞાન કેટલું થોડું છે ? હું યત્ન કરૂં, તો અંગ્રેજી ભાષામાં કાંઇક લખી શકું; પણ એ લખાણથી લાભ શો ?"

ઉપરોક્ત હકીકત વાંચ્યાથી આપણી ઊછરતી કન્યાઓને ઊંચા પ્રકારનું શિક્ષણ મેળવવાની હોંશ થાય, એ હેતુથી એનું જરા વિસ્તારથી વર્ણન કર્યું છે. હવે સરલાનું વિવાહિત જીવન, તેના ખાસ સદ્‌ગુણ તથા તેની મહત્ત્વાકાંક્ષા વિષે થોડું લખીશું.

સરલાના લગ્ન સંબંધી અમે આગળ લખી ગયા છીએ. લગ્નના ઘણા દિવસ પહેલાંથી તેની સગાઇ સંબંધી વાત ચાલતી હતી. સરલાએ પ્રથમ એ બાબતમાં પોતાની સંમતિ આપી નહિ. તેણે પિતાને જણાવી દીધું કે, "વિશ્વવિદ્યાલયની છેવટની પરીક્ષા પસાર કર્યા વગર, હું કદી પરણનારી નથી."

સરલાનું હૃદય અતિશય સરળ અને કોમળ હતું, એ વાત

ખરી; પણ એથી એનામાં દૃઢતાનો અભાવ નહોતો. જ્યાંસુધી બી. એ.ની પરીક્ષા પસાર ન કરી, ત્યાંસુધી એણે લગ્ન કર્યું નહિ. બી. એ. થયા પછી તેણે લગ્ન કર્યું. લગ્ન પહેલાં સતીશરંજન સાથે તેનો પરિચય થયો હતો. ત્યાર પછી બે જણાં એકબીજા તરફ પ્રેમથી આકર્ષાવા લાગ્યાં અને લગ્ન નક્કી થયું. એ સંબંધી સરલા પોતાની ડાયરીમાં લખે છે કેઃ—

"પરંતુ એ આશા હવે દૂર કરી. અત્યાર સુધી હું એવા વિચારો કર્યા કરતી હતી કે, ભાઇબહેન પ્રત્યેની ફરજ બજાવીશ, માતપિતાની સેવા કરીશ અને સંસારની થોડીઘણી સેવા કરીશ; એટલામાં સતીશ આવીને મારા પ્રેમાકાંક્ષી બન્યા. તેમણે કહ્યું કે, 'આપણે બન્ને જણાં થઇને જગતની સેવા કરીશું અને એ કાર્ય સાધવામાં હું તને યંત્રરૂપ બનાવીશ.'"

પરણ્યા પછી સરલાનો સંસાર ઘણો સુખી નીવડ્યો. તે પોતાને ઘણીજ ભાગ્યશાળી ગણવા લાગી. એક દિવસ એણે શ્રીયુત અમૃતબાબુને કહ્યું હતું: "એક સમયે હું એવો વિચાર કરતી હતી કે, હું કદી પરણીશ નહિ. હવે સમજાયું કે, લગ્નમાં કેટલું બધું સુખ છે!"

એ લગ્નથી એકલી સરલાજ સુખી થઇ હતી, એમ નહોતું. સરલાનો ઊંડો પ્રેમ, મધુર વ્યવહાર, સરળતા અને સદ્ગુણને લીધે તેના સ્વામીને પણ અપરિસીમ આનંદ પ્રાપ્ત થયો હતો. એ બાબતમાં તેના પતિ શ્રીયુત્ સતીશરંજનદાસ બૅરિસ્ટરે જે અભિપ્રાય અંગ્રેજીમાં આપ્યો છે, તેનું અક્ષરશઃ ભાષાંતર અમે નીચે આપીએ છીએઃ—

"સરલાએ તેના સ્વામીની ખાતર શું કર્યું છે, તેનું વર્ણન કરવું એ ઘણું અઘરૂં કામ છે. લગ્ન પછી મારી જે કાંઇ ઉન્નતિ થઇ છે, તે બધી તેના પ્રયત્નના પરિણામરૂપ છે, એમ કહું તો ચાલી શકે. સરલા મને નાનામોટા દરેક કાર્યમાં સહાય કરતી. સરલામાં સાંસારિક જ્ઞાનનો અભાવ હતો, એ વાત ખરી; પરંતુ તેનામાં અંદરખાને એક એવું સ્વાભાવિક કર્તવ્ય-જ્ઞાન હતું કે, પોતે શું કરવું જોઇએ અને શું ન કરવું જોઇએ, એ સર્વદા સારી પેઠે સમજી શકતી. સ્વામીને એ કેટલા ઊંડા પ્રેમથી ચાહતી અને સ્વામીનો પ્રેમ સંપાદન કરવા તેનામાં કેટલી બધી વ્યાકુળતા હતી! સરલા સ્વામીના કલ્યાણ સારૂ કેટલી બધી

ચિંતા કરતી, તે તેની ડાયરીમાંનો નીચે લખેલો ભાગ વાંચ્યાથી સમજી શકાય છેઃ "હું ચાહું છું કે, મારા પતિ દરેક રીતે મહાન થાય; કારણકે મનુષ્યનું ગૌરવજ એમાં છે. મારા સ્વામીને જ્યારે વિવેકપૂર્ણ વાત બોલતાં સાંભળું છું, ત્યારે મને ઘણું અભિમાન ઊપજે છે. કર્તવ્ય એ ઈશ્વરી વાણીની કઠોર દીકરી છે; એક કર્તવ્યની આજ્ઞાનું પાલન કર્યાથી જે સુખ ઉત્પન્ન થાય, એજ પૃથ્વીમાં ખરૂં સુખ છે; પરંતુ એ આજ્ઞાનું પાલન કરવું અત્યંત કઠિન છે. હું જો કર્તવ્યપરાયણ અને મહદ્‌ભાવસંપન્ન થઈ શકું, તો મારાથી મારા સ્વામીને અનેક પ્રકારે મદદ કરી શકાય."

સરલાના પતિ તેના સંબંધી એક બીજે સ્થળે લખે છે કે, "સંસારનો બધો કારભાર તેના હાથમાં સોંપ્યો હતો. સાધારણ રીતે જે બધાં કામો પુરુષો કરે છે, તે કામો પણ એજ કરતી."

આ સ્થળે એક વાત જણાવવી યોગ્ય ધારીએ છીએ. આપણા દેશમાં ઘણાખરા લોકો ભણેલી સ્ત્રીઓ સંબંધી અનેક ભૂલભરેલા વિચારો ધરાવે છે. તેમનું ધારવું એવું છે કે, છોકરીઓ ઘણું ભણશે, તો ઘરસંસારના કોઇ કામકાજમાં તેમનું ચિત્ત ચોંટી શકશે નહિ; કારણકે તેઓ પોતાનો પાઠ વાંચવામાં અને પોતાનાજ સુખવૈભવમાં ગૂંથાયલી રહેશે. પરિણામ એ આવશે કે, સ્વામીની સેવા, સંતાનપાલન, રસોઇ વગેરે કોઇ કામ ઉપર તેમનું ધ્યાન ખેંચાશે નહિ; પરંતુ સરલાએ એ ભ્રમને ખોટો પાડ્યો હતો. ઊંચા પ્રકારનું શિક્ષણ પ્રાપ્ત કર્યાં છતાં તથા બાલ્યાવસ્થાથીજ સુખ અને સાહ્યબીમાં ઊછરેલી હોવા છતાં પણ, સરલાએ ઘરનું કામ ઉત્તમ પ્રકારે કર્યું હતું અને સેવાદ્વારા સ્વામીને ઘણા સુખી કર્યા હતા. ઘેર રસોઇઆ–ચાકરની ખોટ નહોતી, પણ કામ પડચે સરલા સારી રસોઇ કરી શકતી. તેના સ્વામીને અમુક વાનીઓ ઘણી પસંદ હતી. સરલા એ વાનીઓ રસોઇઆ પાસે ન રંધાવતાં, પોતેજ રાંધીને પતિને જમાડતી.

સરલાના સંબંધમાં તેના પતિ છેવટમાં લખે છે કે, "સરલા કયો ઉદ્દેશ સાધવા માટે આ જગતમાં આવી હતી, એ હું જાણી શક્યો નહિં; પરંતુ સરલા તેના ચાર વર્ષના વિવાહિત જીવનમાં સત્ અને ઉત્કૃષ્ટ વસ્તુ ઉપર મારૂં જેટલું ધ્યાન ખેંચતી ગઇ છે, તે ઉપરથી હું એના મહત્ત્વનું અનુમાન કરી શકું છું."

અમે નથી ધારતા કે, સાધ્વી સ્ત્રીને માટે આના કરતાં વધારે

અભિમાન લેવા જેવી બીજી કોઇ વાત હોય. જે સ્ત્રીની હયાતીમાં અથવા મૃત્યુ પછી તેનો પતિ કૃતજ્ઞચિત્તે તેના મહાન ગુણોનું વર્ણન કરે, તે સ્ત્રીનો જન્મારો સફળ થઇ ગયો છે, એમ માનવું. તે ઉપરાંત જે સ્ત્રી જ્ઞાન, ધર્મ અને કર્મમાં સ્વામીની અર્ધાંગિની થઇને સ્વામીના બધા મનોભાવ પૂર્ણ કરે છે, સ્વામીને સબળ કરે છે અને સ્વામીની સાથે એકપ્રાણ થઇને બધાં કામ કરે છે, તે નારીનું ઉચ્ચ શિક્ષણ સાર્થક છે. એવી સ્ત્રી કદાપિ રાંધવા-સીંધવામાં જરા ઓછી પ્રવીણ હોય અને તેને ચૂલા–અબોટ કરતાં ન આવડતું હોય, તો એથી એના જીવનને કાંઇ હાનિ પહોંચશે નહિ. પાંચદસ રૂપિયા ખર્ચ કર્યાથી રસોઇઓ મળી શકશે, એક નોકર રાખ્યાથી ઘરનું હલકું કામકાજ સહેલાઇથી થઇ શકશે, પણ ગમે તેટલું ખર્ચ કર્યાથી જીવનસંગ્રામને માટે સુયોગ્ય સહધર્મિણી મેળવી શકાશે? પુરુષના હૃદયને સુ-શિક્ષિતા નારી સિવાય બીજું કોણ મહાન બનાવી શકશે? જે સ્ત્રીઓ પતિના જીવનમાં મહત્ત્વાકાંક્ષાનાં બીજ રોપી શકે, તેમનું જીવન ઘણું ઉચ્ચ છે. શ્રીયુત સતીશરંજન દાસ જેવા ઊંચા પ્રકારનું શિક્ષણ પામેલા વિદ્વાન બૅરિસ્ટરના જીવનને સરલા વધારે મહત્ત્વપૂર્ણ અને ઉચ્ચાભિલાષી બનાવી શકી હોય, તો તેનું જીવન ખરેખર સફળ થયું છે.

હવે સરલાના કેટલાક સદ્‌ગુણોનો ઉલ્લેખ કરીશું. તેની સરળતા સંબંધી આગળ થોડુંક કહી ગયા છીએ. સરળતા એજ તેના જીવનનું વિશેષત્વ હતું. એક સુંદર વૃક્ષમાં પુષ્પ અને ફળનો સમાવેશ થયો હોય, તેવી રીતે સરલાના જીવનમાં સર-ળતા અને જ્ઞાનનો સમાવેશ થયો હતો. તેનું નામ તેના હૃદયના ભાવને બરાબર બંધબેસતું હતું. તેના નિર્મળ અને હાસ્યો-જ્જવલ મુખ સામું જોતાંજ, તેને સરળતાની પ્રતિમા કહેવાનું મન થતું. સરલાના સ્વામી તેની સરળતા સંબંધી લખે છે:— “સંસારની ધૂર્તતા, દગો અને હલકા વિચારો સંબંધી લગ્ન પહેલાં તેને કાંઇ પણ જ્ઞાન નહોતું. પરણ્યા પછી ભિન્ન ભિન્ન સ્વભાવના લોકોના સમાગમમાં આવવું પડ્યું અને મનુષ્યોની શઠતા અને હલકા વિચારો તેના જાણવામાં આવ્યાં; પરંતુ મનુષ્યની સ્વાભાવિક સાધુતા ઉપર તેને એટલો બધો વિશ્વાસ હતો કે, કોઇ પણ માણસના કુકર્મની વાત નીકળે, તો એ એક-

દમ એ વાત ઉપર વિશ્વાસ મૂકવાનું કદી પસંદ કરતી નહિ. એ કહેતી કે, " એવું શા સારૂ કહો છો ? એવું ખરાબ કામ તે શું મનુષ્યથી થઈ શકે ?" એ નિર્મળ કાચની માફક પવિત્ર હતી. સંસાર તેને જરા પણ મલિન બનાવી શક્યો નહોતો. × × લોકો જેને સફેદ જૂઠાણું કે કાળું જૂઠાણું કહે છે તેવું અથવા કોઈ પણ પ્રકારનું અસત્ય એ જાણીજોઇને બોલતી નહિ."

મોટી ઉંમરની થયા પછી પણ સરલાનો સ્વભાવ કેવો બાળક જેવો સરળ હતો, તે સંબંધી બેએક વાત કહીશું. સરલાના લગ્ન પછી એક વખત અમૃતબાબુ તેને મળવા ગયા. પ્રથમ તો તેણે તેના પતિ શ્રી. દાસની સાથે તેમની ઓળખાણ કરાવી; ત્યાર પછી સરલાના એક ફોટોગ્રાફ તરફ અમૃતબાબુનું ધ્યાન ખેંચાયું. તેમણે કહ્યું: " ફોટો ખરાબ નથી." તેણે કહ્યું: "ત્યારે શું સારો દેખાય છે ? એમાં હું એક બોઘલા જેવી જણાઉં છું. જુઓ સાંભળો, એ સંબંધી હું એક વાત તમને સંભળાવું. પરણ્યા પછી હું મારી બહેનોની સાથે....ને ઘેર ગઇ હતી. અમે ત્યાંથી પાછાં આવ્યાં, ત્યારે એ ઘરની એક સ્ત્રી મને ઉદ્દેશીને કહેવા લાગી: ' આ છોકરી દુર્ગામોહન દાસના પુત્ર વેરે પરણી છે ? એ છોકરીને જોતાં તો એમ જણાય છે કે, બોઘલું હશે. એના કરતાં તો એની બહેનો બુદ્ધિશાળી છે.'

"ત્યાર પછી એમાંની એક સ્ત્રી બોલી: ' એ છોકરી તો બી. એ. પાસ થઇ છે.' ત્યારે બીજી સ્ત્રી બોલી: ' ખરેખાત ! ત્યારે એ છોકરી બોઘલું નથી.' "

એ સાંભળીને અમૃતબાબુ ઘણું હસ્યા. ત્યાર પછી સરલા બોલી: " જુઓ ! આજ તો મને વાત સંભળાવવી પડશે, નહિ સંભળાવો ત્યાંસુધી તમને છોડીશ નહિ." અમૃતબાબુ બોલ્યા: " હવે તું દાર્જિલિંગવાળી સરલા નથી. હવે તો તું મોટી થઈ છે; બી. એ.પાસ થઈ છે; આટલી મોટી ઉંમરે તે વળી વાતો સંભળાય કે ?"

સરલા બોલી: " ના, એ નહિ ચાલે. એક વાત તો સંભળાવવીજ પડશે." તેના આગ્રહને લીધે અમૃતબાબુએ તેને રવીંદ્રનાથ ઠાકુરની એક નાની વાર્તા કહી સંભળાવી. આ બનાવ ઉપરથી જણાય છે કે, સરલામાં મોટી વયે પણ બાળકના જેવી સરળતા સચવાઇ રહી હતી.

સરલાનું કોમળ હૃદય દયાથી પરિપૂર્ણ હતું. એ સંબંધી સંક્ષેપમાં બેએક વાત કહીશું. કલકત્તાના બ્રાહ્મોસમાજના સભાસદ શ્રીયુત કેદારનાથ મુખોપાધ્યાય ગરીબ અને દુઃખીઓના બંધુ છે. સરલાની સાથે તેમને વાતચીત થઇ હતી. સરલાને જે છાત્રવૃત્તિ મળતી હતી, તેમાંથી તે ઘણા રૂપિયા ગુપ્ત રીતે કેદારનાથબાબુ ઉપર પુણ્યકાર્યને સારૂ મોકલી આપતી. કેદારનાથબાબુ એ પૈસામાંથી ગરીબ બાળકોને મદદ કરતા. સરલાના દયા–દાન સંબંધી તેના પતિ લખે છે કેઃ–

“સરલા અતિશય શરમાળ હતી. તેણે કરેલા દાનની વાત પ્રગટ થઇ જાય, તો એ ઘણી શરમાઇ જતી; એટલા સારૂ એ ગુપ્ત રીતે દરિદ્રોને મદદ કરતી. પરીક્ષામાં પાસ થયાથી તેને એક હજાર રૂપિયાનું ઇનામ મળ્યું હતું; પરંતુ એ રકમમાંથી એક પણ પૈસો એણે પોતાના કામમાં વાપર્યો નથી. મેં સાંભળ્યું છે કે, એના એક શિક્ષકની નાણાં સંબંધી મુશ્કેલી દૂર કરવા તેણે એ રકમમાંથી બસો રૂપિયા તેને દાન કર્યા હતા.”

સરલાના અંતરમાં કેવા પ્રકારની મહત્ત્વાકાંક્ષા હતી, તે હવે જણાવીશું. બાલ્યાવસ્થામાં જ્યારે તે રંગૂન શહેરમાં હતી, ત્યારે કોન્વેન્ટની સાધ્વી મડમો તેને ઘણું ચાહતી હતી. એ મડમોએ કેવળ ધર્મની ખાતર જીવન સમર્પણ કર્યું હતું. તેમના જીવને સરલાના હૃદય ઉપર ઘણી ઊંડી અસર કરી હતી. એ વારંવાર મનમાં વિચારતી કે, “હું જ્યારે ભણીગણી છું, ત્યારે મારે અવશ્ય કાંઇ સારૂં કામ કરવું જોઇએ; નહિ તો મારૂં જીવન નિષ્ફળ જશે.” આ મહાન ભાવ સરલાના હૃદયમાં વ્યાપી રહ્યો હતો, એ બાબત એ વારંવાર ચિંતા કર્યા કરતી; પરંતુ કયું કામ વધુ યોગ્ય છે, કયું કામ હાથમાં લીધાથી પોતાની આકાંક્ષા પરિપૂર્ણ થશે, તે તેનાથી નક્કી કરી શકાતું નહિ. એ સંબંધમાં પોતાની ડાયરીમાં તે નીચે પ્રમાણે લખી ગઇ છેઃ—

“૧ લી વૈશાખ, ૧૩ મી એપ્રિલ: જગતમાં કાંઇ ને કાંઇ ચિરસ્થાયી કામ કરવું જોઇએ. કાંઇ પણ કામ કર્યા વગર, મારા અસ્તિત્વનું કાંઇ પણ ચિહ્ન રાખ્યા વગર, સંસારમાં આવી છું, તેવીજ ચાલી જાઉં, એ ઠીક નથી.” “૧૦ મી ઑગસ્ટ: મને લાગે છે કે, હું હવે જલદી મરી જઇશ. શા સારૂ આ વિચાર મારા મનમાં ઉત્પન્ન થાય છે, તે હું સમજી શકતી નથી. હું

રોઉં છું. હાય ! હું કોઇની પણ ખાતર કાંઇ પણ કરી શકી નહિ. વધારે શું ? સતીશની ખાતર પણ કાંઇ કરી શકી નહિ. ઘણી વખત મને વિચાર આવતો કે, હું કાંઇ ને કાંઇ કરી શકીશ; પરંતુ જોઉં છું કે, મારામાં શક્તિ નથી; આટલી દુર્બળ મારાથી શું થઈ શકે, તે સમજાતું નથી. મારા જીવનને હું સુખી કરી શકી નહિ અને બીજા કોઇને સારૂ પણ કાંઈ કરતી નથી. મારૂં જીવન તદ્દન અસાર છે." બીજી જગ્યાએ તે લખે છે:—

"જો કે બાલ્યકાળથીજ જયોર્જ ઇલિયટે વર્ણવેલા 'અદૃશ્ય ગાયક દલ'ની સાથે સામેલ થવાને મને ઉચ્ચ અભિલાષા હતી, તોપણ મારા મનમાં એવું કદાપિ નથી થતું કે, મારાથી કાંઈ કામ થઇ શકશે. આત્મશક્તિ ઉપરનો આ અવિશ્વાસ મારા જીવનનો એક મોટો દોષ છે. એણે મારૂં ઘણું અનિષ્ટ કર્યું છે; પરંતુ મારાથી એ ભાવનો પરિત્યાગ થઇ શકતો નથી. ઇશ્વર મને એ સંબંધમાં મદદ કરો. મારા આ જીવનને પૃથ્વીમાં રહેવાને યોગ્ય બનાવો."

સરલાની મહત્ત્વાકાંક્ષા સંબંધી તેના પતિએ લખ્યું છે કે, "સરલાની અંતઃકરણની ઇચ્છા એવી હતી કે, સ્વામી બૅરિસ્ટરના ધંધામાં જામી જાય અને એ (સરલા) પોતે કોઇ કામ કરવા યોગ્ય થાય, ત્યારે બ્રાહ્મોસમાજના કોઇ મહાન કાર્યમાં જોડાવાનો યત્ન કરવો."

સરલાના હૃદયમાં પવિત્ર ધર્મભાવ છુપાયલો હતો. ભક્તિપૂર્વક એ ઉપાસનામાં સામેલ થતી. દરરોજ રાત્રે ધર્મગ્રંથમાંથી કાંઇક વાંચતી અને એક વાર પ્રાર્થના કરી શયન કરવા જતી.

બ્રાહ્મોસમાજ ઉપર સરલાને ઘણોજ પ્રેમ હતો. સાધારણ બ્રાહ્મોસમાજના આચાર્ય પંડિત શિવનાથ શાસ્ત્રી મહાશય ઉપર તેની ઘણી ભક્તિ હતી. એ શાંત મને શાસ્ત્રી મહાશયની ઉપાસનામાં ઉપસ્થિત થતી. શાસ્ત્રી મહાશય તેને ઘેર જતા, ત્યારે તો તેના આનંદનો પારજ રહેતો નહિ. શાસ્ત્રી મહાશયે છોકરાઓની ધર્મોન્નતિને સારૂ એક સોમવારની ધર્મસભા સ્થાપી હતી. એ ઉપરથી સરલાએ શાસ્ત્રી મહાશયને કહ્યું હતું કે, "આપે છોકરાઓની ધર્મવૃત્તિ વધારવા સારૂ એક સોમવાસરીય સભા સ્થાપી છે, તો છોકરીઓને સારૂ પણ એવું કાંઇ કરોને ! અમે બાલિકાઓ પણ દર અઠવાડિયે આપની પાસે આવીશું."

સરલાએ પોતાના મર્મસ્થાનમાં ધર્મભાવ કેવો છુપાવી રાખ્યો હતો, તે તેની અંગ્રેજી ડાયરીમાંના નીચલી મતલબના લખાણ ઉપરથી સમજી શકાય છે:—

" મારો (સ્વામી ઉપરનો) જે પ્રેમ છે, તે સ્વાર્થપૂર્ણ છે. એ પ્રેમ ખરો પ્રેમ નથી; કારણકે એ મારી હુંપદની તંત્રીને છેદી શકતો નથી અને હુંપદને દૃષ્ટિની બહાર કરતો નથી; બલકે તેને વધારે આગળ પાડે છે. મને એમ લાગે છે કે, પહેલાં હું આટલી સ્વાર્થી નહોતી. હવે તો હું ઇચ્છા કરૂં છું કે, સતીશ કેવળ મનેજ ચહાય, મારીજ ચિંતા કરે અને બીજા કોઇનો પણ વિચાર ન કરે. ઘણી વખત એવો વિચાર કરતાં મને બીક લાગે છે કે, સતીશ ઉપરનો મારો આટલો બધો પ્રેમ હોવાથી, હું બીજી ઘણી વસ્તુઓને ભૂલી જઇશ અને પછી ઈશ્વર મારા ઉપર અસંતુષ્ટ થઇને તેને મારી પાસેથી છીનવી લેશે. અહો! ઈશ્વર! મારાથી એ વાતનો વિચાર પણ કરી શકાતો નથી. લખતાં લખતાં મારી આંખમાં આંસુ ભરાઇ આવે છે. હે પ્રભુ! હું આશા રાખું છું કે, તું મારા પ્રેમને સંયમિત અને પવિત્ર બનાવ. આ પ્રેમને જેવો બનાવવો તને યોગ્ય લાગે, તેવો બનાવ. હે ઇશ્વર! તને ચાહવામાં અને તારૂં કોઇ પણ કામ કરવા યોગ્ય બનવામાં મને મદદ કર. "

કેવો સરળ વિશ્વાસ અને કેવો અકૃત્રિમ ધર્મભાવ! સ્વામી ઉપરના પ્રેમને પણ સંયમમાં રાખવા સારૂ ઈશ્વર પાસે પ્રાર્થના! નારીનું સરળ ચિત્ત ભક્તિથી આર્દ્ર થયા પછી, તે હૃદયમાં નિર્મળ અને નિઃસ્વાર્થભાવનો કેવી રીતે વિકાસ થાય છે, તે સરલાની ડાયરી વાંચ્યાથી જાણી શકાય છે.

પરંતુ હાય! જેના અનેક સદ્ગુણોનું અમે ઉપર વર્ણન કર્યું છે, તે સુકુમાર, સુશીલ બાલિકા ઉપર નાની વયમાંજ ક્રૂર વ્યાધિએ આક્રમણ કર્યું. ઇ૦ સ૦ ૧૯૦૧ ની ૨૮ મી નવેમ્બરે, સાડાદસ વાગ્યે એકદમ તેના પેટમાં ભયાનક વેદના શરૂ થઇ. કલકત્તાના ડૉક્ટરોએ આવીને દવા શરૂ કરી, પણ કાંઇ વળ્યું નહિ. ઘણી વાર સુધી ધૈર્યપૂર્વક વેદના સહન કર્યા પછી, સરલા રાતના સાડાનવ વાગ્યે આ અસાર સંસારનો ત્યાગ કરી ચાલી ગઇ.

સરલાના મૃત્યુ માટે અનેક સ્ત્રીપુરુષોએ શોક પ્રગટ કર્યો

અને તેના પતિ ઉપર દિલાસાપત્ર લખ્યા. સાધારણ બ્રાહ્મોસમાજના પત્ર 'મેસેંજર' અને 'તત્ત્વકૌમુદી'માં તેના મૃત્યુ માટે અતિશય શોક પ્રગટ કરવામાં આવ્યો. શકે ૧૮૨૩ની ૧લી પોષના "તત્ત્વકૌમુદી"ના અંકમાંનાં કેટલાંક વાકયો નીચે ઉતારીને અમે આ લેખને સમાપ્ત કરીશું.

"એ સુગૃહિણી હતી. જે લોકો તેના સમાગમમાં આવ્યા હતા, તેઓ તેના મધુર ચરિત્રથી મુગ્ધ થઇ ગયા હતા. સમાજ અને દેશની સેવા કરવાની તેના મનમાં પ્રબળ આકાંક્ષા હતી. સમાજની પત્રિકામાં એ વારંવાર લેખો લખતી, તેની એવી બીજી ઘણી મહત્ત્વાકાંક્ષાઓ હતી."

૧૪૫–સાહેબકુંવર

એ સન્નારી શીખ ગુરુ ગોવિંદસિંહનાં ધર્મપત્ની હતાં. ખાલસા ધર્મના લોકો સાહેબકુંવરને ખાલસાનાં માતા સમાન ગણે છે. ગુરુ ગોવિંદસિંહ ન્યાતજાતના ભેદની વિરુદ્ધ હતા અને હિંદુઓને એક મહાન જાતિ બનાવવાનો તેમનો ઉદ્દેશ હતો. એમણે જે ખાલસા જાતિ સ્થાપી, તેમાં ચારે વર્ણનાં મનુષ્યોનો સમાન અધિકાર છે. એમણે પોતાના એક ગ્રંથમાં લખ્યું છે કે, "પરમાત્માનાં દર્શન શ્રદ્ધાની આંખદ્વારા કેવળ ખાલસાના સાર્વજનિક શરીરમાંજ કરી શકાય છે; અર્થાત્ ખાલસાસમાજ એક એવો છે કે, જેમાં નાનામોટા બધા એક સરખા છે." એ પંથની સ્થાપના કરીને જ્યારે પાંચ મહાન યોદ્ધાઓને દીક્ષા આપવા સારૂ અમૃતરસ તૈયાર કરી રહ્યા હતા, તેજ સમયે તેમનાં પત્ની સાહેબકુંવર નૈવેદ્યને સારૂ પતાસાં લઇને ત્યાં આવ્યાં. ગુરુએ પતાસાં લીધાં અને અમૃતમાં નાખીને કહ્યું: "યોગ્ય પ્રસંગે તમે પતાસાં આણ્યાં. જીવનના અમૃતમાં ખરેજ સ્ત્રીઓ મધુરતા લાવે છે."

હજુ પણ શીખ લોકોને દીક્ષા આપતાં કહેવામાં આવે છે કે, ગુરુ ગોવિંદ ખાલસાના પિતા અને સાહેબકુંવર માતા છે.

૧૪૯–સતી જયદેવી

સંયુક્ત પ્રાંતમાં મૈનપુરી નામનો એક જિલ્લો છે. એ જિલ્લામાં જેડોલી નામનું એક ગામ છે. એ ગામમાં રામલાલ નામનો એક બ્રાહ્મણ પોતાના કાકા રામદયાલના ઘરમાં રહેતો હતો. તા. ૨૭ જૂન, ૧૯૧૩ને દિવસે રામલાલનું મૃત્યુ થયું. તેની યુવાન પત્ની જયદેવીને પતિના અકાળ મૃત્યુથી અત્યંત ખેદ થયો. પતિ વગરનો સંસાર તેને શૂન્ય લાગ્યો અને પતિની સાથે પોતાના દેહને પણ વિસર્જન કરવાનો તેણે સંકલ્પ કર્યો. તેનો સતી થવાનો વિચાર જાણીને બધાં અતિ આશ્ચર્ય પામ્યાં. તેના કાકાજી રામદયાલ તથા બીજાં અનેક સગાંવહાલાંઓએ સતી થવાનો સંકલ્પ છોડી દેવાને તેને ઘણુંએ સમજાવી અને જણાવ્યું કે, "આજકાલ હિંદુ રાજાઓનું રાજ્ય નથી. અંગ્રેજ સરકારના રાજ્યમાં સતી થવાની સખ્ત મનાઈ છે. આ જમાનામાં કોઈ સ્ત્રી સતી થઈ શકતી નથી. તું સતી થઈશ, તો તને મદદ કરવાના આરોપસર અમને પણ સરકાર સજા કરશે; માટે તું સમજી જા અને તારો આગ્રહ છોડી દે." પરંતુ જયદેવીએ તેમના ઉપદેશ ઉપર જરા પણ ધ્યાન આપ્યું નહિ. આખરે તેના કુટુંબીઓએ પોતાને કાયદાના બંધનમાંથી મુક્ત કરવાના ઈરાદાથી, પોલીસના થાણામાં પણ ખબર મોકલાવી અને પોતે મૃત રામલાલની ઠાઠડી બાંધવાની તૈયારી કરવા લાગ્યા. સતીની આજ્ઞાથી દિવસના નવ વાગ્યે તેના પતિની ઠાઠડી કાઢવામાં આવી. રામદયાલ, ડોડરાજ, કાનકુંવર અને આધારસિંહ નામના ચાર સંબંધીઓ જયદેવીના પતિના શબને ઊંચકીને ચાલવા લાગ્યા. તેમની પાછળ પાછળ સતી જયદેવી ચાલી. સતીના સમાચાર આસપાસના ગામડાંઓમાં પ્રસરી ગયા અને સેંકડો મનુષ્યો તેનાં દર્શન કરવાને જેડોલી

ગામમાં એકઠાં થયાં. સતીનું દર્શન ભારતવાસીઓને મનથી ઘણું પવિત્ર મનાય છે. સતીનો છેવટનો આશીર્વાદ ફળ્યા વગર રહેતો નથી, એવી લાંબા સમયથી માન્યતા ચાલી આવે છે. વળી આજકાલના જમાનામાં કાયદાના બંધનને લીધે, એવા બનાવ પણ જવલ્લેજ–ઘણાં વર્ષોમાં એકાદ–બને છે, એટલે દર્શકોની ઉત્સુકતા વધી પડે એમાં આશ્ચર્ય પણ શું? લગભગ બેએક હજાર સ્ત્રીપુરુષોનો સમૂહ સતી જયદેવીની પાછળ પાછળ ચાલી રહ્યો હતો. સતી જયદેવી બે આનીઓ, પાવલીઓ અને અધેલા ઉછાળીને પતિની શબવાહિની ઉપર ચડાવતી હતી.

સ્મશાનમાં પહોંચ્યા પછી, સતીએ બતાવેલી જગ્યાએ ચિતા ખડકવામાં આવી અને તેના ઉપર રામલાલની લાશ મૂકવામાં આવી. ત્યાર પછી સતીએ પતિની ચિતાની પરિક્રમા કરી અને પોતે ચિતા ઉપર જઇ બેઠી. પતિનું શિર પોતાના ખોળામાં મૂકયું અને પોતાનાં બધાં આભૂષણ ઉતારી દઇને ડોડરાજ તથા છોટા નામના પોતાના બે સંબંધીઓને આપી દીધાં. પછી ઘી માગ્યું. ડોડરાજે ઘીનો એક લોટો તેના હાથમાં આપ્યો. સતીએ થોડું ઘી પોતાના ઉપર નાખ્યું અને બાકીનું ચિતામાં રેડયું. પાછું થોડું ઘી માગ્યું અને એમાંથી થોડું રામલાલના શરીર ઉપર નાખ્યું તથા થોડું પોતાના શરીર ઉપર ચોપડયું. ત્યાર પછી સતીએ થોડાંક ફળ માગ્યાં, એ પણ આપવામાં આવ્યાં. સતીએ ફળને ચિતા ઉપર મૂકયાં.

અંતમાં સતીએ આગ માગી. સગાંસંબંધીઓએ આગ આપવાની ના કહી. સતીએ આગ્રહ કર્યો, ત્યારે તેમણે કહ્યું કે, “તું સાચી સતી હોઇશ, તો આપોઆપ આગ પ્રકટ થશે.” એ સાંભળતાંવારજ સતીએ પતિની લાશના કાનમાં કાંઇક કહ્યું. પછી હાથ જોડીને આકાશની તરફ જોઇને પ્રાર્થના કરી. કહેવામાં આવે છે કે, એજ વખતે આગ સળગી ઊઠી. ચિતા બળવા લાગી. જોતજોતામાં જયદેવી અને તેના પતિના દેહ સ્વાહા થઇ ગયા. દિવસના ત્રણ વાગે થાણામાંથી પોલીસના નોકરો આવીને એ જગ્યાએ પહોંચ્યા, તો પતિપત્નીનાં બળી ગયેલાં હાડકાં અને રાખના ઢગલા સિવાય કાંઇ તેમના દીઠામાં ન આવ્યું.

આ બાબતનો મુકદ્દમો મૈનપુરીના સેશનજજ મિ. એલનની અદાલતમાં ચાલ્યો હતો. ચિતામાં આગ કેવી રીતે સળગી, એ

સંબંધે જજ પોતાના ફેંસલામાં કાંઇ પણ વિવેચન નથી કરતા. "ગમે તેમ હો, એ ચિતામાં આગ સળગવા લાગી." એટલું લખીને એ અગત્યના પ્રશ્નને તેઓએ ઉડાવી દીધો છે. કોઈ સાક્ષીએ એનું કારણ બતાવ્યું નથી. લગભગ બધા સાક્ષીઓનું એવું કહેવું છે કે, સતીની પ્રાર્થનાથી આગ સળગી ઊઠી; પરંતુ (૧) રામદયાલ, (૨) ડોડરાજ, (૩) કાનકુંવર, (૪) આધારસિંહ અને (૫) છોટો, એ પાંચ માણુસોએ ચિતા ખડકીને, ચિતા અને સતી ઉપર ઘી નાખીને તથા સતીનાં ઘરેણાં લઇને સતીને મદદ આપી હતી, એ આરોપસર એ પાંચે જણા ગુનેગાર ગણાયા છે.

આરોપીઓએ સતીને રોકવાને બનતી કોશિશ કરી હતી તથા પોલીસમાં ખબર આપી હતી, તેથી જજે તેમનો ગુનો હલકો ગણ્યો છે. તેમણે એ પણ માન્ય કર્યું છે કે, સતી શાપ દેશે, એવા ભયથી તેઓ તેના તેજમાં અંજાઇ ગયા હતા. સાક્ષીઓની જુબાનીથી માલૂમ પડે છે કે, અંત સમયે સતીનો ચહેરો લાલચોળ થઇ ગયો હતો અને તેની આંખોમાંથી એક નવીન પ્રકારનું તેજ નીકળતું હતું. એક કન્યા સતીના પતિની લાશની પાસે બેઠી હતી. સતીએ તેના સામું ગુસ્સાથી જોયું, એટલે એ તરત બેભાન થઇ ગઇ અને હાથપગ પછાડવા લાગી. આખરે જ્યારે એનાં માબાપે સતીની ક્ષમા માગી, ત્યારે તેનામાં શુદ્ધિ આવી. ત્યાર પછી સતીએ પોતાની હથેલીમાં કપૂર મૂકીને બાળી નાખ્યું. સતીએ એ કપૂરની ભસ્મને પોતાની આંખોમાં લગાવી; એટલે તેનો ચહેરો વધારે તેજસ્વી બની ગયો.

એ મુકદ્દમામાં બે એસેસર હતા. એક મુસલમાન અને બીજો બ્રાહ્મણ. બન્નેના અભિપ્રાયમાં આરોપીઓ નિર્દોષ જણાયા; પરંતુ ન્યાયાધીશે તેમનો અભિપ્રાય માન્ય રાખ્યો નહિ. તેમણે એ બધા આરોપીઓને થોડાઘણા અપરાધી ગણીને, બે જણાને બબ્બે વર્ષની અને બીજા બેને દોઢદોઢ વર્ષની સજા કરી; કારણકે જજનો અભિપ્રાય એવો હતો કે, "જો એ આરોપીઓને ઓછી સજા આપવામાં આવે, તો રૈયતના મનમાં એવો વિચાર ઉત્પન્ન થાય કે, અંગ્રેજ સરકાર સતીને મદદ કરવાના કામને મોટો અપરાધ નથી ગણુતી." અસ્તુ !

આ ચરિત્ર લખીને અમે પણ સતીના રિવાજને ફરીથી પ્રચલિત થયેલો જોવા ઇચ્છીએ છીએ, એમ સમજવાનું નથી. વર્ત-

માન સમયમાં ધાર્મિક આજ્ઞાઓ, તેમજ સરકારી ધારાઓ જોતાં અમારા અભિપ્રાય પ્રમાણે, તો પતિના મૃત્યુ પછી મન, વચન અને કર્મ વડે શુદ્ધ બ્રહ્મચર્યનું પાલન કરીને, રાતદિવસ પતિનું સ્મરણ કરવું તથા પતિને ઇષ્ટ હોય, એવા કોઇ સારા કાર્યમાં જિંદગી સમર્પણ કરવી, એજ પતિપરાયણા સાધ્વી સ્ત્રીનું પરમ કર્તવ્ય છે.

૧૪૭–દેવી શરણકુંવર

એનો જન્મ ગુરુ ગોવિંદસિંહના સમયમાં થયો હતો. ગુરુ ગોવિંદસિંહ અને મોગલો વચ્ચે એ સમયે ભારે વિગ્રહ ચાલી રહ્યો હતો. સરહદ પાસેના એક ગામડામાં લડાઇ પૂરી થઇ ગઈ હતી. રાત અંધારી હતી. કાળાં વાદળાંથી આકાશ ઘેરાઇ ગયેલું હતું. શત્રુના તેમજ શીખ લોકનાં શબથી સંગ્રામભૂમિ છવાઇ ગઇ હતી. દૂર દૂર જીતેલા લશ્કરની ટુકડીઓ તાપણાં કરી કરીને તાપી રહી હતી. મધ્યરાત્રિ વીતી ગયા પછી એક શીખ સ્ત્રી હાથમાં મશાલ લઇને ત્યાં ગઇ. તદ્દન નિર્ભયપણે તે મડદાંઓના ઢગલા વચ્ચે થઇને માર્ગ કાપી રહી હતી અને એક પછી એક બહાદુર જાતિભાઈઓનાં શબને ઊચકીને તેમના લાંબા વાળ ઉપરથી ઓળખીને એક ઠેકાણે ઢગલો કરી રહી હતી. થોડી વાર પછી થાક લાગવાથી એ વિચારગ્રસ્ત થઇને બેસતી હતી. એ સ્ત્રી તે 'બીબી શરણકુંવર' અથવા શરણકોર હતી. ધર્મગુરુના આદેશની ખાતર દીવાના પતંગિયાની માફક આ મહાન યોદ્ધાઓએ પોતાની જાતને ઝંપલાવી હતી, તે માટે એ સન્નારી પ્રશંસાની નજરે તેમના તરફ જોઇ રહી હતી અને વિચારતી હતી કે, "અરે! આ લોકોની શી દશા છે! આવી રીતે તેમનાં પવિત્ર શરીરને પડી રહેવા દેવાં; એ તો પાપજ ગણાય. અત્યારે તો તેમની ભગિનીઓ, માતાઓ, પત્નીઓ અહીં હોત, તો જરૂર તેમને ઠેકાણે પાડત; પણ કાંઈ નહિ. આ વીરોનું ભગિનીકર્તવ્ય હું કરીશ. હું તો જીવતી છું ને!" આમ કહીને તે આસપાસથી પાંદડાં અને લાકડાં વીણી લાવી, હાથ જોડીને નમસ્કાર કરીને ઊભી રહી

અને પ્રાર્થના કરવા લાગી.

દરેક ગુરુનું અને મહંતનું તથા વીર પુરુષોનું તેણે સ્મરણ કર્યું. એના ગાલ ઉપર અખંડ અશ્રુની ધાર વહ્યે જતી હતી. સત્યની ખાતર આ બહાદુર, વીર પુરુષોએ પ્રાણ સમર્પણ કર્યો હતો, તેથી તેનું હૃદય વલોવાઇ જતું હતું. જે યોદ્ધાઓ મૃત્યુવશ થયા હતા અને જેમણે તેમને કતલ કર્યા હતા, તે સૌને માટે તે ઈશ્વર પાસે દયા માગી રહી હતી. એનું મસ્તક ઈશ્વરપ્રાર્થનામાં નીચું નમી રહ્યું હતું. પરમાત્માની પ્રાર્થના કરીને એ અબળાએ ચિતામાં અગ્નિસંસ્કાર કર્યો. એક ક્ષણમાં જ્વાળા આકાશ સુધી પહોંચી અને ચારે તરફ પ્રસરી. પાસેજ પડેલા મોગલ સૈન્યને તરતજ એની ખબર પડી અને તેઓ ગભરાઇને તે સ્થળે જઇ પહોંચ્યા. ત્યાં જઈને જુએ છે, તો એક ભયંકર ચિતા આગળ આ અબળા–વીરાંગના ઊભી છે. તેઓ આશ્ચર્યચકિત થઇ ગયા અને તેને અનેક પ્રશ્નો પૂછવા લાગ્યા; પણ વીર લલનાએ એક પણ ઉત્તર ન આપ્યો; કારણકે તેનાથી સત્ય કહેવાય એમ નહોતું અને અસત્યનો ઉચ્ચાર કરવો એ તેને પસંદ નહોતું. મોગલ સિપાઇઓ ઘણાજ ગુસ્સે થઇ ગયા અને જ્યારે કાંઇ પણ ઉત્તર ન મળ્યો, ત્યારે તેમણે એ નિર્દોષ અબળાનો હાથ પકડીને તેને ચિતામાં હડસેલી દીધી. આ પ્રમાણે બીબી શરણકોરે પોતાના સગા નહિ, છતાં ધર્મબંધુઓને ખાતર મૃત્યુવશ થવાનું પસંદ કર્યું. ધન્ય છે એ સ્ત્રીને! અને ધન્ય છે એને ઉત્પન્ન કરનાર ભારતમાતાને! ×



× શ્રી. શારદાબહેન મહેતાના 'મહિલામિત્ર'માંના એક લેખમાંથી આ તથા બીજાં બેએક ચરિત્ર ઉતારવામાં આવ્યાં છે.

—પ્રયોજક

१४८—दी पा बा ई

એ સન્નારી મહારાજા શિવાજીના સાવકાભાઈ વ્યંકોજી રાજાની ધર્મપત્ની હતી. શિવાજી મહારાજના પિતા શાહજીના મૃત્યુ પછી કર્ણાટકની જાગીર વ્યંકોજીને મળી હતી; પણ એનામાં રાજ્ય ચલાવવાની કુશળતા નહોતી. તેણે પિતાના સમયના અનુભવી કારભારી રઘુનાથ પંતને કાઢી મૂકીને, બધો વહીવટ પોતાનાજ હાથમાં લીધો હતો. રઘુનાથ પંતે જઇને શિવાજી મહારાજનું શરણુ લીધું તથા જણાવ્યું કે, “વ્યંકોજીરાવ ખુશામતિયા લોકોના હાથમાં છે, રાજકાજ ઉપર ધ્યાન આપતા નથી; તમે કર્ણાટક ઉપર ચડાઇ કરીને પિતાજીની ધનસંપત્તિનો યોગ્ય પ્રબંધ નહિ કરો, તો એ રાજ્ય થોડા સમયમાં પાયમાલ થઇ જશે. ચડાઇમાં આપને વિજય મળે, એટલા સારૂ તે તરફના સંસ્થાનિક રાજાઓને હું આપણા પક્ષમાં કરતો આવ્યો છું. ભાગાનગરના કુતુબશાહને પણ આપણા મિત્ર બનાવ્યા છે અને તે આપણને મદદ આપવા તૈયાર છે.” શિવાજી મહારાજને રાજ્યનો વિસ્તાર કરવાનો તો શોખ હતોજ; એટલે રઘુનાથ પંતની સલાહથી વ્યંકોજી રાજા પાસે પિતાની કર્ણાટક ખાતેની અડધી મિલકત માગવાનો નિશ્ચય કર્યો. પ્રથમ તો તેમણે એ સંબંધી ભાઇને પત્ર લખ્યો. પછી માણસો મોકલ્યાં, પણ વ્યંકોજીએ કોઇને સીધો જવાબ દીધો નહિ. શિવાજી મહારાજ પણ ઓછા હઠીલા નહોતા. એમણે કર્ણાટક ઉપર ચડાઈ કરવાનો સંકલ્પ કર્યો. માર્ગમાં અનેક રાજાઓનો આદરસત્કાર પામતા એ કર્ણાટક સુધી જઈ પહોંચ્યા. ત્યાં વેલુરના કિલ્લાને ઘેરો ઘાલીને વ્યંકોજીને સંદેશો કહાવ્યો કે, “તમે આ સંબંધમાં મારી સાથે વાતચીત કરવા સારૂ તમારા દીવાનને મોકલો.” દુર્ભાગ્યે એ સમયે વ્યંકોજી પાસે સારા સલાહકાર નહોતા. એની પત્ની દીપાબાઇ કુલીન, સમજુ અને શાણી સ્ત્રી હતી. ‘कार्येषु

મંત્રી,' જેવી પત્ની હોવા છતાં, પણ અભિમાની વ્યંકોજીએ તેની સલાહ માની નહિ. એ સ્ત્રી એવી કુટુંબવત્સલ, દૂરદર્શી અને અનુભવી હતી કે, એની સલાહ પ્રમાણે જો વ્યંકોજી ચાલ્યો હોત, તો શિવાજી મહારાજને ચડાઇ કરવા વારોજ ન આવત. સ્વાર્થી સલાહકારોએ વ્યંકોજીને ચડાવ્યો કે," શિવાજી મહારાજનું આમાં શું લાગે વળગે? આપણે તો બાદશાહના નોકર છીએ. એ ભાગ અપાવે તો આપણે આપવો પડે. બીજા કોઇની મગદૂર નથી કે, તે આપણી પાસે ભાગ માગે. તમે પણ શૂરવીર છો; કાંઇ એમનાથી ઊતરો એમ નથી. આપણે પણ યુદ્ધ કરીશું." એ લોકોની સલાહ માનીને વ્યંકોજીએ શિવાજી મહારાજના દૂતોને સંતોષકારક ઉત્તર આપ્યા વગર વિદાય કર્યા. મદૂરા અને મ્હેસુરના રાજાઓએ શિવાજીની વિરુદ્ધ યુદ્ધ કરવામાં સહાયતા આપવાનું વ્યંકોજીને વચન આપ્યું હતું; આથી વ્યંકોજીએ યુદ્ધની તૈયારી કરી, પરંતુ જે રાજાઓએ મદદ આપવાનું વચન આપ્યું હતું, તે છેલ્લી ઘડીએ ફરી ગયા અને વ્યંકોજીને નિરાશ થઇને શિવાજીની મુલાકાતે જવું પડ્યું. બંને ભાઇ મહાદેવના દેવળમાં મળ્યા અને એક થાળીમાં ભોજન કર્યું. ઘણા દિવસ બંને સાથે રહ્યા, પણ વ્યંકોજીએ ભાગ આપવાની વાત કાઢી નહિ. આખરે શિવાજી મહારાજેજ ઉચિત શબ્દોમાં પ્રશ્ન ઊભો કર્યો, ત્યારે વ્યંકોજીએ કહ્યું કે, " આપ પોતે પ્રાપ્ત કરેલા પ્રદેશનો અડધો ભાગ મને આપો, તો હું મારા તાબાના પ્રદેશમાંથી અડધો ભાગ તમને આપવા તૈયાર છું." શિવાજી મહારાજે પ્રત્યુત્તર આપ્યો કે, " તમારા તાબાનો સર્વ પ્રદેશ આપણા પિતાજીએ મેળવ્યો છે, તેમાં તમે વધારો કર્યો નથી. હિંદુશાસ્ત્ર પ્રમાણે પિતાની સંપત્તિનો અર્ધ ભાગ મને મળવો જોઇએ." પરંતુ એ વચનોની વ્યંકોજીરાવ ઉપર કાંઇ અસર થઇ નહિ. મહારાજને ક્રોધ ચઢ્યો અને તેને કેદ પકડીને પિતાની મિલકતમાંથી ભાગ પડાવવાનો વિચાર કર્યો, પણ પાછા ઉદારતાથી વિચારવા લાગ્યા કે, "ગમે તેવો તોયે મારો ભાઇ છે, મારે તેની સાથે કઠોરતાથી વર્તવું ન જોઈએ." એમ વિચારી તેમણે વ્યંકોજીને સહીસલામત પોતાની છાવણીમાં પાછા મોકલી આપ્યા તથા થોડા દિવસ પછી સંદેશો કહાવ્યો કે, " તંજાવર પ્રાંતનો અર્ધ ભાગ અને એક કિલ્લો મને આપશો, તો હું સંતોષ મા-

નીશ. આપણે બંને સલાહસંપથી રહીએ, એજ ઉત્તમ છે. ગૃહ-કલહ વધારવાથી આપણે બંનેને નુકસાનજ છે. તેમ કરવાથી માત્ર કષ્ટ વેઠવું પડશે. કૌરવપાંડવને કેટલું કષ્ટ ભોગવવું પડયું હતું, તેનો વિચાર કરો અને વ્યર્થ કલહ ન વધારો. આજ સુધી તમે મારો ભાગ પણ ભોગવ્યો છે, તેની મને ચિંતા નથી; પણ હવે તમે મારો ભાગ નહિ ભોગવી શકો. તમારે તે આપવોજ પડશે; માટે હજુ સમજી જાઓ. સમાધાન કરશો, તો કાંઇક છૂટ મૂકવા પણ હું તૈયાર છું. મારા ભાગ કરતાં પણ કાંઇક ઓછું લઇને હું સંતોષ પામીશ. ”

પરંતુ વ્યંકોજીને કેટલાક મુસલમાન મિત્રોએ સલાહ આપી કે, “ શિવાજી તમારા વડીલ ભાઈ છે, એ વાત તો ખરી, પણ તેમણે તમારા માલિક આદિલશાહ વિરુદ્ધ બળવો કર્યો છે. તેમણે એ સરકારનો ઘણો પ્રદેશ કબજે કર્યો છે. એમના બળવાથી તમારા પિતાને ઘણું વેઠવું પડયું છે. એક વખત તો શાહજી રાજાના જીવ પર વાત આવી હતી. તમે એ સરકારના તાબામાં રહ્યા, તેથી તમારા પિતાના મૃત્યુ પછી તેમની સંપત્તિ આદિલશાહની કૃપાને લીધેજ રહી છે. તેમાંથી બળવાખોર શિવાજીને ભાગ શા સારૂ આપવો ? ” એ પ્રમાણે સલાહ મળ્યાથી વ્યંકોજીએ શિવાજી મહારાજને સંદેશો કહાવ્યો કે, “ પિતાના સમયના હાથી, ઘોડા, ઝવેરાત વગેરે જે કાંઇ હોય, તેમાંથી ભાગ લેવો હોય, તો રઘુનાથ પંતે આવીને કાગળપત્રો ઉપરથી મને બતાવી આપવું. તેઓ જે ઠરાવ કરશે તે પ્રમાણે હું આપવા તૈયાર છું. ”

બીજી તરફ તેણે આદિલશાહને પત્ર લખી મદદને સારૂ પ્રાર્થના કરી; પરંતુ બાદશાહની ઇચ્છા શિવાજી જેવા પ્રબળ પુરુષ સાથે વેર બાંધવાની નહિ હોવાથી તેણે કહાવ્યું કે, “ તમારે એમને અડધો ભાગ આપવો જોઇએ. ” પરંતુ વ્યંકોજીના મુસલમાન સલાહકારો ઊલટીજ સલાહ આપી રહ્યા હતા. એમણે કહ્યું કે, “ શિવાજીથી બાદશાહ ડરે છે, પણ તમે ડરશો નહિ. યુદ્ધ કરી જુઓ. અમે તમને મદદ આપીશું. શિવાજી એકલાજ વીર છે અને આપણે બધા નામર્દ છીએ કે શું ? ”

વ્યંકોજી રાજાના આ બધા અનુચિત વિચારોની દીપાબાઇને ખબર પડતાં વાર લાગી નહિ. સ્ત્રીજાતિ રાજનીતિમાં શું

સમજે, એમ ધારીને પતિએ કોઈ દિવસ એની સલાહ પૂછી નહોતી; પણ દીપાબાઈએ પતિને યોગ્યજ સલાહ આપી હતી કે, “આ ખુશામતિયા સ્વાર્થી મિત્રોની સલાહ ત્યજી દો અને મુરબ્બી ભાઇને તેમનો યોગ્ય ભાગ આપો. મને એમનું કહેવું જરા પણ ગેરવાજબી લાગતું નથી. આપણે આ તેર વર્ષ સુધી એકલે હાથે જાગીરનો ઉપભોગ કર્યો, એજ ઘણું થયું. એટલાથી તમે ધરાયા નથી ?”

પરંતુ વ્યંકોજીએ કહ્યું: “તને રાજપ્રપંચની કાંઈ ખબર નથી. તેર વર્ષ સુધી મેં જાગીરનો ઉપભોગ કર્યો છે, તો જાગીરનું સંરક્ષણ કરવાનું દુઃખ પણ વેઠ્યું છે; આ બધું કારસ્તાન રઘુનાથ પંતનું છે. મેં એને કાઢી મૂક્યો એટલે એણે ભોળા શિવ જેવા મોટાભાઇને ભંભેરીને ચડાઈ કરાવી છે. તું મૂળથીજ રઘુનાથ પંતની પક્ષપાતી હોવાથી, મને આવી સલાહ આપી રહી છે; પણ હું એ સલાહ માનનાર નથી. હું તો મારા મિત્રો જે કહેશે તેમજ કરીશ.”

અસ્તુ ! વ્યંકોજીએ ચતુર પત્નીની સલાહની અવગણના કરી અને સ્વાર્થી સલાહકારોના ઉપદેશ પ્રમાણે શિવાજી મહારાજ વિરુદ્ધ બળવો કર્યો. રઘુનાથ પંતે એકદમ યુદ્ધ નહિ કરતાં, તેમને શિખામણ આપી; પરંતુ વ્યંકોજી રાજાએ પોતાનો દુરાગ્રહ છોડ્યો નહિ; એટલે બન્ને પક્ષ વચ્ચે યુદ્ધ થયું. તેમાં વ્યંકોજીના પક્ષનો પરાજય થયો. શિવાજી ઉદાર હોવાથી, એમણે રઘુનાથ પંતને પત્ર લખ્યો કે, “વ્યંકોજીને હવે વધુ નુકસાન કરશો નહિ તથા એમનું અપમાન કરશો નહિ. તેમની સાથે તહનામું કરી સલાહ કરશો.” મહારાજની આ ઉદારતા જોઇને વ્યંકોજી વિચારવા લાગ્યો: “મારા લશ્કરનો પરાજય થયો; હાથી, ઘોડા, ઊંટ વગેરે મહારાજના તાબામાં ગયું; મારા સર્વ સિપાઈઓ કપાઈ ગયા, તેમની વિધવા સ્ત્રીઓ અને બાળકો મારી પાસે આવીને વિલાપ કરે છે, ઘાયલ સિપાઇઓ અન્ન વગર ટળવળે છે; એ બધાને શી રીતે સમજાવવા ? મોટાભાઇ ભાગ લીધા વગર છોડશે નહિ. રઘુનાથ પંતને સંપત્તિની બધી માહિતી છે. એમને છેતરી શકાય એમ નથી. શિવાજી મહારાજ સાથે યુદ્ધ કરવામાં હાનિજ છે. પહેલેથી મેં સુશીલ પત્નીની સલાહ ન માની, એ ઘણી ગંભીર ભૂલ કરી. પહેલેથી એની સલાહ

પ્રમાણે વર્ત્યો હોત, તો આ વખત ન આવત.”

આ પ્રમાણે અત્યંત પશ્ચાત્તાપને લીધે વ્યંકોજી રાજા ઘણા-જ ચિંતાતુર થયા હતા. ખાવાપીવાનું તથા આરામ કરવાનું પણ એમને સૂઝતું નહોતું. આખો દિવસ વિચારમાંજ ગાળતા. પ્રેમાળ પત્ની પતિની ચિંતાતુર મુખમુદ્રા કેવી રીતે જોઇ શકે? સ્વામી-ના હૃદયની ઊંડી વ્યથા સમજી જતાં એને વાર લાગી નહિ. પતિની પાસે જઇ પ્રેમપૂર્વક મધુર શબ્દોમાં એણે ચિંતાનું કારણ પૂછ્યું. વ્યંકોજીએ ઉત્તર આપ્યો: “ મોટાભાઇના કારભારી દક્ષિણમાં રહે છે. તેમણે ઉચ્છૃંખલ બંડખોર મનુષ્યોનો પરાજય કર્યો છે. બાદશાહી સત્તાના કેટલાક કોટકિલ્લા તેમણે પોતાને કબજે કર્યા છે. બાદશાહ પણ તેમને હરાવી શકતો નથી, તો પછી આપણું શું ગજું? તેમની સાથે યુદ્ધ કરવાથી આપણને શું ફળ મળશે? આપણે યુદ્ધ કર્યું, તેમાં આપણનેજ હાનિ થઇ છે. તેં તો મને પ્રથમથીજ ઉચિત સલાહ આપી હતી; પણ એ વખતે મને સ્ત્રીજાતિની બુદ્ધિની યોગ્ય કદર નહિ હોવાથી, મેં તારૂં અપમાન કર્યું હતું. હવે હું શું મુખ લઇને તને સલાહને માટે તસ્દી આપું?”

દીપાબાઇએ પ્રેમપૂર્વક કહ્યું: “ પ્રાણનાથ! એવું બોલી મને શરમાવશો નહિ. પતિને એમના સર્વ કાર્યમાં યોગ્ય સલાહ આપવી, એ આર્યપત્નીનું કર્તવ્ય છે. આપના સુખદુ:ખમાં હું ભાગ ન પડાવું, તો પછી બીજું કોણ પડાવશે? પતિપત્નીનો સ્વાર્થ કાંઇ જુદો નથી. આપના હિતમાંજ મારૂં હિત સમાયેલું હોવાથી, મેં આપને ધર્મશાસ્ત્રાનુસારજ સલાહ આપી હતી. ધર્મશાસ્ત્રોમાં વડીલબંધુને પિતા સમાન ગણ્યા છે. સ્વાર્થી મનુ-ષ્યોની સલાહ પ્રમાણે વર્તી આપણે નાહકની પીડા વહોરી લીધી. ભાઇભાંડુઓ સાથે વિરોધ કર્યા પછી પસ્તાવોજ થાય છે. આપ-ના વડીલબંધુ પુણ્યશ્લોક ધર્માવતાર પુરુષ છે. આપ સરળ રીતે વર્તશો, તો એ આપનું અપમાન કદી નહિ કરે. તેમને આપની સંપત્તિમાંથી ભાગ લેવાની પરવા નથી. એમને તો આપની અ-યોગ્ય વર્તણુંક જોઇને ખેદ થયો હતો અને આપને સન્માર્ગે આણવા સારૂજ આટલી બધી ખટપટ કરી હતી. એમણે તો આપણા જેવાં કેટલાંએ રાજ્ય પોતાના તાબામાં લીધાં છે. આપ તેમની સાથે નિરર્થક કલહ કરો છો; તેમને શરણે જવામાં શરમ

શી છે? શા માટે વડીલ બંધુને ભાગ ન આપવો? આપે નવી જાગીર તો મેળવી નથી ને? આપની જાતકમાણીમાં તો એ ભાગ નથી પડાવતાને? તેમણે આપનું શું અપમાન કર્યું છે? ભ્રાતૃસ્નેહમાં શિવાજી મહારાજ અડચણ નાખત નહિ, પણ આપે-જ જાણીજોઇને તેમની સાથે વિરોધ કર્યો છે. આપે તેમનું અપમાન કર્યું છે. એ સર્વનું કારણ આપના સ્વાર્થી અને દુષ્ટ સલાહકારો છે. રઘુનાથ પંત પિતાના વખતના જૂના, પ્રમાણિક અને અનુભવી નોકર હતા. તેઓ આપના પિતાને સ્થાને હતા, છતાં આપે તેમનું અપમાન કરી તેમની લાગણી દુઃખવી. એ એવા કાર્યકુશળ હતા કે, જાગીરની સુવ્યવસ્થા રાખત અને આપણે સંપૂર્ણ સુખમાં જીવન ગાળત; પણ આપે તેમનું અપમાન કરીને કાઢી મૂકયા. હજુ પણ કાંઈ છેક વખત વહી ગયો નથી. આપ રઘુનાથ પંતને શરણે જઇને તેમની સલાહ પ્રમાણે વર્તશો, તો આપને કાંઇ પણ નુકસાન થશે નહિ. આપ મિથ્યાભિમાન રાખી અનુચિત રીતે વર્તશો, તો નાહક આપની ફજેતી થશે. રઘુનાથ પંત સાથે આપને વિરોધ થયેલો હોવાથી એમને શરણે જવું યોગ્ય ન જણાય, તો આપના વડીલ બંધુ પાસે જાઓ. તેમની સાથે નમ્રતાથી વર્તશો, તો હજુ પણ તેઓ આપનું સંરક્ષણ કરશે. મને તો એજ માર્ગ યોગ્ય લાગે છે.”

દીપાબાઇની સલાહ વ્યંકોજીને વાજબી જણાઇ. તેણે રઘુનાથ પંતને વચમાં રાખીને શિવાજી મહારાજ સાથે સંધિ કરી. શિવાજી મહારાજે તંજાવર પ્રાંત વ્યંકોજીના કબજામાં રહેવા દીધો અને પિતાની જાગીરમાંના જે તાલુકા પોતે કબજામાં લીધા હતા, તે પાછા આપ્યા. શિવાજી મહારાજ જાણતા હતા કે, આ તહનામું દીપાબાઇની સારી સલાહથીજ થયું છે. રઘુનાથ પંતને લખેલા પત્રમાં એમણે એ બાબતનો સ્પષ્ટ ઉલ્લેખ કર્યો છેઃ “ચિરંજીવી વ્યંકોજી રાજાને સૌભાગ્યવતી દીપાબાઇએ બોધ આપી તમારી સાથે મેળવી તહનામું કરાવ્યું, તે યોગ્યજ થયું છે. મારાં એ ભાભી ઘણાં શાણાં અને સમજુ છે. એમણે પોતાના શાણપણને લીધે એક મોટા અનર્થને અટકાવ્યો છે. મારૂં મોટું ભાગ્ય છે કે, વ્યંકોજીને એવી પત્ની મળી છે.” ઇત્યાદિ અનેક રીતે શાબાશી લખીને શિવાજી મહારાજે દીપાબાઇને આશીર્વાદ મોકલ્યો; એટલુંજ નહિ પણ વ્યંકોજી

સાથે કરેલા તહનામામાં એક કલમ એવી પણ નાખી કે, "અમે પ્રાપ્ત કરેલા પ્રાંતમાંના બેંગરૂળ, બાસકોટ અને સિલકોટ નામક ત્રણ મહાલની ઊપજ ત્રણ લાખ અંકાય છે. જમાબંધીની સુ-વ્યવસ્થા થતાં તેની ઊપજ પાંચ લાખ સુધી થશે. એ મહાલ મારા તરફથી ચિરંજીવી સૌભાગ્યવતી દીપાબાઇને વસ્ત્રાભૂષણના ખર્ચ માટે બક્ષિસ કર્યા છે. તેના ઉપર વ્યંકોજી રાજાનો કિંવા તેમના વંશજોનો હક નથી. તેમણે તેની ઊપજ લેવી નહિ. દીપાબાઇ-એ પોતાના ખાનગી ખર્ચ માટે એ ઊપજ પોતાની પાસે રાખવી. એ પ્રાંતનો બંદોબસ્ત માત્ર વ્યંકોજી રાજાએ રાખવો."

આ ઉપરથી જણાય છે કે, શિવાજી મહારાજને દીપાબાઇ-ના સદ્ગુણો માટે કેટલું બધું માન હતું. પત્નીની ખોટી ભંભે-રણીને લીધે અનેક સ્થળે ભાઇઓ વચ્ચે કલહ થઇને અનેક કુટું-બોમાંથી સદાને માટે શાંતિ પલાયન કરી જાય છે. એ જોતાં પતિને યોગ્ય સલાહ આપી કુટુંબનો સંપ કાયમ રખાવનાર દીપાબાઇ ખરેખર આપણા ધન્યવાદને પાત્ર છે; એટલુંજ નહિ પરંતુ 'સ્ત્રીની બુદ્ધિ પગની પાનીએ' કહી, સુશીલ અને વ્યવ-હારદક્ષ પત્નીની સલાહની અવગણના કરનારા મિથ્યાભિમાની પતિદેવોને માટે પણ આ ચરિત્ર સુંદર દૃષ્ટાંતરૂપ છે.



૧૪૯-શ્રીમતી મૈનાબાઈ

ધાર રાજ્યના પવાર વંશમાં યશવંતરાવ નામનો એક પ્રસિદ્ધ રાજા થઇ ગયો છે. એમનો પૌત્ર આનંદરાવ બીજો હતો. શ્રીમતી મૈનાબાઈ એજ આનંદરાવ પવારની ધર્મપત્ની અને વડોદરાના ગોવિંદરાવ ગાયકવાડની સ્ત્રી ગહિનાબાઇની ભત્રીજી હતી. એ ઘણીજ પતિવ્રતા, પ્રજાપાલનમાં કુશળ, ધૈર્યવતી અને ઇશ્વરભક્ત નારી હતી.

આનંદરાવ પવાર ગોવિંદરાવ ગાયકવાડનો દૌહિત્ર થતો હતો. સત્તર વર્ષનો થતાં સુધી એ મોસાળમાંજ ઊછર્યો હતો. ત્યારપછી એ ધાર રાજ્યમાં પોતાના પિતાની ગાદીએ બેસવા ગયો; પણ એ વખતે ત્યાંના દીવાન રંગરાવ આવડીકરે એ બાબતમાં વાંધો લીધો; પરંતુ રંગરાવનું કાંઈ ચાલ્યું નહિ. તેને પોતાનો દુરાગ્રહ છોડવોજ પડ્યો. ધારની ગાદી આનંદરાવને પ્રાપ્ત થઇ.

આનંદરાવના વડોદરેથી પાછા ફર્યા પછી ધાર સંસ્થાન ઉપર દુર્દૈવનું ચક્ર ફરી વળ્યું. આસપાસનાં ઘણાં રાજ્યો તેને સતાવ્યા કરતાં હતાં. એમાં પણ સિંધિયા અને હોલ્કરે તો ધાર રાજ્યમાં ઘણીજ લૂંટ મચાવી હતી. આનંદરાવે પોતાના રાજ્યનું સંરક્ષણ કરવાને ઘણોએ પ્રયત્ન કર્યો; પણ સફળ થયો નહિ. આખરે નિરાશ થઇ તે આશરે ઇ૦ સ૦ ૧૭૯૭માં મરણ પામ્યો.

મૈનાબાઈ બાલ્યાવસ્થાથીજ ઘણી પરાક્રમી, દયાળુ અને વિનયી હતી. સાસરે ગયા પછી થોડા દિવસોમાંજ એના સદ્ગુણોની સુગંધ આખા રાજ્યમાં પ્રસરી ગઇ હતી. સગાંસંબંધીઓ તથા રૈયત એમનાથી ઘણાં પ્રસન્ન હતાં. મૈનાબાઈનો પતિ ઉપર ઘણો પ્રેમ હતો અને એની સાથે એ ઘણાજ આનંદમાં જીવન ગાળતી હતી; પરંતુ દૈવથી એમનું સુખ ખમાયું નહિ.

એણે નિર્દય બનીને ધાર રાજ્યના સુખ અને મૈનાબાઇના સૌભાગ્યના આધારસ્તંભ આનંદરાવનો અલ્પ વયમાંજ નાશ કર્યો.

આનંદરૂપી સૂર્ય અસ્ત થતાંજ ધારના આખા રાજ્યમાં અને મૈનાબાઇના હૃદયમાં ઘોર અંધકાર છવાઇ ગયો. મૈનાબાઇ શોકસાગરમાં ડૂબી ગઇ. એના જીવનને કોઇનો આધાર રહ્યો નહિ. એમને માટે સંસાર કષ્ટમય થઇ ગયો. એણે પતિની સાથે સતી થવાનો વિચાર કર્યો; પણ એના ઉદરમાં એ સમયે ગર્ભ હતો. પોતાના સુખની ખાતર ભાવી પુત્રાશાનો નાશ કરીને પ્રજાને દુઃખસાગરમાં વધારે ઊંડી ડુબાડી દેવાનું તેમને ઉચિત ન જણાયું, તેથી સતી થવાનો વિચાર બંધ રાખીને ધીરજ ધરીને પતિવિયોગનું દુઃખ સહન કર્યું.

મૈનાબાઇના ઉપર વાસ્તવમાં ઘણું મોટું કષ્ટ આવી પડયું હતું; કેમકે પ્રથમ તો યુવાવસ્થામાં એમને વૈધવ્ય પ્રાપ્ત થયું હતું, બીજું રાજ્ય ચલાવવાનો અનુભવ નહોતો અને ત્રીજું કોઇ સબળ પુરુષનો આશ્રય નહોતો. એમને અબળા જોઇને સિંધિયા, હોલ્કર આદિ જ્ઞાતિબંધુઓએ પણ એમના રાજ્યમાં લૂંટફાટ શરૂ કરી દીધી. રંગરાવ આવડીકર દીવાન તો આનંદરાવના સમયથીજ ધાર રાજ્યને પોતાના કબજામાં લેવાનો પ્રયત્ન કરી રહ્યો હતો. તેણે મૈનાબાઇની નિરાશ્રિત અવસ્થાનો લાગ જોઇને પોતાની મનોકામના સિદ્ધ કરવાનો ઘણો પ્રયત્ન કર્યો; બીજી તરફ આનંદરાવની બહેને પણ પોતાને નામે કોઈ બાળકને દત્તક લઇને ગાદીને પચાવી પાડવાની ઇચ્છા કરી; પરંતુ મૈનાબાઇની બુદ્ધિને લીધે એમના એક પણ શત્રુની આશા સફળ ન થઇ. એણે પોતાની હિંમત અને યુક્તિ વડે બધાના પ્રયત્ન ઊંધા વાળ્યા.

એ બધા શત્રુઓમાં મુરારિરાવ નામનો એક માણસ વધુ પ્રબળ વેરી હતો. એ આનંદરાવના દાદા યશવંતરાવ પવારનો દાસીપુત્ર હતો અને આનંદરાવના મૃત્યુ પછી પોતાને ગાદીવારસ સમજવા લાગ્યો હતો. એણે રાજ્યમાં પોતાનો એક મોટો પક્ષ ઊભો કર્યો હતો અને લાલચ બતાવીને રાજ્યના ઘણા અમલદારોને પણ પોતાના પક્ષમાં લીધા હતા. મૈનાબાઇનો તિરસ્કાર કરીને એને મારી નાખવાનું કપટ એણે રચ્યું હતું. ચતુર મૈનાબાઇને એ પ્રપંચની ખબર પડી ગઇ; એટલે એણે પોતાની જાતના તથા ગર્ભમાંના બાળકના રક્ષણ સારૂ કેટલાક વૃદ્ધ મંત્રી-

એની સલાહ અને મદદથી ધારનો ત્યાગ કરીને માંડવગઢના કિલ્લામાં આશ્રય લીધો. એ કિલ્લો બહુજ મજબૂત અને ધાર નગરીથી થોડે દૂર છે. ત્યાં ગયા પછી થોડા દિવસમાં એને પુત્ર જન્મ્યો. પુત્રનું મુખ જોઇને મૈનાબાઇને ઘણો હર્ષ થયો. પુત્ર જન્મવાની આશામાંજ એ આટલું બધું કષ્ટ સહન કરી રહી હતી. હવે પુત્રનું મુખ જોયાથી તેને જે આનંદ થયો, તેનું વર્ણન કરવું અસંભવિત છે. આખા માંડવગઢમાં મહોત્સવ મચી રહ્યો. મૈનાબાઇએ પણ ગરીબોને વસ્ત્ર અને ધનનું પુષ્કળ દાન કર્યું, તેમજ બહુ ધામધૂમથી ઉત્સવ કર્યો.

રાજકુમારનું નામ રામચંદ્રરાવ પાડવામાં આવ્યું. એના જન્મના સમાચાર આખા રાજ્યમાં ફેલાઇ ગયા અને પ્રજાના મનમાં આનંદ વ્યાપી ગયો. મૈનાબાઇના હૃદયમાં તો આનંદ માતો પણ નહોતો. એનાં નેત્રકમળમાંથી વારંવાર આનંદાશ્રુ ટપકતાં હતાં અને એ અતિ નમ્રભાવથી પરમેશ્વરની પ્રાર્થના કરતી હતી કે, “હે દીનદયાળ, ભક્તવત્સલ પ્રભુ! તારી કૃપાથી આ દીન દાસીને સુખની ઘડી પ્રાપ્ત થઇ છે. મારૂં સર્વસ્વ આ એકનો એક પુત્ર છે. એને સદા સુખી રાખજે. આ નિરાશ્રિત અબળાને તારા વગર કોઇનો આધાર નથી.” એ પ્રમાણે પરમેશ્વરનું ધ્યાન ધરીને મૈનાબાઇ પોતાના પ્રિય પુત્ર સાથે આનંદમાં દિવસ ગાળવા લાગી; પણ એનો શત્રુ મુરારિરાવ રામચંદ્રના જન્મના સમાચાર સાંભળીને ઘણોજ દુઃખી થયો અને કહેવા લાગ્યો કે, “હાય, હવે તો પવારોની ગાદીનો વારસ પેદા થયો; હવે બધા મૈનાને મદદ કરશે અને મારો નાશ કરવાનો પ્રયત્ન કરશે.” એવા એવા અનેક વિચારોને લીધે, એ ચિંતાતુર રહેવા લાગ્યો તથા રાજ્યના એ કોમળ અંકુરને કોઇ પણ પ્રકારે તોડી નાખવાના ઉપાય શોધવા લાગ્યો. આખરે એ નરાધમે પોતાના પ્રપંચી મિત્રોની સલાહથી મૈનાબાઇ અને તેના પુત્રને ધારમાં બોલાવીને મારી નાખવા સારૂ એક કપટી પત્ર મોકલ્યો. જેમાં ઘણી નમ્રતાથી લખ્યું હતું કે, “રાજકુમારના જન્મથી મને અને આખી પ્રજાને ઘણોજ આનંદ થયો છે. હું આપનો દાસાનુદાસ છું. મને મારી આગલી વર્તણુંક માટે ઘણો પસ્તાવો થાય છે. મારા અપરાધોની મને ક્ષમા આપો. હું આપનો પુત્ર છું અને આપ મારાં માતા છો. હવે આપ ધારમાં પધારીને રાજકાર્યને

જાણો, હું એકનિષ્ઠાથી આપની તથા રાજપુત્રની સેવા કરીશ.”

આ પત્ર મળતાંવાર મૈનાબાઈએ ધાર જવાનો વિચાર કર્યો; કેમકે એને મુરારિરાવના કપટની ખબર નહોતી. એ પોતે ઘણા શુદ્ધ હૃદયની સદ્‌ગુણી સ્ત્રી હતી. એણે એ પત્ર ઉપર પૂરો વિશ્વાસ મૂક્યો. એના વૃદ્ધ સેવકો મુરારિરાવના દુષ્ટ સ્વભાવથી જાણીતા હતા. તેમણે ધાર જવાની સલાહ ન આપી અને કહ્યું કે, “ મુરારિરાવ વિશ્વાસઘાત કર્યા વગર નહિ રહે. એણે આ કપટી પત્ર મોકલ્યો છે.” એના બીજા સેવકોએ પણ એવુંજ કહ્યું; પરંતુ હજુ સુધી એના સંકટનો અંત આવ્યો નહોતો; એટલે એણે એ વૃદ્ધ સલાહકારોના ઉપદેશને માન્યો નહિ. પરિજનોને લઈને એ પોતાના બાળકની સાથે ધાર જવાને માંડવગઢથી નીકળી. મુરારિરાવ લાવલશ્કર લઈને મૈનાબાઈ અને રાજકુમારનું સ્વાગત કરવાને ધારની બહાર ઊભો હતો. ઘણા ઠાઠથી એણે મૈનાબાઈને નગરમાં પ્રવેશ કરાવ્યો. રાણીએ રથને કિલ્લામાં લઈ જવાનો હુકમ આપ્યો. ધારનો કિલ્લો ઘણો મજબૂત હતો અને કિલ્લેદાર મૈનાબાઈના પક્ષનો હતો; એટલે એ મુરારિરાવના હાથમાં આવ્યો નહોતો. એ કિલ્લેદાર ઉપર વિશ્વાસ હોવાથી, મૈનાબાઈએ ત્યાંજ જવાનો વિચાર રાખ્યો હતો; પરંતુ મુરારિરાવે એમને એ કિલ્લામાં ન જવા દેતાં બીજા મકાનમાં ઉતારો આપ્યો અને પોતાની ફોજને હુકમ આપ્યો કે, “ એ મકાનને ચારે તરફથી ઘેરી લો.” મૈનાબાઈને હવે પોતાના સેવકોની શિખામણ સાંભરી અને તે પ્રમાણે ન ચાલવા માટે ઘણી પસ્તાઈ.

મૈનાબાઈ ઘણીજ સત્યપ્રિય, દયાળુ અને સુશીલ સ્ત્રી હતી. પોતાના પ્રાણ આપીને પણ શરણાગતનું રક્ષણ કરવાને પોતાનું મુખ્ય વ્રત સમજતી હતી; પરંતુ ઉંમર નાની હોવાથી દુનિયાનો અનુભવ નહોતો. મનુષ્યસ્વભાવને બરોબર ઓળખવાની શક્તિ એનામાં નહોતી. એને ખબર નહોતી કે, સંસારમાં કેટલાક એવા પણ નરાધમો છે કે, જેઓ સ્વાર્થ સાધવા સારૂ પશુતુલ્ય વૃત્તિ ધારણ કરીને અનેક દુષ્ટ કર્મ કરવાને તૈયાર થઈ જાય છે અને આખી માનવજાતિને કલંક લગાડવાનું ચૂકતા નથી.

ઘેરો ઘાલ્યા પછી મુરારિરાવ શું કરશે, તેની ખબર નહોતી; એટલે મૈનાબાઈને ઘણી ચિંતા થઈ. એને પોતાના જીવની તો ઘણી ફિકર નહોતી; પણ પોતાના બાળકપુત્ર—ધારના ભાવી રાજા-

ની જિંદગી જોખમમાં આવી પડવાથી એને ઘણો ખેદ થતો હતો.

દુષ્ટ મુરારિરાવને બાઇને કેદ કર્યાથીજ સંતોષ ન થયો. તેની ઇચ્છા એવી હતી કે, મકાનમાં આગ લગાડીને મૈનાબાઇ, તેનો છોકરો અને નોકરોને અંદર ને અંદરજ સળગાવી દેવાં અને એ હેતુ પાર પાડવા સારૂ એણે તૈયારી પણ કરી રાખી હતી. જ્યારે મૈનાબાઇના સેવકોને એ વાતની ખબર પડી, ત્યારે ઘણી ભારે ગડબડ મચી રહી. બધા લોકો ગભરાયા. એવા વિકટ સમયમાં, બુદ્ધિમાન અને ધૈર્યવાન પુરુષો જે પ્રયત્ન કરે છે, તેવોજ પ્રયત્ન મૈનાબાઇએ પણ પોતાના પુત્રના બચાવ અર્થે કર્યો. તેણે એક દાસીને બોલાવીને કહ્યું કે, “ તું તારો પુત્ર મને આપી દે અને યુવરાજને કિલ્લેદારને સોંપી આવ, તેમજ મારી તરફથી તેમને નમ્રતાપૂર્વક કહેજે કે, ‘આ બાળક તમારો ધણી છે; પરંતુ અત્યારે એને ધણી ન ગણતાં, પોતાના છોકરા જેવો ગણીને જેવી કાળજીથી પિતા પુત્રનું રક્ષણ કરે છે, તેવીજ કાળજીપૂર્વક તેનું રક્ષણ કરજો.’”

રાણીએ એટલું કહીને પોતાનું બાળક દાસીના હાથમાં સોંપ્યું. તે વખતે એનું હૈયું ભરાઇ આવ્યું અને ફરીથી દાસીને કહ્યું: “આ હું મારા પુત્રને તારા હાથમાં નથી સોંપતી, પણ મારો પ્રાણ સોંપું છું. એને લઇને ચાલી જા.”

જતી વખતે એણે પોતાના બાળકને આશીર્વાદ આપ્યો અને કહ્યું કે, “હે પુત્ર! તું આનંદથી રહેજે. પરમેશ્વર તને દીર્ઘાયુષી કરે અને તારાં સર્વ સંકટ હરી લે.”

દાસી પણ વખત જોઇને રાણીનું કામ કરવા તૈયાર થઇ. યુવરાજને લઇને પોતાનો વેષ બદલીને એ હોશિયાર પહેરાવાળાઓને પણ ભુલાવામાં નાખીને મહેલની બહાર નીકળી પડી અને યોગ્ય સમયે રાજકુમારને કિલ્લેદારને સોંપી આવીને સાચા સેવકનો ધર્મ બજાવ્યો. ધન્ય છે એ વિશ્વાસુ દાસીને!

મૈનાબાઇએ આટલી ગુપ્ત રીતે રાજકુમારને કિલ્લામાં પહોંચાડ્યો હતો, તોપણ એ વાતની ખબર મુરારિરાવને પડી ગઇ અને એ દુષ્ટ એને દુઃખ દેવા તૈયાર થયો. એના હૃદયમાંની જ્વાળા મુખમાંથી નીકળવા લાગી; ગુસ્સાથી આંખો લાલચોળ થઇ ગઇ અને મૈનાબાઇને કહેવરાવ્યું કે, “મને છેતરીને તેં રાજપુત્રને કિલ્લામાં મોકલી દીધો છે, તેની સજા તને દઇશ અને આ ઘરને સળગાવી દઇને તારા પ્રાણ લઇશ. તારા પુત્રને તથા તેને આશ્રય

આપનાર કિલ્લેદારને પણ હું સજા આપ્યા વગર રહેનાર નથી. તું આજ કેવી રીતે જીવતી રહે છે, તે જોઇશ. તને બચાવનાર કોઇ હોય, તો એને પોકાર. એ સાંભળીને મૈનાબાઇના સેવક કહેવા લાગ્યા કે, "આપ હઠ કરીને આ સુકુમાર શરીરને સળગાવી ન દો. એ દુષ્ટ પોતાનું ધાર્યું કરશે અને ઘર બાળી મૂકીને બદલો લેશે; માટે હવે એક ક્ષણભર પણ અહીં રહેવું એ સલાહભરેલું નથી. પોતાનું ભલું વિચારતાં હો, તો આ ઘરનો અત્યારે ને અત્યારેજ ત્યાગ કરીને કોઇ નિર્ભય સ્થાને ચાલ્યાં જાઓ."

સેવકોએ આ પ્રમાણે ઘણું સમજાવ્યા છતાં પણ એ પોતાની જગ્યાએથી હઠ્યાં નહિ. અને કહેવા લાગ્યાં કે, "હું અપકીર્તિથી જેટલી બીઉં છું, તેટલી મોતથી બીતી નથી. મારો યશ કાયમ રહે અને મોત આવે, તો ભલે આવે. મારા શત્રુનું ધાર્યું પાર પડશે અને મારૂં મોત આવશે, તો પતિની સાથે સતી નહિ થવાની જે ભૂલ મેં કરી છે, તે સુધારવાનો મને પ્રસંગ મળશે."

એ પ્રમાણે સેવકોને સમજાવીને મૈનાબાઇએ મુરારિરાવને જે ઉત્તર મોકલ્યો, તેથી એનું ધૈર્ય પ્રકટ થાય છે. એણે કહેવરાવ્યું કે, "મારો પુત્ર બાળક હોવા છતાં, તારો તો માલિક છે અને આખા રાજ્યનો પાલક છે. તું પણ એને એવોજ ગણ. એ તારે હાથ આવવાનો નથી. એનું અરિષ્ટ ટળી ગયું છે. એ શત્રુરૂપી રાહુના સ્થાનમાંની નીકળી ગયો છે. એને નિર્ભય સ્થાનમાં જોઇને મારૂં ચિત્ત બહુજ પ્રસન્ન થયું છે. હવે તું ભલે મને દેવાય તેટલું દુઃખ દે, હું બધાં સંકટોને હર્ષપૂર્વક સહન કરીશ. લોકો તો તને ભૂંડો કહેશે, પણ હું તો તારો એટલો બધો ઉપકાર માનીશ કે, જેટલો બીજો કોઇ નહિ માને."

મૈનાબાઇએ મુરારિરાવને એવો જવાબ મોકલ્યા પછી કિલ્લેદારને પણ પોતાનો સંદેશો કહાવ્યો કે, "તમારો માલિક તમારા હાથમાં આવી ગયો છે. હવે તમે એને સારા, સુરક્ષિત, ગુપ્ત સ્થાનમાં લઇ જઇને બચાવજો. પાપરૂપી ખાડામાં તમે કદી ન પડશો. તમે રાજકુટુંબના સ્તંભ છો. તમારાજ ઉપર મને પૂરો ભરોસો છે. સત્યનું સ્મરણ કરીને ચાલજો. પરમેશ્વર જગતનું રક્ષણ કરે છે, એ વાતને તમે પણ યાદ રાખજો. મારા મનમાં જે ડર છે, તેને દૂર કરજો. પ્રાણ જાય કે રહે, પણ ધીરજને કદી છોડશો નહિ. મારી ચિંતા લેશમાત્ર પણ કરશો નહિ. પ્રાણથી પણ વધારે

પ્યારા રાજકુમારના રક્ષણનોજ સદા વિચાર કરજો. બધાં સંકટો-ને સહન કરજો. શત્રુ મૃત્યુના રૂપમાં આવે, તોપણ ધીરજપૂર્વક એ દુષ્ટ શત્રુને મારીને યશ અને કીર્તિ પ્રાપ્ત કરજો.”

એવો સંદેશો કહાવીને મૈનાબાઇએ કિલ્લેદારના હૃદયમાંનો ભય દૂર કર્યો અને રાજકુમારના રક્ષણકાર્યમાં એને વધારે દૃઢ કર્યો.

એ પ્રમાણે આપત્તિને સમયે ધીરજપૂર્વક પુત્રની રક્ષા કરીને એ મૈનારૂપી સિંહણે મુરારિરાવના કપટરૂપી મૃગનું ભક્ષણ કર્યું. ત્યાર પછી મુરારિરાવ મૈનાબાઇને છોડીને કિલ્લો લેવાને દોડ્યો. કિલ્લેદાર સ્વામીભક્ત હતો. એણે રાજદ્રોહી મુરારિરાવને પોતાની પાસે પણ ન આવવા દીધો અને ગોળા મારીને દૂરજ રાખ્યો. મુરારિરાવે કિલ્લેદારને વશમાં લેવાને સામ, દામ, ભેદ અને દંડના બહુએ ઉપાય અજમાવ્યા; પરંતુ નિમકહલાલ કિલ્લેદાર એની પ્રપંચજાળમાં ફસાયો નહિ. આખરે એણે કિલ્લાને ચારે તરફથી ઘેરો ઘાલ્યો. એણે ધાર્યું હતું કે, ભૂખે મર્યાથી કિલ્લેદાર શરણે આવશે.

મૈનાબાઇને પુત્ર તરફની તો કાંઇ ચિંતા હતીજ નહિ; કેમકે એ સુદૃઢ હાથમાં દુર્ગમ દુર્ગમાં સુરક્ષિત હતો; પરંતુ કિલ્લે-દારને કેવી રીતે સહાયતા પહોંચાડવી, તેની ચિંતામાં એ રાત-દિવસ રહેતી હતી. ઘેરો ઉઠાડવા એણે બનતા પ્રયત્ન પણ કર્યા.

ધારનું રાજ્ય પચાવી પાડવાને મહારાજ સિંધિયાએ બધા કરતાં વધારે શત્રુતા દાખવી હતી; તોપણ આ વખતે મૈનાબાઇ-એ એમની પાસે મદદ માગી. વડોદરાના રેસિડેન્ટ મારફત અંગ્રેજ સરકારમાં પણ લખાણ કર્યું. જે જે ઠેકાણેથી મદદ મળ-વાની આશા હતી, ત્યાં આગળ દૂત મોકલ્યા, પત્ર લખ્યા અને પ્રાર્થના કરી કે, “ધારના બાળકરાજાને આ આપત્તિના સમયમાં મદદ આપો.” પરંતુ સહાય આપવાનું તો ક્યાંય રહ્યું, પણ એ લોકોએ ઉત્તર સુદ્ધાંત ન વાળ્યો. આખરે મૈનાબાઇએ પોતાનાં સગાંસબંધીઓનું શરણ લીધું અને તેમની આગળ પોતાનો સંતાપ જણાવ્યો. ઇશ્વરે એના સામું જોયું અને ગાયકવાડ સરકારે એ વીર વિધવાનો પોકાર સાંભળ્યો તથા વડોદરેથી સખારામ ચિમનભાઇની સાથે થોડીક ફોજ મોકલી. વડોદરામાં મૈનાબાઇની ફોઈ ગહિનાબાઇ ગોવિંદરામ મહારાજની રાણી

થતી હતી. તેણેજ મહારાજાને આગ્રહ કરીને સખારામને મોક-લાવ્યો હતો. ગાયકવાડે મોકલેલી એ ફોજ રસ્તામાં હતી; એટ-લામાં મુરારિરાવ એના આવ્યાની ખબર સાંભળીને બીકનો માર્યો નાસી ગયો. મૈનાબાઇની એ બલા તો ટળી, પણ બકરી કાઢતાં ઊંટ પેઠું. ગાયકવાડ સરકારનો વિચાર મદદ આપીને ધાર સંસ્થાનને પોતાના તાબામાં કરી લેવાનો હતો. સખારામે એ હેતુથી ધારમાં પહોંચતાંવારજ અનેક ઉપાય શરૂ કર્યા. મૈના-બાઇએ એ વખતે એવી બુદ્ધિથી કામ લીધું કે, સખારામની મનો-કામના પણ પૂર્ણ ન થાય અને બાઇ તરફથી અપમાનભરી વર્ત-ણુંક ન જણાય. એ ધારમાં પડ્યો પડ્યો દેવાદાર થઈ ગયો અને થોડા દિવસોમાં મરી પણ ગયો. એની જગ્યાએ બાપુ રઘુનાથ સેનાપતિ થઇને ગયો. તેણે પણ પોતાના સ્વામીનું હિત સાધવા સારૂ ઘણા ઉપાય કર્યા પણ મૈનાબાઇની સાવધાનીથી એ બધા વ્યર્થ ગયા. બાઇના સદ્વ્યવહારથી એ એટલો બધો સીધો થઇ ગયો કે, ગાયકવાડનો નોકર હોવા છતાં, તે મૈનાબાઇનું કામ કરતો હતો. ધારમાં જે ઉપદ્રવ મચતો હતો, તેનાથી એ ધાર રાજ્યને બચાવતો હતો. મુરારિરાવ ધારમાંથી તો નીકળી ગયો હતો, પણ એના મનમાંથી રાજ્યનો લોભ ગયો નહોતો; એટલે એણે વચમાં કેટલીએ વાર ચઢાઇ કરી. બાઇસાહેબ મૈનાબાઇ પણ એની આગળ પીઠ બતાવે એવાં નહોતાં. એ બરોબર એની સામે લડીને એને હટાવતાં રહ્યાં.

એ લડાઇટંટાઓને લીધે દેશ ઉજ્જડ થઇ ગયો, આવક ઘટી ગઇ અને ખર્ચ વધી પડ્યાથી ફોજને ભૂખે મરવાનો વારો આવ્યો. કર આપનારાઓએ પણ હાથ ખેંચી લીધો; એટલે મૈનાબાઇએ બુદ્ધિ વાપરીને રજપૂત રાજ્યો ઉપર ચડાઇ કરી અને એમની પાસેથી ખંડણી લઇને ફોજનો પગાર ચૂકવ્યો; પણ ફોજના સિપાઇઓની ભૂખ એટલેથી શાંત થઇ નહિ. તેમણે લૂંટ-ફાટ મચાવી ને પાડોશનાં રાજ્યોને પીડવાનું શરૂ કર્યું. રતલામ, અમઝેરા, બડવાની અને અલીરાજપુર વગેરેના રાજાઓ સાથે લડાઇ થઇ. એમાં મૈનાબાઇનીજ જીત થઇ. એ રાજાઓમાંથી કોઇ નાસી ગયો, તો કોઇ શરણે આવ્યો; કોઇએ ખંડણી આપ-વાનું કબૂલ કર્યું, તો કોઇ કેદ પકડાયો. ઘર અને બહારના ઝઘડાઓમાંથી મૈનાબાઇ હજુ પગ વાળીને બેઠાં ન હતાં; એટ-

લામાં નિર્દય કાળનો એમના ઉપર દારુણ કોપ થયો. જે પ્રિય પુત્રને વિપત્તિમાંથી બચાવીને રાજ્યનો ઉપભોગ કરાવવા સારૂ તેમણે લાખો ઇલાજ કર્યા હતા, તેજ સુકુમાર બાળકને નિર્દય કાળે ઘેરી લીધો. મૈનાબાઇ પુત્રશોકની અસહ્ય વેદના ભોગવવા લાગ્યાં. એકના એક પુત્રના ત્રણ વર્ષની વયે થયેલા આ મૃત્યુથી એમના ઉપર વજ્રાઘાત થયો. એમના શોકનો પાર ન રહ્યો. આખો સંસાર એમને સૂનો લાગવા લાગ્યો. એમણે બધું કામ-કાજ છોડી દીધું. આખરે મંત્રીઓએ સલાહ આપી કે, "દૈવ આગળ કોઈનું ચાલતું નથી. આપ બુદ્ધિમાન છો. અમે આપને શું સમજાવીએ ? હા, એટલી વિનતિ અવશ્ય છે કે, પ્રજા પહેલે-થીજ શત્રુઓને હાથે મરી રહી છે; તેમાં વળી તેના ઉપર આ અસહ્ય દુઃખ આવી પડયું કે, જે સ્વામીના મોટા થયા પછી પોતાનાં દુઃખ દૂર થવાની આશા બાંધી હતી, તેને પણ પરમે-શ્વરે છીનવી લીધો, તેમાં આપની આવી દશા છે, તો પછી એ રાંક પ્રજાનું ધણીધોરી કોણ ? પેલી તરફ દુશ્મનો માથા ઉપર ભમી રહ્યા છે, એમનાં માથાં ભાંગવાં એ જરૂરનું છે, નહિ તો એ શત્રુ-ઓ પ્રજાને કચડી નાખશે અને આપની વસ્તી ઉજ્જડ થઇ જશે."

બાઇએ રોઇને કહ્યું કે, "મને તો હવે જીવન ઉપર પણ કંટાળો આવે છે. પણ તમારા બધાના સુખની ખાતર, તમે જે કાંઇ કહેશો તે કરીશ. હું જાતે દુઃખ વેઠીને પણ તમને બધાને સુખી કરીશ." એટલું કહીને એમણે શોકનો ખૂણો ત્યજ્યો અને દરબારમાં બેસીને કચેરી ભરવા માંડી. બધા અમલદારોને પોત-પોતાનાં કામ કરવાનો અને પ્રજાને સુખ આપવાનો હુકમ આપ્યો. પછી રાજ્યનું હિત વિચારીને બધા સરદારોની સલાહથી પોતા-ની બહેનના છોકરાને ખોળે લીધો.

એ બાળક પણ પવાર વંશમાંજ પેદા થયો હતો. એનું નામ રામચંદ્રરાવ પાડીને તેને ગાદી ઉપર બેસાડવામાં આવ્યો. એ પણ સગીર વયનો હોવાથી રાજ્યનો પ્રબંધ મૈનાબાઇનેજ કરવો પડતો હતો. એ પ્રબંધ પણ કરતી હતી અને મુરારિરાવ સાથે લડતી પણ હતી. આખરે મુરારિરાવ થાકીને ધાર છોડીને ચાલ્યો ગયો અને થોડા દિવસોમાં બહારજ ક્યાંક મરી ગયો. એ પ્રબળ વેરી-થી બાઇને છુટકારો મળ્યો, પ્રજાના જીવમાં જીવ આવ્યો, રાજ્ય-નો રંગ બદલાયો અને દેશ ફરીથી આબાદ થવા લાગ્યો.

આગળ ઉપર સુખ મળવાની આશા બંધાઈ; પરંતુ હજુ સમય અનુકૂળ નહોતો. મુજફ્ફર નામનો એક મકરાણી લૂંટારો આલીમોહનમાં રહેતો હતો અને ધારમાં અશાંતિ જોઇને લૂંટફાટ મચાવવા લાગ્યો હતો. હવે એણે આગળ વધીને ફૂકસી પરગણા ઉપર હુમલો કર્યો અને ધારનાં માણસોને કાઢી મૂકીને પોતાનો અમલ જમાવ્યો. એવા અણીના વખતમાં ગાયકવાડ સરકારનો સરદાર સીતારામ પણ મૈનાબાઇને એકલી છોડીને વડોદરા ચાલ્યો ગયો અને પોતાની ફોજને પણ સાથે લેતો ગયો. એના જતાંવારજ મહારાજા દોલતરાવ સિંધિયાની સેના ખંડણી વસૂલ કરવા સારૂ ધાર આવી. તેણે બીજા પણ ઘણા ટંટા મચાવ્યા. એ બધા પ્રબળ શત્રુઓને લીધે ધાર રાજ્યની પૂરી બરબાદી થઇ ગઇ. બાઇ કિલ્લામાં ઘેરાઇને બેઠી હતી, તોપણ હિંમત હારી ગઇ નહોતી. પોતાના દેશને બચાવવાને માટે એવીજ ચાલ યોજી રહી હતી કે, જેવી ચાલ શેતરંજની રમતમાં દબાયલા બાદશાહને માટે રમનાર યોજે છે. બાપુ રઘુનાથની પાસે આઠસોનવસો સવારો અને પાયદળ લશ્કર હતું. એ લશ્કરની મદદથી એ ઘણો પ્રદેશ લૂટતો ફરતો હતો. ડુંગરપુરથી નીમાડ સુધી લૂંટ મચાવીને એ પોતાના લશ્કરનો નિભાવ કરતો હતો. મૈનાબાઇની પાસે કિલ્લામાં થોડાં માણસો હતાં અને આખી પાંત્રીસ હજારની આવકનો દેશ એના કબજામાં હતો. એટલી આવકથીજ કિલ્લામાં બેઠાં બેઠાં એ દારુણ દુશ્મનોની સાથે લડી રહી હતી અને પરમાત્માને પોતાના રક્ષણની પ્રાર્થના કરી રહી હતી. નિરાધારના બેલી ઇશ્વરે એની પ્રાર્થના સાંભળી. માળવામાં અંગ્રેજી લશ્કર લૂંટફાટનો બંદોબસ્ત કરવાને આવ્યું. મૈનાબાઇએ એ લશ્કરના સરદાર સર જૉન માલ્કમની પાસે બાપુ રઘુનાથને મોકલીને બધા સમાચાર જણાવ્યા. સરદારે એને કહ્યું કે, “તમે બીજાઓની તો ફરિયાદ કરવા આવ્યા છો, પણ પોતે આટલું મોટું લશ્કર લઇને બીજાઓના રાજ્યમાં લૂંટફાટ મચાવી રહ્યા છો, તે પહેલાં બંધ કરો પછી બીજી વાત.” એણે ઉત્તર આપ્યો કે, “એ ફોજને લીધે તો આટલો થોડો પણ દેશ અમારા કબજામાં બચવા પામ્યો છે. તમારી સલાહ પ્રમાણે ચાલીએ અને લશ્કર કાઢી નાખીએ, તો એ બચેલો પ્રદેશ પણ ચાલ્યો જાય.” સરદાર માલ્કમે કહ્યું: “તમારા રાજ્યનું રક્ષણ અમે કરીશું અને તમારો

જેટલો મુલક દુશ્મનો પચાવી પડ્યા છે, તે પણ પાછો અપાવીશું.'' એટલે બાપુ રઘુનાથે એમની વાત માની, પોતાની ફોજને બીજે લૂંટ કરવા મોકલવાનું બંધ કર્યું અને અંગ્રેજ સરકાર પાસેથી રૂપિયા ઉધાર લઈને એમનો પગાર ચૂકવી દીધો. જનરલ માલ્કમે પણ દોલતરાવ સિંધિયાને ભલામણ કરીને બદનાવર અને એરસચે નામનાં બે પરગણાં છોડાવીને પાછાં અપાવ્યાં અને કુકસી વગેરે પ્રાંત પિંઢારા અને મકરાણીઓ પાસેથી પડાવી લીધા. પછી ઇ૦ સ૦ ૧૮૭૬ ના ચૈત્ર સુદિ પડવાને દિવસે અંગ્રેજ સરકાર સાથે સંધિપત્ર લખવામાં આવ્યો અને દુશ્મનોનું દુઃખ મટી ગયું.

મૈનાબાઇએ બાપુ રઘુનાથની સારી સેવાથી પ્રસન્ન થઇને સદાને માટે એને એક મોટી જાગીર પ્રદાન કરી.

રાજ્યમાં આ પ્રમાણે શાંતિ વ્યાપી ગયા પછી, એ ઘણા નોકરોને સાથે લઇને ઘણી ધામધૂમથી તીર્થયાત્રા કરવા નીકળી અને કાશી વગેરે પવિત્ર ધામ અને તીર્થમાં પુષ્કળ રૂપિયા વાપરીને ધારમાં પાછી ફરી.

હવે રાજા રામચંદ્રરાવ પણ યુવાવસ્થામાં આવ્યો હતો. મૈનાબાઇએ તેનું લગ્ન મહારાજા દોલતરાવ સિંધિયાની પુત્રી અન્નપૂર્ણાબાઈ સાથે કર્યું.

સિંધિયાએ પહેલાં ધાર રાજ્યનું ઘણું નુકસાન કર્યું હતું અને મૈનાબાઇને ઘણું દુઃખ દીધું હતું; પણ લાગ આવતાં મૈનાબાઇએ બુદ્ધિ વાપરીને એની છોકરી લીધી અને પહેરામણીમાં એક પરગણું પોતાના છોકરાને અપાવ્યું. પુત્રનું લગ્ન કર્યા પછી મૈનાબાઇને પૌત્રને રમાડવાની આશા થઇ; પણ એ આશા પૂરી થવાનું તો ક્યાં રહ્યું, ઊલટું એક અસહ્ય દુઃખ વેઠવું પડ્યું. રાજા રામચંદ્રરાવ ભરયુવાનીમાં ઇ૦ સ૦ ૧૮૮૯ માં અકસ્માત્ મરણ પામ્યો. અન્નપૂર્ણા વિધવા થઇ. બાવીસ વર્ષ પહેલાં મૈનાબાઇ જેવી રીતે પોતાના પુત્રને માટે રોયાં હતાં, તેવીજ રીતે આજે આ દત્તકપુત્રના મૃત્યુથી રોયાં. શોકમાં ને શોકમાં એમનું શરીર છેકજ લેવાઇ ગયું. આખરે અંગ્રેજ સરકારની મંજૂરીથી દક્ષિણના પવાર સરદારોમાંથી એક છોકરાને બોલાવીને અન્નપૂર્ણાબાઇએ ખોળે લીધો. એનું નામ યશંતરાવ પાડવામાં આવ્યું. એ પણ બાળકજ હતો; એટલે રાજ્યનું કામ પાછું મૈનાબાઇને કરવું

પડ્યું; એથી અન્નપૂર્ણાબાઈને ખોટું લાગ્યું. એ કહેવા લાગી કે, “એમનો છોકરો જીવતો હતો, ત્યારે એમણે કામ કર્યું. હવે એ રાજા મારો છોકરો છે; એટલે હું એમને કામ નહિ કરવા દઉં.”

મૈનાબાઈને કોઇ સ્વાર્થ કે રાજ્યલોભ નહોતો; પણ એ જાણતી હતી કે, પોતાને રાજકાજનો અનુભવ છે, અન્નપૂર્ણા હજુ કાચી ઉંમરની છે, એને દુનિયાનો કાંઇ અનુભવ નથી ને ખુશામતિયા લોકોએ એના કાન ભંભેર્યા છે, રાજ્ય એના હાથમાં પડીને ખરાબ ન થઈ જાય અને એને ઉશ્કેરનારાઓ ફોસલાવીને રાજ્યનું ધન ખાઇ ન જાય, એની એને બહુ ચિંતા હતી. રાજા યશવંતરાવ બાળક હતા અને અન્નપૂર્ણાબાઇના કહ્યામાં હતા; એથી સાસુવહુમાં કુસંપ ઊભો થયો. જૂના નોકરો મૈનાબાઇના પક્ષમાં હતા અને અન્નપૂર્ણાબાઈ નવા નોકરોને રાખીને જૂનાને કાઢી મૂકવા માગતી હતી. વાત એટલે સુધી વધી પડી કે, બન્ને તરફથી સિપાઇઓને દારૂગોળો વહેંચવામાં આવ્યો અને મોરચાબંધી પણ થઈ ગઈ. રેસિડેન્ટે એ સમાચાર સાંભળીને સવાર મોકલીને બાપુ રઘુનાથને બોલાવી મંગાવ્યો. એ તો વૃદ્ધ અને અનુભવી હતો. એણે તરતજ ફોજને બોલાવીને અન્નપૂર્ણાબાઇના સલાહકારોને પકડી લીધા. પછી એ લોકોનું રાજાની પાસે આવવાજવાનું પણ બંધ કરી દીધું; એથી અન્નપૂર્ણાને નાઇલાજે પોતાનો પ્રયત્ન છોડી દેવો પડ્યો. ઝઘડામાં કેટલાએ માણસો મરી ગયા, પણ લડાઇ આગળ વધવા ન પામી. થોડા દિવસોમાં સલાહ થઇ ગઈ અને રેસિડેન્ટે ઈંદોરથી ધાર જઇને યશવંતરાવને રાજાનો અધિકાર આપ્યો તથા બાપુ રઘુનાથને સારા કામની ‘ખિલત’ આપી.

જ્યારે યશવંતરાવ ભણીગણીને મોટો થયો, ત્યારે મૈનાબાઈએ બધું રાજકાજ તેને સોંપી દીધું. પછી એણે પોતાની જાગીરના વહીવટ ઉપરાંત રાજ્યના કામકાજમાં જરાયે હાથ ન ઘાલ્યો. અન્નપૂર્ણાનો અધિકાર છીનવી લેવાને લીધે હવે એણે પોતેજ અધિકાર છોડી દીધો, પણ રાજા એમનું બહુજ માન રાખતા હતા અને એ પણ રાજા ઉપર બહુ પ્રેમ રાખતાં હતાં. પૂર્વ દિશાનાં તીર્થની યાત્રા તો એ કરી આવ્યાં હતાં, હવે દક્ષિણનાં તીર્થની યાત્રા કરવાની ઇચ્છા થવાથી રામેશ્વરાદિ ધામની યાત્રા કરીને સંવત ૧૮૯૭ માં પાછાં આવ્યાં અને ધારમાં શિવજીના મંદિરમાં બેસીને ધર્મધ્યાન કરવા લાગ્યાં. મૈનાબાઇની વૃદ્ધાવસ્થા હતી અને

અન્નપૂર્ણા ભરજુવાનીમાં હતી. એનો મિજાજ ગરમ હતો, ઢંગ પણ સારા નહોતા; એટલે રાજા એના ઉપર નારાજ રહેતા હતા. માદીકરાનાં મન ઊંચાં થયાં. સંવત ૧૯૦૩ માં અન્નપૂર્ણાનો દેહાંત થયો અને ત્યાર પછી મૈનાબાઇનો સ્વર્ગવાસ થયો. રાજા યશવંતરાવે મૈનાબાઇના અનેક સદ્‌ગુણોના સ્મારકરૂપે ધારના છત્રીબાગમાં આનંદરાવ પવાર અને બીજાની મૂર્તિની પાસે તેમની મૂર્તિ પધરાવી. એ મૂર્તિ ઘણી પ્રભાવશાળી છે.

ધાર રાજ્યના નિવાસીઓની મૈનાબાઇ ઉપર એટલીજ શ્રદ્ધા અને મમતા છે કે, જેટલી ઇંદોરમાં અહલ્યાબાઇની છે. અહલ્યા બાઇની પછી મૈનાબાઇના જેવી વીર પ્રકૃતિની અને શુદ્ધ વૃત્તિની રાણી માળવામાં કોઈ થઇ નથી. એ રાજ્યકાર્યમાં પણ ઘણી કુશળ હતી. બગડેલી બાજી સુધારવાનો અને આપત્તિના સમયમાં અધીરા ન બનવાનો એનામાં મોટો ગુણ હતો. ઘરના અને બહારના અનેક વેરીઓ તરફથી પુષ્કળ કષ્ટ વેઠયું; દૈવગતિથી પણ અનેક શોકસંતાપ સહન કર્યાં; પરંતુ કદી હિંમત હારી નહિ. બુદ્ધિમત્તા અને સાવધાનીથી બધા અનર્થ સહન કર્યા અને એ અનર્થ મટાડવાને યોગ્ય ઉપાય પણ શોધી કાઢ્યા.

ત્રણ બાળકરાજાઓનું વાલીપણું કર્યું, રાજ્યને શત્રુઓથી બચાવ્યું અને પોતાનો ધર્મ પણ નભાવ્યો, જેથી આજ સુધી ઇતિહાસમાં એનું નામ અમર થઇ ગયું છે. ધારની પ્રજા હજુ સુધી એના સદ્‌ગુણો અને ઉપકારોને ભૂલી નથી. મૈનાબાઇને સારૂં ખાવું અને સારૂં પહેરવું કદી પસંદ ન હતું. સદા બહુજ સાદાઇથી એ પોતાનું જીવન ગાળતી હતી. રાજકાજમાંથી બાકી બચેલો સમય ઇશ્વરના ભજનસ્મરણમાં અને ધર્મપુણ્યનાં કામોમાં એ ગાળતી હતી; એજ કારણોને લીધે એ પ્રજાની બહુજ માનીતી હતી અને એના દેહાંતથી આખા દેશમાં શોક વ્યાપી ગયો હતો. પ્રજા એના વિયોગથી બહુ દુઃખી થઇને ઘણા દિવસ સુધી રોઇ હતી.×

× નાગરીપ્રચારિણી પત્રિકા પુ૦ ૪, અંક ૧, સ્વર્ગસ્થ મુનશી દેવીપ્રસાદજીના એક લેખનો અનુવાદ. —પ્રયોજક

૧૫૦–મહારાણી શરત્સુંદરી દેવી

બંગાળી ૧૨૬૫ માં પુઠિયા ગામમાં શ્રીભૈરવનાથ સાથાલને ઘેર એમનો જન્મ થયો હતો.

બંગાળા પ્રાંતમાં આવેલા રાજશાહી તાલુકામાં પુઠિયા ગામના જમીનદાર રાજા યોગેંદ્રનારાયણ સાથે એમનું લગ્ન થયું હતું. લગ્ન સમયે તેમની ઉંમર સાત વર્ષની હતી. બંગાળીના અંગ્રેજ વેપારીઓ વિરુદ્ધ ભારતવાસીઓએ જે મોટું આંદોલન મચાવ્યું હતું, તેના એ મુખ્ય આગેવાન હતા. એને લીધે એ સદા અંગ્રેજોની અકૃપાને પાત્ર બન્યા રહેતા હતા અને એમની ખાતર ઘણા લાંબા સમય સુધી તેમને સપરિવાર કલકત્તા રહેવું પડયું હતું.

દેવી શરત્સુંદરી ઘણાં સુંદર, સદ્‌ગુણી અને પતિવ્રતા નારી હતાં. બાલ્યાવસ્થામાંજ એમનું લગ્ન મહારાજા સાથે થયું હતું. એ સમયમાં કન્યાઓને ભણાવવાનો રિવાજ પ્રચલિત નહિ હોવાથી શરત્સુંદરીને બાલ્યાવસ્થામાં શિક્ષણ મળ્યું નહોતું; પરંતુ સાસરે ગયા પછી પતિની ઇચ્છાથી એમણે ભણવા માંડયું હતું. રાજાએ પોતાના દીવાનને આજ્ઞા આપી હતી કે, રાણીને કાંઈ વસ્તુ જોઇતી હોય, તો સ્લેટ ઉપર લખીને આજ્ઞા મોકલે અને એ લખાણમાં કાંઇ ભૂલ હોય તો, દીવાન સુધારીને બતાવે. એ પ્રમાણે કર્યાથી એમના અક્ષર તથા વાકયરચના સુધર્યાં હતાં. એમના અક્ષર તો એવા હતા કે, ઘણી થોડી સ્ત્રીઓ એવા સુસ્પષ્ટ અક્ષર લખતી હશે. પોતાના અક્ષર સુધારવાનો એમને એટલો બધો શોખ લાગ્યો હતો કે, તેઓ ઘણા સારા ગ્રંથોની નકલ પોતાના હાથે એક મોટી નોટબૂકમાં કરતાં. તે એટલાં ચોક્કસ હતાં કે, દરરોજ નકલ કર્યાની તારીખ તથા સમય લખી રાખતાં. એ નોંધ

ઉપરથી જણાય છે કે, એમનું લખવાનું કામ મધરાતે થતું.

એમનો એ અભ્યાસ દિનપ્રતિદિન વધતો ગયો હતો. અજવાળી રાત્રે અગાશીમાં બેસીને એ બંગાળી વર્તમાનપત્રો અને માસિકો તથા બોધપ્રદ પુસ્તકો ચંદ્રના પ્રકાશમાંજ વાંચતાં અને પોતાની પાસે બેઠેલી સ્ત્રીઓને સંભળાવીને તે સંબંધે વાદવિવાદ કરતાં. સંસ્કૃત ભાષાનું પણ એમણે જ્ઞાન પ્રાપ્ત કર્યું હતું. સંસ્કૃત તથા બંગાળી ભાષાનો એમનો પુસ્તકસંગ્રહ કોઇ પણ સારા પુસ્તકાલયને શોભાવે અને ગૌરવ અપાવે એવો છે. બંગાળી ભાષાનો કોઇ પણ ગ્રંથ તેમણે વાંચ્યા વગર છોડ્યો નહોતો. પુસ્તકોને ઉત્તમ રૂપે બંધાવીને કાચના કબાટમાં ગોઠવવાં, એ એમના જીવનનો એક મુખ્ય આનંદ હતો.

શરત્સુંદરી દેવી પતિ સાથે સુખમાં જીવન ગાળવાનું આરંભી રહ્યાં હતાં, પણ એમનું એ જીવન તો એક સ્વપ્નસમજ થઇ ગયું. તેર વર્ષની બાળવયે તેમને વૈધવ્ય પ્રાપ્ત થયું. પતિના મૃત્યુ પછી એમની બધી સંપત્તિ કોર્ટ-ઑફ-વૉર્ડ્સને સોંપવામાં આવી અને તેમના પોતાના પિતા ભૈરવનાથ સાથાલને વગર પગારે મેનેજર તથા સંરક્ષક નીમ્યા. પતિના સ્વર્ગવાસથી એમના શોકનો પાર રહ્યો નહિ, પણ ઇશ્વરેચ્છાને બળવતી ગણીને તેમણે પોતાનું આખું આયુષ્ય હરિભક્તિમાં ગાળવાનો નિશ્ચય કર્યો. રંગીન અને સૌભાગ્યસૂચક વસ્ત્રાભૂષણો તેમણે ગરીબ બ્રાહ્મણોને દાન કરી દીધાં અને પોતે સફેદ ધોતિયું ધારણ કરવા લાગ્યાં. જે જગ્યાએ પહેલાં બબ્બે મણ રૂનાં ગદેલાં બિછાવેલાં રહેતાં હતાં, ત્યાં આગળ હવે તૃણશય્યા પાથરવામાં આવી. શ્રીશચંદ્ર મજૂમદાર નામના એક વિદ્વાન, જે મહારાણી ઉપર માતૃસમ શ્રદ્ધા રાખતા હતા, તેઓ એ સંબંધમાં લખે છે કે, "ભરશિયાળામાં પણ એક વિશાળ ઓરડામાં સામાન્ય પાટ ઉપર કામળી તથા એક ચાદર પાથરીને એ સૂતાં હતાં. ઓઢવામાં એક કામળો રાખતાં. ઉનાળામાં એક ચટાઇ પરજ સૂઇ જતાં. ચારે તરફ આશ્રિતા, સગી સ્ત્રીઓ અને અનાથ બ્રાહ્મણ વિધવાઓની પથારીઓ પથરાતી. શિયાળા કે ઉનાળામાં એક સરખું જાડું ખાદીનું વસ્ત્ર પહેરતાં. મયમનસિંહની જમીનદારી પુખૂરિયા પરગણામાંથી એ વસ્ત્ર તૈયાર કરાવવામાં આવતું. માગશર માસની સાંજે પણ હવિષ્યાન્ન ભોજન કરી એજ એક વસ્ત્ર ધારણ કરીને નાની શી સગડી લઇને તાપવા બેસતાં. અલ-

બત્ત, સ્વચ્છતાની ખાતર એ વસ્ત્ર દિવસમાં અનેક વાર બદલવામાં આવતું. બધી ઋતુઓમાં એ પગથી માથા સુધી ઢાંકેલાં રહેતાં. માથાના વાળ વધતા, ત્યારે દાસીઓ કાતરી નાખતી. જરૂર પડતાં હજામને અંતઃપુરમાં પ્રવેશ કરાવવો પડતો. નખ લેવરાવતી વખતે મહારાણી લાંબો ઘૂમટો કાઢતાં. એક વાર હજામની અસાવધાનીને લીધે નખ વધારે કપાઇ ગયાથી આંગળીમાંથી લોહી વહેવા લાગ્યું. નોકરો અને દાસીઓ એથી ઘણાં ગુસ્સે થઇ ગયાં, પણ રાણીએ કાંઇ પણ બોલ્યા વગર ઘૂમટાની આડમાંથી ઇશારો કરીને બધાંને રોક્યાં."

દીન, દુઃખી અને પાપતાપમય સંસારના બધા વર્ગોનાં પીડિત મનુષ્યો પ્રત્યે તેમનો જે અનિર્વચનીય, આડંબરશૂન્ય કરુણાભાવ દીઠામાં આવતો, તે ઉપરથી સમજી શકાતું કે, તેમની આગળ નાના, મોટા, પાપી અને પુણ્યાત્મા બધાં સંતાન-તુલ્ય હતાં; પરંતુ પાપ પ્રત્યે તેમના હૃદયમાં રાતદિવસ જે ઊંડી ઘૃણા હતી, તે પણ એમનાં કાર્યોમાં જણાઇ આવતી. એક દિવસ પ્રાતઃકાળે એમને ખબર મળ્યા કે, એક સ્ત્રી એમની આગળ ફરિયાદ કરવા આવી છે. એની ખરાબ ચાલચલણની વાત મહારાણીને કાને પહોંચી હતી; એટલે એમણે એને દર્શન દીધાં નહિ; પણ એને ઇન્સાફ મળે તેનો બંદોબસ્ત કરી દીધો. પોતાનો કોઈ સગો કે આશ્રિત, અન્યાય કે અપકીર્તિનું કામ કરે, તો એની ખબર પડતાંજ એમનાં નયનમાંથી અખંડ અશ્રુપાત થતો; એટલાથીજ અપરાધીને પૂરી સજા મળતી. એને બીજી જાતના દંડની જરૂર પડતી નહિ.

એક વખત પુઠિયા ગામમાં પુષ્કળ રેલ આવવાથી રૈયતને ઘણું ભારે નુકસાન થયું હતું. પુઠિયાના રાજ્યમાં અનેક ભાગીદાર હોવા છતાં, મહારાણીએ બધાની પ્રજાને એક સરખી મદદ આપી હતી. રાજમહેલની સામે સ્ત્રીપુરુષોને અન્નવસ્ત્ર તથા પશુઓને માટે ઘાસ વહેંચવા સારૂ સારો બંદોબસ્ત કર્યો હતો. પોતે મહેલમાં બેસીને પડદાની આડમાંથી બધી વ્યવસ્થા ઉપર જાતે દેખરેખ રાખતાં. એ વખતે એમના મુખ ઉપર દયાનો ભાવ છવાઇ રહેતો. ત્યાર પછી એક સમયે એ ગામમાં આગ લાગવાથી લોકોનો ઘાસચારો બળી ગયો. લોકોનું દુઃખ નિવારણ કરવા સારૂ તેમણે પ્રયત્ન તો કર્યોજ. પણ એ બેત્રણ દિવસ સુધી એમ-

નાં નેત્રમાંથી સતત અશ્રુ પડ્યાં હતાં. ગરીબોનાં દુઃખને એ પોતાનુંજ દુઃખ માનતાં.

રાજમહેલમાં પર્વદિને બ્રાહ્મણોને મોટા પ્રમાણમાં ભોજન આપવામાં આવતું. એ સમયે ઘણા લોકો સામગ્રી ચોરી પણ જતા. એ સાંભળીને મહારાણી ઉદારતાથી કહેતાં કે, “ખાવાની વસ્તુ કાંઇ નકામી જાય છે? કોઇ ને કોઇ તો ખાશેજ ને?”

રાણી શરત્સુંદરી પોતાના મહેલમાં શ્રીગોપાલજીની મૂર્તિ પધરાવીને આખો દિવસ તેમની સેવામાં તલ્લીન રહીને બ્રહ્મચર્ય પાલન કરતાં હતાં. બે ઘડી રાત જતી, ત્યારે નિદ્રાનો ત્યાગ કરી, સ્નાન કરીને શ્રીગોપાલજીનું વિધિ પ્રમાણે પૂજન કરતાં, તેમને સુંદર વસ્ત્રાભૂષણો ધારણ કરાવતાં, સુગંધિત ચંદનનો લેપ કરતાં તથા મિષ્ટાન્નનો ભોગ ધરાવીને આરતી કરતાં. શ્રીગોપાલજીને સાત વર્ષના બાળક સમાન ગણીને તેમની સેવા કરતાં, માતા સમાન પ્રેમથી વારેઘડીએ ઠાકોરજીનાં સામું જોઇ રહેતાં તથા તેમને ધરાવેલા પ્રસાદમાંથી થોડુંક ખાઇને જીવન વ્યતીત કરતાં. ઠાકોરજીને માટે સદા પોતાને હાથેજ તેઓ માળા ગૂંથતાં.

પતિના મૃત્યુ પછી તેમણે એક પુત્ર દત્તક લીધો હતો; પરંતુ તેની વય સગીર હોવાથી પોતે પણ રાજકાજમાં દેખરેખ રાખતા. એ વખતે કોઇ સમારંભના પ્રસંગે અથવા તો કોઇ મોટો માણસ મળવા આવે ત્યારે મહારાણીને બહારની બેઠકમાં આવવું પડતું. ત્યાં આગળ એમના સ્વર્ગસ્થ પતિનું એક તૈલચિત્ર ટાંગેલું હતું. એ તરફ દૃષ્ટિ પડતાંજ એમનું મુખ લાલચોળ અને અશ્રુપૂર્ણ થઇ જતું; તેથી એ ચિત્રને ઘણુંખરૂં ઢાંકીજ રાખવામાં આવતું.

કલકત્તામાં જ્યારે વાસ કરતાં, ત્યારે લોકોપયોગી સંસ્થાને નામે અનેક લોકો તેમની પાસે નાણું માગવા આવતા. મહારાણી એ લોકોને યથાયોગ્ય મદદ આપતાં, પણ એમાંના અનેક દુષ્ટોએ એમને છેતરવાની એક યુક્તિ શોધી કાઢી હતી. તેઓ મહારાણીએ કહ્યું હોય, તેના કરતાં ચારગણી રકમની ખબર વર્તમાનપત્રોમાં છપાવતા અને થોડા દિવસ પછી એટલી રકમની માગણી કરતા. કોઈ પણ દરજ્જાનો માણસ એમની પાસે સહાયતા માગવા જતો, તો ખાલી હાથે પાછો ફરતો નહિ; કોઇને તો એ ગાડીભાડું અને રસ્તાખર્ચ પણ આપતાં.

એમનો સિદ્ધાંત હતો કે, ગંગાતીરે કોઇની પણ ભેટ સ્વીકારવી નહિ; તેથી કોઇ માણુસ કલકત્તામાં નજરાણું રજૂ કરતો કે ભેટસોગાદ મોકલતો, તો એ બધું તરતજ ગરીબ લોકોને વહેંચી આપવામાં આવતું અને ભેટ મોકલનારને તો એના બદલામાં સરપાવ તથા લાવનારને ઇનામ આપવામાં આવતાં.

પોતાની જાગીરમાં કોઇ માંદું પડતું, તો એને માટે દૂધ, સાકર, સાબુચોખા વગેરે પથ્યની વ્યવસ્થા કરતાં; એટલુંજ નહિ પણ દાક્તર કે વૈદની ફી સારૂ પોતાના તરફથી રૂપિયા આપતાં. કેવળ ગરીબવર્ગનેજ નહિ, પણ વચલા વર્ગની કેટલીક સન્નારીઓને પોતે એ પ્રકારની મદદ પહોંચાડતાં.

મહારાણી ધર્મનિષ્ઠ, પ્રાચીન આર્ય રીતરિવાજોને પસંદ કરનાર અને તે પ્રમાણે ચાલનારાં હતાં. તેઓ કલકત્તામાં વસતાં પણ નળનું પાણી પીતાં નહિ. આધુનિક અંગ્રેજી ભણેલા યુવકોની ઉચ્છૃંખલતાને એ ધિક્કારતાં; પરંતુ કેટલીક બાબતમાં એ નવશિક્ષિત લોકોની પ્રશંસા પણ કરતાં. ન્યાયની ખાતર કહેવું પડશે કે, અંગ્રેજી શિક્ષણના પ્રારંભકાળમાં વિદ્યાર્થીઓમાં મદ્યપાન, સ્વતંત્ર સ્વભાવ આદિ દોષો આવ્યા હતા તેમ કેટલાક સદ્ગુણો પણ આવ્યા હતા. મહારાણી અનેક વાર કહેતાં કે, "હાલના યુવકો સાચાબોલા છે, જે કાંઇ કરે છે તે ખુલ્લી રીતે કરે છે; વળી તેમનો બીજો ગુણ એ છે કે, તેઓ લાંચ લેતા નથી. એમનો એ ગુણ અનુકરણ કરવા યોગ્ય છે."

એમની જાગીરમાં એક પોલીસ અમલદાર ઘણાં વર્ષ સુધી રહ્યો હતો. એ માણુસ પ્રમાણિક, શુદ્ધચરિત્રનો, કર્તવ્યપરાયણ તથા લડાઇટંટા વધારવાને બદલે પરસ્પર સમજાવીને પતાવી દેનારો હોવાથી, મહારાણી તેની પ્રત્યે સન્માન અને શ્રદ્ધાની દૃષ્ટિથી જોતાં.

પ્રચલિત હિંદુધર્મ ઉપર તેમને અત્યંત વિશ્વાસ હતો અને ધર્મનાં બધાં અનુષ્ઠાન એ પરમ નિષ્ઠા સહિત સાસરામાં તેમજ પિયેરમાં કરતાં. પિયેરમાં દાદી અને પિતાજીની પાસેથી ભક્તિભાવનું જે શિક્ષણ તેમને મળ્યું હતું, તેનો પાછળથી પૂર્ણ વિકાસ થયો હતો. મહારાણીની માતાની પવિત્રતા, સહનશીલતા અને કરુણાનો અનુભવ કરનારાઓ કહે છે કે, "એ માતાજ એમના બધા મહત્ત્વનું મૂળ હતાં." બાલ્યકાળમાં મહારાણીને હંસ અને

પોપટ પાળવાનો ઘણો શોખ હતો; પણ ફૂલ અને દેવસેવા એમને સૌથી વધારે પ્રિય હતાં. એક દિવસ એમના પિતાજી પૂજા કરીને ઊઠી ગયા હતા, એવામાં બાલિકા શરત્સુંદરી રમતાં રમતાં ત્યાં જઇ પહોંચ્યાં અને પૂજામાં બેઠાં; પરંતુ આસનની પાસે દીવો બળી રહ્યો હતો. તેને એમની ઓઢણીનો અંચળ અડકવાથી એ તરત સળગી ઊઠ્યો; પણ એ વખતે જરા પણ ગભરાયા કે ગડબડ કર્યા વગર એ વસ્ત્ર તેમણે કાઢી નાખ્યું અને નિર્માલ્યના જળમાં એને બોળી નાખ્યું. આગ હોલવીને ભીનું લૂગડું પહેરીને એ માતાપિતાની પાસે ગયાં અને કેવળ એટલુંજ બોલ્યાં કે, “ જુઓ, આવું સુંદર લૂગડું સળગી ગયું. ”

બાળવિધવા શરત્સુંદરી, આવતા જન્મમાં વૈધવ્ય પ્રાપ્ત ન થાય, એટલા સારૂ બંગાળી હિંદુવિધવાઓના વિચાર પ્રમાણે દર વર્ષે મોટા ઠાઠથી જગદ્ધાત્રીની પૂજા કરતાં; એટલા માટે એમણે ‘ જગદ્ધાત્રી પૂજાવાડી ’ નામનું એક મકાન રાજમહેલની પાસે બંધાવ્યું હતું અને પૂજા કરવા સારૂ પોતે કેટલીક સગી અને આશ્રિત સ્ત્રીઓ સહિત થોડા દિવસ ત્યાંજ રહેતાં. એ સમયે એ મંદિરમાં શ્વેત વસ્ત્ર ધારણ કરેલાં એ ગૌરાંગી ઊંચાં મહારાણીને જોઇને એમજ ભાસ થતો હતો કે,એજ સાક્ષાત્ જગદ્ધાત્રી દેવી છે.

પૂજા અને વ્રત નિમિત્તે એ ઘણા ઉપવાસ કરતાં. ત્રણચાર દિવસનો નિર્જળ નિરાહાર ઉપવાસ તો એ ઘણીએ વાર કરતાં. એને લીધે એમનું આરોગ્ય પણ બગડ્યું હતું, પણ એની કાંઇ પણ પરવા ન કરતાં, હસતે મુખે એ ધાર્મિક કાર્યો કરતાં.

મહારાણી સાધારણ રીતે સોનારૂપાને સ્પર્શ કરતાં નહિ. ગુરુના ઘરનું કોઇ આવે, ત્યારે દક્ષિણા કે ભેટ ધરવા ખાતર જે રૂપિયા આપવામાં આવે તેનેજ એ સ્પર્શ કરતાં.

ઠાકોરજીના થાળમાં ભાતભાતનાં ભોજન અને પકવાન્ન થતાં, પણ એ થાળ દરરોજ કોઇ ગૃહસ્થને ઘેર અથવા તો અતિથિ-અભ્યાગતને આપી દેવામાં આવતો અને પોતાને માટે હવિષ્યાન્ન રંધાવતાં. રાંધનારી ન હોય તો હાથેજ રાંધતાં. એ નિયમ તબિયત સારી હોય કે ખરાબ હોય, તોપણ એક સરખી રીતે સચવાતો.

પૂજા-અર્ચના શાસ્ત્રોક્ત વિધિ પ્રમાણે શુદ્ધ રીતે થાય છે કે નહિ, તે ઉપર પોતે ખાસ ધ્યાન રાખતાં. પોતે પંચાંગ જોઇને

દરરોજ સંધ્યાવંદનાદિ કરતાં. પુરોહિત મંત્રોચ્ચાર અશુદ્ધ કરે, તો એ તરફ તેનું ધ્યાન ખેંચતાં.

તાંત્રિક મતવાળાઓ મદ્યપાન તથા માંસાહાર કરે છે, તે એમને કદી પસંદ નહોતું. એમના પ્રત્યે એમને શ્રદ્ધા નહોતી. એક દિવસ તીખી મશ્કરીમાં એમણે કહ્યું હતું કે, "તાંત્રિકોનો મત તો 'સુધાસિંધુ' છે."

હિંદુસ્તાનના લગભગ દરેક તીર્થસ્થાનની એમણે યાત્રા કરી હતી. પ્રત્યેક તીર્થમાં જઇને એ તીર્થયાત્રાનું સ્મરણ રાખવા એકએક ફળનો ત્યાગ કરતાં. એવી રીતે ત્યજેલા ફળની યાદી ઘણી મોટી હતી.

પોતાનો ધર્મવિશ્વાસ જૂના હિંદુમતને અનુસરતો હોવા છતાં પણ બીજાઓના વિચાર પ્રત્યે તેઓ ઉદાર દૃષ્ટિથી જોતાં, આ દેશના બધા ધર્મસંપ્રદાયોની ખબર રાખતાં અને એમને પોતાનાં મંદિર બંધાવવામાં મદદ આપતાં. બ્રાહ્મોસમાજ જેવી સુધારક સંસ્થાનો ઉપદેશક તેમના ગામમાં ઉપદેશ કરવા ગયો, ત્યારે એને પોતાના રાજમહેલમાં ધર્મોપદેશ આપવાની રજા આપી; એટલુંજ નહિ પણ આગ્રહપૂર્વક ભોજનનું આમંત્રણ કર્યું. ઉપદેશક માંસાહાર કરતા નથી, એવી ખબર પડતાં પ્રસન્ન થઇને પોતાને હાથે કેટલાંક શાક તથા અન્ય વાનીઓ તૈયારી કરી હતી અને ઘણા આદરપૂર્વક ઉપદેશકજીને ભોજન કરાવ્યું હતું. એ ઉપરથી સ્પષ્ટ જણાઈ આવે છે કે, એમના આતિથ્યમાં ન્યાત-જાત કે ધર્મનો ભેદભાવ નહોતો.

એમના એ સદ્‌ગુણોથી મુગ્ધ થઇને બંગાળના પ્રસિદ્ધ વિદ્વાન ભૂદેવ મુખોપાધ્યાય તથા ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર એમને પોતાની કન્યા સમાન ગણીને ચાહતા. મહારાણી પણ એમના પ્રત્યે ઘણી ભક્તિ રાખતાં. દાન કરવું હોય, ત્યારે વિદ્યાસાગરની સલાહ લેતાં. એ કહેતાં કે, "ઇશ્વરચંદ્રે ચલાવેલો વિધવાવિવાહનો રિવાજ પ્રચલિત થશે, તો એથી દુનિયામાં પાપનો પ્રવાહ ઘણો ધીમો પડશે."

કેળવણીના કામમાં પણ તેમને ઘણો રસ હતો. રાજશાહી કૉલેજના ફંડમાં એમણે ઘણી સારી રકમ ભરી હતી. પુર્ણિયાના બંગવિદ્યાલય અને લાલપુરની મિડલ સ્કૂલને પણ તેઓ હંમેશાં મદદ આપતાં હતાં. સંસ્કૃત શિક્ષણને સારૂ અનેક પાઠશાળાઓ-

ને તેમની તરફથી પુષ્કળ મદદ મળતી હતી. એ ઉપરાંત વિશ્વ-વિદ્યાલયના અનેક વિદ્યાર્થીઓને એ ફી તથા પુસ્તકોને સારૂ મદદ આપતાં. અનેક વિદ્યાર્થીઓને તો એમણે બધું ખર્ચ આપીને ગ્રેજ્યુએટ બનાવ્યા હતા.

સ્ત્રીશિક્ષણનો હવે સારો પ્રચાર થઇ ગયો છે અને જીવનનાં અનેક ક્ષેત્રોમાં તેઓ આગળ પડતો ભાગ લે છે; પરંતુ મહારાણી-ના સમયમાં તેમ નહોતું. લૉર્ડ રિપને જ્યારે સ્થાનિક સ્વરાજ્યનો કાયદો પસાર કર્યો, ત્યારે મહારાણીને ઘણોજ હર્ષ થયો અને તેમનાજ પ્રયત્નથી પુઠિયા જેવા સામાન્ય પછાત ગામમાં એ સંબંધી પહેલી સભા થઇ. પડદામાં બેસીને મહારાણીએ બીજી કુલીન સ્ત્રીઓ સહિત એ સભામાં ભાગ લીધો હતો. એ સભાનું વર્ણન ઘણાં વખાણ સહિત વર્તમાનપત્રોમાં પ્રકટ થયું. મહારાણી શાંતિથી કામ કરવું પસંદ કરતાં હતાં. પોતાના જરા સરખા કામનાં આમ ઢોલ વગાડાય, એ એમને પસંદ નહોતું. એથી એમની સ્વભાવિક લજ્જાશીલતાને અઘાત પહોંચ્યો હતો. એમના જેવાં એક પડદાનશીન રાણી એક રાજનૈતિક સભામાં ભાગ લે, એવો બનાવ આજે પણ જવલ્લેજ દીઠામાં આવે છે. આ પ્રસંગ ઉપરથી જણાઇ આવે છે કે, સ્વદેશહિતના કામમાં એ કેવો રસ લેતાં હતાં. સ્થાનિક સ્વરાજ્યનો અમલ કેવી રીતે થાય છે, સર-કારી અમલદારો તથા પ્રજા એમાં કેવો રસ લે છે, રાજશાહી મ્યુનિસિપાલિટીનો પ્રથમ ચેરમેન કોણ નિમાયો વગેરે જાણવાને એ બહુજ ઉત્સુક રહેતાં.

અમે ઉપર જણાવ્યું છે કે, રાણીનું વિવાહિત જીવન ઘણુજ અલ્પ સમય સુધી રહ્યું હતું. રાજા બાલ્યાવસ્થામાં તો પત્નીને ઘણું ચાહતા હતા. બન્ને પ્રેમથી સાથે રમતાં હતાં; પરંતુ યૌવન-માં રાજાનો એ સ્નેહ ટકી શક્યો નહોતો. કારણ એ હતું કે, એ સમયમાં પશ્ચિમના સુધારાનો નવો અભ્યુદય થયો હતો. દેશના યુવક ઉપર વિલાયતી સુધારાની અસર પ્રબળતાથી પડી રહી હતી. રાજા યોગેંદ્રનારાયણ ૧૨૩૫ બંગાબ્દમાં પુખ્ત ઉંમરના થઇને રાજકાજ ચલાવવા લાગ્યા, ત્યારે શરત્સુંદરીની વય તેર વર્ષની હતી. રાજાને રાણીને ભણાવવાની ઇચ્છા થઇ અને શિક્ષણનો બંદોબસ્ત થતાં છ માસમાં એ લખતાં-વાંચતાં શીખી ગયા.

પણ એટલાથીજ રાજાને સંતોષ થયો નહિ. એ તો પત્નીને

વિલાયતી મડમ જેવી બનાવવા માગતા હતા. એમની ઇચ્છા હતી કે, "રાણી મારી સાથે છૂટથી હરેફરે અને અંગ્રેજ લોકોની સાથે વાતચીત કરે." એમની એ પણ અભિલાષા હતી કે, "હું જેવી રીતે હિંદુધર્મમાં નિષેધ કરેલા પદાર્થ ખાઉં છું, તેવી રીતે રાણી પણ ખાય." એમની શરમ તોડવા ખાતર કોઇ કોઇ વાર તો રાજા એક દર્પણની સામે કિશોરી પત્નીને લઇ જઇને મડમના જેવા ચાળાચટકા કરતાં શીખવવાનો પ્રયત્ન કરતા; પરંતુ કહેવાની જરૂર નથી કે, રાજાને એમાંથી એક પણ પ્રયાસમાં સફળતા મળી નહિ. ગળીના વેપારીઓની વિરુદ્ધ આંદોલન કરવા ખાતર રાજા કલકત્તા ગયા, ત્યારે ત્યાંના શિક્ષિત લોકોની સોબતમાં રહીને એ અનેક દૂષણીય આચાર–વ્યવહાર કરવા લાગ્યા હતા. હિંદુધર્મમાં પરમ આસ્થા રાખનારી રાણીને એથી ઘણોજ ખેદ થયો હતો. એક દિવસ રાજાને એવી ઇચ્છા થઇ કે, મારૂં છાંડેલું રાણીને ખાવાનું કહીશ, અને નહિ ખાય તો સજા કરીશ. રાજાએ બ્રાહ્મણોને હાથે બહારથી થાળી પીરસીને મંગાવી અને પોતે જમીને છાંડેલું પત્નીને ખાવાનું કહ્યું. તેર વર્ષની બાલિકા શરત્સુંદરીએ દૃઢતાથી ઉત્તર આપ્યો: "આપનું છાંડેલું હું અવશ્ય ખાઇશ, પણ રસોઇઓ મારા દેખતાં રાંધે તો; નહિ તો બહારથી આવેલા અજાણ્યા ભોજનને હું સ્પર્શ પણ નહિ કરૂં." એ બાબતમાં રાજારાણીને બહુ તકરાર થઇ. નોકરોને ચિંતા થવા લાગી કે, આજે કાંઇ વિપરીત પરિણામ આવશે. દીવાનજીને કાને ખબર પહોંચ્યા અને એમણે વચમાં પડી સમાધાન કરાવ્યું તથા રાણીની મરજી વિરુદ્ધ નિષિદ્ધ પદાર્થ એમને ન ખવરાવવાનો રાજાને ઉપદેશ આપ્યો.

પરંતુ એવા કષ્ટની વાત પણ મહારાણી કોઇની આગળ કરતાં નહિ. સ્વામીની હયાતીમાં એમના ઉપર તેઓ પ્રેમ રાખતાં અને એમના મૃત્યુ પછી એમનું સ્મરણ પરમભક્તિ તથા શ્રદ્ધા સહિત કરતાં અને રાતદિવસ તેમના નામનું રટણ કરતાં.

મહારાણીના ચરિત્રના અવલોકન ઉપરથી જણાય છે કે, એમનામાં એક તરફ જ્ઞાનયોગિની આધેડ સ્ત્રીના જેવો ઊંડો ધર્મભાવ હતો અને બીજી તરફ સરળ બાલિકાના જેવો નિર્મળ રમૂજી સ્વભાવ હતો. પિયેરમાં જાય, ત્યારે પોતે મહારાણી છે એ વીસરી જઇ બાલિકાની પેઠે તેઓ સરળતાથી વર્તતાં.

મહારાણી પોતાના સમયના ભારતના અગ્રેસર પુરુષોના સદ્‌ગુણો તથા સત્કાર્યોથી પરિચિત રહેતાં અને સદા તેમનું અનુકરણ કરતાં.

સ્ત્રીકેળવણીનાં પોતે બહુ પક્ષપાતી હતાં અને એવા સત્કાર્યની વિરુદ્ધ લોકો શા સારૂ થતા હશે, એ એમનાથી સમજાતું નહિ.

મહારાણીએ કોઈ દિવસ સરકારી માન તથા ખિતાબની પરવા કરી નથી. એમના સદ્‌ગુણ અને દાનશીલતાની ખ્યાતિ સાંભળીને સરકારે પોતાની ઇચ્છાથી, એમને 'મહારાણી'ના ઉચ્ચ પદથી વિભૂષિત કર્યાં હતાં. બીજાઓને સન્માન મળે, તે વખતે પોતે ઉત્સવ મનાવતાં; પણ પોતાને આવું મોટું માન મળ્યું, તે વખતે એમણે છેક અનાસક્તિજ દર્શાવી હતી.

અંગ્રેજ અમલદારના ઘરની સ્ત્રીઓ ઘણી વાર તેમની મુલાકાતે જતી. એક વખત કલેક્ટરની મડમ એમને મળવા ગઇ. રાણીનો આકર્ષક ચહેરો તથા મધુર સ્વભાવ જોઇ, તે એવી પ્રસન્ન થઇ ગઇ કે, હૃદયના વેગને રોકી ન શકાયાથી નિર્દોષ ભાવે તેણે પૂછ્યું કે, "રાણી સાહેબ! આપ લગ્ન કેમ નથી કરતાં?" રાણીને ઘણુંજ માઠું લાગ્યું; પરંતુ હસ્યામાં કાઢી નાખીને જણાવ્યું કે, "હિંદુવિધવાને માટે પુનર્વિવાહનો વિચાર પણ ધર્મવિરુદ્ધ છે."

પતિના મૃત્યુ પછી રાણીએ એક પુત્રને દત્તક લીધો હતો અને એ પુખ્ત વયનો થયો, ત્યાંસુધી રાજ્યની વ્યવસ્થા પોતેજ કરી હતી. કુસંગતમાં પડ્યાથી એ બાળકનું વર્તન મહારાણીને પસંદ પડે એવું નહોતું. મહારાણીને એથી ઘણો શોક થતો.

મહારાણીએ પોતાની ઉત્તર વયમાં રાજકાજનો ત્યાગ કર્યો હતો અને તીર્થયાત્રા તથા ઇશ્વરભજનમાંજ એમનો બધો સમય વ્યતીત થતો હતો.

૧૫૧-સ્નેહલતા

સ્નેહલતા આ યુગનીજ એક બંગાળી બાલિકા હતી. એના પિતાનું નામ હરેંદ્રચંદ્ર મુખોપાધ્યાય હતું. મધ્યમ વર્ગના અનેક મનુષ્યોની પેઠે મહામુસીબતે એ પોતાના કુટુંબનું ભરણપોષણ કરતી હતી. આથી સ્નેહલતા પરણવા યોગ્ય વયની થવા છતાં હરેંદ્રચંદ્ર એનો વિવાહ કરી શકયા નહોતા. બંગાળામાં કુળનો રિવાજ વધારે પ્રચાલત છે. કુલીન બ્રાહ્મણ યુવકો પરણતી વખતે મોટી રકમ પહેરામણીમાં માગે છે. એ રિવાજ પહેલાંથીજ થોડોઘણો હતો; પણ અંગ્રેજી કેળવણીની સાથે વધી પડ્યો છે. અમે જોયું છે કે, દેશના દુર્ભાગ્યે પારસી, બંગાળી બ્રાહ્મણ, કાશ્મીરીઓ આદિ જાતિઓમાં ઉચ્ચ શિક્ષણના પ્રચારની સાથે વરવિક્રયની પ્રથા પણ વધી પડી છે. પુત્રોને ઉચ્ચ કેળવણી આપનાર માતપિતા એનું ખર્ચ વેવાઇ પાસેથીજ વસૂલ કરવાની ચિંતામાં રહે છે. અસ્તુ! સ્નેહલતાના ગરીબ પિતાએ ધીરેંદ્રનાથ બંદ્દોપાધ્યાય બી. એ. નામના એક યુવક સાથે પોતાની લાડકી કન્યાનું લગ્ન કરવાનો નિશ્ચય કર્યો. યુવક વકીલાતનો અભ્યાસ કરતો હતો. વરના પિતાએ બે હજાર રૂપિયા કન્યાના પિતા પાસે માગ્યા. કન્યાના પિતાએ ઘણીએ વિનતી કરી, પણ એ એક પાઇ પણ ઘટાડવા તૈયાર થયા નહિ. હરેંદ્રચંદ્રે પોતાના બાપદાદાનું મકાન ગીરો મૂકીને એમાંથીજ પુત્રીનું લગ્ન કરવાનો સંકલ્પ કર્યો. ઘેર આવીને એમણે એ સમાચાર પોતાની સ્ત્રીને કહ્યા. માતાની પાસેથી સ્નેહલતાને પણ એ વાતની ખબર પડી ગઇ. સ્નેહલતાની વય ચૌદ વર્ષની હતી, પણ એ સમજુ અને શાણી હતી. પોતાની ખાતર પિતાને પૈતૃક ઘર ગીરો મૂકવાનો અને અંતે વેચવાનો વારો આવે, એ એને પસંદ નહોતું. આથી એણે કુંવારા રહેવાનું નક્કી કરી પોતાના વિચાર પિતાને જણાવ્યા; પણ છોકરી મોટી ઉંમર

સુધી કુંવારી રહીજ ન શકે, વળી પોતાની બરોબરના કે ઉચ્ચ કુળના વર સાથેજ લગ્ન કરવામાં શોભા છે, એવી એવી દલીલો કરીને પિતાએ તેની વાત ઉપર જરા પણ ધ્યાન ન આપ્યું.

એમણે એ પણ વિચાર્યું કે, "હાથ આવેલો વર ચાલ્યો જશે, તો ફરી એવું ઠેકાણું નહિ મળે." પુત્રીના સુખની ખાતર એમણે પોતાના પ્રિય ગૃહને ગીરો મૂકવાનોજ નિશ્ચય કર્યો અને એના ઉપર બે હજાર રૂપિયા ઉપાડ્યા. ૨૬ મી ફેબ્રુઆરી, ૧૯૧૪નું લગ્ન-મુહૂર્ત લેવાયું. સ્નેહલતા એ સમાચાર સાંભળીને ઘણીજ શોક-ગ્રસ્ત થઇ. એણે નિશ્ચય કર્યો કે, "હું મારા દેહનો ઉત્સર્ગ કરીશ, પણ પિતાજીને સદાને માટે નિર્ધન તો નહિજ બનાવું." ૭ મી ફેબ્રુઆરીએ રાતે બધા લોકો સૂઇ ગયા, ત્યારે એ ઉપર અગાશી-માં ગઈ અને પોતાનાં વસ્ત્રોને ઘાસલેટમાં સારી રીતે પલાળીને એમાં દીવાસળી સળગાવી દીધી. જોતજોતામાં પ્રચંડ અગ્નિ સળગી ઊઠ્યો. આગ જોઇને આડોશીપાડોશી દોડી આવ્યાં. એનાં માત-પિતા પણ બેબાકળાં થઇને ઉપર ગયાં અને આગ બુઝાવીને સ્નેહલતાને દવાખાનામાં લઇ ગયા; પણ ત્યાં જતાં જતાંમાંજ એનો પવિત્ર આત્મા આ સંસારમાંથી ચાલી ગયો.

પિતૃસ્નેહની ખાતર સ્નેહલતાએ આત્મબલિદાન આપીને જનસમાજ અને ખાસ કરીને ભણેલા યુવકો ઉપર ગંભીર જવાબ-દારી નાખી છે. એના એ આત્મત્યાગની અસર કેટલાક સમય સુધી તો બંગાળામાં ઘણી થઇ હતી. એક મોટી સભામાં કલકત્તા-ના અનેક વિદ્યાર્થીઓએ લગ્નમાં પહેરામણી નહિ લેવાની પ્રતિજ્ઞા કરી હતી; પણ વખત જતાં એ પ્રતિજ્ઞાનું પાલન ઢીલું થયું છે.

આ પ્રશ્ન ભારતવર્ષની અનેક જ્ઞાતિઓમાં છે. સ્નેહલતાના પિતાની પેઠે અનેક પિતાઓ કન્યાદાન કરવામાં પાયમાલ થઇ જાય છે. સ્નેહલતાનું દૃષ્ટાંત લઇને આપઘાત કરવાની સલાહ અમે કુમારિકાઓને આપતા નથી; પરંતુ એમને ઉચ્ચ શિક્ષણ લઇ સુચરિત્રા થવાની આગ્રહપૂર્વક ભલામણ કરીએ છીએ. એમ કર્યા-થીજ યુવકોની દૃષ્ટિમાં એમનું મૂલ્ય વધશે; વિદુષી, સદાચારી, પતિપરાયણા પત્ની પ્રાપ્ત કરવાની હોંશમાં તેઓ પહેરામણી માગ-વાનું ભૂલી જશે. એમ ન થાય, ત્યાંસુધી તેમણે કૌમાર્યવ્રત ધારણ કરી ઇશ્વરભક્તિ અને દેશસેવામાં જીવન વ્યતીત કરવું જોઇએ.

१५२–मी रां बा ई

એ પંડિત જાનકીપ્રસાદ નામના એક સબ–જજની પત્ની હતી. જાનકીપ્રસાદની વય પાંત્રીસ વર્ષની હતી. એ મધ્ય પ્રાંતમાં મોહ જિલ્લામાં અમલદાર હતા. કોઇ ચેપી રોગથી પીડાઇને એમને ઇલાજ કરાવવા કલકત્તા જવું પડ્યું. પતિએ સાથે આવવા ઘણીએ ના કહી, છતાં એમની પ્રેમાળ પત્ની મીરાંબાઇ એમની સાથેજ ગઇ અને રાતદિવસ પતિની શુશ્રૂષામાં નિમગ્ન રહી. ડૉકટરે કહી દીધું કે, “ જાનકીપ્રસાદનો રોગ અ-સાધ્ય છે.” રવિવારે મૃત્યુ થવાને થોડાજ કલાકની વાર હતી.

જાનકીપ્રસાદનાં સગાંવહાલાં એ અભિપ્રાય સાંભળીને રોકકળ કરવા લાગ્યાં, પણ મીરાં શાંત હતી. એની સ્થિતિ જોઇને લોકોને એના ઉપર દયા ઊપજતી હતી. પતિના જીવનની છેલ્લી ઘડી પાસે આવી; એટલે એણે ઉત્તમોત્તમ ઘરેણાં અને વસ્ત્ર ધારણ કર્યાં. સંધ્યાકાળે સાત વાગે એણે પતિના મુખની તરફ દૃઢ પ્રેમની દૃષ્ટિથી જોયું. એનાં નેત્રમાંથી એ સમયે એક પણ અશ્રુબિંદુ ન ટપક્યું, તેમજ એણે શોકસૂચક એક પણ શબ્દ મુખમાંથી કાઢ્યો નહિ. એણે બધાને એ ઓરડામાંથી બહાર ચાલ્યા જવાનું કહ્યું અને પોતે ઘરની સ્ત્રીઓની વચ્ચે ઘૂંટણ ટેકવીને બેસી ગઇ તથા બન્ને હાથ ભીડીને મૂઠી વાળી. એનાં સગાં બીજી તરફ ચાલ્યાં ગયાં. થોડી વારમાં એ આગથી સળગવા લાગી. મેડીકલ-કૉલેજના એક વિદ્યાર્થી બલિરામે એ દૃશ્ય જોયું અને એ તરતજ ત્યાં પહોંચ્યો. સતી મીરાંએ સળગતે સળગતે એને કહ્યું: “તમે અહીંયાં શું કામ આવો છો ?” યુવકે એને બચાવવાનો પ્રયત્ન કર્યો, પણ એટલામાં મીરાંએ પાસે પડેલો ઘાસલેટનો ડબો પોતાના શરીર ઉપર રેડી દીધો. પછી તો આગની ઝાળનું શું પૂછવું ? યુવકે પોતાનો જાન જોખમમાં નાખીને એને બચાવવાનો ફરી પ્રયત્ન કર્યો, પણ એટલી વારમાં તો એનું આખું શરીર

સળગી ચૂક્યું હતું. બલિરામ પણ ઘણી જગ્યાએ દાઝયો.

તરતજ મીરાંબાઇ અને બલિરામને ઇસ્પિતાલમાં લઈ જવામાં આવ્યાં. જાનકીપ્રસાદની બહેને મીરાંને મરી ગયેલી સમજીને, પોતાના ભાઇને તેના મૃત્યુની ખબર કહી. જાનકીપ્રસાદ મરણ સમયે પોતાની બહેનને મુખેથી તેના મૃત્યુના ખબર સાંભળીને જરાક મલકાયા અને પછી સદાને માટે આંખ મીંચી દીધી. મીરાં એ સમયે દવાખાનામાં ચેતનાવસ્થામાં હતી. થોડી વારમાં એણે પણ પ્રાણ તજ્યો.

પતિપત્ની બન્નેની અંત્યેષ્ટિ-ક્રિયા સાથે થઇ. મીરાંને સતી ગણીને ઘણા લોકો એમની પાછળ સ્મશાન સુધી ગયા.

આ બનાવ કલકત્તામાં કોલેજ સ્ટ્રીટમાં ૨૬ મી નવેમ્બર, ૧૯૧૫ માં બન્યો હતો.

૧૫૩–आई कामबाई

આશરે બસો વર્ષ પૂર્વે જામનગરમાં લાખાજી નામના રાજા રાજ્ય કરતા હતા. એક દિવસ જામસાહેબ રાજ્યમાં પ્રવાસ કરતાં ચારણોના જાંબુડા નામના ગામમાં જઇ ચડ્યા.

ચારણોનો ડાયરો જામ્યો હતો, ત્યાં જામ જઇ બેઠા. એ સમયે આઈ કામબાઈ નામની ચારણમહિલા જળ ભરવા સારૂ ત્યાં થઇને જઇ રહી હતી. એ ઘણી રૂપવતી નારી હતી. જામની પાસે બેઠેલા ચારણો તેની વિરુદ્ધ પક્ષના હતા. તેમની શિખવણીથી અને ચિત્તમાં કામનો વેગ ઉત્પન્ન થવાથી જામે ચારણમહિલાની મશ્કરી કરી કે, “ કેમ ભાભિ ! મારો ભાઇ ઘોડાં વેચીને હજુ ઘેર નથી આવ્યો કે ? ”

કામબાઇને એ શબ્દો સાંભળતાંવારજ ઘણો ક્રોધ ઉત્પન્ન થયો. પિતા સમાન રાજા ચારણ કન્યાનું આ પ્રમાણે અપમાન કરવા તત્પર થયો, એ તેને ઘણુંજ અપમાનજનક લાગ્યું. સાથે પોતાના જે સૌંદર્યે રાજામાં મલિન વાસનાનો ઉદય કર્યો હતો, તે સૌંદર્ય ઉપર તેને તિરસ્કાર છૂટ્યો. રૂપનો નાશ કરવા સારૂ, તેણે પોતાનાં બે સુંદર સ્તનને છરા વડે કાપી નાખ્યાં અને તેમને એક થાળીમાં ઢાંકી ગામના ચોરા તરફ ગઇ.

એની ભીષણ મૂર્તિ જોઇને શત્રુઓ કાંપવા લાગ્યા. આ તો હસવામાંથી ખસવું થઇ ગયું. જામસાહેબ પણ નાસવા લાગ્યા. એ જોઇને સતી કામબાઇએ તેને સંબોધીને કહ્યું:—

"હું ભેણી ને તું ભા, સગા આગુનો સંબંધ,
કવચન કાછેલા, કે અવગુણે કઢીયું."

"હે રાજન્! હું તારી બહેન થાઉં છું અને તું મારો ભાઇ થાય છે. ક્ષત્રિયનો અને ચારણિયાણીઓનો ભાઈબહેનનો સંબંધ તો આગળથી ચાલ્યો આવે છે. કાછેલા વંશના રજપૂત! તેં મને, આજ 'ભાભી' એવું કુવચન મારા કયા ગુનાને ખાતર કાઢ્યું?"

થરથર કાંપતો રાજા તેજ વખતે નગર તરફ ચાલી નીકળ્યો. ચારણી એની પાછળ ચાલવા લાગી. એક ગાઉ જઇને એક પગ કાપી નાખ્યો. ખોડંગતી ખોડંગતી બીજે ગાઉ પહોંચી ને બીજો પગ કાપ્યો. ઉશ્કેરાયલું અપંગ શરીર આળોટતું આળોટતું ત્રીજે ગાઉ પહોંચ્યું, ત્યાં એક હાથ કાપ્યો; ચોથા ગાઉ ઉપર જઇને બીજો હાથ પણ કાપી ફેંકી દીધો.

નગરના મહેલમાં જામે સાંભળ્યું કે, ચંડિકા સમી ચારણી હજુ તો શરીરના ટુકડા કરતી, સીમાડે લોહી છાંટતી ચાલી આવે છે. રાજા સામા ગયા, મોંમાં તરણું લઇ, જમીન પર નમીને બોલ્યા:—

"માતાજી! મને પારકાંએ ભુલાવ્યો; હવે ક્ષમા કરો."

"જાણું છું, બાપ! કે તને મારા વિરોધીઓએ કુમતિ દીધી. હું તને માફ કરું છું."

એ પ્રમાણે કહીને કામબાઇએ પોતાના પ્રાણ તજ્યા.*

* શ્રી. ઝવેરચંદ મેઘાણી સંપાદિત "સૌરાષ્ટ્રની રસધાર" ઉપરથી —પ્રયોજક

૧૫૪–લાલબાઈ ચારણી

દિ. સં૦ ૧૫૦૦ની આસપાસમાં જ્યારે મહંમદ બેગડો મુસલમાનોની સેના લઈને સોમનાથ પાટણનું શિવાલય તોડવા ચઢી આવ્યો, ત્યારે લાઠીના રાજા ભીમજી ગોહિલના પુત્ર હમીરજી નાની ઉંમરના હોવાથી અરઠીલામાં પોતાનાં ભાભી પાસે રહેતા હતા. નાની ઉંમર છતાં પણ, વીર ક્ષત્રિયાણી ભાભીની પ્રેરણાથી હમીરજી મહમદ બેગડા સામે ચાલી નીકળ્યા. રસ્તામાં સમઢિયાળા ગામ આવ્યું. ત્યાં લાલબાપ નામની એક ચારણી ડોશી પોતાના મૃત્યુ પામેલા દીકરાના મરસિયા ગાતી હતી. હમીરજી બોલ્યાઃ "માતા! મારા આવા મરસિયા ગાશો? મને બહુ ગમશે."

ચારણી બોલીઃ "બાપુ! તું નાનો બાળક છે. તારા મરસિયાં શીદ ગાઉં? તારી અમર કાયા રહે. મરસિયા તો મરેલાના હોય."

"મા! હું મરવાજ જાઉં છું, જીવતો પાછો નથી આવવાનો. શંકરની કમળપૂજા કરવાની મારી પ્રતિજ્ઞા છે, માટે સંભળાવો."

"જા બાપ, સોમનાથમાં તું લડતો હઈશ, ત્યારે તારી પાસે આવીને હું મરસિયા સંભળાવીશ."

હમીરજી ગયા. વચમાં શિહોરની પશ્ચિમે સરોડ નામના ડુંગરમાં વેગડા નામના એક ભીલ સરદારની એમને મુલાકાત થઈ. વેગડાની જુવાન કન્યા પર હમીરજી મુગ્ધ થયા. એની સાથે પરણ્યા. પછી તરત વેગડાના ત્રણસો કામઠાવાળા ભીલોને સાથે લઈ પાટણ પહોંચ્યા. લડાઈ જામી. હમીરજી કિલ્લાની અંદર ગયા. બહાદુર વેગડો બહાર યુદ્ધ ચલાવી રહ્યો હતો. હમીરજી-એ વેગડાને બારીની અંદર આવી જવાનું કહ્યું.

વેગડો વીર કેવો જવાબ વાળે છેઃ "હમીરજી! મારૂં નામ-જ વેગડો (લાંબા શીંગડાવાળો બળદ) છે! મારાથી બારીમાં પેસાય નહિ." એ રીતે બહાર લડીનેજ વેગડો મરાયો.

"વેગડવડ ઝુંઝાર, ગઢ બારીએ ગયો નહિ;
શીંગ સમારણહાર, અંબર લગે:અડાવીઆં."

અર્થાત્ એ સમર્થ યોદ્ધો વેગડો ડરીને ગઢમાં ન પેસી ગયો. એણે તો પોતાનાં શીંગ છેક આકાશે અડકાડ્યાં; અર્થાત્ એ ક્ષુદ્ર ભીલે પણ યુદ્ધમાં અપૂર્વ ટેક દાખવી.

સોમનાથની મૂર્તિ સામે બેસી પોતાને હાથે પોતાનું માથું ઉતારી, સોમનાથજીને ધરીને, હમીરજીનું ધડ હાથમાં તલવાર લઇ યુદ્ધમાં ગયું.

એ વખતે ચારણ ડોશી લાલબાઇએ રણક્ષેત્રમાં આવીને હમીરજીના મરસિયા દૂહા કહ્યાઃ—

"વેલો આવ્યે વીર, સખાતે સોમૈયાતણી
હીલોળવા હમીર, ભાલાં અણીએ ભીમાઉત."

અર્થાત્ હે ભીમજી ગોહીલના પુત્ર હમીરજી! તારાં ભાલાંની અણીએ શત્રુઓને મારવા તું આ સોમનાથજીની મદદે વહેલો આવી પહોંચજે.

"પાટણ આવ્યાં પૂર, હળહળતાં ખાંડાં તણાં;
શેલે માંહી શૂર, ભેંસાસણશો ભીમાઉત."

અર્થાત્ સોમનાથ પાટણમાં તલવારોનાં પ્રચંડ પૂર આવી પહોંચ્યાં, પરંતુ ભીમજી ગોહિલનો પુત્ર હમીરજી તો એ પૂરની અંદર બળવાન પાડાની માફક તૂટી રહ્યો છે.

"વેળ તાહરી વીર, આવીને ઉવાટી નહિ;
હાકમ તણી હમીર, ભેખડહુતી ભીમાઉત."

અર્થાત્ તારી શક્તિરૂપી વેળ આવી, પણ એણે ઉવાળ ન કાઢ્યો; એટલે કે કાંઠેથી છલકીને બહાર ન નીકળી શકી; કારણકે સામે મોટા સૂબાની ફોજરૂપ ભેખડ હતી.

"પંડે શંકર પૂજિયો, માથું ઉતારી હાથ;
ધડ લડીયું ભારાથ, ભાલે ચડીને ભીમાઉત.
વન કાંટાળાં વીર, જીવીને જોવાં થયાં;
આંબો અળવ હમીર, ભાંગ્યો મોરી ભીમાઉત."

અર્થાત્ હમીરજીરૂપી આંબો હજુ તો મોરતો હતો, ત્યાંજ ભાંગી પડ્યો; એટલે હવે અમારે તો જીવીએ ત્યાંસુધી કાંટાનાં વનજ જોવાનું રહ્યું.*

---

* શ્રી. ઝવેરચંદ મેઘાણી સંપાદિત "સૌરાષ્ટ્રની રસધાર" ઉપરથી.



૧૫૫–વીરાંગના ગરાસણી

"ગેમાભાઇ ! આ દીકરીને આજે એને સાસરે મૂકવા જાવાં છે. તો તમે સાથે જશોને ?"

"દરબાર ત્રણ ટકાનુંયે જ્યાં જોખમ ન હોય, ત્યાં મારૂં વળાવું ન હોય; પાંચપચાસ હજારના દાગીના હોય–એવા ગામતરામાંજ ગેમાનું વળાવું દીપે. જાઓ બીજાં સપારડાં ઘણાં છે." ગેમે જવાબ દીધો.

આ ગેમો કારડિયો રજપૂત હતો. પચ્છેગામની અંદર આવા ચાલીસ પચાસ કારડિયાઓ ગરાસિયાનો પગાર ખાતા હતા. ક્યાંયે વળાવે (ગામતરા સાથે) જવું હોય, ત્યારે પસાયતા તરીકે એ બધા પાસેથી કામ લેવાતું. બધા કારડિયાની અંદર ગેમો બહુ જોરાવર જવાન હતો. ગેમો વળાવિયો બનીને જે ગાડા સાથે ચાલે, એ ગાડાની પડખે કોઇ બદમાસ ચડી શકે નહિ. જેવા તેવાને તો ગેમો ઉપર લખ્યા મુજબના તોછડા જવાબજ દેતો. એના મગજમાં ખુમારી ભરાઇ હતી.

એક દિવસ ગામના બાપુ ખુમાણસંગજી તરફથી ગેમાને તેડું આવ્યું. ખુમાણસંગજીનાં દીકરી રૂપાળીબા એમને સાસરે હેબતપર ગામમાં હતાં. ત્યાં એ દીકરીને સીમંત હતું. ખોળો ભરીને લાવવાનાં હતાં. એક વેલડું, બે છોકરીઓ અને સાથે ગેમો, તેમજ બીજો એક કારડિયો–એ બધાં હેબતપર ગયાં.

હેબતપરથી પચ્છેગામ આવતાં મણિપુર ગામ સુધી આશરે દસ ગાઉનું ભાલનું રણ છે. દિવસે એમાં મુસાફરી થાય નહિ; કારણકે પાણી વિના પ્રાણ જાય; એટલે રૂપાળીબાને રાતે રવાના કરવામાં આવ્યાં. વેલડીમાં રૂપાળીબા અને બે છોકરીઓ બેઠી. બીજા ગાડામાં ગેમો, એનો બીજો સંગાથી અને પાણીનાં બે માટલાં હતાં. બધાં ચાલી નીકળ્યાં. રૂપાળીબાની પાસે એક ઇસ્કો-

તરો હતો. એમાં પાંચ હજારના તેમના દાગીના હતા;અંગ ઉપર પણ ઘરેણાંનો શણગાર હતો.

ગાડાં ચાલ્યાં એટલે ગેમાએ તો પછેડી ઓઢીને લાંબા પડી ઊંઘવાનું શરૂ કર્યું. ઘોર અંધારામાં એનાં નસકોરાં ગાજવા લાગ્યાં. ગાડાવાળાએ એક વાર ટપારી જોયું કે, “ ગેમાભાઇ રાત અંધારી છે, ઊંઘવા જેવું નથી હો.”

ગેમાએ જવાબ દીધો કે, “ એલા, ઓળખછ તું આ ગેમાને? ગેમો હોય, ત્યાં લૂંટારા ન ડોકાય. છાનોમાનો ગાડું હાંક્યો આવ.” ગેમો નસકોરાં ગજાવવા લાગ્યો. ફરી વાર વેલડીનો પડદો ઉઘાડી રૂપાળીબાએ પણ કહી જોયું કે, “ ગેમાભાઇ ! સુવાય નહિ.”

ગેમો ઊંઘમાં ને ઊંઘમાં બડબડતો હતો કે,“હું કોણ? ગેમો!”

એમ કરતાં વેળાવદર ગામ વળોટયું. દોઢ બે ગાઉ માથે એક તળાવડી છે. ગાડાખેડુએ નજર કરી, તો ત્યાં એ તળાવડીમાં આગના તણખા ઊડતા દેખાયા. વહેમ આવ્યો કે, કોઇ ચકમક કરે છે. ગેમાને એણે હાકલ કરી.

ગેમાનો તો એકજ જવાબ: “ મને ઓળખછ ? હું ગેમો.”

ગાડાં તળાવડીની નજીક પહોંચ્યાં. ગાડાખેડુને દસબાર આદમીનું ટોળું દેખાયું; એની છાતી ધડકી ઊઠી. ગેમાને એણે ઢંઢોળ્યો; પણ ગેમો કાંઈ ઊઠે ? એ કોણ ? એ તો ગેમો !

જોતજોતામાં બાર જણા વેલડીને ઘેરી ઊભા રહ્યા. પડકારો કર્યો. ગેમો ઝબકીને આંખો ચોળે છે અને હાકલ કરે છે કે, “ ઓળખો છો ? હું ગેમો.” ત્યાં તો એક ડાંગનો ઘા પડ્યો અને ગેમો જમીનદોસ્ત બન્યો. એના હાથપગ બાંધ્યા, બેસાડીને હાથપગને એક બંધે બાંધ્યા, પગના ગોઠણ ઊભા કરાવી, પછી ગોઠણ નીચે સોંસરી એક લાકડી નાખી, એક ધક્કો દઇ, દડાની માફક ગબડાવી દીધો. (આ ક્રિયાને ‘ રણગોળીટો કર્યો ’ એવું કહેવાય છે. રણગોળીટો એટલે રણનો દડો. આદમી આ રીતે દડા જેવો બની જાય છે.)

બાઇએ વેલડીના પડદા ખોલી નાખ્યા અને બદમાસોએ માગ્યા મુજબ પાંચ હજારના દાગીનાની પેટી આપી દીધી. તારાઓના પ્રકાશમાં રૂપાળીબાનાં અંગ ઉપર સોનું ચળકી ઊઠ્યું. બદમાસો બોલ્યા કે, “ અંગ ઉપરથી ઘરેણાં ઉતાર.” બધાં ઘરેણાં

ઉતાર્યાં. બાકી રહ્યાં પગનાં કડલાં.

"કડલાં ઉતાર." બદમાસોએ બૂમ પાડી.

બાઇ વીનવવા લાગી: "ભાઇ ! આ નરેડીનાં નક્કર કડલાં છે ને વળી ભીડેલાં છે. હું ભર્યે પેટે છું, મારાથી નહિ ઉઘડે, આટલેથી ખમૈયા કરો."

"સફાઈ કર મા, કાઢી દે!" "ત્યારે લો તમેજ કાઢી લો." એમ કહીને રૂપાળીબાએ વેલડીમાં બેઠાં બેઠાં પગ લાંબા કર્યા. પોતાના જંતરડાની મજબૂત દોરીઓ ભરાવીને બે કોળી સામ સામા કડલાં ઉઘાડવા લાગ્યા અને બીજા વાતોમાં રોકાયા. કોઇનું ધ્યાન નહોતું.

રૂપાળીબાએ ત્રાંસી નજર નાખી. બીજું કાંઇ ન દેખ્યું; ફક્ત ગાડાનાં આડાં (લાકડાના ધોકા) દેખ્યાં. વિચાર કરવાનો એ વખત નહોતો. નીચ મનુષ્યો એ રજપૂતાણીના શરીરની મશ્કરી કરતા હતા. રૂપાળીબાએ એક આડું ખેંચ્યું અને નીચે બેસી કડલાં ખોલનારા બે જણની ખોપરી પર અક્કેક ઘા કર્યો. ખોપરી ફાટી ગઇ. બેય જણા ધરતી પર ઢળ્યા. ગરાસણીને શૂરાતન ચઢી ગયું. એ આડું લઇને કૂદી પડી. દસ માણસોની લાકડી પોતાના અંગ ઉપર પડતી જાય; માર વાગતાં પોતે ગોઠણભર થઈ જાય; પાછી ઊઠીને આડાનો ઘા કરે. એ ઘા ! ચંડીસ્વરૂપિણી એ ક્ષત્રિયાણીનો ઘા ! જેના ઉપર પડે તે ફરી ઊઠવા ન પામે !

૧૮ વરસની ક્ષત્રિયાણી લાકડીઓના ઘા અને તલવારોના ઝટકા ઝીલતી ઘૂમે છે. જે પડ્યા તેમાંના એકની તલવાર એના હાથમાં આવી છે; પછી તો જગદંબાનું રૂપ પ્રકટ થયું; બચેલા બદમાસો પલાયન કરી ગયા.

ગેમો રણનો ગોળીટો થઇને ઝાંખરામાં પડેલો. બાઇએ કહ્યું કે, "છોડી નાખો એ બાયલાને."

છૂટીને ગેમો ચાલ્યો ગયો; મોં ન બતાવી શક્યો; પછી ગામમાં ડોકાયો પણ નહિ.

ગરાસણી યુવતીની છાતીમાં શ્વાસની ધમણ ચાલતી હતી, એના અંગે અંગ ઉપરથી લોહી નીતરતું હતું; નેત્રોમાંથી જ્વાળાઓ છૂટતી હતી. હાથમાં લોહીથી તરબોળ તલવાર લઇને કાળી રાતે જાણે કોઈ ચંડિકા નીકળી. વાહ ગરાસણી !

એણે ગાડામાં બેસવાની ના પાડી. ધિંગાણું કરનાર માનવી બેસી શકે નહિ. એના શરીરમાં શૌર્ય ફાટફાટ થતું હોય છે. ચાહે તેટલા ઘા પડ્યા હોય, પણ એ ગાઉના ગાઉ ચાલી શકે; એનું લોહી શાંત થાય નહિ. રૂપાળીબા ગાડાની પાછળ પાછળ ચંડીરૂપે ચોપાસ નજર કરતાં ચાલી નીકળ્યાં.

સવાર પડ્યું ત્યાં મણિપુરનું પાદર આવ્યું. એ એમના મામાશ્રી દાદભાનું ગામ હતું. મામાને ખબર મોકલ્યા કે, "કસૂંબો લઇને આવે."

કસૂંબો લઇને મામા હાજર થયા. દીકરીને જખમોની પીડા ન દેખાય, માટે કસૂંબો લેવરાવ્યો. મામાએ આગ્રહ કર્યો કે, "બેટા રોકાઇ જા."

"ના મામા, જલદી ઘેર પહોંચવું છે; માને અને મારા બાપુને મળી લેવું છે." ગાડાં ચાલી નીકળ્યાં.

પચ્છેગામમાં બહેનના ધિંગાણાની વાત પ્રસરી ગઇ. તમામને ચેતાવી દેવામાં આવ્યાં કે, "કોઇ એનાં વખાણ ન કરશો. ઊલટું એને પાછી પાડવા જેવાં વેણ કહેજો, નહિ તો એને ચમક ઊપડશે." ચમક ઊપડે એટલે માણસ મરી જાય.

લોહી નીતરતાં બહેન ઘેર આવ્યાં. ઢોલિયામાં સુવાડ્યાં. બધાંય ઠપકો દેવા લાગ્યાં કે, "બેટા! બહુ અઘટિત કર્યું. પાંચ હજારનાં ઘરેણાં જાત, તો ક્યાં બાપુને ખોટ આવી જાત?"

"પણ હું શું કરૂં? મારી આબરૂ પર કોઇ હાથ નાખી શકે?" દીકરીએ જવાબ દીધો.

બે કલાકમાં તો એનો જીવ ચાલ્યો ગયો; પણ એનો ઇતિહાસ હજુ આજ સુધી નથી ગયો. બહુ તો પચીસ વર્ષ પહેલાંની આ બીના છે.





૧૫૬–આઈ જાસલ

"આ તેજણુ તરસે તલવલાંસ; થાળામાં બે કળહા પાણી નાંખાંસ બીન ? *"

"ભલે નાંખાંસ ભઇ !"

તેજણુની તરસ છીપી, ત્યાંસુધી પાણિયારીએ સીંચી સીંચી થાળામાં પાણી ઠાલવ્યું. તરસ છીપતાં ઘોડીએ મોં ઊંચું કરી જોરથી હણહણાટી નાખી. કેમ જાણે એના ધણીને સાન કરી હોય કે, "હવે હું તૈયાર છું !"

એ પીઠ પર બેઠેલો સવાર તે કૂછડીનો પ્રતિષ્ઠિત મેર લાધવો બારાડીમાંનાં× પોતાનાં સગાંને મળવા ગયેલો, તે આજે કૂછડી ભણી પાછો વળ્યો હતો. રસ્તો કાટવાણા પાસે થઇને પસાર થતો હતો; તેથી અત્યારે તે કાટવાણાના પાદર સુધી આવ્યો હતો અને તરસી થયેલી ઘોડીએ જોર કરી સવારને ડેરવાવ તરફ લાવતાં, તે વાવની નજીક આવ્યો હતો. તે સમયે પાણી ભરવા આવેલી પાણિયારી તે ચારણિયાણી જાસલ હતી અને તેને સવાર સાથે ઉપર પ્રમાણે વાતચીત થઇ હતી.

ચડેલો ઋણભાર ફિટાડવા સારૂ લાધવે પાંચ કોરીઓ પાણિયારીના ચરણારવિંદ તરફ થોડે દૂર ફેંકી અને બોલ્યોઃ "લે બીન, તારા લાધવાનો આ કમખો. જો ના પાડે, તો તુંને આ તારા ભઇના સમ છે."

પાણિયારીએ કહ્યું: "લાધાભાઇ, એની કાંઈ જરૂર નથ. મારે ઘરે પરભુનો પરતાપ છે. તમે સમ દીધા એટલે લાસાર, હું

---

* મેરોની ભાષા છે. અર્થ–આ તેજણ ઘોડી તરસે ટળવળે છે. થાળામાં બે લોટા પાણી નાખીશ બહેન ?

× જામસાહેબની હદમાં આવેલો બરડા પ્રાંતનો વિભાગ 'બારાડી' નામથી ઓળખાય છે.

કમખો લાંસ; પણ એક વાતે. ખરા બપ્પોરા થયાસ, એટલે શિરામણુ કીધા વના બીનને ઘરેથી ભઈએ ભૂછયાં ન જવાય.”

લાધવે ઘણી આનાકાની કરી, પણ ખરા ભાવના આગ્રહ પાસે છટકનાર કોણુ છે? ધીમે ધીમે તેણે પોતાની ઘોડી જાસલની પાછળ હાંકી અને બહેનને મકાને આવ્યો. એની ઓસરીની થાંભલીએ ઘોડી બાંધી અને જાસલે ઓસરીમાં નાખી આપેલા ચાકળા ઉપર તે બેઠો.

જાસલની ઉંમર આશરે વીસ વર્ષની હતી. એ નવયૌવનાના રૂપનાં શાં વખાણુ કરવાં? એની ગૌર કાંતિ, કૃષ્ણુ કેશ–રાશિ અને અનુપમ અંગોપાંગો વર્ણવવાને તો કોઇ વિદ્વાન કવિ જોઇએ.

જાસલના પતિનું નામ ચારણુ ધાનો ભેડો હતું. જાસલ એ ધાના ભેડાની નવી પરણેલી પત્ની હતી. પોતાની જૂની સ્ત્રી પુનસરીને ૪૫ વર્ષ લગી કાંઇ સંતતિ ન થઇ, ત્યારે ધાના ભેડાએ પુત્રની લાલસાએ બે વર્ષથી આ નવું લગ્ન કર્યું હતું અને બન્ને શોકચો વચ્ચે સારો બનાવ ન રહેવાથી, તેમને થોડે થોડે દૂર નોખાં નોખાં ઘરોમાં રાખી હતી. ધાનો મોટે ભાગે નવા ઘરનો અતિથિ હતો. પુનસરીને વિશેષ ઇર્ષ્યાનું કારણુ આ પણ હતું. નસીબજોગે આજે ધાનો ઘેર નહોતો, કાંઇ કામે ગામ ગયો હતો.

જાસલે જાડા બાજરાના બે રોટલા, તાંસળીભરી દૂધ, ગઢિયા ગોળનું એક મોટું દડબું અને ડુંગળીનું શાક–જે પહેલેથી તૈયારજ હતાં, તે પૂરેભાવે પરોણાને પીરસ્યાં. લાધવો પણ પોતાનું પાઘડું સાંગામાંચી ઉપર મૂકી, કોગળા કરી તથા હાથપગ ધોઇ ઓરડામાં જમવા બેઠો.

બસ, પુનસરીને જોઇતું હતું, તેવું નિંદાનું પ્રબળ કારણુ મળી આવ્યું. “અલી એઇ જો, જો, એ લોંઠો કુંણુ સે? એ કુંણુને તાંણુ કરી કરીને પીરહે સે?” ઇત્યાદિ ચર્ચા તેણે ચાલુ કરી. ચોપકાં જોવામાં ચતુર ચારણિયાણીઓનાં ટોળાં એકઠાં થઇ બિચારી નિર્દોષ જાસલની મનભાવતી નિંદા કરવા લાગ્યાં.

જમી રહ્યા પછી લાધવે બહેનને ઘેર બે ઘડી બપોરા ગાળ્યા. તે સમયે જાસલના પૂછવાથી, આત્મસ્તુતિ ન લાગે, તે રીતે લાધવે ટૂંકામાં પોતાની સાંસારિક સ્થિતિ કહી. વાચકોની જાણુ ખાતર તે સંક્ષિપ્તમાં કહીએ છીએઃ—

લાધવો એ કૂછડીનો મેર હતો. ઉંમર લગભગ ચાળીસ

વર્ષની; તેને ત્યાં રૂપમાં રંભા જેવી રૂપી નામની આધેડ ધર્મપત્ની; પુત્રપૌત્રાદિમાં તેમજ સંપત્તિમાં પણ પ્રભુની પુષ્કળ કૃપા; પોતાની રીતભાતથી તથા ઉદારતાથી ગામમાં, નાતજાતમાં અને રાજદરબારમાં સારૂં સન્માન; આ પ્રમાણે તેની સ્થિતિ હતી.

બહેનનું મફત ન ખવાય, એવી માન્યતાથી વિદાય થતી વખતે લાધવે જાસલના હાથમાં પચ્ચીસ કોરી મૂકી; પણ તે પાછી આપતાં જાસલ બોલીઃ-

"ભાઇ! આ જગતમાં મહિયરમાં મારે કોઇ નથી. આજથી તું મારો ધરમનો ભાઇ! જો સાચો ભાવ હોય, તો કોઇ વસમી વેળાએ આવી ઊભો રહેજે, પરભુ તને ખેમ રાખે." એટલું બોલી સજળ નયને તેણે લાધવાનાં દુઃખણાં લીધાં. દુઃખણાં લેતાં મગફળી જેવી તેની કોમળ અંગુલિઓમાંથી ફૂટેલા ટાચકા વિદાય લેતા લાધવાએ સાંભળ્યા. બહેનને પગે લાગી લાધવો સવાર થઇ રવાના થયો. રવાના થતાં તેણે સજળ નયને જાસલને હાથ જોડ્યા.

એ વખતે આઘે ઊભેલી સ્ત્રીઓના એક ટોળામાંથી ખડખડાટ હસવાનો અવાજ થયો.

પરનિંદા જેવું મીઠું જગતમાં બીજું શું છે? કાંઇજ નહિ. પુનસરીએ પ્રસરાવેલી જાસલની નિંદા આખા ગામમાં ફેલાઇ.

બે દહાડે ધાનો ભેડો ઘેર પાછો આવ્યો. તેને જોઇને એક સ્ત્રીએ હાસ્ય કર્યું, બીજીએ મોઢું મરડ્યું અને ત્રીજીએ કાંઇક સ્પષ્ટ બબડાટ પણ કર્યો. નાગણી જેવી વેરણ શોક્ય પુનસરીએ તો બધી વાત ચોખ્ખે ચોખ્ખી ધાના ભેડાને કહી. ચારણનો મિજાજ ગયો. તેના બળતા અંતઃકરણમાં ઘીની આહુતિ અપાઇ.

ધાનો ભેડો એક તો બહારગામથી થાકચોપાકચો આવેલો, વગડાનો વા તો તેના માથામાં ભરાયલો હતોજ; તેમાં અધૂરામાં-પૂરૂં આ દારુણ વાત સાંભળી, એટલે બાકી શું રહે? ધૂંવાંપૂંવાં થયેલો ચારણ ચાબકો લઇ જાસલના મકાન તરફ ચાલ્યો.

બે દહાડાથી ન જોયેલા-જીવ જેવા વહાલા પોતાના ઘરવાળાનો સત્કાર કરવાને જાસલ સામી ચાલી અને હસતે મુખે ઓસરીની ધાર પાસે આવી ઊભી રહી; પણ ત્યાં તો કાંઇજ પૂછ્યાગાછ્યા વિના વિકરાળ મુખમુદ્રાવાળા ભેડાએ તેના અંગ પર ચાબખાનો પ્રહાર કર્યો. શરીરે સાપ વીંટાતો હોય તેમ "ફડાક"

અવાજ કરતો ચાબખો બેત્રણ આંટા જાસલના કુમળા શરીર ઉપર વીંટળાયો અને તેજ પ્રમાણે બીજા અને ત્રીજા ફટકાનું પણ થયું. જાસલની કનકવર્ણી કાયામાંથી લોહીની શેડો વછૂટી!

આ દૃશ્ય જોવા ચોગમ મેદની માતી નહોતી અને તેમાં પણ આજે પુનસરીના હરખનો પાર નહોતો! એના મુખમાંથી "રાંડ વાલામૂઇ, મેરને ઘરમાં ઘાલીને અમારૂં નાક વઢાવ્યું!" એવો મેણાંનો વરસાદ વરસી રહ્યો હતો.

પહેલાં તો પવિત્ર જાસલ, પતિના અચાનક કોપનું કારણ સમજી શકી નહિ; પણ શોક્યનાં વચનોએ તેને બધી વાત દીવા જેવી સમજાવી. પોતાની પવિત્ર વૃત્તિ ઉપર થતા અન્યાયી અત્યાચારે, તેના મનમાં અકથ્ય ક્ષોભ ઉત્પન્ન કર્યો. એ આવેગમાં તે બોલી: "હે જગદંબા! હે માવડી! જો હું પવિતર હોઉં, તો તારા સાચના બે છાંટા મારા પર નાખીને મારૂં સતીપણું સાચવજે. આઇ! વધારે કાઉં કહું?"

આવો ઉચ્ચાર કરી પોતાનાં લોચનો બંધ કર્યાં. થોડી વાર લગી તો તેનું અંગ સ્થિર જણાયું; પણ ધીમે ધીમે તેની મુખકાંતિમાં તથા સમગ્ર અંગમાં કંપનો તથા દિવ્ય કાંતિનો સંચાર થયો! રૂપેરી ટોટીઓથી મંડિત થયેલા તેના બન્ને શ્રવણોમાંથી કંકુનો વરસાદ વરસવા લાગ્યો!

આ અદ્‌ભુત પ્રભાવ જોતાંજ તમાસો જોવા ઊભેલી માનવમેદની ઝંખવાણી પડી ગઇ અને "આઇ ખમૈયા કરો. અમે તમારાં છોરૂ છીયે, અમારી ભૂલ થઇ," "છોરૂ કછોરૂ થાય, પણ માવિતર કમાવિતર ન થાય," "વડાંને વકાર ન શોભે," "માવડી તારે જે જોઇએ તે માગી લે, પણ જગદંબા! અમારી ઉપર અમીનો છાંટો નાખજે" ઇત્યાદિ વચનો બોલી પગે પડી જાસલને વીનવવા લાગી.

જાસલે કહ્યું: "તમારામાંથી કોઇ સવાર કૂછડીએ જાઓ ને મારા ભાઇ લાધવાને કહો કે:—

સોરઠો

"સત ચડિયું શરીર, અધઘડી ઊભાએ નહિ,
માડી માયલા વીર, (તું) વહેલો આવે લાધવા."

"હે લાધવા! મારા શરીરમાં સત ચડ્યું છે; એટલે હવે

સંસારમાં અધઘડી પણ ઉભાય એમ નથી. આ જાસલ તારી વાટ જુએ છે, તો વીરા તું વહેલો આવ."

સોરઠો

"સળગી સમદર માંહ્ય, એકલ ઓલાણી નહિ,
કૂછડિયા કુળ-ભાણ, વેહેલો વળજે લાધવા !"

"સંસારસમુદ્રમાં સળગી ગઇ છું, એકલી છું, એ લાહ્ય ઓલવાણી નથી. હે કુળભાણ કૂછડિયા ! તું વહેલો આવજે." (અથવા મારો ધણી પોતેજ મારા માટે વહેમ આણે એ તો સમુદ્રમાં આગ લાગ્યા જેવુંજ થયું કહેવાય. એ વડવાનલની આગ શી રીતે હોલાય ? અર્થાત્ ખુદ પતિના મનની શંકા શી રીતે ટાળી શકાય ?)

સોરઠો

"અગર ને અબીલ, જાતું બે જુજવીઉં;
કૂછડિયા હે વીર, લેતો આવે લાધવા !
સસ્વાદીલું સગા, ભોજનમાં લઇ ભેળવીએ;
(તે) સોરંભી સગા, લેતો આવે લાધવા !"

"તું આવે ત્યારે ખાલી ન આવતો. હું સતી થાઉં છું, તો તેને લાયકનો સામાન પણ જોઇશે. જુદી જુદી જાતના હોવા છતાં પણ, સાથેજ વપરાતાં અગર અને અબીલ જોઇશે. ભોજનમાં ભેળવાતું સોડમવાળું ઘૃત પણ જોઇશે. તે તમામ લાવજે."

આજ્ઞા સાંભળતાંજ ગામોટ ઘોડીએ ચડીને કૂછડી તરફ ધાયો. લાધા મેરને મળ્યો અને તેને બહેનનો સંદેશો કહ્યો.

પોતાને માટે બહેનને માથે આવી પડેલી આફતથી લાધવાના કોમળ કાળજામાં ભારે આઘાત થયો, પણ શું કરે ? બહેને મંગાવેલી સામગ્રી-મળી આવ્યાં તેટલાં અગરચંદનનાં કાષ્ઠો, અબીલગુલાલના પડા, કંકુ, નાડાછડી, ચૂંદડી, મોડીઓ, શ્રીફળો અને ઘીના ભરેલા બે ડબ્બા નાખીને તેણે બે સાંઢણીઓ કાટવાણા ભણી વિદાય કરી અને પોતે પણ સાચો કમખો લઇ પોતાની ઘરવાળી રૂપી સાથે ઘોડીએ ચડીને બહેનનાં દર્શન માટે ચાલ્યો.

લાધવો કાટવાણે પહોંચ્યો, પણ આજે તે ગામનો રંગ બદલાઇ ગયો હતો. બે દહાડા પહેલાં જોયેલું નીરવ કાટવાણું આજે નહોતું. આજે તેમાં અનેક શરણાઇઓનો ચહચહાટ થતો હતો

અને અનેક ત્રંબાળુ ઢોલો ધ્રબૂકીને ધ્રબૂકી દિગંતોને ડોલાવી રહ્યાં હતાં. કલકંઠી કામિનીઓ મંગળ ગીતો ગાતી હતી અને સૌને મોખરે લાંબા અને છૂટા કાળા કેશવાળી, વિશાળ લલાટમાં કેસરની પીયળવાળી અને ભવ્ય મુખમુદ્રાવાળી જાસલ હાથમાં શ્રીફળ લઇ મંદ પગલે ચાલતી હતી. આજે એની નિંદા કરવાને તો શું, પણ તેની તેજપૂર્ણ મુખાકૃતિ સામે જોવાની પણ માનવીઓની તાકાત નહોતી ! જાણે આરાસૂરી જગદંબા સાક્ષાત્ પ્રકટ થઇ હોય, તેવી તેની કાંતિ ઝળહળી રહી હતી.

ગામને પાદર સતી માટે ચેહ ખડકાણી છે. ત્યાં જવા તે નીકળી છે. આગળ તંબૂરાના ઝણેણાટ ને મંજીરાના કિણકિણાટ સાથે ભક્તમંડળી ભજનની ધૂન મચાવી રહી છે. આંધળાં, પાંગળાં, વાંઝિયાં અને એવાં એવાં અનેક દુઃખિયાં સતીને રસ્તામાં આવી પગે લાગે છે. આશીર્વાદ મેળવી શાંતિ પ્રાપ્ત કરે છે ! સતી પોતાને માટે ખડકાવેલી ચિતાએ પહોંચવા આગળ ચાલે છે.

જાસલ ચિતા પાસે પહોંચી નહોતી, ત્યાં તો લાખવો પત્ની સાથે ત્યાં આવી પહોંચ્યો. એની આંખમાં આજે શ્રાવણભાદરવો રેલી રહ્યો હતો.

સતીને પગે લાગતાં તે બોલ્યોઃ " આઇ માફ કરજે. મારાં ગોઝારાં પગલાંએ તારી આ દશા કરી છે."

એને આશીર્વાદ અને સાંત્વન આપતી જાસલ બોલીઃ " ભાઇ એવું ઓછું ના બોલ. તારાં પાવન પગલાંએ તો જગતમાં હું પાવન થઇને–અરે આઈ થઇને–પૂજાઇ. વળી મારા બન્ને લોક સુધર્યા. હવે હું માગું, ત્યારે પાસે આવી છેલ્લો કરિયાવર કરજે."

એક ચારણ બોલ્યોઃ " આઇ જાસલ ! શેર માટીની ખોટે મારા ભાઇ ભેડાએ તમને આણેલાં, પણ તમે સિધાવો છો, તો મારા ભાઇની શી ગતિ ?"

આ વાણી સાંભળી જાસલ થંભી અને બોલીઃ "પુનસરી ક્યાં ? એને મારી પાસે લાવો."

શરમની મારી પુનસરી તો અત્યારે બાઇડીઓનાં ટોળાં પાછળ ક્યાંય સંતાઇ ગઇ હતી.

પોતાનું કાળું મોં એ સતીને શી રીતે બતાવી શકે ? છતાં વકરેલા વાઘની પેઠે છલંગો મારતો ભેડા સ્ત્રીઓના ટોળામાં

ગયો ને પદપ્રહાર કરતો તથા ચોટલો ઝાલી ખેંચતો, પુનસરીને લઇ આવ્યો. પોતાની ભૂલની પણ ક્ષમા માગતો હોય, તેમ તે પાઘડીનો છેડો અંતરવાસ કરી સતી પાસે નીચે મુખે ઊભો.

ગંભીર સ્વરે જાસલ બોલી: "ચારણ! પુનસરીને પુણશો ના. એ બિચારીનો વાંક શો? વાંક મારા નસીબનો. બહેન પુનસરિ! મારૂં વરદાન છે કે, આજથી નવમે મહિને તારે ઘેર પારણું બંધાશે ને ધણીનો વંશ રહેશે; પણ ભોળા ભરથાર ભેડા! ખબરદાર, જો વંશ હલાવવો હોય, તો હવેથી ડેરવાવનું પાણી અગરાજ (અગ્રાહ્ય) કરજો, એ મારૂં વચન છે."

વળી ઢોલ જોસથી ધડૂકવા લાગ્યાં. કાયરને પણ શૂરવીર કરે, એવા શરણાઇના સિંધૂડા સ્વરો ચાલવા લાગ્યા ને 'જય અંબે' 'જય અંબે' ના ગગનભેદી સ્વરો નીકળતાં ચારણપુત્રી જાસલ ચિતા પર ચડી. તેનાં ચરણોની દસે અંગુલિઓમાંથી એક સાથે અગ્નિની જ્વાળાઓ નીકળી ને તેણે ચિતાને ભડભડાટ પ્રજ્વલિત કરી. થોડી વારમાં સર્વભક્ષી અગ્નિદેવની રંગબેરંગી જ્વાળાઓ ભડક ભડક અવાજ કરી ચિતા પર ખેલવા લાગી. એવામાં ઝૂંપડીમાંથી–ચિતા ઉપરની ઝૂંપડીમાંથી સતીનો સ્વર આવ્યો:—

"વીર લાધવા! તું મારો સાત જન્મારાનો ભાઇ છે. બીધા વિના તું ચિતા પર આવ ને છેવટનો કમખો આપી પાછો સિધાવ."

ખરો મર્દ, પવિત્ર ચરિત્ર, મેર લાધવો છલંગ મારી ચિતા પર ચડ્યો. પણ ચમત્કાર! અગ્નિની જ્વાળા તેને ઠંડકદાતા લાગી! બહેનના ખોળામાં તેણે શ્રીફળ, કમખો ને ચૂંદડી મૂક્યાં તથા બહેનના પવિત્ર શરીર ઉપર ઘૃતનો હોમ કર્યો ને અશ્રુપૂર્ણ નયને હાથ જોડી તે ઊભો રહ્યો!

સતી જાસલ બોલી: "ભાઇ તને શું આપવું? તારે માયામિલકત છે, છૈયાંછોકરાં છે ને લાજઆબરૂ પણ છે; પરંતુ મારૂં વચન છે કે, જે તારા કુળનો હશે, તે કદી સત નહિ ચૂકે."

"તથાસ્તુ આઇ" એટલો ઉચ્ચાર કરી રોતો રોતો લાધવો વગર આંચે ચિતા પરથી નીચે ઊતર્યો.

જોતજોતામાં સતી જાસલનું સ્થૂળ શરીર ભસ્મીભૂત બની ગયું; પણ તેનું અમર નામ તો ભસ્મીભૂત નજ થયું.

નવ મહિને પુનસરીને પુત્ર સાંપડ્યો. તેના વંશજો હજુ કાટવાણામાં છે, તેમજ લાધવાના વંશજો હજુ કૂછડીમાં જોવાય છે.

ચારણિયાણી જાસલ આઇનો પાળિયો હજુ કાટવાણાને પાદર ઊભો છે અને એની એ ડેરવાવનાં જળ પણ હજુ જાસલની કીર્તિ અસ્પષ્ટ સ્વરે ગાઇ રહેલ છે. સર્વભક્ષી કાળ કીર્તિને ખાવા અશક્ત છે, એ કવિકથન ઘણું સત્ય છે.×

૧૫૭—सती रूपी अने सोढी

મોઢવાડાનો કિલ્લો આજે દરબારી અમલદારોનો ઉતારો બન્યો છે. એના ખળભળી ગયેલા પથ્થરો ખડકીને મહેમાનોનું પાયખાનું કરેલું છે. પાદરમાંથી એક પાળિયો લાવીને કડિયાઓએ એને નવા ઉતારાના ઉંબર નીચે ચણી લીધો છે. હૈયાના અણરૂઝયા ઘા જેવા થોડા અક્ષરો હજુ પણ અમલદારોના ચરણ નીચે ઘસાતા પાળિયામાં અણભૂંસ્યા રહ્યા છે. એવા પાળિયાથી કેટલાંએ ગામોમાં ઉતારા ચણાયા હશે!

એ કિલ્લો મોઢવાડાના મેર દુદા ભગતે બંધાવેલ હતો. ભગતને રૂપી અને સોઢી નામે બે સ્ત્રીઓ હતી.

એક વખત બૂમ પડી કે, વાઘેરો ગામની ગાયો વાળીને જાય છે. ગોવાળિયા ધા નાખતા ભગત પાસે દોડ્યા. ભગત પોતાની રોઝી ઘોડી ઉપર ચડી, ભેટમાં તલવાર અને હાથમાં ભાલું લઈ સહુ મેરોની મોખરે નીકળ્યા.

સાંજ પડી ત્યાં તો કારમી હણહણાટી દેતી રોઝી ઘેર આવી. પલાણ ઉપર સવાર નહોતો. રોઝી આકાશની સામે જોઇને ચીસો પાડવા લાગી, જાણે પોતાના ધણીને વિમાનમાં બેસીને સ્વર્ગપુરીમાં વિચરતો જોતી હોય ને!

સોઢીએ ઓરડામાં બેઠાં બેઠાં ઘોડીની હણહણાટીનો ભેદ સમજી લીધો. એણે ચીસ પાડી કે, "દુદો રણમાં રહ્યો."

એટલું સાંભળતાં તો "જય અંબે, જય અંબે" બોલતી રૂપી

× શ્રી. ઝવેરચંદ મેઘાણી સંપાદિત "સૌરાષ્ટ્રની રસધાર" માંથી.
—પ્રયોજક

ઓરડામાંથી બહાર નીકળી. એની આંખોમાં જાણે સતના દીવડા પ્રકટ થયા. એના હોઠ કંપવા લાગ્યા. એ ગામને પાદર ચાલી નીકળી. પાછળ આખું ગામ ઊલટ્યું. બે હાથની તાળી પાડતાં તો આગની જ્વાળાઓ છૂટી. ચિતામાંથી રૂપીએ જોયું કે, સોઢીનું શરીર ધ્રૂજવા લાગ્યું છે, સોઢીની આંખોમાં સત ભભૂકવા લાગ્યું છે; એટલે રૂપીએ રાડ નાખીઃ "સોઢી! આજ નહિ, ખમૈયા કરી જા બહેન!"

સોઢી બોલીઃ "કાં બાપ! તારે એકલાં જઈને ભગતની ચાકરી કરવી છે ને મને આ ભવસાગરમાં રઝળતી મેલવી છે."

ઝૂંપડીમાંથી ખડખડ હસવાનો અવાજ આવ્યો. રૂપી બોલીઃ "બહેન! તારા ઉદરમાં ઓધાન છે. જા મારૂં વચન છે કે, એક વરસ વીત્યે તને સત ચડશે. એક વરસ પૃથ્વીમાં રહીને ભગતના દીકરાને મોટો કરજે, મારા નામની વાવ ચણાવજે અને બ્રાહ્મણોને જમીન દેજે. જા મારાથી સવાયાં સત તારાં ગણાશે."

રૂપીનો દેહ રાખ બની ગયો, આત્મા દુદા ભગતના આત્મામાં ભળી ગયો અને સોઢીએ રૂપીના નામની વાવ બંધાવી. બ્રાહ્મણોને ચારકોસી વાડી, ચોવીસ વીઘાં જમીન અને ચોવીસસો કોરી રોકડી દીધી. દીકરાને જન્મ દીધા પછી બરોબર એક વરસે એનેય સત ચડ્યું.

આજ મોઢવાડાને પાદર રૂપીવાવ મોજૂદ છે. સોઢીનો ચોરો પણ ચણેલો છે. બ્રાહ્મણને દીધેલી વાડી અને જમીન પણ હજુ કોઈએ ઝૂંટવી નથી લીધી.×



× શ્રી. ઝવેરચંદ મેઘાણી સંપાદિત "સૌરાષ્ટ્રની રસધાર" માંથી.
—પ્રયોજક

૧૫૮–શ્રીમતી કૃષ્ણભાવિની દાસ

એ સન્નારીનો જન્મ બંગાળામાં થયો હતો. એમનું લગ્ન કલકત્તા હાઈકોર્ટના સુપ્રસિદ્ધ વકીલ અને લક્ષાધિપતિ બાબુ શ્રીનાથના પુત્ર દેવેંદ્રનાથ દાસ સાથે થયું હતું. દેવેંદ્રનાથે પણ ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કર્યું હતું. એ કેમ્બ્રીજ યુનિવર્સિટીના ગ્રેજ્યુએટ અને સેન્ચ્યુરી કૉલેજના પ્રોફેસર હતા. કૃષ્ણભાવિની દાસને બાલ્યાવસ્થામાં સારૂં શિક્ષણ મળ્યું હતું. પતિ પ્રત્યે તેમને અગાધ પ્રેમ હતો. પતિની સાથે પોતે ઇ. સ. ૧૮૮૦ માં વિલાયત ગયાં હતાં અને આઠનવ વર્ષ સુધી ત્યાં રહ્યાં હતાં. વિલાયતનિવાસ સમયે એમણે મોજશોખમાં પોતાનું જીવન ન ગાળતાં, વિદ્યાધ્યયનમાંજ ચિત્ત પરોવ્યું હતું. બ્રિટિશ મ્યુઝિયમના વિશાળ પુસ્તકાલયમાં કલાકોના કલાકો સુધી બેસીને એ અનેક વિષયોનો ઊંડો અભ્યાસ કરતાં. એમના પતિ પણ એક સ્વદેશભક્ત પુરુષ હતા. બંનેના મનમાં અભિલાષ હતો કે, સ્વદેશ પાછા ફર્યા પછી દેશસેવાના પવિત્ર કાર્યમાં નિમગ્ન થઈશું. દેવેંદ્રનાથ ભારતમાં આવીને કલકત્તાની સેન્ચ્યુરી સ્કૂલમાં જોડાયા, જેને પાછળથી કૉલેજનું રૂપ આપવામાં આવ્યું. એક સાચી સહધર્મિણીને છાજે, એવી રીતે કૃષ્ણભાવિની પતિને એમના હરેક કાર્યમાં મદદ અને સલાહ આપી મંત્રીની ગરજ સારતાં. શ્રીમતી કૃષ્ણભાવિની દાસને સંતાનમાં એકજ બાલિકા હતી અને તે પણ બાળવયમાં એમની આંખ આગળ પરલોક સિધાવી હતી. એમના સ્નેહાળ પતિએ પણ યુવાવસ્થામાંજ પરલોકગમન કરીને શ્રીમતી કૃષ્ણભાવિનીના જીવનને અંધકારમય બનાવ્યું. એ સમયે શોકાતુર ન થતાં, શ્રીમતી કૃષ્ણભાવિનીએ પતિને પ્રિય હતાં એવાં દેશહિતકારી કાર્યોમાં પોતાનું જીવન સમર્પણ કરવાનો સંકલ્પ કર્યો. પોતાની દેશી બહેનોની દશા સુધારવાનું તથા તેમને કેળવવાનું કામ એમણે શુદ્ધ હૃદય અને ઉમંગથી

ઉપાડી લીધું. કલકત્તામાં સ્ત્રીમંડળ નામની એક સંસ્થા હતી. તેનાં પોતે મંત્રી બન્યાં અને બીજી સ્ત્રીશિક્ષિકાઓની મદદથી ઝનાનામાં વસતી સ્ત્રીઓમાં ઘેરઘેર ફરીને કોઇ પણ જાતના ન્યાતજાતના ભેદ વગર શિક્ષણ આપવાનું કાર્ય આરંભ્યું. એ કાર્ય તેમણે અનેક વર્ષ સુધી અસ્ખલિત રીતે કર્યું હતું. પોતાના એ કાર્યમાં તેમણે સરકારની મદદનો સ્વીકાર કર્યો નહોતો; કારણકે સરકારની મદદ સ્વીકારતાંવારજ સંસ્થાને પોતાની સ્વતંત્રતા ખોવી પડે છે અને સરકારે માની લીધેલી પદ્ધતિએ ચાલવું પડે છે; એ એમને જરાયે પસંદ નહોતું. એ તો સ્વતંત્રપણે કાર્ય કરીને સ્ત્રીશિક્ષણના કાર્યમાં પોતાના અનુભવમાં આવેલી પદ્ધતિઓ અજમાવવા માગતાં હતાં. સાધારણ શિક્ષણ પામેલી સ્ત્રીઓ પાસેથી પણ એ તદ્દન નિરક્ષર સ્ત્રીઓને જ્ઞાન અપાવવાનું કામ લેતાં હતાં. ટ્રેનિંગ કૉલેજમાં કેળવાયલી સ્ત્રીશિક્ષિકા મળી આવે, ત્યાંસુધી સ્ત્રીકેળવણીનો આરંભ થવો ન જોઇએ, એવું માનનારાંમાંનાં તેઓ એક નહોતાં.

તેમણે એક કન્યાશાળા સ્થાપી હતી અને તેની સાથે કન્યાઓનું નિવાસગૃહ પણ હતું. ગરીબ કુટુંબની અનેક કન્યાઓ ત્યાં શિક્ષણ પામતી. અનેક અનાથોને એ મદદ આપતાં હતાં.

પતિત સ્ત્રીઓના ઉદ્ધારનું કાર્ય પણ એમણે ઉપાડી લીધું હતું અને તેમને સારૂ એક સંરક્ષણગૃહ પોતે નિભાવતાં હતાં.

પોતે એક સુધારક કુટુંબનાં સ્ત્રી હતાં. દસકો વિલાયત રહ્યાં હતાં, છતાં આર્યસભ્યતાનો તિરસ્કાર નહોતાં કરતાં; તેમજ વેશ કે વાણીમાં મડમ બની ગયાં નહોતાં. એક સામાન્ય પડદાનશીન સ્ત્રીની પેઠે તેઓ લજ્જાપૂર્વક વાતચીત કરતાં. એક હિંદુવિધવાને શોભે એવા સ્વાર્થત્યાગ, નિરભિમાન અને ભક્તિની સાથે, પશ્ચિમના સમાજસેવાનો ઉત્સાહ અને કાર્યપદ્ધતિનું તેમણે મિશ્રણ કર્યું હતું. તેઓ બંગાળી ભાષામાં સારા લેખો અને કવિતા લખતાં; તેમના ગદ્ય લખાણોમાં તેમના વ્યક્તિત્વની પ્રબળ છાપ હતી.

પોતે પડદાનશીન હિંદુ સન્નારી અને લક્ષાધિપતિની પુત્રવધૂ હોવા છતાં, ઘણીજ સાદાઇથી રહેતાં અને એક સંન્યાસિનીના જેવું કઠિન તપસ્યામય જીવન ગાળતાં હતાં. એમ કહે-

વાય છે કે, એ શ્રીમંત રમણી કલકત્તા જેવા શહેરમાં કેવળ મહિનાના પંદર રૂપિયાથી પોતાનો નિર્વાહ ચલાવતાં હતાં. પોતાની સંસ્થાઓને સારૂ ફંડ ઉઘરાવવા માટે પોતે કલકત્તાના ભીડવાળા રસ્તાઓમાં પગે ચાલીને જતાં.

કોઇ પણ પ્રકારે પ્રસિદ્ધિમાં આવવું, પોતાના કામનાં વર્તમાનપત્રોમાં બણગાં ફુંકાવવાં, એ એમને જરા પણ પસંદ નહોતું. એ કદી કોઇને પોતાની છબી પાડવા દેતાં નહિ; પરંતુ આચાર્ય સર જગદીશચંદ્ર બસુના ઘરમાં એ એક વાર વાતોમાં ગૂંથાયાં હતાં, તે સમયે મિસ લાર્ચર નામની એક અંગ્રેજ સ્ત્રીએ તેમનું એક ચિત્ર પેન્સિલથી ઉતારી લીધું. તે ૧૯૧૯ ના એપ્રિલ માસમાં મોડર્ન રીવ્યુ માસિકમાં છપાયું હતું.×



× 'મોડર્ન રીવ્યુ' ૧૯૧૯ એપ્રિલ તથા 'સ્ત્રીબોધ' પુ૦ ૬૩, અંક ૬ ઉપરથી. —પ્રયોજક

૧૫૯-દેવી શારદાસુંદરી

ધર્મ અને સંસારસુધારા સંબંધી પોતાનાં તેજસ્વી ભાષણોથી એક સમયે સભાઓ ગજાવી મૂકનાર, પ્રબળ ભક્તિ અને નિર્મળ ચરિત્રથી એ સમયના યુવકો ઉપર સદાને માટે પવિત્ર છાપ પાડનાર અને હિંદુ પ્રજાને અજ્ઞાનતા અને વહેમના પડદામાંથી બહાર લાવી શુદ્ધ એકેશ્વરવાદનો પ્રચાર કરનાર, 'નવવિધાન' બ્રાહ્મોસમાજના સ્થાપક અને આચાર્ય બાબુ કેશવચંદ્ર સેનના નામથી અમારા પ્રિય વાચકો જાણીતા હશે. એ આગેવાન સુધારકના સ્વર્ગવાસ પછી લગભગ પચીસ વર્ષે, તેમનાં વૃદ્ધ માતુશ્રી ૮૮ વર્ષની પાકી વયે ગુજરી ગયાં હતાં. જે પુણ્યવતી નારીએ કેશવચંદ્ર જેવા નરરત્નને જન્મ આપ્યો અને વિચારોમાં મતભેદ હોવા છતાં પણ અનેક આફતોને પ્રસંગે તેમના પક્ષમાં ઊભાં રહી, એક સાચી માતાની ખરી દિલસોજીથી જેમણે તેમનું રક્ષણ કર્યું, તે સન્નારીની જીવનકહાણી સાદી હોવા છતાં પણ, આપણા દેશની સ્ત્રીઓને લાભદાયક છે.

એ સન્નારીને સંબોધીને મહાત્મા શ્રીરામકૃષ્ણ પરમહંસદેવે એક વખત કહ્યું હતું કે, "માતા! ખરું કહું છું કે, એક દિવસ એવો આવશે કે જ્યારે આખી દુનિયા તારા ઉદર અને આંતરડાંની આસપાસ તાંડવ નૃત્ય કરશે; કેમકે આના (કેશવને બતાવીને) જેવો પુરુષ તારા ગર્ભમાંથી પ્રાપ્ત થયો છે."

એ સન્નારી વિષે લખતાં આચાર્ય શ્રી. પ્રતાપચંદ્ર મજુમદાર લખી ગયા છે કે, "જ્યારે કેશવની મહત્તા ભવિષ્યની કદરદાન પ્રજા પિછાનશે, ત્યારે એની ભલી, ઉદારહૃદયા માતાના સદ્ગુણોની પ્રશંસા થયા વગર રહેશે નહિ."

કેશવની મહત્તા સ્વીકારાઇ છે એટલે હવે અમે એમની માતાનો કાંઇક પરિચય આપીશું.

એમનો જન્મ ઈ. સ. ૧૮૧૯માં હુગલી જિલ્લામાં ત્રિવેણીના તટ ઉપર ગરીફા ગામમાં એમના મોસાળમાં થયો હતો. એમના પિતાનું નામ ગોર હરિદાસ હતું અને એ ન્યાતે તથા ધંધે વૈદ્ય હતા. શારદાસુંદરીને ભાંડુમાં ત્રણ બહેન અને એક ભાઈ હતાં. એમનું કદ ઊંચું અને વર્ણ ગોર હતો. ગોરહરિ ધાર્મિક વૃત્તિના પુરુષ હોવાથી પોતાના સંતાનોમાં તેમણે ઊંચા પ્રકારના ધાર્મિક સંસ્કાર પાડ્યા હતા. આપણે હાલમાં જેને કેળવણી કહીએ છીએ, તેવી નિશાળની કેળવણી શારદાસુંદરીને મળી નહોતી. એમને સહેજસાજ વાંચતાં તથા ભાગ્યુંતૂટ્યું લખતાં માત્ર આવડતું હતું; પરંતુ એ જમાનાનું સ્ત્રીશિક્ષણ બીજાજ પ્રકારનું હતું. શારદાસુંદરીને રામાયણ–મહાભારત આદિ અનેક ધાર્મિક ગ્રંથો મોઢે હતા. એ કથાઓના શ્રવણથી બાલ્યાવસ્થામાંજ પિતૃભક્તિ, પતિભક્તિ, સત્યપરાયણતા આદિ ઉચ્ચ ગુણો તેમના હૃદયમાં સ્થાન પામ્યા હતા. ધર્મની લાલસા તો એમના કુટુંબની રગેરગમાં ભરેલી હતી. એમના મોટાભાઈ ધર્મના આવેશમાં આવી જઇને આ અસાર સંસારનો ત્યાગ કરી ઘરબાર છોડી સંન્યાસી બની ગયા હતા. શારદાસુંદરીમાં એ ધાર્મિકભાવ ઉપરાંત ગૃહકાર્યમાં કુશળતાનો પણ ગુણ હતો. નવ વર્ષની બાળવયે તેમનું લગ્ન બંગાળ બેંકના દીવાન રામકમલ સેનના પુત્ર પ્યારીમોહન સેન સાથે થયું હતું.

દીવાન રામકમલ સેન મોટા પગારવાળા અને રાજદરબારમાં આબરૂ ઇજ્જતવાળા અમલદાર હતા. તેઓ પરમ ભક્ત વૈષ્ણવ હતા. તેમને ઘેર પૂજાપાઠ, કથાકીર્તન વગેરે ધાર્મિક કાર્યો નિયમિત રીતે થતાં હતાં. સંસારમાં રહેવા છતાં એ સાચા વૈરાગી હતા. દસ વર્ષની બાળવયે શારદાસુંદરી સાસરે આવ્યાં અને તેમના નિર્મળ, શાંત, સરળ સ્વભાવને લીધે તેઓ સસરાનાં માનીતાં થઇ પડ્યાં. સૌથી નાનાં હોવાને લીધે એમને સાસુ, નણંદો તથા જેઠાણીઓના તાબામાં રહી, તેમની આજ્ઞાનુસાર ઘરનું કામકાજ કરવું પડતું; પરંતુ એ બધાં કામ ઘણીજ પ્રસન્નતાથી અને નમ્રતાથી કરતાં. સાસુ કે નણંદ તરફથી કોઈ વાર એમને કટુ વચન પણ સાંભળવાં પડતાં; પણ ધૈર્યપૂર્વક બધું સહન કરતાં. અપૂર્વ ધૈર્ય, નમ્રતા અને સ્વાર્થત્યાગના જે સદ્ગુણો એમણે એ સમયે પ્રાપ્ત કર્યા હતા, તે એમને ભવિષ્યના જીવનમાં

ઘણા ઉપયોગી થઇ પડ્યા.

ધર્મનું ઊંડું રહસ્ય સસરાજી તરફથી એમના સમજવામાં આવ્યું હતું. એક સમયે બાળવધૂ શારદાસુંદરી ઘરના મંદિરમાં બેસીને શ્રદ્ધા અને ભક્તિપૂર્વક પૂજન કરી રહ્યાં હતાં, તે સમયે એમના સસરા રામકમલ સેને જઇને પૂછ્યું: "દીકરિ ! તું શાને સારૂ પૂજા કરે છે ? ધન, સંતાન કે સુખસમૃદ્ધિને સારૂ તું ઠાકોરજીની પૂજા કરી રહી છે ?" નિર્દોષ, સરળહૃદયા પુત્રવધૂએ ઉત્તર આપ્યો: "હાસ્તો, બીજા શાને માટે પૂજા થતી હશે, એ હું જાણુતી નથી." સસરાએ કહ્યું: "એક બીજી વસ્તુ છે અને એજ વસ્તુ માટે મનુષ્યોએ ભગવાનની પ્રાર્થના અને ઉપાસના કરવી જોઇએ. પોતાની રક્ષાને માટે એની પ્રાર્થના કરવી જોઇએ. ભગવાનને એજ પ્રાર્થના કરવી જોઇએ કે, 'હે પિતા ! આ સંસારમાં અને પરલોકમાં મારૂં રક્ષણ કરજો.'"

શારદાસુંદરીના પતિ પ્યારીમોહન સેન એક પુણ્યાત્મા અને શુદ્ધ હૃદયના પુરુષ હતા. તેઓ પત્ની ઉપર અગાધ પ્રેમ રાખતા અને તેમને પ્રસન્ન રાખવા સદા પ્રયત્ન કરતા.

ઇ. સ. ૧૮૪૪ માં શારદાસુંદરીના સસરાનો સ્વર્ગવાસ થયો. ત્યારપછી એ કુટુંબની આર્થિક દશા ઘણી સારી રહી નહિ. દુર્ભાગ્યે ચાર વર્ષ પછી ઈ. સ. ૧૮૪૮ માં શારદાસુંદરીના પતિ પ્યારીમોહને પણ પરલોકગમન કર્યું. એ સમયે શારદાસુંદરીની વય કેવળ પચીસ વર્ષની હતી. એ સમયે તેમને ત્રણ નાના નાના પુત્ર અને ત્રણ પુત્રી સંતાન હતાં. વિધવા થયા પછી એમની આર્થિક દશા ઘણી દયાજનક થઇ પડી. ઘણાં સંકટ વેઠીને, અપમાન સહન કરીને તેમણે બાળકોને ઉછેર્યાં અને ઉચ્ચ શિક્ષણથી વિભૂષિત કર્યાં. જ્યેષ્ઠ પુત્ર કેશવચંદ્રે નિશાળ અને કૉલેજમાં ઉત્તમ ખ્યાતિ મેળવી; એટલુંજ નહિ પણ ઉચ્ચ પ્રકારની પ્રભુભક્તિનો પણ પરિચય આપવા માંડ્યો; પરંતુ અંગ્રેજી શિક્ષણના પ્રભાવથી હિંદુઓના અનેક રીતરિવાજ ઉપરથી એની શ્રદ્ધા ઊઠી ગઈ. મૂર્તિપૂજા, વહેમ, રૂઢિ વગેરે માટે તેને જરા પણ માન રહ્યું નહોતું. એમના કુટુંબમાં પ્રચલિત રીત પ્રમાણે કેશવને જ્યારે ગુરુમંત્રથી દીક્ષિત થવાનો પ્રસંગ આવ્યો, ત્યારે એણે સ્પષ્ટ ના કહી. એથી એમના કાકા હરિમોહન સેનને ઘણું ખોટું લાગ્યું. કુટુંબમાં તથા ન્યાતજાતમાં ખળભળાટ મચી

ગયો. બધા તરુણ કેશવને નિંદવા લાગ્યા. કેશવની માતાની સ્થિતિ એથી ઘણી કફોડી થઇ પડી.

પતિના મૃત્યુ પછી ઘણી દીન દશામાં તેમનું જીવન વ્યતીત થતું હતું; તેમાં કેશવનું આવું વલણ જોઇને એમને શંકા થવા લાગી કે, "રખે કેશવને ધર્મભ્રષ્ટ ગણીને સાસરિયાં તેને ઘર બહાર કાઢી મૂકે. એવું થાય, તો નાનાં નાનાં સંતાનવાળી એ વિધવાની કેવી દુર્દશા થાય?" એ વિચારથી એ પુત્રને દીક્ષા લેવાને વારંવાર સમજાવવા લાગ્યાં. એક દિવસ તો શુભ મુહૂર્ત જોઇને પોતાના ભત્રીજા મોહિન, જોગીન અને કેશવને એકસાથે મંત્રદીક્ષા દેવાનું નક્કી પણ કર્યું. કેશવચંદ્ર સેને એ અરસામાં કેટલાક દિવસ પહેલાંથીજ મહર્ષિ દેવેંદ્રનાથ ઠાકુરને ઘેર જવા-આવવા માંડયું હતું. મંત્રદીક્ષાની તૈયારી જોઇને આજે એ ઘેર-જ ન આવ્યા. પૂજાની બધી સામગ્રી તૈયાર છે. માતા શારદા-સુંદરી રાહ જોઇ રહ્યાં છે. ન્યાતવાળાને તથા સ્નેહીઓને જમાડ-વાની પણ તૈયારી થઇ છે; પરંતુ જેની ખાતર આ બધી તૈયારી હતી, તે કેશવચંદ્ર ત્યાં નહોતા. આખો દિવસ વ્યતીત થઇ ગયો, પણ કેશવ નજ આવ્યા. ત્યારે સ્નેહાળ માતાને આશંકા થવા લાગી કે, "પુત્ર ખ્રિસ્તી થઇ ગયો હશે." એ સમયમાં અનેક વિદ્યાર્થીઓ ખ્રિસ્તીધર્મનું શરણ લેતા હતા; પરંતુ માતાની એ શંકા ખોટી પડી. સાંજ પડતાં કેશવચંદ્ર ઘેર પાછા આવ્યા. ગુરુ મહારાજ ઘણા નિરાશ થયા. માતાને પણ ઘણું ખોટું લાગ્યું; પરંતુ કોઇએ કાંઇ કહ્યું નહિ. કેશવને મંત્ર આપવાનો પ્રયત્ન નિષ્ફળ ગયો. બીજે દિવસે કેશવચંદ્ર બ્રાહ્મોસમાજનાં કેટલાંક પુસ્તક જનની પાસે મૂકીને ચાલ્યા ગયા. એ બ્રાહ્મોસંગીત ભજ-નનાં પુસ્તક હતાં. દેવી શારદાસુંદરીનો ધર્માનુરાગ ઘણો પ્રબળ હતો. એ ગ્રંથોમાં સારી વાતો વાંચ્યાથી એમનું ચિત્ત એ તરફ આકર્ષાયું. એમણે સાંભળ્યું હતું કે, કેશવ બ્રહ્મજ્ઞાની થશે. ગુરુ-ની પાસે મંત્ર ગ્રહણ કરશે નહિ. બ્રહ્મજ્ઞાની કોને કહે, બ્રાહ્મો-સમાજ ક્યાં છે અને કેવો છે,એ વિષે તેમને કાંઇ ખબર નહોતી. એ તો સરળ પ્રકૃતિનાં સીધાં, સાદાં સ્ત્રી હતાં; પરંતુ બ્રાહ્મો-સમાજનાં પુસ્તકો વાંચ્યાથી એમને એટલી તો ખાતરી થઇ કે, એમાં લખેલી વાતો બહુ સારી છે. માતા એ પુસ્તકને લઇને ગુરુજીની પાસે ગયાં અને કહેવા લાગ્યાં: "જુઓ, કેશવને કેવો

ધર્મ મળી આવ્યો છે? હું તો આમાં કાંઈ સમજતી નથી." ગુરુદેવે પુસ્તક વાંચીને સંતોષ જાહેર કર્યો તથા જણાવ્યું: "આ ધર્મ તો બહુ સારો જણાય છે; પરંતુ એનું પાલન કરી શકાય તો સારી વાત; પણ માતા! હવે તમારે ચિંતા કરવાની જરૂર નથી. જે માર્ગે કેશવ ચાલી રહ્યો છે, તે માર્ગ એના કલ્યાણનો છે." ગુરુવાક્યથી જનનીના ચિત્તને સંતોષ થયો.

ત્યાર પછી શારદાસુંદરી ઉમંગભેર પુત્ર પાસેથી તેના ધર્મની વાતો સાંભળતાં. એ જોઈને કુટુંબની તથા પાડોશની અનેક સ્ત્રીઓ મેણું મારતી કે, "માતાજ કેશવને ચડાવીને બગાડી રહી છે." વસ્તુતઃ કેશવચંદ્રના પ્રથમ જીવનમાં તેમનાં જનની ધર્મમાર્ગમાં એક ઉત્તમ સાધિકારૂપ હતાં. માતા કહેતાં કે, "મારો કેશવ બાલ્યાવસ્થામાંથીજ ભક્ત છે. તેનું શરીર કદી અસ્વચ્છ કે દુરાચારી જોવામાં આવતું નહિ. જે મલિનતા બીજાં બાળકોને સ્વાભાવિક રીતે અપવિત્ર કરે છે, તે મલિનતાથી કેશવ મુક્ત હતો. શરીરે ઠાકોરજીના નામની છાપ મારવી, નાકથી તે કપાળ સુધી ટીલું કરવું, ગળામાં માળા ધારણ કરવી વગેરે સાજ સજીને ભક્ત બનવું મારા કેશવને ઘણું પસંદ હતું; માટે એ નાસ્તિક અને વિધર્મી નહિ નીવડે એવી મારી ખાતરી છે."

કેશવચંદ્રે જ્યારે જોયું કે, એ વિશાળ કુટુંબમાં કેવળ એક માતાજ તેમના ધર્મમાર્ગમાં ઉત્સાહ પ્રદાન કરનારી છે, ત્યારે તેમણે પોતાના સુંદર અક્ષર વડે એક પ્રાર્થના લખી આપીને કહ્યું: "મા! તમે દરરોજ આ પ્રાર્થનાનો પાઠ કરજો." એ કાગળ દેવી શારદાસુંદરીએ ભીંતે ચોડી રાખ્યો હતો અને દરરોજ તેનો પાઠ કરતાં હતાં. તેમના જેઠ હરિમોહન સેને એ કાગળ ઉપર નજર પડતાં તેને ઉખાડીને ફાડી નાખ્યો હતો.

દેવી શારદાસુંદરી પોતે શુદ્ધ સનાતનધર્મનાં અનુયાયી હતાં અને આર્યગ્રંથોમાં બતાવેલા વૈધવ્યધર્મનું યથાયોગ્ય પાલન કરી રહ્યાં હતાં; છતાં એમનું હૃદય સંકીર્ણ અને ધર્માંધ નહોતું. એમના વિચારો એટલા ઉન્નત હતા કે, પોતાના પુત્રના સંસારસુધારા અને ધર્મની બાબતમાં આગળ પડતા વિચારો સાથે તેમનો મેળ ખાતો. કેશવચંદ્ર સેને બ્રાહ્મોધર્મ ગ્રહણ કર્યો, ત્યારની પોતાની અવસ્થાનું વર્ણન તેઓ નીચે પ્રમાણે કરે છેઃ—

"મારા પુત્રના બ્રાહ્મોધર્મમાં વટલાઇ જવાથી મારે ઘણું દુઃખ વેઠવું પડયું હતું. મારા જેઠ તરફથી મારા માથા ઉપર ગાળોનો વરસાદ વરસ્યો હતો. મને દુઃખ દેવામાં કુટુંબીઓએ કચાશ રાખી નહોતી. ચોધાર આંસુ પાડ્યા વગર મારો એક પણ દિવસ જતો નહિ. વારેઘડીએ હરિમોહન બાબુ ગુસ્સે થઇ જઇને મને કહેતા કે, 'કેશવના આગળ પડતા ધાર્મિક વિચારોને નહિ રોકીને તેંજ એને બગાડ્યો છે.' મને પણ એ સમયે તો કોઇ કોઈ વાર એમ લાગતું કે, કેશવે ખોટું કર્યું છે; પણ હવે હું એ દૃષ્ટિએ જોતી નથી."

દેવી શારદાસુંદરીને પૂર્ણ વિશ્વાસ હતો કે, એમનો પુત્ર અનાચાર કે અધર્મને માર્ગે નથી જઈ રહ્યો, તેથી એમણે બધાં મેણાં અને ત્રાસને શાંતિપૂર્વક સહન કર્યાં.

ઇ૦ સ૦ ૧૮૬૩ ની ૧૧ મી જાનેવારીએ કેશવચંદ્રે પોતાના પુત્રનો જાતકર્મ સંસ્કાર બ્રાહ્મોવિધિ પ્રમાણે કર્યો. એના આખા કુટુંબને એ વાત રુચી નહિ. તેઓ ઘણા ગુસ્સે થઇને એ ઉત્સવમાં ભાગ લેવાને બદલે ઘરબાર છોડીને બહાર ચાલ્યાં ગયાં. એ સમયે કેશવજનની દેવી શારદાસુંદરી એકલાંજ ઘરમાં રહ્યાં.

પરાધીન હિંદુવિધવાને માટે એ એક મોટું સાહસ હતું; પરંતુ એમનો અંતરાત્મા સાક્ષી આપતો હતો કે, કેશવ અનુચિત કૃત્ય નથી કરી રહ્યો. એ વિશ્વાસને લીધે એમણે પુત્રનો પરિત્યાગ કર્યો નહિ.

દેવી શારદાસુંદરીને કોઈ પણ ધર્મ માટે દ્વેષભાવ નહોતો. બાલ્યાવસ્થામાં પિયેરમાં શાક્તધર્મ જોયો હતો. સાસરામાં આવ્યા પછી ચુસ્ત વૈષ્ણવધર્મનું પાલન કરવું પડયું હતું. એથી એમના વિચારમાં સાંકડાપણું નહોતું હિંદુ, મુસલમાન, બ્રાહ્મ, ખ્રિસ્તી બધાને એ સમાનતાથી જોતાં. ભિન્ન ભિન્ન ધર્મોમાં રહેલી સમાનતા અને સારા અંશોને એ જોતાં અને કોઇના પ્રત્યે તિરસ્કાર દર્શાવતાં નહિ.

ધર્મ સંબંધી એમના વિચારો દિનપ્રતિદિન કેવા ઊંચા થતા હતા, તેનું ભાન યાત્રા સંબંધી તેમણે દર્શાવેલા વિચારો ઉપરથી થઈ શકે છે. તેઓ લખે છેઃ—

"જગન્નાથજીની જાત્રાએ ગયાં, ત્યારે અમે પણ રથની

આગળ રસ્તામાં આડાં પડચાં કે રથનું દોરડું અમારા માથાને સ્પર્શ કરે. હું ધારતી હતી કે, એથી મને મોટું પુણ્ય થશે, પણ હવે હું એવું માનતી નથી. એ તો એક બાળકની કલ્પના-માત્ર હતી. હજુ પણ હું પવિત્ર તીર્થસ્થાનોમાં યાત્રા કરૂં છું, પણ કેવળ પુણ્ય કમાવાની આશાથી નહિ. મંદિરોમાં દર્શન કરવા જવું, એ સારી વાત છે એમાં તો સંદેહ નથી; પરંતુ એ તો માતપિતાને બાળકો માટે એક પ્રકારનો પ્રેમ હોય છે-હું જેવી રીતે મારાં લાડકાં બચ્ચાંઓને ચાહું છું-તેના જેવું એ છે; એથી વધારે કાંઇ નથી. વ્રત અને યાત્રાઓ એ કેવળ બાહ્યરૂપ છે, ઉપરનાં છોતરાં છે; પણ અંદરનું ફળ નથી, એ ખાતરી રાખજો. એમાં આનંદ સમાયલો છે, છતાં એનાથીજ મુક્તિ નહિ મળે. અશુદ્ધ આત્માને મુક્તિ નથી મળી શકતી. હૃદયમાંની અશુદ્ધિ કાઢી નાખીને એને નિર્મળ બનાવવું જોઇએ. બાલ્યાવસ્થામાં પરણીને સાસરે આવી, ત્યારથી હું આ કુટુંબના ધાર્મિક વાતાવરણમાં ઊછરી છું. મેં કદી અપવિત્ર કર્મ થતાં જોયું નથી; કદી ખરાબ વિચારમાં ગરકાવ થતાં કોઇને દીઠાં નથી; મેં મારા જીવનની પ્રત્યેક પળ કાંઇ ને કાંઇ સારા કામમાં ગાળી છે. ધીમે ધીમે ધર્મના સંસ્કારો માટે મને અભિરુચિ ઉત્પન્ન થઇ અને તીર્થયાત્રા કરવાનો, મંદિરોનાં દર્શન કરવાનો શોખ પણ ઉત્પન્ન થયો—હજુ પણ હું ઘણી પૂજા કરૂં છું; પરંતુ મારા હૃદયમાં ઊંડો વિશ્વાસ એજ છે કે, ઇશ્વર એક છે અને નિરાકાર છે. એની દયા વગર મારી ગતિ નથી. એ પ્રભુની ઇચ્છાનેજ આધીન થઇને, હું તેને શરણે રહેવા ચાહું છું. જો હું સંપૂર્ણપણે અને શુદ્ધ હૃદયથી એનું શરણ લઇશ; તો પછી હું સ્વર્ગમાં જાઉં કે નરકમાં, તેની મને જરા પણ પરવા નથી.”

દેવી શારદાસુંદરીનું કુટુંબ ઘણું મોટું હતું. એમને અનેક પૌત્રપૌત્રી હતાં; પરંતુ ખેદની વાત છે કે, એ પવિત્ર વિધવાના દુઃખમાં વધારો કરવા એમનાં બધાં સંતાન એમની હયાતીમાંજ સ્વર્ગવાસ પામ્યાં હતાં. કેશવચંદ્ર સેન અને કૃષ્ણવિહારી સેન તો બહુ પ્રસિદ્ધ પુરુષો હતા. એમના મૃત્યુથી આખા દેશે શોક દર્શાવ્યો હતો, તો શારદાસુંદરીના શોકની તો સીમાજ ક્યાંથી હોય ? એમનાં અનેક પૌત્રપૌત્રીઓ તથા દૌહિત્રો પણ અલ્પ સમયમાં તેમના દેખતાંજ કાળને વશ થયાં હતાં; પરંતુ

પ્રભુમાં દૃઢ વિશ્વાસ હોવાથી, એમણે શાંતિપૂર્વક એ બધાં દુઃખ સહન કર્યાં હતાં. એ સંબંધમાં પોતે લખે છેઃ—

"મારાં સગાંઓનાં પૌત્રપૌત્રી તથા દૌહિત્ર દૌહિત્રીઓના ઘણા વિશાળ કુટુંબમાં હર્ષ અને શોક તો વારાફરતી આવ્યાજ કરવાનાં. હવે તો એ રોજનો બનાવ થઇ ગયો છે; પણ એ કસોટીમાં તપાયાથી મારામાં રહેલું તાંબાનું મિશ્રણ નીકળી ગયું છે અને હું એવી દશાએ પહોંચી છું કે, સુખ કે દુઃખ મને અસર કરી શકતાં નથી. હું જોઉં છું કે, મારા કુટુંબની એક શાખા રાજગાદીએ પહોંચવા યોગ્ય સ્થિતિમાં આવી છે;* ત્યારે બીજી શાખા ઘરબાર અને પૈસા વગર વલખાં મારી રહી છે, એથી હર્ષના સમાચાર મારા ચિત્તને પ્રફુલ્લ નથી કરી શકતા અને શોકના સમાચાર મને નિરુત્સાહી નથી કરતા. હું એ બધામાં બુદ્ધિમાન પ્રભુની લીલા જોઇ રહી છું અને મારા વિશાળ કુટુંબ-થી વીંટળાયલી એક આંખ હસતી અને એક આંખ રડતી રાખીને, અંતકાળની વાટ જોતી પ્રભુની સાંનિધ્યમાં બેસી રહી છું."

કેવી સરળ પણ ઉદાર ધર્મભાવના !

દેવી શારદાસુંદરીમાં દયાનો અંશ ઘણો હતો. કોઇનું પણ દુઃખ જોઈને તેમનું હૃદય પીગળતું અને એ મદદ કરવા તૈયાર થતાં. પડોશમાં કે સગાંસંબંધીમાં કોઈ માંદું હોય, તો પોતાની અશક્તિની પણ પરવા ન કરતાં, તેની ચાકરી કરવા સારૂ જતાં. વિધવા થયા પછી એમની આર્થિક દશા સારી નહોતી, છતાં પોતાની પાસે જે થોડુંઘણું હતું, તેમાંથી ગરીબોને દાન કરવાનું ચૂકતાં નહિ. તારા નામની એક દાસીને તો એ ઘણીજ મદદ કરતાં. પોતાને ખર્ચે એને દૂરદેશાવરની યાત્રાઓ કરાવી હતી. બ્રાહ્મણો અને ગુરુઓ હમેશાં તેમના આશ્રયની આશા રાખતા અને કદી નિરાશ થતા નહિ. એમના એવા દયાળુ અને દુઃખીઓ પ્રત્યે લાગણીવાળા સ્વભાવને લીધે, જૂના વિચારના તેમજ સુધા-રાવાળા સર્વમાં એ એકસરખાં પ્રિય થઇ પડયા હતાં. શત્રુ શું, એ તો એ જાણતાંજ નહોતાં. પોતાની પ્રત્યે ગમે તેવો અન્યાય કરનાર તરફ, પણ એ શત્રુતા દાખવતાં નહિ. એમની મિલકતના

* એમની પૌત્રી–કેશવની કન્યાનું લગ્ન કૂચબિહારના મહારાજા સાથે થયું હતું.

ભાગ વહેંચવામાં આવ્યા, ત્યારે લોકોએ તેમને સલાહ આપી હતી કે, તમારા પતિ વસિયતનામું કરીને પંદર હજાર રૂપિયા તમારે સારૂજ મૂકતા ગયા છે. એ રૂપિયા હરિમોહન સેને પચાવી પાડયા છે, માટે તમે કોર્ટમાં ફરિયાદ નોંધાવો; પરંતુ તેમણે એ શિખામણને માની નહિ અને ચોખ્ખી ના કહી. એ સંબંધી પોતે આત્મચરિત્રમાં લખે છે કે, "મુકદ્દમાબાજી શું, તે હું જાણતીજ નહોતી. મુકદ્દમાના નામથી હું ધ્રૂજવા લાગતી. મારા અને દિયર કૃષ્ણબિહારીના ભાગના રૂપિયા કદી અમને મળ્યા નહિ; પણ મેં કાયદાની મદદ લેવાની ના કહી. મેં દલીલ કરી કે, 'શું સંસારમાં ધન એજ એકમાત્ર કામની વસ્તુ છે? નાણાંની ખાતર મારે એમને કેદમાં મોકલવા? ના.'" એક ગરીબ વિધવાને માટે આ સ્વાર્થત્યાગ ઘણો મોટો હતો. વૃદ્ધાવસ્થામાં ધનના અભાવે એમને ઘણું દુઃખ વેઠવું પડયું હતું, પણ પોતે કરેલા સ્વાર્થત્યાગ માટે તેમણે કદી પણ પસ્તાવો કર્યો નથી.

દેવી શારદાસુંદરી આદર્શ આર્યરમણી હતાં અને એમની અસર કેશવચંદ્ર સેન ઉપર ઘણી મોટી થઈ હતી. એમના ધર્મમાં સ્ત્રીજાતિ માટે જે ઘણું સન્માન જોવામાં આવે છે તથા કેશવે સ્ત્રીઓને આર્ય આદર્શ ઉપર ઘડવાનો વારંવાર જે પ્રયત્ન કર્યો છે, તેનો યશ દેવી શારદાસુંદરીનેજ છે. પોતાની માતાના જેવા ઉચ્ચ આદર્શવાળી આર્યરમણીઓને જોવાની કેશવને અભિલાષા હતી. એમણે પોતાનાં અનેક વ્યાખ્યાનોમાં સ્ત્રીઓને કહ્યું છે કે, "તમે અંગ્રેજ મડમોનું અનુકરણ કરીને ફેશનની પૂતળીઓ ન બનશો. સરળતા, પવિત્રતા અને પતિભક્તિમાં તમારી પૂર્વની આર્યરમણીઓના આદર્શને ન વીસરશો." કેશવના એ ઉપદેશોનું મૂળ એમની માતાના પવિત્ર ચરિત્રમાં હતું. એ માતાના જીવનને દૃષ્ટિ આગળ રાખીને કેશવચંદ્ર અનેક પ્રલોભનોમાંથી બચી ગયા હતા અને ખ્રિસ્તીધર્મ અંગીકાર ન કરતાં, હિંદુ તરીકેજ પાછા આવ્યા હતા. દેવી શારદાસુંદરી-માતાના પ્રભાવથી કેશવચંદ્રે પોતાના નવવિધાન સંપ્રદાયમાં અનેક હિંદુ સંસ્કારોને સ્થાન આપ્યું હતું. કેવળ એ સંસ્કારોને વળગી રહેલા વહેમનાં પડળને તેમણે દૂર કરી નાખ્યાં હતાં તથા એમાં નવજીવન પ્રેર્યું હતું.

આચાર્ય કેશવચંદ્ર મૃત્યુની પૂર્વે અસહ્ય વેદના ભોગવી રહ્યા હતા, તે સમયે માતા શારદાસુંદરી તેમની પથારી આગળ

બેસી રહ્યાં હતાં. કેશવ વારેઘડીએ તેમના ચરણુની રજ માથે ચડાવી રહ્યા હતા. પુત્રની વેદના જોઈને માતાએ એક દિવસ અધીરાં થઈ જઇને કહ્યું હતું: "કેશવ! મારા પાપે તારે આટલું દુઃખ વેઠવું પડે છે!" આચાર્ય કેશવચંદ્રે માતાના ખોળામાં માથું મૂકીને ગળગળે સ્વરે કહ્યું: "મા! એવું બોલશો નહિ. તમે તો મારાં ઘણાં ભલાં મા છો. તમારા આશીર્વાદથીજ હું બધું કરી શકયો છું. તમે તો મારાં ધાર્મિક મા છો. તમારાં જેવાં મા ભાગ્યેજ મળે છે. તમારા ગર્ભમાં જન્મ્યાથીજ હું આટલો સારો થઇ શકયો છું."

મહાસમાધિ સમયે કેશવચંદ્ર જેવા ધર્મપરાયણ મનુષ્યે ઉચ્ચારેલાં આ વચનો શિષ્ટાચાર કે વિવેકના શબ્દો નહોતા; પરંતુ પોતાના જીવન ઉપર એ પુણ્યમયી માતાની જે મહાન અસર થઇ હતી, તેના સ્પષ્ટીકરણરૂપેજ એ શબ્દો હતા.

તેમનો અંતસમય પ્રભુની પ્રાર્થનામાં વ્યતીત થતો હતો. કેશવચંદ્રે ઉપાસના કરવા સારૂ બાંધેલા 'કમલકુટિર' નામના દીવાનખાનામાં દેવી શારદાસુંદરીએ પોતાના મૃત્યુના થોડા દિવસ અગાઉ કરેલી પ્રાર્થના સાંભળીને ઘણા લોકો આશ્ચર્ય પામી ગયા હતા. કેશવચંદ્ર તેમને ઉપાસનાનું જે શિક્ષણ આપી ગયા હતા, તેજ શિક્ષણને પરિણામે ઉત્પન્ન થયેલો પ્રાર્થના ઉપરનો અનુરાગ, તેમની બાકીની જિંદગીમાં દિલાસા અને ધીરજનો એકમાત્ર ઉપાય નીવડ્યો હતો. તેઓ કહી ગયાં છે કે, "કેશવના મૃત્યુ પછી એક દિવસ વ્યાકુલચિત્તે રડતાં રડતાં મેં ભગવાનને પ્રશ્ન પૂછ્યો કે, 'તેં મને મારા વહાલા સંતાનથી વિખૂટી કેમ પાડી?' અંદરથી જવાબ આપ્યો: 'તું મને ચાહે છે કે દુનિયાની માયાને?' મેં પ્રત્યુત્તર આપ્યો: 'ના પ્રભુ! હું સંસારને ચાહતી નથી, તમને ચાહું છું.' ફરીથી ઉત્તર મળ્યો: 'ત્યારે દુનિયાનું સઘળું સુખ છોડી દેવાને તૈયાર થા.'"

આ જાણે ઇશ્વરની એક ભવિષ્યવાણી હતી. થોડાકજ સમયમાં તેમનો મોટો પુત્ર નવીનચંદ્ર અને ત્યાર પછી થોડા સમયમાં સૌથી નાના પુત્ર કૃષ્ણવિહારીનું મૃત્યુ થયું. એકેએક કન્યાઓ પણ સ્વર્ગે સિધાવી, પણ એ માતાએ એ દુઃખોની પરંપરામાં ધૈર્ય ખોયું નહિ અને ચિત્તને આશ્વાસન આપ્યું કે, "કેશવે જો મને પ્રાર્થના કરતાં ન શીખવ્યું હોત, તો શોક અને વિલાપ-

માં હું ક્યારનીયે મોતના મુખમાં સપડાઇ હોત.”

દેવી શારદાસુંદરીના સંબંધમાં કેશવચંદ્રનું જીવનચરિત્ર લખનાર એક વિદ્વાન નીચે પ્રમાણે ઉદ્‌ગાર કાઢે છે: “એમના જેવી ઉદાર, ભક્તિમતી, સતીસાધ્વી, દયાવતી, સ્નેહમયી માતા જગતમાં પૂજનીય છે, તેમાં જરાયે સંશય નથી. પચીસ વર્ષની વયે, વિધવા થઇને તેમણે સગીર વયના ત્રણ પુત્ર અને કેટલીક કન્યાઓ સહિત જે પ્રકારનું કષ્ટપૂર્વક જીવન વ્યતીત કરીને પોતાના મહત્ત્વ અને સ્વર્ગીય ચરિત્રનું રક્ષણ કર્યું છે, તે સાંભળીને હૃદય પીગળી જાય છે. સ્વાભાવિક રીતે એ શરમાળ સાધ્વી હતાં. તેમનામાં વૈધવ્યના જ્વલંત બ્રહ્મચર્યની જ્યોતિ ઝળકી રહી હતી. પારકાને સારૂ જીવન ધારણ કરવું એટલે શું, એ બાબતમાં એ આશ્ચર્યકારક દષ્ટાંતરૂપ હતાં. સંસારમાં એ જીવનપર્યંત દુ:ખી હતાં. શારદાસુંદરી દેવી નાની વયમાં વિધવા થઇને સંતાનો સહિત ભયપૂર્વક ઘણી સાવધાનતાથી વડીલોની દેખરેખ નીચે જીવન ગાળતાં હતાં. પૂજા, આહ્‌નિક, વ્રત, ઉપવાસ, તીર્થભ્રમણ, ગંગાસ્નાન, સાધુસંતનાં દર્શન, સારાંનરસાં કુટુંબો અને ગરીબ તથા દુ:ખીઓની સેવા, ઘરસંસારમાં રસોઇ આદિ કાર્ય એ બધા વિષયોમાં એ એકસરખો રસ લેતાં. * * વૃદ્ધાવસ્થામાં પણ એ કોઇની પાસે ચાકરી કરાવવી પસંદ કરતાં નહિ; પરંતુ બીજાઓની સેવા કરવાને પોતે સદા ઉત્સુક રહેતાં.

“એવી ધર્મનિષ્ઠા અને સદાચારની સાથે એમનામાં અતિ આશ્ચર્યકારક ઉદારતા અને વાત્સલ્યભાવ હતાં. પ્રખ્યાત ધર્મસુધારક પુત્ર કેશવચંદ્રની ઉપાસના, પ્રાર્થના, નામસંકીર્તન અને એવાં બીજાં અનેક ધર્માનુષ્ઠાનોમાં એ પ્રથમથીજ એક મુખ્ય સહાયક હતાં. પોતે આચારનિષ્ઠ હિંદુવિધવા બ્રહ્મચારિણી હોવા છતાં, પુત્રના દરેક અનુષ્ઠાનમાં સદા નિર્ભયપણે સામેલ થતાં હતાં. કેશવના સ્વદેશી અને વિદેશી મિત્રો અને સેવકોને એ પોતાના સંતાન સમાં ગણતાં. બ્રહ્મોપાસના, બ્રહ્મોત્સવ, નગરકીર્તન, એ એમને જેટલાં પ્રિય હતાં, તેટલાં આપણામાંથી કેટલા થોડાને છે? તેમની મૂર્તિમયી માતૃપ્રકૃતિમાં છવાઇ રહેલી દિવ્યતાનું દર્શન કર્યાથી પુણ્યનો સંચાર થતો હતો.”

એ પુણ્યમયી મહિલાનો સ્વર્ગવાસ ઇ. સ. ૧૯૦૭માં ૮૮ વર્ષની વયે થયો હતો.



૧૬૦–શ્રીમતી ભગવતીદેવી

પ્રાતઃસ્મરણીય મહાત્મા ઈશ્વરચંદ્ર વિદ્યાસાગરનાં જનની દરિદ્ર કુટુંબમાં જન્મેલાં એક રત્નરૂપ રમણી હતાં. તેમના પિતા શ્રીયુત રામકાંત તર્કવાગીશ, જહાનાબાદ જિલ્લામાં સુપ્રસિદ્ધ ગોઘાટ ગામમાં વાસ કરતા હતા. એ સંસ્કૃત ભાષાના સારા પંડિત હતા.

પંડિત ઇશ્વરચંદ્ર વિદ્યાસાગર મહાશયે, પોતે રચેલા 'આત્મચરિત' ગ્રંથમાં પોતાના મોસાળનું જે ઉજ્જવળ અને હૃદયસ્પર્શી ચિત્ર આંક્યું છે, તે વાંચ્યાથી વાચકોને જણાશે કે, ભગવતીદેવી કેવા ઉત્તમ વાતાવરણમાં ઊછર્યાં હતાં અને તેની અસર તેમના પોતાના ઉપર તથા તેમનાં સંતાનો ઉપર કેવી ઉત્તમ થઈ હતી.

એવા મોસાળમાં ભગવતીદેવી બાલ્યાવસ્થામાં લાડપૂર્વક ઊછર્યાં હતાં. એ વખતમાં સ્ત્રીકેળવણનો રિવાજ નહોતો. છોકરીઓ રીતસર વિદ્યાભ્યાસ કરે, તેની વિરુદ્ધ લોકમત હતો; પરંતુ મોસાળમાં રાતદિવસ ધર્મકર્મનાં જે અનુષ્ઠાન થતાં, તે જોતાં તેમની સન્મુખ અનેક પ્રકારના સદ્‌ગુણોનો જે જ્વલંત આદર્શ વિદ્યમાન હતો, તેને લીધે તેમણે કેળવણી લીધી નહોતી, એમ પણ અમે કહી શક્તા નથી; કારણકે અમારા અભિપ્રાય પ્રમાણે લખતાંવાંચતાં આવડવું, એજ કાંઇ કેળવણી નથી. ઇંદ્રિયો, મસ્તિષ્ક અને હૃદયનો પૂર્ણ વિકાસ કરવો, તેનું નામજ કેળવણી છે. આંખ, કાન, જીભ વગેરે ઇંદ્રિયોનો યોગ્ય વ્યવહાર કરતાં આવડે, સારૂંખોટું પારખતાં આવડે, મન અને બુદ્ધિ વિકસિત થાય, ચિત્તમાં ઉદારતા આવે, એ બધાં શિક્ષણનાં લક્ષણો છે.

ભગવતીદેવીના મોસાળના ગામમાં ક્ષત્રિય, કાયસ્થ, રજપૂત, હજામ વગેરે અનેક જાતો રહેતી હતી. તેમના મોસાળની પાસે કેટલાક દરિદ્ર, અસ્પૃશ્ય જાતિના લોકો પણ રહેતા હતા. બાલ્યા-

વસ્થામાં ભગવતીદેવી એ બધી જાતની સરખી વયની છોકરીઓ સાથે રમતાં હતાં. તેમનામાં એવી આશ્ચર્યકારક શક્તિ હતી કે, ગામની બધી છોકરીઓ તેમની સાથે ગાઢ મૈત્રીના સૂત્રથી બંધાઇ જતી. ભગવતીદેવી એ બધી છોકરીઓને પોતાને ઘેર બોલાવતાં અને ધૂળમાં રમવાને બદલે, તેમની આગળ પોતે માતામહીને મોઢેથી સાંભળેલી વાતો, પૌરાણિક આખ્યાયિકાઓ તથા વ્રતઃ કથાઓ કહી સાંભળાવતાં. તે પોતાની સહિયરોનાં દુઃખ સાંભળતાં અને તેમને પોતાથી બનતી મદદ આપતાં. તેમનો ચોટલો વાળતાં. એ વખતે એ ન્યાતજાતનો વિચાર કરતાં નહિ. કોઇ વખત રમવા આવેલી બહેનપણીઓને સ્વાદિષ્ટ ભોજન જમાડી ઘણાં ખુશ થતાં. પોતાની સખીઓના દુઃખની કહાણી સાંભળીને પોતે રોઈ જતાં. “રોનારાંની સાથે રોવા”માં એ સુખ અને આનંદ અનુભવતાં હતાં. તેમનાં બાલ્યાવસ્થાનાં આચરણો ઉપરથી માલૂમ પડે છે કે, શૈશવાવસ્થામાંથીજ એ સેવાધર્મનું મહત્ત્વ સમજ્યાં હતાં. એ જાણતાં હતાં કે, હિંદુધર્મ એ ‘સેવા’નોજ ધર્મ છે; મનુષ્યમાત્ર પરમાત્માની મૂર્તિસ્વરૂપ છે; એ મનુષ્યની સેવા હિંદુનો પરમ ધર્મ છે. વેદાંતીઓ પ્રત્યેક વસ્તુમાં બ્રહ્મનું દર્શન કરે છે; એ બ્રહ્મસેવાને નિમિત્તે નરસેવામાં જોડાઇએ, પ્રત્યેક મનુષ્યને બ્રહ્મનું સ્વરૂપ માનીને એની સેવા કરવા માંડીએ, તો પછી હિંદુ, મુસલમાન, બૌદ્ધ કે પારસીનો ભેદ શું કામ રહે?

ભગવતીદેવીના બાલ્યજીવનમાં તેજસ્વિતાનો પણ વિશેષ પરિચય મળે છે. દીનતાની સાથે તેજસ્વિતાનું સંમિલન થવાથી મણિકાંચનના યોગની પેઠે તેમના હૃદયે પરમ રમણીય ભાવ ધારણ કર્યો હતો. અમે ઉપર જણાવી ગયા છીએ કે, ભગવતીદેવી હલકી મનાતી ન્યાતની બાલિકાઓની સાથે પણ રમતાં; તેમને કોઈ દિવસ ખાવાનું તથા વસ્ત્ર વગેરે પણ આપતાં હતાં. એવા લોકોની સાથે ભળવાથી રખે કુટુંબના વડીલો ગુસ્સે થશે, એમ ધારીને એમની માતાએ એક વખત એવી છોકરીઓ સાથે રમવાનો નિષેધ કર્યો. તે ઉપરથી ભગવતીદેવીએ ઉત્તર આપ્યો: “મામા કદી ગુસ્સે થશે નહિ અને કદી ગુસ્સે થાય તો એમને કહેજો કે, મને એક રેંટિયો લાવી આપે. હું રેંટિયા ઉપર રૂ કાંતીશ અને એના જે પૈસા આવશે, તેમાંથી ચોખા અને વસ્ત્ર વગેરે લઇ, તે એ છોકરીઓને વહેંચીશ.” આ વાત ધીમે ધીમે

રાધામોહનને કાને પહોંચી. તેમને એ વાત સાંભળ્યાથી ઘણોજ આનંદ થયો. એ નાની ભાણેજના ઉત્તરમાં તેમણે એક સ્વર્ગીય ભાવ જોયો. એમણે ભગવતીને બોલાવીને સ્નેહપૂર્વક ખોળામાં બેસાડીને ચુંબન કર્યું તથા કહ્યું: "બેટા! તું સાક્ષાત્ અન્નપૂર્ણાનો અવતાર છે. તું તારી મરજીમાં આવે તેટલું દાન ગરીબોને આપજે. જો તને કોઇ વઢે કે રોકે, તો કહેજે કે દાન કરવાનું મારે માટેજ નિર્માણ કરી રાખ્યું છે. ગરીબને એકગણું આપ્યાથી ભગવાન દસગણું આપે છે. ગરીબને આપેલું દાન કદી નકામા ખર્ચમાં ગણાય કે?"

આવા ઉચ્ચ આશયવાળા કુટુંબમાં ઊછરનાર બાલિકાને પેટે ભવિષ્યમાં દયાસાગર ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર જેવાં સંતાન ઉત્પન્ન થાય એમાં શું આશ્ચર્ય?

શકે ૧૭૩૫ માં હુગલી જિલ્લામાં વનમાલિપુર ગામમાં વસતા ભુવનેશ્વર બંદોપાધ્યાય મહાશયના પૌત્ર અને રામજય બંદોપાધ્યાયના જ્યેષ્ઠ પુત્ર ઠાકુરદાસ બંદોપાધ્યાય સાથે ભગવતીદેવીનું શુભ લગ્ન થઇ ગયું.

પતિની સ્થિતિ ઘણીજ ગરીબ હોવા છતાં પણ ભગવતીદેવી યૌવનની સીમામાં પ્રવેશ કરતાં પહેલાંજ સાસરે ગયાં. મોસાળની પુષ્કળ સાહ્યબી કે લાડની તેમણે પરવા કરી નહિ. સાસરામાં એ દરેક વાતમાં પતિની ઇચ્છાને અનુસરીને ચાલતાં. દરરોજ સવારના પહોરમાં વહેલાં ઊઠીને પોતાને હાથે વાસીદું વાળતાં, ઘર લીંપતાં, વાસણ માંજતાં અને રસોઇ વગેરે કાર્ય કરતાં. સાસરામાં કોઇની પણ સાથે ઊંચે સાદે બોલતાં નહિ કે મુરબ્બીઓના દેખતાં ઊંચે આસને બેસતાં નહિ.

ભગવતીદેવીના વધૂજીવનના સેવાધર્મનું એક ઉજ્જ્વળ દૃષ્ટાંત ખાસ જાણવા યોગ્ય છે.

એક દિવસ સાંજને વખતે એક ભૂખ્યોતરસ્યો વૃદ્ધ બ્રાહ્મણ તેમના ઘર આગળ આવીને અભ્યાગત તરીકે ઊભો રહ્યો. એ દિવસે એમના ઘરની અવસ્થા ઘણીજ દરિદ્ર હતી. રાતે છોકરાંઓને અડધાં ભૂખ્યાં અને બીજે દિવસે તદ્દન ભૂખ્યાં રાખવા વારો આવ્યો હતો. એવા સમયમાં ઘેર ભૂખ્યોતરસ્યો બ્રાહ્મણ અતિથિરૂપે આવ્યો; એટલે શું કરવું? થોડી વાર પછી ભગવતીદેવીનાં

સાસુએ આંખમાં આંસુ આણીને બે હાથ જોડીને એ બ્રાહ્મણને કહ્યું: "મહારાજ! અમે ઘણાં અભાગિયાં છીએ. ગૃહસ્થાશ્રમમાં હોવા છતાં, અમે એ આશ્રમનો ધર્મ પાળી શકતાં નથી અને અભ્યાગતને સેવા-શુશ્રૂષા કર્યા વગરજ પાછો મોકલવા વારો આવ્યો છે. આવી સ્થિતિ કરતાં તો જંગલમાં જઇને વસવું એજ વધારે સારૂં. મારાં છોકરાંઓ આજે તદ્દન ભૂખ્યાં સૂશે એવી અવસ્થા છે, તો પછી હું મહેમાનનો સત્કાર કયાંથી કરૂં? મારા ઉપર દયા આણીને મારો અપરાધ ક્ષમા કરશો." ભગવતીદેવી ઘરની અંદર બેઠાં બેઠાં સાસુજીનાં આ વચનો સાંભળી રહ્યાં હતાં. તેમની આંખોમાંથી દડદડ આંસુ પડવા લાગ્યાં. સાસુની પાસે જઇને તેમણે મૃદુ સ્વરે કહ્યું: "મા! આવા ભૂખ્યાતરસ્યા અતિથિને કદી પણ પાછા કાઢી શકાય નહિ. ગમે તે પ્રકારે એમની મહેમાનગત તો કરવીજ જોઇએ. તમે એમને બેસાડો અને અર્ઘ્ય-પાદ્ય કરો. હું હમણાં આવું છું." એટલું કહીને એ પોતાના હાથમાંની પિત્તળની ચૂડી કાઢી એક પડોશીને ઘેર ગયાં અને એ ગીરવી મૂકીને તેની પાસેથી એક શેર ચોખા લીધા. એ શેર ચોખા-માંથી એક ખોબો ચોખા કોઇ મોદીને ત્યાં મોકલાવીને તેના બદલામાં એક ખોબો દાળ મંગાવી અને એમાંથી દાળભાત રાંધીને એ અતિથિને જમાડ્યો. વૃદ્ધ બ્રાહ્મણ ભગવતીદેવીની શ્રદ્ધા, ભક્તિ અને સેવા જોઇને કેટલો બધો સંતુષ્ટ થયો હશે, તેની કલ્પના વાચકોજ કરી શકશે. જમાડ્યા પછી ભગવતીદેવીએ સાસુને કહ્યું: "બા! આપણું ઘર તો કેવળ ઝૂંપડું છે, માટે આ અતિથિને સૂવાને માટે કોઇ પાડોશીને ઘેર બંદોબસ્ત કરી આપો." સાસુ-એ તે પ્રમાણે ગોઠવણ કરી. બીજે દિવસે સવારે એ બ્રાહ્મણ ભગવતીદેવીને આંગણે આવીને તેમને ખરા અંતઃકરણપૂર્વક આશીર્વાદ આપીને ચાલ્યો ગયો.

ખરેખર! સામાન્ય દરિદ્ર ઝૂંપડાના આ અતિથિસત્કાર, ઉદા-રતા અને સહાનુભૂતિની સરખામણીમાં અતુલ વૈભવશાળી મહેલ પણ કાંઇજ વિસાતમાં નથી.

ભગવતીદેવીને પેટે ચાર પુત્ર અને ત્રણ કન્યાસંતાન જન્મ્યાં હતાં. પંડિત ઇશ્વરચંદ્ર વિદ્યાસાગર એ બધાંમાં સૌથી વડા હતા. પ્રત્યેક સંતાનને ભગવતીદેવીએ ઘણા યત્નપૂર્વક ઉછેર્યાં હતાં. તેમનામાં સારા સંસ્કાર આણવાને સારૂ એ પોતાનાથી બનતો

યત્ન કરતાં. એમનામાં એક મુખ્ય ગુણ એ હતો કે, અસત્ય વાત ઉપર તેમને પુષ્કળ તિરસ્કાર હતો.

છોકરાઓ કોઈ સારૂં કામ કરીને આવતા, તો તેને ઉત્તેજન આપતાં. બાળક વિદ્યાસાગર એક દિવસ પોતાની સાથે રમતા એક છોકરાને ફાટેલું વસ્ત્ર પહેરેલ જોઇને દયાવશ થયા અને પોતાનું આખું વસ્ત્ર તેને પહેરાવી, તેનું ફાટેલું વસ્ત્ર પોતે પહેરી આવ્યા. ઘેર ગયા પછી માતાએ તેનું કારણ પૂછ્યું એટલે એમણે સાચી વાત કહી દીધી. ભગવતીદેવીએ એથી સંતુષ્ટ થઇને કહ્યું: "એ તો ડાહ્યા છોકરાનું કામ! હું રેંટિયો કાંતીને તારે સારૂ એક બીજું કપડું બનાવરાવીશ." આવી રીતે ઉત્તેજન મળવાથી છોકરાઓમાં રહેલા સદ્‌ગુણો વિકાસ પામતા હતા.

ભગવતીદેવીની બીજી ખૂબી એ હતી કે, તે પુત્રીઓ અને વહુઓ ઉપર એક સરખુંજ હેત રાખતાં. કોઇ વખત છોકરીઓ નવી આવેલી ભોજાઇની ખોડખાંપણ કાઢીને તેની સાથે વઢે, તો ભગવતીદેવી પુત્રીને શિખામણ આપતાં કે, "સંસારની નજીવી બાબતો ઉપર આટલું બધું ધ્યાન શું આપવું? અહા! નાની નાની વહુઓ માબાપના ખોળામાંથી આપણે ઘેર આવી છે. હુંજ એમના મોં સામું નહિ જોઉં, તો કોણ જોશે? મારી નજરમાં તો જેવી તમે તેવીજ એ. તમારા રોજ સેંકડો ગુના માફ કરૂં છું, તો શું એમના દોષ હું માફ નહિ કરૂં? જુઓ, વહુઓ તો તમારી સામે કાંઇ પણ બોલતી નથી. તમારાં કેટલાં વખાણ કર્યા કરે છે. તમારે પણ એમના ઉપર હેત રાખવું જોઇએ." આનું પરિણામ એ થતું કે, વહુઓ એમની સાથે એટલી બધી હળી જતી કે, સાસરામાં તેમને એક દિવસ પણ માતાની ખોટ જણાઇ આવતી નહિ અને તેઓ પિયેર કરતાં સાસરામાં રહેવાનું વધારે પસંદ કરતી.

ભગવતીદેવી પુત્રપુત્રીઓને તથા વહુઓને વિલાસિતા અને આત્મસુખનો ત્યાગ કરવાની હમેશાં સલાહ આપતાં હતાં. કન્યાઓને કહેતાં કે, "પરણ્યા પછી તમે તમારા સ્વામી પાસે ઘરેણાં અને કિંમતી કપડાં માગશો નહિ; પરંતુ એ પૈસાનો ઉપયોગ ગરીબોનું દુઃખ નિવારણ કરવાના કામમાં થાય એવો યત્ન કરજો." ભગવતીદેવી અને તેમના પતિ ઠાકુરદાસને સુવર્ણના અલંકારો ઉપર વિલક્ષણ દ્વેષ હતો. તે એ ઘણી વાર કહેતાં કે, "ઘરમાં

સ્ત્રીઓને અલંકાર અપાવીએ તો ધાડપાડુઓ અને ચોરનો ભય રહેશે, વળી સ્ત્રીઓના મનમાં અહંકાર ઉત્પન્ન થશે અને ઘરધંધા ઉપર તેઓ જોઈતું ધ્યાન આપશે નહિ. ગરીબ લોકોને તેઓ તરછોડી નાખશે. અલંકાર બનાવવાને બદલે એ પૈસામાંથી પુષ્કળ અન્ન ખરીદ કરીએ, તો અનેક દરિદ્ર બાળકો આપણા ઘરમાં રહીને ભોજન કરીને ભણતાંગણતાં શીખી શકે.” ઘરમાંની સ્ત્રીઓને એ બારીક વસ્ત્ર પણ પહેરવા દેતાં નહિ. કોઈ કોઇ વખત છોકરાઓ કલકત્તાથી ઝીણાં વસ્ત્ર મોકલતા, તો એ ઘણાં ગુસ્સે થતાં. ઘરની વહુદીકરીઓ સારૂ પોતે જાડાં દેશી વસ્ત્ર ખરીદ કરતાં તેમજ ઘરનું બધું કામકાજ પોતાને હાથે કરવા તેમને સલાહ આપતાં.

હવે ભગવતીદેવીના હૃદયની વિશાળતા અને તેમની પરમાર્થ-પરાયણુતા વિષે થોડુંક કહીશું.

ભગવતીદેવીના મોટા દીકરા વિદ્યાસાગર મહાશયને જે વખતે સંસ્કૃત કોલેજના પ્રિન્સિપાલ તરીકે ત્રણસો રૂપિયાનો પગાર મળતો હતો તથા પોતે રચેલાં પુસ્તકો વગેરેની પણ પુષ્કળ આવક હતી, તે વખતે તે પોતાને સ્વદેશ વીરસિંહ ગયા હતા. એક દિવસ વાતચીતના પ્રસંગમાં તેમણે માતુશ્રીને પૂછ્યું: “મા! તમને કયાં ઘરેણાં પહેરવાની ઇચ્છા છે?” તેના ઉત્તરમાં ભગવતીદેવી બોલ્યાં: “બેટા, ઘણા દિવસથી ત્રણ ઘરેણાં પહેરવાની મને બહુજ ઇચ્છા હતી; પરંતુ કોઇ સારો પ્રસંગ નહિ આવ્યાથી મેં તને એ ઇચ્છાઓ આજ સુધી જણાવી નહોતી. આજે તેં પોતેજ એ સંબંધી પૂછ્યું એ ઠીક થયું. જો ભાઇ! દેશના છોકરાઓ મૂર્ખ બનતા જાય છે. એમને ભણવા સારૂ તું ધર્માદા નિશાળ કાઢ, એ મારી એક ઇચ્છા છે. બીજું, તું દેશનાં ગરીબ લોકો ધનના અભાવને લીધે દવાદારૂ કરાવી શકતાં નથી અને એમનામાંના ઘણા લોકો અકાળ મોતના ભોગ થઇ પડે છે; માટે એમના પ્રાણ બચાવવા સારૂ એક ધર્માદા દવાખાનું સ્થાપન કર. વળી ગરીબોનાં છોકરાંઓ કયાં રહેશે તથા કયાં આગળ ખાઇપીને વિદ્યાલયમાં ભણવા જશે? માટે એમને રહેવા તથા ખાવાપીવા સારૂ એક અન્નસત્ર સ્થાપન કર. બેટા! ઘણા દિવસથી આ ત્રણ ઘરેણાં પહેરવાની મને ઘણીજ ઇચ્છા હતી. માની ઇચ્છા પૂર્ણ કરવી એ યોગ્ય પુત્રનું કામ છે. તું મારો યોગ્ય પુત્ર છે, માટે આ ત્રણ ઘરેણાં

પહેરાવીને મારી ઘણા દિવસની અભિલાષા પૂર્ણ કર!"

વિદ્યાસાગર મહાશયના મનમાં પણ એવી પરોપકારી સંસ્થાઓ સ્થાપવાની ઇચ્છા હતી. આજે પોતાની વાસનાને માતા તરફથી ઉત્તેજન મળ્યાથી, તેમણે થોડા સમયમાં એ ત્રણે સંસ્થાઓ સ્થાપીને માતાની અભિલાષા પૂર્ણ કરી.

ત્યારપછી વિદ્યાસાગર મહાશયને પાંચસો રૂપિયાનો મહિનો થયો, ત્યારે તેમણે ફરીથી દેશમાં જઇને માતુશ્રીને પૂછ્યું કે, "મા! હવે તમારી શી ઇચ્છા છે?" તે ઉપરથી ભગવતીદેવીએ કહ્યું કે, "આપણાં સગાંઓમાં જેમની હીન અવસ્થા છે, તેમને ગુજરાનને વાસ્તે મહિનો બાંધી આપ." વિદ્યાસાગરે માતાની એ ઇચ્છા પણ પૂર્ણ કરી.

'૫૩ની સાલમાં બંગાળામાં ભયંકર દુકાળ પડ્યો હતો. એ દુકાળમાં જે લોકોએ અન્નસત્રનો આશ્રય લીધો હતો, તે લોકો પાછળથી કેવી રીતે ગુજરાન ચલાવે છે, તેની તપાસ કરવા સારૂ વિદ્યાસાગર મહાશય એક વખત પોતાને ગામ ગયા હતા. તપાસ કરતાં તેમને જણાયું કે એમાંના અનેક લોકો મહાકષ્ટે એક વખત ભોજન કરવા પામે છે. એ સાંભળીને વિદ્યાસાગરે ભગવતીદેવીને પૂછ્યું: "વર્ષમાં એક જગદ્ધાત્રી દેવીની પૂજા કરીને છસોસાતસો રૂપિયા ખર્ચવા એ સારૂં છે કે, ગામનાં અનાથ મનુષ્યોને એ પૈસામાંથી અવસ્થા પ્રમાણે મહિને મહિને થોડી થોડી મદદ કરવી એ સારૂં છે?" એ વાતના ઉત્તરમાં ભગવતીદેવી બોલ્યાં: "ગામના દરિદ્ર લોકો રોજ ભોજન મેળવી શકે, તો પછી પૂજા કરવાની આવશ્યકતા નથી. તું ગામના ગરીબ લોકોને દર મહિને થોડું થોડું આપીશ, તો હું ઘણી રાજી થઈશ." એક અંગ્રેજ કવિ કહી ગયો છે કે, "જે કોઇ માનવજાતિની, પશુની અને પક્ષીની યોગ્ય રીતે સેવા કરે છે, તેજ મનુષ્યની ખરી પ્રાર્થના કરે છે." ભગવતીદેવીનો ઉત્તર એવાજ ઉદાર અને મહાન ભાવથી પ્રેરાયેલો હતો. જૂના સંસ્કારમાં ઊછરેલી એક હિંદુ મહિલાને માટે ઇશ્વરભક્તિનો આવો ઉચ્ચ આદર્શ રાખવો, એ ખરેખર પ્રશંસનીય છે. ભગવતીદેવીની એ ઉદારતા આપણી સ્ત્રીઓને માટે અનુકરણ કરવા યોગ્ય છે.

બંગાળી સંવત ૧૨૭૨ માં બંગાળામાં ઘણો મોટો દુકાળ પડ્યો હતો. એ સમયમાં ઘણા આબરૂદાર લોકો પણ ધનના

અભાવે ભૂખે મરતા હતા. એ સમયમાં વિદ્યાસાગર મહાશયે છૂટે હાથે પુષ્કળ દાન કર્યું હતું. વીરસિંહ ગામના ઘણા ખરા લોકો સવારથી તે રાતના દસ વાગ્યા સુધી તેમને બારણે ઊભા રહેતા. તેમને જમાડ્યા વગર ઘરમાંથી કોઇ જમવા પામતું નહિ. ધીમે ધીમે આસપાસનાં ગામોના દુકાળથી પીડાતાં લોકો પણ વિદ્યાસાગરને બારણે ભિક્ષા માગવા આવવા લાગ્યાં. કરુણામયી, દીનજનની સાક્ષાત્ અન્નપૂર્ણા સમાન ભગવતીદેવી એ બધાંનાં દુઃખ જોઈને સ્થિર બેસી શક્યાં નહિ. તેમની મર્મભેદી ચીસોથી તેમનું કોમળ હૃદય ચિરાઇ જવા જવા લાગ્યું. તેમણે તરતજ એ લોકોને સારૂ એક અન્નસત્ર સ્થાપ્યું. શરૂઆતમાં તો તે પોતાને હાથે રાંધીને દરિદ્ર લોકોને જમાડવા લાગ્યાં. એ લોકો જમવા બેસતાં, તે વખતે પોતે પાસે ઊભાં રહેતાં અને તેમનું દુઃખ જોઇ આંખમાંમાંથી આંસુ વર્ષાવતાં. આ દૃશ્ય કેવું મધુર–કેટલું હૃદયસ્પર્શી છે! ભગવતીદેવીની આ જીવન–કહાણી સાંભળીને કોણ એવું કહેવાનું સાહસ કરશે કે, સેવાધર્મનું શિક્ષણ આપણને અંગ્રેજો પાસેથી મળ્યું છે? ભગવતીદેવીએ એક દિવસ પોતાના પતિને કહ્યું હતું: “આજ મારૂં કાશી છે અને આજ સ્થળ તે મારૂં વિશ્વેશ્વરનું મંદિર છે.” મનુષ્યમાત્રમાં પરમાત્માનું દર્શન કરવું તે આનુંજ નામ. ભગવતીદેવી ગરીબ–નિરાધાર મનુષ્યોને કેવળ અન્નદાન કરીને સંતોષ પામતાં નહિ. તેમને જમાડ્યા પછી ભગવતીદેવી ગરીબોની છોકરીઓને પોતાની પાસે બોલાવતાં અને તેમના વાળ ધોઇ પોતાના હાથે તેલ ઘાલીને ચોટલો વાળતાં. ઊંચી જાતનાં બ્રાહ્મણરમણી હોવા છતાં, આવે વખતે ન્યાતજાતનો તફાવત રાખતાં નહિ. હાડિ, ડોમ, તિવર, બાગ્દી વગેરે હલકી મનાતી ન્યાતોનાં બાળકોના માથામાં ભગવતીદેવી પોતાને હાથે નારિયેળનું તેલ નાખતાં તથા તેમના કપાળમાં સિંદૂરનો ચાંલ્લો કરતાં. ધન્ય ભગવતિ! ધન્ય છે તમારા જીવનને! તમેજ આડંબરશૂન્ય સાચાં સેવિકા હતાં. પુણ્યની લીલાભૂમિ ભારતવર્ષ! તને પણ એવી આદર્શ સેવિકાઓ ઉત્પન્ન કરવા માટે હજારો વાર ધન્ય છે!

“હિંદુ પેટ્રિયટ” પત્રનો ખબરપત્રી ૧૨૭૩ ની ૧૫મી શ્રાવણના અંકમાં એ હૃદયસ્પર્શી સેવાવ્રતનો ઉલ્લેખ કરતાં લખે છે કે, “વીરસિંહ ગામમાં વિદ્યાસાગર મહાશયનાં માતુશ્રી દરરોજ ચારસો પાંચસો માણસોને મુક્ત હસ્તે અન્નદાન કરતાં હતાં.”

હવે અમે શ્રીમતી ભગવતીદેવીના સૌજન્ય અને સદ્‌વ્યવહાર સંબંધી કાંઇક કહીશું.

ઇ૦ સ૦ ૧૮૬૮ માં બંગાળાના એક મોટા અમલદાર હેરિસન ઇન્કમટેક્સ (આવકવેરો)ના કમિશ્નર નિમાયા હતા. વિદ્યાસાગર સાથે તેમને સ્નેહ હતો; આથી તેમણે કમિશ્નરને પોતાને ઘેર વીરસિંહ પધારવાનું આમંત્રણ આપ્યું. મિ. હેરિસને જણાવ્યું કે, "હિંદુઓના રિવાજ પ્રમાણે ઘરનો વડીલ પુરુષ અથવા સ્ત્રી આમંત્રણ ન કરે, ત્યાંસુધી જવાય નહિ." એ ઉપરથી ભગવતીદેવીએ હેરિસનને નિમંત્રણ મોકલ્યું. હેરિસન આમંત્રણને માન આપીને વીરસિંહ ગયા અને હિંદુઓના રિવાજ પ્રમાણે ભગવતીદેવીને પ્રણામ કર્યા તથા હિંદુઓના રિવાજ પ્રમાણે પલાંઠી વાળીને ભોજન કર્યું. ભગવતીદેવીએ પાસે ઊભાં રહીને તેમને ભોજન કરાવ્યું હતું. તેમના વિવેકથી મિ. હેરિસન આશ્ચર્ય પામ્યા હતા. ભગવતીદેવી ઘણાં જૂના વિચારનાં હિંદુ સ્ત્રી હતાં, છતાં પણ એમનો સ્વભાવ ઘણો ઉદાર હતો અને મન અતિશય ઉન્નત હતું. નાના કે મોટા, ધનવાન કે ગરીબ, ગોરા કે દેશી, સર્વ તેમની નજરમાં સરખા હતા.

ભોજન થઇ રહ્યા પછી મિ. હેરિસને ભગવતીદેવીને પૂછ્યું: "આપની પાસે કેટલું ધન છે?" ભગવતીદેવીએ સ્મિતપૂર્વક ઉત્તર આપ્યો: "બેટા! ચાર ઘડા ધન છે." હેરિસને કહ્યું: "અહો, એટલું બધું ધન છે?" તેના ઉત્તરમાં ભગવતીદેવીએ હસતે ચહેરે વિદ્યાસાગર મહાશય તથા બીજા ત્રણ પુત્રો તરફ આંગળીનો ઇશારો કરીને કહ્યું: "આ મારૂં ચાર ઘડા ધન." મિ. હેરિસને વિસ્મય પામીને વિદ્યાસાગરને તથા ત્યાં બેઠેલા બીજા પુરુષોને કહ્યું: "આ તો ખરેખર બીજી રોમન સ્ત્રી કોર્નેલિયા છે."

ત્યાર પછી ભગવતીદેવીએ મિ. હેરિસનને કહ્યું: "જુઓ બેટા! તમે ઘણી જવાબદારીનું કામ લઇને આ જિલ્લામાં આવ્યા છો. ગરીબોને કોઇ પણ જાતનું નુકસાન ન પહોંચે તેની કાળજી રાખજો. તમે એવી રીતે કામ કરજો કે, આ જિલ્લો છોડી ગયા પછી પણ લોક તમને સંભારીને રૂએ." મિ. હેરિસન ભગવતીદેવીની સલાહ સાંભળીને અત્યંત સંતુષ્ટ થયા અને વિદ્યાસાગર મહાશયને કહેતા ગયા કે, "આવી માતા વગર તમે આવા થઇ શકત નહિ. માતાના ગુણને લીધેજ તમે સ્વભાવથી ઉન્નત વિચારના

બન્યા છો." ત્યારપછી ઘરનો બધો વહીવટ જોઇને મિ. હેરિસન બોલ્યાઃ "હું ઘણાં ઘરમાં ગયો છું, પણ આવી સફાઇ મેં કદી પણ જોઈ નથી. હવે ખાતરી થઇ કે, આપનાં માતુશ્રી ઘણાંજ ગુણવાન છે. એમની સરખામણી કોઇની સાથે થાય એમ નથી."

ત્યાર પછી ઘણે દિવસે કોઇ કામસર વિદ્યાસાગર મહાશયને પત્ર લખતાં મિ. હેરિસને લખ્યું હતું કે, "આપનાં માતુશ્રીના ઉપદેશ પ્રમાણે કામ કરવાને હું યત્ન કરૂં છું. તમે તેમને જણાવજો કે, તમારા મુખમાંથી નીકળેલા અમૃતમય ઉપદેશ-વચનો હંમેશાં મારા કાનમાં ગાજી રહે છે અને મને સત્કાર્ય કરવામાં ઉત્તેજિત કરે છે." તેમના સૌજન્ય અને સદ્વ્યવહારથી એક પરદેશી, પરધર્મી અને ઊંચા દરજ્જાના અમલદાર ઉપર કેવી સારી અસર થઇ હશે, તે આ ઉદાહરણ ઉપરથી સ્પષ્ટ જણાઇ આવે છે.

હવે શ્રીમતી ભગવતીદેવીની કર્તવ્ય-બુદ્ધિ કેટલી બધી સતેજ હતી, તે દર્શાવવા એકાદ ઉદાહરણ આપીશું.

બાળવિધવાઓનું દુઃખ જોઇને દયાળુ વિદ્યાસાગર મહાશયનું હૃદય પીગળી ગયું હતું. તેને સારૂ તેમણે અથાગ પરિશ્રમ કરીને શાસ્ત્રનાં પ્રમાણ પણ શોધી કાઢ્યાં હતાં; પરંતુ એમનો વિચાર એવો હતો કે, જ્યાંસુધી માતાપિતાની મંજૂરી ન મળે, ત્યાંસુધી એ કાર્યમાં પ્રવૃત્ત ન થવું. એ ઉદ્દેશથી એ વીરસિંહ ગયા અને ભગવતીદેવી આગળ પોતાનો વિચાર જણાવ્યો. ભગવતીદેવીએ સંતુષ્ટ ચિત્તે જવાબ આપ્યો કે, "બેટા! તું કાંઇ જેવો તેવો છોકરો છે? તેં જ્યારે સાબિત કરી આપ્યું છે કે, વિધવાવિવાહ શાસ્ત્રસંમત છે, ત્યારે હું પ્રસન્ન થઇને તને આશીર્વાદ આપું છું. જો એ જન્મ-દુઃખી સ્ત્રીઓને સુખી કરવાનો કોઇ ઉપાય હોય, તો બેટા હમણાંજ એ કામ કર; પરંતુ બેટા! એક વાર કામને હાથમાં લીધા પછી સમાજના ભયથી અથવા તો મારા કે તારા પિતાજીના વાર્યાથી પણ તું કોઇ રીતે એ કામ છોડી દઇશ નહિ." ત્યારપછી વિદ્યાસાગરે પિતાની રજા માગી અને તેમણે પણ એ બાબતની રજા આપી. વિદ્યાસાગરે તન, મન, ધનથી એ કાર્યને હાથમાં લીધું. વિધવાવિવાહનું કાર્ય ઉપાડ્યાથી ગામના લોકોએ વિદ્યાસાગરને અને તેમના કુટુંબને અનેક પ્રકારનો ત્રાસ દીધો હતો. તેમના ત્રાસને લીધે દયાળુ ભગવતીદેવીને પણ અત્યંત દુઃખ સહન કરવું પડ્યું હતું; પણ એ બધું દુઃખ એમણે શાંત-

ચિત્તે સહન કર્યું હતું; એટલે સુધી કે, એક વખત કોઈ સરકારી અમલદારને ખબર પડી કે, ગામના લોકો વિદ્યાસાગર મહાશયના માતપિતાને પજવવામાં બાકી રાખતા નથી, એટલે તેઓ એ ગામમાં તપાસ કરવા આવ્યા. એમણે આવીને પૂછ્યું કે, "આપને કયા લોકો હેરાન કરે છે? તેનાં નામ આપો, એટલે હું તેમને ઘટતી સજા કરીશ." પરંતુ ઉદાર ચિત્તનાં ભગવતીદેવી અને ઠાકુરદાસે કોઈનાં પણ નામ આપ્યાં નહિ અને એ અમલદારને સમજાવીને પાછો મોકલી દીધો. એ લોકોએ ભગવતીદેવી અને ઠાકુરદાસ ઉપર જે જે અત્યાચારો કર્યા હતા, તેને ધ્યાનમાં લીધા પછી તેમની આ ક્ષમાવૃત્તિનો વિચાર કરીએ છીએ, ત્યારે લાગે છે કે, તેમની ક્ષમાવૃત્તિ ઇશુખ્રિસ્તની ક્ષમા કરતાં કોઇ રીતે ઊતરે એમ નહોતી. વાચકોની જાણ સારૂ એ અત્યાચારના એએક નમૂના અત્રે રજૂ કરીશું.

એક વખતે ગામના લોકોએ પુષ્કળ કાંટા એકઠા કરીને ભગવતીદેવીના બારણા આગળ તેનો ઘણો મોટો ઢગલો કરીને બહાર જવાનો રસ્તો બંધ કરી દીધો હતો. મહામહેનતે તેઓ બહાર જવાનો રસ્તો કરી શક્યાં હતાં. એજ રીતે એક દિવસે ગામના લોકોએ મરી ગયેલાં જીવજંતુઓનો ઢગલો એમના આંગણામાં કર્યો હતો. વળી એક વખત ઠાકુરદાસ નવું ઘર બંધાવતા હતા, તેનો એકઠો કરેલો સામાન ઉપાડી લઇ ગયા હતા. આવો આવો અત્યાચાર ઘણા દિવસ સુધી ચાલ્યો હતો. ભગવતીદેવીના પુત્ર ઇશ્વરચંદ્ર વિદ્યાસાગરનું એ વખતે સરકારમાં એટલું બધું માન હતું કે, ગવર્નર સુધ્ધાંત એમને પુષ્કળ માન આપતા તથા અનેક બાબતોમાં એમની સલાહ લેતા. એવે વખતે ભગવતીદેવીએ ધાર્યું હોત તો ગમે તે પ્રકારે ગામના લોકોને સજા કરી શકત; પરંતુ એ ક્ષમાની અવતાર દેવીએ તેમના દોષ ઉપર જરા પણ ધ્યાન આપ્યું નહિ. ધન્ય ભગવતીદેવિ! ધન્ય તમને! તમારા ઉદરમાં ઇશ્વરચંદ્ર જેવા દયાસાગર જન્મે એમાં શું આશ્ચર્ય?

ભગવતીદેવી અત્યંત પતિવ્રતા હતાં. ઠાકુરદાસની આજ્ઞા પાળવામાં કે એમની સેવા કરવામાં એમણે કદી પણ કોઇ જાતની ત્રુટિ રાખી નથી. બંગાળી સંવત ૧૨૭૭માં ઠાકુરદાસ કાશીધામમાં માંદા પડ્યાં; એટલે ભગવતીદેવી પોતાના પુત્રને લઇને તરતજ કાશી પહોંચ્યાં અને સેવાચાકરી કરીને તેમને જલદી સાજા

કરી દીધા. ત્યાં આગળ બે મહિના સુધી રહીને પતિની આજ્ઞાથી દીન અનાથોની સેવા કરવા તથા ઘરનો વહીવટ કરવા વીરસિંહ પાછાં આવ્યાં. ત્યાં બેએક મહિના રહ્યા પછી ચૈત્રસંક્રાંતિને દિવસે ભગવતીદેવીની તબિયત બગડી આવી. આ વખતે તેમના જીવવાની આશા વૈદ્યોએ તથા ડૉકટરોએ મૂકી દીધી. ભગવતીદેવીએ મંદ સ્વરે મીઠી વાણીથી બધાને ધીરજ આપી અને છેવટે પતિના ચરણની રજ માગી. શાંત, ધૈર્યશીલ ઠાકુરદાસ હવે હૃદયના આવેશને રોકી શકયા નહિ. તેમની આંખોમાંથી આંસુ પડવા લાગ્યાં. ગદ્ગદ સ્વરે એ બોલ્યાઃ "તું સાધ્વી સતી છે. તને હું બીજો શો આશીર્વાદ આપું? તું તારા પોતાના પુણ્યબળ વડે આગળ ચાલી. આખરે તારોજ જય થયો. તું સર્વદા કહેતી હતી કે, 'જપતપ કરવું એ બધું ખરૂં, પણ મરતાં આવડવું જોઇએ.' કેવી રીતે મરવું જોઇએ, એ ખરેખર તું જાણી શકે છે. તને અક્ષય સ્વર્ગસુખ મળજો!"

આ પ્રમાણે પતિનો આશીર્વાદ મેળવીને પુત્ર–પુત્રી, પૌત્ર–પૌત્રી વગેરેનો મોટો સંસાર મૂકીને ભગવતીદેવી અપૂર્વ શાંતિ·પૂર્વક નાશવંત દેહ છોડીને અમર ધામમાં સિધાવ્યાં. તેમના મૃત્યુથી અનેક દરિદ્ર અનાથોએ દારુણ શોક કર્યો. અમે પણ શોકવિહ્વળ ચિત્તે ઇશ્વરપ્રાર્થના કરીશું કે, "હે ઇશ્વર! ભારતભૂમિમાં ભગવતીદેવી જેવી સરળ અને નિરભિમાની સેવિકાઓ ઘેરે ઘેરે ઉત્પન્ન કરો!"



૧૬૧–देवी अघोरकामिनी

હવે અત્રે અમે એક એવી સન્નારીના જીવનનો પરિચય આપવા માગીએ છીએ કે, જેમણે પોતાના અંતરની દૃઢ ઇચ્છાથી પ્રેરાઇને સંસારમાં રહેવા છતાં, પણ પોતાનું સમસ્ત જીવન "સેવાકાર્ય"માં સમર્પણ કર્યું હતું, જેમણે ઇશ્વરનું સદા સાંનિધ્ય અનુભવ્યું હતું, પ્રભુપ્રેમમાં ડૂબકી મારીને જીવન મધુમય કર્યું હતું અને એ પરમસ્વરૂપ તરફ દુનિયાનાં અન્ય નરનારીઓને આકર્ષિત કરીને તેમને સત્ય, સુંદર અને મંગળ પરમાત્માની સમીપમાં લઇ જવા પ્રયત્ન કર્યો હતો.

એ સન્નારીનું નામ દેવી અઘોરકામિની હતું. એ આપણાજ જેવાં સાધારણ મનુષ્ય હતાં. મનુષ્યમાં સ્વાભાવિક રીતે રહેલી અનેક ન્યૂનતા તથા દુર્બળતા તેમનામાં પણ હતી; પરંતુ ઇશ્વરનું સાંનિધ્ય સર્વદા અનુભવવાથી, સાદું જીવન અને ઉચ્ચ વિચારને જીવનનું સૂત્ર બનાવવાથી તથા ન્યાતજાતનો ભેદ ગણ્યા વગર ભૂતદયા પાછળ પોતાના સાધારણ જીવનનો ઉપયોગ કર્યાથી, તેમનું જીવન ઘણુંજ ઉન્નત થયું હતું. આપણા આર્યસંસારમાં પતિ અને પત્નીનું જીવન અભેદ્ય, અવિચ્છિન્ન છે. એકના આચાર-વિચારની અસર બીજાના ઉપર થયા વગર રહેતી નથી, તો પછી પ્રકાશચંદ્ર જેવા ભક્તિપરાયણ અને વિચારશીલ પતિનો પ્રભાવ દેવી અઘોરકામિની જેવી પ્રતિવ્રતા આર્યનારી ઉપર પડ્યા વગર કેવી રીતે રહે?

શ્રીયુત પ્રકાશચંદ્ર રૉય બિહાર પ્રાંતમાં એક જાણીતા ગૃહસ્થ હતા. પ્રસિદ્ધ બ્રહ્મોપદેશક બાબુ કેશવચંદ્ર સેનના એ મિત્ર હતા.

ભક્તિભાવથી ઝળકી રહેતા તેમના હસતા ચહેરા સાથે જ્યારે એ બ્રાહ્મોસમાજી સ્ત્રીપુરુષોમાં ઊભા હોય, ત્યારે ઘણા કેળવાયેલા પુરુષો પણ તેમના ચરણની રજ ગ્રહણ કરીને પોતાને કૃતાર્થ

માનતા હતા. એ એક ડેપ્યુટી કલેક્ટર હતા. દેવી અઘોરકામિની તેમના જીવનનાં અને તેમના ધર્મપંથનાં સાચાં સાથી હતાં. જેવી રીતે પુષ્પવાળાં વૃક્ષો પોતાનાં સુંદર પુષ્પ વડે આખા બગીચામાં સુગંધી ફેલાવે છે, તેવીજ રીતે આ ભક્તિમતી નારીએ પોતાના હૃદયનાં ભક્તિરૂપી પુષ્પો વડે સ્વામીના કંટકમય માર્ગને સુગંધથી આચ્છાદિત કર્યો હતો. તેમને લીધે તેમના સ્વામીનો જીવનમાર્ગ ઘણોજ સુંદર અને તેમની સંસારયાત્રા ઘણીજ આનંદજનક બની હતી.

આ સંસારમાં સ્ત્રીપુરુષોમાં ગુણનાં કજોડાં ઘણી વાર જોવામાં આવે છે. વિદ્વાન અને સાહિત્યપ્રેમી પુરુષને કાળા અક્ષરને કૂટી મારે એવી સ્ત્રી સાથે, ભક્તને કંકાસિયા સ્વભાવની કર્કશા સાથે ઉદાર દિલના ગૃહસ્થને કંજૂસ સ્ત્રી સાથે અને ધાર્મિક સુધારકને સાંકડા વિચારવાળી સ્ત્રી સાથે પાનું પડ્યું હોય છે.

બગીચામાં જે અનેક લતાઓ વૃક્ષને વળગી રહે છે, તેમાંની કેટલીક એવી હોય છે કે, જેના ભારને લીધે વૃક્ષો શક્તિહીન થઇને પડી જાય છે, ત્યારે કેટલીક એવી પણ નાજુક વેલડીઓ હોય છે કે, જેનાં રંગબેરંગી પુષ્પો અને હરિયાળાં સુંદર પલ્લવોને લીધે વૃક્ષની શોભા અનેકગણી વધી જાય છે. તેવીજ રીતે આ સંસારમાં એવાં પણ અનેક સ્ત્રીરત્નો હોય છે કે, જેમના હૃદયની મધુરતા, પ્રીતિ તથા પવિત્રતાને લીધે પતિનો સંસાર સ્વર્ગરૂપ બની જાય છે. એવીજ પુણ્યશાળી નારીઓની માફક દેવી અઘોરકામિની પણ પોતાના હૃદયની મહત્તા અને ઉચ્ચ ગુણોના મહિમા વડે સ્વામીને સૌભાગ્યવાન કરી ગયાં છે.

અઘોરકામિનીનું કર્મજીવન અવસાન પામ્યું છે; પરંતુ એમના પતિને દૃઢ વિશ્વાસ હતો કે, એમનો અમર આત્મા તેમને તેમના કાર્યમાં સહાય કર્યા કરે છે. તેમણે તેમનું એક જીવનવૃત્તાંત પ્રકટ કર્યું છે. ઊંચી કેળવણી, ઇશ્વરભક્તિ અને સ્વામીની સહાયતા મેળવ્યાથી એક નારીજીવન પ્રભુભક્તિ અને સેવાના વિષયમાં કેટલું ઉન્નત થઇ શકે છે, તે વાત એ ચરિત્ર ઉપરથી સહેજે જણાઇ આવે છે. એ સદ્ગુણસંપન્ન ભક્તિમતી, તેજસ્વી નારીના જીવનનું વિવરણ ઘણાજ સંક્ષેપમાં અમે નીચે ઉતારીએ છીએઃ—

ઇ. સ. ૧૮૫૪ ની સાલમાં ચોવીસ પરગણામાં આવેલા શ્રી-પુર ગામમાં દેવી અઘોરકામિનીનો જન્મ થયો હતો. તેમના પિતા એક પ્રતિષ્ઠિત ગૃહસ્થ હતા. પૈસેટકે પણ સુખી હતા. ઊંચુ કુળ અને પૈસા બંને હોવાથી કન્યાને માટે યોગ્ય વર મેળવવામાં એમ-ને મુશ્કેલી નડી નહિ અને એ સમયના રિવાજ મુજબ દસ વર્ષ-ની બાળવયમાંજ અઘોરકામિનીનું લગ્ન પ્રકાશચંદ્ર સાથે થઇ ગયું.

અઘોરકામિની પોતાના પાછલા જીવનમાં લોકસેવાને માટે જે આત્મસમર્પણ કરી શક્યાં, સેવાને પોતાનો સ્વાભાવિક ધર્મ બનાવી શક્યાં, તેનો આભાસ બચપણથીજ થયો હતો. જ્યારે એ દસ વર્ષનાં હતાં, ત્યારે તેમનો ભાઇ શીતળાના રોગથી પીડાતો હતો. એ સમયે અઘોરકામિનીએ જીવને જોખમે પણ એ ચેપી રોગમાં એની બહુ સેવાચાકરી કરી હતી. એટલી નાની વયમાંજ એ સાસરે આવીને સાસુજીને મદદ કરવા લાગ્યાં હતાં અને સુંદર સ્વાદિષ્ટ ભોજન બનાવતાં શીખ્યાં હતાં. તેમનું ઘરકામ જોઇને બધાંને સંતોષ થતો હતો. એ વખતથીજ એમના સ્વભાવમાં તેજસ્વિતા જણાઇ આવતી.

વિવાહ થયા પછી કેટલાંક વર્ષ બાદ પ્રકાશચંદ્રે બ્રાહ્મોધર્મ ગ્રહણ કર્યો. એ સમયે અઘોરકામિની કાંઇ વધારે ભણ્યાંગણ્યાં ન-હોતાં; પણ એમણે સાધારણ બુદ્ધિના બળ વડે પતિના ધર્મને ગ્રહણ કરવા યોગ્ય ગણ્યો. એવી રીતે સ્વામીના નવધર્મને અનુ-સરવાથી એમને એક સખત કસોટીમાં કસાવું પડ્યું; કારણકે એ સમયે એ તરુણ કુળવધૂ ઘરની વડીલ સ્ત્રીઓને તાબે હતાં, છતાં પણ એમને ઘરની ચાલતી આવેલી રૂઢિઓની વિરુદ્ધ ચાલવું પડતું. વળી આટલા માટે એમને ગામની સ્ત્રીઓનાં મેણાં પણ કાંઇ ઓછાં સાંખવાં પડ્યાં નહોતાં.

ત્યાર બાદ પ્રકાશચંદ્ર "હરિનાભિ" સ્કૂલના બીજા માસ્તર નિમાયા. મતિહારી જઇને અઘોરકામિની સ્વામીનાં શિષ્ય બન્યાં. સ્વામીની પાસે ધર્મનું શિક્ષણ મેળવીને સાધનાનો આરંભ કર્યો. એ સમયે એમની આર્થિક સ્થિતિ સારી નહોતી; પણ પારસના સ્પર્શથી જેમ લોઢું પણ સુવર્ણ થઈ જાય છે, તેમ ધર્મના સ્પર્શ-થી તેમનું ચિત્ત નિર્મળ અને ઉદાર થઈ ગયું. સુવર્ણના અલંકા-રોથી દેહને ખડકવાનો શોખ તેમણે ઓછો કરી નાખ્યો હતો. ઇ૦ સ૦ ૧૮૭૭ ની સાલમાં લોકોને અન્નનું કષ્ટ છે, એ વાત

સાંભળીને તેમણે પોતાના હાથની સોનાની બંગડીઓ જરા પણ ખેદ વગર દુકાળફંડમાં દાન કરી દીધી હતી.

સંસારપથની કઠોરતાનો તેમને ધીમે ધીમે અનુભવ થવા લાગ્યો. પોતે અબળા, ઘરનો ભાર ઉઠાવનાર ગૃહિણી તથા સંતાનોની જનની હોવા છતાં પણ, ગૃહત્યાગી ઋષિઓ જેની વાંચ્છના કરે એવા બ્રહ્મની પ્રાપ્તિની તેમને અભિલાષા ઉત્પન્ન થઇ. તેમણે કઠોર સાધનાનો આરંભ કર્યો. સૌથી પહેલાં તો સ્ત્રીઓમાં કુદરતી રીતે રહેલી સુખની લાલસા સાથે એમને સંગ્રામ કરવો પડ્યો. એ દૂરઅંદેશ બાઈ સમજી શક્યાં હતાં કે, ભક્તિનું અમૃતમય ઝરણું અને સંસાર એ બેની વચ્ચે વૈરાગ્યનું એક રેતાળ રણ પડયું છે. જે બીકણ આદમી વૈરાગ્યની એ મરુભૂમિને જોઇનેજ ભય પામે છે, તેમને માટે ભક્તિનો અમૃતરસ પીવાનો કોઈ પણ સંભવ નથી; પણ જે સાહસિક મનુષ્યો નીડર થઇને એ મરુભૂમિને ઓળંગી જાય છે, તેજ નિર્મળ ઝરણાનું જળપાન કરીને ભક્ત થવા પામે છે. કુદરતે દેવી અઘોરકામિનીને એક દુર્બળ બંગાળી અબળા બનાવ્યા છતાં પણ, તેમના અંતઃકરણમાં તેજનું સ્ફુરણ કરાવવામાં કાંઈ કચાશ રાખી નહોતી, એથીજ એમણે વૈરાગ્યના માર્ગમાં ચાલવાનું સાહસ કર્યું. અંગ ઉપરનાં સુંદર વસ્ત્રાભૂષણોનો ત્યાગ કરીને તેમણે સાદાં વસ્ત્ર પહેર્યાં. આ અવસ્થાને લક્ષમાં રાખીને બાબુ પ્રકાશચંદ્રે પોતાની પત્નીને "ગૃહસ્થ વૈરાગિની" શબ્દથી સંબોધન કર્યું છે.

એક સમયે દેવી અઘોરકામિની કલકત્તે ગયાં હતાં, તે વખતે તેમની ઇશ્વરોપાસના તરફની પ્રીતિ જોઇને મહાત્મા કેશવચંદ્રે અન્ય સ્ત્રીઓને શિખામણ દીધી હતી કે, "આ નવી આવેલી બાઈ પાસેથી તમે ઉપાસના ઉપરનો પ્રેમ શીખો."

કલકત્તાથી પાછાં ફરતી વખતે અઘોરકામિનીએ કેશવચંદ્રને કહ્યું કે, "મને ભૂલશો નહિ" કેશવચંદ્રને તેમના ઉપર એટલી શ્રદ્ધા ઉત્પન્ન થઈ હતી કે, તેમણે કહ્યુંઃ "ભુલાય ખરૂં કે?"

પ્રકાશચંદ્રની મતિહારીથી બદલી થવાથી તેઓ બાંકિપુર ગયાં. તેમણે ઘણા સમય સુધી બાંકિપુર ડેપ્યુટી મેજિસ્ટ્રેટનો હોદ્દો ભોગવ્યો હતો; એટલે બાંકિપુર અઘોરકામિનીનું કાર્યક્ષેત્ર બન્યું. એ સમયે પોતાના વખતનો એ કેવો સદુપયોગ કરતાં હતાં, તે વિષે પ્રકાશચંદ્ર લખે છેઃ "દેવિ! એ સમયે આપણું

દૈનિક જીવન કેવું તપસ્યામય હતું ! દરરોજ સવારે પથારીમાંથી ઊઠતાં પહેલાં તું મારી સાથે માતૃસ્તોત્ર ગાતી અને પછી ઉપાસનાની ઓરડીમાં સઘળી વસ્તુઓ તૈયાર કરતી. * * * નિષ્ઠાપૂર્વક આસન બિછાવીને મારે માટે રાહ જોતી. ઉપાસના થઇ રહ્યા પછી પ્રતિદિન એક નાની પ્રાર્થના કરતી. ત્યારબાદ રસોડામાં જતી. છોકરાંઓને ખવરાવીપિવડાવીને ભણવા મોકલતી. પછી પોતાના ખાવાનો બંદોબસ્ત કરતી. એની વચમાં કોઇ વખતે પડોશનાં બેત્રણ ઘરની ખબર પૂછી આવતી અને એમને કોઇ વાતની અડચણ હોય, તો તે દૂર કરતી. બપોરે કાંઈ વાંચતી અને કંઇ જવાનું હોય, તો જઇ આવતી. સંતાનોને ખવરાવવાનું પિવડાવવાનું તથા કપડાંલત્તાં પહેરાવવાનું કામ સદા પોતાનેજ હાથે કરતી. સાંજે રસોઇ કરીને છોકરાંઓને જમાડીને તેમને ભણવાનો બંદોબસ્ત કરી આપતી. ત્યારબાદ આપણે બન્ને જણાં ઈશ્વરનાં ભજન ગાતાં અને જો કોઇ નવું સાધન કરવાનું હોય, તો તે કરતાં. આહાર કરી રહ્યા પછી પાછાં ભજન ગાતાં. એ ઉપરાંત બીજા પણ કેટલાએ નિયમો પાળતાં.”

ત્યારબાદ અઘોરકામિનીને એક સખ્ત કસોટીમાં કસાવું પડ્યું. એ મર્મભેદી કહાણી આખી કહેવા બેસીએ તો એક નવલકથા થઇ જાય. કલ્પિત નવલકથાઓમાં જે ઘટનાઓ વાંચીને આપણે આંસુ પાડીએ છીએ, તેવીજ ઘટના અઘોરકામિનીના કુટુંબમાં ખરેખર બની. એ ઘટનાનો સાર નીચે મુજબ છે:—

અઘોરકામિનીની મોટી દીકરીનું નામ સુસારવાસિની હતું. તેના સમાગમમાં આવનાર એક વિદ્વાન ગૃહસ્થ કહે છે કે, “તેની મધુર ઉપાસનામાં સામેલ થઇને હું કૃતાર્થ થયો છું. તેના આત્મત્યાગ અને સેવાને જોઇને મને તેને માટે ભક્તિ ઉત્પન્ન થઇ છે.”

આ સુસાર જ્યારે તરુણી હતી, ત્યારે વૃંદાવન નામના એક યુવક તરફ આકર્ષાઇ. સુસારના પિતાને ખબર પડતાં, એમણે પુત્રીની ઇચ્છાનુસાર તેનો વિવાહ કર્યો. એ વખતે વૃંદાવન ધર્મોત્સાહી યુવક ગણાતો હતો.

પણ માણસનું મન કાંઈ હમેશાં એકસરખું નથી રહેતું. વૃંદાવને બ્રાહ્મોધર્મ પ્રમાણે લગ્ન કર્યાં અને તે વિવાહના કાયદા મુજબ કચેરીના રજિસ્ટરમાં નોંધાઈ પણ ગયાં; છતાં થોડા દિવસ પછી તેણે બ્રાહ્મોસમાજનો ત્યાગ કર્યો અને તેની સાથે સાધ્વી પત્ની

સુસારનો પણ ત્યાગ કર્યો; એટલુંજ નહિ પણ એ યુવકે એક ધર્મશીલા પત્નીના નિર્મળ પ્રેમને તરછોડીને ફરીથી એક હિંદુ બાલિકા સાથે લગ્ન કર્યું!

એવે સમયે એ પ્રેમમયી,કોમળહૃદયા, ધૈર્યશીલા અને ઇશ્વરપરાયણા સુસારવાસિનીએ શું કર્યું? તેણે ધાર્યું હોત, તો બ્રાહ્મોધર્મનો કાયદો તોડીને બીજી વાર લગ્ન કરવા માટે પતિને સજા કરાવી શકત અને તેના બીજા લગ્નને રદ કરાવી શકત; પણ સ્વામીની વિરુદ્ધ તેણે એક શબ્દ પણ કાઢ્યો નહિ; એટલુંજ નહિ પણ સ્વામી ઉપરનો પોતાનો પ્રેમ લેશમાત્ર તેણે ઓછો કર્યો નહિ.

સુસાર આજે આ જગતમાં નથી. તેણે ઘણાં વર્ષો બ્રહ્મચારિણી યોગિનીને વેશેજ જનનીનું અધૂરૂં કામ પૂરૂં કરવામાં ગાળ્યાં હતાં અને ઇશ્વરને આત્મસમર્પણ કરીને પોતાનું આયુષ્ય અન્ય બાળકીઓની સેવા પાછળ ગાળવા માંડ્યું હતું.

આ પ્રમાણે સાધના અને સેવામાં પોતાના હૃદયને પરોવવા છતાં પણ એ તીવ્ર ઘા સહન કરી શકી નહિ અને ત્રીસ વર્ષ પૂરાં થતાં ન થતાંમાં તો એનું શરીર દારુણ રોગની સામે ટક્કર ન ઝીલી શકવાથી તૂટી પડ્યું.

આજ સુસારવાસિની આ જગતમાં નથી એ વાત ખરી છે; પણ એની 'ડાયરી'-નોંધપોથી હજુ આપણી સમક્ષ છે. એ વાંચવાથી પથ્થરની છાતીવાળા મનુષ્યનું હૃદય પણ પીગળે છે. ડાયરીમાં એક સ્થળે એણે લખ્યું છેઃ—

"આજ મારા જીવનનો કેવો દિવસ! આજ બપોરે ખબર પડી કે, મારા સ્વામીએ ફરીથી લગ્ન કર્યું છે. કેવો ઘા! વિચાર આવે છે કે, આજ મારી વહાલી મા સોડ્યમાં ઘાલીને દિલાસો ન આપતી હોત, તો હું રોઇ રોઇને માથું કૂટીને મરી જાત. હવે હું જગજ્જનનીને શરણે પડી છું."

નોંધપોથીમાં બીજી જગ્યાએ આ પ્રમાણે લખ્યું છેઃ "૧૮૯૧ ની ૭ મી ઓકટોબર * * આજ ચાર વર્ષ થયાં વિખૂટી પડી છું. કેવળ માજીની* કૃપાથી જીવું છું. ધન્ય! માજીની ઇચ્છા

* આ સ્થળે અને હવે પછી દેવી અઘોરકામિની અને તેમનાં પુત્રીએ 'માજી' શબ્દોનો પ્રયોગ ઇશ્વરને સંબોધીને કર્યો છે. આચાર્યશ્રી. કેશવચંદ્ર સેન પણ ઉત્તરાવસ્થામાં પ્રભુને માતારૂપે સંબોધવાનું પ્રસંદ કરતા હતા, —પ્રયોજક

એવી હોય, તો એમજ થાઓ."

૧૮૯૧ની ૧૯મી નવેમ્બર. * * * "આજ મારા સ્વામીનો જન્મદિવસ છે. માજીના ચરણમાં સો સો વાર ઉપકાર સહિત સ્મરણ કર્યું કે, આજે એમને ૨૯ મું વર્ષ બેઠું. ધન્ય માજી! ધન્ય તમારો સ્નેહ! આ નવજીવનના દિને એમના આત્માને તમારી તરફ ખેંચો."

સ્ત્રીનો કેટલો જબરો પ્રેમ અને કેટલી આશ્ચર્યકારક સહનશીલતા!! ચાર વર્ષથી જે સ્વામીએ વગર વાંકે પોતાનો પરિત્યાગ કર્યો છે, તેના મંગળને માટે ઇશ્વરપ્રાર્થના! ધન્ય છે હિંદુ સન્નારી! તારૂં હૃદય ખરેખર દૈવી છે!

વાચક બહેનો! વિચાર કરો કે, જે સમયે કન્યા સુસારવાસિનીનો તેના ધણીએ પરિત્યાગ કર્યો, તે વખતે તેની સ્નેહમયી જનની અઘોરકામિનીની શી દશા થઇ હશે? એક દિવસનું દુ:ખ નહોતું, મહિના બે મહિનાનું દુ:ખ નહોતું; પણ રાત ને દિવસ આખી જિંદગી સુધી પુત્રીની આ દુર્દશા કેવી રીતે જોઇ શકાય? માનો પ્રાણ આ દુ:ખ સહન કરી શકે? પણ દેવી અઘોરકામિનીએ આ સમયે પણ સંપૂર્ણ રીતે ઇશ્વર ઉપરજ પોતાનો આધાર રાખ્યો હતો. ઇશ્વરે તેમની પ્રાર્થના સાંભળીને તેમના હૃદયમાં એક અપૂર્વ શક્તિનો સંચાર કર્યો. આ ઈશ્વરી શક્તિની સહાયતાથી એ નિર્બળ બાઇએ ધીરજ ધરીને પોતાના કામમાં મન પરોવ્યું. આ સમયે અઘોરકામિની લખનૌ શહેરમાં એક અશકય જણાતા કામને શકય કરવામાં પરોવાયાં હતાં; પણ તેનું વર્ણન કરતાં પહેલાં એમના કઠોર વૈરાગ્ય અને સાધનાની વાત કહીશું.

અઘોરકામિનીએ અંગનાં આભૂષણોનો તો પ્રથમથીજ ત્યાગ કર્યો હતો. હવે તેમણે માથાના કેશ કપાવી નાખીને સુખલાલસાનું બાકી રહેલું ચિહ્ન પણ કાઢી નાખ્યું અને સંકલ્પ કર્યો કે, "જે પ્રિયતમ સ્વામીના પ્રેમ વગર એક ઘડી પણ રહી નહોતાં શકતાં, જેમને જોઇને તેમનું ચિત્ત ચંચળ થઇ જતું; તે સ્વામીની સાથે હવે બહારનો કાંઇ પણ સંબંધ નહિ રાખું. ફક્ત અંતરનો પ્રેમ અને આત્મા સાથે આત્માનું સંમિલન કાયમ રહેશે. આ વખતે અઘોરકામિનીનું વય માત્ર છવીસ વર્ષનું હતું. તેમણે સ્વામીની સાથે બ્રહ્મચર્ય અને વૈરાગ્યવ્રત ધારણ કર્યાં.

હવેથી અઘોરકામિનીને સાધન અને ભજનમાં સગવડ થઇ; કારણકે આટલા દિવસ નાનાં નાનાં છોકરાંઓને લીધે સેવામાં અડચણ પડતી હતી. હવે એમના ખોળામાં કોઇ નાનું બાળક આવીને બેસવાનો સંભવ નહોતો. આ ઘટના પછી સાત વર્ષે તેમનો આધ્યાત્મિક વિવાહ થયો.

આધ્યાત્મિક વિવાહ એટલે શું, તેનો કાંઇક ખુલાસો કરવો જરૂરનો છે. મહાત્મા કેશવચંદ્ર સેન પોતે રચેલા 'નવસંહિતા' નામના ગ્રંથમાં એક કઠણ વ્રતનો ઉલ્લેખ કરી ગયા છે. એ વ્રતનું નામ આધ્યાત્મિક વિવાહ છે. એ વ્રત લીધા બાદ પતિપત્ની આત્મામાં આત્મા મેળનીને પ્રભુસેવામાં જીવન સમર્પણ કરે છે. એટલા માટે એ અનુષ્ઠાનના અધિકારીમાં ભેદ હોય છે. જે લોકો બ્રહ્મચર્ય પાળવાને સમર્થ હોય, તેમનેજ માટે એ વ્રત ગ્રહણ કરવા યોગ્ય છે; બીજાઓને માટે નહિ.

ઇ૦ સ૦ ૧૮૯૧ ની ૨૭ મી જાન્યુઆરીએ પ્રકાશચંદ્ર અને અઘોરકામિનીનો આધ્યાત્મિક વિવાહ થયો. એને માટે એ બન્ને બુદ્ધદેવના લીલાક્ષેત્ર રાજગિરિ તીર્થમાં ગયાં હતાં. એ તીર્થમાં જઇને પહેલાં પ્રકાશચંદ્ર અને તેમની સ્ત્રીએ મૂંડન કરાવ્યું, ત્યાર બાદ ઉપાસના કરવામાં આવી. બસ, આટલા વિધિ પછી તેમનું આધ્યાત્મિક લગ્ન સધાઇ ચૂક્યું.

એ શુભ પ્રસંગે શ્રીયુત ચણ્ડિદાસ નામના એક બંગાળી વિદ્વાન હાજર હતા. એ ગૃહસ્થ એ સંબંધમાં પોતાની ડાયરીમાં લખે છે: "ઉપાસના—સ્વર્ગની ઉપાસના ! આજ એક મહાન કાર્ય થયું. ભક્તિભાજન પ્રકાશ બાબુ અને તેમની ભાર્યા અઘોરકામિની આજે આધ્યાત્મિક વિવાહસૂત્રથી બંધાયાં. * * * આ કાર્ય જોઇને બધાના મનમાં એક સ્વર્ગીય ભાવ વ્યાપી ગયો. હમણાં પ્રકાશ બાબુની વય ૪૪ અને અઘોરકામિનીની ૩૬ વર્ષની છે."

હવે અઘોરકામિનીના લખનૌ જવાની વાત કહીશું. આટલા દિવસ એમણે ભક્તિમાર્ગમાં સાધના, સ્વામી અને સંતાનોની સેવા તથા બાંકિપુરની અનેક રોગી અને દુઃખી નારીઓની સેવા કરવામાં ગાળ્યા હતા. હવે દેશસેવાના કાર્યમાં પડવાનો તેમને અભિલાષ ઉત્પન્ન થયો અથવા એમ કહો કે, ઇશ્વરે તેમને એ કામ તરફ પ્રેરણા કરી; પણ દેશના કયા કાર્યમાં હાથ ઘાલવો ? સાધનમાં સિદ્ધિ મેળવ્યા છતાં પણ, એ કોમળહૃદયા નારી હતાં.

નારીઓને માટે કયું કર્તવ્ય શ્રેષ્ઠ છે, એ વિચારી તેમણે પોતાને માટે કામ પસંદ કરી લીધું. જોયું કે બિહાર પ્રાંતમાં સ્ત્રીજાતિની ઘણી દુર્દશા છે. તેમને ભણવાગણવાનાં કાંઇ સાધન નથી અને ભણ્યાગણ્યા વગર સ્ત્રીજાતિની ઉન્નતિ થવાનો સંભવ નથી. નિશ્ચય કર્યો કે, છોકરીઓને માટે એક સારી નિશાળ અને બોર્ડિંગ હાઉસ ઉઘાડવાં અને તેનો ભાર પોતે ઉઠાવવો; પણ એને માટે ખર્ચ અને શિક્ષણની જરૂર હતી. વિચાર્યું કે, પૈસાનું તો પછીથી થઇ પડશે; પણ શિક્ષણ આપવાને તથા બોર્ડિંગ ચલાવવાને માટે પહેલાં પોતેજ શિક્ષણ લેવું પડશે. એ વિચારથી પ્રૌઢ વયમાં એ લખનૌ ભણવા ગયાં. બધા કહેવા લાગ્યા કે, "આ શું કૌતુક ? સ્વામી અને છોકરાંઓને મૂકી દઇને તમે લખનૌ ભણવા જશો ? અને આટલી ઉંમરે અંગ્રેજી આવડવાનો સંભવ છે ?" એ ટીકા કરનારાઓને ખબર નહોતી કે, અઘોરકામિનીને માટે 'અસંભવ' શબ્દજ મિથ્યા હતો. સ્વામીને ઘરસંસારનો વહીવટ સોંપીને એ લખનૌ ગયાં. ત્યાંની બોર્ડિંગ હાઉસની ઉપરી મડમ એક બંગાળી રમણીનું આ સાહસ, મનોબળ અને કર્મોત્સાહ જોઇને આશ્ચર્યચકિત થઇ ગઇ. તેણે કહ્યું: "મિસિસ રૉય! તમે બોર્ડિંગમાં રહેવાનું તો કહો છો, પણ તમારાથી આ ઉંમરે બોર્ડિંગ હાઉસના બધા નિયમો પળાશે નહિ." અઘોરકામિનીએ કહ્યું: "ના એમ નહિ. હું વિદ્યાર્થિની થઇને અત્રે શિક્ષણ મેળવવા આવું છું; એટલે મારે બધા નિયમો પાળવાજ પડશે."

લખનૌ જવાના થોડા દિવસ બાદ તેમનો મોટો છોકરો સુબોધ ઘણો માંદો પડ્યો. આ સુબોધ તે હાલના કલકત્તાના બૅરિસ્ટર મિસ્ટર એસ. સી. રૉય; પણ એ વખતે તે બાળક હતા. તેમનો તાવ ૯૭ ડીગ્રીથી એકદમ ૧૦૫ ડીગ્રી આવીને ઊભો. તરતજ લખનૌ ખબર આપવામાં આવી. બીજી વખતે ગમે તેટલું ધૈર્ય રાખનારી આપણી સ્ત્રીઓ છોકરાંઓની માંદગી વખતે ઘણી ગભરાઇ જાય છે, પણ અઘોરકામિનીએ પોતાના પ્યારા સંતાનને ઇશ્વરની કૃપા ઉપર છોડીને ચિત્તને સ્થિર રાખ્યું. એ દિવસની ડાયરીમાં તેઓ પોતે લખે છે કે:—

"સુબોધના મંદવાડની ખબર સાંભળીને, તેને માજીના ખોળામાં સોંપ્યો; ઘણોજ આરામ."

અઘોરકામિનીએ લખનૌથી પોતાના સ્વામીને જે પત્રો લખ્યા

હતા, તે ઘણુાજ ઉત્કૃષ્ટ છે. એ વાંચતાં તેમની સ્વામી તરફની નિષ્કામ પ્રીતિ જોઇને જેટલું આશ્ચર્ય થાય છે, તેટલુંજ તેમની ધર્મનિષ્ઠા, ઉદ્યોગ અને અનુપમ ઇશ્વરભક્તિ જોઇને તેમને એક નમૂનારૂપ સ્ત્રી કહેવાનું મન થાય છે. એક પત્રમાંથી કેટલોક ભાગ અમે નીચે ઉતારીએ છીએ:—

“ તમે જે કાંઇ કહેશો, તે જીવસાટે પણ પાળવા હું યત્ન કરીશ. આટલા દિવસ તમારાથી ભિન્ન હતી. હવે આપણે આધ્યાત્મિક વિવાહથી બંધાઇને એકરૂપ થયાં છીએ. એવું કયું કાર્ય છે કે, જેને માટે ‘મા’ આપણને કહે અને આપણે ના કરી શકીએ ? ન કરી શકીએ, તોપણ કરી તો જોવુંજ જોઇએ. જો આપણે હાથે કામ કરાવવાની તેની ઇચ્છા હશે, તો એ કામ અવશ્ય પાર પડશે. × × × સઘળું લોહી આપીને પણ માજીની ઇચ્છા પૂર્ણ નહિ થાય ? × × જે સાધના પૂર્ણ કરવાને માટે માએ જન્મ આપ્યો છે,તે કાર્ય પૂર્ણ થતાં કેટલું સુખ મળશે,તે તમે કહી શકશો નહિ અને કહેવાની ઇચ્છા પણ નહિ થાય; કારણકે માજીની નિકટ જતાં જઇશું તેટલુંજ વધારે પાસે જવાની ઇચ્છા થશે. નિકટપણાને શું હદ છે ?”

આ કાગળમાં ‘ સઘળું લોહી આપીને પણ પ્રભુની ઇચ્છા પૂર્ણ કરવા ’ સંબંધી જે વાક્ય છે તેના ઉપર ધ્યાન આપો. કોમળ સ્ત્રીજાતિને મોંએ એવા શબ્દો ક્વચિતજ સાંભળવામાં આવે છે. મનુષ્યોના હિતને માટે કોઇ નારી આ પ્રમાણે સ્વાત્માર્પણ કરવા તૈયાર થાય એવાં દૃષ્ટાંત આ દેશમાં ભાગ્યેજ જોવામાં આવે છે.

અઘોરકામિનીને સંસારમાં સ્વામી, પુત્ર, પુત્રી બધુંએ હતું; છતાં પણ સંસારમાં આસક્તિ નહોતી. હૃદયની સાથે ઘોર સંગ્રામ કરીને તેમણે એ આસક્તિને હઠાવી મૂકી હતી. એ સંગ્રામની કહાણી ‘ અઘોર પ્રકાશ ’ ગ્રંથમાં લખી છે. અમે એમાંના એકજ દિવસની ઘટનાનો ઉલ્લેખ કરીશું.

લખનૌ બોર્ડિંગ હાઉસમાં અઘોરકામિની એક દિવસ માંદાં પડ્યાં. એ વખતે એમના મનમાં તરંગ ઊઠ્યો કે, “ આજે પ્રભુઆજ્ઞા થાય, તો હું દેહત્યાગ કરવા તૈયાર છું કે નહિ ? કોઇને માટે આસક્તિ છે કે નહિ ?” મને જવાબ આપ્યો: “ કોઇને માટે આસક્તિ નથી. અત્યારે પણ પ્રયાણ કરવા તૈયાર છું. ”

આ બધી ઉક્તિઓ ઉપરથી આપણે જોઇ શકીએ છીએ કે,

એ ખરેખરા ધર્મરાજ્યમાં પ્રવેશ કરવા પામ્યાં હતાં. એમ ન હોત તો સંસારી મનુષ્યમાં આટલી વિરક્તિ કેવી રીતે આવે?

દેવી અઘોરકામિનીનું લખનૌ ખાતેનું શિક્ષણ લગભગ સમાપ્ત થઇ ગયું હતું. હવે એ ભવિષ્યના કાર્યક્રમની કલ્પના કરવા લાગ્યાં. સૌંદર્યની કલ્પનાથી કવિના હૃદયમાં જેવી રીતે ભાવરસ ઊછળે છે, તેવીજ રીતે કર્મની કલ્પનાથી અઘોરકામિનીનું હૃદય આનંદથી ઊભરાવા લાગ્યું. એ સમયે તેઓ ડાયરીમાં લખે છેઃ—

" આ તો કામનો પાયો નંખાયો. કેટલું કામ થશે તે કહી શકાતું નથી. કેમ કરીને થશે, તે પણ જાણતી નથી; પણ કરવાથીજ કામ પાર પડશે. એક ઉપાસનાગૃહ, એક છોકરીઓની નિશાળ, એક દુઃખિતોનો આશ્રમ, એક વિદ્યાર્થીઓનો આશ્રમ એટલું સ્થાપવું પડશે. નિશાળ તો ઘણી જલદી શરૂ થશે. હાલને માટે રૂ. ૧૦૦ નું માસિક ખર્ચ કરીશ. એક મોટા મકાનની જરૂર છે. ૩૦ કે ૩૫ રૂપિયાનો મહિનો હોય તો બાબુની છોકરી એન્ટ્રન્સ પાસ થઇ છે તે આવી શકે. હવે સમજાયું કે જ્ઞાનની કેટલી બધી આવશ્યકતા છે. કેટલી છોકરીઓ એ જ્ઞાનના અભાવે જડની માફક આહારનિદ્રામાં વખત ગાળે છે. પૈસાને માટે મેં કોઇ દિવસ ફિકર કરી નથી અને કરીશ નહિ. જો ખરેખર માજી કાજે મારાથી કાંઇ કરી શકાવાનું હશે, તો અવશ્ય કોઇ પણ અભાવ નડશે નહિ. "

આવી આવી ઉચ્ચ અભિલાષાઓ સાથે લખનૌનો અભ્યાસ પૂરો કરીને અઘોરકામિની સ્વામીની પાસે બાંકિપુર ગયાં; પણ બોડિંગનાં કષ્ટથી તથા ઘણું કામ કરવાથી તેમનું શરીર બિલકુલ લેવાઇ ગયું હતું. પ્રકાશચંદ્રે તેમને આ દશામાં જોઇને લખ્યું છેઃ " તારા હાથ અલંકારશૂન્ય હતા અને પહેરવેશ સાદો હતો, છતાં મારી આગળ તું દિવ્ય જ્યોતિ જેવી ઉજ્જ્વલ લાગતી હતી. આ તારૂં કેવું રૂપ! આ શું દેવી નહિ તો માનવી? "

સ્વામીએ પત્નીનાં તપસ્વિની વેશે દર્શન કરીને અને તેની ઇશ્વરભકિત અને આત્મત્યાગની કથાનું સ્મરણ કરીને તેને પ્રણામ કર્યા; એ ઘણાને હદપાર જવા જેવું લાગ્યું હશે. કેટલાએક એને યૂરોપમાંથી શીખેલો 'સુધારો' ગણીને તેના તરફ તિરસ્કારથી જોશે; પણ ખરૂં જોતાં એ હદપાર જવાની વાત પણ નહોતી અને પશ્ચિમના સુધારાની નકલ પણ નહોતી. શક્તિ જોઇને ભક્તિ

ઉત્પન્ન થાય છે. આપણા ભક્તમાળ ગ્રંથમાં એવાં દૃષ્ટાંતોનો અભાવ નથી. એ ભક્તિરસનો ગ્રંથ વાંચતાં જણાશે કે, કેટલાક અભિમાની નૃપતિઓ પોતાની પત્નીના અનુપમ ભક્તિભાવથી આશ્ચર્ય પામી જઇને તેના ચરણમાં સોનાના મુગટ સાથે નમ્યા છે.

ત્યારબાદ અઘોરકામિની કેટલીક સખીઓને લઈને રસ્તામાં ઇશ્વરભજન ગાવા અને કેટલીક જગ્યાએ ભાષણો આપવા લાગ્યાં. આથી કરીને લોકોમાં તેમની નિંદાનો પાર રહ્યો નહિ, પણ એમણે પોતાના આત્માને એવી સ્થિતિએ પહોંચાડ્યો હતો કે, જેમાં નિંદા કે પ્રશંસા અસર નહોતાં કરી શકતાં. મનુષ્યોના સખ્ત તિરસ્કારને સમયે પણ એમનું હૃદય પોતાના શુભ કામમાંથી પાછું હઠ્યું નહિ.

પછીથી એમણે પ્રખ્યાત વકીલ સ્વર્ગસ્થ ગુરુપ્રસાદ સેન મહાશયના આગ્રહથી બાંકિપુરની કન્યાશાળાનો બધો વહીવટ પોતાના હાથમાં લીધો. એ નિશાળ બંધ પડી જવાની તૈયારીમાં હતી. ફંડનું તળિયું આવી રહ્યું હતું. છોકરીઓની સંખ્યા પણ જોઇએ તેટલી નહોતી; પણ અઘોરકામિનીએ કહ્યું: “ પૈસા નથી? હું ગમે તેમ કરીને પૈસાની સગવડ કરીશ. છોકરીઓ નથી? હું ઘેરેઘેર જઇને ગામેગામ ફરીને છોકરીઓ એકઠી કરીશ.”

આ સ્ત્રીનાં આવા અદ્‌ભુત કર્મોત્સાહ, ખંત અને દૃઢ સંકલ્પને કોની સાથે સરખાવીએ? આવી સ્ત્રીને માટે અસંભવિત શું? તેમણે ૧૫ મી ફેબ્રુઆરીએ કન્યાશાળાનો વહીવટ પોતાના હાથમાં લીધો. માર્ચ મહિનો પૂરો ન થયો, એટલામાં તો નિશાળમાં ૨૯ કન્યાઓ દાખલ થઇ. ત્યારબાદ હિંદુસ્તાની કન્યાઓ પણ નિશાળમાં આવવા લાગી.

આ અરસામાં અઘોરકામિની ઘડિયાળના કાંટા સામું જોઇને કામ કરતાં. જરા પણ વખત નકામો જવા દેતાં નહિ. આ વખતનો કાર્યક્રમ એમણે પોતાની રોજનીશીમાં લખી રાખ્યો છે, તે આ પ્રમાણે છે:–(૧) છોકરાંઓને ખવરાવવું, (૨) પાઠ, (૩) ઉપાસના, (૪) રોગીઓની સેવા, (૫) નિશાળમાં જવું, (૬) મુલાકાત કરવી, (૭) નવાં આડોશીપાડોશીની ખબર પૂછવી, (૮) આવકખર્ચનો અડસટ્ટો કાઢવો અને પગાર આપવો.

આ પરિશ્રમનું શું ફળ આવ્યું, તે પણ કહીશું. બાંકિપુરની કન્યા શાળામાં એન્ટ્રન્સ સુધીનું શિક્ષણ અપાવા લાગ્યું અને એ

નિશાળમાંથી કન્યાઓ પ્રાવેશિક પરીક્ષામાં પાસ થવા માંડી. આ ઉપરાંત એમણે પોતાને ઘેર છોકરીઓને વાસ્તે એક બોર્ડિંગ હાઉસ–છાત્રાલય ઉઘાડયું. દેશપરદેશની છોકરીઓ એ બોર્ડિંગમાં રહીને શિક્ષણ મેળવવા લાગી. ફક્ત એક નારીના ઉત્સાહથી દેશને માટે કેટલું કામ થઇ શકે છે, તે જોવા જેવું છે.

આ મનસ્વી સન્નારીનું હૃદય કેટલું ઉન્નત હતું, તેમનો સેવા સંબંધી વિચાર કેવો ઊંચો હતો, તે સંબંધી બેએક શબ્દો કહીશું. સેવા સંબંધે એ હિંદુ કે બ્રાહ્મ, બંગાળી કે હિંદુસ્તાની, પોતાનો કે પારકો એવો કાંઇ પણ ભેદ રાખતાં નહિ. સેવાનું તેડું આવતાંજ તેને ઇશ્વરનો હુકમ ગણીને તે તૈયાર થતાં. એક વખત એવું બન્યું કે, બાંકીપુરમાં એક સ્ત્રી સુવાવડને ખાટલે પડી. ઘરમાં બીજું ઔરૂં નહોતું, એટલે એ બિચારીની ચાકરી કોણ કરે ? અઘોરકામિનીને કાને વાત આવતાંજ, એ ત્યાં પહોંચ્યાં અને સગી માની પેઠે એ બાઇની સુવાવડ કરી.

તેમની સેવા સંબંધી પ્રકાશચંદ્ર લખે છેઃ—

“ આ દેશના નારીજીવનમાં સેવા નથી એમ નહિ, પણ તે પ્રાયઃ સ્વામી અને કુટુંબની સીમામાંજ બંધાઇ રહી હોય છે. આસક્તિના કોટને જેટલો તોડશો, તેટલોજ પારકાનો વિચાર કરવાની અને મદદ કરવાની શક્તિ આવશે. તારે માટે એ સમય ઉપર જેટલો મોટા માણસનો હક હતો, તેટલોજ દુઃખી વિધવાની ઝૂંપડીનો હતો. ખબર મળતાંજ તું તેમનું દુઃખ દૂર કરવા દોડતી. છેવટે જ્યારે એ સેવાકાર્ય ઘણું વધતું ગયું, ત્યારે મારી પાસે આવીને પૂછી જવાનો સમય પણ રહ્યો નહિ. કેટલાએક દિવસ મારી અજાણમાં તેં કેટલાએ રોગીઓની સેવા કરી છે.

“ એક દિવસ રાતના બે વાગ્યાને સમયે મારી પથારી આગળ ઊભી રહીને તું બોલીઃ ‘ હું જાઉં છું.’ આંખ ઉઘાડીને જોઉં છું, તો તું કપડાં પહેરીને તૈયાર થઈ છે. મેં કહ્યુંઃ ‘ આ શિયાળાની રાતે ક્યાં જઇશ ?’ તેં કહ્યુંઃ ‘ વિધવા બ્રાહ્મણીનો છોકરો ઘણો પીડાય છે, તેને જોવા જઇશ.’ વિધવા બ્રાહ્મણીને બીજું કોઇ નહોતું. એકનો એક પુત્ર એફ. એ. (ઇન્ટર) પાસ થયેલો હતો. એજ છોકરો તાવના રોગમાં ઘડીપળ થઇ રહ્યો હતો. દવા માટે ડોકટર પરેશ બાબુને બોલાવ્યા હતા. મને એ વખતે એ બધી વાતની કાંઇ ખબર નહોતી. × × × મારી રજા મળતાં,

તું કાંઈ પણ ફિકર નહિ રાખતાં એવી ઘોર અંધારી રાતે પગે ચાલીને રોગીઓની સેવા કરવા ગઇ. સાથે રોગીના ઘરનો ચાકર હતો. તેના હાથમાં ફાનસ હતું."

બાંકિપુરના ડૉકટર શ્રીયુત કામાખ્યનાથ બંદોપાધ્યાય લખે છે: "એક દિવસે એક વિદ્યાર્થીએ મેડિકલ સ્કૂલમાં મને કહ્યું કે 'અહીં એક આબરૂદાર ધનવાનની એક સગી રોગથી ઘણીજ પીડાય છે. એ સ્ત્રીને મહિના દોઢ મહિનાની એક છોકરી છે. તેની સેવાચાકરી કરનાર કોઇજ નથી. ખાવાપીવાની પણ ગોઠવણ નથી તેનાં સગાંવહાલાં કોઇ તેની ખબર લેતાં નથી.' વિદ્યાર્થીને મોંએ આ વાત સાંભળીને મને અત્યંત દુઃખ થયું. દુઃખનિવારણને શો ઉપાય કરવો, એ વિચારમાં હું માજી (અઘોરકામિની) ની પાસે ગયો અને તેમને બધી વાત કરી. મારે મોંએ બધી વાત સાંભળીને એમણે તરતજ ચાકરને ગાડી લેવા મોકલ્યો અને મને સાથે લઇને એ અનાથ નારીના ભાગ્યાતૂટ્યા ઘરમાં આવી ઊભાં રહ્યાં.

"આવીને પહેલાં તો મળમૂત્રનાં ભરેલાં બાળોતિયાં જે ઘરમાં આમ તેમ પડેલાં હતાં, તે લઇને ધોઇ નાખ્યાં. આ જોઇને હું તો આભોજ થઇ ગયો.

"સુવાવડી ઘણાજ ગંદા બિછાનામાં સૂઇ રહી હતી. દેવી અઘોરકામિનીએ પોતાને ઘેરથી વસ્ત્ર તથા ઓઢવાપાથરવાનું લાવી આપ્યું અને સુવાવડીનાં કપડાં બદલાવીને તેને બિછાનામાં સુવાડી. તેમની સેવાથી પ્રસૂતિમાં એક પ્રકારની શક્તિ આવી અને તે બોલી ઊઠી: 'મા તમે મને આજે જીવાડી.'"

એક વાર બાંકિપુરમાં એક સર્કસપાર્ટી આવી. તેમનામાંનો એક આદમી ટાઇફૉઇડ તાવથી પીડાવા લાગ્યો. હાય! બિચારો એ પૈસા રળી ખાવા ઘરબાર છોડીને આવ્યો હતો. અહીં એને કોણ ચાકરી કરે અને એ જાય પણ ક્યાં? ચેપીરોગ જાણીને કોઇ એની ચાકરી કરવા તૈયાર થયું નહિ.

દેવી અઘોરકામિનીને ખબર મળતાં એ અજાણ્યા આદમીને એમણે પોતાના ઘરમાં આશ્રય આપ્યો, તેની દવા કરી, તેની સેવા કરી અને આખરે તેને સાજોતાજો કર્યો. આ દેશમાં નારીની એવી ઉદારતા અને સેવાનાં દૃષ્ટાંત ઘણાં થોડાં જોવામાં આવે છે.

દેવી અઘોરકામિનીની સેવા સંબંધી સ્વર્ગસ્થ પ્રતાપચંદ્ર મજુમદાર મહાશય પોતાના "સ્ત્રીચરિત્ર" ગ્રંથમાં લખી ગયા છેઃ "બિહાર પ્રાંતમાં નારિયેળ એક મુશ્કેલીથી મળી આવતી વસ્તુ છે. એક વાર અઘોકામિનીને બેચાર નારિયેળ ભેટ મળ્યાં. એમણે એના એક જાતના મીઠા રોટલા બનાવીને નિશાળના છોકરાઓને વહેંચ્યા. વિદ્યાર્થીઓ એ મીઠાઇ ખાઇને ઘણા ખુશ થયા. આ સામાન્ય વિષયનો ઉલ્લેખ એટલા માટે કરવામાં આવ્યો કે, અઘોરકામિની ત્યારબાદ ઘણા થોડા વખતમાં પરોપકાર વ્રતમાં એટલાં બધાં અનુરાગી અને ઉત્સાહી થયાં કે પારકાઓની સેવા તેમના જીવનનું મુખ્ય કાર્ય થઈ પડયું. ગમે તે જાતનાં લોક કેમ ન હોય, મોટા દરજ્જાવાળાં હોય કે ઘણી નીચ જાતિનાં હોય; સંકટમાં આવતાં સાધ્વી અઘોરકામિની તેમની સેવામાં તરતજ જોડાઈ જતાં."

દેવી અઘોરકામિનીની સેવાના આ વર્ણનની સાથે સાથેજ તેમના સાહસની વાત કહીશું. એક વખત તેમના ગરીબ પાડોશીના ઘરમાં આગ લાગી હતી; પણ બીજા લોકો જ્યારે એ આગ જોઇને ખાલી બૂમાબૂમ કરતા હતા, ત્યારે અઘોરકામિનીએ પોતાની એક મોટી શેતરંજી પાણીમાં બોળીને બળતા ભાગ ઉપર નાખી દીધી અને પછી ડોલથી એના ઉપર પાણી નાખ્યા કર્યું. આથી આગ હોલવાઇ ગઇ અને ગરીબનું ઝૂંપડું બચી ગયું.

દેવી અઘોરકામિની સ્વામી સાથે થોડા દિવસને માટે પ્રવાસે નીકળ્યાં. વિવિધ સ્થળોએ ફરતાં ફરતાં ચિત્રકૂટ આવી પહોંચ્યાં. અઘોરકામિની પહેલાં કોઈ દિવસ ઘોડેસવાર થયાં નહોતાં; પણ આગળ જણાવી ગયા છીએ, તેમ 'ફલાણું કામ તો મારાથી થઇ શકે નહિ,' એ શબ્દો તો તેમની પાસે હતાજ નહિ. ચિત્રકૂટ આવતાં ઘોડેસવાર થવાની જરૂર પડી, તો એમણે છસાત માઇલ સુધી ઘોડા ઉપર સવારી કરી.

એક તરફ એમનું સાહસ આટલું હતું, ત્યારે બીજી તરફ એમનું નારીહૃદય કુસુમ કરતાં કોમળ હતું. આ પ્રવાસમાં જાનકીકુંડ આગળ તેમણે પંડ્યાઓને મોઢે સાંભળ્યું કે, "આ કુંડમાં સીતાદેવી વનવાસ સમયે સ્નાન કરતાં હતાં." અઘોરકામિનીએ બ્રાહ્મોધર્મી હોવા છતાં પણ, સ્ત્રીજાતિની આરાધ્યદેવીરૂપ સીતા-

જીને માટે સન્માન દર્શાવવા એ કુંડમાં સ્નાન કર્યું અને ઇશ્વર પાસે સીતાજી જેવા ચરિત્રને માટે પ્રાર્થના કરી. સીતાજી જેવા ચરિત્રને માટે પ્રાર્થના કરવાનું કારણ એ છે કે, એ પોતે પણ સીતાની માફક પતિપ્રેમનાં ભૂખ્યાં હતાં.

દેશાટન કરી આવીને બાંકિપુર પહોંચતાંજ પાછાં કામમાં જોડાયાં. એ સમયે મિ. બોલ્ટન ચીફ સેક્રેટરી થઇને બાંકિપુરથી કલકત્તે જતા હતા. જતા પહેલાં એ દેવી અઘોરકામિનીની નિશાળ જોવા ગયા. નિશાળ જોઇને ઘણા ખુશી થયા અને કહ્યું: “સ્કૂલ જોઇને હું ઘણો ખુશ થયો છું. વિલાયતમાં આવું કામ કુમારિકાઓ કે વિધવાઓજ કરે છે. સ્વામી અને પુત્ર સાથે આટલું કામ હાથ ધરનાર મેં આજ સુધી કોઇ જોયું નથી.”

હવે અમે દેવી અઘોરકામિનીના સ્વભાવની તેજસ્વિતા અને અન્યાય મટાડવાના પ્રયત્ન સંબંધી બેએક વાતો કહીશું.

“સંન્યાસીચરણ” નામનો એક યુવક આસામના ચાના બગીચામાં કામ કરતો હતો. ત્યાં આગળ એનું નામ ચોરીના એક જૂઠા મુકદ્દમામાં લખાવવામાં આવ્યું. તે પોતાને લાચાર હાલતમાં જોઇને ત્યાંથી પલાયન કરી ગયો અને દાનાપુર આવી ઊભો; પણ અંગ્રેજોનું વૉરંટ કાંઇ એથી રોકાયું નહિ. સંન્યાસીચરણને દાનાપુરમાં પકડવામાં આવ્યો અને તેને બાંકિપુરની જેલમાં પૂરવામાં આવ્યો. આ નિરપરાધી યુવકની દુર્દશાની વાત સાંભળીને અઘોરકામિની જાતે જેલમાં ખબર કાઢવા ગયાં. ત્યાં જઇને એ યુવકને મળ્યાં. યુવક આંસુભરી આંખે પોતાના દુઃખની કહાણી કહેવા લાગ્યો. અઘોરકામિનીને તેની વાત ઉપર વિશ્વાસ ઊપજ્યો. છંછેડાયલા સાપની માફક માથું ઊંચું કરીને એ બોલી ઊઠ્યાં: “આવો અન્યાય ગમે તેમ કરીને રોકાવીશ.”

પોતાનું વચન એ હમેશાં પાળતાં. ત્યાંથી આવીને એમણે પોતાના એક સગાને આસામ મોકલ્યો અને આસામના આગેવાન વકીલ શ્રીયુત રામદુર્લભ મજુમદારને એ મુકદ્દમામાં વકીલ કર્યા. તેમની નિઃસ્વાર્થ લડતથી સંન્યાસીચરણ કેદમાંથી છૂટી ગયો.

ત્યારબાદ એક વખત કોઇ સ્ત્રી ઉપર બળાત્કાર થયો. આ ખબર સાંભળીને તેમનો પિત્તો ખૂબ ઊકળી ગયો. તેમનાથી શાંત બેસી રહેવાયું નહિ. સુપ્રસિદ્ધ બૅરિસ્ટર મનોમોહન ઘોષને એ

સંબંધી એક પત્ર લખ્યો. બીજી તરફથી લેફ્ટેનંટ ગવર્નરનાં પત્નીનું ધ્યાન એ તરફ ખેંચ્યું. લેડી ઇલિયટે એ તરફ લાગણી બતાવ્યાથી એ બળાત્કાર કરનારને પાંચ વર્ષની કેદની સજા થઇ.

પણ હાય! આટલો સખ્ત પરિશ્રમ તેમનાથી વધારે વખત સહન થઇ શકચો નહિ. શરીર ભાગી ગયું, નબળાઇ દરરોજ વધતી ગઈ અને જોતજોતામાં એમના મુખકમળ ઉપર મૃત્યુની છાયા છવાઇ ગઇ. આથી બધાને ઘણો ખેદ થયો; પણ જેનું મૃત્યુ એટલું પાસે હતું તેમને કાંઈ ડર લાગ્યો નહિ. શરીરમાં બળ ન રહ્યું, એટલે મનની શક્તિથી કામ કરવા માંડયું. આ સમયમાં એમણે પોતાના સ્વામીને લખ્યું છેઃ "જ્યારે કામ આવી પડે છે, ત્યારે ગમે ત્યાંથી બળ પણ આવી જાય છે. મને આશ્ચર્ય એજ થાય છે કે, મારાથી આટલું બધું કેવી રીતે થઇ શકે છે! મારે માટે પ્રાર્થના કરજો કે, જેથી તમને વધારે ઉપયોગી થઇને મરી શકું. * * * એક દિન આવાં પત્રો મળી શકશે નહિ, પણ ખેર; ઘણી સારી વાત. તેને માટે તૈયાર છું."

દેવી અઘોરકામિનીનાં એ બધાં કાર્યોને લક્ષમાં રાખીને સ્વર્ગસ્થ પ્રતાપચંદ્રે લખ્યું છેઃ "અઘોરકામિનીના દૃષ્ટાંતે બાંકિપુરના સ્ત્રીમંડળમાં ખળભળાટ મચાવ્યો હતો. આજે રેલગાડીમાં મુસાફરી કરનારી સ્ત્રીઓને માટેના વિશ્રામસ્થાનમાં, તો કાલે સ્ત્રીઓના ઉપર બળાત્કાર કરનાર દુરાચારીઓને માટે સરકાર પાસે અરજી આપવામાં, તો વળી બીજે દિવસે વાર્ષિક ધર્માનુષ્ઠાનમાં, એવી રીતે અનેક સત્કાર્યમાં તેમનો હાથ હતો."

પ્રતાપચંદ્રનાં આ વચનો વાંચીને એક બીજી વાત પણ સ્મરણમાં આવે છે અને તે એ કે, અઘોરકામિનીના જીવનની અસર બાંકિપુરની અનેક સન્નારીઓ ઉપર એવી પડી હતી કે, એમાંની કેટલીક ઉત્સાહી મહિલાઓ દેશકલ્યાણના કામમાં પ્રેરાઈ હતી.

ધીમે ધીમે દેવી અઘોરકામિની પરલોકની યાત્રાની તૈયારી કરવા લાગ્યાં. આ સંસારમાં જે થોડી પણ આસક્તિ હતી, તે કાઢી નાખવાને માટે સાધનામાં જોડાયાં. આ સમયે પોતે ડાયરીમાં લખે છે કે, "એમ લાગે છે કે, અહીંનું મારૂં કામ પૂરૂં થયું છે. આજ પ્રાર્થના કરી કે, 'હવે આ દેશમાં ગમતું નથી. જે દેશમાં જવાનું છે એ દેશની સઘળી વસ્તુઓ આજથી મને

બતાવો. આ દેશની માયા મટાડીને એ દેશની માયા વધારો. આ ભિક્ષા પૂર્ણ કરો.'"

હવે એમનું શરીર બિલકુલ પડી ભાગ્યું. આ વખતે નિર્દય મૃત્યુએ પોતાના બન્ને હાથ પસાર્યા હતા. ઇ૦ સ૦ ૧૮૯૯ ની ૨૭ મી મેને દિવસે એ કારી રોગે એમના ઉપર જોરથી હુમલો કર્યો. ૩ જી જૂને શ્વાસ બંધ થઇ જવા આવ્યો. ડૉકટરે પરીક્ષા કરી કહ્યું: "રૂમેટિઝમ ઓફ ધી હાર્ટ (છાતીનો સંધિવા) થયો છે." આ સમયે કયા ડૉકટરે તેમની સારવાર કરવી એ પ્રશ્ન ઊભો થયો; કારણકે આટલા દિવસ તેમના ધર્મબંધુ બાબુ પરેશનાથ ચટ્ટોપાધ્યાય તેમના ઘરમાં બધાની દવા કરતા હતા; પણ એ હોમિયોપેથિક ડૉકટર હતા. આવા અણીના વખતે તેમના એકલાના ઉપર કેવી રીતે ભરોંસો રાખી શકાય ? પણ અઘોરકામિનીએ મૃત્યુ સમયે પણ માનસિક બળનો પરિચય આપ્યો. તેમણે કહ્યું કે, "મારી દવા પરેશ બાબુજ કરશે; બીજા કોઇ ડૉકટરની જરૂર નથી." તેમની ઇચ્છા મુજબજ કરવામાં આવ્યું.

૧૩ મી જૂને મોટા દીકરાને બોલાવીને કહ્યુંઃ "માજીની પાસે જાઉં છું. હવે વાર લગાડાય એમ નથી. સુબોધ ! અસત્ય માર્ગે જતો ના. × × × મારે માટે રોતો ના."

આખરે ૧૫ મી જૂન આવી પહોંચી. એ એમની મહાયાત્રાનો દિવસ હતો. એ દિવસે બે ઉપર બાર મિનિટે એ અનંત સમાધિમાં લીન થઇ ગયાં. તેમના પ્રાણથી અધિક વહાલા સ્વામી તથા પુત્રપુત્રીઓ બધાં તેમની તરફ આકુળતાથી જોતાં રહ્યાં; પણ તેમની સમાધિ તૂટીજ નહિ. એ તો પોતે ચિરવાંચ્છિત જગજ્જનીના ખોળામાં અનંતકાળને માટે સૂઇ ગયાં.

હાય ! પુત્રપુત્રીઓ તેમને માટે અશ્રુ વરસાવવા લાગ્યાં; બંધુઓ રોઈ રોઇને વ્યાકુળ થઇ ગયા. ગામના ગરીબ લોકો તેમના મૃતદેહને ઘેરી લઇને હાય હાય કરવા લાગ્યા; પણ હાય ! તેમનો આત્મા તો ગયો તે ગયોજ.

આજ તેમનો મૃતદેહ જોવામાં આવતો નથી, પણ તેમનો અમર આત્મા આજ પણ કેટલીએ નારીઓના પ્રાણમાં શક્તિનો સંચાર કરે છે; કેટલાએ પુરુષોના હૃદયમાં ભક્તિનો ઉદય કરે છે; સ્વધર્માવલંબી કેટલાએ લોકો એમની અપૂર્વ જીવનકહાણી

સાંભળીને વિસ્મય પામે છે અને તેમના આત્માને ભક્તિની પુષ્પાંજલિ અર્પે છે. અમારી ઇશ્વર પાસે એજ પ્રાર્થના છે કે એ લોકો પણ એમનીજ માફક ભક્તિ અને ધર્મથી જીવનને કૃતાર્થ કરે!

દેવી અઘોરકામિનીના સ્વર્ગવાસ પછી બાંકિપુરની પ્રજા તરફથી એક સભા ભરવામાં આવી. તેમના આત્મા તરફ ભકિત પ્રગટ કરવા સારૂ એ શહેરના અનેક બંગાળી, હિંદુસ્તાની અને કેટલાક અંગ્રેજ સદ્‌ગૃહસ્થો ત્યાં એકઠા થયા હતા. ત્યાંના આગેવાન વકીલ બાબુ ગુરુપ્રસાદ સેને સભાનું પ્રમુખસ્થાન સ્વીકાર્યું હતું. તેમના અંગ્રેજી ભાષણનો કાંઇક સાર નીચે આપીએ છીએ.

"ઘણા સૈકાઓ પછી અહીં આવી સભા ભરાઇ છે. એક પ્રસિદ્ધ સન્નારીની સ્મૃતિ જાળવી રાખવાને માટે આજની સભા બોલાવવામાં આવી છે. ××× મિસિસ રોય (દેવી અઘોરકામિની) ના સંબંધમાં બોલતાં કહી શકાય કે, તેમના જીવનનો પ્રભાવ વિશાળ ક્ષેત્રમાં ફેલાયો હતો. × × જે કન્યાશાળામાં આપણે એકઠા થયા છીએ તે કન્યાશાળા ઘણા સમય અગાઉથી વર્તમાન હતી; પણ મિસિસ રોયે તેને નવી જિંદગી બક્ષી હતી. × × × તેમણે પોતાને ઘેર પોતાને ખર્ચે એક બોર્ડિંગ હાઉસની સ્થાપના કરી હતી. અહીંની બાલિકાઓ તેમનેજ પોતાની માતા ગણે છે. આ બોર્ડિંગ હાઉસમાં તેમના કુટુંબની આવકનો મોટો ભાગ ખર્ચાતો. મનુષ્યો તરફના તેમના પ્રેમનું સ્મરણ જાળવી રાખવા યોગ્ય છે. તેમના સમાગમમાં આવનારને માટે એ દેવીરૂપ હતાં. તેમણે ફક્ત બ્રાહ્મોસમાજીઓમાં પોતાનું કાર્ય કર્યું છે એમ નથી, હિંદુસમાજમાં પણ એમણે ઘણું કામ કર્યું છે."

બિહાર નેશનલ કોલેજના હાલના પ્રિન્સિપાલ શ્રીયુત દેવેંદ્રનાથ સેન એમ. એ. મહાશય બોલ્યા કે, "તેમણે બીજાઓને માટે પોતાનો પ્રાણ સમર્પણ કર્યો છે. બાલિકાઓ આગળ દાનશીલતા અને ઉદ્યમનું ઊંચા પ્રકારનું દૃષ્ટાંત રાખી ગયાં છે. મને યાદ આવે છે કે, એમણે કેવી રીતે માતાના જેવી કાળજીથી મારી સેવા કરી હતી. કોઇની પણ પીડાની વાત સાંભળતાં એ તરતજ ત્યાં દોડતાં. પોતાની તબિયત કે પૈસાના સામું જોતાં નહિ. આવી એક સન્નારીને માટે સન્માન દર્શાવવું, એ આપણી ખાસ ફરજ છે."

હિંદુસ્તાની સદ્‌ગૃહસ્થોના આગેવાન બાંકિપુરના પ્રસિદ્ધ

વકીલ શ્રીયુત ગજાધરપ્રસાદ બોલ્યાઃ "આવી મહાન નારીની તરફ સન્માન દર્શાવ્યાથી આપણે આપણી જાતનુંજ ગૌરવ વધારીએ છીએ. મિસિસ રૉય પોતાની બધી સુખસગવડોને ભૂલી જઇને પોતાનું ધન બીજાઓના કલ્યાણને માટે ખર્ચતાં હતાં."

પ્રેસિડેન્સી કૉલેજના હાલના અધ્યક્ષ મિસ્ટર એચ. આર. જેમ્સ બોલ્યા કે, "આવી એક સહૃદય નારીનું સ્મરણ જાળવી રાખવું વાજબી છે. એ પોતાના મહાન જીવન વડે દેશનું ગૌરવ વધારી ગયાં છે. એવી સ્ત્રીશિક્ષા ઉપરજ ભારતવર્ષના ઉદયનો ખરો આધાર છે."

ડૉ. જે. એન. ઘોષ મહાશયે જે કાંઈ કહ્યું તેનો સંક્ષેપ સાર આ મુજબ છેઃ—

"જે નારી હમણાં સંસારમાંથી ચાલ્યાં ગયાં છે તેમની વાત યુગના યુગ સુધી સ્મરણમાં રહેશે. તેમનું અંતઃકરણ આધ્યાત્મિક ભાવથી પરિપૂર્ણ હતું. એ હંમેશાં ઈશ્વરની શક્તિથી ચાલતાં; બાળકબાલિકાને સુખી કરવાં અને તેમનાં હૃદય ઇશ્વરભક્તિથી પૂર્ણ કરવાં એ તેમના જીવનનું શ્રેષ્ઠ કાર્ય હતું. હિંદુ, બ્રાહ્મ કે મુસલમાન એવો કાંઇ વિચાર એમના મનમાં નહોતો આવતો. બધાની સહાયતા માટે એ તૈયાર રહેતાં. એમની આગળ જ્યારે કોઇ ગૂંચવાડો ઊભો થતો ત્યારે તેને ઉકેલવા માટે એ ઈશ્વરની પાસે ખુલાસો પૂછતાં. આટલા માટે એમનાં બધાં કાર્યોમાં એમને સફળતા વરી છે."

દેવી અઘોરકામિનીના સંબંધમાં સ્વર્ગસ્થ પ્રતાપચંદ્ર મજુમદાર મહાશય લખે છે કે, "અઘોરકામિની દર વર્ષે કેટલાક સ્નેહીઓને લઇને રાજગૃહ નામના એક બૌદ્ધ તીર્થમાં જતાં. ફક્ત ધર્મસાધનજ તેમના આ પ્રવાસનો ઉદ્દેશ હતો. ત્યાં આગળ બેત્રણ દિવસ સુધી પ્રબળ ઉત્સાહથી ધર્મોત્સવ કરતાં, રસ્તામાં લોકોને મળીને જાહેર રીતે ઉપદેશ આપતાં તથા નગરસંકીર્તન કરતાં. આવી રીતે ધર્માત્મા સ્વામીની સાથે જોડાઇને એમણે ગાઢ ભક્તિ, નિષ્ઠા અને ઉચ્ચ વ્રતપાલન કર્યાં છે. ઇશ્વરોપાસનામાં અઘોરકામિનીની આસામાન્ય ભક્તિ જોઇને આચાર્ય કેશવચંદ્રે ઘણો સંતોષ પ્રગટ કર્યો હતો. વાસ્તવિક રીતે જોતાં ધર્મભાવ, પરસેવામાં પ્રવૃત્તિ, ભગવદ્ભક્તિ અને લોકસેવા એકસરખી રીતે

તેમના જીવનમાં ગૂંથાયલાં હતાં. પારકાંઓની સેવામાં તેમનું આત્મસમર્પણ, સત્કાર્યમાં ઉત્સાહ, સંસાર તરફ વૈરાગ્ય, ચિત્ત-શુદ્ધિ, પવિત્રતા, ધર્મ, વિશ્વાસ અને અસાધારણ ભગવદ્ભક્તિની કથા જે સાંભળશે તેને વિશુદ્ધ આનંદ ઉપજશે. શ્રીયુત પ્રકાશ-ચંદ્ર રૉય એમને સહધર્મિણીરૂપે પામીને ધન્યવાદને પાત્ર થયા છે અને પ્રકાશચંદ્રને પતિરૂપે પામીને એ ધન્ય થઇ ગયાં છે અને આપણે એ બંનેની તરફ શ્રદ્ધા અને પ્રીતિ દર્શાવીને સુખી થયા છીએ, ઉપકૃત થયા છીએ, કૃતાર્થ થયા છીએ."

દેવી અઘોરકામિનીના સંબંધમાં બીજા પણ અનેક વિદ્વાનો-ના સારા અભિપ્રાય મળી આવે એમ છે; પણ તેની જરૂર શી? આપણે સંક્ષેપમાં તેમનું જે જીવનચરિત્ર જોયું તે ઉપરથી આપણ-ને વિશ્વાસ છે કે, અઘોરકામિની માનવી હોવા છતાં પણ દેવીની માફક આ સંસારમાં સારાં કાર્યો કરીને સ્વર્ગધામમાં સિધાવ્યાં છે. સમાજ, ધર્મ અને કેળવણી તથા એ સિવાયનાં અન્ય ક્ષેત્રો-માં પણ એમણે પોતાની સેવાનો વિપુલ ફાળો આપ્યો છે. ખાસ કરીને સ્ત્રીજાતિની ઉન્નતિ માટેની તેમની ઊંડી તમન્ના અને જીવનની અંતિમ પળ સુધી કરેલા તનતોડ પ્રયત્નોનો જ્યારે આપણે વિચાર કરીએ છીએ, ત્યારે આપણું મસ્તક તેમના પ્રત્યે સહેજે માન અને શ્રદ્ધાપૂર્વક નમે છે. આપણા દેશની કેળવાયેલી સ્ત્રીઓ દેવી અઘોરકામિનીની માફક ભક્તિમતી નારી બને અને દેશની સેવા કરવાને તનમનધનથી યત્ન કરે, એજ અમારી સહૃદય પ્રાર્થના છે. એમ થશે ત્યારેજ દેશની દુર્ગતિનો નાશ થશે. અસ્તુ! અસ્તુ!!*

* આ સન્નારી વિષે વધારે જાણવા ઇચ્છનારે આજ લેખકે લખેલ અને પ્રકટ કરેલ "ભારતની દેવીઓ–ભાગ ૧ લા" માં "દેવી અઘોરકામિની"નું વિસ્તૃત ચરિત્ર વાંચવા ભલામણ છે.—પ્રયોજક

१६२–डॉ. आनंदीबाई जोशी

શ્રીમતી આનંદીબાઈ જોશીનો જન્મ ઇ. સ. ૧૮૬૫ માં પૂના નગરમાં તેમના મોસાળમાં થયો હતો. તેમના પિતાનું નામ ગણુપતરાવ હતું એ ખાધે-પીધે સુખી તથા ધર્મનિષ્ઠ, શાંત અને ઘણુાજ સાદા પુરુષ હતા.

આનંદીબાઈ બાલ્યાવસ્થામાં સુંદર, રમૂજી, હસમુખાં અને રમતિયાળ બાળા હતાં. પાછળથી શીતળા નીકળ્યાથી એમનું રૂપ જરા બગડી ગયું હતું.

છસાત વર્ષની વયે એમણે એક વાર પોતાના ઘરની સામે એક પાદરીને ભાષણ કરતાં સાંભળ્યો હતો. એ પણ પોતાની સાહેલીઓને એકઠી કરીને તે પાદરી સાહેબના ચાળા પાડતાં. એ વખતનો તેમનો હાવભાવ, જુસ્સો તથા પાદરીનું પૂરેપૂરૂં અનુકરણ જોઇને બધાં વિસ્મય પામી જતાં. તેમની માતા તેમને ‘પાદરણ’ કહીને ચિડાવતી હતી.

સાત વર્ષની ઉંમરે તેમને નિશાળે બેસાડવામાં આવ્યાં. તેમની સ્મરણશક્તિ ઘણી તીવ્ર હતી. કોઇ વાત એક વાર સાંભળ્યામાં આવે તો તે કદી ભૂલી જતાં નહિ; પરંતુ વાંચવાલખવા ઉપર તેમનું ચિત્ત ચોટતું નહિ. આખો દિવસ ઘેર રહીને ધિંગામસ્તી કરવાનું એમને બહુ ગમતું. આમ છતાં એમના પિતાનો એમના ઉપર ઘણો સ્નેહ હતો.

આનંદીબાઈ શરીરે હૃષ્ટપુષ્ટ અને બળવાન હતાં. પોતાનાથી મોટી ઉંમરનાં બાળકોને પણ કુસ્તીમાં હરાવતાં. આથી એમની એક માસીએ એમનું નામ “યમુના મલ્લ” પાડયું હતું. કસરત, યોગ્ય ખોરાક તથા કાળજીને લીધે એમના શરીરનો એવો વિકાસ થયો હતો કે, સાત વર્ષની વયે એ દશ વર્ષની બાળા જેવાં જણાતાં. આથી માતાપિતા તેમને માટે વર શોધવા લાગ્યાં, પણ

શીતળાથી તેમનું સૌંદર્ય જતું રહેવાથી વર મળતાં વાર લાગી.

આખરે ગોપાળ વિનાયક જોશી નામના એક પોસ્ટ ઑફિસના કારકુન સાથે એમનું લગ્ન થયું. એ ગૃહસ્થ વિધુર હતા અને સુધારક વિચારના હોવાથી વિધવા સાથે પુનર્લગ્ન કરવાનો વિચાર રાખતા હતા. આનંદીબાઈનું માગું સ્વીકાર્યા પછી પણ એ વિધવાની શોધમાં હતા, એવા અસ્થિર મનના એ હતા; પણ આખરે એક હિતૈષીના ધમકાવ્યાથી એમણે યમુનાબાઈ સાથે લગ્ન કર્યું હતું. લગ્ન પછી યમુનાનું નામ આનંદીબાઈ પડ્યું અને એજ નામથી એ પ્રસિદ્ધ થયાં.

લગ્ન કર્યા પછી ગણપતરાવના આગ્રહથી આઠ મહિના સુધી ગોપાળરાવ સાસરે રહ્યા. આનંદીબાઇ તેમનાથી યમરાજાના જેટલું બીતાં. પોતાની મરજી મુજબ આનંદીબાઇને ભણાવી શકાય એ માટે ગોપાળરાવે પોતાની બદલી અલિબાગ કરાવી. આનંદીબાઇની સાથે તેમની વૃદ્ધ દાદી પણ અલિબાગ ગઇ.

સારાં સારાં કપડાં તથા ઘરેણાંગાંઠાં પહેરવાનો આનંદીબાઇને વિશેષ શોખ હતો. ગોપાળરાવને આનંદીબાઇનો પહેરવેશનો ઠાઠ જરા પણ પસંદ પડતો નહિ. પરિણામ એ આવ્યું કે, આનંદીબાઈ પોતાની આગલી ટેવ છોડી દઇને સ્વામીના મતને અનુસરવા લાગ્યાં.

લગ્ન પછી બે વર્ષે આનંદીબાઇને એક પુત્ર જન્મ્યો; પણ એ બાળક આ દુનિયામાં દસ દિવસ કરતાં વધારે વખત જીવ્યો નહિ. આનંદીબાઇને ગોપાળરાવે હવે અંગ્રેજી ભણાવવાનો આરંભ કર્યો. તેમની સ્મરણશક્તિ ઘણી પ્રબળ હતી એટલે તે થોડા સમયમાંજ પાઠ પૂરો કરીને બાકીનો સમય અનેક અઠવાડિક અને માસિકપત્રો વાંચવામાં ગાળતાં. ખાનગી કાગળો લખવાનું કામ પણ ગોપાળરાવે તેમને સોંપ્યું હતું, એટલે તેમની ભાષા તથા શૈલી પણ સુધર્યાં અને હસ્તાક્ષર પણ સારા થયા.

અંગ્રેજી ભણાવવાની સાથે સાથે ગોપાળરાવ પોતાની પત્નીને લઈને લગભગ દરરોજ સંધ્યાકાળે હવા ખાવા સમુદ્ર-કિનારે જતા. મહારાષ્ટ્રીઓમાં પડદાનો-ઘૂમટાનો રિવાજ બિલકુલ નહિ હોવા છતાં પણ આ પ્રમાણે જુવાન પત્નીને સાથે લઈ સમુદ્ર-તીરે ફરવા જવાથી લોકો ગોપાળરાવની અનેક પ્રકારે મશ્કરી કરવા લાગ્યા. આખરે તેને અલિબાગથી કોલ્હાપુર બદલી કરા-

વવી પડી. એ વખતે આનંદીબાઇની ઉંમર તેર વર્ષની હતી.

અંગ્રેજ લોકોની રીત પ્રમાણે સ્ત્રીને શિક્ષણ આપવાની તેની ઇચ્છા છે એવું જાણ્યા પછી કોલ્હાપુરમાં પણ ગોપાળરાવ ઘણા લોકોના ઉપહાસને પાત્ર બન્યા.

કોલ્હાપુરમાં પાદરીઓ સાથે વાતચીત કરતાં ગોપાળરાવને જણાયું કે, અમેરિકા જઈ શકાય તો આનંદીબાઇને પોતાની ઇચ્છાનુસાર કેળવણી આપવાનું બની શકે; પરંતુ પાદરીઓએ એ બાબતમાં તેમને કોઇ પણ મદદ આપવાને બદલે યુક્તિ-પૂર્વક તેને ખ્રિસ્તીધર્મમાં વટલાવવાનો યત્ન કર્યો. આખરે કંટાળી જઇને ગોપાળરાવને તેમનો સંસર્ગ છોડવો પડયો. તે પહેલાંથીજ આનંદીબાઇને ખ્રિસ્તી બનાવવા સારૂ પાદરી મહાશયોએ તેની આગળ ઇશુખ્રિસ્તના માહાત્મ્યનું કીર્તન કર્યું હતું; પરંતુ તેર વર્ષનાં આનંદીબાઈની સ્વધર્મમાં એટલી બધી દૃઢ નિષ્ઠા હતી કે તેમના વિચારોમાં જરા પણ ફેરફાર થયો નહિ.

કોલ્હાપુરમાં આનંદીબાઈને ભણાવવાની સગવડ બંધ પડી ગઈ, એટલે ઇ. સ. ૧૮૭૯ના પ્રારંભમાં ગોપાળરાવ મુંબઇ ગયા. ત્યાં તેમણે પાદરીઓની એક નિશાળમાં આનંદીબાઇના શિક્ષણનો બંદોબસ્ત કર્યો. આનંદીબાઈ દરરોજ એકલાં પગે ચાલીને જતાં, તે ઉપરાંત તેમના પહેરવેશમાં પણ થોડીઘણી પાશ્ચાત્ય છટા આવી હતી. એને લીધે મુંબઇના પણ કેટલાક લોકો રસ્તામાં તેમને જોતાંવારજ ચાળાચટકા અને ઠઠ્ઠામશ્કરી કરતા.

મુંબઇમાં પાદરીઓની નિશાળમાં ભણતી વખતે આનંદીબાઇ હમેશાં સૌથી પહેલો નંબર રાખવાનો યત્ન કરતાં. અલિબાગથી કોલ્હાપુર જતી વખતે રસ્તામાં એક દિવસ ૧૩ વર્ષનાં આનંદીબાઇને ઉતારામાં એકલાં મૂકીને ગોપાળરાવ આઠ પ્રહર સુધી કયાંય સંતાઇ રહ્યા હતા! મુંબઇમાં રહેતી વખતે પણ ગોપાળરાવે સ્ત્રીનું સાહસ વધારવા વિવિધ ઉપાયો યોજ્યા હતા.

ત્યાર પછી ગોપાળરાવે આનંદીબાઈની દાદીને કલ્યાણ મોકલી આપી અને પોતે ત્રણ મહિનાની રજા લઇને ઉત્તર હિંદુસ્તાનમાં ફરવા નીકળી ગયા. ચૌદ વર્ષનાં બાલિકા આનંદીબાઇને મુંબઇમાં એકલાં રહેવું પડયું. એ વખતે એ નિશાળની બોર્ડિંગમાં રહેતાં અને દરરોજ બે વખત ગોપાળરાવની પહેલી વારની પત્નીના ભાઇને ઘેર જઇને ભોજન કરી આવતાં. આ

પ્રમાણે આવજા કરતી વખતે વેઠવા પડતા દુષ્ટજનોના ત્રાસથી કંટાળી જઇને આનંદીબાઈ દોઢ મહિના પછી કલ્યાણ શહેરમાં પોતાને પિયેર જઇને રહ્યાં.

ઉત્તર હિંદુસ્તાનમાં ફરી આવ્યા પછી ગોપાળરાવ દૂર-દેશાવરમાં બદલી કરાવવાનો યત્ન કરવા લાગ્યા. એ અરસામાં કચ્છભુજમાં ભુજની ટપાલ ઑફિસના પોસ્ટ માસ્તરની જગ્યા ખાલી પડી. અમલદારોએ ગોપાળરાવની એ જગ્યાએ બદલી કરી; પણ ભુજ ગયા પછી આનંદીબાઇને નિશાળે મોકલવાની સગવડ મળી નહિ, એટલે ગોપાલરાવ પોતેજ ફુરસદની વખતે તેમને શિક્ષણ આપવા લાગ્યા.

આનંદીબાઇને આટલા દિવસ સુધી રસોઇ કરતાં શીખવાની ફુરસદ મળી નહોતી. અત્યારસુધી દાદીની કૃપા હોવાથી રસોઇ કરવાનું પ્રયોજન તેમને કદી પડયું નહોતું; પરંતુ ભુજમાં આવ્યા પછી ઘરસંસારનો બધો ભાર તેના માથા ઉપર આવી પડ્યો. થોડા દિવસ એ દંપતીને શેકેલા ચણાજ ખાઇને ગાળવા પડયા.

દોઢ વર્ષ ભુજ નગરમાં રહ્યાથી આનંદીબાઇએ અંગ્રેજી ભાષામાં પ્રવીણતા મેળવી. બેએક સંસ્કૃત પુસ્તક પણ તેમણે પૂરાં કર્યાં હતાં. હવે તો તે સંસ્કૃત જ્ઞાનમાં ગોપાળરાવથી પણ આગળ વધી ગયાં ! કોઇ ગોરી મડમની સહાયતાથી એ શીવણ, ભરત અને ગૂંથણકામ પણ શીખ્યાં હતાં.

બીજી તરફ, ગોપાળરાવ સાથે થોડા સમય પૂર્વે પાદરીઓને જે પત્રવ્યવહાર થયો હતો, તે ‘ ક્રિશ્ચિયન રિવ્યુ ’ નામના અમેરિકાના એક માસિકપત્રમાં પ્રગટ થયો. એ પત્રવ્યવહાર દૈવ-યોગે શ્રીમતી મૅરી કાર્પેંટન્ર નામની અમેરિકાની એક દયાળુ અંતઃકરણની રમણીની જાણમાં આવ્યો. એમાં છપાયેલા પત્ર ઉપરથી ગોપાળરાવની અવસ્થા અને પાદરીઓએ તેની સાથે ચલાવેલી વર્તણુંકનો વૃત્તાંત તેના જાણ્યામાં આવ્યો. તેણે આનંદીબાઇને સહાનુભૂતિસૂચક ને ઉત્સાહવર્ધક પત્ર લખ્યો.

ભુજ નગરમાં એ પત્ર આનંદીબાઇને મળ્યો. આથી તેમના હૃદયમાં આનંદ થયો અને ઇશ્વરની કરુણા માટે ગાઢ વિશ્વાસ બેસી ગયો. આનંદીબાઇએ એક પત્ર લખીને મૅરી કાર્પેન્ટરનો તેની સહૃદયતા માટે આભાર માન્યો. એ દિવસથી બંને જણાં-

ઓ નિયમિત રીતે દર મહિને એકબીજાને પત્ર લખવા લાગ્યાં. એક પત્રમાં આનંદીબાઇએ શ્રીમતી કાર્પેન્ટરને લખ્યું હતું કે, "હિંદુઓ સાધારણ રીતે જેટલા શાંત સ્વભાવના અને સાત્ત્વિક પ્રકૃતિના છે તેટલા યૂરોપિયનો નથી. અમારા (દક્ષિણીઓ)માં પશ્ચિમના નિવાસીઓ કરતાં રોગની સંખ્યા ઓછી છે અને કામ-ક્રોધ આદિ મનોવિકારનો પ્રભાવ પણ ઘણો થોડો છે." વળી બીજા એક પત્રમાં લખ્યું છે કે, "યુરોપવાસીઓ એમ માને છે કે, સભ્યજાતિઓને હિંદુશાસ્ત્રમાં કાંઇ પણ શીખવાનું મળે એવું નથી." તેમનો એ વિચાર ભૂલભરેલો છે એ બતાવવા સારૂજ હું સંસ્કૃત ભણું છું. હું નિરામિષ (માંસમાછલી વગરનું) ભોજન કરૂં છું અને દેશી પોષાક પહેરૂં છું. મડમના જેવો પોષાક પહેરવાની મારી બિલકુલ ઇચ્છા નથી; એટલા માટે સ્વદેશી રીતભાતનું સંપૂર્ણપણે રક્ષણ કરીને અમેરિકામાં રહેવું મારે માટે સંભવિત થઇ શકશે કે નહિ, તે મને જણાવશો." કોઇ કોઇ પત્રમાં તો તેમણે પોતાની દેશની સ્ત્રીઓએ યોજેલાં વ્રતઅનુષ્ઠાનો વગેરેની આધ્યાત્મિક વ્યાખ્યા પણ શ્રીમતી કાર્પેન્ટરને સમજાવી હતી. એક કરતાં વધારે પત્રોમાં તેમણે પાદરીઓને દુરાગ્રહી, પારકાના ધર્મ ઉપર દ્વેષ રાખનારા અને સાંકડા મનવાળા કહ્યા છે.

શ્રીમતી કાર્પેન્ટરની સાથે પત્રવ્યવહારદ્વારા ધીમે ધીમે આનંદીબાઇનો સંબંધ ગાઢો થતો ગયો. બંને જણાં પોતપોતાના દેશની શિલ્પસામગ્રી અને અલંકારો એકબીજાને ભેટ તરીકે મોકલતાં. શ્રીમતી કાર્પેન્ટરની સાથે પરિચય બંધાયા પછી આનંદીબાઇનું અંગ્રેજી ભાષાનું જ્ઞાન ઘણું વધવા લાગ્યું.

આ સમયમાં બંગાળાના પોસ્ટ માસ્તર જનરલે ટપાલ ખાતામાં સ્ત્રીઓને નોકર રાખવા સંબંધી એક હુકમ બહાર પાડ્યો. એ ઉપરથી આનંદીબાઇને એ ખાતામાં કોઈ કામ ઉપર રખાવવાની ઇચ્છાથી ગોપાળરાવે પોતાની બદલી કલકત્તા કરાવી; પરંતુ ત્યાંનાં હવાપાણીના દોષથી આનંદીબાઈ માંદાં રહેવા લાગ્યાં. એ દેશમાં પડદાનો રિવાજ ઘણો સખ્ત હોવાથી ત્યાંના લોકો પણ તેના કષ્ટનું કારણ થઇ પડ્યા.

કલકત્તામાં નોકરી કરતી વખતે એક વાર એક સરકારી કાગળ ગોપાળરાવના હાથમાંથી અચાનક ખોવાઇ ગયો. એ વાંક માટે તેને થોડા સમય માટે નોકરી ઉપરથી બરતરફ થવું પડ્યું હતું.

આનંદીબાઇને ટપાલખાતામાં નોકરી અપાવવાને માટે ગોપાળરાવે જે યત્ન કર્યો હતો, તે હવે ફળીભૂત થયો. ટપાલખાતાના વડાએ આનંદીબાઇને મહિને ત્રીસ રૂપિયાના પગારની નોકરી આપી, પણ તે પહેલાં ગોપાળરાવના હાથે એક સરકારી કાગળ ખોવાઇ જવાથી તેમને થોડા સમય સુધી બરતરફ થવું પડવાથી સરકારી નોકરી ઉપર આનંદીબાઇને તિરસ્કાર ઉત્પન્ન થયો હતો, એટલે તેમણે નોકરીનો સ્વીકાર કર્યો નહિ. પછી ગોપાળરાવ નિર્દોષ ઠર્યા અને ૧૮૮૨ ની ૧ લી એપ્રીલે ફરીથી નોકરી પર દાખલ થયા, પણ તેમની બદલી શ્રીરામપુર ખાતે થઈ.

શ્રીરામપુરના નિવાસકાળમાં, થોડાક મહિનાની રજા લઇને ગોપાળરાવ પોતાની સ્ત્રી આનંદીબાઇ સાથે જયપુર, આગ્રા, લખનૌ, ગ્વાલિયર, કાનપુર, દિલ્હી, પ્રયાગ અને કાશી આદિ સ્થાનોમાં મુસાફરી કરવા ગયા હતા. આ પ્રવાસથી આનંદીબાઇનું જ્ઞાન વિશાળ થયું તથા પ્રવાસ સંબંધી માહિતી મેળવી. હિંદુસ્તાનમાં આનંદીબાઇનું શિક્ષણ શ્રીરામપુરમાંજ સમાપ્ત થયું. ત્યાંથીજ તે વૈદકશાસ્ત્ર ભણવા અમેરિકા દેશમાં ગયાં.

ગોપાળરાવની વર્તણુંક બીજી બાબતમાં ગમે તેવી હશે, પણ સ્વદેશની રમણીઓનું કલ્યાણ સાધવાની ઇચ્છાએ તરુણવયથીજ તેમના હૃદયમાં ઊંડું મૂળ ઘાલ્યું હતું. સ્ત્રીકેળવણી અને સ્ત્રીસ્વાતંત્ર્ય સંબંધી તેમના સમકાલીન સુધારકો જે આંદોલન કરી રહ્યા હતા, તેના એ વિશેષ પક્ષપાતી નહોતા. ખાલી મોંએથી બોલીને સુધારક કહેવરાવવા કરતાં સ્ત્રીજાતિનું ખરૂં હિત સાધવાનું તેને વિશેષ પસંદ હતું. એ વિષયમાં પોતાની સહધર્મિણીની ખાસ મદદ મળે એટલા સારૂ તેમને ધીરજ અને ખંતપૂર્વક શિક્ષણ આપીને પોતાનું અભીષ્ટ સાધવામાં ઉપયોગી બનાવ્યાં હતાં. દેશની અવસ્થાનું અવલોકન કર્યાથી તેમણે એવો વિચાર બાંધ્યો હતો કે, સારી સ્ત્રીડૉકટરોના અભાવથી ભારતવર્ષની મહિલાઓ ડગલે–પગલે અડચણ ભોગવે છે; જેથી એ અભાવ પૂરો કરવા માટે તેમણે પોતાની ક્ષુદ્ર શક્તિનો ઉપયોગ કર્યો હતો. વળી આપત્તિને સમયે સ્ત્રી પોતાનું ગુજરાન જાતેજ ચલાવી લે, એવી સ્થિતિમાં તેમને મૂકવાનો બીજો ઉદ્દેશ હતો. શ્રીરામપુરથી આનંદીબાઇએ શ્રીમતી કાર્પેન્ટરને લખ્યું હતું કે, “ ચિકિત્સાવિદ્યા શીખીને અમારા દેશનો એક મોટો અભાવ દૂર કરવાને હું ઘણી

વ્યગ્ર થઇ છું. સ્વામીના ઉપદેશને લીધે તે વિષય મારા હૃદયમાં એવી દઢતાથી છપાઇ ગયો છે, જે કદી ભૂંસાઇ જવાનો નથી.”

આવા મહાન ઉદ્દેશથી પ્રેરાઇને આ મહારાષ્ટ્રીય દંપતીએ અમેરિકા જવાનો સંકલ્પ કર્યો હતો. વળી પાશ્ચાત્ય અને દેશી વૈદકશાસ્ત્રનું મિશ્રણ કરીને દેશની વર્તમાન અવસ્થાને ઉપયોગી થઇ પડે એવી ચિકિત્સાપદ્ધતિ યોજવા તરફ પણ આનંદીબાઇનું લક્ષ હતું. પૈસાની તંગીને લીધે તેમનો આ સંકલ્પ ઘણા દિવસ સુધી પાર પડી શક્યો નહિ.

શ્રીરામપુરમાં કેટલાક દિવસ રહ્યા પછી ગોપાળરાવે અમેરિકા જવા સારૂ પોતાના ઉપરી પાસે બે વર્ષની રજા માગી. તેમણે વિચાર્યું હતું કે, “ પત્ની સાથે પોતે અમેરિકામાં હશે તો તેને સગવડ પડશે અને બે વર્ષમાં આનંદીબાઇનો અભ્યાસ સમાપ્ત થશે.” પરંતુ અમલદારોએ તેમને રજા આપવાની ના કહી; જેથી ઘણો વિચાર કરીને તેમણે એક દિવસ આનંદીબાઇને કહ્યું: “ મને લાગે છે કે, હવે નકામો સમય ગુમાવવાથી કાંઇ લાભ નથી; એટલા માટે તમે એકલાંજ અમેરિકા જાઓ ! હું થોડા દહાડા પછી ત્યાં આવી પહોંચવાનો યત્ન કરીશ. ”

સ્વામીની વાત સાંભળીને આનંદીબાઇ આશ્ચર્યચકિત થઇ ગયાં; પરંતુ એ ઉત્તર આપે તે પહેલાંજ ગોપાળરાવ બોલ્યા: “ આજ સુધી કોઇ બ્રાહ્મણની પત્ની એકલી પરદેશમાં ગઇ નથી; તેથી તમે એ સંબંધમાં બધાનાં માર્ગદર્શક બનો. સ્વદેશી રીતભાતમાં જરા પણ ફેરફાર થવા દીધા વગર, પોતાની વર્તણુંકના ગુણથી અમેરિકાના વતનીઓને હિંદુસ્તાનની રીતભાતનાં પક્ષપાતી બનાવજો. સ્ત્રીઓદ્વારા કોઇ પણ મોટું કાર્ય સધાવાનું નથી એવું જે હિંદવાસીઓનું માનવું છે, તેને તમે ખોટું સાબિત કરી આપજો. આ દેશમાં ઘણા સુધારકો સ્ત્રીજાતિના કલ્યાણને માટે મોઢેથી ઘણા દિવસો થયાં આંદોલન કરતા આવ્યા છે; પરંતુ તેમનાથી કાંઇ કાર્ય થઇ શક્યું નથી, તો તમે એ અઘરૂં કામ થોડું ઘણું પણ સાધીને બધા લોકોને ઉદાહરણરૂપ બનો.”

સ્વામીના ઉપદેશને લીધે આનંદીબાઇના હૃદયક્ષેત્રમાં દેશહિતનાં બી પહેલેથીજ રોપાઇને અંકુરિત થયાં હતાં; એટલે સ્વામીની આ આજ્ઞા સાંભળતાંવારજ આનંદીબાઇએ પોતાની સંમતિ જણાવી. લાંબી મુસાફરીને લીધે થનારી જુદાઇ અને

પરદેશમાં પડતા સુખદુઃખનું સ્મરણ કરીને એ થોડી વાર મૂંઝાયા ખરા; પરંતુ પરમેશ્વરની કરુણામાં દૃઢ વિશ્વાસ હોવાથી તેમણે પોતાનો ઘણા દિવસનો સંકલ્પ છોડી દીધો નહિ. શ્રીમતી કાર્પેન્ટર ઉપરના એક પત્રમાં તેઓ પોતાનો નિશ્ચય જણાવે છે કેઃ—

“ મેં પ્રતિજ્ઞા કરી છે કે, જે કાર્ય માટે હું અમેરિકા જાઉં છું, તે કાર્ય સિદ્ધ નહિ થાય તો સ્વદેશમાં પાછી નહિ ફરૂં. જો નિષ્ફળ નીવડીશ તો ભારતમાં ફરીથી કોઇને મોં દેખાડીશ નહિ. પ્રાચીન કાળની હિંદુરમણીઓ કેવી બુદ્ધિમતી, શૂરવીર અને પરોપકારી હતી, તે હું જાણું છું. તેમના વંશમાં જન્મ ગ્રહણ કરીને એમના નામને હું કદી કલંકિત કરીશ નહિ. ગમે તે પ્રકારે હું મારા કર્તવ્યનું પાલન કરીશ. મને વિશ્વાસ છે કે કોઇ મારૂં અનિષ્ટ કરી શકશે નહિ; કારણકે એક માત્ર ઈશ્વર વગર કોઈ માણસ બીજાનું ઇષ્ટ કે અનિષ્ટ કરી શકતો નથી. આપણે બધાં જ્યારે પરમેશ્વરનાં સંતાન છીએ, ત્યારે મારે કષ્ટ શું કામ ભોગવવું પડશે ? મારે મારૂં કર્તવ્યપાલન કરવુંજ પડશે. ‘મંત્રનું સાધન કે શરીરનું પાતન !’ મરીશ કે જીવીશ પણ સંકલ્પમાંથી પાછી હઠીશ નહિ. * * * હું જેના ઘરમાં રહું, તે મને પોતાની કન્યાની માફક રાખે, એટલીજ મારી પ્રાર્થના છે. ત્યાં રહેતી વખતે મારે હાથે રાંધવું પડશે એથી ખર્ચ પણ થોડું આવશે.”

આ પત્ર લખાયો તે સમયે આ વીર બાળાની ઉંમર ફક્ત સત્તર વર્ષની હતી.

ગોપાળરાવ મુંબઇની થિયોસોફિકલ સોસાયટીના એક સભાસદ હતા. એ સંબંધને લીધે આનંદીબાઇના અમેરિકા જવાના સમાચાર સાંભળીને કર્નલ ઓલકોટે અમેરિકાના એક ન્યાયાધીશ ઉપર તેમને ભલામણપત્ર લખી આપ્યો. ત્યાર પછી સારો સંગાથ ખોળવામાં તથા બીજી અનેક જાતની તૈયારીઓ કરવામાં ઘણા દિવસ નીકળી ગયા. પેલી તરફ આનંદીબાઇ અમેરિકા જશે, એ વાત વર્તમાનપત્રોદ્વારા જાહેર થતાં, તેમના સગાંસંબંધીઓ તથા મિત્રો અનેક પ્રકારે તેમના કામમાં વિઘ્ન નાખવા લાગ્યાં; પણ આનંદીબાઇએ પોતાના સંકલ્પનો ત્યાગ કર્યો નહિ.

આનંદીબાઇના અમેરિકા જવાના કારણ સંબંધી અનેક લોકો-

એ તેમને અનેક પ્રકારના પ્રશ્નો કર્યા હતા. એ બધા પ્રશ્નોના ઉત્તર આનંદીબાઇએ સ્થાનિક નિશાળમાં એક જાહેરસભા બોલાવીને એક ભાષણદ્વારા આપ્યા હતા. સત્તર વર્ષની બ્રાહ્મણ યુવતીને મોંએથી ખુલ્લી સભામાં અંગ્રેજીમાં અસ્ખલિત ભાષણ અપાતું જોઇને ઘણા લોકો વિસ્મય પામી ગયા.

શ્રીરામપુરની કૉલેજમાં પણ તેમણે એજ મતલબનું ભાષણ આપ્યું. ત્યાર પછી ઘણા કેળવાયલા મનુષ્યોએ તેમને ઉત્સાહ-પૂર્વક કાગળો લખ્યા. ટપાલખાતાના ડાયરેક્ટરે આ સમાચાર જાણીને આનંદીબાઇ ઉપર, મદદ તરીકે સો રૂપિયાની એક નોટ મોકલી આપી અને અમેરિકાના બે પ્રતિષ્ઠિત ગૃહસ્થો ઉપર ભલા-મણપત્ર લખી આપ્યા; એટલુંજ નહિ પણ આનંદીબાઇના ઉદ્દે-શની પ્રશંસાપૂર્વક, અમેરિકાના વર્તમાનપત્રમાં તેમનું જીવન-ચરિત્ર લખીને તેના પ્રતિ અમેરિકાવાસીઓની સહાનુભૂતિ પણ જાગૃત કરી. ડૉકટર થૉબર્ન નામના એક કલકત્તાપ્રવાસી અમે-રિકન પાદરી પાસેથી પણ આનંદીબાઈએ તેમના અમેરિકામાં રહેનારા મિત્રો ઉપર ભલામણના પત્રો મેળવ્યા.

૧૮૮૩ ની ૭ મી એપ્રિલનો દિવસ આનંદીબાઇની અમે-રિકાની યાત્રા માટે નક્કી કરવામાં આવ્યો. પહેલાં તો ગોપાળ-રાવે તેમની સાથે એડન સુધી અથવા એટલું ન બને તો મદ્રાસ સુધી જવાનો નિશ્ચય કર્યો હતો; પણ પૈસા અને ફુરસદની અગવડને લીધે તેમને તે સંકલ્પ પણ છોડી દેવો પડ્યો. આખરે શ્રીમતી જોન્સન નામની એક મહિલાએ તેમને આશ્વાસન આપ્યું કે, “ આનંદીબાઇને હું મારી સંગાથે લઇ જઇશ.”

ત્યાર પછી મુસાફરીની તૈયારીઓ શરૂ થઇ. આપણા દેશ-ના પદાર્થ અમેરિકામાં સહેલાઇથી મળી શકશે નહિ એમ વિ-ચારીને આનંદીબાઇએ પુષ્કળ ચૂડીઓ, કાંચળીઓ, દેશી કાપડ, મરાઠી સાડી અને ઉત્કૃષ્ટ દેશી સિંદૂર વગેરે ચીજો સાથે લીધી હતી. આનંદીબાઇ પરદેશી વસ્તુઓ વાપરવાની સખ્ત વિરુદ્ધ હતાં; એટલા માટે ત્રણ વર્ષ સુધી ચાલે એટલી બધી વસ્તુઓ તેમને અહીંથી સાથે લઇ જવી પડી હતી. અમેરિકામાં આપણા દેશ કરતાં ટાઢ વધારે પડે છે, એમ જાણીને આનંદીબાઇએ દેશી બનાત તેમજ કેટલાંક જાડાં વસ્ત્રો જોઇતા પ્રમાણમાં સાથે રાખવા ઉપરાંત અમેરિકાવાસીઓને દેખાડવા સારૂ રામ-

ચંદ્ર, શંકર, પાર્વતી વગેરે દેવદેવીઓનાં ચિત્રો પણ પોતાની સાથે રાખ્યાં હતાં.

૬ ઠ્ઠી એપ્રિલના રાતના અગિયાર વગ્યા સુધી તૈયારીઓ કર્યા પછી, આનંદીબાઇ સૂઇ ગયાં. એ રાત્રે ગોપાળરાવને નિદ્રા આવી નહિ. વિવિધ પ્રકારની ચિંતાઓ આખી રાત તેમના મગજમાં ઘોળાયા કરી.

પાછલી રાતના ત્રણ વાગ્યા એટલે ગોપાળરાવે સહધર્મિણીને જગાડી અને તૈયાર થવા કહ્યું. આનંદીબાઈ બેઠાં થયાં એટલે તરતજ પ્રબળ શોકાવેગથી ગોપાળરાવનો કંઠ રૂંધાઈ ગયો. પ્રિય સ્વામી અને જન્મભૂમિથી દૂર થઇને, દૂર દેશમાં રહેવાના વિચારથી આનંદીબાઇનું હૈયું પણ ભરાઇ આવ્યું અને તેમનામાં બોલવાની શક્તિ પણ રહી નહિ. તેથી મૂંગે મોઢે શોક અને ગંભીરતાપૂર્વક સગાંસંબંધીઓને નમસ્કાર કરીને એ પોતાના સ્વામી સાથે ગાડીમાં બેસીને બંદર તરફ ચાલ્યાં. રસ્તામાં બંનેની દૃષ્ટિ એકીટશે એકબીજાની તરફ લાગેલી હતી. બંનેમાંથી કોઇની પણ જીભ ઊપડી શકી નહિ.

બંદર ઉપર પહોંચ્યા પછી આનંદીબાઈ સ્ટીમરમાં બેઠાં. મિસિસ જોન્સનના હાથમાં પોતાની પત્નીને સોંપીને ગોપાળરાવ બોલ્યાઃ "થોડા ખર્ચ છતાં પણ બની શકે તેટલા સુખ અને સગવડપૂર્વક મારી સ્ત્રી અમેરિકા પહોંચી શકે એવો આપ પ્રયત્ન કરશો તો હું ઘણો આભારી થઇશ." એ વાત સાંભળીને મિ. જોન્સને ઘણા ઉદ્ધતભાવે જવાબ આપ્યોઃ "એ બની શકશે નહિ. મારી સ્ત્રીની સાથે મોકલો છો, તો તમારી સ્ત્રીને પણ તેની માફકજ ખર્ચ કરવું પડશે." આ ઉત્તરથી ગોપાળરાવના હૃદયને વજ્રાઘાત થયો; પણ એ વખતે આનંદીબાઇને ઉતારી લેવાનો સમય નહોતો, એટલે તેમણે આનંદીબાઇને કહ્યું: "તમે કરુણામય સર્વસાક્ષી પરમેશ્વર ઉપર ભરોંસો રાખજો."

ત્યાર પછી ત્યાં આગળ ઊભા નહિ રહી શકાયાથી ગોપાળરાવ પણ આંસુ લૂંછતો લૂંછતો ઘર તરફ ચાલ્યો. પેલી તરફ આનંદીબાઇનો અત્યાર સુધી રોકી રાખેલો શોકાવેગ ઊભરાઇ આવ્યો. તેમનાથી હવે રુદનને રોકી શકાયું નહિ. પ્રબળ અશ્રુધારા તેમના ગાલ પર થઇને વસ્ત્રને ભીંજવવા લાગી. સ્ટીમર જ્યાંસુધી દૃષ્ટિમર્યાદાની બહાર ન પહોંચી ત્યાંસુધી તેમની આંસુ-

ભરી દૃષ્ટિ ગોપાળરાવના તરફ સ્થાપિત રહી હતી. ગોપાળરાવના ચાલ્યા ગયા પછી પણ ઘણી વાર સુધી આનંદીબાઈ ચિત્રમાં આંકેલ પૂતળીની પેઠે સ્વામીના ધ્યાનમાં નિમગ્ન રહ્યાં હતાં.

આગબોટમાં બેઠા પછી આનંદીબાઇને મિસિસ જોન્સનના અયોગ્ય વ્યવહારથી ઘણુંજ દુઃખ ભોગવવું પડ્યું. મિસિસ જોન્સન એક પાદરીની રમણી હતી. તેણે આનંદીબાઇને ખ્રિસ્તી બનાવવાના હેતુથી બેહદ દુઃખ દીધું હતું. સ્ટીમરમાં તેણે પ્રથમ તો મીઠા ઉપદેશથી અને ત્યાર પછી લાલચથી અને છેવટે તિરસ્કાર તથા ભય દર્શાવીને અસહાય આનંદીબાઇ પાસે સ્વધર્મનો ત્યાગ કરાવવાનો યત્ન કર્યો હતો; પરંતુ દૃઢ મનનાં આનંદીબાઇ કોઇ પણ રીતે સ્વધર્મનો ત્યાગ કરવા સંમત થયાં નહિ.

ત્યાર પછી બીજી જાતની લાલચ અને વિપત્તિઓ શરૂ થઈ. એ સ્ટીમરનો ગોરો એન્જિનિયર આનંદીબાઇને એકલી જોઇને તેમની અનેક પ્રકારે ઠઠ્ઠામશ્કરી કરવા લાગ્યો અને પોતાની સાથે નીચે જઇને સ્ટીમરનું સાંચાકામ જોવાનો આગ્રહ કરવા લાગ્યો. એ યુક્તિ વ્યર્થ જવાથી એન્જિનિયરે એક સોનાની કિંમતી ઘડિયાળ ભેટ આપવાની માગણી કરી; પરંતુ સાધ્વી આનંદીબાઇએ તે નામંજૂર કરી.

આનંદીબાઇને આ પ્રમાણે અચળ અને દૃઢ જોઇને મિસિસ જોન્સનનો આનંદીબાઈ ઉપરનો કંટાળો ઘણો વધી પડ્યો. સ્ટીમરમાં આનંદીબાઈ દાંતના દુખાવાથી ઘણું પીડાયાં હતાં. એ દશામાં તેમને કેટલાક દિવસ સુધી બિલકુલ ભૂખ્યાં રહેવું પડ્યું હતું;પરંતુ કઠોર હૃદયની મિસિસ જોન્સન એક દિવસ પણ તેમની પાસે ગઈ નહોતી. સ્ટીમરમાંની બીજી ગોરી મહિલાઓએ પણ મિસિસ જોન્સનના માર્ગનું અનુસરણ કર્યું હતું; એટલુંજ નહિ પણ સાધારણ રીતે લોકો પોતાની દાસદાસીઓ સાથે જેવો વ્યવહાર રાખે છે, તેવો વ્યવહાર આ ગોરી મડમોએ શ્રીમતી આનંદીબાઇ સાથે રાખ્યો હતો. આનંદીબાઇ માંસમદિરા આદિ અખાદ્ય વસ્તુઓ ખાવાને ના કહેતાં ત્યારે તેઓ તેમની મશ્કરી કરતાં પણ અચકાતી નહિ; એટલુંજ નહિ પણ વખતોવખત એમાંની બેએક જણીઓ આનંદીબાઇના ઓરડામાં પેસી જઇને, તેમને બિચારાંને ઉપર ડેક (તુતક) ઉપર ખુલ્લી જગ્યામાં રહેવાની ફરજ પણ પાડતી. આ પ્રમાણે અનેક પ્રકારનાં કષ્ટ અને

અપમાન સહન કર્યાં છતાં પણ આનંદીબાઇએ તેમના તરફ કોઈ પણ જાતનો તિરસ્કાર પ્રકટ ન કર્યો.

સ્ટીમરમાં આનંદીબાઈ દરરોજ બેત્રણ બટાકા સિવાય બીજું કાંઇ ખાતાં નહિ. આ પ્રમાણે તે ૧૦ મી મેને દિવસે લંડન અને ૧૬ મી મેને દિવસે લીવરપૂલ પહોંચ્યાં. ત્યાં બેએક દિવસ રહીને તે અમેરિકા જનારી સ્ટીમરમાં બેઠાં. મિસિસ જોન્સને એ વખતે પણ તેમનો પરિત્યાગ કર્યો નહિ. સ્ટીમર અમેરિકાની પાસે પહોંચી એટલે તેણે આનંદીબાઇને કહ્યુંઃ "મિસિસ જોશી! તમારા સ્વામી તમને મારા હાથમાં સોંપી ગયા છે, એટલે મિસિસ કાર્પેન્ટરનો તમારા ઉપર કાંઈ પણ અધિકાર નથી." ત્યાર પછી એ દુષ્ટ સ્ત્રીએ "મેરી કાર્પેન્ટર ઘણીજ ખરાબ ચાલની સ્ત્રી છે" એવું સમજાવવાનો યત્ન કર્યો હતો. આનંદીબાઇએ તેની એવી વાતો ઉપર અણગમો બતાવ્યો, ત્યારે એ પાપી સ્ત્રીએ તેને 'ચોર, દુષ્ટ, અસભ્ય અને ખૂની' વગેરે જાતજાતના અપશબ્દો કહીને પીડા આપી હતી. ત્યાર પછી પણ બોસ્ટન શહેરમાં તેમને લઇ જઇને ખ્રિસ્તીધર્મની દીક્ષા આપવાનો પ્રયત્ન કરવાનું એ મડમ ચૂકી નહોતી. આ જુલમની વાત આનંદીબાઇએ ઘણા દિવસ સુધી પોતાના સ્વામીને પણ જણાવી નહોતી. અમેરિકા પહોંચ્યા પછી ઘણે દિવસે એક પત્રમાં, પ્રસંગવશાત્ તેમણે પોતાના સ્વામીને માત્ર સારરૂપે એ સંબંધી લખ્યું હતું.

યથાસમયે આનંદીબાઈ રોશેલની પાસેના બંદરમાં જઇ પહોંચ્યાં. ત્યાં મિસિસ કાર્પેન્ટર બંદર ઉપર આવ્યાં. આનંદીબાઈ સ્ટીમરમાંથી ઊતર્યાં એટલે એકદમ તેમનો મેળાપ થયો. તેઓએ ત્યાંથી આગગાડીમાં બેસીને રોશેલ તરફ મુસાફરી કરી. એ પ્રથમ મુલાકાત વખતે આનંદીબાઇની વર્તણુંક જોઇને મિસિસ કાર્પેન્ટરે નીચે પ્રમાણે અભિપ્રાય લખી જણાવ્યો હતોઃ—

"આનંદીબાઇ કદી પણ પ્રયોજન કરતાં વધારે બોલતી નથી, તેમ છેક થોડાબોલી પણ નથી. તેના જેવી ગંભીરતા મોટી વયની ઘણી રમણીઓમાં પણ જવલ્લેજ દીઠામાં આવે છે. આનંદીબાઈ સાથે બંદર ઉપર મારી પ્રથમ મુલાકાત થઈ ત્યારે મેં મનમાં વિચાર કર્યો હતો કે, એ બીજી ચપળ સ્ત્રીઓની પેઠે ગાડીની બારીઓમાંથી મોં બહાર કાઢીને ચારે તરફ દૃષ્ટિપાત કરશે અથવા તો પ્રત્યેક નવી જોયેલી વસ્તુ સંબંધી જાતજાતના

પ્રશ્ન કરીને મને કંટાળો આપશે; પણ એમાંનું કશુંયે બન્યું નહિ. એ ઘણુજ ગંભીર ભાવથી ગાડીમાં બેસી રહી હતી. ઘણી વાર મારા મનમાં એમ થતું કે આ વખતે તો એ પ્રશ્ન પૂછ્યા વગર રહેશેજ નહિ; પરંતુ તેણે મને કોઇ પણ વસ્તુ સંબંધી શરૂઆતમાં કાંઇ પણ સવાલ કર્યો નહિ. કહેવાની જરૂર નથી કે બુદ્ધિની સ્થૂળતા અથવા જિજ્ઞાસાવૃત્તિનો અભાવ એ તેનાં કારણ નહોતાં. તેણે પાછળથી મારી સાથે જે બધી વાતચીત કરી તે ઉપરથી હું સમજી કે તીક્ષ્ણ બુદ્ધિના પ્રભાવથી અજાણ્યા દેશની અનેક બાબતોનો કાર્યકારણ સંબંધ એ દૃષ્ટિ નાખતાંની સાથેજ સમજી શકી હતી. અહીં આવ્યા બાદ રોજ નવા પદાર્થ અને નવા રીતરિવાજ જોઇને પણ તેણે કદી એના સંબંધી પ્રશ્ન પૂછીને મને કંટાળો આપ્યો નથી. તેની વર્તણુંકમાં દોષ કાઢવા જેવું કાંઇ પણ નથી. તેની કાર્યકુશળતા, એકાગ્રતા અને સદાચાર આદિ ગુણો બધાંએ અનુકરણ કરવા યોગ્ય છે.”

અમેરિકા પહોંચ્યા પછી આનંદીબાઇએ મિસિસ કાર્પેન્ટર સાથે પ્રથમ ન્યુ જરસી નગરમાં તેમના ઘરમાં વાસ કર્યો. ત્યાં તેમને ચાર મહિના સુધી રહેવું પડ્યું. ત્યાંના નિવાસના થોડા દિવસમાંજ એ કાર્પેન્ટરના પરિવારનાં બધાં મનુષ્યોનાં પ્રીતિપાત્ર બન્યાં હતાં. બાળકબાલિકાઓ પણ તેમની આ હિંદુ ભગિનીથી વિખૂટાં પડતાં નહિ. પડોશણો પણ તેમના તરફ ઘણી માયાળુ થઇ ગઇ હતી. પરદેશમાં જઇને, લોકો મશ્કરી કરે એવા વિચારથી પારકાઓની રીતભાતનું અવલંબન કરવાની વાત તો દૂર રહી; પણ આનંદીબાઇએ એથી ઊલટું કાર્પેન્ટરના પરિવારમાં ઘણી બાબતમાં હિંદુઓના રીતરિવાજ દાખલ કર્યા હતા. આનંદીબાઇ મિસિસ કાર્પેન્ટરને કદી નામ દઇને બોલાવતાં નહિ. મુરબ્બીઓને નામ દઇને બોલાવવાની રીત પશ્ચિમના દેશોમાં સર્વત્ર પ્રચલિત છે; એટલુંજ નહિ પણ ત્યાં પુત્ર પણ પિતાને નામ દઇને બોલાવતાં સંકોચાતો નથી, પણ આનંદીબાઇના આચરણ ઉપરથી મિસિસ કાર્પેન્ટરનાં બધાં સગાંઓ તે સંબંધમાં હિંદુ રિવાજને શ્રેષ્ઠ સમજવા લાગ્યા હતાં. પ્રાતઃકાળમાં ‘શેકહેન્ડ’ ને બદલે નમસ્કાર કરવાનો અને આશીર્વાદ આપવાનો રિવાજ પણ તેમણે ગ્રહણ કર્યો હતો. આનંદીબાઇએ કાર્પેન્ટરના પરિવારમાં ‘હેલ્ના’ ‘સુચાર્ટ’ અને ‘આમી’ વગેરે

નામને બદલે 'તારા' 'સગુણા' અને 'પ્રમીલા' નામ દાખલ કર્યાં. તેમણે પોતાની અનેક સખીઓને પણ ભારતવર્ષીય સાડીની પક્ષપાતી બનાવી હતી. કેવળ એટલુંજ નહિ, પરંતુ તેમનામાંની અનેક તો મહારાષ્ટ્રની રીત પ્રમાણે વેણી ગૂંથવાનો અને કપાળમાં ચાંલ્લો કરવાનો શોખ પણ રાખવા લાગી. શ્રીમતી કાર્પેન્ટરના ઘરમાં સાડીનું માહાત્મ્ય એટલું બધું વધી પડયું હતું કે, બાલકબાલિકાઓ પોતાની ઢીંગલીઓને પણ સાડી પહેરાવ્યા વગર સંતોષ પામતાં નહિ.

આનંદીબાઇએ ભારતવર્ષ છોડયા પછી ગોપાળરાવે તેને એક પત્ર લખીને જણાવ્યું હતું કે, "આવશ્યક લાગે તો પરદેશી વસ્ત્રાભૂષણ પહેરવાં અને માંસાહાર કરવો." પણ સ્વદેશી આચાર વિચારો ઉપર આનંદીબાઇની એટલી બધી ગાઢ પ્રીતિ હતી કે, તેમણે જરા પણ માંસાહાર કર્યો નહિ. એ હમેશાં પોતાને હાથે દાળ રોટલી રાંધીને ખાતાં. એ દેશમાં ઠંડીનું જોર વિશેષ હોવાથી એમને પોતાના પોશાકમાં સાધારણ ફેરફાર કરવો પડયો હતો. મહારાષ્ટ્રીય રીત પ્રમાણે સાડી પહેર્યાથી બંને પગનો નીચેનો ભાગ થોડો ખુલ્લો રહે છે તેથી એ ગુજરાતી ઢબની સાડી પહેરતાં; પરંતુ સ્વદેશમાં આવવા સારૂ આગબોટમાં ચડયા પછી તો તરતજ મહારાષ્ટ્રીય ઢબની સાડી પહેરી હતી. સ્વદેશી પોશાક પહેરવા માટે તેમને ઘણી વાર ઈંગ્લેંડ, આયર્લેંડ અને અમેરિકામાં અડચણ પણ વેઠવી પડી હતી. પાશ્ચાત્ય સમાજમાં ઉપહાસને પાત્ર થવું પડશે એમ ધારીને પ્રવાસમાં જે લોકો યુરોપિયન રીતરિવાજનું અનુકરણ કરે છે અને સ્વદેશમાં આવ્યા પછી પણ ટેવનું બહાનું કાઢીને જે લોકો પ્રચંડ ગ્રીષ્મ સમયમાં પણ સાહેબશાહી ખાણું ખાવાનો શોખ ધરાવે છે તથા ગરમ કપડાંથી દેહને ઢાંકીને સાહેબશાહી મર્યાદાનું રક્ષણ કરે છે, તેઓ એક વખત આનંદીબાઇના દૃષ્ટાંતનું સ્મરણ કરશે તો ઘણું સારૂં થશે.

અમેરિકામાં વાસ કરતાં વખતે આનંદીબાઇની અજ્ઞાનતા કોઈ દિવસ જણાઇ આવી નથી. કોઇને તેમને અનાડી કહેવાનો પ્રસંગ મળ્યો નથી. તીક્ષ્ણ બુદ્ધિબળને લીધે બેએક દિવસમાંજ એ ઘરકામમાં યથોચિત અભિજ્ઞતા મેળવી ચૂકયાં હતાં. મિસિસ કાર્પેન્ટરના ઘરમાં રાંધવા સિવાયના બીજા બધા ઘરકામમાં એ

મદદ આપતાં. બાલ્યાવસ્થાથીજ રમતગમત ઉપર તેમને ઘણો શોખ હતો. એક વાર જોવાથીજ અમેરિકાનાં બાલક–બાલિકાઓની રમતો તેઓ એવી સરસ રીતે શીખી ગયાં હતાં કે, તેમની સાથે રમવાનો પહેલી વાર પ્રસંગ આવ્યો ત્યારે સૌથી ઊંચો નંબર એમનોજ આવ્યો. સંગીતવિદ્યાથી પણ એ છેક અજાણ્યાં નહોતાં. જે લોકો તેમને મળવા સારૂ આવતા તેમને ઘણી વાર બ્રહ્મજ્ઞાન અને ભક્તિવિષયક મરાઠી સંગીત સંભળાવીને પરિતૃપ્ત કરતાં. તેમનું સંગીત શ્રવણ કરીને બધાં તેમની ઘણીજ પ્રશંસા કરતાં; પણ એ પ્રશંસાના શબ્દો સાંભળીને આનંદીબાઇ કદી પણ ફુલાઇ જતાં નહિ; એટલુંજ નહિ પણ એ વખાણોથી આત્મસંતોષનાં કોઇ લક્ષણ તેમના મુખકમળ ઉપર પ્રકટ થતાં નહિ.

કંઠસ્વરની માફક તેમના સૌંદર્યે પણ અમેરિકાવાસીઓની પ્રશંસા પ્રાપ્ત કરી હતી. મિસિસ કાર્પેન્ટરે લખ્યું છે: "આનંદીબાઇ સ્વદેશી વસ્ત્રાભૂષણમાં સજ્જ થતી, ત્યારે તેના લાવણ્યની છટાથી અમારાં નેત્ર અંજાઇ જતાં. એવો ભાસ થતો કે, જાણે દેવલોકમાંથી કોઇ દેવકન્યા પૃથ્વીમાં ઊતરી આવી છે!" આનંદીબાઇનું રૂપ કાંઇ સર્વ રીતે સુંદર હતું નહિ; પણ તેમની દિવ્ય કાંતિ બધાને વિસ્મયમાં ગરકાવ કરી નાખતી. વિદ્યાભ્યાસના સમયમાં કે ઘરસંસારનાં કામકાજ કરતી વખત, સર્વદા તેમનો ચહેરો પ્રફુલ્લિત જોઇને મિસિસ કાર્પેન્ટર તેમના ઉપર એટલાં બધાં મુગ્ધ થઈ ગયાં હતાં કે, તેમણે તેમનું નામ આનંદમયી પાડ્યું હતું.

પરંતુ આ દેવકન્યા જેવાં આનંદમયીના મુખ પર પણ ગોપાળરાવનો પત્ર આવતાં વિલંબ થાય તો ઊંડો ઉદ્વેગ અને ઉદાસીનતાની છાયા જણાઇ આવતી. તેમણે એક પત્રમાં ગોપાળરાવને લખ્યું હતું કે, "બીજા કામકાજમાં રોકાયલી રહેવા છતાં પણ આપનું ધ્યાન ધરીને હું ઘણો વખત આનંદમાં ગાળું છું; પણ જ્યારે આપણા બેની વચ્ચે કેટલું બધું અંતર છે, આપણે બે એકબીજાથી કેટલે દૂર પડ્યાં છીએ એ વિષયનો વિચાર મનમાં ઉત્પન્ન થાય છે, ત્યારે હૃદય નિરાશામાં ડૂબી જાય છે. મારો મનોભાવ છુપાવી રાખવાનો હું પ્રયત્ન કરૂં છું; છતાં પણ મુખ ઉપર વિષાદની છાયા પ્રકટ થઇ આવે છે. શરૂઆતમાં તો હું ઘણું રડી દેતી, પણ અત્યાર સુધી મેં મારાં અશ્રુ કોઇને દેખવા દીધાં નથી. હવે ઘણુંખરૂં ચક્ષુમાં જળ આવતું નથી.

દુઃખનો વેગ અસહ્ય થઇ જવાથી કેવળ જીભ અને કંઠ સુકાઈ જાય છે અને હૃદયમાં એક ન સમજાય એવી પીડા થાય છે; પરંતુ રખે કોઇ જાણી જશે એવા ભયથી, દીર્ઘ નિઃશ્વાસ નાખીને હૃદયનો ભાર ઓછો કરવાનો અવસર પણ મને મળતો નથી.” આ પ્રમાણેની મર્મભેદક યંત્રણા સહન કર્યા છતાં પણ આનંદીબાઈ મેસિસ કાર્પેન્ટરને ‘ આનંદમયી ’ સ્વરૂપે દેખાયાં હતાં તે શું એમની સામાન્ય ધૈર્યશીલતા સૂચવે છે ?

આનંદીબાઈના અમેરિકાનિવાસ દરમિયાન આ દેશના ઘણા સારા માણસોનાં સંતાન વિદ્યાભ્યાસ અર્થે એ દેશમાં ગયાં હતાં. તેમનામાંથી આનંદીબાઈના પત્રોમાં કેવળ શ્રીયુત પ્રતાપચંદ્ર મજુમદાર મહાશયની પ્રશંસા વાંચવામાં આવે છે. બીજા કેટલાકોના સંબંધમાં તેમણે પૂનામાં પોતાની કોઇ બહેનપણીને નીચે પ્રમાણે લખ્યું હતુંઃ—

“ અમેરિકામાં આવ્યાથી ભારતવાસીઓની જવાબદારી ઘણી વધી જાય છે, એ વાત ઘણા સમજતા નથી. અહીંયાં આવ્યાથી જાણે હાથમાં સ્વર્ગ આવી ગયું હોય એમ ઘણા ધારે છે અને સ્વેચ્છાચારમાં પ્રવૃત્ત થાય છે. એવા માણસોની સંખ્યા ઓછી હોવા છતાં પણ એમનાં આચરણ જોઇને અમેરિકાના લોકો સમગ્ર ભારતવાસીઓના સ્વભાવ અને ચાલચલણ સંબંધી અનેક પ્રકારના સિદ્ધાંત બાંધી દે છે. એ કારણસર તેમનાં માતાપિતા અને સ્વદેશની આબરૂ ખાતર, આ દેશમાં રહેતી વખતે સદાચાર રાખવો, એ એવા લોકોનું કર્તવ્ય છે. એમનામાંના બેએક જણા મને મળવા આવ્યા હતા. તેમાંથી એક જણાએ તો મને પોતાની સાથે નાટક જોવા લઈ જવાનો પ્રસ્તાવ કર્યો હતો. મેં તેના એ પ્રસ્તાવ પ્રત્યે અનેક તિરસ્કાર દર્શાવ્યા. એણે કદાચ એવુંજ ધાર્યું હશે કે, તેની માફક બધાંજ ભણવાનું બહાનું કાઢીને, વિલાસવાસનાં ચરિતાર્થ કરવા અમેરિકા આવતાં હશે. એના જેવા કેટલાકની વર્તણુંકથી અમેરિકાવાસીઓની દૃષ્ટિમાં ભારતવાસીઓની મર્યાદા ઓછી થઈ ગઇ છે, એ જોઇને મને ઘણું દુઃખ થયું છે. એક તો મૂળથીજ ભારતવર્ષ સંબંધી આ દેશના લોકોના મનમાં ઘણા કુસંસ્કાર છે; તેમાં વળી ખ્રિસ્તી પાદરીઓની કૃપાથી એ કુસંસ્કાર ઘણા દૃઢ થાય છે. તેવી અવસ્થામાં આ દેશમાં વસતી વખતે ઘણી સાવધાનીથી સદાચરણપૂર્વક ન વર્તાય

તો ભારતમાતાની મર્યાદાને હાનિ પહોંચશે, એ વાત પ્રત્યેક ભારતવાસીએ સ્મરણમાં રાખવી જોઇએ."

ન્યુ જરસી શહેરનો પરિત્યાગ કરતાં પહેલાં આનંદીબાઇએ પોતાની અમેરિકન બહેનપણીઓને એક દિવસ મરાઠી ઢબની 'ડિનરપાર્ટી' આપી હતી. અઢાર અમેરિકન મહિલાઓએ તે દિવસે મરાઠી પોષાકમાં સજ્જિત થઈને ટેબલ, ખુરસી અને છરી કાંટાનો ત્યાગ કરીને સંપૂર્ણ હિંદુ રીત પ્રમાણે ભોજન કર્યું હતું.

બધાની પાસે વિદાયગીરી માગીને ઈ૦ સ૦ ૧૮૮૩ ની ૨૭ મી સપ્ટેમ્બરને દિને આનંદીબાઇએ મિસિસ કાર્પેન્ટરની સાથે ફિલાડેલ્ફિયા તરફ યાત્રા કરી અને એ દિવસે સાંજે ત્યાં પહોંચ્યાં. બીજે દિવસે કૉલેજના કર્તાહર્તાઓએ ખાસ સમારોહપૂર્વક આનંદીબાઇને કૉલેજમાં દાખલ કર્યાં. આનંદીબાઇને અભિનંદન આપવા સારૂ એ દિવસે પાંચસો મહિલાઓ અને પ્રતિષ્ઠિત પુરુષો હાજર થયાં હતાં. એ દિવસના સમારંભનું વર્ણન કરતાં મિસિસ કાર્પેન્ટરે લખ્યું છે કે, "રત્નાલંકાર પહેરીને એટલી બધી મહિલાઓ એ દિવસે એકઠી થઇ હતી, પણ તેમાંની એક પણ સૌજન્યમાં આનંદીબાઇની બરોબરી કરે એવી નહોતી." અસ્તુ ! કૉલેજની પાસે આનંદીબાઇને રહેવા સારૂ એક ઘર ભાડે રાખવામાં આવ્યું. મિસિસ કાર્પેન્ટર તેમને એક ઘર રાખી આપીને બેએક દિવસ પછી પોતાને ગામ પાછાં સિધાવ્યાં. ભારતવર્ષનો ત્યાગ કરતી વખતે આનંદીબાઇના મનને જેટલું કષ્ટ થયું હતું તેટલુંજ કષ્ટ તેમને મસિસ કાર્પેન્ટરને વિદાયગીરી આપતી વખતે ભોગવવું પડ્યું હતું. નવ દસ દિવસ સુધી તો તેમને ખાવુંપીવું ભાવ્યું નહોતું. ખરેખર જેમના માતૃતુલ્ય સ્નેહ અને સંભાળ નીચે ચાર માસ સુધી ન્યુ જરસી નગરમાં વાસ કરીને તેમણે એક દિવસ પણ પરદેશનું દુઃખ જાણ્યું નહોતું, તેમનો વિયોગ આ પ્રમાણે દુઃસહ થઇ પડે એ તદ્દન સ્વાભાવિક છે. મિસિસ કાર્પેન્ટરના જેવાં રમણીરત્ન બધા દેશમાં વિરલ હોય છે.

ફિલાડેલ્ફિયા ગયા પછી થોડાજ દિવસ પછી આનંદીબાઈની તંદુરસ્તી નબળી પડી ગઇ. એ દરરોજ દસ અગિયાર કલાક અભ્યાસ કરતાં, તે ઉપરાંત બધું ઘરકામ પણ તેમને એકલાંને કરવું પડતું. તેમનું રહેવાનું ઘર પણ સગવડતાવાળું નહોતું. ચૂલો એવો ખરાબ હતો કે કોઈ દિવસ દેવતા જલદી સળગતો નહિ;

એને લીધે કોઇ કોઇ દિવસ નિરાહારી રહીને તો કોઇ દિવસ કાચું-પાકું ભોજન ખાઇને તેમને કૉલેજમાં જવું પડતું. એ બધાં કારણોને લીધે તેમની તબિયત લથડવા માંડી.

ફેબ્રુઆરીના પ્રારંભમાં આનંદીબાઈ 'ડિપથિરિયા' રોગથી પીડાવા લાગ્યાં. કંઠની નળીમાં ફોલ્લો થવાથી તેમને અસહ્ય વેદના થવા લાગી, એ ઉપરાંત જ્વર તથા માથાનો દુખાવો હતો; એટલે એક દિવસની અંદરજ એ ઘણાં દુર્બળ થઇ ગયાં. એ વખતના મંદવાડમાં તેમના બચવાની બિલકુલ આશા નહોતી; પણ તેમની સહાધ્યાયિનીઓના યત્ન અને ચાકરીને લીધે તે સાજાં થઇ ગયાં. આ સમયમાં ગોપાળરાવ અને મિસિસ કાર્પેન્ટર તરફથી તેમને જે આશ્વાસનના પત્રો મળ્યા હતા, તે વાંચ્યાથી તેમનું માનસિક કષ્ટ ઘણું શમી ગયું હતું.

ફિલાડેલ્ફિયા ગયા પછી શારીરિક પીડા ઉપરાંત બીજાં પણ કષ્ટ તેમને ભોગવવાં પડ્યાં હતાં. ઉપર જણાવેલી માંદગીમાંથી સાજાં થયા પછી મિસ બોડલે નામની શિક્ષિકાએ આનંદીબાઇને ખ્રિસ્તીધર્મની દીક્ષા આપવા સારૂ ઘણો યત્ન કર્યો હતો; પણ એ બાબતમાં નિષ્ફળ નીવડ્યાથી તેણે તેમના ઉપર વારેઘડીએ ક્રોધ કરવાનું શરૂ કર્યું. તેના આ ત્રાસને લીધે આનંદીબાઇને ઘણી વખત ઉપવાસ કરીને દહાડા ગાળવા પડ્યા હતા.

આટલું બધું કષ્ટ સહન કર્યા છતાં પણ આનંદીબાઇ ખરા દિલથી યત્ન કરીને કૉલેજમાં ભણવાના બધા વિષયો તૈયાર કરવા લાગ્યાં. એ સમયમાં ભારતવર્ષમાંથી કોઇ એક નરપશુએ ઘણી કુત્સિત ભાષામાં પત્ર લખીને તેમને મર્મપીડા પહોંચાડી હતી.

આ બધી આપદાઓમાંથી એમનો પૂરો ઉદ્ધાર થયો નહોતો, એટલામાં તો વળી ગોપાળરાવ તેમના ઉપર ગુસ્સે થયા. પ્રારંભમાં આનંદીબાઈ પોતાના સ્વામીને દર અઠવાડિયે નિયમિતરૂપે વિસ્તારપૂર્વક પત્ર લખતાં હતાં. ફિલાડેલ્ફિયા ગયા પછી ફુરસદના અભાવને લીધે સ્વામીને પત્ર લખવામાં ઘણુંખરૂં વિલંબ થતો. એ ઉપરથી ગોપાળરાવે વિચાર્યું કે, આનંદીબાઇ અહંકારને લીધે પત્ર લખવામાં બેપરવાઇ રાખે છે; તેથી તેમણે આનંદીબાઇને એક પત્રમાં 'ગર્વિતા' અને 'નફટ' આદિ તિરસ્કારપૂર્ણ શબ્દો લખ્યા હતા. આથી આનંદીબાઇની મર્મવેદનાનો

પાર રહ્યો નહિ; પરંતુ તેમણે ક્ષમા માગ્યાથી તથા ક્ષોભપૂર્ણ પત્ર લખ્યાથી ગોપાળરાવનો તે વિચાર દૂર થઇ ગયો. આનંદીબાઇને તે ત્યાર પછીના પત્રોમાં 'સરસ્વતી' નામથી સંબોધન કરવા લાગ્યા. અવ્યવસ્થિત ચિત્તનાં મનુષ્યો એજ પ્રમાણે ઘડીકમાં રાજી ને ઘડીકમાં ગુસ્સે થઈ જાય છે.

બાલ્યાવસ્થામાં આનંદીબાઇને બગીચો બનાવવાનો ઘણો શોખ હતો; પણ અત્યાર સુધી ઉદ્યાન સંબંધી ચર્ચા કરવાનો અવસર તેમને મળ્યો નહોતો. ફિલાડેલ્ફિયા આવ્યા પછી તેમણે એ વિષયમાં ખાસ મન પરોવ્યું. કૉલેજમાં ચિકિત્સાશાસ્ત્રનો અભ્યાસ કર્યા પછી તેમને જે સાધારણ અવકાશ મળતો, તેનો ઉપયોગ તેઓ વનસ્પતિશાસ્ત્રનો અભ્યાસ કરવામાં કરતાં. જંગલી પુષ્પોનો સંગ્રહ કરીને તેમની વૈજ્ઞાનિક પરીક્ષા કરવામાં તેમનો ઘણો સમય જતો હતો. તેમણે જર્મન અને ફ્રેંચ ભાષાનો અભ્યાસ પણ શરૂ કર્યો હતો; પરંતુ સમયના અભાવને લીધે આખરે એમને એ અભ્યાસ છોડી દેવો પડ્યો હતો. સંસ્કૃત ભાષા ઉપરનો તેમનો પ્રેમ પરદેશમાં પણ ઓછો થયો નહોતો. ગોપાળરાવ તેમને વખતોવખત આપણા દેશમાંથી સંસ્કૃત ગ્રંથો મોકલી આપતા. એક વાર આનંદીબાઇએ ભારતવર્ષમાંથી પોતાના એક પત્રમાં મિસિસ કાર્પેન્ટરને લખ્યું હતું કે, "ભારતવર્ષ સંબંધી અમેરિકાવાસીઓ બિલકુલ અજ્ઞાન છે. હિંદુશાસ્ત્ર અને હિંદુઆચારવ્યવહારનું રહસ્ય સમજાવવા સારૂ હું સંસ્કૃત ભાષાનું અધ્યયન કરૂં છું." ફિલાડેલ્ફિયા જઇને આનંદીબાઇએ એ પ્રતિજ્ઞા પૂર્ણ કરી હતી. ભારતવર્ષમાંથી પાછી આવેલી પાદરી રમણીઓ હિંદુઓના સંબંધમાં મરજીમાં આવે તેવા વિચારો પ્રકટ કરતી ત્યારે તેમનું ખંડન કરવાનો અને તેમની ભ્રાંતિ સુધારવાનો લાગ એ બનતાં સુધી ખોતાં નહિ. એક વખત હિંદુઓમાં પ્રચલિત બાલવિવાહ સંબંધી કોઈએક રમણીએ કેટલુંક અવનવું ભરડયું હતું, તેનું સ્ત્રીઓની એક સભામાં ખંડન કરીને તેમણે જય મેળવ્યો હતો અને તે માટે તેમને દસ ડૉલરનું ઇનામ મળ્યું હતું. એ સભામાં એ દિવસે લગભગ બે હજાર સ્ત્રીઓ હાજર હતી. 'હિંદુ રમણી' એ વિષય પર પણ એક વાર ભાષણ આપીને અમેરિકાવાસીઓના ખોટા વિચારો દૂર કરવાનો તેમણે યત્ન કર્યો હતો. તેમનું ભાષણ સાંભળવા પ્રત્યેક મનુષ્યને ઇંતેજારી

રહેતી, પણ સમયના અભાવને લીધે આનંદીબાઇને અનેક જગ્યાઓનાં ભાષણ આપવા આવવાનાં નિમંત્રણ નામંજૂર કરવાં પડયાં હતાં. એમ છતાં પણ અમેરિકાવાસીઓની દૃષ્ટિમાં ભારતવર્ષનું ગૌરવ કેવી રીતે વૃદ્ધિ પામે, તેની ચિંતા આનંદીબાઈના ચિત્તમાં સંપૂર્ણ અધિકાર જમાવીને બેઠી હતી.

એક વાર તેમણે એક પત્રમાં પોતાના એક સંબંધીને નીચે લખેલા કેટલાક પ્રશ્ન પૂછ્યા હતાઃ—

" આપણી જાતીયપતાકા કયી ?

" તેનો રંગ તથા આકૃતિ કેવાં છે ?

" મહારાજા શિવાજીની વિજયપતાકા કેવા પ્રકારની હતી ?

"મહારાષ્ટ્રીય હોવા છતાં આ વાત ન જાણવી એ ખરેખર શરમની વાત છે. પ્રસિદ્ધ ગેરુઆ રંગની પતાકાજ ખરેખરી તેમની વિજયપતાકા હતી ?

" હાલના દેશી રાજાઓ કયા પ્રકારના નિશાનનો ઉપયોગ કરે છે ? કૃપા કરીને મને એ બધી બાબતોનો ખુલાસો જણાવજો. જો બની શકે તો તેમનાં ચિત્ર કે નમૂનાં મોકલાવશોં; તેમાંથી અહીંની કૉલેજની મારી સહાધ્યાયિનીઓ અને મુખ્ય અધ્યાપિકાને તથા માશીને (મૅરી કાર્પેન્ટરને) એમની એકેક પ્રતિકૃતિ કે પ્રતિલિપિ ઉતરાવીને આપીશ તથા અસલ નમૂનાઓ મારી પાસે રાખી મૂકીશ."

હાલના સમયમાં કેટલા માણસોના હૃદયમાં આ બધી બાબતોનાં તત્ત્વ જાણવાની જિજ્ઞાસા ઉત્પન્ન થાય છે ?

ફિલાડેલ્ફિયામાં થોડા દિવસ રહ્યા પછી ગોપાળરાવના વિયોગથી આનંદીબાઇને ઘણું કષ્ટ થવા લાગ્યું; એટલા માટે તેમણે સ્વામીને અમેરિકા બોલાવવાનો પત્ર લખ્યો.

ગોપાળરાવ પણ અમેરિકા જવા ઉત્સુક થઇ રહ્યા હતા. આનંદીબાઈના ભારતવર્ષ છોડયા પછી અનેક કારણોને લીધે સ્વદેશ અને સ્વસમાજ ઉપરથી ગોપાળરાવની શ્રદ્ધા ઓછી થઇ ગઈ હતી અને તેમણે સ્થાયીરૂપે અમેરિકામાં વાસ કરવાનો સંકલ્પ કર્યો હતો. આનંદીબાઇએ તેમનો મનોભાવ જાણ્યા પછી તેમને જે પત્ર લખ્યો હતો, તેનો કેટલોક ભાગ નીચે ઉતારીએ છીએઃ—

"હમણાં હમણાં આપના વિચારો બદલાતા જોઇને હું ઘણી દુઃખી થઇ છું. આપે લખ્યું છે કે, 'હિંદુઓ ઉપર મને ઘૃણા ઉત્પન્ન થઇ છે.' હિંદુજાતિ સંબંધી આપના વિચાર આ પ્રમાણે શાથી બદલાઇ ગયા? સારૂં અને નરસું તો બધાજ દેશો-માં અને બધીજ સમાજોમાં હોય છે. × × × × 'હિંદુ' કહે-વરાવાથી હું ખાસ અભિમાન અનુભવું છું. આ દેશમાં જો કે બધાં મારા ઉપર સ્નેહ રાખે છે, એટલે સુધી કે ધોબી પણ ઓછે પૈસે મારાં કપડાં ધૂએ છે, છતાં પણ મારા દ્વારા કોઇ પણ દેશનો ઉપકાર થવાનો સંભવ હોય તો તે ઉપકાર ભારતવર્ષ ઉપર થાય એવી મારી એકમાત્ર કામના છે.

"ભારતવર્ષમાં સ્ત્રીઓને વૈદકવિદ્યાનું શિક્ષણ આપવા સારૂ કૉલેજ સ્થાપવાનું ઇશ્વરને મંજૂર ન હોય તો, છેવટે તંદુરસ્તી સાચવવાના નિયમોથી તેઓ જાણીતી થાય એવું કરવામાં મારો બધો સમય અને મારી સમસ્ત શક્તિનો ઉપયોગ કરવાનું કર્ત-વ્ય મેં મારે માટે નિર્માણ કરી રાખ્યું છે. એ વિષયમાં કોઇ મારાથી પ્રતિકૂળ આચરણ કરશે તોપણ હું કર્તવ્યમાર્ગમાંથી ખસી જઈશ નહિ. × × × × ×

"પૃથ્વીના કોઇપણ દેશને હું ધિક્કારતી નથી; પરંતુ ભારત-વર્ષના અભાવો જે પ્રમાણમાં વધારે છે, અને ત્યાંની રમણી-ઓના રીતરિવાજ તથા સ્વભાવાદિ સંબંધી મને જેટલી માહિ-તી છે, તે બધું જોતાં બીજા બધા દેશો કરતાં ભારતવર્ષનો મારા ઉપર અધિક હક છે એવું મારૂં માનવું છે. મારા દ્વારા ત્યાં આગળ વધારે સારૂં કામ થઇ શકશે. × × × આપ અમે-રિકામાં સ્થાયી ભાવે વાસ કરવાનો સંકલ્પ છોડી નહિ દો તો તેથી વિપરીત પરિણામ આવશે. મેં પ્રતિજ્ઞા કરી છે કે, હું સ્વ-દેશમાં પાછી જઇશ. મારા વગર આપને અમેરિકામાં રહેવાથી શું સુખ મળશે, તે હું જાણુતી નથી! (અથવા હું શું ગાંડી થઇ ગઇ છું? મારા અભાવથી આપના સુખમાં શો અંતરાય નડશે?) એક વખત અમેરિકા આવ્યા પછી સ્વદેશમાં પાછા નજ જવા-નો આપનો સંકલ્પ હોય તો આપે અહીંયાં આવવાની કાંઈ જરૂર નથી. હું કોઇ પણ પ્રકારે સુખેદુઃખે ચાર વર્ષ કાઢી નાખીશ. મારૂં ધૈર્ય કાંઇ છેકજ જતું રહ્યું નથી. મારે સારૂ કોઇ પણ જાતની ચિંતા કરવાનું આપને કારણ નથી.

"ઠીક, હું આપને પ્રશ્ન કરૂં છું કે, આ દેશમાં સ્થાયીરૂપે વાસ કર્યાથી આપ સ્વદેશવાસીઓને કેવું શિક્ષણ આપશો ? સ્વાર્થપરાયણતાનુંજ ને ? આપ પણ સ્વાર્થપરાયણતાને ધિક્કારો છો, હું પણ તેને ધિક્કારૂં છું. × × × સાધારણ મનુષ્યોને અનુકરણ કરવા યોગ્ય આચરણ કરવાને માટે ભારતવર્ષજ યોગ્ય ક્ષેત્ર છે, અમેરિકા નહિ."

બીજા એક પત્રમાં તેમણે લખ્યું છે કે, "આચારવિચારમાં હિંદુ રહીનેજ આપણે સુધારો અને ઉન્નતિ કરવાં પડશે, એ વાક્ય આપના પત્રમાં વાંચીને હું ઘણી આનંદિત થઇ. એ નીતિ ઘણી ઉત્કૃષ્ટ અને પ્રશંસનીય છે. × × ×

"મારી કૉલેજમાં એક રમણી ઘણીજ નાસ્તિક હતી; અનેક મિશનરીઓએ ઘણો ઉપદેશ આપ્યા છતાં પણ એ આસ્તિક બની શકી નહિ; એટલા સારૂ અનેક જણીઓ તેનો ભય રાખતી, પણ મારી સાથે ત્રણ દિવસ સુધી ધર્મ સંબંધી વાદવિવાદ કર્યાથી એ હવે ઇશ્વર ઉપર સંપૂર્ણ વિશ્વાસ રાખનારી થઇ ગઇ છે. × ×

"હિંદુ રમણી કરતાં આ દેશની (અમેરિકાની) રમણીઓ વધારે પ્રમાણમાં સ્ત્રીરોગોથી પીડાય છે. આપણી હિંદુ રમણીઓ ગમે તેટલી અશિક્ષિત અને અસભ્ય હશે, પરંતુ ધર્મ, સહનશીલતા અને નીતિના વિષયમાં આ દેશની રમણીઓ કરતાં તેઓ ઘણે દરજ્જે શ્રેષ્ઠ છે. પૃથ્વીના બધા દેશોના લોકોએ હિંદુ રમણીના એ ગુણનું અનુકરણ કરવું જોઇએ.

"હું ખ્રિસ્તી થઈ જઇશ એવો આપને ભય રહે છે; પણ આનંદીબાઇ કાંઇ રમાબાઈ નથી તેમ રમાબાઈ પણ આનંદીબાઇ નથી. અંતરાત્મા વિરુદ્ધ કાર્ય કરવા કરતાં હું મૃત્યુને શ્રેયસ્કર ગણું છું. રમાબાઈ મારા કરતાં વધારે વિદ્વાન છે એમાં સંદેહ નથી; પરંતુ મારી પ્રતિજ્ઞા છે કે મરતાં સુધી સ્વધર્મનો ત્યાગ નહિ કરૂં. 'હું ખ્રિસ્તી થઈ જઇશ,' એવું લખીને ફરીથી તમે મને નિરર્થક કષ્ટ આપશો નહિ."

આનંદીબાઇનો પત્ર વાંચીને ગોપાળરાવે અમેરિકામાં વસવાનો સંકલ્પ ત્યજી દીધો; પરંતુ એ સમયે સહધર્મિણીને મળવા સારૂ અમેરિકા જવાનું તેમનાથી બની શક્યું નહિ. નાણાંનો અભાવ એ તેનું મુખ્ય કારણ હતું. અમેરિકાની યાત્રાનું ખર્ચ કાઢવા

માટે આનંદીબાઈએ ગોપાળરાવને ભારતવર્ષમાંથી કેટલીક વસ્તુઓ લેતા આવવાનું લખ્યું હતું. અમેરિકા સાથે વેપારનો સંબંધ બાંધ્યાથી કેટલો લાભ થઈ શકશે અને એ વિષયમાં હિંદુસ્તાનના લોકોના માર્ગદર્શક બન્યાથી દેશના ઉપર કેટલો મોટો ઉપકાર થવાનો સંભવ છે, એ સંબંધી આનંદીબાઈએ કેટલાંક પત્રમાં વિસ્તારથી વિવેચન કર્યું હતું. એ વિષયમાં ગોપાળરાવે તેમના કેટલાંક વેપારીબંધુઓની સલાહ માગી; પરંતુ કોઈ તેમને મૂડી આપીને મદદ કરવા આગળ પડચો નહિ. એ વખતે આનંદીબાઈએ લખ્યું: "મને હવેથી ફક્ત દર મહિને પચાસ રૂપિયા મોકલશો. મનીઑર્ડર કરવાના ખર્ચ સહિત પચાસ કરતાં વધારે ખર્ચ મારે માટે આપ કરશો નહિ. એટલા રૂપિયામાંથી હું ગમે તે પ્રકારે અહીંનું ખર્ચ ચલાવીશ. મને કષ્ટ પડશે, એમ ધારીને પચાસ રૂપિયા કરતાં એક પાઇ પણ વધારે મોકલશો નહિ. આ પ્રમાણે કર્યાથી જે રકમ બચે તે બેંકમાં જમા કરાવી રાખશો. એમ કર્યાથી થોડા દિવસમાં આપને અમેરિકા આવવા જેટલું ધન જમા થશે. × × × મારે માટે જોડા કે વસ્ત્ર વગેરે મોકલવાનું હવે કાંઇ પ્રયોજન નથી. એમ છતાં ખરેખર મારે માટે કાંઇક મોકલાવવાની આપની ઇચ્છાજ હોય, તો અનુકૂળતાએ એક પિન (કપડામાં ખોસવાની ટાંકણી) દેશી સોની પાસે ઘડાવીને મોકલાવી આપશો. અંગ્રેજોની દુકાનેથી એને ખરીદ કરશો નહિ. અંગ્રેજ કારીગરની બનાવેલી વસ્તુનો ઉપયોગ કરવામાં હું જરા પણ ગૌરવ ગણુતી નથી."

આનંદીબાઈની સ્વદેશનિષ્ઠા, ચિત્તની દૃઢતા વગેરે ગુણો જોઇને અમેરિકાના એપિસ્કોપેલિયન સંપ્રદાયના એક પાદરીએ પોતાના શિષ્યોને કહ્યું હતું: "મિસિસ જોશીએ જે દિવસે અમેરિકામાં પહેલી વાર પગ મૂકચો તે દિવસે એ જેવી હતી તેવી ને તેવીજ આજે છે. એના આચારવિચારમાં અણુમાત્ર પરિવર્તન થયું નથી; પણ એ આ પ્રમાણે અવિકૃત અવસ્થામાં સ્વદેશમાં પાછી જશે, તો આપણા માટે અને ખ્રિસ્તીધર્મને માટે એ ઘણીજ લજ્જાની વાત થશે."

અમેરિકાનાં પત્રોના રિપોર્ટરોએ આનંદીબાઇને ઘણોજ કંટાળો આપ્યો હતો. એ ક્યાંય પણ જતી તો તેઓ તેની પાછળ જતા. અનેક લોકો તેની સાથે મુલાકાત કરીને તેને

અનેક વિષયના પ્રશ્ન પૂછતા; પરંતુ આનંદીબાઇની યશોલિપ્સા પ્રબળ નહિ હોવાથી એ સંક્ષેપમાંજ વાતચીત કરીને તેમને વિદાય કરી દેતી. વખતોવખત એ રિપોર્ટરો તેના સંબંધી એવાં અદ્ભુત વૃત્તાંતો પ્રકટ કરતા કે, તેને વાંચ્યા પછી હાસ્ય રોકી રાખવું દુષ્કર થઇ પડતું. સારાટોગા નામક સંસ્થાનના એક સંવાદપત્રમાં એક વાર તેના સંબંધી આ પ્રમાણે ખબર છપાઇ હતીઃ "એક હિંદુ મહિલા ઝરણાં જોવા સારૂ આ દેશમાં આવી છે; તેણે પ્રત્યેક ઝરણામાંથી એટલું બધું પાણી પીધું છે કે તેથી તેની તબિયત બગડી છે અને ડૉકટરો તેને દવા પાઇ પાઇને કંટાળી ગયા છે!" બીજાં બેએક પત્રમાં પણ તેના સંબંધી એવીજ અજ્ઞાનતાપૂર્ણ ખબરો પ્રકટ થઇ હતી; તથાપિ અધિકાંશ વર્તમાનપત્રો તો તેની પ્રશંસામાંજ તત્પર રહેતાં. એક વખત ગોપાળરાવે આનંદીબાઇના કાગળપત્ર અને તે સંબંધી અમેરિકાના અધિપતિઓએ દર્શાવેલા અભિપ્રાયો એકઠા કરીને પ્રગટ કરવાનો સંકલ્પ કર્યો હતો; પણ આનંદીબાઈને યશોવાસના બિલકુલ નહિ હોવાથી તેમણે એવું કરવાની સાફ ના કહી અને ગોપાળરાવને એ સંકલ્પનો ત્યાગ કરવો પડ્યો.

દર વરસે ઉનાળાની રજામાં આનંદીબાઇ તેમની માશી (મેરી કાર્પેન્ટર) પાસે રોશેલના ન્યુ જરસી ગામમાં જતાં. કોઇ કોઇ વખત બેએક બહેનપણીઓના ઘણાજ આગ્રહને માન આપીને એ તેમને ગામ પણ જતાં. એ પ્રકારે તેમણે વૉશિંગ્ટન, બોસ્ટન વગેરે કેટલાંક નગર જોયાં. તેમના એ લાંબા પ્રવાસમાં તેઓ પોતાની સખીઓના ખાસ આગ્રહથી ફક્ત એકજ વાર નાટક અને સર્કસ જોવા ગયાં હતાં. અમેરિકામાં તેમની વિલાસપ્રિયતા કે કૌતુક જોવાની ઇચ્છા કંઇ પ્રકટ થયાં નહોતાં. તેમણે જેવી રીતે જ્ઞાનાર્થી થઇને તપસ્વિનીની પેઠે આડંબર વગર અમેરિકાગમન કર્યું હતું, તેવીજ રીતે ત્યાં ગયા પછી એક દિવસ પણ આત્મ-સંયમ ખોયો નથી. તેમણે એક પત્રમાં લખ્યું છેઃ "ભારતવાસી-ઓને સારૂ કાંઇ કરવું ઉચિત છે એવો વિચાર મારા મનમાં ન હોત તો હું આટલે દૂરદેશાવર કદી પણ આવત નહિ. × × × ભારતમાં પાછા ફર્યા પછી હિંદુમહિલાઓ માટે એક ડૉકટરી કૉલેજ સ્થાપન કરવી એ મારા જીવનનું મુખ્ય લક્ષ્ય થયું છે." આ લક્ષ્યથી તે એક ક્ષણને માટે પણ આઘાં ખસ્યાં નહોતાં;

પરંતુ ભગવાનનું વિધાન જુદાજ પ્રકારનું હતું.

આનંદીબાઇનું કર્તવ્યજ્ઞાન કેવા પ્રકારનું હતું, તે તેમના નીચે લખેલા પત્રનાં કેટલાંક વાક્યોમાંથી સ્પષ્ટ સમજી શકાય છે. "આ જગતમાં જે જે કાર્યો કર્તવ્યની લાગણીથી પ્રેરાઇને થતાં નથી, તે તે બધાં કામોમાંથી દુઃખનીજ ઉત્પત્તિ થાય છે. વ્યવસાય અને અવસ્થાનુસાર આપણામાંનાં દરેકને કેટલાંક કર્તવ્ય હોય છે. સ્વર્ગમાં પણ કેવળ પુષ્કળ ધન, ઉત્તમોત્તમ ભોજનો અને ઉત્કૃષ્ટ વસ્ત્રાદિજ હોય અને કર્તવ્ય ન હોય તો મારે એ સ્વર્ગનું પણ પ્રયોજન નથી. એવા સ્વર્ગને હું વાંચ્છનીય ગણું નહિ, કારણકે કર્તવ્યનું પાલન કર્યા પછી જે સુખ મળે છે તે સુખ વગરનાં બીજાં બધાં સુખ ક્ષણિક છે."*

ઇ. સ. ૧૮૮૩ના વસંતકાળમાં તેઓ 'મોરિસન હોસ્પિટલ' નામની એક ગાંડાઓની હોસ્પિટલ જોવા ગયાં હતાં. ત્યાં તે મોટી વિપત્તિમાં આવી પડ્યાં. ત્યાં આગળ એક ગાંડી સ્ત્રીએ તેમના ઉપર હુમલો કર્યો. એ ગાંડીનો કર્કશ સ્વર અને ઉગ્ર મૂર્તિ બધાના ચિત્તમાં ભય ઉત્પન્ન કરતાં. ગાંડીની પાસે એક ટેબલ ઉપર કેટલાંક ધારવાળાં ઓજાર પડેલાં હતાં. ગાંડાની હોસ્પિટલની એક દાસીએ દૂરથી આ બનાવ જોઇને ભયભીતચિત્તે આનંદીબાઈને ત્યાંથી પલાયન કરી જવાનો ઇશારો કર્યો; પણ નિર્ભય સ્વભાવનાં આનંદીબાઈ આ બનાવથી જરા પણ વિચલિત થયાં નહિ; પરંતુ અસાધારણ ધૈર્ય રાખીને આનંદીબાઈ આ મોટી ઘાતમાંથી બચી ગયાં. તેમણે ધીરજ અને કૌશલ્યપૂર્વક પોતાનો ગાંડીના પંજામાંથી બચાવ કર્યો, એટલામાં એ ગાંડીની દેખરેખ રાખનારી સ્ત્રીએ આવીને એ ગાંડીને પકડી લીધી. અસ્તુ!

બીજી તરફ ગોપાળરાવના મનમાં ઘણા દિવસથી પૃથ્વીની મુસાફરી કરવાની ઇચ્છા હતી. આનંદીબાઇના વિરહને લીધે પણ તે અમેરિકા જવાને ઘણા વ્યગ્ર થયા હતા. આખરે ઇ. સ. ૧૮૮૪ની સાલના મધ્ય ભાગમાં છ મહિનાની 'ફરલો' રજા લઇને તે અમેરિકા જઇ પહોંચ્યા.

સ્વામીના આગમનની વાત સાંભળીને આનંદીબાઈ ઘણાંજ ઉત્કંઠિત થઇ ગયાં. કેવી રીતે સ્વામીની અભ્યર્થના કરવી એ

* ઇ. સ. ૧૮૮૬ ની ૧૨ મી ફેબ્રુઆરીએ મિસિસ કાર્પેન્ટરને લખેલા પત્રમાંથી.

સંબંધમાં તેમણે બહુ પ્રકારનો વિચાર કરીને ગોપાળરાવને પોતાનો અભિપ્રાય જણાવવા સારૂ એક પત્ર લખ્યો. તેમણે ત્યાંની એક કોલેજમાં ગોપાળરાવને માટે એક સંસ્કૃત શિક્ષકની જગ્યા પણ રખાવી મૂકી હતી; પરંતુ વિચિત્ર સ્વભાવના ગોપાળરાવને એ વાત રુચી નહિ. આનંદીબાઇએ પત્રમાં કરેલી સૂચનાનો ઊલટો અર્થ કરીને એક પત્રમાં ઘણા કઠોર શબ્દોમાં તેમનો તિરસ્કાર કર્યો. આનંદીબાઇને એથી કોપ ચઢ્યો ને તેમણે તેનો જે અભિમાનપૂર્ણ પત્ર લખ્યો તેનો ગોપાળરાવે ફરીથી ઉત્તર ન આપ્યો. ત્યાર પછી ગોપાળરાવ અમેરિકામાં ભિન્ન ભિન્ન સ્થાનોમાં ભાષણ આપતા ફરવા લાગ્યા. દીન આનંદીબાઈ તેમનાં દર્શન મેળવવાને જેટલી વ્યગ્રતા પ્રકટ કરવા લાગ્યાં; તેટલીજ બેપરવાઇ એ બાબતમાં ગોપાળરાવ જણાવવા લાગ્યા; એટલુંજ નહિ:પણ તેમણે એક વાર આનંદીબાઇને જણાવ્યું કે, "તમે પરીક્ષા આપી નહિ રહો ત્યાંસુધી હું તમને મળીશ નહિ."

એક દિવસ આનંદીબાઈ મિસિસ કાર્પેન્ટરની કન્યા આમિની સંગાથે કોઈ બહેનપણીને ઘેર ગયાં હતાં. ત્યાંથી પાછાં આવીને જુએ છે તો ગોપાળરાવ તેમનાં ઓરડામાં એક ટેબલ આગળ પુસ્તક વાંચવામાં નિમગ્ન થઇને બેઠા છે. કહેવાની જરૂર નથી કે ગોપાળરાવે પોતાના આવવાની ખબર આગમચથી કોઇને મોકલી નહોતી.આનંદીબાઇ ઘેર પાછાં આવ્યાં તે વખતે પણ તેમને કોઇએ સ્વામીના આગમનના સમાચાર જણાવ્યા નહોતા. એવી અવસ્થામાં દીર્ઘકાળના વિરહ અને આશા ઉપરાંત પ્રતીક્ષા કર્યા પછી એકાએક સ્વામીનાં દર્શન થયાથી તેમના મનને કેવા પ્રકારનો આનંદ ઊપજ્યો હશે, તે સહજ સમજાઇ શકે એવું છે.

ઘણા દિવસના પ્રવાસમાં ભોગવેલા કષ્ટને લીધે ગોપાળરાવની તબિયત લથડી ગઇ હતી. આનંદીબાઇના યત્નથી તેમણે પોતાનું આગલું સ્વાસ્થ્ય પાછું મેળવ્યું. ત્યાર પછી બંને જણાંએ એકત્ર વાસ કરીને પરમ સુખમાં ચાર માસ ગાળ્યા. એ વખતે ગોપાળરાવે ફરીથી ભારતવર્ષ પાછા જવાને બદલે સ્ત્રીનું શિક્ષણ પૂરૂં થતાં સુધી અમેરિકામાં વાસ કરવાનો સંકલ્પ કર્યો. પશ્ચિમના દેશોમાં ભાષણો આપીને યથેષ્ટ ધન કમાઇ શકાય છે. ગોપાળરાવમાં ભાષણ આપવાની શક્તિ હતી; એટલે તેમણે એ વ્યવસાય કરવાનું શ્રેયસ્કર ગણ્યું. આનંદીબાઇએ કહ્યું: "દુષ્ટ સ્વભાવના

પાદરીઓ બીજા દેશોના સંબંધમાં પાયા વગરની વાતો ઘડી કાઢવામાં મજા માને છે. એવી અવસ્થામાં તમે જો ભારતવર્ષ સંબંધી ભાષણો આપીને આ દેશના લોકોની ભ્રાંતિ ભરેલી ધારણાઓ દૂર કરવાનો યત્ન કરશો, તો તેથી ઘણું સારૂં પરિણામ આવશે.” ગોપાળરાવે પણ એ સૂચના માન્ય રાખી. એક તો મૂળથીજ એ પર–છિદ્રાન્વેષી હતા, તેમાં વળી સ્ત્રીના આગ્રહ અને સ્વદેશભક્તિને લીધે ઉત્સાહિત થઇને તેમણે ભાષણ આપવાં શરૂ કર્યાં, ત્યારે એક પ્રકારના શ્રોતાવર્ગનું ધ્યાન તેમના તરફ ઘણું આકર્ષાયું. આ પ્રમાણે શહેરે શહેરમાં ભાષણ આપતા આપતા એ ફરવા લાગ્યા અને આનંદીબાઇએ પોતાના વિદ્યાભ્યાસમાં મન પરોવ્યું.

શીતપ્રધાન અમેરિકા દેશમાં બરફ ઘણો પડે છે અને એ બરફથી રસ્તાઓ છવાઇ જાય છે. એવા તુષારમય રસ્તાઓ ઉપર આવ–જા કરતી વખતે અનેક બાલકબાલિકાઓ અને યુવતીઓ લપસી પડે છે અને બીજા લોકો તેમની મશ્કરી કરવા લાગી જાય છે. આનંદીબાઇ ત્રણ વર્ષ સુધી અમેરિકામાં રહ્યાં પણ એ અરસામાં ફક્ત એકજ વાર હિમથી છવાયેલા માર્ગમાં તેમનો પગ સરકી પડ્યો હતો. એ દુર્ઘટનાથી તેમના હાથમાંની કાચની બધી બંગડીઓ નંદવાઇ ગઇ. આનંદીબાઇએ નવી બંગડીઓ પહેરી ત્યાંસુધી અન્નજળ ગ્રહણ કર્યું નહિ. ગોપાળરાવ એ સમયે અમેરિકામાં હતા. તેમણે એ બનાવ બન્યા પછી પ્રિયતમાને સોનાની બંગડીઓ બનાવી આપી. એ બનાવનો ઉલ્લેખ કરીને આનંદીબાઇએ મિસિસ કાર્પેન્ટરને લખ્યું હતું કે, “મને કાચની બંગડીઓના બદલામાં સોનાની બંગડીઓ મળી છે. દરેક વખતે ઠોકર ખાવાથી જો આટલું સોનું મળે, તો આવી ઠોકરને શું દુર્ઘટના કહી શકાય? છતાં પણ હું એ બનાવને દુર્ઘટના માનું છું; કારણકે એવી દુર્ઘટના ન બની હોત તો એટલા ધનમાંથી એક જરૂરનું ઓજાર કે ઉપયોગી પુસ્તકો ખરીદી શકાત.”

ગોપાળરાવે ધન પ્રાપ્ત કરવા માટે વ્યાખ્યાન આપવાં શરૂ કર્યાં એટલે આનંદીબાઈ ફરીથી ધ્યાન દઈને વિદ્યાભ્યાસ કરવા લાગ્યાં. પરીક્ષાનો દિવસ જેમ જેમ પાસે આવતો ગયો તેમ તેમ કઠણ પરિશ્રમ કરીને અભ્યાસક્રમના બધા વિષયો તેમણે તૈયાર કરી નાખ્યા, એથી તેમની તબિયત બગડી આવી. ઇ૦ સ૦ ૧૮૮૬

ના ફેબ્રુઆરી માસમાં તેમને ફરીથી એક વાર ડિપ્થરિયા રોગ થઈ આવ્યો; પણ સદ્‌ભાગ્યે એ વખતે સહજમાં બચી ગયાં; પરંતુ ફરીથી તે પહેલાંના જેટલી તંદુરસ્તી મેળવી શક્યાં નહિ. આ મંદવાડ આવતાં પહેલાં નાતાલની રજામાં રોશેલ નગરમાં રહેતી વખતે તેમણે અંગ્રેજી ભાષામાં "હિંદુ ધાત્રીવિદ્યા"ના વિષય ઉપર પચાસ પૃષ્ઠનો એક નિબંધ લખ્યો હતો. એ પુસ્તકને એકસો પૃષ્ઠમાં સંપૂર્ણ કરવાની તેમની ઇચ્છા હતી, પણ સમયના અભાવને લીધે એ પુસ્તક તેઓ પૂરું કરી શક્યાં નહિ.

યથાસમયે આનંદીબાઈ પરીક્ષામાં પાસ થયાં. ઇ૦ સ૦ ૧૮૮૬ ના માર્ચ માસની ૧૨ મી તારીખે ફિલાડેલ્ફિયા કૉલેજના અધ્યક્ષ, અધ્યાપકો અને ત્યાંના ઘણા પ્રતિષ્ઠિત સદ્‌ગૃહસ્થો અને સન્નારીઓએ એકત્રિત થઈને મોટા સમારોહપૂર્વક તેમને એમ. ડી. ની પદવી આપી.

અમેરિકામાં વૈદક કૉલેજો ઘણી છે, તેમાં ફિલાડેલ્ફિયાની કૉલેજ સૌથી શ્રેષ્ઠ તરીકે પ્રખ્યાત છે. એ કૉલેજમાંથી ઉપાધિ મેળવવા સારૂ રશિયા, જર્મની, ફ્રાંસ અને ઈંગ્લેંડની રમણીઓ વિશેષ આગ્રહ ધરાવે છે. અધઃપતિત ભારતની હિંદુમહિલા આ સર્વોત્કૃષ્ટ કૉલેજમાંથી સર્વોચ્ચ ઉપાધિ પ્રાપ્ત કરવા સમર્થ થઈ, એ સામાન્ય ગૌરવની વાત નથી. એ ગૌરવકર ઉત્સવમાં સામેલ થવા માટે કૉલેજના કારભારીઓના આગ્રહથી કૉલેજને ખર્ચે પંડિતા રમાબાઈ છેક ઈંગ્લેંડથી ફિલાડેલ્ફિયા આવ્યાં હતાં. ઉપાધિ મળ્યાને પ્રસંગે આનંદીબાઈએ અનેક બહેનપણીઓ અને હિતૈષીઓ તરફથી ભેટો અને ઇનામો મેળવ્યાં. એ સમયે ત્યાંની કોઈ સારા ઘરની મહિલાએ તેમને એક સુંદર સોનાનું ઘડિયાળ ભેટ આપ્યું હતું. ત્યારપછી સખીઓની સાથે ભ્રમણ કરવામાં તથા ઉજાણીઓ વગેરેનો અત્યંત આનંદ ભોગવવામાં તેમનાં બે ત્રણ અઠવાડિયાં વ્યતીત થઈ ગયાં.

પહેલેથીજ આનંદીબાઈની તબિયતમાં બગાડો થયો હતો. પરીક્ષાના સમયમાંજ એ અત્યંત દુર્બળ થઈ ગયાં હતાં. તેમણે ડિગ્રી–ઉપાધિ લીધા પછી થોડે સમયે પંડિતા રમાબાઈની કન્યા મનોરમા ઘણી માંદી પડી. આનંદીબાઈએ તે સમયે કેટલીએ રાત ઉજાગરો કરીને તેની શુશ્રૂષા કરી; એથી તેમની પોતાની પ્રકૃતિ વધારે મંદ થઈ ગઈ. એ અસ્વસ્થતા ઘણા શ્રમને

લીધે થઇ હશે એમ ધારીને વિશ્રામ લેવા સારૂ આનંદીબાઇ પતિની સાથે રોશેલ નગર ગયાં. ત્યાં થોડા દિવસ રહીને સાજાં થયાં ન થયાં એવામાં તેમને ન્યુ ફાઉન્ડલેન્ડની બ્લ્યાકલે હોસ્પિટલમાં ચિકિત્સાશાસ્ત્ર સંબંધી વ્યાવહારિક જ્ઞાન મેળવવા જવું પડ્યું. ત્યાં આગળ રાતદિવસ રોગીઓની તપાસ કરવામાં રોકાવાની ફરજ પડતી હોવાથી તેમનું સ્વાસ્થ્ય બગડી ગયું. પહેલેથી-જ તેમને માથાના દુખાવાનો રોગ હતો. હવે એ વ્યાધિ વધી પડ્યો અને દુર્બળતા સાથે ખાંસીએ દેખાવ દીધો. આ કોઇ ભયંકર રોગનાં પૂર્વલક્ષણ છે, એ વાત એ સમયે કોઇની સમજમાં આવી નહિ. કેવળ હવાફેર અને વિશ્રામ કર્યાથી એ રોગનું નિવારણ થશે, એમ ધારીને બધાંએ તેજ પ્રમાણે વ્યવસ્થા કરી. આનંદીબાઇએ કદી તો પોતાના સ્વામીની સાથે તો કદી બીજી બહેનપણીઓની સાથે બોસ્ટન, પ્રોવિડેન્સ, હાઇફોર્ટ, ડિલાવાકો, સિનસિનેટો, કાર્લાઇલ વગેરે સ્વાસ્થ્યકર સ્થાનમાં પ્રવાસ કરવામાં કેટલાય દિવસ ગાળ્યા; પરંતુ એથી એમની પીડા કાંઈ શમી નહિ. ઉપર જણાવેલાં સ્થાનોમાં બોસ્ટન નગર, સિનસિનેટો નગરમાંનો નાયગરા નદીનો ધોધ અને કાર્લાઇલ નગરમાં ‘ઇંડિયન સ્કૂલ’ અથવા દક્ષિણ અમેરિકામાં ગયેલા હિંદુઓને માટે સ્થાપેલું વિદ્યાલય વગેરે જોઇને આનંદીબાઇએ સવિશેષ આનંદ અનુભવ્યો હતો.

એ સમયમાં મુંબઇ ઇલાકામાં આવેલા કોલ્હાપુર નામના દેશી રાજ્યના અધિપતિએ પોતાના રાજ્યમાં એક ઇસ્પિતાલ સ્થાપી હતી. એ ઇસ્પિતાલમાં ડૉકટરનું પદ સ્વીકારવાને આનંદીબાઇને આમંત્રણ મોકલવામાં આવ્યું. ઘણા દિવસથી પરદેશમાં એકલાં રહેતાં હોવાથી, સ્વદેશમાં જઇને સગાંસંબંધીઓની સાથે દિવસ ગાળવાની તેમને પ્રબળ ઇચ્છા ઉત્પન્ન થઇ હતી; પરંતુ ગોપાળરાવ એ મતના વિરોધી હતા. તેમની ઇચ્છા તો રશિયા, ઇંગ્લેંડ આદિ દેશોમાં જઇને ભારતીય સમાજની નીતિની શ્રેષ્ઠતા પ્રતિપાદન કરવાની હતી. એ કારણને લીધે આનંદીબાઇએ એકલું સ્વદેશમાં પાછું જવાનું નક્કી કર્યું; પરંતુ આખરે આનંદીબાઇની તબિયતની અવસ્થા અને સ્વદેશ જવાની વ્યગ્રતા જોઇને ગોપાળરાવને પોતાનો સંકલ્પ છોડવો પડ્યો. એ સમયમાં આનંદીબાઇએ પોતાના સસરાને જે થોડાંક પત્રો લખ્યા

હતા, તેમાં તેમણે પોતાની સાસુજીને કોલ્હાપુર આવીને પોતાની સાથે વસવાનો આગ્રહ કર્યો હતો. સાસુજીનો સ્નેહ પ્રાપ્ત કરવા તથા તેને સર્વ પ્રકારે સુખી કરવાને તેમના મનમાં એ સમયે જે વ્યાકુળતા જન્મી હતી, તે એ પત્રો વાંચ્યાથી સ્પષ્ટ જણાય છે.

અમેરિકા છોડી જતાં પહેલાં આનંદીબાઈને ડોકટરોની સલાહ મુજબ થોડા દિવસ સુધી પહાડી પ્રદેશમાં રાખવામાં આવ્યાં; પરંતુ એથી પણ એમની તંદુરસ્તી સુધરી નહિ; બલકે ખાંસીની સાથે હવે જ્વરે પણ દેખાવ દીધો. આવી અસ્વસ્થ અવસ્થામાં એ એક દિવસ બધાના નિષેધનું ઉલ્લંઘન કરીને પણ એક સંકટમાં આવી પડેલી પ્રસૂતિને પ્રસવ કરાવવા સારૂ તેમને ઘેર ગયાં હતાં. ત્યાં આગળ દશ કલાક સુધી પરિશ્રમ કર્યાથી તથા પાછી ફરતી વખતે એકાએક વરસાદની ઝડી પડવાને લીધે ભીંજાઇ જવાયાથી, તેમની પીડા અતિશય વધી પડી. પરોપકારવૃત્તિથી ઉત્સાહિત થઈને તેમણે એ રમણી અને તેના ગર્ભમાંના બાળકના પ્રાણનું રક્ષણ કર્યું એ વાત ખરી, પણ તેના બદલામાં છેવટે તેમને પોતાનો પ્રાણ વિસર્જન કરવો પડ્યો. આ વખતે વધારે પરિશ્રમ કર્યાથી તેમની પીડામાં જે વૃદ્ધિ થઇ હતી, તેને લીધેજ તેમનું મૃત્યુ થયું હતું.

કોલ્હાપુર દરબાર તરફથી આનંદીબાઈને માટે સફરનું ખર્ચ આવી પહોંચ્યું, એટલે તેમણે મિસિસ કાર્પેન્ટર વગેરેને મળી આવીને અમેરિકાત્યાગની તૈયારીઓ કરવા માંડી. આ વખતે તેમની અધ્યાપિકા કુમારી બોડ્લેએ તેમની સાથે જે વર્તણુંક ચલાવી એ ઉલ્લેખ કરવા યોગ્ય છે. આનંદીબાઇએ તેના ઉપદેશાનુસાર ખ્રિસ્તીધર્મ ન સ્વીકાર્યો તેથી તેમણે તેને ઘણી જાતનું દુઃખ દીધું હતું. એ બાઇસાહેબના પાપે ઉપવાસ કર્યાથી તથા કાચુંપાકું ખાધાથીજ આનંદીબાઇનું સ્વાસ્થ્ય બગડી આવ્યું હતું. આ વખતે આનંદીબાઇને કોલ્હાપુરની ઇસ્પિતાલમાં નોકરી ન મળે એવી કોશિશ આ આદર્શ (!) ખ્રિસ્તી અધ્યાપિકા ગુપ્તપણે ખરા અંતઃકરણથી કરવા લાગી. કહેવાની જરૂર નથી કે, તેનો એ ઉદ્દેશ સફળ થયો નહિ. એ બધાં કારણોને લીધે આનંદીબાઇને ખાતરી થઇ ગઇ હતી કે, પાદરીઓ ક્રૂર સ્વભાવના, વિશ્વાસઘાતક અને બેઇમાની હોય છે.

ઇ૦ સ૦ ૧૮૮૬ ની ૯ મી ઑકટોબરે આનંદીબાઇ અને

ગોપાળરાવે અશ્રુપૂર્ણ નયને મિસિસ કાર્પેન્ટરના શાંતિનિકેતન-નો ત્યાગ કરીને બંદર તરફ યાત્રા કરી.

મિસિસ કાર્પેન્ટર તેમને આગબોટમાં બેસાડીને દિલગીરી સાથે ઘેર પાછાં ગયાં. આનંદીબાઈ તેમના વિરહથી અત્યંત દુઃખી થયાં હતાં. યાત્રાસમયે તેમની જમણી આંખ વારંવાર ફરકવા લાગી, તેથી આનંદીબાઇનું ચિત્ત નાના પ્રકારની દુશ્ચિંતાઓથી આકુળવ્યાકુળ થવા લાગ્યું. તે ઉપરાંત આગબોટની સફરમાં દરિયાની હવાથી આનંદીબાઇ ઘણું કષ્ટ પામવા લાગ્યાં.

લંડનમાં આવ્યા પછી તેમને આગબોટ બદલવી પડી. તેમણે બીજી આગબોટની ટિકિટ ખરીદ કરીને તેમાં બેસવા જવા માંડ્યું; પરંતુ એ આગબોટના કેપ્ટને તેમને 'નેટિવ' અથવા 'કાળા આદમી' કહીને આગબોટમાં ચડવાનો નિષેધ કર્યો. તેમને ટિકિટના નાણાં પાછાં આપી દેવામાં આવ્યાં અને એ બે જણાં બીજી આગબોટની શોધ કરવા લાગ્યાં. આ બનાવને લીધે ચઢ-ઊતર કરવાથી તથા બહુ ફરવું પડેલું હોવાથી આનંદીબાઇને વિશેષ કષ્ટ પહોંચ્યું; પણ બીજો ઉપાય નહિ હોવાથી લાચારીએ બધું સહન કરવું પડ્યું. ત્યાર પછી થોડાકજ સમયમાં તેમને બીજી આગબોટમાં બેસવાની સગવડ મળી.

આ પ્રમાણે મંદવાડની દશામાં ૧૬ મી નવેંબરને દિને શ્રીમતી આનંદીબાઈ જોશી મુંબઇ આવી પહોંચ્યાં. ગોપાળરાવના મિત્રો તેમનો આદરસત્કાર કરવા સારૂ બંદર ઉપર હાજર થયા હતા. આનંદીબાઈ સ્વદેશી વસ્ત્રાભૂષણમાં સજ્જિત થઇને આગબોટ ઉપરથી નીચે ઊતર્યાં એટલે એ લોકોએ તેમને પુષ્પવૃષ્ટિ કરીને વધાવી લીધાં. આનંદીબાઇના આગમનના સમાચાર ચારે તરફ પ્રસરી ગયા અને જુદાં જુદાં શહેરોમાં લોકો સભાઓ ભરીને તેમને અભિનંદનપત્ર મોકલવા લાગ્યા. ઘણાઓએ તારદ્વારા પોતાનો આનંદ પ્રગટ કર્યો. મુખ્ય મુખ્ય વર્તમાનપત્રો તેમનાં યશોગાનથી પરિપૂર્ણ થઇ ગયાં.

પરંતુ જેને સારૂં લોકો આટલો બધો આનંદ પ્રકટ કરી રહ્યા હતા, તે તો રોગના આક્રમણથી દિવસે દિવસે વધારે પીડા પામતાં હતાં. મુંબઈના અનેક ડોકટરોએ તેમની દવા કરી, હવાની ફેરબદલી પણ ઘણી વાર કરી; પરંતુ કશાથી એ દુષ્ટ વ્યાધિ શમ્યો નહિ. આખરે આનંદીબાઈ પૂના ગયાં. ત્યાંનાં હવાપાણીના

ગુણને લીધે તથા સગાંસંબંધીઓના સહવાસને લીધે પ્રથમ થોડા દિવસ તેમની તબિયતમાં સાધારણ સુધારો જણાયો. તેમનાં મા, બહેન વગેરે સગાંઓ તેમને મળવા તથા ચાકરી કરવા સારૂ પૂના આવ્યાં હતાં; પરંતુ ગોપાળરાવની માફક બીજું કોઇ તેમની સેવા-શુશ્રૂષા કરી શક્યું નહિ. એ સમયમાં ગોપાળરાવે જેટલા યત્ન અને પરિશ્રમપૂર્વક આનંદીબાઇની શુશ્રૂષા કરી હતી, તેટલા યત્ન અને પરિશ્રમપૂર્વક અનેક માતાઓ પણ પોતાના સંતાનની સેવા કરી શકતી નથી. અનેક પ્રકારની ડૉક્ટરની અને દેશી વૈદની દવાઓ કરવામાં આવી; પરંતુ કોઇ પણ ઔષધથી લાભ થયો નહિ. ગોપાળરાવ એકેશ્વરવાદી હોવા છતાં પણ આનંદીબાઇને ખાતર બ્રાહ્મણોદ્વારા સ્વાસ્ત્યયન, શાંતિ, શિવ-પૂજા વગેરે દૈવી ઉપાયોનું અવલંબન લેતાં સંકોચાયા નહોતા.

આનંદીબાઇના મંદવાડની વાત જાણ્યા પછી દરરોજ ઘણા લોકો તેમને મળવા આવતા. સમાચારપત્રોમાં તેમની શારીરિક અવસ્થાની ખબરો લગભગ દરરોજ પ્રગટ થયા કરતી. શ્રીયુત બાલગંગાધર તિલક મહોદયે એ આપત્તિને સમયે, આનંદી-બાઇની ચિકિત્સા સારૂ પોતાના ગજા ઉપરાંત સહાય કરી હતી.

છેવટે એક દેશી વૈદરાજની દવા કરવામાં આવી. તેની દવા સાથે પથ્ય તરીકે પાણી પીવાનો નિષેધ હતો. એ ઔષધનું સેવન થતું હતું તે સમયમાં એક દિવસ આનંદીબાઇ તૃષાથી અતિશય કાયર થઇ જઇને તડફડ કરવા લાગ્યાં; પરંતુ એથી વિપરીત પરિ-ણામ આવશે એવી શંકાને લીધે કોઇએ તેમને પાણી પીવા આપ-વાનું સાહસ કર્યું નહિ. ચાર પ્રહર સુધી તૃષાની વેદનાથી વ્યા-કુલ થઇને એ બિલકુલ અધીરાં બની ગયાં. સ્ત્રીની આવી દશા જોઇને ગોપાળરાવ પ્રથમથીજ નિરાશ થઇ ગયા હતા. આનંદી-બાઇ તેમને આશ્વાસન આપતાં હતાં કે, "હું જીવવાની છું;" પરંતુ એ દિવસનો તેમનો તરફડાટ જોઇને ગોપાળરાવના મનમાં-જ એવો વિચાર આવ્યો કે કદાચ પાણી પીધા વગર તરસના માર્યાજ પોતાની સહધર્મિણીના પ્રાણ જશે. એવા વિચારથી અને આનંદીબાઇની વેદનાની ઉપેક્ષા કરી નહિ શકાયાથી તેમણે તેમને થોડું જળ પાયું. જળ પીધા પછી પ્રથમ તો રોગીએ સ્વસ્થતા-નાં લક્ષણ બતાવ્યાં; પણ ત્યાર પછી વ્યાકુળતા વધવાની સાથે તેમના શરીરની ગરમી ઓછી થવા લાગી.

બીજે દિવસે (૧૮૮૭ ની ૨૬ મી ફેબ્રુઆરી) સંધ્યાકાળ સુધી આવી દશામાં સમય વ્યતીત થયો. સંધ્યાકાળે ગોપાળરાવે પોતાને હાથે સહધર્મિણીને થોડુંક દૂધ પિવરાવ્યું. આટલો વખત સુધી આનંદીબાઈ બધો ખોરાક ઊલટીદ્વારા કાઢી નાખતાં હતાં; પરંતુ સ્વામીના હાથનું દૂધ પીધા પછી તેમણે ઊલટી કરી નહિ. ત્યાર પછી ઔષધિનું સેવન કરીને રોજના કરતાં કાંઇક સુખપૂર્વક તેમણે શયન કર્યું. છેલ્લા ત્રણ દિવસથી ગોપાળરાવ એક ક્ષણ પણ તેનાથી દૂર ખસ્યા નહોતા; તેમજ જરા પણ તેમણે આંખ મીંચી નહોતી; પરંતુ એ દિવસે એ વખતે એકાએક અજાણપણામાંજ તેમની આંખ મળી ગઈ.આનંદીબાઇની મા તેમની પાસે બેઠેલી હતી. રાતના દસ વાગ્યાને સમયે તેની આંખોમાં પણ નિદ્રાના પ્રાબલ્યને લીધે આળસ ભરાઈ આવ્યું અને તેને પણ ઝોકું આવી ગયું. એટલામાં આનંદીબાઇએ ઊલટી કરીને 'મા! રે!' કરીને બૂમ પાડી. તેમની જનની તરતજ તેમની પાસે ગઇ. એ વખતે, "મારાથી બની શક્યું તેટલું મેં કર્યું" એટલા શબ્દો કાને પડ્યા. આનંદીબાઇના છેવટના શબ્દો એજ હતા. જનનીએ જોયું કે, તેની કન્યાનો જીવનપ્રદીપ બુઝાઇ ગયો છે! સ્ત્રીકેળવણીની જે વિજયપતાકા આટલા દિવસ પાશ્ચાત્ય જનસમાજને પણ આશ્ચર્યચકિત કરીને ફરકી રહી હતી, તે આજે આ પ્રમાણે ક્રૂર કાળની નિષ્ઠુરતાથી ઊખડી ગઇ. હતભાગી ભારતવાસીઓનું આશા-વૃક્ષ ફળ આવતાં પહેલાંજ અકાળે મૃત્યુરૂપી દાવાનળથી દગ્ધ થઇ ગયું.

આ દુર્ઘટના જણાવતાં ગોપાળરાવે તા. ૨૮ મી ફેબ્રુઆરીએ મિસિસ કાર્પેન્ટરને જે પત્ર લખ્યો હતો તેનો કેટલોક ભાગ નીચે ઉતારીને આ શોકકથા અમે સમાપ્ત કરીશું.

"માશીજી!

"આજ હું આપને શું કહીને બોલાવું તે સમજી શકાતું નથી. આજ મારા માથા ઉપર આકાશ તૂટી પડ્યું છે. એ સૌંદર્ય, ધૈર્ય, ક્ષમા અને શાંતિના સાગરસ્વરૂપ ડૉક્ટર જોશી આજ ક્યાં છે? × × × તેનો મૃત્યુનો દિવસ ઘણા સુખમાં ગયો હતો, એમ મને લાગે છે. × × × સાધારણ રીતે જરા પણ અવાજ થતાં મારી ઊંઘ ઊડી જાય છે; પરંતુ એ દિવસે તેના મૃત્યુ વખતે હું એટલી બધી ગાઢ નિદ્રાને વશ થઇ ગયો હતો કે, મારા

સસરા અને સાળા વગેરે કેટલાક જણાઓએ વારંવાર બૂમો પાડી તોપણ મારી નિદ્રા ઊડી શકી નહિ. × × × મરણનાં કેટલાંક અઠવાડિયાં પૂર્વેથીજ એ ઘણું કષ્ટ ભોગવતી હતી; પણ રખે હું નિરાશ થાઉં, એ ભયથી તેણે એક દિવસ પણ મને પોતાની વેદના જણાવી નહોતી, બલકે સર્વદા પ્રફુલ્લિતભાવ દેખાડવા યત્ન કરતી. અહીંયાં આવ્યા પછી તો વળી એ ઘણી ધર્મશીલ બની હતી. × × × એનું પરિણામ એ આવ્યું કે અમે અમેરિકાથી પાછાં ફર્યાં ત્યાર પછી પ્રાયશ્ચિત્ત કર્યું નહોતું, છતાં પણ અમને મળતાં કે અમને મદદ કરતાં અમારી ન્યાતવાળાઓમાંથી કોઇએ સંકોચ પ્રકટ કર્યો નથી. ઘણા કટ્ટર–જૂના વિચારના હિંદુઓ પણ મારી સ્ત્રી સાથે સારી રીતે વર્ત્યા છે. ખ્રિસ્તી, સ્વધર્મભ્રષ્ટ કે ન્યાતબહાર થયેલા મનુષ્યો સાથે સાધારણ રીતે લોકો જેવી વર્તણુંક ચલાવે છે, તેવી વર્તણુંક તેની સાથે કોઇએ ચલાવી નથી. તેને સુખી અને સંતુષ્ટ કરવા સારૂ બધા બ્રાહ્મણો તેણે કરેલા બ્રાહ્મણભોજનમાં હાજર થઇને સંકોચ વગર જમી જતા. એ બનાવ જોઇને આ દેશના સુધારકો વિસ્મય પામી જતા. તેના મનને સંતોષ આપવા સારૂ જે કાંઇ કરવું આવશ્યક લાગે તે બધું લોકોએ કર્યું હતું. એ થોડા દિવસ જીવી હોત તો, એ બધાની સાર્થકતા થાત. × × × આ દેશના મોટા લોકો પણ કોઇ ન્યાતજાતના ટંટાને લીધે ન્યાતબહાર મુકાય છે તો ન્યાતના લોકો તેના શબને ઊંચકવા સહેલાઈથી જતા નથી; પરંતુ અમે અમેરિકા જઇ આવ્યાં હતાં છતાં પણ, તેનું શબ ઊંચકવા માટે જરૂર કરતાં પણ વધારે લોક પોતાની રાજીખુશીથી હાજર થયા હતા. શાસ્ત્રવિધિ પ્રમાણે અંત્યેષ્ટિ ક્રિયા કરવા માટે બ્રાહ્મણ મળી આવશે કે કેમ, એ વિષયમાં મને સંદેહ હતો; પણ એ શંકા પણ નિર્મૂળ નીવડી. જે જે આવશ્યક હતું તે બધું નિર્વિઘ્ને પાર પડયું. બધી જાતનાં સંભાવિત વિઘ્નો ઉપર અમે જય મેળવ્યો; પરંતુ મૃત્યુના અકાળે થયેલા આક્રમણે એ બધા ઉપર પાણી ફેરવી દીધું."

ઇ. સ. ૧૮૮૩ ની ૩ જી સપ્ટેમ્બરે આનંદીબાઇએ મિસિસ કાર્પેન્ટરના એક ચિત્રપુસ્તકમાં "તમને શું પસંદ છે?" એ મથાળા નીચે કેટલાક પ્રશ્નો છાપેલા જોઇને તેના જવાબ લખી રાખ્યા છે; એમાંથી થોડાક બોધપ્રદ પ્રશ્નોત્તર નીચે આપીએ છીએ.

તમને કયો રંગ પસંદ છે? સફેદ.
કયી જોવા લાયક વસ્તુ તમને ગમે છે? પર્વત.
કાલ કયો ગમે છે? સૂર્યોદય અને સૂર્યાસ્ત.
ઋતુ કયી ગમે છે? વસંત.
ગંધ? માલતી ફૂલની.
સૌંદર્ય કેવું ગમે છે? સદાચાર અને સુંદર આકૃતિ.
નામ? રમા, તારા, આનિ, ગોપાળ, વિષ્ણુ અને કૃષ્ણ.
વાદ્યકાર કયો ગમે છે? વીણા અને બેહાલાનો વગાડનાર.
શિલ્પકલા અને બાંધકામ કયું ગમે છે? તાજમહાલ.
કવિ કયા ગમે છે? પોપ, મનુ અને કાલિદાસ.
સ્ત્રી-કવિ કયી ગમે છે? મુક્તાબાઇ અને જનાબાઇ.×

અવકાશના વખતમાં મન લગાડવા યોગ્ય પુસ્તક કયું? શ્રીમદ્ભગવદ્ગીતા.

આનંદમાં સમય ક્યારે વીતે છે? પુસ્તક વાંચતાં હોઇએ ત્યારે.

જીવિકા શું કરીને મેળવવી ગમે છે? સાધારણ રીતે, જીવનયાત્રાનો નિર્વાહ કરવા જે કાંઇ કરવાની ઘણીજ જરૂર હોય તે.

પ્રિય ગુણ કયો? સત્યનું અનુસરણ.
તિરસ્કારપાત્ર દોષ કયો? મિથ્યાચાર અને નાસ્તિકતા.
ખરૂં સુખ શેમાં માનો છો? ભગવન્નિષ્ઠામાં.
ખરૂં દુઃખ શું છે? દાસત્વ અને પરાધીનતા.
તમારામાં મુખ્ય ગુણ કયો છે? હાલ તો એક પણ નથી.
તમારા સ્વામીનો મુખ્ય ગુણ કયો? પરોપકારપરાયણતા.
શ્રેષ્ઠ માનસિક વૃત્તિ કયી માનો છો? પ્રીતિ.

કયા શબ્દો તમને અતિ મધુર લાગે છે? પ્રીતિ, જીવદયા, સત્ય અને આશા.

કયા શબ્દો તમને અતિ કટુ લાગે છે? 'નાશ'ને 'પરિત્યક્ત'.

તમારા જીવનનો મુખ્ય ઉદ્દેશ શો? પરોપકાર કરવાની યોગ્યતા પ્રાપ્ત કરવી.

તમારા હૃદયપટ ઉપર કયું વાક્ય લખાયું છે? હરિ આપશે.

× મરાઠી સાહિત્યમાં ભક્તિગાથા રચનારી સ્ત્રીઓમાં આ બે રમણીઓનું સ્થાન ઘણું ઊંચું છે. મુક્તાબાઈ બ્રાહ્મણકુમારી અને જનાબાઈ સારા કુટુંબમાં જન્મેલી, પણ દાસીનો ધંધો કરનારી સ્ત્રી હતી. એ બન્ને ઇ. સ. ના ૧૩ મા સૈકામાં થઇ ગઇ હતી.—પ્રયોજક

૧૬૩–રમાબાઈ રાનડે

એ સન્નારી ઘણાં પરોપકારી અને જનસેવાનાં કાર્યોમાં દક્ષિણમાં આગળ પડતો ભાગ લેનારાં હતાં. પ્રાતઃસ્મરણીય ન્યાયમૂર્તિ મહાદેવ ગોવિંદ રાનડે સાથે લગ્ન થયા પછી એમણે પોતાનું જીવન જ્ઞાનની વૃદ્ધિ અને સંસારસુધારાના કાર્યમાં વ્યતીત કર્યું હતું. એક નિરક્ષર બાળા સુયોગ્ય પતિના સહવાસમાં કેટલી ઉન્નત થઇ શકે છે, એ જાણવાને માટે તેમનું ચરિત્ર ઘણું બોધજનક છે.

રમાબાઇનો જન્મ સતારા જિલ્લાના કુર્લેકર કુટુંબમાં થયો હતો. તેમના પૂર્વજોને પોતાના પરાક્રમી પેશ્વાઓ તરફથી દેવરાષ્ટ્ર ગામ જાગીરમાં મળ્યું હતું. રમાબાઇ રાનડેના વડદાદા ગણુપતરાવ ભાઉ વીર સૈનિક, શંકરના દૃઢ ઉપાસક અને દૃઢ નિશ્ચયી હતા. તેમની માતૃભક્તિ એટલી બધી અસામાન્ય હતી કે એક વાર ગુસ્સામાં માતાની સામું બોલ્યાથી તેમને એટલો બધો પશ્ચાત્તાપ થયો હતો કે સાગરેશ્વરના શિવાલયમાં જઇને તેમણે પોતાની જીભનું ટેરવું કાપીને શિવને અર્પણ કર્યું હતું અને શિવજીને સાષ્ટાંગ નમસ્કાર કરીને કહ્યું હતું કે, "માતાને કટુ વચન કહેવા કરતાં મને મૂંગો બનાવ્યો હોત તો વધારે સારૂ." સદ્ભાગ્યે પૂજારીની નજર એ કૃત્ય તરફ ગઇ અને તેણે તરતજ એ જીભના કડકાને ઉપાડી લઇ અંગારામાં બોળીને ગણુપતરાવ ભાઉની જીભ સાથે ચોંટાડી દીધો અને સમજાવીને ઘેર પાછા મોકલ્યા. કહે છે કે એ કકડો જીભ સાથે સારી રીતે ચોટી ગયો !

રમાબાઇના પિતા માધવરાવ સ્વભાવે તામસી પણ ઉદાર દિલના અને ધાર્મિક વૃત્તિના હતા. ઇશ્વર ઉપર તેમને સંપૂર્ણ વિશ્વાસ હતો. સુખદુઃખમાં મનને અવિચળ રાખી શકતા. દૃઢ નિશ્ચયી અને ખંતીલા હતા. ગમે તેટલાં વિઘ્ન આવે તો પણ

હાથમાં લીધેલું કામ છોડતા નહિ. જ્ઞાનેશ્વરી અને અમૃતાનુભવ એ એમનાં વાંચનનાં પ્રિય પુસ્તક હતાં. રમાબાઇનાં માતુશ્રી મીરજના રાઘોપંત કરમરકર નામના પ્રસિદ્ધ રાજવૈદ્યની કન્યા હતાં. રમાબાઇ એમનો પરિચય આ પ્રમાણે આપે છેઃ–“એમનો સ્વભાવ અતિશય માયાળુ, સહનશીલ તથા શરમાળ હતો. એ હમેશાં કાંઇ ને કાંઇ કામમાં રોકાયલાં રહેતાં. નવરાં બેસવું તેમને ગમતું નહોતું. ઘરનાં કામમાંથી નવરાં થાય કે ઔષધો, ગોળીઓ વગેરે કાંઇ ને કાંઇ પણ કરવામાં મગ્ન રહેતાં હતાં. અમારાં માતુશ્રીને વૈદકક્રિયા ઘણી ઉત્તમ આવડતી હતી. ઘણા જૂના રોગો પણ તેઓ ખાતરીથી સારા કરતાં હતાં; તેથી અમારા ગામની આસપાસ દશબાર ગામડાંનાં લોકો ઘણી શ્રદ્ધાથી એમની પાસે ઔષધો લેવા આવતાં હતાં. સર્વ રોગીઓને પોતાના ખર્ચથી તથા સ્વહસ્તે તેઓ ઔષધો તૈયાર કરી આપતાં. રાત્રે કે દિવસે નિયમિત કે અનિયમિત વખતે–કોઇ પણ વખતે રોગીઓ આવે તો તેઓ કંટાળતાં નહિ. તેઓ તાબડતોબ ઓસડપાણી આપતાં અને ઘણોજ ગરીબ હોય તો તેને ચારઆઠ દિવસ પોતાને ત્યાં રાખી બન્ને વખત ચરી પ્રમાણે ખાવાનું પોતાના હાથે બનાવી ખવડાવતાં તથા ઔષધો આપતાં. વાયુથી બેભાન થયેલા અને ગાંડા થઇ ગયેલાઓને સ્વહસ્તે કામ પણ દેતાં હતાં. આ સર્વ કામોમાં મારા પિતાશ્રીની એમને સંમતિ તથા મદદ હતી; કારણકે આ પરોપકારનું કામ તેમને ઘણું ગમતું હતું. ‘આ સર્વને લગતો ખર્ચ તું ઘણી ખુશીથી કર, આ ખરો ધર્મ છે,’ એવું તેઓ તેમને આશ્વાસન આપતા. મારા પિતા સ્વભાવના ઘણા તામસી હતા. એમના સામું બોલવાની ઘરમાંના કોઇ માણસની છાતી ચાલતી નહિ. અમારાં માતુશ્રીએ પૂર્વવયમાં ઘણોજ ત્રાસ સહ્યો હતો, છતાં પણ પોતાની મર્યાદાવાળી વર્તણુક તથા શાંત અને સહનશીલ સ્વભાવથી તેઓ એમની મરજી હમેશાં સાચવતાં. તે એમ સમજતાં હતાં કે સ્ત્રીઓનો દેવ તથા ગુરુ પતિજ છે, માટે એમણે મારા પિતાશ્રી પાસેથી ગુરુમંત્ર પણ લીધો હતો અને તેનો ઘણી નિષ્ઠાથી તે જપ કરતાં હતાં. ઇ. સ. ૧૮૭૬–૭૭ માં દુષ્કાળથી મારા પિતાશ્રીને ઘણી તાણ પડી હતી, તેથી એટલા મોટા પરિવારનો સંસાર ચલાવવો બે ચાર વર્ષ સુધી એમને ઘણો અઘરો પડ્યો. એ વખતે એમણે ઘણા ધૈર્યથી દિવસ કાઢ્યા.

કોઇ પણ અડચણની અમો બાળકોને તેઓ ખબર પડવા ન દેતાં કે ગરીબી માટે અમારા પિતાશ્રી પાસે વાત ન કરતાં, શાંતિથી તથા ધીરજથી તેણે આવેલા દિવસ કાઢ્યા. દરરોજ સાંજે પુરાણ ખલાસ થયા બાદ અમને બધાંને બોલાવીને ખુલ્લા આંગણામાં બેસતાં અને પુરાણમાંના દેવાદિકોની કથા અને કહાણી કહેતાં. એ જોઇ અમારાં ફોઇબા મશ્કરીમાં કહેતાં કે, 'અમારાં ઉમા ભાભીને લાગે છે કે મારાં છોકરાં ઘણાં ડાહ્યાં ને હોશિયાર છે. એમને પુરાણની વાર્તાઓ કહું છું તે તેઓ બધાં સમજે છે. એવી ભારે ભારે વાતો એમને શું કરવા કહે છે? તે વાતો મોટા માણસોને પણ ધ્યાનમાં રાખવી અઘરી પડે છે.' ત્યારે તેઓ કહેતાં કે, 'મને કૂતરાં બિલાડાંની વાર્તાઓ આવડતી નથી તો હું શું કરૂં? જોઇએ તો તમે કહો; પણ મને લાગે છે કે સારૂં બી આપણે વાવવું. જેવી જમીન મળશે તેવું મૂળ ચોંટશે તેથી આપણા મોઢેથી જો રોજ દેવાદિકોની કથાનો ઉચ્ચાર થાય તો આપણને પુણ્ય મળે. એ સિવાય આપણાથી બીજું શું બનવાનું છે.?"

રમાબાઇની માતાનું વર્ણન આટલા વિસ્તારથી અમે એટલા સારૂ આપ્યું છે, કે એમના ચરિત્ર ઉપરથી સ્પષ્ટ જણાઈ આવે છે કે માતાએ રોપેલા પરોપકારના વૃક્ષને કન્યાના જીવનમાં પુષ્પ આવ્યાં હતાં. પરોપકાર, સ્વાર્થત્યાગ, પતિભક્તિ આદિ ગુણો રમાબાઇમાં માતા તરફથીજ આવ્યા હતા.

ઇ૦ સ૦ ૧૮૭૩ માં માગશર સુદિ ૧૧ શકે ૧૭૯૫ ને દિવસે એમનું લગ્ન રાવસાહેબ મહાદેવ ગોવિન્દ રાનડે સાથે થયું. રાનડેનું એ બીજી વારનું લગ્ન હતું. પોતે સુધારકોના નેતા હોવાથી બીજી વાર વિધવા સાથે લગ્ન કરવાનો વિચાર ધરાવતા હતા; પણ પિતાજીનો જીવ ન દુઃખાય એટલા ખાતર કુમારી રમાબાઇ સાથે પરણવા સંમત થયા હતા. લગ્નસમયે રમાબાઇની ઉંમર અગિયાર વર્ષની હતી. લગ્ન થયા પછી રાનડેને જ્યારે ખબર પડી કે પત્નીને બારાખડી પણ આવડતી નથી, ત્યારે તરતજ એમણે પાટી અને પેન મંગાવીને 'શ્રીગણેશાય નમઃ'નો પહેલો સાત અક્ષરનો પાઠ લખી આપ્યો. એ દિવસથી એ પોતાનાં બીજાં કાર્યોમાંથી સમય બચાવીને દરરોજ બે કલાક પત્નીને ભણાવવા લાગ્યા. પંદરમે દિવસે રમાબાઇ પહેલી ચોપડીનો પહેલો પાઠ વાંચવા યોગ્ય થયાં. પછી તો ઝપાટાબંધ એમનો અભ્યાસ આગળ વધતોજ ગયો.

એવા કેટલા કેળવાયલા યુવકો છે કે જેઓ પોતાની પત્નીને સારૂં શિક્ષણ આપવા તન, મન, ધનથી પ્રયત્ન કરે છે? અભણ સ્ત્રી સાથે પાનું પડતાં ઘણા યુવકો પોતાના દૈવનો કે સમાજનો વાંક કાઢી જીવન નિરાશામાં ગાળે છે; બિચારી નિર્દોષ પત્નીને નાહકનાં મેણાં મારીને દુઃખી કરે છે અને એટલેથીજ પોતાના કર્તવ્યની સમાપ્તિ થઇ હોય એમ માને છે. એવા લોકોએ ન્યાયમૂર્તિ રાનડેના જીવન ઉપરથી ધડો લેવો ઘટે છે. રાનડેએ પરિશ્રમ લઇને રમાબાઇને કેળવ્યાં ન હોત તો એમનામાં સ્વાભાવિક રીતે રહેલા સદ્ગુણોનો વિકાસ કદી પણ થયો ન હોત અને જનસમાજને તેમની સેવાથી પાછલા સમયમાં જે લાભ મળ્યો તે લાભ મળવા ન પામ્યો હોત. જસ્ટીસ ચંદાવરકરે વાજબી કહ્યું છે કે, "રાનડેને હાથે બીજાં કાંઇ મહાન કાર્ય ન થયાં હોત અને કેવળ રમાબાઇના જીવનને કેળવાયલું અને સંસ્કારી બનાવવાનુંજ કાર્ય થયું હોત તોપણ એમનું જીવન વંદનીય ગણાત."

રાનડેએ બીજી ઠરેલ સ્ત્રીશિક્ષિકાને રાખી. તેની પાસે રમાબાઈ મરાઠી પાંચમા ધોરણ સુધી ભણ્યાં. લખતાં વાંચતાં તથા હિસાબ ગણતાં તેમને સારી રીતે આવડ્યું. એમના દિયરો એ સમયે અંગ્રેજી ભણી રહ્યા હતા, એમને જોઇને રમાબાઇને પણ અંગ્રેજી ભણવાની હોંશ થઇ. પતિને તેમણે એ વાત જણાવી ત્યારે તેમણે સાનંદાશ્ચર્યની સાથે કહ્યું કે, "હું ખરેખર તને અંગ્રેજી ભણાવવાનો છું. મારા મનમાં ઘણા દિવસથી એ હોંશ છે, પણ તારો મરાઠી અભ્યાસ પૂરો થાય ત્યારે વાત."

રાનડે જ્યારે આટલા ઉમંગથી પત્નીને ભણાવી રહ્યા હતા, ત્યારે એમના ઘરની સ્ત્રીઓને એ વાત જરા પણ રુચતી નહોતી. તેઓ રમાબાઇ ઉપર ઘણીજ ગુસ્સે થતી અને તેમને તુચ્છકારી પણ કાઢતી. બધી સ્ત્રીઓ એક તરફ અને રમાબાઈ બીજી તરફ એ દશા હતી; એટલે રાત્રે મેડીએ ગયા પછીજ એમનો અભ્યાસ ચાલતો. રાનડે પાસે દક્ષિણા પ્રાઇઝ કમિટીનાં મરાઠી પુસ્તકો આવતાં તે વંચાવવાનું કામ એ પત્ની પાસે લેતા. ઘરની સ્ત્રીઓ દાદરમાં ઊભી રહી એમનું વાચન સાંભળતી અને કવિતા વાંચતાં એમનાથી કાંઇ ભૂલ થઇ હોય કે અચકાયાં હોય તો બીજે દિવસે તેમના ચાળા પાડીને ચીઢવતી; પરંતુ રમાબાઇનામાં માતા તરફથી સહનશીલતાનો ગુણ આવ્યો હતો, એટલે કોઇને સામો

ઉત્તર ન આપતાં તે ધીરજથી સહન કરતાં. કેટલીક વાર તો સ્ત્રીઓ એમની હિતૈષી થઈને સ્પષ્ટ શિખામણ આપતી કે, “ તમે ભણો છો એ વાત અમને ગમતી નથી. પુરુષોનું મન રાખવા માટે થોડી વાર વાંચીએ, પણ એમની વાત ઉપર બહુ ધ્યાન ન આપીએ. એ દશ વાર કહે તો એક વાર વાંચીએ, એટલે કંટાળીને આપોઆપ છોડી દેશે.” રમાબાઈ ઉત્તર ન આપતાં સાંભળી રહેતાં.

આ પ્રમાણે થોડો સમય ગયા પછી રાનડેએ પોતે પત્નીને અંગ્રેજી અભ્યાસ શરૂ કરાવ્યો. હવે તો સાસુનણંદના ક્રોધનો પારજ ન રહ્યો. રમાબાઇ એક અમલદારનાં પત્ની હોવા છતાં તથા અંગ્રેજી ભણવા છતાં, ઘરકામને હલકું ગણતાં નહોતાં. એક સમયે વાસીદું વાળતાં વાળતાં એમના હાથમાં અંગ્રેજી વર્તમાનપત્રનો એક કકડો આવ્યો. નવા નિશાળિયાની સ્વાભાવિક જિજ્ઞાસાથી એમણે સાવરણી મૂકીને એ કાગળ વાંચવા માંડયો.

એ બનાવ ઘરની સ્ત્રીઓએ જોયો અને તેમણે એમને ઊધડાં લીધાં તથા ન કહેવાનાં વેણ સંભળાવ્યાં. એમને મનથી અંગ્રેજી ભણવું એ તો કોણ જાણે કેવુંએ મોટું પાપ હતું; પરંતુ રમાબાઇએ શાંતિથી એ દુઃખ સહન કર્યું. ઘણી વાર એકાન્તમાં જઇને એ રડતાં; પણ પોતાની ફરિયાદ પતિ સુધ્ધાંતને પણ જણાવતાં નહિ; કારણ એ હતું કે પહેલી વાર સાસરે વળાવતી વખતે એમના પિતાએ ઉપદેશ આપ્યો હતોઃ “જો, તું સાસરે જાય છે. સાવકાં સહિયારાંનું કુટુંબ છે તથા ઘરમાં દસ જાતનાં આશ્રિતો છે. તું મારી દીકરી છે. આપણા કુલીન ઘરને શોભે તેમ ચાલજે. તને ગમે તેટલો ત્રાસ થાય, તો પણ સહન કરજે; પણ નોકરને પણ તું વાંકો જવાબ દેતી નહિ.” બીજું એ કહ્યું હતું કે, “ તારા મનને અસહ્ય દુઃખ થાય તોપણ તું જાતે કોઇની ચાડી તારા વર પાસે કરતી નહિ; ચાડીથી કુટુંબનો તો શું પણ રાજ્યનો પણ નાશ થાય છે. માટે તને કહું છું તે બે વ્રતો પાળજે, એટલે તને કોઇ દિવસ હરકત આવશે નહિ. તું ભાગ્યવાન છે. સહનશીલતા એ તારો ગુણ થશે, ત્યારે તું સાચી કસોટીએ ચડીશ અને અમારા કુળમાં જન્મ લીધાનું ત્યારે સાર્થક થશે. આ મારૂં બોલવું ધ્યાનમાં રાખજે; એથી વિરુદ્ધ તું વર્તે છે એમ હું સાંભળીશ તો ફરી હું કદી તને તેડીશ નહિ.”

સાસરે વિદાય થતી પુત્રીને આથી સારી શિખામણ બીજી

કઇ હોઇ શકે ? એમાં સંસારસુખની ખરી ચાવી રહેલી છે.

આજ્ઞાંકિત પુત્રીને છાજે એવી રીતે રમાબાઇએ એ બન્ને વ્રતોને પૂર્ણપણે પાળવાનો નિશ્ચય કર્યો હતો. મનુષ્યની મુખાકૃતિ હૃદયનો ભાવ છુપાવી શકતી નથી, એટલે રાનડે પત્નીની મુખમુદ્રા ઉપરથી એમના ક્લેશનું કાંઈ અનુમાન કરી જતા અને પ્રેમપૂર્વક કારણ પૂછતા; પણ રમાબાઇ એ વખતે પણ બીજું બહાનું કાઢીને વાત ઉડાવી દેતાં અને કદી સાસુ, નણંદ વગેરેની ફરિયાદ તેમના આગળ કરતાં નહિ. પતિના પ્રેમમાં તેઓએ બધું દુઃખ વીસરી જતાં અને ખંતપૂર્વક પોતનો અભ્યાસ આગળ ચલાવતાં.

એ સમયમાં રાનડેની બદલી પૂનાથી નાશિક થઇ. ત્યાં ગયા પછી ઘરસંસારનો ઘણો બોજો રમાબાઇને માથે પડ્યો. પોતે સવારે સાડાચાર વાગે પતિની સાથે ઊઠતાં અને તેમને શ્લોક તથા ભજન સંભળાવતાં. અજવાળું થતાં ઘરકામમાં ગૂંથાતાં. રસોઇ કરનાર બાઇ હતી; પણ પોતે શાક, ભાજી, કચૂંબર અને છાશ વગેરે હાથેથી કરીને પતિને પીરસીને સાથે જમવા બેસતાં. બપોરે પતિને સારૂ કોર્ટમાં મોકલવાનું ફરાળ એ પોતેજ બનાવતાં; અને દરરોજ જુદી જુદી ચારપાંચ વાનીઓ કરતાં. ત્યાર પછી ભણવા બેસતાં અને પતિના પાછા આવતાં સુધીમાં તો પાઠ તૈયાર કરી લેતાં.

રાનડેએ હવે ઘરખર્ચની વ્યવસ્થાનું તથા હિસાબ રાખવાનું કામ પણ એમનેજ સોંપ્યું હતું. રાનડેની આઠસો રૂપિયાની માસિક આવક એમનાજ હાથમાં આવતી. રાનડે તો કોઇ દિવસ કૂંચી હાથમાં પણ લેતા નહિ; પરંતુ રમાબાઇ ઘરના નજીવા ખર્ચ સારૂ બાંધેલી પાંચ રૂપિયાની રકમ ઉપરાંતનું ખર્ચ કરવું હોય તો પતિને પૂછ્યા વગર કદી કરતાં નહિ. એથી એમનાં બન્નેનાં મન ઊંચાં થવા વારો કોઇ દિવસ આવતો નહિ.

નાશિકમાં રાનડેએ પ્રાર્થનાસમાજની સ્થાપના કરી. રાવબહાદુર ગોપાળરાવ દેશમુખ એ વખતે ત્યાં જોઇન્ટ જજ હતા. એમનું કુટુંબ પણ સુધારક હતું, એટલે રમાબાઇને સારી સોબત મળી. દેશમુખનાં પત્ની હળદકંકુના પ્રસંગે ગામની સ્ત્રીઓને પોતાને ઘેર બોલાવીને કથાવાર્તા કરતાં. હળદકંકુનો તહેવાર દક્ષિણીઓ ચૈત્ર અને શ્રાવણ માસના મંગળવારે કરે છે. એ દિવસે

સ્ત્રીઓ પોતાનાં ઓળખીતાં મંડળમાં જાય છે અને સૌભાગ્યસૂચક હળદર તથા કંકુ આપી પલાળેલા ચણા તથા ઘઉંથી ખોળો ભરે છે. રાનડેએ પત્નીને સલાહ આપી કે, " હળદકંકુના નિમિત્તે તમારે ગામની સ્ત્રીઓને વારંવાર એક સ્થાને એકઠી કરીને સીતા, સાવિત્રી વગેરે પ્રાચીન સાધ્વીઓનાં ચરિત્રો વાંચી સંભળાવવાં અને શિક્ષણ તરફ તેમનું મન વાળવું તથા ગામની કન્યાશાળાઓની મુલાકાત લેવી અને તેમને ઉત્તેજન આપવા નાની નાની બક્ષિસો પણ આપવી."

પતિના એ ઉપદેશનો અમલ રમાબાઇએ દેશમુખના ઘરની સ્ત્રી સાથે મળીને કરવા માંડ્યો. એ એમની સામાજિક સેવાનો આરંભ ગણી શકાય. એ સમયમાં એક જાણવાજોગ પ્રસંગ બન્યો, જે ઉપરથી રમાબાઇના લજ્જા અને વિનયયુક્ત સ્વભાવનો પરિચય મળી આવે છે. એ અરસામાં થાણાના સેશન્સ જજ મિસ્ટર કાગલન પોતાની પત્ની, સાસુ અને સાળીને લઇને કામ પ્રસંગે નાશિક આવ્યા. એ અંગ્રેજ સ્ત્રીઓ મળતાવડી અને હિંદુ સ્ત્રીઓની મુલાકાત કરવાની હોંશ ધરાવનારી હતી. તેઓ રમાબાઇને મળવા સારૂ એમને ઘેર ગયાં; અને એમને પણ વળતી મુલાકાતે જવું પડ્યું. આ પ્રમાણે એમનો પરિચય વધ્યો. કન્યાશાળાનો ઇનામનો સમારંભ એજ સમયમાં આવી પડ્યાથી રાનડે અને દેશમુખની સલાહ એવી થઇ કે મિસિસ કાગલનને હાથેજ કન્યાઓને ઇનામ વહેંચાવવાં. એ પ્રસંગે એક મોટો મેળાવડો થયો. બંને ઘરની સ્ત્રીઓએ ઘેરેઘેર જઇને ગામની પ્રતિષ્ઠિત સ્ત્રીઓને આમંત્રણ આપ્યાં. નાશિકમાં સ્ત્રીપુરુષોનો ભેગો મેળાવડો એ પ્રથમજ હતો. રમાબાઇ તથા દેશમુખની કન્યાઓના પ્રયત્નથી, પચાસસાઠ સ્ત્રીઓ એકઠી થઇ. ઇનામ વહેંચાઇ રહ્યા પછી પ્રમુખનો ઉપકાર માનવાનું કામ રમાબાઇને માથે આવી પડ્યું.

રમાબાઇએ લખેલું ભાષણ વાંચી, પ્રમુખ તથા હાજર રહેલી સન્નારીઓનો આભાર માનીને બેઠક લીધી, એટલે ગોડબોલે નામના ડેપ્યુટી ઇન્સપેકટરે હારકલગીનો થાળ એમની પાસે લાવી મૂક્યો. રમાબાઇએ એમાંથી એક હાર મિસિસ કાગલનને પહેલાં પહેરાવી પછી એમનાં માને તથા બહેનને પહેરાવ્યો અને એક હાર જેવો ને તેવો થાળમાં રાખી મૂકી, તે થાળ ડેપ્યુટી તરફ ખસેડ્યો. તે હાર સાહેબને પહેરાવવાનું ડેપ્યુટીએ ધીમેથી કહ્યું;

એટલે રમાબાઇએ તરતજ ચોખ્ખી ના પાડી અને ડેપ્યુટી ઉપર ઘણાં ગુસ્સે થયાં. રા. બા. દેશમુખ એમના તરફ જોઇ રહ્યા હતા તે મૂછમાં હસ્યા અને એકદમ ઊઠી ડેપ્યુટીના હાથમાંના થાળ-માંથી હાર ઉપાડી લઇ મિ. કાગલનના ગળામાં પહેરાવ્યો.

સભા બરખાસ્ત થઇ. રાત્રે સૂતી વખતે રાનડેએ મશ્કરીમાં પૂછ્યું કે, "તેં ત્રણ જણીને હાર પહેરાવ્યા અને બિચારા કાગ-લનને કેમ છોડી દીધા ?'

રમાબાઇએ કહ્યું: "હું હિંદુ ન હોત તો એ વિષે મને પણ ખોટું લાગત નહિ. ડેપ્યુટી હિંદુ તથા પુખ્ત વયના છે, છતાં તેમણે કાગલનને હાર પહેરાવવાનું મને કહ્યું તેથી મને આશ્ચર્ય લાગ્યું અને ગુસ્સો પણ આવ્યો."

રાનડેએ કહ્યું: "પણ તારૂં ઉપરાણું દેશમુખે લીધું ને ?"

રમાબાઇએ કહ્યું: "એમની તે શી વાત ? એ તો ઘણા મોટા મન વાળા છે. તેઓ એવા કુત્સિત પરીક્ષક ન હોય."

આથી જણાય છે કે, રમાબાઇ તેમના પતિ સુધારક હોવા છતાં અંગ્રેજી સભ્યતાનું અંધ અનુકરણ કરવાનાં પક્ષપાતી નહોતાં.

રમાબાઇનો અભ્યાસ ધીમે ધીમે પણ દૃઢ રીતે આગળ વધવા લાગ્યો. અંગ્રેજી બાળવાર્તાઓ વાંચવા જેટલું જ્ઞાન એમનું થયું. રાનડે ડિસ્ટ્રિકટમાં ફરવા જતા ત્યાં પણ પત્નીને સાથે રાખતા; તેથી રમાબાઇને સૃષ્ટિસૌંદર્ય નિહાળવા ઉપરાંત દેશના ગરીબ લોકોની સ્થિતિ નિહાળવા મળતી. રાનડેનો આગ્રહ હતો કે, જે ગામમાં મુકામ હોય તે ગામની સ્ત્રીઓને ઘેર જઇને પણ રમાબાઇએ મળવું અને તેમની સાથે વિચારોની આપ-લે કરવી.

અનેક સ્થાનોએ રહી આવ્યા પછી રાનડેની પાછી પૂના બદલી થઈ. એ સમયે પરમ વિદુષી પંડિતા રમાબાઈ પૂનામાં ભાષણો આપી રહ્યાં હતાં. રમાબાઇને પોતાની નામરાશી એ વિદુષી સાથે સારો પરિચય થયો અને પંડિતાએ પણ અંગ્રેજી ભણવાનો આરંભ કરેલો હોવાથી એ પણ રાનડેને ઘેર જઇને શ્રીમતી રમાબાઇની સાથેજ અંગ્રેજી ભણવા લાગ્યાં.

પંડિતાએ 'આર્ય મહિલાસમાજ' નામની એક સભા સ્થાપી તેમાં રમાબાઈ પણ જોડાયાં. પંડિતા રમાબાઈની આવજા એમને ઘેર થવા લાગી તેથી તો ઘરની બીજી સ્ત્રીઓના ક્રોધનો પારજ ન

રહ્યા. તેઓ સલાહ આપતાં કે, "તમારે સભામાં જવું નહિ. પંડિતા ઘેર આવે તો તેને અડવું નહિ. પુરુષોને એ વાત પસંદ હોય તોપણ દુર્લક્ષ કરવું; ના કહેવી નહિ, પણ વાત ન કરીએ એટલે થયું; આપોઆપ કંટાળીને નામ છોડી દેશે. તારા પિયેરિયાં જો, કેવા સારા વિચારનાં છે; અને તું તો મડમ કરતાંય વધી ગઇ." રમાબાઈ એમની આગળ તો હા પાડતાં, પણ એ પ્રમાણે અમલ કરતાં નહિ. કારણ એમનાજ શબ્દોમાં કહીએ તો "પોતાને (પતિને) જે પસંદ હોય તે ગમે તેમ થાય તોપણ કરવું જોઇએ; નહિ તો ગુસ્સે થશે એમ મને પાકી ખાતરી હોવાથી 'પોતાને' ગમતી હોય તે વાત કરવાને હું કોઇ દિવસ ચૂકતી નહિ. જે મારા ખરા સુખ તથા સમાધાનનું ઠેકાણું છે તેમાં અંતરાય આવવો ન જોઇએ તથા આ એક સમાધાનની બાજુ મજબૂત હોય, તો ઘરમાંના બીજા કોઇ પણ માણસ તરફથી ત્રાસ થાય તે સહન કરવાનું મને વધારે બળ આવશે, એવી મારી પાકી સમજ હતી. આઠ 'મહિના'નો તડકો અને એક દિવસનો વરસાદ એ પ્રમાણે ઘરમાંનાં માણસો તથા 'પોતે' વર્તતાં તેથી ઘરમાંની વડીલ સ્ત્રીઓને કાંઇ ઉત્તર ન આપતાં તથા બીજા કોઇને સારૂંનઠારૂં ન કહેતાં 'પોતાને' ગમે તેવું વર્તન રાખવા હું સર્વસ્વ પ્રયત્ન કરતી."

એ સમયમાં છોકરીઓને સારૂ અંગ્રેજી કન્યાશાળા ઉઘાડવાની હિલચાલ કરવા હીરાબાગમાં એક સભા મળી હતી. એ સભામાં ગવર્નર સર જેમ્સ ફરગ્યુસન આગળ એ નિશાળ માટે માગણી કરવાની હતી. તે દિવસે સભામાં અંગ્રેજીમાં ભાષણ વાંચવાનું રમાબાઇને સોંપવામાં આવ્યું. એટલા બધા શ્રોતાજનો આગળ અંગ્રેજીમાં ભાષણ વાંચવાનો એમને એ પહેલોજ પ્રસંગ હતો. રાનડેએ ટૂંકાં અને સમજાય એવાં વાકયોમાં ભાષણ લખી આપ્યું હતું; એટલું વાંચતાં પણ સભાક્ષોભ થયો અને ગભરાટ સાથે વાંચીને એ બેસી ગયાં.

એ બનાવના સમાચાર ઘેર પહોંચતાં વાર લાગી નહિ; એમનાં તાઇ સાસુજીના ક્રોધનો તો પારજ નહોતો. રમાબાઇને તો તેમણે અનેક કટુ વચન સંભળાવ્યાંજ, પણ ખુદ રાનડેના ઉપર પણ પસ્તાળ પડી. "દિવસે દિવસે માણસોએ લાજમર્યાદા છોડી દીધી છે. પહેલાંની સ્ત્રીઓ પુરુષની સામે ઊભી પણ નહોતી

રહેતી, તો પછી બોલે તો ક્યાંથીજ? પુણ્યાહ્વાચનની વખતે માત્ર ચાર માણુસોની સમક્ષ સ્ત્રીઓને વરની પાસે બેસવાનો વખત આવતો અને તે વખતે કેડ દુઃખવા આવે, તોપણ ઉપર જોવાની એમની હિંમત થતી નહોતી! એ સ્ત્રીઓ શું લાડકી નહિ હોય કે? એમનામાં પ્રેમ નહિ હોય? હવેનો પ્રેમ એટલે સ્ત્રીએ બધો વખત છેડાછેડી બાંધીને સાથે ફરવું, ધણીની ખુરશી સાથે ખુરશી રાખીને બેસવું, પુરુષો જેવું લખવું તથા વાંચવું એટલે સુધી પહોંચી ગયું છે. આજ સુધી ઘરમાં ને ઘરમાં તે સંભળાતું હતું; પણ આજની વાત તો વધી પડી. એટલા હજાર બે હજાર માણુસોની સમક્ષ વહુએ અંગ્રેજીમાં વાંચ્યું, તેની શરમ કેમ ના આવી? માથા ઉપરની પાઘડી પણ કેમ રહી? પહેલાં લોકો આબરૂને કેટલી સંભાળતા, પણ હવે તો તે રહીજ નથી. ઊલટું તે બહુ ગમ્યું હશે. તેજ વખતે ઊઠીને મારવી હતી; એટલે વધારે સારૂં થાત! × × શું બાઇ! ઘરમાં તો એક શબ્દ પણ બોલતી નથી. ગુસ્સે થઇએ, તોપણ મોઢું સરખું ઉઘાડતી નથી. કેટલી ગરીબ દેખાય છે! પણ બહાર ક્યાંથી એને એટલું ધૈર્ય આવતું હશે!”

રાનડેએ બધું મૂંગે મોંએ સાંભળી લીધું. કાંઇ જવાબ ન આપ્યો. માળ ઉપર જઇને પત્નીને કહ્યું કે, “આજનો સપાટો જબરો હતો; તને એ લોકો ઘણા દિવસ સુધી ત્રાસ દેશે એ હું જાણું છું; પણ આપણે એથી ઊલટીજ તૈયારી રાખવી જોઇએ. સહનશીલતા અને ધીરજથી સહન કરવાનો નિશ્ચય કરવો. એમનો ગુસ્સો વધવાને પુષ્ટિ મળે, તેવો વખત આપણા તરફથી ન આવવા દેવો. એમના વખતની સમજ પ્રમાણે તેઓ બોલે છે, એમાં એમનો દોષ નથી; પણ એમના મનને દુઃખવવું નહિ, જવાબ આપવો નહિ. મૂંગે મોઢે સાંભળી રહેવું, એ ત્રાસદાયક તો છેજ; પણ આજના એ ત્રાસથી આપણે જે સહનશીલતા શીખીશું, તે આખા જન્મારા સુધી કામ આવશે. જે સાચું તથા યોગ્ય લાગે તે કરવું, છોડવું નહિ; એ પાકું ધ્યાનમાં રાખવું. બીજા ગમે તે ટીકા કરે, તેની પરવા ન કરવી અને મૂંઝાવું પણ નહિ.” આવા આવા અનેક ઉપદેશથી રાનડેએ પત્નીને શાંત કર્યાં. રમાબાઇએ પણ એમના ઉપદેશનું અક્ષરશઃ પાલન કર્યું. વડીલ સ્ત્રીઓ ગમે તે બોલે, તોપણ તે બધું સાંખી લઇને પતિને ગમે તેજ કાર્ય કરવાનો ક્રમ એમણે ચાલુ રાખ્યો.

ઇ. ૧૮૮૬–૮૭માં સરકારી કામને અંગે રાનડેને કલકત્તા રહેવું થયું, તે સમયે પણ રમાબાઇ સાથે હતાં. કલકત્તાના ટૂંકા નિવાસ દરમિયાન રાનડે બંગાળી વાંચતાં શીખ્યા હતા અને પત્નીને પણ શીખવ્યું હતું. બંગાળી વર્તમાનપત્ર રમાબાઈ વાંચી શકતાં.કલકત્તાથી પાછા ફરતાં વિષવૃક્ષ, દુર્ગેશનંદિની,આનંદમઠ વગેરે કેટલીક નવલકથાઓ લેતાં ગયાં હતાં અને તે વાંચી હતી.

આ પ્રમાણે પતિની દેખરેખ નીચે રમાબાઈ જ્ઞાનવૃદ્ધિની સાથે સાથે સમાજસેવાનો પાઠ પણ શીખતાં જતાં હતાં; પરંતુ પતિની હયાતીમાં કોઇ સંસ્થામાં સ્વતંત્રપણે આગળ પડતો ભાગ એ લેતાં નહિ. પતિદેવની લોકહિતની અનેક પ્રવૃત્તિમાં પરોક્ષ રીતે તેમનાં સહાયક અને પ્રોત્સાહક બનતાં.

ઇ. સ. ૧૯૦૧માં ન્યાયમૂર્તિ રાનડે, આખા ભારતવર્ષને શોકસાગરમાં ડુબાડીને પરલોકગામી થયા. રમાબાઇએ મંદવાડમાં પતિની સેવાશુશ્રૂષા કરવામાં જરા પણ મણા રાખી નહોતી. પતિવિયોગનું દુઃખ એ પોતે નીચેના ટૂંકા પણ મર્મસ્પર્શી શબ્દોમાં વર્ણવે છેઃ—

“જે દેદીપ્યમાન, તેજોમય, સૌભાગ્યમય સૂર્યના પ્રકાશમાં હું ઘણા ભૂષણથી અને આનંદથી સત્તાવીસ વર્ષ સુધી રહી હતી, તે પ્રત્યક્ષ સેવાયલા દિવ્ય સૂર્ય મને મૂકી ગયાને લીધે અત્યંત દુઃખરૂપ અંધારામાં ફાંફાં મારતી રહેવાનો પ્રસંગ આવી પહોંચ્યો. તે દિવ્ય સૂર્ય એકાએક અસ્ત પામી, સર્વત્ર અંધકાર પડ્યો. શિવ! શિવ!! હું કેટલી ભાગ્યહીન!!”

પતિના છતાં એમણે પોતાના જીવનને પતિથી ભિન્ન નહોતું માન્યું. પતિના જીવનને આનંદમય કરવા એમણે પ્રયત્ન કર્યો હતો; એટલે વૈધવ્યને પ્રાપ્ત થયા પછી ખૂણે બેસી આળસુ જીવન ગાળવાને બદલે પતિને પ્રિય હતાં, એવાં કાર્યોમાં જીવન સમર્પણ કરીને પતિના પરલોકગત અમર આત્માને તૃપ્ત કરવાનો એમણે સંકલ્પ કર્યો. ૧૯૦૬ માં એમણે જાહેર હિલચાલોમાં આગળ પડતો ભાગ લેવા માંડ્યો. ઇ૦ સ૦ ૧૯૦૮ માં શ્રીયુત ગોપાલકૃષ્ણ દેવધરની મદદથી તેમણે પૂનામાં સેવાસદનની સ્થાપના કરી અને પોતાનું સર્વસ્વ એ સંસ્થાને અર્પણ કરી દીધું. છેલ્લાં બારતેર વર્ષમાં એ સંસ્થાએ ઘણી સારી ઉન્નતિ કરી છે. એમાં હવે

૧૯૦૦ છોકરીઓને શિક્ષણ આપવામાં આવે છે. એ બધાનો યશ રમાબાઇનેજ છે.

મહાન પુરુષને વર્યા છતાં, રમાબાઇનું જીવન સુખમાં વ્યતીત નહોતું થયું. સૌભાગ્યના સમયમાં પણ સાસુ, નણંદ વગેરે તરફ્થી તેમને કેટલું વેઠવું પડયું હતું, તે આપણે આગળ જોઇ ગયા છીએ. પતિના મૃત્યુ પછી પણ મિલકતને લીધે એમને અનેક ટંટાઓ અને કલેશમાં પડવું પડયું હતું; પરંતુ પતિનો સંપૂર્ણ આશાવાદ એમનામાં ઊતરી આવેલો હોવાથી, હજારો વિઘ્ન આવ્યા છતાં, પોતાનું જનસેવાનું કાર્ય અસ્ખલિત રીતે કર્યે જતાં હતાં. એમની પતિભક્તિ અસાધારણ હતી. ઈ. સ. ૧૯૦૬ માં મહિલા પરિષદમાં ભાષણ આપતાં એમણે પોતાને "પતિદેવના ચરણોના નિર્માલ્ય"ની ઉપમા આપી હતી. પતિપ્રત્યેના એ પૂજ્યભાવથી પ્રેરાઇ એમણે "અમારા જીવનમાંની કેટલીક યાદગીરીઓ" નામનો ગ્રંથ મરાઠીમાં લખ્યો છે. એ ગ્રંથનો ગુજરાતી અનુવાદ સરળ ભાષામાં અ. સૌ. ભદ્રા બહેન મડગાંવકરે કર્યો છે અને એ ગ્રંથને આધારેજ અમે આ ચરિત્ર લખ્યું છે.

એ ગ્રંથની પ્રસ્તાવના પરમ દેશભક્ત સ્વર્ગવાસી ગોપાલ કૃષ્ણ ગોખલેએ લખી છે. ગોખલે મહોદય વાજબી રીતે લખે છે કે, "પત્નીએ પોતાના પતિ વિષે આ પ્રમાણે લખેલો ગ્રંથ હિંદુસ્તાનમાં આ પહેલોજ છે. × × પોતાના આયુષ્યમાંનાં સત્તાવીસ વર્ષ જેઓએ તે વિભૂતિ સાથે એમની સહધર્મચારિણીના સંબંધથી 'છાયા' પેઠે ગાળ્યાં, જેમના અંગનું નૈસર્ગિક તેજ શિક્ષણથી અને એમના સહવાસથી ઘણું વધ્યું અને જેમનું મન રાવસાહેબ (રાનડે) ની ભક્તિમાં નિમગ્ન થઇ રહ્યું છે, તેમણે પોતાના કીર્તિમાન પતિના સ્વભાવનું અને આયુષ્યક્રમનું જે ચિત્ર દોર્યું છે, તે આપણને જોવા મળ્યું, તે માટે મહારાષ્ટ્રના લોકોને અભિમાન તથા સમાધાન થાય તો તે બરાબર છે. × × ×

"પાશ્ચાત્ય સમાજમાં ઘણાં કુટુંબોમાં પતિપત્નીમાં ઘણો પ્રેમ દેખાઇ આવે છે, પણ એમનો પરસ્પર ભાવ ઘણોખરો સરખાપણાનો હોય છે; પણ એ પ્રકારનો પ્રેમ બન્ને જણામાં જ્યારે હોય છે, ત્યારે પત્નીએ પતિની સેવામાં પોતાને અર્પણ કરી, તેમાં ધન્યતા માનવી, એ પૂર્વમાંની સ્ત્રીઓનો અને તેમાં વિશેષે કરી હિંદુસ્તાનની સ્ત્રીઓનો મનોધર્મ છે. આ મનોધર્મ હજારો વર્ષ-

ના સંસ્કારનું અને પરંપરાનું ફળ છે અને તેનું અત્યંત મોહક સ્વરૂપ આ પુસ્તકમાં દેખાઇ આવે છે. નવું શિક્ષણ, નવી કલ્પનાઓ અને નવી પરિસ્થિતિથી, વિચારને તથા આયુષ્યક્રમને નવું વલણ મળેલું હોવા છતાં, ભાભી જેવી સ્ત્રીઓનો આ મનોધર્મ કાયમ રહે છે, તેથી ઘણા લોકોને તેમાંથી બોધ લેવા જેવું છે. બીજી વાત વાચકોના વિશેષ લક્ષમાં આવશે, તે એ છે કે, અસલના લોકો જે હવે ઘણા ખરા જતા રહ્યા છે, તે લોકોને સ્ત્રીશિક્ષણ વગેરે સમાજસુધારાની બાબતમાં જે અનેક અડચણો ખમવી પડી હતી તે છે. હાલના લોકોને એ અડચણની કલ્પના નથી અને કેટલાક દિવસ પછી તે બિલકુલ નષ્ટ થશે, એ સ્પષ્ટ દેખાય છે; તથાપિ પહેલાંના લોકોને તેથી કેટલો દુઃસહ ત્રાસ ખમવો પડ્યો છે અને તેઓએ તે સહન કરી સમાજ પર કેટલા બધા ઉપકાર કર્યા છે, એ આપણે ભૂલી જવું એ ઠીક કહેવાય નહિ.”

મહાપુરુષ ગોખલેએ બતાવેલા ઉદ્દેશથીજ પ્રેરાઇને અમે સન્નારી રમાબાઇનું જીવન વિસ્તારથી વર્ણવ્યું છે.

શ્રીમતી રમાબાઈ રાનડેનો સ્વર્ગવાસ હાલમાંજ ઇ. સ. ૧૯૨૪ ના પાછલા ભાગમાં થયો છે. સંસારસુધારાના ક્ષેત્રમાં મહારાષ્ટ્રની એમણે જે સેવા કરી છે, તેથી એમનું નામ સદાને માટે અમર રહેશે.

१६४–भगिनी निवेदिता

પૂજ્યપાદ સ્વામી વિવેકાનંદના અસાધારણ ત્યાગ અને ચરિત્રબળથી મુગ્ધ થઇને, તેમણે દર્શાવેલા "आत्मनः मोक्षार्थं जगद्धिताय च" એ સર્વસ્વ ત્યાગરૂપ માર્ગનું અનુસરણ કરીને જે ઉદાર મનની રમણીઓએ દુઃખ દારિદ્રયથી પીડાતા ભારતના કલ્યાણને સારૂ, પોતાનાં જીવન સમર્પણ કર્યાં હતાં, તેમાં ભગિની નિવેદિતાનું સ્થાન સૌથી ઉચ્ચ હતું.

ભગિની નિવેદિતાનો જન્મ યુરોપમાં ઇ૦ સ૦ ૧૮૬૭ ની ૨૮ મી ઓકટોબરે આઇરિશ કુળના મિસ્ટર નોબલ નામના એક ધર્મગુરુને ત્યાં થયો હતો. તેમનું મૂળ નામ માર્ગરેટ નોબલ હતું. તેમના પિતા સારા વક્તા અને ધર્મશાસ્ત્રમાં નિપુણ પાદરી હતા. તેમણે પોતાના એશઆરામ છોડી દઇને મેંચેસ્ટર શહેરનાં ગરીબ અને દુઃખી લોકોની સ્થિતિ સુધારવાના કામમાં જીવન સમર્પણ કર્યું હતું. એવા યોગ્ય પિતાની યોગ્ય કન્યા માર્ગરેટ બાલ્યાવસ્થાથીજ ધર્મના માર્ગ તરફ ખેંચાઇ હતી. તેમના પિતાના એક પાદરી મિત્ર હિંદુસ્તાનથી પાછા આવ્યા હતા, તે બાલિકા માર્ગરેટની ધર્મજિજ્ઞાસા જોઇને ઘણા આશ્ચર્યચકિત થઇ ગયા હતા અને તેમણે કહ્યું હતું કે, "એક દિવસ આ કન્યા ઉપર ભારતવર્ષની સેવા કરવાની જવાબદારી આવશે." એ કથન એક પ્રકારે ભવિષ્યવાણી સમાન થઇ પડયું છે. પાદરીએ તો કદાચ એમ ધાર્યું હશે કે, માર્ગરેટ કોઇ ખ્રિસ્તી મિશનમાં જોડાઇ ભારતવાસીઓને ખ્રિસ્તી બનાવવામાં સફળ થશે; પરંતુ માર્ગરેટ નોબલે એથી જુદીજ રીતે ભારતવર્ષની સેવા બજાવી છે. તેમણે સ્વધર્મનો ત્યાગ કરી, પોતાને ભારતવાસી અને ભારતધર્મી બનાવી, ભારતવાસીઓની પોતાના (ભારતવાસીઓના) ધર્મ ઉપરની શ્રદ્ધાને વધારે દૃઢ બનાવી છે. માર્ગરેટના પિતાએ પણ તેના ભાવિજીવનને માટે ઘણી સારી આશા બાંધી હતી અને

મૃત્યુ સમયે પોતાની સ્ત્રીને કહી ગયા હતા કે, "એક દિવસ આ છોકરી પર કોઇ મોટી જવાબદારી આવી પડશે. એ સમયે તું માતા તરીકે એને મદદ આપજે."

કુમારી માર્ગરેટને બાલ્યાવસ્થામાં ઘણું સારૂં શિક્ષણ મળ્યું હતું. નાનપણથીજ તે વખતના પ્રખ્યાત શિક્ષણશાસ્ત્રીઓના સમાગમમાં એ આવ્યાં હતાં અને કન્યાઓની કેળવણી તરફ તેમનું ધ્યાન ખેંચાયું હતું. આરંભમાં એમણે કેટલીક નિશાળોમાં શિક્ષિકા તરીકે કામ કર્યું હતું. પછી વિમ્બલ્ડન નામના એક ગામમાં એક સ્વતંત્ર કન્યાશાળા કાઢી હતી. એ શાળામાં કન્યાઓની કેળવણીને સંપૂર્ણ બનાવવાના પ્રયત્ન માર્ગરેટે કર્યા હતા. તેમણે ફ્રોબલ અને પેસ્ટેલોજીનાં શિક્ષણસૂત્રોનો ઘણો સારો અભ્યાસ કર્યો હતો અને કિન્ડરગાર્ટન પદ્ધતિનું રહસ્ય સારી પેઠે મનમાં ઉતાર્યું હતું; પણ તે ઉપરાંત તેમનામાં સ્વાભાવિક શિક્ષકબળ એટલું બધું હતું કે, આગળ ઉપર લખેલી પોતાની 'હિંદુધર્મની બાળવાર્તાઓ' તે અંગ્રેજ બાળકોને શીખવતાં, ત્યારે તેમને સર્વને હિંદુસ્તાનમાં આવી વસવાનો અપૂર્વ ઉત્સાહ આવતો.

"શિક્ષણ–ખાસ કરીને કન્યાઓનું શિક્ષણ–એ તેમણે પોતાનો વિષય કરી લીધો હતો; એટલુંજ નહિ પણ તેમની બુદ્ધિ એવા ઊંચા પ્રકારની હતી કે, આજથી ૩૨ વર્ષ ઉપર લંડનમાં તેમનાજ પ્રયત્નથી 'સીસેઇમ કલબ' નામનું એક સામાજિક મંડળ સ્થાપવામાં આવ્યું હતું અને તે મંડળનાં તે એક આગેવાન હતાં. સ્ત્રીપુરુષોને એકઠાં મળી કામ કરવાની આવી સંસ્થાઓ તે વખતે ત્યાં પણ બહુ થોડીજ હતી."×

ઇ૦ સ૦ ૧૮૯૫માં સ્વામી વિવેકાનંદ વેદાંતનો પ્રચાર કરવા સારૂ વિલાયત ગયા હતા. તે સમયે એમનાં ભાષણો સાંભળીને માર્ગરેટ નોબલનું ધ્યાન ભારતવર્ષના ધર્મ અને દર્શનશાસ્ત્ર તરફ આકર્ષાયું. સ્વામીજી વેદાંત સંબંધી વ્યાખ્યાન આપી રહ્યા પછી, શ્રોતાજનોની શંકાઓનું સમાધાન પણ કરતા. એ બધાં ભાષણો અને શંકાઓનાં સમાધાન સાંભળ્યાથી, નિવેદિતાને હાલના યુરોપીય દર્શનશાસ્ત્ર અને ધર્મની સાથે ભારત-

× જુઓ રા. રા. સાકરલાલ દવે કૃત 'સેવાભગિની નિવેદિતા.'

વર્ષના તત્ત્વજ્ઞાન અને ધર્મની સરખામણી કરવાનું મન થયું. એ વખતે નિવેદિતા વેદાંતદર્શનને સંપૂર્ણરૂપે હૃદયંગમ કરી શકતાં નહિ, છતાં એમના સમજવામાં આવ્યું હતું કે, વર્તમાન કાળની યુરોપીય સભ્યતા, ધર્મ, પરોપકાર, પ્રચાર, સમાજ-વ્યવસ્થા એ બધાના મૂળમાં આધ્યાત્મિકતા ઘણી થોડી છે અને પાર્થિવભાવ અને સુખવૈભવની લાલસા વિશેષ ભાગે છે; પરંતુ ખરી આધ્યાત્મિકતા તો એજ કહેવાય કે, જેમાં પાર્થિવ સુખ ભોગવવાની લાલસા લેશમાત્ર ન હોય. પારકાનું કલ્યાણ કરવા જતાં જરા પણ સ્વાર્થ કે સ્વાત્માભિમાન હોય, તો એનું પરિણામ કાંઇજ નથી આવતું. સ્વામી વિવેકાનંદના એવા પ્રકારના ઉપદેશો સાંભળ્યાથી નિવેદિતાના મનનો ભાવ ધીમે ધીમે બદલાવા લાગ્યો અને એની સાથે સાથે સ્વામીજી તરફ એમની શ્રદ્ધા પણ દિવસે દિવસે વધવા લાગી.

નિવેદિતામાં મનુષ્યોને પારખવાની ખાસ શક્તિ હતી એ પારખી ગયાં કે, સ્વામી વિવેકાનંદ કેવળ શાસ્ત્રજ્ઞ, પંડિત અને સારા વક્તાજ નથી, પણ તેમનામાં સત્ય પ્રત્યે પણ અસાધારણ અનુરાગ છે. યશ કે પ્રતિષ્ઠાની તેમને પરવા નથી. આત્મત્યાગની એ મૂર્તિ છે. એ સમયે સ્વામીજીના સંબંધમાં એમણે જે અભિપ્રાય બાંધ્યો હતો, તે નીચેના શબ્દોમાં વર્ણવ્યો છેઃ—

"એ કેવળ ત્યાગી સંન્યાસીજ નહોતા. માતૃભૂમિ તરફના એમના અસાધારણ પ્રેમની સરખામણી થઇ શકે એમ નથી. માતૃભૂમિનું ખરેખરૂં કલ્યાણ થાય, એટલા સારૂ એ એવા ઉપાય પણ કરવાને તૈયાર હતા કે, જેથી યોગીજનોએ ઇચ્છવા યોગ્ય મુક્તિથી પણ ભ્રષ્ટ થવા વારો આવે; કેવળ ભારતવર્ષને માટેજ નહિ, પણ ભૂખ્યા અને અત્યાચારપીડિત કોઇ પણ દેશના લોકો માટે, એ એવાજ પ્રકારનું આત્મબલિદાન આપવા તૈયાર હતા. એક વખતે એમણે ભાષણમાં કહ્યું કે, 'આજકાલ સંસારને એવાં સ્ત્રીપુરુષોની જરૂર છે કે જેઓ સર્વસ્વનો ત્યાગ કરીને ભિખારી થવાનું સાહસ કરીને કહી શકે કે, ઈશ્વર વગર અમારે બીજા કોઇનો આધાર નથી. વધારે નહિ તો એવા વીસ માણસ હશે, તોપણ ચાલશે. કોણ એવું કરવા તૈયાર છે? × × એવું કર્યામાં ભય શાનો છે? ઇશ્વર છે અને તેને મેળવી શકાય છે એ વાત જો સાચી છે, તો બીજું બધું ત્યજી દેવામાં શું બગડે છે? અને જો

એ વાત સાચી નથી, (અર્થાત્ ઇશ્વર નથી) તો તો પછી જીવન ધારણ કર્યાથી પણ શું વળ્યું?"

સ્વામીજીના આ આમંત્રણે નિવેદિતાના હૃદય ઉપર ઊંડી અસર કરી. તેમના હૃદયમાં સ્વાર્થત્યાગની ભાવના ઉત્પન્ન થવા લાગી; એટલામાં સ્વામીજીએ એક ભાષણમાં ફરી કહ્યું: "પ્રેમનો ધગધગતો અગ્નિ જેના હૃદયમાં નિરંતર સળગી રહ્યો હોય અને જે સ્વાર્થરહિત હોય, એવા માણસોની દુનિયાને હાલ જરૂર છે. એવા મનુષ્યના મુખમાંથી નીકળેલો પ્રત્યેક શબ્દ વજ્રના જેવી અસર કરશે. જાગૃત થાઓ! મહાન આત્માઓ જાગૃત થાઓ! સંસાર દુ:ખ અને કલેશથી બળી રહ્યો છે અને તમે શું સૂતાજ રહેશો?"

વિવેકાનંદના એ શબ્દો નિરર્થક ન ગયા. નિવેદિતાએ પોતાનું જીવન સ્વામીજીના ચરણમાં લોકહિતાર્થે સમર્પણ કરી દીધું. ધન, માન, મિલકત, સગાંવહાલાં બધાંનો ત્યાગ કરીને એ કેવળ ઈશ્વરને ભરોસે જીવન ગાળવા તૈયાર થયાં. ખરેખર, આજથી માર્ગરેટ નોબલ રસ્તાની ભિખારણ બન્યાં! એમણે પોતાના જીવનનું ઇશ્વરની આગળ નૈવેદ્ય ધરાવ્યું; એટલે એમણે ધારણ કરેલું 'નિવેદિતા' નામ ખરેખર સાર્થક થયું. સ્વામીજીએ તેમને સૂચના કરી કે, "તમે ભારતવર્ષમાં જઇને કન્યા–કેળવણીનો પ્રચાર કરો." ગુરુની આજ્ઞા માનીને ઇ. સ. ૧૮૯૮ ના જાન્યુઆરી માસમાં ભગિની નિવેદિતાએ હિંદમાં પનોતાં પગલાં મૂક્યાં.

કલકત્તામાં આવી શ્રીરામકૃષ્ણ પરમહંસના આશ્રમમાં તેઓ જોડાયાં. વિલાયતથી ધર્મપ્રચાર સારૂ આવતા પાદરીઓનું અનુકરણ કરીને બંગલાઓમાં રહેવાનું, ગાડીઘોડે ફરવાનું અને નોકરચાકરોની સાહેબી ભોગવવાનું તેમણે પસંદ કર્યું નહિ. એમને તો અંગ્રેજ મટી ભારતવાસી બનવું હતું. ભારતવાસીઓનાં સુખદુ:ખ અને આચાર વિચાર અનુભવવાં હતાં; એટલા સારૂ કલકત્તાના ઉત્તર ભાગમાં બોસપાડા નામની ચૂસ્ત જૂના વિચારના લોકોથી વસાયલી ગલીમાં તેમણે એક નાનું ઘર ભાડે રાખ્યું અને ત્યાંજ પોતાની કન્યાશાળાની સ્થાપના કરી હતી. એ વખતે તેમનાં અનેક હિતૈષીઓએ શંકા બતાવી હતી કે, "આવી ગંદી ગલીમાં, અજ્ઞાન લોકોની વચમાં રહ્યાથી તમારૂં કામ સફળ થશે નહિ." કેટલાક ડાહ્યા લોકો તો એમ પણ કહેતા કે, "તમારાં જેવાં વિદુષી, કાર્યદક્ષ, અનુભવી સન્નારીએ આવા નજીવા કામ-

ને હાથમાં લેવું, એ વખત અને શક્તિને ગુમાવવા જેવું છે;" પરંતુ એમણે કોઇની પણ સલાહ ધ્યાનમાં લીધી નહિ. 'અસંભવિત શું' એ તો એ જાણતાંજ નહોતાં. એમણે તો એ નાની સરખી કન્યાશાળાનેજ પોતાનું જીવન સમર્પણ કરી દીધું. નિવેદિતા શા હેતુથી એ કાર્યમાં જોડાયાં હતાં, એ સમજવા સારૂ આપણે 'ભારતના પુનરુદ્ધાર' સંબંધી એમના વિચાર જાણવા જરૂરી છે.

બધાં મનુષ્યોનો એકજ સનાતનધર્મ એ છે કે, મનુષ્યત્વ પ્રાપ્ત કરવું, અને મનુષ્યત્વને જાગૃત કરવું એ કેળવણીનો ઉદ્દેશ છે. દેશકાળ અને પ્રયોજનભેદને લઇને શિક્ષણપદ્ધતિમાં ફેર છે. ભારતવર્ષની વર્તમાનદશા જોતાં, શિક્ષણપદ્ધતિ કેવા પ્રકારની હોવી જોઇએ, એ સંબંધી નિવેદિતાના વિચારો તેમણે લખેલ "ધી વેબ ઓફ ઇંડિયન લાઇફ" અને "ધી માસ્ટર, એઝ આઈ સો હીમ" નામનાં પુસ્તકોમાંથી નીચે આપીશું:—

"પાશ્ચાત્ય સુધારાના સમાગમમાં આવ્યાથી ભારતવર્ષમાં બધે એક અશાંતિનો ભાવ ઉત્પન્ન થયો છે. એની સાથે સાથે આપણી વર્તમાનદશાની ઉન્નતિ કરવા સારૂ સર્વ પ્રકારની ખોટ પૂરી પાડે, એવા સેંકડો ઇલાજોની પણ શોધ થઇ રહી છે. ઉન્નતિની ઇચ્છા રાખનારાઓમાંના એક દળનું નામ છે સંસારસુધારક. એ લોકો ધારે છે કે, ભારતવર્ષના કેટલાક જૂના રિવાજોને કાઢી નાખ્યાથી માતૃભૂમિનો ઉદ્ધાર થશે. એ પક્ષવાળાઓનો સંસારસુધારાના કાર્યમાં પ્રબળ ઉત્સાહ જોઇને એમ લાગે છે કે, હિંદુસ્તાન હજુ પ્રાણહીન થયું નથી. ભારતનો જીવનદીપ તદ્દન હોલવાઈ ગયો હોત, તો પૂર્વ અને પશ્ચિમના ઘસારાથી સુધારકરૂપ આ અગ્નિસ્ફુલિંગ કદી ઉત્પન્ન થાત? × × ×

"ભારતવર્ષની ઉન્નતિ ચાહનારા એક બીજા વર્ગનું નામ છે રાજનૈતિક આંદોલન કરનારા. પશ્ચિમના દેશોમાં ચાલતી રાજનીતિનો આ દેશમાં પ્રચાર કરવો, એજ ભારતને મોતના મુખમાંથી ઉગારવાનો ખરો ઉપાય છે, એમ તેઓ માને છે. × ×

"વળી બીજો એક વર્ગ એવો છે કે, જેમના મત પ્રમાણે ધર્મના ભિન્ન ભિન્ન કેંદ્રને જાગૃત કરી મૂકવાં એજ ભારતની ઉન્નતિનો એક માત્ર ઉપાય છે. તે ઉપરાંત એક ચોથો વર્ગ પણ છે; જેઓનો મત એવો છે કે, અર્થશાસ્ત્રના નિયમ વિરુદ્ધ ચાલ્યાથી ઉત્પન્ન

થતાં દુઃખો, એજ ભારતની વર્તમાન શોચનીય અવસ્થાનું એક માત્ર કારણ છે; એ વિષયમાં ઇલાજ કરી દરિદ્ર ભારતની ગરીબાઇ દૂર કર્યાથી ઉન્નતિના માર્ગમાં કાંઈ અડચણ નહિ રહે.”

વર્તમાન ભારતની ઉન્નતિ ચાહનારા ઉપર જણાવેલા બધા વર્ગોનો પરિચય આપીને નિવેદિતા કહે છે કે, “સંસારસુધારો, રાજનૈતિક ચળવળ, નિર્જીવ ધર્મભાવ સજીવ કરવો અથવા અર્થશાસ્ત્રની સહાયતાથી દેશની ગરીબાઇ મટાડવી, એ ગમે તે કહો; પણ એ બધાના મૂળ પાયારૂપ, એ બધા કરતાં દેશને વધારે અગત્યનો, અધિક વાસ્તવિકતા ધરાવતો એક બીજોજ પદાર્થ છે અને તે ભારતવર્ષનું જાતીયત્વ છે. એ જાતીયત્વ વિશાળ ભારતના અસંખ્ય સંપ્રદાયોમાંથી કોઈ એકલાની પૂંજી નથી; છતાં જાતીયત્વરૂપી મિલનસૂત્રજ બધા સંપ્રદાયોને યથાસ્થાને પકડી રાખી શક્યું છે. સંસાર સુધારો, રાજનીતિ, અર્થશાસ્ત્ર અથવા ધર્મની બાબતમાં જેઓ ભારતની ઉન્નતિ કરવાનો પ્રયત્ન કરી રહ્યા છે, તેઓ પરોક્ષભાવે એ જાતીયત્વનેજ જાગૃત કરી રહ્યા છે. ભારતની પ્રાચીન કળા, પ્રાચીન પાંડિત્ય, પુરાતન ધર્મશાસ્ત્ર વગેરે બધા વિષયોએ જાતીયત્વના અભ્યુદયને મદદ કરી છે. ભારતના પ્રાચીન જાતીયત્વના એ એક નવા ભાષ્યસ્વરૂપ છે. × ×”

નિવેદિતાનો ઉદ્દેશ ભારતવર્ષમાં એકજાતીયતાનો નવો આદર્શ સતેજ કરવાનો હતો. એમના વિચાર પ્રમાણે એને સારૂ બે વસ્તુની જરૂર હતી. એક સ્વદેશપ્રેમ—જ્વલંત સ્વદેશપ્રેમ—આત્મા કરતાં, ધન કરતાં, પુત્ર કરતાં પણ અધિક હોય એવો પ્રેમ. × × બીજું શિક્ષણ—એમના મત પ્રમાણે કેળવણીનો અર્થ બહારનાં જ્ઞાન અને શક્તિને ખેંચી લાવવાનો નથી; પરંતુ અંદરની શક્તિઓનો પૂરેપૂરો વિકાસ કરવાનો છે. ત્યાગ અને પ્રેમ એ બેના ઉપર ભારતવર્ષના શિક્ષણનો પાયો રચાવો જોઇએ. × × ત્યાગ સંબંધી એ લખે છે કે, “જે ત્યાગ (દાન) માં અજાણપણે પણ અભિમાન અથવા કામનાની છાયા રહી ગઇ હોય, એવું દાન અમૂલ્ય હોવા છતાં પણ, મૂઠી ધૂળની પેઠે તુચ્છ થઇ જાય છે.”

એ કહેતાં કે, “ભારતવર્ષમાં સનાતન કાળથી એ પ્રકારના ત્યાગ અને પ્રેમને લઇને શિક્ષણ અપાતું આવ્યું છે. એ જાતીય શિક્ષણ વંશપરંપરાગત અપાતું આવ્યાથી, પ્રત્યેક ભારતવાસીમાં

અંદરખાને છુપાઈ રહ્યું છે અને તેને જાગૃત કરવું, એજ વર્તમાન કેળવાણીનો ઉદ્દેશ હોવો જોઈએ. શિક્ષણ જ્યાંસુધી કેવળ ગ્રંથના અભ્યાસમાંજ બંધાઈ રહે છે, ત્યાંસુધી યથાર્થ જ્ઞાન દૂર નાસે છે. × × × જે શિક્ષણદ્વારા માનવહૃદયમાં રહેલા જુદા જુદા ભાવ જાગી ઊઠે એજ ખરૂં શિક્ષણ છે. એવું શિક્ષણ મેળવ્યાથી વિદ્યાર્થીના જીવનના નાનામોટા દરેક કાર્યમાં, વચનમાં અને વિચારમાં શિક્ષણની સફળતા જણાઇ આવશે.”

નિવેદિતાને ખાતરી હતી કે, કન્યાઓને એવું આદર્શ શિક્ષણ આપ્યાથીજ પોતાનો અને પોતાના ગુરુદેવનો ઉદ્દેશ સફળ થશે, કેમકે સ્ત્રી એ મનુષ્ય જાતિની જનની છે. એક દીવામાંથી બીજો દીવો પ્રકટાવવામાં આવે તેમ માતાના જીવનના દયા-દાક્ષિણ્ય આદિ ગુણો સંતાનના જીવનમાં ઊતરી આવે છે. પોતાના એક ગ્રંથમાં તે લખે છે કે, “સ્ત્રીજ સર્વ દેશમાં નીતિ અને સદાચારના આદર્શનું રક્ષણ કરનારી છે. બચપણમાંથી માતાના મુખે પરોપકારાદિ સારાં કામોની પ્રશંસા સાંભળ્યાથી બાળકના ચિત્તમાં એ વિષય ઉપર પ્રેમ ઉત્પન્ન ન થતો હોત તો કોઇ પણ યુવક નિરાધાર શબને સ્મશાનમાં લઇ જવા કદી તૈયાર થાત નહિ. સ્ત્રીઓ સ્વામીના સુખની ખાતર જીવસાટે પ્રયત્ન ન કરતી હોત અને પતિના ચરિત્રમાં રહેલા ગુણોનું સ્મરણ કરીને સુખી ન થતી હોત, તો કેટલા પુરુષો સદ્ગુણી જીવન ગાળવાને પ્રયત્ન કરત ? એ ઉપરાંત સર્વ દેશમાં જોવામાં આવ્યું છે કે, સ્ત્રીઓએજ દરેક ઉચ્ચ આદર્શને કાર્યમાં બદલી નાખવા માટે પોતાના જીવનનું સૌથી પહેલું દાન કર્યું છે.”

ભારતના ઉચ્ચ ભવિષ્યના નિર્માણમાં બાલિકાઓનું કેટલું ઊંચું સ્થાન છે તે જાણ્યાથીજ નિવેદિતાએ બીજાં મોટાં કામોમાં માથું ન મારતાં એક ગંદી પોળમાં સાધારણ કન્યાશાળા સ્થાપીને તેનેજ પોતાનું મહજ્જીવન સમર્પણ કર્યું હતું. તેમને ખાતરી હતી કે, આ કન્યાશાળામાંથી ભારતવર્ષમાં મૈત્રેયી અને ગાર્ગીનો ફરીથી ઉદય થશે.

બોસપાડાની એ નાની ગલીમાં નિવેદિતા એક નાનું સરખું ઘર ભાડે રાખીને વસવા લાગ્યાં. એક અંગ્રેજ રમણી પોતાના મહોલ્લામાં આવીને રહી છે, એ જાણીને હિંદુઓએ તેમને ઘણાં હેરાન કર્યાં. પ્રારંભમાં કોઇ હિંદુ તેમને ત્યાં નોકર રહેવા

તૈયાર થયો નહિ. તેમને કોઇ રસોઈયો પણ મળ્યો નહિ. ઘણા દિવસ સુધી તો તેમને કેવળ ફળફળાદિ ખાઇનેજ રહેવું પડયું. એમણે આડોશપાડોશની સ્ત્રીઓ સાથે ઘણા સ્નેહપૂર્વક નમ્રતાથી મળવાનું શરૂ કર્યું, પરંતુ પ્રથમ તો એમના કાર્ય તરફ ઘણા ઓળખીતા માણસોને પણ શક ગયો. હિંદુ છોકરીઓ તેમની સાથે ભળતાં શરૂઆતમાં સંકોચ પામવા લાગી; તોપણ તે જરા પણ નિરાશ થયાં નહિ. થોડા વખતમાંજ લોકો જોઇ શકયા કે નિવેદિતામાં કેવી અદ્ભુત આકર્ષણશક્તિ હતી. તેમની સેવા અને મમતાથી આકર્ષાઇને ધીમે ધીમે બાલિકાથી માંડીને વૃદ્ધ ડોશીઓ સુધ્ધાંત તેમના પ્રેમપાશમાં મુગ્ધ થઇ ગઇ. પ્રથમ તો કોમળ બાલિકાઓ તેમની પાસે આવ-જા કરવા લાગી. તેમણે એ બાલિકાઓ સારૂ એક કિન્ડરગાર્ટન સ્કૂલ ઉઘાડી. પાછળથી એ બાલિકાઓની માતાઓ પણ તેમના તરફ આકર્ષાઈ. અનાથ અને વિધવાઓ પણ તેમની પાસે શિક્ષણ મેળવવા લાગી. આ પ્રમાણે જૂના વિચારના હિંદુઓના મહોલ્લામાં તેમણે (હાઉસ ઑફ ધી સિસ્ટર્સ) ભગિનીઓનો આશ્રમ સ્થાપ્યો.

જે મહોલ્લામાં એ વસતાં હતાં તે મહોલ્લો ઘણોજ ગંદો હતો. ત્યાંના રહેવાસીઓનું તે તરફ જરા પણ ધ્યાન ખેંચાયું નહોતું. નિવેદિતાને એથી ઘણું લાગી આવ્યું અને તેમણે દરેક ઘરના માલિકને પોતપોતાની નીક સાફ કરવાનું સૂચવ્યું; પરંતુ હિંદુઓએ પોતાના હાથે નીક સાફ કરવાનું પસંદ ન કર્યું. એ ઉપરથી નિવેદિતાએ જાતે ઝાડુ હાથમાં લઇને નીક સાફ કરવાનું શરૂ કર્યું. તેમનો દાખલો લઇને બીજા બધાઓએ પણ એ પ્રમાણે કરવા માંડયું. એવામાં કલકત્તા શહેરમાં પ્લેગનો ઉપદ્રવ થયો. કલકત્તાવાસીઓમાં એ વખતે ઘણોજ ભય ઉત્પન્ન થયો. લોકો ઘરબાર છોડી દઇને બહારગામ વસવા ચાલી જવા લાગ્યા; એવે વખતે નિવેદિતાએ સ્વયંસેવકોનું એક દળ લઇને કલકત્તાના સૌથી ગંદા લત્તામાં જઇને ગંદી જગ્યાઓને સાફ કરાવવાનું શરૂ કર્યું. એ સમયમાં એમણે જાતે પ્લેગથી પીડાતાં અનેક સ્ત્રીપુરુષોની સેવા કરી હતી; પ્લેગથી પીડાતાં કેટલાંએ બાળકોને માતાની માફક ખોળામાં લઇને તેઓની માવજત કરી હતી. જે લોકોએ તેમની એ સેવા-શુશ્રૂષા જોઇ તે લોકો એમનો આત્મત્યાગ જોઇને દિઙ્મૂઢ થઇ ગયા. જેમને અડકવાથીજ મરણ

પામવાનો સંભવ હોય તેમને હાથમાં લઇને તેમની સેવા-શુશ્રૂષા કરવાનું સાહસ નિવેદિતા કરી રહ્યાં હતાં. જેમનું હૃદય પ્રભુ-પ્રેમથી પૂર્ણ હોય છે, જે જનસેવાનેજ પોતાનો ધર્મ ગણે છે તેમને રોગ કે વ્યાધિની શી પરવા? આવી રીતે સેવાકાર્યમાં આત્મનિવેદન કરીને તેમણે નિવેદિતા નામનું સાર્થકય કર્યું હતું.

નિવેદિતામાં એટલી બધી દયા હતી કે બીજાઓનું જરા પણ કષ્ટ તેમનાથી સહન થઇ શકતું નહિ. એક દિવસ પોતાના એક નોકરને ઠંડીથી કાંપતો જોઇને તરતજ પોતાનો ઓવરકોટ કાઢીને તેને આપી દીધો અને પોતે ઠંડી વેઠવા લાગ્યાં.

નિવેદિતાએ સ્થાપેલી કન્યાશાળામાં ક્રિશ્ચિયાના નામની એક અંગ્રેજ સન્નારી તથા શ્રીમતી સુધીરાદેવી એમનાં સહાયક હતાં. કોઇ પણ પ્રકારનો પગાર કે બદલો લીધા વગર સેવાવૃત્તિ-થી તેઓ કામ કરતાં. ફુરસદના વખતમાં નિવેદિતા પોતે ગણિત અને ચિત્રવિદ્યા બાલિકાઓને શીખવતાં. એમની ભણાવવાની પદ્ધતિ ઘણીજ સુંદર અને નવા પ્રકારની હતી. ભારતવર્ષના ચિત્રકામ અને કળાઓ ઉપર તેમને વિશેષ પ્રેમ હતો. પોતાની કન્યાઓના હાથે ચીતરેલાં ચિત્રોને એ અભિમાન અને પ્રેમ સહિત પોતાની દીવાલો ઉપર ટાંગતાં.

અઠવાડિયામાં એક અથવા બે દિવસ એ પોતે ઇતિહાસ ભણાવતાં. એ વખતે એ એવાં તન્મય થઇ જતાં કે પોતે કોણ છે, કયાં છે અને કોની આગળ બોલી રહ્યાં છે તેનું પણ તેમને ભાન રહેતું નહિ. ભારતવર્ષમાં પોતે જોયેલાં અનેક સ્થાનો તથા પોતે વાંચેલા અનેક પ્રસંગોનું વર્ણન કરતાં એ એવાં તન્મય થઇ જતાં કે ઘણી વાર તો નેત્ર મીંચીને ચુપચાપ બેસી રહેતા.

એમનો પાઠ સાંભળતાં સાંભળતાં છોકરીઓમાં પણ સ્વદેશભક્તિનો એવો આવેશ આવી જતો કે તેઓ "ભારતવર્ષ! ભારતવર્ષ! મા! મા! મા!" કહેવા લાગી જતી. નિવેદિતા પણ કહેતાં: "ભારતની કન્યાઓ! તમે બધીઓ જપ કરો! ભારતવર્ષ! ભારતવર્ષ!! મા! મા!! મા!!!" એમ કહીને પોતે હાથમાં માળા લઇને ખરેખર ભારતના નામનો જપ કરવા મંડી જતાં. ભારતવર્ષ ઉપર તેમને કેવો ઊંડો પ્રેમ હતો તેનું સહજ અનુમાન આટલા ઉપરથીજ થઇ શકશે. એમને મનથી ભારતની પ્રત્યેક ભૂમિ પવિત્ર અને પ્રિય હતી.

એ કન્યાશાળાના નિભાવ સારૂ પોતે અંગ્રેજીમાં લેખો અને પુસ્તકો લખતાં અને તેની આવકમાંથી એમનું ખર્ચ ચાલતું. તેમને મદદ આપવા સારૂ કોઇ કોઇ વાર વર્તમાનપત્ર દ્વારા માગણી કરતાં; પણ ઝાઝું વળતું નહિ. 'ભગિની નિવેદિતા' નામના એક લેખમાં શ્રીયુત રવીન્દ્રનાથ ઠાકુરે લખ્યું હતું કે, "તેમણે જે ખર્ચ પોતાને માથે ઉઠાવ્યું છે તે લોકોના ઉઘરાણામાંથી નથી આવ્યું, એ ઉધાર લીધેલું ધન પણ નથી, પણ એ તો બિલકુલ તેમના પેટમાંના અન્નનો એક ભાગ છે." એ વાત ખરી છે. પોતાનાં પુસ્તકોની કમાણી પણ વિદ્યાલયને સારૂ ઓછી પડતી ત્યારે એ પોતાના અંગત ખર્ચમાંજ કાપકૂપ કરતાં. આ પ્રમાણે ખાવાપીવા અને પહેરવાઓઢવામાં તંગી વેઠીને એમણે રાષ્ટ્રીય કન્યાશાળા સ્થાપી હતી અને ચલાવી હતી.

ગરીબો અને પીડિતો પ્રત્યે તેમને ઘણીજ દયા ઉપજતી હતી. જે સમયમાં બારિસાલ જિલ્લામાં સખ્ત દુકાળ પડ્યો હતો, તે વખતે નિવેદિતાએ તેને માટે ફક્ત નાણાં ઉઘરાવીને સંતોષ નહોતો માન્યો; પરંતુ દુકાળથી પીડાતાં મનુષ્યોની તપાસ કરવા અને તેમની સેવા કરવા જાતે બારિસાલ ગયાં હતાં. એ સમયમાં ગરીબોને ઘેર જઇને તેમણે તન–મન–ધનથી ખડેપગે તેમની સેવા કરી હતી. એવે વખતે કોઇ પણ જાતના દુઃખ કે અગવડનો તેમણે વિચાર કર્યો નહોતો.

ભારતવર્ષ ઉપર ભગિની નિવેદિતાની અસાધારણ પ્રીતિ હતી. તેઓ ભારતવર્ષને પોતાનોજ દેશ ગણતાં. વાતચીતમાં, લખાણમાં કે ભાષણમાં, એ 'ભારતવર્ષની જરૂરિયાતો' 'ભારતવર્ષની સ્ત્રીઓ' વગેરે સંબંધી ઉલ્લેખ કરતાં. આપણી જરૂરિયાતો, આપણી સ્ત્રીઓ, એવા પ્રકારના શબ્દોનો ઉપયોગ કરતાં. કલકત્તામાં જે પોળમાં પોતે વાસ કરતાં હતાં, તે પોળ એમને એટલી બધી પ્રિય થઇ ગઇ હતી કે, બારિસાલમાં ઉઘાડે-પગે કાદવકીચડમાં ચાલ્યાથી એમનું શરીર બગડી આવ્યું અને એ કલકત્તે પાછાં ફર્યાં, ત્યારે એમનાં ઘણાં હિતૈષીઓએ એવી ગંદી ગલી છોડી દઇને બીજે જઇ વસવાનો આગ્રહ કર્યો; પરંતુ તે વખતે એમણે કહ્યું હતું કે, "એ ગલીએ મને પોતાની છોકરી તરીકે ઉછેરી છે. હું તેને છોડી જઈ શકીશ નહિ."

બૌદ્ધધર્મ ઉપર તેમને ઘણી પ્રીતિ હતી. બૌદ્ધગયામાં વાસ

કરતી વખતે તેમણે પોતાના સાથીઓને કહ્યું હતું કે, “ચાલો આપણે સુજાતાનું ઘર જોઇ આવીએ. એ જગ્યાએ હવે કોઇ ખંડિયેર કે બીજું ચિહ્ન તો નહિ હોય, પણ એ સ્થળનું લીલું ઘાસ પણ પવિત્ર છે.”

એજ પ્રમાણે બાંકિપુરમાં ખુદાબક્ષ પુસ્તકાલય જોવાં ગયાં ત્યારે કોઇએ તેમને શાહજહાન બાદશાહના હસ્તાક્ષર બતાવ્યા. એ જોઇને તેમને એટલો બધો આનંદ થયો કે તેમણે એ હસ્તાક્ષરને સ્પર્શ કરવાની રજા માગી અને રજા મળતાં એના ઉપર હાથ મૂકીને ઘણી વાર સુધી આંખ મીંચીને ઊભાં રહ્યાં. એવીજ રીતે નાલંદા અને સારનાથ તીર્થોમાંથી જૂના લાકડાના અને પથ્થરના કકડા લઇ આવીને પોતાના વાચનગૃહમાં સંઘરી રાખ્યા હતા. ટૂંકામાં ભારતવર્ષના પ્રાચીન ગૌરવની બધી વસ્તુઓ તેમને મન અત્યંત પવિત્ર હતી.

તીર્થયાત્રા કરવાનો તેમને ઘણો શોખ હતો. પોતાની નિશાળની કન્યાઓને પણ એ ઘણી વાર પ્રવાસે લઇ જતાં. બદ્રિકાશ્રમની વિકટ યાત્રા પણ તેમણે કરી હતી.

આપણી પ્રાચીન તેમજ અર્વાચીન ભાવનાઓનું રહસ્ય એ કેવી સારી રીતે સમજી શક્યાં હતાં, તે નીચેના દાખલા ઉપરથી સમજાશે. પોતાના એક ગ્રંથમાં એ લખે છે: “પ્રસિદ્ધ નાયગરાનો જળધોધ ગંગાનદીમાં હોત તો ત્યાં ગમતપાર્ટીઓ અને રેલવે મુસાફરીઓને બદલે દર વર્ષે કે દર માસે પૂજા કરનારા લોકોનાં ટોળેટોળાં આવત. હોટેલોને બદલે દેવાલયો બંધાત. દાંભિક સમૃદ્ધિને બદલે તપશ્ચર્યા નજરે પડત. તેની ગંજાવર શક્તિને મનુષ્યના સુખવૈભવના સાધન તરીકે લેવાની ઇચ્છાને બદલે, દેહમાંથી મુક્ત થઇ બ્રહ્મસાક્ષાત્કારનો અત્યાનંદ અનુભવવાની અતિ તીવ્ર ઉત્કંઠા જણાત.”

લાહોરમાં મુસાફરી કરતી વખતે બનેલો એક બનાવ પણ નોંધવા જેવો છે. પોતાના એક હિંદી મિત્ર સાથે પગે ચાલીને એ લાહોરમાં ફરવા નીકળ્યાં હતાં. એવામાં લોકોનું એક ટોળું નજરે પડ્યું. યુરોપિયન મડમને આવતી જોઇને ત્યાં ઊભેલા એક પોલીસ અમલદારે લોકોને હડસેલા મારી હઠાવવા માંડ્યા ને નિવેદિતા માટે માર્ગ કરવા માંડ્યો. આ જોઇ નિવેદિતાના મુખ ઉપરનું સ્વભાવિક કોમળ સ્મિત પલટાઇ ગયું અને મહાકાળીની

પેઠે પેલા અમલદાર પાસે જઇ કહેવા માંડયું: "આ લોકોને હડસેલા મારીને હઠાવવાનો તમને શો હક છે? તમારા પર ફરિયાદી કરવી જોઇએ." અમલદાર તો વીલો પડી ગયો. પછી પેલા મિત્રે કહ્યું કે, "અમારા દેશમાં આની કાંઇ નવાઇ નથી." નિવેદિતાને ઘણું આશ્ચર્ય લાગ્યું અને પ્રથમ તો તેમણે આ વાત માની પણ નહિ.

ધર્મની બાબતમાં નિવેદિતાએ ઘણાં વ્યાખ્યાનો આપ્યાં છે. તેમની ભાષણ કરવાની શક્તિ ઘણી આકર્ષક હતી. તેમની વાણી ઓજસ્વિની હતી; પરંતુ ધર્મના વિષયમાં વાદવિવાદમાં ઊતરતાં નહિ. ધર્મને એમણે પોતાના જીવનમાં ઓતપ્રોત કરી દીધો હતો. એમના હૃદયમાં પ્રબળ આધ્યાત્મિક ભાવ બિરાજેલો હતો. યુરોપમાં રહ્યાં હોત તો એમણે ઘણું ઉચ્ચ સ્થાન મેળવ્યું હોત; કેમકે ત્યાં સ્ત્રીઓને સમાજમાં ઘણી સ્વતંત્રતા છે. ત્યાંના સમાજમાં નારીની ઉચ્ચ પ્રતિષ્ઠા છે; પરંતુ નિવેદિતાએ એ બધાનો ત્યાગ કરીને સ્વેચ્છાથી દૂરના ભારતવર્ષનેજ પોતાનો દેશ બનાવ્યો હતો. શ્રીયુત રવીંદ્રનાથ ઠાકુરે નિવેદિતાની આખા જીવનની તપસ્યાને સતીની તપસ્યા સાથે સરખાવી છે તે વાજબી છે. ખરેખર એ મૂર્તિમતી તપસ્વિની હતાં. તપસ્યા તેમના જીવનમાં મળી ગઈ હતી.

ગંદા મહોલ્લામાં વસવાથી, રાતદિવસ પરિશ્રમ કર્યાથી, વ્રત અને તપસ્યામય જીવન ગાળ્યાથી અને છેવટે બદ્રિકાશ્રમની કઠિન યાત્રા કર્યાથી તેમનું આરોગ્ય ઘણું બગડયું અને ઇ. સ. ૧૯૧૧ ના ઑકટોબર માસમાં ૪૪ વર્ષની વયે તેમણે આ અસાર સંસારનો ત્યાગ કર્યો. છેવટના મંદવાડના સમયમાં તેમણે કહ્યું હતું કે, "નૌકા ડૂબી રહી છે, પણ હું એક વાર અવશ્ય સૂર્યોદય જોઇશ."

ભારતવર્ષ સ્વતંત્રતાને પંથે આગળ વધે એ નિવેદિતાને ઘણું પસંદ હતું. બંગાળાના ભાગલા પાડ્યા તે વખતે શ્રીયુત અશ્વિનીકુમાર દત્ત વગેરે દેશનિકાલ થયેલા નવ દેશભક્તો કેદમાંથી છૂટીને આવ્યા, તે દિવસે એમણે મોટો ઉત્સવ મનાવ્યો હતો. એ દિવસે એમણે નિશાળને બારણે પૂર્ણ કુંભની સ્થાપના કરી હતી અને કેળનો મંડપ રચ્યો હતો. એ દિવસને આનંદનો દિવસ ગણીને તેમણે છોકરીઓને રજા આપી હતી.

નિવેદિતાના મરણુ પ્રસંગે એમનાજ જેવા પરમાર્થ બુદ્ધિવાળા અને ભારતવર્ષ ઉપર માતૃભૂમિના જેવો સ્નેહ રાખનારા પાદરી દીનબંધુ એન્ડ્રુઝે લખેલા એક નાના કાવ્યમાંની નીચેની પંક્તિઓથી આ ચરિત્ર સમાપ્ત કરીશું:—' તેણે પોતાનું ઘર છોડયું અને સાચા ખ્રિસ્તીની પેઠે વિદેશીઓનાં દુઃખડાંને પોતાનાં કરી લીધાં. હિમાલયમાં દાર્જિલિંગમાં પોતાના મરણુ પર્યંત તેણે સ્નેહ, શ્રમ તથા દુઃખને ધૈર્યથી પોતાનાં કરી રાખ્યાં. "×

१६५–गं० स्व० जमनाबेहन सक्कई

ભગવતી જમનાબાઇ સક્કઇનો જન્મ સંવત ૧૯૧૮ના શ્રાવણુ સુદિ પૂનમને દિવસે શેઠ તુલસીદાસ વ્રજદાસને ત્યાં થયો હતો. એમના કાકા શેઠ તાપીદાસ વ્રજદાસની મોટી પેઢી એ વખતે મુંબઇમાં ચાલતી હતી. આ ભાગ્યશાળી પુત્રીના જન્મથી વેપારમાં ઘણી વૃદ્ધિ થઇ અને દિવસે દિવસે વેપારધંધામાં લાખો રૂપિયાની કમાણી થઇ હતી. આ મોઢવણિક ખાનદાન વિશાળ કુટુંબનો ઇતિહાસ તે વખતની તેમની જાહોજલાલીથી બોધરૂપ થઇ પડે તેવો છે. ટૂંકામાં એટલું કે, તે વખતે મુંબઇમાં શેઠ તાપીદાસ વ્રજદાસનું નામ સખાવતમાં તેમજ વેપારમાં ઘણું મશહૂર થયેલું હતું.

ભગવતી જમનાબહેન નામાંકિત શ્રીમંતનાં પુત્રી હતાં. તેમનું લગ્ન તેર વર્ષની ઉંમરે સુરતનિવાસી રા. રા. નગીનદાસ ભક્તિદાસ સક્કઇ સાથે થયું હતું. લગ્ન થયા બાદ કેટલીક મુદત રા. નગીનદાસે મુંબઇમાં પ્રિવિયસ સુધી અભ્યાસ કરવામાં ગાળી. શ્રીમંતનાં પુત્રી જમનાબહેને આ ગરીબ સાસરામાં તે વખતની સ્થિતિમાં પોતાનો શરૂ થતો ગૃહસ્થાશ્રમ કેવી ઉત્તમ રીતે ચલાવ્યો હતો, તે ચાલુ જમાનામાં લગ્ન બાદ સંસારમાં પડતી સ્ત્રીઓને અવશ્ય જાણુવા લાયક અને મનન કરવા લાયક થઇ પડે એમ છે.

આ દંપતી ઘણાં સાદાં, દયાળુ, પરગજુ, આનંદી, સંતોષી

× શ્રીમતી સરલા લાલા દાસીકૃત "બંગાળી ચરિત્ર" અને રા. રા. સાકરલાલ દવે રચિત "નિવેદિતા"ના ચરિત્ર ઉપરથી.—**પ્રયોજક**

અને મળતાવડા સ્વભાવનાં હોવાથી, તેઓ દરેક કોમના જનસમાજમાં બહુ પ્રિય થઇ પડ્યાં હતાં. અભ્યાસ છોડ્યા બાદ રા. નગીનદાસ સક્કઇએ શરૂઆતમાં મિલ વગેરે કેટલાંક ખાતામાં ટૂંક નોકરી કર્યા બાદ મુંબઈમાં ઇન્કમટેક્ષ ખાતામાં રૂપિયા ચાળીસના પગારથી નોકરી શરૂ કરી હતી અને ત્યાં બાર વર્ષ નોકરી કરી હતી. ધીમે ધીમે તેમનો પગાર દોઢસોનો થયો હતો. ત્યાર બાદ મુંબઇ બેંકમાં રૂપિયા સાડાત્રણસોના પગારે પંદર વર્ષ ડેપ્યુટી હેડ શ્રોફ તરીકે અને ત્યારબાદ આઠસો રૂપિયાની જગ્યાએ મુંબઇ બેંકના હેડ શ્રોફ તરીકે લગભગ બે વર્ષ કામકાજ કરી તે સ્વર્ગવાસી થયા હતા. ભગવતી જમનાબહેન સક્કઇએ બાર બાળકોને જન્મ આપ્યો હતો; પણ તે સઘળાં અધૂરે ગયેલાં હોવાથી પોતાને સંતાન નહોતું; પરંતુ આ પરગજુ દંપતીએ પોતાનાં સગાંનાં બાળકોને પાળીપોષી મોટાં કર્યાં હતાં.

સને ૧૯૦૩ માં જ્યારથી ગુજરાતી હિંદુ સ્ત્રીમંડળની સ્થાપના થઇ, ત્યારથી તે અત્યાર સુધી સંસ્થાના એક પ્રમુખ તરીકેનું પ્રશંસાપાત્ર કામ બજાવી, તમામ કોમમાં તે ઘણાં પ્રિય થઇ પડયાં હતાં. મિ. મલબારીએ સ્થાપેલી સેવાસદન સંસ્થામાં હિંદુ કોમ તરફથી સદનની કાઉન્સિલમાં તે ઉપપ્રમુખ તરીકે હતાં અને સેવાસદનના કામકાજનો વિસ્તાર ચારે તરફ વધારવા માટે ભાષણો આપી સતત પ્રયાસ ચાલુ રાખી આ સંસ્થાઓને પોતાથી બનતી દરેક પ્રકારની યોગ્ય મદદ આપતાં રહ્યાં હતાં. હિંદુસંસારમાં સ્ત્રી અને પુરુષની કેળવણી તથા તેમની રીતિનીતિ, આચારવિચાર અને ધર્મ સંબંધી પ્રસંગોપાત જુદે જુદે સ્થળે અનેક સંસ્થાઓમાં અને દેશાવરોમાં લગભગ એકસોપંદર ભાષણો અત્યાર સુધીમાં ભગવતી જમનાબાઇએ આપ્યાં હતાં. હિંદના દાદા મહર્ષિ દાદાભાઈ નવરોજજીની દરેક જયંતિપ્રસંગે ગુજરાતી હિંદુસ્ત્રીમંડળ તરફથી સ્ત્રીવર્ગનું એક ડેપ્યુટેશન લઇ, તે દિવસે સવારના પહોરમાં વેસાવા ખાતે જઇ પોતે તે મહાન દાદાને અભિનંદન આપતાં.

મહાત્મા ગાંધીજીએ દક્ષિણ આફ્રિકામાં ચલાવેલી સત્યાગ્રહની લડત વખતે સારી રકમ એકઠી કરી તેમણે દક્ષિણ આફ્રિકાના ફંડમાં મોકલી આપી હતી.

ગુજરાત અને કાઠિયાવાડમાં ગયા ભયંકર દુકાળ વખતે ભગવતી જમનાબાઇ સક્કઇએ ચારે તરફ અપીલો બહાર પાડી-

ને તથા ભાષણો આપીને અવાક પ્રાણીઓ અને નિરાધાર કુટુંબોને મદદ કરવાને લગભગ એકવીસ હજાર રૂપિયાનું ફંડ એકઠું કર્યું હતું; એટલુંજ નહિ પણ પોતે કેટલીક બહેનોને સાથે લઈ પંચમહાલ, ગુજરાત અને કાઠિયાવાડ વગેરેમાં આશરે પોણોસો દુષ્કાળપીડિત ગામડાંઓ અને શહેરોમાં સખત ઉનાળાની ઋતુમાં લગભગ ત્રણ મહિના લાગલાગટ મુસાફરી કરી, અવાચક ઢોરોને ઘાસચારાની અને સઘળી કોમનાં ગરીબ નિરાધાર કુટુંબ અને બારીક સ્થિતિમાં આવી પડેલા ખાનદાન કુટુંબોને અનાજકપડાં વગેરેની મદદ આપી હતી. મુસાફરીનો તમામ ખર્ચ પોતાને માથે લઇ રૂપિયા બે હજાર પોતે તેવખતે ખરચ્યા હતા. કુટુંબકલ્યાણમાં, દેશકલ્યાણમાં અને સ્ત્રીજાતિના કલ્યાણમાં ભગવતી જમનાબાઇ સક્કઇની સેવા ઉત્સાહી, આનંદી અને જિગરના પ્રેમપૂર્વકની હતી. હિંદુસ્તાનની સ્ત્રીજાતિ ઉપર કેટલીક સદી થયાં અવિદ્યાના અંધકારનો પડદો ઢંકાઇ રહેલો છે, તે ધીમે ધીમે કેવા કેવા પ્રકારની રીત-યોજનાથી ખસેડી શકાય, તે બાબત પોતે તમામ બંધુઓને વિનયપૂર્વક નિરંતર સુવચનોથી પ્રાર્થના કરતાં હતાં.

ભાવનગર ખાતે એમના પ્રયાસથી ગુજરાતી હિંદુસ્ત્રીમંડળની એક શાખા સ્થાપવામાં આવી હતી. એ શાખાને પોતે આર્થિક સહાયતા પણ આપી હતી.

ઘણાંખરાં પરોપકારી કામોમાં, કેટલીક સાર્વજનિક સંસ્થાઓમાં, સ્ત્રીસંસ્થાઓમાં, વનિતાવિશ્રામ, સેવાસદન વગેરે મંડળોમાં અવારનવાર પુસ્તકો, માસિકો, વર્તમાનપત્રો અને નાણાં વગેરેની પોતાની શક્તિ મુજબ તેઓ મદદ આપતાં રહ્યાં હતાં; એ ઉપરાંત પોતાના મૃત્યુવેળા પણ અનેક સંસ્થાઓને કુલ સાડાસત્તર હજાર રૂપિયાનું તેમણે દાન કર્યું હતું.

એ પરોપકારી સન્નારીના સ્વર્ગવાસથી ગુજરાતના જાહેર જીવનને એક મોટી ખોટ પડી છે. *

---

* 'સુંદરીસુબોધ' ૧૯૧૬ ના એપ્રિલ-મેના અંકમાં રા. રા. કેશવલાલ ભીખાભાઇ મણિયારે લખેલા લેખ ઉપરથી. —પ્રયોજક

१६६–बी अम्मा

સુપ્રસિદ્ધ દેશભક્ત મૌલાના મહમદઅલી અને મૌલાના શૌકતઅલીનાં માતા બી અમ્માનો જન્મ જગવિખ્યાત બાદશાહ અકબરના મંત્રી દરવેશઅલીના એક જાણીતા કુટુંબમાં થયો હતો. એમનામાં પિતાના વંશ તરફથી બુદ્ધિમત્તા, સાહસ, વિશ્વાસ અને સદાચાર પૂર્ણરૂપે વારસામાં ઊતરી આવ્યાં હતાં. આત્મ-વિશ્વાસ અને આપબળની તો એ મૂર્તિ હતાં.

એમના પતિ મૌલાના અબ્દુલઅલીખાં રામપુરમાં ઉચ્ચ પદ ઉપર અમલદાર હતા. ઇ૦ સ૦ ૧૮૭૩ માં બી અમ્માને પેટે શૌકતઅલીનો અને ઈ૦ સ૦ ૧૮૭૮ માં દેશભક્ત મહમદઅલી-નો જન્મ થયો હતો. બી અમ્મા ઘણાં પતિભક્ત અને સંતાન-વત્સલ હતાં. એમનો સંસાર ઘણા સુખપૂર્વક ચાલી રહ્યો હતો, એટલામાં દૈવનો એમના ઉપર કોપ થયો. મૌલાના અબ્દુલ-અલીખાં કોલેરાના ભોગ થઇ પડ્યા અને આ ફાની દુનિયાનો ત્યાગ કરી સ્વર્ગે સિધાવ્યા. આખા પરિવારમાં શોક છવાઇ રહ્યો. બી અમ્માની વય એ સમયે કેવળ ૨૭ વર્ષની હતી. શૌકતઅલી સાત વર્ષના અને મહમદઅલી બે વર્ષના બાળક હતા. એ ઉપરાંત એમને બીજાં પણ સંતાન હતાં.

બી અમ્માએ ધૈર્યપૂર્વક વૈધવ્યનું દુઃખ સહન કર્યું. સંતાનોને ઉછેરવા તથા કેળવવાનું તેમણે હવે પોતાનાજ હાથમાં લીધું.

બી અમ્માનો સ્વદેશપ્રેમ જ્વલંત હતો. મૌલાના મહમદ-અલી અને મૌલાના શૌકતઅલી દેશ અને ધર્મની જે મહાન સેવા બજાવી રહ્યા છે, તેનો મોટો યશ તેમની માતાનેજ ઘટે છે. ઉપદેશ અને પ્રોત્સાહનથી એ આપત્તિ અને નિરાશાના સમયમાં પુત્રોના શુભ વિચારોને ટકાવી રાખતાં.

સરકારે બન્ને અલીભાઈઓને કેદમાં મોકલ્યા, તે સમયે બી અમ્માએ વૃદ્ધાવસ્થામાં પડદાનો ત્યાગ કરીને, ખુલ્લી રીતે જાહેર ભાષણો આપી, ખિલાફત અને સ્વરાજનો ઝંડો ઉઠાવ્યો. એ વખતે એમણે જે અદમ્ય ઉત્સાહ, સ્વદેશાભિમાન, ધર્મપ્રેમ અને અપૂર્વ બુદ્ધિનો પરિચય આપ્યો હતો, તે યુવાનોને માટે આદર્શરૂપ હતો. હિંદુ-મુસલમાનોની એકતામાં એમને પૂર્ણ વિશ્વાસ હતો અને તેને માટે એ રાતદિવસ પ્રયત્ન કરતાં હતાં. નવેમ્બર ૧૯૨૪ માં એમનું મૃત્યુ થયું.

એ પવિત્ર સન્નારીની મહત્તાનો વિશેષ પરિચય વાચકોને મળે, તેટલા માટે તેમના દેહાંત પછી પ્રસિદ્ધ થયેલાં થોડાંક જાણવા જેવાં લખાણો* નીચે ઉતારીશું:-

"મારી અમ્મા ક્યારે જન્મી તેની મને ખબર નથી. તે કહેતી: 'દીકરા બળવો થયો, ત્યારે તો હું પાંચછ વર્ષની' એટલે અમ્માનો જન્મ ૧૮૫૨માં હશે. અમ્મામાં સાચા મુસલમાનની અમીરી હતી. અલ્લાહથી ડરીને ચાલવાની એનામાં બાદશાહી હતી. મહાન વજીરોથી એનું માવતર ઊતરી આવ્યું હતું. મોગલોના છેલ્લા વજીર નવાબ શમશુદ્દીન વાનપ્રસ્થ થયા હતા ને અમરોહમાં દિવસ ગાળતા હતા, ત્યારે દિલ્હીના બીજા વજીરો રાજા થઈ બેઠા હતા. ઔંધ ને બીજા પ્રાંતોમાં એ વજીરોએ પોતાની સત્તાનાં સિંહાસનો સ્થાપ્યાં હતાં. અમ્માના વડવાઓને મોગલોએ અર્ધાં સ્વતંત્ર રાજ્યો ભેટ કર્યાં હતાં; પણ એ વડવાઓએ પાક સૈયદો પર સત્તા ચલાવવાની ના ભણી હતી.

"બળવો જાગ્યો, ત્યારે અમ્માનાં માબાપે સંભલમાં છુપાઈ જવાનો ઠરાવ કર્યો. તે ઘરને ફરતો કોટ હતો ને ખેડૂતો એ બધાને રક્ષવા માટે તૈયાર હતા. જાટ લોકોએ ત્યારે કેર વર્તાવ્યો હતો. અમ્માનાં માબાપ સાથે ઘરડાંઓ પણ સામેલ થયાં હતાં. હજી ત્યારે તો મોગલ દરબાર સાથે સંબંધ છોડ્યાને થોડોજ વખત થયો હતો. વેર લેવા માટે અંગ્રેજો નિર્દોષને દોષિત ઠરાવશે, એવી દહેશત અમ્માનાં માતપિતાને લાગી અને તેથી મોગલસામ્રાજ્ય સાથે ચાલેલાં ખતપત્રોને અમરોહમાં આગ મૂકવામાં આવી. મારી અમ્મા તે ખતપત્રો ખાક થઈ ગયાં, તેની અનેક યાદી ઘોળતી

* મૌલાના મહમદઅલીના પોતાના એક લેખ ઉપરથી સૂરતના "નવયુગ"ના તા. ૫-૧૨-૨૪ ના અંકમાં છપાયલું લખાણ.

હતી. અમને અમરોહ તરફ આંગળી બતાવી વારંવાર તે કહેતી; ‘દીકરા! જુઓને, અહીંજ, અહીંજ પેલાં કાગળિયાં બળી ગયાં.’ આ કાગળો બળ્યા ત્યાર પછીજ અમ્માને લઇને મારાં આજાઆજી સંભલ આવ્યાં. આમ નાસ્યા છતાં, બળવો જ્યારે શમી ગયો. ત્યારે મારા મોસાળના ૭૨ વર્ષના એક ઘરડા કાકાને બ્રિટિશ સરકારે પકડ્યા અને મુરાદાબાદમાં તેમને ફાંસી આપવાનો હુકમ છોડ્યો. અમ્મા કહેતીઃ ‘અરે! ફાંસી વખતે આ કાકાએ બાદશાહના નોકરને કેવા કાલાવાલા કર્યા! અને તે પણ કેટલી અમીરીથી! અરે, મારાને તેમણે કહ્યુંઃ ‘ફાંસી હું જાતેજ લઇશ.’ એમણે જાતે ફાંસો લીધો. દોરી લાગે તે પહેલાં એમનો પ્રાણ ઊડી ગયો. ત્યારે બ્રિટિશ અમલદારોને લાગ્યું કે, જુબાની આપનારાએ વિશ્વાસઘાત કર્યો હતો; ઇનામની લાલચ માટે પેલા સાક્ષીએ દ્રોહ કર્યો હતો. મારા બીજા કાકા ત્યારે નાસી છૂટ્યા. આજે એ વાતને ઘણાં વર્ષો થઈ ગયાં છે; પણ અમે એ કાકા વિષે હજુ કશું સાંભળ્યું નથી. અમ્માના પિતાએ, પોતાનું નામ ફેરવી નાખ્યું ને રામપુર રિયાસતમાં વાસ કર્યો.

“અમ્મા અમરોહમાં બહુ રહી નહિ. એનો બાલ્યકાળ તો સૈફનીના ગામડામાં વીત્યો. બળવા વખતે રામપુરરાજ્ય અંગ્રેજ સલ્તનતને વફાદાર રહ્યું હતું; એટલે એ રાજ્ય સાથે સૈફનીની જમીનદારી જોડાઇ ગઈ હતી. પોતાનાં બાલ્યાવસ્થાનાં અનેક સંસ્મરણો મારી અમ્મા અમારી આગળ કહી જતી. તે યાદી ઘોળતી, ત્યારે ઘરડી ફજોમાનાં સ્મરણો તે તાજાં કરતી. તે માતામાં દુનિયાનું ડહાપણ હતું, અનુભવ હતો. અમ્મા તે માની શિખામણો દિલમાં સંઘરી રાખતી અને અમને તેમાંથી તે વારંવાર લહાણુ આપતી. મારા આજા રામપુરની રિયાસતમાં છુપાઇને રહ્યા હતા, એવામાં મારા દાદાની લશ્કરી ટુકડી ત્યાં આવી પહોંચી. દિવસે દિવસે આ બંને કુળો વચ્ચે ઓળખ વધતી ગઇ ને આખરે અમ્માના લગ્નથી બંને વંશો જોડાઇ ગયા. મારા દાદા રામપુર રિયાસતના વફાદાર નોકર હતા, એટલે તેમને પણ મુરાદાબાદ જિલ્લામાં જમીન ભેટ મળી હતી.

“આજે રામપુર રાજ્યમાં મારા મોસાળનાં અનેક ગામો ભરાઇ ગયાં છે. મારી અમ્માના વડવાઓએ જૂના રાજાને એ ગામોનો વહીવટ દીધો હતો; પણ પછી નવાબની રાજગાદી ફરી.

તેણે જાહેર કર્યું કે, 'જે કોઇને પહેલાના રાજા પાસે માગણું હોય, તે અમુક વખતમાં દરબારે આવી જાય.' મારી અમ્માના એક સગાએ અમ્માના વડીલને એ દાવો રજૂ કરવા કહ્યું. એ સગો પેલાં ગામડાંઓ માટે માગણી કરવાનું કહેતો હતો; પણ પેલા વૃદ્ધ વડીલે તેને ઠપકો આપ્યો. તેણે કહ્યું: 'જમીનના ટુકડા માટે હું નવાબને સલામ ભરૂં? કદી નહિ! કદી નહિ.' અમે તેની પાસે બેઠેલા જુવાનીઆઓએ પેલો સાંભળે તેમ કહ્યું કે, 'બરાબર છે. એક કડિયાની વિધવાના પુત્રને આજ જવાબ મળવો જોઇએ.'

"તે અમ્માનો સગો હતો. અમ્માના એક વડીલે એક કડિયાની વિધવા સાથે બીજી વાર લગ્ન કર્યું હતું. આ સગો તે વિધવાનો છોકરો હતો. અમ્મા એ બનાવ ખૂબ રસિક રીતે કહેતી. ગર્વની છટાથી તે અમને સંભળાવતી: 'અહા! મારા વડવાઓએ ધનને ઠોકરે ઉરાડ્યું છે; પોતાની ખાનદાનીને હમેશાં ઓપાવી છે. અમારાં કુળે ઘણા જૂના વખતથી બીજાં કુળોમાં લગ્નસંબંધ બાંધ્યો નથી. અમારા વડવાઓ બીજી વાર બહારથી કન્યા લાવતા, તો તે કન્યાનો સ્વીકાર થતો. તેનાં સંતાનોને હક્ક મળતા; પરંતુ તે સંતાનો ફરી અમારા વંશમાં પરણી શકતા નહિ.' અમ્મા પોતાની અમીરીની આવી આવી વાતો કહેતી.

"અમ્માનાં લગ્ન થયાં અને તે સુખી નીવડ્યાં. મારા આજાઆજી અમ્મા સાથે રહેતાં ને તેમના તરફ મારા બાપુ પણ અતિ પૂજ્યભાવ રાખતા. અનીતિ ત્યારે વ્યાપી હતી. મોટા મુસલમાનો પોતાની પત્ની ઉપરાંત ઉપપત્ની કરવામાં ગર્વ લેતા. મારા કાકાઓએ એવાં લગ્ન કર્યાં હતાં અને એ લગ્ન ઘણું કરીને ગુણકાઓ સાથેજ થતાં. નાચનારીઓનો સહેજ ઉમદા ભાગ તરતજ લગ્નથી જોડાતો, બાકી બીજી નાચનારીઓ કેવળ રખાત તરીકે રહેતી. અમે મોટા થયા, ત્યારે અમને વારંવાર એજ પ્રશ્ન ઊઠતો કે, અમારા બાપ એ જાળમાંથી કેમ કરીને બચ્યા?

"પણ અમ્મા કહેતી: 'દીકરા! તારા બાપુ તો બચી ગયા.' અમે અમ્માને કહેતા: 'મા! તું શું કરત? તને શોક્ય મળી હત તો શું કરત?' અને અમ્મા કહેતી: 'મારા ખાવિંદની ઇજ્જત ગણી હું તેને પાળત. હું કપડાં પહેરૂં અને તમને પહેરાવું, તે પહેલાં મારી શોક્યને પહેલાં કપડાં આપું, તેનાં સંતાનને પણ

પહેલાં બાપુ, આ નવું ઘર તેને આપત અને જૂના ઠાઠિયામાં હું પડી રહેત. તેને હું જરાયે માઠું ન લાગવા દેત.' મારા બાપુએ બીજાં લગ્ન ન કર્યાં; પણ મારા બનેવીએ કર્યાં. મારી બહેન મારી અમ્માની લાડકી હતી. અમારા સૌ કરતાં અમ્મા તેને વધારે ચાહતી. એ બહેન મારાથીજ મોટી; પણ આજે તેની પ્રતિષ્ઠા મારી અમ્માને સ્થાને છે. મારા બનેવીએ બીજી વાર લગ્ન કર્યાં; ઇંદોરમાં જઇને તે પરણ્યા; પણ પાછળથી તે શરમાઇ ગયા. અમારે ત્યાં આવતાં તેમને શરમ લાગી. મારી અમ્માએ મારી બહેનને શૌકતનો સાથ બાંધી આપી ઇંદોર મોકલી. મારી બહેન અને મારો શૌકત મારી બહેનની શોકયને લઇને ઘેર આવ્યાં. મારી બહેનનું અમારે ત્યાં જે સ્થાન છે તે, તે શોકયને પણ મળ્યું. અમારી એક બહેનમાં બીજી બહેન ઉમેરાઇ. અમે જ્યારે જ્યારે પાછા ફરીએ, ત્યારે અમારી બહેનને માટે કંઇ કંઇ લાવીએ ને તેની સાથે અમારી નવી બહેન માટે લાવવાનું ચૂકીએ નહિ. કોઇક વખત અમે ભૂલી જતા, તો મને યાદ છે કે, અમ્મા અમને ખૂબ ઠપકો આપતી. આમ અમ્માના વિચારો મારી બહેનોમાં મુકાયા. આમ અમ્માની ઉદારતા જીવતી ખડી થઇ.

"પણ, પછી મારી બહેનની છોકરીને ઘેર છોકરો આવ્યો. એ છોકરાને ઉછેરનાર કોણ? અમ્માએ તો ઘરડી આશિશ આપેલી, મારી બહેનને પણ હળવાં હાલરડાં ગાયેલાં; પણ ખરૂં લાલનપાલન તો મારી બહેનની શોકયેજ કરેલું. આજે એ નાનકડો છોકરો આઠ વર્ષનો છે. આજે હજી મારી બંને બહેનો મારી અમ્મા માટે આંસુ સારે છે. અમ્મા! અમ્મા! તું તે કેવી ગરવી!

"પણ મારા બાપુ, અરે અમ્મા માટે તેમને કેટલું માન! અમ્મા ઘરની રાણી હતી. નોકરો પજવતા, તો મારા બાપુ સીધા નોકરોને દબડાવતા નહિ. મારી અમ્મા પાસે આવી કહેતા: 'આપના નોકરો મને બહુ પજવે છે.' એ 'આપ' શબ્દમાં કેટલું સન્માન ભર્યું છે! એ મીઠા અને માનભર્યા બોલ મારી અમ્માના હૃદયમાંથી કદી પણ ખસ્યાજ નથી.

"અમ્મા તે બાપુના સ્વભાવની વાત કરતી. તે કહેતી: 'એક વખત તારી આ બહેન એક નોકરના હાથમાં હતી. ત્યારે તો એ છેક નાની. તારા બાપુ એક પંજાબી ગુણકા સાથે પરણવાનો વિચાર કરતા હતા. તે બાઇ પણ ત્યાં ઊભી હતી. એણે તારી

બહેનને જોઇ. તરત તે તારા બાપુ પાસે દોડી ગઇ. તેમને કહ્યું: ‘મારામાં તમે શું મોહ્યા છો? તમારી સ્ત્રી કેટલી સુંદર છે! ને તમારી નાની છોકરી! અહા! અને તારા બાપુએ તેને ખીજવાઇને ઠપકો આપ્યો: ‘તું તે કોણ, મારી સ્ત્રીની સુંદરતા પૂછનારી?’

“એવી એક બીજી વાત અમ્માએ કહી હતી કે, જ્યારે વહાણું વાયું હતું, વાદળ ઘેરાયું હતું, તરસી ભૂમિ પર વરસાદના છાંટા પડતા હતા, ત્યારે હું સવારની પ્રાર્થના કરતી હતી. તારા બાપુ મરદોમાં બેઠા હતા. પેલી પંજાબી ગુણકા બહાર મલાર રાગના તાનમાં હતી. એકાએક એના સૂર થંભી ગયા. નોકરે પછી મને કહ્યું કે, ‘સાહેબે એ સ્ત્રીને તમાચો ખેંચી કાઢ્યો ને ખિજાઇને કહ્યું, ‘અરે! મારી સ્ત્રીની નજીકમાં તું મારો આશરો લેવા આવી?’

“મારા બાપુ આવી રીતે બચ્યા હતા; પણ રામપુરના નવાબે એમને ન છોડ્યા. નવાબના ભાઇ સાથે મારા બાપુને મૈત્રી હતી; એટલે નવાબ એમના પર ખિજાયા. બાપુએ રાજ્ય છોડયું, લશ્કરી નોકરી છોડી અને બીજે નોકરીની શોધમાં ઉપડ્યા. એ મુસાફરીમાં હોલ્કરના બહાદુર શિવાજીરાવનો એમને ભેટો થયો. આખરે તેઓ જયપુરમાં નોકરીએ રહ્યા, પણ પછી તે ગુજરી ગયા. અમે નબાપાં થયાં. જયપુરના નિવાસ દરમ્યાન એમણે ઓછું કર્યું નથી. એમની ઉદારતા હદ બહારની હતી. એક કહેવાતા મિત્રે એમની પાસે ઘોડાગાડી જોઇ ને તે તેનાં વખાણ કરવા લાગ્યો. મારા બાપુએ તરતજ એ ઘોડો ને ગાડી પેલા ગૃહસ્થને ઘેર મોકલાવ્યાં. પેલાએ પૂછયું:‘ આમ કેમ?’ બાપુએ કહ્યુ: ‘મને ન ગમ્યાં, તમને ગમ્યાં, એટલે તમારાં.’ આ ઉદારતાને લીધે એમને બહુ ખરચ થયો. મારા મોટા કાકા મિલકતમાંથી ભાગ આપે નહિ; એટલે મારા પિતાને ખૂબ અડચણ પડવા લાગી. અમ્માને આ અડચણની ખબર પડી. તેણે તો પોતાનાં જવાહીરો ઉતારી નાખ્યાં ને ઘરેણે મૂકી પૈસા મેળવી મારા બાપુનો હાથ છૂટો કર્યો. પછી બાપુ ગયા. મારા મોટા કાકાએ જમીન વગેરે વેચી નાખી દેવું ચૂકવવાની સૂચના મૂકી; પણ અમ્મા કહે: ‘મારા દીકરાઓને એમ કેમ લાગવા દઉં કે, અમારી સગીર અવસ્થામાં અમારી માએ બધું વેડફી નાખ્યું. ભાઇ! એ તો મારા દીકરાઓનું. એ મારાથી ન વેચાય.’ અમ્માએ કશું વેચ્યું નહિ. સાઠ વર્ષ સુધી એણે વહીવટ ચલાવ્યો; પણ જમીનનો એક દોરો પણ પારકે

હાથે ચઢ્યો નહિ. શૌકતે મારા અભ્યાસ માટે દેવું કર્યું અને જેલમાં પુરાયા, ત્યારે પણ ઘરખટલા માટે કેટલુંય દેવું ઉમેરાયું. ત્યાર પછી અમે જમીનો વેચી નાખી. અમ્મા ત્યારે હરખાઇ ગઇ. તે બોલી કે, 'દીકરા! હવે તમે વેચી તે સારૂં થયું. મને તો વધારે ઉમળકો આવે છે કે, અંગ્રેજ સરકારને વફાદાર રહી તમારા વડવાઓએ મિલકત મેળવી તે તમે તસુએ તસુ કાઢી નાખી.'

"અમ્માએ કેટલું કર્યું! એનો પાડ ક્યાંથી વાળીએ? ઇતિહાસ લાંબો છે ને ટૂંકામાં ક્યાંથી પતાવું?

"૧૮૮૦ ના ચોમાસામાં કૉલેરા ફાટી નીકળ્યો. મારા બાપુ તેમાં ઝલાઇ ગયા. તેત્રીસ વર્ષની ઉંમરે તે જન્નતનશીન થયા. અમ્મા ત્યારે તો ૨૮ વર્ષની હતી. હું તો ત્યારે બે વર્ષનો હતો. બાપુની ખોટ મારી સમજમાં હોય પણ શાની? અમ્મા ત્યારે કહેતીઃ 'બેટા! તું તો નાનો. તારા બાપનું તારા પર ખૂબ વહાલ હતું.' ને મારી અમ્માએ બાપુની ખોટ પૂરી પાડી. માતાની શીતલ ગોદ ને બાપુની પ્રેમળ છાયા એક અમ્મામાં ઊતર્યાં. આજે હું ૪૬ વર્ષનો છું; શૌકત પર વર્ષનો થયો છે ને ઝુલ્ફીકર પપ વર્ષના છે. આજે અમે અનાથ પડ્યા છીએ; બાપુ નથી; અમ્મા નથી! અમારે ઘેર બાલુડાંનાં કિલકિલાટ છે; પણ અમે નબાપા ને નમાયા છીએ. અમ અનાથની કોણ દયા ખાશે?"

મહાત્મા ગાંધીજી તા ૩૦–૧૨–૨૪ ના નવજીવનમાં લખે છે કે, "બી અમ્માના મૃત્યુ વિષે હું 'યંગ ઇંડિયા'માં લખી ચૂક્યો છું. એ બાઇનો ધર્મપ્રેમ અગાધ હતો. ધર્મ ઉપરની તેની આસ્થા અનુકરણીય હતી. તેની દેશપ્રીતિનું મૂળ ધર્મપ્રેમમાં હતું અને હિંદુમુસલમાન ઐક્યને તે ચાહતી હતી, તો તેનું કારણ પણ ધર્મપ્રેમ હતો. તેની પાછળની સ્થિતિ એવી થઇ ગયેલી હતી કે, ધર્મ, દેશ અને જાતિઐક્ય તેને મન સરખાં થઇ પડ્યાં હતાં. તેણે જોયું કે, હિંદુસ્તાન સ્વતંત્ર ન થાય, તો ઇસ્લામ સુરક્ષિત ન રહે. હિંદુસ્તાનની સ્વતંત્રતાનો આધાર જાતિઓ વચ્ચેના ઐક્ય ઉપર છે. જાતિઐક્ય હિંદુમુસલમાન ઐક્ય વિના અસંભવિત છે. આમ તેણે નરી આંખે જોયું, તેથી મરતાં લગી આ ભલી બાઇએ એ ત્રણે વસ્તુનું રટણ કર્યું. તેના છેલ્લા દિવસોમાં તેનાં દર્શન કરવાનો સુઅવસર મને ઘણી વેળા મળેલો. 'હિંદુ-

મુસલમાન ક્યારે એકદિલ થશે ?' 'સ્વરાજ્ય ક્યારે મળશે ?' 'હું તે જોવા જીવીશ ?' આવા સવાલો આ બાઇ મને પૂછતી.

"આત્મામાત્ર અમર છે; પણ આવા શુદ્ધ આત્મા તેના અમરપણાનો પૂરો ખ્યાલ આપે છે. બી અમ્માનો દેહ આજે નથી પણ બી અમ્માનાં કાર્યો અને વચનોનો નાશ તો જ્યાંલગી હિંદુમુસલમાનની હસ્તી છે, ત્યાંલગી થવાનોજ નથી. જે માતાએ અલીભાઇઓ જેવા પુત્રોને વારસારૂપે મૂક્યા છે, તેનો નાશ સંભવેજ નહિ. એ ભાઇઓનો માતૃપ્રેમ હું જેમ જેમ યાદ કરૂં છું, તેમ તેમ તેઓ પ્રત્યેનો મારો પ્રેમ વધતો જાય છે. એ વૃદ્ધ દુર્બળ બાઇનું વચન બે ભાઇઓને સારૂ હુકમરૂપ હતું. પોતે જે કંઇ છે તે બી અમ્માને લીધે છે, એમ તેઓ માને છે.

"બી અમ્માના મરણની રાત્રિ ન ભૂલાય એવી છે. મૌ૦ શૌકતઅલી તે દહાડે મારી પ્રાર્થનામાં હાજર હતા; એટલામાં બી અમ્મા વધારે બિમાર છે એવો ટેલિફોન આવ્યો. તે ઉપરથી ડૉ. અનસારીને લઇને મૌલાના દોડી ગયા. પ્રાર્થના થઇ રહ્યા બાદ મને ખબર મળી. સરોજિની દેવીને લઈ હું તેમને ત્યાં ગયો. આખું કુટુંબ બી અમ્માને વીંટીને બેઠું હતું. અલ્લાહ નામનો મંત્ર સૌ પઢતા હતા. મૌ૦ મહમદઅલીની આંખેથી તો મોતીબિંદુ ટપકી રહ્યાં હતાં, પણ મુખેથી અલ્લાહ સિવાય બીજો ઉચ્ચાર મેં ન સાંભળ્યો. મૌ૦ શૌકતઅલી આંસુને ખાળતા હતા, પણ તેમની મુખમુદ્રા તેમના દુઃખને સૂચવતી હતી. આમ છતાં તેમની વિવેકબુદ્ધિ મંદ નહોતી પડી. આસપાસ શું બની રહ્યું છે, એનો તેમને પૂરો ખ્યાલ હતો. આવતી કાલના કાર્યની ગોઠવણ ચાલતી હતી. હું દુર્બળ છું, મારે લાંબો વખત ત્યાં ન બેસવું જોઇએ, એમ તેમને લાગવાથી દબાણ કરીને મને વિદાયગીરી આપી. તેમની સમયસૂચકતા અને તેમના આવા વિનયના દાખલાઓ મારી પાસે ઘણા છે.

"આ નાનકડી કોટડીમાં મેં જે ધીરજ અને ઇશ્વરપ્રેમ અનુભવ્યાં તેની સાથે આપણા રડવાકૂટવાના રિવાજની સરખામણી કર્યા વિના મારાથી ન રહેવાયું. મેં ઘણાં હિંદુ મરણ જોયાં છે. હજુ તો દર્દીના ખોળિયામાં પ્રાણ છે, ત્યાં તેની પાછળ રામનામના જપને બદલે રોકકળ શરૂ થતી મેં ઘણી વેળા જોઈ છે. મૃત્યુ પાછળ રોવાકૂટવાની બધા ધર્મોમાં મનાઇ છે. હિંદુધર્મ

જન્મમૃત્યુને એકજ સ્થિતિમાં રૂપાંતર માને છે, એમ છતાં રોવા-કૂટવાની જંગલી અને નાસ્તિક પ્રથા હિંદુ સિવાય મેં બીજા કોઇ ધર્મમાં નથી જોઇ. મેં પારસી, યહૂદી, ખ્રિસ્તી અને મુસલમાનનાં મરણો વેળા હાજરી ભરી છે. રોકકળ તો મેં ક્યાંયે નથી જોઇ. બી અમ્માના મરણ સમયે કેવળ ઇશ્વર ઉપરની આસ્થા અનુભવી હું રાજી થયો. હું ઇચ્છું છું કે, સમજુ હિંદુ કુટુંબો રોવા-કૂટવાના ઘાતકી, જંગલી અને નિરર્થક રિવાજને બંધ કરશે.

"બી અમ્માના સહવાસથી મને તો બીજું પણ ઘણું જોવાનું મળ્યું. મરણાંતલગી તે બાઇએ ખાદીનોજ ઉપયોગ કર્યો. ખાદી પણ બારીક નહિ, પણ જાડી, સામાન્ય પોતની. કફનમાં પણ કેવળ શુદ્ધ ખાદી વાપરવાની તેની આજ્ઞા હતી. તેનો અમલ થતો મેં જોયો. અલીભાઇઓના ઘરમાં મેં નાનાંમોટાં બધાંને ખાદી વાપરતાંજ જોયાં.

"ભાઇઓએ કે ઘરનાં બીજાં માણસોએ એક ક્ષણ પણ પોતાનું કાર્ય બંધ ન કર્યું. મૌ૦ મહમદઅલીનું લખવાનું કામ બંધ ન રહ્યું. 'હમદર્દ' અને 'કૉમ્રેડ' ને લગતા હુકમો અપાયાજ કરતા હતા. મૌ૦ શૌકતઅલીએ પોતાના કામને એક દિવસ પણ ન અટકાવ્યું. એમને બીજેજ દિવસે મુઝફ્ફરનગર જવાનું હતું તે કરાર તેમણે બરાબર પાળ્યો. મારે તેજ દિવસે રામજસ કૉલેજમાં જવાનું હતું. સમય કબ્રસ્તાન તરફ જવાનો હતો, છતાં ઉપલી ગોઠવણ બંધ રાખવાનો મારો વિચાર પણ તેમણે અમલમાં ન મૂકવા દીધો. કબ્રસ્તાનમાં જતી વેળા ખાંધ દેવાને સારૂ મને બોલાવી લેશે એમ કહી મને વિદાય કર્યો. આ બધું કાર્યપરાયણતા, વિવેક અને ઇશ્વર ઉપરની આસ્થા સૂચવે છે. આવું બધું મેં તિલક મહારાજને વિષે સાંભળ્યું છે. તેમને ગમે તેવા દુઃખદ સમાચાર મળતા, તોયે તેમના નિત્યક્રમમાં કશો ફેરફાર ન થતો. અંગ્રેજોમાં તો એવી કાર્યપરાયણતાનો મેં બહુ અનુભવ કર્યો છે. આવી ધીરજ જેનામાં નથી, તે મનુષ્ય કહેવાવાને લાયક નથી એમ કહેવું વધારે પડતું નથી.

"બી અમ્માનું મૃત્યુ થતાં મૌ૦ શૌકતઅલી કહે છે, તેમ હિંદુસ્તાનનો એક સાચો સિપાઇ ઓછો થયો."

"સૌરાષ્ટ્ર" ના તા. ૨૨-૧૧-૨૪ ના અંકમાં દર્શાવાયલા

ઉદ્ગારોથીજ આપણે તેમને અંજલિ આપીએ:—

"ઇતિહાસમાં વાંચતા અને ચારણોને મુખે સાંભળતા નાટકોમાં નિહાળતા અને નવલકથાઓમાં આલેખતા કે, રજપૂતાણીઓ પોતાના દૂધમલિયા દીકરાઓને ચોરીમાંથી ઉઠાડી ઉઠાડીને રણક્ષેત્રમાં ધકેલતી; વીસમી સદીમાં એ પ્રાચીન ઇતિહાસ ઘડીભર સજીવન થઇને પાછો શય્યાવશ બની ગયો. બી. અમ્માની આંખો મિંચાણી.

"જાણે કે અસલની સો સો રજપૂતાણીના આત્માઓ એકત્ર બનીને આ એક ઇસ્લામી બાનુના દેહમાં દાખલ થયા હતા. જાણે કે પ્રભુએ હિંદુ-મુસ્લિમ ઐક્યતાની એક પ્રતિમા ઘડીને તેમાં પ્રાણ ફૂંક્યા હતા. કેવી પ્રચંડ! કેવી મનોહર એ મૂર્તિ!

"જોયાં, ન જોયાં, ત્યાં તો એ જોગમાયાએ મોતની સોડ તાણી લીધી. બહુ તો, એ શક્તિને પ્રગટ થયાં પાંચેક વરસ વીત્યાં હશે. રામપુર ગામમાં એક વખત એને આંગણે રાજશાહી સાહેબી ડોલતી. એના ખાવિંદ અને એ રાણી પોતાના શાહજાદાઓ મહમદશૌકતને બાદશાહી ઠાઠે રમાડતાં. ત્યાર પછી કોણ જાણે કેટલુંય વહેલું ખાવિંદનું છત્ર તૂટી પડ્યું. કહે છે કે, સત્તાવીસ વરસની ઉંમરે, વિધવા માતાએ બે બેટાને છાતીના ધાવણથી ધરવી ધરવીને ઉછેર્યા! ખોળામાં બેસાડીને રોજ સાંજે દેશ, ધર્મ અને માલિકનાં નામો બન્નેના કાનમાં ફૂંક્યાં. પછી? એ શૌકતમહમદની જુવાનીએ કંઇ કંઈ રંગો જોયા. રામપુરના નવાબે એની રિદ્ધિસિદ્ધિ લૂંટી લીધી અને ભરતખંડની સરકારે એના બે સાવજને ચીંદવાડાના પાંજરામાં પૂર્યા. ત્યાંથીયે હુંકારા ગાજતા હતા, તે કોને જોરે? અમ્માને જોરે! અમ્માનો હાથ એ બેટાઓને માથે ફરતો. અમ્માજ ત્યાં અગ્નિ પ્રગટાવીને બેઠી હતી. અમ્માએજ એ બન્નેને મહાત્માજીના યજ્ઞમાં સ્વહસ્તે હોમ્યા.

"અને એવું સાચા દિલનું બલિદાન કોઇનુંયે નહિ હોય. બે વરસની લડતમાં તો કૈંક કાયર થયા. મોટા મહારથીઓએ પાછાં ડગ દીધાં. હિમાલય જેવા અડગ બળશાળીયે ડગી ગયા. ન ડગ્યા શૌકત અને મહમદ. જ્યારે કહો, ત્યારે સરફરોશી માટે તૈયાર. એ ધાવણ કોનું? શૌકત અને મહમદ કહે છે કે, એ ધાવણ અમ્માજાનનું.

"સાચાં વીર–વીરાંગના બોલે નહિ. બોલે ત્યારે એને શબ્દો ન સૂઝે. અમ્મા બોલતાં. બોલવું પડતું; પણ શબ્દો ન સૂઝે. એનાં એ વેણુ પલટાવી પલટાવીને બોલે. કોઇને તિરસ્કારે નહિ. માત્ર શૌકતમહમદને મરી ફીટવાનુંજ કહે.

"એની બિસેન્ટ અને સરોજિની તો સ્ત્રીશરીરધારી મરદો કહેવાય. એ પહાડો ડોલાવે, દિશાઓને કંપાવે, સામ્રાજ્યોને હંફાવી જાણે; પણ એ તો મરદો! એના હૈયામાં માતૃત્વની વેદના ક્યાં? એને માતૃત્વની કસોટી ક્યાં? અમ્મા તો માતા હતી. અમ્માની આંખોમાં આંસુ હશે. તસ્વીરમાં બેય બેટાને ગોદમાં લઇને અમ્માને બેઠેલી જોઇ છે? કેવી દુઃખિયારી! કેવી શાંત અને છતાં કેવી ભીષણ સૂરત! અમ્માનાં વાત્સલ્ય અને બલિદાન વચ્ચે જામેલી ઝપાઝપી કેવી હશે? કોઇ ચીતરી શકશે? વર્ણવી શકશે? માતાની મૃદુતા ને વીરાંગનાની વજ્રસમી નિષ્ઠુરતા અમ્માજાન! તમારા હૈયામાં કેવી સંગ્રામ મચાવતી હતી! તમારા જયઘોષ ગજવનારાઓ એ ગુપ્ત વેદના વચ્ચે સળગતી તમારી કાંચનમયી મૂર્તિને નહિ જોઇ શકે? કદી નહિ.

"એંશી વર્ષની ડોશી બુરખો નાખીને ચાલતી; કારણકે ભારતવર્ષની એને ઓળખાણ નહોતી. એક દિવસ એની છાતી ભરાઇ આવી. ન કોઇ મૌલાનાનો કે ઉલેમાનો મત લીધો. ઇસ્લામીઓ શું કહેશે, તેની પરવા ન કરી. પડદો ખોલીને માતાએ મોં બતાવ્યું. તમે બધા તો મારા શૌકત ને મહમદ!

"કેવી એ હિંમત! કિતાબોના અને રૂઢિના ધર્મ કરતાંયે ઊંચો ધર્મ અમ્માના હૃદયમાં જાગૃત હતો. અમ્મા કાંઇ ટોળાંની નીતિ નહોતી પાળતી. શૌકતમહમદ પણ એજ ધાવણ ધાવેલા. એટલેજ આખી કોમના ફિટકારો છાતીએ ઝીલીને પણ બંને જણાં બાપુને વળગી રહ્યા. લોકપ્રિયતાને સિંહાસને બેસનારા બંને જણાં લોકનિંદાની ધૂળમાં રોળાણા. એ હાથ અમ્માનો!

"અને એ બંને ઉપર અમ્માની પ્રીતિ કેવી? એક દિવસ શૌકત બોલ્યાઃ 'દેખો, યારો! મેં એસા બડા શેર જેસા હું; ઓર યે મહમદ તુમારી કોંગ્રેસકા બડા પ્રેસિડન્ટ હૈ. લેકિન યે બુઢ્ઢિયા જરાસી નજર કરતી ઓર 'સીત' કરતી, તો વો દોનું શેર ગરીબ બચ્ચાં બન જાતા. અરે યારો! જોરસે મત બોલિયો; એ

બુઢિયાં સુનતી હોગી.' આવા મહાન પુત્રો; એટલા તાકાતવાળા પુરુષસિંહો પણ આટલા ઝૂકીને જેની પાસે ચાલતા, તેનું હૃદયબળ અને તેનું નીતિબળ કેટલું હશે? એ હૃદયબળ અને એ નીતિબળ ગયાં! અત્યારે તો એની જોડી ભારતમાં મળવી દુર્લભ છે.

"અમ્માજાન! જેવી શૌકતમહમદની, તેવીજ અમારી માતા! તમે ન હોત, તો અત્યારનાં ભારતવાસીઓ પ્રાચીન માતૃત્વનો નમૂનો ક્યાં શોધત? તમારા આત્મામાં જે પવિત્ર દીપક જળતો હતો, તેમાંથીજ આ ભક્તિનો ધૂપ સળગાવીને તમારી કબર પર ધરીએ છીએ, ફરી ભારતવર્ષમાં તમને બોલાવીએ છીએ."

ग्रंथ त्रीजो–समाप्त

સારામાઠા પ્રસંગે જ્ઞાનલ્હાણી

પોતેજ પૂર્ણ જ્ઞાની થઇને બીજાઓને જ્ઞાન આપવું, એ તો કોઇક-થીજ બને; પરંતુ મહાન જ્ઞાનીઓના ઉપદેશ અને ચરિત્રને લગતાં ઉમદા પુસ્તકો તો સર્વ કોઇ બીજાઓને આપી શકે તેમ છે.

કોઇ કોઈ ઉદારાત્મા આ રીતે પણ ધનનો કંઇક સદુપયોગ કરે છે; પરંતુ દેશની વર્તમાન દશા તરફ જોતાં આ પ્રકાર સૌ કોઇએ સારા પ્રમાણમાં ચાલુ કરીને ઉમદા રૂઢિરૂપે બનાવી દેવો જોઇએ.

સારામાઠા પ્રસંગો ઉપર માત્ર થોડાક વધુ ખર્ચથી (કે ઘી વગેરેમાં થોડી કસર કરીને પણ) શારીરિક ખાનપાન ઉપરાંત એવા માનસિક ખોરાકની પત્રાવલિરૂપ ઉમદા પુસ્તકો પણ પ્રત્યેક મહેમાન, સગાં, કુટુંબી, મિત્ર, પાડોશી, જ્ઞાતિબંધુ, બ્રાહ્મણ, વિદ્યાર્થી વગેરેને ભેટ અપાય તો તે ગમે તેવાં મિષ્ટાન્ન અને બીજી વસ્તુઓ કરતાં તેમને માટે વધારે ઉપકારક થાય એ ખુલ્લું છે.

ઇચ્છા હોય તો "અમુક પ્રસંગ અથવા વ્યક્તિના સ્મરણ નિમિત્તે અમુક તરફથી ભેટ" કે એવું કાંઈ મુખપૃષ્ઠ પર છપાવીને, રબરસ્ટાંપથી છાપીને કે હાથે લખીને આપી શકાય કે જેથી લોકસેવા થવા ઉપરાંત તે પ્રસંગ અને વ્યક્તિના સ્મારકનો હેતુ પણ પાર પડે.

હકીકત આવી હોવાથી આ સંસ્થાનાં અને બીજાં પુસ્તકોમાંથી પસંદ પડે તે તે લોકોપકારક પુસ્તકો પોતાને ત્યાં આવતા નાનામોટા પ્રસંગે વહેંચીને ધનના સદુપયોગની સાથે જ્ઞાનચારિત્ર જેવી ઉત્તમ વસ્તુના પ્રચારનું શ્રેય સમજુ મનુષ્યે અવશ્ય મેળવવું જોઇએ.

છૂટથી ખર્ચ કરવા ઇચ્છનાર સજ્જન ધારે તો કોઇએક ઉપકારક પુસ્તકની ખાસ આવૃત્તિ છપાવીને વહેંચી–વહેંચાવી શકે; અને મધ્યમ કે ઓછો ખર્ચ કરવાનો હોય તો કોઇએક ઉત્તમ પુસ્તકની યથાશક્ય પ્રતોની લહાણી કરી શકે. જો એકથી વધુ જાતનાં સારાં સારાં પુસ્તકો લીધાં હોય તો ભેટ લેનારને તેમાંથી પોતાને મનગમતું પુસ્તક ઉપાડી લેવાની સગવડ મળી શકે અથવા તો બીજી કોઈ સારી હજાર–પાંચસો પુસ્તિકાઓની લહાણી વહેંચી શકાય; છેવટે એકાદ રૂપિયો ખર્ચવો હોય તો તેટલા વડે પણ ધર્મગ્રંથોમાંની અસર-કારક શિખામણો સુખેથી વહેંચી શકાય.

શ્રી રામાયણનું મહત્ત્વ

प्रीति करै रामायण माहीं, तेही सम भाग्यवंत कोउ नाहीं ॥

"રામાયણ, એ જગતમાં જેનો જોટો મળતો નથી એવો અનન્ય સાહિત્યગ્રંથ છે." —**વિવેકાનંદ**

"રામાયણથી ભારતવર્ષનો સ્વાર્થપરાયણતાનો દોષ જેટલો દૂર કરાયો છે; તેટલો કોઇ પણ નીતિવેત્તા, ધર્મવેત્તા, સમાજસુધારક, રાજપુરુષ કે રાજાથી પણ દૂર કરાયો નથી." —**બંકિમચંદ્ર**

"કાવ્યનાં બંને અંગ–કવિ અને નાયક–ની બાબતમાં રામાયણ-ના જોટાનો કોઇ પણ ગ્રંથ કોઇ દેશમાં મળે તેમ નથી. રામચંદ્ર સમાન પ્રખર સામર્થ્યવાળો તથા ઉદાત્ત નીતિવાળો કોઇ પણ પુરુષ જગતભરના ઇતિહાસમાં દેખાતો નથી; તેમ મહર્ષિ વાલ્મીકિ અને તુલસીદાસજી જેવી દિવ્ય પ્રતિભા તથા ઉચ્ચ કલ્પનાવાળા કવિ પણ કોઇ જણાતા નથી. હોમર તથા વર્જીલના 'ઇલિયડ' તથા 'ઇનીડ' અને મિલ્ટન કવિનો 'પેરેડાઇઝ લોસ્ટ' પાશ્ચાત્યોમાં ઉત્તમ ગણાય છે; પરંતુ એ બધા ગ્રંથો કરતાં રામાયણ ગ્રંથ કેટલો બધો શ્રેષ્ઠ છે? કદાચ કોઇ કાવ્ય–શક્તિમાં હોમર વગેરેને વાલ્મીકિની બરોબરીએ બેસાડે; પણ તેઓના કાવ્યનાયકો એકિલિસ વગેરે નીતિની દૃષ્ટિએ તો રામાયણ-ના રામચંદ્રાદિ કરતાં બહુ ઊતરતા છે. સારાંશ કે, રામાયણ માટે આર્ય લોકો જે અભિમાન ધરાવે છે તે યોગ્યજ છે." —**ચિંતામણ વિ. વૈદ્ય**

"રામાયણ એ કહેવામાં તો એક મહારાજાનું જીવનચરિત્ર છે; પરંતુ વાસ્તવમાં તો એ ગ્રંથ આ સંસારના મળનો નાશ કરનાર અગ્નિરૂપ છે. એ અંધકારમાં પ્રકાશ, સ્ત્રીઓનો ધર્મ, પુરુષોનું પૌરુષ, બ્રાહ્મણોનું બ્રહ્મતેજ, ક્ષત્રિયોનો ક્ષાત્રધર્મ, વૈશ્યોનું ધન, શૂદ્રનો ધર્મ અને ગૃહસ્થાશ્રમી નરનારીઓનો સુખદીપક છે. એ ગ્રંથરૂપી તેજસ્વી દીપક હાથમાં રાખીને જે કોઇ તેના પ્રકાશમાં ચાલે છે તે જીવનયુદ્ધમાં કદી પણ હારવાનો નહિ." —**સંતરામ શર્મા**

"રામાયણને વાંચીને અમે કંઇકના કંઇક બની રહીએ છીએ. અમારામાં ઊંચા ઊંચા ખ્યાલ ઊપજી મનુષ્યના ભૂષણરૂપ સદ્‌ગુણો આવી હાજર થાય છે. સત્યાચરણ, પિતૃભક્તિ, પતિવ્રતાધર્મ, પતિ-કર્તવ્ય, પિતામાતાનો સ્નેહ, વિનય, ધીરજ, દયા–સારાંશ કે માનુષી ગુણોનું એવું કોઇ ચિત્ર નથી કે જેનું યથાર્થ રૂપ કવિએ પોતાની જાદુભરી કલમ વડે આમાં આલેખ્યું નથી." —**મિ. ગ્રીફ્ટ**